ચોથી શ્રેણી

પુસ્તકઃ ૧૫

શુક્રવાર, તા.૧૧મી જુલાઇ, ૨૦૧૪
આષાઢ ૨૦, ૧૯૩૬ શાકે

થી

બુધવાર, તા. ૧૬મી જુલાઇ, ૨૦૧૪
આષાઢ ૨૫, ૧૯૩૬ શાકે

# ગુજરાત વિધાનસભા

## ચર્ચાઓ

## સત્તાવાર અહેવાલ
## તેરમી ગુજરાત વિધાનસભા
## ચોથું અધિવેશન

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

**પુસ્તક. ૧૫)** **ચોથી શ્રેણી**

## અ નુ ક્ર મ ણિ કા


| વિષય | પાના નંબર | |
|---|---|---|
| **૧૧મી જુલાઇ, ૨૦૧૪ / આષાઢ ૨૦, ૧૯૩૬ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૧ | ૧૫ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૬ | ૭૮ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૭૯ | ૭૯ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૮૦ | ૧૧૯ |
| **તા.૧૪મી જુલાઇ ૨૦૧૪ / આષાઢ ૨૩, ૧૯૩૬ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૧૨૦ | ૧૩૫ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૩૬ | ૨૩૦ |
| શોકદર્શક ઉલ્લેખ | ૨૩૧ | ૨૩૧ |
| મંત્રીશ્રીનું નિવેદન (નિયમ–૪૪) | ૨૩૨ | ૨૩૩ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૨૩૪ | ૨૭૩ |
| **તા. ૧૫મી જુલાઇ ૨૦૧૪ / આષાઢ ૨૪, ૧૯૩૬ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૨૭૪ | ૨૮૯ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૯૦ | ૩૫૫ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૩૫૬ | ૩૯૯ |
| **તા. ૧૬મી જુલાઇ, ૨૦૧૪ /આષાઢ ૨૫, ૧૯૩૬ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૪૦૦ | ૪૮૯ |
| અતારાંકિત પ્રશ્નો | ૪૨૦ | ૪૮૯ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૪૯૦ | ૫૩૩ |

આષાઢ ૨૦, ૧૯૩૬ શાકે
તારાંકિત પ્રશ્નો

# ગુજરાત વિધાનસભા

## શુક્રવાર, તા.૧૧મી જુલાઇ, ૨૦૧૪
## આષાઢ ૨૦, ૧૯૩૬ શાકે
## સભાગૃહ સવારના ૮-૩૦ કલાકે મળ્યું
## અધ્યક્ષશ્રી, વજુભાઇ વાળા અધ્યક્ષસ્થાને

## તારાંકિત પ્રશ્નો

આણંદ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૮ શરૂ કરવા અંગે

* ૧૦૦૩૮ શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ કેટલી પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૮ શરૂ કરવામાં આવેલ છે, | (૧) ૫૫૧ |
| (૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં કેટલા વિદ્યાસહાયકોની નિમણૂંક કરવામાં આવી છે, અને | (૨) ૨૬૫ |
| (૩) તેમાં વિષયવાર કેટલા વિદ્યાસહાયકોની કેટલાની નિમણૂંક કરી ? | (૩) |

| વિષયવાર | વિદ્યાસહાયકો |
|---|---|
| ગણિત-વિજ્ઞાન | ૨૦૯ |
| સામાજીક-વિજ્ઞાન | ૩૨ |
| ભાષા | ૨૪ |

શ્રી સંજયકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આણંદ જિલ્લામાં ૫૫૧ સ્કૂલોમાં ૮ મું ધોરણ શરૂ કરવામાં આવેલ છે. એમાં પ્રાથમિક વિભાગ, ઉચ્ચત્તર પ્રાથમિક વિભાગ એમ બે ભાગ કરવામાં આવ્યા. તો માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ધોરણ ૧ થી ૫ પ્રાથમિક વિભાગ છે, એમાં તાલુકાવાર આણંદ જિલ્લામાં મંજૂર થયેલ મહેકમ કેટલું છે? તે પૈકી જગ્યાઓ કેટલી ખાલી છે અને જો ખાલી હોય તો ખાલી રહેવાનાં કારણો શાં છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આણંદ જિલ્લાની અંદર ધોરણ ૧ થી ૫ પ્રાથમિક વિભાગનું તાલુકાવાર મંજૂર થયેલ મહેકમ આણંદ તાલુકામાં ૯૫૮, ઉમરેઠમાં ૪૯૧, બોરસદમાં ૯૬૩, આંકલાવમાં ૪૫૫, પેટલાદમાં ૬૬૯, સોજિત્રામાં ૨૭૩, ખંભાતમાં ૬૯૩, તારાપુરમાં ૨૩૬ એમ કુલ ૮ તાલુકામાં ૪૭૩૮ શિક્ષકોનું ધોરણ ૧ થી ૫ માં મહેકમ મંજૂર છે. એમાં સો એ સો ટકા મહેકમ ભરેલ છે. પ્રાથમિક વિભાગની અંદર કોઇપણ જગ્યા હાલમાં ખાલી નથી.

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ધોરણ ૧ થી ૫ માં જે મહેકમ છે તે મુજબ તમામ જગ્યાઓ ભરેલી છે. ધોરણ ૫ થી ૮ અને ખાસ કરીને ૮ માં ધોરણમાં કેટલા સમયથી જગ્યા ખાલી છે? તે જગ્યા ક્યારે ભરવામાં આવશે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : ધોરણ ૬ થી ૮ માં આર.ટી. ઇ. ના જે નિયમો આવ્યા, ત્યારપછી એકી સાથે લગભગ એક હજાર શિક્ષકોની જરૂરિયાત ઊભી થઇ અને ધીરે ધીરે શિક્ષકો ભરતા ગયા અને ૮૦૦ જેટલા શિક્ષકોની ભરતી થઇ. હવે બાકી શિક્ષકો ટૂંક સમયમાં ભરવામાં આવશે, પરંતુ આર.ટી.ઇ. નિયમ આવ્યો ત્યારથી જગ્યા ખાલી હતી. ક્રમશઃ ભરતા જઇએ છીએ.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીએ કહ્યું આર.ટી.ઇ. ના નિયમ આવ્યો પછી પરિસ્થિતિ ઊભી થઇ. મારે મંત્રીશ્રીને પૂછવું છે કે આર.ટી.ઇ. નો નિયમ કયા વર્ષમાં આવ્યો અને આજની તારીખે આણંદ જિલ્લામાં કેટલી પ્રાથમિક શાળામાં ધોરણ ૮ શરૂ કરવાના બાકી છે? રાજેન્દ્રસિંહભાઇએ કહ્યું કે અપર પ્રાઇમરીમાં કેટલા શિક્ષકોની ઘટ છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આર.ટી.ઇ. ૨૦૧૦ માં ગુજરાતની અંદર એનો

અમલ શરૂ થયો. અમલ શરૂ થયા બાદ આણંદ જિલ્લામાં તમામ શાળામાં ૮ મું ધોરણ જેટલી શાળાઓ છે, તે તમામ શાળાઓની અંદર અત્યારે જે ૮ માં ધોરણના વર્ગો શરૂ કરવામાં આવ્યા છે. મેં હમણા વાત કરી જે જગ્યા ખાલી છે, તેની સંખ્યા ૩૮૦ છે.

શ્રી સતિષભાઇ મો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી જાણવા માગું છું કે આણંદ જિલ્લામાં છેલ્લાં ૪ વર્ષમાં વિષયવાર કેટલા શિક્ષકોની ભરતી કરવામાં આવેલ છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : આણંદ જિલ્લામાં છેલ્લાં ૪ વર્ષમાં કુલ ૭૯૯ વિદ્યા સહાયકોની ભરતી કરવામાં આવેલ છે. એમાં ગણિત અને વિજ્ઞાન વિષયમાં ૪૫૯, ભાષામાં ૩૦૮ સામાજિક વિજ્ઞાનમાં ૩૨ વિદ્યાસહાયકોની ભરતી કરવામાં આવેલ છે.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, અપર પ્રાઇમરી, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિકમાં ટાટ અને ટેટ દ્વારા જે પરીક્ષા લેવામાં આવે છે. તો આ ત્રણેયમાં એક જ સરખી લાયકાત ધરાવતા શિક્ષકોની ભરતી થાય છે. જેની જાહેરાત પહેલી આવે તે એપ્લાય કરી જે તે શિક્ષકો નિમણૂક મેળવતા હોય છે. ત્યારબાદ પોતાના વતનથી નજીક બીજી જાહેરાત આવે તેમાં તે પાછા હાયર સેકન્ડરી કે સેકન્ડરીમાં જતા હોય છે. તો વિસંગતા દૂર કરવા માગો છો કે કેમ? આના કારણે શિક્ષકોની સતત ઘટ પડે છે તો આમાં ફેરફાર કરી ચોક્કસ નીતિ બનાવવા માંગો છો કે કેમ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : આ પ્રશ્ન આણંદ જિલ્લાની પ્રાથમિક શાળાઓ કેટલી છે અને તેમાં શિક્ષકો કેટલા ભરાયેલા છે તેનો છે. માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન એકદમ વ્યાજબી છે. તે જો બીજી નોટીસ આપશે તો તેનો ચોકકસ જવાબ આપવામાં આવશે.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું છે કે અપર પ્રાઇમરીમાં જે છોકરાઓ આઠમા ધોરણમાં આવ્યા તો એમણે ઇંગ્લીશ શીખવું ખૂબ જરૂરી છે. તો આ ભાષા શબ્દ વાપર્યો છે તેનાથી ઇંગ્લીશના ટીચરો ભરી શકતા નથી. તો મારી મંત્રીશ્રીને વિનંતી છે કે આમાં ફેરફાર કરીને ખરેખર ઇંગ્લીશની જરૂરિયાત છે તો આ ઇંગ્લીશ શબ્દ વાપરવા માગો છો કે કેમ? કારણકે ઇંગ્લીશ ટીચરની જરૂરિયાત છે પણ તમે ભાષા શબ્દ વાપરો છો એટલે સંસ્કૃતના શિક્ષકો વધુ ભરાય છે અને ઇંગ્લીશના શિક્ષકો ભરાતા નથી. કારણકે તેમની ટકાવારી ઓછી હોય છે. તો આ ફેરફાર કરી આ ઇંગ્લીશ શિક્ષકોની જગ્યા ભરવા માગો છો કે કેમ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનું સૂચન છે.

વડોદરા જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૮ શરૂ કરવા અંગે

* ૯૯૮૬ શ્રી દિનેશભાઇ બા. પટેલ(પાદરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ કેટલી પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૮ શરૂ કરવામાં આવેલ છે, અને | (૧) ૫૪૨ |
| (૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લામાં ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં કેટલા વિદ્યાસહાયકોની નિમણૂંક કરવામાં આવી છે ? | (૨) ૨૫૪ |

શ્રી દિનેશભાઇ બા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, વડોદરા જિલ્લામાં પ્રાથમિક શાળાઓની સંખ્યા કેટલી છે? વડોદરા જિલ્લામાં ધોરણ-૧ થી ૫ માં પ્રાથમિક વિભાગમાં મંજૂર થયેલ મહેકમ કેટલું છે? કેટલી જગ્યાઓ ભરાયેલી છે અને કેટલી ખાલી છે? આ જગ્યાઓ ખાલી રહેવાના કારણો કયા છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા જિલ્લાની અંદર પ્રાથમિક શાળાઓની સંખ્યાની વાત કરી અને મહેકમની વાત કરી તો વડોદરા જિલ્લાની અંદર મહેકમમાં વડોદરામાં ૭૭૩, પાદરામાં ૨૬૮, કરજણમાં ૪૦૯, સાવલીમાં ૮૩૯, વાઘોડીયામાં ૪૯૩, ડભોઇમાં ૪૭૧, શિનોરમાં ૧૪૪,

છોટાઉદેપુરમાં ૮૦૭, નસવાડીમાં ૬૫૨, કવાંટમાં ૭૪૪, સંખેડામાં ૭૨૪, જેતપુર પાવીમાં ૮૮૭ એમ કુલ મળી ૭૬૧૧નું મહેકમ છે.

શ્રી યોગેશ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે પ્રાથમિક શાળામાં ધોરણ–૮માં એક બાળક પાછળ કેટલો ખર્ચ થાય છે અને કલાસદીઠ મહિલા શિક્ષકોનું ધારાધોરણ શું છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, એક વિદ્યાર્થીદીઠ પ્રાથમિક કેટલો ખર્ચ થાય છે તે વિગત અત્યારે મારી પાસે નથી અને વિદ્યાર્થીદીઠ મહિલા શિક્ષકનું ધારાધોરણ હોય તેવી કોઇ નીતિ કે નિયમો નથી.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, ઉચ્ચત્તર પ્રાથમિક વિભાગમાં મહેકમ કેટલું છે અને તેમાં કેટલી જગ્યાઓ ભરાયેલી છે, જો ખાલી હોય તો તે ખાલી રહેવાના કારણો શું છે અને તે કેટલા સમયમાં ભરવામાં આવશે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા જિલ્લાની અંદર ધોરણ–૬ થી ૮ ઉચ્ચતર પ્રાથમિક વિભાગમાં તાલુકાવાર મંજૂર મહેકમ આ મુજબ છે. વડોદરામાં ૪૫૩, પાદરામાં ૩૬૫, કરજણમાં ૨૪૪, સાવલીમાં ૩૯૭, વાઘોડીયામાં ૨૨૩, ડભોઇમાં ૧૯૭, શિનોરમાં ૬૮, છોટાઉદેપુરમાં ૩૨૭, નસવાડીમાં ૧૮૩, કવાંટમાં ૨૮૦, સંખેડામાં ૨૯૪, જેતપુર પાવીમાં ૩૮૮ એમ કુલ મળી ૩૪૧૯નું મહેકમ છે. આમ વડોદરા જિલ્લામાં કુલ ધોરણ ૬ થી ૮નું..

અધ્યક્ષશ્રી : જગ્યાઓ ખાલી કેટલી છે અને કયારે ભરાશે એટલો જ સવાલ છે. મહેકમનું નથી પૂછયું.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષકોનું મંજૂર મહેકમ ૨૮૯૪નું છે.

અધ્યક્ષશ્રી : મંજૂર નહીં ખાલી કેટલી જગ્યાઓ છે અને કયારે ભરવામાં આવશે.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, તેની સામે ૫૨૫ શિક્ષકોની જગ્યાઓ ઉચ્ચતર વિભાગમાં ખાલી છે. તે વહેલી તકે ભરીશું. રાજય પરીક્ષા બોર્ડ દ્વારા પ્રાથમિક શિક્ષકોની અને ઉચ્ચત્તર પ્રાથમિક શિક્ષકોની જે ટેટની પરીક્ષાઓ જુલાઇ–ઓગષ્ટમાં લેવાનાર છે. ત્યારબાદ ભરતી પ્રક્રિયા શરૂ કરીશું.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, વિદ્યા સહાયકોની જે આપણે નિમણૂક કરીએ છીએ એમનું પગાર ધોરણ છે એ બહુ ઓછું છે એના કારણે એમને ખૂબ મુશ્કેલી પડે છે ત્યારે વિદ્યા સહાયકોનું જે પગાર ધોરણ છે એ માત્ર ૫૩૦૦ રૂપિયા છે તો મારે માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે એમાં આપ એમને કાયમી ધોરણે કરવા માગો છો કે કેમ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ માનનીય સભ્યશ્રીનું સૂચન છે.

શ્રી જીતેન્દ્ર સુખડીયા : માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લામાં છેલ્લા ચાર વર્ષમાં વિષયવાર કેટલા શિક્ષકોની ભરતી કરવામાં આવી છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા જિલ્લામાં ઉચ્ચતર પ્રાથમિક વિભાગમાં છેલ્લા ચાર વર્ષમાં કુલ ૧૧૫૫ વિદ્યા સહાયકોની ભરતી કરવામાં આવેલ છે તેમાં ગણિત વિજ્ઞાનના વિષયમાં ૬૫૬ વિદ્યા સહાયક, ભાષામાં ૪૯૯ અને સમાજ વિજ્ઞાનમાં શૂન્ય.

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપની મારફતે માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, આ શાળાઓમાં આચાર્યશ્રીની કેટલી જગ્યાઓ ડાયરેકટ ભરતી પ્રક્રિયાથી ભરવામાં આવી અને કેટલી જગ્યાઓ ખાલી છે?

અધ્યક્ષશ્રી : આચાર્યોની વાત નથી આ. આમાં તો એટલો જ પ્રશ્ન છે કે કેટલા વિદ્યા સહાયકોની નિમણૂક કરવામાં આવી છે? આચાર્યોની કેટલી બાકી છે એ એમાં ન આવે.

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ભરતી તો થાયને સાહેબ, આચાર્યોની નિમણૂક વિદ્યા સહાયકમાંથી ભરતી કરવામાં આવે છે?

અધ્યક્ષશ્રી : આચાર્યો વિદ્યા સહાયકોમાંથી કોઇ નીમો છો?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આચાર્યોની નિમણૂકનો આ પ્રશ્ન નથી. જો સભ્યશ્રી આચાર્યની નિમણૂકનો બીજો પ્રશ્ન પૂછશે તો હું એનો ચોક્કસ જવાબ આપીશ.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, વિદ્યા સહાયકોની ભરતીમાં આપ ૩૩ ટકા મહિલાઓની ભરતીની જોગવાઇ કરવા માગો છો કે કેમ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનું સૂચન છે.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે વડોદરા જિલ્લાનો પ્રશ્ન છે ત્યારે મારે એ પૂછવું છે કે, નસવાડી, સંખેડા અને કવાટ તાલુકાનું શિક્ષણનું મહેકમ કેટલું છે અને ખાલી કેટલું છે, અને ખાલી છે એ કેટલા વખતથી ખાલી છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, નસવાડીમાં ૩૮, કવાટમાં ૯૬ અને સંખેડામાં ૪૮નું મહેકમ ખાલી છે. મેં મારા પહેલા પ્રશ્નના જવાબમાં કહ્યું હતું કે ૨૦૧૦ પછી આર.ટી.ઇ.નો નિયમ આવ્યો ત્યારથી જે ખાલી જેના કારણે ખાલી પડી છે એ ક્રમશઃ ભરતા જઇએ છીએ અને ટૂંક સમયમાં આની ભરતી પ્રક્રિયા ચાલુ થશે.

મહીસાગર જિલ્લામાં રોજમદારોને કાયમી કરવા બાબત

* ૮૫૮૬ પ્રો. હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં રેન્જવાર કેટલા રોજમદારો કામ કરે છે,

જવાબ

(૧) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં નીચે મુજબ રેન્જવાર રોજમદારો કામ કરે છે.

| અ.નં. | રેન્જનું નામ | રોજમદારોની સંખ્યા |
|---|---|---|
| ૧ | લુણાવાડા રેન્જ (ક્ષેત્રિય) | ૩૭ |
| ૨ | ખાનપુર રેન્જ (ક્ષેત્રિય) | ૨૫ |
| ૩ | સંતરામપુર (પશ્ચિમ) રેન્જ (ક્ષેત્રિય) | ૧૫ |
| ૪ | સંતરામપુર (પૂર્વ) રેન્જ (ક્ષેત્રિય) | ૧૬ |
| ૫ | મુનપુર રેન્જ (ક્ષેત્રિય) | ૩૧ |
| ૬ | ડીટવાસ રેન્જ (ક્ષેત્રિય) | ૩૧ |
| ૭ | લુણાવાડા રેન્જ (સા.વ.યો.) | ૫ |
| ૮ | કડાણા રેન્જ (સા.વ.યો.) | ૧૯ |
| ૯ | સંતરામપુર રેન્જ (સા.વ.યો.) | ૧૨ |
| ૧૦ | ખાનપુર રેન્જ (સા.વ.યો.) | ૫ |
| ૧૧ | બાલાસિનોર રેન્જ (સા.વ.યો.) | ૪૨ |
| ૧૨ | વિરપુર રેન્જ (સા.વ.યો.) | ૨૪ |
| | કુલ | ૨૬૨ |

(૨) આ રોજમદારો પૈકી એક વર્ષ કરતાં વધારે સમયથી કામ કરતા હોય તેવા રોજમદારો કેટલા, અને

(૨) આ રોજમદારો પૈકી એક વર્ષ કરતાં વધારે સમયથી કામ કરતા હોય તેવા ૨૬૨ રોજમદારો છે.

(૩) આવા રોજમદારોને કાયમી કરવાની યોજના સરકાર વિચારે છે કે કેમ ?

(૩) નામ. સુપ્રિમકોર્ટના ચુકાદા મુજબ લાયકાત ધરાવતા રોજમદારોને માર્ગ અને મકાન વિભાગના તા.૧૭–૧૦–૧૯૮૮ ના ઠરાવના ધોરણે લાભો આપવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ છે.

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીએ મને જવાબ આપ્યો છે એમાં એવું જણાવવામાં આવ્યું છે કે સુપ્રીમ કોર્ટનો ચુકાદો લાયકાત ધરાવતા રોજમદારોને માર્ગ અને મકાન વિભાગના ૧૭–૧૦–૧૯૮૮ના ઠરાવના ધોરણે લાભો આપવા બાબતે સરકારશ્રીની વિચારણામાં છે. ત્યારે મારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, સુપ્રીમ કોર્ટનો ચુકાદો ક્યારે આવ્યો અને

સરકારશ્રીએ ૧૯૮૮માં ઠરાવ કર્યો તો અત્યાર સુધીના આટલા વર્ષોના ગાળા દરમ્યાન આ રોજમદારોને કાયમી ન બનાવવાનું કારણ શું છે? અને આવા લાખો રોજમદારો કાયમી નોકરીથી વંચિત છે.

અધ્યક્ષશ્રી : સુપ્રીમ કોર્ટનો ચુકાદો આવી ગયો છતા પણ આ બધાને તમે કેમ કાયમી નથી કર્યા એના કારણો શું? એટલો જ જવાબ આપો.

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર બાબત કોર્ટને આધિન હતી અને સુપ્રીમ કોર્ટમાં તેનો નિકાલ તારીખ ૨૯-૧-૨૦૧૪ના રોજ કરવામાં આવ્યો, નિકાલ નથી કરવામાં આવ્યો એવું નથી, જે કોઇ લેબરો, રોજમદારો સુપ્રીમ કોર્ટમાં ગયા હતા એમને ૧૫.૪૩ કરોડ રૂપિયાનું ચૂકવણું કરવામાં આવેલ છે અને આ રીતે કાર્યવાહી ચાલુ જ છે.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, જે આ ૨૬૨ રોજમદારો કામ કરે છે તેઓને એક દિવસનું કેટલું વેતન આપવામાં આવે છે? આ વેતન લઘુત્તમ વેતનથી ઓછું છે કે વધુ છે?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : સરકારના નિયમ પ્રમાણે રોજમદારોને એક દિવસના રૂપિયા ૨૨૬.૮૦ પૈસા પ્રમાણે વેતન ચૂકવવામાં આવે છે.

શ્રી હીરાભાઇ હ. પટેલ : આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, આ મહીસાગર જિલ્લાના ૨૬૨ રોજમદારોને કાયમી કરવાના બાકી છે એમને તમે કાયમી કરવા માગો છો કે કેમ?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આ સમગ્ર  બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ છે કારણ કે સમગ્ર ગુજરાતમાં લગભગ ૫ થી ૬ હજાર જેટલા રોજમદારોનો પ્રશ્ન છે અને એના માટે ક્ષેત્રીય વનીકરણ, સામાજિક વનીકરણ, વન્ય પ્રાણી સંશોધન, બીટ કક્ષા એવી અનેક જગ્યાઓની ખૂબ જટિલ માહિતી ભેગી કરવાની હોય છે અને એમાં ૨૫ વરસનું રેકર્ડ ભેગું થયા બાદ એની ચકાસણી કરવાની છે અને કોઇપણ લાભાર્થી રહી ન જાય એટલા માટે આ પ્રક્રિયા હાલમાં ચાલુ છે.

શ્રી નિમિષાબેન મ. સુથાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, મહીસાગર જિલ્લાના રોજમદારોને જે લાભ આપવામાં આવશે એની અસર કઇ તારીખથી આપવામાં આવશે અને ૨૬૨ રોજમદારો પૈકી કેટલા રોજમદારોને તફાવતની રકમ કઇ રીતે ચૂકવવામાં આવશે?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : કોર્ટ તરફથી સૂચન કર્યા મુજબ એમને ૨૯-૧૦-૨૦૧૦ થી આ લાભો આપવાનું નક્કી કરવામાં આવેલ છે.

શ્રી રમેશભાઇ ભુ. કટારા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, મહીસાગર જિલ્લામાં મજૂરો રાખવામાં આવેલ હોય તે કિસ્સામાં વન વિભાગ દ્વારા કયા કયા દસ્તાવેજી પુરાવા નિભાવવામાં આવે છે?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : એના માટે હાજરી કાર્ડ, હાજરીપત્રક, વેતન સ્લીપ, વેતન પત્રક, સિનિયોરિટી લિસ્ટ એ પ્રમાણેના દસ્તાવેજી પુરાવાની ચકાસણી કરવામાં આવે છે.

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, મહીસાગર જિલ્લામાં ૨૬૨ જેટલા રોજમદારો છે એમને કાયમી કરવા માટે સરકારમાં અગાઉ કોઇ રજૂઆતો આવી છે ખરી? અથવા તો અહીંયા એમ જણાવેલ છે કે આ બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ છે તો એ શું વિચારણા હેઠળ છે?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર બાબત કોર્ટને આધિન હતી અને એનો ચુકાદો હાલમાં જ આવેલો છે. સરકારમાં સંપૂર્ણ બાબત ચકાસણી હેઠળ છે.

ડો. તેજશ્રીબેન  દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, ૫ થી ૬ હજાર જેટલા રોજમદાર છે એવી એમણે વાત કરી તો ૨૬૨ લોકો જે કોર્ટમાં ગયા એમને જ ન્યાય મળ્યો તો જે નથી ગયા એમના માટે એ ન્યાયની પ્રક્રિયાના આધારે એ લોકોના પણ વાજબી કારણ છે એટલા માટે થઇને સરકાર આ ચુકાદાને આધારે એ લોકોને જેમ બને તેમ જલ્દી કાયમી કરવા માટે માગે છે કે કેમ?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, સુપ્રીમ કોર્ટે જે માર્ગદર્શન આપ્યું છે એમાં જે કોર્ટમાં ગયા છે એને તો લાભ આપવાનો જ પણ જે નથી ગયા એમને પણ આ લાભ આપવાનો છે.

દાહોદ જિલ્લામાં પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં આર.ઓ. પ્લાન્ટની સુવિધા

* ૯૬૭૮ શ્રી વજેસિંગભાઇ પા.પણદા(દાહોદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં આર.ઓ. પ્લાન્ટની સુવિધા છે,

(૨) તે અન્વયે ઉકત સ્થિતિએ કેટલા આર.ઓ. પ્લાન્ટ બંધ છે, અને

(૩) આ બંધ પ્લાન્ટની મરામત માટે સરકારે શી કાર્યવાહી કરી ?

જવાબ

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | આર.ઓ. પ્લાન્ટની સુવિધા ધરાવતી પ્રાથમિક શાળાઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | દાહોદ | ૨૨ |
| ૨ | દેવગઢ બારીયા | ૨૧ |
| ૩ | ધાનપુર | ૨૩ |
| ૪ | ફતેપુરા | ૧૧ |
| ૫ | ગરબાડા | ૧૬ |
| ૬ | લીમખેડા | ૧૮ |
| ૭ | ઝાલોદ | ૧૫ |
| | કુલ | ૧૨૬ |

(૨) માધ્યમિક શાળાઓમાં આર.ઓ. પ્લાન્ટની સુવિધા નથી.

| ક્રમ | તાલુકાનું નામ | આર.ઓ. પ્લાન્ટની બંધ હોય તેવી શાળાઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | દાહોદ | ૩ |
| ૨ | ધાનપુર | ૪ |
| ૩ | ઝાલોદ | ૨ |
| | કુલ | ૯ |

(૩) આર.ઓ. પ્લાન્ટ રીપેરીંગની કામગીરી ટૂંક સમયમાં પૂર્ણ કરવામાં આવશે.

શ્રી વજેસિંહભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, દાહોદ જિલ્લામાં કેટલી શાળાઓમાં આર.ઓ. પ્લાન્ટની સુવિધા બાકી છે અને એમને ત્યાં આ સુવિધા ક્યારે આપવામાં આવશે અને હાલમાં કેટલી જગ્યાએ કઇ તારીખથી બંધ હાલતમાં છે અને આર.ઓ. પ્લાન્ટ મૂકવા માટે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી અને એમાં કેટલો ખર્ચ થયો છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ જિલ્લાની કુલ ૧૬૩૯ શાળાઓ છે તે પૈકી ૧૨૬ શાળાઓમાં આર.ઓ.પ્લાન્ટની વ્યવસ્થા છે. આ વ્યવસ્થા પાછળ લોકફાળાના ૧૬ હજાર, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાના ૩૦ હજાર, વાસ્મોના ૯,૨૧,૭૦૦/–અને સર્વ શિક્ષા અભિયાનના ૨૧,૧૬,૦૦૦/– એમ કુલ મળીને ૩૦,૮૩,૭૦૦/–નો ખર્ચ થયો છે. જે નવ બંધ છે તે વહેલી તકે ચાલુ કરવામાં આવશે.

શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, દાહોદ જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત આર.ઓ.પ્લાન્ટ કઇ એજન્સી પાસેથી, કયા વર્ષમાં ખરીદ કરવામાં આવ્યા ? કેટલા લીટરની ક્ષમતાવાળા આર.ઓ.પ્લાન્ટ પ્રતિ નંગ કઇ કિંમતે ખરીદ

કરવામાં આવ્યા ? અને દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલા આર.ઓ.પ્લાન્ટ ખરીદ કરવામાં આવ્યા અને તેમાં કેટલો ખર્ચ થયેલ છે ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, મેં હમણાં કહ્યું તેમ અલગ અલગ લોકફાળો, એસ.બી.આઇ.,સર્વ શિક્ષા અભિયાન તેમાં એમણે અત્યારે મને સર્વ શિક્ષા અભિયાનનું પૂછયું છે તો દાહોદ જિલ્લામાં ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના Centre for Purchase Office ના રેઇટ કોન્ટ્રાકટ હેઠળ અધિકૃત કરેલ એજન્સી M/s. Raindrop Water Technology મારફતે આ ખરીદી કરવામાં આવી છે. આ ખરીદી ૨૦૧૨-૧૩માં કરવામાં આવી છે. પ્રતિ લીટર એક કલાકની ક્ષમતાનો પ્લાન્ટ તેમાં ૨૩ હજાર રૂપિયાનો ખર્ચ છે અને દાહોદ જિલ્લામાં એસ.એસ.એ.મારફતે કુલ રૂપિયા ૨૧,૧૬,૦૦૦/- નો ખર્ચ કરવામાં આવેલ છે.

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, મારા મત વિસ્તાર દાહોદ, ગરબાડા, ધાનપુરમાં કુલ કેટલી પ્રાથમિક શાળાઓમાં આર.ઓ.પ્લાનની સુવિધા છે ? અને તે પૈકીની કેટલી બાકી છે ? અને જે બાકી છે તે કેટલા સમયમાં મૂકવા માગો છો ? મારો બીજો પ્રશ્ન એ છે કે, એક આર.ઓ.પ્લાનનો ખર્ચ કેટલો છે? અને એ આર.ઓ.પ્લાન્ટ કઇ કંપનીનો નાખવામાં આવ્યો છે ? અને આ કામ કઇ એજન્સીને આપવામાં આવ્યું છે ?

અધ્યક્ષશ્રી : પહેલો પ્રશ્ન બરાબર છે પણ આમાં ડિટેલમાં ના હોઇ શકે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, જે મૂકવામાં આવ્યા છે તેમાં નવ શાળાઓમાં બંધ છે. દાહોદમાં ૩, ધાનપુરમાં ૪, અને ઝાલોદમાં ૨ આને વહેલી તકે તે ચાલુ કરવામાં આવશે. મેં મારા પહેલા જવાબમાં કહ્યું છે કે, પ્રતિ લીટર ૫૦૦નો ૨૩ હજાર રૂપિયાનો ખર્ચ આવે છે અને એ પ્રમાણે તેની ખરીદી કરવામાં આવી છે. કઇ કંપની પાસેથી ખરીદી કરવામાં આવી છે તે પણ મેં મારા પહેલા જવાબમાં કહ્યું છે.

શ્રી રમેશભાઇ ભુ. કટારા : માનનીય અધ્યક્ષશ્રી, આપની અનુમતિથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, શાળાઓમાં આર.ઓ.પ્લાન્ટની ક્ષમતા નક્કી કરવાના માપદંડ શું છે ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ૧૦૦ બાળકો સુધી ૫૦ લીટર, ૧૦૧ થી ૨૦૦ સુધી ૧૦૦ લીટર પ્રતિ કલાક અને ૨૦૧ થી ૫૦૦ સુધીના બાળકોની સંખ્યા હોય તો ૨૫૦ લીટર અને ૫૦૦થી વધારે સંખ્યા હોય તો બે આર.ઓ.પ્લાન્ટ મૂકવામાં આવે છે.

### રાજ્યમાં અનુસ્નાતક ઈજનેરી અભ્યાસક્રમની બેઠકોમાં વધારો

* ૧૦૦૩૦ શ્રી જીતેન્દ્ર ર. સુખડીયા(સયાજીગંજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં અનુસ્નાતક ઈજનેરી અભ્યાસક્રમની બેઠકોમાં વધારો થયો છે કે કેમ, | (૧) હા, કુલ ૩૩૬૨ બેઠકોનો વધારો થયેલ છે. |
| (૨) ઉકત સ્થિતિએ સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો શરૂ કરવામાં આવી કે કેમ, અને | (૨) સ્નાતક અભ્યાસક્રમો ચલાવતી ઈજનેરી કોલેજોમાં જ અનુસ્નાતક અભ્યાસક્રમો શરૂ કરવામાં આવે છે. ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૨૪ સ્વનિર્ભર ઈજનેરી કોલેજોમાં અનુસ્નાતક અભ્યાસક્રમો શરૂ કરવામાં આવેલ છે. |
| (૩) જો હા, તો આ પૈકી સરકારી કોલેજોમાં કેટલી બેઠકોમાં વધારો થયો ? | (૩) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારી ઈજનેરી કોલેજોમાં બેઠકોનો વધારો થયેલ નથી. |

શ્રી જીતેન્દ્ર સુખડીયા : માનનીય અધ્યક્ષાશ્રી, મારા પ્રશ્નના જવાબમાં જણાવ્યુ છે કે, છેલ્લા બે વર્ષમાં ૨૪ સ્વનિર્ભર ઈજનેરી કોલેજોમાં અનુસ્નાતક અભ્યાસક્રમો શરૂ કરવામાં આવેલા છે. તો આ કઇ કઇ કોલેજોમાં અભ્યાસક્રમો શરૂ કરવામાં આવેલા છે ? અને વર્ષ ૨૦૧૩-૧૪માં આ કોલેજોમાં કેટલી બેઠકો ઉપલબ્ધ હતી ?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા ખૂબ ખુશી થાય છે કે, આપણા માનનીય મુખ્યમંત્રીશ્રી માનનીય આનંદીબહેન પટેલ જયારે શિક્ષણ મંત્રી હતા ત્યારે વિવિધ ફેકલ્ટીમાં વિદ્યાર્થીઓ ટેકનોક્રેટ બને તેના પ્રયત્નો ખૂબ સારી રીતે થયા છે. આજે રાજયમાં કુલ ૧૧૬૦ જેટલી સીટો અનુસ્નાતક ઇજનેરી અભ્યાસક્રમમાં ૨૦૧૩–૧૪માં શરૂ થઇ છે. તેમણે કહ્યું છે તે પ્રમાણે અમદાવાદ ઇન્સ્ટિટયૂશન ઓફ ટેકનોલોજી, અમદાવાદ, તેમાં ૩૬ બેઠકો અને અલગ અલગ વિષયો જેવા કે ઇલેક્ટ્રિકલ એન્જીનીયરીંગ, મિકેનીકલ એન્જીનીયરીંગ, સ્ટ્રકચર થર્મલ સીસ્ટમ, ઓટોમોબાઇલ, પાવર સીસ્ટમ, કોમ્પ્યુટર એન્જીનીયરીંગ,ઇલેક્ટ્રોનિક્સ, મશીન ડિઝાઇન, કોમ્પ્યુટર એન્જીનીયરીંગ. CAD/CAM, ઇલેક્ટ્રીકલ એન્જિનિયરીંગ આ બધા જ પ્રકારની જે સીટો શરૂ કરી છે. તેમાં અમદાવાદમાં ૩૬, છોટુભાઇ ગોપાલભાઇ પટેલ ઇન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી, માલીબા કેમ્પસ, બારડોલી માં ૧૦૮, સી.કે. પીઠાવાલા કોલેજ ઓફ એન્જિનિયરીંગ અને ટેકનોલોજી સુરતમાં ૧૮, દર્શન ઇન્સ્ટિટ્યુટ ઓફ એન્જિનિયરીંગ એન્ડ ટેકનોલોજી, હડાળા, રાજકોટમાં ૭૨, એચજેડી ઇન્સ્ટિટ્યુટ ઓફ ટેકનીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ, મુ. કેરામાં ૪૮, ઇપ્કોવાલા ઇન્સ્ટિટ્યુટ ઓફ એન્જિનિયરીંગ એન્ડ ટેકનોલોજી, ધર્મજમાં ૪૮, ટેકનીકલ શિક્ષણ અને સંશોધન કેન્દ્ર મહાત્મા ગાંધી ઇન્સ્ટિટ્યુટમાં ૩૬ સીટો, નારાયણશાસ્ત્રી ઇન્સ્ટિટ્યુશન ઓફ ટેકનોલોજી...

અધ્યક્ષશ્રી : લાંબુ લિસ્ટ હોય તો ટેબલ ઉપર મૂકજો.

પ્રો. વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, ૨૫ છે. એમણે માગ્યું છે.

અધ્યક્ષશ્રી : તો હવે રહેવા દો, સભ્યશ્રીને વ્યક્તિગત મોકલાવી દેજો. ૨૫નું લિસ્ટ ન વંચાય, બીજા સભ્યશ્રીઓને પણ પ્રશ્નો પૂછવાના હોય છે.

પ્રો. વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) ૪૮ સીટ એમને પણ આપી છે.

શ્રી સતિષભાઇ મો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, રાજયમાં અનુદાનિત ઇજનેરી કોલેજમાં અનુસ્તાનક અભ્યાસક્રમની કોલેજવાઇઝ કેટલી બેઠકો ઉપલબ્ધ છે?

પ્રો. વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, અનુદાનિત ઇજનેરી કોલેજોમાં અનુદાનિત અનુસ્નાતક અભ્યાસક્રમ કોલેજ વાઇઝ ધર્મેસિંહ દેસાઇ યુનિવર્સિટી, ફેકલ્ટી ઓફ ટેકનોલોજીમાં ૭૨, ફેકલ્ટી ઓફ ટેકનોલોજી એન્ડ એન્જીનીયરીંગ એમએસસી યુનિવર્સિટી, બરોડામાં ૩૬૦ એટલે કુલ અનુદાનિત કોલેજોમાં ૪૩૮ જગ્યાઓ ભરવામાં આવી છે.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા જવાબમાં આપ્યું છે કે, છેલ્લા બે વર્ષમાં સરકારી ઇજનેરી કોલેજોમાં બેઠકોમાં વધારો કરવામાં આવ્યો નથી. સાહેબ, આખા ગુજરાતમાં જે રીતે ઉચ્ચ શિક્ષણમાં સરકારે જાણે હાથ ખંખેરી નાખ્યા હોય એવી પરિસ્થિતિ છે. સેલ્ફ ફાયનાન્સની કોલેજોમાં બેઠકો વધારવામાં આવી છે, પણ મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, આ સેલ્ફ ફાયનાન્સ કોલેજોમાં બેઠકો વધારી એમાં ફીનું શું ધોરણ નકકી કરવામાં આવ્યું છે?

પ્રો. વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, અનુસ્નાતક અભ્યાસક્રમો માટે સરકારી જે કોલેજો છે એનો મેં અગાઉ જવાબ આપી દીધો છે એમાં સરકારી અને અનુદાનિત સંસ્થાઓમાં વિદ્યાર્થીઓ માટે વાર્ષિક રૂ. ૧૫૦૦ નકકી કરવામાં આવ્યા છે અને જે વિદ્યાર્થીનીઓ હોય એમના માટે શિક્ષણ ફી સંપૂર્ણ રીતે ફી માફ હોય છે. સ્વનિર્ભર સંસ્થાઓની ફીનું માળખુ નામદાર સુપ્રીમ કોર્ટના ચુકાદા અન્વયે રચાયેલ ફી નિયમન સમિતિ દ્વારા જે તે સંસ્થાઓની માળખાકીય સુવિધાઓ અને લેબોરેટરી એની લાયબ્રેરી અને અન્ય સાધન સામગ્રીની ઉપલબ્ધિ હોય અને તેના ઓડિટ એકાઉન્ટ્સને ધ્યાનમાં રાખીને (અંતરાય) ફી નિયમન સમિતિ દ્વારા સ્વનિર્ભર કોલેજોમાં ચાલતા અનુસ્નાતક અભ્યાસક્રમોમાં વાર્ષિક ફી ૧૩–૧૪ના અંતર્ગત ૫૫૦૦૦/– થી ૧,૪૦,૦૦૦/– હોય છે.

અધ્યક્ષશ્રી : દરેક કોલેજની સગવડતા પ્રમાણે આની કમિટી નકકી કરે છે.

શ્રી યોગેશ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી આપના માધ્યમથી જાણવા માગુ છું કે, શહેરની નજીક વીસ થી પચીસ કિલોમીટરમાં સ્વનિર્ભર કોલેજો જે આવેલી છે એ વિદ્યાર્થીઓ

પાસેથી બાર માસનું ભાડુ ૨૦ થી ૨૬ હજાર રૂપિયા લે છે તો વેકેશનનું ભાડુ ના લે એ માટે સરકાર કોઇ પગલાં લેવા માગે છે કે કેમ?

પ્રો. વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, એમાં ટર્મવાઇઝ ભાડુ લેવામાં આવે છે વેકેશનનું કોઇ ભાડુ હોતું નથી અને વેકશન અંતર્ગત કોઇ પરીક્ષાઓ ચાલુ હોય તો એને છોડી ન દેવાય એવા વિદ્યાર્થીઓને, એટલે એ રીતે લેવામાં આવે છે.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રી દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, જે છેલ્લા બે વર્ષમાં ૩૩૬૨ બેઠકોનો વધારો થયો એમાં સરકારી ઇજનેરી કોલેજોમાં કેટલી બેઠકોનો વધારો થયો અને સેલ્ફ ફાયનાન્સ કોલેજોમાં કેટલી બેઠકોનો વધારો થયો?

પ્રો. વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, સેલ્ફ ફાયનાન્સ કોલેજોમાં કુલ મળીને ૧૧૬૦ વધારો થયો અને અનુદાનિત કોલેજોમાં ૪૩૮ એટલે કુલ મળીને ૧૫૯૮નો વધારો થયો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, સેલ્ફ ફાયનાન્સ કોલેજોમાં સમાજ કલ્યાણ તરફથી અઢી લાખ રૂપિયાની ફ્રી શીપ કાર્ડ આપવામાં આવે છે આ માટે સરકાર તરફથી એનો પરિપત્ર પણ દરેક કોલેજોને આપવામાં આવ્યો છે. ખાસ કરીને મારી પાસે રજૂઆત છે તે પ્રમાણે વડોદરા શહેરમાં અને જિલ્લામાં જે સેલ્ફ ફાયનાન્સ કોલેજો છે એ સરકારના આ પરિપત્રનો અમલ કરતી નથી અને ફ્રી શીપ કાર્ડ આપતા નથી એના લીધે વિદ્યાર્થીઓને આ ૨.૫ લાખ રૂપિયાનો લાભ મળતો નથી.

પ્રો વસુબેન ન. ત્રિવેદી : આવી કોઇ કોલેજો તેમના ધ્યાનમાં હોય તો અમારું ધ્યાન દોરે, અમારા ધ્યાનમાં આવું નથી.

શિક્ષકોની બદલીઓ ઓન લાઇન સીસ્ટમથી કરવા અંગે

* ૯૯૮૮ શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ રાજ્ય સરકાર શિક્ષકોની બદલીઓ ઓન લાઇન કોમ્પ્યુટરાઈઝડ સીસ્ટમથી કરવા માંગે છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે પ્રથમ તબક્કે ક્યા જિલ્લામાં કરવા માંગે છે ? | (૨) અમદાવાદ, ગાંધીનગર, સાબરકાંઠા અને પોરબંદર. |

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે જાણવું છે કે કોમ્પ્યુટરાઇઝડ પદ્ધતિથી આ બદલી કેવી રીતે કરવામાં આવે છે અને આ કોમ્પ્યુટરાઇઝડ પદ્ધતિના ફાયદા શું છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આજકાલ સાયન્સ એન્ડ ટેકનોલોજીનો યુગ છે. આને ધ્યાનમાં રાખીને માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી ગુજરાતના મુખ્યમંત્રીશ્રી હતા ત્યારે તેમણે ગુજરાતમાં પ્રજાલક્ષી વહીવટી સુધારણામાં આ સાયન્સ અને ટેકનોલોજીનો બહુ જ મોટો ઉપયોગ આખા દેશમાં સૌથી વધારે કર્યો એના આપણે બધા સાક્ષી છીએ.એના લાભાર્થી છે એમાં ઇ-ગ્રામ, આવકનો દાખલો, લેન્ડ રેકર્ડ, વેલ્યુએશન એ બધામાં (અંતરાય) આ એના અનુસંધાનમાં જ છે એટલે મારે એ કહેવું જોઇએ. (અંતરાય)

શિક્ષણ વિભાગની વાત કરું તો એમાં પણ હવે રાજ્ય સરકારે શિક્ષકોની બદલીઓ કોમ્પ્યુટરાઇઝડ પદ્ધતિથી કરવાનું નકકી કર્યુ છે. જે તે જિલ્લા દ્વારા આ અંગે વર્તમાનપત્રમાં આની જાહેરાત આપીને જે તે શિક્ષકો-વિદ્યા સહાયકો આંતરિક બદલી કરાવવા માગતા હોય તેમણે સૂચિત વેબસાઇટ ઉપર ઓનલાઇન અરજી કરવાની રહેશે. આ સબમિટ થયેલ અરજીની બે પ્રિન્ટ કાઢીને જરૂરી આધાર પુરાવા સાથે કચેરીની નકલ સંબંધિત તાલુકા પ્રાથમિક અધિકારીશ્રીને એ રજૂ કરવાની રહેશે. સંબંધિત તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી આધાર પુરાવાઓની ચકાસણી કરીને જરૂરી રિમાર્કસ સાથે એ અરજીઓ સંબંધિત જિલ્લા

પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીને મોકલશે. કોમ્પ્યુટર સોફટવેર દ્વારા નિયમાનુસાર બદલીપાત્ર થતા શિક્ષકોની બદલી નો ઓર્ડર તૈયાર થાય છે અને એ શિક્ષક કે વિદ્યા સહાયકને મળે છે.

એમનો બીજો પ્રશ્ન એ હતો કે આના ફાયદા શું છે? તો આ પદ્ધતિથી આમાં કોઇ ગમો કે અણગમો વચ્ચે આવતો નથી. માનવ સહજ થતી અનિયમિતતા કે ભૂલ હોય એ ભૂલ દૂર થાય છે. વહાલાં દવલાંની પણ નીતિ હોતી નથી. આ સૌથી વધારે આનો લાભ લાભાર્થી અરજદારને વહીવટમાં શ્રદ્ધા બેસે છે આ મોટામાં મોટો ફાયદો છે. ઉપરાંત આ કોમ્પયુટરાઇઝડ પદ્ધતિથી ઉમેદવારે કેમ્પમાં હાજર રહ્યા સિવાય આ થાય છે. તો એના લીધે કેમ્પમાં ન જવાને લીધે શિક્ષકનો સમય બગડતો નથી. એ જો કેમ્પમાં જાય તો એનો સમય બગડે છે અને વિદ્યાર્થીનું શિક્ષણ બગડે છે. એટલે આ બધા ફાયદા ધ્યાનમાં રાખીને આ રીતે ઓન લાઇન બદલી કરવાનું નકકી કરવામાં આવ્યું છે. શ્રી કરમશીભાઇ વિ. પટેલ : હું આપશ્રીના માધ્યમથી જાણવા માગું છું કે આ ઓન લાઇન કોમ્પ્યુટરાઇઝડ પદ્ધતિથી આ જે બદલી કરવામાં આવે છે. હાલમાં જ અમદાવાદ જિલ્લામાં હાઉસિંગની બાબતમાં આવો કોમ્પ્યુટરાઇઝડ ડ્રો કરવામાં આવ્યો હતો અને એમાં જે ગોટાળાઓ થયા હતા તેવું આ બાબતમાં ઓન લાઇનમાં કોમ્પ્યુટરાઇઝડ રેકર્ડમાં ગોટાળા થાય તો એના માટે કોઇ વિકલ્પ છે કે કેમ? એ સરકાર કરવા માગે છે કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આ જે ઓનલાઇન કામગીરી થઇ છે એમાં એકપણ ફરિયાદ કે ભૂલ આવી નથી.

શ્રી અશોકકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આ ગૃહમાં બે પ્રશ્નો જયારે ભરતીમાં નહીં, પરંતુ બદલીને સ્પર્શે છે ત્યારે આ સરકાર ખૂબ જ પારદર્શકતાથી બદલીઓ કરી રહી છે ત્યારે પ્રાથમિક શિક્ષકોની બદલીઓમાં કોઇ જુદા પ્રકાર પાડવામાં આવ્યા છે અને જો એમાં જુદા પ્રકાર પાડવામાં આવ્યા હોય તો એનાં કારણ શું છે અને હું વધુમાં જાણવા માગું છું કે શિક્ષકોની બદલીઓ કરતાં પહેલાં જે તે જિલ્લામાં ઘટ હોય તો જે તે જિલ્લામાં બીજા જિલ્લામાંથી આવતા ૧૦-૧૫ વર્ષ જૂના શિક્ષકો હોય એમને પહેલાં સમાવ્યા બાદ નવા શિક્ષકોની ભરતી કરવા માગે છે કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : જિલ્લા ફેર બદલી ગંભીર બિમારીના કિસ્સામાં અને વહીવટી કારણોસર કરવામાં આવે છે. અને બીજો સવાલ છે તો નિયમાનુસાર સિનિયોરીટી પ્રમાણે બદલી કરવામાં આવે છે.

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : આ બદલીઓ કોમ્પ્યુટરથી કરવામાં આવે છે તે સારી વાત છે, પરંતુ ઘણી વખત એવું ધ્યાનમાં આવ્યું છે કે કોઇ શિક્ષક રિટાયર્ડ થવાની નજીક હોય અને અમદાવાદ કે ગાંધીનગર હોય તે પછી કચ્છમાં કે બીજી કોઇ દૂરની જગ્યાએ બદલી માગીને જતા રહે છે અને પછી રાજીનામું આપીને છૂટા થઇ જતા હોય છે, તો આવા કોઇ કિસ્સા ધ્યાનમાં આવ્યા છે કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન છે તે અંગે જો અલગ નોટીસ આપશે તો ચોકકસ જવાબ આપવામાં આવશે.

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : શિક્ષકો રિટાયર્ડ થવાની નજીક હોય ત્યારે બદલી માગીને કચ્છ કે બીજે જતા રહે છે અને પછી રાજીનામું આપીને છૂટા થઇ જાય છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : આ બદલીનો પ્રશ્ન જ નથી. પણ એ અંગે અલગ નોટીસ આપવામાં આવશે અને માહિતી માગશે તો ચોકકસ માહિતી આપીશ, આપની વાત છે તે ચોકકસ વિચારણામાં લઇશું. પણ અત્યારે નવી પદ્ધતિ રાજય સરકારે અપનાવી છે તે અંગેનો પ્રશ્ન છે.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગું છું કે ઓન લાઇન, કોમ્પ્યુટરથી બદલી કરવાની વાત છે. તો જે શિક્ષકો સિનિયોરીટી મુજબ આવતા હોય તેને જ ઓન લાઇન બદલીમાં સમાવવામાં આવે છે કે ખાસ કિસ્સામાં બદલી થાય છે તે પણ ઓન લાઇન થાય છે? અને ન થતી હોય તો તેને ઓન લાઇનથી કરવા માગે છે કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : સિનિયોરીટી પ્રમાણે જ સોફટવેરમાં ફીડ કરવામાં આવે છે અને

સિનિયોરીટી પ્રમાણે અરજીઓ માંગવામાં આવે છે. અને તેના આધારે નિયમાનુસાર જે મેન પાવરથી કરતા હતા તેના બદલે કોમ્પ્યુટરથી બદલી કરવામાં આવે છે. ખાસ કિસ્સા તરીકેની બદલી આમાં આવતી નથી.

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : જે શિક્ષકો સ્કૂલની અંદર અવાર નવાર લેઇટ પડતા હોય છે અને આવા શિક્ષકોની વિરૂદ્ધ ફરિયાદો થતી હોય છે તો તેવા શિક્ષકોની બદલી કરવા માગે છે કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : આ અંગે અલગ નોટીસ આપવામાં આવે.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : હું પૂછવા માગું છું કે ઘણીવાર પતિ પત્નિ બન્ને શિક્ષકની નોકરી કરતા હોય અને એક સૌરાષ્ટ્રમાં હોય અને બીજા સુરતમાં હોય આમ ખૂબ દૂર દૂર નોકરી કરતા હોય છે, તો તેવા કિસ્સામાં બદલીમાં પ્રાયોરીટી આપવા માગે છે કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : નિયમાનુસાર કરવામાં આવશે.

જામનગર જિલ્લામાં નવા એ.પી.એલ. કાર્ડ આપવા બાબત

* ૧૦૬૫૫ શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) એ.પી.એલ. કાર્ડધારકના કુટુંબના સભ્યને અલગ થવાના પ્રસંગે અલગ એ.પી.એલ. કાર્ડ નહીં આપવા રાજ્ય સરકારે સૂચનાઓ આપી છે તે હકીકત સાચી છે, | (૧) ના, આ હકીકત સાચી નથી. |
| (૨) જો હા, તો જામનગર જિલ્લામાં તા.૩૧ મે ૨૦૧૪ ની સ્થિતિએ આવી કેટલી અરજીઓ છેલ્લા બે વર્ષમાં મળી, | (૨) જામનગર જિલ્લામાં તા.૩૧ મે ૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આવી ૫૮૦૦ અરજીઓ મળી. |
| (૩) તે પૈકી કેટલા અરજદારોને નવા એ.પી.એલ. કાર્ડ આપવામાં આવ્યા અને કેટલી અરજી નકારવામાં આવી, અને | (૩) ૪૩૭૦ અરજદારોને નવા એ.પી.એલ. કાર્ડ આપવામાં આવ્યા અને ૧૫૯ અરજી નકારવામાં આવી. |
| (૪) છૂટા પડેલા આવા અરજદારોને નવા એ.પી.એલ. કાર્ડ ક્યાં સુધીમાં આપવામાં આવનાર છે ? | (૪) અરજદાર દ્વારા ખૂટતી વિગતો, આધાર પુરાવા તેમજ બાયોમેટ્રીકસ અને ફોટા આપ્યેથી બનતી ત્વરાએ. |

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો આ પ્રશ્ન આ સભાગૃહના તમામ સભ્યશ્રીઓને લાગુ પડે છે એમ હું માનુ છું. આ બહુ મહત્વનો પ્રશ્ન છે. છેલ્લા બે વર્ષથી ગુજરાતમાં રેશન કાર્ડ અલગ કરવામાં આવતા નથી. વારંવાર રજૂઆતો કરીએ ત્યારે એમ કહે છે કે બારકોડેડ રેશન કાર્ડની કામગીરી ચાલે છે એટલે અલગ કરી શકાતા નથી. તો મારો સીધો પ્રશ્ન છે કે રેશન કાર્ડ અલગ કરવાની પ્રક્રિયા ચાલુ છે કે કેમ અને સંયુકત કુટુંબનું એ. પી. એલ. રેશન કાર્ડ હોય અને તેને અલગ કાર્ડ કરવામાં આવે ત્યારે અલગ કાર્ડ એ.પી.એલ. તરીકે આપવામાં આવે છે કે કેમ?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : અલગ કુટુંબ થતા હોય અને એ. પી. એલ. કાર્ડ હોય તો અલગ એ. પી. એલ. કાર્ડ કરવું હોય તો એ પ્રથા રાજય સરકારે બંધ કરી નથી. આજે પણ ચાલુ છે. માનનીય સભ્યશ્રીના ધ્યાન ઉપર મૂકું કે આ એ.પી.એલ. કાર્ડ કરવાની સંખ્યા છે તે જામનગર જિલ્લામાં ૩,૦૬,૬૭૬ ફોર્મ ભરાયા હતા અને એમાંથી ૨,૭૨,૫૭૭ ને રેશન કાર્ડ આપ્યા છે. એમણે વિભાજનની વાત કરી તો એમાં પણ ૫૮૦૦ અરજીઓ મળેલી છે અને એમાંથી ૪૩૮૬ અરજીઓ મંજૂર કરેલી છે. હાલ જે અરજીઓ આવી છે એમાં ૧૨૫૫ ઇન પ્રોસેસમાં છે. બાકી અમે મંજૂર કરી દીધી છે.

શ્રી શંભુજી ચે. ઠાકોર : જૂના હયાત રેશન કાર્ડની જગ્યાએ નવા બારકોડેડ રેશનકાર્ડની ડેટા એન્ટ્રી માટે કઇ કઇ કંપનીઓને કામ આપવામાં આવેલ છે?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : જૂના રેશનકાર્ડની જગ્યાએ નવા બારકોડેડ રેશનકાર્ડ કાઢી આપવા માટે રાજય સરકાર દ્વારા ચાર પ્રકારના ઝોનમાં એજન્સીઓ આપવામાં આવી છે. એક સેન્ટ્રલ ઝોન, બીજો ઉત્તર ગુજરાત, દક્ષિણ ઝોન, અને કચ્છ એની અંદર જે આત્મા ઇન્ફર્મેશન પ્રા. લિ. દક્ષિણ ઝોનમાં ઇમ્પ્રેશન સિસ્ટમ પ્રા.લિ. અમદાવાદને અને જીએમ સિસ્ટમ પ્રા. લિ. અમદાવાદને સૌરાષ્ટ્ર ઝોન માટે મંજૂરી આપવામાં આવી છે.

શ્રી રાજેન્દ્રસિંહ ઘી. પરમાર : એ.પી.એલ. નહિ પણ જે સંયુકત કુટુંબનો બી.પી.એલ. કાર્ડ હોલ્ડર હોય છે એમાંથી જયારે એનો દીકરો જુદો થાય છે ત્યારે બંનેને એ.પી.એલ. કાર્ડ આપવામાં આવે છે. તો બી.પી.એલ.માંથી જુદો થાય તો એ બંનેને બી.પી.એલ. કાર્ડ કાઢી આપવા માગો છો કે કેમ?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : આ ફકત એ.પી.એલ. નો પ્રશ્ન છે, બીજી નોટિસ આપવામાં આવશે તો ચોક્કસ જવાબ આપવામાં આવશે.

અધ્યક્ષશ્રી : શ્રી મંગળભાઇ ગાવિત..

શ્રી મંગળભાઇ ગં. ગાવિત : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નનો જવાબ આવી ગયો છે.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : એ.પી.એલ. કાર્ડ આપવામાં આવે છે એનો કાગળ એકદમ હલકી કક્ષાનો વાપરવામાં આવે છે તેથી રેશનકાર્ડ હોલ્ડર બે–ત્રણ વખત એને લઇને જાય અથવા તો પાણી અડે તો પણ એ ફાટી જાય છે તો સારા એ.પી.એલ. કાર્ડ આપવા માગો છો કે કેમ?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : સભ્યશ્રીને જણાવતા આનંદ થાય છે કે આ પ્રકારના બારકોડેડ રેશનકાર્ડ આપવામાં ગુજરાત આખા દેશમાં પહેલું રાજય છે. માનનીય સભ્યશ્રી કહે છે એવી કોઇ ફરિયાદ રાજયમાંથી મળી નથી. છતાં ફરિયાદ મળશે તો કાર્યવાહી કરીશું.

શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા : માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે જામનગર જિલ્લામાં તાલુકાવાર કેટલી અરજીઓ આવી અને છેલ્લા બે વર્ષમાં એ.પી.એલ. કાર્ડ કેટલા આપવામાં આવ્યા અને એમાં ખાસ કરીને નવા કેટલા આપવામાં આવ્યા?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : જામનગર જિલ્લામાં તાલુકાવાર જણાવું તો કાલાવાડમાં કુલ અરજીઓ ૧૯૩૨ મળી હતી એમાંથી ૧૬૪૮ મંજૂર કરવામાં આવી. ૭૯ રદ થઇ અને ૧૮૪ બાકી છે. જામજોધપુરમાં ૧૩૪૦ અરજીઓ આવી એમાંથી ૧૨૨૦ મંજૂર કરી અને ૨૦ અરજીઓ બાકી છે. જામનગર જિલ્લામાં ૫૦૯૮ અરજીઓ મળી એમાંથી ૪૭૦૩ અરજીઓ મંજૂર કરી અને માત્ર ૨૧૪ અરજીઓ જ બાકી છે. એમ કુલ જિલ્લામાં ૩૦૯૯૦ અરજીઓ મળી છે.

શ્રી જેઠાભાઇ દા. સોલંકી : આ રેશનકાર્ડ ઝડપથી આપવા માટે શું કાર્યવાહી કરવામાં આવે છે?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : બારકોડેડ રેશનકાર્ડ માટે ૧૨ જેટલા કોડ નક્કી કરવામાં આવ્યા છે. એમની ફેમિલી ડેટા, એનો ફોટો લેવામાં આવે છે, થંબ ઇમ્પ્રેશન વગેરે લેવામાં આવે છે એ પછી બારકોડેડ રેશનકાર્ડ આપવામાં આવે છે.

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : બારકોડેડ રેશનકાર્ડ આપવામાં આવ્યા તો પહેલા જે રેશનકાર્ડ હોલ્ડરોની સંખ્યા હતી અને નવા કાઢી આપ્યા એમાં કોઇ ઘટાડો થયો છે કે કેમ, થયો હોય તો કેટલો ઘટાડો થયો છે?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનાનો અમલ કરવાને કારણે આ રાજય સરકારમાં લગભગ ૨૦ લાખ જેટલા રેશનકાર્ડની સંખ્યા ઘટી છે. બોગસ અને ભૂતિયા રેશનકાર્ડ દૂર થયા છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે, કારણ કે આ એક એવો પ્રશ્ન છે કે બી.પી.એલ. કાર્ડ જે ધરાવે છે એ બી.પી.એલ. કાર્ડમાંથી એ.પી.એલ. કાર્ડ થાય છે. જે બી.પી.એલ. કાર્ડ ધરાવે છે તેને ત્રણ છોકરા હોય અને જુદું પડે તો બેના એ.પી.એલ. કાર્ડ થઇ જાય છે. ખરેખર તેમાં માત્ર કેરોસીન સિવાય બીજું કંઇ મહત્વનું મળતું નથી, તો બી.પી.એલ. વાળાનું બી.પી.એલ. રહે, મેઇન જેનું હતું અને છોકરો જુદો પડે તેને એ.પી.એલ. આપ કરો તો વાંધો નહીં, બી.પી.એલ.વાળાનું બી.પી.એલ. રાખવા માગો છો કે કેમ?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, બી.પી.એલ. રેશનકાર્ડ કાઢવા માટેના નિયમો છે. એ નિયમોના આધારે જો બી.પી.એલ. કાર્ડની પાત્રતામાં આવતા હોય તો આપણે બી.પી.એલ.માંથી પણ બી.પી.એલ. આપીએ છીએ અને એ.પી.એલ. હોય છતાં તેને બી.પી.એલ. કાઢવું હોય તો તેની પણ આવકમર્યાદા છે. શહેર માટે ૫૦૧ રૂપિયા અને ગ્રામ્ય માટે ૩૨૪ રૂપિયાની આવકમર્યાદા છે.

આષાઢ ૨૦, ૧૯૩૬ શાકે

તારાંકિત પ્રશ્નો

નવસારી જિલ્લામાં ગ્રામ પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી

* ૧૦૦૫૩ શ્રી પિયુષ દિ. દેસાઇ(નવસારી) : માનનીય પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાંકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪માં નવસારી જિલ્લામાં બળતણ બચાવ સારૂ ગ્રામ પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી વિના મૂલ્યે પૂરી પાડવાની કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૧) નાણાંકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪માં અનુક્રમે ૪૦ અને ૩૬ મળી કૂલ ૭૬ અરજીઓ મંજૂર કરી. |
| (૨) તે અંગે વર્ષવાર કૂલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૨) તે અંગે સને ૨૦૧૨–૧૩ માં રૂ. ૧૪.૬૭ લાખ અને સને ૨૦૧૩–૧૪માં રૂ. ૯.૩૦ લાખ મળી કૂલ રૂ. ૨૩.૯૭ લાખનો ખર્ચ કરવામાં આવ્યો. |

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારના વન વિભાગ મારફત ગ્રામપંચાયતના સ્મશાનમાં સુધારેલી સગડી આપીને મને એમ લાગે છે કે ખૂબ જ આશીર્વાદરૂપ પરોપકારી કાર્ય થઇ રહ્યું છે. મારો પ્રશ્ન છે કે નવસારી જિલ્લામાં તા. ૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં નવસારી જિલ્લાના તાલુકામાં કેટલી સ્મશાન સગડી ફાળવવામાં આવેલ છે?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : નવસારી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર જોઇએ તો વાંસદા તાલુકાને ૨૧, ચીખલીને ૨૪, નવસારીને ૧૬, જલાલપોરને ૬, ગણદેવીને ૯ આમ કુલ ૭૬ જેટલી સ્મશાન સગડીઓ ફાળવવામાં આવી છે.

શ્રી ભરતભાઇ કી. પટેલ : હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સુધારેલી સ્મશાન સગડી ફાળવી છે તે કઇ રીતે ફાયદાકારક છે?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : જયારે માનવ મૃત્યુ થાય છે ત્યારે સામાન્યતઃ લગભગ ૪૦૦ કિલોગ્રામ જેટલા જલાઉ લાકડાનો વપરાશ થાય છે. પરંતુ જો આ સુધારેલી સગડી વાપરવામાં આવે તો ૨૫૦ કિલોગ્રામ જલાઉ લાકડાનો વપરાશ થાય છે. એટલે લગભગ ૧૫૦ કિલોગ્રામ જલાઉ લાકડાની બચત થાય છે. એટલે ૩૫થી ૪૦ ટકા જલાઉ લાકડાની બચત થાય છે.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વાંસદા તાલુકામાં ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪માં કઇ ગ્રામપંચાયતોમાં આવી સગડી ફાળવવામાં આવી?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : વાંસદા તાલુકામાં છેલ્લા બે વર્ષમાં જે ગ્રામપંચાયતોને સ્મશાન સગડી આપવામાં આવી તેમાં ચકટીયા, કંસારીયા, સીણધઇ, કણધાર, મીડબારી, ઉમરકૂઇ, ખાનપુર, બેડમાર, બારદાડ, ભીનાક, ધમડાક, મહુવાસ, ખાંભલીયા, લાખાવડી, કુંડીફળિયા, ઉનાઇ, પીપલખેડ, નાનીગમતી, વાગવા અને સીણધઇમાં આ સગડીઓ આપવામાં આવી છે.

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, સામાજીક વનીકરણ દ્બારા જે સગડી આપવામાં આવે છે તેના કારણે પર્યાવરણ અને જંગલની બચત થાય છે એ ખૂબ સારી બાબત છે. હું જાણવા માગું છું કે ગ્રામપંચાયતોને આ પ્રકારની સગડી આપવાના ધારાધોરણો શું છે?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : જે ગ્રામપંચાયતો અરજી કરે છે તેને વહેલા તે પહેલાંના ધોરણે આપવામાં આવે છે અને ખાસ કરીને ગ્રામપંચાયતમાં વનીકરણનો જે ઠરાવ આપવામાં આવે છે તેને અગ્રતાક્રમ આપવામાં આવે છે.

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : માનનીય મંત્રીશ્રીએ જણાવેલ છે કે સુધારેલ સ્મશાન સગડીથી ૩૫થી ૪૦ ટકા લાકડાની બચત થાય છે. તેનાથી વન ઉપરનું ભારણ ઓછું થાય છે. હું જાણવા માગું છું કે આ સ્મશાન સગડી રાજયના તમામ ગામમાં માગે ત્યાં આપવાની યોજના કરવા માગો છો કે કેમ?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, એમાં બજેટમાં ચોકકસ જોગવાઇ કરવામાં આવે છે અને માગણીઓ પ્રમાણે દરેક જિલ્લાને ફાળવણી કરવામાં આવે છે. આ વર્ષે રાજયમાં લગભગ ૭૦૦ નંગ જેટલી સગડીઓ આપવાનું નકકી કરવામાં આવ્યું છે અને ૨, ૮૦,૦૦,૦૦૦ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે.

શ્રી ભોળાભાઇ ભી. ગોહેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગુ છું કે અમારે ખાટલામાં સ્મશાન સગડીમાં ધારાસભ્યશ્રીની ગ્રાન્ટ છે એ આપવી છે પણ જિલ્લા આયોજન અધિકારી છે એ મંજૂર કરતા નથી તો આમા સરકાર આપવા માગે છે કે કેમ?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રીની ગ્રાન્ટ કયાં વાપરવી, કયા હેતુઓ માટે વાપરવી એ અન્ય વિભાગનો પ્રશ્ન છે એટલે આ મારા વિભાગને લગતો પ્રશ્ન નથી.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે જે સુધારેલ સગડી આપવામાં આવે છે એના કારણે બળતણની બચત થાય છે એ વાત સાચી છે અને સારી છે પણ હું આપના માધ્યમથી એ જાણવા માગુ છું કે આ જે રીતે સુધારેલી સગડી આપવામાં આવે છે એવી જ રીતે ઇલેકટ્રીક સગડીઓ આવા સ્મશાનમાં આપવા માગો છો કે કેમ?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આ વન વિભાગને લગતો પ્રશ્ન છે અને જલાઉ લાકડા માટેનો પ્રશ્ન છે. ઇલેકટ્રીક સગડીનો પ્રશ્ન અન્ય વિભાગનો છે. અલગથી નોટીસ આપશે તો જવાબ આપવામાં આવશે.

સુરત જિલ્લામાં ડીગ્રી ઈજનેરી અભ્યાસક્રમની કોલેજો

* ૧૦૦૩૫ શ્રી પ્રફુલભાઇ છ. પાનશેરીયા (કામરેજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ સુરત જિલ્લામાં કુલ કેટલી ડીગ્રી ઈજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો આવેલી છે. | (૧) ૧૧ કોલેજો. |
| (૨) આ બધીજ કોલેજોની મંજૂર થયેલ ડીગ્રી ઈજનેરી અભ્યાસક્રમની બેઠકો કેટલી છે, અને | (૨) ૫૦૦૦ બેઠકો. |
| (૩) તે પૈકી સન ૨૦૧૩ની પ્રવેશ પ્રક્રિયામાં કુલ કેટલી બેઠકો ભરાઈ અને કેટલી ડીગ્રી ઈજનેરી બેઠકો ખાલી રહેવા પામેલ? | (૩) કુલ ભરાયેલ બેઠકો ૪૭૬૮<br>ખાલી બેઠકો ૨૩૨ |

શ્રી પ્રફૂલ્લભાઇ છ. પાનશેરીયા : માનનીય અધ્યક્ષ મહોદય, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે રાજયની સરકારી અનુદાનિત અને સ્વનિર્ભિત કોલેજના ફીના ધોરણ શું છે અને રાજયની સરકારી ઇજનેરી કોલેજની અંદર છેલ્લા બે વર્ષમાં રાજય સરકાર દ્વારા પ્રયોગશાળાને આધુનિકરણ કરવા માટે શું કરવામાં આવ્યું છે અને એનો ખર્ચ કેટલો થયો છે.

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, મારો જવાબ આપું પહેલા એક સભ્યને માહિતી આપવા માગુ છું. અનેકવિધ પ્રશ્નો સ્વનિર્ભર, અનુદાનિત અને સરકારી કોલેજોમાં પ્રશ્નો દરેકના મનમાં ઉભા થાય છે. ત્યારે આજના દિવસે દસ વાગે આપણા રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીના સાથે એક વેબસાઇટ લોંચ કરવામાં આવી રહી છે. મારી હાયર એન્ડ ટેકનિકલ એજયુકેશનની ટીમ, અમારા મંત્રીશ્રી, આ બધાની અથાગ મહેનતથી 'નો યોર કોલેજ' તમારી કોલેજને જાણો આ વિષયની એક વેબસાઇટ અમે લોંચ કરવા જઇ રહ્યા છીએ એમાં કોલેજનું બિલ્ડીંગ એની સુવિધાઓ, એના ફીના ધોરણો, એના સ્ટાફની વિગતો, વિગતવાર તમામ કોલેજની સમગ્ર વિગતો એમાં સરકારી કોલેજ તો ખરી પણ સ્વનિર્ભર અને અનુદાનિત આ તમામ કોલેજની સ્ટાફ સહિતની માહિતી, એથી મને લાગે છે કે આ ગૃહમાં વારંવાર વિષયની ચર્ચા ના થાય. પ્રફુલ્લભાઇ પાનસેરીયાનો પ્રશ્ન છે કે ફીના ધોરણો શું છે? આ ફીના ધોરણો નકકી કરવામાં આવેલા છે, અગાઉ મેં કહ્યું છે એમ કે ડિગ્રી ઇજનેરી સરકારી અને અનુદાનિત સંસ્થાઓમાં ફીનું ધોરણ ૧૫૦૦ રૂપિયા છે અને કન્યાઓ માટેની ફી લેવામાં આવતી નથી. નામદાર સુપ્રીમ કોર્ટના ચુકાદા અન્વયે એક સમિતિ હોય છે અને સમિતિ આની ફી નકકી કરતી હોય છે અને એ રીતે એમણે જે સુરતની કોલેજોની માહિતી માગી છે તો એમાં ભગવાન મહાવીર કોલેજ ઓફ એન્જિનિયરીંગ એન્ડ ટેકનોલોજી સુરત ૫૧હજાર, પીઠાવાલા કોલેજ ૬૨હજાર, સી.જી. પટેલ ઇન્સ્ટિટયૂશન ઓફ ટેકનોલોજી તરસાડી, ૬૪હજાર, ફેકલ્ટી ઓફ એન્જિનિયરિંગ, ૫૬હજાર, સાર્વજનિક કોલેજ ઓફ એન્જિનિયરીંગ ૭૧હજાર, સ્વામિ આત્માનંદ સરસ્વતિ ઇન્સ્ટિટયૂશન

ઓફ ટેકનોલોજી ૫૬હજાર, વિદ્યાદિપ ઇન્સ્ટિટયૂશન ઓફ મેનેજમેન્ટ એન્ડ ટેકનોલોજી ૫૬ હજાર, એસ. એન. પટેલ ઇન્સ્ટિટયૂશન ઓફ ટેકનોલોજી એન્ડ રીસર્ચ ૫૩હજાર, સ્પેસિફિક સ્કૂલ ઓફ એન્જિનિયરીંગ સુરત ૫૦હજાર, મહાવીર સ્વામી કોલેજ ઓફ એન્જિનિયરીંગ ટેકનોલોજી ૫૫હજાર. માનનીય અધ્યક્ષશ્રી, એમણે પ્રયોગશાળા માટેનો પ્રશ્ન પૂછ્યો છે એના સંદર્ભમાં હું જણાવું છું કે ગુજરાત રાજયની સરકારી ઇજનેરી કોલેજોમાં પ્રયોગો અને લેબોરેટરી બન્નેના આધુનિકરણ માટે અદ્યતન ટેકનોલોજી ધરાવતા સાધનો, કોમ્પ્યુટર, સર્વર, સોફ્ટવેર વગેરે ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. આ ઉપરાંત ઇજનેરી શાખાને સંબંધિત વિદેશી પ્રકાશનોની અદ્યતન રેફરન્સ બુક તેમજ રાજયની ૧૪ ઇજનેરી સંસ્થાઓના વાઇડ એરીયા નેટવર્કીંગ અને ઇન્ટરનેટ લીઝ લાઇનની સુવિધા પૂરી પાડવામાં આવી છે. વર્ષ ૨૦૧૧–૧૨માં કુલ ૧૨.૩૯ કરોડ અને વર્ષ ૨૦૧૩–૧૪માં ૧૫.૬૮ કરોડ એમ કુલ ૨૮ કરોડ ઉપરાંતનો ખર્ચ કરીને આ પ્રયોગશાળાને અદ્યતન કરવામાં આવી છે.

શ્રી જનકભાઇ મ. કાછડીયા : આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સરકારી ઇજનેરી કોલેજો અને સરકારી પોલિટેકનિકોમાં શૈક્ષણિક સ્ટાફની કેડર પ્રમાણે ખાલી જગ્યાઓ ભરવા માટે સરકાર દ્વારા શું પગલાં લેવામા આવ્યા છે ?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : શૈક્ષણિક સ્ટાફની કેડર અને ખાલી જગ્યાઓ ભરવા માટે સરકાર દ્વારા સીધી ભરતીથી ભરવા માટે ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા આ ભરતીની કાર્યવાહી કરવામાં આવે છે અને એ ભરતીથી પસંદ થયેલ ઉમેદવારો પ્રાપ્ત થાય ત્યાં સુધી જે ગેપ પડે છે એના માટે કોન્ટ્રેક બેઝથી નિમણૂંક કરવાની વ્યવસ્થા કરી છે.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે સુરત જિલ્લામાં ડીગ્રી અભ્યાસક્રમોની સરકારી, અનુદાનિત અને સ્વ–નિર્ભર કોલેજો કેટલી છે અને આ કોલેજોમાં કુલ કેટલી બેઠકો ઉપલબ્ધ છે?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : સુરત જિલ્લામાં ડીગ્રી એન્જિનિયરીંગ કોલેજોમાં સરકારી એક કોલેજ છે અને ૩૦૦ બેઠકો છે. અનુદાનિત એક પણ નથી અને સ્વ–નિર્ભર ૧૦ કોલેજો છે અને ૪૭૦૦ બેઠકો મળીને કુલ ૧૧ કોલેજો માટે ૫૦૦૦ બેઠકો સુરતમાં ઉપલબ્ધ છે.

શ્રી શૈલેષ મ. પરમાર : હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ જે કોલેજોમાં અભ્યાસની આપે વાત કરી એમાં ખાસ કરીને છેલ્લા ત્રણ વર્ષથી મરીન એન્જિનિયરીંગની કોલેજ છે એ બંધ છે. આ બાબત સરકારશ્રીના ધ્યાનમાં આવી હોય તો આ કોર્સને આવનારા શૈક્ષણિક સત્રમાં ચાલુ કરવા માગો છો કે કેમ?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : મરીન એન્જિનિયરીંગ ખૂબ સારો વિષય છે. આપણે આ કોર્સની શરૂઆત પણ કરી હતી. પરંતુ વિદ્યાર્થીઓની સંખ્યા અને સ્થાન આ બધાને કારણે ન કરી શક્યા એટલે બંધ કરવામાં આવી છે. બાકીનું સૂચન છે.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે અનામતમાં આવતા વિદ્યાર્થીઓનું ફીનું ધોરણ શું છે?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : અનામતની ફીના ધોરણો છે તેમાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને પોસ્ટ મેટ્રીક સ્કોલર્શીપ કાર્ડ આપવામાં આવેલ હોય છે. આવા વિદ્યાર્થીઓની સુવિધા માટે ઓન લાઇન એડમિશનના સોફ્ટવેરમાં આપણે જરૂરી સુધારા કરી રહ્યા છીએ.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે હમણાં જ માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો કે અમે બહેનોને વગર ફીએ એડમિશન સરકારી કોલેજોમાં આપીએ છીએ. ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી બહેનશ્રી છે અને આપ પણ બહેનશ્રી છો ત્યારે પ્રાઇવેટ ઇજનેરી કોલેજો છે ત્યાં સબસિડી આપીને કે સરકારી ધોરણે ફી કરવા માગો છો કે કેમ?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : આ રાજ્ય સરકારે જે ગરીબ વર્ગની અને મેરિટમાં આવતી વિદ્યાર્થીનીઓ છે એના માટે રાય યુનિવર્સિટી સાથે વાત કરી છે અને આ કામ ચાલુ કર્યું છે. આ લોકોને ૧૦૦ થી ૧૨૫ જેટલી

દીકરીઓ વગર ફીએ એન્જિનિયરીંગ, એમ.એસ.સી., બી.એસ.સી અને અન્ય ટેકનોલોજીના વિષયોમાં ભણી રહી છે અને સરકારમાં બહેનોની વ્યવસ્થા હોવાના કારણે આવો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

ખેડા જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ રોપાનું વાવેતર

* ૧૦૦૭૪ શ્રી રાકેશ શાહ(એલિસબ્રીજ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ માં કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, | (૧) કૂલ–૭૩૧ હેકટર વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી નડિયાદ તાલુકામાં કેટલા વિસ્તારમાં વાવેતર કરવામાં આવેલ છે, અને | (૨) નડિયાદ તાલુકામાં કૂલ ૬૭ હેકટર વિસ્તારમાં વાવેતર કરવામાં આવેલ છે. |
| (૩) તે પાછળ તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક નાણાકીય વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૩) કૂલ રૂ. ૨૮૪.૪૦ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

શ્રી રાકેશ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ખેડા જિલ્લાના ૭૩૧ હેકટર વિસ્તારમાં વાવેતર થયું છે એમાં નડિયાદ તાલુકામાં ૬૭ હેકટરમાં રોપાઓનું વાવેતર કર્યું છે તેમાંથી મોડલ દીઠ અને હેકટર દીઠ કેટલા રોપાઓનું વાવેતર થયું છે અને તેની પાછળ કેટલો ખર્ચ થયો છે?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : ખેડા જિલ્લામાં નડિયાદ ખાતે જુદી જુદી પ યોજનાઓ દ્વારા ગ્રામવન પિયત, ગ્રામવન બિનપિયત, પર્યાવરણ વાવેતર, ફાર્મ ફોરેસ્ટી અને પી.પી. મોડેલ એમ કુલ પ મોડલ દ્વારા ૬૭ હેકટરમાં વાવેતર કરવામાં આવેલ છે અને રોપાની સંખ્યા ૭૯ હજાર છે અને એની પાછળ ૨૯.૯૫ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

શ્રી માનસિંહ કો. ચૌહાણ : હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ખેડા જિલ્લામાં કુલ ૭૩૧ હેકટરમાં વાવેતર કરવામાં આવેલ છે. તાલુકાવાર કેટલા હેકટરમાં વાવેતર કરવામાં આવ્યું અને કયા કયા રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું અને તેમાં કેટલા બચ્યા છે અને કેટલા નાશ પામ્યા છે?

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

## અતારાંકિત પ્રશ્નો

## તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

નર્મદા જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ આદિજાતિની કન્યાઓને લાભ

* ૧૦૦૮૬ શ્રી શબ્દશરણ ભા. તડવી(નાંદોદ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ નર્મદા જિલ્લામાં કેટલી આદિજાતિ કન્યાઓને લાભ આપવામાં આવેલ છે, અને | (૧) ૨૪૯ |
| (૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) રૂ.૨૪.૯૦ લાખ. |

પડધરી તાલુકામાં સામાજિક વનીકરણ યોજના અંતર્ગત રોપાનું વાવેતર

* ૧૦૦૫૭ શ્રી પ્રવીણભાઇ માંકડીયા(ધોરાજી) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લાના પડધરી તાલુકામાં નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ માં સામાજિક વનીકરણ યોજના અંતર્ગત કેટલા રોપાનું વાવેતર કરેલ છે, અને | (૧) કુલ ૪૨,૦૦૦ રોપાનું વાવેતર કરેલ છે. |
| (૨) તેની પાછળ ઉકત વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) કુલ રૂ.૧૭.૩૧ લાખ ખર્ચ કરવામાં આવેલ છે. |

અતારાંકિત પ્રશ્નો

મહેસાણા, વડનગર અને ખેરાલુ તાલુકામાં સમૂહ વન નિર્માણ સામાજીક વનીકરણ યોજના હેઠળ રોપાનું વાવેતર

* ૧૦૦૬૧ શ્રી ભરતસિંહજી ચં. ડાભી(ખેરાલુ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૩−૧૪ માં મહેસાણા જિલ્લાના મહેસાણા, વડનગર અને ખેરાલુ તાલુકામાં સામાજીક વનીકરણ યોજના હેઠળ કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને | (૧) નાણાકીય વર્ષ ૨૦૧૩−૧૪ માં મહેસાણા જિલ્લાના મહેસાણા, વડનગર અને ખેરાલુ તાલુકામાં અનુક્રમે ૧૧૬ હેકટર, ૫૭ હેકટર અને ૩૭ હેકટર મળી કુલ−૨૧૦ હેકટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે. |
| (૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) રૂ.૯૧.૭૯ લાખ. |

કચ્છ જિલ્લાના છિંકારા અભ્યારણ્યનો વિસ્તાર

* ૧૦૮૭૬ શ્રી શકિતસિંહજી હ. ગોહિલ (અબડાસા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧−૦૫−૨૦૧૪ની સ્થિતિએ કચ્છ જિલ્લાના છિંકારા અભ્યારણ્ય નારાયણ સરોવરનો વિસ્તાર ત્રિજયામાં કેટલા કિ.મી. છે, | (૧) નારાયણ સરોવર ચિંકારા અભ્યારણ્ય તરીકે જાણીતા કચ્છ જિલ્લાના લખપત તાલુકાના અભ્યારણ્યની ભૌગોલિક આકૃતિ ગોળાકાર નથી પરંતુ અનિયમિત છે. જેથી તેની ત્રિજ્યા કેટલા કી.મી. છે તે જાણી શકાય નહીં. અભ્યારણ્યનો કુલ વિસ્તાર ૪૪૩.૬૧ ચો.કી.મી. છે. |
| (૨) કેટલા વિસ્તારમાં કોમર્શિયલ એકટીવીટી ન થઈ શકે, અને | (૨) અભ્યારણ્ય વિસ્તારમાં નામ. સુપ્રિમ કોર્ટની પૂર્વ મંજૂરી વગર કોઈ બીનજંગલ પ્રવૃત્તિ થઈ શકે નહીં. |
| (૩) આ જોગવાઈના પાલનની ચકાસણી છેલ્લે ક્યારે કરવામાં આવી છે? | (૩) ક્ષેત્રિય સ્ટાફ દ્વારા સમયાંતરે ફેરણા દરમિયાન ચકાસણી કરવામાં આવે છે. |

---------

ભરૂચ જિલ્લામાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને મંજૂરી

* ૧૦૦૧૩ શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.−

પ્રશ્ન

(૧) તા. ૩૧−૧૨−૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં તાલુકાવાર કેટલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને મંજૂરી આપવામાં આવી, અને

જવાબ

(૧)

| ક્રમ | તાલુકો | મંજૂર શાળાઓની સંખ્યા માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક | |
|---|---|---|---|
| ૧ | ભરૂચ | ૦૧ | ૦૭ |
| ૨ | વાગરા | ૦૧ | ૦૦ |
| ૩ | વાલીયા | ૦૦ | ૦૧ |
| | કુલ | ૦૨ | ૦૮ |

(૨) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી?

(૨)

| ક્રમ | તાલુકો | નામંજૂર શાળાઓની સંખ્યા માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક | |
|---|---|---|---|
| ૧ | ભરૂચ | ૦૩ | ૦૨ |
| ૨ | વાગરા | ૦૧ | ૦૦ |
| ૩ | ઝગડીયા | ૦૧ | ૦૦ |
| ૪ | અંકલેશ્વર | ૦૧ | ૦૨ |
| ૫ | હાંસોટ | ૦૧ | ૦૦ |
| | કુલ | ૦૭ | ૦૪ |

---------

વલસાડ જિલ્લામાં સરકારી અને બીન સરકારી હાઈસ્કૂલોમાં આચાર્યોની ખાલી જગ્યાઓ

૯૦૭૮ શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં ગ્રામ પંચાયતો દ્વારા તેમજ ધારાસભ્યશ્રીઓ દ્વારા સુધારેલ સ્મશાન સગડી વિના મૂલ્યે પૂરી પાડવા કેટલી અરજીઓ અથવા ભલામણો આવી,

જવાબ

(૧)

| તાલુકાનું નામ | વર્ષવાર મળેલ અરજીઓ | | |
|---|---|---|---|
| | ૨૦૧૨-૧૩ | ૨૦૧૩-૧૪ | કુલ |
| આણંદ | ૨ | ૧ | ૩ |
| બોરસદ | ૨ | ૮ | ૧૦ |
| ખંભાત | ૦ | ૦ | ૦ |
| પેટલાદ | ૪ | ૩ | ૭ |
| સોજીત્રા | ૧ | ૩ | ૪ |
| ઉમરેઠ | ૦ | ૧ | ૧ |
| તારાપુર | ૦ | ૦ | ૦ |
| આંકલાવ | ૦ | ૨ | ૨ |

(૨) તે અન્વયે કેટલી અરજીઓ મંજુર કરી, અને

(૨) તે અન્વયે કૂલ-૨૧ અરજીઓ મંજુર કરી.

(૩) ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૩) કૂલ રૂ઼ા. ૫.૯૪ લાખનો ખર્ચ કરવામાં આવ્યો.

---------

વુલનમિલ તાલુકા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ

૯૨૧૬ શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) જામનગર જિલ્લાની વુલનમીલ તાલુકા પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓને તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવી છે કે કેમ, અને

જવાબ

(૧) હા, જી.

(૨) જો ના, તો આવા લાભાર્થીઓને ક્યાં સુધીમાં શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવશે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

અમરેલી જિલ્લામાં સ્મશાન સગડીની પડતર માંગણીઓ

૯૭૮૩ શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧ મે, ૨૦૧૪ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં બળતણ-લાકડાના કરકસરયુક્ત ઉપયોગથી વન અને પર્યાવરણને બચાવવા માટે ગામડાઓમાં સ્મશાન સગડી ફાળવવાની યોજના અમલમાં છે કે કેમ,

જવાબ

(૧) હા જી.

(૨) જો હા, તો તેની વિગત શી છે,

(૨) વન વિભાગ દ્વારા સામાજીક વનીકરણ યોજના અને ખાસ અંગભૂત યોજના હેઠળ ઊર્જા બચત કાર્યક્રમ

અંતર્ગત મૃતદેહના અગ્નિસંસ્કાર માટે ઓછા લાકડાનો વપરાશ થાય તે હેતુથી ગ્રામ પંચાયતને વિના મુલ્યે સ્મશાન સગડી પુરી પાડવામાં આવે છે. વિભાગમાં મળેલ માંગણીઓના અગ્રતાક્રમ પ્રમાણે ખાતા રાહેથી મળેલ લક્ષ્યાંક મુજબ સ્મશાન સગડીઓ ફાળવવામાં આવે છે.

| | |
|---|---|
| (૩) આ યોજના અંતર્ગત અમરેલી અને કુંકાવાવ તાલુકાના કયા ગામોને સ્મશાન સગડી ફાળવવા માટેની માંગણી/દરખાસ્ત વિભાગને છેલ્લા બે વર્ષમાં મળેલ છે, | (૩) આ યોજના અંતર્ગત અમરેલી અને કુંકાવાવ તાલુકાના અનુક્રમે ૩૪ અને ૧૭ ગામોને સ્મશાન સગડી ફાળવવા માટેની માંગણી/દરખાસ્ત છેલ્લા બે વર્ષમાં મળેલ છે. (ગામવાર યાદીનું પત્રક–૧ આ સાથે સામેલ છે) |
| (૪) તે પૈકી કયા કયા ગામની માંગણીઓ મંજુર કરવામાં આવેલ છે, અને | (૪) અમરેલી અને કુંકાવાવ તાલુકાના અનુક્રમે ૪ અને ૧ ગામોની માંગણીઓ મંજુર કરવામાં આવેલ છે. (ગામવાર યાદીનું પત્રક–૨ આ સાથે સામેલ છે.) |
| (૫) હવે પડતર માંગણીઓને ક્યારે મંજુર કરવામાં આવશે ? | (૫) હવે પડતર માંગણીઓને ઉપલબ્ધ થનાર સગડીઓ સામે અગ્રતા ક્રમ મુજબ મંજુર કરવામાં આવશે. |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

દાહોદ જિલ્લાના ટ્રાયબલ એરીયામાં ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નવીન ઓરડાઓ

૧૦૩૦૭ શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લાના ટ્રાયબલ એરીયામાં આવેલી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નવીન ઓરડાઓ બનાવવા તથા કમ્પાઉન્ડ વોલ બનાવવા ટ્રાયબલ સબપ્લાન દ્વારા છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ ફાળવી, અને | (૧) અને (૨) : વિભાગની ટ્રાયબલ સબ પ્લાન અંગેની જોગવાઈ ગ્રાન્ટેડ શાળાઓના ઓરડાઓ માટેની જોગવાઈ નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ જો આવી ગ્રાન્ટ ન ફાળવેલ હોય તો તેના કારણો શાં છે ? | |

---------

સાયન્સ સીટી અમદાવાદ ખાતે વિજ્ઞાનને લગતા પ્રદર્શનો

૧૦૦૧૨ શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ(નિકોલ) : માનનીય વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાયન્સ સીટી અમદાવાદ ખાતે સરકારના અન્ય વિભાગો/સંસ્થાઓ દ્વારા વિજ્ઞાનને લગતા પ્રદર્શનો યોજવામાં આવે છે કે કેમ, | (૧) હા |
| (૨) જો હા, તો તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા વિજ્ઞાન પ્રદર્શન યોજાયેલ છે, અને | (૨) ૪ (ચાર) |
| (૩) કેટલા વિદ્યાર્થીઓએ તેનો લાભ લીધો છે ? | (૩) ૩૬૬૩૪ |

---------

ખેડા જિલ્લામાં આદિવાસી ખેડૂતોને જમીન

૯૭૫૪ શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં વન અધિકાર ૨૦૦૬ અન્વયે આદિવાસી ખેડૂતોને જમીન અધિકારની માંગણી અંગેની કેટલી અરજીઓ મળી, | (૧) શૂન્ય. |
| (૨) તે પૈકી કેટલા લોકોને જમીન આપી અને કેટલી અરજીઓ પડતર છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) અરજીઓ પડતર રાખવાના શાં કારણો છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ક્યાં સુધીમાં આ અરજીઓનો નિકાલ કરવામાં | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

આવશે ?

---------

તાપી જિલ્લામાં ગ્રાન્ટેડ માધ્યમિક શાળાના સ્ટાફની નિયમિત નિમણૂંક

૧૦૨૭૪ શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ તાપી જિલ્લામાં કેટલી ગ્રાન્ટેડ માધ્યમિક શાળાના શૈક્ષણિક તેમજ બિન–શૈક્ષણિક સ્ટાફની નિમણૂંક નિયમિત કરવાની બાકી છે, | (૧) માધ્યમિક શાળાઓ – ૦૨<br>શૈક્ષણિક કર્મચારી – ૦૯<br>બિન શૈક્ષણિક – ૦૩<br>કુલ – ૧૨ |
| (૨) નિમણૂંક નિયમિત કરવાની કામગીરી કેટલા સમયથી પડતર છે, | (૨) અંદાજીત ૩ વર્ષથી પડતર છે. |
| (૩) કામગીરી પડતર રહેવાના શાં કારણો છે, અને | (૩) વહીવટી કારણોસર |
| (૪) આ નિમણૂંકો ક્યાં સુધીમાં નિયમિત કરવામાં આવશે ? | (૪) નિયમોનુસાર વિચારણા હાથ ધરી, શક્ય તેટલી જલદી. |

---------

તાપી જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ કોમ્પ્યુટર શિક્ષણ તાલીમ

૧૦૦૯૦ શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર(બારડોલી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ તાપી જિલ્લામાં કોમ્પ્યુટર શિક્ષણ તાલીમ માટે કેટલી સંસ્થાઓને કામગીરી સોંપવામાં આવી, | (૧) ૨ (બે) |
| (૨) તેમાં કેટલા વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવે છે, અને | (૨) ૧૩૫ |
| (૩) તે પાછળ કેટલો ખર્ચ થયેલ છે ? | (૩) રૂા. ૨૭.૪૨ લાખ. |

---------

ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં રોપાનું વાવેતર

૧૦૫૬૦ શ્રી અમિત ચૌધરી (માણસા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં સામાજિક વનીકરણ યોજના અંતર્ગત કૂલ કેટલા રોપાઓનું વાવેતર કરેલ છે. | (૧) છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં અનુક્રમે ૯.૯૧ લાખ અને ૧૧.૬૨ લાખ મળી કૂલ ૨૧.૫૩ લાખ રોપાનું વાવેતર કરેલ છે. |
| (૨) ઉકત સ્થિતિએ જિલ્લાવાર અને તાલુકાવાર તેની પાછળ કૂલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને | (૨) ઉકત સ્થિતિએ ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં અનુક્રમે રૂ.૨૨૮.૮૮ લાખ અને રૂ. ૪૩૧.૪૧ લાખ મળી કૂલ રૂ.૬૬૦.૨૯ લાખ ખર્ચ કરવામાં આવેલ છે. (વર્ષવાર અને તાલુકાવાર પત્રક–૧ આ સાથે સામેલ છે.) |
| (૩) વાવેતર કરવામાં આવેલ રોપાઓ પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા રોપાઓ જીવંત છે ? | (૩) તે પૈકી ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં અનુક્રમે રૂ.૮.૨૯ લાખ અને રૂ. ૯.૨૪ લાખ મળી કૂલ રૂ.૧૭.૫૩ લાખ રોપા જીવંત છે. (વર્ષવાર અને તાલુકાવાર પત્રક–૨ આ સાથે સામેલ છે.) |

(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

ડાંગ જિલ્લામાં કુંવરબાઇનું મામેરૂ યોજના હેઠળ આદિજાતિ કન્યાઓને લાભ

૯૯૯૧ શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪માં તા.૩૧-૦૩-૨૦૧૪ ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં કેટલી આદિજાતિ કન્યાઓને લાભ આપવામા આવેલ છે, અને | (૧) ૧૦૬ |
| (૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) રૂ. ૧૦.૬૦ લાખ |

---------

મહેસાણા જિલ્લામાં સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ

૧૧૨૩૭ શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં તાલુકાવાર સરકારી ઉચ્ચતર માધ્યમિક કેટલી શાળાઓ શરૂ કરવામાં આવી, | (૧) શૂન્ય |
| (૨) તેમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે અને કેટલી જગ્યા ખાલી છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉકત ખાલી જગ્યાઓ સરકાર કયાં સુધીમાં ભરવા માગે છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

અમીરગઢ તાલુકામાં ઈકોટુરીઝમના વિકાસ માટેની યોજના

૧૦૦૭૫ શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ તાલુકામાં તા.૩૧-૦૩-૨૦૧૪ ની સ્થિતિએ ઈકોટુરીઝમના વિકાસ માટેની કોઈ યોજના અમલમાં છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજનામાં અમીરગઢ તાલુકામાં કયા સ્થળો પસંદ કરવામાં આવેલ છે, અને | (૨) અમીરગઢ તાલુકામાં જેસોર વન્યજીવ અભયારણ્યને પસંદ કરવામાં આવેલ છે. |
| (૩) નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪માં તા.૩૧-૦૩-૨૦૧૪ ની સ્થિતિએ આ યોજના પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે ? | (૩) રૂ. ૧૪.૧૦ લાખ. |

---------

જામનગર જિલ્લામાં દરિયાકિનારે ચેરનું વાવેતર

૧૦૦૬૦ શ્રી ચીમનભાઇ ધ. શાપરીયા(જામજોધપુર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) જામનગર જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪માં દરિયા કિનારે ચેરનું કેટલું વાવેતર થયું, અને

(૧)

| વર્ષ | ચેરનું વાવેતર (હેકટરમાં) |
|---|---|
| ૨૦૧૨-૧૩ | ૧૭૭૩ |
| ૨૦૧૩-૧૪ | ૬૧૫ |

(૨) તેની પાછળ વર્ષવાર કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨)

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ઼ા. લાખમાં) |
|---|---|
| ૨૦૧૨-૧૩ | ૨૫૭.૬૨ |
| ૨૦૧૩-૧૪ | ૧૨૦.૬૯ |

---------

પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં નવા રેશનકાર્ડ મેળવવાની પડતર અરજીઓ

૮૫૮૮ પ્રો. હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૧૪ની પંચમહાલ અને | (૧) તા.૩૧-૩-૧૪ની સ્થિતિએ પંચમહાલ અને |

મહીસાગર જિલ્લાઓમાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નવા રેશનકાર્ડ મેળવવા માટે કેટલી અરજીઓ આવી,

મહીસાગર જિલ્લાઓમાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નવા રેશનકાર્ડ મેળવવા માટે મળેલ અરજીઓની વિગત નીચે મુજબ છે.

| પંચમહાલ | | મહીસાગર | |
|---|---|---|---|
| તાલુકાનું નામ | મળેલ અરજી | તાલુકાનું નામ | મળેલ અરજી |
| કાલોલ | ૩૧૭૫ | કડાણા | ૬૧૭ |
| ગોધરા | ૬૧૮૫ | ખાનપુર | ૩૭૯ |
| જાંબુઘોડા | ૧૬૮ | બાલાસિનોર | ૧૨૨૩ |
| ઘોઘંબા | ૨૨૧૬ | લુણાવાડા | ૩૩૦૪ |
| મોરવા (હ) | ૧૩૧૨ | વિરપુર | ૨૪૭ |
| શેહરા | ૧૮૯૪ | સંતરામપુર | ૨૦૭૨ |
| હાલોલ | ૨૯૯૮ | -- | -- |
| કુલઃ | ૧૭૯૪૮ | કુલઃ | ૭૮૪૨ |

(૨) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કર્યો, અને

(૨) તે પૈકી નિકાલ કરેલ અરજીઓની વિગત નીચે મુજબ છે.

| પંચમહાલ | | મહીસાગર | |
|---|---|---|---|
| તાલુકાનું નામ | નિકાલ અરજી | તાલુકાનું નામ | નિકાલ અરજી |
| કાલોલ | ૨૯૧૪ | કડાણા | ૫૯૩ |
| ગોધરા | ૫૯૭૮ | ખાનપુર | ૩૫૧ |
| જાંબુઘોડા | ૧૬૦ | બાલાસિનોર | ૧૨૧૧ |
| ઘોઘંબા | ૨૧૭૪ | લુણાવાડા | ૩૧૦૫ |
| મોરવા (હ) | ૧૩૦૪ | વિરપુર | ૨૪૬ |
| શેહરા | ૧૪૩૯ | સંતરામપુર | ૨૦૪૩ |
| હાલોલ | ૨૮૧૭ | -- | -- |
| કુલઃ | ૧૬૭૮૬ | કુલઃ | ૭૫૪૯ |

(૩) કેટલી અરજીઓ કેટલા સમયથી પડતર છે?

(૩) પડતર અરજીઓની વિગત નીચે મુજબ છે.

| પંચમહાલ | | મહીસાગર | |
|---|---|---|---|
| તાલુકાનું નામ | પડતર અરજી | તાલુકાનું નામ | પડતર અરજી |
| કાલોલ | ૨૬૧ | કડાણા | ૨૪ |
| ગોધરા | ૨૦૭ | ખાનપુર | ૨૮ |
| જાંબુઘોડા | ૮ | બાલાસિનોર | ૧૨ |
| ઘોઘંબા | ૪૨ | લુણાવાડા | ૧૯૯ |
| મોરવા (હ) | ૮ | વિરપુર | ૧ |
| શેહરા | ૪૫૫ | સંતરામપુર | ૨૯ |
| હાલોલ | ૧૮૧ | -- | -- |
| કુલઃ | ૧૧૬૨ | કુલઃ | ૨૯૩ |

ઉકત અરજીઓ એક માસના સમય ગાળાની છે.

---------

સચાણા અને મસીતીયા ગામે સરકારી માધ્યમિક શાળા શરૂ કરવા અંગે

૧૦૬૫૭ શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) જામનગર તાલુકાના સચાણા અને મસીતીયા ગામે તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ ધોરણ–૯ માં પુરતા વિદ્યાર્થી મળી રહે તેમ હોવાથી સરકારી માધ્યમિક શાળા સરકાર શરૂ કરવા માગે છે કે કેમ,

જવાબ

(૧) આર.એમ.એસ.એ. યોજનાની માર્ગદર્શિકા અનુસાર, જે ગામની ૫ કી.મીની ત્રિજ્યામાં માધ્યમિક શાળા આવેલી ન હોય તેવા ગામમાં નવી માધ્યમિક શાળા શરૂ કરવાની વિચારણા કરવામાં આવે છે. સચાણા તથા મસીતીયા ગામો ની ૫ કી.મી.ની ત્રિજ્યામાં માધ્યમિક શાળા આ યોજના હેઠળ શરૂ કરી શકાય તેમ નથી.

(૨) જો હા, તો આ કાર્યવાહી કયા તબક્કે છે, અને
(૩) જૂન–૨૦૧૪થી શરૂ થતા શૈક્ષણિક વર્ષથી આ માધ્યમિક શાળાઓ શરૂ થાય તે માટે કોને જવાબદારી સોંપી છે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

વલસાડ જિલ્લાની નોન ગ્રાન્ટેડ હાઇસ્કુલોએ ગ્રાન્ટ મેળવવા માટે કરેલ દરખાસ્તો

૯૧૯૧ શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર કેટલી નોન ગ્રાન્ટેડ હાઇસ્કુલોએ ગ્રાન્ટ મેળવવા છેલ્લા બે વર્ષમાં દરખાસ્તો કરી, અને
(૨) તે અન્વયે કેટલી દરખાસ્તો મંજૂર થઈ ?

જવાબ

(૧) છેલ્લા બે વર્ષમાં એકપણ શાળાની ગ્રાન્ટેડ થવા અંગેની દરખાસ્ત આવેલ નથી.
(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

સાબરકાંઠા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ખાલી જગાઓ

૧૦૨૯૭ શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં તાલુકાવાર કેટલા શિક્ષકોની જગ્યાઓ ખાલી છે, અને
(૨) છેલ્લા કેટલા વર્ષથી આ જગ્યાઓ ખાલી છે?

જવાબ

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | ધો.૧ થી ૫ માં ખાલી જગ્યા | ધો. ૬ થી ૮ માં ખાલી જગ્યા |
|---|---|---|---|
| ૧ | હિંમતનગર | ૦ | ૫ |
| ૨ | પ્રાંતિજ | ૦ | ૧૦ |
| ૩ | તલોદ | ૦ | ૧૪ |
| ૪ | ધનસુરા | ૦ | ૪૦ |
| ૫ | બાયડ | ૦ | ૪૫ |
| ૬ | માલપુર | ૦ | ૧૩ |
| ૭ | મોડાસા | ૦ | ૨૨ |
| ૮ | મેઘરજ | ૦ | ૩૧ |
| ૯ | ભિલોડા | ૦ | ૪૨ |
| ૧૦ | વિજયનગર | ૪ | ૧૯ |
| ૧૧ | ઈડર | ૦ | ૩૦ |
| ૧૨ | વડાલી | ૦ | ૨૫ |
| ૧૩ | ખેડબ્રહ્મા | ૩૩૪ | ૮૮ |
| | કુલઃ | ૩૩૮ | ૩૮૪ |

(૨) છેલ્લા બે વર્ષથી.

---------

રાજકોટ અને મોરબી જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ રોપાનું વાવેતર

૧૦૨૬૨ શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ રાજકોટ અને મોરબી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વન વિભાગ દ્વારા સામાજિક વનીકરણ યોજના અંતર્ગત કેટલા રોપાનું વાવેતર કરેલ છે
(૨) ઉક્ત સ્થિતિએ તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને
(૩) વાવેલ રોપા પૈકી કેટલા જીવંત છે?

જવાબ

(૧) છેલ્લા બે વર્ષમાં રાજકોટ અને મોરબી જિલ્લામાં અનુક્રમે ૮.૨૮ લાખ અને ૪.૨૭ લાખ મળી કૂલ ૧૨.૫૫ લાખ રોપાનું વાવેતર કરેલ છે.
(૨) કુલ રૂ. ૪૮૫.૫૮ લાખ
(૩) વાવેલ રોપા પૈકી ૮.૧૯ લાખ રોપા જીવંત છે.

---------

## ખેડા જિલ્લામાં સાક્ષરતાનો દર વધારવાનો કાર્યક્રમ

૧૦૬૦૮ શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર સાક્ષરતા નિવારણ કાર્યક્રમ અંતર્ગત કેટલા વ્યક્તિઓને સાક્ષરતા છેલ્લા બે વર્ષમાં આપવામાં આવી, અને

(૨) વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

જવાબ

(૧) બે વર્ષમાં નિરક્ષરોને અપાયેલ સાક્ષરતાની તાલીમ

| ક્રમ | તાલુકાનું નામ | નવાસાક્ષરોની સંખ્યા |
|---|---|---|
| ૧ | કપડવંજ | ૬૩૮૩૬ |
| ૨ | વિરપુર | ૩૦૨૪૩ |
| ૩ | બાલાસિનોર | ૩૨૫૯૮ |
| ૪ | કઠલાલ | ૫૧૩૪૬ |
| ૫ | મહેમદાવાદ | ૬૪૯૫૫ |
| ૬ | ખેડા | ૨૯૪૦૭ |
| ૭ | માતર | ૪૯૦૧૬ |
| ૮ | નડિયાદ | ૬૫૫૬૧ |
| ૯ | મહુવા | ૩૧૦૯૦ |
| ૧૦ | ઠાસરા | ૯૩૧૭૯ |
| | કુલ | ૫૧૦૯૩૧ |

(૨) વર્ષવાર ખર્ચ

| વર્ષ | ખર્ચ |
|---|---|
| ૨૦૧૨-૧૩ | રૂ. ૧,૪૫,૭૩,૭૭૨/- |
| ૨૦૧૩-૧૪ | રૂ. ૨,૫૬,૭૪,૪૮૮/- |

---------

## છોટાઉદેપુર જિલ્લામાં જંગલની જમીન મેળવવા માટેની અરજીઓ

૯૧૦૮ શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર જંગલની જમીન મેળવવા માટેની કેટલી અરજીઓ કેટલા સમયથી પડતર છે,

(૨) અરજીઓ પડતર છે તેમાં કુલ કેટલા હેકટર જમીનની માંગણી કરવામાં આવી છે,

(૩) અરજીઓ પડતર રહેવાના કારણો શા છે, અને

(૪) અને ક્યાં સુધી આ અરજીઓનો નિકાલ કરવામાં આવશે?

જવાબ

(૧) મંજુર થવા પાત્ર તમામ અરજીઓ મંજુર કરેલ છે. રાજ્ય સરકારે મંજુર થયેલ ન હોય તેવી તમામ અરજીઓની ચકાસણીનો નિર્ણય કરેલ છે. નીચેની વિગતે તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ અરજીઓ પુન:સમીક્ષા હેઠળ છે.

| તાલુકાનું નામ | પુન:સમીક્ષા હેઠળની અરજીઓ |
|---|---|
| છોટા ઉદેપુર | ૪૫૮૨ |
| કવાંટ | ૨૩૮૨ |
| જેતપુર પાવી | ૧૨૪૧ |
| નસવાડી | ૨૬૧૪ |
| બોડેલી | ૨૨૧ |

(૨) તમામ અરજીઓ એક વખત ચકાસણી થયેલ હોઈ, પડતર નથી. પરંતુ રાજ્ય સરકારના નિર્ણય મુજબ અરજીઓ પુન:સમીક્ષા હેઠળ છે.

(૩) પ્રશ્ન નથી.

(૪) નિયમાનુસાર બને તેમ વહેલા.

---------

## રાજકોટ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોનું મંજૂર મહેકમ

૯૬૦૨ શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

જવાબ

(૧) તા. ૩૧-૫-૧૪ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોનું મંજૂર થયેલ સેટઅપ કેટલું છે,

(૧)

| તાલુકાનું નામ | મંજૂર મહેકમ | |
|---|---|---|
| | ધો. ૧ થી ૫ | ધોરણ ૬ થી ૮ |
| ધોરાજી | ૨૩૩ | ૧૩૪ |
| જેતપુર | ૨૫૩ | ૧૪૨ |
| ગોંડલ | ૫૧૮ | ૨૫૨ |
| જામકંડોરણા | ૨૩૫ | ૧૧૬ |
| ઉપલેટા | ૩૧૪ | ૧૫૫ |
| ટંકારા | ૨૮૩ | ૧૩૮ |
| માળીયા | ૩૧૧ | ૧૩૩ |
| વાંકાનેર | ૭૨૨ | ૩૯૪ |
| મોરબી | ૭૦૯ | ૩૨૧ |
| પડધરી | ૩૧૯ | ૧૨૪ |
| લોધીકા | ૧૮૯ | ૮૧ |
| જસદણ | ૯૬૩ | ૪૯૫ |
| કોટડા | ૨૪૨ | ૧૨૪ |
| રાજકોટ | ૬૨૯ | ૩૦૨ |
| કુલ | ૫૯૨૦ | ૨૯૧૧ |

(૨) આ પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યા ભરેલી અને કેટલી જગ્યા ખાલી છે, અને

(૨)

| તાલુકાનું નામ | | | | |
|---|---|---|---|---|
| | ધોરણ ૧ થી ૫ | | ધોરણ ૬ થી ૮ | |
| | ભરેલી | ખાલી | ભરેલી | ખાલી |
| ધોરાજી | ૨૩૩ | ૦ | ૧૨૮ | ૦૬ |
| જેતપુર | ૨૫૩ | ૦ | ૧૪૧ | ૦૧ |
| ગોંડલ | ૫૦૭ | ૧૧ | ૨૧૩ | ૩૯ |
| જામકંડોરણા | ૨૩૫ | ૦ | ૧૦૧ | ૧૫ |
| ઉપલેટા | ૩૧૪ | ૦ | ૧૫૫ | ૦૦ |
| ટંકારા | ૨૮૩ | ૦ | ૧૩૪ | ૦૪ |
| માળીયા | ૧૭૪ | ૧૩૭ | ૮૯ | ૪૪ |
| વાંકાનેર | ૬૭૫ | ૪૭ | ૩૧૬ | ૭૮ |
| મોરબી | ૬૯૦ | ૧૯ | ૨૬૪ | ૫૭ |
| પડધરી | ૩૧૮ | ૦૧ | ૧૧૪ | ૧૦ |
| લોધીકા | ૧૮૭ | ૦૨ | ૮૦ | ૦૧ |
| જસદણ | ૯૩૬ | ૨૭ | ૩૫૯ | ૧૩૬ |
| કોટડા | ૨૪૨ | ૦ | ૧૨૪ | ૦૦ |
| રાજકોટ | ૬૨૦ | ૦૯ | ૨૯૧ | ૧૧ |
| કુલ | ૫૬૬૭ | ૨૫૩ | ૨૫૦૯ | ૪૦૨ |

(૩) જગ્યા ખાલી હોય તો તે પાછળના કારણો કયા છે અને સરકાર આ ખાલી જગ્યાઓ ક્યારે ભરવા માંગે છે?

(૩) આર.ટી.ઈ. એકટના ધોરણો પ્રમાણે જગ્યાઓ મંજુર થતાં

- નિવૃત્તિના કારણે
- તબક્કાવાર જગ્યાઓ ભરવામાં આવશે.

---------

અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં પ્રાથમિક શાળાઓ ખોલવાની મંજૂરી

૯૦૫૪ ડો.શ્રીમતી તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં જિલ્લાવાર કેટલી સરકારી, ગ્રાન્ટ–ઈન–એઈડ અને સ્વ–નિર્ભર પ્રાથમિક શાળાઓ ખોલવાની મંજુરી આપવામાં આવી?

તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં જિલ્લાવાર નીચે મુજબ સરકારી, ગ્રાન્ટ–ઈન–એઈડ અને સ્વ–નિર્ભર પ્રાથમિક શાળાઓ ખોલવાની મંજુરી આપવામાં આવી.

(૧) અમદાવાદ

| વર્ષ | ૨૦૧૧ | ૨૦૧૨ | ૨૦૧૩ |
|---|---|---|---|
| સરકારી | ૦૦ | ૦૦ | ૦૦ |
| ગ્રાન્ટ–ઈન–એઈડ | ૦૦ | ૦૦ | ૦૦ |
| સ્વ–નિર્ભર | ૩૫ | ૭૩ | ૬૧ |

(૨) ગાંધીનગર

| વર્ષ | ૨૦૧૧ | ૨૦૧૨ | ૨૦૧૩ |
|---|---|---|---|
| સરકારી | ૦૦ | ૦૦ | ૦૦ |
| ગ્રાન્ટ–ઈન–એઈડ | ૦૦ | ૦૦ | ૦૦ |
| સ્વ–નિર્ભર | ૨૦ | ૨૪ | ૪૬ |

---------

## અનુસ્નાતક અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને મફત શિક્ષણ

૧૧૧૨૨ શ્રી નારાયણભાઇ લ. પટેલ (ઉંઝા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં સ્નાતક કક્ષાની જેમ અનુસ્નાતક કક્ષાએ અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને રાજ્ય સરકાર મફત શિક્ષણ આપવા વિચારી રહી છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો અનુસ્નાતક કક્ષાએ મફત કન્યા કેળવણી ક્યારથી અમલમાં મૂકવામાં આવનાર છે?

જવાબ

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ–૨૦૦૯ ના અમલ બાબત

૯૧૫૦ શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૫–૧૪ની સ્થિતિએ કેન્દ્ર સરકાર દ્વારા લાગુ થયેલ રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ–૨૦૦૯નો અમલ દરેક રાજ્યની સરકારોએ કરવો, તો આ કાયદાનો અમલ રાજ્ય સરકારે કરેલ છે કે કેમ,

(૨) જો ના, તો કયા કારણોસર આ કાયદાનો અમલ કરવામાં આવતો નથી, અને

(૩) રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા આવો કોઈ કાયદો બનાવેલ છે કે કેમ?

જવાબ

(૧) હા.

(૨) પ્રશ્ન રહેતો નથી.

(૩) ના.

---------

## પાલનપુર તથા ડીસા તાલુકામાં સરકારી મા. શાળાઓમાં ગ્રાન્ટ ઈન એઈડ શાળાઓમાં ખાલી જગ્યાઓ

૧૦૨૦૫ શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : તા. ૨૪–૨–૨૦૧૪ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૭૫૦૦ (અગ્રતા–૧૪૨) અન્વયે માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તથા ડીસા તાલુકામાં તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ સરકારી માધ્યમિક શાળાઓમાં ૧૩ આચાર્યની તથા ૩૦ શિક્ષકોની અને ગ્રાન્ટ ઈન એઈડ શાળાઓમાં ૫ આચાર્યની તથા ૫૩ શિક્ષકની જગ્યા ખાલી હતી તે પૈકી મે–૨૦૧૪ ની

જવાબ

(૧)

| ભરવામાં આવેલ જગ્યાઓ | | | |
|---|---|---|---|
| સરકારી માધ્યમિક શાળા | | ગ્રાન્ટ ઈન એઈડ માધ્યમિક શાળા | |
| આચાર્ય | શિક્ષકો | આચાર્ય | શિક્ષકો |

| સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરવામાં આવેલ છે. | ૦૦ | ૧૨ | ૦૦ | ૫૩ |
|---|---|---|---|---|

(૨) જો ભરવાની બાકી હોય તો તેના શાં કારણો છે, અને

(૨)
- માધ્યમિક શાળાઓના ધોરણ-૮નો વર્ગ પ્રાથમિક શાળામાં સમાવવાની કાર્યવાહી પૂર્ણ થયેલ ન હોવાથી
- તારીખ ૫-૩-૨૦૧૪ થી લોકસભાની ચૂંટણીના સંદર્ભે આચારસંહિતાના કારણે

(૩) આ તમામ જગ્યાઓ વહેલામાં વહેલી કયાં સુધીમાં ભરવામાં આવનાર છે?

(૩) જેમ બને તેમ જલ્દી.

---------

બનાસકાંઠા જિલ્લામાં રોપાનું વાવેતર

૧૦૯૧૮ શ્રી કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા રોપાનું વાવેતર છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર કરવામાં આવ્યું, અને

જવાબ

(૧) નીચેની વિગતે કૂલ-૧૨૪.૩૫ લાખ રોપાનું વાવેતર કરવામાં આવ્યું.

| વર્ષ | તાલુકાનું નામ | વાવેલ રોપા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૧૧-૧૨ | દાંતા | ૧૨.૯૭ |
| | વડગામ | ૨.૭૦ |
| | પાલનપુર | ૩.૦૭ |
| | અમીરગઢ | ૫.૩૩ |
| | દાંતીવાડા | ૨.૯૩ |
| | વાવ | ૩.૧૮ |
| | ડીસા | ૦.૮૧ |
| | ધાનેરા | ૧.૮૭ |
| | શિહોરી | ૦.૫૯ |
| | દિયોદર | ૦.૭૦ |
| | ભાભર | ૦.૭૪ |
| | થરાદ | ૧.૪૯ |
| કુલ | | ૩૬.૩૮ |
| ૨૦૧૨-૧૩ | દાંતા | ૧૮.૫૦ |
| | વડગામ | ૧.૪૪ |
| | પાલનપુર | ૫.૫૭ |
| | અમીરગઢ | ૭.૫૨ |
| | દાંતીવાડા | ૪.૧૫ |
| | વાવ | ૩.૨૨ |
| | ડીસા | ૦.૮૭ |
| | ધાનેરા | ૧.૦૮ |
| | શિહોરી | ૦.૮૩ |
| | દિયોદર | ૦.૮૨ |
| | ભાભર | ૦.૮૨ |
| | થરાદ | ૦.૮૨ |
| કુલ | | ૪૫.૬૪ |
| ૨૦૧૩-૧૪ | દાંતા | ૧૪.૪૫ |
| | વડગામ | ૧.૫૭ |

| | | |
|---|---|---|
| | પાલનપુર | ૪.૨૨ |
| | અમીરગઢ | ૭.૮૭ |
| | દાંતીવાડા | ૨.૯૭ |
| | વાવ | ૪.૩૦ |
| | ડીસા | ૧.૨૨ |
| | ધાનેરા | ૧.૦૭ |
| | શિહોરી | ૧.૦૧ |
| | દિયોદર | ૦.૮૬ |
| | ભાભર | ૧.૧૨ |
| | થરાદ | ૧.૬૭ |
| કુલ | | ૪૨.૩૩ |
| ૨૦૧૪-૧૫ (તા.૩૧/૫/૨૦૧૪ની સ્થિતિએ) | ૨૦૧૪-૧૫માં કોઈ વાવેતર કરવામાં આવેલ નથી. | |

(૨) વર્ષવાર વાવેતર અને વાવેતર કરેલ રોપાનું ઉછેર પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) નીચેની વિગતે ૧૩૮૦૯.૬૯ હેક્ટરમાં વાવેતર કરવામાં આવ્યું. તેની પાછળ રૂા. ૪૮૯૧.૨૦ લાખ ખર્ચ કરવામાં આવ્યો.

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૨૦૧૧-૧૨ | ૪૨૦૮.૨૪ | ૧૭૯૪.૩૫ |
| ૨૦૧૨-૧૩ | ૫૧૫૬.૦૫ | ૧૬૨૨.૩૨ |
| ૨૦૧૩-૧૪ | ૪૪૪૫.૪૦ | ૧૪૭૪.૫૩ |
| ૨૦૧૪-૧૫ (તા.૩૧/૫/૨૦૧૪ની સ્થિતિએ) | ૦ | ૦ |

---------

## જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં વૃક્ષ છેદન

૯૫૨૬ શ્રી જસુભાઇ ધા. બારડ(તાલાલા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં તાલુકાવાર કેટલા વૃક્ષો કાપવામાં આવ્યા, અને

જવાબ

(૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચેની વિગતે વૃક્ષો કાપવામાં આવ્યા.

| ક્રમ | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | કાપવામાં આવેલ વૃક્ષો | |
|---|---|---|---|---|
| | | | ૧-૬-૧૨ થી ૩૧-૫-૧૩ | ૧-૬-૧૩ થી ૩૧-૫-૧૪ |
| ૧ | જૂનાગઢ | જુનાગઢ | ૪૦૫૫ | ૯૩૭ |
| | | વંથલી | ૩૪૦૬ | ૩૫૫૫ |
| | | કેશોદ | ૨૮૦ | ૧૯૪૫ |
| | | માંગરોળ | - | ૬૨૨૭ |
| | | માળીયા | ૨૯૬ | ૫૪૬ |
| | | મેંદરડા | ૪૩૯૫ | ૬૮૩ |
| | | વિસાવદર | ૬૮૩ | ૧૫૧ |
| | | ભેંસાણ | - | ૩૬ |
| | | માણાવદર | - | ૨૭૦ |
| | | કુલ | ૧૩૧૧૫ | ૧૪૩૫૦ |
| ૨. | ગીર સોમનાથ | વેરાવળ | ૨૧૭૩ | ૫૨૧ |
| | | તાલાલા | ૪૬૩ | ૧૩૪૩ |
| | | ગીરગઢડા | ૫૫ | - |
| | | કોડીનાર | - | ૭૫ |

| | | | | |
|---|---|---|---|---|
| | | ઉના | ૧૪૪૦ | ૬૯૫ |
| | | સુત્રાપાડા | – | ૬૬૦ |
| | | કુલ | ૪૧૩૧ | ૩૨૯૪ |

(૨) આવા વૃક્ષો કાપવાના કારણો શાં હતા ?

(૨) રોડ વાઇડનીંગમાં, ખેતી પાકને, રહેણાંકને, વીજ કનેકશન તથા બાંધકામમાં નડતરરૂપ, બીનફળાઉ, ગૌચર જમીનમાં ચરિયાણમાં નડતરરૂપ તેમજ જુના વૃક્ષો પડવાની ભીતી અને નુકશાન કરે તેમ હોય તેવા વૃક્ષો કાપવામાં આવેલ છે.

---------

## આણંદ જિલ્લામાં કોમ્પ્યુટર શિક્ષકોની ઘટ

૯૦૭૯ શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળાઓમાં કેટલી સ્કુલોમાં કોમ્પ્યુટરો આપવામાં આવ્યા, અને કેટલી સ્કુલોમાં કોમ્પ્યુટરો આપવાના બાકી છે, અને

જવાબ

(૧)

| તાલુકાનું નામ | કોમ્પ્યુટર ધરાવતી પ્રાથમિક શાળાઓ | કોમ્પ્યુટર આપવાના બાકી હોય તેવી પ્રાથમિક શાળાઓ |
|---|---|---|
| આણંદ | ૧૭૦ | ૦ |
| આંકલાવ | ૬૮ | ૦ |
| બોરસદ | ૧૨૭ | ૦ |
| ખંભાત | ૯૫ | ૦ |
| પેટલાદ | ૧૧૮ | ૦ |
| સોજીત્રા | ૪૬ | ૦ |
| તારાપુર | ૪૫ | ૦ |
| ઉમરેઠ | ૬૬ | ૦ |
| કુલ | ૭૩૫ | |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલા કોમ્પ્યુટર શિક્ષકોની ઘટ છે ?

(૨) કોમ્પ્યુટર લેબ ફાળવેલ શાળાઓમાં ૫ (પાંચ) શાળાદીઠ એક સ્કુલ કો. ઓર્ડિનેટર છે જેની મદદથી શાળાના શિક્ષકો કોમ્પ્યુટર દ્વારા શિક્ષણ આપે છે.

---------

## જામનગર જિલ્લામાં બારકોડેડ રેશનકાર્ડનું બાકી વિતરણ

૯૨૧૮ શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ જામનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ કરવાનું બાકી છે, અને

જવાબ

(૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ જામનગર જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબના બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ કરવાનું બાકી છે.

| તાલુકાનું નામ | વિતરણ કરવાના બાકી બારકોડેડ રેશનકાર્ડ |
|---|---|
| કાલાવડ | ૨૨૧૯ |
| જામજોધપુર | ૧૮૬૧ |
| જામનગર | ૩૮૫૮ |
| જામનગર (ઝોનલ–૧) | ૧૩૭૯૧ |
| જામનગર (ઝોનલ–૨) | ૫૯૪૩ |
| જોડીયા | ૫૯૯૦ |
| ધ્રોલ | ૨૧૨૯ |
| લાલપુર | ૧૪૫ |
| કુલ | ૩૫૯૩૬ |

(૨) તાલુકાવાર કેટલા રેશનકાર્ડ વિતરણ કરવાના બાકી છે અને આવા બાકી રહેતા રેશનકાર્ડ ક્યાં સુધીમાં

(૨) ખંડ–૧ ના જવાબમાં દર્શાવ્યા મુજબ તાલુકાવાર રેશનકાર્ડ વિતરણ કરવાના બાકી છે.

વિતરણ કરવામાં આવશે ?

અરજદાર દ્વારા ખુટતાં આધાર-પુરાવા પુરા પાડ્યેથી તથા બાયોમેટ્રીક્સ આપ્યેથી બનતી ત્વરાએ.

---------

અમરેલી જિલ્લામાં સરકાર સંચાલિત પ્રાથમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોનું મહેકમ

૯૭૮૪ શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં સરકાર સંચાલિત પ્રાથમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં તાલુકાવાર કુલ કેટલા શિક્ષકોનું મહેકમ મંજૂર થયેલ છે,

જવાબ

(૧) પ્રાથમિક

| ક્રમ | તાલુકાનું નામ | ધો-૧ થી ૫ | ધો-૬ થી ૮ |
|---|---|---|---|
| ૧ | અમરેલી | ૨૮૧ | ૨૦૯ |
| ૨ | લાઠી | ૨૮૮ | ૨૦૨ |
| ૩ | લીલીયા | ૧૫૧ | ૧૧૪ |
| ૪ | બાબરા | ૩૫૩ | ૨૩૪ |
| ૫ | કુંકાવાવ | ૨૦૩ | ૧૫૨ |
| ૬ | બગસરા | ૧૫૬ | ૧૧૫ |
| ૭ | ધારી | ૩૬૮ | ૨૯૨ |
| ૮ | ખાંભા | ૨૭૮ | ૧૮૯ |
| ૯ | રાજુલા | ૫૪૨ | ૨૧૪ |
| ૧૦ | જાફરાબાદ | ૨૮૬ | ૨૧૪ |
| ૧૧ | સાવરકુંડલા | ૫૧૨ | ૩૭૬ |
| | કુલ | ૩૪૧૮ | ૨૪૬૦ |

માધ્યમિક

| ક્રમ | તાલુકાનું નામ | સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોનું મહેકમ |
|---|---|---|
| ૧ | અમરેલી | ૦૦ |
| ૨ | જાફરાબાદ | ૧૨ |
| ૩ | ખાંભા | ૦૫ |
| ૪ | બાબરા | ૦૫ |
| ૫ | રાજુલા | ૧૫ |
| ૬ | લીલીયા | ૦૪ |
| ૭ | લાઠી | ૦૦ |
| ૮ | ધારી | ૦૫ |
| ૯ | કુંકાવાવ | ૦૦ |
| ૧૦ | બગસરા | ૦૦ |
| ૧૧ | સાવરકુંડલા | ૦૦ |
| | કુલ | ૪૬ |

(૨) તે પૈકી ઉપરોક્ત સ્થિતિએ સંવર્ગવાર કુલ કેટલા શિક્ષકોની તાલુકાવાર ઘટ છે, અને

(૨) પ્રાથમિક

| ક્રમ | તાલુકાનું નામ | ધો-૧ થી ૫ | ધો-૬ થી ૮ |
|---|---|---|---|
| ૧ | અમરેલી | ૦ | ૧૧ |
| ૨ | લાઠી | ૦ | ૧૨ |
| ૩ | લીલીયા | ૦ | ૦૨ |
| ૪ | બાબરા | ૦ | ૧૬ |
| ૫ | કુંકાવાવ | ૦ | ૦૬ |
| ૬ | બગસરા | ૦ | ૦૪ |
| ૭ | ધારી | ૦ | ૧૦ |
| ૮ | ખાંભા | ૦ | ૨૨ |
| ૯ | રાજુલા | ૮ | ૬૮ |
| ૧૦ | જાફરાબાદ | ૫ | ૬૫ |

| | | | |
|---|---|---|---|
| ૧૧ | સાવરકુંડલા | ૫ | ૩૩ |
| | કુલ | ૧૮ | ૨૪૯ |

માધ્યમિક

| ક્રમ | તાલુકાનું નામ | સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ |
|---|---|---|
| ૧ | અમરેલી | ૦૦ |
| ૨ | જાફરાબાદ | ૦૪ |
| ૩ | ખાંભા | ૦૧ |
| ૪ | બાબરા | ૦૨ |
| ૫ | રાજુલા | ૦૪ |
| ૬ | લીલીયા | ૦૦ |
| ૭ | લાઠી | ૦૦ |
| ૮ | ધારી | ૦૪ |
| ૯ | કુંકાવાવ | ૦૦ |
| ૧૦ | બગસરા | ૦૦ |
| ૧૧ | સાવરકુંડલા | ૦૦ |
| | કુલ | ૧૫ |

(૩) ઉપરોક્ત ઘટના કાયમી નીવારણ માટે સરકારનું શું આયોજન છે, અને તેનું કેટલા સમયમાં નિવારણ કરવામાં આવશે ?

(૩) નિયમોનુસાર ભરતી કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

---------

દાહોદ જિલ્લામાં ધોરણ–૧૧–૧૨ના વર્ગોની મંજૂરી

૧૦૩૦૮ શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧/૫/૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લાની ગ્રાન્ટેડ માધ્યમિક ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં સરકારે સળંગ એકમના ઉપલા વર્ગ–ધો.૧૧–૧૨ના વર્ગોની મંજૂરી છેલ્લા બે વર્ષમાં ક્યારે આપી,

(૨) આવી મંજૂરી પછી યોગ્ય લાયકાત ધરાવતા વિષયવાર શિક્ષકોની કેટલી ભરતી કરી, અને

(૩) જો આવી ભરતી ન કરી હોય તો તેના કારણો શાં છે ?

જવાબ

(૧)

| ક્રમ | શૈક્ષણિક વર્ષ | સળંગ એકમ (ધો.૧૧ પ્રથમ ક્રમિક વર્ગની મંજુરી) | વધારાના વર્ગની મંજૂરી |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૨–૧૩ | જુલાઈ–૨૦૧૨ | –– |
| ૨ | ૨૦૧૩–૧૪ | જુન–૨૦૧૩ | જુન–૨૦૧૩ |

(૨) ૭ શિક્ષકોની ભરતી કરેલ છે.

(૩) અન્ય શિક્ષકોની ભરતીની કાર્યવાહી ચાલુ છે.

---------

ગાંધીનગર, મહેસાણા અને અમદાવાદ જિલ્લામાં ગાંડા બાવળમાંથી કોલસો બનાવવાની કામગીરી

૧૦૫૬૧ શ્રી અમિત ચૌધરી (માણસા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ ગાંધીનગર, મહેસાણા અને અમદાવાદ જિલ્લામાં ખેડૂતો પોતાના ખેતરોમાં ઉગી નીકળેલ ગાંડા–બાવળમાંથી કોલસો બનાવે તે સામે રાજ્ય સરકારે કોઈ પ્રતિબંધ મૂક્યો છે તે હકીકત સાચી છે ?

જવાબ

ના, જી.

---------

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

## ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

અતારાંકિત પ્રશ્નો

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રા.બા.ના. મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડનો સન ૨૦૧૨–૨૦૧૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

અહેવાલ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ કોરીડોર કોરપોરેશન લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી સૌરભભાઇ પટેલ ( ઉદ્યોગ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ કોરીડોર કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૨–૨૦૧૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

અહેવાલ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

ગુજરાત ઘેટાં અને ઊન વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી બાબુભાઇ બોખીરીયા ( પશુપાલન મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઘેટાં અને ઊન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૧–૨૦૧૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

અહેવાલ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડનો વાર્ષિક અહેવાલ

શ્રી નીતિનભાઇ ર. પટેલ (શહેરી વિકાસ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડના સન ૨૦૧૧–૨૦૧૨ના વાર્ષિક હિસાબો, ઓડિટ અહેવાલ અને સન ૨૦૧૨–૧૩નો વાર્ષિક વહીવટી અહેવાલ તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડનો વાર્ષિક અહેવાલ

શ્રી ગણપતસિંહ વે. વસાવા (પર્યાવરણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડનો સન ૨૦૧૨–૨૦૧૩નો વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.

ગુજરાત રાજ્ય ગ્રામ વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા (ગ્રામ વિકાસ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય ગ્રામ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૨–૨૦૧૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

અહેવાલ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતના વાર્ષિક અહેવાલ

શ્રી નાનુભાઇ ભ. વાનાણી ( રાજય કક્ષાના રમત ગમત મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતના સન ૨૦૧૧–૨૦૧૨ અને ૨૦૧૨–૨૦૧૩ ના ઓડિટ અહેવાલ તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

# *માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

શ્રી સૌરભભાઇ પટેલ ( નાણામંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૪-૨૦૧૫ ના વર્ષના ફેરફાર કરેલા અંદાજપત્રમાં સમાવિષ્ટ અનુદાનો માટેની માગણીઓ પર વિચારણા કરવા અંગે માનનીય રાજ્યપાલશ્રીની ભલામણ વાંચી સંભળાવીશ.

"ભારતના બંધારણની કલમ-૨૦૩(૩) સાથે વાંચતા તેની કલમ-૨૦૨ મુજબ પોતાને અપાયેલી સત્તાની રૂએ ગુજરાતના રાજ્યપાલશ્રીએ આ સાથે સામેલ અનુસૂચિમાં દર્શાવેલા ઓગષ્ટ ૨૦૧૪થી માર્ચ ૨૦૧૫ ના સમય માટેની એટલે કે સન ૨૦૧૪-૨૦૧૫ના વર્ષ માટેની ગ્રાન્ટ અંગેની માગણીઓની વિચારણા કરવા ગુજરાત વિધાનસભાને ભલામણ કરું છું."

સામાન્ય વહિવટ વિભાગ

શ્રી રમણલાલ વોરા ( સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રી પરિષદ સેવાને લગતી સામાન્ય વહિવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૧,૮૬,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક : ૩૦ રજૂ કરું છું.

માગણી ક્રમાંક : ૩૦ રજૂ કરવામાં આવી.

માગણી ક્રમાંક ૩૦ પરની કાપ દરખાસ્તો.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક -૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક - ૧ રજૂ કરવામાં આવી.

શ્રી આનંદભાઇ ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક -૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક -૩ રજૂ કરવામાં આવી.

માગણી ક્રમાંક - ૩૧

શ્રી રમણલાલ વોરા ( સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ચૂંટણીને લગતી સેવા અંગેની સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂપિયા ૧૦,૮૮,૦૬,૦૦૦/-ની માગણી ક્રમાંક- ૩૧ રજૂ કરું છું.

માગણી ક્રમાંક- ૩૧ રજૂ કરવામાં આવી.

શ્રી ભોળાભાઇ ભી. ગોહેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક - ૪ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તીભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક - ૫ રજૂ કરવામાં આવી.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક - ૬ રજૂ કરવામાં આવી.

શ્રી ધારશીભાઇ લ. ખાનપુરા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક - ૭ રજૂ કરવામાં આવી.

માગણી ક્રમાંક - ૩૩

શ્રી રમણલાલ વોરા ( સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સામાન્ય વહીવટ વિભાગને લગતી સેવા અંગેની સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂપિયા ૮૩,૫૭,૧૪,૦૦૦/-ની માગણી ક્રમાંક- ૩૩ રજૂ કરું છું.

* નાણા મંત્રીશ્રીએ સને ૨૦૧૪-૧૫ ના વર્ષ માટેની અનુદાન માટેની બધી માગણીઓની ગુજરાત વિધાનસભાએ વિચારણા કરવા બાબતની રાજ્યપાલશ્રીની સિફારસ વાંચી સંભળાવી.

માગણી ક્રમાંક– ૩૩ રજૂ કરવામાં આવી.

માગણી ક્રમાંક– ૩૩ પરની કાપ દરખાસ્તો.

શ્રી મહંમદ જાવેદ અ. પીરઝાદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૮ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રવિણભાઇ ઝી. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૯ રજૂ કરવામાં આવી.

ગૃહ વિભાગ.

માગણી ક્રમાંક – ૪૨

શ્રી રજનીકાન્ત સો. પટેલ ( રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગૃહ વિભાગને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂપિયા ૧૨,૭૪,૮૫,૦૦૦/–ની માગણી ક્રમાંક–૪૨ રજૂ કરું છું.

માગણી ક્રમાંક– ૪૨ રજૂ કરવામાં આવી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૧૧ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૧૨ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૧૫ રજૂ કરવામાં આવી.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૧૬ રજૂ કરવામાં આવી.

માગણી ક્રમાંક – ૪૩

શ્રી રજનીકાન્ત સો. પટેલ ( રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પોલીસને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂપિયા ૨૧,૦૪,૩૫,૯૪,૦૦૦/–ની માગણી ક્રમાંક– ૪૩ રજૂ કરું છું.

માગણી ક્રમાંક– ૪૩ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૧૭ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૧૮ રજૂ કરવામાં આવી.

શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૧૯ રજૂ કરવામાં આવી.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૨૦ રજૂ કરવામાં આવી.

શ્રી મણીલાલ જે. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૨૧ રજૂ કરવામાં આવી.

શ્રી હર્ષદભાઇ રીબડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૨૨ રજૂ કરવામાં આવી.

શ્રી મંગળભાઇ ગં. ગાવિત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૨૩ રજૂ કરવામાં આવી.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૨૪ રજૂ કરવામાં આવી.

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૨૫ રજૂ કરવામાં આવી.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૨૬ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૨૭ રજૂ કરવામાં આવી.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૨૮ રજૂ કરવામાં આવી.

માગણી ક્રમાંક – ૪૪

શ્રી રજનીકાન્ત સો. પટેલ ( રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું જેલને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂપિયા ૬૯,૭૫,૫૩,૦૦૦/–ની માગણી ક્રમાંક– ૪૪ રજૂ કરું છું.

માગણી ક્રમાંક– ૪૪ રજૂ કરવામાં આવી.

શ્રી છનાભાઇ કો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૨૯ રજૂ કરવામાં આવી.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૩૦ રજૂ કરવામાં આવી.

સન ૨૦૧૪-૨૦૧૫ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી શુક્રવાર, તા. ૧૧–૭-૨૦૧૪ (પહેલા દિવસ) ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપ દરખાસ્તોની એકત્રિત યાદી

| અનુ. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| સામાન્ય વહિવટ વિભાગ<br>માગણી નં ૩૦ | | | | |
| ૧ | ૨૦૧૩–મંત્રી પરિષદ<br>૧૦૧–મંત્રીઓ ....પગાર<br>રૂ .૧,૬૨,૫૦,૦૦૦<br>અં.પ્ર.નં.૯<br>પા.નં. ૧૮ | ૧૦૦ | પ્રજાના પ્રશ્નો અંગે ધારાસભ્યશ્રીઓએ કરેલ પત્ર વ્યવહારનો સમયસર જવાબ આપવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ગૌતમભાઇ ચૌહાણ |
| ૨* | –– " –– | ૧૦૦ | મંત્રી પરિષદ દ્વારા પ્રજાના વિકાસ કાર્યો અંગે થતી જાહેરાતોનો સમયસર અને પૂરો અમલ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બળદેવજી ઠાકોર |
| ૩ | ૨૦૧૩–મંત્રી પરિષદ<br>૧૦૪–સરભરા .....ખર્ચ<br>રૂ .૧,૫૦,૦૦૦<br>અં.પ્ર.નં.૯<br>પા.નં .૧૮ | ૧૦૦ | વિરોધ પક્ષના નેતાને કેબિનેટ દરજ્જો હોવા છતાં હોદ્દાને અનુરૂપ આતિથ્ય ખર્ચ આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી આનંદભાઇ ચૌધરી |

| | | | | |
|---|---|---|---|---|
| માગણી નં .૩૧ | | | | |
| ૪ | ૨૦૧૫–ચૂંટણી<br>૧૦૧ –ચૂંટણી પંચ<br>૦૧–રાજય ચૂંટણી પંચ<br>રૂ. ૮,૨૪,૪૧,૦૦૦<br>અં.પ્ર.નં .૯<br>પા.નં .૨૪–૨૫ | ૧૦૦ | સ્થાનિકો દ્વારા વારંવારની રજૂઆત છતાં નજીકના સ્થળે મતદાન મથક ફાળવવાની કામગીરી કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રામસિંહ પરમાર (નટવરસિંહ ઠાકોર અને ભોળાભાઇ ગોહેલ) |
| ૫ | ૨૦૧૫ – ચૂંટણી<br>૧૦૩– મતદાર... છપાવવી<br>રૂ. ૩૬,૦૦,૦૧,૦૦૦<br>અં.પ્ર.નં.૯<br>પાના નં. ૨૮–૨૯ | ૧૦૦ | ઓળખપત્રવાળા મતદારોના નામ મતદાર યાદીમાંથી રદ ન થાય તેવી કાર્યવાહી કરાવવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી કાંતિભાઇ ખરાડી |
| ૬ | -- " -- | ૧૦૦ | મતદાર યાદી સુધારણા કાર્યક્રમમાં જરૂરી પુરાવા આપવા છતાં યાદી સુધારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પુનાભાઇ ગામીત |
| ૭ | ૨૦૧૫ – ચૂંટણી<br>૧૦૮– મતદારોને આપવા<br>રૂ. ૬,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૯<br>પાના નં. ૩૪ | ૧૦૦ | મતદારોના ભૂલભરેલા ઓળખપત્રો સુધારવા અંગે લેવાતી ફી રદ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધારશીભાઇ ખાનપુરા |
| માગણી નં .૩૩ | | | | |
| ૮ | ૨૦૫૨–સચિવાલય.....સેવાઓ<br>૦૯૦ –સચિવાલય<br>૦૨–સામાન્ય.. વિભાગ<br>રૂ . ૩૯, ૫૦,૫૧,૦૦૦<br>અં.પ્ર.નં .૯<br>પા.નં. ૪૧–૪૩ | ૧૦૦ | સરકારી કાર્યક્રમમાં વિરોધ પક્ષના સ્થાનિક ધારાસભ્યોની થતી અવગણના નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહંમદજાવીદ પીરઝાદા |
| ૯ | -- " -- | ૧૦૦ | વિભાગની નબળી કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા . | શ્રી પ્રવિણભાઇ રાઠોડ |
| ૧૦* | ૨૦૫૨– સચિવાલય ૦૯૧– સંલગ્ન કચેરી ૦૧–નિવાસી.. દિલ્હી<br>રૂ. ૮,૬૬,૬૯,૦૦૦<br>અ.પ્ર. ૯<br>પાના નં. ૪૬–૪૭ | ૧૦૦ | ગુજરાત ભવન દિલ્હી ખાતે રાજયના ધારાસભ્યોને સમયસર યોગ્ય રૂમો ફાળવવા જરૂરી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગેંદાલભાઇ ડામોર |
| ગૃહ વિભાગ<br>માગણી નં . ૪૨ | | | | |
| ૧૧ | ૨૦૫૨– સચિવાલય... સેવાઓ | ૧૦૦ | દારૂ–જુગાર, ખૂન અને ચોરી જેવા | શ્રી બલવંતસિંહ |

| | | | | |
|---|---|---|---|---|
| | ૦૯૦–સચિવાલય<br>રૂ. ૧૨,૪૧,૨૮,૦૦૦<br>અ.પ્ર.નં.૧૨<br>પાના નં.૧૬–૧૭ | | બનાવો અંગે ધારાસભ્યોની લેખિત રજૂઆતો છતાં યોગ્ય પગલાંઓ લેવામાં તંત્રની નિષ્ફળતા | રાજપૂત |
| ૧૨ | –– " –– | ૧૦૦ | પોલીસને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી અમિત ચાવડા (મહેન્દ્રસિંહ બારૈયા) |
| ૧૩* | –– " –– | ૧૦૦ | પોલીસ તંત્રની કર્મીઓની કામગીરીને પૂરા પગારથી તાકીદે ભરતી કરી સ્ટાફની ઘટ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી જશુભાઇ બારડ |
| ૧૪* | –– " –– | ૧૦૦ | બેફામ ડ્રાઈવીંગ કરી અકસ્માત કરતા સુખી પરિવારના યુવાનોની પોલીસ તપાસ સઘન બનાવવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી પરેશ ધાનાણી |
| ૧૫ | –– " –– | ૧૦૦ | રાજ્યમાં ગૌવશંની થતી કતલો/ચોરીઓના કૃત્યોમાં સંડોવાયેલ ઇસમો સામે સખ્તાઇથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર |
| ૧૬ | –– " –– | ૧૦૦ | ચેકપોસ્ટો ઉપરથી પસાર થતા વાહનો દ્વારા ગેરકાયદેસર રીતે લવાતા અબજો રૂપિયાના દારૂની હેરાફેરી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મોહનસિંહ રાઠવા |
| માગણી નં .૪૩ | | | | |
| ૧૭ | ૨૦૫૫–પોલીસ<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>૦૧–MEP–૩૦ પોલીસ મહા નિરીક્ષક<br>રૂ.૧૭,૮૮,૮૦,૦૦૦<br>અં.પ્ર.નં .૧૨<br>પા.નં.૨૫–૨૬ | ૧૦૦ | ગુનાહિત પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા ઇસમો દ્વારા કોર્ટ કેસના સાક્ષીઓ ઉપર થતા ઘાતક હુમલાઓ સામે સાક્ષીઓને રક્ષણ આપવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી ઇન્દ્રનીલભાઇ રાજગુરૂ (પ્રહલાદભાઇ પટેલ) |
| ૧૮ | –– " –– | ૧૦૦ | રાજ્યમાં મોટા પાયે થતા દારૂના વેચાણ તથા હેરાફેરી અટકાવવા અંગે જે તે વિસ્તારના પોલીસ અધિકારી/કર્મચારીઓને જવાબદાર ગણી સખ્તાઇથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (કામિનીબા રાઠોડ |
| ૧૯ | ૨૦૫૫–પોલીસ | ૧૦૦ | પોલીસ તંત્રમાં વહીવટદારો દ્વારા | શ્રી ધર્મેન્દ્રસિંહ |

| | | | | |
|---|---|---|---|---|
| | ૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>૦૧–MEP–૩૦ પોલીસ મહા નિરીક્ષક<br>રૂ.૧૭,૮૮,૮૦,૦૦૦<br>અં.પ્ર.નં .૧૨<br>પા.નં.૨૫–૨૬ | | થતાં ગેરકાનૂની આર્થિક વ્યવહારો પકડવામાં અને તે અંગે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | જાડેજા |
| ૨૦ | –– " –– | ૧૦૦ | પોલીસ તંત્રમાં થતી તમામ ઓનલાઇન પ્રક્રિયાઓને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જોઇતાભાઇ પટેલ |
| ૨૧ | ૨૦૫૫–પોલીસ<br>૧૦૯– જિલ્લા પોલીસ<br>૦૧–MEP–૬. જિલ્લા...ખુદ<br>રૂ.૧૫,૭૪,૧૮,૪૪,૦૦૦<br>અં.પ્ર.નં .૧૨<br>પા.નં. ૪૨–૪૩ | ૧૦૦ | પોલીસ અધિકારીઓની સેવામાં રહેતા ઓર્ડલીઓની પ્રથા રદ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મણીભાઇ વાઘેલા (અશ્વિન કોટવાલ) |
| ૨૨ | –– " –– | ૧૦૦ | પોલીસ કસ્ટડીમાં નિયમ વિરૂદ્ધ દબાણ કરી નિર્દોષને ફસાવવાના કૃત્યો નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હર્ષદકુમાર રીબડીયા (વજેસિંગભાઇ પણદા |
| ૨૩ | –– " –– | ૧૦૦ | અસામાજિક તત્વો દ્વારા રહેણાંક વિસ્તારોમાં આમજનતા ઉપર થતા હુમલાઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગ્યાસુદ્દીન શેખ (મંગળભાઇ ગાવિત) |
| ૨૪ | –– " –– | ૧૦૦ | અસામાજિક પ્રવૃત્તિઓ અંગે આમજનતા દ્વારા થતી પોલીસ ફરિયાદ બાબતે પોલીસ દ્વારા લાઠીચાર્જ કરી અસામાજિક તત્વોને છાવરવાની પ્રવૃત્તિને અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાઘવજી પટેલ (મીતેષ ગરાસીયા) |
| ૨૫ | –– " –– | ૧૦૦ | જાહેર સ્થળોએ ખૂન, લૂંટ અને ચોરીના બનતા બનાવો અટકાવવા પોલીસ પોઇન્ટ મૂકવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા (ધીરૂભાઇ ભીલ) |
| ૨૬ | –– " –– | ૧૦૦ | પોલીસ કર્મીઓની જે તે વિસ્તારમાં થતી પેટ્રોલિંગની કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | ડો. અનિલભાઇ જોષીયારા (મહેશકુમાર પટેલ, માનસિંહ ચૌહાણ અને હીરાભાઇ પટેલ) |
| ૨૭ | ૨૦૫૫–પોલીસ | ૧૦૦ | અમદાવાદ શહેરમાં વધતા જતા | શ્રી શૈલેષ |

| | | | | |
|---|---|---|---|---|
| | ૧૦૯- જિલ્લા પોલીસ<br>૦૬-MEP-૧૪.<br>અમદાવાદ...પોલીસ<br>રૂ.૩,૫૪,૭૬,૩૮,૦૦૦<br>અં.પ્ર.નં .૧૨<br>પા.નં. ૪૨ થી ૫૧ | | ગુન્હાઓ સામે અમદાવાદ શહેરને સલામત રાખવામાં તંત્રની નિષ્ફળતા | પરમાર (પૂનમભાઇ પરમાર) |
| ૨૮. | -- " -- | ૧૦૦ | સુરક્ષા સેતુનું આયોજન થવા છતાં મહિલાઓ ઉપર વધતા જતા અત્યાચાર અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | ડો. તેજશ્રીબેન પટેલ (અમિત ચૌધરી |
| | | માગણી નં .૪૪ | | |
| ૨૯ | ૨૦૫૬-જેલ<br>૦૦૧- નિર્દેશ અને વહિવટ<br>૦૧-MEP-૨૨. જેલ મહા નિરીક્ષક<br>રૂ.૧૮,૦૦,૫૫,૦૦૦<br>અં.પ્ર.નં .૧૨<br>પા.નં. ૭૩-૭૪ | ૧૦૦ | જેલોમાં પોલીસ દ્વારા કોડવર્ડના આધારે થતી પૈસાની ઉઘરાણી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સી.કે.રાઉલજી (છનાભાઇ ચૌધરી) |
| ૩૦ | -- " -- | ૧૦૦ | કેદીઓ દ્વારા અપાતા પૈસાની લાલચે જેલના કર્મચારીઓ દ્વારા કેદીઓને આપવામાં આવતી ગેરકાયદેસર સગવડો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુંજાભાઇ વંશ (ચંદ્રિકાબેન બારીયા, જીતુભાઇ ચૌધરી અને નિરંજન પટેલ) |

* આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થઇ નથી.

અધ્યક્ષશ્રી : હવે માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં ૨૦૧૪-૧૫ના બજેટની અનુદાનો માટેની માગણી પૈકી ગૃહ વિભાગની માગણી નં. ૪૨,૪૩ અને ૪૪ ઉપર હું મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

૨૦૧૧-૧૨થી ૨૦૧૪-૧૫ સુધી ૯૫૧૩ કરોડ રૂપિયા ગૃહ વિભાગની અંદર બજેટ દ્વારા ફાળવવામાં આવ્યા છે. ગુજરાતનું એક સારું મોડલ, ગુજરાતનો એક સારો વિકાસ એ તમામને અનુલક્ષીને ખાસ કરીને આ માગણીઓની અંદર જે દરખાસ્ત લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે ત્યારે હોમ એટલે આ રાજયના છ કરોડ નાગરિકોની રક્ષા કરવાની જવાબદારી જેમના માથે છે એમાં મા, બહેન, દીકરી, ભાઇ, બાળક, વૃદ્ધ બધાનો આમાં સમાવેશ થતો હોય છે પણ છેલ્લા ૧૩ વર્ષથી, ૨૦૦૧ થી ૨૦૧૩ સુધીના વર્ષોમાં આ રાજયને મોડલ રાજય તરીકે દેશમાં જયારે પ્રસ્તુત કર્યું છે ત્યારે એ મોડલનો એક ભાગ હું ગૃહ વિભાગની માગણીમાં રજૂ કરવા માગું છું. ૨૦૦૧ થી ૨૦૧૩ સુધી આ રાજયમાં ખૂનો થયા, બળાત્કાર થયા, અપહરણ થયા, ધાડ, લુંટ, ચોરી, ઘરફોડ ચોરી, રાયોટીંગથી માંડીને અનેક બનાવો છેલ્લા ૧૩ વર્ષમાં બન્યા છે. ૧૩ વર્ષમાં બનેલા બનાવોમાં ખૂનના બનાવો ૧૪૮૯૩ બન્યા, બળાત્કારના ૪૯૬૯ કેસ બન્યા છેલ્લા ત્રણ વર્ષમાં,

અપહરણના ૧૭૯૧૨ કેસ, ધાડના ૩૬૩૦ કેસ, લુંટના ૧૫૮૧૨ કેસ, ઘરફોડ ચોરીના ૬૫૬૫૯ કેસ, ચોરીના ૨૨૮૫૬૦ કેસ, રાયોટીંગના ૨૧૯૦૭ કેસ, બેદરકારીથી મૃત્યુ થયા ૬૦૩૪૯ કેસ, અન્ય આઇ.પી.સી.ની ક્રાઇમ મુજબ થયેલી ફરિયાદોના ૮૩૦૩૨૨ કેસો અને કુલ મળીને ૧૫૪૩૧૧૦ આ રીતના ગુનાઓ બનેલા છે અને ખાસ કરીને મોડલ સ્ટેટની  મારા સાથી ધારાસભ્યોએ ખુબ સારી વાત કરી છે ગુજરાતનું આ મોડલ કે જે નેશનલ ક્રાઇમ બ્યુરોના જે આંકડા છે એ ક્રાઇમ બ્યુરોના આંકડાના આધારે આ સભાગૃહનું ધ્યાન દોરવા માગું છું.

ગુજરાતની અંદર બળાત્કારના કેસોના જે મેં આંકડા કીધા, બળાત્કારમાં ગુજરાતનો ૫૪.૮ ટકાનો ૨૦૧૩માં રેશીયો રહેલો છે. સામે ઉત્તર પ્રદેશમાં ૨૬ ટકા, લૂંટમાં ગુજરાતનો ૪.૬ ટકા છે સામે ઉત્તરાખંડના ફક્ત ૪.૨, ધાડમાં ગુજરાતના પ્લસ ૦.૩ રહેલો છે. જયારે ઝારખંડનો માઇનસ ૧૮.૩ રેશીયો રહેલો છે. ઘરફોડીના ૬.૧ રેશીયા સામે છત્તીસગઢમાં ૫.૮નો રેશીયો રહેલો છે. ચોરીમાં ગુજરાતમાં માઇનસ ચાર પોઇન્ટ રહેલો છે ત્યારે પંજાબમાં માઇનસ ૯.૩ રહેલો છે અને અન્ય ગુનાઓમાં ગુજરાત જેનો રેશીયો ૬.૧ રહેલો છે એ ઉત્તરપ્રદેશના રેશીયા આઠના પ્રમાણમાં ફક્ત બે ટકા ઓછો છે. આ ગુનાઓની વાત કરી. ગુનાના ભાગરૂપે આઇ.પી.સી. ગુનાનો ક્રાઇમ રેશિયા મુજબ આ દેશમાં જે રાજ્યો રહેલા છે એ રાજયોની અંદર ગુના નંબર ક્રાઇમની બાબતમાં ૨૧ ટકાના ભાગરૂપે ગુજરાતનો ક્રાઇમમાં ત્રીજો નંબરે આવે છે. એક નંબરમાંથી ગુજરાત બે આંકડા પાછળ છે.  આ નેશનલ ક્રાઇમ બ્રાન્ચના આંકડા કહું છું. ઉત્તર પ્રદેશની વાત થાય. ઉત્તર પ્રદેશમાં ૨૦૧૩ ના રેશિયા મુજબ ૧૪.૩ ટકા દેશમાં ૧૦ માં ક્રમે રહેલ છે. જયારે બિહાર અતિ પછાત એ બિહારનો રેશિયો ૧૪.૨ ટકા આ દેશમાં ૧૧ માં ક્રમે રહેલ છે.  મધ્યપ્રદેશ ભારતીય જનતા પાર્ટીની સરકાર *(xxxxxx)એમનો રેશિયો ૩.૨ ટકા રહેલો છે અને આ રાજ્યનો દેશના ૨૨ માં નંબર તરીકે આવેલ છે.

પોઇન્ટ ઓફ ઓર્ડર

શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવા અંગે

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. (xxxxxx) એ સાચું અને વાજબી નથી.  વરસાદના કારણે નદીમાં પાણી નથી આવતું. આ પ્રશ્નને રીલેટેડ નથી. સંબંધો ઉપર અને આપણી નર્મદાની કામગીરી ઉપર અસર થાય. સભ્યશ્રીએ આવી વાત ન કરવી જોઇએ.

અધ્યક્ષશ્રી : હોમ ડિપાર્ટમેન્ટ ઉપર જ બોલો. બીજા રાજ્ય વિશે કોઇ બોલવાની જરૂર નથી. રાઇટ હોય એટલું બરોબર છે. બાકીનું હોય, એટલું કાઢી નાખશો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે ગૃહ વિભાગની ચર્ચા હોય, ત્યારે ૪ મોટાં શહેરોની વાત કરીએ. અમદાવાદ શહેર હોય, સુરત શહેર હોય, રાજકોટ કે વડોદરા શહેર હોય ૨૦૧૨ ના પ્રમાણમાં અમદાવાદ શહેરમાં ખૂનના પ્રમાણ ૨૦૧૩ માં જે ૯૦ ના ૯૬ કિસ્સા થઇ ગયા છે. ૬ ટકાનો રેશિયો વધ્યો છે. સુરતમાં ૧ ટકાનો રેશિયો વધ્યો છે. રાજકોટમાં રેશિયો વધ્યો છે. વડોદરામાં રેશિયો વધ્યો છે. ખાસ કરીને અપહરણ, બળાત્કારની બાબતમાં અમદાવાદ શહેર, સુરત, રાજકોટ હોય કે વડોદરા એ ચારે ચાર શહેરોમાં તમામ ગુનાનો રેશિયો વધ્યો છે. અમદાવાદ શહેરમાં બળાત્કારની વાત કરીએ તો ૮૪ ટકા રેશિયો ૨૦૧૩ માં ૨૦૧૨ ના પ્રમાણમાં. અપહરણમાં ૧૦૦ ટકા રેશિયો વધ્યો છે. ખાસ કરીને સુરતની વાત કરીએ તો બળાત્કારમાં ૪૪ ટકા રેશિયો વધ્યો છે. બળાત્કારમાં સુરતમાં અપહરણની અંદર ૨૩૯ ટકા જેટલો રેશિયો વધેલ છે. રાજકોટમાં ૧૪ ટકા બળાત્કારનો રેશિયો વધ્યો છે. ખાસ કરીને વડોદરાની અંદર ૨૨ ટકા રેશિયો રહ્યો અને બળાત્કારની અંદર ૭૨.૭ ટકા રહ્યો.

આ આંકડા કહી બતાવે છે કે જયારે રાજ્યનું બજેટ, હોમની અંદરનું બજેટ ફાળવવામાં આવતું હોય ત્યારે જે રીતનું બજેટ ફાળવવામાં આવે ખાસ કરીને કેગનો રિપોર્ટ બીજા અહેવાલમાં ખાસ જોવામાં આવ્યું છે કે મહેસૂલ વિભાગ હોય કે પોલીસ ડિપાર્ટમેન્ટ હોય એમાં ભ્રષ્ટાચારની વાત આવે છે. પોલીસોનો પગાર ન

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા.

વધે. લોકદળ, લોક રક્ષક, ગ્રામરક્ષક હોય એમને જો પૂરતુ વેતન ન મળે એના લીધે આ ભ્રષ્ટાચારની દિન–પ્રતિદિન ફરિયાદો વધતી જાય છે. ફિકસ પગાર ઉપર જેના માથે રાજયની જવાબદારી છે. તમે ફિકસ પગાર આપો તો પોતાની જવાબદારી કેવી રીતે નિભાવી શકશે? ખાસ કરીને સૌરભભાઇ પ્રવચનમાં કહી રહ્યા હતા કે આવનારું ૨૦૧૫ નું વર્ષ એ પ્રવાસી ભારતીય વર્ષ તરીકે ઉજવવા જઇ રહ્યા છીએ. માનનીય વડાપ્રધાનશ્રીએ ગુજરાત રાજયને પસંદ કર્યુ છે ત્યારે ૧૦૦ ટકા અમે પણ તેમાં મહાત્મા ગાંધીજીની વાત હોય ત્યારે કોંગ્રેસ પાર્ટી પણ આપની સાથે જોડાશે. મહાત્મા ગાંધીજીના સિદ્ધાંતો હતા અને તે દારૂબંધીના હિમાયતી હતા અને તેઓ ખૂબ કહેતા કે આ દેશમાં દારૂબંધી હોવી જોઇએ. ખાસ કરીને દેશમાં તો નથી પણ આ રાજયમાં તેમનો જન્મ થયો હતો, તેમનું જન્મ સ્થળ અહીં છે એટલે આ રાજયમાં દારૂબંધી છે. નીતિનભાઇએ ખૂબ સારી વાત કરી હતી કે આપણી પાસે વાલ્વ નથી કે તે ખોલી દઇએ તો વરસાદ પડી જાય. હું આ સભાગૃહને આંકડા આપવા જઇ રહ્યો છું. એવા આંકડા છે કે વાલ્વ નહીં તેને શું કહેવાય કે કાંગ ખોલેલો છે એટલો વરસાદ આ આંકડા પરથી જોઇ શકાય છે. છેલ્લા ત્રણ વર્ષમાં આ રાજયમાં કહેવાતી દારૂબંધી અને એમ કહેવાય કે એકટ નહીં એકશનની જરૂર છે. કાયદો આ ગૃહે ઘડેલો છે. આપણી પાસે પોલીસ છે. તેમ છતાં પણ એવું માની શકાય કે કદાચ દેશી દારૂનો ધંધો કરનારો એક ગામના ખૂણામાં, પાદરમાં બેસીને તે ધંધો કરતો હશે. કોઇ જુગારનો અડ્ડો પોતાના ઘરમાં ચલાવતો હશે. આ આંકડા જોઇને એમ લાગે છે કે આટલો બધો વિદેશી દારૂ ગુજરાતમાં કેવી રીતે ઠલવાય છે તે સમજાતું નથી. અમદાવાદ શહેરની અંદર છેલ્લા ત્રણ વર્ષની અંદર જે દેશી દારૂ પકડાયો છે તે ૨ લાખ ૪૮ હજાર ૭૦૦ લિટર કરતાં પણ વધારે છે. જેની કિંમત ૪૮ લાખ ૯૪ હજાર કરતાં વધારે થાય છે. ખાસ કરીને અમદાવાદ શહેરમાં વિદેશી દારૂની બોટલો જે પકડાઇ તેમાં ૭ લાખ ૬ હજાર કરતાં વધારે બોટલો પકડાઇ છે. તેની કિંમત કેટલી થાય? માનનીય મંત્રીશ્રી મહેસાણા ખાતે હોમગાર્ડ માટેનું એક તાલીમ કેન્દ્ર ખોલવા જઇ રહ્યા છે. તેમાં અઢી કરોડની સરકારે જોગવાઇ કરીને ફાળવ્યા છે. અમદાવાદ શહેરમાં જ ૯ કરોડ ૮૦ લાખ ૬૫ હજારનો દારૂ પકડાયો છે. આ આંકડા આપી રહ્યો છુ તે મારા પોતાના નથી. વિધાનસભાની બુકલેટમાંથી જે ધારાસભ્યશ્રીઓએ પ્રશ્નો પૂછેલા છે અને તેના આધારે તૈયાર કરેલા મટીરીયલ્સમાંથી આ સભાગૃહ સમક્ષ મૂકી રહ્યો છું. દાહોદની અંદર ૧ કરોડ અને ૭૦ લાખ રૂપિયાનો વિદેશી દારૂ પકડાયો. વડોદરા, અમરેલીમાં ૩૩ લાખ રૂપિયાનો દારૂ પકડાયો. વડોદરા, આણંદ અને ભરૂચમાં ૧૨ કરોડ ૮૫ લાખ રૂપિયાનો દારૂ પકડાયો. અમદાવાદ જિલ્લો, મહેસાણા અને ગાંધીનગર જિલ્લામાં ૧૩ કરોડ ૨૧ લાખ રૂપિયાનો દારૂ પકડાયો. જામનગર, કચ્છ અને સુરેન્દ્રનગરમાં ૫ કરોડ ૭૦ લાખ રૂપિયાનો દારૂ પકડાયો. સાબરકાંઠા, બનાસકાંઠા અને પંચમહાલમાં ૪૦ કરોડ રૂપિયા જેટલો દારૂ પકડાયો. જૂનાગઢ, રાજકોટ અને પોરબંદરમાં ૧ કરોડ ૫૭ લાખ કરતાં વધારે દારૂ પકડાયો. સુરત, નવસારી અને વલસાડ, ડાંગમાં ૪૨ કરોડ કરતાં વધારે દારૂ પકડાયો છે. આ ગુજરાતમાં આપણે દારૂબંધીની વાત કરીએ છીએ. મહાત્મા ગાંધીના વિચારોને લઇને ૨૦૧૫ની અંદર સ્વચ્છ અભિયાનની અંદર આ સભાગૃહની અંદર માનનીય સિનિયર નાણામંત્રીશ્રીએ જયારે કહ્યું હોય ત્યારે જો મહાત્મા ગાંધીજીને સાચા યાદ કરવા હોય, સ્વચ્છતાની વાત કરવી હોય તો આ રાજયમાં દારૂબંધીનો કડકમાં કડક અમલ કરાવવો જોઇએ. આ આવે છે કયાંથી?

અધ્યક્ષશ્રી : પ્લીઝ, કોઇએ વચ્ચે કોમેન્ટ નહીં કરવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય સૌરભભાઇ આ આવે છે કયાંથી? મેં પહેલાં કહ્યું કે દેશી બનાવી શકાશે. દેશી દારૂમાં વાત કરું તો ૫ લાખ અને ૬૦ હજાર લીટર જેટલો દેશી દારૂ આ રાજયમાં છેલ્લા ત્રણ વર્ષમાં પકડાયો છે અને તેની કિંમત ૧ કરોડ અને ૬૫ લાખ રૂપિયા જેટલી થવા જાય છે. વિદેશી દારૂ...

અધ્યક્ષશ્રી : પ્લીઝ સાંભળો બધા. વચ્ચે કોમેન્ટ નહીં કરો. પછી તે તમારી કોમેન્ટનો જવાબ આપવા જશે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, વિદેશી બોટલો તો કેટલી બોટલો પકડાઇ? ૧ કરોડ ૪૬ લાખ ૫૪ હજાર ૭૮૧ બોટલો પકડાઇ છે. આ કયાંથી આવી માનનીય સૌરભભાઇ? એક કાર્ટુન હોઇ શકે, એકાદ ગાડી હોઇ શકે પણ માનનીય સૌરભભાઇ, ૧.૪૬ કરોડ બોટલો આ રાજયમાં ક્યાંથી આવી? એ ગુજરાતની પ્રજા પૂછવા માગે છે. માનનીય અધ્યક્ષશ્રી, એની કિંમત છે એ આંકડા મારે ગણવા પડશે, ૧૨૭

કરોડ અને ૯૩ લાખ ૯૩ હજાર ૨૯૨ રૂપિયાનો આ રાજયમાં વિદેશી દારૂ પકડાયો. સૌરભભાઇને મેં એ રીતે નથી કહ્યું. સૌરભભાઇએ મને એમ કહ્યું કે આ બોટલો આવે છે ક્યાંથી? મેં એમ કહ્યું કોઇ એક બોટલ લાવી શકે, કાર્ટુન લાવી શકે પણ આ ૧.૪૬ કરોડ બોટલો કેવી રીતે લાવી શકે? મેં મિત્ર તરીકે એમને કહ્યું છે. સો ટકા હું રજનીભાઇને જ કહું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે અમદાવાદ શહેરમાં છેલ્લા ૩ વર્ષમાં માં-બેન-દિકરીઓ જયારે નીકળે છે ત્યારે એ બગસરાના દોરા પહેરીને નીકળતી થઇ ગઇ છે. ૧૪૯૪ જેટલા દોરાઓ આ બહેનોના છીનવાઇ ગયા છે. આ રાજયમાં છેલ્લા ૫ વર્ષમાં જે આપઘાતના બનાવો બન્યા છે એ ૩૦૮૮૫ બનાવો બન્યા છે અને સરેરાશ આંકડો જોઇએ તો દર વર્ષે ૬૧૭૭ માણસો આપઘાત કરે છે અને એની એવરેજ જોઇએ તો રોજના ૧૬ થી૧૭ માણસ આપઘાત કરે છે. માનનીય મંત્રીશ્રી જે રીતે માગણીઓ લઇને આવ્યા છે ત્યારે મારે કહેવું છે કે તેઓ જે રીતે આતંકવાદની વાત કરે છે એમાં એ.ટી.એસ.ની વાત છે, એ એ.ટી.એસ.સ્કવોડ છે એ કોઇ આતંકવાદી આ રાજયમાં પ્રવેશે તો એને અટકાવવાનું કામ આ એ.ટી.એસ. કરતી હોય છે. આજે આ એ.ટી.એસ.ની શું પરિસ્થિતિ છે? સરકાર કેટલી આતંકવાદીઓ માટે ગંભીર છે? ૨૪ જગ્યાઓ ખાલી છે. અક્ષરધામ ઉપર હુમલો કરીને ૩૯ હરિભક્તો, નિર્દોષ લોકોને આતંકવાદીઓએ મારી નાખ્યા હતા, સુપ્રીમ કોર્ટમાં જેની ઉપર આરોપ હતો એ લોકો નિર્દોષ છૂટ્યા છે ત્યારે સરકારને હું પૂછવા માગુ છું કે જે રીતે તમે આતંકવાદીઓ તરીકે સમજીને જે નિર્દોષોને પૂર્યા હતા તો આ અક્ષરધામ ઉપર હુમલો જે વ્યક્તિઓએ કરાવ્યો હતો અને સરકાર અક્ષરધામના હુમલા માટે સુપ્રીમ કોર્ટની અંદર ડબલ બેચની અંદર અપીલ કરવા માગે છે કે કેમ? હુ એ સરકારને પૂછવા માગું છું.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જયારે ગૃહ અને સામાન્ય વહીવટ વિભાગની માગણીઓ લઇને આવ્યા છે ત્યારે મારે ખાસ કહેવું છે કે, આટલું મોટું બજેટ જ્યારે ગુજરાતની સરકાર ગૃહ અને સામાન્ય વહીવટ વિભાગ ઉપર વાપરતી હોય અને અવાર નવાર માનનીય મંત્રીશ્રીઓ જે જવાબ આપતા હોય છે કે ઘણી વાર તો ૧૯૬૨ સુધીનો જવાબ આપે અને કહે કે ૧૯૬૨માં આવું હતું અને ૨૦૦૦ સુધીનો એટલે કે ૩૮-૪૦ વર્ષનો રેકર્ડ રજૂ કરવામાં આવતો હોય છે. મારે ખાસ કરીને કાલે જ સૌરભભાઇએ જે કહ્યું હતું કે, અને છેક ૧૯૬૨થી ગણાવતા હતા ત્યારે મારે માનનીય મંત્રીશ્રીને ખાસ કરીને કહેવું છે કે મારે ખાલી ૧૯૯૦ સુધીના આંકડા ગણાવવા છે.

આજે ગૃહ વિભાગની અંદર જે માગણીઓ લઇને આવ્યા છે ૧૯૯૦-૯૧માં અમારી સરકારમાં માત્ર ૩૪૭ કરોડ રૂપિયાનું બજેટ હતું અને આજે ૨૦૧૪-૧૫માં ૪૦૫૬ કરોડ રૂપિયાનું બજેટ છે. એ વખતે પોલીસ ડિપાર્ટમેન્ટનું બજેટ માત્ર ૧૯૮ કરોડ રૂપિયા હતું અને આજે ૩૦૦૦ કરોડથી પણ વધારે છે. જે આજની તારીખમાં ૧૪૦૦ થી ૧૫૦૦ ટકા એની અંદર વધારો થયો છે. માનનીય અધ્યક્ષશ્રી, જેલોમાં માત્ર ૬ કરોડ રૂપિયા બજેટ હતું જે આજે ૯૬ કરોડ રૂપિયા એટલે ૧૬૦૦ ટકા જેટલો વધારો છે. એ વખતે માથાદીઠ એક વ્યક્તિનો ખર્ચો માત્ર ૮૬ રૂપિયા હતો એ આજે ૬૭૬ રૂપિયા છે. એ વખતની અમારી કોંગ્રેસ સરકારનો પારદર્શક વહીવટ હતો અને એમ કહેવાય કે આટલા ઓછાં બજેટની અંદર પણ ગૃહ ખાતામાં અમે કેટલો કન્ટ્રોલ કરીને ચાલતા હતા. એ આંકડા આપું છું. મારે એ કહેવું છે કે એ વખતે જે ગુનાઓ હતા ૧૯૯૦ની સાલમાં એ ૧૦૭૨૬૨ હતા અને આજની સરકારમાં આટલું મોટું બજેટ હોવા છતાં પણ, આ ગુજરાતને વિકાસ મોડેલ કહેવા છતાં "અચ્છે દિન આનેવાલે હૈ" એ કહેવા છતાં પણ આજે ગુનાની અંદર ૨૦૧૩માં ૫૦૦ ટકાનો વધારો થયો છે. એક લાખ ૫૭ હજાર. માનનીય અધ્યક્ષશ્રી, આપણને તો નવાઇ લાગે કે આટલું મોટું બજેટ ફાળવ્યા છતાં પણ દિનપ્રતિદિન ગુનાઓમાં વધારો થઇ રહ્યો છે. આજે જે આંકડા છે ચાહે અલગ અલગ પ્રકારના ગુના હોય, બળાત્કારના હોય, અપહરણના હોય તેવા દરેકમાં દિનપ્રતિદિન આ સરકારમાં વધારો થઇ રહ્યો છે. મારે સરકારને માત્ર એટલી વિનંતી કરવી છે કે, ગુજરાત એક એવું રાજ્ય છે સમગ્ર ભારતની અંદર એમ કહેવાય કે ગુજરાત રાજ્ય સલામતી માટે વખણાતું. એના કારણો મોટા મોટા ઉદ્યોગપતિઓથી માંડીને અનેક લોકો ગુજરાતમાં આવતા હતા. આજે દિનપ્રતિદિન ગુજરાતની પરિસ્થિતિનું નિર્માણ એવું થયું છે જેના કારણે લોકો આવતા અટક્યા છે આપણે ત્યાં મોટા મોટા એમ.ઓ. યુ. થયા પણ

ગુજરાતની અંદર સલામતી ના હોય તો ત્યાં આગળ લોકો અહીંયા આવતા ડરતા હોય છે. આવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે.

મારે ખાસ કરીને કહેવું છે કે, કે જે ઇન્ડિયન પીનલ કોડ જેના મારી પાસે ૨૦૧૨ની સાલના આંકડા છે, સમગ્ર દેશના જે ૨૦૧૨-૧૩ના આંકડા છે એમાં આખા ભારતના ૧૦ ટકા છે અને ગુજરાતનો કેટલો તો ૨૧.૪૦ ટકા છે. એટલે સમગ્ર ભારતમાં જે ગુના બને એના કરતા ગુજરાતની અંદર ગુનાઓ ડબલ બની રહ્યા છે. ખરેખર માત્ર હું બોલું છું એના માટે નહિ પણ આ બાબતમાં આપણે બધાએ ચિંતા કરવાની જરૂર છે કે ગુજરાતમાં દિનપ્રતિદિન કેવી પરિસ્થિતિનું નિર્માણ થઇ રહ્યું છે. આપણે સુખી થઇએ એ ચોક્કસ, બીજા બધા લોકો બહારથી આવીને કંઇકને કંઇક ગુનાની પ્રવૃત્તિઓ વધારી શકતા હોય એના ઉપર કન્ટ્રોલ કરવાની જરૂરિયાત છે. નહિતર એક દિવસ એવો આવશે કે સમગ્ર દેશની અંદર ગુનાની સંખ્યામાં ગુજરાત મોખરે થાય એવી સ્થિતિની પરિસ્થિતિનું નિર્માણ થશે અને એ ન થાય એના માટેની તકેદારી રાખવાની જરૂર છે.

છેલ્લાં પાંચ વરસમાં બહુ ગુનાઓ વધ્યા છે. ખાસ કરીને ૨૦૦૮થી ૨૦૧૩ સુધી ગુજરાતમાં વાર્ષિક ૨૯.૩૦ ટકા છે અને આપણે બિહાર સાથે સરખાવીએ તો બિહારની પરિસ્થિતિ આપણા કરતાં નીચી છે. આંધ્રપ્રદેશની નીચી છે, હરિયાણાની નીચી છે અને મહારાષ્ટ્રમાં તો માત્ર ૧૪.૧૭ છે. બોમ્બે જેવું આવડું મોટું સીટી હોય ત્યાં આપણે કન્ટ્રોલ કરીને ચાલતા હોઇએ છીએ. આવી સ્થિતિની અંદર મારે ખાસ વાત કરવી છે. બીજી એ વાત કરવી કે ગુજરાતની અંદર જે લોકો પકડાય છે અને પછી એ છૂટી જાય છે એના આંકડા મેં ગયા વખતે પણ આપ્યા હતા અને આ વરસે મારી પાસે ૨૦૧૩ના જે આંકડા છે એ નેશનલ ક્રાઇમ ગુજરાતમાંથી મેં લીધેલા છે. સમગ્ર ભારતની અંદર જે સ્થિતિ છે એમાં પણ છૂટી જવાના, નિર્દોષ છૂટવાના વધુમાં વધુ આંકડા આપણે ત્યાંના છે. ખૂનમાં ૭૮ ટકા લોકો આપણે ત્યાં છૂટી ગયા છે, બળાત્કારમાં ૮૧ ટકા લોકો છૂટી ગયા, ધાડમાં ૯૮ ટકા લોકો આજે છૂટી ગયા છે. વિશ્વાસઘાતમાં ૯૬ ટકા લોકો આજે નિર્દોષ છૂટી ગયા છે. ખૂનની કોશિષ કરવામાં ૮૮ ટકા લોકો આજે છૂટી ગયા છે. અપહરણના કિસ્સાની અંદર ૯૨ ટકા લોકો છૂટી ગયા છે. આજે ચોરીમાં ૯૨ ટકા લોકો છૂટી ગયા છે, ઠગાઇમાં ૯૧ ટકા લોકો છૂટી ગયા છે, લૂંટ, હૂલ્લડો અને આ બધા કિસ્સાઓની અંદર ૯૩-૯૪ ટકા લોકો આજે નિર્દોષ છૂટે છે. મારી ગૃહ વિભાગને વિનંતી છે કે, ગુજરાતની અંદર પરિસ્થિતિનુ નિર્માણ એવુ છે કે જે લોકો ગુન્હા કરે છે તેની આપણે સાચી રીતે તપાસ નથી કરતા અથવા તો નિર્દોષ લોકોને આપણે પકડીએ છીએ તેના કારણે આજે છૂટી જાય છે. માટે ગૃહ વિભાગને મારી વિનંતી છે કે, આ વિભાગની અંદર જો ગુજરાતનું એક આગવુ સ્થાન આપણે રાખવુ હશે તો ગુન્હાખોરી ડામવી પડશે એવી પરિસ્થિતિ આજે કરવી પડશે. અને તેનું સૌથી મોટુ કારણ હશે જેમ અહીંયા હમણાં શૈલેષભાઇએ કહ્યું કે આજે આપણી એટલી બધી જગ્યાઓ ખાલી છે એ જગ્યાઓ જલદીમાં જલદી ભરવી જોઇએ અને એ જગ્યાની અંદર કડકમાં કડક બંદોબસ્ત થાય એવી વ્યવસ્થા કરવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય વહીવટ વિભાગમાં મારે ખાસ કરીને કહેવું છે કે, ચૂંટણીમાં જે રીતનો આપણો જે ખર્ચ કરવામાં આવે છે અને ચૂંટણીની અંદર જે પરિસ્થિતિનું આપણુ નિર્માણ છે કદાચ ભારતની સંસદમાં જે ખર્ચો થાય છે તેની હરોળમાં સૌથી મોટો ખર્ચો ગુજરાતમાં થાય છે. ગુજરાતની અંદર જે મતદાર યાદીની અંદર જે નામ ચકાસવાની પધ્ધતિ છે જે લોકો અમુક વસ્તુઓથી અમુક લોકો બહાર ગયા હોય તો તેના નામ કમી કરી દેવામાં આવતા હોય છે. આ નામ કમી કરવાના કારણે જયારે પણ માણસ માત્ર અહીંયાથી પચાસ કે સો કિલોમીટર દૂર નોકરી કરતો હોય,બહાર ગયો હોય એવા સંજોગોની અંદર તે જયારે ફરી આવે ત્યારે મતદાર યાદીમાં નામ દાખલ કરવા માટે ઘણી તકલીફો પડતી હોય છે. સામાન્ય વહીવટ વિભાગમાં આપણાં પાંચ લાખથી વધારે કર્મચારીઓ છે. આજે ગુજરાતની પરિસ્થિતિનું નિર્માણ એવુ હોવું જોઇએ કે લોકોને મન મૂકીને જયાં આગળ કર્મચારી ગુજરાત સરકારમાં વફાદારીથી કામ કરે, એનો ઉત્સાહ વધે એ પ્રમાણેના સરકારે પ્રયત્નો કરવા જોઇએ. આજે અહીંયા પ્રયત્ન એવો થઇ રહ્યો છે કે આજે કર્મચારીઓને એટલો લોડ આપવામાં આવે છે કે તે ચાહે શિક્ષક હોય, ચાહે એસ.ટી.નો કર્મચારી હોય, આરોગ્યનો કર્મચારી હોય બધા જ કર્મચારીઓને ઉત્સવોમાં ફેરવવામાં આવે છે. દરેક માણસ સવારથી સાંજ સુધી ઉત્સવોના કારણે બહાર નથી આવી શકતો. ઉત્સવોમાં સરકાર એક વખત ખર્ચો કરવાનુ નક્કી કરે પણ

તેનો અંદાજ હંમેશા બમણો થઇ જતો હોય છે. અને ઉત્સવો માનનીય કયા પ્રકારના, ભૂતકાળમાં પણ ભારતમાં આજથી પાંચ હજાર વર્ષ પહેલાં ઉત્સવો થતા હતા અને આજે પણ ઉત્સવો થાય છે. જે ધાર્મિક પ્રવૃત્તિથી માંડીને અનેક પ્રવૃત્તિના ઉત્સવો થતા હતા. પણ તેની અંદર આટલી બધી સરકારી એજન્સી લગાવીને જે પૂર્ણ કરવામાં આવે છે તે ખરેખર સરકારે ઓરીજીનલ કર્મચારીઓને કામ કરવુ જોઇએ જેના કારણે આજે ગુજરાત દિન–પ્રતિદિન દરેક ક્ષેત્રે પાછળ જાય છે. અને તે પાછળથી જો આગળ લાવવું હોય તો ઓરીજીનલ કામ કરે એ આપણા માટે બહુ મહત્વની વાત છે. શિક્ષકો તમે જોતાં હશો, આંગણવાડીની બહેનો જોતાં હશો, એસ.ટી.માં જોતા હશો દરેક પ્રકારની આ પ્રવૃત્તિ થઇ રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે ખાસ કરીને કહેવું છે કે, જે પંચો છે તેમાં આપણે ખર્ચો કરતા હોઇએ છીએ. તેનો રિપોર્ટ આપણે માગતા હોઇએ છીએ, પણ તે રિપોર્ટ આજદિન સુધી વિધાનસભાના ટેબલ ઉપર મૂકાતો નથી. આર.બી.શાહ કમિશનર માટે ૨૦૧૨–૧૩ની અંદર ૬૩.૧૫ અને ૨૦૧૪–૧૫માં ૫૩.૫૦નો આપણે આ ખર્ચ કર્યો. આ કામ પણ પૂર્ણ થઇ ગયુ, પણ આજદિન સુધી વિધાનસભામાં તેનો રિપોર્ટ મૂકાતો નથી. મને એ સમજાતુ નથી કે ગુજરાતના આટલા,

અધ્યક્ષશ્રી : એક મિનિટ છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : આટલા સમયથી આ ગૃહની અંદર જયારે પૂર્ણ થઇ ગયો હોય ત્યારે રિપોર્ટ મૂકવામાં આપણને શું તકલીફ હોઇ શકે ? બીજા આપણા સુજ્ઞાબહેન ભટ્ટનું જે તપાસ પંચ છે તેનો પણ રિપોર્ટ ટેબલ ઉપર મૂકાતો નથી. મારે માનનીય મંત્રીશ્રીને ખાસ કરીને એ કહેવું છે કે, વહેલામાં વહેલી તકે આ રિપોર્ટ મૂકાય. આવા કેટલાય રિપોર્ટો વિધાનસભામાં બાકી છે તે બધાય મૂકાય અને જે આ પરિસ્થિતિનું નિર્માણ છે કે ખાસ કરીને જે ગ્રાન્ટો બાબતમાં. ગ્રાન્ટની અંદર આપણી એક યોજના હોય છે કે એમાં ચૂંટાયેલા પ્રતિનિધિ મૂકાતાં હોય છે. પણ સરકારે આખી સીસ્ટમને એ કરીને તેમાં લોકપ્રતિનિધિ તરીકે મૂકતાં હોય છે. જે પ્રાંત અધિકારી એ.ટી.વી.ટી.ની જે ગ્રાન્ટો આપતાં હોય છે તેમાં પણ આ સરકારે સુધારો કરવો જોઇએ એવુ મારું સૂચન છે.

શ્રી અમિત અ. ચાવડા(આંકલાવ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીઓ સામાન્ય વહીવટ વિભાગ અને ગૃહ વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય વહીવટ વિભાગ એટલે કોઇ પણ રાજયનું હૃદય કહેવાય, આખી વ્યવસ્થાનું કેન્દ્ બિંદુ કહેવાય. આમ, તો આ વિભાગ માનનીય મુખ્ય મંત્રીશ્રીના હસ્તક જ કાયમ હોય છે તો આપણે પણ આશા રાખીએ કે, તેઓશ્રી અહીંયાં ઉપસ્થિત નથી પણ મારી લાગણી એમના સુધી પહોંચે.

માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળમાં આ વિભાગ દ્વારા ધારાસભ્યશ્રીઓના પત્રો બાબતે, એમની રજૂઆતો બાબતે અને પ્રોટોકોલ બાબતે અનેક પરિપત્રો અને સૂચનાઓ આપવામાં આવેલ છે. ધારાસભ્ય શાસક પક્ષનો હોય કે વિરોધપક્ષનો હોય એ પ્રજાનો ચૂંટાયેલો પ્રતિનિધિ છે. એ પ્રજાના પ્રશ્નો અંગે, પ્રજાની મુંઝવણો અંગે, પ્રજાની મુશ્કેલીઓ અંગે વારંવાર માનનીય મુખ્યમંત્રીશ્રીથી માંડીને તાલુકા કક્ષાએ પત્રો દ્વારા રજૂઆતો કરતો હોય છે. ભૂતકાળમાં આ પરિપત્રોનો ચોકકસ અમલ થાય એ માટેની એક મોનિટરિંગ સિસ્ટમ હતી. માનનીય મંત્રીશ્રી કક્ષાએ અને સચિવ કક્ષાએ પણ દરેક જિલ્લામાં આની સમીક્ષા કરવામાં આવતી હતી પણ મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, છેલ્લા દસ વર્ષમાં મને આ ગૃહમાં સભ્ય તરીકે કામ કરવાની તક મળી છે અને મને જે અનુભવ હશે એવો જ અનુભવ લગભગ દરેક સભ્યશ્રીઓને પણ થયો હશે. આ દસ વર્ષમાં એ મુખ્યમંત્રીશ્રીથી મંત્રીશ્રી હોય, સચિવ હોય કે જિલ્લાનો અધિકારી હોય કે તાલુકાનો અધિકારી હોય એને કોઇ ધારાસભ્યશ્રી પત્ર લખે, રજૂઆત પત્ર મોકલે તો ચોકકસ મર્યાદામાં જવાબ આપવાની આશા તો આપણે છોડી દીધી છે. સાહેબ, મંત્રીશ્રીઓને કે મુખ્ય મંત્રીશ્રીને તો ફૂરસદ ના હોય એ સમજી શકાય પણ સચિવો અને જિલ્લા કક્ષાના અધિકારીઓ છે એમને પણ આ ચૂંટાયેલા પ્રતિનિધિઓના પત્રોનો જવાબ આપવા માટેની ફૂરસદ નથી. મારી તો માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, આપના જ વિભાગના પરિપત્રો છે. એનો અમલ ના કરનારા અધિકારીઓ કે કર્મચારીઓ હોય તો એની સમીક્ષા કરીને એની સામે ચોકકસ પગલાં લેવાં જોઇએ

અને જે પરિપત્રો આપણે કર્યા છે એનો અમલ યોગ્ય રીતે થાય એ પત્રનો જવાબ મળે, એ પત્રની રજૂઆતનો નિકાલ થાય એ માટેની આપણી જે પદ્ધતિ છે એના માટે ચોક્કસ એમને રસ લઇને કામગીરી કરવી પડે.

માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે રાજયનું વહીવટી તંત્ર ચાલે છે. ભૂતકાળમાં એવું હતું કે કોઇ સારો કર્મચારી હોય પ્રામાણિકતાથી, નિષ્ઠાથી આ રાજયના વિકાસ માટે યોજનાઓ અમલમાં લાવેને અને સારી કામગીરી કરે તો એને સારી જગ્યાએ પોસ્ટીંગ મળતું હતું. એ માટે સામાન્ય વહીવટ વિભાગ પણ એના વકીલ તરીકે એ મંત્રી હોય કે મુખ્યમંત્રી સુધી રજૂઆત કરતા હતા પણ છેલ્લા ભારતીય જનતા પાર્ટીના શાસનમાં આજે અધિકારીઓને બે વિભાગમાં વહેંચી દેવામાં આવ્યા છે. *(xxxxxx) આપણે આજે અનેકવાર જોયું છે કે, પોતાને લાભ મેળવવા માટે (xxxxxx)

અધ્યક્ષશ્રી : પ્લીઝ, અધિકારી કે કોઇ મુખ્યમંત્રી ઉપર ટીકા ના કરી શકાય, બાકીનું જનરલ બોલો. નામ બોલ્યા વગર કહો. આમાં અધિકારી નિયમ મુજબ કામ કરતા હોય એનું મોરલ ડાઉન થાય અને એ બધાય (xxxxxx) કરે છે એ શબ્દો તમે જે બોલ્યા છો એ હું કાઢી નાખું છું. અધિકારી ઉપર તમારા કોઇ સૂચન હોય તો કહો. કોઇ અધિકારી (xxxxxx) એ પોતાની ફરજ બજાવતા હોય છે એ રીતે વાત થાય.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, અમે પણ ઇચ્છીએ અને આ સરકારના નિયમો અને અધિકારીઓ એવા સક્ષમ અને જવાબદાર છે અને પોતાની રીતે..

અધ્યક્ષશ્રી : તમારી અને મારી ઇચ્છા હોય એ મારે નહીં તમારે કામ કરવા પૂરતુ હોય, અધિકારી એ કાયદેસર કામ કરનાર વ્યક્તિ છે અને એ કાયદા મુજબ જ કામ કરે છે. એમાં તમારે કોઇ કાયદા મુજબ ના કર્યું હોય અને ટીકા કરવી હોય તો તમે ઉદાહરણ સહિત કહી શકો છો.

શ્રી અમિત અ. ચાવડા : મારી એ જ લાગણી છે કે જે અધિકારીઓ પ્રામાણિક હોય અને નિષ્ઠાથી કામ કરે છે.

અધ્યક્ષશ્રી : દરેક અધિકારી એ રીતે નિષ્ઠાથી જ કામ કરે છે. દરેક ધારાસભ્યશ્રી પણ એ જ રીતે નિષ્ઠાથી કામ કરે છે.

શ્રી અમિત અ. ચાવડા: પણ ચોક્કસ વિચારધારા સાથે કામ ના કરવાના કારણે એવા અધિકારીઓને સાઇડ પોસ્ટ ઉપર મૂકવામાં આવે છે. પોતાની વાત મુજબ ના ચાલનારા અધિકારીઓને સાઇડ પોસ્ટ ઉપર મૂકવામાં આવે છે અને એ રીતે તેમને અન્યાય કરવામાં આવે છે ત્યારે મારી વિનંતી છે કે કોઇ ચોક્કસ વિચારધારાવાળી માનસિકતા છોડીને ગુજરાતના હિતમાં કામ કરતા અધિકારી હોય, પ્રજાના હિતમાં કામ કરતા અધિકારી હોય તેમને તેમની કામગીરી પ્રમાણે પોસ્ટિંગ મળવું જોઇએ. સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર મુજબ દરેક તાલુકા કક્ષાએ અને જિલ્લા કક્ષાએ નાગરિક અધિકાર પત્ર મૂકવામાં આવ્યા છે. દરેક સેવા માટે એની સમયમર્યાદા નકકી કરવામાં આવેલી હોય છે, પરંતુ દરેક જગ્યાએ જોઇએ તો જે સમયમર્યાદા આપવામાં આવી છે એના કરતાં ત્રણ ગણો સમય એમાં જાય છે. અરજદારો ધક્કા ખાઇને થાકી જવા છતાં પણ પૈસા વિના તેમનું કામ થતું નથી. તો આના માટે નાગરિક અધિકાર પત્ર દ્વારા નાગરિકોને અધિકાર અપાયો છે એનું પાલન ના થતું હોય તો એના માટેના મોનિટરિંગની વ્યવસ્થા કરવી જોઇએ અને જે અધિકારીઓ દ્વારા એની સમયમર્યાદામાં કામગીરીનો નિકાલ ના થતો હોય અને જાણીજોઇને વિલંબ થતો હોય એવા અધિકારીઓ સામે પગલાં લેવાં જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, જયારથી આ રાજયમાં ભારતીય જનતા પક્ષની સરકાર આવી છે. એમણે અનેક જાતના પરિપત્ર કર્યા છે. એક એવો પરિપત્ર કરવામાં આવ્યો છે કે આ રાજયમાં જે કોઇ ભરતીઓ કરવામાં આવે એ કરાર આધારિત અને ફીકસ પગારથી ભરતી કરવામાં આવે. કૌલગી સમિતિનો અહેવાલ ૨૦૦૭ માં આવ્યો જેને આજસુધી જાહેર કરવામાં આવ્યો નથી. આ રાજયમાં ૨.૫ લાખ કરતાં વધારે ખાલી જગ્યાઓ વિવિધ વિભાગોમાં છે. લાખોની સંખ્યામાં લાયકાત ધરાવતા યુવાનો અને યુવતીઓ છે તેમનું પણ ફીકસ પગારમાં શોષણ કરવાની પદ્ધતિ, ચોકકસ ફીકસ પગાર આધારિત અને કરાર આધારિત જગ્યાઓની

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા.

પદ્ધતિ છે એના બદલે આ યુવાનોને એમના નિયમિત પગાર સાથે કાયમી નોકરી મળે એ માટે આ પરિપત્રમાં સુધારો કરવો જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં વર્ગ–૧, વર્ગ–૨ અને વર્ગ–૩ સુધીની ભરતીની પ્રક્રિયા માટે ગુજરાત જાહેર સેવા આયોગ અને ગૌણ સેવા પસંદગી મંડળ બનાવવામાં આવેલ છે. છેલ્લા કેટલાક વર્ષોથી અનુભવ છે કે વિભાગ દ્વારા પોતાના વિભાગમાં ખાલી થયેલ જગ્યાઓની માગણી સાથે માગણી પત્રકો માકેલવામાં આવે છે , પરંતુ આ આયોગ દ્વારા ધીમી પદ્ધતિ અને કામ કરવાની શિથિલતાને કારણે વર્ષો સુધી એની ભરતી પ્રક્રિયા કરવાની મંજૂરી આપવામાં ના આવે, મંજૂરી આપવામાં આવે, પરંતુ એની પરીક્ષા લેવામાં વિલંબ થાય, પરીક્ષા લેવાઇ હોય તો ઇન્ટરવ્યુ કરવામાં વિલંબ થાય, ઇન્ટરવ્યુ થઇ ગયાં હોય તો એની નિમણૂક આપવામાં વિલંબ થાય છે. તો આવો વિલંબ અને શિથિલતાને કારણે આજે પરિસ્થિતિ એવી થઇ છે કે ગુજરાતનું એક પણ ખાતું એવું નથી કે જયાં ચાર્જથી કામ ચાલતું ના હોય. આખી સરકાર જ જાણે ઇન્ચાર્જથી ચાલી રહી છે. તો આવી પરિસ્થતિ નિર્માણ થઇ છે ત્યારે મારી વિનંતી છે કે આવાં આયોગમાં નિમણૂક કરવામાં આવે છે એ ચોકકસ વિચારધારાવાળા લોકોને મૂકવાની માનસિકતા છોડીને, સમગ્ર રીતે પારદર્શક અને પ્રામાણિકતાથી અને નિષ્ઠાથી કામ કરતા લોકોને મૂકવામાં આવે જેનાથી આ ભરતી પ્રક્રિયામાં પારદર્શકતા આવે અને સમયસર ભરતીની પ્રક્રિયા થાય અને જે યુવાનો ભણીગણીને ચોકકસ સમયના આયોજન સાથે બહાર આવતા હોય છે તેમને અન્યાય થતો હોય છે એ અન્યાય ના થાય એ પણ ધ્યાનમાં રાખવું જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય ચૂંટણી પંચની વાત કરું તો સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ કરાવવાની જવાબદારી એ રાજય ચૂંટણી પંચની હોય છે. અમારા જિલ્લાની વાત કરું તો એક વર્ષ પહેલાં ગ્રામપંચાયતોની ચૂંટણીઓ થઇ. ૬૦ જેટલાં ગામોમાં વોર્ડ કક્ષાએ આદિજાતિની સીટો અનામત રાખવામાં આવે છે.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મરા વિચારો રજૂ કરું છું. આપણું ગુજરાત સલામત ગુજરાત, જેનો મંત્ર છે સેવા, સુરક્ષા અને શાંતિ, આજે ગુજરાત એ મોડેલ સ્ટેટ ઓફ ઇન્ડિયા બન્યું, ગ્રોથ એન્જિન ઓફ ઇન્ડિયા બન્યું અને બેસ્ટ ગવર્નન્સ સ્ટેટ ઓફ ઇન્ડિયા બન્યું, આ કયારે હોય, જેમ મેં કહ્યું કે સેવા, સુરક્ષા અને શાંતિ, અને ગુજરાત પોલીસ રાજયની સલામતી અને સુરક્ષા માટે સદા તત્પર, અને લોકસેવાનું લક્ષ્ય સફળતાથી પૂર્ણ કરતું રહ્યું છે. મારા હિસાબે હું કહું તો આ વિભાગના તમામ અધિકારીઓ અને કર્મચારીઓને અભિનંદન આપીને તેમનો આભાર વ્યકત કરું છું. મારા હિસાબે કહીશ તો આ થેન્કલેસ જોબ છે. માનનીય સભ્યશ્રી શૈલેષભાઇ આંકડા આપતા હતા, દારૂ પકડાયો, મને એમ થાય કે દારૂ પકડાયો હોય ત્યારે કામગીરીને બિરદાવવાને બદલે આક્ષેપો કરવા કે ઠપકો આપવો તે ઠીક નથી. રાજયનો વિકાસ અને આ વહીવટી વ્યવસ્થા વેગવંતી રાખવા માટે રક્ષા શકિત, તત્કાલિન મુખ્ય મંત્રી અને આ દેશના વડાપ્રધાને જે પાંચ શકિતઓને મહત્વ આપ્યું છે એમાંની એક રક્ષા શકિતનો પણ મહત્વનો રોલ રહ્યો છે. ગુજરાતનો વિકાસ સેવા, સુરક્ષા અને શાંતિ એ બહુ મહત્વનો રોલ ભજવે છે.

મને બરાબર યાદ છે કે ૨૦૧૩માં વાયબ્રન્ટ ગુજરાત ઉજવ્યો ત્યારે ઘણાએ કહ્યું હતું, તમામ લોકોએ લખ્યું હતું કે વાય ગુજરાત, તે વખતે કલંક લાગ્યું તું અને આજે દસ વર્ષ પછી ૨૦૧૩માં મોટા મોટા, મારે નામ નથી આપવા, પણ દેશના અને વિશ્વના પણ લોકો પોતાનું ઇન્વેસ્ટમેન્ટ કરવા આવ્યા છે ત્યારે કહ્યું છે કે ઓન્લી ગુજરાત એ શબ્દનો પ્રયોગ કર્યો હતો. આ શા માટે? કારણ કે શાંતિ, સલામતી અને સુરક્ષા, આ વિભાગે કાયદો અને વ્યવસ્થામાં શાંતિનું વાતાવરણ, ગુનાખોરીમાં ઘટાડો, સિનિયર સીટીઝન્સ, બાળકો, મહિલાઓ પ્રત્યે વિશેષ કાળજી રાખીને ગૃહ વિભાગે મહત્વની કામગીરી કરી છે. ગૃહ વિભાગના વહીવટી તંત્રને કર્મયોગીની કક્ષાએ લઇ જઇને તેને વિશેષ ગતિ આપી છે. મારે ખાસ કહેવું છે કે પ્રજાની સુખાકારી માટે ગૃહ વિભાગે મકકમ પગલાં લીધા છે. મારી સામે બેઠેલા મિત્રોને ખાસ કહેવું છે કે એ દિવસોમાં જયારે અમદાવાદમાં લતીફ, વડોદરામાં રાજુ રીસાલદાર, કચ્છમાં ઇભલા શેઠ, ભરૂચમાં નસીમ આવી એક પણ ગેંગ

આજે કાર્યરત નથી. ઓર્ગેનાઇઝ ક્રાઇમ કહી શકાય તે જડ મૂળથી આ રાજયમાં નાશ પમી છે. છેલ્લા કેટલાક વર્ષોથી કોમ્યુનલ રાયટ્સ થયા નથી. આજે ૧૫ વર્ષના બાળકને કે યુવાનને પૂછીએ કે કરફ્યુ શું છે તો તેની તેમને ખબર નથી. આખા રાજયમાં એક પણ દિવસ એમણે કે આપણે કરફ્યુ જોયો નથી. વિદ્યાર્થીઓને અસંતોષ અને તેના આંદોલનો એ છેલ્લા કેટલાક વર્ષોથી આ રાજયમાં થયા નથી. જયાં ગુજરાતે ઉદ્યોગોમાં જબ્બરજસ્ત પ્રગતિ કરી છે ત્યાં એક પણ યુનિયનની કે એવી કોઇ સ્ટ્રાઇક કે આંદોલન આ રાજયમાં થયા નથી. રકતરંજીત શબ્દ એ ભૂતકાળ બન્યો છે અને તેના અનેક પોઝીટીવ પહેલુઓ છે. આખા રાજયના પોલીસ સ્ટેશનો કોમ્પ્યુટરાઇઝ થઇ ગયા છે. સમગ્ર પોલીસ વિભાગ-ગૃહ વિભાગ ઇ-ગવર્નન્સથી અમલી બન્યો છે. દેશમાં મહિલાઓની સલામતીમાં ગુજરાત અવ્વલ નંબરે છે. ઘણા બધા મિત્રો આંકડાઓ આપતા હતા પણ મારી પાસે પણ અમુક સાચા આંકડાઓ છે.

૧૯૮૫ થી ૧૯૯૦ના પાંચ વર્ષમાં ૩,૫૧,૦૭૫ ગુનાઓ નોંધાયા હતા. સન ૧૯૯૧ થી લઇને ૧૯૯૫ સુધી એમ કુલ પાંચ વર્ષ જોઇએ તો ૪ લાખ ૨૫,૮૯૮ ગુના નોંધાયા હતા. સન ૧૯૯૬ થી ૨૦૦૦ સુધીના જોઇએ તો ૪,૩૧,૫૪૫ ગુના નોંધાયા હતા. સન ૨૦૦૧ થી ૨૦૦૫ સુધીના પાંચ વર્ષ જોઇએ તો ૪,૦૫,૦૦૦ ગુના નોંધાયા છે એટલે કે ૨૬ હજાર જેટલો ઘટાડો ગુનામાં થયો છે. એ જ રીતે સન ૨૦૧૧ થી અત્યાર સુધીના આંકડા જોઇએ તો ૨,૯૨,૦૧૯ ગુના નોંધાયા છે. માનનીય સભ્યશ્રી શૈલેષભાઇ કયાંથી લઇ આવ્યા એની ખબર પડતી નથી. મારી પાસે ટોટલ વિગત છે એમાં જે મહત્વના દસ ગુના કહી શકાય એના મેં આંકડા આપ્યા છે. સૌથી મહત્વની બાબત એ છે વસતિ વધી છે એની સામે ક્રાઇમમાં ઘટાડો થયો છે. એના માટે આભાર ગૃહ વિભાગનો માનવો જોઇએ.

માનનીય સભ્યશ્રી શ્રીમતી તેજશ્રીબહેન મહિલાઓ ઉપર બળાત્કારની વાત કરતા હતા, એમાં જે રાષ્ટ્રીય દરની સરખામણી છે એમાં દેશની અંદર ગુજરાત સૌથી નીચે છે. ગુજરાતની સુરક્ષાની શૃંખલામાં ભવિષ્યમાં અકબંધ રહે એ માટે દેશમાં પ્રથમ અને એક માત્ર રક્ષાશકિત યુનિવર્સિટીની સ્થાપના આ રાજયે કરી છે. દેશમાં પોલીસદળના જવાનો, અર્ધ લશ્કરી દળો અહીંયા ટ્રેનિંગ લઇ શકે, વસતિ અને વિકાસ વધ્યાની સાથે સાથે સલામતી ગુનાખોરીમાં ઘટાડો થાય એવું એક માત્ર રાજય હોય તો એ આ ગુજરાત છે.

મારી પાસે બીજા પણ આંકડા છે. માનનીય સભ્યશ્રી શૈલેષભાઇ જે આંકડા આપતા હતા. છેલ્લા બે વર્ષના આંકડાની રજૂઆત કરતા હતા એ આંકડાની અંદર એમણે ગુજરાતને એવા નાના નાના રાજયની સાથે સરખાવ્યા છે. એમણે મેઘાલય, ઝારખંડની વાત કરી. એમણે મહારષ્ટ્ર, બિહાર, યુપી, રાજસ્થાનમાં કેટલા ગુના થયા છે એની સરખામણી ગુજરાત જોડે નહિ કરી એમણે ખૂન, ખૂનની કોશિશ ઘરફોડ ચોરીઓ, હિંસાત્મક ગુનાઓ, ક્રાઇમ અગેઇન્સ્ટ બોડી, ક્રાઇમ અગેઇન્સ્ટ રાઇટ આવા ગુનાની સરખામણી નાના નાના રાજય સાથે કરી છે. મોટા મોટા રાજયો સાથે તુલના કરી નથી. એમણે બળાત્કારના ગુનાની કદાચ કરી હોત તો એમની જોડે ચોક્કસ સંમત થાત. ક્રાઇમ અગેઇન્સ્ટ વિમેનની કરી હોત, ક્રાઇમ અગેઇન્સ્ટ શિડયુલ ટ્રાઇબની કરી હોત, ક્રાઇમ અગેઇન્સ્ટ શિડયુલ ટ્રાઇબ અંગેની કરી હોત તો એના સારામાં સારા પુરાવા આપી શકયા હોત.

આ વિભાગે ઘણી બધી કામગીરી કરી છે. કાયદો અને વ્યવસ્થાની અંદર આતંકવાદી વિરોધી કામગીરી, તમામ જિલ્લાઓની અંદર સ્પેશ્યલ ઓપરેશન ગૃપની રચના કરવામાં આવી છે. તમામ જિલ્લામાં ઓ.આર.ટી. અને બી.ડી. ડી.એસ.ની રચના કરવામાં આવી છે. નવા કમાન્ડોને તાલીમ કેન્દ્રનું આયોજન કરવામાં આવ્યું છે. કોસ્ટલ સિકયોરિટી જે સૌથી મહત્વની સ્કીમમાં છે એનું દેશમાં સૌથી સફળ અમલીકરણ ગુજરાતે કર્યું. ચેતક કમાન્ડો યુનિટને અદ્યતન કરવામાં આવ્યું છે. સાત નવા એસ.આર.પી. ગૃપની રચના કરવામાં આવી છે. મરીન રાજય અનામત દળની રચના કરવામાં આવી છે, અને મોટી સંખ્યામાં નવી ભરતી કરીને તાલીમ પૂરી કરવામાં આવે છે. રાજયમાં અનામત દળની નવી ક્ષમતા જેવી કે નિયંત્રણ ક્ષમતાથી સુસજજ કરવામાં આવેલ છે. તમામ પોલીસ સ્ટેશનો એમ કહી શકાય કે કોમ્પ્યુટરાઇઝ, ઇ-કનેકટિવિટીથી જોડેલા છે. દરેક ગુનેગારોના સ્કેચીસ તૈયાર કરેલા છે. એની વિગતો તરત જ આપી શકે છે. દરેક પોલીસ સ્ટેશન પોતાના જિલ્લાનું હેડ કવાર્ટર છે ત્યાં આગળ તમામ પોલીસ સ્ટેશનો પોતાના

ડી.એસ.પી. જોડે તરત જ એક ઇ–મેલ દ્વારા કે કોઇપણ કોમ્પ્યુટર દ્વારા માહિતી આપલે કરી શકે છે. આ વિભાગને આધુનિકરણ કરવા માટે કોઇ કચાશ રાખવામાં આવી નથી. નવી રાઇફલો કહી શકાય, નવા શસ્ત્રો છે એ દિવસે દિવસે જેટલા લેટેસ્ટ આવતા જાય છે એની આ વિભાગે ખરીદી કરી છે. આધુનિકમાં આધુનિક સુરક્ષા સાધનો, વાહનો, તકનિક સાધનો ખરીદવામાં આવે છે અને સાથે સાથે મારે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીની વાત કરવી છે.

અધ્યક્ષશ્રી : માનનીય દુષ્યંતભાઇ, આપનુ પ્રવચન પૂરું થાય છે.

(વિરામ સવારના ૧૦–૩૦ થી ૧૧–૦૦)

ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(ભાવનગર (પૂર્વ)) : માનનીય અધ્યક્ષશ્રી, આજની માગણીઓમાં ગૃહ વિભાગની માગણી નં. ૪૩ ઉપર મારા હું વિચારો પ્રસ્તુત કરવા ઊભી થઇ છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારી વાત કરું એ પહેલાં વિપક્ષના સભ્યોએ ગુજરાત સરકારની મહિલા સુરક્ષાની વાત કરી છે ત્યારે મારે કહેવું છે કે આ એક એવું રાજય છે કે જેણે આ બજેટમાં મહિલા પોલીસની ભરતીમાં ૩૩ ટકા અનામત જાહેર કરેલી છે અને કેન્દ્રના રેલવે બજેટમાં પણ આર.પી.એફ.માં ૧૧,૦૦૦ જવાનોમાંથી ૪,૦૦૦ મહિલા કોન્સ્ટેબલની ભરતી કરવાની કેન્દ્રમાં જાહેરાત કરી છે. ભારતીય જનતા પાર્ટી મહિલાઓની સુરક્ષા માટે કેટલી કટિબદ્ધ છે તે આના ઉપરથી સાબિત થાય છે.

મારે એ કહેવું છે કે આજથી થોડા સમય પહેલાં, ચાર–છ મહિના પહેલાં જયારે એ વખતના મહિલા મુખ્યમંત્રી જ્યારે દિલ્હીમાં મુખ્યમંત્રી તરીકે શાસન કરતા હતા ત્યારે દિલ્હીને રેપીસ્ટોની રાજધાની, દેશની રાજધાની નહીં, રેપીસ્ટોની રાજધાની તરીકે જાહેર કરવામાં આવતી હતી અને એ મહિલા મુખ્યમંત્રીએ મહિલાઓને એવું કહ્યું હતું કે તમારે રાત્રે બહાર નીકળવું નહીં અને આ રોકવામાં હું અસમર્થ છું એવી જયારે તેમણે જાહેરાત કરી હતી અને ગુજરાતમાં રાત્રે ૧૨–૦૦ વાગ્યે પણ મહિલાઓ સુરક્ષિત નિર્ભિકપણે ફરી શકે છે. મારા ભાવનગરમાં એક પ્રાઇવેટ કોર્પોરેટ હોસ્પિટલ છે. તેમાં દિપ્તી અગ્રવાલ કરીને દીકરી છે. દિલ્હીની દીકરી છે. તેમણે મારી સાથે વાત કરતા એવું કહ્યું કે બે વર્ષ પહેલાં જયારે લગ્ન કર્યા ત્યારે મેં ભાવિ પતિ પાસે એવી શરત મૂકી હતી. તેમણે શરત કેવી મૂકી કે તમારે લગ્ન પછી ગુજરાતમાં રહેવાનું હોય તો હું લગ્ન માટે હા પાડું, નહીં તો નહીં. તેમના પતિએ પૂછ્યું કે એવું કેમ? તો કહે કે દિલ્હીમાં હું બહાર નીકળું અને મારી સલામતી ન હોય, હું ફરી ન શકું, બહાર નીકળી ન શકું, મારે મારી જાતની બહુ ચિંતા કરવી પડે. જયારે ગુજરાતમાં હું નિર્ભયપણે ફરી શકું છું અને હું આ પાંચ વર્ષથી અનુભવ કરું છું એટલે મારે ગુજરાતમાં રહેવું છે. આ રીતે આજે એ કપલ બે વર્ષથી ગુજરાતમાં સ્થાયી છે અને તેમને ત્યાં બાળક પણ આવી ગયું છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની શાંતિ, સલામતી અને સુરક્ષાની જે ચિંતા કરી છે અને આજે દેશની પ્રજાએ ગુજરાતમાં શાંતિ અને સલામતી છે એવી ઝંખના આખા દેશના લોકોએ કરી કે અમારે પણ જેમ ગુજરાત રાજય આતંકવાદીઓથી મુકત છે તેમ દેશને આતંકવાદીઓથી મુકત કરવો છે. તેના માટે થઇને આખા દેશની પ્રજાએ નરેન્દ્રભાઇને સંપૂર્ણ બહુમતી આપી છે. આતંકવાદીઓને માનથી બોલાવે. *(xxxxxx) કોંગ્રેસના લોકોને વિપક્ષમાં બેસવાલાયક પણ રહેવા દીધા નથી, એટલો તો જાકારો આ દેશની પ્રજાએ તેમને આપી દીધો છે. આ રીતે મારે કહેવું છે–

અમારા કરે વખાણ મુકદ્દરની વાત છે,
શત્રુ મળ્યા સમજદાર મુકદ્દરની વાત છે.
અમારે તો દોડવું હતું ને ઢાળ પણ મળ્યો,
એમને મળ્યું ચઢાણ મુકદ્દરની વાત છે.

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા.

માનનીય અધ્યક્ષશ્રી, દેશભરમાં મોખરાનું સ્થાન ધરાવતી ફોરેન્સીક સાયન્સ લેબ ગુજરાત ધરાવે છે. અદ્યતન ટેકનોલોજી ધરાવતી આ એક માત્ર ફોરેન્સીક સાયન્સ લેબ ગુજરાતમાં છે. આંતરરાષ્ટ્રીય ધારાધોરણો અને પદ્ધતિ મુજબ ભારત સરકારના નેશનલ એક્રેડીટેશન બોર્ડના એન.એ.બી.એલ. સર્ટીફાઇડ કોઇ લેબ હોય તો એ આ ગુજરાતની ફોરેન્સીક સાયન્સ લેબ છે. આ જ રીતે મોબાઇલ ઇન્વેસ્ટીગેશન વાન અને ગૌમાંસ પરિક્ષણની સેવા માટેની પણ જે આ લેબ છે તેને પણ એન.એ.બી.એલ. સર્ટીફિકેટ આપવામાં આવ્યું છે. I S O/E I C 17025/2005 પ્રમાણે આ દેશની એક માત્ર અને સર્વ પ્રથમ ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી આ ગુજરાતમાં છે. આ લેબોરેટરીમાં સેવાઓ, આપણાં રાજયની, બીજાં રાજયની અને કેન્દ્રની તપાસ એજન્સીઓ તેની સેવા લે છે. જેવી કે પોલીસ, ન્યાયાલયો, N.I .A., C.B.I ., N.C.B., એરફોર્સ, આર્મી, કસ્ટમ, એકસાઇઝ આ બધા જ લોકો આપણી આ ગુજરાતની લેબની સેવા લે છે. આ બધા જ લોકોએ ત્રણ વર્ષમાં ૨૬૨૦ કેસ અને ૩૨,૮૫૪ નમૂનાઓ આ ફોરેન્સીક સાયન્સ લેબમાં આખા દેશમાંથી તપાસવા માટે આવ્યા છે અને તેમાં સફળતા પ્રાપ્ત કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી માટે આ વર્ષની અંદર ૨૧૯૨ લાખની જોગવાઇ કરવામાં આવી છે અને વધારેને વધારે સુવિધાયુકત બનાવવાનું કાર્ય છે. આ લેબની અંદર સી.સી. ટીવી કેમેરા દ્વારા જે પણ ફિલ્મ લેવામાં આવે છે એની અંદર વધારે સારી રીતે વ્યકિતની ઓળખ થાય અને વાહન નંબરોની પણ ઓળખ થાય, ડેમેજ થયેલા મોબાઇલ, સીમકાર્ડ અથવા હાર્ડડીસ્ક જે ડેમેજ થઇ ગઇ હોય એમાંથી ડેટા રીટ્રીવ કરવા માટે પણ આ લેબનો ઉપયોગ થાય છે. લાઇ ડીટેકટર, નાર્કોટેસ્ટ આ બધા જ ટેસ્ટ આની અંદર થાય છે અને ચર્ચાસ્પદ કેસો જે આખા દેશની અંદરના છે એ બધા જ કેસો આપણી આ ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીએ તપાસ્યા છે. એમાં શૈલામસૂદનો ખૂન કેસ હોય, કે બેંગ્લોરની અંદર એક મહિલા જે કર્ણાટકના ઉચ્ચ અધિકારીના મોબાઇલ ફોનથી ફોટા લીધેલા હતા એની તપાસ હોય, કર્ણાટકના યશવંતપૂરી પોલીસ સ્ટેશનમાં ડોકટર થોમસના ખૂન કેસની વાત હોય કે પછી બૌદ્ધગયા ખાતે થયેલા બોમ્બ બ્લાસ્ટના કેસ હોય, વારાણસી ઉત્તરપ્રદેશની તુલસીકૃત રામાયણની હસ્તપ્રતની જે ચોરી થઇ હતી એની તપાસ પણ આપણી ફોરેન્સીક સાયન્સ લેબમાં કરવામાં આવી છે અને આ રીતે બાડમેર અને એરફોર્સના હેડકવાર્ટર ખાતે લાગેલી આગની પણ તપાસ આ ફોરેન્સીક સાયન્સ લેબમાં કરવામાં આવી છે અને રાજયસ્થાનના એક મંત્રી જયાં સંડોવાયેલા હતા અને જેમણે એના માટે રાજીનામું આપવું પડયું એ ભંવરી કેસની તપાસ પણ આ લેબોરેટરીમાં કરવામાં આવી છે. આ રીતે પુના મુંબઇ અને દિલ્હીના વારાણસી સીરીયલ બ્લાસ્ટની તપાસ પણ આ લેબોરેટરીમાં કરવામાં આવી છે અને કોમન વેલ્થનું કૌભાંડ, દેશની અંદર જે સર્વ રીતે ખૂબ મોટું કૌભાંડ ગણાય છે એ કોમનવેલ્થના કૌભાંડની પણ લીગલ કેસ તરીકે અહીંયા આગળ એની તપાસ કરવામાં આવી છે. માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એ માગણીઓને હું મારું સમર્થન આપુ છું અને મારી વાત અહીં પૂરી કરું છું.

શ્રી પુનમભાઇ કા. મકવાણા(દસાડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી રમણલાલ વોરા સાહેબ સામાન્ય વહિવટ વિભાગની માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો વ્યકત કરું છું. સરકારી વહિવટની ઇમારતનો પાયાનો આધાર કર્મચારી છે અને તેથી આ સરકાર કર્મચારી કલ્યાણ માટે સતત જાગૃત રહી છે. કર્મચારી કલ્યાણની સાથે સાથે કર્મચારીઓમાં રહેલી શકિતને બહાર લાવવા માટે પણ આ સરકાર કાળજી રાખે છે અને તે માટે આંતર વિભાગીય અને આંતર રાજય રમત સ્પર્ધાનું આયોજન, પરિસંવાદ, સાંસ્કૃતિક કાર્યક્રમો, પ્રવાસ કાર્યક્રમો જેવી વિવિધ પ્રવૃત્તિઓ સામાન્ય વહિવટ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવી છે. સચિવાલય સંકુલમાં ફરજ બજાવતા અધિકારીઓ, કર્મચારીઓના સ્વાસ્થ્યની જાળવણી માટે ફિટનેસ સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે, સાથોસાથ તેમના કુટુંબીજનોને જીમખાનાની અદ્યતન સુવિધા સેકટર-૧૯ અને સેકટર-૨૧માં આપવામાં આવે છે. કર્મચારીઓના કલ્યાણ માટે આવા બધા કાર્યક્રમો પાછળ ખર્ચ કરવા માટે બજેટમાં રૂ. ૮૩ લાખની જોગવાઇ પણ સરકારે કરી છે. કર્મચારીઓની બૌદ્ધિક ક્ષમતાના કાર્યક્ષમ ઉપયોગ માટે કાર્યક્ષમતામાં વધારો કરવાની દિશામાં ઉત્તમ પરિણામો મેળવવા આ બજેટમાં રૂ. ૧૭ કરોડની જોગવાઇ કરેલ છે. ગુજરાતના તમામ કર્મચારીઓને નિરંતર તાલીમ થકી વર્તમાન

પરિસ્થિતિ અને તેને લગતી કૌશલ્યની તાલીમ ઇલેકટ્રોનિક પદ્ધતિથી આપવા સરકારે નિર્ણય કર્યો છે અને આ માટે રૂપિયા એક કરોડની જોગવાઇ કરી છે. રાજય સરકારની જુદીજુદી સેવાઓમાં ભરતીની કાર્યવાહી, સરકારી ભરતી એજન્સી મારફતે કરવામાં આવે છે જેમાં અલગ અલગ પૂર્વ યોગ્યતા કસોટીઓમાં ઘટાડો કરી એક જ બેન્ચમાર્ક નકકી કરવાનું આ સરકારે વિચાર્યુ છે. જેનાથી ભરતી એજન્સીની કામગીરી ઝડપી, પારદર્શી અને ગુણવત્તા યુકત બનાવી શકાશે જેના માટે દસ કરોડની જોગવાઇ કરી છે.

ભારતીય વહીવટી સેવાઓની સ્પર્ધાત્મક પરીક્ષામાં રાજયના તેજસ્વી વિદ્યાર્થીઓને તાલીમ આપવા માટે સ્પીપા, અમદાવાદ ખાતે ૧૯૯૨થી આઇ.એ.એસ. તાલીમ કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે. આ કેન્દ્રમાંથી અત્યાર સુધીમાં ૧૦૦ વિદ્યાર્થીઓએ સફળતા મેળવી છે અને વિવિધ કેડરમાં નિમણૂંકો પામેલા છે. ગાંધીનગર ખાતે ૧૫ કરોડ ઉપરાંતના ખર્ચે ગુજરાત જાહેર સેવા આયોગ માટે ભવન બાંધવા માટે પણ આ સરકારે નિર્ણય કર્યો છે. નવા સચિવાલય સંકુલ અને રાજભવન ખાતે સી.સી.ટી.વી. કેમેરા અને વિડિયો મેનેજમેન્ટ સોફ્ટવેર મૂકવા માટે આ વર્ષના બજેટમાં રૂપિયા ૧.૭૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. વિકેન્દ્રિત જિલ્લા આયોજન હેઠળ પ્રાથમિક શાળાઓના વર્ગખંડો, પુરવઠાના કામો, ગ્રામ્ય વીજળીકરણના કામો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મરામતના કામો મળીને કુલ ૧૨,૪૩૯ કામો પૂર્ણ કરવામાં આવ્યા છે. રાજ્યના સર્વાંગી વિકાસ માટે ગ્રામ્ય કક્ષાએથી જિલ્લા કક્ષા સુધી પાયાની સુવિધા, ન્યુનતમ જરૂરિયાતની ખૂટતી કડીરૂપ કામો માટે અમલ, વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ ગત વર્ષ કરતાં રૂપિયા ૧૨૭.૭૫ કરોડના વધારા સાથે કુલ રૂપિયા ૧૧૭૦.૫૦ કરોડની જોગવાઇ ચાલુ વર્ષે કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગૃહમાં બેઠેલા તમામ ધારાસભ્યો માટે એક મુંઝવણનો વિષય હતો એ ઘણા સમયથી સતાવતો હતો. ગામડાંના ધારાસભ્યો માટે વિશેષ મુશ્કેલી હતી. ધારાસભ્યને એમના વિસ્તારના વિકાસ માટે જે ગ્રાન્ટ કહેવાય એ ગ્રાન્ટ અત્યારે ૫૦ લાખ રૂપિયા મળે છે. મારા મત વિસ્તારના ૧૫૮ ગામો છે. એક ગામના વિકાસ માટે પૈસા આપીએ એટલે બીજું ગામ કહે કે ફલાણા ગામને તમે આપ્યા તો અમને પણ આપો. પરિણામે મોટી મુંઝવણ હતી અને એના પરિણામે ઘણી તકલીફો થતી હતી. એ.ટી.વી.ટી.માં પણ હવે ખૂબ મર્યાદિત સી.સી. રોડની જોગવાઇ કરેલ છે અને મોટાભાગે સી.સી.રોડની માગણી ગામડાંમાં થતી હોય છે. પરિણામે ખાલી ૧૫ ટકાનું ધોરણ એ.ટી.વી.ટી.માં આવ્યું એના પરિણામે પણ ધારાસભ્યો મોટી મુંઝવણમાં મૂકાયા હતા. પણ મને કહેતા ખૂબ આનંદ થાય છે કે આ ગૃહના ધારાસભ્યો પોતાના વિસ્તારમાં આ સત્ર પૂરું થયા પછી જશે ત્યારે વિસ્તારના લોકો જે માગણી કરે છે એમાં કાપકૂપ કરીને આપવાના જે પ્રશ્નો આવતા હતા એ હવે નહીં આવે. પોતાના વિસ્તારમાં એટલા આનંદથી જશે કે જે ૫૦ લાખની ગ્રાન્ટ હતી એમાં ચાલુ વર્ષના બજેટમાં માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન અને માનનીય નાણામંત્રીશ્રીએ ૧૦૦ ટકા વધારો કરીને ૫૦ લાખના એક કરોડ રૂપિયા કર્યા છે. (સમયસૂચક ઘંટડી)

શ્રી ભુષણ અ. ભટ્ટ(જમાલપુર-ખાડીયા) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના ગૃહમંત્રી આદરણીયશ્રી રજનીભાઇ પટેલ માગણી ક્રમાંક ૪૪, રૂપિયા ૬૯,૭૫,૫૩,૦૦૦/-ની જે માગણીઓ લઇને આવ્યા છે તેને અનુમોદન આપી સમર્થન સાથે હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માણસ ખરાબ નથી હોતો, એનો સમય ખરાબ હોય છે અને એની મનોવૃત્તિ ખરાબ હોય છે. સમય અને મનોવૃત્તિના કારણે એને જેલમાં જવું પડતું હોય છે. કોઇનો ખરાબ સંગાથ મળી ગયો હોય માટે જેલમાં જવું પડે. ગૃહ વિભાગના તાબા હેઠળ અદાલતની સજા ફરમાવવામાં આવે છે. કેદીને જેલમાં મોકલ્યો હોય ત્યારે એ કેદી જેલના કાયદા હેઠળ એનો સભ્ય બનતો હોય છે. ગુજરાત રાજયની અંદર હાલમાં ૨૪ જેલો આવેલી છે. આ ૨૪ જેલો પૈકી જેલખાતાના નિયંત્રણ હેઠળ ૪ મધ્યસ્થ જેલ, ૭ જિલ્લા જેલ, ૨ ખાસ જેલ, ૧૧ સબ જેલ મળી કુલ ૨૪ જેલ હાલમાં ગુજરાત રાજ્યમાં આવેલી છે. ૨૦૦૬ની સાલમાં ૫૦૮૬ કેદીઓની ક્ષમતા આ ગુજરાત રાજ્યની જેલની અંદર સમાઇ શકે તેવી ક્ષમતાવાળી જેલો હતી. તે ૨૦૦૬ પછી એમાં વધારો કરીને ૧૧૦૦૦ જેટલા કેદી રાખવામાં આવે તેવી ક્ષમતાવાળી જેલો બનાવેલ હતી. આમ ઓવર ક્રાઉડીંગની સમસ્યા હલ કરવા જેલ વિભાગે હયાત બેરેકો બાંધવાનો નિર્ણય કરી હાલમાં ૧૨૩૯૨ જેટલા કેદીઓ સમાય એટલી વ્યવસ્થા કરેલી છે. આમ અમદાવાદ જેલ વિભાગે ૨૦૦૨ કેદી

સમાય તેવી ૨૦૧૦માં શરૂ કરી, રાજકોટમાં ૧૦૦૦ કેદીઓ સમાય તેવી જેલ ૨૦૧૦માં શરૂ કરી અને મધ્યસ્થ જેલ તરીકેનો પણ દરજ્જો આપ્યો છે, અમરેલી જિલ્લામાં ૧૫૦ ક્ષમતવાળી ૨૦૧૧માં શરૂ કરી, પાટણમાં ૨૦૦ કેદી સમાય તેવી જેલ ૨૦૧૧માં શરૂ કરી અને ૨૯૬૭ કેદી સમાય તેવી રાજકોટ–સુરત ખાતે ૨૦૧૨માં જેલ શરૂ કરી. આમ આ જેલની ક્ષમતામાં વધારો એ કાંઇ આનંદની વાત નથી પણ જેલની અંદર માણસ કેદી તરીકે આવે અને એની મનોવૃત્તિ ભૂતકાળની અંદર જ્યારે કેદી તરીકે આવે ત્યારે એક કેદી બહાર નીકળે ત્યારે બીજા કેદીને એવું કહેતો જાય કે મારી જગ્યા રાખજે હું બે–ચાર દિવસની અંદર પાછો આવીશ આવી માનસિકતા પહેલા ભૂતકાળમાં હતી . એ જેલની અંદરથી પોતાનું અર્થતંત્ર, એનો કારોબાર, એના દારૂ–જુગારનો ધંધો, એનો કલબનો ધંધો અને સ્મગલિંગનો માલ એ જેલની અંદરથી એનો કારોબાર ચલાવતો હતો આ માનસિકતા ભૂતકાળના શાસનની અંદર, એ જેલની અંદર ચાલતું હતું. આજે જેલની અંદર એ વાતાવરણમાં પરિવર્તન લાવવાનું કામ આ રાજ્ય સરકારે કરીને બતાવ્યું છે. (અંતરાય) તમે રહેવા દો.

ઉપાધ્યક્ષશ્રી : સામ સામે વાત ના કરો. આ બાજુ જોઇને બોલોને.

શ્રી ભુષણ અ. ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, આજે તમે જુઓ સંજયદતને જેલની અંદર કેટલી બધી સુવિધા આપવામાં આવતી હતી, એ કલમાડી સાહેબ હોય, રાજા સાહેબ હોય, કનીમોજી સાહેબ હોય આ બધાને ભૂતકાળની અંદર ચીકન બિરીયાનીઓ પીરસાતી હતી. ગુજરાત રાજ્યની અંદર જેલની અંદર આવેલા કેદીને એક સમાન, કોઇ વધારાની સુવિધા આપવામાં ના આવે, રેડકાર્પેટ પાથરવામાં ન આવે. તમારા શાસનની અંદર આ બધું બનતું હતું એ હજુ આજે પણ બને છે. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : બે મિનિટ બાકી છે.

શ્રી ભુષણ અ. ભટ્ટ : હજુ તો મેં શરૂઆત કરી છે. મારે કેદીઓની સાક્ષરતાની વાત કરવી છે. જેલમાં રહેલા કેદીને ફરીથી એ જેલની અંદર ના આવે એના માટે આ રાજ્ય સરકારે સાક્ષરતા અભિયાન કેન્દ્ર શરૂ કરીને રાજ્યમાં ૧૮૦૫૨ જેટલા કેદીઓને ટ્રેનિંગ આપીને સાક્ષર બનાવવાનું કામ કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકારના શ્રમ મંત્રાલય દ્વારા ૨૦૧૦ થી ૨૦૧૩ની અંદર ૧૧૪૩ કેદીઓને પ્રમાણપત્ર એનાયત થાય તેવા કોર્સો કરાવવામાં આવ્યાં છે. જેલની અંદર વાંચે ગુજરાત અને તરતુ પુસ્તકના માટે ૨૯૦૦૦ પુસ્તકો હતા. આજે જેલની અંદર એક લાખ કરતા વધારે પુસ્તકોની સુવિધાવાળી લાઇબ્રેરીઓ શરૂ કરવામાં આવી છે. જેલની અંદર મેં કહ્યું કે, જેલની અંદર ફરી માણસ ના આવે, એની મનોવૃત્તિ પલટાય એના માટે જેલની અંદર ધાર્મિક કાર્યક્રમો, સાંસ્કૃતિક કાર્યક્રમો, ભજનો, નાટકો, કિર્તનો થાય અને જેલની અંદર કેદી કોઇ સમાજનો નથી હોતો, જેલની અંદર આજે પણ ગીતા પઠન થાય છે, ગીતા પઠનની અંદર અધિકારીથી માંડીને કેદીઓ એકેએક શ્લોકનું ગીતા પઠન અને એ ગીતા પઠનની જ્યારે આ હાઉસની અંદર ચર્ચા કરીએ છીએ. ગીતાના શ્લોકનું પઠન થાય છે. આ માનસિકતા કેદીઓને આપવાનું જો કોઇ થતું હોય તો આ રાજ્ય સરકારમાં થાય છે. શ્રી શ્રી રવિશંકરજીનું પ્રવચન હોય, સાઇરામ દવેનું પ્રવચન હોય, આધ્યાત્મિક વાતો જેલની અંદર કરીને જેથી ફરી માણસ જેલની અંદર આવવાનું વિચારે નહિ, આ કામ જેલની અંદર થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્ય સરકારે ચિત્રકારોના માધ્યમથી એ કદીઓમાં ચિત્રકામની પ્રવૃત્તિ થાય, (અંતરાય) એને ઉચ્ચ દરવજ્જો આપવામાં આવે. (સમય સૂચક ઘંટડી)માનનીય અધ્યક્ષશ્રી, આવા કાર્યક્રમો આજે જેલની અંદર થાય છે.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી(ભાવનગર (પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય મંત્રીશ્રી રમણભાઇ વોરા, સામાન્ય વહીવટ વિભાગની માગણી નંબર– તેત્રીસ, રૂપિયા ૮૩,૫૭,૧૪,૦૦૦/–ની લઇને આવ્યા છે, એમને હું સમર્થન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારનો ખૂબ મહત્વનો વિભાગ એવો સામાન્ય વહીવટ વિભાગ. સામાન્ય વહીવટ, માનનીય અધ્યક્ષશ્રી, અમારા વિપક્ષના સૌ સાથીઓ છે, એને વહીવટની વાત આવે ત્યારે બહુ મઝા આવે પણ આ વહીવટ એ સામાન્ય વહીવટની વાત છે, તમે કરતા હતા એ વહીવટની વાત નથી. વચેટિયાને વહીવટ આ બધીજ વસ્તુઓ, ભારતીય જનતા પક્ષની સરકાર આવી ત્યારથી નેસ્તનાબૂદ થઇ છે

અને કદાચ એની જ ચિંતામાં સામેથી સુંદર મઝાના શબ્દોની રચનાઓ (અંતરાય) એ તો ગરીબ કલ્યાણ મેળાઓમાં બંધ કરી દીધા નરેન્દ્રભાઇએ અને ભા.જ.પા.ની સરકારે અને એટલે જ કદાચ તમને તકલીફો થાય છે, સમજી શકાય છે એમની તકલીફો.

માનનીય અધ્યક્ષશ્રી, ઉંચે ઉંચેથી બોલવું, જોરથી બોલવું, ખોટું બોલવું અને સાચું કરાવવું એ ભૂતકાળ થઇ ગયો છે. હવે કોઇ માની લે એ વાતમાં કાંઇ માલ નથી. કારણ કે, આ ભારતીય જનતા પાર્ટીની સરકારને ગુજરાતની જનતાએ વારંવાર ચૂંટી છે એટલે હું વિનંતી કરું છું તમને કે, આ રેકર્ડ બદલાવો. આ રેકર્ડ અને કેસેટ જૂની થઇ ગઇ છે. જનતાએ તમારી કેસેટને ફગાવી દીધી છે. નવી કેસેટ ગોતતા આવડતું હોય તો ગોતો પણ આવડશે નહીં એમને.

માનનીય અધ્યક્ષશ્રી, કર્મચારી કલ્યાણની બાબતોની અહીંયા વાતો થઇ છે. માનવ સંસાધન અને વ્યવસ્થાપનની અમારા સાથી સભ્ય શ્રી પૂનમભાઇએ વાત કરી છે. અનેક આયામો, સામાન્ય વહીવટ વિભાગની સેવાઓમાં જોડવામાં આવ્યા છે. કર્મચારીઓની સ્મૃતિ વધે, એમના પરિવારો માટે થઇને એની વ્યવસ્થાઓ, એ જીમખાના હોય તો એના પરિવારના લોકો જઇ શકે, કુટુંબીજનો જઇ શકે, રક્તદાન કેમ્પ, પરિસંવાદ, સાંસ્કૃતિક કાર્યક્રમો, અનેકવિધ કાર્યક્રમો આ સેવાઓ દ્વારા થઇ રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ વાર સમગ્ર રાજ્યના કર્મચારીઓ એ કર્મયોગી બને એના માટે ગુજરાત સરકારે ખૂબ મોટું અભિયાન છેડ્યું અને એના ખૂબ સારા પરિણામો આજે આપણે વહીવટી તંત્રમાં જોઇ રહ્યા છીએ. કર્મચારીઓ સંવેદનશીલ બન્યા છે. એનો સીધો જ ફાયદો પ્રજાને મળ્યો છે. ભૂતકાળમાં કર્મચારીઓની હડતાલો થાય, ગાંધીનગરમાં આવીએ તો કર્મચારીઓ ઉપવાસ, આંદોલન અને ધરણાં જ કરતા હોય. આ સરકારે એને ભૂતકાળ બનાવી દીધો, સંવાદિતતાનું વાતાવરણ ઉભું કર્યું. સંવાદ થકી કાંઇ મુશ્કેલી કે પ્રશ્નો હોય તો એ ઉકેલ્યા અને એટલા માટે જ આ કર્મચારીઓ પણ આજે સરકારની પડખે ઉભા કરી અને તમામ યોજનાઓને એ સામાન્ય જન જન સુધી પહોંચાડવા એ પણ મહેનત કરી રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, વારંવાર ભરતીની વાત આવે અને અહીંયા અમારા પ્રતિપક્ષના લોકોને કાંઇક પેટમાં થવા લાગે. કારણ કે, કોંગ્રેસનો ભવ્ય ભૂતકાળ રહ્યો છે. ભરતીઓ વખતે એ મામા-માસી, કાકા-કાકી અને દાદા-દાદીના અને પર્સનલ કાંઇક પોતાનું હિત સાચવીને ભરતીઓ થતી હતી. હું અભિનંદન આપું છું ભા.જ.પા. સરકારને કે એવી પારદર્શક નીતિ બનાવી, એવા પારદર્શક નીતિ-નિયમો બનાવ્યા, હું એમ કહું છું કે, હું સભ્ય તરીકે ભલે ભા.જ.પા.નો સત્તાધારી પક્ષનો સભ્ય હોઉં પણ મુખ્યમંત્રી છે ને કોઇ કોઇની ભલામણ ન કરી શકે, એવી વ્યવસ્થા આ સરકારે ગોઠવી છે. ભૂતકાળમાં તો માનનીય અધ્યક્ષશ્રી, સીધા ક્વોટા હતા અને એવા પૈસા લઇને કોઇ કર્મચારી એ કોઇ સેવામાં જોડાય તો સમાજનું શોષણ જ કરે. (સમયસૂચક ઘંટડી) આજે આ પ્રકારની વ્યવસ્થા ઊભી થઇ છે એના કારણે મને કહેતાં આનંદ થાય છે કે, કર્મચારીઓ પણ ખૂબ નિષ્ઠાથી કામ કરી રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ મહત્વની એક સેવા, N.R.G. અને N.R.I .ની પણ આ વિભાગ દ્વારા થઇ રહી છે. મને કહેતાં આનંદ થાય છે કે, દેશ અને વિદેશમાં વસતા જે ગુજરાતીઓ હોય, એમને પણ માહિતી મળી રહે, એમની સમસ્યાઓ સમજી શકાય, એ માટે જિલ્લા સ્તર સુધીના સેન્ટરો ખોલ્યા છે. મને કહેતાં આનંદ થાય છે કે, સૌ પ્રથમવાર ગુજરાત રાજ્યની અંદર પ્રવાસી ભારતીય દિવસ ૭ થી ૯ દરમિયાન જાન્યુઆરી મહિનામાં મહાત્મા મંદિરમાં યોજાવાનો છે. આ મહાત્મા મંદિર એ સમગ્ર ગુજરાતનું નહીં, દેશ અને વિદેશનું. ગાંધીના નામે વાતો તો ખૂબ કરી, પણ ગાંધીને ઓળખ આપવાનું કામ તત્કાલીન મુખ્યમંત્રીશ્રી આદરણીય નરેન્દ્રભાઇ મોદીએ કર્યું છે ત્યારે મારે એટલું કહેવું છે કે સામાન્ય વહીવટ વિભાગના વહીવટીતંત્રને ગતિશીલતા આપવા માટે સમયે સમયે સાંપ્રત સમય સાથે તાલ મિલાવી શકાય, તેમના દ્વારા સમગ્ર ગુજરાતના વિકાસને નવી દિશા આપી શકાય એ માટે સુધારા વધારા કરવા આ સરકાર આવી છે. આજે કદાચ એટલે સામાન્ય વહીવટ વિભાગ, અન્ય રાજયોમાં જે પ્રકારે સામાન્ય વહીવટ વિભાગની સેવા ચાલે છે એના કરતા અનેકગણી સિદ્ધિઓ આ સરકારે, આ સામાન્ય વહીવટ વિભાગે હાંસલ કરી છે. ચીલાચાલુ ચાલતુ હોય એમ ચાલવા દેવાની નીતિ એ ભાજ.પા. સરકારની નથી, એ કોંગ્રેસની સરકારની નીતિ હતી. આ

સરકાર તો સમય સાથે કદમ મિલાવવા માટે કટિબદ્ધ છે એટલા માટે સામાન્ય વહીવટ વિભાગે અનેક નવા આયામો ઉમેર્યા છે. અહીંથી કાપ દરખાસ્તો રજૂ થતી હતી. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યા છે એનું સમર્થન કરું છું.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ(જામનગર (ગ્રામ્ય)) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગૃહ અને સામાન્ય વહીવટ વિભાગની માગણી લઇને આ ગૃહ સમક્ષ આવ્યા છે ત્યારે એમાં મારા વિચારો રજૂ કરવા માટે હું ઉપસ્થિત થયો છું. હમણા હમણા ટી.વી.માં એક જાહેરાત આવે છે, મોબાઇલની જાહેરાત આવે છે. *(xxxxxx) ૨૦૧૨ ની ચૂંટણી પહેલા તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સમગ્ર ગુજરાતમાં જિલ્લે જિલ્લે ફર્યા. સદ્ભાવના ઉપવાસ નામના કાર્યક્રમો કર્યા. ટોપીયું ખરીદી અને એમાં મુસલમાનોને પણ બેસાડયા. સારું થયું રાજયમાં સદ્ભાવનાનું વાતાવરણ થતું હોય તો એ આવકાર્ય છે પણ પછી એમાં માનનીય મુખ્યમંત્રીશ્રી (અંતરાય)

સભાપતિશ્રી : માગણી પર બોલો.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : ચૂંટણી જીતવા માટે જે જિલ્લાઓમાં ગયા હતા અને ત્યાં જે જિલ્લાના વિકાસ માટે જાહેરાતો કરી, સાહેબ આંકડા મારી પાસે છે. સાબરકાંઠા જિલ્લામાં ૨૩૮૦લાખ રૂપિયા મૌખિક જાહેરાત કરેલ છે લેખિત કોઇ પછી માહિતી નથી. અમરેલી જિલ્લામાં ૧૦૦૪કરોડ રૂપિયા કોઇ ગ્રાન્ટ મળેલ નથી. દાહોદ જિલ્લામાં ૧૫૮૩લાખ રૂપિયા, વિગતો મળેલ નથી. વલસાડ જિલ્લામાં ૧૧૦૧કરોડ રૂપિયા આવી તો આખા ગુજરાતના તમામ જિલ્લાઓમાં તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ જે તે જિલ્લાના વિકાસ માટે ગ્રાન્ટ ફાળવણીની જાહેરાત કરી છે. (અંતરાય) સાહેબ, આ સામાન્ય વહીવટ વિભાગનો પ્રશ્ન છે. ગુજરાતની જનતાએ નરેન્દ્રભાઇની વાત ઉપર વિશ્વાસ પણ મુકયો. ચૂંટણી જીતી ગયા પરિણામ શું આવ્યું મેં કીધું એમ ઓલી ટી.વી.ની જાહેરાત પ્રમાણે લોકસભા પણ જીતી ગયા અને ધારાસભા પણ જીતી ગયા પણ પરિણામ એ આવ્યું ગુજરાતની જનતાના ફાળે (xxxxxx) એક પણ પૈસો કરેલી જાહેરાત મુજબ ફાળવ્યો નથી અને મારે તો આ સરકારને કહેવું છે અત્યારના મુખ્યમંત્રીશ્રીને કે નરેન્દ્રભાઇ જે જાહેરાત કરી ગયા છે (અંતરાય)

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, (xxxxxx) શબ્દ કાઢી નાખવા જોઇએ.

અધ્યક્ષશ્રી : (xxxxxx) શબ્દો કાઢી નાખીએ છીએ. અમુકને તો બનાવવાની જરૂર જ ન પડે. એ શબ્દ કાઢી નાખીએ છીએ.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીને મારી વિનંતી છે કે સદ્ભાવના મિશન કાર્યક્રમ હેઠળ જે જે જિલ્લાઓમાં ગયા, જે જે જિલ્લાઓના વિકાસ માટે નાણાની ફાળવણીની જાહેરાત કરી એ જાહેરાતના અમલ માટેની જે કાંઇ કાર્યવાહી કરી હોય એની અમને સત્તાવાર માહિતી આપે.

માનનીય ગૃહ મંત્રીશ્રીને હું કહેવા માગું છું કે ગૌ હત્યાના મુદ્દે ભૂતકાળમાં તમે પણ ખૂબ આંદોલનો કર્યા હતા. કારણ કે ગાય આપણું રાષ્ટ્રીય પ્રાણી છે. ગાય આપણી માતા છે. આપણે બધા એને પૂજીએ છીએ. આ ગાય હત્યાના મુદ્દે, ગૌ માંસના મુદ્દે સંડોવાયેલા ૨૦૦૮ થી ૨૦૧૨ દરમ્યાનના ૩૬૪ ઇસમોને પાસા હેઠળ ધરપકડ પણ કરી છે. એમાંથી પાસા બોર્ડે ૧૫૪ ને છોડી મૂક્યા. હાઇકોર્ટે ૧૯૬ લોકોને છોડી મૂક્યા. કુલ ૩૪૯ ને છોડી મૂક્યા. હવે સવાલ એ છે કે જે લોકો પકડાયા છે એમાં ૯૬ ટકા જેટલા છૂટી જાય છે. સરકાર ખરેખર આ ગૌ હત્યા બાબતે ગંભીર હોય અને પોલીસ જો કડક કાર્યવાહી કરવા માગતી હોય તો આટલા બધા ગૌ હત્યારા છૂટી કેમ જાય છે? સરકારે આ અંગે વિચારવું જોઇએ. મારી માગણી છે કે આવા

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા.

કેસોમાં ખૂબ ઉંડાણપૂર્વક તપાસ કરી અને આવા આરોપીઓ પાસામાં કે બીજી કોઇ કલમ હેઠળ પકડાય તો એ લોકો છૂટી ન જાય અને કડકમાં કડક સજા થાય અને પરિણામ સ્વરૂપે રાજ્યમાં ગૌ હત્યા બંધ થાય.

મારે એ પણ કહેવું છે કે રાજયમાં ગુનાખોરી વધતી રહી છે અને એને અટકાવવા માટે પોલીસ તંત્રમાં જગ્યાઓ ઘણી બધી ખાલી છે. આપણે પી.એસ.આઇ.ની ભરતી કરી છે, પણ ફિક્સ પગારમાં આ પોલીસ કર્મીઓની ભરતી કરી છે. અને આ ધોરણોને પણ હાઇકોર્ટે રિજેક્ટ કર્યા છે. જે માણસ જાનમાલનું રક્ષણ કરતો હોય, કાયદો વ્યવસ્થાનું રક્ષણ કરતો હોય એને પૂરતો પગાર ન અપાય એનું શોષણ કરીએ તો પછી એની પાસેથી સારી કામગીરીની અપેક્ષા કેવી રીતે રાખી શકાય? આ કેવી કામગીરી કરે. મારી તો સરકારશ્રીને વિનંતી છે કે કમસેકમ ફિક્સ પગારનું ધોરણ એ પોલીસ તંત્રમાંથી બાકાત કરે તો ખરેખર ગુનાખોરી ઘટશે. આ લોકો ગંભીરતાથી કામગીરી કરશે.

સામાન્ય વહીવટ વિષયમાં બે વાત કરવી છે. ધારાસભ્યશ્રીઓની ગ્રાન્ટમાં આપણે વધારો કર્યો. હું એને આવકારું છું. ખરેખર જરૂરિયાત હતી, કારણ કે ગયા સત્રમાં ઘણા બધા ધારાસભ્યશ્રીઓએ ૨ કરોડ રૂપિયાની માગણી કરી હતી. ભલે મોડું થયું, પણ થયું ખરું અને તમે કરેલ જાહેરાતને આવકારીએ છીએ. એમાં એક મારું સૂચન છે કે અત્યારે ધારાસભ્યશ્રીને ૩ લાખ રૂપિયા એક કામ માટે વધુમાં વધુ ખર્ચવાની છૂટ આપવામાં આવે છે. આ ૩ લાખમાં કોઇ કામ થતું નથી. એ મર્યાદા ૩ લાખની છે તે વધારીને ૫ લાખની કરવી જોઇએ તો ધારાસભ્ય ઇચ્છે એ કામ થઇ શકે. એમાં બીજું સૂચન છે કે સાંસદોને જે કામો માટે છૂટ આપવામાં આવી છે તેનો અભ્યાસ કરીને એવાં જ કામો માટે ધારાસભ્યોને પણ છૂટ આપવામાં આવે. ઘણી વખત એવું બને છે કે ધારાસભ્યશ્રી ભલામણ કરે અને સાંસદ એના નિયમ મુજબ ભલામણ કરે તો સાંસદનું કામ મંજૂર થાય છે. ધારાસભ્યના નોર્મ્સવાઇઝ કામ નથી હોતા, એટલે લોકોમાં કયાંને કયાંક અમે ટીકાપાત્ર થઇએ છીએ. બંનેના કામ માટેના નિયમો અને જોગવાઇ સમાન કરવામાં રાજય સરકાર ધ્યાન આપે તેવી મારી માગણી છે. કાર્યક્રમ સરકાર કરે છે. તે કાર્યક્રમની અંદર સ્થાનિક ધારાસભ્યને ખાસ કરીને વિરોધ પક્ષના સભ્યને ને અમને *(xxxxxx) પણ પૂછતું નથી. નથી અમારી તારીખ લેતા કે નથી અમને કોઇ જાણ કરતા. કયાંક કોઇ સારા મંત્રીએ અમને સૂચના આપી હોય અને ગયા હોય તો (xxxxxx) જેવા છીએ. સીધી વાત છે.

પોઇન્ટ ઓફ ઓર્ડર

અસંસદીય શબ્દ દૂર કરવા અંગે

શ્રી આત્મારામ મ. પરમાર : મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. સભ્યશ્રીએ જે (xxxxxx) શબ્દનો ઉલ્લેખ કર્યો તે પ્રવચનમાંથી કાઢી નાખવો જોઇએ.

અધ્યક્ષશ્રી : હમેશા ખ્યાલ રાખો કે અહીયા અમારું સ્ક્રૂટિની થાય છે. જે એવા શબ્દો હશે તે આપણે રેકર્ડમાંથી કાઢી નાખીએ છીએ.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કયાંક ભૂલચુકે જો અમે કોઇ કાર્યક્રમમાં જઇએ તો અમારી હાલત (xxxxxx) થાય છે. અમને નથી કોઇ બોલવા દેતું કે નથી અમારી કોઇ વાત સાંભળતું? આખરે ધારાસભ્ય એ ધારાસભ્ય છે. કાલે સામે પાટલી ઉપર હશું. અમે પણ પ્રધાન રહી ચૂક્યા છીએ. અમે સત્તા ભોગવી છે. ધારાસભ્યનો રેન્ક સમાન છે. ધારાસભ્યનું સન્માન એટલે તેની વાત સંભળાય, તેનું સ્ટેટસ જળવાઇ રહે એવું તો કોઇપણ સત્તા પક્ષે ધ્યાન રાખવું જોઇએ. મારી માગણી છે કે હું પણ મંત્રી હતો ત્યારે ભારતીય જનતા પાર્ટીએ તો અમારી સરકારને ગેરકાયદેસર ઠેરવી હતી. ત્યારે મેં બધાય ભાજપના ધારાસભ્યોને ફોન કરીને કહ્યું હતું કે તમે અહીં ન આવો તો કંઇ વાંધો નહીં.

અધ્યક્ષશ્રી : તમે તો બધામાં મંત્રી રહી ચૂક્યા છો. બધી પાર્ટીમાં. કઇ પાર્ટીની વાત કરો છો?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે હું કહેવા માગું છું કે, ધારાસભ્ય એ ધારાસભ્ય છે. ધારાસભ્યનું માન સન્માન જળવાય. કારણકે આખરે એ પ્રજાનો પ્રતિનિધિ છે. તેના

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા.

માધ્યમથી પ્રજાના કામો થાય છે. મેં તે વખતે ધારાસભ્યોને ફોન કરીને કહ્યું હતું કે તમે સચિવાલય ન આવો તો કંઇ નહીં પણ મને તમે ફોન કરી દેજો જેટલું થઇ શકશે તેટલું તમારું કામ કરીશ. મારી તો માગણી છે કે દરેક ધારાસભ્યો સમાન છે. ચાહે તે સત્તાપક્ષના હોય કે વિપક્ષના હોય. દરેકનું સ્વમાન જળવાય અને આખરે તો તે પ્રજાના પ્રતિનિધિ છે. પ્રજાના પ્રતિનિધિ તરીકે તેની વાત બરાબર વ્યાજબીપણે સંભળાય, તેના યોગ્ય કામો થાય અને તેનું માન સન્માન જળવાય રહે તેવી સ્થિતિનું સર્જન સત્તાધારી પાર્ટીએ કરવું જોઇએ તેવી મારી માંગણી છે.

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણી ક્રમાંકઃ ૪૨, ૪૩ અને ૪૪ લઇને આવ્યા છે તેને મારું સમર્થન આપવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયની સ્થાપના થઇ ત્યારથી અત્યાર સુધીની અંદર જે રીતે ગુજરાતની અંદર કાયદો અને વ્યવસ્થામાં આધુનિકરણ થઇ રહ્યું છે તે આજ સુધીના ઇતિહાસમાં નહોતું થયું તેવું આ સરકારની અંદર થઇ રહ્યું છે. મારે ગૃહ વિભાગના મંત્રી અને હાલના ગુજરાતના મુખ્યમંત્રી બેનશ્રી આનંદીબેન પટેલ, ગુજરાત પોલીસના વડા પી.સી.ઠાકુર અને ગૃહ વિભાગના સેક્રેટરી શ્રી નંદા સાહેબને અભિનંદન એટલા માટે આપવા છે કે એમણે જે રીતે ગુજરાતની અંદર સારામાં સારી કામગીરી કરી ગુનાખોરીને ડામવા માટે જે પ્રયત્નો કર્યા છે તે અભિનંદનને પાત્ર છે. મારે એ કહેવું છે કે, અગાઉના સમયમાં અમદાવાદ શહેરની અંદર આ ખાતામાં મેં નોકરી કરી હતી એટલે મારા જેટલો અનુભવ આ બધા સભ્યોમાં નહીં જ હોય તે સ્વાભાવિક છે. એ વખતના જમાનામાં અમદાવાદ શહેરની અંદર જે ગેંગો ચાલતી હતી. ગેંગવોર ચાલતા હતા અને તેની અંદર આમને સામને જોઇએ તો તેમાં રાધિકા હત્યાકાંડ થયો હતો. ગુજરાત પોલીસ ઉપર ગર્વ થાય અને અભિમાન થાય એવો એક બનાવ આજે આ દેશ અને દુનિયાના લોકો ડોન દાઉદના નામથી આજે થરથરે છે તે દાઉદ પણ ગુજરાતની અમદાવાદની ક્રાઇમ બ્રાન્ચની જેલમાં રહી ચૂકેલો છે તે ગુજરાત પોલીસ માટે ગૌરવપૂર્ણ વાત છે તે હું કહેવા માગું છું.

ગુજરાતની અંદર આજે દારૂ હોય, જુગાર હોય તેને ડામવા જે સરળીકરણ કર્યુ છે અને અગાઉની સરકારની અંદર જુગાર રમતા હોય તેને ત્યાં રેડ કરવા જવું હોય તો જયુડીશીયલ મેજીસ્ટ્રેટની પાસે જઇ વોરંટ લેવું પડે અને તે વોરંટ લઇને જુગારની રેડ થઇ શકતી હતી. આજે આ કામ કરતી સરકારની અંદર સુદ્રઢ વહીવટ અને પારદર્શક વહીવટ થાય તેના માટે આજે પોલીસ સબ ઇન્સપેકટરોને સત્તા આપવામાં આવી. જેના માટે કાયદાની અંદર સુધારો લાવવામાં આવ્યો. મને યાદ છે ત્યાં સુધી તે જમાનાની અંદર જોઇએ તો મહેન્દ્ર મુખી, બિપીન દાર આવા જે લોકો હતા તે બેફામ ખુલ્લેઆમ જુગાર દારૂના અડ્ડા ચલાવતા હતા. આજે ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી મહેન્દ્ર કલગી જેવા લોકો બેફામ જુગાર અને દારૂના અડ્ડા ચલાવતા હતા તેને પકડવા માટે આજે મહિલા મુખ્યમંત્રી અને છેલ્લા દસ બાર વર્ષની નરેન્દ્રભાઇ મોદીની સરકારે જે કામગીરી કરી છે તે ખરેખર અભિનંદનને પાત્ર છે. મારે કહેવું છે કે ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી જે આજે ગુજરાતની અંદર નહીં પણ દેશની અંદર પ્રથમ નંબરની લેબોરેટરી હોય તો તે ગુજરાતની અંદર છે. આ લેબોરેટરીની અંદર નઠારી હત્યાકાંડ જેવા આરોપીઓને લાવીને તેની તપાસ કરી અને ગુજરાત પોલીસનું ગૌરવ વધે તેવી એફ.એસ.એલ. બનાવી હોય તો તે ગુજરાત સરકારે બનાવી છે. માનનીય અધ્યક્ષશ્રી, સુરક્ષા સેતુની વાત છે.

અધ્યક્ષશ્રી : માનનીય જેઠાભાઇ આપની પાસે બે મિનિટ છે.

જેઠાભાઇ ઘે. આહિર ઃ માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે અત્યારે કામગીરી થઇ રહી છે ગુજરાત પોલીસની અંદર અને ગુજરાત પોલીસને સુદ્રઢ બનાવવાની વ્યવસ્થા થઇ રહી છે, દરેક તાલુકા પોલીસ સ્ટેશનમાં જે રીતે સુસજ્જ વ્યવસ્થા માટે કોમ્પ્યુટરાઇઝડ સિસ્ટમથી ટેકનોલોજીના જાણકાર લોકોને રાખીને કામ કરવામાં આવે છે એ પણ ખૂબ અભિનંદનને પાત્ર છે. માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ મહિલા મુખ્યમંત્રી બનતાની સાથે મહિલાઓની ચિંતા કરવાનું કામ કોઇએ સૌ પ્રથમ આ દેશમાં કર્યું હોય તો માનનીય આનંદીબેન પટેલે કર્યું છે ત્યારે મારે એમને અભિનંદન આપવા છે. પોલીસ ખાતામાં ૩૩ ટકા મહિલાઓની

ભરતી કરવાનો નિર્ણય કરીને મહિલા અનામત આપવાનો જે નિર્ણય કર્યો છે એવા દેશના પ્રથમ મહિલા મુખ્યમંત્રી છે ત્યારે મારે એમને અભિનંદન આપવા છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે ક્રાઇમ રેઇટ છે એ ગુજરાતની અંદર ઘણો જ ઓછો છે, બીજા રાજયો કરતા ગુજરાતની અંદર ઘણો જ ક્રાઇમ રેટ ઓછો છે. ગુજરાતના ઉચ્ચ પોલીસ અધિકારીઓએ જે રીતે કાયદો અને વ્યવસ્થા સારી રીતે ચાલે એના માટે આજે રાત દિવસ મહેનત કરી છે અને જે કોમ્બિંગ નાઇટ કરે છે અને પોલીસ અધિકારીઓ કોન્ફરન્સથી જિલ્લાના વડાઓ સાથે, કમિશનરશ્રી સાથે સતત સંપર્કમાં રહે છે અને દરેકનો સંપર્ક સારી રીતે સાધી શકે અને ગુનેગારો છટકી ન જાય એના માટેની તમામ વ્યવસ્થા કરવાનું કામ કર્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે આપને કહેવું છે કે, પોલીસ ખાતાને આધુનિકરણથી જે રીતે સજ્જ કરવામાં આવ્યું છે ત્યારે મને એવું લાગે છે ગુજરાતની અંદર આતંકવાદી જેવા કોઇ ગુનેગારો આવશે નહીં અને આવશે તો એમને પણ ખબર પડે એવી ગુજરાત પોલીસની તાકાત છે. મારે એ કહેવું છે કે, ગુજરાતની અંદર કાયદો અને વ્યવસ્થા જે રીતે ચાલી રહી છે એમાં રાત્રે બે બે, ત્રણ ત્રણ વાગે બહેનો નવરાત્રીના તહેવારોમાં ખુલ્લેઆમ રસ્તા પર નીકળી શકે છે, શહેરોમાં ફરી શકે છે અને ગામડાઓની અંદર પણ બહેનો રાત્રે ફરી શકે છે.

શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય અધ્યક્ષશ્રી, હું ચૂંટણી સેવાને લગતી સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧૦,૮૮,૦૬૦૦૦ની માગણી ક્રમાંક ૩૧ની જે માગણી લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે એને સમર્થન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતની ચૂંટણી પંચની સૂચનાઓ, માર્ગદર્શન તથા સીધા નિયંત્રણ હેઠળ મુખ્ય નિર્વાચિન અધિકારી, ગુજરાત રાજય, સામાન્ય વહીવટ વિભાગ, ચૂંટણી પ્રભાગ દ્વારા મતદાર યાદી તૈયાર કરવી, અદ્યતન કરવી, યથાયોગ્ય પ્રસંગે લોકસભા, રાજયસભાની અને રાજય વિધાનસભાની ચૂંટણીઓ કરવી, પેટા ચૂંટણીઓ કરવી અને મતદારો માટે મતદાર યાદી તૈયાર કરવી અને એ માટે ફોટો આઇ.ડી.કાર્ડ કરવા એ માટેની કામગીરી કરવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, ચૂંટણી એ લોકશાહીનું એક અગત્યનું અંગ છે અને ગયા વર્ષે ૨૦૧૪ની અંદર લોકસભાની ચૂંટણી આવવાની હતી એ પહેલા લોકસભાની મુદત ૩૧-૫-૨૦૧૪ના રોજ પૂરી થતી હતી અને એ માટે ચૂંટણી આયોગ દ્વારા ૬-૯-૨૦૧૩ના રોજ એક ચૂંટણી માટેનો મુસદ્દો પ્રસિદ્ધ કરવામાં આવ્યો. માનનીય બળવંતસિંહ હમણા કહેતા હતા કે, કેટલાય લોકોના નામ મતદાર યાદીમાંથી રહી ગયા. કદાચ એમને બીજા કશાક કામમાં પડ્યા હશે એટલે ખબર નહીં હોય પણ સતત સાત મહિના સુધી એ સપ્ટેમ્બરથી શરૂ કરીને ૩૦મી માર્ચ સુધી આ મતદાર યાદી સુધારવાનો કાર્યક્રમ સમગ્ર ગુજરાતની અંદર શરૂ કરવામાં આવ્યો.

પહેલા તો એવું હતું કે ૧૮ વર્ષની ઉંમર પૂરી થાય પછી એનું નામ મતદાર યાદીમાં દાખલ થાય. પરંતુ આ વખતે આ ચૂંટણી આયોગે એનાથી ઉપર ઉઠીને ૯મા મહિનાની અંદર જ કે જેને ૧-૧-૨૦૧૪ના દિવસે ૧૮ વર્ષ પૂરાં થતાં હોય એને એડવાન્સ ફોર્મ ભરી શકે, મતદાર યાદીમાં નામ દાખલ કરી શકે એ પ્રકારની એક વ્યવસ્થા ઊભી કરીને સમગ્ર ગુજરાતની અંદર એક એવા પ્રકારનું વાતાવરણ બનાવ્યું કે,કે લોકોને ખબર પડી ગઇ કે આપણને બધાને પોતાને મતદાન કરવાનો અધિકાર છે. તારીખ ૬-૯-૧૩ના રોજ ૩.૯૦ કરોડ મતદારો હતા એમાં ખાસ ઝુંબેશ ચલાવી. રવિવારના દિવસોએ બુથલેવલ સુધી, બુથલેવલના અધિકારીઓ દ્વારા ચકાસણી કરીને અનેક નવા પ્રકારની વ્યવસ્થા કરી. આપણને ખબર છે કે પહેલાં ચૂંટણી આવે તો કેટલાય લોકોના મતદાર યાદીમાંથી નામ રદ થઇ ગયા હોય, કોઇના નામમાં ભૂલ પણ હોય, એવા સંજોગોમાં આ વખતે ચૂંટણી આયોગ દ્વારા ચૂંટણી આવે એ પહેલાં મતદાર પોતાનું નામ મતદાર યાદીમાં છે કે નહિ, મતદાર યાદીમાં નામ હોય તો એમાં ભૂલ છે કે નહિ એ સુધારી શકે એ માટે સમગ્ર ગુજરાતના તમામે તમામ મતદારોને ચૂંટણીની તારીખ પહેલાં સ્લીપો વહેંચવામાં આવી. એ સ્લીપો વહેંચ્યા પછી કદાચ કોઇને એવું લાગે કે મારી આ સ્લીપમાં ભૂલ છે, મારા પરિવારમાંથી કોઇનું નામ બાકી છે તો એના માટેની વ્યવસ્થા સમગ્ર ગુજરાતમાં કરવામાં આવી અને એના કારણે આજે આ નવી મતદાર યાદી જે બની એમાં ૩.૯૨ કરોડ મતદારો હતા એના બદલે ૪,૦૫,૭૮,૫૭૭ મતદારો થયાં અને એ રીતે ૧૬ લાખ જેટલા મતદારોનો વધારો થયો અને એમને જે ફોટો કાર્ડ આપવાની જે પ્રક્રિયા હતી એમાં પણ ૯૯.૯૮ ટકા જેટલી કામગીરી કરવામાં આવી

અને સમગ્ર ગુજરાતની અંદર ફક્ત ૫૫૬૭ જ મતદારો એવા હતા કે જેની પાસે પોતાનું કાર્ડ નહોતું. તો આ પ્રકારે મતદાનની પ્રક્રિયા માટેનું ખૂબ સારું કામ સમગ્ર ગુજરાતમાં જ્યારે કરવામાં આવ્યું છે ત્યારે મતદારોમાં જાગૃતિ આવે એ માટે પણ વિવિધ કાર્યક્રમો ચૂંટણીપંચ દ્વારા કરવામાં આવ્યા. મતદાન વધે એ માટે પણ સમગ્ર ગુજરાતમાં ભવાઇના કાર્યક્રમ હોય, સ્વૈચ્છિક સંસ્થાઓ હોય, પોસ્ટર્સ લગાવવાના હોય, બેનર્સ લગાવવાના હોય, સોશિયલ મિડિયામાં જવાનું હોય, આ બધાના કારણે અગાઉ ૪૭.૮૯ ટકા મતદાન થયું હતું અને મતદાનની જાગૃતિના કાર્યક્રમના કારણે ૨૦૧૪ની અંદર ૬૩.૬૬ ટકા આમ ૧૬ ટકા જેટલો મોટો વધારો આ સમગ્ર ચૂંટણીની પ્રક્રિયામાં ગુજરાતમાં થયો છે. તો આ વખતે માનનીય મંત્રીશ્રી જે વધારાની માગણી લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી(રાવપુરા) : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૪–૧૫ની સામાન્ય વહીવટ વિભાગની તેમજ ગૃહ વિભાગની માગણીઓ પૈકી ગૃહ વિભાગની માગણી નંબર–૪૪ ઉપર હું મારા મંતવ્યો રજૂ કરું છું. જેમાં ૬૯,૭૫,૫૩,૦૦૦ રૂપિયાની અનુદાનની જે માગણી આવી છે તેને હું સમર્થન આપું છું. આપણા એક ધારાસભ્ય મિત્ર શ્રી ભટ્ટજીએ જેલોના સંદર્ભમાં ખૂબ સુંદર વાત કરી, આપણે બધાએ એકવાર જેલમાં જવું જોઇએ ઓછામાં ઓછું જોવા માટે તો ખરું જ. જેલ એ સુધરવા માટેનું તીર્થધામ છે. જેલ એ પ્રાયશ્ચિત કરવા માટેનું એક મંદિર છે. જેલ એ અદાલતનું ઘર છે જ્યાં સુધી જામીન ના મળે ત્યાં સુધી અદાલત તમને સાચવે. સારો ખોરાક આપે, પાણી આપે, વાંચન, ટી.વી. મનોરંજન, યોગ કાર્યક્રમ અને ઘણું બધું. કોઇપણ નિર્દોષ વ્યક્તિએ જેલથી બીવા જેવું કંઇ નથી. આ મારું મંતવ્ય છે. આદરણીય રાષ્ટ્રપિતા ગાંધીજી, સરદાર વલ્લભભાઇ પટેલ સાહેબ અને આ સભાગૃહમાંથી પણ કેટલાક સભ્યશ્રીઓ કટોકટીના કાળમાં ગયેલા હશે. આપણે જાણીએ છીએ એ રીતે ઘણા લોકોએ જેલ અનુભવેલી હશે. જેમણે જેલ અનુભવેલી એવા માનનીય અટલજી પણ વડાપ્રધાન બન્યા, માનનીય અડવાણીજી નાયબ વડાપ્રધાન બન્યા અને તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીજી સરદારજીના વેશમાં રહ્યા હતા અને સરકાર પકડી શકેલી નહિ, એ આજે આપણા વડાપ્રધાન બન્યા છે. જે રીતે માનનીય ભૂષણભાઇ ભટ્ટે કહ્યું એ રીતે મને એમ લાગ્યું કે જેલમાં જવાના ઘણા ફાયદા છે. અનિયમિત જમનારા જે લોકો છે, અનિયમિત ઉંઘનારા જે લોકો છે, અનિયમિત જીવનારા જે લોકો છે તે તમામને નિયમિત કરનારું આ સુધારા ગૃહ છે. એટલે હું તમામને વિનંતી કરીશ કે આમાની કાપ દરખાસ્ત પાછી ખેંચી લેજો.

માનનીય અધ્યક્ષશ્રી, માનસશાસ્ત્ર, સાયકલોજી એવુ કહે છે કે માણસને બંધન ગમતું હોતુ નથી. માણસને કોઇપણ પ્રકારનું બંધન ગમતું હોતુ નથી માટે સજાનું સ્વરૂપ એ જેલ છે, એ બંધન છે અને માનવ અધિકારની આ જ રીત છે. જો કડક ગૃહખાતુ ના હોય, જો કડક પોલીસ ના હોય, જો કડક કાયદો અને ન્યાયનો અમલ ના હોય તો ઇરાક અને અફઘાનિસ્તાન જેવી સ્થિતિ થાય, પાકિસ્તાન જેવી સ્થિતિ થાય અને ગૃહ યુધ્ધ ફાટી નીકળે. આપણે વોટ્સઅપ ઉપર આજકાલ જોઇએ છીએ અને માટે જેલની વ્યવસ્થા એ સુધારણા સ્વરૂપ હોવી જોઇએ જેનો સ્વીકાર છેલ્લા બાર વર્ષથી આ સરકારે કર્યો છે. જેલની વાત આવે ત્યારે દો આંખે બારાહ હાથનું ચિત્ર યાદ આવે.

અધ્યક્ષશ્રી : બે મિનિટ છે.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : સાહેબ, મેં લખી રાખ્યુ છે.

અધ્યક્ષશ્રી : તમે તો જેલમાં જઇ આવ્યા છો એટલે વધારે બોલવાની જરૂર નહી.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : સાહેબ, મને આઠ મિનિટ દંડકશ્રીએ આપેલી છે અને હું દંડકશ્રીનો આભાર માનુ છું. સાહેબ, ૫૬એ મારી પૂરી થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, જેલનો જે ઉદ્દેશ છે એ બંદીવાનને સુધારવાનો અને સમાજની તથા રાષ્ટ્રની મુખ્ય ધારાની પ્રવાહમાં લાવવાનો છે. અને એટલે જ એક અજાણ્યા કવિએ ખૂબ સુંદર વાત કરી છે કે, જેલમાં જતાં શું થાય ? તો

" એક હવા ઐસી ચલી, દુશ્મન જમાના બન ગયા,
દોસ્ત દુશ્મન બન ગયે, અપને વિરાને હો ગયે,
ઇજલાસ મેં જૂઠી ગવાહી દોસ્ત આકર દે ગયે,

ઉનકા તો કયા બિગડા, હમે તો જેલખાના હો ગયા.
ઔર, જેલમેં મૈં જબ ગયા, તો દિલ મેરા ગભરા ગયા
તો કૈદીઓને દી તસલ્લી તો દોસ્તાના બન ગયા."

માનનીય અધ્યક્ષશ્રી, એટલે આ જેલમાં ઘણો સુધારો છે, સુધારો કરવા માગીએ છીએ અને એ માટે આજે આખી આ જે પ્રક્રિયા છે તેનું જે અનુદાન લઇને આવ્યા છે તેને આપણે ખૂબજ ટેકો કરવો જોઇએ. વડોદરા, ભાવનગર, જૂનાગઢ હયાત જેલો ૫ક સુધી છે. મારું સૂચન છે આ જેલો જોવા માટે જવું જોઇએ. અને જેણે ગુન્હો કરેલો ના હોય તેણે તો ગભરાવાની જરૂર જ નથી.

શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી નંબર ૪૩, લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગૃહ વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે તે માગણીઓને હું અનુમોદન આપું છું. ગૃહ વિભાગ એટલે આપણી સમાજ રચના માટે અને રાજયનો વિકાસ કરવા માટે ખૂબજ મહત્વનો ભાગ ભજવતો આ પ્રકારનો આ વિભાગ છે. ભૂતકાળની અંદર, હમણાં સાથી ધારાસભ્ય શૈલેષભાઇએ વાત કરી કે આ વખતે ૧૨૭ કરોડ રૂપિયાનો દારૂ ગુજરાતની અંદર આવ્યો અને પોલીસ તંત્રે પકડયો. એ બાબતમાં મારું એવુ માનવું છે કે, ૧૯૪૭માં આઝાદી મળી અને આ દેશમાં ૧૯૫૨માં પહેલી ચૂંટણી આવ્યા બાદ ૧૯૯૫ સુધી કોંગ્રેસનું શાસન હતુ અને એ વખતે જે બોર્ડરના વિસ્તારો છે રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, દમણ અને સેલવાસ આ બોર્ડર ઉપર જે પ્રજા રહે છે એ આદિવાસી પ્રજા છે. આદિવાસી ભૂતકાળની અંદર એ બાબતમાં અણસમજુ હતી અને *(xxxxxx) આ ખુલાસો મારે એટલા માટે કરવો પડે છે.

અધ્યક્ષશ્રી : આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે.

શ્રી રમણલાલ ના. પાટકર : આ ચૂંટણીની અંદર બોર્ડર ઉપરથી (અંતરાય) સાહેબ, બોર્ડર ઉપર જે આદિવાસી ક્ષેત્ર છે અને ત્યાં.. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય રમણભાઇ, આપ સીધી લાઇન ઉપર આવો. ગૃહ વિભાગ ઉપર જ બોલો.

શ્રી રમણલાલ ના. પાટકર : બોર્ડર ઉપર આ બાબતમાં વધારેને વધારે ચલણ થાય છે અને એટલા માટે હું ગુજરાતના માનનીય પોલીસોને અભિનંદન આપું છું કે, આ જે કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે નશાબંધીને અટકાયત કરવા માટે જે ચૂંટણી ટાણે આ વર્ષે ૧૨૭ કરોડ રૂપિયાનો દારૂ પકડ્યો છે અને એ વાત રેકર્ડ ઉપર માનનીય શૈલેષભાઇએ મૂકી છે પણ એ કામગીરી સારી થઇ છે એટલા માટે હું પોલીસ તંત્રને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગૃહ વિભાગ દ્વારા કાયદો અને વ્યવસ્થા અને એના બેઝ ઉપર ગુજરાતના અર્થતંત્ર ઉપર સુધારો આવે તે બેઝ હંમેશાં રાજતંત્રની અંદર જોવાતો હોય છે અને હું એ ઇચ્છા રાખુ છું કે, ૯૫ થી અત્યાર સુધી જે ગુજરાતની અંદર ભારતીય જનતા પાર્ટીની સત્તા આવી છે અને આપણે જો આર્થિક દ્રષ્ટિએ જોઇએ તો ગુજરાતનો બેઝ ખૂબ જ ઉંચો ગયો છે એનું કારણ મુખ્ય જો હોય તો કોઇપણ એનઆરઆઇ અગર તો ઉદ્યોગપતિઓ જો પૈસાનું રોકાણ કરતા હોય તો એ ગુજરાતના કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કેવી છે એના બેઝ ઉપર એ રોકાણ થતું હોય છે અને અત્યાર સુધી જે ગુજરાતની અંદર બેઝ વધ્યો છે એનું મુખ્ય કારણ છે કે આપણે ત્યાં કાયદો અને વ્યવસ્થાનું સંગીન તંત્ર ગોઠવાયેલું છે અને એટલા માટે માનનીય ગૃહ મંત્રીશ્રીને અને સરકારને હું અભિનંદન આપું છું અને આ વર્ષે જે રીતે ગુજરાતની માનવ વસતિની અંદર ૪૮ ટકા મહિલા અને ૫૨ ટકા પુરૂષ છે એમાં ૩૩ ટકા જે ગુજરાતે જનરલ જી.આર. કર્યો છે કે કોઇપણ એકમની અંદર ૩૩ ટકા મહિલાઓને લેવા અને એમાં પણ માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે જે નિર્ણય લીધો છે કે આ વર્ષે ૩૩ ટકા મહિલાઓને સીધી ભરતી પોલીસ તંત્રમાં કરવી આ નિર્ણય ખૂબ જ આવકારદાયક છે અને એનાથી ખૂબ સારૂ તંત્ર ગૃહ વિભાગ દ્વારા આપણને મળશે તેવી હું આશા રાખુ છું.

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે જે કોઇ વિભાગો દ્વારા કામ થઇ રહ્યા છે એમાં પોલીસ દ્વારા ગામડાની અંદર જે કંઇ ગુના બને છે એને અટકાવવા માટે શું કરવું જોઇએ તો લોકો સાથેનો વ્યવહાર અને ગુજરાત સરકારના અર્થતંત્ર ઉપર સારી છાપ ઊભી થાય એ માટે લોક દરબારની વ્યવસ્થા કરી છે. આ લોક દરબાર એટલે સ્વભાવિક રીતે ચૂંટાયેલા પદાધિકારીઓ માટે ખૂબ જ એક સેતુ સમાન છે. જો કોઇ તંત્ર આપણને ધ્યાન ન દેતા હોય તો જાહેરમાં જયારે પોલીસ તંત્ર દ્વારા લોક દરબાર રચાતો હોય એમાં આપણે આપણી સાચી રજૂઆત કરી શકીએ છીએ અને દાખલા આપીને રજૂઆત કરી શકીએ છીએ અને એના ઉપર એ તંત્ર તાત્કાલિક પગલાં ભરે છે. માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુનાનું પ્રમાણ ઓછું થયું છે. માનનીય અધ્યક્ષશ્રી, હું આ માગણીઓને અનુમોદન આપું છું.

ડો. અનિલ જોષીયારા(ભિલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીઓ સામાન્ય વહીવટ વિભાગ અને ગૃહ વિભાગની માગણીઓ જે લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરૂં છું.

સામાન્ય વહીવટ વિભાગ રાજયના મહેકમ અને વહીવટના સંદર્ભમાં બહુ મોટી જવાબદારી એમના માથે છે,પરંતુ સાહેબ, ૧૯૬૦ પછી જે મહેકમ હતું જે તે વખતે વસતિ હતી અને આજે વસતિ ૬ કરોડ અને ૪ લાખની પણ વધી છે. તો જેમ વસતિ વધી તેમ મહેકમમાં પણ વધારો થવો જોઇએ એ વધારો આજે થયો નથી એના કારણે ખૂબ મુશ્કેલી થાય છે. આજે જે કોઇ થોડીઘણી ભરતી થાય છે એ આઉટ સોર્સીંગથી થાય છે અને એમાં પણ ફીકસ પગારથી થાય છે. આઉટ સોર્સીંગથી ભરતી થવાથી અને કરાર આધારિત ભરતી થવાથી પરિસ્થિતિ એ થાય છે કે એ જે કર્મચારી હોય છે એ જવાબદાર હોતા નથી. આવો એક દાખલો અમારા ટ્રાઇબલ વિભાગમાં હમણાં બની ગયો. બે મહિના થયા હતા કર્મચારીને અને ૧૧ કરોડ અને ૬૦ લાખ રૂપિયા એના ખાતામાં સરકારના પૈસા જમા કરાવી દીધા. તો આવા કર્મચારીઓ માટે કાં તો સરકારે નિર્ણય કરવો જોઇએ કે આ આઉટ સોર્સીંગથી ભરતી બંધ કરો અને જે કર્મચારીઓ લેવાય છે એ કર્મચારીઓને પૂરી જવાબદારી એટલે કે એ કાયમી હોવા જોઇએ. આવા કર્મચારીઓ લેવાથી સરકારને ખૂબ મોટું નુકસાન જાય છે.

બીજું, સાહેબ, જે ભરતી થાય છે જે પ્રમોશનો મળે છે એમાં ભરતીના નિયમો છે એ ભરતીના નિયમો સમયાંતરે બદલાવા જોઇએ એ થતા નથી. બીજું સાહેબ, એક વખત ભરતી થઇ ગઇ જયારે પણ ભરતીના રિક્રુટમેન્ટ રૂલ્સ હોય છે એ રૂલ્સ ફરી પાછું એને પ્રમોશન આપવામાં આવે ત્યારે પાછા આ રિક્રુટમેન્ટ રૂલ્સ બદલે છે અને ત્યારે કર્મચારીને ખૂબ નુકસાન થતું હોય છે તો આવું ન થવું જોઇએ.

બીજું કે ઘણા કર્મચારીઓ રિટાયર થાય છે અને એમને એકસટેન્શન આપવામાં આવે છે. એમાં સ્ટેટના કર્મચારીઓ ૫૮ વર્ષે રિટાયર થાય છે અને કેન્દ્ર સરકારના કર્મચારીઓ એ ૬૦ વર્ષે રિટાયર થતા હોય છે. તો આ રિટાયર શબ્દ આવે છે અને કર્મચારીઓમાં શિથિલતા આવી જાય છે. એમનામાં કાંઇક નવું કરવાનું જોમ રહેતું નથી. તો આ જે એકસટેન્શન આપવામાં આવે છે એ કેટલા સમય માટે આપવું જોઇએ એ વિચારવું જોઇએ. ૩ મહિના, ૬ મહિના, ૯ મહિના કયાં સુધી આપવું જોઇએ. આવા એકસટેન્શનોના લીધે ફીડર કેડરમાંથી જે કર્મચારીઓ આવતા હોય છે, એમને આનાથી પ્રમોશન મળતું નથી અને એમનો ઉત્સાહ મરી પરવારે છે. તો આ એટલા માટે મારું કહેવું છે કે અત્યારે એટલી બધી બેકારી છે ત્યારે જે કર્મચારીઓ ફીડર કેડરમાંથી આવવા માગતા હોય તેમને વહેલામાં વહેલી તકે ત્યાં મૂકવા જોઇએ કારણ કે ગુજરાતમાં ઘણી જગ્યાઓ કી પોસ્ટની હોય છે ત્યાં આવા ચાર્જથી એ જગ્યા ચાલતી હોય છે તો આવો ચાર્જ વધારે ચાલવો ના જોઇએ. જો ગુજરાતનો વહીવટ સુધારવો હોય તો એવું મારું માનવું છે. ગુજરાત કેડરમાંથી જે કર્મચારીઓ આવે છે એ ૫૮ વર્ષે રિટાયર થાય છે અને આઇ.પી.એસ., આઇ.એ.એસ કે આઇ.એફ.એસ. એ અધિકારીઓ ૬૦ વર્ષે રિટાયર થાય છે. તો મારી વિનંતી છે કે શા માટે ગુજરાતના કર્મચારીઓને ૫૮ વર્ષે રિટાયર કરવામાં આવે છે? અત્યારે જે માણસોનું સરેરાશ આયુષ્ય વધ્યું છે એ ૬૭.૫ ટકા જેટલું આયુષ્ય વધ્યું છે. તો આપણા ગુજરાત કેડરના કર્મચારીઓના પણ ૬૦ વર્ષ કરવા જોઇએ જેથી એ કર્મચારીઓ પણ ગુજરાત માટે ધગશ હોય એ સારું કામ કરશે, પરંતુ સરકારને એ કરવું નથી. એક બાજુ સરકાર ભરતી કરતી નથી, જે છે એનાં વર્ષ પણ વધારતા નથી તો મારી વિનંતી છે કે આમાં કાઇક વિચારો. સામાન્ય વહીવટ

વિભાગ આમાં ચોકકસ કાંઇક વિચારે.

માનનીય અધ્યક્ષશ્રી, મારી બીજી વિનંતી છે કે સરકાર નવા નવા ઉત્સવો અને પ્રોગ્રામો કરે છે એમાં દરેક વિભાગના અધિકારીઓને જોડવામાં આવે છે. એટલે પરિસ્થિતિ એ થાય છે કે જે તે વિભાગનું કામ રખડી પડે છે.ગામડા લેવલે કામ ઠપ થઇ જાય છે. તો મારી વિનંતી છે કે જે વિભાગનું કામ હોય એ જ વિભાગના કર્મચારી કે અધિકારીઓને એમાં રાખવા જોઇએ જેથી કામ પણ સારૂં થશે. અહીંથી અધિકારીઓને ગામડા લેવલે મોકલવાથી કોઇ ફાયદો થતો નથી ખાલી ત્યાં ફરીને એ પાછા આવે છે.

બીજી એક બાબત એ છે કે જે ચૂંટણીની કામગીરી કરી રહ્યા છે એ ચૂંટણીઓમાં ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત એમાં શેડ્યુલ વિસ્તારમાં પેસા કાયદાનો અમલ કરવામાં આવતો નથી. એમાં ૨૫ ટકા આદિવાસીની વસતિ હોય તો એની એ અનામતની સીટ થતી હોય છે, પરંતુ એનો અમલ થતો નથી. જયારે નવાં સીમાંકન અથવા વોર્ડની રચના થતી હોય અથવા તો બેઠકની ફાળવણી થતી હોય છે ત્યારે આ ધ્યાન આપવામાં આવતું નથી. જેથી આ વિભાગના માણાસોને ખૂબ જ અન્યાય થાય છે.

બીજું, આયોજન પ્રભાગમાં વિકેન્દ્રીત આયોજન છે એ કુલ આયોજનના ૭ ટકા ફાળવવા જોઇએ એ ૭ ટકા પ્રમાણે ૭૧૩૦૦ કરોડ રૂપિયાનું આયોજન છે. તો એ પ્રમાણે ૪૯૦૦ કરોડ રૂપિયા મળવા જોઇએ એના બદલે ૧૧૭૦ કરોડ રૂપિયાની જ આમાં ફાળવણી છે. તો મારી વિનંતી છે કે જે ૭ ટકાનો નિયમ છે એ ૭ ટકા પ્રમાણે જ મળવું જોઇએ. બીજું કે ઘણા એવા વિસ્તાર છે કે જેમાં એસ.સી. અને એસ.ટી.ના પદાધિકારીઓ માટે સ્પેશ્યલ ફંડની ફાળવણી હોય છે. તો એ અમુક તાલુકામાં નથી. મારા મેઘરજ તાલુકામાં એકપણ રૂપિયો ઘણા સમયથી ફાળવ્યો નથી એવું મારા ધ્યાનમાં આવ્યું છે. તો મારી વિભાગને વિનંતી છે કે જે આ તાલુકાઓ રહી ગયા હોય તો તેમને એ પૈસા ફાળવવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું કે આ જે ભરતી થાય છે એ ગૌણ સેવા પસંદગી મંડળ, ગુજરાત જાહેર સેવા આયોગ અને પંચાયત સેવા પસંદગી મંડળ મારફત થાય છે. છેલ્લા ઘણા સમયથી એટલે કે છેલ્લા ૨–૩ વર્ષથી આ જે ભરતીની પ્રક્રિયા છે તેમાં ખાનગી સંસ્થાઓને કયાંકને કયાંક ઇન્વોલ્વ કરવામાં આવે છે એના લીધે આ ચંપાવત જેવું તલાટીનું ભરતી કૌભાંડ થયું એવાં કૌભાંડ ઉભાં થાય છે. તો મારી વિનંતી છે કે સરકારના વિભાગ મારફતે જ આવી ભરતી થવી જોઇએ અને આ જે કૌભાંડ થયું છે એમાં સમયસર પગલાં લેવાં જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, બે દિવસ પહેલાં જ આપણા ગૃહના સભ્યશ્રી શકિતસિંહજી ગોહિલ રજૂઆત કરતા હતા કે...

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગૃહ અને સામાન્ય વહીવટ વિભાગ જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અદ્યક્ષશ્રી, મારે એ જ કહેવું છે કે જયારે કોંગ્રેસની સરકાર હતી ત્યારે જે સામેનો અધિકારી કક્ષ છે એ કક્ષમાં જે અધિકારીઓ બેસે છે એમાં આદિવાસી અને દલિત અધિકારીઓને ન્યાય મળતો હતો અને આજે જોઇએ છીએ તો એ અધિકારી કક્ષમાં આદિવાસી અને દલિતોનું પ્રમાણ ખૂબ જ ઓછું છે.

આપણા દેશના બંધારણની અંદર ડો. બાબાસાહેબ આંબેડકરે એસ.સી., એસ.ટી. માટે ભરતીમાં અનામતની જોગવાઇ કરી, પરંતુ આ સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા કોઇ અધિકારીને પ્રમોશન આપવાનું હોય તો એના માટે માર્કસ નક્કી કરવામાં આવ્યા છે. ગુડ, વેરીગુડ અને એકસલેન્ટ. એમાં કોઇ મોટા ઉપરી અધિકારી સાથે એસ.સી, એસ.ટી. કે બક્ષી પંચના અધિકારી કે કર્મચારીને બનતું નથી હોતું ત્યારે એના સી.આર. ખરાબ કરતા હોય છે એના લીધે ઘણું બધું નુકસાન આ સમાજને થતું હોય છે. આજે મોટા ભાગની જગ્યાઓ ખાલી પડી છે છે. સચિવાલયમાં એસ.સી., એસ.ટી. અને બક્ષીપંચના અધિકારીઓને અન્યાય થાય છે તેથી તેઓ કી પોસ્ટ ઉપર જોવા મળતા નથી. આનું કોઇ કારણ હોય તો એ ગુડ, વેરીગુડ અને એકસલેન્ટ છે એ પ્રથા રદ કરવી જોઇએ એના બદલે પ્રમોશનના નિયમો હોય એ પ્રમાણે સિનિયોરીટીવાઇઝ બઢતી આપવી જોઇએ.

એસ.સી., એસ.ટી.ની વાત છે એની સાથે સાથે મારે બીજી પણ વાત કરવી છે. સચિવાલયના જે ખાસ ખાસ અને અગત્યના વિભાગો છે જેમાં નીતિ વિષયક નિર્ણયો લેવાના હોય છે, એવા રેવન્યુ વિભાગ હોય, ગૃહ વિભાગ હોય, જી.એ.ડી. હોય કે નાણા વિભાગ હોય, એમાં એસ.સી., એસ.ટી. ના અધિકારીઓ હોતા નથી, એટલે એની અંદર પણ સરકારશ્રીને વિનંતી કરું છું કે આ મહત્વની જગ્યાઓ ઉપર એસ.સી. એસ.ટી.ના અધિકારીઓ રાખવા જોઇએ અને એમને પ્રમોશન આપવું જોઇએ.

રીઝર્વ સીટો દરેક ભરતી વખતે રાખવામાં આવતી હોય છે. એમાં એસ.સી., એસ.ટી.ના ભાઇઓ પાસ થતા હોય એ જો મેરિટમાં આવ્યા હોય તો એને જનરલ કવોટામાં ગણવા જોઇએ એને રીઝર્વ કવોટામાં ગણવા જોઇએ નહિ.

એજ રીતે એકસ આર્મી માટે પણ અનામત જગ્યાઓ હોય છે. એ જયારે આ જગ્યાઓ ભરાતી નથી હોતી ત્યારે એને એસ.સી., એસ.ટીમાં ગણવામાં આવતી હોય છે તો એ પણ નહિ ગણવી જોઇએ.

એ જ રીતે મહિલાઓ માટે ખાલી પોલીસદળમાં જ નહિ કે એસ.ટી.ના ડ્રાઇવર કન્ડકટરમાં જ નહિ પણ દરેક દરેક કેડરમાં વર્ગ–૧ થી માંડીને વર્ગ–જની તમામ ભરતીમાં ૩૩ ટકા બહેનો માટે અનામત દાખલ કરવી જોઇએ, તો જ સાચુ સ્ત્રી સશકિતકરણ કર્યુ ગણાશે.

બીજી એક વાત મારે એ કરવી છે કે રોસ્ટર અંગેના ઠરાવ કરવાની કામગીરી જી.એ.ડી. કરે છે એના નિયમો જી.એ.ડી. બનાવે છે જયારે રોસ્ટર રજીસ્ટરની ચકાસણી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ કરતું હોય છે. સરકારના દરેક વિભાગો, બોર્ડ, નિગમો વગેરેમાં રોસ્ટર રજીસ્ટરો નિભાવવામાં આવતા નથી, એટલે આપના દ્વારા આ સરકારને વિનંતી છે કે રોસ્ટર રજીસ્ટરો હોય એની નિભાવણી દર વર્ષે થવી જોઇએ, બધા વિભાગોની ચકાસણી થવી જોઇએ.

હમણાં મેં પેપરની અંદર વાચ્યું કે કેન્દ્ર સરકારે મદરેસાઓના આધુનિકરણ માટે દેશના વડાપ્રધાનશ્રીએ પૈસા ફાળવ્યા છે ત્યારે હું આ વિભાગને કહેવા માગું છું કે ગુજરાતમાંથી હજ પઢવા દર વર્ષે જાય છે એનો કવોટા કેન્દ્ર સરકાર નક્કી કરતી હોય છે. આપણે ત્યાં મુસ્લિમ ભાઇઓની જે વસતિ છે એની સરખામણીએ ઘણો ઓછો કવોટા ફાળવ્યો છે. અત્યારે ફકત ૩૮૦૦નો કવોટા છે, એમાં વધારો થાય એ માટે રાજય સરકાર પણ કેન્દ્રને રજૂઆત કરે અને કેન્દ્ર સરકાર એ કવોટો વધારી આપે તેવી મારી વિનંતી છે.

માહિતી અધિકાર કાયદા હેઠળ કોઇ વિભાગ પાસે માહિતી માગવામાં આવે છે ત્યારે એ માહિતી ટાઇમ લિમિટમાં મળતી નથી. હું મારો જ દાખલો આપું કે આદિજાતિ વિભાગમાં માહિતી માગી એને આજે દોઢ મહિનો થયો છતાં ધારાસભ્યશ્રીને પણ માહિતી આપવામાં આવી નથી. તો વહેલામાં વહેલી ટાઇમ લિમિટમાં એ માહિતી મળવી જોઇએ.

ગૌણ સેવા પસંદગી મંડળની અંદર જે ભરતી કરનાર બોર્ડ હોય છે એની અંદર પણ એસ.સી., એસ.ટી.ના ભાઇઓને રાખવા જોઇએ.

શ્રી રમણલાલ વોરા (સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મારી સામાન્ય વહીવટ વિભાગની માગણીઓ ઉપર અનેક ધારાસભ્યશ્રીઓએ પોતાના વિચારો વ્યકત કર્યા છે. ઘણા બધા લોકોએ આ વિભાગને સારા સૂચનો પણ કર્યા છે. જયારે માહિતીના અભાવના કારણે કયાંક ટીકા પણ થઇ છે.

સામાન્ય વહીવટ વિભાગ રાજય સરકારની કરોડરજજુ સમાન છે. આ વિભાગને કારણે સમગ્ર હિન્દુસ્તાનભરમાં ગુજરાતની આગવી ઓળખ બની છે. ગુજરાત મોડેલની ઓળખ ઊભી કરવાનો જો કોઇનો સૌથી વધારે હિસ્સો હોય તો એ સામાન્ય વહીવટ વિભાગનો છે અને જયારે ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી બહેનશ્રી આનંદીબહેન પટેલ બન્યા છે ત્યારે ગણતરીના દિવસોમાં સમગ્ર ગુજરાતના મોટા ભાગના જિલ્લાઓનો પ્રવાસ કરીને જે રીતે વહીવટી તંત્રને ગતિ આપી છે જે રીતે વહીવટી તંત્રને દિશા આપી છે એને કારણે આ અમારો વિભાગ ચેતનવંતો અને જાગૃત બન્યો છે.

સામાન્ય વહીવટ વિભાગની વાત કરતા હોઇએ ત્યારે આ રાજય સરકારના અભિગમમાં કર્મચારી નથી, પણ કર્મયોગી છે. એક રથના બે પૈડા એકી સાથે ચાલે, વહીવટી તંત્ર અને સત્તાધારી પક્ષ બંને એક સાથે ચાલે અને પ્રજા જીવનના પ્રશ્નોને વાચા આપી શકે અને યોગ્ય દિશામાં એને લઇ જઇ શકે અને એ દિશામાં બમણા વેગથી કામ કરવાનો પ્રયાસ માનનીય મુખ્યમંત્રીશ્રી આનંદીબહેન પટેલે કર્યો છે. સો દિવસમાં ગતિશીલ ગુજરાતના માધ્યમથી સમગ્ર ગુજરાત રાજયમાં એક અલગ આગવી ઓળખ આપીને આગવી ભાત પાડીને ૪૮ જેટલી વહીવટી પ્રવૃત્તિઓને ૧૧ જેટલા વિષયો સાથે સાંકળીને ઓછા સમયમાં આગામી દિવસોમાં કામ કરવાની ક્ષમતા છે એની રૂપરેખા આપવાનું કામ મહિલા સશકિતકરણ હોય, કૂપોષણની વાત હોય, મહાત્મા ગાંધી સ્વૈચ્છિક સ્વચ્છતા અભિયાનની વાત હોય, લોકોને સેવા પૂરી પાડવાની વાત હોય આમાં જનતાના પ્રશ્નો તાલુકા મથક સુધી પહોંચી લોક સંવાદસેતુ કાર્યક્રમ યોજીને સ્થળ ઉપર પ્રશ્નોનો નિકાલ કરવાનો હોય એ તમામ બાબતો ખૂબ નજીકના દિવસોમાં આ રાજય સરકાર કરે છે.

જયારે અમે કર્મયોગીની વાત કરીએ છીએ ત્યારે કર્મયોગીને પણ પૂરતી વ્યવસ્થા મળે, એમના માટે રમતગમત પ્રવૃત્તિઓનું આયોજન થાય એમના માટે સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન થાય, એમને પોતાની જરૂરિયાત છે એ રાજય સરકાર દ્વારા સંતોષવામાં આવે તે પ્રકારની ગતિ આ રાજય સરકાર આપી રહી છે.

સામાન્ય રીતે જયારે કોમ્પ્યુટર અને વિજ્ઞાનનો જમાનો છે ત્યારે આ કર્મચારી મિત્રોને તાલીમના માધ્યમથી ૨૧મી સદીમાં એ પણ પોતાના પગરણ માંડીને વધારે ઝડપથી વધારે લોકોના કામ કરી શકે એ માટે તાલીમબદ્ધ કરવા માટે સમયાંતરે તાલીમ આપવાનું કામ આ રાજય સરકાર કરે છે. એના માટે અનેક પ્રયત્નો આ રાજય સરકારે કર્યા છે. આપણે જાણીએ છીએ એ પ્રમાણે રાજય સરકારની ઘણી બધી સંસ્થાઓ છે. પછી એ જી.પી.એસ.સી. હોય, ગૌણ સેવા આયોગ હોય કે અન્ય હોય. સમયસર ભરતી નહીં થવાના કારણે, વિલંબ થવાના કારણે પ્રજાજીવનના કામોમાં કયાંકને કયાંક આડખીલીરૂપ બનતું હોય છે. સામાન્ય વહીવટ વિભાગ દ્વારા સાયન્ટીફીક રીતે ગુજરાતના ઇતિહાસમાં પહેલી વખત ૧૦ વર્ષનું એક કેલેન્ડર બનાવવામાં આવ્યું છે. કયો અધિકારી કયારે નિવૃત્ત થવાનો છે, એ નિવૃત્ત થાય ત્યારે તેની ભરતી કેવી રીતે થાય તેના માટેનું એક કેલેન્ડર બનાવીને નિયમસર એ કર્મચારી નિવૃત્ત થાય તે પહેલાં તેની ભરતી થાય તેના માટેની સાયન્ટીફીક પ્રક્રિયા અમારા સામાન્ય વહીવટ વિભાગે કરી છે. આપણે જાણીએ છીએ તે પ્રમાણે જે પણ ઉમેદવારો હોય છે એ ઉમેદવારોની સંખ્યા વધારે હોય છે. તેના કારણે પણ કયારેક તેમાં તકલીફ થતી હોય છે. તેના માટે પૂર્વ ભરતી યોગ્યતા પરીક્ષા દાખલ કરીને આમાંથી ચુનંદા લોકોને પસંદ કરીને પછી આ પ્રક્રિયામાં લાવવામાં આવે તો રાજય સરકારને યોગ્ય લોકો મળી રહે તે માટેનો રાજય સરકારે એક સાનુકૂળ અભિગમ કર્યો છે. આજે જયારે અધિકારીઓ ઝડપથી નિવૃત્ત થતાં હોય ત્યારે એ અધિકારીઓની એ જ રીતે ભરતી થાય એ રાજય સરકારનો અભિગમ છે. એ સાથે સાથે જે લોકો ગુજરાતીઓ છે. જેમને પરદેશ જવાનું છે એ લોકો વીઝા માટેની માગણી કરતા હોય છે. એના માટેના અનેક પ્રકારના પ્રમાણપત્રોની પણ જરૂર પડતી હોય છે. એ પ્રમાણપત્રો જો તેને સમયસર આપવામાં ન આવે તો તેને વીઝા મળી શકતા નથી. તેના માટેનું પણ સરળીકરણ કરીને ત્વરિત ગતિથી તેને આ પૂરું પાડવાનું કામ આ રાજય સરકારે કર્યું છે. અમારા વિભાગ થકી આપણે બધા જાણીએ છીએ તેમ સમગ્ર દેશમાં ગુજરાતીઓ મોટી સંખ્યામાં વસે છે. અન્ય રાજયોમાં જઇ ગુજરાતીઓ વસે છે. એ ગુજરાતીઓની સુખાકારીને ધ્યાનમાં રાખીને આ રાજય સરકાર પ્રત્યેક પ્રાંતમાં જે ગુજરાતીઓ ગુજરાત ભવન બનાવે ૧૦ લાખ રૂપિયાની જોગવાઇ કરીને તે ૧૦ લાખ રૂપિયા એ ગુજરાતી સમાજને આપવાનું કામ પણ આ રાજય સરકાર કરે છે. આપણે બધા જાણીએ છીએ તેમ અહીં વિકેન્દ્રિત આયોજનની વાત કરી. માનનીય ધારાસભ્યશ્રીઓએ કહ્યું એ પ્રમાણે પહેલાં તમને અને મને જે ગ્રાન્ટ મળતી હતી ૫૦ લાખ રૂપિયા ધારાસભ્ય ફંડ. આ વખતે તેમાં બમણો વધારો કરવામાં આવ્યો છે. સ્વાભાવિક પરંપરાઓ કેવી હોય છે. રાજય સરકાર વધારો કરે તો કયારે વધારો કરે? તો અત્યાર સુધીનો અભિગમ એવો રહ્યો કે ચૂંટણીનું ટાણું હોય કોઇ પણ રાજકીય સત્તા હોય તો તે વખતે વધારો

કરતી હોય છે. હમણાં કોઇ ચૂંટણી આવવાની નથી અને છતાં બજેટમાં તમે જે જોઇ રહ્યા છો તેમાં સામાન્ય વહીવટ વિભાગની દરમ્યાનગીરીના કારણે ચૂંટણી આધારિત નહીં, મત આધારિત નહીં, લોકોની જાગૃતતાને ધ્યાનમાં રાખીને, તેના પ્રશ્નોને ધ્યાનમાં રાખીને આ ૫૦ લાખના એક કરોડ કરવામાં આવ્યા છે. વિકેન્દ્રિત આયોજનની માગણી આપણા થકી થતી હોય છે એટલે તેનાથી આપણે બધા વાકેફ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિભાગની માગણીઓમાં થોડાક ધારાસભ્યશ્રીઓએ પોતાના સૂચનો પણ કર્યા છે, માહિતી પણ માગી છે. ચૂંટણી મતદાર યાદીમાં નામ કમી થઇ જાય છે તેના માટેની પણ વાત કરવામાં આવી છે. રાજયનું ચૂંટણી પંચ એ સ્વાયત્ત છે. તેની જે રીતે વ્યવસ્થા કરવામાં આવે છે એ ઘેર ઘેર ફરીને કોઇનું પણ નામ ન રહી જાય અને તેમાંય રાજકીય પક્ષના ચુનંદા લોકો જે તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, ધારાસભા.. કોઇનું પણ ભૂલથી નામ ન રહી જાય એની સ્પેશિયલ કાળજી આ ચૂંટણીપંચ દ્વારા રાખવામાં આવે છે.

અહીં આંગણવાડી બહેનોની પણ વાત થઇ. આપણે બધા જાણીએ છીએ. અત્યાર સુધી આંગણવાડી કાર્યકર્તા બહેનને તમે ઓળખતા હતા ખરા? આંગણવાડી બહેનની પ્રવૃત્તિ શું છે તેની આપણને ખબર હતી? તો જવાબ–ના. બહેનશ્રી આનંદીબહેન પટેલ પાસે જયારે મહિલા અને બાળ કલ્યાણનો વિભાગ હતો ત્યારે આંગણવાડીની બહેનોને એક આગવી ઓળખ આપવામાં આવી. તેમને ડ્રેસ આપવામાં આવ્યો. માતા યશોદાનો એવોર્ડ આપીને એ ભૂલકાઓની સાચવણી કરવાનું કામ આ આંગણવાડીની બહેનો દ્વારા કરવામાં આવ્યું. મેં કહ્યું એ પ્રમાણે કોઇ ચૂંટણી નહીં, કોઇ મત લેવાના નહીં અને છતાંય આંગણવાડી બહેનોના પગારમાં વધારો કરવામાં આવેલ છે. આ બધી જ બાબતો આપણું ધ્યાન કેન્દ્રિત કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ધારાસભ્યોના પત્રોના જવાબો સમયસર મળવા જોઇએ, અને વાત સાથે આ રાજય સરકાર સહમત છે. તમારા બધાની જાણકારી માટે ૨૦૧૩માં ૩૩૨૯ પત્રો ધારાસભ્ય તરફથી લખવામાં આવેલા જેમાંથી ડિસેમ્બર ૨૦૧૩ અંતિત ૩૧૧૨ એમ.એલ.એ.ના પ્રશ્નોનો નિકાલ કરવામાં આવ્યો છે. ૯૩.૪૮ ટકાનો રેશીયો છે. માત્ર ૨૬૭ પડતર છે અને એની પૂર્તતાના કારણે એ ધારાસભ્યના પ્રશ્નોના પણ જવાબો આપવામાં આવશે. આ રાજય સરકાર એ વાત સાથે સહમત છે કે અહીંયા બેઠેલો પ્રત્યેક ધારાસભ્ય અઢી–ત્રણલાખ મતદારોને લઇને આવતો હોય છે. એની પણ અલગથી આઇડેન્ટીટી છે, અને એની પણ ઓળખ છે. એનું પણ સ્વમાન જાળવવું જોઇએ. એનું કામ પણ થવું જોઇએ એમાં કોઇ પક્ષાપક્ષીને આ સરકાર માનતી નથી અને એટલા માટે બધા ધારાસભ્યોને એક સાથે રહીને કોઇ પક્ષાપક્ષીમાં પડયા સિવાય એના પણ વિકાસના કામો થવા જોઇએ, રાજય સરકારના જે કામો હોય તે કામોની અંદર એના કાર્યક્રમ હોય તો કાર્યક્રમમાં આમંત્રણ હોવું જોઇએ, એમને યોગ્ય સ્થાને બેસાડવા પણ જોઇએ, એમનું પણ સન્માન જળવાવું જોઇએ, કયાંક મિત્રો શરતચૂકથી આવું રહી ગયું હશે તો અમારા વિભાગ તરફથી આની પૂરતી કાળજી લઇને આ ધારાસભ્યોને પૂરતો લાભ થાય અને એમની સુવિધા જળવાય એ માટેના પ્રયાસો આ રાજય સરકાર કરશે.

અહીંયા ઘણાબધા લોકોએ વાત કરી છે, જોષીયારા સાહેબની છેલ્લી એક વાત કરીશ. સમયના અભાવે બધું તો નહીં કહી શકાય. જોષીયારા સાહેબે બે વાત કરી હતી. એમણે કહ્યું કે જે અધિકારી નિવૃત્ત થાય છે અને પછી તમે એને રાખો છો તો એનો કામ કરવાનો જોમ અને જુસ્સો ઘટી જાય છે અને તરત જ એમણે એવું કહ્યું કે ૫૮ વર્ષના કર્મચારીઓને તમે એકસ્ટેન્શન આપતા નથી, એમને ૬૦ સુધી એકસ્ટેન્શન આપવું જોઇએ. આ બન્ને વિરોધાભાસી બાબતો છે. આ રાજય સરકાર કયારેય કોઇને પણ અત્યાર સુધીમાં એકસટેન્શન આપતી નથી. સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર મુજબ જે પણ કોઇ કર્મચારી નિવૃત્ત થતો હોય છે પરંતુ એ કર્મચારીની જરૂરિયાત છે અને એ કર્મચારીની જયારે જરૂરિયાત હોય ત્યારે એ નિવૃત્ત થતા કર્મચારીને એકસ્ટેન્શન માત્ર ૧૧ મહિનાના કરાર આધારિત આપવામાં આવે છે. પુનઃ તમે જે પ્રમાણે કહો છો એ પ્રમાણેની નોકરીની વ્યવસ્થા આ સામાન્ય વહીવટ વિભાગમાં નથી. ફીકસ પગારના કર્મચારીની વાત થઇ.

અધ્યક્ષશ્રી : ટૂંકમાં જોષીયારા, એને પહેલા કન્ટીન્યુ કરતા હતા એને બદલે નોકરી પૂરી થાય અને કોન્ટ્રાકટ બેઇઝ ઉપર ફીકસ પગારથી લે છે. લે છે, પણ પદ્ધતિ જુદી છે.

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, ફીકસ પગારની પણ વાત થઇ, સુપ્રીમ કોર્ટમાં અત્યારે આ મેટર પેન્ડિંગ છે અને એટલે એ વાત અહીંયા મારા થકી કરવી એ બરાબર નથી. મિત્રો આપણે બધા ધારાસભ્ય તરીકે જાણીએ છીએ એ પ્રમાણે અનેકવિધ ગ્રાન્ટો છે. આપણો તાલુકો વાઇબ્રન્ટ તાલુકાની સ્કીમ આ રાજય સરકારે નવી અમલમાં મૂકી એક તાલુકામાં સવા કરોડ, મોટો તાલુકો હોય તો દોઢ કરોડ રૂપિયા, અને એક આપણે વિકાસના, આપણા મત વિસ્તારના લોકોના વિકાસના કામો વધારે સારી રીતે કરવાની તક એ મિત્રો આ રાજય સરકારે આપી છે. ભાઇશ્રી અશ્વિનભાઇ કોટવાલે ઘણી બધી વાતો એસ.સી., એસ.ટી.ના કર્મચારી માટેની કરી છે. સામાન્ય વહીવટ વિભાગની સાથે મારો સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ પણ આની સાથે જોડાયેલો છે. રાજય સરકાર વતીથી આ તબકકે હું જરૂરથી ખાતરી આપુ છું કે ગુજરાત સરકારના અનુસૂચિત જાતિ, જનજાતિના કોઇપણ કર્મચારી છે જેને ડોકટર બાબા સાહેબ આંબેડકરે આપેલા બંધારણીય હકક અને ફરજો છે આ સરકાર એમાંથી એમને કયારેય ઉણું ન ઉતરે, એમને કયારેય નુકસાન ન થાય એની પૂરેપૂરી તકેદારી રાખી રહી છે. આગામી દિવસોમાં પણ રાખશે. મારી અપેક્ષા મિત્રો એ છે કે હું પોતે દલિત સમાજમાંથી આવતો હોઉ ત્યારે મારે પણ મારું મેરીટ બતાવવું પડતું હોય છે. માત્ર અને માત્ર અનામતના આધારે ચાલીશું, હું અને તમે બન્ને અનામતમાંથી આવીએ છીએ એટલે આપણે બોલી શકીએ કદાચ અન્ય લોકો આ નહીં કરી શકે પરંતુ આજે તો જમાનો સમય અને સ્થળ બદલાયો છે. આજે તો રીઝર્વેશન કરતા પણ મેરીટમાં આવનારા લોકોની સંખ્યામાં વધારો થયો છે. સન્માનનીય ગૃહને મારે કહેવું છે અને આ રાજય સરકારનો સામાન્ય વહીવટ વિભાગ તમે જે મેરીટમાં આવ્યા એમ મેરીટવાળો મેરીટમાં આવે, અનામતની ટકાવારી એઝ ઇટ ઇઝ જાળવી રાખવાનો સામાન્ય વહીવટ વિભાગે પરીપત્ર કર્યો છે એટલે મારું મારા બાપનું અને તમારામાં મારો ભાગ આ સામાન્ય વહીવટ વિભાગની નીતિ છે.આ નીતિ પ્રમાણે કોઇપણ કર્મચારીને ક્યારેય નુકસાન ન થાય એના માટેની આ રાજય સરકારની નેમ છે. સામાન્ય વહીવટ વિભાગ અને એના કર્મચારીઓ, મારા અધિકારીઓ જે રીતે મેં કહ્યું એ પ્રમાણે કરોડરજ્જૂ સમાન છે અને આ સરકારની છબીને સમગ્ર દેશ અને દુનિયામાં ઉજાગર કરવામાં જ્યારે સહાયરૂપ થયા છે ત્યારે આ વિભાગની અનેકવિધ કામગીરી છે. તમે જે સજેશનો આપ્યા છે, જ્યારે સમય અને સંજોગો અનુકૂળ આવશે અને ઠીક લાગશે તો એ સૂચનોનો સ્વીકાર કરીને અમારો વિભાગ વધુ સારી રીતે લોકભોગ્ય બને એ દિશામાં રાજય સરકારનો પ્રયાસ રહેશે. જે પણ મારા મિત્રોએ મારા સામાન્ય વહીવટ વિભાગ માટેની કાપ દરખાસ્તો મૂકી છે એ કાપ દરખાસ્તો પાછી ખેંચી અને સર્વાનુમતે મારી માગણીઓ પસાર કરે એવી વિનંતી કરું છું.

શ્રી રજનીકાન્ત સો. પટેલ ( રાજ્ય કક્ષાના ગૃહમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું આજે આ સન્માનનીય સભાગૃહ સમક્ષ મારા વિભાગની માગણીઓ લઇને આવ્યો છું. આ માગણીઓના સમર્થનમાં અને વિરોધમાં ઘણા માનનીય સભ્યશ્રીઓએ પોતપોતાના વિચારો રજૂ કર્યા છે. એમાંથી કેટલાક માનનીય સભ્યશ્રીઓએ ખૂબ સારા સૂચનો પણ કર્યા છે એનો હું સાભાર સ્વીકાર કરું છું. મારો વિભાગ એના માટે ખૂબ ગંભીરતાથી વિચાર કરીને રાજ્યની જનતા માટે વિભાગની કામગીરી વધારે સારી કઇ રીતે બને એના માટે ચોક્કસ ખૂબ સારા પ્રયત્નો કરીશું. પરંતુ મારે દુઃખ સાથે કહેવું છે કે કેટલાક સભ્યોએ જે વાત કરી છે એ વાત સત્યથી સાવ વેગળી છે અને આવી બાબતો રજૂ કરનારાઓને ગુજરાતની જનતાએ વખતોવખત જવાબ આપ્યો છે અને આપતી રહેશે. સામેના કેટલાક મિત્રો એ વાત સાવ ભૂલી ગયા કે ભૂતકાળમાં ગુજરાતમાં આપનું શાસન હતું અને એ વખતે ગુજરાત અને ગુજરાતીની હાલત શું હતી? પરિસ્થિતિ શું હતી એનો વિચાર એમણે કર્યો નહીં. આજે પ્રથમ અને સક્ષમ મહિલા મુખ્યમંત્રી માનનીય આનંદીબેનના નેતૃત્વવાળું ભારતીય જનતા પક્ષનું શાસન છે ત્યારે આ સભાગૃહના માધ્યમથી માનનીય સભ્યશ્રીઓ અને રાજ્યના નાગરિકોને હું નિવેદન કરવા માગું છું કે રાજ્યમાં શાંતિ, સલામતી, કાયદો અને વ્યવસ્થા જાળવવાની જવાબદારી નિશ્ચિતપણે રાજ્ય સરકારની છે. આ દિશામાં ભૂતપૂર્વ માનનીય મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન

આદરણીય નરેન્દ્રભાઇના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકાર દ્રઢ સંકલ્પ સાથે અને આયોજનબદ્ધ કામ કરીને ગુજરાતને વિકાસના માર્ગ ઉપર મૂકેલ છે. ગત વર્ષના બજેટ સત્ર પહેલાં ગુજરાતની વિધાનસભાની ચૂંટણીઓ હતી અને આ ચૂંટણીઓમાં ભારતીય જનતા પક્ષનો જ્વલંત વિજય થયો હતો અને આ બજેટ સત્ર પહેલાં થયેલ લોકસભાની ચૂંટણીઓમાં ગુજરાત અને દેશની જનતાએ સમગ્ર દેશમાં ભારતીય જનતા પક્ષને ઝળહળતો વિજય આપ્યો છે. આ બન્ને વિજયના મૂળમાં કોઇ બાબત હોય તો આ વિકાસ છે. ગુજરાતમાં થયેલ વિકાસે આજે દેશના વિકાસ માટે આશા જન્માવી છે અને આપણા વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇના નેતૃત્વમાં આ દેશ હવે વિકાસની દિશામાં આગળ વધી રહ્યો છે. આદરણીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ પણ રાજ્યની ધૂરા સંભાળી તે દિવસથી આ પ્રયાસોને આગળ ધપાવેલ છે અને તેમના કુશળ નેતૃત્વ હેઠળ ગુજરાત રાજ્યને સદભાવ અને વિકાસના માર્ગ પર વધુ ગતિશીલ, વધુ પ્રગતિશીલ બનાવવા માટેના સંકલ્પ સાથે આ સરકાર કાર્યરત છે. ગુજરાતના શાસનકાળનો ઈતિહાસ સાક્ષી રહ્યો છે કે ક્યારેય ગુજરાતની પ્રજાએ નકારાત્મકતાને સહયોગ આપ્યો નથી. ભૂકંપ જેવી કુદરતી આપત્તિઓ હોય કે કોમવાદ કે આતંકવાદ જેવા માનવસર્જિત પડકારો હોય, ગુજરાતે આ તમામ પડકારોનો હિંમતથી સામનો કર્યો છે અને તેમની સામે લડ્યું છે અને હકારાત્મક વલણ રાખીને રાજ્ય સરકારના પ્રયત્નોને સંપૂર્ણપણે સમર્થન આપ્યું છે. છેલ્લા એક દાયકામાં ગુજરાતે દરેક ક્ષેત્રમાં અભૂતપૂર્વ વિકાસ સાધ્યો છે. રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા યોગ્ય રીતે જળવાય તે વિકાસ માટેનું મજબૂત ચાલકબળ છે અને એના કારણે ગુજરાત આજે સતત વિકાસ પામી રહ્યું છે. અનેક લોકો ગુજરાતમાં પોતાના વ્યાપર–ઉદ્યોગ સ્થાપવા આતુર બનેલા છે. કારણ કે, ગુજરાતે સૌને સદાય શાંતિનો અહેસાસ કરાવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળના દિવસોને આપણે યાદ કરીએ તો રથયાત્રા હોય કે ગણપતિ ઉત્સવ હોય, મહોરમ હોય કે ઉત્તરાયણ હોય પોતાના પરિવારજનો જો અમદાવાદમાં રહેતા હોય તો આ તમામ તહેવારોમાં ગામડામાં વસેલો માણસ એ ચિંતિત હોય કે, આ સમય દરમ્યાન અમદાવાદમાં શું ઘટના બનશે? કોને કેવી તકલીફ પડશે? કોઇને અમદાવાદ જવું હોય તો વિચાર કરે કે કરફ્યુ હશે કે નહિ? કરફ્યુ પડશે કે નહિ? જવું કે નહિ? આ તમામ પ્રકારની સ્થિતિ ભૂતકાળમાં આપણને જોવા મળતી હતી. અરે, રથયાત્રા બુલેટપ્રૂફમાં કાઢવી પડે એ પ્રકારની પરિસ્થિતિ એમના શાસનમાં હતી. આની સામે પાછલા દસકા તરફ નજર કરીએ તો અમદાવાદ સહિત સમગ્ર દેશની બધીજ અષાઢી બીજની રજયાત્રાઓ સદભાવનાયુક્ત વાતાવરણમાં સૌ હળી–મળીને એને ઊજવે અને આનંદ કરે એ પ્રકારનું વાતાવરણ આજે સમગ્ર ગુજરાતમાં જોવા મળે છે. રથયાત્રાઓ સહિત, હાલ મુસ્લિમોનો પવિત્ર રમઝાન માસ ચાલી રહ્યો છે. અગાઉ આવા પ્રસંગોએ સતત ભયનો માહોલ અમદાવાદ અને રાજ્યના લોકોએ ઘણી વખત અનુભવ્યો છે. પરંતુ હવે આ બધીજ બાબતો ભૂતકાળ બની ગઇ છે. આજે આપણા ગુજરાતમાં ઉત્સવો કોમી એખલાસ અને સદભાવનાના માહોલમાં ઊજવાય છે. કોમી હુલ્લડો, કિસાન આંદોલનો કે ઔદ્યોગિક આંદોલનો એ છૈલ્લા દસકામાં થયા નથી અને જરૂર પણ પડી નથી મિત્રો, એનું શ્રેય આ સંવેદનશીલ સરકારને જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને યાદ છે અને આ ભૂતકાળ રહ્યો છે કે ગુજરાતનો વિદ્યાર્થી, ગુજરાતનો યુવાન મોંઘવારી જેવા સળગતા પ્રશ્ન માટે મેદાનમાં ઉતરે, આંદોલન કરે અને આના ઉપર લાઠી અને ગોળીઓ વરસાવાય એવી સ્થિતિ ભૂતકાળની હતી. કિસાનો પોતાના હક માટે મેદાનમાં આવે અને એ કોઇ માગણી કરે તો એની માગણી સંતોષવાની તો એક બાજુ રહી, એના ઉપર લાઠી અને ગોળીબાર થાય મિત્રો અને એમાં કિસાનોને શહીદ થવું પડે એ પ્રકારની સ્થિતિ ભૂતકાળના શાસનમાં આપણને જોવા મળી છે.

માનનીય અધ્યક્ષશ્રી, નકસલવાદ કે માઓવાદ આજે ગુજરાતમાં કયાંય દેખાતો નથી. પ્રાંતવાદ કે આતંકવાદને અહીંયા કોઇ સ્થાન નથી. છતાં પણ ભૂતકાળમાં કયાંક કોઇએ પ્રયત્ન કર્યો છે તો ગુજરાતે એને જડબાતોડ જવાબ આપ્યો છે. ૧૯૮૫માં જ્ઞાતિવાદના ભયથી આપણે સૌ પરિચિત છીએ. એ દુઃખી દિવસોમાં ગામડાઓ દહેશતમાં જીવતા હતાં પણ આજે સાડા છ કરોડ ગુજરાતીઓ સમરસ અને સદભાવનાના માહોલમાં સમગ્ર ગુજરાતમાં જીવે છે. આ સલામત ગુજરાતમાં ૬–૬ જેટલા વાયબ્રન્ટ સમિટ સુચારુરૂપે ગુજરાત સરકારે પૂર્ણ કર્યા છે, એનું ગુજરાતના વિકાસમાં ખૂબજ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે કેટલીક આંકડાકીય બાબતોથી વાત આપને કહેવી છે. માનનીય સભાગૃહ સમક્ષ વિરોધપક્ષના કેટલાક માનનીય સભ્યશ્રીઓએ ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિનું વર્ણન કરીને એક કલ્પના ચિત્ર રજૂ કર્યુ છે. પરંતુ ગુજરાતની શાણી અને સમજું પ્રજાએ ગત ત્રણ વખતથી વિધાનસભાની ચૂંટણીમાં તથા તાજેતરની લોકસભાની ચૂંટણીમાં એનો પરચો કોંગ્રેસને પરખાવી દીધો છે. ગુજરાતના ગુનાખોરીના આંક અંગે વાસ્તવિક ચિત્ર રજૂ કરું તે પૂર્વે મારે માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના સામેના કેટલાક સભ્યોને પૂછવું છે કે, ગુજરાત રાજ્યમાં કોંગ્રેસ દ્વારા તેમના શાસનમાં થયેલ ગુનાખોરીનો રક્તરંજિત ઇતિહાસ શું તેઓ ભૂલી ગયા છે? ભ્રષ્ટાચારની વાત કરનાર કોઇના ઉપર આંગળી ચીંધે એ પહેલા હું એમને કહીશ કે, ૧૯૮૦ના વર્ષમાં પોરબંદરમાં વસંતજી ઠકરારનું ખૂન થયું એ વખતે કોનું શાસન હતું? ૧૯૮૮માં પોપટભાઇ સોરઠિયા, ધારાસભ્ય ગોંડલનું ખૂન થયું, કોનું શાસન હતું ? આ અને આવા અનેક આગેવાનોના જે ખૂનો થયા, કોનું શાસન હતું એ વખતે? (અંતરાય) (આ તકે કોંગ્રેસના ધારાસભ્ય શ્રી રાઘજીભાઇ પટેલ તથા શ્રી પરેશભાઇ ધાનાણી તેમના સ્થાને ઉભા થઇ, કાંઇક બોલતાં)

અધ્યક્ષશ્રી: પ્લીઝ, પ્લીઝ. સાંભળો બધા. એક મિનિટ બેસો તમે. એક મિનિટ તમે બેસો રાઘવજીભાઇ. તમે બેસો હવે, એને બોલવા દો. ભાઇ ખૂન ખરાબા તો કોંગ્રેસમાં પણ થાય, ભા.જ.પ.માં પણ થાય અને ભવિષ્યમાં જે પક્ષ આવશે એમાં પણ થવાના છે. પણ (હાથ લંબાવવાના સંદર્ભમાં ) આમા આમ કરવાની જરૂર નથી. બેસો તમે, જે કહે છે એ સાંભળો, સાંભળો ભાઇ.

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે મારી સરકારની હકારાત્મક, રચનાત્મક પરિસ્થિતિ વ્યકત કરતી ઘણી વાતો કરવી છે. (અંતરાય )

અધ્યક્ષશ્રી : સાંભળો પરેશભાઇ. ભાઇ પ્લીઝ. કાંતીભાઇ, બાકીના શાંતિ રાખો. જે વાત કરે છે, માનનીય રજનીભાઇ, ચાલુ રાખો તમારું.

શ્રી રજનીકાન્ત સો. પટેલ : આજે ગુજરાતમાં દેશદ્રોહીઓ, સમાજ વિરોધી તત્વો, રાષ્ટ્ર વિરોધી તત્વોને રાજ્યાશ્રયના તમામ દરવાજા બંધ થઇ ગયા છે અને એટલે આજે ગુજરાત સલામત છે. (અંતરાય )

અધ્યક્ષશ્રી : કાંતિભાઇ, તમે બે ભાઇઓ. રાઘવજીભાઇ, છેલ્લીવાર વોર્નીંગ છે. શાંતિ રાખો.

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે સભાગૃહ સમક્ષ એ પણ વિષય મૂકવો છે અને મારે પૂછવું છે કે, ભૂતકાળમાં અમદાવાદ એ લતીફના નામે ઓળખાતું હતું. કોનું શાસન હતું? (અંતરાય) વડોદરા (અંતરાય) ના નામે ઓળખાતું હતું.

અધ્યક્ષશ્રી : ભાઇ, તમારે જવાબ દેવાનો છે ? તમે બોલી લીધું. તમે બોલ્યા ત્યારે એ વચ્ચે એક શબ્દ નથી બોલ્યા. હવે સાંભળી લો(અંતરાય) ભાઇ, ગમે તેના વખતમાં હોય. શાંતિ રાખો.

શ્રી રજનીકાન્ત સો. પટેલ : સાહેબ, આ નવસારી અને સુરતમાં, દિલીપ મરાઠાનું રાજ ચાલતું હતું. વલસાડમાં ઇજ્જુ શેખનું રાજ હતું. પોરબંદરમાં સરમણ મુંજા અને મમુમિયાં પંજુમિયાંનું રાજ હતું. કચ્છ એને ઇભલા શેઠ ચલાવતો હતો. કોના શાસનમાં આ લોકોનો ત્રાસ હતો ?

અધ્યક્ષશ્રી : (અંતરાય) એક મિનિટ રજનીભાઇ, સામાન્ય રીતે જે એમણે સવાલ, મુદ્દા ઉઠાવ્યા હોય એના જવાબ આપો અને બાકીનું જે કહેવાનું હોય એ ન કહો એમ નહીં. એ જે કહેવાનું હોય ટૂંકમાં તમે કહી દો.

શ્રી રજનીકાન્ત સો. પટેલ : સાહેબ, એ તો હું કહીશ પણ સાહેબ, હું એ વિષય ઉપર જ આવું છું પણ એમણે જે ગુનાખોરી માટે વાત કરી છે, આક્ષેપો કર્યા છે (અંતરાય)

અધ્યક્ષશ્રી : બરાબર છે. એ બોલ્યા હોય એનો પૂરેપૂરો જવાબ આપો

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે ગુનાખોરી માટે વાત કરી છે. આ ચાલતું હતું એ વખતે કોનું શાસન હતું ?

અધ્યક્ષશ્રી : બેસો, સાંભળવાની તૈયારી રાખો. આપણે બોલીએ તો એને સાંભળવું પડે.

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તેર વર્ષના શાસનમાં (અંતરાય)

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, અમારી વિનંતી એ છે કે, ખરેખર અમે જે માગણીઓ ઉપર બોલ્યા છીએ. અમે આંકડાઓ રજૂ કર્યા છે. અમે પણ કહીએ છીએ કે, ભલે આંકડા, પણ આ તો ૧૯૮૮થી એક એક ખૂનથી શરૂઅત કરે અને મંત્રીશ્રી છે સાહેબ.

અધ્યક્ષશ્રી : મેં એ જ વાત કરી, જૂઓ ભાઇ, તમે એમ કહો કે આ શાસન સારું નથી, એનો જવાબ આપે છે કે, તમારા શાસનમાં પણ આ તારીખે આટલા આટલા લોકો થયા છે એ હકીકત તો (અંતરાય) જો ભાઇ, આ ગુનાખોરી છે ને ગમે તેનું શાસન આવે છે, એ રહેવાની છે. એ હકીકત છે. હકીકત કરતાં જુદી વાત કરતા હોય તો તમે વાંધો લો. બાકી હકીકત તો સ્વીકારવી પડે બધાએ. બેસો બધા.(આ તકે પરેશભાઇ તેમના સ્થાને ઉભા થઇ કાંઇક બોલતાં) તમે કાંઇ નહીં પોઇન્ટ ઓફ ઓર્ડર નથી. નહીં, કાંઇ નહીં બેસો તમે. નહીં, કોઇ નહીં પરેશભાઇ બેસો તમે. તમે ચાલુ રાખો.

શ્રી રજનીકાન્ત સો. પટેલ : સાહેબ મારે એ જ કહેવું છે કે, પાછલા તેર વર્ષના શાસનમાં આમાંની એક ઘટના તો બતાવે અમને કે જે ભૂતકાળમાં ઘટી હતી. માનનીય અધ્યક્ષશ્રી, ગૌ–વંશ સંરક્ષણ માટે સભ્યશ્રીઓએ વાત કરી. (અંતરાય) મારા કેટલાક મિત્રો અવારનવાર માલધારીઓ અને પશુપાલકોની સમક્ષ ગૌ–વંશના કાયદાના અમલમાં •(xxxxxx) મચાવે છે. તેમને મારે કહેવું છે કે,(અંતરાય) રાઘવજીભાઇ જ બોલ્યા છે.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, બેસો તમે. તમે જ બોલ્યા છો ગૌ–હત્યા વિશે. તમે જ બોલ્યા છો ગૌ–હત્યા વિશે. સાંભળવાની તાકાત રાખવી જોઇએ. જો બોલવાની ત્રેવડ હોય તો સાંભળવાની પણ ધીરજ રાખવી જોઇએ. બેસો તમે, એ જે જવાબ આપે એ સાંભળો (અંતરાય) નહીં રાઘવજીભાઇ, તમે જ ગૌ–હત્યા વિશે બોલ્યા છો, એનો જવાબ આપે છે. કાંઇ વાંધો નહીં, હવે બેસો બોલવા દો.(અંતરાય) તમે જ બોલ્યા છો. તમે તો બેસો જ પરેશભાઇ.

શ્રી રજનીકાન્ત સો. પટેલ : સાહેબ, એ બોલતા હતા ત્યારે (અંતરાય)

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

અધ્યક્ષશ્રી : નો પોઇન્ટ ઓફ ઓર્ડર. સાંભળી લો એ કયા વિષય ઉપર બોલે છે. બિન પાર્લામેન્ટરી શબ્દ બોલ્યા હોય, બિન પાર્લામેન્ટરી શબ્દ નહીં, આપણને કદાચ આપણું મગજ જાય પણ એવા શબ્દો બોલ્યા એ બિન પાર્લામેન્ટરી ન કહેવાય. આપણને કોઇનું ભાષણ ગમે પણ ખરું અને ન પણ ગમે. આપણા બોલે તો ગમે ઇ બોલે તો ન ગમે એવું ન રાખવું જોઇએ. આ મન સાવ શુદ્ધ રાખવું જોઇએ. ભલેને બોલે શું અસર થવાની છે? સાંભળીને હમણા જતા રહેવાના છે શાંતિ રાખોને. બોલો ભાઇ. (અંતરાય) એક મિનિટ, શેનો પોઇન્ટ ઓફ ઓર્ડર છે?

શ્રી પરેશ ધાનાણી : માનનીય મંત્રીશ્રીએ કહયું કે •(xxxxxx) મચાવે છે આ શબ્દો અસંસદીય છે એટલે રેકર્ડ પરથી દૂર કરવા જોઇએ.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, ભાઇ ઇ તમારે નો કહેવાય. સભ્યોને હું કહીશ કે ધુમધામ મચાવોમાં અને શાંતિ રાખો. સાંભળી લો ને હમણા પા કલાકમાં પતી જશે. પછી તો ત્રણ દિવસ ઘરે જઇને સાંભળવાનું જ છે. ધીરજ રાખો.

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એ બોલ્યા છે ત્યારે અમે શાંતિથી સાંભળ્યું છે એમની બધી જ બાબતો.

અધ્યક્ષશ્રી : આપણે સમય પહેલાં પણ પૂરું કરાય.

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એ (xxxxxx) પણ એમના શાસનમાં મહાત્મા ગાંધીના પોરબંદરમાં જેલોની શું સ્થિતિ હતી? જેલ રેકર્ડ ઉપર બંધ કરવી પડી હતી એ પ્રકારની સ્થિતિ હતી.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

અધ્યક્ષશ્રી : રજનીભાઇ, સામાન્ય રીતે જે હોય એના જવાબો આપો અને બાકીનું તમારું નવું કહેવાનું હોય એ કહો હવે સમય બહુ ઓછો છે.

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માર્ગ અને મકાન વિભાગે લખ્યું હોય કે અહીંયાથી પોરબંદરની હદ પૂરી થાય છે.

અધ્યક્ષશ્રી : રજનીભાઇ, આટલા વર્ષની ધારાસભામાં પોરબંદરનું અને બધુંય આવી ગયું છે. આ જે બોલ્યા હોય એનો જવાબ આપો અને નવું તમારે કહેવું હોય એ કહો.

શ્રી રજનીકાન્ત સો. પટેલ ઃ માનનીય અધ્યક્ષશ્રી, મારે એ કહેવું છે કે ગાય આપણા બધાની માતા છે. ગૌ માતા અને ગૌ વંશ એ હિન્દુ ધર્મની આસ્થાનું પ્રતિક છે અને આ સરકાર ગૌ વંશની હત્યા અને ગો માંસના ગેરકાયદેસર વેપારના ગુના માટે કયારેય કોઇને બક્ષવા માટે તૈયાર નથી. આ સભાગૃહ સમક્ષ મારે કહેવું છે કે છેલ્લા કેલેન્ડર વર્ષમાં આ રાજયમાં ગેરકાયદેસર પશુઓની હેરાફેરી કે ગૌ માંસનું વહન કરતા ૧૧૮ જેટલા વાહનોને ડીટેઇન કર્યા છે. કુલ ૧૭૩ જેટલા કેસો કરી ૪૩૪ આરોપીઓને પકડી એમાંથી ૧૬૧ લોકોની પાસા હેઠળ અટકાયત કરી છે.

અધ્યક્ષશ્રી : રજનીભાઇ, એનો પણ જવાબ આપજો કે પાસા નીચે જેને પકડયા એમાં આટલા છૂટી ગયા છે. બીજી કોઇ કાર્યવાહી કરી હોય તો કહેજો. (અંતરાય) રાઘવજીભાઇ, તમારા બંને હાથ બાંધી દેવા પડશે.

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પાછલા છ માસમાં કુલ ૧૪૩ વાહનો ડીટેઇન કરેલા છે. કુલ ૧૭૫ કેસ કરી ૩૩૦ આરોપીઓને પકડયા છે અને એમાંથી પણ ૧૧૫ જેટલા આરોપીઓને પાસા નીચે પૂર્યા છે. એમણે કહ્યું કે પાસાના આરોપીઓ એ કાં તો પાસા બોર્ડમાંથી અથવા તો હાઇકોર્ટમાંથી છૂટી જાય છે આવા કોઇપણ આરોપીઓ જો ફરી ગુનામાં સંડોવાશે તો પણ સરકાર એમને ફરી પકડી અને પાસા કરવા માટે કટિબદ્ધ છે અને તમે અમને એમાં સહયોગ આપો. તમે પણ બતાવો કે આ કસાઇઓ સામે તૈયાર છીએ કેસ કરવા માટે. કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિમાં એમણે વાત કરી. ૨૦૦૧માં આ રાજયની વસ્તી પાંચ કરોડની હતી આજે ગુજરાત વિકસિત થયું છે, અનેક રાજયના લોકો અહીંયા આવીને સ્થાયી થયા છે અને લગભગ સાડા છ કરોડ જેટલી વસ્તી આજે ગુજરાતમાં થઇ છે. આર્થિક મજબૂતીકરણ અને વધતી જતી વસ્તી છતાં પણ ગુનામાં ઘટાડો એ રાજયની મજબૂત લીડરશીપ અને પોલીસ જવાનોની દરેક સંજોગોમાં અને દરેક પરિસ્થિતિમાં સતર્કતાપૂર્ણ કામગીરી છે એને કારણે છે.

મારા કેટલાક મિત્રોએ આંકડા આપ્યા છે. એ હું એમની પાસે બેસીને સમજવાનો પ્રયત્ન કરીશ પરંતુ એન.સી.આર.બી.ના વર્ષ ૨૦૧૩ના જે પ્રમાણભૂત આંકડાઓ છે. જે પ્રમાણભૂત આંકડાઓ છે, તેને આધારે હું કહીશ કે સમગ્ર દેશમાં ૩૩,૨૦૧ ખૂનના ગુના બન્યા છે. એમાં ગુજરાતની એવરેજ એ ફકત ૧.૦૮ ટકા છે અને સમગ્ર દેશની એવરેજ એની સામે ૨.૦૭ ટકા છે અને એમાં કુલ ૨૪ રાજ્યો અને ૩ કેન્દ્ર સાશિત પ્રદેશો કરતા ગુજરાતનો નંબર ઓછો છે. મહારાષ્ટ્ર, રાજસ્થાન, તામીલનાડુ, આંધ્ર, હરિયાણા, ઉત્તરપ્રદેશ જેવા કેટલાય મોટા રાજયો એ ગુજરાતથી ઘણા આ ક્રાઇમમાં આગળ છે.(અંતરાય) નોંધાતા તો બીજા રાજયમાં નથી અહીયા બધા ગુના નોંધાય છે. ખૂનની કોશિશમાં ૩૫,૪૧૭ ગુનાઓ સમગ્ર દેશમાં થયા અને એમાં દેશનો સરેરાશ આંક ૨.૦૯ ટકા એની સામે ગુજરાત ફકત ૧ ટકા. અને ૨૬ રાજયો અને ૨ કેન્દ્ર શાસિત પ્રદેશો કરતા આપણી સ્થિતિ વધારે સારી છે. ઘરફોડ ચોરીમાં ૮.૨ ગુજરાત અને એની સામે દેશનો રેટ ૮.૫ ટકા છે. ગુજરાત એમાં ૧૯માં ક્રમે છે. ક્રાઇમ અગેઇન્સ્ટ પબ્લિક ઓર્ડર એમાં સાહેબ ગુજરાતની સ્થિતિ ખૂબ જ સારી છે. ૬.૬૩ ટકા જો દેશનો ક્રાઇમ રેટ છે, એની સામે ફકત ૩.૩૨ એ ગુજરાતનો ક્રાઇમ રેટ છે તેમાં ગુજરાત ૨૭ માં ક્રમે છે. હિંસાત્મક ગુનાઓમાં દેશ ૨૪.૦૪ ટકાએ સરેરાશ છે, ત્યારે ગુજરાત ૧૪.૦૭ ટકા છે. ક્રાઇમ અગેઇન્સ્ટ બોડી એમાં દેશ ૪૭.૫૦ ટકાએ છે, એની સામે ગુજરાત ૩૩.૨૪ ટકાએ છે. અપહરણમાં દેશ ૫.૦૩ ટકાનો સરેરાશ આંક ક્રાઇમનો ધરાવે છે, એની સામે ગુજરાત ૪.૦૪ ટકા ધરાવે છે. રાયોટ્સ તેમાં ૫.૦૯ ટકા દેશનો સરેરાશ ક્રાઇમ રેટ છે, તેની સામે ૨.૦૮ ટકા ગુજરાતનો ક્રાઇમ રેટ છે.

દારૂની વાત કરી હમણા. દેશી દારૂ ૪.૦૮ લાખ લિટર ગુજરાતની પોલીસે પકડ્યો. વિદેશી દારૂ ૧૯ લાખ બોટલ અને લગભગ ૨૬ કરોડ રૂપિયાનો માલ એ જપ્ત કર્યો છે. ગુજરાતની પોલીસ એ બોર્ડર ઉપર ખૂબ સાવધાનીપૂર્વક કામ કરી રહી છે, પરંતુ આ વિશાળ બોર્ડરમાંથી કયાંક કોઇ લોકો છાનાછપને પણ જો એ ઘૂસે તો સક્ષમતા ગુજરાતની પોલીસની એ છે કે આટલા મોટા જથ્થામાં તે લોકો લઇને આવ્યા તે બધાને પકડી લીધા છે. આમાંથી દેશી દારૂની વાત થઇ એમાં ઘણા બધા દેશી દારૂનો ધંધો કરવાવાળા લોકોને સુરક્ષા સેતુ સોસાયટી જેવા કાર્યક્રમોના માધ્યમથી એમના સુધી ગુજરાતની પોલીસ પહોંચી છે અને એમને સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. આવો વ્યવસાય છોડી સારી રીતે જીવન પસાર કરે અન્ય વ્યવસાયમાં જોડાય તે પ્રકારનો પ્રયત્ન પણ રાજયની સરકારે કર્યો છે.

મહિલાના સંબંધી જો વાત હોય તો આ રાજયમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ પણ બેટી બચાવોની વાત હોય, કન્યા કેળવણીની વાત હોય કે મહિલા સશક્તિકરણની વાત હોય આ બધા વિષયોને પ્રાધાન્ય આપ્યું છે, એટલે રાજયમાં કન્યા કેળવણી અને સ્ત્રી શિક્ષણને આપવામાં આવેલા પ્રોત્સાહન તથા સરકાર દ્વારા તે અંગે થતા વિવિધ કાર્યક્રમોને લઇને બહેનો પણ જયારે સમાજ જીવનના બધા ક્ષેત્રોમાં આગળ આવીને કામ કરતી થઇ છે, ત્યારે આ રાજયમાં કોઇપણ જાતનો ડર નથી. તેઓ ગમે તે સમયે મુક્તપણે કોઇપણ જાતના ડર વિના ફરી શકે તેવી કાયદા અને વ્યવસ્થાની સ્થિતિ આજે છે. બાકી ઘણા બધા એવા રાજયો છે કે સાંજે ૬ વાગ્યા પછી એમના પરિવારમાં બંધન અવસ્થામાં આવી જવું પડે તેવા ઘણા બધા રાજયો આ દેશમાં છે. આ પરિસ્થિતિમાં બધા જ ઉત્સવોમાં બહેનો પણ રાત્રે મોડા સુધી ભાગ લઇ શકે તેવા પ્રકારની શાંતિ અને સલામતી આજે ગુજરાતમાં છે.ગુજરાતમાં કયાંય નાનો મોટો ગુન્હો બને તો તેના માટે ૩૦ જેટલા મહિલા પોલીસ સ્ટેશનો કાર્યરત છે. જો મહિલાઓના વિરુદ્ધના ગુનાના સંદર્ભમાં વાત કરીએ તો ૩૩૭૦૩ સમગ્ર દેશમાં બનેલા બળાત્કારના બનાવ છે.

અધ્યક્ષશ્રી : આપની પાસે આઠ મિનિટ છે. પછી પ્રશ્નોત્તરીમાં એક દોઢ મિનિટ થશે અને પછી મતદાન થશે.

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું ઝડપથી પૂરું કરીશ. ૩૩૭૦૭ જે બળાત્કારના ગુનાઓ બન્યા છે તેનો દેશનો ક્રાઇમ રેટ ૫.૭ ટકા છે તેની સામે ગુજરાતનો ૨.૫ ટકા રેટ છે. ક્રાઇમ અગેઇન્સ્ટ વિમેનમાં પણ ૫૨.૨૪ની સામે ગુજરાતમાં ૪૨.૬૩ ટકાનો રેટ છે. વિકસતી જતી ટેકનૉલોજી અને રાજયમાં જે પ્રકારે વેપાર, ધંધા, ઉદ્યોગો આવી રહ્યા છે અને આ રાજય સમૃદ્ધ રાજય બન્યું છે ત્યારે સાઇબર ક્રાઇમના ગુનાઓને નિયંત્રિત રાખવા તે રાજય સરકારની નેમ છે. એટલા માટે રાજય સરકારે સમયની માંગને પીછાણીને રાજયમાં આર્થિક ગુના નિવારણ શાખાને સઘન બનાવેલ છે. તેના કારણે આજે આર્થિક ગુનાઓનું પ્રમાણ સમગ્ર દેશનું ૧૦.૫૨ ટકા છે તેની સામે ગુજરાતમાં ફકત ૪.૩૪ ટકા છે. ગુજરાત આ દૃષ્ટિથી ક્રાઇમ રેટમાં ૩૧મા સ્થાને છે. મને જણાવતાં આનંદ થાય છે કે આપણા પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના નેતૃત્વમાં રાજય સરકારે પોલીસદળની જગ્યાઓમાં મહિલાઓ માટે ૩૩ ટકા અનામત રાખવાનો નિર્ણય કર્યો છે.

મારા વિભાગે કરેલી કામગીરીની વાત કરું તો પાછલા પાંચ વર્ષમાં પોલીસ ઇન્સપેકટરથી માંડીને કોન્સ્ટેબલ સુધીના સંવર્ગની કુલ ૨૫૧૯૨ નવી નિમણૂંકો આપવામાં આવી છે. આ વર્ષે ૪૧૫૦ નવી જગ્યાઓ ભરવાનું આયોજન કરેલ છે. પોલીસ સ્ટેશનની કાર્યપ્રણાલિમાં ઓટોમેશન કરી અને પ્રજાભિમુખ અને પારદર્શક બને તેના માટે મહત્વાકાંક્ષી ઇ–ગુજકોક કાર્યક્રમ દ્વારા ઓનલાઇન બધા પોલીસ સ્ટેશનોને કરવાનું કામ રાજય સરકારે કર્યુ છે. પોલીસ આધુનિકરણ યોજના અંતર્ગત જે પ્રકારના વાહનો ખાસ પોલીસને જરૂરિયાત છે તે સાથે આ ખાતાને સુસજ્જ કરવામાં આવ્યું છે. રાજયની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી સમગ્ર દેશમાં બેજોડ છે. તેના માટે અહીં વાત થઇ છે. પરંતુ મારે કહેવું છે કે છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન કેન્દ્રીય તપાસ એજન્સીઓ તથા અન્ય રાજયની તપાસ એજન્સીઓને કરેલી મદદ સામે ૪.૬૩ કરોડ રૂપિયા જેટલી આવક થઇ છે. રાજયમાં ૩૯ બોમ્બ ડીટેકશન સ્કવોર્ડની રચના કરવામાં આવી છે. પોલીસ અને પ્રજા વચ્ચે વિશ્વાસનો સેતુ વધે અને પરસ્પર સહકારથી ગુનાખોરી ઉપર નિયંત્રણ આવે અને એક અવેરનેસ સમાજમાં

આવે, પ્રિવેન્શનના પગલાં આપણે લઇ શકીએ તેના માટે સુરક્ષા સેતુ સોસાયટીની રચના કરવામાં આવી છે. આ સોસાયટીના માધ્યમથી બાળકો માટે, સિનિયર સીટીઝન્સ માટે, મહિલાઓ માટે જે નાની મોટી હેલ્પલાઇનો શરૂ કરવાની હોય આ તમામ કામગીરી શરૂ કરવામાં આવી છે. ખૂબ પ્રશંસનીય રીતે લોકોપયોગી કામગીરી થઇ રહી છે. છેલ્લા બાર વર્ષમાં પોલીસ હાઉસિંગ કોર્પોરેશને ૧૯૧૦૪ રહેણાંક તથા ૮૬૧ બિનરહેણાંક મકાનો બનાવીને કુલ ૧૯૯૬૫ મકાનો ૧૩૩૯.૯૪ કરોડ રૂપિયાના ખર્ચે બનાવેલ છે.

ગુજરાતની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ દેશભરમાં અગ્રીમ છે. તેના માટે ૨૦૧૪-૧૫ના અંદાજપત્રમાં જે પગલાં લીધા છે તેમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધારે સંગીન બને તેના માટે ૧૭ જેટલા પોલીસ સ્ટેશન જેમાં ૫ શહેરી વિસ્તારમાં અને ૧૨ ગ્રામ્ય વિસ્તારમાં, ૮ પોલીસ સ્ટેશનને અપગ્રેડ કરવાનું કામ, ૫ નવી આઉટ પોસ્ટ બનાવવાનું અને ૫ નવી પોલીસચોકીઓ ઊભી કરવાનું કામ તથા જુદા જુદા સંવર્ગની ૧૨૬૭ નવી જગ્યાઓ ઊભી કરવા માટે ૧૩.૨૪ કરોડની જોગવાઇ ચાલુ વર્ષે કરવામાં આવી છે. નવા સાત જિલ્લામાં ક્વીક રિસ્પોન્સ ટીમ માટે અને બોમ્બ ડીટેકશન સ્કવોર્ડ માટે ૧.૭૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. પોલીસ ખાતાના નવા વાહનો ખરીદવા માટે ૫૦ કરોડની નવી જોગવાઇ કરવામાં આવી છે. નવરચિત જિલ્લામાં હોમગાર્ડઝ કચેરી અને મહેસાણા જિલ્લામાં સૂંઢિયા ખાતે હોમગાર્ડઝ તાલીમ કેન્દ્રના મકાન માટે ૧.૮૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. નાગરિક સંરક્ષણ કચેરી ભુજ ખાતે કંટ્રોલરૂમ બનાવવા માટે ૧ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

અધ્યક્ષશ્રી : ત્રણ મિનિટ બાકી છે આપની પાસે.

શ્રી રજનીકાન્ત સો. પટેલ : આમ આ વિવિધ જોગવાઇઓ મારફતે ગુજરાતની સ્થિતિ અત્યારે છે એના કરતા પણ વધારે સારી બને એ તરફ આપણે જઇ રહ્યા છીએ. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની પોલીસની ક્ષમતા કેટલી છે એની પણ મારે એક વાત કરવી છે. ગુજરાતની પોલીસ માટે આપણે બધા જ એના માટે ગૌરવ લઇ શકીએ, સમગ્ર ગુજરાત જેના માટે ગૌરવ લઇ શકે એ ગુજરાતી જ્યારે દેશના વડા પ્રધાન બનવા જઇ રહ્યાં હતા માનનીય નરેન્દ્રભાઇ ત્યારે ચૂંટણી પહેલા અને ચૂંટણી દરમ્યાન સમગ્ર દેશમાં એમની સભા સરઘસો અને રેલીઓ થતી હતી અને આતંકવાદીઓના હીટ લિસ્ટમાં જયારે માનનીય નરેન્દ્રભાઇ હોય, એમની જાનનો ખતરો હોય એવા સમયે આ રાજયના સિનિયર કર્મચારીથી માંડીને નાના કર્મચારીઓ સુધીના લગભગ અંદાજીત ૧૪૮૧ જેટલા પોલીસ કર્મીઓ સતત માનનીય નરેન્દ્રભાઇના પડછાયાની જેમ એમની પડખે રહી અને એમની સુરક્ષાની જવાબદારી એમણે ઉપાડી અને પાર પાડી અને એમની આટલી સુંદર કામગીરી જોઇ એન.એસ.જી. કે એસ.પી.જી. કક્ષાના જે બંદોબસ્ત હોય, સિક્યુરીટી હોય એ પ્રકારની વ્યવસ્થા પૂરી પાડી હું એના માટે રાજયની પોલીસને સલામ કરું છું અને લાખ લાખ અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા આ ગુજરાતમાં શાંતિ અને સદભાવનાનું વાતાવરણ કાયમ રહે તેમજ રાજયના નાગરિકો નિર્ભિકપણે પોતાનો આર્થિક અને સામાજિક વિકાસ કરી શકે તેવી કાયદો અને વ્યવસ્થાની ઉત્તમ સ્થિતિ જળવાય તે માટે તમામ પ્રયત્નો આ સરકાર કરી રહી છે અને આ રાજયનું વહીવટી તંત્ર અને મારા વિભાગના તમામ પોલીસ અધિકારીઓ, કર્મચારીઓએ ખૂબ નિષ્ઠાપૂર્વક આ જવાબદારી નિભાવી અને યોગ્ય વાતાવરણનું નિર્માણ કરવામાં એમણે સિંહફાળો આપેલો છે.

હું અંતમાં એટલું જ કહીશ કે આ તમામ પ્રકારની સુંદર કામગીરી આજે આપણે કરી રહ્યાં છીએ અને જયારથી શાસન વ્યવસ્થા શરૂ થઇ ત્યારથી ન્યાય અને રક્ષણ આ બે શાસનની મૂળ બાબતો છે અને આ બાબતો એટલી જ પ્રાસંગિક છે અને માટે તત્કાલીન અને વર્તમાન માનનીય મુખ્ય મંત્રીશ્રી ગુજરાતની પ્રજાના હિતમાં તેમના રક્ષણ માટે સતત કાર્યરત છે. હું ચોક્કસ કહીશ કે ગુજરાત એ દેશનું સૌથી સલામત રાજય છે અને એનો શ્રેય માનનીય આનંદીબેનના નેતૃત્વવાળી ભારતીય જનતા પાર્ટીની સરકારને જાય છે. જયારે આ પ્રકારની સંગીન પરિસ્થિતિ ગુજરાતની હોય ત્યારે આ સભાગૃહના સૌ સન્માનીય સભ્યશ્રીઓ જેઓ પોતાની કાપ દરખાસ્ત લઇને આવ્યા છે એમને પોતાની કાપ દરખાસ્ત પરત ખેંચવા અને મારા વિભાગની માગણીઓ ગ્રાહ્ય રાખવા માટે હું અપીલ કરું છું.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગુ છું કે, સદભાવના કાર્યક્રમ વખતે જે જાહેરાતો કરાયેલી હતી એ જાહેરાતો જે તે જિલ્લાને ફાળવવામાં આવી છે કે કેમ? ન ફાળવી હોય તો કયારે ફાળવવામાં આવશે? બીજું ધારાસભ્યશ્રીઓની જે ગ્રાન્ટ ફાળવણીની મર્યાદા છે ૩ લાખની એ વધારીને ૫ લાખની કોઇ એક કામ માટે કરવા માગો છો કે કેમ, અને ત્રીજું સંસદ અને ધારાસભાના ગ્રાન્ટ ફાળવણીના નિયમો સરખા કરવા માગો છો કે કેમ?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, સંસદના ગ્રાન્ટ ફાળવણીના નિયમો કરવા એ આપણા હસ્તકની વાત નથી. ધારાસભાના નિયમો ગુજરાતે કરવાના હોય છે અને એમ.પી. ગ્રાન્ટના નિયમો કેન્દ્ર સરકારે કરવાના હોય છે, એનું એક કરવું ઠીક નથી.

બીજું સદભાવના સમયે યાત્રા દરમ્યાન સમગ્ર ગુજરાતમાં આદરણીય મુખ્યમંત્રીશ્રીએ જાહેરાતો કરેલી છે અને એમણે જે જાહેરાતો કરેલી તે કામો જે કામો થયા છે તે કામો લોકાર્પણ થયા છે નવા કામો શરૂ કરવાના હતા એનો શિલાન્યાસ વિધિ થયો છે અને જે તે વર્ષે જેટલી જાહેરાત થઇ હતી એ તમામ કામો આ રાજય સરકારે પૂર્ણ કરેલા છે.

અધ્યક્ષશ્રી : માગણીઓ પરની ચર્ચા અને મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, ફિકસ પગાર બાબતે ગુજરાત હાઇકોર્ટે પૂરા પગારથી નોકરીએ રાખવા એ બાબતનો ચુકાદો આપ્યો છે અને તેની સામે રાજય સરકાર સુપ્રીમ કોર્ટમાં ગઇ છે. હું માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવા માગુ છું કે, આપણે હાઇકોર્ટના ચુકાદાની સામે ગયા છીએ તો આપણે સુપ્રીમ કોર્ટમાંથી આપણી પિટિશન પાછી લઇ અને ગુજરાતના યુવાનોને પૂરો પગાર આપવા માગીએ છીએ કે કેમ?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, સુપ્રીમ કોર્ટમાં ન્યાયાધીન હોવાના કારણે અહીંયા જવાબ આપવો એ સંભવ નથી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી તેમના જવાબમાં હું સાંભળી રહ્યો હતો કે મારા આંકડા અને તેમના આંકડામાં ડિફર આવે છે. (અંતરાય) સાંભળો, હું પણ અભ્યાસુ છું. એમને એમ ના બોલુ બહેન. મારી પાસે સાહેબ જે આંકડા છે તે ગુજરાત સ્ટેટ ક્રાઇમ બ્યૂરોના આંકડા છે. મેં જે દારૂ બાબતની રજૂઆત કરી તે મારા આંકડા ગુજરાત વિધાનસભામાં જે ધારાસભ્યોને બુકલેટ આપવામાં આવે છે તેના આધારે મેં આ તૈયાર કરેલુ અને તે મેં રજૂ કર્યુ છે. એટલે બીજું એક કે કોઇ ખોટી રજૂઆત કે પોલીસ તંત્ર માટે..

અધ્યક્ષશ્રી : કોઇ સવાલ નથી. તમે બન્ને વચ્ચે સૂચન કર્યુ છે તમારા આંકડા હોય એ એમને આપી દેજો, ખોટા હશે તો એ સ્વીકારશે, નહીં હોય તો કરેકશન કરીને તમને આપશે બરાબરને ?

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારો માનનીય મંત્રીશ્રીને સવાલ એક જ છે કે, કરંડીયામાં એકાદ બે કેરી ખરાબ હોય તો આખો કરંડીયો ખરાબ થઇ જાય. પોલીસ તંત્રની કામગીરી ખૂબજ પ્રશંસનીય છે એમાં કોઇ ડાઉટ નથી, પણ જે રીતે પોલીસ તંત્રને સ્વતંત્ર પાવર આપવામાં આવતા નથી તેના કારણે અને બીજું જે લોકોના ફિકસ પગાર અને તેમના નીકળતા જે વેતન ભથ્થા જે હોય છે તે ઘણાં મહિનાઓ સુધી બાકી રહે છે માટે સરકાર આમાં કંઇ વિચારીને, પોલીસને પાવર આપીને ફિકસ પગારો દૂર કરીને તેમને પાવર આપવા માગે છે કે કેમ ?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તેમના સૂચન માટે સકારાત્મક વિચાર કરીશું.

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, ૨૦૦૯માં જે લોકરક્ષકોની ભરતી થયેલી અને એમાં કેટલાક સર્ટીફિકેટના આધારે તેમને કાયમી કરવામાં આવ્યા નથી. ગાંધીનગર રેન્જમાં પણ અલગ રીતે છે અને બીજે કાયમી કર્યા છે તો આમાં મંત્રીશ્રી ખુલાસો કરે.

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, લોકરક્ષકનો સમય નક્કી કરેલો હોય તેના પછી ઓટોમેટિક તે કાયમી થતાં હોય છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, ધારાસભ્યો દ્વારા પોલીસ વિભાગને વારંવાર રજૂઆતો થતી હોય છે, માહિતીઓ માગવામાં આવતી હોય છે. મારે એક વર્ષ પૂરું થયુ જિલ્લાના અને રાજયના તમામ પોલીસ વડાઓને અને કમિશ્નરો પાસેથી મેં માહિતી માગી હતી. આર.ટી.આઇ.માં ત્રીસ દિવસમાં આપવાની જોગવાઇ છે અને આ રાજયના ધારાસભ્ય તરીકે ચાર ચાર વખત રિમાઇન્ડર કરવા છતાં પાંચ જિલ્લાના વડા અને કમિશ્નરોએ મને આજસુધી માહિતી નથી આપી. હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, ધારાસભ્ય દ્વારા પોલીસ વિભાગ પાસે કંઇ માહિતી માગવામાં આવે તો એ ત્રીસ દિવસની અંદર કમસે કમ તેનો યોગ્ય જવાબ આપવા વિભાગને સૂચના આપવા માગે છે કે કેમ ?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય વહીવટ વિભાગને લાગે વળગે છે ત્યાં સુધી મેં પહેલા પણ કહ્યું છે દરેક ધારાસભ્યને સન્માનનીય રીતે તેમના પ્રશ્નોના જવાબ સમયસર મળે, હકારાત્મક રીતે મળે એ દિશામાં રાજય સરકાર પ્રયત્ન કરશે.

અધ્યક્ષશ્રી : રમણભાઇ, સન્માનનીય રીતે જવાબ આપે, પણ સન્માનનીય સમયમાં આપે એવું કહે છે. આર.ટી.આઇ.માં ત્રીસ દિવસમાં જવાબ આપો તો ધારાસભ્યોને તો વહેલો આપવો જોઇએને? સામાન્ય પ્રજાજન પૂછે તો ત્રીસ દિવસમાં આપો.

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, દિવસ કયાં અમે તો સાહેબ કલાકોમાં આપીએ છીએ.

અધ્યક્ષશ્રી : કલાકોમાં નહીં દિવસોમાં કહોને ? ત્રીસ દિવસ પહેલા આપશોને?

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, એક વર્ષ થયુ છતાં હજુ સુધી મને જવાબ નથી મળ્યો. ચાર ચાર વખત રિમાઇન્ડર કરવા છતાં મને જવાબ નથી મળ્યો. સાહેબ અમને જવાબ શું કામ ના મળી શકે?

અધ્યક્ષશ્રી : મારે અધ્યક્ષ તરીકે કહેવાનું કે ધારાસભ્યના હિતનું રક્ષણ કરવું એ મારી જવાબદારી છે. તમામ લોકોને કહીશ કે જે તે ઓફિસરને મંત્રીઓ સૂચના આપે કે ધારાસભ્યના લેખિત પત્રનો જવાબ આર.ટી.આઇ.નો સમય હોય તેના કરતા વહેલો ધારાસભ્યને મળવો જોઇએ એવી સૂચના આપવી જોઇએ.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧, ૩ થી ૯, ૧૧, ૧૨ અને ૧૫ થી ૩૦ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

માગણી ક્રમાંકઃ ૩૦, ૩૧, ૩૩, ૪૨, ૪૩ અને ૪૪ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

સભાગૃહનું કામકાજ બપોરના ૧–૦૬ વાગ્યે પુરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સોમવાર, તા.૧૪મી જુલાઇ, ૨૦૧૪ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

ગુજરાત વિધાનસભા
સોમવાર, તા.૧૪મી જુલાઇ ૨૦૧૪
આષાઢ ૨૩, ૧૯૩૬ શાકે
સભાગૃહ બપોરના ૧૨.૦૦ કલાકે મળ્યું.
અધ્યક્ષશ્રી વજુભાઇ વાળા અધ્યક્ષ સ્થાને

# તારાંકિત પ્રશ્નો

ગરબાડા-ધાનપુર-લીમખેડા અને ફતેપુરા તાલુકાઓમાં મંજૂર ભૂગર્ભ ગટર યોજના

* ૧૦૩૦૧ શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લાના ગરબાડા-ધાનપુર-લીમખેડા અને ફતેપુરા તાલુકાઓમાં ભુગર્ભ ગટર યોજના ક્યારે મંજૂર કરવામાં આવી, અને

(૨) ઉકત સ્થિતિએ આ કાર્યવાહી ક્યા તબક્કે છે અને કેટલા સમયમાં તે પૂર્ણ કરવામાં આવશે ?

જવાબ

(૧)

| ભૂગર્ભ ગટર યોજનાનું નામ | મંજુરીની તારીખ |
|---|---|
| ગરબાડા | ૨૧-૦૪-૧૧ |
| ધાનપુર | ૨૨-૦૩-૧૧ |
| લીમખેડા | ૨૧-૦૪-૧૧ |
| ફતેપુરા | ૨૨-૦૩-૧૧ |

(૨)

| ભૂગર્ભ ગટર યોજનાનું નામ | તબક્કો (ભૌતિક) | કામ પૂર્ણનો સમયગાળો |
|---|---|---|
| ગરબાડા | ૯૫ ટકા | બનતી ત્વરાએ |
| ધાનપુર | ૮૫ ટકા | |
| લીમખેડા | ૮૦ ટકા | |

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માંગુ છું કે, મારા દાહોદ જિલ્લાના ચાર તાલુકામાં ૨૦૧૧થી ગટરનું કામ મંજૂર કર્યુ છે. હજું સુધી તે ગટરનું કામ પૂર્ણ થયેલ નથી. આ કામની સમય મર્યાદા શું છે અને તેનું કામ કયારે પૂર્ણ કરવામાં આવશે? મારો બીજો પ્રશ્ન એ છે કે ગટરનું કામ કરવા માટે જે ખોદકામ કરેલ છે તે ગરબાડા મેઇન બજારમાં કર્યુ છે અને તે ખોદકામના જે માટી અને પત્થર પડેલા છે, તેના ઢગલા પડેલા છે. તેમાં લોકો અવરજવર કરવાથી ત્રણ લોકોના અકસ્માત થયા છે. ત્યારે એ લોકોને વળતર ચૂકવવા માંગે છે કે કેમ? ત્રીજો પ્રશ્ન એ છે કે, આ ગરબાડા મેઇન બજારના રસ્તા તૂટી ગયા છે તે રસ્તાને સુધારવા માગે છે કે કેમ?

અધ્યક્ષશ્રી : આમાં રસ્તો નથી. ભૂગર્ભ ગટર યોજના છે. ગટરના કામે રસ્તા તૂટી જાય તો પછી રસ્તાનો પ્રશ્ન ન પૂછાય. ગટરના કામે જે ઢગલા થયા છે અને અકસ્માત થયા છે તે પૂછાય. એક મિનિટ.

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન છે કે ૨૦૧૧માં મંજૂરી આપવામાં આવી હતી. ત્યારપછી જે ટેન્ડરો બહાર પાડવામાં આવ્યા તો ત્રણ વખત કોઇ ટેન્ડર આવેલ નહીં. ચોથી વખતે આ ટેન્ડર મંજૂર થયેલ છે. જેની સમય મર્યાદા બાબતમાં પૂછેલ છે તો સમય મર્યાદા ૧ વર્ષ અને ૧ મહિનો વધારે થયો છે. તેના ઘણા કારણો છે. સમય મર્યાદા વધી છે તેમાં ગરબાડા તાલુકો છે તેની અંદર કાયદેસર જે પાઇપ લાઇન નાંખવાની હતી તેના કરતાં ૧૪૩ મીટરનું કામ વધ્યું છે. સમ્પ બનાવવા માટે જગ્યા અનુકૂળ કરી હતી તે જગ્યા માટે વિરોધ થયો તેના કારણે સમ્પની ડીઝાઇન અને જગ્યા ફેરવવામાં આવી છે. સમય મર્યાદા જે વધી છે તેના અનેક કારણો છે. તે કારણો સાથે આમાં ગામડાંમાં જયારે કામ થતું

હોય છે ત્યારે એક કુંડી બનાવવાનો પણ વિરોધ કરતા હોય છે. કોઇ કહે કે મારા ઘરની બાજુમાં કુંડી આવી એટલે તેનું સોલ્યુશન કરતાં સમય લાગે છે. જેના કારણે સમય વધારો થયો છે.

અધ્યક્ષશ્રી : તેનો બીજો સવાલ છે કે જે ઢગલા પડયા છે, જે પત્થર પડયા છે તેના લીધે ત્રણ અકસ્માત થયા છે તો આ ઢગલા તમે ઉપાડવા માગો છો કે નહીં?

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યશ્રી, અકસ્માત થયેલ છે તે અમારા ધ્યાન ઉપર આવેલી બાબત નથી.

અધ્યક્ષશ્રી : અકસ્માતની માહિતી ન હોય તો કંઇ નહીં પણ ગટરના કારણે જે ઢગલા પડયા છે તેને..

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યશ્રી, ગટરનું કામ જે બજારમાં ખોદવામાં આવે છે તે કામમાં તુરત જ તેના લેવલે રોલર ફેરવી હાર્ડ મોરમ નાંખવામાં આવે છે અને કાયદેસર કરવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : ટૂંકમાં ગટર માટે ખાડો ખોદી ઢગલા થયા હોય તેને તાત્કાલિક સરખા કરી દેજો. નથી થયા તે હકીકત છે. માનનીય સભ્યશ્રી તે કહે છે. તેમને હકીકતની ખબર છે અને આપને સિદ્ધાંતની ખબર છે.

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યશ્રી, તે બાબતની હમણાં હું તપાસ કરાવી લઇશ અને કોન્ટ્રાકટરને કાયદેસર સૂચના આપી દઇશ.

શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માંગુ છું કે, રૂર્બન યોજના હેઠર ૨૦૧૧ની વસ્તી પ્રમાણે ૧૦ હજારથી વધુ વસ્તી ધરાવતા ગામો તથા ૭ હજારથી વધુ વસ્તી ધરાવતા ગામોને રાજય સરકાર આવરી લેવા માગે છે કે કેમ?

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યશ્રી, અત્યારે જે ગામોની અને આ યોજનાની જે પસંદગી થઇ છે તે ૨૦૦૧ની વસ્તીના ધોરણે થઇ છે. સભ્યશ્રીનું સૂચન છે કે ૨૦૧૧ની વસ્તીના ધોરણે અમલ કરવા માગો છો કે કેમ? તો તેમાં માનનીય સભ્યશ્રીનું સૂચન છે.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ત્રણ વખત ટેન્ડર આવ્યા નહીં અને ચોથી વખત ટેન્ડર આવ્યા એટલે અમે ટેન્ડર સ્વીકાર્યા.તો હું પૂછવા માગું છું કે, આ ટેન્ડરની મૂળ રકમ કેટલી હતી? અને આ ટેન્ડર એબાઉ હતા કે નીચા ભાવ હતા? બીજો પ્રશ્ન મારો એ છે કે, જે ટેન્ડરની રકમ હતી એમાં ટેન્ડરની રકમ કરતા વધારે ભાવો નક્કી કરવામાં આવ્યા છે કે કેમ?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ કામનું ટેન્ડર છે એ ૩.૯૭ કરોડનું ટેન્ડર હતું અને મૂળ ટેન્ડર જે ફાઇનલ થયું છે એ ૬.૨૭ કરોડનું એ એટલા માટે કે આ જે ભાવ છે અને સમય મર્યાદા જે છે એ સમય મર્યાદાના કારણે અને ૮-૯ના એસ.ઓ.આર. મુજબ આ ટેન્ડર જે છે, ટેન્ડર બહાર પડ્યું ૧૨માં અને એકસેસ આઇટેમ જે છે એ રાજય સરકારની ૧૦ સચિવોની જે સમિતિ છે, કોઇને કોઇ જ્યારે મૂળ ટેન્ડર બન્યું. આમાં ઘણી વખત એવું બનતું હોય છે કે આ ટેન્ડર બહાર પડયા પછી કોઇ ૨૫ મકાનો બને કે ૧૦ મકાનો બને ત્યાં સુધી ખેંચવા માટે લાઇનનો એકસેસ ખર્ચ થતો હોય છે પણ એ રાજયની હાઇલેવલની કમિટી છે એ નક્કી કરે છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, જે ટેન્ડરની કિંમતમાં ૬૦ થી ૭૦ ટકા આપણે વધારો આપ્યો આ વધારામાં જે નુકસાન થયું એમાં જેના કારણે આ નુકસાન થયું છે એની સામે આપ પગલાં લેવા માગો છો કે કેમ? બીજું માનનીય મંત્રીશ્રીએ એક કહ્યું કે, એક વર્ષ મોડું થયું, આ નવા ટેન્ડરને પણ એક વર્ષને બે મહિના મોડું થયું છે તો ટેન્ડરવાળા ભાઇ પાસેથી પેનલ્ટી કાપવા માગો છો કે કેમ?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ જે ટેન્ડર ઓન ભાવ આવ્યા છે એ ૬૮ ટકા આવ્યા છે પણ એનું કારણ એ છે કે ૬૮ ટકા ૮-૯ ના એસ.ઓ.આર.મુજબ છે. ટેન્ડર ૧૨માં પડયું છે એ મેં પહેલા પણ કહ્યું એટલે જો ૧૨ના એસ.ઓ.આર. ગણવામાં આવે તો ટેન્ડરની ઉંચી ટકાવારી છે જ નહીં અને જે એમણે બીજો પ્રશ્ન પૂછયો કોન્ટ્રાકટરનો કે એના ઉપર પેનલ્ટી વસૂલ કરવા માગો છો કે કેમ? જે કામમાં મોડું થયું છે અને સમય મર્યાદા થઇ છે એમાં ખરેખર કારણો જોતા કોન્ટ્રાકટર જવાબદાર નથી. એટલા માટે

કે, ઘણી વખત મેં કહ્યું તેમ સંપ માટે જગ્યા ફેરવવામાં આવે છે અને એમાં કોન્ટ્રાકટર જવાબદાર નથી એટલા માટે આ યોજનામાં જે સમય ગયો છે એ ગામના અમુક લોકોના કારણે, સંપની જગ્યા બદલવાના કારણે એમ અનેક કારણોથી આ મોડું થયું છે.

ગાંધીનગર જિલ્લામાં પંચવટી યોજના

* ૧૦૧૫૩ શ્રી અશોકકુમાર ર. પટેલ (ગાંધીનગર ઉત્તર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં પંચવટી યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૩–૧૪ માં કેટલી પંચવટીના કામો પૂર્ણ થયેલ છે, અને | (૧) એક. |
| (૨) બાકી પંચવટીના કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૨) બનતી ત્વરાએ. |

શ્રી અશોકકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૩–૧૪માં તાલુકાવાર કેટલી પંચવટી બનાવવાનું આયોજન છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગર જિલ્લામાં ૮ પંચવટી બનાવવાનું આયોજન છે એમાં તાલુકાવાઇસ ૨ એમાંથી એક પંચવટીનું કામ પૂર્ણ થયેલ છે અને ૭નું કામ બાકી છે.

શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, પંચવટી ક્યાં બનાવી શકાય, અને એના માટે કેટલી જગ્યા ફાળવવાની જરૂર હોય છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, પંચવટી માટે ગામની શોભા વધે એવી જગ્યા પહેલા પસંદગી કરવામાં આવતી હોય છે અને એ શોભાના કારણે એવી જગ્યા પસંદ કરવામાં આવે છે અને આમાં જગ્યા ૧૦૦૦ મિટર જોઇએ એવો નિયમ છે પણ કોઇ ગામ એવું હોય કે ત્યાં ૧૦૦૦ મિટર સરકારી જમીન એક સાથે ઉપલબ્ધ ન હોય તો ઓછી જગ્યામાં પણ બનાવીએ છીએ.

શ્રી શંભુજી ચે. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૦૪–૦૫થી વર્ષ ૨૦૧૨–૧૩ સુધીમાં કેટલી પંચવટીઓ તાલુકાવાર બનાવવામાં આવી, અને તેની પાછળ કેટલો ખર્ચ થયો છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધીમાં ગાંધીનગર જિલ્લામાં ૧૨૧ પંચવટી બનાવવામાં આવી છે. ગાંધીનગર તાલુકામાં ૩૫, દહેગામમાં ૨૭, કલોલમાં ૩૮, માણસામાં ૨૧ જેની પાછળ ૧.૮૧ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.

રાજ્યમાં બજેટમાં વેટની આવક

* ૧૦૮૬૮ શ્રી છનાભાઇ કો. ચૌધરી (વાંસદા) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રાજ્યમાં સને ૨૦૧૩–૧૪ ના બજેટમાં વેટની આવકોનો કેટલો અંદાજ હતો તે સામે કેટલી આવક થઈ ? | રૂ. ૪૫૩૦૦/- કરોડના ચોખ્ખા અંદાજ સામે વર્ષ દરમ્યાન રૂ. ૪૦૯૭૬.૨૧/- કરોડની ચોખ્ખી આવક થઈ. |

શ્રી છનાભાઇ કો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, આપણો અંદાજ છે ૨૦૧૨–૧૩નો એ ૪૫૩૦૦/–કરોડનો તેની સામે ૪૦૯૭૬.૨૧/– કરોડની આવક થઇ છે તો એ ઓછી આવક થવાના કારણો શું? અને બીજું પેટ્રોલ અને ડિઝલ ઉપર વેટના દર ખૂબ ઉંચા છે તો એ સરકાર ઓછા કરવા માગે છે કે કેમ?

શ્રી સૌરભભાઇ પટેલ :આખા દેશની અંદર ગઇસાલ ઓવરઓલ રિસેશન ચાલતું હતું અને એ રિસેશનના કારણે આપણે ત્યાંના ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેકટો ઉપર તેની અસર થઇ. સિમેન્ટ પ્લાન્ટોનો સિમેન્ટ ઓછો વેચાતો હતો. આર્યન અને સ્ટીલ ઓછું વેચાયું. રૂપિયો નબળો થવાના કારણે ઇમ્પોર્ટ એક્સપોર્ટ ઓછું થયું છે. કેન્દ્ર સરકાર ગોલ્ડમાં થોડુંક રિસ્ટ્રીકશન લાવેલ એના કારણે ઓછું થયું છે. ઘણા બધા પ્લાન્ટો બંધ થયા હતા. અલંગમાં સ્ક્રેપની આવક પણ ઓછી થઇ છે. ઇ–કોમર્સ ઓનલાઇન ચાલુ થયું અને પેટ્રોલિયમ કંપનીઓએ અહીંયા લોકલ માલ વેચાણ કરવાના બદલે એ લોકોએ એક્સપોર્ટ કર્યું આ

બધાના કારણે આવક ઓછી થઇ છે. હું દાખલો આપું કે ઓટોમોબાઇલ સેકટરમાં ૩૯૬ કરોડ રૂપિયાની આવક ઓછી થઇ એટલે એટલા ઓટોમોબાઇલ્સ ઓછાં વેચાયા, સિમેન્ટમાં ૭૪ કરોડ રૂપિયાની આવક ઓછી થઇ. સ્ટીલની આવકમાં ૩૯ કરોડ ..

અધ્યક્ષશ્રી : બસ હવે, એક એકમાં ડિટેઇલમાં જવાની જરૂર નથી.

શ્રી સૌરભભાઇ પટેલ : પાંચ સાત જ છે.

અધ્યક્ષશ્રી : નહિ નહિ જરૂર નથી. મુખ્ય કારણો કહ્યા તમે.

શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત : હું આપના મારફતે માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આ વેટમાં જે કરચોરી થાય છે એ રોકવા માટે કયા કયા પગલાં લેવામાં આવ્યા?

શ્રી સૌરભભાઇ પટેલ : આમાં આપણે એક તો વધારેમાં વધારે ટેકનોલોજીનો ઉપયોગ કરીએ છીએ અને ટેકનોલોજીનો ઉપયોગ કરવાના કારણે ઓનલાઇન સી.એસ.ટી. ફોર્મથી બિલ પેમેન્ટ, ઇ–રિટર્ન, રજીસ્ટ્રેશન આ બધું આપણે વધારેમાં વધારે મજબૂત કરતા જઇએ છીએ. પછી દરેક મોટા ડિલરો હોય એ મોટા ડિલરોના આપણે વધારેમાં વધારે એનું ઓનલાઇન ચેકીંગ કરીએ છીએ. વેરીફીકેશન કરીએ છીએ. પછી ડેટાબેઝ બનાવ્યો છે એની પ્રોડક્ટસનું એનાલીસીસ કરીએ છીએ કે આ કંપનીમાં આટલું સેલ આવે છે તો આ કંપનીમાં કેમ આટલું જ સેલ આવે છે. બીજું આપણી જે ઓફિસીસ છે, યુનિટસ છે એનું પણ ઘણું મોનીટરીંગ કરવામાં આવે છે, આ ઉપરાંત ચેકપોસ્ટ ઉપર વ્હીકલ ચેક કરીએ છીએ, સેકટર વાઇઝ મોનીટરીંગ કરીએ છીએ આવા અનેક પગલાં લઇએ છીએ જેથી આવક વધી શકે એ પ્રમાણેની આપણે વ્યવસ્થા કરીએ છીએ.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય મંત્રીશ્રીએ કહ્યું ઓટોમોબાઇલ્સ, સિમેન્ટ વિગેરેનું પણ મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, આપણે પેટ્રોલ, ડીઝલ અને રાસાયણિક ખાતરમાં વેટનો કેટલો અંદાજ નક્કી કર્યો હતો કે વેટની આટલી આવક થશે અને એની સામે કેટલી આવક થઇ?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પેટ્રોલની અંદર ૧૨–૧૩માં ૮૫૬૨ કરોડ રૂપિયાની આવક થઇ જેની સામે આ વખતે ૮૫૦૪ કરોડ થઇ, એટલે ૫૭ કરોડ રૂપિયાની આવક ઓછી થઇ. એ જ પ્રમાણે આપણે જોઇએ તો પેટ્રોલિયમ પ્રોડક્ટસમાં જે ઓ.એન.જી.સી.માં ઉત્પાદન થવું જોઇએ એમાં ઘટાડો થવાના કારણે ૪૦૦ કરોડ રૂપિયાની ૧૨–૧૩માં આવક હતી એની જગ્યાએ ૧૧૦ કરોડ રૂપિયા આવક ઓછી થઇ અને ૨૯૦ કરોડ રૂપિયાની આવક થઇ છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે સને ૨૦૧૧–૧૨ અને ૨૦૧૨–૧૩ની અંદર સરકારને કેટલી આવક થઇ અને છેલ્લાં બે વરસના અંદાજ મુજબ..

અધ્યક્ષશ્રી : આમાં ૨૦૧૩–૧૪ના જ આંકડા પૂછ્યા છે એટલે અગાઉનું ના હોઇ શકે.

શ્રી શૈલેષ મ. પરમાર : આગલા વરસમાં કેટલી આવક થઇ એ મારે જાણવું છે અને બીજું રાસાયણિક ખાતર ઉપર છેલ્લાં ત્રણ વરસમાં જે આવક થવાનો અંદાજ હતો તે આવક થઇ કે એમાં ઘટાડો થયો છે.

અધ્યક્ષશ્રી : આમાં એક એક આઇટમમાં ના હોય. માનનીય મંત્રીશ્રી તમે પોતે આઇટમ બોલીને એના સવાલ ઉભાં કરાવો છો.

શ્રી સૌરભભાઇ પટેલ : મારી પાસે ફર્ટીલાઇઝર અંગેની માહિતી તો નથી પણ જે ૨૦૧૧–૧૨ની વાત કરી એમાં ૨૦૧૧–૧૨માં ૩૧,૨૦૧ કરોડ આવક હતી, ૨૦૧૨–૧૩માં ૩૯,૪૬૪ કરોડ અને ૨૦૧૩–૧૪માં ૪૦૯૭૬ કરોડ રૂપિયા એ પ્રમાણેનો આપણો રેવન્યુ ગ્રોથ હતો.

શ્રી કિરીટસિંહ જી. રાણા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે એ પૂછવા માગું છું કે, વેટની આવક વધારવા શા પગલાં લેવામાં આવ્યા છે?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં ડિટેઇલમાં ટેકનોલોજી વિશેની માહિતી આપી છે કે આટલી આટલી રીતે વેટની આવક માટે પગલાં લેવાનું ચાલુ કર્યું છે. મને આનંદ થાય છે કે આ વરસે આમાં સુધારો પણ ઘણો આવ્યો છે અને એપ્રિલ, મે અને જૂન માસની અંદર ગઇસાલ કરતાં ગ્રોથ વધ્યો છે.

અધ્યક્ષશ્રી : ના, ના, કયા પગલાં લીધા છે તેની વાત કરો તમે પરિણામની વાત કરો છો.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પગલાંનું તો મેં અગાઉ કહ્યું જ છે કે જુદી જુદી ટેકનોલોજીનો ઉપયોગ કરીને આવક વધારવા માટેના પગલાં લેવામાં આવે છે.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, સૌથી વધારે વેટની આવક આપતી દસ કોમોડીટીઝ કઇ કઇ છે? અને વેટ આવકમાં રિફંડ અંગેની મુખ્ય જોગવાઇઓ અને તેની પ્રક્રિયા શું છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી,જે ટોપ ટેન કોમોડીટીઝ છે તે એક એન.એસ.ટી.જે ૮૫૦૪, ગેસની ૮૫૦૦, ઓટોમોબાઇલ ૨૫૮૪, સિમેન્ટ ૧૨૦૭, ટોબેકો ૮૩૩, ઇલેકટ્રોનિક્સ ગુડસ ૭૭૨, કેમિકલ્સ ૬૯૭, મોબાઇલ્સ ૬૪૯,

અધ્યક્ષશ્રી : એક એક આઇટમ કરશો તો પછી બધા પૂછશે અને તમારી પાસે જવાબ જ નહીં હોય. નહીં નહીં, એક એક આઇટમનું ના હોય આ વર્ષની આવક જ છે. એ તો એ પોતે બોલ્યા ત્યારે પણ મેં તેને રોકયા હતા.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને હું આપના દ્વારા પૂછવા માગુ છું કે, મંત્રીશ્રીએ જે ચોખ્ખી આવક બતાવી છે તેની અંદર સમગ્ર ભારતમાં કયાંય એક ટકો વધારાનો ટેકસ નથી, આપણે ત્યાં છે. તો આ ટેક્સની આવક આમાં જોડેલી છે? અને જો હોય તો તેની રકમ કેટલી?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પહેલી તો મારે બલવંતસિંહને માહિતી આપવી છે કે, આખા દેશમાં પાંચ ટકા છે પ્રેકટીકલી. ગુજરાતની અંદર ચાર ટકા પ્લસ એડિશનલ એક ટકો છે. આપણે જયારે ઓકટ્રોય નાબૂદી કરી એ વખતે કર્યુ ત્યારે આખા દેશમાં એમ્પાવર્ડ કમિટીએ નિર્ણય કર્યો છે કે બધાનું ચાર ટકાનું પાંચ કરવું. આ પ્રમાણે રાજયની એમ્પાવર્ડ કમિટીએ નિર્ણય લીધો છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી,વેટના દર મેં નથી પૂછયા. મેં તો આપણે ત્યાં વધારાનો એક ટકો ટેક્સ ૨૦૦૫થી જે ચાલે છે તેની આવક પૂછી છે.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે તેની માહિતી નથી.

### ખેડા જિલ્લામાં ટન ઉત્ખનન માટેની લીઝો મંજૂર કરવા

* ૯૭૫૫ શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય ખાણ ખનીજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ ખેડા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ક્યા પ્રકારની જમીનોમાં કેવા પ્રકારની કેટલા ટન ઉત્ખનન માટેની લીઝો મંજૂર કરવામાં આવી, | (૧) તા. ૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ ખેડા જીલ્લામાં છેલ્લા બે વર્ષમાં કોઈ લીઝ મંજૂર કરવામાં આવી નથી. |
| (૨) આ લીઝો મંજૂર થયા પછી ઉકત સ્થિતિએ વર્ષવાર કેટલી વખત સ્થળ તપાસ કરવામાં આવી અને સ્થળ તપાસ વખતે કેટલા લીઝધારકો સામે ગેરરીતિઓ સામે આવી, અને | (૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ ગેરરીતિઓ આચરનાર લીઝધારકો સામે શી કાર્યવાહી કરવામાં આવી ? | |

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રીને એ પૂછવા માગુ છું કે, માનનીય મત્રીશ્રીએ જવાબ આપ્યો કે છેલ્લા બે વર્ષથી કોઇ નવી લીઝ નથી થઇ અને જે લીઝધારકો છે તેમાં છેલ્લા બે વર્ષમાં કોઇ લીઝ ચોરી થઇ નથી. તો લીઝ ચોરી એ સતત ચાલતી પ્રવૃત્તિ છે. મારા મહેમદાવાદ મત વિસ્તારની અંદર મેશ્વો નદી, વાત્રક નદી અને ઠાસરાની અંદર સેવાલીયા જોડે મહી નદી. અહીંયા સતત આ બિન અધિકૃત રીતે ખનન કરવાની પ્રવૃત્તિ ચાલુ હોય તો છેલ્લા બે વર્ષની અંદર આ જગ્યાએ અને ગ્રામ પંચાયતોની અંદર જમીન છે તેમાં આપના ખાતા દ્વારા કોઇ લીઝ ખનન અટકાવવા માટે કોઇ પ્રવૃત્તિ કરી છે કે કેમ ? બીજો મારો પ્રશ્ન છે કે, જે કાયદેસર લીઝધારકો હતા અને જે દંડની રકમ

આપવાની છે તે લગભગ ૪૮ લાખ, ૩૦ લાખ એવી રકમ છે. તો આટલો મોટો દંડ કરવામાં આવ્યો છે તો તેમાં કોઇ રાહત આપવા માગો છો કે કેમ ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણે અનઓથોરાઇઝડ માઇનીંગ માટેના અનેક અનેક કેસો ચેકીંગ કર્યા. માઇનીંગમાં, ટ્રાન્સપોર્ટેશનમાં, સ્ટોકમાં,વાયોલેશન ઓફ રૂલ્સ એન્ડ એગ્રીમેન્ટની અંદર. કુલ અત્યાર સુધી છેલ્લા ૨૦૧૨-૧૩, ૨૦૧૩-૧૪ની અંદર માઇનીંગમાં ૨૩ કર્યા, ૧૩-૧૪માં ૬૮ કર્યા અને અત્યારે જૂન સુધીમાં ૪ કર્યા એમ કરીને માઇનીંગમાં ૯૫ કેસીઝ કર્યા. જેનાથી ૬૯,૦૫,૬૪૯ રુપિયા આપણે દંડ કર્યો. એવી રીતે ટ્રાન્સપોર્ટેશનમાં ૬૯ કર્યા ૧૨-૧૩માં, ૧૩-૧૪માં ૬૪ કર્યા અને અત્યારે ૧૦ કર્યા. એટલે કુલ ૧૪૩, ૨૩,૮૩,૪૯૪ સ્ટોકની અંદર કુલ ૨ કર્યા ૨૦,૨૧૮ અને વાયોલેશન ઓફ રૂલ્સમાં ૨૨ કર્યા ૧,૧૦,૦૦૦ એમ કરીને ૨૬૨ કેસો આપણે પકડયા ૮૪,૧૯,૩૭૧ રૂપિયાના કર્યા.

શ્રી સંજયકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, ખેડા જિલ્લામાં છેલ્લા બે વર્ષથી એક પણ લીઝને મંજૂરી આપવામાં આવી નથી તો લીઝ મંજૂર નહીં થઇ શકવાના કારણો શું છે ? અને ખેડા જિલ્લામાં કયા કયા ખનિજોની લીઝો છે અને ત્યાંના રોયલ્ટી રેઇટ શું છે ?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણે પહેલાં રાજયની અંદર first cum first serve basis ઉપર લીઝ આપવામાં આવતી હતી પછી સરકારે નિર્ણય કર્યો કે ભાઇ, આના કારણે જેની પાસે માહિતી પહેલાં હોય છે એ વ્યકિતને લીઝ મળી જાય છે એટલે આપણે જે minerals bearing area હોય એને આપણે આઇડેન્ટીફાઇ કર્યા, આઇડેન્ટીફાઇ કરીને એને બ્લોક બનાવ્યા અને બ્લોક કરીને નોટિફાઇ કરી, નોટિફાઇ કરીને ઓક્શન પધ્ધતિ કરવાનો રાજય સરકારે નિર્ણય લીધો, પરંતુ આપણે આ બધું કામ પૂરૂં કર્યું એ વખતે advertisement અપાઇ ગઇથી માંડીને અરજીઓ લેવાઇ ગઇ, પરંતુ સુપ્રીમ કોર્ટનું ડાયરેક્શન તા. ૨૭-૨-૨૦૧૨માં આવ્યું, અને એ આવ્યું કે State Level Environment Impact Assessment Authority બનાવવી જરૂરત છે એટલે આ બધા જ mines and minerals માં એમને prior E.C. જરૂરત ફરિજયાત થઇ ગઇ અને પછી ગવર્મેન્ટ ઓફ ઇન્ડીયાએ તા. ૧૮-૫-૨૦૧૨એ એનું direction notify કર્યું અને ઇસી કમીટીની એપ્રુવલ આવતાં આવતાં ખૂબ વાર થઇ પછી ઇલેકશન આવી ગયું, અને હવે E.C.ની આખી જોગવાઇ ગોઠવાઇ છે એટલે આવતા દિવસોની અંદર આ જેટલી પેન્ડીંગ અરજીઓ છે એ પેન્ડીંગ અરજીઓનો નિકાલ થશે. બીજો સવાલ એમણે જે પૂછ્યો કે હાલની અંદર ખેડાની અંદર કુલ bauxite, ordinary sand, gravel ordinary clay, bentonite આ બધું જ મળીને private land and government લેન્ડ ઉપર કુલ ૧૯૧ લીઝ આવી છે અને એની અંદર આજની તારીખમાં કામકાજ ચાલી રહ્યું છે.

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, કોઇ એક ખેડૂત પોતાના ખેતરમાંથી માટી ખોદી અને પોતાના ઘેર લઇ જાય..

અધ્યક્ષશ્રી : ખેડા જિલ્લાની અંદર લીઝની વાત હોય તો કરો.

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તો આવું માટીનું જે ખનન થાય તો ત્યાં એવા કોઇ ખેડૂતોને દંડ કરવામાં આવ્યો છે કે કેમ?

અધ્યક્ષશ્રી : એ સવાલ આમાંથી ઉત્પન્ન નથી થતો.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપના દ્બારા જાણવા માગું છું કે, ખેડા જિલ્લાના કયા કયા તાલુકામાં ગૌચર અને સરકારી પડતર નંબરોમાંથી ખાણ અને ખનિજમાં ગેરકાયદેસર ચોરી થઇ અને તેની પાછળ શું કાર્યવાહી કરી?

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, ખેડા જિલ્લામાં આવો કેસ ગૌચરની જમીનમાંથી ચોરીનો બન્યો છે?

શ્રી સૌરભભાઇ પટેલ : સાહેબ, ચોરી કેટલી પકડી એની માહિતી તો મેં આપી. (અંતરાય) ગૌચરની નથી.

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું આપના માધ્યમથી એ જાણવા માગું છું કે, ખેડા જિલ્લામાં આ ઉત્ખનનની પ્રવૃત્તિ ઘણી ચાલે છે તો એમાં માર્કીંગ કરવામાં આવતું નથી અને એક લીઝ હોય તો એની જગ્યાએ ગેરકાયદેસર ૪–૫ જગ્યાએ ચલાવતા હોય છે અને આ લીઝ મંજૂર કરવાના ધોરણો શું છે?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હવે તો ચેકિંગ બહુ નિયમિત થાય છે બીજું આપણે એક સીસ્ટમ બનાવી દીધી છે અને એ સીસ્ટમની અંદર સીસ્ટમ ઓડિટ કરવા જઇએ છીએ અને એ સીસ્ટમ જયારે ઓડિટ કરવા જાય છે ત્યારે એની માપણી, એના બોર્ડર બનાવી છે કે નહીં, એનું કેટલું પ્રોડ્કશન થયું, પ્રોડકશન થયા પછી એની રોયલ્ટી છે એ રોયલ્ટીના રેટ પ્રમાણે ભરાય છે કે નહીં, એના ઇ–રોયલ્ટીના પાસીંગ બરાબર છે કે નહીં, આ બધું જ સીસ્ટમ ઓડિટની અંદર આપણે કાળજીપૂર્વક જોઇએ છીએ અને એના કારણે એક રેકોર્ડ બન્યો છે કે, અત્યારે માપણી લઇએ B I S A G દ્વારા અને પછી વર્ષ પછીથી એણે કેટલું ખોદ્યું, બહાર ખોદ્યું કે ન ખોદ્યું એ બધી માહિતી આપણને મળી શકે છે એટલે અત્યારે જયારે આખો નકશો બનાવીએ ત્યારે સંપૂર્ણપણે આપણને મળી જાય છે કે અત્યારે બહાર ખોદાણ થયું નથી પછી વર્ષ પછી કે બે વર્ષ પછી જયારે પાછું ઓડિટ થાય તો બહાર નીકળે તો જવાબદારી એની થાય છે, એ પ્રમાણેની આપણે વ્યવસ્થા ગોઠવી છે.

શ્રી આનંદભાઇ ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ એમના જવાબમાં કહ્યું કે, હરાજી કરીને બ્લોક આપવામાં આવે છે તો આદિવાસી વિસ્તારમાં પણ એ જ નીતિ નકકી કરવામાં આવી છે કે કેમ, જે આદિવાસી લીઝ ધારકો હોય છે એ બોલી જે સરકારનો રેઇટ છે કે, ઓક્શનમાં–બોલીમાં બોલી નથી શકતા તો એ લોકોને અન્યાય થાય છે.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી વિસ્તારનું એમનું સૂચન છે કે બ્લોક પાડીને ઓક્શન ન કરવું જોઇએ અને સીધુ આપવું જોઇએ.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, જવાબમાં જણાવ્યું છે કે ખેડા જિલ્લામાં છેલ્લા બે વર્ષથી કોઇપણ લીઝ આપી નથી. અત્યારે નેશનલ હાઇવે નંબર ૮ ની કામગીરી ચાલે છે અને એ ખેડા જિલ્લામાંથી ખૂબ મોટા પ્રમાણમાં પસાર થાય છે અને એમાં ખૂબ જ પ્રમાણમાં રેતી અને માટીનો ઉપયોગ થાય છે, તો ત્યાં આ જે રેતી અને માટીનો ઉપયોગ એમાં અત્યારે થાય છે એ ખેડા જિલ્લાની બહારથી આવે છે અને બહારથી આવતો હોય તો વગર મંજૂરીએ આવે છે કે શું કે પછી બીજા લીઝ ધારકો પાસેથી આવે છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે જૂની લીઝો ચાલે છે એ ઉપરાંત પણ પરમિટ આપીએ છીએ. ૨૦૧૨–૧૩ માં કુલ ૯૨ અને ૨૦૧૩–૧૪ માં ૯૦ પરમિટ આપી છે અને એ પરમિટ આપી છે એ ખેડા જિલ્લામાં ખેડા, મહેમદાવાદ, કઠલાલ, નડિયાદ,માતર, ઠાસરા, કપડવંજ, બાલાસિનોર, વીરપુર એ બધામાં આપી છે. એટલે જૂની જોઇએ એટલી પરમિટ આપી છે અને કયાંય કામ અટકતું નથી અને હાલમાં લીઝ છે ત્યાંથી પણ જોઇએ એટલું મટિરિયલ્સ મળે છે.

સુરત જિલ્લાના કૃષિ વિષયક વીજ જોડાણ ખેડૂતોને વીજ બીલમાં રાહત આપવા

* ૧૦૧૨૯ શ્રી મોહનભાઇ ધ. ઢોડીયા(મહુવા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા સુરત જિલ્લાના કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડૂતોને વીજ બીલમાં કોઈ રાહત આપવામાં આવી છે કે કેમ, અને | (૧) નામદાર ગુજરાત વીજ નિયમન આયોગ દ્વારા મંજુર થયેલ કૃષિ વિષયક વીજદરનો સંપૂર્ણ બોજો ખેડૂતો પર નાખવામાં આવતો નથી. પરંતુ નક્કી કરેલ વીજ દરો કરતા ઘણા ઓછા દરે ખેડૂતોને વીજળી આપવામાં આવે છે અને આ નિર્ણયના અમલીકરણને કારણે મહેસૂલી આવકના નુકસાન માટે વીજ કંપનીઓને સહાયકી આપવામાં આવે છે.<br>આ ઉપરાંત, વીજ ઉત્પાદન માટે વપરાશમાં લેવાતા કોલસો, |

ગેસ, ઓઈલ, નેપ્થા જેવા બળતણમાં થતા ભાવ વધારાના કારણે વીજ કંપનીઓને વધારાના ખર્ચને પહોંચી વળવા માટે વીજ ગ્રાહકો પાસેથી નામદાર ગુજરાત વીજ નિયમન આયોગની ફોર્મ્યુલા મુજબ ફ્યુઅલ સરચાર્જની વસુલાત કરવાની થાય છે. ખેડૂતોના કિસ્સામાં ફ્યુઅલ સરચાર્જ તેમની પાસેથી વસૂલ ન કરવાનો સરકારે નિર્ણય લીધેલ હોઈ, તે અંગેની રકમ પણ સહાયકી તરીકે વીજ કંપનીઓને ચુકવવામાં આવે છે.

આ ઉપરાંત તા. ૧-૧૦-૧૨ના ઠરાવથી રાજ્યમાં ઓછા તથા મોડા થયેલા વરસાદને લીધે ખેડૂતોને થયેલ નુકસાનમાં રાહત આપવા માટે ખેડૂતોને તેમની વીજ વપરાશના બિલમાં એક વર્ષ (૨૦૧૨-૧૩) માટે ૫૦ % રાહત આપેલ હતી.

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા સુરત જિલ્લાના ખેડૂતોને વીજ બીલમાં રાહત માટે કેટલી સબસીડી આપવામાં આવી ?

(૨) છેલ્લા બે નાણાકીય વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા સુરત જીલ્લાનાં તથા રાજ્યના ખેડૂતોને વીજ બીલમાં આપવામાં આવેલ સબસીડીનું પત્રક આ સાથે સામેલ છે.

પત્રક

(રૂ. કરોડમાં)

| અ.નં. | વિગત | ૨૦૧૨-૧૩ | ૨૦૧૩-૧૪ |
|---|---|---|---|
| ૧ | હોર્સ પાવર આધારિત વીજ દરો માટે સહાયકી | ૧૯.૨૭ | ૧૯.૬૪ |
| ૨ | જીઈઆરસી વીજ દરમાં રાહત માટે સહાયકી | ૧૫.૧૧ | ૧૩.૩૯ |
| ૩ | બળતણ ખરીદી તથા વીજળી ખરીદી માટે સહાયકી | ૨૧.૪૩ | ૨૩.૩૬ |
| ૪ | ખેતીવાડી ગ્રાહકોને વીજ બીલમાં ૫૦ % રાહત | ૮.૩૪ | -- |
| | કુલ | ૬૪.૧૫ | ૫૬.૩૯ |
| ૫ | સબસીડીનો લાભ મેળવનાર કૃષિ વિષયક વીજ ગ્રાહકોની સંખ્યા | ૪૩૯૯૯ | ૫૨૯૩૦ |

શ્રી મોહનભાઇ ધ. ઢોડીયા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન ક્રમાંકઃ ૬...

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એક નાનો સુધારો કરવાનો છે કે પત્રકમાં જે માહિતી આપી છે એ સુરત સર્કલની આપી છે અને મારા વિભાગમાં સર્કલમાં આ બે જિલ્લા છે એ સૂરત અને તાપી છે. એટલે મારો સુધારો છે કે પત્રકમાં ૨૦૧૨-૧૩ માં ૧૯.૨૭ ના બદલે ૧૫.૯૮, ૧૫.૧૧ ની સામે ૧૨.૫૩, ૨૧.૪૩ ની સામે ૧૭.૭૭, ૮.૩૪ ની સામે ૬.૯૧ ૬૪.૧૫ ની સામે ૫૩.૧૦ અને ૪૩,૦૦૦ ની સામે ૩૩૬૪૫ અને ૨૦૧૩-૧૪ માં ૧૯.૬૪ ની સામે ૧૫.૧૩, ૧૩.૩૯ ની સામે ૧૦.૩૧, ૨૩.૩૬ ની સામે ૩૮, ૫૬.૩૯ ની સામે ૪૩.૪૪ અને ૫૨,૯૩૦ ની સામે ૩૬,૯૬૬ છે.બાકીનું બધું છાપ્યા પ્રમાણે છે. એટલે આ રીતનો મારો એમાં સુધારો છે.

શ્રી મોહનભાઇ ધ. ઢોડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે તા. ૩૧-૩-૧૪ ની સ્થિતિએ સૂરત જિલ્લામાં છેલ્લા બે નાણાકીય વર્ષમાં ખેડૂતોને વીજળી બિલમાં રાહત માટે કઇ કઇ બાબતો માટે કેટલી સબસિડી આપી છે અને તેની મદદ કેટલા ખેડૂતોને મળી?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર ખેડૂતોને મદદ કરવા માટે કટિબદ્ધ છે અને આપ જોશો તો છેલ્લા ઘણા બધા વર્ષોથી રાજ્ય સરકાર આના માટેની સબસિડી દિવસે દિવસે વધારતી જાય છે. સૂરત જિલ્લાની વાત કરું તો હોર્સ પાવર બેઇઝ ટેરીફમાં ૨૦૧૨-૧૩ માં ૧૫.૯૮ કરોડ અને ૨૦૧૩-૧૪ માં ૧૫.૧૩ કરોડ છે. જી.આર.સી. એ જે ટેરીફ નકકી કરી છે એ પ્રમાણે પૂરેપૂરા ભાવ લેતા નથી એટલે એની સામે ૨૦૧૨-૧૩માં ૧૨.૫૩ કરોડ અને ૨૦૧૩-૧૪ માં ૧૦.૩૧ કરોડ છે. બીજું કે કોલસો અને ગેસના ભાવ વધતા જ જાય છે એના ફ્યુઅલ ચાર્જ તરીકે ખેડૂતો પાસેથી લેવાનું વીજ નિયમન પંચે સૂચન કરેલ છે

અને ઓર્ડર કરેલ છે એ રાજય સરકાર તેમની પાસેથી લેતી નથી. આમ ૨૦૧૨-૧૩ માં ૧૭.૧૭ કરોડ અને ૨૦૧૩ -૧૪ માં ૧૮ કરોડ અને ૨૦૧૨-૧૩ માં ગઇ વખતે અછતની પરિસ્થિતિમાં ૫૦ ટકા રાહત આપી હતી. એમાં ૬.૯૧ કરોડ અને એમ કુલ જોઇએ તો ૨૦૧૨-૧૩ માં ૩૩,૬૪૫ ખેડૂતોને ૫૩.૧૯ કરોડ અને ૨૦૧૩-૧૪ માં ૩૬,૯૬૬ ખેડૂતોને ૪૩.૪૪ કરોડ રૂપિયાની રાહત આપી હતી.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનીય અધ્યક્ષશ્રી, હમણાં જ માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે ખેડૂતોને મદદ કરવા માટે સરકાર કટિબદ્ધ છે. તો મારે જાણવું છે કે ૨૦૧૨-૧૩માં ૫૦ ટકા વીજ બિલમાં ખડૂતોને રાહત આપી હતી. તો આ વર્ષે પણ વરસાદ મોડો પડયો છે અને જયાં આવ્યો છે ત્યાં પણ ઘણો જ ઓછો આવ્યો છે. તો ચાલુ વર્ષે ચોમાસામાં પણ વરસાદ ઓછો અને મોડો આવવાને લીધે આ વર્ષે પણ ખેડૂતોને હાલના વીજ બિલમાં કોઇ રાહત આપવા માગે છે?

શ્રી સૌરભ પટેલ : જરા પોઝીટીવ અને શુભ શુભ બોલો અને વરસાદ તો પડશે.

શ્રી આનંદભાઇ ચૌધરીઃ માનનીય અધ્યક્ષશ્રી, અહીં જે ખેડૂતોના આંકડા દર્શાવ્યા છે તેમાં આદિવાસી કેટલા અને બિન આદિવાસી કેટલા ખેડૂતો છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે એ માહિતી નથી.

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સૂરત વિભાગમાં ઓછા હોર્સ પાવરની મોટરો વપરાય છે. ૫,૧૦,૧૫ કે ૨૦ હોર્સ પાવરની મોટરો વપરાય છે. તો મારે જાણવું છે કે આ વીજ જોડાણ માટે વીજ નિયમન પંચે જાહેર કરેલ વીજ દર મુજબ વાર્ષિક કેટલી રકમ ભરવાની થાય છે. બીજું કે આ ૫,૧૦,૧૫ કે ૨૦ હોર્સ પાવર માટે વાર્ષિક કેટલી રકમ ભરવી પડે છે. આ બન્નેની સ્પષ્ટતા જોઇએ છે.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રેગ્યુલેટરી કમિશને ૭.૫ હોર્સ પાવરમાં ૨૪૦૦ રૂપિયા પર હોર્સ પાવરનો રેટ નકકી કર્યો છે. તેની સામે આ સરકાર માત્ર ૬૬૫ રૂપિયા લે છે, ૧૭૩૫ રૂપિયા સબસિડી આપે છે એવી જ રીતે એબાઉ ૭.૫ હોર્સ પાવરમાં ૮૦૭ લઇએ છીએ અને ૧૫૯૨ આપીએ છીએ. માનનીય સભ્યશ્રીએ જે સવાલ પૂછયો છે તેમાં મારે માહિતી આપવી છે કે પાંચ એચ. પી. નો કોઇ ખેડૂત આજે કનેકશનની માગણી કરે તો રેગ્યુલેટરી કમિશનના ઓર્ડર પ્રમાણે ૧૨૫૦૦ રૂપિયા લેવા પડે, પરંતુ આપણે માત્ર ૩૩૨૫ રૂપિયા લઇએ છીએ અને ૯૧૭૫ રૂપિયાની સબસિડી આપીએ છીએ. અને ૨૦ હોર્સ પાવર જોઇએ તો ૪૮૦૦૦ રૂપિયા લેવા પડે તેની સામે માત્ર ૧૬૧૫૦ રૂપિયા લઇએ છીએ અને ૩૧૮૫૦ રૂપિયાની સબસિડી આપીએ છીએ.

રાજ્યમાં સૌર ઉર્જામાં ખાનગી વીજ ઉત્પાદકોને મંજૂરી આપવા

* ૧૧૫૪૯ શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં સૌર આધારિત કેટલા ખાનગી વીજ ઉત્પાદકોને મંજૂરી આપવામાં આવી છે, | (૧) તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં સૌર આધારિત વીજ ઉત્પાદન માટે ૮૧ ખાનગી વીજ ઉત્પાદકોને ૯૪૮.૫ મેગાવોટ વીજ ઉત્પાદન માટે મંજૂરી આપવામાં આવી છે. |
| (૨) આ પૈકી કુલ કેટલા સૌર ઉર્જા વીજમથકો દ્વારા મથકદીઠ ઉકત સ્થિતિએ કેટલું ઉત્પાદન કરવામાં આવે છે, અને | (૨) આ પૈકી ૭૧ વીજ ઉત્પાદકો દ્વારા ૮૩૩ મેગાવોટનું ઉત્પાદન થયેલ છે. તેની વિગતો *પત્રક-અ મુજબ છે. |
| (૩) આ વીજમથકો પાસેથી સરકાર શું ભાવે વીજળી ખરીદે છે ? | (૩) ગુજરાત વીજ નિયમન પંચ દ્વારા વખતો વખત નિયત થયેલ દરે વીજળી ખરીદવામાં આવે છે. |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી આ ૭૧ ખાનગી વીજ ઉત્પાદકો પાસેથી વીજળી ખરીદીએ છીએ, તો યુનિટ દીઠ શું ભાવ છે? અને આ ખરીદી કરવાના ધારા ધોરણો શું છે? ટેન્ડરથી ખરીદીએ છીએ કે ડાયરેકટ ખરીદીએ છીએ? કારણ કે કોઇ નાનુ કામ હોય, જિલ્લા પંચાયતનું હોય, તાલુકા પંચાયતનું હોય કે ધારાસભ્યની ગ્રાન્ટનું હોય તો ૫૦ હજારનું કામ હોય તો પણ આપણે ટેન્ડરથી ખરીદીએ છીએ, તો

આમાં ટેન્ડરથી ખરીદીએ છીએ કે કેમ અને આપણે ચર્ચા દરમિયાન સાંભળીએ છીએ કે બીજા રાજયની સાથે આપણે સરખામણી કરીએ છીએ, મહારાષ્ટ્ર સાથે કે રાજસ્થાન સાથે કે મધ્યપ્રદેશ સાથે આપણે સરખામણી કરીએ છીએ, તો આપણે જે વીજળી ખરીદીએ છીએ તેમાં અને આ ત્રણેય રાજયોમાં કેટલો ભાવ ફેર છે?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણે ત્યાં વીજળીનો ટેરીફ જે નકકી થાય છે તે રેગ્યુલેટર નકકી કરે છે, અને આ સોલારમાં પણ રેગ્યુલેટરના ટેરીફ પ્રમાણે આપણે આગળ વધ્યા છીએ. ગુજરાતમાં ૨૦–૧–૨૦૧૦ થી ૨૮–૧–૨૦૧૨ સુધીનો જે લેવલાઇઝ ટેરીફ નકકી કર્યો તે ૧૨.૫૪ કર્યો અને પછી ૩૧–૩–૨૦૧૩ ના ૯.૨૮ કર્યો, અને ૨૦૧૩–૧૪ ના ૮.૬૩ કર્યા અને ૨૦૧૪.૧૫ ના ૮.૦૩ કર્યા. એ જ પ્રમાણે જોવા જઇએ તો સભ્યશ્રીએ ચિંતા વ્યકત કરી કે બીજા રાજયોના અને ગુજરાતના ટેરીફ રેટમાં શું ફર્ક છે, તો હું જણાવું કે સી. આર. સી. એટલે કેન્દ્રની કંપનીએ, જયારે યુ.પી.એ. સરકાર હતી ત્યારે ૨૦૧૨–૧૩માં આપણે ૧૨.૫૪ કર્યા તેની સામે સી.આર.સી.એ ૧૭.૯૧ કર્યા, અને એમણે કયારે કર્યા આપણે ૨૮–૧–૨૦૧૨ એ કર્યા જયારે એમણે આપણે જાહેર કર્યા પછી જાહેર કર્યા. એટલે આપ વિચાર કરો કે કઇ જાતનો એ લોકોએ ત્યાં નિર્ણય લીધો રેગ્યુલેટરે, બીજું ૨૦૧૦–૧૧ની વાત કરું તો ગુજરાતનો રેટ ૧૨.૫૪, રાજસ્થાનનો ૧૩.૧૯, મહારાષ્ટ્રનો ૧૪.૯૫, કર્ણાટકાનો ૧૪.૫, બિહારનો ૧૪.૯૫ એ પ્રમાણે લેવલાઇઝ ટેરીફ બીજા રાજયોના હતા.

શ્રી રાકેશ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, સૌર ઉર્જાના માધ્યમથી સારામાં સારી વીજળી ઉત્પાદન કરીને ગુજરાત એક સરપ્લસ સ્ટેટ બન્યું છે ત્યારે મારે એ જાણવુ છે કે, સૌર ઉર્જા ઉત્પાદનના કારણે છેલ્લા ત્રણ વર્ષમાં આપણી ઉત્પાદન ક્ષમતામાં શું વધારો થયો? અને દેશની સરખામણીમાં ગુજરાત કેટલું વધુ વીજ ઉત્પાદન કરે છે?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણે ૨૦૧૦–૧૧ની અંદર જે ઉત્પાદન ચાલુ કર્યું ત્યારે ૬ મેગાવોટ ઉત્પાદન કર્યું હતું,, ૨૦૧૧–૧૨ ની અંદર ૫૯૯, ૨૦૧૨–૧૩માં ૨૪૭, અને ૨૦૧૩–૧૪માં ૩૫ એમ મળીને કુલ ૮૮૭ મેગાવોટ ઉત્પાદન કર્યું અને ઓવરઓલ બીજા રાજયોની સરખામણીમાં જોઇએ તો આંધ્રપ્રદેશે ૧૩૨, છતીસગઢે ૭ મેગાવોટ કર્યું, હરિયાણાએ ૧૦ મેગાવોટ કર્યું, દિલ્હીએ ૫ મેગાવોટ, લક્ષદીપે ૧ મેગાવોટ, ચંદીગઢે ૨ મેગાવોટ, ઝારખંડે ૧૬ મેગાવોટ, કણાર્ટકે ૩૧ મેગાવોટ, મધ્યપ્રદેશે ૩૪૭ મેગાવોટ ઉત્પાદન કર્યું છે.

અધ્યક્ષશ્રી : બસ, બસ, બીજા રાજયોનું નહીં.

શ્રી પરેશ ધાનાણી : ગુજરત ભૌગોલિક દ્રષ્ટિએ સૌર ઉર્જા પ્રાપ્ત કરવા માટે ફીટ સ્ટેટ છે, અને આજે પણ ગુજરાતના ગામડાંમાં જાહેર દીવાબત્તી છે, જાહેર સંસ્થાઓ છે ત્યાં વીજળીના અભાવે કામમાં ઘણી બધી અડચણો ઉભી થાય છે. તો માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આપણી જે ગ્રામ પંચાયતો છે, આપણા દવાખાના છે, શાળાઓ છે, પંચાયત ઘરો છે એની ઉપર સૌર ઉર્જા પેનલો લગાવવા માટે રાજય સરકાર યોજના જાહેર કરે અને પ્રાઇવેટ કંપનીઓ પાસેથી જે દરે વીજળી લઇએ છીએ એ દરે એની પાસેથી વીજળી લઇએ અને રાત્રે એને પાછી વીજળી આપીએ એવી કોઇ યોજના જાહેર કરવા માગે છે કે કેમ?

શ્રી સૌરભ પટેલ : આપણે રૂફ ટોપ પોલિસી ગાંધીનગર અને ચાર મોટા શહેરોમાં જાહેર કરેલી છે. ટેકનિકલી આ વિષય જે સિસ્ટમમાં ફીડ કરવો અને સરપ્લસ પાછો લેવો એ અઘરો છે. જેમ ટેકનોલોજી સુધરતી જશે એમ કરતાં જઇશું ગાંધીનગરમાં પ્રયોગ કરીએ છીએ પ્રાઇવેટ બંગલા ઉપર જોઇએ તેવી સફળતા મળતી નથી. કારણ કે જયારે પણ કોઇ વ્યકિત મૂડી રોકાણ કરે ત્યારે ૧૫ થી ૨૦ વર્ષનો પિરિયડ લે છે. ૨૦ વર્ષ સુધી એને પેમેન્ટ મળતું હોય તો મૂડી રોકાણ કરે. ત્યારે કોઇ ખાનગીવાળા ૨૦ વર્ષ સુધી અગાશી ભાડે આપવા તૈયાર નથી થતાં. ગ્રામ પંચાયતોની વાત કરી એ જગ્યાઓ બહુ નાની હોય એટલે એનો ઇન્સ્ટોલેશન કોસ્ટ બહુ વધી જાય. બીજું નાના પોઇન્ટ બેસીમલની અંદર યુનિટ આવતું હોય તો એ પોઇન્ટ બેસીમલ યુનીટને સિસ્ટમમાં લાવવા માટે ખૂબ તકલીફ પડતી હોય છે અને શરૂઆતમાં મરામત કરવાનું એક સ્થળે હોય તો સહેલું પડે અને જુદા જુદા ગામડામાં કરીએ તો વધારે અઘરું પડે. તેથી

સભ્યશ્રીએ વાત કરી એ આવતા દિવસોમાં અને વર્ષમાં ગુજરાતની અંદર વધે અને નીચે ગામડાંમાં જાય તેવા પ્રયત્ન કરીશું.

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : ખરીદવાના ધારા ધોરણ શું છે, ડાયરેક્ટ ખરીદીએ છીએ કે ટેન્ડર બહાર પડીએ છીએ?

શ્રી સૌરભ પટેલ : સોલર પોલિસી ગુજરાતે ૬ઠ્ઠીજાન્યુઆરી, ૨૦૦૯માં બહાર પડી. એ પછી આખું વાઇડલી પબ્લિસ કર્યું, પછી વાયબ્રન્ટ ગુજરાતમાં બધા ડેવલપર્સ જોડે આપણે એમ.ઓ.યુ. સાઇન કર્યા. એ પછી પણ કોઇ રહી ન જાય એટલે પેપરોમાં જાહેરાત આપી અને વધારે કેપેસિટીની પણ વાત કરી એટલે પોસ્ટ વાયબ્રન્ટ ગુજરાતમાં કુલ ૧૫૧૫૭ મેગાવોટનું જુદી જુદી કંપનીઓએ આપ્યું. એ વખતે ભારતમાં કોઇ જગ્યાએ સોલરનું ઉત્પાદન થતું નહોતું એટલે આપણી પાસે કોઇ સ્યોરિટી નહોતી એટલે રેગ્યુલેટરીએ જે ટેરિફ નક્કી કર્યું એ પ્રમાણે આપણે ક્રાઇટેરિયા નક્કી કર્યો. એટલે એન્યુઅલ ટર્ન ઓવર કેટલું હોવું જોઇએ એ નક્કી કર્યું કે ૪.૮ કરોડ પર મેગાવોટ એટલે કોઇ કંપની પાંચ મેગાવોટની અરજી કરે તો ઓછામાં ઓછું ૨૫ કરોડનું ટર્ન ઓવર હોવું જોઇએ, નેટવર્થ બે કરોડ હોવા જોઇએ, એના ઇન્ટરનલ રીસોર્સીસ જનરેશન ૧.૨ હોવી જોઇએ. પછી એના ટેકનિકલ પેરા મીટર્સ કયાંથી લાવવાના છે, આખું ઇસ્ટોલેશન કયાંથી લાવવાના છે એ જોયું છે એ પછી આપણે એપ્રુવલ કમિટી બનાવી એને બધી અરજીઓની ચકાસણી કરી એ પછી એ લોકોની સાઇઝ પ્રમાણે ટેકનિકલ પેરામીટર પ્રમાણે એલોકેટ કર્યા એ જે રેગ્યુલટરે ભાવ આપ્યા એ એલોકેટ કર્યા. મને આનંદ થાય છે કે આટલું મોટું કામ રાજય સરકારે કર્યું એક પણ ફરિયાદ કોઇ વ્યકિત પાસે કોઇ કંપનીઓ પાસે કે ધારાસભ્યો કે મંત્રીશ્રીઓ પાસે આ વિષયમાં કોઇ ફરિયાદ આવી નથી.

શ્રી વાસણભાઇ ગો. આહિર : અત્યારે ગુજરાત રાજય સૌથી વધુ વીજ ઉત્પાદન કરતું રાજય છે, એમાં સૌથી વધારે સૌર ઉર્જા, ખાણ ખનીજ, કોલસા દ્વારા વધુમાં વધુ વીજ ઉત્પાદન કરતો કયો જિલ્લો છે?

શ્રી સૌરભ પટેલ : પાટણમાં ૩૧૧ છે, સુરેન્દ્રનગરમાં ૧૯૬ છે અને કચ્છની અંદર ૧૩૦ મેગાવોટ છે. એટલે આ ત્રણ જિલ્લા પ્રાયોરિટીમાં સૌથી વધારે સોલરનું ઉત્પાદન કરે છે.

સાબરકાંઠા જિલ્લામાં વીજ બીલના નાણાંની વસૂલાત માટે લોક અદાલતોનું આયોજન

* ૧૦૧૩૩ શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા(હિંમતનગર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વીજ ગ્રાહકો પાસેથી વીજ બીલ પેટે લ્હેણાં નીકળતા નાણાંની વસુલાત માટે વિવાદ નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે લોક અદાલતના આયોજન દ્વારા તા.૩૧–૩–૨૦૧૪ ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા બે નાણાકીય વર્ષમાં કેટલી લોક અદાલતો યોજવામાં આવી,

(૨) ઉકત સ્થિતિએ કેટલા કેસોમાં સમાધાન કરવામાં આવ્યું, અને

(૩) કેટલી વસુલાત કરવામાં આવી ?

જવાબ

(૧), (૨) અને (૩) રાજ્યના વીજ ગ્રાહકો પાસેથી વીજ બીલ પેટે લ્હેણાં નીકળતા નાણાંની વસુલાત માટે વિવાદ નહિં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે તારીખ ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં યોજવામાં આવેલ લોક અદાલતો, સમાધાનના કેસની સંખ્યા અને વસુલવામાં આવેલ રકમની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | યોજવામાં આવેલ લોક અદાલત ની સંખ્યા | નિકાલ કરવામાં આવેલ કેસોની સંખ્યા | નિકાલ કેસોમાં સમાવિષ્ટ રકમ (રૂ.લાખમાં) | સ્થળ ઉપર વસુલાત કરવામાં આવેલ રકમ (રૂ.લાખમાં) | હપ્તાથી વસુલાત કરવાની બાકી રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|---|---|---|
| ૨૦૧૨–૧૩ | ૧૫ | ૧૭૧૪ | ૫.૫૮ | ૪.૯૬ | ૦.૬૨ |
| ૨૦૧૩–૧૪ | ૨૩ | ૨૬૧૮ | ૧૪.૫૩ | ૧૩.૧૨ | ૧.૪૧ |

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા: લોક અદાલતો કઇ કઇ જગ્યાએ અને કયારે કયારે યોજવામાં આવી છે?

શ્રી સૌરભ પટેલ : આ લોક અદાલત યોજવામાં આવે છે એ પહેલી, ત્રીજી અને પાંચમા શનિવારે મહિનામાં દરેક સીવીલ કોર્ટરૂમમાં કરવામાં આવે છે. આ ઉપરાંત ૨જી ઓકટોબર, ગાંધીજયંતિના દિવસે, ૧૪મી એપ્રિલ, આંબેડકર જયંતિના દિવસે આવા દિવસોમાં છ મેગા લોક અદાલત રાખવામાં આવે છે.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે સાબરકાંઠાના ટ્રાઇબલ વિસ્તારમાં ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા લાઇટબિલ બનાવવા માટેનો કોન્ટ્રાકટ પ્રાઇવેટ કંપનીને આપ્યો હતો. તેના લીધે આદિવાસીના લાઇટબિલો એક વ્યકિત એક ગોળો લગાવતા હોય તો ૯૦,૦૦૦, ૬૦,૦૦૦ અને ૩૦,૦૦૦ જેટલું આવ્યું હતું તો હું પૂછવા માગું છું કે બિલો ખાનગી એન.જી.ઓ.ને આપ્યા હતા એ કોઇ એક જગ્યાએ બેસીને બિલો બનાવતા હતા. ઘરે ઘરે જતા નહોતા. તો આ ૯૦,૦૦૦ રૂપિયા જેટલું બિલ આદિવાસીઓ ભરી શકે તેમ નથી. આ ખરેખર તેમના મીટરો જોઇને તપાસ કરીને આ બિલો આપવા માગો છો કે નહીં?

અધ્યક્ષશ્રી : આમાંથી સવાલ જ નથી આવતો. આમાં તો ફકત બે જ વાત છે કે લોક અદાલત કેટલી કરી? કયાં કયાં કરી? કેટલી આવક થઇ? કેટલા સમાધાન થયા? (અંતરાય) સમાધાન કેટલાના થયા કે કેટલી રકમ આવી એ જ છે.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : હું જાણવા માગું છું કે વીજ અધિનિયમન-૨૦૦૩નો કાયદો આવ્યો તેના કારણે ખેડૂતોને ડિસ્ટ્રીકટ કોર્ટ સુધી આરોપી તરીકે જવું પડે ત્યારે આવો કાયદો આવ્યો ત્યારે તેના જે કેસો ચાલે છે ત્યારે ખેડૂતો દ્વારા બિલની રકમ ભરપાઇ કરવામાં આવે છે અને કોમ્પાઉન્ડ ચાર્જ પણ ભરપાઇ કરવામાં આવે છે. ત્યારે આવા કેસોમાં કોર્ટનો સેશન્સ ટ્રાયલનો સમગ્ર કેસ ચાલતો હોય છે અને ઠરાવ પાસ થાય ત્યારે જ જજમેન્ટ આવતું હોય છે. તો આવા કેસોમાં લોક અદાલતના માધ્યમથી સરકાર સમાધાનકારી વલણ કરવા માગે છે કે કેમ?

શ્રી સૌરભ પટેલ : એક તો રેગ્યુલેટરી કમિશને જે ફોરમ બનાવ્યું છે એ ફોરમમાં આપ જાવ તો ચોક્કસપણે આ બધા વિષયો નીકળી શકે. પણ બેઝીકલી આની અંદર જે વિષયો લઇએ છીએ એ ડી.પી.સી. અને ઇન્ટરેસ્ટ જે વેવ કરીએ એવા મોટા ભાગના આ મુદ્દા અદાલતમાં આવતા હોય છે. એ બે પાર્ટીઓની વચ્ચે સમાધાન હોય છે. કોર્ટની હાજરીમાં બે પાર્ટીઓની વચ્ચે આપણે સમાધાન કરીએ છીએ અને તેમાં બધાં જ કેસો આપણે પ્રેકટીકલી લઇ શકતા હોઇએ છીએ.

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, આમાં જે ખાનગી કંપની બિલો આપે છે. અદાલતમાં જવાનું કારણ એ કે ખોટા બિલો આપે છે એટલા માટે અદાલતમાં જવું પડે છે. આમાં સુધારો એટલા માટે કે અદાલતમાં જવાનું કારણ માત્રને માત્ર ખોટા બિલો આવે છે. આને સંલગ્ન જ પ્રશ્ન છે એટલા માટે પૂછ્યું છે.

શ્રી સૌરભ પટેલ : આપની પાસે માહિતી હોય તો મને આપજો. આની નંદર નહીં આવે, હું આપને મદદ કરીશ ચોક્કસ. આપ મને વિગત આપજો.

શ્રી પરેશ ધાનાણી : આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૪,૩૩૨ જેટલા કેસોનો નિકાલ કરવામાં આવ્યો. મારે આપના મારફત પૂછવું છે કે સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ગુજરાત વીજ અધિનિયમ સુધારો-૨૦૦૩ની કલમ-૧૨૬ નીચે અને કલમ-૧૩૫ નીચે કુલ કેટલા કેસ દર્જ કરવામાં આવ્યા હતા જે પૈકી આ ૪,૩૩૨ કેસ લોક અદાલતમાં આવ્યા છે. આપણે જે ૧૨૬ અને ૧૩૫ નીચે જે કેસ દર્જ કર્યા એ કુલ કેટલા કેસ હતા? એ કેસ અંતર્ગત કુલ કેટલી રકમની આકારણી કરવામાં આવી હતી? કેટલી રકમ વસૂલ કરી અને કેટલી રકમ વસૂલ કરવાની બાકી છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ બધી માહિતી મારી પાસે નથી.. (અંતરાય)

અધ્યક્ષશ્રી : પહેલાં તો એ કે આમાંથી આ પ્રશ્ન ઉભો જ ન થાય. લોક અદાલતમાં કેટલા કેસ આવે તેના માટેનું હોય, કેસ તો ચાર-ચાર, પાંચ-પાંચ વર્ષના હોય. એક વર્ષમાં જ થાય એવું ન હોય. (અંતરાય) આ બે વર્ષમાં સમાધાન કેટલા થયા લોક અદાલતમાં તેના છે. એમણે લખ્યું છે કે લોક અદાલતમાં આટલા કેસ આવ્યા, આટલા કેસોનો નિકાલ થયો, આટલી રકમ આવી બધું છે. લોક અદાલતમાં બધા ના આવે,

જેમણે આવવું હોય એ આવે લોક અદાલતમાં.

શ્રી પરેશ ધાનાણી : માનીનય અધ્યક્ષશ્રી, પદ્ધતિના સરળીકરણ માટે માનનીય મંત્રીશ્રીને મારો સીધો સવાલ છે, નિયમ–૧૨૬ નીચે વીજળીનો વાયર તડકાના હિસાબે ક્રેક થઇ ગયો હોય તો પાંચ હજારનું બિલ ફટકારે એટલે ગ્રાહક સેટીસ્ફાઇડ ન થાય કે મારે શું કામ ભરવાના એટલે પૈસા ન ભરે અને વિવાદનું મૂળ ત્યાંથી પેદા થાય છે અને આના કારણે મારે સ્પષ્ટ માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં ૧૨૬ની કલમ નીચે જે રીવ્યુએબલ છે કે કેટલા કેસ થયા, ૧૩૫ નીચે કે જે ચોરીની કલમ છે એમાં કેટલા કેસ થયા, કેટલી આકારણી કરી, કેટલી વસુલાત થઇ અને કેટલી બાકી છે?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બહુ સ્પેસિફિક આન્સર છે કે લોક અદાલતનો પ્રશ્ન લોક અદાલત વિશે છે તો પણ સભ્યશ્રીને માહિતી જોઇતી હશે કે કેટલા સીવીલ સ્યુટ ફાઇલ કર્યા તો ટેબલ ઉપર માહિતી આપી દઇશ.

ભાવનગર જિલ્લામાં વીજ બીલના નાણાની વસુલાત માટે લોક અદાલતોનું આયોજન

* ૧૦૧૩૨ શ્રી કેશુભાઇ હી. નાકરાણી(ગારીયાધાર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વીજ ગ્રાહકો પાસેથી વીજ બીલ પેટે લ્હેણાં નીકળતા નાણાંની વસુલાત માટે વિવાદ નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે લોક અદાલતના આયોજન દ્વારા તા.૩૧–૩–૧૪ ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં છેલ્લા બે નાણાકીય વર્ષમાં કેટલી લોક અદાલતો યોજવામાં આવી,

(૨) ઉકત સ્થિતિએ કેટલા કેસોમાં સમાધાન કરવામાં આવ્યું, અને

(૩) કેટલી વસુલાત કરવામાં આવી ?

જવાબ

(૧), (૨) અને (૩) રાજ્યના વીજ ગ્રાહકો પાસેથી વીજ બીલ પેટે લ્હેણાં નીકળતા નાણાંની વસુલાત માટે વિવાદ નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે તારીખ ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં યોજવામાં આવેલ લોક અદાલતો, સમાધાનના કેસોની સંખ્યા અને વસુલવામાં આવેલ રકમની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | યોજવામાં આવેલ લોક અદાલતની સંખ્યા | નિકાલ કરવામાં આવેલ કેસોની સંખ્યા | નિકાલ કેસોમાં સમાવિષ્ટ રકમ (રૂ.લાખમાં) | સ્થળ ઉપર વસુલાત કરવામાં આવેલ રકમ (રૂ.લાખમાં) | હપ્તાથી વસુલાત કરવાની બાકી રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|---|---|---|
| ૨૦૧૨–૧૩ | ૧૨૫ | ૧૨૩૬ | ૮૪.૧૦ | ૫૩.૮૮ | ૩૦.૨૨ |
| ૨૦૧૩–૧૪ | ૧૧૯ | ૧૭૦૨ | ૧૧૮.૬૦ | ૭૨.૪૪ | ૪૬.૧૬ |

શ્રી કેશુભાઇ હિ. નાકરાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે લોક અદાલતમાં સમાધાન કરવાથી ગ્રાહકોને શું શું ફાયદા થાય છે?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સૌથી વધારે ફાયદો શું થાય છે કોર્ટોમાં ધક્કા ખાવાનું બંધ થઇ જાય છે, S.L.P. કહીએ તો આખું લીગલ પ્રોસીડીંગ ઉભું થાય છે એને તાત્કાલિક એને ઘરમાં કનેકશનનું જોડાણ મળી જાય છે. વકીલોના પૈસા એને ભરવાના નથી હોતા અને આ જે લોંગ પેન્ડીંગ ડીસ્પ્યુટ વર્ષો સુધી ચાલતા હોય એ લોક અદાલતમાં જજની હાજરીમાં કંપની અને ઘરાક બન્ને બેસી નિર્ણય લઇ લેતા હોય છે અને સમાધાન થતું હોય છે.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારનો લોક અદાલતનો અભિગમ એ ગ્રાહકો માટે સ્વર્ગ સમો બન્યો છે ત્યારે મારે મંત્રીશ્રી પાસેથી આપના મારફત એ જાણવું છે કે લોક અદાલતોમાં સમાધાનની ફોર્મ્યુલા કેવી રીતની હોય છે?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી,આની અંદર સમાધાનમાં પ્રિન્સીપલ એમાઉન્ટ એ સંપૂર્ણપણે ભરવી પડતો હોય છે. જે ડી.પી.સી. અને ઇન્ટરેસ્ટ હોય છે પ્રિન્સીપલ એમાઉન્ટનો એની અંદર રેસીડેન્સીયલ કોમર્શીયલ અને એગ્રીકલ્ચર કન્ઝયુમર પર સો ટકા માફી અપાય છે, એલ.ટી. અને એચ.ટી. ઇન્ડસ્ટ્રીયલ કન્ઝયુમરમાં ૭૫ ટકા અને ગવર્નમેન્ટ અને લોકલ બોડીમાં સો ટકા માફી અપાય છે. આની અંદર ઇન્સ્ટોલમેન્ટ પણ આપવામાં આવે છે. ઇન્સ્ટોલમેન્ટની અંદર મેકસીમમ નંબર એક કરોડ ઉપર હોય તો ચાલીસ આપવામાં આવે છે. ૫૦ લાખથી એક કરોડ હોય તો ૩૦ આપવામાં આવે છે. ૨૫ થી ૫૦ લાખ હોય તો ૨૦ આપવામાં આવે છે અને બીલો ૨૫ લાખમાં ૧૨ આપવામાં આવે છે. આના કારણે વીજળીના

કનેકશન એ લોકોને તાત્કાલિક જોઇતા હોય તો ૫૦ ટકા પેમેન્ટ કરી પોસ્ટ ડેટેડ ચેક આપવાથી આ બધું ચાલુ થાય છે,

ડો. ઠાકરશીભાઇ દે. માણીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે લોક અદાલતમાં કયા કયા પ્રકારના વીજ ગ્રાહકોને કઇ કઇ બાબતો માટે કેટલી માફી આપવામાં આવે છે અને વીજ કંપનીના અધિકારીઓને લોક અદાલતમાં સમાધાન માટે કેટલી રકમ સુધીના દાવાઓના સમાધાન માટેની સત્તા આપવામાં આવેલી છે?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે પહેલો સવાલ હતો એ મેં જે કીધો એક કરોડનો એનો હમણા જ જવાબ આપ્યો અને જે ડેલીગેશન પાવર્સ કરીએ છીએ એમાં ડેપ્યુટી એન્જીનીયરને ૫ લાખ રૂપિયા સુધીની, એકઝીકયુટીવ એન્જીનીયર જોઇન્ટલી વીથ એકાઉન્ટસ ઓફિસર ૧૦ લાખ સુધીની, સુપ્રિન્ટેન્ડીંગ એન્જિનિયર જોઇન્ટલી વીથ ડેપ્યુટી સીઇઓ ૨૫ લાખ સુધી, એડીશનલ ચીફ એન્જિનિયર, ચીફ એન્જિનિયર વાઇસ પ્રેસિડેન્ટને ૫૦ લાખ રૂપિયા સુધી, મેનેજીંગ ડિરેકટર, ડિરેકટર ઇન ચાર્જ ઓફ કંપનીને એક કરોડ રૂપિયા સુધી અને બોર્ડ ઓફ ડાયરેકટર હોય c o mmi t t e d હોય એને કુલ પાવર આપવામાં આવે છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે જવાબમાં જણાવ્યા મુજબ ૨૦૧૨-૧૩માં નિકાલ કરવામાં આવેલ કેસોની સંખ્યા ૧૨૩૬ છે અને ૨૦૧૩-૧૪માં ૧૭૦૨ છે. તો આ બે વર્ષના જે કેસો છે એમાં કલમ-૧૨૬ નીચેના બન્ને વર્ષના કેટલા કેસો છે અને ૧૩૫ની કલમ નીચેના કેટલા કેસો બન્ને વર્ષના છે?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આવી છૂટી માહિતી મારી પાસે નથી કે કયા કયા વર્ષમાં કેટલા કેસો છે, દરેક ટાઇપના કેસો આની અંદર આવતા હોય છે.

અધ્યક્ષશ્રી : લોક અદાલતમાં ગુનામાં પકડાણા હોય એ જ આવે એવું નહીં ,

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, આમાં કેસોની માહિતી આપી છે ૧૨૩૬ કેસોનો વર્ષ ૨૦૧૨-૧૩માં નિકાલ કરવામાં આવ્યો છે.તો એમાં કલમ ૧૨૬ નીચે કેટલા અને કલમ ૧૩૫ નીચે કેટલા છે?

અધ્યક્ષશ્રી : માહિતી ન હોય તો ટેબલ ઉપર મૂકજો.

### અમદાવાદ જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજનામાં મંજૂર કરેલ આવાસ

* ૧૦૧૬૭ શ્રી હસમુખભાઇ સો. પટેલ(અમરાઇવાડી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૩-૧૪માં અમદાવાદ જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ કેટલા આવાસ મંજૂર કરવામાં આવ્યા, | (૧) વર્ષ ૨૦૧૩-૧૪માં અમદાવાદ જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ ૭૦૫૨ આવાસ મંજૂર કરવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી મહિલાઓના નામે કેટલા આવાસો મંજૂર કરવામાં આવ્યા, અને | (૨) તે પૈકી મહિલાઓના નામે ૬૮૫૨ આવાસો મંજૂર કરવામાં આવેલ છે. |
| (૩) પતિ-પત્નિના સંયુક્ત નામે કેટલા આવાસો મંજૂર કરવામાં આવ્યા? | (૩) પતિ-પત્નીના સંયુક્ત નામે ૨૦૦ આવાસ મંજૂર કરવામાં આવેલ છે. |

શ્રી હસમુખભાઇ સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે અમદાવાદ જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫માં ઈન્દિરા આવાસ યોજનાનો તાલુકાવાર નાણાકીય અને ભૌતિક લક્ષ્યાંક શું છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : ૨૦૧૪-૧૫નો કુલ ભૌતિક લક્ષ્યાંક ૨૦૦૦ છે. બરવાળા તાલુકાના ૮૨, બાવળાના ૧૦૫, દશક્રોઇના ૨૫૭, દેત્રોજના ૨૪૦, ધંધુકાના ૨૧૮, ધોળકાના ૨૨૫, માંડલના ૧૧૦, રાણપુરના ૨૪૫, સાણંદના ૨૫૨ અને વિરમગામના ૨૬૬ આ મુજબનો લક્ષ્યાંક છે.

શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ : હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ઇન્દિરા આવાસ યોજનામાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારનો હિસ્સો શું હોય છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : આમાં રાજ્ય સરકારના ૨૫ ટકા હોય છે અને કેન્દ્ર સરકારના ૭૫ ટકા હોય છે.

શ્રી ભુષણ અ. ભટ્ટ : માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ઇન્દિરા આવાસ યોજનામાં બીજા અને ત્રીજા હપતાની ચૂકવણીની પદ્ધતિ શું છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : આ યોજનામાં ૭૦ હજાર રૂપિયા લાભાર્થીને ચૂકવવામાં આવે છે. પહેલો હપતો ૧૭,૫૦૦ રૂપિયાનો, બીજો હપતો ૪૨ હજારનો અને જ્યારે મકાન શૌચાલય સાથેનું તૈયાર થાય અને કમ્પ્લીશન સર્ટિફિકેટ મળે એટલે ૧૦,૫૦૦ રૂપિયા ત્રીજા હપતાના ચૂકવવામાં આવે છે.

ડો. અનિલ જોષીયારા : માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે કેન્દ્ર સરકારના ૭૫ ટકા અને રાજ્ય સરકારના ૨૫ ટકા ફાળો હોય છે. છેલ્લા ઘણા સમયથી તા. ૧–૩–૨૦૧૦થી આ ૨૫ ટકા હપતો આપવાનું રાજ્ય સરકારે બંધ કરેલ છે. આના કારણે મકાનની કિંમત છે એ પ્રમાણે પૈસા મળતા નથી તો રાજ્ય સરકાર ૨૫ ટકા પૈસા ચાલુ કરવા માગે છે કે કેમ?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : રાજ્ય સરકાર ૭૦ હજારની અંદર ૨૫ ટકા રકમનો હિસ્સો ચૂકવે છે. આજે પણ ચૂકવે છે.

શ્રી હસમુખભાઇ સો. પટેલ : ભૌતિક લક્ષ્યાંકની સાથે મેં નાણાકીય લક્ષ્યાંક પણ જાણવા માગ્યો હતો.

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : ૨૦૦૦નો ભૌતિક લક્ષ્યાંક છે અને ૧૪ કરોડનો નાણાકીય લક્ષ્યાંક છે.

શ્રી શૈલેષ મ. પરમાર : જે રીતે ઇન્દિરા આવાસમાં ૭૫:૨૫ નો રેશિયો છે અને ૭૦૫૨ મકાનો છે તો ૭૫ ટકાના રેશિયા મુજબ કેન્દ્ર સરકારની કેટલી રકમ આવી અને રાજ્ય સરકારના ૨૫ ટકા લેખે ૭૦૫૨ મકાનોમાં કેટલી રકમ ફાળવી?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : ૭૦૫૨ માં ૭૦ હજાર લેખે એક મકાનના ચૂકવવામાં આવે છે. ૨૫ ટકા રાજ્ય સરકારનો હિસ્સો છે અને ભારત સરકારનો ૭૫ ટકા હિસ્સો છે.

અધ્યક્ષશ્રી : જેટલા મકાનો થયાં એમાં ૭૫ : ૨૫ નો રેશિયો છે.

શ્રી શૈલેષ મ. પરમાર : મારો સ્પેસિફિક સવાલ છે. માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ૭૦૫૨ મકાનો બાંધવામાં આવશે. મારો ચોખ્ખો સવાલ છે કે ૭૫ ટકા લેખે ૭૦૫૨ મકાનોના કેન્દ્ર સરકારે કેટલી રકમ ફાળવી અને રાજ્ય સરકારના ૨૫ ટકા લેખે કેટલી રકમ ફાળવી?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : આમાં ભારત સરકારના ૪૨,૫૦૦ કરોડ અને રાજ્ય સરકારના ૧૭,૫૦૦ કરોડ રૂપિયા છે.

શ્રી રાકેશ જ. શાહ : માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ૨૦૧૩–૧૪માં મંજૂર થયેલ આવાસો પૈકી ૦ થી ૧૬ના લાભાર્થીઓ કેટલા છે અને ૧૭ થી ૨૦ના કેટલા લાભાર્થીઓ છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : ૭૦૫૨ મકાનો મંજૂર કરવામાં આવ્યા એમાં ૦ થી ૧૬ના ૩૨૬૬ મકાનો અને ૧૭ થી ૪૦ના ૩૪૮૬ મકાનો છે.

## પાટણ જિલ્લામાં તત્કાલ વીજ જોડાણ માટેની અરજીઓ

* ૧૦૫૫૦ શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં કેટલા ખેડૂતો દ્વારા તત્કાલ વીજ જોડાણ માટેની અરજીઓ આવી, | (૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તત્કાલ વીજ જોડાણ મેળવવા માટે પાટણ જિલ્લામાં ૩૨૮ અરજીઓ આવી હતી. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ અરજીઓ પૈકી કેટલા ખેડૂતોને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને | (૨) ઉક્ત સ્થિતિએ મળેલ અરજીઓ પૈકી ૧૨૯ કૃષિ વીજ જોડાણ આપવામાં આવ્યા છે. |

| | |
|---|---|
| (૩) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ કેટલા જોડાણો આપવાના બાકી છે, કયા કારણોસર? | (૩) બાકી ૧૯૯ અરજીઓ પૈકી ૧૧ અરજીઓ રદ થયેલ છે. ૧૮૮ અરજદારોને વીજ જોડાણ આપવાના બાકી છે જે પૈકીઃ<br>૭૩ અરજીઓમાં અરજદાર તરફથી ટેસ્ટ રીપોર્ટ અને ટ્રાયલ રન સર્ટીફીકેટ રજુ થયે વીજ જોડાણ આપવામાં આવશે.<br>૨૫ અરજીઓમાં અરજદારોએ નાણાં ભરપાઈ કરેલ છે. તેમને વીજ જોડાણ આપવાની કામગીરી પ્રગતિમાં છે.<br>૫ અરજદારો દ્વારા નાણાં ભરપાઈ થવાના બાકી છે જે ભરપાઈ થયેથી વીજ જોડાણ આપવાની કામગીરી હાથ ધરવામાં આવશે.<br>૩૭ અરજદારોને બોર કૂવો બનાવવા સમય મર્યાદા વધારી આપવામાં આવેલ છે.<br>૪૮ અરજદારોની અરજીઓ ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપનીમાં સુક્ષ્મ પિયત પધ્ધતિની કામગીરી અર્થે પડતર છે. |

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને આપના દ્વારા પૂછવા માગુ છું સાહેબ, આ વીજ જોડાણનો જે પ્રશ્ન છે. સરકારે ચૂંટણી પહેલા એક મોટી જાહેરાત કરીને એમ કીધેલું કે, ડાર્કઝોન અમે ઉઠાવી લઇએ છીએ અને બાકીના લોકોને અમે વીજળી આપવાના છીએ. એ વાતને પણ દોઢ-બે વર્ષ થયા છે. મારા પ્રશ્નમાં સ્પષ્ટ પૂછ્યું હતું આની અંદર જે જવાબમાં આવ્યો છે કે ૧૯૯ જણાને આજે પણ વીજ જોડાણ આપવાના બાકી છે. મારે ખાસ કરીને એ પૂછવું છે કે જે આપે પાંચ કારણ બતાવ્યાં છે કે એ પાંચેય કારણમાં માનનીય મંત્રીશ્રી એ ખાતરી આપવા માગે છે કે પાંચયે કારણો પૂરા થઇ જાય તો ૧૯૯ જણાને ૧૦૦% વીજળી મળી જશે? એક વાત. બીજી વાત એ છે કે, આમાં એમ લખ્યું છે કે, અરજદારશ્રીએ બોરની સમય મર્યાદા વધારવા ઘણા બધા ખેડૂતો એવા હોય છે કે જેણે બોર બનાવી દીધો હોય પણ એમને ખ્યાલ આવતો નથી એટલે એણે તમારી સમય મર્યાદા પડી રહી એવા સંજોગોની અંદર પણ આજે ઉત્તર ગુજરાતમાં ૫૦૦ અરજીઓ પેન્ડીંગ છે જેના કારણે આજે લોકોને કનેકશન મળતા નથી. ત્રીજું, ૨૫ જણાએ નાણા ભર્યા છે, નાણા ભરવાની પ્રક્રિયા પણ બહુ મોટી હોય છે. એકવાર ભરી દીધું હોયતો ત્રણ મહિના, છ છ મહિના સુધી કોઇને કોઇ કારણોવસાત આવતા નથી તો આમાં ઝડપી કનેકશન આપવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે સભ્યશ્રીને થોડી વિગતોની કહેતા હોય તો માહિતી આપું સાહેબ? (અંતરાય)

અધ્યક્ષશ્રી : નહિ. સમય નથી.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આંકડા આપી દઉં સમય ઓછો છે? માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯ અરજીઓ પડી છે એમાં ૧૧ અરજીઓ તો કેન્સલ કરી છે એટલે ૧૮૮ રહી. ૧૮૮માં ૭૩ જગ્યાએ કામ પૂર્ણ થયું છે પણ ટેસ્ટ રિપોર્ટ આપ્યો નથી. ટેસ્ટ રિપોર્ટ મળશે એટલે ૭૩ ના કામ આપણે ચાલુ કરીશું. (અંતરાય) હું કહું છું આ જે કામો છે એ નિયમ પ્રમાણે થશે તો અમે ચોક્કસપણે આપીશું. (અંતરાય) અરે, ભાઇ ટેસ્ટ રિપોર્ટ ના આપે તો કેવી રીતે આપવું? (અંતરાય) હા, તો ટેસ્ટ રિપોર્ટ આપશે એટલે આપી દઇશું. આટલું જ મારે કહેવું છે સાહેબ. આ બધું તો પણ અમે આઉટ ઓફ વે જઇને બોર ન હતા દા.ત. હું આપને આખી પધ્ધતિ સમજાવું તા. ૨૨-૧૦-૨૦૦૪ની અંદર આ તત્કાલ સ્કીમ લોંચ થઇ, અમે તા.૨૫-૧૦-૨૦૧૩ થી પેપરની અંદર જાહેરખબર આપી (અંતરાય)

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, નાણાં ભર્યા છે, ૬ – ૬ મહિનાથી (અંતરાય)

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નાણાં ભરાશે એટલે એનું કામ ચાલુ કર્યુ છે અને નિયમોમાં

રહીને કરીશું. આજે રાજય સરકાર અને કંપની નીતિઓ બનાવે છે અને આ નીતિ બનાવીને એ પ્રમાણે કામ કરે છે. એ નીતિ પ્રમાણે જે કામ થશે એ પ્રમાણે અમે આપીશું.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ વીજ કનેકશનની અંદર ગામડાની પરિસ્થિતિ એવી છે કે એક સરવે નંબર હોય, એ સરવે નંબરની અંદર બે ભાઇઓના નામ હોય, એક ભાઇએ કનેકશન થઇ લીધું હોય અને હવે જ્યારે બીજા ભાઇને કનેકશન જોતું હોય તો એ સરવેની અંદર બીજા ભાઇ કનેકશન માગે તો આપવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ : સાહેબ, તત્કાલમાં નહિ આવે.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે, અગાઉ વર્તુળ કચેરીઓ મારફત ધારાસભ્ય પરામર્શ સમિતિમાં જઇ નાના નાના પ્રશ્નો હલ કરવામાં ખૂબ તકલીફ પડે છે તો પરામર્શ સમિતિ સરકાર વર્તુળવાર ધારાસભ્યનો અને એમ.પી.ની પરામર્શ સમિતિ કરવા માગે છે કે નહિ?

૧૦૧૭૯ શ્રી વલ્લભભાઇ વ. વઘાસીયા(સાવરકુંડલા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) અમરેલી જિલ્લામાં તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ મનરેગા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા કુટુંબોને રોજગારી આપવામાં આવેલ છે,

(૧) તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મનરેગા યોજનામાં તાલુકાવાર અને વર્ષવાર રોજગારી પુરી પાડેલ કુટુંબોની વિગત નીચે મુજબ છે.

| વર્ષ : ૨૦૧૨-૧૩ | વર્ષ : ૨૦૧૩-૧૪ | કુલ |
|---|---|---|
| રોજગારી આપેલ કુટુંબોની સંખ્યા | રોજગારી આપેલ કુટુંબોની સંખ્યા | |
| ૧૫૦૯૩ | ૧૪૮૭૮ | ૨૯૯૭૧ |

(૨) તે પૈકી તાલુકાવાર કેટલા કુટુંબોને રોજગારી આપવામાં આવેલ છે,

(૨) તાલુકાવાર અને વર્ષવાર રોજગારી પૂરી પાડેલ કુટુંબોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ : ૨૦૧૨-૧૩ ઉત્પન્ન થયેલ માનવદિન | વર્ષ : ૨૦૧૨-૧૪ ઉત્પન્ન થયેલ માનવદિન |
|---|---|---|---|
| ૧ | અમરેલી | ૧૧૧૩ | ૮૭૬ |
| ૨ | બાબરા | ૧૯૩૨ | ૧૨૭૫ |
| ૩ | બગસરા | ૧૦૭૫ | ૧૦૯૦ |
| ૪ | ધારી | ૨૬૪ | ૩૬૩ |
| ૫ | જાફરાબાદ | ૫૦૧ | ૩૪૯૨ |
| ૬ | ખાંભા | ૯૨૬ | ૧૧૭૭ |
| ૭ | કુકાવાવ | ૨૩૦૨ | ૯૮૮ |
| ૮ | લીલીયા | ૨૬૧૫ | ૧૧૫૯ |

| | | | |
|---|---|---|---|
| ૯ | લાઠી | ૧૪૦૧ | ૬૪૫ |
| ૧૦ | રાજુલા | ૧૫૮૨ | ૧૭૨૨ |
| ૧૧ | સાવરકુંડલા | ૧૩૮૨ | ૨૦૯૧ |
| | કુલ | ૧૫૦૯૩ | ૧૪૮૭૮ |

(૩) તે પૈકી તાલુકાવાર કેટલા માનવદિન ઉત્પન્ન થયેલ છે?

(૩) તાલુકાવાર અને વર્ષવાર ઉત્પન્ન થયેલ માનવદિનની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ : ૨૦૧૨–૧૩ ઉત્પન્નથયેલ માનવદિન | વર્ષ : ૨૦૧૨–૧૩ ઉત્પન્ન થયેલ માનવદિન |
|---|---|---|---|
| ૧ | અમરેલી | ૩૨૩૬૧ | ૨૭૨૭૮ |
| ૨ | બાબરા | ૭૩૭૯૦ | ૩૯૫૧૧ |
| ૩ | બગસરા | ૪૭૨૧૬ | ૫૩૮૦૫ |
| ૪ | ધારી | ૧૦૭૨૧ | ૯૩૩૩ |
| ૫ | જાફરાબાદ | ૧૩૭૯૪ | ૧૨૯૪૫૯ |
| ૬ | ખાંભા | ૪૩૫૫૧ | ૪૨૪૫૩ |
| ૭ | કુકાવાવ | ૯૫૩૯૫ | ૨૮૨૪૨ |
| ૮ | લીલીયા | ૯૬૮૮૮ | ૨૭૬૭૪ |
| ૯ | લાઠી | ૬૨૩૫૭ | ૨૪૮૮૧ |
| ૧૦ | રાજુલા | ૮૧૦૩૭ | ૭૧૦૫૧ |
| ૧૧ | સાવરકુંડલા | ૬૬૨૫૦ | ૯૦૫૩૩ |
| | કુલ | ૬૨૩૩૬૦ | ૫૪૪૨૨૦ |

---------

## અમદાવાદ જિલ્લામાં કાર્યરત સબ–સ્ટેશનો

૧૦૧૨૩ શ્રી લાલજીભાઇ ચ. કોળીપટેલ(ધંધુકા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ કુલ કેટલા સબ સ્ટેશનો કાર્યરત છે, | (૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ કુલ ૫૬ સબસ્ટેશનો કાર્યરત છે. |
| (૨) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં છેલ્લા બે નાણાકીય વર્ષમાં કેટલા નવા સબ સ્ટેશનો કાર્યન્વિત કરવાનું આયોજન હતું, | (૨) તા.૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં છેલ્લા બે નાણાંકીય વર્ષ દરમ્યાન કુલ ૧૧ નવા સબસ્ટેશનો કાર્યાન્વિત કરવાનું આયોજન હતું. |
| (૩) તે પૈકી કેટલા નવા સબ–સ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને | (૩) તમામે તમામ આયોજીત ૧૧ નવા સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને |
| (૪) તે માટે કેટલો ખર્ચ થયો? | (૪) કુલ રૂા. ૧૧૧૮૭.૫૧ લાખ ખર્ચ થયેલ છે. |

---------

## સુરત જિલ્લામાં ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન

૧૦૧૧૮ શ્રી પ્રફુલભાઇ છ. પાનશેરીયા (કામરેજ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલા ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૬૬ |
| (૨) આ ભરતી મેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી આપવામાં આવી? | (૨) ૨૮૦૫૩ |

---------

## રાજ્યમાં પેન્શનરોની સંખ્યા

૧૦૧૧૨ શ્રી રણજીતભાઇ મં. ગીલીટવાલા(સુરત–પૂર્વ) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૪ ની સ્થિતિએ રાજ્યમાં | (૧) ૪૦૨૧૫૧ |

પેન્શનરોની સંખ્યા કુલ કેટલી છે,

| | |
|---|---|
| (૨) પેન્શનરોની હયાતીની ખાતરી વર્ષમાં કેટલીવાર કરવાની થાય છે, અને | (૨) એક વાર. |
| (૩) અશક્ત/પથારીવસ પેન્શનરોની હયાતીની ખાતરી માટે સરકાર દ્વારા કોઇ અલગ વ્યવસ્થા કરવામાં આવેલ છે કે કેમ ? | (૩) હા જી. |

---------

અમરેલી જિલ્લામાં સંકલિત જળસ્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમના મંજૂર પ્રોજેક્ટો

૧૦૧૬૪ શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ(લાઠી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં તા.૩૧-૦૩-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ક્યા તાલુકાઓમાં સંકલિત જળસ્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમના કેટલા પ્રોજેક્ટો મંજૂર કરવામાં આવેલ, અને | (૧) અમરેલી જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સંકલિત જળસ્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ અંતર્ગત ધારી તાલુકામાં એક (૧) તથા સાવરકુંડલા તાલુકામાં (૨) એમ કુલ ત્રણ (૩) પ્રોજેક્ટ મંજુર કરવામાં આવેલ. |
| (૨) તે માટે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે? | (૨) તે માટે રૂા. ૩૦.૫૬ લાખ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ. |

---------

વડોદરા જિલ્લામાં ઝુંપડપટ્ટી વિજળીકરણ યોજના અંતર્ગત ઘર વપરાશના વીજ જોડાણો

૧૦૧૨૪ શ્રી જયંતિભાઇ સ. રાઠવા(જેતપુરપાવી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૩-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં ગરીબી રેખા નીચે જીવતા લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે રાજ્ય સરકારની ઝુંપડપટ્ટી વિજળીકરણ યોજના અંતર્ગત વડોદરા જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણો આપવામાં, અને<br>(૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૧) અને (૨) ગરીબી રેખા નીચે જીવતા લોકોને ગૃહ વપરાશના વીજ જોડાણો આપવા માટે રાજ્ય સરકારની ઝુંપડા વીજળીકરણ યોજના અંતર્ગત વડોદરા જિલ્લામાં છેલ્લા બે નાણાકીય વર્ષ દરમિયાન રૂ.૭૨૨.૭૩ લાખના ખર્ચે ૧૩,૮૧૮ લાભાર્થીઓને વીજ જોડાણો આપવામાં આવ્યા છે. |

---------

તાપી જિલ્લામાં રેતી લીઝ ફાળવવા બાબત

૯૯૦૧ શ્રી પુનાભાઇ ઢે. ગામીત(વ્યારા) : માનનીય ખાણ-ખનીજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૪ ની સ્થિતિએ તાપી જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં કેટલા અરજદારોને રેતી લીઝ ફાળવવામાં આવી, | (૧) તા.૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ તાપી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં સોનગઢ, વાલોડ અને ઉચ્છલ તાલુકામાં રેતીની કોઈ લીઝ ફાળવેલ નથી. જ્યારે નિઝર તાલુકામાં બે અને વ્યારા તાલુકામાં બે લીઝ ફાળવેલ છે. |
| (૨) તે અન્વયે રેતી લીઝ ધ્વારા સરકારને કેટલી રકમ વર્ષવાર મળી, અને | (૨) તે અન્વયે સરકારને કોઈ રકમ મળેલ નથી. |
| (૩) તે અન્વયે જે તે વિસ્તારની ગામ પંચાયતને ફાળે કેટલી રેતી લીઝની આવક/ફાળવણી કરવામાં આવી ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

પાટણ જિલ્લામાં ૧૦૦ ચો.વાર ઘરથાળના પ્લોટ માટે મળેલ અરજીઓ

૧૦૧૫૨ શ્રી રણછોડભાઇ મ. દેસાઇ(પાટણ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ જિલ્લામાં તા.૩૧-૦૩-૨૦૧૪ ની | (૧) |

સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર ૧૦૦ ચો.વાર ઘરથાળના પ્લોટ માટે કેટલી અરજીઓ મળી,

| તાલુકો | ૧૦૦ ચો.વા. મળેલ અરજીઓ |
|---|---|
| પાટણ | ૭૬૫ |
| સિધ્ધપુર | ૫૮૨ |
| ચાણસ્મા | ૧૮૮ |
| હારીજ | ૦૦ |
| સમી | ૨૩ |
| રાધનપુર | ૦૦ |
| સાંતલપુર | ૦૦ |
| કુલ | ૧૫૫૮ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે, અને

(૨) ૨૩

(૩) પડતર અરજીઓનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

(૩) લેન્ડ કમીટી મળેથી.

---------

સાબરકાંઠા જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણો

૮૮૫૨ શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૫-૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કૃષિ વિષયક વિજ જોડાણો અન્વયે વિજ એસ્ટીમેન્ટની રકમ ભરાયેલ હોય તેમને હજુ સુધી વિજ કનેકશનો નહીં આપવાના કારણો શા છે, અને

(૨) કેટલા સમયમાં આવા વિજ જોડાણો અપાશે ?

જવાબ

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ તાલુકાવાર કૃષિ વીજ જોડાણો માટે અંદાજપત્રની રકમ ભરાયેલ અરજીઓ પડતર છે જેના કારણો નીચે મુજબ છે.

- વીજ કંપનીનો સ્ટાફ લોકસભાની ચૂંટણીમાં ફરજ પર હોવાને કારણે વીજ જોડાણની કામગીરીમાં વિલંબ થવા પામેલ છે.
- નાણાં ભરપાઈ થયેલ અરજદારોની કામગીરી પૂર્ણ થયેલ પરંતુ અરજદારોએ ટેસ્ટ રીપોર્ટ તથા ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની લી., તરફથી ટ્રાયલ રન સર્ટીફીકેટ રજુ કરવામાં આવેલ ન હોય.
- લાઈન ઉભી કરવાની કામગીરી દરમિયાન પડોશી ખેડૂત દ્વારા વાંધા અરજી કરવામાં આવેલ જે કલેકટરશ્રીના નિર્ણય અર્થે પડતર છે.

(૨) શક્ય તેટલી ઝડપથી વીજ જોડાણ આપવાનું આયોજન છે.

---------

બનાસકાંઠા જિલ્લાના કૃષિ વિષયક વીજ જોડાણ ખેડૂતોને વીજ બીલમાં રાહત આપવા

૧૦૧૨૮ શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિઓદર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૩-૨૦૧૪ ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા બનાસકાંઠા જિલ્લાના કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડૂતોને વીજ બીલમાં કોઈ રાહત આપવામાં આવી છે કે કેમ, અને

જવાબ

(૧) નામદાર ગુજરાત વીજ નિયમન આયોગ દ્વારા મંજૂર થયેલ કૃષિ વિષયક વીજદરનો સંપૂર્ણ બોજો ખેડૂતો પર નાખવામાં આવતો નથી, પરંતુ નક્કી કરેલ વીજ દરો કરતા ઘણા ઓછા દરે ખેડૂતોને વીજળી આપવામાં આવે છે અને આ નિર્ણયના અમલીકરણને કારણે મહેસૂલી આવકના નુકશાન માટે વીજ કંપનીઓને સહાયકી આપવામાં આવે છે.

આ ઉપરાંત, વીજ ઉત્પાદન માટે વપરાશમાં લેવાતા કોલસો, ગેસ, ઓઈલ, નેપ્થા જેવા બળતણમાં થતાં

ભાવ વધારાના કારણે વીજ કંપનીઓને થતા વધારાના ખર્ચને પહોંચી વળવા માટે વીજ ગ્રાહકો પાસેથી નામદાર ગુજરાત વીજ નિયમન આયોગની ફોર્મ્યુલા મુજબ ફયુઅલ સરચાર્જની વસુલાત કરવાની થાય છે. ખેડૂતોના કિસ્સામાં ફયુઅલ સરચાર્જ તેમની પાસેથી વસુલ ન કરવાનો સરકારે નિર્ણય લીધેલ હોઈ, તે અંગેની રકમ પણ સહાયકી તરીકે વીજ કંપનીઓને ચૂકવવામાં આવે છે.

આ ઉપરાંત તા.૧-૧૦-૧૨ ના ઠરાવથી રાજ્યમાં ઓછા તથા મોડા થયેલા વરસાદને લીધે ખેડૂતોને થયેલ નુકશાનમાં રાહત આપવા માટે ખેડૂતોને તેમના વીજ વપરાશના બીલમાં એક વર્ષ (૨૦૧૨-૧૩) માટે ૫૦% રાહત આપેલ હતી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા બનાસકાંઠા જિલ્લાના ખેડૂતોને વીજ બીલમાં રાહત માટે કેટલી સબસીડી આપવામાં આવી ?

(૨) છેલ્લા બે નાણાંકીય વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા બનાસકાંઠા જિલ્લાના તથા રાજ્યના ખેડૂતોને વીજ બીલમાં આપવામાં આવેલ સબસીડીનું પત્રક આ સાથે સામેલ છે.

પ ત્ર ક

(રૂ.કરોડમાં)

| અ.નં. | વિગત | ૨૦૧૨-૨૦૧૩ | ૨૦૧૩-૨૦૧૪ |
|---|---|---|---|
| ૧ | હોર્સ પાવર આધારિત વીજ દરો માટે સહાયકી | ૨૬૬.૨૫ | ૨૫૭.૭૩ |
| ૨ | જીઈઆરસી વીજ દરમાં રાહત માટે સહાયકી | ૨૩૦.૪૨ | ૨૦૨.૨૯ |
| ૩ | બળતણ ખરીદી તથા વીજળી ખરીદી માટે સહાયકી | ૨૯૦.૪૬ | ૩૦૫.૭૪ |
| ૪ | ખેતીવાડી ગ્રાહકોને વીજ બીલમાં ૫૦ % રાહત | ૯૧.૩૮ | -- |
| | કુલ | ૮૭૮.૫૧ | ૭૬૫.૭૬ |
| ૫ | સબસીડીનો લાભ મેળવનાર કૃષિ વિષયક વીજ ગ્રાહકોની સંખ્યા | ૮૬૫૨૫ | ૯૩૬૨૯ |

---------

## વડોદરા જિલ્લામાં મનરેગા યોજના હેઠળ થયેલ ખર્ચ

૧૦૧૭૫ શ્રી સતીષભાઇ મો. પટેલ(કરજણ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) વડોદરા જિલ્લામાં તા.૩૧-૩-૨૦૧૪ ની સ્થિતિએ મનરેગા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ થયેલ છે,

(૨) તે પૈકી તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

જવાબ

(૧) વડોદરા જિલ્લામાં તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ મનરેગા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કુલ ખર્ચ નીચે મુજબ છે.

(રૂ.લાખમાં)

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૧૨-૧૩ | ૪૯૮૩.૦૭ |
| ૨૦૧૩-૧૪ | ૩૧૬૪.૨૧ |

(૨) તે પૈકી તાલુકાવાર થયેલ ખર્ચ વિગત નીચે મુજબ છે.

(રૂ.લાખમાં)

| ક્રમ | તાલુકાનું નામ | ૨૦૧૨-૨૦૧૩ | ૨૦૧૩-૨૦૧૪ |
|---|---|---|---|

| | | | |
|---|---|---|---|
| ૧ | છોટા ઉદેપુર | ૩૯૭.૯૨ | ૨૯૩.૯૯ |
| ૨ | ડભોઈ | ૧૧૭.૭૨ | ૫૫.૯૨ |
| ૩ | જેતપુર–પાવી | ૧૩૬૪.૧૩ | ૯૨૮.૧૦ |
| ૪ | કરજણ | ૧૬.૪૧ | ૨૦.૯૭ |
| ૫ | કવાંટ | ૧૨૦૭.૯૭ | ૭૩૭.૪૯ |
| ૬ | નસવાડી | ૪૬૦.૪૪ | ૩૫૯.૭૯ |
| ૭ | પાદરા | ૭૪.૩૨ | ૫૪.૨૧ |
| ૮ | સંખેડા | ૪૩૪.૬૧ | ૧૫૯.૯૩ |
| ૯ | સાવલી | ૩૪૨.૦૨ | ૧૯૧.૬૯ |
| ૧૦ | શિનોર | ૫૯.૫૨ | ૩૨.૬૮ |
| ૧૧ | વડોદરા | ૨૫૪.૦૧ | ૧૫૭.૨૧ |
| ૧૨ | વાઘોડીયા | ૧૬૯.૬૨ | ૧૩૬.૩૫ |
| | કુલ | ૪૮૯૮.૬૯ | ૩૧૨૮.૪૩ |

(૩) તે પૈકી માલસામાન અને વેતન હેઠળ કેટલો ખર્ચ થયો ?

(૩) તે પૈકી માલસામાન અને વેતન હેઠળ નીચેની વિગતે ખર્ચ

| અ. નં. | તાલુકાનું નામ | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) | | | |
|---|---|---|---|---|---|
| | | વર્ષ ૨૦૧૨–૧૩ | | વર્ષ ૨૦૧૩–૧૪ | |
| | | માલ સામાન | વેતન | માલ સામાન | વેતન |
| ૧ | છોટા ઉદેપુર | ૧૧૧.૫૮ | ૨૬૦.૪૪ | ૭૯.૭૪ | ૧૯૩.૧૦ |
| ૨ | ડભોઈ | ૭૨.૪૦ | ૩૧.૪૧ | ૨૬.૪૮ | ૧૬.૮૮ |
| ૩ | જેતપુર–પાવી | ૬૧૬.૬૨ | ૬૯૨.૬૨ | ૩૫૭.૭૫ | ૫૨૩.૩૫ |
| ૪ | કરજણ | ૫.૭૩ | ૩.૩૧ | ૩.૧૦ | ૪.૩૪ |
| ૫ | કવાંટ | ૫૪૯.૭૪ | ૬૨૬.૪૦ | ૧૬૭.૨૨ | ૫૪૨.૩૪ |
| ૬ | નસવાડી | ૧૯૪.૬૯ | ૨૩૨.૪૬ | ૧૬૬.૩૭ | ૧૭૦.૬૭ |
| ૭ | પાદરા | ૫૪.૫૩ | ૪.૮૭ | ૩૫.૮૯ | ૬.૪૫ |
| ૮ | સંખેડા | ૨૭૩.૪૦ | ૧૨૬.૭૬ | ૩૯.૮૦ | ૯૧.૧૨ |
| ૯ | સાવલી | ૨૦૪.૭૮ | ૧૦૪.૭૯ | ૭૫.૦૩ | ૮૭.૧૬ |
| ૧૦ | શિનોર | ૪૮.૭૦ | ૩.૬૮ | ૧૭.૧૭ | ૮.૭૨ |
| ૧૧ | વડોદરા | ૨૨૫.૩૭ | ૮.૬૬ | ૧૧૮.૦૭ | ૧૯.૪૨ |
| ૧૨ | વાઘોડીયા | ૧૩૭.૩૭ | ૧૪.૬૬ | ૮૮.૧૭ | ૩૦.૩૦ |

---------

પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં ખનીજ ચોરી

૮૮૫૩ પ્રો. હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય ખાણ–ખનીજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં છેલ્લા એક વર્ષ દરમિયાન ક્યા ક્યા ખનીજની ચોરી પકડાઇ,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી કિંમતની ખનીજ ચોરી પકડાઇ,

(૩) કેટલા ઇસમો સામે કાર્યવાહી કરવામાં આવી, અને

(૪) આવી ગેરકાયદે પ્રવૃત્તિ કાયમ માટે અટકાવવા સરકારનું શું આયોજન છે ?

જવાબ

(૧) સાદી રેતી, બ્લેક ટ્રેપ, સાદી માટી, કવાર્ટઝાઇટ, હાર્ડ મુરમ, કવાર્ટઝ, સીલીકાસેન્ડ, મેંગેનીઝ, લિગ્નાઇટ

(૨) રૂ.૧,૮૧,૭૩,૯૮૯/-

(૩) ૨૦૬

(૪) ૧. રાજ્ય સ્તરે તથા જીલ્લા સ્તરે ટાસ્ક ફોર્સ તથા ગ્રીવાન્સ રીડ્રેસલ સેલની રચના કરવામાં

આવેલ છે.

૨. ગેરકાયદે ખનિજ વહન/ખોદકામની ફરીયાદો નોંઘવા આઈ.વી.આર.એસ. સીસ્ટમનો ૨૪ કલાક ઉપયોગ કરવામાં આવે છે.
૩. રેલ્વે, બંદર, કસ્ટમ ખાતા સાથે સંકલન સાધી ખનિજ હેરફેર અને ખનિજ ખોદકામ પર દેખરેખ રાખવામાં આવે છે.
૪. ઓવરલોડીંગ ખનિજનું વહન અટકાવવા રાજ્ય સરકાર દ્વારા રાજ્યના તમામ જિલ્લાઓમાં વજનકાંટાઓ અધિકૃત કરવામાં આવેલ છે.
૫. ખનિજના ટ્રેડર્સોનું રજીસ્ટ્રેશન કરવામાં આવે છે.
૬. તમામ લીઝોનું ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા સીસ્ટમ ઓડીટ કરાવવામાં આવે છે.
૭. રોયલ્ટી પાસનો દુરૂપયોગ અટકાવવા બારકોડીંગ પધ્ધતિ અપનાવેલ છે.
૮. તપાસ ટીમો સાથે એક્સ-આર્મીમેનની ટીમ પણ ફાળવવામાં આવેલ છે.

---------

અમદાવાદ જિલ્લામાં સ્વરોજગાર શિબિરોનું આયોજન

૧૦૧૨૦ શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા(ઠક્કરબાપાનગર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલી સ્વરોજગાર શિબિરોનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૫૦. |
| (૨) આ શિબિરોમાં કેટલા ઉમેદવારો હાજર રહ્યાં હતા ? | (૨) ૬૪૭૩. |

---------

મોરબી જિલ્લામાં વાણિજ્યિક વેરાની આવક

૧૦૦૯૧ શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ દરમ્યાન મોરબી જિલ્લામાંથી રાજ્ય સરકારને વાણિજ્યિકવેરાની કેટલી આવક મળી, અને | (૧) રૂ.૩૭૯.૧૮ કરોડ. |
| (૨) મોરબી જિલ્લાની સૌથી વધુ આવક આપતી પાંચ કોમોડીટીઓ કઇ છે ? | (૨) ૧. સીરામીક ટાઈલ્સ અને એન્સીલરી<br>૨. કોટન<br>૩. પેપર<br>૪. કોલ<br>૫. વાહન (ટુ વ્હીલર, ફોર વ્હીલર) |

---------

કચ્છ જિલ્લામાં મનરેગા યોજના હેઠળ કુટુંબોને જોબકાર્ડ આપવામાં આવ્યા

૧૦૧૬૯ ડૉ. નીમાબેન આચાર્ય (ભુજ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં તા.૩૧-૦૩-૨૦૧૪ ની સ્થિતિએ મનરેગા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કેટલા | (૧) કચ્છ જિલ્લામાં તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ મનરેગા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબના કુટુંબોને |

કુટુંબોને જોબકાર્ડ આપવામાં આવ્યા,

જોબકાર્ડ આપવામાં આવ્યા.

| વર્ષ | કુટુંબોને ઈસ્યુ કરેલ જોબકાર્ડની સંખ્યા |
|---|---|
| ૨૦૧૨–૧૩ | ૮૧૩ |
| ૨૦૧૩–૧૪ | ૬૬૫ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા કુટુંબોને જોબકાર્ડ આપવામાં આવ્યા, અને

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ તાલુકાવાર નીચે મુજબના કુટુંબોને જોબકાર્ડ આપવામાં આવ્યા.

| તાલુકો | ઈસ્યુ કરેલ જોબકાર્ડ | |
|---|---|---|
| | ૨૦૧૨–૧૩ | ૨૦૧૩–૧૪ |
| અબડાસા | ૧૧ | ૧૪૧ |
| અંજાર | ૨૮ | ૯ |
| ભચાઉ | ૧૦ | ૧૩ |
| ભુજ | ૧૭૧ | ૨૦૫ |
| ગાંધીધામ | ૦ | ૦ |
| લખપત | ૪૦ | ૭ |
| માંડવી | ૮૭ | ૦ |
| મુન્દ્રા | ૩૬ | ૩૪ |
| નખત્રાણા | ૪૭ | ૫૮ |
| રાપર | ૩૮૩ | ૧૯૮ |

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા કુટુંબોને રોજગારી આપવામાં આવી ?

(૩) તે પૈકી ઉકત સ્થિતિએ તાલુકાવાર નીચે મુજબના કુટુંબોને રોજગારી આપવામાં આવી.

| તાલુકો | રોજગારી આપેલ કુટુંબો | |
|---|---|---|
| | ૨૦૧૨–૧૩ | ૨૦૧૩–૧૪ |
| અબડાસા | ૧૧ | ૧૪૧ |
| અંજાર | ૨૮ | ૯ |
| ભચાઉ | ૧૦ | ૧૩ |
| ભુજ | ૧૭૧ | ૨૦૫ |
| ગાંધીધામ | ૦ | ૦ |
| લખપત | ૪૦ | ૭ |
| માંડવી | ૮૭ | ૦ |
| મુન્દ્રા | ૩૬ | ૩૪ |
| નખત્રાણા | ૪૭ | ૫૮ |
| રાપર | ૩૮૩ | ૧૯૮ |

---------

## પંચમહાલ જિલ્લામાં મનરેગા યોજના હેઠળ હાથ ધરેલ કામો

૧૦૧૭૨ શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ(કાલોલ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) પંચમહાલ જિલ્લામાં તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ મનરેગા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કેટલા કામો હાથ ધરવામાં આવ્યા,

જવાબ

(૧) પંચમહાલ જિલ્લામાં તા. ૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ મનરેગા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં નીચેની વિગતે કામો હાથ ધરવામાં આવ્યા.

| વર્ષ : ૨૦૧૨–૧૩ | વર્ષ : ૨૦૧૩–૧૪ | કુલ કામો |
|---|---|---|
| ૨૯૩૨ | ૧૨૦૪ | ૪૧૩૬ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા કામો હાથ ધરવામાં આવ્યા, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર નીચેની વિગતે કેટલા કામો હાથ ધરવામાં આવ્યા.

| તાલુકાનું નામ | વર્ષ : ૨૦૧૨-૧૩ | વર્ષ : ૨૦૧૩-૧૪ | કુલ કામો |
|---|---|---|---|
| ગોધરા | ૬૦૭ | ૧૮૭ | ૭૯૪ |
| મોરવા(હ) | ૩૬૮ | ૨૧૦ | ૫૭૮ |
| શહેરા | ૭૦૬ | ૨૦૯ | ૯૧૫ |
| કાલોલ | ૯૨ | ૫૭ | ૧૪૯ |
| હાલોલ | ૯૮ | ૭૯ | ૧૭૭ |
| જાંબુઘોડા | ૨૭૫ | ૧૧૪ | ૩૮૯ |
| ઘોઘંબા | ૭૮૬ | ૩૪૮ | ૧૧૩૪ |
| કુલ | ૨૯૩૨ | ૧૨૦૪ | ૪૧૩૬ |

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર નીચેની વિગતે ખર્ચ કરવામાં આવ્યો. (રૂ. લાખમાં)

| તાલુકાનું નામ | વર્ષ : ૨૦૧૨-૧૩ | વર્ષ : ૨૦૧૩-૧૪ | કુલ ખર્ચ |
|---|---|---|---|
| ગોધરા | ૧૨૫૧.૪૦ | ૫૬૨.૧૩ | ૧૮૧૩.૫૩ |
| મોરવા(હ) | ૪૯૪.૭૩ | ૨૭૦.૬૭ | ૭૬૫.૪૦ |
| શહેરા | ૧૧૪૧.૦૭ | ૬૪૮.૫૦ | ૧૭૮૯.૫૭ |
| કાલોલ | ૩૮.૨૮ | ૬૮.૩૬ | ૧૦૬.૬૪ |
| હાલોલ | ૧૦૩.૭૫ | ૭૩.૯૨ | ૧૭૭.૬૭ |
| જાંબુઘોડા | ૨૪૬.૯૮ | ૧૬૨.૮૪ | ૪૦૯.૮૨ |
| ઘોઘંબા | ૯૪૧.૩૦ | ૫૪૪.૭૪ | ૧૪૮૬.૦૪ |
| કુલ | ૪૨૧૭.૫૧ | ૨૩૩૧.૧૬ | ૬૫૪૮.૬૭ |

---------

બનાસકાંઠા જિલ્લામાં બી.પી.એલ. લાભાર્થીઓની સર્વેની કામગીરી

૯૬૨૨ શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં બી.પી.એલ. લાભાર્થીઓનું છેલ્લું સર્વે ક્યારે થયું,

(૨) સદરહુ સર્વે પ્રમાણે તાલુકાદીઠ ઉક્ત સ્થિતિએ લાભાર્થીઓની સંખ્યા કેટલી છે, અને

જવાબ

(૧) તા. ૩૧/૫/૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં બી.પી.એલ લાભાર્થીનું છેલ્લું સર્વે સને ૨૦૦૨-૦૩માં કરવામાં આવેલ હતું.

(૨) તાલુકાદીઠ લાભાર્થીઓની સંખ્યા નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | બી.પી.એલ. કુટુંબો (૦ થી ૨૦ સ્કોર) |
|---|---|
| અમીરગઢ | ૧૩૫૬૯ |
| ભાભર | ૧૪૧૪૪ |
| દાંતા | ૨૪૦૪૯ |
| દાંતીવાડા | ૧૧૦૦૬ |
| ડીસા | ૩૦૭૭૮ |
| દિયોદર | ૧૪૦૦૩ |
| ધાનેરા | ૧૩૫૧૭ |
| કાંકરેજ | ૨૭૯૦૭ |
| પાલનપુર | ૨૩૬૧૪ |
| થરાદ | ૧૯૪૪૦ |
| વડગામ | ૨૧૧૫૭ |
| વાવ | ૨૧૭૬૬ |

| | |
|---|---|
| કુલ | ૨૩૪૯૫૦ |

(૩) હવે પછી ઉક્ત બાબતે સર્વે હાથ ધરવા સરકારે કોઇ કાર્યવાહી કરેલ હોયતો તે કાર્યવાહીની વિગતો શી છે ?

(૩) બી.પી.એલ. સર્વે માટે રાજ્ય સરકારે કોઈ કાર્યવાહી હાથ ધરેલ નથી.

---------

આણંદ જિલ્લામાં વીજ બીલના નાણાની વસુલાત માટે લોક અદાલતોનું આયોજન

૧૦૧૩૪ શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વીજ ગ્રાહકો પાસેથી વીજ બીલ પેટે લ્હેણાં નીકળતા નાણાંની વસુલાત માટે વિવાદ નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે લોક અદાલતના આયોજન દ્વારા તા.૩૧–૩–૧૪ની સ્થિતિએ આણંદ જિલ્લામાં છેલ્લા બે નાણાકીય વર્ષમાં કેટલી લોક અદાલતો યોજવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા કેસોમાં સમાધાન કરવામાં આવ્યું, અને

(૩) કેટલી વસુલાત કરવામાં આવી ?

જવાબ

(૧), (૨) અને (૩) : રાજ્યના વીજ ગ્રાહકો પાસેથી વીજ બીલ પેટે લ્હેણાં નીકળતા નાણાંની વસુલાત માટે વિવાદ નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે તારીખ ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં યોજવામાં આવેલ લોક અદાલતો, સમાધાનના કેસની સંખ્યા અને વસુલવામાં આવેલ રકમની વિગતો નીચે મુજબ છે.

| યોજવામાં આવેલ લોક અદાલતની સંખ્યા | નિકાલ કરવામાં આવેલ કેસોની સંખ્યા | નિકાલ કેસોમાં સમાવિષ્ટ રકમ (રૂા.લાખમાં) | સ્થળ ઉપર વસુલાત કરવામાં આવેલ રકમ (રૂા.લાખમાં) | હપ્તાથી વસુલાત કરવાની બાકી રકમ (રૂા.લાખમાં) |
|---|---|---|---|---|
| ૨૧ | ૫૫૮ | ૧૨૬.૫૪ | ૮૪.૪૧ | ૪૨.૧૩ |

---------

સુરેન્દ્રનગર જિલ્લામાં સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ હેઠળ તળાવો બાંધવા બાબત

૧૦૧૧૬ શ્રી પુનમભાઇ કા. મકવાણા(દસાડા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ હેઠળ કેટલા તળાવો બાંધવામાં આવેલ છે, અને

(૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

જવાબ

(૧) તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ હેઠળ નવ તળાવો બાંધવામાં આવેલ છે.

(૨) તે પાછળ રૂા. ૩૯.૭૨ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

---------

રાજ્યમાં પેટ્રોલ–ડીઝલ ઉપર વેટ/સેસ

૧૦૨૬૩ શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ રાજ્ય સરકાર ધ્વારા પેટ્રોલ–ડીઝલ પર વેટ અને સેસ વર્ષવાર કેટલો લેવામાં આવે છે, અને

(૨) તે અન્વયે છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી આવક થઈ ?

જવાબ

(૧)

| | વેટ | સેસ |
|---|---|---|
| પેટ્રોલ | ૨૩% | ૨% |
| ડીઝલ | ૨૧% | ૩% |

(૨) રૂપિયા ૧૫૩૭૪.૭૯ કરોડ.

---------

ભરૂચ જિલ્લામાં વીજ બીલના નાણાની વસુલાત માટે લોક અદાલતોનું આયોજન

૧૦૧૦૭ શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વીજ ગ્રાહકો પાસેથી વીજ બીલ પેટે લ્હેણાં નીકળતા નાણાંની વસુલાત માટે વિવાદ

જવાબ

(૧), (૨) અને (૩) : વીજ ગ્રાહકો પાસેથી વીજ બીલ પેટે લ્હેણાં નીકળતા નાણાંની વસુલાત માટે વિવાદ નહીં પરંતુ

નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે લોક અદાલતના આયોજન દ્વારા તા.૩૧-૩-૧૪ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં છેલ્લા બે નાણાકીય વર્ષમાં કેટલી લોક અદાલતો યોજવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા કેસોમાં સમાધાન કરવામાં આવ્યું, અને

(૩) કેટલી વસુલાત કરવામાં આવી ?

સમાધાનથી ઉકેલ આવે તે માટે તારીખ ૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં યોજવામાં આવેલ લોક અદાલતો, સમાધાનના કેસની સંખ્યા અને વસુલવામાં આવેલ રકમની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | યોજવામાં આવેલ લોક અદાલતની સંખ્યા | નિકાલ કરવામાં આવેલ કેસોની સંખ્યા | નિકાલ કેસોમાં સમાવિષ્ટ રકમ (રૂ.લાખમાં) | સ્થળ ઉપર વસુલાત કરવામાં આવેલ રકમ (રૂ.લાખમાં) | હપ્તાથી વસુલાત કરવાની બાકી રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|---|---|---|
| ૨૦૧૨-૧૩ | ૧૨ | ૩૩૦ | ૨૩.૮૮ | ૮.૩૬ | ૧૫.૫૨ |
| ૨૦૧૩-૧૪ | ૩૯ | ૯૬૦ | ૮૯.૧૧ | ૨૪.૮૭ | ૬૪.૨૪ |

---------

## અમરેલી જિલ્લામાં પંચવટી યોજના

૧૦૧૫૫ શ્રી નલીનભાઇ ના. કોટડીયા(ધારી) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં પંચવટી યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૩-૧૪માં કેટલી પંચવટીના કામો પૂર્ણ થયેલ છે, અને

(૨) બાકી પંચવટીના કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) એક.

(૨) બનતી ત્વરાએ.

---------

## પાટણ જિલ્લામાં નિર્મળ ભારત યોજનામાં વ્યકિતગત શૌચાલયો

૧૦૧૩૬ શ્રી નાગરજી હ. ઠાકોર(રાધનપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાટણ જિલ્લામાં નિર્મળ ભારત યોજના અંતર્ગત તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન બી.પી.એલ. કુટુંબો માટે કેટલા શૌચાલય બનાવવામાં આવ્યા, અને

(૨) તેની પાછળ કેટલો કુલ ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) પાટણ જિલ્લામાં નિર્મળ ભારત યોજના અંતર્ગત તા. ૩૧/૩/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન બી.પી.એલ. કુટુંબો માટે કુલ ૨૬૦૮ શૌચાલય બનાવવામાં આવેલ છે.

(૨) તેની પાછળ રૂ. ૧૧૯.૯૭ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

---------

## વલસાડ જિલ્લામાં વીજ બીલના નાણાની વસુલાત માટે લોક અદાલતોનું આયોજન

૧૦૧૦૬ શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વીજ ગ્રાહકો પાસેથી વીજ બીલ પેટે લ્હેણાં નીકળતા નાણાંની વસુલાત માટે વિવાદ નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે લોક અદાલતના આયોજન દ્વારા તા.૩૧-૩-૧૪ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં છેલ્લા બે નાણાકીય વર્ષમાં કેટલી લોક અદાલતો યોજવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા કેસોમાં સમાધાન કરવામાં આવ્યું, અને

(૩) કેટલી વસુલાત કરવામાં આવી ?

**જવાબ**

(૧), (૨) અને (૩) : રાજ્યના વીજ ગ્રાહકો પાસેથી વીજ બીલ પેટે લ્હેણાં નીકળતા નાણાંની વસુલાત માટે વિવાદ નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે વલસાડ જિલ્લામાં તારીખ ૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં યોજવામાં આવેલ લોક અદાલતો, સમાધાનના કેસની સંખ્યા અને વસુલવામાં આવેલ રકમની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | યોજવામાં આવેલ લોક અદાલતની સંખ્યા | નિકાલ કરવામાં આવેલ કેસોની સંખ્યા | નિકાલ કેસોમાં સમાવિષ્ટ રકમ (રૂ.લાખમાં) | સ્થળ ઉપર વસુલાત કરવામાં આવેલ રકમ (રૂ.લાખમાં) | હપ્તાથી વસુલાત કરવાની બાકી રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|---|---|---|
| ૨૦૧૨-૧૩ | ૭ | ૨૧૦ | ૧૬.૧૩ | ૬.૦૭ | ૧૦.૦૬ |
| ૨૦૧૩-૧૪ | ૪૧ | ૧૪૧૪ | ૧૦૭.૫૮ | ૩૫.૯૪ | ૭૧.૬૪ |

---------

સુરત જિલ્લામાં બી.પી.એલ. અને એ.પી.એલ. લાભાર્થીઓને સહાય ચૂકવવા બાબત

૧૦૧૩૯ શ્રી રાજેન્દ્રભાઇ પટેલ(ચોર્યાસી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| સુરત જિલ્લામાં તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નિર્મળ ભારત અભિયાન યોજના હેઠળ વ્યક્તિગત શૌચાલય માટે બી.પી.એલ. અને એ.પી.એલ. લાભાર્થીઓ માટે પ્રોત્સાહક સહાય કેટલી ચૂકવાયેલ છે ? | સુરત જિલ્લામાં તા. ૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નિર્મળ ભારત અભિયાન યોજના હેઠળ બી.પી.એલ. અને એ.પી.એલ. લાભાર્થીઓ માટે રૂ઼ા. ૧૩૧.૭૪ લાખની પ્રોત્સાહક સહાય ચૂકવવામાં આવી છે. |

| ક્રમ | તાલુકા | વર્ષ : ૨૦૧૨-૧૩ (રૂ઼ા. લાખમાં) | | | વર્ષ : ૨૦૧૩-૧૪ (રૂ઼ા. લાખમાં) | | | બે વર્ષનું કુલ (રૂ઼ા. લાખમાં) | | |
| --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- |
| | | બીપીએલ | એપીએલ | કુલ | બીપીએલ | એપીએલ | કુલ | બીપીએલ | એપીએલ | કુલ |
| ૧ | ચોર્યાસી | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૨ | ઓલપાડ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૩ | બારડોલી | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૪૨.૦૦ | ૪૨.૦૦ | ૦.૦૦ | ૪૨.૦૦ | ૪૨.૦૦ |
| ૪ | પલસાણા | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૫ | કામરેજ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૬ | મહુવા | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૩૫.૦૫ | ૩૫.૦૫ | ૦.૦૦ | ૩૫.૦૫ | ૩૫.૦૫ |
| ૭ | માંડવી | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૫૪.૬૯ | ૫૪.૬૯ | ૦.૦૦ | ૫૪.૬૯ | ૫૪.૬૯ |
| ૮ | માંગરોળ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૯ | ઉમરપાડા | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| | કુલ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૩૧.૭૪ | ૧૩૧.૭૪ | ૦.૦૦ | ૧૩૧.૭૪ | ૧૩૧.૭૪ |

---------

સાણંદ તાલુકામાં કલાણા ગામની સરકાર હસ્તકની જમીન પર ગેરકાયદે માટીનું ખોદકામ

૮૦૯૩ શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય ખાણ ખનીજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાણંદ તાલુકાના કલાણા ગામની સરકારશ્રી હસ્તકની જમીન સર્વે નં.૩૨૧-૮૮/૧ ૮૭-૮૬ ૬૫, ૬૬, ૬૭-૬૮ માંથી ગેરકાયદેસર માટી ખોદકામ કર્યાની કોના કોના તરફથી કેટલી ફરિયાદો સરકારને મળી, અને | (૧) માન. ધારાસભ્યશ્રી કરમશીભાઇ પટેલ (સાણંદ) તરફથી ૩ (ત્રણ) |
| (૨) તે સંબંધમાં સરકારે શાં પગલાં લીધા? | (૨) અમદાવાદ જીલ્લા કચેરી દ્વારા તારીખ ૧૩/૦૩/૨૦૧૪ અને ૨૫/૦૪/૨૦૧૪ના રોજ તપાસ કરવામાં આવેલ ત્યારે કોઈ પણ પ્રકારનું ચાલુ ખાણકામ જોવા મળેલ નથી. |

---------

ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં રેતી તેમજ ગૌણ ખનિજના પરવાના

૧૦૫૬૨ શ્રી અમિત ચૌધરી (માણસા) : માનનીય ખાણ-ખનિજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં રેતી તેમજ ગૌણ ખનિજના કુલ કેટલા પરવાના તાલુકાવાર આપવામાં આવ્યા, | (૧) એક પણ નહીં. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ લીઝ ધારકોને ફાળવવામાં આવેલી લીઝ ઉપરાંતની જગ્યામાં ખોદકામ કરતા હોવાના કેટલા કિસ્સાઓ સરકારને નોંધાયા તેમજ કસુરદારો સામે સરકારે શી શિક્ષાત્મક કાર્યવાહી કરી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

(૩) આ લીઝ ધારકો પાસેથી ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રોયલ્ટીની કેટલી આવક થઈ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

ગીર સોમનાથ જિલ્લામાં વાણિજિયક વેરાની આવક

૧૦૦૯૪ શ્રી જસાભાઇ ભા. બારડ(સોમનાથ) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ દરમ્યાન ગીર–સોમનાથ જિલ્લામાંથી રાજ્ય સરકારને વાણિજિયક વેરાની કેટલી આવક મળી, અને

(૨) ગીરસોમનાથ જિલ્લાની સૌથી વધુ આવક આપતી ૫ (પાંચ) કોમોડીટીઓ કઈ છે?

જવાબ

(૧) રૂા. ૧૫૭.૧૦ કરોડ.

(૨) (૧) સિમેન્ટ
(૨) યાર્ન
(૩) સોડા
(૪) ઓટોમોબાઈલ
(૫) મરીન એન્જીન.

---------

નર્મદા જિલ્લામાં નિર્મળ ભારત યોજનામાં વ્યક્તિગત શૌચાલયો

૧૦૧૩૭ શ્રી શબ્દશરણ ભા. તડવી(નાંદોદ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) નર્મદા જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના હેઠળ તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન બી.પી.એલ. કુટુંબો માટે કેટલા વ્યક્તિગત શૌચાલયો બનાવવામાં આવ્યા, અને

(૨) તેની પાછળ કેટલો કુલ ખર્ચ કરવામાં આવ્યો?

જવાબ

(૧) નર્મદા જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના હેઠળ તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન બી.પી.એલ. કુટુંબો માટે કુલ–૫૧૮૭ વ્યક્તિગત શૌચાલયો બનાવવામાં આવ્યા છે.

(૨) તેની પાછળ કુલ રૂા. ૨૨૪.૭૪ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

---------

પેન્શનરને લગતી માહિતી ઓન લાઇન કરવાની વ્યવસ્થા અંગે

૧૦૧૧૦ શ્રી નરોત્તમભાઇ પટેલ(ઉધના) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) સરકાર દ્વારા તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ પેન્શનર તેમની પેન્શનને લગતી માહિતી ઓન લાઇન મેળવી શકે તે માટે શી વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે, અને

(૨) આ વ્યવસ્થાનો ક્યારથી અમલ કરવામાં આવ્યો છે ?

જવાબ

(૧) સંકલિત નાણાકીય વ્યવસ્થાપન પધ્ધતિ (IFMS) અંતર્ગત તૈયાર કરેલ "સાયબર ટ્રેઝરી" સાઇટ ઉપર "પેન્શન પોર્ટલ" કાર્યરત કરેલ છે.

(૨) તા. ૦૨/૧૦/૨૦૧૧ થી.

---------

રાજકોટ જિલ્લામાં રૂર્બન પ્રોજેકટ હેઠળ ગટર યોજનામાં આવરી લીધેલ ગામો

૧૦૧૫૮ શ્રી જયરાજસિંહ ટે. જાડેજા(ગોંડલ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂર્બન પ્રોજેકટ હેઠળ ગટર યોજના હેઠળ રાજકોટ જિલ્લામાં કેટલા ગામોને આવરી લેવાયેલ છે,

(૨) આ કામો તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ કયા તબક્કે છે,

જવાબ

(૧) ૧૧ (અગીયાર).

(૨)

| ગામનું નામ | તબક્કો (ભૌતિક) |
|---|---|
| ટંકારા | કામ પૂર્ણ |
| પડધરી | કામ પૂર્ણ |
| લોધીકા | ૮૦ ટકા |

| | |
|---|---|
| કોટડાસાંગાણી | ૪૮ ટકા |
| જામકંડોરણા | ૮૦ ટકા |

૬ ગામોના કામોના ડીટેઈલ્ડ પ્રોજેક્ટ રીપોર્ટ (ડી.પી.આર.) બનાવવાની કામગીરી ચાલુ છે.

(૩) ઉક્ત સ્થિતિએ આ કામો પાછળ કેટલો ખર્ચ થયેલ છે, અને

(૩) રૂા. ૨૩૧૨.૬૬ લાખ.

(૪) તે કામો કયા સુધીમાં પૂર્ણ થશે?

(૪) પ્રગતિ હેઠળના કામો બનતી ત્વરાએ.

---------

કચ્છ જિલ્લામાં વાણિજિયક વેરાની આવક

૧૦૧૧૫ શ્રી પંકજ અ. મહેતા (રાપર) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ દરમ્યાન કચ્છ જિલ્લામાંથી રાજ્ય સરકારને વાણિજિયક વેરાની કેટલી આવક મળી, અને

(૧) રૂા. ૧૨૯૦ કરોડ.

(૨) કચ્છ જિલ્લાની સૌથી વધુ આવક આપતી પાંચ કોમોડીટીઓ કઈ છે?

(૨) (૧) આયર્ન અને સ્ટીલ, પાઈપ કોટીંગ
(૨) સિમેન્ટ
(૩) ટીમ્બર
(૪) કેમિકલ
(૫) ફૂડ પ્રોડક્ટ્સ

---------

નવસારી જિલ્લામાં વોટરશેડ યોજના

૧૦૧૧૭ શ્રી પિયુષ દિ. દેસાઇ(નવસારી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) વોટરશેડ યોજના હેઠળ નવસારી જિલ્લામાં તાલુકાવાર તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા પ્રોજેક્ટો મંજૂર કરવામાં આવેલ છે, અને

(૧) વોટરશેડ યોજના હેઠળ નવસારી જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ કુલ ત્રણ પ્રોજેક્ટ મંજુર કરવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકો | પ્રોજેક્ટનું નામ | વર્ષ : ૨૦૧૨–૧૩ | વર્ષ : ૨૦૧૩–૧૪ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | ચીખલી અને વાંસદા | IWMP-15 (દેગામ) | ૧ | ૦ | ૧ |
| ૨ | જલાલપોર | IWMP-15 (બોદાલી) | ૧ | ૦ | ૧ |
| ૩ | ચીખલી અને ગણદેવી | IWMP-15 (વંકાલ) | ૦ | ૧ | ૧ |
| | કુલ | - | ૨ | ૧ | ૩ |

(૨) તે પાછળ તાલુકાદીઠ કેટલો ખર્ચ થયેલ છે?

(૨) તે પાછળ તાલુકાદીઠ થયેલ ખર્ચની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૧ | ચીખલી (IWMP-15 દેગામ) (IWMP-17 વંકાલ) | ૪૩.૪૯ |
| ૨ | વાંસદા (IWMP-15 દેગામ) | ૨.૬૪ |
| ૩ | ગણદેવી (IWMP-17 વંકાલ) | ૦.૦૨ |

| | | |
|---|---|---|
| ૪ | જલાલપોર (IWMP-16 બોદાલી) | ૩૯.૨૮ |
| | કુલ | ૮૫.૪૩ |

---------

અમદાવાદ જિલ્લામાં મનરેગા યોજના હેઠળ હાથ ધરેલ કામો

૧૦૧૭૧ શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ મનરેગા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કેટલા કામો હાથ ધરવામાં આવ્યા,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા કામો હાથ ધરવામાં આવ્યા, અને

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

જવાબ

(૧) તા. ૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં મનરેગા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં નીચેની વિગતે કામો હાથ ધરવામાં આવ્યા.

| જિલ્લાનું નામ | વર્ષ ૨૦૧૨–૧૩ | વર્ષ ૨૦૧૩–૧૪ | કુલ કામો |
|---|---|---|---|
| અમદાવાદ | ૬૯૯ | ૧૮૮૧ | ૨૫૮૦ |

(૨) મનરેગા યોજના હેઠળ છેલ્લા બે વર્ષ નીચેની વિગતે તાલુકાવાર કામો હાથ ધરવામાં આવ્યા. જેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ : ૨૦૧૨–૧૩ | વર્ષ : ૨૦૧૩–૧૪ |
|---|---|---|---|
| ૧ | બરવાળા | ૧૦૪ | ૬૩૭ |
| ૨ | બાવળા | ૨૫ | ૨૬૦ |
| ૩ | દસ્ક્રોઈ | ૩૨ | ૪૦ |
| ૪ | દેત્રોજ | ૯૬ | ૧૬૩ |
| ૫ | ધંધુકા | ૧૧૦ | ૧૦૬ |
| ૬ | ધોળકા | ૯૭ | ૩૧૯ |
| ૭ | માંડલ | ૬૧ | ૫૨ |
| ૮ | રાણપુર | ૧૨૦ | ૧૧૮ |
| ૯ | સાણંદ | ૨૩ | ૧૪૮ |
| ૧૦ | વિરમગામ | ૩૧ | ૩૮ |
| | કુલ | ૬૯૯ | ૧૮૮૧ |

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર નીચેની વિગતે ખર્ચ કરવામાં આવ્યો. (રૂા. લાખમાં)

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ : ૨૦૧૨–૧૩ | વર્ષ : ૨૦૧૩–૧૪ |
|---|---|---|---|
| ૧ | બરવાળા | ૧૪૬.૯૮ | ૧૮૩.૮૪ |
| ૨ | બાવળા | ૧૮.૨૪ | ૧૭.૧૮ |
| ૩ | દસ્ક્રોઈ | ૫૨.૫૦ | ૩૭.૩૩ |
| ૪ | દેત્રોજ | ૭૪.૮૬ | ૬૧.૩૮ |
| ૫ | ધંધુકા | ૧૧૧.૨૩ | ૮૭.૩૮ |
| ૬ | ધોળકા | ૧૫.૭૮ | ૨૮.૧૬ |
| ૭ | માંડલ | ૧૨૩.૯૬ | ૭૬.૮૮ |
| ૮ | રાણપુર | ૮૬.૪૩ | ૧૦૭.૨૨ |

| | | | |
|---|---|---|---|
| ૯ | સાણંદ | ૩૨.૫૦ | ૩૬.૪૯ |
| ૧૦ | વિરમગામ | ૭૩.૭૮ | ૫૪.૧૦ |
| | કુલ | ૭૩૬.૨૬ | ૬૮૯.૯૬ |

---------

નર્મદા જિલ્લામાં મિશન મંગલમ યોજનામાં સ્વસહાય જૂથોનું બેંક ધિરાણ

૧૦૧૮૬ શ્રી મોતીલાલ પુ. વસાવા(ડેડીયાપાડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) મિશન મંગલમ યોજના અંતર્ગત સ્વસહાય જૂથોને કેટલું બેંક ધિરાણ મળી શકે,

(૨) વર્ષ ૨૦૧૩–૧૪માં નર્મદા જિલ્લામાં કેટલા સ્વસહાય જૂથોને બેંક ધિરાણ મંજૂર કરવામાં આવ્યું, અને

(૩) કેટલી રકમ બેંક ધિરાણ પેટે બેંકોએ આપી?

જવાબ

(૧) મિશન મંગલમ યોજના અંતર્ગત સ્વસહાય જૂથોને ઓછામાં ઓછા રૂ઼ા. ૧/– લાખનું ધિરાણ બેંક મંજુર કરી શકે છે.

(૨) વર્ષ ૨૦૧૩–૧૪માં નર્મદા જિલ્લામાં ૫૯૧ સ્વસહાય જૂથોને બેંક ધિરાણ મંજૂર કરવામાં આવ્યું.

(૩) રૂ઼ા. ૦૩,૦૩,૦૩,૦૦૦/– (અંકે રૂપિયા ત્રણ કરોડ ત્રણ લાખ ત્રણ હજાર પુરા) બેંક ધિરાણ પેટે બેંકોએ આપ્યા છે.

---------

રાજ્યોમાં વીજળી વેચવા બાબત

૯૦૪૯ ડો.શ્રીમતી તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકાર દ્વારા કેટલી વીજળી કયા કયા રાજ્યોમાં શા–શા ભાવે વેચવામાં આવી, અને

(૨) રાજ્ય બહાર અન્ય રાજ્યોમાં વીજળી વેચવાના શાં કારણો હતા ?

જવાબ

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અલગ–અલગ રાજ્યોમાં વેચવામાં આવેલ વીજળી તથા તેના ભાવની વિગત નીચે મુજબ છે. પ્રોવિઝનલ

| | ૧–૦૬–૧૨ થી ૩૧–૦૫–૧૩ | | ૧–૦૬–૧૩ થી ૩૧–૦૫–૧૪ | |
|---|---|---|---|---|
| | મી.યુ. | રૂ઼ા./યુનીટ | મી.યુ. | રૂ઼ા./યુનીટ |
| કર્ણાટક | ૪૩૮૮ | ૪.૧૦ | ૩૫૦ | ૪.૩૪ |
| રાજસ્થાન | ૧૧૬ | ૩.૬૯ | ૫૬ | ૩.૪૯ |
| ઉત્તરપ્રદેશ | ૦.૨૦ | ૩.૦૭ | ૨૩૩ | ૩.૨૪ |
| આસામ | ૦.૩૯ | ૫.૬૬ | ૩૧ | ૩.૦૪ |
| પશ્ચિમ બંગાળ | ૭ | ૪.૯૪ | ૫૫ | ૩.૦૪ |
| દિલ્હી | ૩ | ૪.૩૮ | ૧૮ | ૪.૨૨ |
| આન્ધ્રપ્રદેશ | ૭ | ૪.૦૭ | ૭ | ૩.૦૭ |
| મહારાષ્ટ્ર | ૮ | ૪.૮૫ | – | – |
| મધ્યપ્રદેશ | ૬ | ૩.૩૬ | – | – |
| કેરલ | ૪ | ૩.૯૮ | – | – |
| ઝારખંડ | ૦.૦૫ | ૫.૦૦ | – | – |

(૨) સ્થાપિત વીજક્ષમતામાં થયેલ વધારાને કારણે, ગુજરાત રાજ્ય આજે વીજ સરપ્લસ રાજ્ય છે. જે રાજ્યના તમામ વર્ગના ગ્રાહકોની વીજ માંગ સંતોષવા માટે પુરતી છે. વીજ ઉત્પાદનનો સંગ્રહ કરવો શક્ય નથી. આથી વીજ ઉત્પાદનની શ્રેષ્ઠત્તમ ઉપયોગિતા માટે અને કુલ પાવર ખરીદ કિંમત ઘટાડવા સારૂ અને સાથોસાથ જંગી મૂડી રોકાણોથી સ્થપાયેલા ‘રાષ્ટ્રીય સંપત્તિ’ કહી શકાય તેવા વીજ મથકોનો મહત્તમ ઉપયોગ કરવાના હેતુથી રાજ્યમાંની કૃષિ સહિતની તમામ પ્રકારની વીજ માંગને પુરી કર્યા બાદ સરપ્લસ વીજળી દેશમાં તીવ્ર ખેંચ અનુભવતા અન્ય જરૂરિયાતવાળા રાજ્યોને વેચવામાં આવે છે.

તા.૧૪મી જુલાઇ ૨૦૧૪

અતારાંકિત પ્રશ્નો

---------

કચ્છ જિલ્લામાં મિશન મંગલમ યોજનામાં સ્વસહાય જૂથોનું બેંક ધિરાણ

૧૦૧૮૭ શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મિશન મંગલમ યોજના અંતર્ગત સ્વસહાય જૂથોને કેટલું બેંક ધિરાણ મળી શકે, | (૧) મિશન મંગલમ યોજના અંતર્ગત સ્વસહાય જૂથોને ઓછામાં ઓછા રૂા. ૧/- લાખનું ધિરાણ બેંક મંજુર કરી શકે છે. |
| (૨) વર્ષ ૨૦૧૩-૧૪ માં કચ્છ જિલ્લામાં કેટલા સ્વસહાય જૂથોને બેન્ક ધિરાણ મંજૂર કરવામાં આવ્યું, અને | (૨) વર્ષ ૨૦૧૩-૧૪માં કચ્છ જિલ્લામાં ૨૪૨ સ્વસહાય જૂથોને બેંક ધિરાણ મંજૂર કરવામાં આવ્યું. |
| (૩) કેટલી રકમ બેંક ધિરાણ પેટે બેંકોએ આપી ? | (૩) રૂા. ૧,૫૮,૧૬,૦૦૦/-(અંકે રૂપિયા એક કરોડ અઠાવન લાખ સોળ હજાર પુરા) ધિરાણ પેટે બેંકોએ આપ્યા છે. |

---------

જૂનાગઢ જિલ્લામાં મનરેગા યોજના હેઠળ કુટુંબોને રોજગારી

૧૦૧૭૮ શ્રી જેઠાભાઇ દા. સોલંકી(કોડીનાર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** (૧) જૂનાગઢ જિલ્લામાં તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ મનરેગા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા કુટુંબોને રોજગારી આપવામાં આવેલ છે,

**જવાબ** (૧) જુનાગઢ જિલ્લામાં તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબના કુટુંબોને રોજગારી આપવામાં આવેલ છે.

| ક્રમ | જિલ્લો | ૨૦૧૨-૧૩ | ૨૦૧૩-૧૪ |
|---|---|---|---|
| ૧ | જુનાગઢ | ૪૦૪૨૮ | ૪૩૭૫૨ |

(૨) તે પૈકી તાલુકાવાર કેટલા કુટુંબોને રોજગારી આપવામાં આવેલ છે, અને

(૨) તે પૈકી તાલુકાવાર નીચે મુજબના કુટુંબોને રોજગારી આપવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકો | ૨૦૧૨-૧૩ | ૨૦૧૩-૧૪ |
|---|---|---|---|
| ૧ | ભેંસાણ | ૧૮૬૪ | ૧૬૮૬ |
| ૨ | જુનાગઢ | ૧૫૭૧ | ૧૮૮૫ |
| ૩ | કેશોદ | ૫૧૭૪ | ૫૭૨૯ |
| ૪ | કોડીનાર | ૨૩૩૨ | ૩૫૧૦ |
| ૫ | માળીયા | ૨૭૦૧ | ૧૬૮૪ |
| ૬ | માણાવદર | ૨૧૭૮ | ૨૨૭૪ |
| ૭ | માંગરોળ | ૩૦૧૬ | ૩૫૫૩ |
| ૮ | મેંદરડા | ૧૧૬૩ | ૨૦૦૫ |
| ૯ | પાટણ વેરાવળ | ૩૫૧૩ | ૧૫૧૯ |
| ૧૦ | સુત્રાપાડા | ૨૧૮૧ | ૧૭૧૬ |
| ૧૧ | તાલાળા | ૬૦૯ | ૪૯૪ |
| ૧૨ | ઉના | ૮૫૧૯ | ૧૨૩૮૧ |
| ૧૩ | વંથલી | ૧૭૮૪ | ૨૧૫૩ |
| ૧૪ | વિસાવદર | ૩૮૨૩ | ૩૧૬૩ |
| | કુલ | ૪૦૪૨૮ | ૪૩૭૫૨ |

(૩) તે પૈકી તાલુકાવાર કેટલા માનવદિન ઉત્પન્ન થયેલ છે ?

(૩) તે પૈકી તાલુકાવાર નીચે મુજબ માનવદિન ઉત્પન્ન થયેલ છે.

| ક્રમ | તાલુકો | ૨૦૧૨-૧૩ | ૨૦૧૩-૧૪ |
|---|---|---|---|
| ૧ | ભેંસાણ | ૧૨૦૪૧૦ | ૯૬૯૬૦ |
| ૨ | જુનાગઢ | ૮૬૯૦૪ | ૯૩૭૮૫ |
| ૩ | કેશોદ | ૩૦૫૯૫૧ | ૨૮૨૭૩૬ |
| ૪ | કોડીનાર | ૮૬૭૫૯ | ૧૩૩૨૨૦ |
| ૫ | માળીયા | ૧૧૦૩૦૪ | ૫૦૭૯૮ |

| | | | |
|---|---|---|---|
| ૬ | માણાવદર | ૧૩૧૨૫૭ | ૧૨૨૩૧૪ |
| ૭ | માંગરોળ | ૧૨૮૦૪૧ | ૧૪૮૯૪૫ |
| ૮ | મેંદરડા | ૫૩૨૯૪ | ૭૭૯૧૪ |
| ૯ | પાટણ વેરાવળ | ૧૬૩૭૮૦ | ૫૭૧૨૭ |
| ૧૦ | સુત્રાપાડા | ૮૫૭૯૫ | ૫૬૪૬૪ |
| ૧૧ | તાલાળા | ૨૮૫૭૫ | ૧૯૬૪૩ |
| ૧૨ | ઉના | ૩૭૬૧૪૦ | ૫૬૧૪૩૨ |
| ૧૩ | વંથલી | ૧૧૬૯૫૦ | ૧૩૧૦૩૪ |
| ૧૪ | વિસાવદર | ૨૦૩૪૨૯ | ૧૫૩૬૪૧ |
| | કુલ | ૧૯૯૭૫૮૯ | ૧૯૮૬૦૧૩ |

---------

જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ખાનગી એકમો પાસે બાકી વેટની રકમ

૧૦૫૨૩ શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ખાનગી એકમો પાસેથી વેટની રકમ વસુલવાની બાકી છે, | (૧) હા. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કોની પાસેથી કેટલી રકમ વસુલવાની થાય છે, અને | (૨) અને (૩) સામેલ *પત્રક મુજબ |
| (૩) આ એકમો સમયસર વેટ ચૂકવતા ન હોય તો કયા એકમો સામે ક્યારે, શી કાર્યવાહી કરવામાં આવી ? | |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે)

---------

સુરત જિલ્લામાં માનવ કલ્યાણ યોજનાની અરજીઓ

૧૦૧૦૨ શ્રી મુકેશભાઇ ઝી. પટેલ(ઓલપાડ) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) સુરત જિલ્લામાં માનવ કલ્યાણ યોજના અન્વયે તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | સુરત સિટી | ૧૭૨૭ |
| ૨ | ચોર્યાસી | ૨૮૯ |
| ૩ | પલસાણા | ૧૬૮ |
| ૪ | કામરેજ | ૩૫૬ |
| ૫ | ઓલપાડ | ૫૭૯ |
| ૬ | બારડોલી | ૬૭૧ |
| ૭ | મહુવા | ૩૧૬ |
| ૮ | માંડવી | ૩૮૦ |
| ૯ | માંગરોળ | ૭૩૭ |
| ૧૦ | ઉમરપાડા | ૭૧૪ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨)

| અ.નં. | તાલુકાનું નામ | મંજુર કરેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | સુરત સિટી | ૧૪૮૨ |
| ૨ | ચોર્યાસી | ૨૮૦ |
| ૩ | પલસાણા | ૧૬૮ |
| ૪ | કામરેજ | ૩૫૫ |

| | | |
|---|---|---|
| ૫ | ઓલપાડ | ૫૬૭ |
| ૬ | બારડોલી | ૬૭૧ |
| ૭ | મહુવા | ૩૦૮ |
| ૮ | માંડવી | ૩૪૬ |
| ૯ | માંગરોળ | ૭૨૨ |
| ૧૦ | ઉમરપાડા | ૭૦૧ |

(૩) કયા કયા પ્રકારની ટુલકીટ મંજૂર કરવામાં આવી ?

(૩) આ સાથે *જોડાણ-૧ સામેલ છે.

જોડાણ-૧

સુરત જિલ્લામાં માનવ કલ્યાણ યોજના અન્વયે તા. ૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર મંજૂર કરેલ ટુલકીટસની વિગતો દર્શાવતું પત્રક

| ક્રમ | ટુલકીટનો પ્રકાર | ક્રમ | ટુલકીટનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | દરજીકામ/સિવણકામ/ભરતકામ | ૨૩ | ગેસ-સ્ટવ /કુકર રીપેરીંગ |
| ૨ | ધોબીકામ/ઈસ્ત્રીકામ | ૨૪ | ટાયર-ટયુબ વલ્કેનાઈઝીંગ અને પંચરકીટ |
| ૩ | સાવરણી સુપડા અને ટોપલી બનાવનાર | ૨૫ | હેન્ડપંપ રીપેરીંગ |
| ૪ | બ્યુટીપાર્લર | ૨૬ | ડીઝલ એન્જીન રીપેરીંગ |
| ૫ | પાપડ ઉદ્યોગ | ૨૭ | ચાના સાધનો |
| ૬ | શાકભાજી-ફળ વેચનાર | ૨૮ | દુધ-દહીં વેચાણ |
| ૭ | હાથલારી દ્વારા વિવિધ ફેરી | ૨૯ | ઠંડાપીણાં વેચાણ |
| ૮ | ઈંડાની લારી | ૩૦ | બરફના ગોળા/સરબત વેચાણ |
| ૯ | મસાલા યુનિટ | ૩૧ | અલ્પાહાર વેચાણ (મર્જ કર્યા બાદ) |
| ૧૦ | સાયકલ દ્વારા વિવિધ ફેરી | ૩૨ | કેટરર્સ (રસોઈકામ) |
| ૧૧ | ફીશ વેચનાર | ૩૩ | ફરસાણ વેચાણ |
| ૧૨ | માછલી પકડનાર | ૩૪ | પાન-બીડીનું વેચાણ |
| ૧૩ | સાયકલ દ્વારા મરી મસાલા ફેરી | ૩૫ | વાળંદ કામ |
| ૧૪ | સાયકલ દ્વારા બેકરી આઈટમની ફેરી | ૩૬ | ભવાઈનો ધંધો |
| ૧૫ | આઈસ કેન્ડીની ફેરી | ૩૭ | ઢોલ ત્રાસાના સાધનો |
| ૧૬ | સાયકલ રીપેરીંગ | ૩૮ | સુથારીકામ |
| ૧૭ | વાયરમેન | ૩૯ | સ્ટીલફેબ્રીકેશન/વેલ્ડીંગ (મર્જ કર્યા બાદ) |
| ૧૮ | પ્લમ્બીંગ કામ | ૪૦ | સ્ક્રીન પ્રિન્ટીંગ/ફોટો લીમેનેશન |
| ૧૯ | કડીયાકામ | ૪૧ | અગરબત્તી બનાવટ |
| ૨૦ | ઈલેક્ટ્રીક કન્ઝુમર્સ ઈલેક્ટ્રોનીક્સ રીપેરીંગ | ૪૨ | મોબાઈલ ફોન રીપેરીંગ |
| ૨૧ | પેઈન્ટીંગ/રંગકામ/સાઈનબોર્ડ | ૪૩ | ગેસ વેલ્ડીંગ |
| ૨૨ | ઓટોરીપેરીંગ | | |

---------

ગાંધીનગર જિલ્લામાં મનરેગા યોજના હેઠળ કુટુંબોને જોબકાર્ડ આપવા બાબત

૧૦૧૭૦ શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર-દક્ષિણ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) ગાંધીનગર જિલ્લામાં તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ મનરેગા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કેટલા કુટુંબોને જોબકાર્ડ આપવામાં આવ્યા,

જવાબ

(૧) ગાંધીનગર જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ મનરેગા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ જોબકાર્ડ આપવામાં આવ્યા.

| વર્ષ | કુટુંબોને ઈસ્યુ કરેલ જોબકાર્ડની સંખ્યા |
|---|---|
| ૨૦૧૨-૧૩ | ૨૦૧૩ |
| ૨૦૧૩-૧૪ | ૩૦૦૧ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા કુટુંબોને જોબકાર્ડ આપવામાં આવ્યા, અને

(૨) ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર આપેલ જોબકાર્ડની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | વર્ષ ૨૦૧૨-૧૩ (સંખ્યા) | વર્ષ ૨૦૧૩-૧૪ (સંખ્યા) |
|---|---|---|---|
| ૧ | દહેગામ | ૭૪૩ | ૯૭૫ |
| ૨ | ગાંધીનગર | ૫૪૭ | ૮૪૨ |
| ૩ | કલોલ | ૭૬ | ૪૭૬ |
| ૪ | માણસા | ૬૪૭ | ૭૦૮ |
| | કુલ | ૨૦૧૩ | ૩૦૦૧ |

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા કુટુંબોને રોજગારી આપવામાં આવી ?

(૩) ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર રોજગારી આપેલ કુટુંબોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | વર્ષ ૨૦૧૨-૧૩માં રોજગારી આપેલ કુટુંબની સંખ્યા | વર્ષ ૨૦૧૩-૧૪ માં રોજગારી આપેલ કુટુંબની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | દહેગામ | ૭૪૩ | ૯૭૫ |
| ૨ | ગાંધીનગર | ૫૪૭ | ૮૪૨ |
| ૩ | કલોલ | ૭૬ | ૪૭૬ |
| ૪ | માણસા | ૬૪૭ | ૭૦૮ |
| | કુલ | ૨૦૧૩ | ૩૦૦૧ |

---------

## વલસાડ જિલ્લામાં મનરેગા યોજના હેઠળ થયેલ ખર્ચ

૧૦૧૭૩ શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

જવાબ

(૧) વલસાડ જિલ્લામાં તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ મનરેગા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ થયેલ છે,

(૧) વલસાડ જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ મનરેગા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં થયેલ ખર્ચની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | કુલ ખર્ચ રૂપિયા (લાખમાં) |
|---|---|---|
| | ૨૦૧૨-૧૩ | ૧૦૮૨.૨૭ |
| | ૨૦૧૩-૧૪ | ૧૧૮૫.૨૮ |

(૨) તે પૈકી તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) તાલુકાવાર કરવામાં આવેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | વર્ષ ૨૦૧૨-૧૩માં ખર્ચ (રૂ. લાખમાં) | વર્ષ ૨૦૧૩-૧૪માં ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|---|
| ૧ | વલસાડ | ૧૦૦.૩૧ | ૧૭૪.૮૧ |
| ૨ | પારડી | ૯૮.૭૦ | ૧૬૬.૧૧ |
| ૩ | ધરમપુર | ૪૪૪.૧૧ | ૪૫૯.૩૭ |
| ૪ | ઉમરગામ | ૬૫.૨૪ | ૧૦૦.૮૯ |
| ૫ | કપરાડા | ૩૩૭.૨૭ | ૨૪૬.૮૦ |
| | કુલ | ૧૦૪૫.૬૩ | ૧૧૪૭.૯૮ |

(૩) તે પૈકી માલસામાન અને વેતન હેઠળ કેટલો ખર્ચ થયો ?

(૩) તાલુકાવાર માલસામાન અને વેતન હેઠળ ખર્ચની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | વર્ષ ૨૦૧૨-૧૩માં માલસામાન અને વેતન | વર્ષ ૨૦૧૩-૧૪માં માલસામાન અને વેતન હેઠળ |
|---|---|---|---|

| | | હેઠળ થયેલ ખર્ચ રૂપિયા (લાખમાં) | | થયેલ ખર્ચ રૂપિયા (રૂ.લાખમાં) | |
|---|---|---|---|---|---|
| | | માલસામાન હેઠળ થયેલ ખર્ચ | વેતન હેઠળ થયેલ ખર્ચ | માલસામાન હેઠળ થયેલ ખર્ચ | વેતન હેઠળ થયેલ ખર્ચ |
| ૧ | વલસાડ | ૩૬.૭૦ | ૪૫.૨૮ | ૭૯.૭૪ | ૮૩.૮૮ |
| ૨ | પારડી | ૩૫.૨૧ | ૪૧.૬૩ | ૫૩.૪૭ | ૯૩.૭૭ |
| ૩ | ધરમપુર | ૧૨૪.૩૧ | ૨૮૪.૧૦ | ૧૧૫.૬૨ | ૩૦૧.૪૨ |
| ૪ | ઉમરગામ | ૨૫.૩૧ | ૨૫.૮૨ | ૩૦.૩૪ | ૬૨.૫૪ |
| ૫ | કપરાડા | ૮૭.૦૮ | ૨૨૫.૩૪ | ૫૭.૧૮ | ૧૬૩.૩૧ |
| | કુલ | ૩૦૮.૬૧ | ૬૨૨.૧૭ | ૩૩૬.૩૫ | ૭૦૪.૯૨ |

---------

બનાસકાંઠા જિલ્લામાં ખેતી વીજ જોડાણ મેળવવાની અરજીઓ

૧૦૨૦૮ શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) બનાસકાંઠા જિલ્લામાંથી ડાર્કઝોન ઉઠાવ્યા પછી તાલુકાવાર ખેતી વિષયક વીજ જોડાણ મેળવવા માટે કેટલી અરજીઓ તાલુકાવાર તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ મળી છે,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા ખેડૂતોને તાલુકાવાર વીજ જોડાણ આપવામાં આવ્યા છે,

(૩) કેટલાને આપવામાં બાકી છે અને તેના શા કારણો છે, અને

(૪) બાકીનાને ક્યાં સુધીમાં વીજ જોડાણ આપવાનું આયોજન છે ?

જવાબ

(૧) અને (૨) બનાસકાંઠા જિલ્લામાંથી ડાર્કઝોન ઉઠાવ્યા પછી કૃષિ વીજ જોડાણ માટે તારીખ ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ મળેલ અરજીઓ અને આપવામાં આવેલ વીજ જોડાણની માહિતી પત્રક અ મુજબ છે.

પત્રક–અ

| તાલુકો | મળેલ અરજીઓ | આપવામાં આવેલ વીજ જોડાણ |
|---|---|---|
| અમીરગઢ | ૩૩૦૭ | ૧૦૭ |
| ભાભર | ૫૩૭ | ૧૭૧ |
| દાંતીવાડા | ૪૮૫૫ | ૧૧૦૨ |
| ડીસા | ૫૬૯૭ | ૧૬૦૨ |
| દિઓદર | ૧૬૫૮ | ૫૬૨ |
| ધાનેરા | ૪૬૭૦ | ૧૩૩૪ |
| કાંકરેજ | ૨૧૮૩ | ૪૯૬ |
| લાખાણી | ૨૭૭૩ | ૮૪૦ |
| પાલનપુર | ૬૭૦૨ | ૧૩૯૦ |
| સુઇગામ | ૯૫ | ૧૧ |
| થરાદ | ૭૦૨૫ | ૨૦૧૯ |
| વડગામ | ૫૬૬૮ | ૧૫૬૯ |
| વાવ | ૭૮૯ | ૧૨૯ |
| દાંતા | ૧૨૦૯ | ૧૬૦૬ |

(૩) કૃષિ વીજ જોડાણ તેની નોંધણીના અગ્રતાક્રમ મુજબ મંજુર કરવામાં આવે છે. બનાસકાંઠા જિલ્લામાં ડાર્કઝોન ઉઠાવ્યા પહેલાંની પણ અરજીઓ પડતર હોઈ સૌ પ્રથમ આ અરજીઓ પર અને ત્યારબાદ ઉક્ત મળેલ અરજીઓ પર કૃષિ વિજ જોડાણની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ રીતે કૃષિ વિજ જોડાણ આપ્યા બાદ ૪૩,૧૪૨ અરજીઓ પડતર રહેલ છે.

(૪) કૃષિ વીજ જોડાણની નોંધણી અને વિજ જોડાણ આપવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. વિજ ઉત્પાદન અને વીજ માંગ વચ્ચે સંકલન જાળવવાની સાથે સાથે માળખાગત સુવિધા, નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વિજ વિતરણ વ્યવસ્થા અને વીજતંત્ર

પર પડનાર બોજો ધ્યાને લઈને અગ્રતાક્રમ અનુસાર કૃષિ વીજ જોડાણ આપવામાં આવે છે તદ્અનુસાર તમામ પડતર અરજીઓનો બનતી ત્વરાએ નિકાલ કરી શક્ય તેટલી ઝડપથી વિજ જોડાણ આપવાનું આયોજન છે.

---------

મહેસાણા જિલ્લામાં રૂર્બન પ્રોજેક્ટ હેઠળ ગટર યોજનામાં આવરી લીધેલ ગામો

૧૦૧૬૨ શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂર્બન પ્રોજેક્ટ હેઠળ ગટર યોજના હેઠળ મહેસાણા જિલ્લામાં કેટલા ગામોને આવરી લેવાયેલ છે, | (૧) ૧૨ ગામો |
| (૨) આ કામો તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ કયા તબક્કે છે, | (૨) ૩ કામ પ્રગતિમાં<br>૯ કામોના ડી.પી.આર. બનાવવાની કામગીરી ચાલુ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ આ કામો પાછળ કેટલો ખર્ચ થયેલ છે, અને | (૩) રૂ. ૧૬૨૮.૬૪ લાખ |
| (૪) તે કામો ક્યાં સુધીમાં પૂર્ણ થશે ? | (૪) પ્રગતિ હેઠળના કામો બનતી ત્વરાએ. |

---------

દાહોદ જિલ્લામાં રૂર્બન યોજના પ્રોજેક્ટ ગટર યોજનામાં આવરી લીધેલ ગામો

૧૦૧૬૦ શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપુરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂર્બન પ્રોજેક્ટ હેઠળ ગટર યોજના હેઠળ દાહોદ જિલ્લામાં કેટલા ગામોને આવરી લેવાયેલ છે, | (૧) ૧૮ (અઢાર) |
| (૨) આ કામો તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ કયા તબક્કે છે, | (૨) ૧૪ કામોના ડીટેઇલ્ડ પ્રોજેક્ટ રીપોર્ટ (ડી.પી.આર.) બનાવવાની કામગીરી ચાલુ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ આ કામો પાછળ કેટલો ખર્ચ થયેલ છે, અને | (૩) રૂા. ૧૨૬૧.૯૪ લાખ. |
| (૪) તે કામો ક્યાં સુધીમાં પૂર્ણ થશે ? | (૪) પ્રગતિ હેઠળના કામો બનતી ત્વરાએ |

---------

જામનગર, ધ્રોલ જોડિયા અને કાલાવડ તાલુકામાં બી.પી.એલ. લાભાર્થી થવા મળેલ અરજીઓ

૧૧૦૬૬ શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) જામનગર જિલ્લાના જામનગર, ધ્રોલ, જોડિયા અને કાલાવડ તાલુકામાં તા.૩૧–૫–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બી.પી.એલ. લાભાર્થી થવા કેટલી અરજીઓ મળેલ છે,

(૧) જામનગર જિલ્લાના જામનગર, ધ્રોલ, જોડીયા અને કાલાવડ તાલુકામાં તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બી.પી.એલ. લાભાર્થી થવા માટે ૮૫૪૨ અરજીઓ મળેલ છે. જેની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મળેલ કુલ અરજીઓ |
|---|---|---|
| ૧ | ધ્રોલ | ૭૪૦ |
| ૨ | જામનગર | ૪૭૪૩ |
| ૩ | જોડીયા | ૨૨૪૦ |
| ૪ | કાલાવડ | ૮૧૯ |
| | કુલ | ૮૫૪૨ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ ૦ થી ૧૬ અને ૧૭ થી ૨૦ માં કેટલા લાભાર્થીઓની અરજીઓ મંજૂર થઇ,

(૨) તે પૈકી નીચે દર્શાવેલ અરજીઓ ૦ થી ૧૬ અને ૧૭ થી ૨૦ માં લાભાર્થીઓ તરીકે મંજૂર કરવામાં આવી.

| તાલુકાનું નામ | તા.૩૧-૫-૧૪ની સ્થિતિએ ૦ થી ૧૬ તથા ૧૭ થી ૨૦ માં કુલ લાભાર્થીઓની અરજીઓ મંજૂર થઈ | | |
|---|---|---|---|
| | ૦ થી ૧૬ | ૧૭ થી ૨૦ | કુલ |
| ધ્રોલ | ૨૦ | ૧૮ | ૩૮ |
| જામનગર | ૪૮ | ૬૭ | ૧૧૫ |
| જોડીયા | ૧૬ | ૪૭ | ૬૩ |
| કાલાવડ | ૯૮ | ૧૫૨ | ૨૫૦ |
| કુલ | ૧૮૨ | ૨૮૪ | ૪૬૬ |

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી અને નામંજૂર કરવાના શા કારણો છે, અને

(૩) તે પૈકી નીચે દર્શાવેલ કારણોસર અરજીઓ નામંજૂર કરવામાં આવી.

| તાલુકાનું નામ | ના મંજૂર કરેલ અરજીની સંખ્યા | ના મંજૂર કરવાના કારણો |
|---|---|---|
| ધ્રોલ | ૧૬૫ | બીપીએલ પાત્રતા માટેના ૧૩ માપદંડો ધ્યાને લેતા જમીન, પાકા મકાન, તેમજ ટકાઉ ચીજ વસ્તુઓ ધારણ કરતા હોવાના કારણોસર |
| જામનગર | ૪૩૨૭ | |
| જોડીયા | ૨૦૫૨ | |
| કાલાવડ | ૫૧૯ | |

(૪) પડતર અરજીઓ ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

(૪)

| તાલુકાનું નામ | પડતર અરજીઓની સંખ્યા | અરજીઓ પડતર રહેવાના કારણો |
|---|---|---|
| ધ્રોલ | ૫૩૭ | પડતર અરજીઓની નિયમોનુસારની ચકાસણી કરી સત્વરે પૂર્ણ કરવામાં આવશે. |
| જામનગર | ૩૦૧ | |
| જોડીયા | ૧૨૫ | |
| કાલાવડ | ૫૦ | |

---------

પંચમહાલ જિલ્લામાં મિશન મંગલમ યોજનામાં સ્વસહાય જૂથની રચના

૧૦૧૯૧ શ્રીમતી નિમીષાબેન સુથાર (મોરવા હડફ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) મિશન મંગલમ યોજના હેઠળ પંચમહાલ જિલ્લામાં વર્ષ ૨૦૧૩-૧૪ માં કેટલા સ્વસહાય જૂથની રચના કરવામાં આવી,

(૨) તે પૈકી કેટલા સ્વસહાય જૂથને રિવોલ્વીંગ ફંડ આપવામાં આવેલ છે, અને

(૩) કુલ કેટલી રકમનો રિવોલ્વીંગ ફંડ આપેલ છે ?

જવાબ

(૧) મિશન મંગલમ યોજના હેઠળ પંચમહાલ જિલ્લામાં વર્ષ ૨૦૧૩-૧૪ માં ૧૧૧૧ સ્વસહાય જૂથની રચના કરવામાં આવી.

(૨) તે પૈકી ૧૭૯ સ્વસહાય જૂથને રીવોલ્વીંગ ફંડ આપવામાં આવેલ છે.

(૩) કુલ રૂ.૧૬,૬૦,૦૦૦/- રીવોલ્વીંગ ફંડ આપેલ છે.

---------

બોટાદ જિલ્લામાં વાણિજ્યિક વેરાની આવક

૧૦૦૯૨ ડૉ. ટી.ડી. માણીયા(બોટાદ) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

જવાબ

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ દરમ્યાન બોટાદ જિલ્લામાંથી રાજ્ય સરકારને વાણિજ્યિક વેરાની કેટલી આવક મળી, અને

(૧) રૂ.૩૩.૧૦ કરોડ.

(૨) બોટાદ જિલ્લાની સૌથી વધુ આવક આપતી ૫(પાંચ) કોમોડીટીઓ કઇ છે ?

(૨) (૧) કોટન
(૨) કોટન સીડ
(૩) પેટ્રોલ ડીઝલ
(૪) ખાદ્ય તેલ
(૫) તમાકુ

---------

સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમમાં રાજ્યના હિસ્સાની રકમ

૧૦૧૬૩ શ્રી કિશોરભાઇ શિ. કાનાણી(વરાછા રોડ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ અંતર્ગત ૨૦૧૩-૧૪ ના વર્ષમાં કેન્દ્રના હિસ્સા તેમજ રાજ્યના હિસ્સા તરીકે કેટલી રકમની જોગવાઇ કરવામાં આવી છે, અને

(૨) આ યોજના હેઠળ રાજ્યમાં તા.૩૧-૩-૨૦૧૪ ની સ્થિતિએ કુલ કેટલા વિસ્તારને આવરી લેવાયો છે ?

જવાબ

(૧) સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ અંતર્ગત ૨૦૧૩-૧૪ ના વર્ષમાં કેન્દ્રના હિસ્સાની રૂ.૬૨૫.૦૦ કરોડ તેમજ રાજ્યના હિસ્સાની રૂ.૨૫.૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

(૨) આ યોજના હેઠળ રાજ્યમાં તા.૩૧-૩-૨૦૧૪ ની સ્થિતિએ કુલ ૨૭.૭૦ (લાખ હેકટરમાં) વિસ્તારને આવરી લેવામાં આવેલ છે.

| ક્રમ | નાણાકીય વર્ષ | મંજૂર થયેલ વિસ્તાર (લાખ હેકટરમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૦૯-૧૦ | ૭.૦૮ |
| ૨ | ૨૦૧૦-૧૧ | ૭.૧૪ |
| ૩ | ૨૦૧૧-૧૨ | ૭.૧૨ |
| ૪ | ૨૦૧૨-૧૩ | ૩.૧૮ |
| ૫ | ૨૦૧૩-૧૪ | ૩.૧૮ |
| | કુલ | ૨૭.૭૦ |

---------

સુરેન્દ્રનગર જિલ્લામાં રૂર્બન પ્રોજેક્ટ હેઠળ ગટર યોજનામાં આવરી લીધેલ ગામો

૧૦૧૫૭ શ્રી શામજીભાઇ ભી. ચૌહાણ(ચોટીલા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૩-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂર્બન પ્રોજેક્ટ હેઠળ ગટર યોજના હેઠળ સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલા ગામોને આવરી લેવાયેલ છે,

(૨) આ કામો તા.૩૧-૦૩-૨૦૧૪ ની સ્થિતિએ ક્યા તબક્કે છે,

(૩) ઉકત સ્થિતિએ આ કામો પાછળ કેટલો ખર્ચ થયેલ છે, અને

(૪) તે કામો ક્યા સુધીમાં પૂર્ણ થશે ?

જવાબ

(૧) ૫ (પાંચ).

(૨)

| ગામનું નામ | તબક્કો (ભૌતિક) |
|---|---|
| લખતર | ૭૭ ટકા |
| ચુડા | ૮૫ ટકા |
| મૂળી | ૯૨ ટકા |
| સાયલા | પૂર્ણ |
| ખારાઘોડા | ડી.પી.આર. બનાવવાની કામગીરી ચાલુ છે. |

(૩) રૂ.૨૨૭૯.૧૫ લાખ.

(૪) પ્રગતિ હેઠળના કામો બનતી ત્વરાએ.

---------

જામનગર જિલ્લામાં મિશન મંગલમ યોજનામાં સ્વસહાય જૂથોનું બેંક ધિરાણ

તા.૧૪મી જુલાઇ ૨૦૧૪
અતારાંકિત પ્રશ્નો

૧૦૧૮૯ શ્રી ચીમનભાઇ ધ. શાપરીયા(જામજોધપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મિશન મંગલમ યોજના અંતર્ગત સ્વસહાય જૂથોને કેટલું બેંક ધિરાણ મળી શકે, | (૧) મિશન મંગલમ યોજના અંતર્ગત સ્વસહાય જૂથોને ઓછામાં ઓછા રૂ.૧/- લાખનું ધિરાણ બેંક મંજૂર કરી શકે છે. |
| (૨) વર્ષ ૨૦૧૩–૧૪ માં જામનગર જિલ્લામાં કેટલા સ્વસહાય જૂથોને બેન્ક ધિરાણ મંજૂર કરવામાં આવ્યું, અને | (૨) વર્ષ ૨૦૧૩–૧૪ માં જામનગર જિલ્લામાં ૧૧૩૨ સ્વસહાય જૂથોને બેંક ધિરાણ મંજૂર કરવામાં આવ્યું. |
| (૩) કેટલી રકમ બેંક ધિરાણ પેટે બેંકોએ આપી ? | (૩) રૂ.૮૯૩.૦૦ લાખ પુરા બેંક ધિરાણ પેટે બેંકોએ આપ્યા છે. |

---------

રાજ્યમાં ખેતી વિષયક વીજ જોડાણ મેળવવા એક જ સર્વે નંબરમાં બીજું કનેકશન આપવા બાબત

૧૦૨૩૦ ડૉ. અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૪ ની સ્થિતિએ રાજ્યમાં ખેતી વિષયક વીજ જોડાણ મેળવવા એક જ સર્વે નંબરમાં બીજુ કનેકશન મળી શકતું નથી એ સરકારના ધ્યાન પર છે, અને | (૧) હા, જી. નામ.ગુજરાત વીજ નિયમન પંચના સપ્લાય કોડ નોટીફીકેશન નંબર ૧૧–૨૦૦૫ ના સેકશન ૪ પ્રોસીઝર ફોર ગ્રાન્ટ ઓફ સપ્લાય, પેરા નંબર ૪.૧.૧૭ મુજબ એક જ પ્રિમાઇસીસમાં એક કરતાં વધુ વીજ જોડાણ આપી શકાતા નથી. |
| (૨) જો હા, તો એક જ સર્વે નંબરોમાં બીજા ભાઈ–ભાગીદારોને વિજ કનેકશન આપવા સરકારનું શું આયોજન છે ? | (૨) જો એક જ સર્વે નંબરવાળી જમીનના કૃષિ વીજ જોડાણની અરજી પહેલાં, ભાઈ–ભાગીદારોમાં ભાગ પડયા હોય અને દરેક ભાગનું અલગ અસ્તિવ ધરાવતા દસ્તાવેજી પુરાવા જેવા કે ૭/૧૨ ના ઉતારા અને ૮–અ ના ઉતારામાં ફેરફારની નોંધ, જમીનની માપણીની ડીસ્ટ્રીકટ ઈન્સ્પેકટર ઓફ લેન્ડ રેકોર્ડ દ્વારા પ્રમાણિત થયેલ નોંધ વિગેરે પૂરાવા રજૂ થયા હોય તો નવા સર્વે નંબરમાં બીજા અરજદારને કૃષિ વીજ જોડાણ આપવામાં આવે છે. |

---------

ખેડા જિલ્લામાં કાર્યરત વિજ કનેકશનો

૧૦૫૮૬ શ્રી નટવરસિંહ કુ. ઠાકોર(મહુધા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૫–૨૦૧૪ ની સ્થિતિએ કૃષિ તત્કાલ વિજ જોડાણ અન્વયે છેલ્લા એક વર્ષમાં ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલા વિજ કનેકશનો કાર્યરત કરવામાં આવ્યા, | (૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ કૃષિ તત્કાલ વીજ જોડાણ અન્વયે છેલ્લા એક વર્ષમાં ખેડા જિલ્લાના નડીયાદ તાલુકામાં ૧, મહેમદાવાદ તાલુકામાં ૫, કપડવંજ તાલુકામાં ૮ અને કઠલાલ તાલુકામાં ૭ કૃષિ વીજ જોડાણો કાર્યરત કરવામાં આવ્યા છે. માતર અને ઠાસરા તાલુકામાં અનુક્રમે ૩ અને ૪ અરજીઓમાં કૃષિ વીજ જોડાણની કાર્યવાહી પ્રગતિમાં છે. જ્યારે અન્ય તાલુકામાં કોઈ અરજી નથી. |
| (૨) બાકી રહેતા વિજ કનેકશનો કેટલા સમયમાં આપવામાં આવશે, અને | (૨) અંદાજપત્ર આપેલ પરંતુ અરજદાર તરફથી નાણાં ભરપાઈ ન થયેલ હોય તેવી ૭ પડતર અરજીઓ પરત્વે અંદાજપત્ર ભરાયેથી અને અંદાજપત્ર ભરાયેલ ૯૬ અરજદારોમાંથી ૨૧ ને કૃષિ વીજ જોડાણ આપી દેવામાં આવેલ છે. જ્યારે બાકીના ૭૫ અરજદારો તરફથી ટેસ્ટ રીપોર્ટ અને ટ્રાયલ રન સર્ટીફીકેટ રજૂ થયેથી વીજ જોડાણ ચાલુ કરી આપવામાં આવશે. |
| (૩) સતત વિજ પુરવઠો મળી રહે તે માટે સરકારે શી કાર્યવાહી કરી ? | (૩) રાજ્યમાં ઉપલબ્ધ વીજ પુરવઠો અને વીજ માંગ વચ્ચે સંકલન જળવાય તે રીતે તમામ કૃષિ વીજ જોડાણોમાં દરરોજ ગુણવત્તાસભર સાતત્યપૂર્ણ ૮ કલાક વીજ પુરવઠો |

પૂરો પાડવામાં આવે છે. આમ છતાં સમયાંતરે આકસ્મિક સંજોગોમાં પાકની જરૂરીયાતને ધ્યાને લઈ ખેડૂતોનો ઉભો પાક બચાવવા માટે જરૂરીયાત મુજબ વધારે સમય માટે વીજ પુરવઠો પૂરો પાડવાનું આયોજન કરવામાં આવે છે.

---------

જિલ્લા રોજગાર વિનિમય કચેરી રાજકોટ ખાતે બેરોજગારોની નોંધણી

૧૦૧૨૧ શ્રી પ્રવીણભાઇ માંકડીયા(ધોરાજી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લા રોજગાર વિનિમય કચેરી ખાતે તા.૩૧–૦૩–૨૦૧૪ ની સ્થિતિએ કેટલા બેરોજગારો નોંધાયેલ છે, અને | (૧) ૪૨૪૦૧ |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલાં બેરોજગારોને રોજગારી આપવામાં આવી ? | (૨) ૧૫૨૬૧. |

---------

આણંદ જિલ્લામાં ખાણ ખનીજની ચોરીના નોંધાયેલ કેસો

૯૦૫૬ શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય ખાણ–ખનીજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ જિલ્લામાં ખાણ ખનીજની ચોરી અંગેના કેટલા કેસો નોંધાયા, | (૧) ૧૮૨. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે ખેડૂતો માટી તથા મોરમ પોતાના ટ્રેક્ટર મારફતે ખેતી સુધારણા માટે લાવે છે તેવા કેટલા ખેડૂતોના ટ્રેક્ટર જપ્ત કરી દંડ વસુલવામાં આવ્યા, અને | (૨) એકપણ નહીં. |
| (૩) ખેડૂતોને ખેતી સુધારણા માટે માટી લઇ જવા માટે મુક્તિ આપવા સરકારનું શું આયોજન છે ? | (૩) આ અંગે ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો, ૨૦૧૦ માં જોગવાઈ કરેલ છે. |

---------

પંચમહાલ જિલ્લામાં સેલટેક્ષ અને વેટની રકમ

૧૦૫૩૨ શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૫/૨૦૧૪ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં વર્ષ ૨૦૧૩–૧૪ના વર્ષની સેલટેક્ષ અને વેટની આવક કેટલી થઈ, | (૧) રૂા.૨૨૧.૪૦ કરોડ. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલી રકમ વસુલ કરવાની બાકી છે, અને | (૨) રૂા.૯.૨૬ કરોડ. |
| (૩) બાકી રકમ વસુલ કરવા શા પગલા લેવામાં આવ્યા ? | (૩) બાકી વસુલાતવાળા કેસોમાં સંબંધિત કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે. |

---------

ગરબાડા તાલુકા વિકાસ અધિકારીની ખાલી જગ્યા

૧૦૩૦૯ શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૫/૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકા વિકાસ અધિકારીની જગ્યા કેટલા સમયથી ખાલી છે, ઉક્ત સ્થિતિએ આ ખાલી જગ્યાનો ચાર્જ કોને સોંપવામાં આવેલ છે, અને | (૧) તા.૮–૮–૨૦૧૩ના રોજથી ખાલી છે. ખાલી જગ્યાનો ચાર્જ તા.૮–૮–૨૦૧૩થી મદદનીશ તાલુકા વિકાસ અધિકારી, તાલુકા પંચાયત , ગરબાડાને સુપ્રત કરવામાં આવેલ હતો. મદદનીશ તાલુકા વિકાસ અધિકારી તા.૩૧–૦૫–૨૦૧૪ના રોજ વયનિવૃત્ત થતા આ ચાર્જ નાયબ હિસાબનીશ, તાલુકા પંચાયત, |

ગરબાડાને આપેલ છે.

(૨) નિયમિત તાલુકા વિકાસ અધિકારીની નિમણૂંક થાય તે માટે સરકારે શી કાર્યવાહી કરી ?

(૨) પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની તા.૨૩-૬-૨૦૧૪ની અધિસૂચનાથી નિયમિત તાલુકા વિકાસ અધિકારીની બદલીથી નિમણૂંક કરેલ છે.

---------

ગાંધીનગર જિલ્લામાં મિશન મંગલમ યોજનામાં સ્વસહાય જૂથની રચના

૧૦૧૯૩ શ્રી અશોકકુમાર ર. પટેલ(ગાંધીનગર ઉત્તર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) મિશન મંગલમ યોજના હેઠળ ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૩-૧૪માં કેટલા સ્વસહાય જૂથની રચના કરવામાં આવી,

(૨) તે પૈકી કેટલા સ્વસહાય જૂથને રિવોલ્વીંગ ફંડ આપવામાં આવેલ છે, અને

(૩) કુલ કેટલી રકમનો રિવોલ્વીંગ ફંડ આપેલ છે ?

જવાબ

(૧) મિશન મંગલમ યોજના હેઠળ ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૩-૧૪માં ૨૭૧ સ્વસહાય જૂથની રચના કરવામાં આવી.

(૨) તે પૈકી ૫૩ સ્વસહાય જૂથને રિવોલ્વીંગ ફંડ આપવામાં આવેલ છે.

(૩) કુલ રૂ।.૩,૦૫,૦૦૦/- રિવોલ્વીંગ ફંડ આપેલ છે.

---------

નવસારી જિલ્લામાં આઈ.ટી.આઈ.માં ઈન્સ્ટ્રક્ટરોની ખાલી જગ્યાઓ

૧૧૫૨૨ શ્રી છનાભાઇ કો. ચૌધરી (વાંસદા) : માનનીય શ્રમ રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થતિએ નવસારી જિલ્લામાં તાલુકાવાર કેટલી આઈ.ટી.આઈ કાર્યરત છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તેમાં ઈન્સ્ટ્રક્ટરોની જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, આ જગ્યા કેટલા સમયમાં ભરવામાં આવશે ?

જવાબ

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થતિએ નવસારી જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ આઈ.ટી.આઈ કાર્યરત છે.

| ક્રમ | તાલુકાનું નામ | કાર્યરત આઈ.ટી.આઈ.ની સંખ્યા |
|---|---|---|
| ૧ | ચિખલી | ૦૨ |
| ૨ | ગણદેવી | ૦૨ |
| ૩ | ખેરગામ | ૦૧ |
| ૪ | નવસારી | ૦૨ |
| ૫ | વાંસદા | ૦૧ |
| ૬ | જલાલપોર | ૦૧ |

(૨) ૩૭ જગ્યાઓ ૦૨ વર્ષથી
૪૪ જગ્યાઓ ૦૧ વર્ષથી
૨૩ જગ્યાઓ ૦૧ વર્ષથી ઓછા સમયથી ખાલી છે.
તા.૩૧-૦૫-૨૦૧૪ બાદ ૦૩ જગ્યાઓ ભરવામાં આવેલ છે. બાકી જગ્યાઓ બનતી ત્વરાએ ભરવામાં આવશે.

---------

મહેમદાવાદ તથા ખેડા તાલુકાની ખેતી વિષયક વીજ જોડાણની પડતર અરજીઓ

૯૭૫૬ શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થતિએ ખેડા જિલ્લાના મહેમદાવાદ તથા ખેડા તાલુકાની ખેતી વિષયક વીજ જોડાણ મેળવવા માટે કેટલી અરજીઓ છેલ્લા એક વર્ષથી પડતર છે,

(૨) ઉક્ત અરજીઓ કેટલા સમયથી પડતર છે,

(૩) ઉક્ત અરજીઓ પડતર રહેવા પાછળના શા કારણો છે, અને

જવાબ

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ ખેડા જિલ્લાના મહેમદાવાદ તથા ખેડા તાલુકાની કૃષિ વીજ જોડાણની અનુક્રમે ૮૩ અને ૧૩૫ અરજીઓ પડતર છે.

(૨) ઉક્ત અરજીઓ જૂન-૨૦૧૩થી પડતર છે.

(૩) કૃષિ વીજ જોડાણ, નોંધણીના અગ્રતાક્રમ મુજબ આપવામાં આવતા હોઇ હાલ, અગાઉના વર્ષોની નોંધાયેલ અરજીઓ પર વીજ જોડાણ આપવાની કાર્યવાહી ચાલુ છે. જેથી આ અરજીઓ પડતર રહેલ છે.

(૪) તમામ અરજીઓનો ક્યાં સુધી નિકાલ કરવામાં આવશે ?

(૪) કૃષિ વીજ જોડાણની નોંધણી અને વીજ જોડાણ આપવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. વીજ ઉત્પાદન અને વીજ માંગ વચ્ચે સંકલન જાળવવાની સાથે સાથે માળખાગત સુવિધા, નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજતંત્ર પર પડનાર બોજો ધ્યાને લઇને અગ્રતાક્રમ અનુસાર કૃષિ વીજ જોડાણ આપવામાં આવે છે. તદ્‌અનુસાર તમામ પડતર અરજીઓનો બનતી ત્વરાએ નિકાલ કરી શક્ય તેટલી ઝડપથી વીજ જોડાણ આપવાનું આયોજન છે.

---------

તાપી જિલ્લામાં રૂર્બન પ્રોજેક્ટ હેઠળ ગટર યોજનામાં આવરી લીધેલ ગામો

૧૦૧૫૬ શ્રી મોહનભાઇ ધ. ઢોડીયા(મહુવા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂર્બન પ્રોજેક્ટ હેઠળ ગટર યોજના હેઠળ તાપી જિલ્લામાં કેટલા ગામોને આવરી લેવાયેલ છે,

(૧) ૭ ગામો.

(૨) આ કામો તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ કયા તબક્કે છે,

(૨)

| ગામનું નામ | ભૌતિક પ્રગતિ |
|---|---|
| વાલોડ | ૮૨.૦૦ ટકા |
| ઉચ્છલ | ૯૫.૦૦ ટકા |
| નિઝર | ૬૪.૦૦ ટકા |

૪ કામોના ડિટેઇલ્ડ પ્રોજેક્ટ રિપોર્ટ (ડી.પી.આર.) બનાવવાની કામગીરી ચાલુ છે.

(૩) ઉક્ત સ્થિતિએ આ કામો પાછળ કેટલો ખર્ચ થયેલ છે, અને

(૩) રૂ઼ા. ૧૨૪૨.૬૪ લાખ.

(૪) તે કામો ક્યાં સુધીમાં પૂર્ણ થશે ?

(૪) પ્રગતિ હેઠળના કામો બનતી ત્વરાએ.

---------

સાબરકાંઠા જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજનાની કામગીરી

૧૦૧૪૧ શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા(હિંમતનગર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નિર્મળ ભારત અભિયાન યોજના હેઠળ કયા કયા પ્રકારની કામગીરી હાથ ધરવામાં આવી છે, અને

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નિર્મળ ભારત અભિયાન યોજના હેઠળ નીચે મુજબની કામગીરી હાથ ધરવામાં આવી છે.

| ક્રમ | વિગત | થયેલ ભૌતિક કામગીરી |
|---|---|---|
| ૧ | વ્યક્તિગત શૌચાલય એ.પી.એલ. (નક્કી કરવામાં આવેલ પાંચ કેટેગરી વાળા) | ૩૦૪૭૬ |
| ૨ | વ્યક્તિગત શૌચાલય બી.પી.એલ. | ૪૮૬૨ |
| ૩ | પ્રવાહી કચરાનું વ્યવસ્થાપન | ૭ ગામોમાં |
| ૪ | પ્રચાર પ્રસારની પ્રવૃત્તિ | ૧૪૮૦ |
| ૫ | શાળા શૌચાલય | ૩૬૦ |
| ૬ | આંગણવાડી શૌચાલય | ૨૪૫ |

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) તેની પાછળ નીચે મુજબ ખર્ચ કરવામાં આવ્યો.

| ક્રમ | વિગત | થયેલ ખર્ચની |
|---|---|---|

| | | વિગત (રૂ।.લાખમાં) |
|---|---|---|
| ૧ | વ્યક્તિગત શૌચાલય એ.પી.એલ. (નક્કી કરવામાં આવેલ પાંચ કેટેગરી વાળા) | ૮૭૩.૬૮ |
| ૨ | વ્યક્તિગત શૌચાલય બી.પી.એલ. | ૧૧૮.૬૫ |
| ૩ | પ્રવાહી કચરાનું વ્યવસ્થાપન | ૪૦.૨૮ |
| ૪ | પ્રચાર પ્રસારની પ્રવૃત્તિ | ૪૧.૩૬ |
| ૫ | શાળા શૌચાલય | ૧૨૬.૦૦ |
| ૬ | આંગણવાડી શૌચાલય | ૧૯.૬૦ |
| | કુલઃ | ૧૨૧૯.૫૭ |

---------

ભાવનગર જિલ્લામાં વાણિજિયક વેરાની આવક

૧૦૦૯૩ શ્રી કેશુભાઇ હી. નાકરાણી(ગારીયાધાર) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ દરમ્યાન ભાવનગર જિલ્લામાંથી રાજ્ય સરકારને વાણિજિયક વેરાની કેટલી આવક મળી, અને

(૨) ભાવનગર જિલ્લાની સૌથી વધુ આવક આપતી ૫(પાંચ) કોમોડીટીઓ કઈ છે ?

જવાબ

(૧) રૂ।.૮૧૩.૨૬ કરોડ.

(૨) (૧) જહાજના ભંગારમાંથી નિકળતી ચીજો
(૨) ગેસ
(૩) તમાકુ
(૪) ઓટોમોબાઇલ્સ
(૫) કોટન.

---------

રાજ્યનું કુલ દેવું

૧૦૫૫૨ શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યની આર્થિક જવાબદારી દેવામાં કેટલો વધારો થયો છે અને કુલ કેટલું દેવું છે, અને

(૨) આ અંગે કેટલી રકમોની વ્યાજ ચૂકવણી છેલ્લાં બે વર્ષમાં કરવામાં આવી ?

જવાબ

(૧)

| નાણાકીય વર્ષ | દેવામાં ચોખ્ખો વધારો | કુલ દેવું |
|---|---|---|
| ૨૦૧૨–૧૩ | ૧૨૯૬૧ | ૧૩૬૩૬૭ |
| ૨૦૧૩–૧૪ (સુ. ધારેલ અંદાજ મુજબ) | ૧૩૭૮૬ | ૧૫૦૧૫૩ |

(૨) રૂ.કરોડમાં

| નાણાકીય વર્ષ | ચુકવેલ વ્યાજ |
|---|---|
| ૨૦૧૨–૧૩ | ૧૦૮૮૩ |
| ૨૦૧૩–૧૪ (સુ. ધારેલ અંદાજ મુજબ) | ૧૧૯૮૯ |

---------

રાજકોટ જિલ્લામાં તલાટી કમ મંત્રીશ્રીઓની ખાલી જગ્યાઓ

૯૬૩૯ શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ રાજકોટ

જવાબ

(૧)

જિલ્લામાં તલાટી કમ મંત્રીશ્રીઓની કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,

| ૧ વર્ષ સુધીની | ૧ થી ૩ વર્ષ સુધીની | ૩ વર્ષથી ઉપરની | કુલ |
|---|---|---|---|
| ૧૯૩ | ૫૫ | ૩૭ | ૨૮૫ |

(૨) આવી ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે, અને

(૨) કુલ ખાલી જગ્યાઓ પૈકી ૬૫ જગ્યાઓ ભરવાની કાર્યવાહી પૂર્ણ થયેથી ભરવામાં આવશે. બાકીની જગ્યાઓ સત્વરે ભરવામાં આવશે.

(૩) લાંબા સમયથી ખાલી જગ્યાઓના કારણે વહીવટ પર કેવા પ્રકારની ગંભીર અસરો જોવા મળી ?

(૩) ગ્રામ્ય લેવલે વહીવટી કામગીરીમાં કોઇ ગંભીર અસરો જોવા મળી નથી.

---------

બનાસકાંઠા જિલ્લામાં જંગલની હદમાં આવેલી ગ્રેનાઈટ લીઝો

૧૦૯૨૦ શ્રી કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) : માનનીય ખાણ ખનીજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં ગ્રેનાઇટ કાઢવા માટેની કોઈ લીઝો જંગલની હદમાં આવેલી છે,

(૨) જો હા, તો આ લીઝ હોલ્ડરોએ વન અને પર્યાવરણ વિભાગનું એનઓસી મેળવેલ છે, અને

(૩) જો ના, તો આવા લીઝ ધારકોને વન અને પર્યાવરણ વિભાગનું એનઓસી મેળવેલ ન હોય તો તેની સામે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યારે શી કાયદાકીય કાર્યવાહી કરવામાં આવી ?

જવાબ

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં ગ્રેનાઇટ કાઢવા માટેની કોઇ લીઝ જંગલની હદમાં આવેલી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

છોટાઉદેપુર જિલ્લામાં બી.પી.એલ. લાભાર્થી થવા માટેની અરજીઓ

૯૦૯૫ શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં કેટલા અરજદારોએ બી.પી.એલ. લાભાર્થી થવા માટે અરજીઓ કરી,

(૨) તે પૈકી તાલુકાવાર કેટલા લાભાર્થીઓને ૦ થી ૧૬ અને ૧૭ થી ૨૦ માં બી.પી.એલ. તરીકે નોંધવામાં આવ્યા,

જવાબ

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં કુલ-૬૨૩ લાભાર્થીઓએ બી.પી.એલ. થવા માટે અરજીઓ કરેલ છે.

| તાલુકાનું નામ | તા.૦૧-૦૪-૧૨ થી તા.૩૧-૦૩-૧૩ દરમ્યાન મળેલ લાભાર્થીઓની અરજી | તા.૦૧-૦૪-૧૩ થી તા.૩૧-૦૫-૧૪ દરમ્યાન મળેલ લાભાર્થીઓની અરજી | કુલ લાભાર્થીઓ |
|---|---|---|---|
| સંખેડા | ૨૮૧ | ૦ | ૨૮૧ |
| નસવાડી | ૦ | ૧૧૦ | ૧૧૦ |
| જેતપુરપાવી | ૦ | ૩ | ૩ |
| છોટાઉદેપુર | ૦ | ૦ | ૦ |
| ક્વાંટ | ૨૦૬ | ૨૩ | ૨૨૯ |
| કુલ | ૪૮૭ | ૧૩૬ | ૬૨૩ |

(૨) તે પૈકી તાલુકાવાર લાભાર્થીઓને ૦ થી ૧૬ માં ૧૦૨ અને ૧૭ થી ૨૦ માં ૫ લાભાર્થીઓને બી.પી.એલ. તરીકે નોંધવામાં આવેલ છે.

| તાલુકાનું નામ | ૦ થી ૧૬ | ૧૭ થી ૨૦ |
|---|---|---|
| સંખેડા | ૦ | ૦ |
| નસવાડી | ૧૦૨ | ૫ |
| જેતપુરપાવી | ૦ | ૦ |
| છોટાઉદેપુર | ૦ | ૦ |
| ક્વાંટ | ૦ | ૦ |
| કુલ | ૧૦૨ | ૫ |

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરી, અને
(૪) કેટલી અરજીઓ પડતર છે ?

(૩) ત્રણ અરજીઓ નામંજૂર કરેલ છે.
(૪) કુલ–૫૧૩ અરજીઓ પડતર છે.

| તાલુકાનું નામ | તા.૦૧–૦૪–૧૨ થી તા.૩૧–૦૩–૧૩ દરમ્યાન મળેલ લાભાર્થીઓની અરજી | તા.૦૧–૦૪–૧૩ થી તા.૩૧–૦૫–૧૪ દરમ્યાન મળેલ લાભાર્થીઓની અરજી | કુલ લાભાર્થીઓ |
|---|---|---|---|
| સંખેડા | ૨૮૧ | ૦ | ૨૮૧ |
| નસવાડી | ૦ | ૦ | ૦ |
| જેતપુરપાવી | ૦ | ૩ | ૩ |
| છોટાઉદેપુર | ૦ | ૦ | ૦ |
| ક્વાંટ | ૨૦૬ | ૨૩ | ૨૨૯ |
| કુલ | ૪૮૭ | ૨૬ | ૫૧૩ |

નોંધઃ ૫૧૩ લાભાર્થીઓની અરજીઓ સંબંધિત ટી.ડી.ઓ. ની કક્ષાએ ચકાસણી હેઠળ છે.

---------

બનાસકાંઠા જિલ્લામાં કાર્યરત ૬૬ કે.વી. સબસ્ટેશનો બાબત

૧૦૧૬૬ શ્રી પરબતભાઇ સ. પટેલ (થરાદ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧–૦૩–૨૦૧૨ ની સ્થિતિએ ૬૬ કેવી ના કેટલા સબસ્ટેશનો કાર્યરત હતા, અને

(૨) વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ માં તાલુકાવાર કેટલા નવિન સબસ્ટેશન મંજૂર કરવામાં આવ્યા ?

જવાબ

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧–૦૩–૨૦૧૨ ની સ્થિતિએ ૬૬ કે.વી. ના ૧૧૩ સબસ્ટેશનો કાર્યરત હતા.

(૨) વર્ષ ૨૦૧૨–૧૩ માં બનાસકાંઠા જિલ્લામાં કાંકરેજ, દાંતીવાડા, દિયોદર અને વાવ પ્રત્યેક તાલુકામાં ૬૬ કેવી ના ૧ એમ કુલ ૪ સબસ્ટેશનો મંજૂર કરવામાં આવેલ.

વર્ષ ૨૦૧૩–૧૪ માં બનાસકાંઠા જિલ્લાનાં કાંકરેજ તાલુકામાં–૧, ડીસા તાલુકામાં–૩, થરાદ તાલુકામાં–૩, દિયોદર તાલુકામાં–૧, ધાનેરા તાલુકામાં–૩, વડગામ તાલુકામાં–૨ એમ મળીને કુલ ૧૩ સબસ્ટેશનો મંજૂર કરવામાં આવેલ.

---------

રાજ્ય સરકાર દ્વારા ખાનગી ઉદ્યોગ ગૃહો પાસેથી વિજળી ખરીદવા બાબત

૯૫૨૦ શ્રી જસુભાઇ ધા. બારડ(તાલાલા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખાનગી ઉદ્યોગ ગૃહો પાસેથી વીજળી શાં ભાવે ખરીદવામાં આવી,અને

(૨) ખાનગી ઉદ્યોગ ગૃહો પાસેથી વીજળી ખરીદવાના શા શા કારણો છે ?

જવાબ

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ. દ્વારા ખાનગી ઉદ્યોગ ગૃહો પાસેથી કરવામાં આવેલ વીજ ખરીદી તથા તેના ભાવની વિગતો નીચે મુજબ છે.

| છેલ્લા બે વર્ષની વિગત | મિ.યુ. | દર (રૂ.યુનીટ) |
|---|---|---|
| ૧.૦૬.૧૨ થી ૩૧.૦૫.૧૩ | ૨૪૭૮૧ | ૨.૯૯ |
| ૧.૦૬.૧૩ થી ૩૧.૦૫.૧૪ | ૨૯૨૫૩ | ૨.૯૧ |

(૨) સમગ્ર દેશની વધતી જતી વીજ માંગને અનુલક્ષીને વીજ ઉત્પાદનમાં ખાનગી સાહસોના મુડી રોકાણને પ્રોત્સાહન આપવાની કેન્દ્ર સરકારની નીતિ તેમજ તે અન્વયે ઇલેક્ટ્રીસીટી એક્ટ ૨૦૦૩ માં થયેલ જોગવાઇઓ અને કેન્દ્ર સરકારની નેશનલ ટેરીફ પોલીસી ૨૦૦૬ ની માર્ગદર્શિકાને અનુરૂપ રહીને રાજ્યના તમામ પ્રકારના વીજગ્રાહકોને પર્યાપ્ત

વીજળી પૂરી પાડી શકાય તે ધ્યાનમાં રાખીને વિવિધ સ્ત્રોતો મારફત વીજ ખરીદવામાં આવે છે. તદ્‌ઉપરાંત સેન્ટ્રલ ઇલેક્ટ્રીસીટી ઓથોરીટી (સી.ઇ.એ.) ના સર્વેના આધારે રાજ્યની લાંબાગાળાની વીજ જરૂરિયાત તેમજ તમામ પ્રકારના ગ્રાહકોની વીજ માંગ ધ્યાનમાં રાખીને, નામદાર વીજ નિયમન આયોગની મંજુરી મેળવીને લાંબાગાળાના વીજ ખરીદી કરારો કરવામાં આવે છે અને જે તે સમયની વીજ માંગ તેમજ વીજ મથકોની માલિકીને નહી, પરંતુ સૌથી સસ્તા બળતણ ખર્ચના ભાવના ક્રમ મુજબ વીજ ખરીદી કરવા અંગેના નામદાર વીજ નિયમન આયોગના નિર્દેશ મુજબ, વીજ માંગ સંતોષાય ત્યાં સુધીની ખરીદી કરવામાં આવે છે.

---------

## સાબરકાંઠા જિલ્લામાં બી.પી.એલ. લાભાર્થી થવા માટેની અરજીઓ

૧૧૫૨૦ શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૫–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં બી.પી.એલ. લાભાર્થી થવા માટેની કેટલી અરજીઓ તાલુકાવાર મળી,

(૨) તે પૈકી તાલુકાવાર કેટલાને ૦ થી ૧૬ અને કેટલાને ૧૭ થી ૨૦ માં બી.પી.એલ. તરીકે નોંધવામાં આવ્યા,

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરી અને કેટલી પડતર છે, અને

(૪) અરજીઓ પડતર રહેવાના શા કારણો છે અને તેનો ક્યારે નિકાલ થશે ?

**જવાબ**

(૧) તા.૩૧–૫–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બીપીએલ લાભાર્થી થવા માટે ૧૫૧૦ અરજીઓ મળેલ છે. તાલુકાવાર વિગતો સામેલ પત્રક મુજબ છે.

(૨) આવેલ અરજીઓ પૈકી ૦ થી ૧૬ ના ૩૭૩ તથા ૧૭ થી ૨૦ ના ૨૫૪ એમ કુલ ૬૨૭ લાભાર્થી બીપીએલ યાદીમાં સમાવેશ થયેલ છે. તાલુકાવાર વિગતો સામેલ પત્રક મુજબ છે.

(૩) આવેલ અરજીઓ પૈકી ૮૮૩ નામંજૂર કરવામાં આવેલ છે. અને પડતર અરજી ૦ છે. તાલુકાવાર વિગતો સામેલ પત્રક મુજબ છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પત્રક

| ક્રમ | તાલુકો | બીપીએલ યાદીમાં સમાવેશ કરવા માટે મળેલ અરજીઓની સંખ્યા | | | તે પૈકી લાભાર્થી યાદીમાં નામ સમાવેશ થયેલ લાભાર્થીઓની સંખ્યા ૦ થી ૧૬ | | | તે પૈકી લાભાર્થી યાદીમાં નામ સમાવેશ થયેલ લાભાર્થીની સંખ્યા ૧૭ થી ૨૦ | | | નામંજુર કરેલ અરજીઓ | પડતર અરજીઓની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૧–૬–૨૦૧૨ થી ૩૧–૫–૧૩ | ૧–૬–૨૦૧૩ થી ૩૧–૫–૨૦૧૪ | કુલ | ૧–૬–૨૦૧૨ થી ૩૧–૫–૧૩ | ૧–૬–૨૦૧૩ થી ૩૧–૫–૨૦૧૪ | કુલ | ૧–૬–૨૦૧૨ થી ૩૧–૫–૧૩ | ૧–૬–૨૦૧૩ થી ૩૧–૫–૨૦૧૪ | કુલ | | |
| ૧ | હિંમતનગર | ૧૧૭ | ૨૬૫ | ૩૮૨ | ૪૮ | ૨૨ | ૭૦ | ૩૨ | ૧૪ | ૪૬ | ૨૬૬ | ૦ |
| ૨ | ઇડર | ૧૩૫ | ૧૧૩ | ૨૪૮ | ૫૫ | ૨ | ૫૭ | ૩૬ | ૧ | ૩૭ | ૧૫૪ | ૦ |
| ૩ | વડાલી | ૧૩ | ૩ | ૧૬ | ૮ | ૧ | ૯ | ૫ | ૦ | ૫ | ૨ | ૦ |
| ૪ | મોડાસા | ૭૯ | ૬૫ | ૧૪૪ | ૪૦ | ૨ | ૪૨ | ૩૪ | ૧ | ૩૫ | ૬૭ | ૦ |
| ૫ | ધનસુરા | ૧૫ | ૧૦ | ૨૫ | ૮ | ૨ | ૧૦ | ૬ | ૨ | ૮ | ૭ | ૦ |
| ૬ | પ્રાંતિજ | ૪૪ | ૨૫ | ૬૯ | ૨૫ | ૭ | ૩૨ | ૧૬ | ૫ | ૨૧ | ૧૬ | ૦ |
| ૭ | તલોદ | ૭૨ | ૭૮ | ૧૫૦ | ૨૬ | ૫ | ૩૧ | ૧૭ | ૩ | ૨૦ | ૯૯ | ૦ |
| ૮ | બાયડ | ૮૯ | ૨૬ | ૧૧૫ | ૧૩ | ૧ | ૧૪ | ૯ | ૧ | ૧૦ | ૯૧ | ૦ |
| ૯ | માલપુર | ૨૫ | ૫૧ | ૭૬ | ૪ | ૦ | ૪ | ૨ | ૦ | ૨ | ૭૦ | ૦ |
| ૧૦ | ખેડબ્રહ્મા | ૬૫ | ૦ | ૬૫ | ૧૪ | ૦ | ૧૪ | ૧૦ | ૦ | ૧૦ | ૪૧ | ૦ |
| ૧૧ | વિજયનગર | ૬૨ | ૧ | ૬૩ | ૩૪ | ૦ | ૩૪ | ૨૩ | ૦ | ૨૩ | ૬ | ૦ |
| ૧૨ | ભિલોડા | ૮૦ | ૪૧ | ૧૨૧ | ૪૬ | ૦ | ૪૬ | ૩૧ | ૦ | ૩૧ | ૪૪ | ૦ |
| ૧૩ | મેઘરજ | ૨૫ | ૧૧ | ૩૬ | ૮ | ૨ | ૧૦ | ૫ | ૧ | ૬ | ૨૦ | ૦ |
| | કુલ | ૮૨૧ | ૬૮૯ | ૧૫૧૦ | ૩૨૯ | ૪૪ | ૩૭૩ | ૨૨૬ | ૨૮ | ૨૫૪ | ૮૮૩ | ૦ |

---------

## ગીર સોમનાથ તથા જૂનાગઢ જિલ્લામાં મનરેગા યોજના કામોમાં મળેલ ગેરરીતિઓની ફરિયાદ

તા.૧૪મી જુલાઇ ૨૦૧૪

અતારાંકિત પ્રશ્નો

૧૦૫૧૯ શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગીર સોમનાથ તથા જૂનાગઢ જિલ્લામાં મનરેગા યોજનાના કામોમાં તાલુકાવાર તા.૩૧-૦૫-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નાણાંકીય ગેરરીતિઓ અંગેની મળેલ ફરિયાદો અન્વયે કેટલી ફરિયાદોની તપાસ કરવામાં આવી, અને

(૨) આ તપાસમાં કેટલી ગેરરીતિઓ જણાઇ, અને જવાબદારો સામે શાં પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧) ગીર સોમનાથ તથા જૂનાગઢ જિલ્લામાં મનરેગા યોજનાના કામોમાં તાલુકાવાર તા.૩૧-૦૫-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નાણાંકીય ગેરરીતિઓ અંગેની મળેલ ફરિયાદો અને ફરિયાદોની તપાસ કરવામાં આવી તેની વિગત નીચે મુજબ છે.

જુનાગઢ જિલ્લો

| ક્રમ | તાલુકો | તા.૦૧-૦૬-૨૦૧૨ થી તા.૩૧-૦૫-૨૦૧૩ | | તા.૦૧-૦૬-૨૦૧૩ થી તા.૩૧-૦૫-૨૦૧૪ | | કુલ મળેલ ફરિયાદો | કુલ કરેલ તપાસ |
|---|---|---|---|---|---|---|---|
| | | મળેલ ફરિયાદો | કરેલ તપાસ | મળેલ ફરિયાદો | કરેલ તપાસ | | |
| ૧ | ભેંસાણ | ૧ | ૧ | ૧ | ૧ | ૨ | ૨ |
| ૨ | જુનાગઢ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ |
| ૩ | કેશોદ | ૧ | ૧ | ૨ | ૧ | ૩ | ૨ |
| ૪ | માળીયા | ૦ | ૦ | ૩ | ૨ | ૩ | ૨ |
| ૫ | માણાવદર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૬ | માંગરોળ | ૧ | ૦ | ૧ | ૧ | ૨ | ૧ |
| ૭ | મેંદરડા | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ |
| ૮ | વંથલી | ૬ | ૪ | ૦ | ૦ | ૬ | ૪ |
| ૯ | વિસાવદર | ૩ | ૨ | ૦ | ૦ | ૩ | ૨ |
| | કુલ | ૧૪ | ૯ | ૭ | ૫ | ૨૧ | ૧૪ |

ગીર-સોમનાથ જિલ્લો

| ક્રમ | તાલુકો | તા.૦૧-૦૬-૨૦૧૨ થી તા.૩૧-૦૫-૨૦૧૩ | | તા.૦૧-૦૬-૨૦૧૩ થી તા.૩૧-૦૫-૨૦૧૪ | | કુલ મળેલ ફરિયાદો | કુલ કરેલ તપાસ |
|---|---|---|---|---|---|---|---|
| | | મળેલ ફરિયાદો | કરેલ તપાસ | મળેલ ફરિયાદો | કરેલ તપાસ | | |
| ૧ | કોડીનાર | ૨ | ૧ | ૦ | ૦ | ૨ | ૧ |
| ૨ | તાલાલા | ૩ | ૨ | ૧ | ૦ | ૪ | ૨ |
| ૩ | સુત્રાપાડા | ૧ | ૧ | ૧ | ૦ | ૨ | ૧ |
| ૪ | ઉના | ૩ | ૨ | ૮ | ૨ | ૧૧ | ૪ |
| ૫ | વેરાવળ | ૨૪ | ૧૨ | ૭ | ૪ | ૩૧ | ૧૬ |
| | કુલ | ૩૩ | ૧૮ | ૧૭ | ૬ | ૫૦ | ૨૪ |

(૨) આ તપાસમાં નીચેની વિગતે ગેરરીતિઓ જણાઇ.

જૂનાગઢ જિલ્લો

| ક્રમ | તાલુકો | તપાસ થયેલ ફરિયાદ તા.૧-૬-૧૨ થી ૩૧-૫-૧૩ | જણાઇ આવેલ ગેરરીતિઓ | તપાસ થયેલ ફરિયાદ તા.૧-૬-૧૩ થી ૩૧-૫-૧૪ | જણાઇ આવેલ ગેરરીતિઓ | કુલ જણાઇ આવેલ ગેરરીતિઓ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ભેંસાણ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ |
| ૨ | જુનાગઢ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | કેશોદ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ |
| ૪ | માળીયા | ૦ | ૦ | ૨ | ૧ | ૧ |
| ૫ | માણાવદર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૬ | માંગરોળ | ૦ | ૦ | ૧ | ૧ | ૧ |
| ૭ | મેંદરડા | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૮ | વંથલી | ૪ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૯ | વિસાવદર | ૨ | ૦ | ૦ | ૦ | ૦ |
| | કુલ | ૯ | ૦ | ૫ | ૨ | ૨ |

ગીર સોમનાથ જિલ્લો

| ક્રમ | તાલુકો | તપાસ થયેલ ફરિયાદ તા.૧- | જણાઇ આવેલ ગેરરીતિઓ | તપાસ થયેલ ફરિયાદ તા.૧- | જણાઇ આવેલ ગેરરીતિઓ | કુલ જણાઇ આવેલ ગેરરીતિઓ |
|---|---|---|---|---|---|---|

| | | ૬–૧૨ થી ૩૧–૫–૧૩ | | ૬–૧૩ થી ૩૧–૫–૧૪ | | |
|---|---|---|---|---|---|---|
| ૧ | કોડીનાર | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | તાલાલા | ૨ | ૨ | ૦ | ૦ | ૨ |
| ૩ | સુત્રાપાડા | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | ઉના | ૨ | ૦ | ૨ | ૧ | ૧ |
| ૫ | વેરાવળ | ૧૨ | ૫ | ૪ | ૦ | ૫ |
| | કુલ | ૧૮ | ૭ | ૬ | ૧ | ૮ |

મળેલ ફરિયાદો અંગે તપાસ હાથ ધરવામાં આવતા જે જે કિસ્સામાં તપાસ કાર્યવાહી પૂર્ણ થયેલ છે અને નાણાંકીય ગેરરીતિ જણાઇ આવેલ હોઇ તેવા કિસ્સાઓમાં જવાબદારો સામે નિયમાનુસારની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

---------

કચ્છ જિલ્લામાં ચાલુ પ્રોજેક્ટમાં ખેડૂતોની જમીન સંપાદનનું વળતર ન મળવા બાબત

૧૦૮૭૯ શ્રી શકિતસિંહજી હ. ગોહિલ (અબડાસા) : માનનીય ખાણ ખનીજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૫–૨૦૧૪ ની સ્થિતિએ જી.એમ.ડી.સી. ના કચ્છ જિલ્લાના ચાલુ પ્રોજેક્ટ લહરી માતાના મઢ ખાતે દસ ગામના ખેડૂતોની જમીન સંપાદન થયેલ છે પરંતુ તેમને વળતર મળેલ નથી તે હકીકત સરકાર જાણે છે કે કેમ, અને

(૨) જો હા, તો વળતર મળે તે માટે સરકારે શાં પગલા લીધા છે ?

જવાબ

(૧) અને (૨)

કચ્છ જિલ્લામાં માતાનો મઢ લીગ્નાઇટ માઇનીંગ લીઝ વિસ્તારમાં દસ ગામ નહીં પરંતુ માતાનો મઢ, ડેણમાં, ડેડરાણી અને લીફરી એમ ચાર ગામોના ખાનગી અને સરકારી સર્વે નંબરોનો સમાવેશ થાય છે. જમીન સંપાદન અધિકારીના એવોર્ડ મુજબ તમામ કેસોમાં વળતર ચૂકવવામાં આવેલ છે. પરંતુ, ખાનગી ખાતેદારોને મળેલ વળતરથી સંતોષ ન થતાં વધુ વળતર માટેના કેસો જિલ્લા કોર્ટમાં પડતર છે.

---------

ખેડા જિલ્લામાં મનરેગા યોજના હેઠળના કામો પાછળ થયેલ ખર્ચ

૧૦૫૨૯ શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૫–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં તાલુકાવાર મનરેગા યોજના હેઠળ ક્યા ક્યા કામો પાછળ કેટલો ખર્ચ થયો,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલાને માનવદિનની રોજગારી આપી, અને

જવાબ

(૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં તાલુકાવાર મનરેગા યોજના હેઠળ થયેલ કામોના પ્રકાર અને તેની પાછળ થયેલ ખર્ચની વિગતો તા.૦૧–૦૬–૨૦૧૨ થી તા.૩૧–૦૫–૨૦૧૩ સુધીના વર્ષ માટે *પરિશિષ્ટ–અ મુજબ અને તા.૦૧–૦૬–૨૦૧૩ થી તા.૩૧–૦૫–૨૦૧૪ સુધીના વર્ષ માટે *પરિશિષ્ટ–બ મુજબ.

(૨) ઉક્ત સ્થિતિએ આપેલ કુટુંબો અને માનવદિનની વિગતો નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | તા.૧–૬–૨૦૧૨ થી તા.૩૧–૦૫–૨૦૧૩ ની સ્થિતિએ | | તા.૧–૬–૨૦૧૩ થી તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ | |
|---|---|---|---|---|
| | રોજગારી આપેલ કુટુંબોની સંખ્યા (હજારમાં) | માનવદિન (લાખમાં) | રોજગારી આપેલ કુટુંબોની સંખ્યા (હજારમાં) | માનવદિન (લાખમાં) |

| | | | | |
|---|---|---|---|---|
| બાલાશિનોર | ૪૩૬ | ૦.૧૬૬ | ૬૫૮ | ૦.૨૬૧ |
| કપડવંજ | ૩૪૬૮ | ૨.૨૫૩ | ૭૩૮ | ૦.૨૭૪ |
| કઠલાલ | ૪૩૫ | ૦.૧૬૩ | ૮૫૭ | ૦.૨૯૩ |
| ખેડા | ૧૧૧૨ | ૦.૭૪ | ૬૩૦ | ૦.૩૩૨ |
| મહુધા | ૧૨૨૧ | ૦.૬૯૮ | ૧૨૯૫ | ૦.૬૮૯ |
| માતર | ૨૪૦૮ | ૧.૫૫૫ | ૮૧૯ | ૦.૬૫૧ |
| મહેમદાવાદ | ૧૫૬૬ | ૦.૯૮૨ | ૨૧૧૧ | ૦.૮૫૧ |
| નડીઆદ | ૬૪૪ | ૦.૩૪૩ | ૧૫૭૨ | ૦.૯૩૬ |
| ઠાસરા | ૪૫૩૫ | ૩.૦૬૨ | ૨૦૬૯ | ૧.૮૫૪ |
| વિરપુર | ૬૮૩ | ૦.૨૩૭ | ૭૦૫ | ૦.૨૪૯ |
| કુલ | ૧૬૫૦૮ | ૧૦.૧૯૯ | ૧૧૪૫૪ | ૬.૩૯ |

(૩) ફાળવેલ રકમ કરતાં ખર્ચમાં વધારો થયો કે ઘટાડો થયો ?

(૩) ફાળવેલ રકમ પ્રમાણે ખર્ચ થયેલ છે.

(* પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

## સુરેન્દ્રનગર જિલ્લામાં મનરેગા યોજના હેઠળ થયેલ ખર્ચ

૧૦૧૭૬ શ્રી કિરીટસિંહ જી. રાણા (લીંબડી) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૧-૦૩-૨૦૧૪ ની સ્થિતિએ મનરેગા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ થયેલ છે,

(૨) તે પૈકી તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) તે પૈકી માલસામાન અને વેતન હેઠળ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં મનરેગા યોજના હેઠળ થયેલ ખર્ચ. (રૂ.લાખમાં)

| અ.નં. | વર્ષઃ ૨૦૧૨-૧૩ | વર્ષઃ ૨૦૧૩-૧૪ | કુલ |
|---|---|---|---|
| ૧ | ૧૪૯૧.૯૧ | ૧૧૨૨.૨૦ | ૨૬૧૪.૧૧ |

(૨) તાલુકાવાર થયેલ ખર્ચની વિગત નીચે મુજબ છે. (રૂપિયા લાખમાં)

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષઃ૨૦૧૨-૧૩ | વર્ષઃ૨૦૧૩-૧૪ |
|---|---|---|---|
| ૧ | ચોટીલા | ૫૩.૨૯ | ૯૦.૫૨ |
| ૨ | ચુડા | ૮૬.૮૯ | ૩૨.૩૭ |
| ૩ | ધ્રાંગધ્રા | ૧૧૪.૮૫ | ૬૫.૭૪ |
| ૪ | લીંબડી | ૨૨૯.૩૨ | ૧૨૦.૦૫ |
| ૫ | લખતર | ૬૭.૬૧ | ૨૩.૬ |
| ૬ | મુળી | ૪૪૮.૯૪ | ૪૮૫.૯ |
| ૭ | પાટડી | ૧૪૧.૪૬ | ૮૮.૬૮ |
| ૮ | સાયલા | ૧૩૯.૪૮ | ૯૪.૦૧ |
| ૯ | હળવદ | ૭૪.૮૨ | ૬૮.૭૩ |
| ૧૦ | વઢવાણ | ૯૭.૯૬ | ૩૧.૭૧ |
| | કુલ | ૧૪૫૪.૬૧ | ૧૧૦૧.૩૧ |

(૩) માલસામાન અને વેતન હેઠળ થયેલ ખર્ચની વિગત નીચે મુજબ છે. (રૂપિયા લાખમાં)

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૨-૧૩ | | | વર્ષ ૨૦૧૩-૧૪ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | વેતન | માલ સામાન | કુલ | વેતન | માલ સામાન | કુલ |
| ૧ | ચોટીલા | ૨૮.૪૩ | ૧૭.૦૫ | ૪૫.૪૮ | ૬૨.૯૬ | ૧૨.૮૪ | ૭૫.૮ |
| ૨ | ચુડા | ૬૯.૨૬ | ૧૫.૫૪ | ૮૪.૮ | ૧૮.૯૬ | ૩.૪૧ | ૨૨.૩૭ |
| ૩ | ધ્રાંગધ્રા | ૫૫.૬૪ | ૪૭.૪૬ | ૧૦૩.૧ | ૩૧.૯૭ | ૨૫.૩૨ | ૫૭.૨૯ |
| ૪ | લીંબડી | ૧૫૯.૨૯ | ૬૮.૮૮ | ૨૨૮.૧૭ | ૮૯.૮૯ | ૧૯.૦૯ | ૧૦૮.૮૯ |
| ૫ | લખતર | ૪૪.૦૯ | ૨૦.૨૧ | ૬૫.૧૧ | ૧૨.૭૭ | ૫.૫૪ | ૧૮.૩૧ |
| ૬ | મુળી | ૨૩૮.૮૯ | ૧૭૮.૬૯ | ૪૧૭.૦૮ | ૨૫૯.૭૯ | ૨૧૫.૪૧ | ૪૭૫.૨૦ |
| ૭ | પાટડી | ૯૬.૫૩ | ૨૬.૬૫ | ૧૨૩.૧૮ | ૨૮.૪૧ | ૪૫.૫૬ | ૭૩.૯૭ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૮ | સાયલા | ૫૫.૬૮ | ૭૧.૯૨ | ૧૨૭.૭૮ | ૩૬.૭૦ | ૪૯.૪૮ | ૮૬.૧૮ |
| ૯ | હળવદ | ૩૧.૭૪ | ૩૮.૪૨ | ૭૦.૧૬ | ૧૮.૬૯ | ૪૩.૪૨ | ૬૨.૧૧ |
| ૧૦ | વઢવાણ | ૩૪.૪૩ | ૩૨.૨૩ | ૬૬.૬૬ | ૧૬.૩૯ | ૭.૧૦ | ૨૩.૪૯ |
| | કુલ | ૮૧૪.૪૭ | ૫૧૭.૦૫ | ૧૩૩૧.૫૨ | ૫૭૬.૫૩ | ૪૨૭.૧૭ | ૧૦૦૩.૭ |

---------

જુનાગઢ જિલ્લામાં મિશન મંગલમ યોજનામાં સ્વસહાય જુથોનું બેંક ધિરાણ

૧૦૧૮૮ શ્રી અરવિંદભાઇ કે. લાડાણી(કેશોદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મિશન મંગલમ યોજના અંતર્ગત સ્વસહાય જૂથોને કેટલું બેંક ધિરાણ મળી શકે, | (૧) મિશન મંગલમ યોજના અંતર્ગત સ્વસહાય જૂથોને ઓછામાં ઓછા રૂ.૧/– લાખનું ધિરાણ બેંક મંજુર કરી શકે છે. |
| (૨) વર્ષ ૨૦૧૩–૧૪ માં જુનાગઢ જિલ્લામાં કેટલા સ્વસહાય જૂથોને બેન્ક ધિરાણ મંજૂર કરવામાં આવ્યું, અને | (૨) વર્ષ ૨૦૧૩–૧૪ માં જુનાગઢ જિલ્લામાં ૧૩૫૮ સ્વસહાય જૂથોને બેંક ધિરાણ મંજૂર કરવામાં આવ્યું. |
| (૩) કેટલી રકમ બેંક ધિરાણ પેટે બેંકોએ આપી ? | (૩) રૂ. ૩,૯૮,૯૫,૦૦૦/– (અંકે રૂપિયા ત્રણ કરોડ અઠ્ઠાણું લાખ પંચાણું હજાર પુરા) બેંક ધિરાણ પેટે બેંકોએ આપ્યા છે. |

---------

અમરેલી જિલ્લામાં કુકાવાવ તાલુકાની તાલુકા પંચાયત કચેરીનું નવું મકાન બનાવવાનું આયોજન

૯૭૮૭ શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫/૨૦૧૪ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં કુકાવાવ તાલુકાની તાલુકા પંચાયત કચેરીના જર્જરીત મકાનને દુરસ્ત કરી અને નવુ મકાન બનાવી આપવા માટે સરકાર દ્વારા શુ આયોજન કરવામાં આવેલ છે, | (૧) તાલુકા પંચાયતના હાલના મકાનમાં સામાન્ય મરામતની જરૂરીયાત છે, નવા મકાનની જરૂરીયાત નથી, તેથી નવું મકાન બનાવી આપવા માટે કોઈ આયોજન નથી. |
| (૨) આ કામને જરૂરી સૈધાંન્તીક–તાંત્રીક અને વહીવટી મંજૂરી કયારે આપવામાં આવશે, અને | (૨) પ્રશ્ન નથી |
| (૩) આ કામને કયારે કોના મારફતે અને કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે? | (૩) પ્રશ્ન નથી |

---------

ખેડા જિલ્લામાં રૂર્બન પ્રોજેક્ટ હેઠળ ગટર યોજનામાં આવરી લીધેલ ગામો

૧૦૧૬૧ ર્ડા. નિર્મલાબેન સુ. વાધવાણી (નરોડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂર્બન પ્રોજેક્ટ હેઠળ ગટર યોજના હેઠળ ખેડા જિલ્લામાં કેટલા ગામોને આવરી લેવાયેલ છે,

(૧) ૮ (આઠ)

(૨) આ કામો તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ કયા તબક્કે છે,

(૨)

| ગામનું નામ | તબક્કો (ભૌતિક) |
|---|---|
| વિરપુર | ૮૯ ટકા |
| માતર | ૯૦ ટકા |

૬ કામોના ડીટેઈલ્ડ પ્રોજેકટ રીપોર્ટ (ડી.પી.આર.) બનાવવાની કામગીરી ચાલુ છે.

(૩) ઉક્ત સ્થિતિએ આ કામો પાછળ કેટલો ખર્ચ થયેલ છે, અને

(૩) રૂા. ૯૯૧.૮૬ લાખ

(૪) તે કામો કયાં સુધીમાં પૂર્ણ થશે?

(૪) પ્રગતિ હેઠળના કામો બનતી ત્વરાએ.

---------

વલસાડ જિલ્લામાં કુટિર ઉદ્યોગ યોજના હેઠળ લોન મેળવવાની અરજીઓ

૧૦૩૨૨ શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

તા.૧૪મી જુલાઇ ૨૦૧૪
અતારાંકિત પ્રશ્નો

પ્રશ્ન

(૧) વલસાડ જિલ્લામાં કુટિર ઉદ્યોગ યોજના હેઠળ લોન મેળવવા માટેની કેટલી અરજીઓ તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે વર્ષવાર કેટલી મંજૂર કરી અને નામંજૂર અરજીઓ થઈ અને તેના કારણો શા છે, અને

(૩) લોન પેટે કેટલી રકમ મંજુર કરવામાં આવી?

જવાબ

(૧) વલસાડ જિલ્લામાં કુટિર ઉદ્યોગ યોજના હેઠળ લોન મેળવવા માટેની છેલ્લા બે વર્ષમાં કુલ ૪૭૨૬ અરજીઓ આવેલ છે.

(૨) તે અન્વયે વર્ષવાર કેટલી મંજુર કરી અને નામંજુર અરજીઓ થઈ તેની વિગતો અને તેના કારણો નીચે મુજબ છે.

| વર્ષ | જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ ભલામણ | જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ નામંજૂર | બેન્ક કક્ષાએ મંજુર | બેન્ક કક્ષાએ નામંજુર |
|---|---|---|---|---|
| તા.૧-૬-૧૨ થી તા.૩૧-૫-૨૦૧૩ | ૨૨૮૮ | ૫૪૭ | ૧૦૩૫ | ૯૮૧ |
| તા.૧-૬-૧૩ થી તા.૩૧-૫-૧૪ | ૧૭૭૨ | ૨૨૬ | ૧૦૭૯ | ૧૧૯૨ |
| કુલઃ | ૪૦૬૦ | ૭૭૩ | ૨૧૧૪ | ૨૧૭૩ |

- જિલ્લા ઉદ્યોગ કક્ષાએ અરજીઓ નામંજૂર થવાના કારણોઃ-
  ૧. લાભાર્થીએ સાધનિક પુરાવાઓ પુરા પડેલ ન હોવાથી
  ૨. અરજદારની ઉંમર વધારે/ઓછી હોવાથી
  ૩. અરજદારનો અપુરતો અભ્યાસ હોવાથી
  ૪. અરજદારે અન્ય યોજના નીચે લાભ લીધેલ હોવાથી
- બેંક કક્ષાએ અરજીઓ નામંજૂર થવાના કારણોઃ-
  ૧. ધંધો અર્થક્ષમ ન હોવાથી
  ૨. અરજદાર તથા તેઓના કુટુંબીજનો બાકીદાર હોવાથી
  ૩. ધંધાની જાણકારી ન હોવાથી
  ૪. અરજદારે બેન્કમાં જરૂરી માહિતિ રજુ કરેલ ન હોવાથી
  ૫. બેન્કો દ્વારા અગાઉ ધિરાણ કરેલ વસુલાત ઓછી થવાથી

(૩) રૂા. ૧૬૮૩.૦૩ લાખની રકમ લોન પેટે મંજુર કરવામાં આવી.

---------

રાજ્યના બંધ વીજ મથકો

૧૦૬૬૫ શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યના કેટલા વિજ મથકો બંધ છે.

(૨) તેના કારણો કયા છે અને આની સામે કૂલ કેટલી વીજળી કોની પાસેથી કયા ભાવે ખરીદી?

જવાબ

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ રાજ્ય સરકાર હસ્તકના બંધ વીજ મથકોની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | વીજ મથકનું નામ |
|---|---|
| ૧ | ઉતરાણ ગેસ આધારીત વીજ મથક (જી.એસ.ઈ.સી.એલ) |
| ૨ | પાનમ મીની જળ આધારીત વીજ મથક (જી.એસ.ઈ.સી.એલ) |
| ૩ | જી.એસ.ઈ.જી. હજીરા પાવર પ્લાન્ટ (ગુજરાત સ્ટેટ એનર્જી જનરેશન) |

(૨) સામાન્ય રીતે એસએલડીસી દ્વારા મેરીટ ઓર્ડરને તથા પાવર સીસ્ટમની જરૂરીયાત ધ્યાનમાં રાખીને મેરીટ ઓર્ડરમાં ઉચા દરે આવતા (મોંઘા ભાવના) વીજ મથકોના એકમો લો ડીમાન્ડ અથવા મોંઘા જનરેશનના કારણોસર બંધ રાખવામાં આવેલ છે જ્યારે સસ્તા ભાવના વીજ

મથકોના એકમો ચાલુ રાખવામાં આવે છે.

તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ રાજ્ય સરકાર હસ્તકના નીચે દર્શાવેલ વીજ મથકો નામ. ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગની ‘‘મેરીટ ઓર્ડર્સ’’ અંગેની માર્ગદર્શિકાના કારણે બંધ રાખવામાં આવેલ છે.

| અ.નં. | વીજ મથકનું નામ | વીજ મથક બંધ રહેવાના કારણો |
|---|---|---|
| ૧ | ઉતરાણ ગેસ આધારીત વીજ મથક | વીજ ઉત્પાદન માટે ઉપલબ્ધ છે પણ સ્ટેટ લોડ ડીસ્પેચ સેન્ટરની સૂચના મુજબ બંધ રાખવામાં આવ્યા છે. |
| ૨ | પાનમ મીની જળ આધારીત વીજ મથક | સિંચાઈની જરૂરીયાત તેમજ સિંચાઈ વિભાગની સૂચના મુજબ આ એકમો ચલાવવામાં આવે છે. |
| ૩ | જી.એસ.ઈ.જી. હજીરા પાવર પ્લાન્ટ | ૧. રોટર બેરીંગ મુશ્કેલીના કારણે<br>૨. નામ, વીજ નિયમન આયોગની ‘‘મેરીટ ઓર્ડર્સ’’ અંગેની માર્ગદર્શિકાના કારણે |

તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યની સ્થાપિત વિજ ઉત્પાદન ક્ષમતા ૨૩૮૮૩ મે.વો. (૧૯૬૦૬ મે.વો. પરંપરાગત સ્તોત્ર તથા ૪૨૭૭ મે.વો. બિન પરંપરાગત સ્તોત્ર) છે જેની સામે રાજ્યની મહતમ વિજ માંગ ૧૩૭૪૦ મે.વો. સુધી રહેલ છે. આમ રાજ્યની સ્થાપિત વિજ ક્ષમતા રાજ્યના તમામ વર્ગના ગ્રાહકોની વીજ માંગ સંતોષવા માટે પુરતી હોવાથી બંધ રહેલા વિજ મથકો સામે કોઈ વધારાની વીજ ખરીદી કરવામાં આવેલ નથી.

---------

## મહેસાણા જિલ્લામાં ખેતી માટે વીજ કનેકશનો આપવાની પડતર અરજીઓ

૧૧૨૪૦ શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ તાલુકાવાર ખેતી માટેના કનેકશનો આપવાની કેટલી અરજીઓની અરજીઓ પડતર છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ મળી અને કેટલા કનેકશનો આપવામાં આવ્યા, અને

(૩) બાકી રહેતા અરજીદારોને કયાં સુધીમાં વીજ કનેકશનો આપવામાં આવશે?

**જવાબ**

(૧) અને (૨)

તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં કૃષિ વીજ જોડાણ માટે પડતર અરજીઓ છેલ્લા બે વર્ષમાં મળેલ અરજીઓ અને છેલ્લા બે વર્ષમાં આપવામાં આવેલ વીજ જોડાણની તાલુકાવાર માહિતી પત્રક–અ માં સામેલ છે.

(૩) કૃષિ વિજ જોડાણની નોંધણી અને વીજ જોડાણ આપવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. વીજ ઉત્પાદન અને વીજ માંગ વચ્ચે સંકલન જાળવવાની સાથે સાથે માળખાગત સુવિધા, નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજતંત્ર પર પડનાર બોજો ધ્યાને લઈને અગ્રતાક્રમ અનુસાર કૃષિ વિજ જોડાણ આપવામાં આવે છે. તદ્અનુસાર તમામ પડતર અરજીઓનો બનતી ત્વરાએ નિકાલ કરી શક્ય તેટલી ઝડપથી વિજ જોડાણ આપવાનું આયોજન છે.

પત્રક–અ

| તાલુકો | કુલ પડતર અરજી | છેલ્લા બે વર્ષમાં મળેલ અરજીઓ | છેલ્લા બે વર્ષમાં આપવામાં આવેલ વીજ જોડાણ |
|---|---|---|---|
| બેચરાજી | ૧૬૧ | ૨૧૩ | ૪૪ |
| ગોજારીયા | ૪૧૫ | ૪૮૯ | ૫૨ |
| જોટાણા | ૨૫૭ | ૨૮૧ | ૪૧ |
| કડી | ૩૬૧ | ૪૪૬ | ૭૫ |
| ખેરાલુ | ૨૪૪૧ | ૩૧૭૩ | ૧૮૬ |
| મહેસાણા | ૬૩૪ | ૮૮૯ | ૧૯૪ |

| | | | |
|---|---|---|---|
| સતલાસણા | ૨૨૭૩ | ૨૬૨૮ | ૧૯૬ |
| ઉંઝા | ૫૦૬ | ૬૮૧ | ૧૦૪ |
| વિજાપુર | ૧૬૭૦ | ૧૯૨૨ | ૨૩૬ |
| વીસનગર | ૧૨૫૦ | ૧૮૮૩ | ૪૦૬ |
| વડનગર | ૨૪૪ | ૭૨૧ | ૨૪૦ |

---------

અમદાવાદ જિલ્લામાં વીજ પુરવઠા માટે ફીડરોનું વિભાજન

૧૦૧૨૬ શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં અમદાવાદ જિલ્લામાં વીજ ગ્રાહકોને ગુણવતાયુક્ત અને પુરતા દબાણથી વીજ પુરવઠો મળે તે માટે કેટલા ફીડરોનું વિભાજન કરવામાં આવેલ છે, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો?

જવાબ

(૧) અને (૨)
વીજ ગ્રાહકોને ગુણવત્તાયુક્ત અને પુરતા દબાણથી વીજ પુરવઠો મળે તે માટે અમદાવાદ જિલ્લામાં તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં દરમ્યાન રૂપિયા ૮૨૪.૫૬ લાખના ખર્ચે ૩૭ ફીડરોનું વિભાજન કરવામાં આવેલ છે.

---------

દાહોદ જિલ્લા રોજગાર વિનિમય કચેરીમાં બેરોજગારોની નોંધણી

૯૬૮૩ શ્રી વજેસિંગભાઇ પા.પણદા(દાહોદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લા રોજગાર વિનિયમ કચેરીમાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા બેરોજગારોની નોંધણી કરવામાં આવી,

(૨) તે અન્વયે કેટલાને રોજગારી આપવામાં આવી, અને

(૩) બાકી બેરોજગારોને કેટલા સમયમાં રોજગારી આપવાનું આયોજન છે?

જવાબ

(૧)

| ક્રમ | સમયગાળો | બેરોજગારોની નોંધણી |
|---|---|---|
| ૧ | તા.૦૧-૦૬-૨૦૧૨ થી તા.૩૧-૦૫-૨૦૧૩ | ૫૫૯૧ |
| ૨ | તા.૦૧-૦૬-૨૦૧૩ થી તા.૩૧-૦૫-૨૦૧૪ | ૫૫૬૮ |
| | કુલઃ | ૧૧૧૫૯ |

(૨)

| ક્રમ | સમયગાળો | ઉક્ત નોંધણી પૈકી આપવામાં આવેલ રોજગારી |
|---|---|---|
| ૧ | તા.૦૧-૦૬-૨૦૧૨ થી તા.૩૧-૦૫-૨૦૧૩ | ૯૬૩ |
| ૨ | તા.૦૧-૦૬-૨૦૧૩ થી તા.૩૧-૦૫-૨૦૧૪ | ૧૩૪૨ |
| | કુલઃ | ૨૩૦૫ |

(૩) રોજગાર કચેરીમાં નોંધાયેલ બાકી રહેલ બેરોજગારોને ઈન્ટરવ્યૂ કે રોજગારીની તકો અપાવવા નોકરીદાતાઓની માંગણી મુજબ ભલામણ કરવામાં આવે છે. ઉપરાંત ઔદ્યોગિક ભરતી મેળાઓ અને લશ્કરી ભરતી મેળાઓનું આયોજન કરવામાં આવે છે. સ્વરોજગાર શિબિરો, શાળા કોલેજોમાં કેરીયર કોર્નરના વર્ગો, દ્વારા માર્ગદર્શન આપવામાં આવે છે.

રોજગારી મેળવવા માટેનો સમય દરેક ઉમેદવાર માટે સરખો

નથી, પરંતુ દરેક ઉમેદવારની શૈક્ષણિક લાયકાત/અનુભવ/વયમર્યાદા મુજબ તેમાં વધ-ઘટને આવકાશ રહેલ છે.

---------

અમરેલી જિલ્લામાં વાણિજિયક વેરાની આવક

૧૦૦૯૫ શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ દરમ્યાન અમરેલી જિલ્લામાંથી રાજ્ય સરકારને વાણિજ્યક વેરાની કેટલી આવક મળી, | (૧) રૂા. ૪૪૦.૨૩ કરોડ |
| (૨) અમરેલી જિલ્લાની સૌથી વધુ આવક આપતી ૫ (પાંચ) કોમોડીટીઓ કઈ છે? | (૨) (૧) સિમેન્ટ<br>(૨) કોટન<br>(૩) ઓટોમોબાઈલ<br>(૪) પેટ્રોલીયમ પ્રોડકટસ<br>(૫) ઓઈલ સીડસ |

---------

મહેસાણા અને ગાંધીનગર જિલ્લામાં મંજૂર કરેલ ટન ઉત્ખનની લીઝો

૧૧૩૩૩ શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય ખાણ-ખનિજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહેસાણા તેમજ ગાંધીનગર જિલ્લામાં કયા પ્રકારની જમીનોમાં કેવા પ્રકારના કેટલા ટન ઉત્ખન માટેની લીઝો મંજૂર કરવામાં આવી. | (૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહેસાણા જિલ્લામાં ૦૫ તેમજ ગાંધીનગર જિલ્લામાં ૦૬ લીઝો તથા રેતીના ૦૭ બ્લોક મંજૂર કરવામાં આવેલ છે. જેની વિગતો દર્શાવતું પત્રક સામેલ છે. |
| (૨) આ લીઝો મંજૂર થયા પછી વર્ષવાર કેટલી વખત સ્થળ તપાસ કરવામાં આવી અને સ્થળ તપાસ વખતે કેટલા લીઝ ધારકો સામે ગેરરીતિ સામે આવી, અને | (૨) આ લીઝો/બ્લોક મંજૂર થયા પછી તા. ૧-૦૬-૧૩ થી તા.૩૧-૦૫-૨૦૧૪ દરમ્યાન ૦૨ વખત સ્થળ તપાસ કરવામાં આવેલ છે અને કુલ ૪ બ્લોકધારકોની ગેરરીતી સામે આવી. |
| (૩) આ ગેરરીતિઓ આચરનાર લીઝ ધારકો સામે શી કાર્યવાહી કરવામાં આવી? | (૩) આ બ્લોક ધારકો સામે નિયમોનુસારની ખનીજ કિંમત ભરપાઈ કરવા નોટીસ આપેલ જેમાં એક બ્લોક ધારક પાસેથી રૂા. ૪.૪૧ લાખની દંડકીય રકમ વસુલ કરવામાં આવી છે. જ્યારે અન્ય ત્રણ બ્લોક ધારકો પાસેથી રૂા. ૯.૩૭ લાખની ખનીજ કિંમત વસુલવાની કાર્યવાહી હાલમાં ચાલુ છે. |

પત્રક

| અનુ. | જિલ્લાનું નામ | વર્ષ | ખનિજનો પ્રકાર | | જમીનનો પ્રકાર | | મંજૂર કરેલ જથ્થો (મે.ટન) |
|---|---|---|---|---|---|---|---|
| | | | મુખ્ય ખનિજ | ગૌણ ખનિજ | સરકારી | ખાનગી | |
| ૧ | મહેસાણા | તા.૧-૬-૧૨ થી તા.૩૧-૫-૧૩ | ૦ | ૦૫ લીઝ | ૦૨ | ૦૩ | - |
| | | તા.૧-૬-૧૩ થી તા.૩૧-૫-૧૪ | ૦ | ૦ | ૦ | ૦ | - |
| ૨ | ગાંધીનગર | તા.૧-૬-૧૨ થી | ૦ | ૦૫ લીઝ | ૦૫ | ૦ | - |
| | | તા.૩૧-૫-૧૩ | ૦ | ૦૪ લીઝ | ૦૪ | ૦ | ૧૦૩૪૬૫૮ |
| | | તા.૧-૬-૧૩ થી | ૦ | ૦૧ લીઝ | ૦૧ | ૦ | - |
| | | તા.૩૧-૫-૧૪ | ૦ | ૦૩ લીઝ | ૦૩ | ૦ | ૫૭૭૪૦૧ |

તા.૧૪મી જુલાઇ ૨૦૧૪

અતારાંકિત પ્રશ્નો

નોંધઃ– લીઝ કોઈ ચોક્કસ જથ્થાના ઉત્ખનન માટે આપવામાં આવતી નથી.

---------

ભાવનગર જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ મંજૂર કરેલ આવાસ

૧૦૧૮૧ શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા(મહુવા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) વર્ષઃ૨૦૧૩–૧૪માં ભાવનગર જિલ્લામાં ઇન્દિરા આવાસ યોજના હેઠળ કેટલા આવાસ મંજૂર કરવામાં આવ્યા, | (૧) વર્ષઃ૨૦૧૩–૧૪માં ભાવનગર જિલ્લામાં ઇન્દિરા આવાસ યોજના હેઠળ ૧૪૮૫ આવાસ મંજૂર કરવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી મહિલાઓના નામે કેટલા આવાસો મંજૂર કરવામાં આવ્યા, અને | (૨) તે પૈકી મહિલાઓના નામે ૨૨૦ આવાસો મંજૂર કરવામાં આવેલ છે. |
| (૩) પતિ–પત્નીના સંયુક્ત નામે કેટલા આવાસો મંજૂર કરવામાં આવ્યા? | (૩) પતિ–પત્નીના સંયુક્ત નામે ૧૧૮૫ આવાસો મંજૂર કરવામાં આવેલ છે. |

---------

આણંદ જિલ્લામાં સ્વસહાય જૂથો

૧૧૫૧૬ શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલા સ્વસહાય જૂથો છે અને એસ.જી.એસ.વાય. સુવર્ણ જયંતી ગ્રામ સ્વરોજગાર યોજના અંતર્ગત કેટલા જૂથો કાર્યરત હતા, અને તેમાંથી મિશન મંગલમાં કેટલાને તબદીલ કરવામાં આવ્યા, | (૧) ૧. આણંદ જિલ્લામાં સ્વસહાય જૂથોની સંખ્યા ૩૯૭૨ છે.<br>૨. એસ.જી.એસ.વાય. સુવર્ણ જયંતી ગ્રામ સ્વરોજગાર યોજના અંતર્ગત ૮૯૮ જૂથો કાર્યરત હતા.<br>૩. તેમાંથી ૬૧૭ જૂથોને મિશન મંગલમમાં તબદીલ કરેલ છે. |
| (૨) ઉકત સ્થિતિએ એસ.જી.એસ.વાય. સુવર્ણ જયંતી ગ્રામ સ્વરોજગાર યોજના અંતર્ગત નોંધાયેલા સ્વસહાય જૂથો પૈકી કેટલા ભૂતિયા હોવાનું ધ્યાને આવેલ છે કે કેમ, અને | (૨) ના, આવી કોઈ બાબત ધ્યાને આવી નથી. |
| (૩) જો હા, તો તાલુકાવાર કેટલા જૂથો ભૂતિયા નીકળ્યા? | (૩) લાગુ પડતું નથી. |

---------

મહેસાણા જિલ્લામાં એ.પી.એલ. કુટુંબો માટે વ્યકિતગત શૌચાલય

૧૦૧૩૮ શ્રી ભરતસિંહજી ચં. ડાભી(ખેરાલુ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) મહેસાણા જિલ્લામાં તા.૩૧–૩–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન કેટલા એ.પી.એલ. કુટુંબોના વ્યકિતગત શૌચાલય બનાવવામાં આવ્યા, | (૧) મહેસાણા જિલ્લામાં તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન કુલ ૧૩૦૮૩ એ.પી.એલ. કુટુંબોના વ્યકિતગત શૌચાલયો બનાવવામાં આવેલ છે. |
| (૨) તે કઈ યોજના હેઠળ કેટલા બનાવવામાં આવ્યા, અને | (૨) તે પૈકી નિર્મળ ભારત અભિયાન યોજના અંતર્ગત તા.૧–૪–૨૦૧૨ થી નિયત કરાયેલ કેટેગરીના એ.પી.એલ. લાભાર્થીઓ કુલ–૭૨૦૮ શૌચાલય બનાવવામાં આવ્યા તથા નિર્મળ ગુજરાત અંતર્ગત કુલ–૫૮૭૫ વ્યકિતગત શૌચાલયો બનાવવામાં આવેલ છે. |
| (૩) તેની પાછળ કઈ યોજનામાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૩) નિર્મળ ભારત અભિયાન યોજનામાં કુલ–૭૨૦૮ શૌચાલય બનાવવા પાછળ કુલ ખર્ચ રૂ.૩૩૧.૫૭ લાખ થયેલ છે. તેમજ નિર્મળ ગુજરાત અંતર્ગત કુલ–૫૮૭૫ બનાવવા માટે કુલ ખર્ચ રૂ.૧૧૪.૭૩ લાખ ખર્ચ કરવામાં આવેલ છે. |

---------

અમદાવાદ જિલ્લામાં સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમનો અમલ

૧૦૧૫૦ શ્રી લાલજીભાઇ ચ. કોળીપટેલ(ધંધુકા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમનો અમલ કરવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, અને | (૧) હા. |
| (૨) જો હા, તો તેના પ્રોજેકટો ક્યા ક્યા તાલુકામાં ચાલે છે ? | (૨) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ હેઠળ બાવળા, બરવાળા, ધંધુકા, રાણપુર, દેત્રોજ, માંડલ, વિરમગામ, સાણંદ તાલુકાઓમાં પ્રોજેકટો ચાલે છે. |

---------

તાપી જિલ્લામાં શિક્ષિત બેરોજગારોના નામોની રોજગાર વિનિમય કચેરીમાં નોંધણી

૯૯૦૨ શ્રી પુનાભાઇ ઢે. ગામીત(વ્યારા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ તાપી જિલ્લામાં તાલુકાવાર કેટલા શિક્ષિત બેરોજગારો રોજગાર વિનિમય કચેરીમાં નોંધાયા છે,

જવાબ

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | નોંધાયેલ બેરોજગારોની સંખ્યા |
|---|---|---|
| ૧ | વ્યારા | ૩૧૨૩ |
| ૨ | સોનગઢ | ૨૮૧૮ |
| ૩ | વાલોડ | ૨૨૧૫ |
| ૪ | ઉચ્છલ | ૧૨૨૧ |
| ૫ | નિઝર | ૧૧૯૧ |
| | કુલઃ | ૧૦૫૬૮ |

(૨) ઉકત સ્થિતિએ તે અન્વયે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલાને રોજગારીની તકો અપાઇ, અને

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રોજગારીની તકો અપાયેલ બેરોજગારોની સંખ્યા | |
|---|---|---|---|
| | | તા.૧/૬/૨૦૧૨ થી ૩૧/૫/૨૦૧૩ | તા.૧/૬/૨૦૧૩ થી ૩૧/૫/૨૦૧૪ |
| ૧ | વ્યારા | ૯૯૨ | ૭૬૮ |
| ૨ | સોનગઢ | ૯૪૩ | ૭૧૨ |
| ૩ | વાલોડ | ૩૬૧ | ૨૯૦ |
| ૪ | ઉચ્છલ | ૧૩૪ | ૧૧૦ |
| ૫ | નિઝર | ૨૨૯ | ૨૨૭ |
| | કુલ | ૨૬૫૯ | ૨૧૦૭ |

(૩) રોજગાર વિનિમય કચેરી પાછળ તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૩)

| તે અન્વયે પ્લેસમેન્ટ એકટીવીટી માટે કરવામાં આવેલ ખર્ચ | |
|---|---|
| વર્ષ ૨૦૧૨–૧૩ | વર્ષ ૨૦૧૩–૧૪ |
| રૂ.૧૬,૩૮,૪૨૯ | રૂ.૧૬,૫૧,૩૩૯ |

---------

પાટણ જિલ્લામાં મિશન મંગલમ યોજનામાં સ્વસહાય જૂથોનું બેંક ધિરાણ

૧૦૧૮૫ શ્રી રણછોડભાઇ મ. દેસાઇ(પાટણ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મિશન મંગલમ યોજના અંતર્ગત સ્વસહાય જૂથોને કેટલું બેંક ધિરાણ મળી શકે, | (૧) મિશન મંગલમ યોજના અંતર્ગત સ્વસહાય જૂથોને ઓછામાં ઓછા રૂ.૧/- લાખનું ધિરાણ બેંક મંજૂર કરી શકે છે. |
| (૨) વર્ષ ૨૦૧૩–૧૪ માં પાટણ જિલ્લામાં કેટલા | (૨) વર્ષ ૨૦૧૩–૧૪ માં પાટણ જિલ્લામાં ૬૦૪ |

સ્વસહાય જૂથોને બેંક ધિરાણ મંજૂર કરવામાં આવ્યું, અને

(૩) કેટલી રકમ બેંક ધિરાણ પેટે બેંકોએ આપી ?

સ્વસહાય જૂથોને બેંક ધિરાણ મંજૂર કરવામાં આવ્યું.

(૩) રૂ.૩,૯૦,૨૭,૦૦૦/- (અંકે રૂપિયા ત્રણ કરોડ નેવું લાખ સત્યાવીસ હજાર પુરા) બેંક ધિરાણ પેટે બેંકોએ આપ્યા છે.

---------

પ્રાંતિજ અને તલોદ તાલુકામાં ખેતરોમાં જૂથ બનાવી રહેતા રહેણાંકના મકાનમાં જ્યોતિગ્રામ વીજળી આપવા બાબત

૧૦૨૮૭ શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ અને તલોદ તાલુકામાં ગામતળના અભાવે ગામ બહાર ખેતરોમાં જૂથ બનાવી રહેતા રહેણાંકના મકાનોમાં જ્યોતિગ્રામ વિજળી આપવામાં આવતી નથી તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આવા રહેણાંકવાળા વિસ્તારમાં જ્યોતિગ્રામ વિજળી આપવાનું સરકારનું આયોજન છે કે કેમ ?

જવાબ

(૧) અને (૨) જ્યોતિગ્રામ યોજના અંતર્ગત ગ્રામ્ય વિસ્તારોમાં ગૃહ વપરાશ, વાણિજિયક અને ઔધોગિક હેતુ માટે ૨૪ કલાક વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે. તદ્ઉપરાંત કૃષિ હેતુ માટે ખેતી વિષયક ફીડરો પરથી ઓછામાં ઓછા ૮ કલાક ગુણવત્તાયુકત અને સાતત્યપૂર્ણ વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે. જ્યારે ખેતરોમાં જૂથ બનાવી રહેતા લોકોને રાજ્ય સરકાર દ્વારા સંશોધન કરી વિકસાવવામાં આવેલ ખાસ પ્રકારના ટ્રાન્સફોર્મર્સ (SDT) ખેતીવિષયક ફીડરો પર સ્થાપિત કરી તે દ્વારા ગૃહ વપરાશ માટે સીંગલ ફેઈઝ વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે. પ્રાંતિજ અને તલોદ તાલુકામાં હાલ ૭૩ ફીડરો પર આ પ્રકારના ટ્રાન્સફોર્મર્સ કાર્યરત છે અને તેના થકી ૩૫૨૭ ગ્રાહકોને લાભ મળી રહેલ છે.

---------

બનાસકાંઠા જિલ્લામાં ૧૦૦ ચો.વાર ઘરથાળના પ્લોટ માટે મળેલ અરજીઓ

૧૦૧૫૧ શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિઓદર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર ૧૦૦ ચો.વાર ઘરથાળના પ્લોટ માટે કેટલી અરજીઓ મળી,

જવાબ

(૧)

| તાલુકાનું નામ | ઘરથાળની મળેલ અરજીઓ |
|---|---|
| પાલનપુર | ૪૧૧ |
| વડગામ | ૫૧૩ |
| દાંતા | ૭૩ |
| અમીરગઢ | ૯ |
| ડીસા | ૬૩ |
| દાંતીવાડા | ૪૭ |
| ધાનેરા | ૭૪ |
| થરાદ | ૧૧૯ |
| વાવ | ૦ |
| દિયોદર | ૩૧૭ |
| ભાભર | ૦૬ |
| કાંકરેજ | ૦ |
| કુલઃ | ૧૬૩૨ |

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે, અને

(૨) ૨૬૪

(૩) પડતર અરજીઓનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

(૩) બનતી ત્વરાએ.

---------

મહીસાગર જિલ્લામાં મંજૂર થયેલ વોટરશેડ પ્રોજેક્ટ

૮૮૫૪ પ્રો. હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

અતારાંકિત પ્રશ્નો

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહીસાગર જિલ્લામાં તાલુકાવાર કેટલા અને ક્યા ક્યા ગામોમાં વોટરશેડ પ્રોજેકટ મંજૂર થયેલ છે,

**જવાબ**

(૧) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકામાં ૨૬ ગામોમાં જ્યારે ખાનપુર તાલુકાના ૧૯ ગામોમાં એમ કુલ ૨ (બે) તાલુકામાં બે પ્રોજેકટો મંજૂર કરેલ છે જેની માહિતી તાલુકાવાર અને ગામવાર નીચે પ્રમાણે છે.

| ક્રમ | તાલુકાનું નામ | ગામોનું નામ |
|---|---|---|
| ૧ | સંતરામપુર | ગામડી, પગીના મુવાડા, કોઠીના મુવાડા, મોવાસા, બાવાના સાલીયા, ડહેલા, છાયણ, સવગઢ, ગુવાલીયા, ગલાલીયા, સાંઢપાળીયા, મંકોડીયા, બારેલા, બોઈડીયા, નશીકપુર, થાભા, ગોધરા (૫), ચુથાના મુવાડા, રાફઈ, વાઘણ, પાંચમુવા, માંચોડ, કાળીબેલ, કાળીબેલ (નવાઘરા), પઢારીયા અને બહેડીયા |
| ૨ | ખાનપુર | ગાંધીયાના મુવાડા, બાકોર, ઉમરીયા, બાબલીયા, બેડવલ્લી, છાપરી–૧, સાંપડીયા, લીમડીયા, ઈસરોડા, ડોલરીયા, અખાડાના દેગમડા, ચારણના દેગમડા, મૈયાપુર, મોકમસિંહના ભેવાડા, ભાણપુર (ખાનપુર મહાલ), વાંદરવેડ, કાનેસર, ટાંકના ભેવાડા અને ફતાજીના ભેવાડા |

(૨) ક્યા ક્યા ગામોમાં ક્યા ક્યા પ્રકારની સમિતિઓ/ મંડળોની રચના કરવામાં આવી છે, અને

(૩) ક્યા ક્યા ગામોમાં મંડળો/સમિતિઓની રચના કરવામાં આવી નથી ?

(૨) ગામવાર રચના કરવામાં આવેલ ગ્રામ્ય જળસ્ત્રાવ સમિતિની માહિતી પત્રક–૧ માં સાદર કરેલ છે.

(૩) બાકોર ગ્રામ પંચાયત (બાકોર અને ગાંધીયાના મુવાડા ગામોની) ની જળસ્ત્રાવ સમિતિની રચના કરવાની બાકી છે.

પત્રક – ૧

મહીસાગર જિલ્લામાં સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ હેઠળ નીચે જણાવેલ ગ્રામ પંચાયતોમાં જળસ્ત્રાવ સમિતિઓની રચના કરેલ છે

| અ.નં. | પ્રોજેકટનું નામ | તાલુકાનું નામ | પ્રોજેકટમાં સમાવિષ્ટ ગામોના નામ | ગ્રામ્ય (પંચાયતો પ્રમાણે) જળસ્ત્રાવ સમિતિઓના નામ |
|---|---|---|---|---|
| ૧ | આઈ.ડબલ્યુ.એમ.પી.–૧૯ | સંતરામપુર | ગામડી | ગામડી જળસ્ત્રાવ સમિતિ |
| ૨ | | | પગીના મુવાડા | પગીના મુવાડા જળસ્ત્રાવ સમિતિ |
| ૩ | | | કોઠીના મુવાડા | |
| ૪ | | | મોવાસા | મોવાસા જળસ્ત્રાવ સમિતિ |
| ૫ | | | બાવાના સાલીયા | બાવાના સાલીયા જળસ્ત્રાવ સમિતિ |
| ૬ | | | ડહેલા | |
| ૭ | | | છાયણ | છાયણ જળસ્ત્રાવ સમિતિ |
| ૮ | | | સવગઢ | |
| ૯ | | | ગુવાલીયા | ગુવાલીયા જળસ્ત્રાવ સમિતિ |
| ૧૦ | | | ગલાલીયા | |
| ૧૧ | | | સાંઢ પાળીયા | |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨ | | | મંકોડીયા | બારેલા જળસ્ત્રાવ સમિતિ |
| ૧૩ | | | બારેલા | |
| ૧૪ | | | બોઈડીયા | |
| ૧૫ | | | નશીકપુર | |
| ૧૬ | | | થાભા | |
| ૧૭ | | | ગોધરા (૫) | ગોધરા (૫) જળસ્ત્રાવ સમિતિ |
| ૧૮ | | | ચુથાના મુવાડા | ચુથાના મુવાડા જળસ્ત્રાવ સમિતિ |
| ૧૯ | | | રાફઈ | |
| ૨૦ | | | વાઘણ | |
| ૨૧ | | | પાંચમુવા | પાંચમુવા જળસ્ત્રાવ સમિતિ |
| ૨૨ | | | માંચોડ | માંચોડ જળસ્ત્રાવ સમિતિ |
| ૨૩ | | | કાળીબેલ | કાળીબેલ જળસ્ત્રાવ સમિતિ |
| ૨૪ | | | કાળીબેલ (નવાઘરા) | |
| ૨૫ | | | પઢારીયા | |
| ૨૬ | | | બહેડીયા | |
| ૨૭ | આઈ.ડબલ્યુ.એમ.પી.–૨૦ | ખાનપુર | ગાંઘીયાના મુવાડા | જળસ્ત્રાવ સમિતિની રચના કરવાની બાકી છે. |
| ૨૮ | | | બાકોર | |
| ૨૯ | આઈ.ડબલ્યુ.એમ.પી.–૨૦ | ખાનપુર | ઉમરીયા | ઉમરીયા જળસ્ત્રાવ સમિતિ |
| ૩૦ | | | બાબલીયા | બાબલીયા જળસ્ત્રાવ સમિતિ |
| ૩૧ | | | બેડવલ્લી | બેડવલ્લી જળસ્ત્રાવ સમિતિ |
| ૩૨ | | | છાપરી–૧ | છાપરી–૧ જળસ્ત્રાવ સમિતિ |
| ૩૩ | | | સાંપડીયા | સાંપડીયા જળસ્ત્રાવ સમિતિ |
| ૩૪ | | | લીંમડીયા | લીંમડીયા જળસ્ત્રાવ સમિતિ |
| ૩૫ | | | ઈસરોડા | |
| ૩૬ | | | ડોલરીયા | ડોલરીયા જળસ્ત્રાવ સમિતિ |
| ૩૭ | | | અખાડાના દેગમડા | |
| ૩૮ | | | ચારણના દેગમડા | |
| ૩૯ | | | મૈયાપુર | કાનેસર જળસ્ત્રાવ સમિતિ |
| ૪૦ | | | મોકમસિંહના ભેવાડા | |
| ૪૧ | | | ભાણપુર (ખાનપુર મહાલ) | |
| ૪૨ | | | વાંદરવેડ | |
| ૪૩ | | | કાનેસર | કાનેસર જળસ્ત્રાવ સમિતિ |
| ૪૪ | | | ટાંકના ભેવાડા | |
| ૪૫ | | | ફતાજીના ભેવાડા | |

---------

બનાસકાંઠા જિલ્લામાં કાર્યરત સી.એન.જી. સ્ટેશનો

૯૬૩૭ શ્રી જોઈતાભાઈ ક. પટેલ(ધાનેરા) : માનનીય પેટ્રોલીયમ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાદીઠ કેટલાં સી.એન.જી. સ્ટેશનો કાર્યરત છે,

(૨) વધુ સી.એન.જી. સ્ટેશનો સ્થાપવા સરકારે શું

જવાબ

(૧), (૨) અને (૩) ઓનલાઈન સી.એન.જી. સ્ટેશનની સ્થાપના કરવા માટે જીએસપીસી ગેસ કંપનીએ પી.એન.જી. આર.બી. માં જૂન–૨૦૧૧ માં (EOI Expression Interest) જમા કરાયેલ છે.

આયોજન કરેલ છે, અને

(૩) હયાત સી.એન.જી. સ્ટેશનોને પાઈપ લાઈન દ્વારા ગેસ પૂરો પાડવા માટેનું શું આયોજન છે ?

પી.એન.જી.આર.બી.ની મંજૂરી બાદ આગળની કાર્યવાહી થઈ શકશે. પરંતુ બનાસકાંઠા જિલ્લામાં રીક્ષા ચાલકો તથા વાહન માલિકોને સી.એન.જી.નો લાભ મળી રહે તે માટે જીએસપીસી ગેસ કંપનીએ મોંઘુ હોવા છતાં પાલનપુર ખાતે (બે) ડોટર બુસ્ટર સ્ટેશનોની સ્થાપના કરેલ છે.

---------

આણંદ જિલ્લામાં મિશન મંગલમ યોજના હેઠળ સ્વસહાય જૂથની રચના

૧૦૧૯૫ શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) મિશન મંગલમ યોજના હેઠળ આણંદ જિલ્લામાં વર્ષ ૨૦૧૩–૧૪ માં કેટલા સ્વસહાય જૂથની રચના કરવામાં આવી,

(૨) તે પૈકી કેટલા સ્વસહાય જૂથને રીવોલ્વીંગ ફંડ આપવામાં આવેલ છે, અને

(૩) કુલ કેટલી રકમનો રીવોલ્વીંગ ફંડ આપેલ છે ?

જવાબ

(૧) મિશન મંગલમ યોજના હેઠળ આણંદ જિલ્લામાં વર્ષ ૨૦૧૩–૧૪ માં ૮૩૦ સ્વસહાય જૂથની રચના કરવામાં આવી.

(૨) તે પૈકી ૨૦૯ સ્વસહાય જૂથને રીવોલ્વીંગ ફંડ આપવામાં આવેલ છે.

(૩) કુલ રૂ.૨૫,૬૮,૦૦૦/- રીવોલ્વીંગ ફંડ આપેલ છે.

---------

રાજકોટ અને મોરબી જિલ્લામાં વાયર બદલવાની મળેલ ફરિયાદો

૧૦૨૬૪ શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ વીજ પુરવઠામાં થતા વિક્ષેપ નિવારવા જર્જરિત વાયર બદલવાની કામગીરી હેઠળ ઉક્ત સ્થિતિએ રાજકોટ અને મોરબી જિલ્લામાંથી છેલ્લા બે વર્ષમાં કેટલી ફરિયાદો આવી,

(૨) તે પૈકી કેટલા કિ.મી. વાયર ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બદલવામાં આવ્યો, અને

(૩) કેટલા કિ.મી. વાયર બદલવાનો બાકી છે અને તે કેટલા સમયમાં બદલવામાં આવશે ?

જવાબ

(૧), (૨) અને (૩) વીજ પુરવઠામાં થતા વિક્ષેપ નિવારવા રાજકોટ અને મોરબી જિલ્લામાં તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન જર્જરિત વાયર બદલવાની મળેલ ફરિયાદો, બદલવામાં આવેલ વીજ વાયર અને બદલવાના બાકી વીજ વાયરની વિગત નીચે મુજબ છે.

| જિલ્લો | | જર્જરિત વાયર બદલવાની મળેલ ફરિયાદો | બદલવામાં આવેલ વીજ વાયર (કિ.મી.) | બદલવાના બાકી વીજ વાયર (કિ.મી.) |
|---|---|---|---|---|
| રાજકોટ | | ૮૦ | ૫૧૩.૬૯ | ૨૩.૫૫ |
| મોરબી | મોરબી જિલ્લો એપ્રિલ–૨૦૧૪થી અસ્તિત્વમાં આવેલ છે. તે પહેલાંની વિગતો રાજકોટ જિલ્લામાં સામેલ છે. | ૧ | ૧૪.૦૭ | ૩.૮૯ |

જર્જરિત વીજ વાયર બદલવાની બાકી કામગીરી હાલમાં ચાલુ છે જે શક્ય તેટલી ઝડપથી પૂર્ણ કરવામાં આવશે.

---------

ભરૂચ જિલ્લામાં મનરેગા યોજના હેઠળ થયેલ ખર્ચ

૧૦૧૭૪ શ્રી દુષ્યંતભાઈ ર. પટેલ(ભરૂચ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ભરૂચ જિલ્લામાં તા. ૩૧–૦૩–

જવાબ

(૧) ભરૂચ જિલ્લામાં તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ

૨૦૧૪ની સ્થિતિએ મનરેગા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ થયેલ છે,

મનરેગા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કુલ ખર્ચ નીચે મુજબ છે. (રૂ।.લાખમાં)

| ક્રમ | વર્ષ | થયેલ ખર્ચ (રૂ।. લાખમાં) |
|---|---|---|
| (૨) આવા બાકી રહેલ અરજદારોને ક્યાં સુધીમાં વીજ કનેક્શનો આપવાનું આયોજન છે ? | (૨) કૃષિ વિજ જોડાણની નોંધણી અને વીજ જોડાણ આપવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. વીજ ઉત્પાદન અને વીજ માંગ વચ્ચે સંકલન જાળવવાની સાથે સાથે માળખાગત સુવિધા, નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજતંત્ર પર પડનાર બોજો ધ્યાને લઈને અગ્રતાક્રમ અનુસાર કૃષિ વિજ જોડાણ આપવામાં આવે છે. તદ્અનુસાર તમામ પડતર અરજીઓનો બનતી ત્વરાએ નિકાલ કરી શક્ય તેટલી ઝડપથી વિજ જોડાણ આપવાનું આયોજન છે. |

---------

જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર નોંધાયેલ બેરોજગારો

૧૦૬૦૨ શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં રોજગાર વિનિમય કચેરીમાં જિલ્લાવાર કેટલા બેરોજગારો નોંધાયેલા છે, | (૧) |

| ક્રમ | જિલ્લો | નોંધાયેલા બેરોજગારો |
|---|---|---|
| ૧ | જામનગર | ૧૭૯૨૨ |
| ૨ | દેવભૂમિ દ્વારકા | ૭૪૯૭ |

| | |
|---|---|
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા બેરોજગારોનો વધારો થયો, અને | (૨) |

| ક્રમ | જિલ્લો | બે વર્ષમાં થયેલ વર્ષવાર વધારો | |
|---|---|---|---|
| | | તા. ૧/૬/૨૦૧૨ થી ૩૧/૫/૨૦૧૩ | તા. ૧/૬/૨૦૧૩ થી ૩૧/૫/૨૦૧૪ |
| ૧ | જામનગર | ૮૧૭૭ | ૭૮૫૬ |

| | | | |
|---|---|---|---|
| ૨ | દેવભૂમિ દ્વારકા | ૩૬૯૭ | ૩૩૭૧ |

(૩) છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા બેરોજગારોને રોજગારી પૂરી પાડવામાં આવી ?

(૩)

| ક્રમ | જિલ્લો | બે વર્ષમાં પૂરી પાડેલ રોજગારી | |
|---|---|---|---|
| | | તા. ૧/૬/૨૦૧૨ થી ૩૧/૫/૨૦૧૩ | તા. ૧/૬/૨૦૧૩ થી ૩૧/૫/૨૦૧૪ |
| ૧ | જામનગર | ૨૮૪૬ | ૪૨૯૦ |
| ૨ | દેવભૂમિ દ્વારકા | ૧૯૮૯ | ૧૪૯૯ |

---------

પાલનપુર અને ડીસા શહેરમાં સી.એન.જી. પંપની પુરતી સુવિધા આપવા બાબત

૧૦૨૧૦ શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) પાલનપુર અને ડીસા શહેરમાં સી.એન.જી. પંપની સુવિધા ન હોવાથી સી.એન.જી. રિક્ષા ચાલકો તથા અન્ય વાહન માલીકો પારાવાર મુશ્કેલી ભોગવી રહ્યા છે તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ,

(૨) જો હા, તો તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ સરકારે તેના ઉકેલ માટે શી વ્યવસ્થા કરી છે, અને

(૩) આ સમસ્યાનો ઉકેલ ક્યાં સુધીમાં કરવાનું સરકારનું આયોજન છે ?

જવાબ

(૧), (૨) અને (૩) : ઓનલાઈન સી.એન.જી. સ્ટેશનની સ્થાપના કરવા માટે જીએસપીસી ગેસ કંપનીએ પી.એન.જી.આર.બી.માં જુન ૨૦૧૧માં EOI (Expression of Interest) જમા કરાયેલ છે. પી.એન.જી.આર.બી.ની મંજૂરી બાદ આગળની કાર્યવાહી થઈ શકશે. પરંતુ પાલનપુર અને ડીસા ખાતે સી.એન.જી. રિક્ષા ચાલકો તથા વાહન માલીકોને સી.એન.જી.નો લાભ મળી રહે તે માટે જીએસપીસી ગેસ કંપનીએ મોંઘુ હોવા છતાં (બે) ડોટર બુસ્ટર સ્ટેશનોની સ્થાપના કરેલ છે.

---------

જામનગર જિલ્લાની એસ્સાર કંપનીએ જમા કરાવવાની રકમ

૧૧૦૬૮ શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) જામનગર જિલ્લાની એસ્સાર કંપની વેરાઓમાં આપેલ રાહત નામદાર અદાલતના ચુકાદાથી રદ કરવાના નિર્ણય અન્વયે તા. ૩૧/૩/૨૦૧૪ની સ્થિતિએ સરકારની તિજોરીમાં કેટલી રકમ જમા કરાવવાની થતી હતી,

(૨) તે અન્વયે કેટલી રકમ ક્યારે જમા કરાવવામાં આવી, અને

(૩) વિલંબથી થયેલ ચૂકવણી પર સરકાર દ્વારા વ્યાજ વસુલવામાં આવેલ છે કે કેમ ?

જવાબ

(૧) રૂ।. ૪૧૩૯,૪૮/- કરોડ.

(૨) સામેલ *પત્રક મુજબ

(૩) નામદાર સુપ્રિમ કોર્ટના આદેશ અનુસાર એકમ દ્વારા વિલંબથી ચુકવણી પર વ્યાજ ભરપાઈ કરવામાં આવેલ છે.

પત્રક

(રૂ।. કરોડમાં)

| | ભરેલ રકમની વિગત | | | |
|---|---|---|---|---|
| રકમ ભર્યા તારીખ | મુદ્દલ | વ્યાજ | સુપ્રિમ કોર્ટના આદેશ અનુસાર નિયત તારીખ બાદ ભર્યા અંગેનું વ્યાજ | કુલ |
| ૦૨/૦૧/૨૦૧૩ | ૬૪૫.૬૫ | ૫૪૭.૭૨ | ૦.૦ | ૧૧૯૩.૩૭ |
| ૦૨/૦૪/૨૦૧૩ | ૬૪૫.૬૫ | ૧૧૧.૪૪ | ૦.૦ | ૭૫૭.૦૯ |
| ૦૨/૦૭/૨૦૧૩ | ૬૪૫.૬૫ | ૯૬.૫૮ | ૦.૦ | ૭૪૨.૨૩ |
| ૨૨/૧૧/૨૦૧૩ | ૬૪૫.૬૫ | ૮૧.૩૬ | ૯.૭૪ | ૭૩૬.૭૫ |
| ૦૨/૦૧/૨૦૧૪ | ૬૪૫.૬૫ | ૬૪.૩૯ | ૦.૦ | ૭૧૦.૦૪ |
| કુલઃ | ૩૨૨૮.૨૫ | ૯૦૧.૪૯ | ૯.૭૪ | ૪૧૩૯.૪૮ |

---------

તા.૧૪મી જુલાઈ ૨૦૧૪
અતારાંકિત પ્રશ્નો

## રાજ્યને વિજ ઉત્પાદન માટે ઈસ્ટર્ન બ્લોકમાંથી કોલસો મેળવવાનો નિર્ણય

૧૦૨૩૨ ડૉ. અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ગુજરાત રાજ્યને વિજ ઉત્પાદન માટે ઈસ્ટર્ન બ્લોકમાંથી કોલસો મેળવવાનો નિર્ણય ક્યારે કરવામાં આવ્યો,

**જવાબ**

(૧) ગુજરાત રાજ્ય સરકાર હસ્તકની વિજ ઉત્પાદન કંપની ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લીમીટેડ (જીએસઈસીએલ) ને વીજ ઉત્પાદન માટેના જરૂરી કોલસાની ફાળવણી કેન્દ્ર સરકાર હસ્તકની કોલ ઈન્ડિયા કંપનીની સબસિડીયરી કંપની સાઉથ ઈસ્ટર્ન કોલ ફીલ્ડ્સ અને વેસ્ટર્ન કોલ ફીલ્ડ કરે છે.

તા. ૧ એપ્રિલ ૨૦૦૯ના રોજ (થયેલ ફાળવણી મુજબ) સાઉથ ઈસ્ટર્ન કોલ ફિલ્ડ લીમીટેડ (SECL) અને ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લીમીટેડ વચ્ચે ફ્યુઅલ સપ્લાય કરાર (FSA) વાર્ષિક ૧૬૪.૪૦ લાખ મેટ્રીક ટન કોલસાની ફાળવણી માટે કરવામાં આવેલ.

(૨) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈસ્ટર્ન બ્લોકમાંથી કોલસો મેળવવાને લીધે વિજ ઉત્પાદનમાં પ્રતિ યુનીટ કેટલો વધારો સહન કરવો પડ્યો, અને

(૨) ગુજરાત રાજ્યના વીજ ઉત્પાદન કેન્દ્રો સાઉથ ઈસ્ટર્ન કોલ ફીલ્ડથી દૂરના અંતરે છે અને વેસ્ટર્ન કોલ ફીલ્ડથી નજીકના અંતરે છે એટલે કે જો સાઉથ ઈસ્ટર્ન કોલ ફીલ્ડ (SECL)માંથી વધુ કોલસો ફાળવાય તો વીજ ઉત્પાદન ખર્ચ વધુ આવે તે મુજબ વીજ ઉત્પાદન ખર્ચમાં પ્રતિ યુનિટ થયેલ વધારો નીચે મુજબ છે.

| વર્ષ | ઉકાઈ વીજ મથક (રૂા.) | ગાંધીનગર વીજ મથક (રૂા.) | વણાકબોરી વીજ મથક (રૂા.) | સિક્કા વીજ મથક (રૂા.) |
|---|---|---|---|---|
| તા. ૧/૬/૧૨થી ૩૧/૫/૧૩ | ૦.૦૬ | ૦.૦૩ | ૦.૦૫ | ૦.૦૬ |
| તા. ૧/૬/૧૩થી ૩૧/૫/૧૪ | ૦.૦૭ | ૦.૦૫ | ૦.૦૭ | ૦.૦૭ |

(૩) હવે વેસ્ટર્ન બ્લોકમાંથી કોલસો ક્યારથી મળતો થશે ?

(૩) તા. ૧૫ ઓક્ટોબર ૨૦૦૯ના રોજ (થયેલ ફાળવણી મુજબ) જીએસઈસીએલ અને કેન્દ્ર સરકાર હસ્તકની કોલ ઈન્ડિયા કંપનીની સબસીડિયરી કંપની વેસ્ટર્ન કોલફિલ્ડ લીમીટેડ (WCL) વચ્ચે વાર્ષિક ૯.૩૦ લાખ મેટ્રીક ટન કોલસા માટે ફ્યુઅલ સપ્લાય કરાર (FSA) કરેલ છે.

---------

## ખેડા અને આણંદ જિલ્લામાં આઈટીઆઈમાં પ્રોફેસરોની ખાલી જગ્યાઓ

૧૦૫૮૮ શ્રી નટવરસિંહ કુ. ઠાકોર(મહુધા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ ખેડા અને આણંદ જિલ્લામાં આઈ.ટી.આઈ.માં જે કોર્ષોનો અભ્યાસ કરાવવામાં આવે છે તે કોર્ષના કેટલા ઈન્સ્ટ્રક્ટરોની જગ્યાઓ કેટલી ખાલી છે,

**જવાબ**

(૧) ખેડા જીલ્લામાં ૧૧૦ જગ્યાઓ તથા આણંદ જીલ્લામાં ૨૪ ઈન્સ્ટ્રક્ટરોની જગ્યા ખાલી છે.

(૨) ખાલી જગ્યાઓ સત્વરે નહી ભરવાના કારણો શા છે, અને

(૨) જગ્યાઓ સત્વરે ભરવાનાં પ્રયાસો ચાલુ છે. રાજ્યભરમાં વર્ષ : ૨૦૧૧–૧૨માં ઈન્સ્ટ્રક્ટરોની સીધી ભરતીથી ૨૪૪૮ જગ્યા ભરવામાં આવેલ છે. અને હાલ ૧૦૫૪ જગ્યા સીધી ભરતીથી ભરવાની કાર્યવાહી પૂર્ણ થયેલ છે.

(૩) કેટલા સમયમાં આવી ખાલી જગ્યાઓ ભરવામાં આવશે ?

(૩) બાકી જગ્યાઓ વહીવટી બાબતોને ધ્યાને લઈને બનતી ત્વરાએ ભરવામાં આવશે.

---------

## શોકદર્શક ઉલ્લેખ

પૂર્વ સભ્યશ્રી ભાનુભાઇ ગીગાભાઇ વાઘેલાના અવસાન અંગે.

શ્રીમતી આનંદીબેન મ. પટેલ (સભાગૃહના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી ભાનુભાઇ ગીગાભાઇ વાઘેલાનું તારીખ ૨જી જુલાઇ, ૨૦૧૪ના રોજ ૮૩ વર્ષની જૈફ વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થ શ્રી વાઘેલાનો જન્મ ૧૦મી એપ્રિલ, ૧૯૩૧ના રોજ સુરેન્દ્રનગર મૂકામે થયો હતો. સ્વર્ગસ્થ શ્રી વાઘેલાએ મેટ્રિક સુધીનો અભ્યાસ કર્યો હતો અને સમાજ સેવાના કામ સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થ શ્રી વાઘેલાએ પાંચમી અને છઠ્ઠી ગુજરાત વિધાનસભામાં રાજકોટ-ગ્રામ્ય મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવી જન-પ્રતિનિધિ તરીકે પ્રજાહિતના કામો કર્યા હતા. તેઓશ્રીના અવસાનથી રાજયએ એક ઉત્તમ સમાજ સેવક ગુમાવ્યા છે.

પ્રભુ તેમના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફતે તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા(વિરોધપક્ષના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ ગૃહના પૂર્વ સભ્ય, ભાનુભાઇ ગીગાભાઇ વાઘેલાનો શોકદર્શક ઉલ્લેખ કર્યો છે એમાં હું ભાગીદાર થાઉં છું. બાબા સાહેબ આંબેડકરે અનામત પ્રથા દાખલ ન કરી હોત તો સમાજના છેવાડાના વાલ્મિકી સમાજના કહી

શકાય એવા એક સામાન્ય માણસ આ ગૃહનો સભ્ય બને, એ અનામતને બાબા સાહેબને ક્રેડિટ જાય છે અને હું માનું છું ત્યાં સુધી મેટ્રિક સુધી એ વખતે અભ્યાસ કરવો એ પણ એ વખતના વાલ્મિકી સમાજ માટે બહુ દુર્લભ હતું. સ્વબળે, જાતે તૈયાર થઇને સમાજની સેવા કરવામાં, સવિશેષ માથે મેલું ઉપાડવાની જે પ્રથા હતી, અમાનવિય, ઘૃણાસ્પદ પ્રથા હતી એ કેમ બંધ થાય એના માટે પાંચમી અને છઠ્ઠી વિધાનસભામાં સક્રિય ભૂમિકા ભજવેલી એવા સ્વ.શ્રી ભાનુભાઇ ગીગાભાઇ વાઘેલા આપણી વચ્ચે નથી. એમના આત્માને શાશ્વત શાંતિ મળે અને એમના કુટુંબીજનોને આપના મારફત દિલસોજી પાઠવીએ. હું એમના માટે મારી પાર્ટી તરફથી ભાગીદાર થાઉં છું

શ્રી શૈલેષ મ. પરમાર(ભા.રા.કોં) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી, સ્વ.ભાનુભાઇ ગીગાભાઇ વાઘેલાનો જે શોકદર્શક પ્રસ્તાવ લઇને આવ્યા છે અને માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ પોતાનું અનુમોદન આપ્યું છે ત્યારે હું પણ મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સ્વ.ભાનુભાઇ સાથે મારા પરિવારનો બહુ પારિવારિક નાતો રહેલો હતો. મારા સ્વ.પિતાશ્રી મનુભાઇ પરમાર પણ અવારનવાર જયારે પણ રાજકોટની મુલાકાતે જતા ત્યારે સ્વ.શ્રી ભાનુભાઇની અચૂક મુલાકાત લેતા હતા. છેલ્લા ગયા ચારેક મહિના પહેલાં પણ હું જ્યારે રાજકોટ ગયો હતો ત્યારે એમની પોતાની મેં પરિવારના સભ્ય તરીકે મુલાકાત લીધી હતી. પોતે ગાંધીવાદી વિચારસરણી સાથે જોડાયેલા હતા.

વાલ્મિકી કુટુંબમાં જન્મ થયો હોવા છતાં પણ એ જમાનામાં એટલો અભ્યાસ કરવો એ ખૂબ મહત્વનું હતું અને પોતે સમાજના, સમાજસેવાના એમના જે કાર્યો હતા, એ કાર્યોના લીધે એ ધારાસભ્ય રીતે આ જમાનામાં જેમ બાપુએ વાત કરી કે, ડોકટર બાબાસાહેબ આંબેડકરના બંધારણની દેન ઉપર એ પોતે ધારાસભ્ય થયા. તેમના દિકરા ચંદ્રકાન્ત પણ એમની રાહે જ ધારાસભ્ય તરીકે રાજકોટમાંથી જીતીને આવ્યા.

આજના પ્રસંગે આ શોકદર્શક સંદેશો જે થઇ રહ્યો છે એમાં હું પણ મારો સૂર પૂરાવું છું.

અધ્યક્ષશ્રી : સ્વ.શ્રી ભાનુભાઇ વાઘેલા એ રાજકોટમાંથી જ અનામત સીટ ઉપર ચૂંટાઇને આવેલા. એકંદરે સરળ સ્વભાવના મિલનસાર, કોઇ દિવસ ઉગ્ર સ્વભાવે કોઇ સાથે વાત કરવી એ એના સ્વભાવમાં જ ન હતું. ખાસ કરીને અનુસૂચિત જાતિના લોકોના કોઇ પણ પ્રશ્નો હોય પછી કોર્પોરેશનને લગતા હોય, પોલીસ ખાતાને લગતા હોય કે કલેકટરને લગતા હોય એનું પ્રતિનિધિ મંડળ લઇને અને વારંવાર રજૂઆતો કરવા માટે અચૂક જતા જ અને આ હાઉસની અંદર પણ બહુ ઓછું બોલતા પણ જયારે ઓછું બોલે ત્યારે જેને કહીએ, તાત્વિક અને જે અનુસૂચિત જાતિના લોકો માટે અન્યાય થતો હોય એના માટે જ બોલવા માટેની વાત હતી. આવા મિલનસાર અને કાર્યકર્તાના ગુણ જેના લોહીમાં છે એવી વ્યક્તિ જયારે આપણી વચ્ચે નથી ત્યારે આ દિવંગત આત્માને આપણે આપણી જગ્યાએ બે મિનિટ ઉભા રહી અને મૌન પાળીએ.

(બે મિનિટ મૌન બાદ)

અધ્યક્ષશ્રી : દિલસોજીનો સંદેશો એમના પરિવારને મોકલી આપવામાં આવશે.

## મંત્રીશ્રીનું નિવેદન (નિયમ–૪૪)

આઇ.ટી.આઇ.માં રોજગારી અંગે.

શ્રી સૌરભભાઇ પટેલ ( શ્રમ અને રોજગાર મંત્રીશ્રી) ઃ માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય તરફથી પ્રકાશિત થતા એમ્પ્લોયમેન્ટ એક્ષ્ચેન્જ સ્ટેટેસ્ટીકસ ૨૦૧૩ અહેવાલ

અનુસાર ગુજરાત સતત વર્ષ ૨૦૦૨ થી રોજગાર વિનિમય કચેરી દ્વારા બેરોજગાર ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં પ્રથમ ક્રમાંકે રહેલ છે. છેલ્લે પ્રસિદ્ધ થયેલા વર્ષ ૨૦૧૩ના અહેવાલ મુજબ વર્ષ ૨૦૧૨માં દેશમાં ૪,૨૭,૬૦૦ ઉમેદવારોને પૂરી પાડેલ રોજગારી પૈકી ગુજરાતની રોજગાર કચેરીઓ દ્વારા ૨,૪૬,૦૦૦ એટલે ૫૭.૫૩ ટકા ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં ગુજરાત પ્રથમ સ્થાને રહેલ છે. ભારત સરકારના રિપોર્ટ મુજબ સમગ્ર દેશમાં ૬.૮૩ લાખ ખાલી જગ્યાની નોંધણી (વેકન્સી નોટીફાઇડ) થયેલ છે. જેની સામે ૩.૪૪ લાખ એટલે કે ૫૦ ટકા ગુજરાતની ખાલી જગ્યાની નોંધણી (વેકેન્સી નોટીફાઇડ) થયેલ છે. સમગ્ર ભારતમાં ૬૭,૮૦૦ મહિલાઓને રોજગારી આપવામાં આવેલ છે જેની સામે ગુજરાતની રોજગાર કચેરીઓ દ્વારા ૩૪,૧૦૦ એટલે ૫૦.૨૯ ટકા મહિલા ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં આવેલ છે. ભારત સરકારના છેલ્લે પ્રસિદ્ધ થયેલ રિપોર્ટ મુજબ વર્ષ ૨૦૧૨માં મહિલાના રજીસ્ટ્રેશન સામે પ્લેસમેન્ટની ટકાવારી ૩૫.૭ ટકા છે જયારે દેશની ટકાવારી ૧.૯ ટકા છે, જે દર્શાવે છે કે મહિલાઓના રજીસ્ટ્રેશન સામે પ્લેસમેન્ટની ટકાવારીમાં પણ ગુજરાત પ્રથમ સ્થાને રહેલ છે. રિપોર્ટમાં પ્રસિદ્ધ થયા મુજબ વર્ષ ૨૦૧૧માં સમગ્ર દેશમાં અનુસૂચિત જાતિના ૨૯,૬૪૦ પ્લેસમેન્ટ સામે ગુજરાતના ૧૫,૫૬૦ એટલે કે ૫૨.૫ ટકા અને અનુસૂચિત જનજાતિના સમગ્ર દેશના ૨૦,૩૩૦ પ્લેસમેન્ટ સામે ગુજરાતના ૧૫,૭૬૦ એટલે કે ૭૭.૫૨ ટકા છે. છેલ્લે વર્ષ ૨૦૧૩માં રાજયની રોજગાર કચેરીઓ મારફત ૨,૭૧,૬૨૧ રોજગાર વાંચ્છુઓને રોજગારી પૂરી પાડવામાં આવેલ છે. આમ વર્ષ ૨૦૦૨ થી ૨૦૧૨ સુધી ગુજરાત રોજગારી આપવામાં દેશમાં પ્રથમ ક્રમે રહેલ છે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, વાઇબ્રન્ટ ગુજરાત નીચે કેટલા લોકોને નોકરી આપીશું એવા પ્રોમીસીસ આપ્યા હતા અને હાલ એમ્પ્લોયમેન્ટ એક્ષચેન્જ બ્યૂરો છે એમાં કેટલા રજીસ્ટર્ડ બેકાર છે. આખા દેશમાં નહીં, ગુજરાત આખા દેશમાં બેકારોમાં નંબર વન છે. આ જે હાલત છે એમાં અને વાઇબ્રન્ટમાં પ્રોમીસીસ આપ્યા હતા અને એમ્પ્લોયમેન્ટ એક્ષ્ચેન્જમાં જે રજીસ્ટર્ડ છે એમાં કેટલા બેકારો હાલ એમના ધ્યાનમાં છે એ મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રોજગારીની તકો સૌથી વધારે ઉભી કરવામાં આવે છે અને આપ જોશો કે ઉદ્યોગને પણ ભાગીદારી લઇ અનેક જગ્યાઓએ નવી નવી આઇ.ટી.આઇ. ખોલવામાં આવેલ છે કે જે આખા દેશમાં ગુજરાતે પ્રથમ સ્થાન મેળવ્યું છે. માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીએ કીધું કે બેરોજગારીનું પ્રમાણ વધારે છે એ બેરોજગારીનું પ્રમાણ વધારે નથી અને સ્પષ્ટપણે બતાવે છે કે જે પ્રમાણે આપણે વાઇબ્રન્ટ ગુજરાતની અંદર એમ.ઓ.યુ કર્યા, એમ.ઓ.યુ. કરવાના કારણે જે પ્રમાણે મેન્યુફેકચરીંગ યુનિટ વધ્યા, આજે મારે ગૌરવ સાથે કહેવું છે કે દેશમાં ૧૬ ટકા મેન્યુફેકચરીંગ ઉત્પાદન ગુજરાતમાંથી થાય છે અને દેશનું ૨૫ ટકા એકસપોર્ટ પણ ગુજરાતમાંથી થાય છે. પાંચ ટકા વસ્તી અને છ ટકા જયોગ્રોફીકલ એરીયામાં આટલું મોટું આપણે કામ કરી રહ્યાં છીએ એટલે સ્વાભાવિક છે કે આપણે રોજગારીનું પ્રમાણ બીજા રાજયો કરતા વધારે છે.

શ્રી શકિતસિંહ ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, એમ્પ્લોમેન્ટ એક્ષ્ચેન્જ સ્ટેટેસ્ટીકસ ૨૦૧૩નો જે આધાર લેવામાં આવ્યો છે. આપણા નિયમો મુજબ એમાં ૫ નકલ લાયબ્રેરીને આપવાની વાત છે. એ વિધાનસભા લાયબ્રેરીને અપાઇ છે કે કેમ, એ હું જાણવા માગું છું બીજું ગુજરાત વર્ષોથી એમ્પ્લોયમેન્ટનાં કામમાં આગળ હતું જ. નવુ નથી. આ સંજોગોમાં સકારી નોકરી વસ્તી વધી એના પ્રમાણમાં વધવાને બદલે ઘટી છે. આપણે ટેમ્પરરી નોકરી કંપનીઓમાં આપી અને નીકળી ગયા. એના આંકડાઓથી *(xxxxxx) કરી શકીએ. પણ મારે જાણવું છે કે એમ્પ્લોઇમેન્ટ એક્ષચેંજ સ્ટેટેટિક્સ-૨૦૧૩ આપણે અહીયા વિધાનસમા લાયબ્રેરીને ૫ નકલ આપી છે કે કેમ?

અધ્યક્ષશ્રી : એક મિનિટ. વિધાનસભાને લગતું છે. નિવેદન ચર્ચા ઉપર હોય તો ૫ નકલો એડવાન્સ આપવી જોઇએ. ફકત નિવેદન જ કરવાનું હોય તો ૫ નકલ આપવી જોઇએ એ પછી પણ આપી શકાય, એવી આપણી પ્રોસીજર છે.

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

તા.૧૪મી જુલાઇ ૨૦૧૪
મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪)

પોઇન્ટ ઓફ ઓર્ડર
અસંસદીય શબ્દ અંગે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. એમણે શબ્દ વાપર્યો કે (xxxxxx) કરવામાં આવે છે. એ શબ્દ યોગ્ય નથી.

અધ્યક્ષશ્રી: એ શબ્દ હું કોઇ ચર્ચા વગર રદ કરું છું.

શ્રી સૌરભ પટેલ : નિયમો પ્રમાણે આપી દઇશું.

અધ્યક્ષશ્રી : મેં વાત કરી છે. જેની ચર્ચા થવાની હોય તેની એડવાન્સમાં નકલ આપવાની હોય. ફક્ત ટેબલ ઉપર મૂકવાની વાત હોય તો પાછળથી આપે તો પણ એ પાછળથી આપી દેશે. એના ઉપર નિવેદન નહિ લે.

શ્રી સૌરભ પટેલ : માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીએ માહિતી માગી છે. મારી પાસે આવી છે. ૭.૫૪ લાખ બેરોજગારો ગુજરાતમાં છે. એમ્પ્લોઇમેન્ટ એક્ષચેઇંજમાં છે. દેશની અંદર ૪ કરોડ ૪૭ લાખ છે, એટલે ૧.૯૬ ટકા કન્ટ્રીઝ બેરોજગારો ગુજરાતના છે.

અધ્યક્ષશ્રી : શક્તિસિંહભાઇનો જવાબ દેવો છે. શંકરસિંહભાઇનો આપ્યો ને?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આપે ૬, ૭ વાઇબ્રન્ટો કરી. આંકડા આપ્યા છે. એક કરોડ લોકોને રોજગારી આપવાના છીએ? તો એમાં આજની તારીખમાં કેટલા ટકા આપી?

શ્રી સૌરભ પટેલ : મારે બવલંતસિંહને કહેવું છે કે આપ જુઓ કે ગુજરાતનો શેર મેન્યુફેકચરિંગ સેકટરમાં મહેનત કરી છે, એટલે વધ્યો છે. જી.ડી.પી.ની અંદર પણ ગ્રોથ વધ્યો છે. ૨૦૦૦ પહેલા જી.ડી.પી.ની અંદર ગુજરાતનો હિસ્સો હતો અને આજનામાં ઘણો બધો ફરક પડ્યો છે. આજની તારીખમાં ફેક્ટરીઓમાં પૂછો માણસો મળતા નથી. આજની તારીખમાં દરેક ફેક્ટરીમાં વેકન્સી ખાલી છે. એમણે એટલે આ જ હેવ અને હેવ નોટ્સ માટે ભેગું કરવા માટે આઇ.ટી.આઇ. ઓન ડિમાન્ડ મૂકી છે.

અધ્યક્ષશ્રી : બીજો જવાબ આપો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : મેં સીધો પ્રશ્ન પૂછ્યો આપણા આટલા વાઇબ્રન્ટ થયા છે. એની અંદર આટલા લોકોને નોકરી આપવાના છીએ. આજની તારીખમાં કેટલા લોકોને નોકરીઓ આપી છે?

અધ્યક્ષશ્રી : કરમશીભાઇ બેસો. એક-બે સવાલ હોય. બધાને પૂછવા દેવાના ન હોય.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : સરકારશ્રી માટેની વાત કરી છે. ૬ વાઇબ્રન્ટની અંદર આટલા લોકોને નોકરી આપવાના છીએ. એમાં કેટલા ટકા નોકરીઓ આપી?

શ્રી સૌરભ પટેલ :એમ્પ્લોઇમેન્ટ એક્ષચેંઇજનો વિષય છે. બલવંતસિંહ ફેક્ટરી ચલાવે છે. એમને ખબર હશે આજની તારીખમાં એમના વિસ્તારમાં માણસો મળતા નથી, એટલે આઇ.ટી.આઇ. ઉભી કરી અને ટ્રેનિંગ આપી છે.

## અધ્યક્ષશ્રીની જાહેરાત

સમિતિના ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત

અધ્યક્ષશ્રી : અંદાજ સમિતિ, જાહેર હિસાબ સમિતિ, જાહેર સાહસો માટેની સમિતિ અને પંચાયતી રાજ સમિતિ માટે હું નીચે મુજબનો કાર્યક્રમ ઠરાવું છું.

નામ નિર્દેશન પત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય
સોમવાર તા. ૨૧-૭-૨૦૧૪
સમયઃ સાંજે ૬ વાગ્યા સુધી.
નામ નિર્દેશન પત્રો ચકાસણીની તારીખ અને સમય અને સ્થળ
મંગળવાર, તા.૨૨-૭-૧૪
સાંજના ૫-૩૦ વાગ્યે

નામ નિર્દેશન પત્રો પાછા ખેંચી લેવાની છેલ્લી તારીખ સમય
ગુરુવાર તા. ૨૪–૭–૧૪ સાંજના ૫–૦૦ વાગ્યા સુધી
મતદાન જરૂરી બનશે તો તારીખ, સમય, સ્થળ પાછળથી જાહેર કરવામાં આવશે. નેકસ્ટ.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (નર્મદા વિકાસ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું નર્મદા વિકાસ યોજના સેવાને લગતી નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મૂડી ખર્ચ માટેની રૂ.૩૩૯૬ કરોડ ૯૬ લાખ ૧૪ હજારની માગણી ક્રમાંકઃ ૬૫ રજૂ કરું છું

માગણી ક્રમાંકઃ૬૫ રજૂ કરવામાં આવી.

શ્રી મહેશકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧ રજૂ કરવામાં આવી.

શ્રી છનાભાઇ કો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨ રજૂ કરવામાં આવી.

શ્રીમતી કામીનીબા ભૂ. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩ રજૂ કરવામાં આવી.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪ રજૂ કરવામાં આવી.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૫ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રવિણભાઇ ઝી. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૯ રજૂ કરવામાં આવી.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૧ રજૂ કરવામાં આવી.

શ્રી વજેસિંહભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૨ રજૂ કરવામાં આવી.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૩ રજૂ કરવામાં આવી.

શ્રી હર્ષદકુમાર રીબડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૪ રજૂ કરવામાં આવી.

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૫ રજૂ કરવામાં આવી.

શ્રી બાબુભાઇ બોખીરીયા(જળ સંપત્તિ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સિંચાઇ અને ભૂમિ સંરક્ષણ સેવાને લગતી નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૭૩૪ કરોડ ૬૯ લાખ ૨૦ હજાર અને મૂડી ખર્ચ માટેની રૂ.૨૦૬૨ કરોડ ૫૨ હજારની માગણી ક્રમાંકઃ ૬૬ રજૂ કરું છું

માગણી ક્રમાંકઃ૬૬ રજૂ કરવામાં આવી.

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૬ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૮ રજૂ કરવામાં આવી.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૯ રજૂ કરવામાં આવી.

શ્રી ભોળાભાઇ ભી. ગોહેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૦ રજૂ કરવામાં આવી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૧ રજૂ કરવામાં આવી.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૨ રજૂ કરવામાં આવી.

શ્રી બાબુભાઇ બોખીરીયા(પાણી પુરવઠા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પાણી પુરવઠા સેવાને લગતી નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૬૫ કરોડ ૧૨ લાખ ૬૭ હજાર અને મૂડી ખર્ચ માટેની રૂ.૧૪૦૨ કરોડ ૦૨ લાખ ૪૯ હજારની માગણી ક્રમાંકઃ ૬૭ રજૂ કરું છું

માગણી ક્રમાંકઃ૬૭ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તીભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૩ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૪ રજૂ કરવામાં આવી.

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૭ રજૂ કરવામાં આવી.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૮ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૯ જૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૯ રજૂ કરવામાં આવી.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૦ જૂ કરવામાં આવી.

શ્રી આનંદભાઇ ચૌધરી: માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૧ જૂ કરવામાં આવી.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૨ રજૂ કરવામાં આવી.

સન ૨૦૧૪-૨૦૧૫ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી સોમવાર, તા. ૧૪-૭-૨૦૧૪ (બીજો દિવસ) ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપ દરખાસ્તોની એકત્રિત યાદી

| અનુ. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ<br>માગણી નં ૬૫ | | | | |
| ૧ | ૪૭૦૦–મોટી......જોગવાઇ<br>૩૧.નર્મદા.....એકમ.૧<br>૧૯૦. જાહેર......રોકાણ<br>રૂ. ૩,૦૨,૨૨,૯૧,૦૦૦ | ૧૦૦ | નર્મદા યોજનામાં સાથી રાજ્યો પાસેથી ખર્ચ પેટે લેણી થતી રકમ વ્યાજ સાથે વસૂલ કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી મહેશકુમાર પટેલ (રમેશભાઇ ચાવડા, માનસિંહ |

| | | | | |
|---|---|---|---|---|
| | અં.પ્ર.નં.૧૮ (ભાગ–૧) પા.નં.૧૪૦–૧૪૧ | | | ચૌહાણ અને રામસિંહ પરમાર) |
| ૨ | ૪૭૦૦–મોટી...જોગવાઇ ૩૩–નર્મદા પરિયોજના જુથ એકમ–૪ ૧૯૦–જાહેર....રોકાણ રૂ.૪૦,૫૪,૩૨,૫૩,૦૦૦ અં.પ્ર.નં.૧૮ (ભાગ–૧) પા.નં. ૧૪૪ | ૧૦૦ | નર્મદા યોજનાની નાની કેનાલોના નબળા કામ સુધારવા જરૂરી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી છનાભાઇ ચૌધરી (અમિત ચૌધરી) |
| ૩ | –– " –– | ૧૦૦ | જાહેર કરેલા કાર્યક્રમ મુજબ નાની કેનાલોના કામ સમયસર પુરા કરાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (કામીનીબા રાઠોડ) |
| ૪ | ૪૭૦૦–મોટી....જોગવાઇ ૩૪–નર્મદા પરિયોજના જુથ એકમ–૫ ૦૦૧–નિર્દેશ અને વહીવટ રૂ. ૧૯,૬૮,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૧૮ (ભાગ–૧) પા.નં. ૧૪૫–૧૪૬ | ૧૦૦ | નર્મદાનું પાણી સિંચાઇ માટે અમદાવાદ જિલ્લાને મળે તેવી વ્યવસ્થા કરવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ. તેજશ્રીબેન પટેલ |
| ૫ | –– " –– | ૧૦૦ | સુજલામ સુફલામ યોજનામાં થયેલ વ્યાપક ગેરરીતિઓ અંગે તપાસ કરી જવાબદારો સામે પગલાં લેવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મોહનસિંહ રાઠવા (અશ્વિન કોટવાલ) |

| | | | | |
|---|---|---|---|---|
| ૬* | ૪૭૦૦–મોટી....જોગવાઇ ૩૪–નર્મદા પરિયોજના જુથ એકમ–૫ ૦૦૧–નિર્દેશ અને વહીવટ રૂ. ૧૯,૬૮,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૧૮ (ભાગ–૧) પા.નં. ૧૪૫–૧૪૬ | ૧૦૦ | નર્મદા યોજના અન્વયે રાજ્યને સિંચાઇ અને પીવાના પાણીની પૂરતી સુવિધા પૂરી પાડવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી જશુભાઇ બારડ |
| ૭* | –– " –– | ૧૦૦ | નર્મદા કેનાલોનાં પાણીમાં થતી ગંદકી દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મંગળભાઇ ગાવિત |
| ૮* | –– " –– | ૧૦૦ | નર્મદા કેનાલની નબળી કામગીરીને કારણે વારંવાર થતાં ભંગાણને લીધે આમજનતાને થતું નુકસાન અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નિરંજન પટેલ (જીતુભાઇ ચૌધરી) |

| | | | | |
|---|---|---|---|---|
| ૯ | -- " -- | ૧૦૦ | નર્મદાના પાણીનો જથ્થો ઉદ્યોગોને બદલે સિંચાઇ માટે ખેડૂતોને તથા પીવા માટે આમજનતાને આપવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી પ્રવિણભાઇ રાઠોડ |
| ૧૦* | -- " -- | ૧૦૦ | નર્મદા ડેમના પાણીનો પુરતો ઉપયોગ કરી મોટા શહેરો અને ગ્રામીણ વિસ્તારોમાં પાણીની થતી સમસ્યા ઉકેલવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગ્યાસુદ્દીન શેખ |
| ૧૧ | -- " -- | ૧૦૦ | નર્મદા નિગમની કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધીરૂભાઇ ભીલ |
| ૧૨ | -- " -- | ૧૦૦ | નર્મદા યોજનાના બાકી રહેતા કામો સત્વરે પૂર્ણ કરાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી વજેસિંગભાઇ પણદા |
| ૧૩ | -- " -- | ૧૦૦ | સૌરાષ્ટ્ર અને કચ્છ જેવા પાણીની તંગીવાળા જિલ્લાઓમાં કાયમી ધોરણે પૂરતું પાણી ફાળવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાઘવજીભાઇ પટેલ |
| ૧૪ | -- " -- | ૧૦૦ | સૌરાષ્ટ્ર વિસ્તારમાં નર્મદાના પાણીની પાઇપ લાઇનો વારંવાર તૂટી જવાથી ખોરવાઇ જતા પાણીના પુરવઠાને અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી હર્ષદકુમાર રીબડીયા (મહંમદજાવીદ પીરઝાદા) |
| ૧૫ | -- " -- | ૧૦૦ | નર્મદાના પાણી ઉત્તર ગુજરાતના ખાલી ડેમો સુધી પહોંચાડી પાણીની સમસ્યા હલ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા (અનિલ જોષયારા) |
| | | માગણી નં ૬૬ | | |
| ૧૬ | ૨૭૦૧-મધ્યમ સિંચાઇ<br>૮૦-સામાન્ય<br>૦૦૧- નિર્દેશ અને વહીવટ<br>૦૧-નિર્દેશ<br>રૂ. ૨૩,૨૯,૨૭,૦૦૦<br>અં.પ્ર.નં.૧૮ (ભાગ-૧)<br>પા. નં.૬૯ થી ૭૦ | ૧૦૦ | મધ્યમ સિંચાઇના કામોમાં થતો વિલંબ નિવારી સત્વરે કામો પૂરા થાય તેવું આયોજન ગોઠવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રીમતી ચન્દ્રિકાબેન બારીયા (પૂનમભાઇ પરમાર) |
| ૧૭* | ૨૭૦૧-મધ્યમ સિંચાઇ<br>૮૦-સામાન્ય<br>૦૦૧- નિર્દેશ અને વહીવટ<br>૦૧-નિર્દેશ<br>રૂ. ૨૩,૨૯,૨૭,૦૦૦<br>અં.પ્ર.નં.૧૮ (ભાગ-૧) | ૧૦૦ | અમરેલી જિલ્લાના ઠેબી ડેમનું મજબૂત બાંધકામ થાય તે માટે યોગ્ય દેખરેખ રાખવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પરેશ ધાનાણી |

| | | | | |
|---|---|---|---|---|
| | પા. નં.–૬૯ થી ૭૦ | | | |
| ૧૮ | -- " -- | ૧૦૦ | જ્યાં સિંચાઇની સગવડતાઓ ન હોય ત્યાં સિંચાઇ સુવિધાઓ કાયમી ધોરણે પુરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (પ્રહલાદભાઇ પટેલ) |
| ૧૯ | -- " -- | ૧૦૦ | ડેમની ઉંચાઇ વધારવા અને ડેમમાંથી કાંપ કાઢી વધુ પાણી સંગ્રહ થાય તેવું આયોજન ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જોઇતાભાઇ પટેલ (મણીભાઇ વાઘેલા) |
| ૨૦ | -- " -- | ૧૦૦ | જે નદીઓમાં પાણી ઠાલવવામાં આવે છે તે પાણીનો પૂરતો સદુપયોગ થાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ભોળાભાઇ ગોહેલ (કરમશીભાઇ પટેલ) |
| ૨૧ | ૪૭૦૧–મધ્યમ...જોગવાઇ<br>૭૦–ઉત્તર ગુજરાત... યોજનાઓ<br>૮૦૦–અન્ય ખર્ચ<br>રૂ. ૫,૭૪, ૪૦, ૦૦૦<br>અં.પ્ર.નં.૧૮ (ભાગ–૧)<br>પા.નં.૧૭૧ | ૧૦૦ | ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, પાટણ જિલ્લાના ખેડૂતોને દાંતીવાડા–મુકતેશ્વર–સિપુ બંધમાંથી જરૂરિયાતના સમયે સિંચાઇ માટે પાણી પૂરૂં પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બલવંતસિંહ રાજપૂત (ધારશીભાઇ ખાનપુરા) |
| ૨૨ | ૪૭૦૧–મધ્યમ... જોગવાઇ<br>૭૧–સૌરાષ્ટ્ર.... પાણી<br>૮૦૦–અન્ય ખર્ચ<br>રૂ.૧૨,૯૬,૧૬,૦૯, ૦૦૦<br>અં.પ્ર.નં.૧૮ (ભાગ–૧)<br>પા.નં.૧૭૨ | ૧૦૦ | સૌરાષ્ટ્ર વિસ્તારમાં સુજલામ સુફલામ યોજના અન્વયે પાણી આપવાની કાર્યવાહી અંગે સ્પષ્ટતા જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુંજાભાઇ વંશ (ઇન્દ્રનિલભાઇ રાજગુરૂ અને ધમેન્દ્રસિંહ જાડેજા) |
| | | માગણી નં ૬૭ | | |
| ૨૩ | ૨૨૧૫– પાણી....સ્વચ્છતા<br>૦૧–પાણી પુરવઠો<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>રૂ. ૨૫,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૮ (ભાગ–૧)<br>પા.નં.–૧૧ | ૧૦૦ | બનાસકાંઠા અને કચ્છ જેવા સુકા પ્રદેશોના ગ્રામીણ વિસ્તારોમાં પાણીની સમસ્યાઓ હલ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કાંતિભાઇ ખરાડી |
| ૨૪ | -- " -- | ૧૦૦ | આણંદ જિલ્લામાં ખારા પાણીની સમસ્યા દૂર કરી નર્મદાનું પાણી મળે તેવી વ્યવસ્થા કરાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી અમિત ચાવડા |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૫* | -- " -- | ૧૦૦ | અછતગ્રસ્ત વિસ્તારોમાં પાણીની સમસ્યા કાયમી ધોરણે હલ થાય તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા | ડૉ. મીતેશભાઇ ગરાસીયા |
| ૨૬* | -- " -- | ૧૦૦ | બગડેલા હેન્ડપંપો બદલાવીને નવા હેન્ડપંપો મુકવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નટવરસિંહ ઠાકોર |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૭ | ૨૨૧૫- પાણી....સ્વચ્છતા<br>૦૧-પાણી પુરવઠો<br>૮૦૦-અન્ય ખર્ચ<br>૦૮ ગુજરાત....મદદ<br>રૂ. ૧,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૮ (ભાગ-૧)<br>પા.નં.-૧૪-૧૫ | ૧૦૦ | પાણી પુરવઠા બોર્ડ દ્વારા કરોડો રૂપિયાના ખર્ચાઓ કર્યા પછી પણ પાણીની સમસ્યાઓ હલ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી હીરાભાઇ પટેલ |
| ૨૮ | -- " -- | ૧૦૦ | પાણી પુરવઠા બોર્ડ દ્વારા નબળી ગુણવતાવાળી પાણીની પાઇપોના થતા ઉપયોગને કારણે વારંવાર પાણી પુરવઠો ખોરવાતો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેન્દ્રસિંહ બારૈયા |
| ૨૯ | ૪૨૧૫- પાણી પુરવઠા..જોગવાઇ<br>૦૧-પાણી પુરવઠા<br>૧૦૧-શહેરી પાણી પુરવઠા<br>રૂ. ૬૨,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૮(ભાગ-૧)<br>પા.નં.૧૩૦ | ૧૦૦ | અમદાવાદ જેવા મોટા શહેરોમાં ચોવીસ કલાક પાણી આપવાની યોજના પાછળ ખર્ચ કરવાને બદલે પૂરતા પ્રેશરથી નિયમિત પાણી મળે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શૈલેષ પરમાર |
| ૩૦ | -- " -- | ૧૦૦ | રાજયના મોટા શહેરોમાં જરૂરિયાત પ્રમાણે પાણીનો જથ્થો ફાળવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનાભાઇ ગામીત (ગેંદાલભાઇ ડામોર) |
| ૩૧ | ૪૨૧૫- પાણી પુરવઠા..જોગવાઇ<br>૦૧-પાણી પુરવઠા<br>૧૦૨-ગ્રામીણ પાણી...પુરવઠા<br>રૂ. ૯,૩૯,૦૫,૮૫,૦૦૦<br>અં.પ્ર.નં.૧૮ (ભાગ-૧)<br>પા.નં.૧૩૦-૧૩૧ | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં પીવાના પાણીની સમસ્યાઓ કાયમી ધોરણે ઉકેલવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી આનંદભાઇ ચૌધરી (ગૌતમભાઇ ચૌહાણ) |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૨ | -- " -- | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં સરળતાથી નજીકમાં જ પીવાનું પાણી મળે તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બળદેવજી ઠાકોર (સી. કે. રાઉલજી) |

* આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થઇ નથી.

શ્રી શક્તિસિંહજી હ. ગોહિલ(અબડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષો પહેલા ભગવાન મહાવીર સ્વામીએ પાણીની જરૂરિયાત, પાણીની ઉપયોગીતા એને સમજીને કહ્યું હતું કે, પાણીને ઘીની જેમ વાપરો.

માનનીય અધ્યક્ષશ્રી, મારે અત્યંત ગંભીરતા સાથે કહેવું પડે છે કે, આ સરકારે પાણીના વિશે ભયંકર ભયંકર રીતે અનદેખી કરી છે. લાખો ક્યુસેક પાણી નર્મદાનું દરિયામાં વહી જાય અને બીજી તરફ કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાત એ પાણી વગર મુશ્કેલી ભોગવતું હોય. માનનીય અધ્યક્ષશ્રી, નર્મદામાં આપણને ૯ એકર મિલિયન ફીટ પાણી મળવાનું છે. ઉપર પાંચ ડેમ આવેલા છે, તવા, બાગડી, ઓમકારેશ્વર, ઈન્દિરા સાગર અને નર્મદા સાગર. વીજળી પેદા કરે છે, એમને ફરજિયાત પાણી છોડવું પડે છે એ આપણા નર્મદા ડેમમાં આવે છે. એ પાણી દરિયામાં જાય, આપણે પાણી નથી આપી શકતા એનું કારણ શું? નર્મદા યોજનામાંથી ૧૭ લાખ ૯૩ હજાર હેકટર જમીનને સિંચાઇનું પાણી મળી શકે તેમ છે. આપણે કેટલું આપીએ છીએ? માત્ર ૨ લાખ ૩ હજાર હેકટરને આજની તારીખે પાણી આપી શકીએ છીએ. આનું કારણ શું છે? દરવાજાની જરૂર નથી વગર દરવાજે આ પાણી પહોંચાડી શકાય. કારણ માત્ર એટલું જ છે કે, નર્મદા યોજનાનું પ્લાનિંગ ચાલતું હતું, જેમ જેમ ડેમની હાઇટ વધેને એમ કેનાલનું કામ આપણે સાથે કરતા હતા. ૧૯૯૫માં કોંગ્રેસના શાસનના છેલ્લા દિવસોમાં મુખ્ય નહેરોનું ૯૫ ટકા જેટલું અંદાજીત માટી કામ આપણે પૂર્ણ કર્યું હતું. ૧૯ વર્ષ આ પક્ષની સરકારને ગુજરાતમાં થયા, નર્મદા યોજનાની કેનાલ કેટલી કરવાની છે? ૭૪૬૨૬ કી.મી.એ ટોટલ યોજનાની નર્મદાની કેનાલની લંબાઇ છે. ૧૯ વર્ષના ગાળા પછી આજની તારીખ ૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ ૩૭૮૪૧.૦૮ કી.મી. નર્મદાની કેનાલ કરવાનું કામ બાકી છે. આના માટે કોઇની મંજૂરીની જરૂર ન હતી, કોઇ કોર્ટનો સ્ટે ન હતો, કોણ રોકતું હતું આપને? આ કેનાલના કામ પૂર્ણ કર્યા હોતને તો આજે ગુજરાત, વર્ષો પહેલા જે ગુજરાત વિકાસમાં અગ્રેસર રહ્યું, ૧૯૯૨માં ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ ઇન્વેસ્ટમેન્ટમાં નંબર વન રહ્યું, આજે કૃષિ ક્ષેત્રે આપણને કોઇ ટક્કર ન મારી શકે, દુષ્કાળના ઓળા ઉતરે તો પણ આપણો ખેડૂત માનભેર જીવી શક્યો હોત. આપણે આ કેનાલ નહીં કરી એક કારણ એ છે કે, કૌભાંડની વાતો કરીએ નર્મદા યોજનાના તો સમય ઓછો પડે. માત્ર એક દાખલો આપીશ માનનીય અધ્યક્ષશ્રી, કઇ પ્રકારે આ સરકાર ચલાવે છે?

માનનીય અધ્યક્ષશ્રી, ધાંગધ્રા બ્રાન્ચ કેનાલ નીચેની ડિસ્ટ્રીબ્યુટરી અને માઇનોર ચેનલ્સ માટે ચેનેઝ ૦ થી ૧૨૪.૯૩ કી.મી.નું ટેન્ડર બહાર પાડ્યું, કોસ્ટ શું હતી ટેન્ડરની? ૨૩૯.૨૩ કરોડ આ ટેન્ડર બહાર પડ્યું, એલ.વન કંપની હતી, એલ.ટુ કંપની હતી. આપે કહ્યું અમે એલ.વનને નહીં આપીએ, એલ. ટુને નહીં આપીએ કારણ કે તમારો ઈતિહાસ સારો નથી. એલ.થ્રી હિન્દુસ્તાન કન્સ્ટ્રકશન કંપની હતી, આપે કહ્યું કે તમને લીમડી કેનાલનું કામ એક આપી દીધું છે માટે બીજી કેનાલનું કામ અમે નહીં આપીએ. એલ.ફોર પર જે કંપની હતી એ એલ.ફોર પરની કંપનીએ કહ્યું કે, હું એલ.થ્રીના ભાવે કામ કરી આપું. મમત જાગી, લાલચ જાગી, ના ના એમ કહેવા દોને, કેનાલના બે પાર્ટ કરીને નવા ટેન્ડર બહાર પાડીએ. સાહેબ, નવા ટેન્ડર બહાર પાડ્યા. નવા ટેન્ડરો બહાર પાડ્યા પછી કઇ કંપનીને કોન્ટ્રેક્ટ આપ્યો? જે પહેલાં ટેન્ડરમાં એલ-૪ હતી કંપની લોએસ્ટ - ૪ એને જ આ કામ આપ્યું બે ભાગમાં અને કેટલા વધારેમાં આપ્યું? ૪૫.૯૩ કરોડ રૂપિયા વધારેમાં કામ આપ્યું. મારું દર્દ માત્ર આટલા પૂરતું નથી, તમારા ૪૫ કરોડ જે રીતે થયા એ ૪૫ કરોડ રૂપિયા પણ હું એટલા માટે કહું છું કારણકે વધારાના થોડાક કામો ઉમેર્યા હતાને, એના અને એસ.ઓ.આર.ના ૯ કરોડ રૂપિયા મેં બાદ કરી નાંખ્યા છે. એ બાદ કર્યા પછી કહુ છું કે ૪૫ કરોડ રૂપિયા વધારે આપ્યા છે. પહેલું કામ ૧૮ મહિનામાં પૂરું કરવાનું હતું. એ ૧૮ મહિનાનો સમય ગયો, ૨૦૧૦માં આ બહાર પડ્યું હતું. એ ૧૮ મહિનામાં પૂરું થયું હોત તો તમે પાણી પહોંચાડી શક્યા હોત આ ધ્રાગંધ્રા

કેનાલ મારફતે. આ ૧૮ મહિનામાં પૂરું કરવાનું કામ ૨૦૧૨માં પણ માટી કામમાં ચાલતું હતું. વિલંબ થયો, એ વિલંબ માત્ર એક વરસનો ગણીએને તો આ કામથી એક લાખ ૬ હજાર હેકટર જમીનને પાણી મળવાનું હતું. એક નિષ્ણાત પાસે જાણ્યું. નર્મદાનું પાણી જો જમીનને મળે તો એક વરસમાં એક ખેડૂત ૨૦૦૦૦ રૂપિયાનું વધારાનું ઉત્પાદન કરી શક્યો હોત. એક લાખ હેક્ટર જમીન માટે એક વરસ વિલંબ થાય, ગણી, ગણીને કાપી કાપીને પણ પૈસા ગણુંને તો ૫૦૦ કરોડ રૂપિયાનું ખેડૂતોને નુકસાન ગયું એક વરસ વિલંબ કરવાના કારણે. અમે હિસાબ ખેડૂતોના માટે માંડીએ છીએ. તમારા હિસાબો જે મંડાય છે એના હિસાબના આંકડાઓ આપું છું અને ખેડૂતોના હિત માટેની વાત કરવા ઉભો થયો છું. કોમેન્ટ કરે એનો વાંધો નહિ પણ એ કોન્ટ્રેકટરોની બ્રીફ લે છે ત્યારે મારે ખેડૂતોને બ્રીફ લઇને વાત કરવી છે. ના બોલતા હોય તો હું ના બોલું, મારા વિષયથી દૂર જનારો હું માણસ નથી.

હું એ કહેવા માગું છું કે કચ્છની જમીન ભૌગોલિક પરિસ્થિતિ પ્રમાણે કાચબાની ઢાલ જેવી છે એના મધ્યમાંથી કેનાલ કાઢો. સમગ્ર કચ્છને પાણી આપી શકાય. હું શું કરું? દરિયાકાંઠે કેનાલ કાઢીને થોડાક ઉદ્યોગપતિઓને પાણી પહોંચાડીને કચ્છને નર્મદાનું પાણી મળ્યું છે એમ નહિ કહી શકીએ આપણે. ૧૯ વરસ સુધી કચ્છની અનદેખી કરી છે પાણી પહોંચાડવાની બાબતમાં. આ જે નાણાં ફળવાયા છે ને, એ નાણાંથી અંજારમાં કદાચ પાણીનું પ્રદર્શન થશે, દર્શન થશે પણ ખેડૂતના ખેતર સુધી આ પાણી પહોંચશે નહિ કે કચ્છની જમીન સુધી આ પાણી પહોંચશે નહિ એ હું ગંભીરતાથી કહુ છું. અભ્યાસ કર્યા બાદ કહુ છું કે આ પાણી નહિ જ પહોંચી શકે. આ સરકારે ૨૮૦૦૦ હેકટર જમીન જે નર્મદાના કમાન્ડ એરિયામાં હતીને એમાંથી બાદ કરીને ઉદ્યોગપતિઓને આપવાનું કામ કર્યું છે. ખેડૂતના મોં માં આવેલો કોળિયો આપ છીનવો છો. કહેતા નહિ ક્યારેય કે ઉદ્યોગો બહુ સારા. અરે ઉદ્યોગ કદાચ મુઠ્ઠીભર ઉદ્યોગપતિઓ માટે સારા હશે પણ આ પેટનો ખાડો પૂરી શકે એવું કોઇ ઉત્પાદન ઉદ્યોગ નહિ કરી શકે. એ તો મારો જગતનો તાત ખેડૂત જ એ ઉત્પાદન કરી શકશે. એ જમીન ધરતી માતા છે જે ખેડૂતના દીકરાને એનો બાયોડેટા નથી પૂછતી. પેઢીઓ સુધી એમ કહે છે કે આવો મહેનત કરો, પરસેવો પાડો અને તારું જીવનનિર્વાહ કરવાની હું ધરતીમાતા જવાબદારી લઉં છું. એને નર્મદાનું પાણી મળેને તો એને કોઇના બાપની સાડીબારી કરવાની જરૂર નહિ પડે. એ ખેડૂતના મોઢામાંથી અને એ પણ કયો વિસ્તાર ૧૩ હજાર હેકટર જમીન ભાલની છે ખેડૂતોની, એને આપણે સરમાં લઇ જવા માગીએ છીએ? કઇ દિશા તરફ આપણે જઇએ છીએ? આપને અધિકાર નથી નર્મદા ટ્રિબ્યુનલે એવોર્ડ કરેલો છે. આપની નર્મદા કન્ટ્રોલ ઓથોરિટીએ કહ્યું છે કે કયો વિસ્તાર કમાન્ડમાં રાખવો અને કયો વિસ્તાર કમાન્ડમાં નહિ રાખવો. તમે ઉદ્યોગપતિના માનીતા થવા માટે, ખેડૂતોનો કમાન્ડ અરિયા જો આ રીતે બાદ કરશો તો એ સુપ્રીમ કોર્ટની ગાઇડ લાઇન, એ ટ્રિબ્નયુનલની ગાઇડ લાઇન અને નર્મદા કન્ટ્રોલ ઓથોરિટીની ગાઇડ લાઇનથી તમે વિરુદધ જઇ રહ્યાં છો અને ખેડૂતોને અન્યાય કરી રહ્યાં છો.

માનનીય અધ્યક્ષશ્રી, અમેરિકા ઉદ્યોગ પાછળ ગાંડુ થયુ હતુ, અનેક કુદરતી વાવાઝોડા આવ્યા અને એ અમેરિકાને ડહાપણ આવ્યુ કે ઉદ્યોગ નહીં ખેતી જોઇએ. આપણાં અહીંયાથી ગયેલા જે ભાઇઓ હતા કે જેઓ ગેરકાયદેસર ગયા હતા એમને કહ્યું કે ખેતી કરતા હો અને કરતા રહેશો અમેરિકન સીટીઝન બનાવી દઇએ. તમે ગેરકાયદેસર ભલે આવ્યા અમે કાયદેસર કરી દઇએ. હું જર્મની ગયો હતો. ત્યાં ખૂબ મોટી ચીમનીઓ જોઇ પણ નીચે કોઇ ઉદ્યોગની પરિસ્થિતિ ના જોઇ. મેં મારા ગાઇડને પૂછયું તો એણે મને કહ્યું કે આ અમારો દેશ ઉદ્યોગ પાછળ ગાંડો થયો હતો. એસીડનો વરસાદ વરસ્યો અને હવે આ દેશમાં અમે ખેતીને મહત્વ આપીએ છીએ એટલું જ નહી કેટલાક ઉદ્યોગો બંધ કરવા પડયા છે. અને આ ચીમની દેખાય છે તે અમારે રાખવી પડી છે અને જે હવામાં પ્રદુષણ છે તેને શક કરે બીજી તરફ કિલયર એર મોકલે પ્રદુષણ મુકત આવી ચીમનીઓ અમારે સરકારી ખર્ચે ઉભી કરવી પડી છે, આ પરિસ્થિતિ છે. જાપાન ઉદ્યોગો પાછળ ગાંડુ હતુ. સુનામી આવી, આજે એ જ જાપાન દેશે કૃષિને મહત્વ આપવા માટે આગળ વધવુ પડયુ છે. આપણે કઇ દિશામાં જઇ રહ્યાં છીએ? હું ઉદ્યોગનો વિરોધી નથી. ઉદ્યોગ પણ આવે, જરૂર આવે પણ એ મારા કૃષિના ભોગે ના હોવો જોઇએ, એ મારા પશુપાલકના ભોગે ના હોવો જોઇએ, એ મારા ગૌચરના ભોગે ના હોવો જોઇએ, એ મારા સામાન્ય વ્યકિતના ભોગે ના હોવો જોઇએ. ઉદ્યોગ ભલે આવે, ઉદ્યોગપતિ પણ કમાય આ

દેશને ઉદ્યોગની પણ જરૂર છે. પણ જય કિસાન એ નારો આ દેશના હિતમાં છે અને એ વાત આપણે કયારેય નહીં ભૂલવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૯ વર્ષ પહેલાં ભાજપની સરકાર આ ગૃહમાં આવી અને વાત લઇને આવી કે કલ્પસર યોજના બનાવીશું અને સૌરાષ્ટ્રની કાયાપલટ કરીશું. દસ કરોડ રૂપિયા બજેટમાં, મને બરાબર યાદ છે હું મુખ્યદંડક તરીકે આ બાજુ બેઠો હતો વિરોધપક્ષમાં. દસ કરોડ રૂપિયા પ્રિ–ફિઝીબીલીટી રિપોર્ટના ફળવાયેલા હતા. ૧૯ વર્ષ પછી આપની કલ્પસર કયાં છે? આગળ વધ્યું ભાવનગરમાં નરેન્દ્રભાઇ મોદી આવ્યા અને દરિયામાં જઇને નાળિયેર નાંખ્યુ કે કલ્પસરનું ખાતમૂહુર્ત કરું છું. સેંકડો, લાખો રૂપિયાનો ખર્ચ કર્યા પછી હવે કહે છે દસ કિલોમીટર પથરેખા બદલાવાની છે એટલે પહેલા પ્રિ–ફિઝીબીલીટી રિપોર્ટ ગયા તે ગયા પાણીમાં. નવો રિપોર્ટ અને તે પછી થોડાં જ અઠવાડિયામાં ધોલેરા જઇને કહ્યું વિશ્વકક્ષાનું ભાઇઓ–બહેનો મારે અહીંયા ધોલેરામાં પોર્ટ બનાવવાનું છે. મેં એ નકશો લીધો, કલ્પસરમાં ભાવનગરમાં રજૂ થયેલો નકશો લીધો. કલ્પસર બને, ધોલેરા ડૂબમાં જાય અને ધોલેરા બને કલ્પસર કદી ના બની શકે. ૧૯ વર્ષ પછી આ સરકારે ન તો કલ્પસર બનાવ્યું ન તો ધોલેરા બંદર બનાવ્યું કોને બનાવ્યા છે તે તો ગુજરાતની જનતાએ જ નક્કી કરવાનું રહે છે. અને કયાં બનાવીને જશો તમે માનનીય અધ્યક્ષશ્રી, આ દેશમાં સરકારો તો આવે અને જાય આખરે લોકહિતની આપણે વાત કરવી પડશે. નર્મદાનું પાણી આપણે પહોંચાડવા માટેની ચિંતાઓ કરવી પડશે. પીવાનું પાણી તે અત્યંત આગવી જરૂરિયાત છે. કેટલાક વિસ્તારો એવા છે કે જયાં સોર્સ નથી, સ્થાનિક રીતે પાણી મળે તેમ નથી આપણે તેને અગ્રીમતા આપવી પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, હું કેટલાક અધિકારીઓ સારું કામ કરે છે તેની પ્રશંસા કરવાનું પણ નહીં ચૂકું માત્ર ટીકા કરવી એ કોંગ્રેસનો ધર્મ નથી એક રચનાત્મક વિરોધપક્ષની અમે ભૂમિકા ભજવીએ છીએ. અર્ધ અછત જાહેર થઇ. હું અભિનંદન આપીશ રાહત કમિશ્નર દિનાનાથ પાંડેને કે એમણે જઇને એ વિસ્તારમાં સાચી સમસ્યા સમજવાનો પ્રયત્ન કર્યો. માનનીય અધ્યક્ષશ્રી, હું અભિનંદન આપીશ પાણી પુરવઠા બોર્ડના મેનેજિંગ ડીરેકટર શ્રી મહેશસિંગને, કે એમણે જઇને ત્યાંના લોકોને માટે પાણી પુરવઠાની યોજના બનાવવાની કોશિશ કરી પરંતુ એટલાથી સરકાર સંતોષ નહીં લઇ શકે, ત્યાં આજે શું પરિસ્થિતિ છે? અબડાસા અને લખપતમાં અછતના ઓળા ઉતરેલા છે, તો આપે અછત જાહેર કરવી જોઇએ. ત્યાંના લોકોની વ્યથા આપણે કયારેક તો સાંભળીએ. અરે, મૂંગાઢોરની આહની તો ચિંતા આપણે કરીએ, માનનીય અધ્યક્ષશ્રી, એ અગ્રીમતા આપે સરકાર, એ જ અપેક્ષા રાખું છું. મારી દોઢ બે મિનિટ બચે છે પણ મારા પક્ષના બીજા સભ્યશ્રીઓને સમય વધારે મળે એટલા માટે વિશેષ વાત નહીં કરતાં માનનીય અધ્યક્ષશ્રી, આજે માનનીય મંત્રીશ્રીઓ નંબર ૬૫, ૬૬ અને ૬૭ લઇને આવ્યા છે એ માગણીઓ પ્રજાના હિતને અનુરૂપ ન હોય, ભ્રષ્ટાચારને પ્રોત્સાહિત કરનારી હોય આને હું સમર્થન આપી શકું નહીં, એ જ વાત કરીને હું મારી વાત પૂરી કરૂં છું.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ(જામનગર (ગ્રામ્ય) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નર્મદા, પાણી પુરવઠા અને સિંચાઇની માગણીઓ લઇને આ સભાગૃહ સમક્ષ આવ્યા છે ત્યારે એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા સૌની યોજનાની બહુ વાતો થાય છે. સૌરાષ્ટ્રના ૧૧૫ જેટલા ડેમો નર્મદાના પૂરથી વહી જતા પાણીમાંથી પાઇપલાઇન દ્વારા ભરી દેવા અને એના પરિણામે સૌરાષ્ટ્રના જે ડેમો છે એ બારમાસી થઇ જાય, એ બહુ સારી યોજના છે પણ સાહેબ, આ સૌની યોજના સાકાર થાય અને સૌરાષ્ટ્રના લોકોને– ખેડૂતોને એનો ફાયદો થાય એ પહેલાં કોને ફાયદો થયો? સાહેબ, એ કામ અપાયું છે એના કોન્ટ્રાકટરોને તો ફાયદો થઇ ગયો. સૌરાષ્ટ્રના લોકોને– ખેડૂતોને જયારે ફાયદો થાય ત્યારે થશે, એની હું વાત કરવા માગું છું. ૧૧૦૦ કિલોમીટરની લંબાઇની આ ચાર લીંક પાઇપલાઇનોનું કામ છે. ૧૦ હજાર કરોડ રૂપિયાની ૨૦૧૨–૧૩ના વર્ષમાં એની વહીવટી મંજૂરી આપી પણ પછી શું થયું? તો પ્રિકવોલીફીકેશનના માપદંડ માટે લગભગ દોઢ વર્ષ આ પ્રકરણ પેન્ડીંગ રહ્યું, બાદમાં આ ચારેય લીંક પાઇપલાઇનોના કામો માટે એક જ પેકેજમાં ટેન્ડરો માગવામાં આવ્યાં. જે પૈકી એક ટેન્ડર ૪૫ ટકા ઉંચું આવ્યું અને બાકીના ટેન્ડરો હતા

એ વાજબી ભાવે હતા. સરકારને શું થયું? ભગવાન જાણે, ટેન્ડરો ખોલ્યા જ નહીં કારણ કે ખોલે તો એક બહુ ઉંચું ટેન્ડર અને બાકીના વાજબી ભાવવાળા એટલે આ ટેન્ડરો ખોલ્યા વગર તમામ ટેન્ડરો રદ કરી નાખ્યા પછી એણે એસઓઆર સુધારવાની પ્રક્રિયા કરી. સામાન્ય રીતે ટીએસ મળી જાય પછી એસઓઆર સુધારાતા નથી. સિવાય કે કોઇ અસામાન્ય સંજોગો હોય, સમય મર્યાદા વધારે થતી હોય, કામમાં આકાર કે સાઇઝમાં ફેરફારો થતા હોય, તો એસઓઆર વધારે છે પણ આમાં તો કોઇ એવો પ્રશ્ન ન હતો છતાંય એસઓઆર સુધાર્યા, અને પછી નવેસરથી બાર ટેન્ડરો માગ્યા, બાર ટેન્ડરો માટે આઠ કોન્ટ્રાકટરોએ ભાવ ભર્યા. જુના એસઓઆર કરતાં ૨૫ ટકા જેટલો ભાવ વધારો આવ્યો. એસઓઆર ૨૫ ટકા જેટલો સુધાર્યો અને ૨૫ ટકા ઉંચા ભાવ, એટલે લગભગ જૂના ભાવ કરતાં ૫૦ ટકા જેટલો ખર્ચમાં વધારો થયો પછી ચારેય કોન્ટ્રાકટરોને બોલાવ્યા, નેગોસીએશન થયું, બે ત્રણ ટકા સામાન્ય રીતે વાટાઘાટોમાં ઓછા કરી અને ચાર કોન્ટ્રાકટરોને બે બે કામ અને ચાર કોન્ટ્રાકટરને એક એક એમ કરીને કામો ફાઇનલ કર્યા છે.

આ ટેન્ડરો બધી જ એજન્સીઓએ ભેગા મળીને ભર્યા હતાં. એટલા માટે કે એમણે જે ટેન્ડરો ભર્યાં હતાં એની પેટર્ન એક સરખી હતી. ૧૮ ટકા લોએસ્ટ, ૨૨ ટકા અપ અને ૨૫ ટકા અપ એ રીતના ભાવ હતા અને એ બધાં જ ટેન્ડર એક જ પેટર્ન પ્રમાણે ભરવામાં આવ્યાં હતાં અને બધાએ ભેગા મળીને આ આખેઆખું ૮ કંપનીના કોન્ટ્રાકટરોએ આ ફીટ કર્યુ. આનાથી રાજયની તિજોરીને કેટલા રૂપિયાનું નુકસાન થયું એ હું જણાવવા માગું છું. એસ.આર.ઓ. પ્રમાણે આ ગોમા-સુખભાદર પાઇપલાઇનનું કામ એ એલ.એન્ડ ટી.એ ૧૦ ટકા નીચા ભાવે કર્યુ. આ તો ૨૫ ટકા ભાવ સુધાર્યા અને ૧૮-૨૦ ટકા ઉંચું હતું. તો તમે હિસાબ તો કરો તો એવરેજ ૩૦ ટકા જેટલો વધારો દરેક કોન્ટ્રાકટરને મળવા પામે અને આ કામ છે એના પ્રમાણમાં ૧૨૦૦ થી ૧૫૦૦ કરોડ રૂપિયા જેટલી એની કિંમત થાય. તો તમે હિસાબ તો કરો તો આ રાજયની તિજોરીને કેટલું નુકસાન જાય? હકીકતમાં આની જે ટેન્ડરની પ્રક્રિયા છે એ પણ તાત્કાલિક પૂરી કરી દેવામાં આવી હતી. હકીકતે તો આની ચકાસણી મહિનો મહિનો થાય કારણ કે આટલા ઉંચા ભાવનું ટેન્ડર અપાયું તો નાણા વિભાગ અને સિંચાઇ વિભાગમાં એની ચકાસણી થવા માટે ઘણો સમય જાય. આટલા ઉંચા ભાવનાં ટેન્ડર હોય તો એની ચકાસણીમાં ઘણો સમય જાય, પરંતુ આ તો એકાદ બે દિવસમાં જ એની પ્રક્રિયા પૂરી દીધી અને આચારસંહિતાને નામે આ ટેન્ડર ફાઇનલ કરીને મંજૂર કરી દીધાં છે. હકીકત એવી છે કે પાણી પુરવઠા બોર્ડ અને જી.ડબલ્યુ. આર.એલ.એમાં ૫ વર્ષ થયાં. આ રીતે આ પાઇપલાઇનનું કામ ઉંચા ભાવે અપાય છે અને એની પેટર્ન પ્રમાણે સિંચાઇ ખાતામાં ખોટી રીતે લાગુ પાડીને રાજયના સિંચાઇ ખાતાને ૧૨૦૦ કરોડ થી ૧૫૦૦ કરોડ રૂપિયાનું નુકસાન પહોંચાડવાનું કામ કરીને આ કોન્ટ્રાકટરોને લાભ આપવાનું કામ એ એક જાતનું *(xxxxxx) આ યોજનામાં થયું છે.

હાલમાં આ યોજનામાં આ જે કામ આપ્યાં છે એ મૂળ યોજનાના ૪૦ ટકા જેટલો જ ભાગ છે અને હજુ બાકી ૬૦ ટકા યોજનાનાં કામો આપવાનાં બાકી છે. જો આ ૧૦,૦૦૦ કરોડ રૂપિયાની યોજના આ રીતે અને આ જ ભાવે આપે તો ૧૦,૦૦૦ કરોડ રૂપિયાની યોજના ૧૭,૫૦૦ કરોડ રૂપિયાની થાય એટલે કે મૂળ યોજના કરતાં ૭૫ ટકા ભાવવધારો થાય અને આ કામ સુધારેલ વહીવટી મંજૂરી વિના આવાં ટેન્ડરો મંજૂર થઇ શકતાં નથી, પરંતુ છતાંય મેં કહ્યું તે પ્રમાણે કોન્ટ્રાકટરોને લાભ આપવા માટે, પોતાના માનીતા કોન્ટ્રાકટરોને લાભ મળે એના માટે કોન્ટ્રાકટરોની એક સિન્ડીકેટ બનાવી અને એ રીતે આ એક જબરજસ્ત (xxxxxx) આ રાજયની તિજોરીને લૂંટવા માટેનું થયું છે.

અધ્યક્ષશ્રી : આપે આ જે (xxxxxx) શબ્દ વાપર્યો છે એ હું કાઢી નાંખું છું

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : તો મારી માગણી છે કે આને માટે ખરેખર તપાસ થાય તો એ હાઇકોર્ટના નિવૃત્ત ન્યાયધીશ મારફતે જ આ તપાસ થાય. આ જે (xxxxxx) છે એમાં કોણ કોણ જવાબદાર છે, એમાં કોણ કોણ સંડોવાયેલા છે..

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

અધ્યક્ષશ્રી : આ જે (xxxxxx) શબ્દ છે એ હું કાઢી નાંખું છું

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : એના બદલે ગોઠવણ શબ્દ વાપરું છું કારણ કે ગોઠવણ તો થઇ શકે છે એ આપશ્રી પણ જાણો છો.

અધ્યક્ષશ્રી : ગોઠવણમાં તો તમારા સિવાય કોઇ એકસપર્ટ જ નથી આખા ગુજરાતમાં.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ :એટલે મારી માગણી છે કે આ સમગ્ર કામોની પૂરેપૂરી તપાસ કરવામાં આવે, જવાબદારો સામે કડકમાં કડક પગલાં ભરવામાં આવે અને વહેલામાં વહેલી તકે અમારા સૌરાષ્ટ્રમાં પાણી પહોંચાડવાની વાત છે એનો સારી રીતે અમલ થાય. સરકારી પૈસાનો દૂરુપયોગ ના થાય એના માટે મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે. અમારા સૌરાષ્ટ્રમાં છેલ્લા ૧૫ વર્ષથી એકપણ નવો સિંચાઇ ડેમ બનાવવામાં આવ્યો નથી. એટલું જ નહીં, પરંતુ ૧૪ જેટલા સિંચાઇ ડેમોનાં કામો વર્ષોથી અધૂરાં પડયાં છે. ત્યાં આગળ જવાબદાર સક્ષમ અધિકારીઓ મૂકવામાં આવતા નથી. વર્ષોથી સિંચાઇ ખાતામાં ટેકનિકલ સ્ટાફની ભરતી થતી નથી, બઢતી થતી નથી. જવાબદાર માણસોને યોગ્ય જગ્યાએ મૂકવામાં આવતા નથી. એટલું જ નહીં મધ્યસ્થ આલેખન તંત્રનો કયારેય ઉપયોગ થતો નથી. પરિણામે મારા જોડીયા તાલુકામાં ક્ષાર નિયંત્રણ યોજનાના કામો માટેનો અહેવાલ ૧૯૮૫ થી હજુ આ કચેરીમાં પડયો છે. આ કેવી બેદરકારી સિંચાઇ ખાતાના તંત્ર દ્બારા યોજવામાં આવે છે તેના બે ચાર નમૂના છે. મારી માગણી છે, માનનીય સિંચાઇ મંત્રીશ્રી પોરબંદરના છે, સદનસીબી કહો કે કમનસીબી કહો, વર્ષોથી જુનાગઢ જિલ્લાના અને પોરબંદર જિલ્લાના જ સિંચાઇ ખાતાના મંત્રી હોય છે. અને પરિણામ એ આવે છે બાબુભાઇ, તમે જશુભાઇ બારડ જુઓ, મહંત વિજયદાસજી જુઓ, આવું તો ૨૫ વર્ષથી જોતા આવીએ છીએ, સારું કામ તમે ત્યાં કરો છો, ઘેડમાં અને દરિયા કાંઠે, પણ એટલો જ મોટામાં મોટો દરિયા કાંઠો મારા જિલ્લામાં છે. એ દરિયા કાંઠે દરિયાનું ખારું પાણી આગળ વધતું અટકાવવા માટેની યોજના, જૂની યોજનાઓ છે તેના મરામત માટેના કામો થતાં નથી. થાય છે તો બહુ જૂજ પ્રમાણમાં થાય છે અને તેના કારણે આખા જિલ્લાની દરિયા કાંઠાની ખેતીની જમીનો ખારાશવાળી થતી જાય છે. સાહેબ તમે તો રાજયના મંત્રી છો, કોઇ જિલ્લાના કે વિસ્તારના મંત્રી નથી. તમારે તો જયાં જયાં અન્યાય થતો હોય, જયાં જયાં વિકાસમાં બેલેન્સ ન જળવાતું હોય તેના તરફ સમદ્રષ્ટિ રાખીને કામો કરવા જોઇએ, મારી આ વાત પછી આ વખતે અમારા જિલ્લામાં કંઇક નવા કામો આવશે તેવી આશા રાખું છું. માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારના સિંચાઇ તંત્રની ભયંકર બેદરકારીના પરિણામે કરોડો રૂપિયાના *(xxxxxx) થાય છે.

અધ્યક્ષશ્રી : (xxxxxx) શબ્દ કાઢી નાખું છું. આપનું પ્રવચન પૂરું થાય છે.

ડો. નીમાબેન બી. આચાર્ય(ભુજ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નર્મદા વિકાસ અંગેની માગણી ક્રમાંક ૬૫ લઇને આવ્યા છે એ માગણી ઉપર હું વાત કરવા માગું છું. સરદાર સરોવર ડેમ જે બન્યો, સરદાર પટેલનો આ ડ્રીમ પ્રોજેકટ છે, અને ૧૯૪૬માં એમને ડ્રીમ આવ્યું અને ૧૯૬૧ની અંદર એનું ખાત મૂહુર્ત થયું, અને૧૯૬૧માં જે ખાતમૂહુર્ત થયું છે ને, એ કામ ૧૯૮૫માં ચાલુ થયું. જે અવરોધો કે સંઘર્ષ આવ્યા તે બધા જાણે છે, છતાં અહીંયા જે મારા સાથી સભ્ય શકિતસિંહભાઇ જે વાત કરતા હતા કામગીરીની, તો પહેલા એમનો તો હિસાબ કરો કે ૧૯૬૧માં ખાત મુહૂર્ત થયું અને ૧૯૮૫માં કામ શરૂ થયું એટલા વર્ષ શું થયું? જે કામગીરી ચાલુ થઇ એમાં પણ મારે કહેવું છે, ઘણાં અવરોધો આવ્યા, ખૂબ બધા લોકોએ કામ કર્યું, મેઘા પાટકર અને બાબા આપ્ટે જેવા આંદોલન, એકટીવીસ્ટ પણ આવ્યા અને અનેક સંઘર્ષ થયા, અમે તો એ મેઘા પાટકરની એકટીવીટીની સામે પણ કામ કરેલું છે એટલે નર્મદાના વિકાસના રજેરજ આયોજનમાં સંપૂર્ણ હું સાક્ષી છું. કચ્છની અંદર મેઘા પાટકર આવ્યા લોકોને સમજાવવા, લોકોને ગુમરાહ કરવા માટે, કે આ તો નર્મદાની હાઇટ વધશે તો પણ તમને પાણી નથી મળવાના, તમારા માટે નથી, કચ્છની પ્રજા એટલી સમજદાર છે કે મેઘા પાટકરને મારીને ભગાડયા અને આજ દિવસ સુધી મેઘા પટકરે પાછું વાળીને કચ્છ સામે જોયું નથી. એવી અમારી કચ્છની સમજદાર પ્રજા છે. અહીં કોઇ કૌભાંડો કે ગમે એવી વાતો થાય પણ લોકોએ

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

પરિણામ મેળવ્યા છે અને લોકોના ઘર સુધી પીવાના પાણી પહોંચ્યા છે. ગુજરાતના ૭૦૦૦ થી પણ વધારે ગામોમાં પીવાના પાણી પહોંચ્યા છે, અને કચ્છની વાત કરું તો ૮૦૦થી વધારે ગામોમાં એક તરસી ધરતીમાં તરસ્યા લોકોને પીવાના પાણી પ્રાપ્ત થયા છે. લોકો આ વાત કયારેય નહીં ભૂલે.૧૦ નગરપાલિકાઓને પાણી મળ્યું છે.

અહીંયા કચ્છના લોકોની તથા ઉદ્યોગોની વારંવાર વાતો થાય છે એના માટે મારે કહેવું છે. કચ્છની અંદર ભૂકંપ આવ્યા પછી જ ઉદ્યોગો આવ્યા છે, એ પહેલા એક પણ ઉદ્યોગ કચ્છમાં નહોતો, તેથી આપણે બધાએ રાજી થવું જોઇએ, એમાં પણ ખાસ કરીને માનનીય શકિતસિંહભાઇ કચ્છના ધારાસભ્ય બન્યા છે. અમારે ત્યાં અછતની અધિકારીઓ સાથે મિટિંગ થઇ હતી એમાં તેઓએ ખૂબ સારું કામ થયું છે એ જોયું. કચ્છમાં મિનિસ્ટરો અને અધિકારીઓ દર વર્ષે આવીને મિટિંગો કરે છે, સમીક્ષા કરે છે, છેવાડાના ખૂણા સુધી જાય છે, રાત દિવસ જોયા વિના કચ્છના પાણીના પ્રશ્નની ચિંતા કરીને આયોજન કરેલ છે ત્યારે અમે કચ્છના લોકો રીવાઇવ થયા છીએ. અમારે ત્યાં વર્ષમાં માંડ દસ ઇંચ વરસાદ પડતો હોય છે અને એ પણ છૂટોછવાયો પડે છે ત્યારે જો આવું સુંદર આયોજન ન કર્યું હોત તો અમારી શું હાલત હોત એ આપ સૌ જાણી શકો છો. અમને નર્મદા પાઇપ લાઇનથી પીવા માટે પાણી પહોંચાડયું છે એ ઋણ કદી કચ્છની પ્રજા ભારતીય જનતા પાર્ટીનું ભૂલશે નહિ અને વર્ષો સુધી પેઢીઓ સુધી ભારતીય જનતા પાર્ટીનો ઉપકાર રહેવાનો છે.

કચ્છની કેનાલની પણ અહીંયા વાત કરવામાં આવી છે. અહીંયા કામગીરીની વાત થતી હતી. ૪૫૮ કિલોમીટરની મુખ્ય નહેર છે એનું કામ પૂર્ણ થઇ ગયેલ છે ત્યારપછી કચ્છની અંદર જે શાખાઓ છે એ ૨૯૭ કિલોમીટર છે એનું કામ ચાલુ છે. સતત બધા ચૂંટાયેલા પ્રતિનિધિઓ, મંત્રીશ્રીઓ અધિકારીઓને મળીને વારંવાર સમીક્ષા કરતા હોઇએ છીએ. કચ્છની કામગીરી છે એના માટે અમે ગામે ગામ જઇને કેનાલના કામો જોઇએ છીએ. આ કેનાલના કામો છે એમાં પણ મારે કહેવું છે. જે રીતે કોન્ટ્રાકટરો, મજૂરો પરસેવો પાડીને આવા ધોમધખતા તાપમાં કામ કરે છે સાથે સાથે આપણા અધિકારીઓ જે સાઇટો ઉપર સુપરવિઝન કરે છે. મેં નર્મદા ડેમનું કામ જોયું છે. ૨૦ –૨૫ વર્ષથી અધિકારીઓ કર્મચારીઓ પોતાના પરિવારને મૂકીને ખડે પગે ઉભા રહીને કામ કરાવે છે ત્યારે આપણે આવું સુંદર પરિણામ પ્રાપ્ત કરેલ છે. તેથી આપણે એમની ઉપર રાજી થવું જોઇએ, આવુ સારું કામ અધિકારીઓની ટીમ કરી રહી છે ત્યારે આ ટીમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. માનનીય નરેન્દ્રભાઇએ સાચે જ આ અધિકારીઓને કર્મયોગી બનાવ્યા છે. રાત્રે આઠ વાગ્યે ફોન કરીએ તો પણ એ બધા કામ કરતાં હોય છે. અમારી કોઇ પણ સમસ્યા હોય અને ફોન કરીએ તો તરત જ એનો નિકાલ થઇ જાય છે.

નર્મદા ડેમના દરવાજાની વાત કરીએ તો સન ૨૦૦૬માં દરવાજા બની ગયા હતા. જયારે ડેમની હાઇટ ૧૨૧.૯૨ મીટરની બની ગઇ છે. દરવાજા બની ગયા હતા*(xxxxxx) ત્યારે ગુજરાતની પ્રજા આ વાત કયારેય ભૂલવાની નથી.

## પોઇન્ટ ઓફ ઓર્ડર

### કેન્દ્ર સરકારની ટીકા કરવા અંગ

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. સમય બચાવવા માટે નિર્ણયો નથી ટાંકતો પરંતુ અનેક એવા નિર્ણયો છે. (xxxxxx) દરવાજા નહિ મૂકવા દીધા.

અધ્યક્ષશ્રી : કેન્દ્ર સરકારની ટીકા કરી એટલા શબ્દો હું દૂર કરું છું.

ડો. નીમાબેન બી. આચાર્ય : દરવાજા મૂકવાની મંજૂરીમાં વિલંબ થયો એના લીધે ૧૨૧.૯૨ મીટરથી હાઇટ વધારી શકયા નથી. મારે માનનીય મુખ્યમંત્રીશ્રી આનંદીબહેનને અભિનંદન આપવા છે કે એમણે જમીન સંપાદનનું સારામાં સારું કામ કર્યું છે. અમારા કચ્છમાં ૧૮૪૭ ખેડૂતોએ જમીનો આપી છે.

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નર્મદા વિકાસ જે માગણીઓ લઇને આવ્યા છે તેને સમર્થન આપવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ મહત્વાકાંક્ષી પ્રોજેકટની શરૂઆત તા. ૧-૪-૧૯૬૧ના રોજ તત્કાલિન વડાપ્રધાને શીલાન્યાસ કરીને કરી હતી. વિરોધપક્ષના સભ્યશ્રીએ કહ્યું કે અમારા વખતમાં ઘણું કામ થયું. ૪૦ વર્ષમાં નર્મદાની ઉંચાઇ છે એ ૯૦ મીટર સુધીની હતી અને તેને ૧૨૧ મીટર કરવા માટે તત્કાલિન મુખ્યમંત્રીએ અમદાવાદ ખાતે ઉપવાસ કરવા પડ્યા અને ત્યાર બાદ ભારત સરકારે મંજૂરી આપી અને ૧૨૧.૯૦ મીટરની ઉંચાઇની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. મારે ભારત સરકારને અભિનંદન આપવા છે કે નવી સરકાર આવી અને ગુજરાત માટે 'અચ્છે દિન' શરૂ થઇ ગયા. ૧૨-૬-૨૦૧૪ના રોજ ૧૩૮.૬૮ મીટર ઉંચાઇ અને દરવાજા મૂકવા માટેની મંજૂરી માનનીય વડાપ્રધાન મોદીજીએ આપેલી છે અને આ કામગીરી આગામી ૩૦ દિવસમાં પૂરી કરવામાં આવશે. ૪૦ વર્ષમાં જળ વીજળીકરણ માટે જળવિદ્યુત મથકો માટેની કામગીરી હાથ ઉપર લેવામાં આવેલી પણ એ ૪૦ વર્ષ પછી પણ કાર્યાન્વિત થઇ શકેલ ન હતા. જયારે અત્યારે ૧૪૫૦ મેગાવોટ ક્ષમતા ધરાવતા વીજ મથકો કાર્યાન્વિત છે. શરૂઆતના ૪૦ વર્ષમાં ૧૪૪ કિલોમીટર મુખ્ય નહેરનું બાંધકામ થયું. તેની સામે અત્યારે ૪૫૮ કિલોમીટર એટલે ૧૦૦ ટકા કામગીરી પૂરી કરવામાં આવી છે. પીવાના પાણીની વાત કરતા હતા. અગાઉ ફકત ૩૦ લાખ લોકોને ૨૦૦૧-૨૦૦૨ પહેલાં નર્મદાનું પાણી આપવામાં આવતું હતું. અત્યારે ૩ કરોડથી પણ વધારે લોકોને પીવાના પાણી માટે નર્મદાની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. ૨૦૦૧-૨૦૦૨ પહેલાં ફકત ૮,૦૧૧ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ ૩૦,૦૦૦ કરોડથી પણ વધારે રકમ નર્મદા માટે ફાળવવામાં આવી છે અને તેનો ખર્ચ કરવામાં આવેલો છે. જે વીજ ઉત્પાદન છે તેમાં મે-૨૦૧૪ સુધી ૩,૩૦૨ કરોડ યુનિટનું વીજ ઉત્પાદન થયું છે અને દેશને ૧૩,૨૦૮ કરોડની આવક પેદા કરેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે ભારત સરકારને અભિનંદન આપવા છે કે સ્ટેચ્યુ ઓફ યુનિટી જે પૂજ્ય સરદાર પટેલની સ્મૃતિમાં ૧૮૨ મીટર ઉંચી પ્રતિમા બાંધવા જઇ રહ્યા છીએ તેના માટે ભારત સરકારે..

## પોઇન્ટ ઓફ ઓર્ડર

### વિભાગની માગણી ઉપર બોલવા અંગે

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ: માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માગણી ક્રમાંક-૬૫, ૬૬, ૬૭ જે આપણે ચલાવી રહ્યા છીએ, આ માગણીઓ જે છે તે નર્મદા વિકાસ યોજના, સિંચાઇ અને ભૂમિ રક્ષણ અને પાણી પુરવઠો છે. સરદાર સાહેબના સ્ટેચ્યુની બાબત આ માગણીમાં કયાંય આવતી નથી. માગણી જે માગણી ક્રમાંક મુજબની હોય એ સિવાયની ચર્ચાઓ માગણી પરની ચર્ચા આ મુદ્દામાં આવી શકે નહીં. એ માગણી જયારે હોય અથવા બજેટની સામાન્ય ચર્ચા હતી ત્યારે જરૂર કરી શકાય..

અધ્યક્ષશ્રી : રજનીભાઇ, મૂળ વાત ઉપર આવો.

શ્રી રજનીકાન્ત મો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં ફકત અભિનંદન આપ્યા છે ૨૦૦ કરોડની ફાળવણી સ્ટેચ્યુ ઓફ યુનિટી માટે ભારત સરકારે કરી છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : રજનીભાઇ, સિંચાઇ ઉપર અને નર્મદા યોજના ઉપર આવો. આ જે વર્ક છે એ એડીશનલ વર્ક છે. ઇટ ઇઝ નોટ અ પાર્ટ ઓફ નર્મદા યોજના.

શ્રી રજનીકાન્ત મો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ભાઇએ જે વાત કરી તેમાં મુખ્ય નહેરના તમામ કામો ૪૫૮ કિલોમીટરની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. શાખા નહેરોની કામગીરીમાં ૩૮માંથી ૩૭ નહેરોની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે અને કચ્છ શાખાની કામગીરી ચાલુ છે. વિશાખા નહેરોમાં ૫,૧૧૨ કિલોમીટર સામે ૩,૧૦૩ કિલોમીટરનું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે અને ચાલુ વર્ષે ૧,૦૭૭ કિલોમીટર અને ૨૦૧૫-૧૬માં ૯૩૨ કિલોમીટરની કામગીરી પૂરી કરવાનું આયોજન છે. માઇનોર કેનાલોમાં ૧૮,૪૧૩ની સામે ૮,૪૮૦ કિલોમીટરની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે અને ૨૦૧૫-૧૬માં બાકીનું કામ પૂરું કરવામાં આવશે. ૧૮.૪૫ લાખ હેકટરમાં પિયત કરવાનું જે આયોજન છે તેમાંથી ૯.૭૬ લાખ હેકટરમાં સિંચાઇ ક્ષમતા

ઉત્પન્ન કરવામાં આવી છે અને કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. ૬.૩૧ લાખ હેકટરના કામો પ્રગતિમાં છે. માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેને હું સમર્થન આપું છું અને આટલી મોટી ફાળવણી કરી છે તેના માટે તેમને અભિનંદન આપું છું.

શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય અધ્યક્ષશ્રી, આજના કામકાજના પાણી પુરવઠા ક્ષેત્રમાં માગણી નંબર–૬૭ ઉપર મારા વિચાર રજૂ કરું છું. આદિવાસી ક્ષેત્રની અંદર પાણી પુરવઠા દ્વારા જે કામો થયા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું. ગુજરાતની અંદર ૧૪ જિલ્લા અને ૪૪ આદિવાસી તાલુકાઓ છે. અંબાજીથી ઉમરગામ સુધી પહાડી વિસ્તારની અંદર એ આદિવાસીઓ વસે છે. એમના માટે ભૂતકાળમાં જે સ્વજલધારા યોજના હતી એ સ્વજલધારા યોજના ચલાવવા માટે એક પાણી સમિતિ બનતી, એમાં દસ ટકા રકમ લોકફાળા તરીકે લેવામાં આવતી હતી પણ સરકારને એ ધ્યાને આવ્યું કે આદિવાસી ક્ષેત્રમાં આ લોકફાળો લોકો ના ભરી શકે એટલા માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ યોજનાની અંદર સો ટકા સરકારી રાહત જાહેર કરી અને એટલા માટે હું માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપુ છું. ટોટલ જે અમારા ૩૮૫૦ મીની પાઇપલાઇન અને એમાં એ મીની પાઇપલાઇન દ્વારા દરેક ફળિયાની અંદર જૂથ યોજના બનેલી હોય છે ફળિયા પ્રમાણે કમિટી બનેલી હોય છે અને એનું સંચાલન થાય છે. એ દ્વારા આદિવાસી ક્ષેત્રની અંદર પાણી આપવામાં આવે છે અને અત્યારે જે જૂથ પાણી પુરવઠા યોજના આદિવાસી ક્ષેત્રમાં છે એમાં ૮૦ જેટલી યોજનાઓ પૂર્ણ થઇ ગઇ છે અને એમાં ૩૮૫૦ જેટલા ગામ અને ફળિયાની અંદર આ રીતે પાણી આપવામાં આવે છે. કુલ ૧,૫૮,૮૬૬ જેટલા હેન્ડપંપો કરવામાં આવ્યા છે અને ૧૩૨ જેટલી રીપેર ગેંગ પણ હેન્ડપંપ બગડયા હોય તો રીપેર કરવા માટે એ કાર્યવંત છે.

મારે અભિનંદન આપવા પડે, પાણી પુરવઠા મંત્રીશ્રીને કે કેટલાક કામો ખૂબ જ સારા થયા છે. દા.ત. વારંવાર માનનીય સભ્યશ્રીઓ ઉમરગામ અને અંબાજી બંનેનું નામ વારંવાર લે છે. ઉમરગામ તાલુકાની અંદર મારું મતક્ષેત્ર છે. વિધાનસભાનો ૧૮૨ નંબર છે એમાં મારા બાવન ગામ આવ્યા છે. પહેલા તબકકાની અંદર ચાલીસ ગામોની જૂથ પાણી પુરવઠા યોજનાઓ મંજૂર કરવામાં આવી હતી. અને અત્યારે પણ ૧૧૧૬ કરોડનું જે આયોજન છે આ બજેટના ક્ષેત્રમાં એમાંથી ૨૫ કરોડ રૂપિયા મારા ૧૬ ગામો જે બાકી રહેતા હતા એમાં જૂથ પાણી પુરવઠા યોજના મંજૂર કરવામાં આવી છે એટલે સો ટકા આ વિસ્તાર પીવાના પાણી માટે આજે સ્વાવલંબી બન્યો છે. અન્ય જે બીજા ૨૫ આદિવાસી ક્ષેત્રના તાલુકા છે એમાં પણ આ વખતના બજેટની અંદર ૧૧૧૬ કરોડના ખર્ચે ૨૫ તાલુકાની અંદર ૧૭ જેટલી જૂથ પાણી પુરવઠા યોજનાઓ મંજૂર કરવામાં આવી છે અને તે મંજૂર કરી છે તેના કારણે કેટલાક જિલ્લા અને તાલુકાને એનો સીધો ફાયદો મળવાનો છે. આ રીતે આદિવાસી ક્ષેત્રની અંદર ભૂતકાળમાં પીવાના પાણી બાબતમાં ઘણી બધી મુશ્કેલી આવતી હતી પરંતુ આદિવાસી ક્ષેત્રની અંદર જે બાયલોઝ બન્યા છે, નિયમો બન્યા છે કે ૫૦ વ્યકિતએ એક હેન્ડપંપ મૂકવાનો એ આધાર આપવામાં આવ્યો છે અને એના કારણે એ દક્ષિણ ગુજરાત હોય કે પૂર્વ પટ્ટીના પહાડી વિસ્તાર હોય જયાં ફળિયામાં લોકો રહેતા હોય છે અને ૮–૧૦ ઘર હોય તો ત્યાં એક હેન્ડપંપ મૂકી આપવામાં આવે છે એટલે આ રીતે મીની પાઇપલાઇન, હેન્ડપંપ અને જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ આ વિસ્તાર કમ્પલીટ કવર થઇ ગયો છે અને આવતા દિવસની અંદર પણ જે પૈસા મૂકવામાં આવ્યા છે એના કારણે અંદાજિત ત્રણ વર્ષની અંદર ૩હજાર જેટલા ગામોની અંદર પીવાના પાણીની સુવિધા પ્રાપ્ત થશે.

આ રીતે સરકાર દ્વારા અને માનનીય પાણી પુરવઠા મંત્રી દ્વારા આદિવાસી ક્ષેત્રની અંદર ખૂબ જ સારી વ્યવસ્થા થઇ છે અને એટલા માટે જ હું એમ કહુ છું કે ઉંમરગામનું નામ વારંવાર લે છે ત્યારે ઉમરગામની અંદર પીવાના પાણીની વ્યવસ્થા, ઘર ઘર ગેસની વ્યવસ્થા કોલેજની અંદર આર્ટસ, કોમર્સ સાયન્સ કોલેજની વ્યવસ્થા, ટેકનિકલ કોલેજની વ્યવસ્થા આ રીતે આદિવાસી ક્ષેત્ર હોવા છતાં સરકારે પાયાની સુવિધા પ્રજાને કઇ રીતે આપવી એ રીતે વ્યવસ્થા આ સરકારની અંદર થઇ રહી છે અને એટલા માટે સરકારશ્રી જે માગણી લઇને આવ્યા છે એમને હું અનુમોદન આપુ છું.

શ્રી નારાયણભાઇ લ. પટેલ(ઉંઝા) : માનનીય અધ્યક્ષશ્રી, અમારા મંત્રીશ્રી બાબુભાઇ બોખિરિયા સિંચાઇ વિભાગ માટે જે માગણીઓ લઇને આવ્યા છે એના સમર્થનમાં હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા એમ કહેવામાં આવે છે કે ઉત્તર ગુજરાત તરફ કોઇ ધ્યાન આપવામાં આવ્યું નથી. પણ સિંચાઇ ખાતાની જે કામગીરી છે એ કામગીરી ગુજરાતના જ નહીં પણ દેશના લોકો વખાણતા હોય છે. હજારો ચેકડેમો બાંધ્યા છે. હું ચેકડેમોની વાત કરું તો ૪૦ વર્ષમાં માત્ર ૧૮,૩૧૭ ચેકડેમો બંધાયા જ્યારે ૨૦૦૧ થી ૨૦૧૪ દરમિયાનમાં ૧,૪૬,૭૯૧ ચેકડેમો બંધાયા અને વિવિધ વિભાગો દ્વારા બીજા ૧,૬૫,૧૪૭ ચેકડેમો બંધાયા છે. આમાંથી ૪ લાખ હેકટર જમીનમાં પાણી આપવામાં આવે છે આ કોઇ નાનીસુની વાત નથી. આવી જ રીતે ચેકડેમો, બોરીબંધ, ખેત તલાવડી, જળમંદિરો, તળાવો અને આડબંધો ઉંડા કરવાનું કામ આ ભારતીય જનતા પક્ષની સરકારે કર્યું છે. તમે તો માત્ર બેસી રહ્યા હતા. ટપક સિંચાઇ પદ્ધતિ, સૂક્ષ્મ સિંચાઇ યોજના તેમજ ક્ષારવાળી જમીનની સુધારણા અને ક્ષાર નિયંત્રણ યોજનાઓના પરિણામે અને જળસંચય અભિયાનના લીધે સિંચાઇ વિભાગે ખૂબ જ સારી પ્રવૃત્તિઓ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સુજલામ્ સુફલામ્ યોજના એ ઉત્તર ગુજરાતની ધરોહર યોજના કહેવાય. કડાણા બંધમાંથી મહી નદીમાંથી પાણી ૩૩૨ કિલોમિટરની લંબાઇ અને ૨ હજાર કયુસેક પાણી વહેવડાવવાની ક્ષમતાવાળી આ યોજના અને એમાં ૨૧ નદીઓમાંથી પસાર થાય, બે હાઇ–વેમાંથી પસાર કરી, ૭ રેલવે લાઇનોમાંથી પસાર થઇ અને આ યોજના બનાવવામાં આવી છે. એના સ્ટ્રકચર અને ડિઝાઇન અને એ રીતે આ યોજના બનાવી કે તમને ખબર ન હોય તો કહું કે ૫૨૦૦ હેકટર વિસ્તારમાં સિંચાઇ તથા આશરે ૫૬૦૦૦ હેકટર વિસ્તારમાં રિચાર્જનો લાભ આજે મળ્યો છે. આ ઉત્તર ગુજરાત માટે આ સરકારે નાનીસુની કામગીરી નથી કરી. ધરોઇ ડેમમાં ૧૯૭૭માં તમે જે કામ કર્યું હતું એ ઉબડ–ખાબડ હતું અને એ વખતે જે સિમેન્ટ વપરાતી હતી એ *(xxxxxx)

અધ્યક્ષશ્રી : આક્ષેપ રહેવા દો. તમે યોજના ઉપર બોલો. (xxxxxx) યોજનાએ કરેલ પ્રગતિ ઉપર બોલો.

શ્રી નારાયણભાઇ  લ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સિમેન્ટ ન હોવાના કારણે આખી નહેર જીર્ણ થઇ ગઇ હતી. અમારી સરકારે આવીને ૭૦ કરોડના ખર્ચે ૨૭ હજાર હેકટર જમીન વિસ્તારની નહેરનું લાઇનીંગ પૂર્ણ કરેલ છે. અને સરકારે સુધારણા માટે નાણાની જોગવાઇ સૂચવી છે. જે સરકારની ખેડૂતો માટેની કટિબદ્ધતા દર્શાવે છે અને એના કારણે ઉત્તર ગુજરાતના ખેડૂતો વિપુલ પ્રમાણમાં પાક લઇને આવ્યાં છે. જો ઉત્તર ગુજરાત સમૃદ્ધ બન્યું હોય તો ધરોઇ, સૂજલામ્ સૂફલામ્ યોજના અને આ યોજનાના કારણે ખેડૂતો આબાદ થયા છે અને જે પ્રમાણિકતાથી આ ભારતીય જનતા પાર્ટીના રાજ વખતે  કામો થયા છે એ બેનમૂન થયા છે ત્યારે લોકોએ એને વખાણ્યાં છે ત્યારે હું આ વિભાગની ચર્ચા પૂર્ણ કરું છું.

શ્રી ધારશીભાઇ લ. ખાનપુરા(કાંકરેજ) : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા નિગમ, સિંચાઇ વિભાગ અને પાણી પુરવઠા મંત્રીશ્રી એમની માગણી લઇને આવ્યાં છે ત્યારે હું પણ મારા વિચારો અને વ્યથા કહેવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, પાણી એ જીવનનો મુખ્ય આધાર છે. ઉત્તર ગુજરાતમાં પાણીનો બોર ખોધો તો ૧૦૦૦ ફૂટે પાણી છે. આટઆટલા દિવસો થયા છતાં એક વરસાદનું ટીપું પડ્યું નથી. અત્યારે ઉત્તર ગુજરાતમાં પરિસ્થિતિ એટલી ખરાબ છે કે વાત પૂછોમાં અને કીધા જેવી વાત નથી. મારે તો મંત્રીશ્રીને એ જ વાત કરવાની છે કે નર્મદાના પાણીથી પ્રથમ હવાડા, તળાવો વહેલાસર ભરવામાં આવશે નહિ તો ઉત્તર ગુજરાત દુષ્કાળની પરિસ્થિતિમાં મૂકાશે. અડધો અષાઢ ગયો છે એક ટીપું હજુ સુધી નથી પડ્યું તો મારી મંત્રીશ્રીને વિનંતી છે કે આની નોંધ લ્યે અને તાત્કાલિક પાણી પૂરું પાડવામાં આવે તો જ ઉત્તર ગુજરાતનો ઉદ્ધાર છે. ખેડૂતને આપણે જગતનો તાત કહીએ છીએ.  આ મોટા નામમાં ને નામમાં ખેડૂતોના પાટિયા ફૂલી જાય છે અને દશા ખરાબ આવે છે. હું ભાષણ કરવા નથી ઊભો થયો પણ મારી વ્યથા કહેવા ઊભો થયો છું એટલે મારી તમને વિનંતી છે કે ખેડૂતોની વ્યથાને ધ્યાને લઇને કામ કરજો તો કુદરત પણ તમને સહાય કરશે. એટલે મારી સૌને વિનંતી છે કે જેમ બને તેમ દાંતીવાડામાં અને સૂજલામ્ સૂફલામ્ યોજનામાં પાણી નાંખીને

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી  કાઢી નાંખવામાં આવ્યા.

અમારી બનાસની નદીને જીવંત કરો તો અમારા ખેડૂતો જીવી શકે તેમ છે, મારે લાંબુ ભાષણ કરવું નથી. મારી આટલી વિનંતીને ધ્યાનમાં લઇને કામગીરી થાય એ મહત્વનું છે બાકી બોલવામાં તો હું સારો અને તમે નરસા એમાં કાંઇ ભલીવાર આવે નહિ. એટલે મારી સૌથી વિનંતી છે કે તમારે યોજના કરીને પાણી પહોંચાડવાનું છે એટલું કહીને હું મારું વકતવ્ય પૂરું કરું છું.

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો માનનીય આનંદીબેન પટેલને પ્રથમ મહિલા મુખ્યમંત્રી થવા બદલ હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

અધ્યક્ષશ્રી : ભાઇ, હવે એ પ્રસ્તાવના બંધ કરોને, બધા વતી આપણે એકવાર અભિનંદન આપી દીધા છે. બોલો આગળ.

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી બાબુભાઇ બોખીરિયા સાહેબ માગણી નંબર ૬૭ લઇને અહીંયા આવ્યાં છે તેને હું મારું સમર્થન આપવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એક એવું રાજ્ય છે કે જે ભૌગોલિક દ્દષ્ટિએ ૧૬૦૦ કિલો મિટરનો દરિયા કિનારો ધરાવે છે અને કચ્છનો આખો એક રણ પ્રદેશ છે, એની સાથે અંબાજીથી ઉમરગામ સુધી પહાડી વિસ્તાર અને આદિવાસી વિસ્તારમાં એ પથરાયેલો છે, એની સાથે સૌરાષ્ટ્ર એ પણ પાણીથી વંચિત એવો એ વિસ્તાર છે. ગુજરાતમાં અવારનવાર દુષ્કાળના ઓળા આવે છે જેનાથી પાણીની ખૂબજ મુશ્કેલીઓ ઊભી થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં જે પ્રમાણે પાણીનો દિન–પ્રતિદિન વપરાશ વધતો જાય છે એની સામે ગુજરાતમાં, દક્ષિણ ગુજરાતમાં જે પાણીનો ઉપયોગ થાય છે એમાં પાણીની વ્યવસ્થા સિત્તેર ટકા અને ત્રીસ ટકા એમાં ઘટ પડે છે એની સામે સૌરાષ્ટ્રની અંદર જે પીવાના પાણીની ઉપયોગીતા છે એની સામે ત્યાં ત્રીસ ટકા પાણી ઉપલબ્ધ છે અને સિત્તેર ટકા જેટલી ત્યાં પાણીની તંગી વર્તાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ પ્રમાણે કચ્છની અંદર પણ એજ પરિસ્થિતિ ઉભી થઇ છે. એ પ્રમાણે ઉત્તર ગુજરાતમાં પણ ઘણી બધી પીવાના પાણીની મુશ્કેલીઓ હતી. અત્યારે હાલ ચોમાસું નબળું આવે છે ત્યારે અછતગ્રસ્ત વિસ્તારમાં પાણીની ખૂબ મુશ્કેલીઓ ઉભી થાય છે. જયારે આ ગુજરાતની અંદર માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ગુજરાતની ધૂરા સંભાળી ત્યારે એમણે સૌથી પહેલું કામ ગુજરાતની જનતાને, ગુજરાતના પશુધનને પાણીની મુશ્કેલીઓ ના પડે એના માટે નર્મદાની અંદરથી ઘણી બધી યોજનાઓનું એમણે નિર્માણ કર્યું અને એ સાથે નર્મદા માસ્ટર પ્લાનનું આયોજન કરી તેનું અમલીકરણ કરી સ્ટેટ વાઇડ વોટર સપ્લાય ગ્રીડનું નિર્માણ કર્યું અને જેનાથી ગુજરાતની અંદર આજે પાણીની મુશ્કેલીઓમાં ઘણી બધી એટલે એમ કહેવાય કે, ઘણી બધી રાહત થઇ છે.

માનનીય અધયક્ષશ્રી, ભૂતકાળમાં ૧૯૮૦ થી ૯૫ સુધી આ રાજ્યમાં કોંગ્રેસની સરકાર હતી તે વખતે પાણી વિભાગમાં જે બજેટનું આયોજન કરવામાં આવતું હતું અને તેની સામે ગુજરાતમાં ૨૦૦૨ થી ૨૦૧૪ સુધીમાં એ સમયગાળામાં પાણી પુરવઠા વિભાગે કુલ રૂપિયા ૧૭,૮૧૩/– કરોડની જંગી ફાળવણી કરી તેમાં પ્રશંસનીય કામ કર્યું છે. ચાલુ સાલે પણ આ બજેટની અંદર પાણી પુરવઠા વિભાગમાં ૩,૦૦૦/– કરોડ રૂપિયાનું આયોજન કરવામાં આવ્યું છે. જે બજેટ ૨૦૦૨–૨૦૧૪ સુધીમાં આયોજન કરવામાં આવ્યું તે બજેટ અગાઉની સરકારે જે બજેટનું આયોજન કર્યું હતું તેનાથી ચાળીસ થી પચાસ ટકા જેટલું વધારે આયોજન કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૨ પહેલાં સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં (સમયસૂચક ઘંટડી) પીવાના પાણીની અછત વર્તાતી હતી એ વખતે, એ પહેલાં અબજો રૂપિયાના ટેન્કરોથી ખર્ચ કરી પાણીની વ્યવસ્થા કરતા હતા અને એની અંદર બહુ મોટો ભ્રષ્ટાચાર થતો હતો એમાંથી છૂટકારો મેળવવા માટે એ વખતે એ પાણીની તંગીના આધારે કચ્છ અને સૌરાષ્ટ્રની જનતા ત્યાંથી હિજરત કરી મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં એ ત્યાંથી એમના પશુઓને લઇ ત્યાં તેઓ નિવાસ કરવા માટે જતા હતા. એ વખતે બાર વર્ષ પહેલાં ૪,૨૦૦ ટેન્કરોથી ગુજરાતમાં પાણી આપવાનું એ વખતની સરકાર કામ કરતી હતી અને તે પણ પાંચ–પાંચ દિવસ સુધી ઘણી બધી જનતાને પીવાનું પાણી એ વખતે પૂરું થતું ન હતું. આજે અત્યારે ઘણી વખતે વિપક્ષના મિત્રો અહીંયા વાત કરે છે કે, આજે પણ ટેન્કરોથી અથવા તો પાણી પીવાનું મળતું નથી,

પણ આ સભાગૃહને ખાસ મારે કહેવું છે કે, અત્યારે જે હાલ અછતવાળો સમય આવે છે, કયાંક વરસાદ ઓછો પડે છે અને પાણીની મુશ્કેલી પડે છે અને એમાં સરકારમાં સો થી દોઢસોથી વધુ આજની તારીખમાં ટેન્કરો કયાંય ચાલતા નથી. એ આ સરકારનો સાક્ષાત વહીવટ છે.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે હાલ આપણે ગુજરાત રાજ્યમાં ભારતની પહેલી અને એક માત્ર વિશ્વની સૌથી મોટી વોટર ગ્રીડ પૈકીની રાજ્ય વ્યાપી વોટર ગ્રીડ આપણે ત્યાં છેલ્લા બાર વર્ષથી બનાવવામાં આવી છે તેની મુખ્ય વિશેષતાઓ નીચે મુજબ છે.આ ગ્રીડ દ્વારા સમગ્ર ગુજરાત રાજયમાં ૧૦૭૮૦ ગામો અને ૧૮૯ શહેરોને લગભગ ૪ કરોડની વસ્તીને દરરોજ ૩૦૦ કરોડ  લિટર શુદ્ધ પાણી પૂરું પાડવાની વ્યવસ્થા કરવામાં આવી છે. સૌરાષ્ટ્ર કચ્છના લોકોને કુલ મળીને ૧૩૦કરોડ લિટર વધુ નર્મદાનું પાણી વોટર ગ્રીડ દ્વારા આજે પણ આપવામાં આવે છે.

શ્રી બાલકૃષ્ણભાઇ ના. પટેલ (ડભોઇ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના કુશળ નેતૃત્વમાં માનનીય મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા જે માગણી લઇને આવ્યા છે એને મારું સમર્થન છે અને તેમની માગણીમાં હું સૂર પુરાવું છું.

નર્મદા યોજના સૌની યોજના, ગુજરાતની યોજના, જેના વિકાસથી ગુજરાતનો વિકાસ થયો છે. આદરણીય, આપણા લોકલાડીલા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇને હું ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું કે એમણે સત્તા હાંસલ કર્યા પછી તાત્કાલિક જ ગુજરાતને થતા અન્યાયની અંદર નર્મદા ડેમના ગેટ ચડાવવાની જે ટૂંક જ સમયમાં મંજૂરી આપી અને આપણા માનનીય મુખ્યમંત્રીશ્રીએ એ જ દિવસે એની શુભ શરૂઆત કરી ડેમના ગેટ ચડાવવાની શુભ શરૂઆત કરી ચૂકયા છે. નર્મદાની યોજના જેમ જેમ ઉંચાઇ વધી તેમ તેમ ગુજરાતનો વિકાસ અને ગુજરાતના ખેડૂતોનો વિકાસ વધ્યો છે. આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે વડાપ્રધાન તરીકે સત્તા સંભાળી અને ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા યોજનામાં ગેટ ચડાવવાની મંજૂરી આપી છે એમને ગુજરાતમાંથી લાખ લાખ અભિનંદન આપું છું.

મારો વિસ્તાર પણ નર્મદાના કિનારે આવેલો છે. નર્મદા વિશે કહેવાય છે કે ગંગાજી સ્નાને, યમુનાજી જલપાને અને નર્મદાજી દર્શને આ એનો સરખો લાભ મળે છે એટલે જયારે પાપ ધોવા માટે ગંગાજી જાય છે એટલો જ લાભ નર્મદાજીના દર્શને મળે છે. નર્મદાજીના દર્શન, 'નર્મદે સર્વદે'ના દર્શન માટે પણ શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે સમગ્ર ગુજરાતને નર્મદાજીના દર્શન કરાવ્યા છે. સંતો, મહંતોની આ ભૂમિ છે. ૯૯૯ નદીઓની આ નર્મદાજી બનેલી છે અને ચાંદોદ કરનાળી નર્મદાજીના કિનારે આવેલું છે. નર્મદા દક્ષિણ પ્રયાગ તરીકે ચાંદોદ છે અને ચાંદોદના વિકાસ માટે માનનીય મુખ્યમંત્રીશ્રી આનંદીબહેને અમારા વિસ્તારને જે ગ્રાન્ટ ફાળવી છે, બજેટમાં સમાવેશ કર્યો છે એ બદલ એમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

નર્મદા યોજનાની ૧૯૬૧માં શરૂઆત થઇ હતી અને ભારતીય જનતા પક્ષની સરકાર આવ્યા પછી આ નર્મદા યોજનાની ગતિ ખૂબ ઝડપથી વધી છે. તા. ૧૮–૨–૯૯ના રોજ ૪.૭૦ મીટરની ઉંચાઇ વધારવાની મંજૂરી આપી હતી. તા. ૧૮–૧૦–૨૦૦૦માં પાંચ મીટર, તા. ૧૭–૫–૨૦૦૨માં પાંચ મીટરનો વધારો, તા. ૧૪–૫–૨૦૦૩માં પાંચ મીટર અને તા. ૧૬–૩–૨૦૦૪ના રોજ ૧૦.૬૪, તા. ૩૧–૧૨–૨૦૦૬માં ૧૧.૨૮ મીટરની ઉંચાઇ વધારવાની મંજૂરી મળી હતી. કુલ ૧૨૧.૯૨ની વધારે મળ્યા પછી ઘણા વખતથી ગુજરાતની જયારે માગણી હતી છતાં પણ વિનંતી કરવા છતાં ગુજરાતને યેન કેન પ્રકારે જે અન્યાય થતો હતો એ આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ આવ્યા પછી ૧૬.૭૬ મીટરની વધારાની મંજૂરી મળી છે જેના કારણે ડેમની ઉંચાઇ ૧૩૮.૬૮ થવાની છે એટલે ગુજરાતને ખૂબ મોટો ફાયદો થવાનો છે. ૨૦૧૩માં ગયા વર્ષે નર્મદા ડેમ ત્રણ વખત ઓવર ફલો થયો હતો અને વધુ ઉંચાઇ ૧૩૦.૫૭ મીટર સુધી તા. ૨૫–૮–૨૦૧૩ના રોજ નર્મદા યોજનાના વેણ વહી રહ્યાં હતા. તા. ૧૮–૭ થી તા. ૧૧–૯ એટલે કે ૫૪ દિવસ સુધી નર્મદા ડેમ ઓવર ફલો થઇ રહ્યો હતો. તા. ૨૨–૯ થી તા. ૨–૧૦(૧૧ દિવસ), તા. ૯–૧૦ થી તા. ૧૯–૧૦ (૧૧ દિવસ) ગયા વર્ષે ૮૬ દિવસ નર્મદા ડેમ ઓવર ફલો થઇ રહ્યો હતો. આ નર્મદા બંધના પાણી ઓવર ફલો થઇને ગુજરાતનું લીકવીડ ધન વહી ગયું હતું. આ તો એક જ વર્ષની વાત છે. (સમય સૂચક ઘંટડી) આજે ૩૧ દિવસની વાત થઇ. આટલા વર્ષોથી પાણી વહી ગયા ત્યારે ગુજરાતને ખૂબ નુકસાન થયું છે, ગુજરાતને

અન્યાય થયો છે અને ઓવર ફલો ડેમ જોવા ખૂબ ગુજરાતના અન્ય રાજયોમાંથી લાખોની સંખ્યામાં લોકો આવે છે. નર્મદા જળ સંગ્રહની દ્રષ્ટિએ હાલમાં  ૧૫૭ કરોડ ઘન મીટર પાણી ઉપલબ્ધ થાય છે.  જે ડેમની ઉંચાઇ ૧૩૮.૬૮ થશે, ત્યારે ૪૨૭ કરોડ ઘન મીટર પાણીનો સંગ્રહ થવાનો છે. કુલ જથ્થો ૫૮૮ ચો.ઘનમીટર મળશે. ટૂંકમાં કહું તો હાલમાં ૨૫ ટકા પાણીનો જથ્થો સંગ્રહ થઇ રહ્યો છે. એને બદલે ૭૫ ટકા પાણી વધુ સંગ્રહ થવાનું છે. ૩ ગણો વધુ અને એનો ફાયદો ગુજરાતને થવાનો છે. હાલમાં ૯ લાખ હેક્ટરને સિંચાઇ માટે પાણી મળવાનું છે. આવતા સમયમાં ૧૫ લાખ હેક્ટરની સિંચાઇ વધુ થશે. વિદ્યુત પાવર ઉત્પાદન જોઇએ તો આજે ૪૫,૦૦૦ લાખ યુનિટ પ્રતિ વર્ષ ઉત્પન્ન થશે. આવતા સમયમાં ૬૩,૦૦૦ લાખ પ્રતિ વર્ષ ઉત્પન્ન થવાનું છે.

શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સિંચાઇ મંત્રીશ્રી માગણી ક્રમાંક ૬૬ જે લઇને આવ્યા છે, તેમાં મારો સૂર પુરાવું છું.

અમારો સૌરાષ્ટ્ર વિસ્તાર રકાબીના ઢાંચા જેવો છે.  ચોટીલાથી બધી લીંક નદીની મળતી હોય છે. આપણા હાલના વડાપ્રધાન અને રાજ્યના અગાઉના મુખ્યમંત્રીશ્રી સૌની યોજના લાવ્યા. કોંગ્રેસના મિત્રો બોલી બોલીને બહાર જતા રહ્યા. સાંભળવા રહેતા નથી.  આ સૌની યોજના આપણા બધાની યોજના છે.  શ્રી રાઘવજીભાઇનો વિસ્તાર, શ્રી શક્તિસિંહભાઇનો વિસ્તાર એમાં આવશે. આ બધાનો વિસ્તાર એમાં આવવાનો છે.  અગાઉની સરકાર ૬ ઇંચ અને ૧૨ ઇંચની પાઇપો નાખતી હતી.  આ સૌની યોજનામાં ૮ ફૂટ અને ૧૦ ફૂટની પાઇપો નાખવાના છીએ. આખી ગાડી તેમાંથી ચાલી જાય. શ્રી રાઘવજીભાઇને જોડિયા જવું હોય તો ચોટીલાથી સીધા આની અંદરથી ગાડીમાં જતા રહે. આ યોજના આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઇના મનમાં આવી.

હમણા મારા મિત્ર કહેતા હતા કે પાણી મળતું નથી.  પાણી ચાલુ છે.  આ સૌની યોજના એ ૪ લીંક કેનાલ છે. આખો પ્રોજેકટ ૧૦,૨૨૨ કરોડનો પ્રોજકેટ છે. તેમાં ૧,૦૧,૦૨૬ કિ.મી. પાઇપલાઇન નાખવાની. એની અંદર ૪ લીંક થશે. હું નસીબદાર છું. પહેલી લીંક મને મોરબી મચ્છુ ડેમમાં મળે છે.  આશરે ૨૨ ટકા પાણી મળવાનું છે. જે પાણી મળવાનું તેમાં મોરબીથી જામનગર આખા જિલ્લાને મળશે. રાઘવજીભાઇને સાંભળવું ન પડે એટલે જતા રહ્યા છે. આ બધાને લાગે છે કે જે બોલે તે સાચું બોલે. સૌરાષ્ટ્રમાં ૬ સીટ આવી છે.  આ સૌની યોજના પછી એક પણ સીટ નહિ આવે. બીજું લીંકની વાત કરી છે. ૧૮૦ કિ.મી.ની પાઇપલાઇન નાખવાની છે.  આ પાઇપલાઇનથી આશરે ૨૨૫ મિલિયન ફૂટ પાણી મળવાનું છે. આ લીંકને આધારે જામનગર જિલ્લાના તો ૧૭ ડેમ છે. તેને પાણી મળવાનું છે.  કુલ ૧૧૫ ડેમમાં પાણી આવે અને આ ૧૧૫ ડેમમાં પાણી મળશે તો એની પાછળની નદીઓ છે એ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી ચેકડેમ બનાવ્યા. મને ખાસ યાદ છે કે મોરબીમાં લકધીરજી બાપુ હતા. એમણે વર્ષો પહેલાં ૪ ચેકડેમ બનાવ્યાં હતાં.  પછી કોંગ્રેસે ૪૦ વર્ષ આ ચેકડેમ બનાવ્યા નહિ. અને ભાજપની સરકારે મચ્છુ નદી ઉપર ૭ ચેકડેમ બનાવ્યા.  આવા  ચેકડેમ ગણીએ તો કરોડો ચેકડેમ એની અંદર પાણી ભરાવવાનું અને આનાથી ખેડૂતોને ફાયદો થવાનો છે. જમીનને પણ ફાયદો થવાનો છે. અત્યારે દર વર્ષે આશરે ૨ ફૂટ પાણી નીચે ઉતરે છે.  આ બધી નદીઓનું લીંક થશે, તળાવોનું લીંક થશે તો તળીયું નીચે ઉતરતું પણ બંધ થશે.  આ ભારતીય જનતા પાર્ટીની સૂઝ છે તેને આવકારવી પડે. આ લોકો શું કરતા? આમણે કાગળ ઉપર પ્લાન બનાવ્યો. આજે હમણા રાઘવજીભાઇ બોલતા હતા.  આજે ટેન્ડરો ઉંચા થયા. આવું થયું. રાઘવજીભાઇને ખબર નથી કે આગળથી ટેન્કર  આવતા હોય તો એક ટેન્કરમાં એક જ પાઇપ સમાતા.કદાચ ૨ પાઇપ હોય.

અધ્યક્ષશ્રી : વિરામનો સમય થયો છે.  આપનું પ્રવચન ચાલુ રહેશે. સભાગૃહ ૩–૧૫ કલાકે મળશે.

(વિરામ બાદ)

અધ્યક્ષશ્રી અધ્યક્ષ સ્થાને

શ્રી કાંતિલાલ અમૃતીયા(ક્રમશઃ)ઃ હું મારા પ્રવચનમાં કહેતો હતો કે જે પાઇપો આવે છે  ૧૦ ફૂટની હોય છે અને તે સ્પેશ્યલ એક ખટારામાં આવે છે. તેનો ટોલ ટેક્સ જુઓ તો ૪૦૦ રૂપિયા હોય છે. આવા પાઇપ

મને એવું લાગે છે કે મેં ક્યારેય જોયા નથી. આ કોંગ્રેસના આગેવાનને ખ્યાલ નથી કે અગાઉની સરકારમાં એમણે પાઈપ નાંખ્યા ખરા પણ એ તો પી.વી.સી.ના પાઇપ. એક-એક, બે-બે ફૂટના નાંખ્યા અને તે પણ સડી જાય. અમને યાદ છે કે અમે જયારે તાલુકા પંચાયતમાં ચૂંટાયા ત્યારે અમારા વલ્લભભાઇ પાણી પુરવઠા મંત્રી હતા. તે ખાલી ચકલી ખોલવા ઉદ્‌ઘાટન કરવા આવતા. અમારા મંત્રીશ્રીને અમે કહીએ છીએ કે આ ૨૦૦ કરોડનું કામ છે તો પણ તેમને ટાઇમ નથી.

હું વાત કરું બીજી લીન્કની વાત કરું છું. આ લીન્ક તે ભાવનગર જિલ્લામાં લીંબડી ભોગાવોથી આશરે ૨૫૩ કિલોમિટર લાઇન નાંખવાના છે. તેનો ખર્ચ આશરે ૩૨૨૯ કરોડનો થવાનો છે. આવા ખર્ચે સૌરાષ્ટ્રને જો પાણી મળતું હોય અને ૧૧૫ ડેમ ભરવાના હોય તો અમે તો નસીબદાર છીએ કે અમે ધારાસભ્ય થયા પછી અમારા સૌરાષ્ટ્રની જે પાણીની અછત હતી તે દૂર થશે. રાઘવજીભાઇ આવી ગયા છે. તેમની હાજરી નહોતી ત્યારે મેં કહ્યું હતું. બહુ સાચુ બોલું છું. આપણે સૌ જાણીએ છીએ અને અગાઉ તમે પણ તાલુકાના આગેવાન હતા. શું હતું? પાણી પણ હતા. આ લીન્કથી આશરે ૧૭ ડેમને પાણી મળવાનું છે. પહેલા તબક્કે સૌની યોજનાનું કામ આશરે ૨૦૨૩.૧૫ કરોડના કામ પૂર્ણ કરવામાં આવ્યા છે. બીજા તબક્કાનું કામ શરૂ થયું છે. સૌની યોજના ચાલુ થઇ જશે ત્યારે મને લાગે છે કે સૌરાષ્ટ્રમાં કોંગ્રેસનું ૫-૧૦ ટકા જે છે તે પણ નાશ થશે. આ વખતે ૨૬ સીટો તો આવી પણ હજી અમારા આનંદીબેન મુખ્યમંત્રી તરીકે કામ કરશે અને આ યોજના પૂર્ણ થશે એટલે આખા સૌરાષ્ટ્રની ૫૮ સીટ ધારાસભાની છે તે નાશ થઇ ભારતીય જનતા પાર્ટીની ૧૦૦ ટકા થવાની છે. *(xxxxxx) એણે કર્યા એટલે એમને યાદ આવ્યું.

અધ્યક્ષશ્રી : (xxxxxx) શબ્દ કાઢી નાંખીએ છીએ. તે ગમે તેણે કર્યા હોય.

શ્રી કાંતિલાલ શી. અમૃતિયા : કાઢી નાંખીએ. ભારતીય જનતા પાર્ટીની સરકારમાં જે યોજના થાય છે તેમાં વધારે ટેન્ડર આવ્યું હોય તો તેમાં કામની કવોલિટી હોય છે. પાઇપો આટલા મોટા હોય તો તેને ઉતારવાનું ખર્ચ, ટોલ ટેક્સનું ખર્ચ થાય છે. તેમાં અમૂક એજન્સી કામ કરતી હોય છે. કોંગ્રેસની સરકારમાં નાની નાની એજન્સી કામ કરતી એટલે (xxxxxx) થતા.

અધ્યક્ષશ્રી : (xxxxxx) શબ્દ કાઢી નાંખીએ છીએ. બસ હવે બેસી જાઓ. માનનીય મહેન્દ્રસિંહ બારૈયા.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો આ સન્માનનીય સભાગૃહ સમક્ષ રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા યોજનાની વાત થાય, નર્મદા યોજના તે ગુજરાતની જીવાદોરી છે તે આપણે સૌ જાણીએ છીએ. નર્મદા યોજનાનું કામ જયારે ચાલુ કરવામાં આવ્યું અને આ ડેમ બનાવવાની જયારે કલ્પના કરવામાં આવી ત્યારની કોંગ્રેસની સરકારો, તે વખતના અધિકારીઓ અને તે વખતના ઇજનેરોને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું કે તેમણે આવી એક સારી યોજના મૂકી. આ યોજનાના પરિણામે આજે સમગ્ર ગુજરાત રાજયને જયારે મોટો ફાયદો થયો છે ત્યારે હું આ સન્માનનીય ગૃહ સમક્ષ એ વાત મૂકીશ કે જયારે નર્મદા યોજના થકી, આટલી મોટી યોજના થકી સમગ્ર ગુજરાતને જયારે પીવાનું પાણી, સિંચાઇનું પાણી પૂરું પાડતી હોય ત્યારે આમાં રાજકારણ બંધ કરી આ યોજનાના અધૂરા કામો, અધૂરી કેનાલો, પ્રશાખાઓ, શાખાઓ અને તળાવો ભરવાની વાત હોય તે જલદી પૂરા થાય તે માટે હું મારું મંતવ્ય રજૂ કરું છું. વારંવાર વાત થાય છે કે અમે ચેકડેમ બનાવ્યા. હું એ વાત કહેવા માગું છું કે આપણે સૌ જોઇએ છીએ કે ગુજરાતમાં હયાત ડેમો છે આ તમામ ડેમો કોંગ્રેસની સરકાર વખતે બનેલા છે. અત્યારના આ છેલ્લા ૧૯-૨૦ વર્ષમાં એકપણ નવો ડેમ આ સરકારે બનાવ્યો હોય તો વાત કરે. અત્યારે બને તો માત્ર ચેકડેમો બને છે. તે માત્ર ૫ લાખ, ૭ લાખ, ૧૦ લાખના બને છે. તેમાં શું થાય છે તે આપણે બધા સૌ જાણીએ છીએ. કોંગ્રેસ સરકારે આ ડેમો ન બનાવ્યા હોત તો સુજલામ્ સુફલામ્ યોજના કયાંથી આવતી. બીજી નાની નાની તળાવો ભરવાની અને ઉદવહન કરવાની પાઇપ લાઇનો કયાંથી આવતી તે આ ગૃહમાં કહેવા માગું છું. કોંગ્રેસ સરકારે

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

જે ડેમો બનાવ્યા તે એક વિઝનથી બનાવ્યા છે. સરકારમાં એક વિઝન હોવું જોઇએ, તે વિઝનના ભાગરૂપે સમગ્ર યોજનાઓ બનાવી અને આજે તેનો લાભ સમગ્ર ગુજરાત રાજયને મળે છે, એટલે ઘણી વાર હમણા નારણ કાકા કહેતા હતા કે, ભૂતકાળની કોંગ્રેસની સરકારોએ શું બનાવ્યું? તો કોંગ્રેસની સરકારે કડાણા, ધરોઇ, સીપુ, મચ્છુ, વણાકબોરી આવા અનેક મોટા મોટા ૨૧ થી ૨૫ મોટા મોટા ડેમો બનાવ્યા છે અને અમારા સાબરકાંઠા જિલ્લામાં ૭ થી ૮ મોટા મોટા ડેમો આવેલા છે. આજે કુદરત અમારી ઉપર મહેર કરે અને જો સારો વરસાદ પડે તો અમારે બીજા કોઇની જરૂર નહીં, પણ કુદરત મહેર નથી કરતી ત્યારે મોટા પ્રશ્નો ઉપસ્થિત થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા માનનીય બાબુભાઇ સાહેબ બેઠાં છે ત્યારે એમને એક વાતના અભિનંદન આપીશ કે ગઇ સાલ પાઇપ લાઇનથી એક કીલો મીટરમાં તળાવો ભરવાની વાત કરેલી પણ એ અગાઉની સરકારનો એક કીલો મીટરનો નિયમ હતો એ બે કીલો મીટરનો કર્યો છે એટલે એમને ખૂબ અભિનંદન આપું છું. જયારે આ તળાવો ભરાય છે ત્યારે ઘણી વાર એવું પણ બને છે કે, જે બે કીલો મીટરની મર્યાદાથી તળાવો ભરાય અને એ તળાવો ભરાયા પછી સરકારને એક નયા પૈસાનો પણ ખર્ચ કરવો પડે નહીં અને એના વેસ્ટવિયરોમાંથી ઘણાં તળાવો ભરી શકાય એમ છે. અડધો કીલો મીટર કે કીલો મીટર દૂરના તળાવો હોય એ ભરવા માટે સરકારને એક નયા પૈસાનો વધારાનો ખર્ચ કરવો પડે તેમ નથી તેમ છતાં અવા તળાવોમાં પાણી ભરવામાં આવતું નથી તો માનનીય મંત્રીશ્રીને મારું સૂચન છે કે, આવા તળાવો ભરાય એની ગ્રેવીટીથી અને ઓવરફલોથી વેસ્ટવિયરથી તો આગળના એકાદ કીલો મીટરના તળાવો ભરવામાં આવે તો ખેડૂતોને સિંચાઇના પાણીનો અને પીવાના પાણીનો પ્રશ્ન હલ થશે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા માનનીય નાણા મંત્રીશ્રીના બજેટ ઉપર મારી સ્પીચ હતી ત્યારે પણ મેં મારું સૂચન કરેલું અને આજે બાબુભાઇ સાહેબને હું વિનંતી કરું છું કે, મારા મત વિસ્તારનો તલોદ તાલુકો એક એવો તાલુકો છે કે, જયાં પીવાના પાણીની ગંભીર પરિસ્થિતિ છે. મારા મત વિસ્તારમાંથી બે બે પાઇપ લાઇનો પસાર થાય છે, એક સુજલામ્ સુફલામ્ કેનાલ પસાર થાય છે છતાં પણ પીવાના પાણીની ગંભીર પરિસ્થિતિ છે. ભારત સરકારનો જે સેટેલાઇટ સરવે થયો એમાં પણ આ સમગ્ર વિસ્તારમાં પાણી નથી એવો રિપોર્ટ આવ્યો અને ભારત સરકારે તમામ વિસ્તાર છે એને વોટરશેડ એરિયામાં દાખલ કર્યો અને આજે પણ દરેક ગામને માટે ભારત સરકારના ૧૫ થી ૨૦ લાખ રૂપિયા આવે છે પણ એના પીવાના પાણીનો કે સિંચાઇના પાણીનો પ્રશ્ન હલ થતો નથી ત્યારે મારા વિસ્તારની એક નર્મદાની મેઇન કેનાલમાંથી માધવગઢ સુધીની એક પાઇપ લાઇન છે એ પાઇપ લાઇન જો કાજણ ડેમ સુધી લંબાવવામાં આવે તો એ પાઇપ લાઇનના એરિયામાં આવતા આ સમગ્ર વોટરશેડ વિસ્તારના અહીંયા તમામ ગામોના તળાવો ભરી શકાય એમ છે. ત્યાં બે નાની સિંચાઇની યોજના ટીંબા તળાવ યોજના અને કાજણ ડેમ સિંચાઇ યોજના પણ આવેલી છે તો આજુબાજુના ગામોમાં હયાત કેનાલોમાંથી પિયત પણ થઇ શકે એમ છે ત્યારે માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી કે આ યોજનાનો સરવે કરાવી અને જો આ યોજના જલદીથી બને તો સમગ્ર તલોદ તાલુકાને મોટો ફાયદો થાય એમ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સાબરકાંઠા જિલ્લામાંથી સુજલામ્ સુફલામ્ કેનાલ પસાર થાય છે, મારા મત વિસ્તાર પ્રાંતિજ અને તલોદ બંને તાલુકામાંથી આ કેનાલ પસાર થઇ છે તો એક મારા મત વિસ્તારનું લીમ્બલા ડેમ એ અંગ્રેજોએ બનાવ્યો હતો પણ આ જે યોજના બની ત્યારે કદાચ અધિકારીઓએ ધ્યાન નહીં રાખ્યું હોય અને આખો ડેમ તોડી નાંખી અને જીરો સપાટી લેવલ કરી નાંખ્યો છે અને એના પરિણામે જયારે કડાણાથી પાણી આવે સુજલામ્ સુફલામમાં ત્યારે એક ટીપું પાણી પણ અમારા લીમ્બલા ડેમમાં રહેતું નથી. એની કેપેસીટી બહુ મોટી હતી એમાં આજે એક ટીપું પાણી રહેતું નથી. અમારા જે ડેમો ભરાય, સાબરકાંઠાના જે ડેમો ભરાય એનું પાણી મહેસાણાથી બનાસકાંઠા સુધી જાય છે તો અહીંયા સાઇફન બનાવી કે જે કાંઇ પ્રોસીઝર કરવી જરૂરી હોય એ કરી આ લીમ્બલા ડેમ જે તોડી નાંખવામાં આવ્યો છે એ ડેમ ફરીથી વ્યવસ્થિત કરે અને એ ડેમમાં પાણી ભરાય એ રીતે તૈયાર કરે એવી મારી વિનંતી છે. માનનીય અધ્યક્ષશ્રી, સુજલામ્

સુફલામ્ યોજનાની જે વાત થઇ, *(xxxxxx) થયેલો એ વાત પણ આપણે સૌ જાણીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, એ વખતે મારા મત વિસ્તારમાં એક સાઇફન બનાવેલું એ સાઇફન બેસી ગયું અને ગઇ સાલ વરસાદ આવ્યો ત્યારે હજારો હેકટર જમીનમાં પિયત થઇ શક્યું નહીં. નર્મદા જળ સંપતિ નિગમ દ્વારા સાબરમતી નદી તેમજ ભાટિયા મુદાસણા ગામની સીમ ઉપર ખારી નદીમાં ચેક ડેમો બનાવ્યા છે, ચેક ડેમો બન્યા એના પહેલા જ વરસાદે તૂટી ગયેલા ૨૦૦૫–૨૦૦૬ની સાલમાં પણ હજુ સુધી આ ચેક ડેમો ફરી બનાવવામાં આવતા નથી. એટલે જે (xxxxxx)હમણા વાત થતી હતી, (xxxxxx) બધા જ ચેક ડેમ એક જ વરસાદમાં તૂટી ગયા છે.

અધ્યક્ષશ્રી : આપણે (xxxxxx) શબ્દ જ રેકર્ડ ઉપરથી દૂર કરીએ છીએ.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, મારી એ વિનંતી છે કે, ચાલુ સાલે દુષ્કાળ જેવી પરિસ્થિતિ ઉભી થઇ છે ત્યારે આ જે પાણી પુરવઠાના જે બોરવેલ બનાવવાના હોય એમાં ગામ લોકોની સક્ષમતા હોતી નથી અને દસ ટકા ફાળો ગામ લોકો આપી શકતા નથી ત્યારે આ ૯૦/૧૦ની સ્કીમ બંધ કરી સંપૂર્ણ સો ટકાની યોજના જો દાખલ કરવામાં આવે તો સમગ્ર ગામડાઓનો પાણીનો પ્રશ્ન હલ થઇ શકે એમ છે. કદાચ સરકાર પાસે આયોજન ઓછું હોય તો ૧૦ ટકા રકમ ધારાસભ્ય ફંડની એમાં મેચીંગ કરીને પણ આ પ્રશ્ન હલ કરવામાં આવે તો સમગ્ર ગામડાઓનો પીવાના પાણીનો પ્રશ્ન હલ થઇ શકે એમ છે.

શ્રી ઇશ્વરભાઇ ૨. પરમાર(બારડોલી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી બાબુભાઇ બોખીરીયા જે પાણી પુરવઠાની માગણી નંબર–૬૭ લઇને આવ્યા છે તે અંગેના મારા વિચારો રજૂ કરું છું. ગયા અઠવાડિયે જ આપણી સામે બેઠેલા ધારાસભ્યો પૈકી એક ધારાસભ્ય મિત્રશ્રીએ એવું કહ્યું કે નેવાના પાણી મોભે ના ચડે. આ ૨૧મી સદી છે હવે તો જ્યાં નેવા પડતા હોય છે ત્યાં પનાર પણ મૂકેલી હોય છે. એક નાની ચેમ્બર નીચે બનાવવામાં આવે અને ત્યાં મોટર મૂકીએ અને મોટર શરૂ કરીએ અને એક પાઇપનો છેડો જો આપણે નેવે મૂકીએ તો એ નેવેના પાણી પણ મોભે ચડી શકે.

આજે મારે લોકભાગીદારી આધારિત આંતરિક પાણી પુરવઠા યોજનામાં મહિલાઓના યોગદાન વિશે આપને કહેવું છે. સામાજિક જીવનમાં પૂરતો સુરક્ષિત અને નિયમીત પાણી પુરવઠો મળી રહે તે માટે મુખ્યત્વે જવાબદારી મહિલાઓની રહેલી છે. પાણી મેળવવાની જવાબદારી પૈકીના પ્રશ્નોમાં પાણી દૂરથી મેળવી વારંવાર ઘરે આવવું, ઓછી માત્રામાં પાણી મળવું, ઓછી ગુણવત્તાવાળું પાણી મળવું, પાણીના ઉંચા ભાવ, પાણીની આંતરિક વ્યવસ્થા બરાબર ના હોવી તેવી બાબતો મુખ્યત્વે આપણને જોવા મળે છે ત્યારે આવા કારણોથી મહિલાઓની સુખાકારી, સ્વચ્છતા અને સામાજિક જનજીવન પર અસર કરે છે. પાણી પુરવઠાની વ્યવસ્થામાં જનભાગીદારી મહિલા સશક્તિકરણના અભિગમમાં મહિલાઓની ભાગીદારી અને તેનાથી આ યોજનાઓ ખૂબ સારી રીતે ચાલે છે તેમ પુરવાર થયેલ છે. વરસ ૨૦૦૨ –૨૦૦૩થી જે વાસમો મેનેજમેન્ટ દ્વારા જે અભિગમથી પાણીની યોજનાઓ ચાલે છે તે ખૂબજ સફળ અને સક્ષમ રીતે ચાલી રહી છે અને મારા મત વિસ્તારની હું વાત કરું તો મારી પાસે એક ડોનર સામે ચાલીને આવ્યા અને વાસમો માં જે આપણે પાણી સમિતિમાંથી પાણી લેવા માટે જે ૧૦ ટકા લોકફાળો ભરવાનો હોય છે તો એ એક એવી વ્યક્તિ છે કે તેઓએ અમને સામે ચાલીને એમ કહ્યું છે કે તમારા વિસ્તારમાં જો કોઇ ગ્રામ પંચાયતની પાણી સમિતિ એવી હોય કે જે ૧૦ ટકા લોકફાળો પણ ના ભરી શકતી હોય તો અમને મળજો અમે લોકફાળો ભરીશું. એટલે આ સરકારમાં આવા ડોનરો પણ વિશ્વાસ મૂકે છે અને સામે ચાલીને લોકફાળાની રકમો ભરવા માટે પણ તૈયાર છે. ભૂતકાળની કોઇ સરકારોમાં લોકફાળો શું છે એનું પણ કોઇને જ્ઞાન નહોતું.

બીજું મારે આ ગૃહને જણાવવું છે કે, રાજ્ય સરકાર હાલની અછતની પરિસ્થિતિમાં સક્રિય રીતે કામગીરી કરી રહેલ છે તે માટે હું આ ગૃહમાં કચ્છ વિસ્તારનો દાખલો આપું છું. રાજ્ય સરકારે છેલ્લાં ચાર માસ દરમ્યાન કચ્છ જિલ્લા માટે ખૂબજ ઉમદા કામગીરી કરી છે. તેના દાખલા રૂપે હું આપને જણાવવા માગું છું કે લખપત અને અબડાસા તાલુકાઓની પાણીની સમસ્યા હલ કરવા માટે ખીરસરા હેડ વર્કસ અને ઉપર ૭૦

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

લાખ લિટર પાણીથી વધારીને ૧૭૦ લાખ લિટરની કેપેસીટી કરેલ છે જેથી લખપત અને અબડાસા તાલુકામાં વધારે પાણી આપી શકાય. ચિતરોડ મુકામે ૫૦ લાખ લિટરના સંપના જોડાણની કાર્યવાહી પૂર્ણ કરી ઉપયોગ શરૂ કરવામાં આવ્યો છે અને આના કારણે રાપર તાલુકાઓના ગામડાઓમાં પણ પૂરતા પ્રમાણમાં પાણી વિતરણ કરી શકાય છે.

ભચાઉથી ચોપરવાસ સુધીના ૬૦૦ એમ.એમ.ના વ્યાસની આઠ કિલોમીટર લાંબી પાઇપલાઇનનું કામ પણ તાકીદે પૂર્ણ કરી અને ગાંધીધામ–કંડલા સંકુલ યોજના આધારિત આ વિસ્તારોને પૂરતા પ્રમાણમાં પાણી પુરવઠો શરૂ કરવામાં આવેલ છે. અબડાસા અને લખપત તાલુકાઓની પાણીની તંગીને પહોંચી વળવા ખીરસવા હેડ વર્કસ ખાતે ૧૨ નવા પાતાળ કૂવા પણ ચાલુ કરવામાં આવેલ છે. તેમાંથી અંદાજે ૪૦ લાખ લિટરથી ૪૫ લાખ લિટર પાણી પણ આપણે હાલમાં મેળવી શકીએ છીએ. કચ્છ જિલ્લામાં ૧૪૩૫ હવાડાઓ આવેલા છે. જે પૈકી ૧૩૫૫ હવાડા પાઇપ લાઇન દ્વારા અને ૮૦ હવાડા ટેન્કરો દ્વારા પણ ભરાય છે. મુખ્ય ઇજનેરની કક્ષાના એક અધિકારીને બે મહિનાથી કચ્છ જિલ્લામાં તાલુકા કક્ષાએ પાણી પુરવઠા યોજનાઓ રોજબરોજના મોનીટરીંગ માટે પણ મૂકેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહમાં આજે નટવરસિંહબાપુ તો નથી પરંતુ તેઓ એમ કહેતા હતા કે, ફૂલ જેટલુ ખીલે એટલું કરમાય છે. અત્યારે થોડાં દિવસો પહેલાં જ મોબાઇલના વોટસ અપ્ ઉપર મેસેજો આવતા હતા કે જવાહરલાલ નહેરૂ આટલો સમય વડાપ્રધાન રહ્યા, ઇંદિરાબહેન આટલો સમય રહ્યા, રાજીવ ગાંધી આટલો સમય રહ્યા પી.વી.નરસિંહરાવ આટલો સમય રહ્યા અને છેલ્લે મનમોહનસિંહ આટલો સમય સુધી રહ્યા. નટવરસિંહ બાપુ હાજર નથી પરંતુ હું તેમને એમ કહેવા માગુ છું કે, આટલા વર્ષો સુધી તમારૂં ફૂલ ખીલેલું રહ્યું એ એટલા જ વર્ષો કરમાઇને રહેશે એવી પણ હું અપેક્ષા રાખું છું.

માનનીય અધ્યક્ષશ્રી,અહીંયા વિપક્ષના શકિતસિંહભાઇએ પણ નિયત, દાનત, દલા તરવાડી, ૩૨ ટકા, ૩૫ ટકા, પાસ–નાપાસ, જીતવાની–હારવાની ઘણી વાતો કરી છે ત્યારે હું આ ગૃહને જણાવવા માગુ છું કે, આ ભારતની પ્રજા એ પ્રજા નથી પરંતુ એ ઝવેરીઓ છે. એ ઝવેરીઓએ સાચા હીરાને ઓળખીને આ રાષ્ટ્રનું સૂકાન સોંપ્યુ છે અને એ હીરો આજે કોહીનૂરનો હીરો સાબિત થયા છે એવા આ દેશના આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીમાં આ રાષ્ટ્રની તમામ પ્રજાએ વિશ્વાસ મૂકયો છે અને એ વિશ્વાસ પરિપૂર્ણ થશે એવી પણ હું અપેક્ષા રાખું છું.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની જે માગણીઓ મંત્રીશ્રી લઇને આવ્યા છે તેના ઉપર આપના મારફતે મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠા જિલ્લો તે સરહદી જિલ્લો છે. જિલ્લાની ૩૫ લાખથી વધુ વસતિ છે. મોટાભાગની વસતિ ખેતી અને પશુપાલન ઉપર આધારિત છે. સિંચાઇની સગવડો નહીવત્ છે. દિવસે અને દિવસે પાણીના સ્તર ઘણા નીચા ગયા છે દાંતીવાડા અને સીપુ ડેમ તે બે ડેમની અંદર નર્મદાનું પાણી લિફ્ટ કરીને નાંખવાની પાઇપની જે કામગીરી ચાલે છે તે ઘણી મંદ ગતિએ ચાલે છે. જે ગતિએ બીજા જિલ્લાઓની અંદર પાઇપ લાઇનની કામગીરી જે ઝડપથી પૂર્ણ થઇ એના કરતાં એની ગતિ અડધી પણ નથી અને જેના કારણે જિલ્લાની જનતાને અન્યાય થઇ રહ્યો છે. અત્યારે દુષ્કાળની પરિસ્થિતિ છે અને સમયસર આ કામગીરી પૂરી થઇ હોત તો નર્મદાનું પાણી બન્ને ડેમોમાં નાંખી શકાયુ હોત. દાંતીવાડા અને ત્યાંથી સીપુ અને સીપુમાંથી ધાનેરાની રેલ નદી. આ નદીને પણ સજીવ કરવાનું આયોજન કરવુ જોઇએ એવી મારી આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસે માગણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજુ સુજલામ સુફલામની કેનાલ થરાદ તાલુકાના રાહ ગામ સુધી આવેલી છે. એ કેનાલને ભરવાનું કામ જયારે ઇલેકશન આવે ત્યારે જ તે ભરે બાકી એ એમની એમ પડી રહે છે. જે ખેડૂતોની જમીન લીધી, ખર્ચ કરવો હતો એ બધો કર્યો એ પણ જે નિયમિત રીતે ભરવી જોઇએ એ ભરાતી નથી. એ કેનાલને ત્યાંથી લંબાવીને રાજસ્થાનની બોર્ડર છે નેનાવા ગામ ત્યાં સુધી લંબાવવાની માગણી અમે વારંવાર કરી છે છતાં પણ એ અમારી માગણી સ્વીકારવામાં આવતી નથી તો એ સુજલામ સુફલામ કેનાલનું

કામ વહેલામાં વહેલી તકે નેનાવા રાજસ્થાનની સરહદ સુધી લંબાવવું જોઇએ એવી માનનીય મંત્રીશ્રી પાસે અમારી માગણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લાની અંદર પીવાના પાણીના બોર કરવાની અમે રજૂઆત કરીએ ત્યારે પાણી પુરવઠાના અધિકારીશ્રીઓ એવુ કહેતાં હોય છે કે, દસ ટકા ફાળો લાવો. અમે કહીએ કે આદિવાસી, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિની વસતિ છે તો કહે અઢી ટકા ફાળો લાવો. સાહેબ, અત્યારે દુષ્કાળ છે અને દુષ્કાળની અંદર પીવાના પાણીના બોર કરવા હોય તો આ ફાળો ભરવાની પ્રથા સરકારશ્રીએ સદંતર બંધ કરવી જોઇએ અને પીવાના પાણીને અગ્રતાક્રમ આપી અને જે જગ્યાએ પીવાના પાણીના બોર ફેઇલ ગયા હોય, સગવડ ના હોય એ જગ્યાએ વહેલામાં વહેલી તકે બોર મંજૂર કરવાની કલેકટરશ્રીને સરકારશ્રીએ સત્તા આપવી જોઇએ. દાંતીવાડા તાલુકામાં દાંતીવાડા ડેમ આધારિત પાણી પુરવઠા યોજનાની કામગીરી ચાલે છે એ કામગીરી છેલ્લા બે વર્ષથી ઘણી મંદ ગતિએ ચાલે છે. પાણી પુરવઠા બોર્ડના અધ્યક્ષશ્રીને પણ મેં કાગળ લખ્યો છે. એ પાણી પુરવઠા વિભાગ દ્વારા જે પાઇપલાઇનનું કામ થાય છે એ યોગ્ય ગુણવત્તાવાળી પાઇપો એની અંદર વપરાણી નથી. જે લેવલની કામગીરી છે એ લેવલની કામગીરી પણ યોગ્ય રીતે જળવાણી નથી એટલે માનનીય મંત્રીશ્રીને મારી ખાસ રજૂઆત છે કે, વહેલામાં વહેલી તકે આ કામની તપાસ કરાવે અને છેલ્લે ફાઇનલ બિલનું ચૂકવણું આખા તાલકામાં જે ગામો આવરી લેવામાં આવ્યાં છે એ ગામોમાં યોગ્ય રીતે પાણી પહોંચે છે કેમ? એની ચકાસણી કર્યા પછી જ જે સંબધિત કોન્ટ્રાક્ટર છે એને ફાઇનલ સર્ટિફિકેટ આપવું જોઇએ તો જ યોગ્ય ગણાશે.

બનાસકાંઠા જિલ્લામાં જે નર્મદા કેનાલના કામો છે એ ઘણા મંદ ગતિએ ચાલે છે, અત્યારે બનાસકાંઠા જિલ્લામાં દુકાળ છે અને ખેડૂતો પાણીની માગણી કરે છે તો સરકારશ્રી એ એમ કહ્યું કે આ પાણી તો ફકત પીવા માટે જ છે, પણ હવે એવા સમાચાર મળ્યા છે કે, મધ્ય પ્રદેશમાં વરસાદ છે તો બનાસકાંઠા જિલ્લાની અંદર જે જગ્યાએ આ કેનાલ નર્મદાની પસાર થાય છે એમાંથી ખેતી માટે પણ ખેડૂતોને વહેલામાં વહેલી તકે પાણી આપવું જોઇએ એવી આપશ્રી મારફતે માગણી છે. (સમયસૂચક ઘંટડી) માનનીય અધ્યક્ષશ્રી, હા, હું ટૂંકમાં મારૂં પ્રવચન પૂરું કરું. મારી છેલ્લી વાત એટલી છે કે, સીપુથી ધાનેરાની રેલ નદી એ ધાનેરા તાલુકાની અંદર એક હજાર ફૂટ પાણી જમીનમાં ઉંડા ગયા છે અત્યારે ખેડૂતોને એમનો જીવનનિર્વાહ ચલાવવો મુશ્કેલ થયો છે તો સીપુ ડેમથી પાઇપલાઇન નાખી ધાનેરાની રેલ નદીની અંદર પાણી નાખવું જોઇએ અને એ નદી જો સજીવન કરવામાં આવે તો ધાનેરા તાલુકાને, થરાદ તાલુકાને અને વાવ તાલુકાને મોટો ફાયદો થાય એમ છે જેનાથી ખેડૂતોનું જીવનધોરણ પણ ઉંચું આવે એમ છે અને જમીનની અંદર જે ભૂગર્ભમાં એક હજાર ફૂટ પાણી ઉંડાં ગયાં છે એ ઉંચા આવે એવી શક્યતા છે તો અમારી માગણી છે. દરેક બાબતમાં માનનીય બાબુભાઇ સાહેબે, બનાસકાંઠા જિલ્લાને શિક્ષણમાં ગણો તો અન્યાય, કર્મચારીઓની ભરતીમાં ગણો તો અન્યાય, દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના વિકાસમાં ગણો તો અન્યાય, તો દરેક બાબતની અંદર અમારા તરફ અન્યાય, માટે જો અમારી તરફ સમદ્રષ્ટિ રાખીને બનાસકાંઠા જિલ્લાનો જેમ બીજા જિલ્લાઓનો વિકાસ થાય છે એમ બનાસકાંઠા જિલ્લાનો વિકાસ કરવો જોઇએ, અમને અન્યાય થાય છે તો આપશ્રીની હું ખાતરી માગું છું કે, આપ સમદ્રષ્ટિ રાખી અને બીજા જિલ્લાની સરખામણીમાં બનાસકાંઠા જિલ્લાની અમારી જે માગણીઓ છે એ માગણીઓ સ્વીકારી અને સરખો ન્યાય આપો અને વહેલામાં વહેલી તકે દાંતીવાડા, સીપુ અને ધાનેરા રેલ નદીની અંદર નર્મદાનું પાણી વહેલામાં વહેલી તકે વહેતું થાય એવી ઝડપી કાર્યવાહી કરવાની માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત મારી નમ્ર વિનંતી છે, મારૂં પ્રવચન પૂરૂં કરું છું.

શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય બાબુભાઇ સાહેબ જે માગણી લઇને આવ્યા છે એ માગણી નંબર ૬૬ને હું અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સિંચાઇ યોજનાની બાબતમાં વર્ષોથી કોંગ્રેસ શાસનમાં કંઇ પણ કામ ન થયું એ કામ આપના દ્વારા કરવામાં આવ્યું. માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતાં દુઃખ થાય છે કે, ૩૩ હજાર કિલોમીટર લાંબી સિંચાઇ યોજના એ માત્ર ૭૩૫૯૦ લંબાઇવાળી ઇંટોની અને કાંક્રીટની બનાવેલી છે. બાકીની જે કાચી છે, એની અંદર કાંપ, રેતી એના માટે ગયા વર્ષે ખર્ચો કરવો પડેલ છે. માનનીય અધ્યક્ષશ્રી,

હમણાં એક ભાઇશ્રી એમ કહેતા હતા કે નર્મદાનું કામ ધીમી ગતિએ ચાલે છે. તો મારે તેમને ખાતરી આપવી છે અને માનનીય બાબુભાઇને અભિનંદન આપવા છે કે તેમણે નકકી કર્યુ છે કે આ વર્ષે ૧૫૦૦ હેકટર જમીનનો લક્ષ્યાંક રાખીને કામ લીધું હતું એ ૨,૨૯,૦૦૦ કીલોમિટર જેટલી લંબાઇની કેનાલનું કામ કરીને ૧૫૩ ટકા જેટલી સિદ્ધિ હાંસલ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એ પણ કહેવું છે કે સુરત અને ભરૂચમાં જે બે કેનાલો નીકળે છે એનું સમારકામ કરવામાં ટૂંકાગાળામાં કરોડો રૂપિયાના ખર્ચે સમારકામ કર્યુ છે એના લીધે સુરત અને ભરૂચ જિલ્લાના ૭ તાલુકાનાં ૨૮૮ જેટલાં ગામોને સિંચાઇનો લાભ, ૨૬ જેટલા ઉદ્યોગો,૩ જી.આઇ.ડી.સી. અને ૩ સુગર ફેકટરીને જેનો લાભ મળ્યો છે. મારે એ કહેવું જોઇએ કે હમણાં માનનીય શ્રી શક્તિસિંહજી કહેતા હતા કે ૫૦૦ કરોડ રૂપિયાનું નુકસાન કર્યુ છે. તો મારે એ કહેવું છે કે આ નર્મદા યોજનાનું ૧૯૬૧ માં ખાતમુહૂર્ત તેમના વડાપ્રધાનશ્રીએ કર્યુ હતું. એ વખતે મેઘા પાટકરનો જન્મ પણ નહોતો થયો, કોઇનો વિરોધ ન હતો, ૧૯૮૫ માં તો પાર્લામેન્ટ પણ તેમની હતી, હિન્દુસ્તાનમાં કોઇ બીજી સરકાર નહોતી, તો શા માટે કામ ના કર્યુ? મારે એ કહેવું છે કે ૫ હજાર કરોડ નહીં, પણ ૫૦ હજાર કરોડ રૂપિયાનું નુકસાન ગુજરાતની પ્રજાને કર્યુ છે, ખેડૂતોને નુકસાન કર્યુ છે અને એ ખેડૂતોના નુકસાનને લીધે તેમની હાય તમને લાગી છે અને એક ખેડૂતે તો મને કહ્યું હતું કે બાબુભાઇ, તમારી વાત જુદી છે કે માજી વડાપ્રધાનશ્રીએ વાત કરી હતી કે "હર હાથકો કામ ઔર હર હાથકો પાની. *(xxxxxx) અને એનો જવાબ પણ તમને મળી ગયો છે.

મારે બીજી વાત એ કરવી છે કે ૧૯૮૫ માં તેમની પાર્લામેન્ટ હતી અને એમના એ વખતના મુખ્યમંત્રીશ્રી દિલ્હી જતા હતા તો કોઇ તેમને સાંભળતું નહોતું, કોઇ તેમની વાતને સાંભળતું નહોતું.

અધ્યક્ષશ્રી : બાબુભાઇ, આપણે કોઇ ટીકાત્મક વાત કરવાની નથી. ટીકા કોઇની કરવાની નથી.

શ્રી બાબુભાઇ જ. પટેલ : આપણા ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાનશ્રી એમ કહેતા હતા કે "ગુજરાત બોલે છે અને હિન્દુસ્તાન સાંભળે છે." આજનો જમાનો અમારો છે તે જમાનામાં તેમનું કોઇ સાંભળતું નહોતું અને આજે તો મારે કહેવું જોઇએ કે હવે તો "હિન્દુસ્તાન બોલે છે અને દુનિયા કાન દઇને સાંભળે છે." ત્યારે મારે એ વાત પણ કરવી જોઇએ કે તમે કોઇ કામ કર્યુ નહીં અને અમારા કાથે એ કામ આવ્યું છે, પરંતુ અમે જે રીતે કામ કરી રહ્યા છીએ એ રીતે ૫ વર્ષમાં તમને લાગશે કે કોઇ જ કામ બાકી નહીં રહે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારની વાત કરું તો મારા વિસ્તારમાં બે કેનાલો આવે છે એક છે એ ખારીકટ કેનાલ અને બીજી છે એ ફતેવાડી કેનાલ. મને કહેતાં આનંદ થાય છે કે વર્ષો જૂની આ કેનાલો એમાં આ મિત્રોએ કામ કર્યુ નહીં જેના લીધે હવે આપણી આ સરકારે કામ કર્યુ અને ૧૨૨ કરોડ રૂપિયા એના કામ માટે ફાળવ્યા અને ૯૦ ટકા જેટલું કામ કર્યુ છે અને એના લીધે અમદાવાદ, સાણંદ, ધોળકા, વિરમગામ અને બાવળાના ૧૧૧ જેટલાં ગામોના ખેડૂતો ખૂબ જ સુખી અને આનંદમાં છે. ખેડૂતો ઉલ્લાસ કરી રહ્યા છે અને કહી રહ્યા છે કે આવી સરકાર" ન ભૂતો ન ભવિષ્યતિ "એવી આ સરકાર બની છે. ત્યારે મારે એ વાત પણ કરવી જોઇએ કે આ કેનાલોના લીધે અમારે ત્યાં લોકોને ખૂબ પાણી મળી રહ્યું છે અને આ પાણી ૩૩,૬૦૦ હેકટર જમીનને મળી રહ્યું છે અને હજુ પણ ૨૦ ટકા વધારે પણી મળશે એનું જો કોઇ કારણ હોય તો આ કેનાલો રિપેર થઇ છે અને છેવાડાના લોકોને આ નર્મદાનું પાણી મળી રહ્યું.જયારે નર્મદા આખા ગુજરાતની અંદર, મારે એ પણ કહેવું જોઇએ કે આપણે બધા ગુજરાતવાળામાં નર્મદાની પરિક્રમાં કરવા જતા હતા, આ માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે મા નર્મદાને ચલાલા, તલાલા, જામનગર, ભાવનગર, ઉત્તર ગુજરાત જયાં ચકલી ખોલો ત્યાં આજે માં નર્મદાનું પાણી આવે છે, અને માં નર્મદાને ગુજરાતની પરિક્રમાં કરતા કર્યા છે. મને ખૂબ આનંદ થાય છે.

મારે બીજી વાત એ પણ કહેવી છે કે મારા વિસ્તારમાં ખારીકટ કેનાલ છે, ૨૨ થી ૨૫ કિલોમીટરની મારી ખારીકટ કેનાલ, પરંતુ એ ૩ જિલ્લામાં કામ કરે છે. એક અમદાવાદ જિલ્લાના બે તાલુકા અને બીજો

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

ખેડા જિલ્લો, મને વેપારીઓએ અને ખેડૂતોએ કહ્યું હતું કે સાહેબ અમારી ખારીકટ તમે કરી આપો અમે તમારી સાથે રહીશું, મારે આ સરકારને, માનનીય બાબુભાઇને અને માનનીય આનંદીબહેનને લાખ લાખ અભિનંદન આપવા છે કે એમણે ૧૭ કરોડ રૂપિયાના ખર્ચે નવીનીકરણ કર્યું અને તેનું પરિણામ શું આવ્યું? પરિણામ એ આવ્યું કે મારા વિસ્તારમાં કોંગ્રેસના ઉમેદવારે તેમની ડિપોઝીટ ગુમાવી છે. ૮૫ હજારની મને લીડ મળી અને કોંગ્રેસને બે હજાર મત ઓછા પડયા ડિપોઝીટ બચાવવા માટે અને તેમણે ડિપોઝીટ ગુમાવવી પડી છે. મારે એ વાત કરવી છે કે આ સિંચાઇની અંદર બાબુભાઇએ જે નાની નાની બાબતોમાં ધ્યાન આપી અને કામ કર્યું છે એમને મારે ખૂબ ખૂબ અભિનંદન આપવા છે. બીજી એ વાત કરવી છે કે ખેડૂતો માટે એમણે જે કામ કર્યું છે અને અમારો નિયમ છે, અમારા મુખ્ય મંત્રીશ્રીએ અમોને સૂત્ર આપ્યું હતું કે સત્તા નહીં પણ સેવાનો અમારો અભિગમ છે, અધિકાર નહીં પણ કર્તવ્યની ભાવના છે, સફળતા નહીં પણ સંતોષનો આનંદ છે. અમારી નહીં આપણી, સમૃદ્ધિ માટે નહીં પણ સંસ્કારની સુવાસ અને વિકાસની આ પ્રક્રિયા જન ભાગીદારીની અમારી પ્રક્રિયા છે. અને હિન્દુસ્તાના નિર્માણની અંદર જો કોઇ પ્રથમ હોય તો આ ગુજરાત પ્રથમ છે. આટલી વાત કરી અને માગણીઓને હું સમર્થન આપીને મારી વાત પૂરી કરું છું.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સિંચાઇ મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો વ્યકત કરું છું. અત્યાર સુધી અમારી, કોંગ્રેસની એક પરંપરા રહી છે કે હંમેશા નર્મદાની વાત આવે ત્યારે અમે આપની સાથે રહ્યા છીએ. પણ જે પ્રમાણે દિન પ્રતિદિન જે વાતો થાય છે, અને નર્મદા માટેની વાત જયારે આ ગૃહમાં થતી હોય ત્યારે દરેક સભ્યશ્રીએ કાળજી રાખવી જોઇએ કે નર્મદા આપણા સૌની નર્મદા છે. અને તે જલદીમાં જલદી પૂરી થાય તે ખૂબ મહત્વની વાત છે. મારી અગાઉના સભ્યશ્રી માનનીય બાબુભાઇ બોલતા હતા ત્યારે ૫૦ હજાર કરોડની વાત કરતા હતા, હું પેપર ઉપરની વાત કરું છું કે આ નર્મદા યોજનાની અંદર સૌથી મોટું જો કોઇએ નુકસાન કર્યું હોય તો ૧૯૮૬-૮૭ની અંદર, માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નીતિનભાઇને કહો, માનનીય મંત્રીશ્રી બેઠા બેઠા આ રીતે બોલે તે વ્યાજબી છે? અમે એક પણ મંત્રીશ્રીને નહીં બોલવા દઇએ અમારો વારો આવશે તો. માનનીય અધ્યક્ષશ્રી મારે કહેવું છે કે ૧૯૮૬-૮૭ની અંદર જે નર્મદા યોજના યુનિટ-૧ હતો, તેનું જે આપણું બજેટ હતું તે માત્ર ૧૦૧૯ કરોડ રૂપિયા હતું. ૨૦૦૮-૦૯માં જે ભાવ વધારો આપ્યો તે કેટલો હતો ? ૭૭૬ ટકા, એટલે ૮૯૩૧ કરોડની યોજના જો કોઇએ પંહોંચાડી હોય તો આ સરકારે પહોંચાડી છે.

મારે બીજી વાત કરવી છે, કેનાલની વાત થતી હતી, કેનાલ માટે આજે પણ કહેવામાં આવે છે કે કોઇ સ્ટે નથી, કોઇ સરકારને બંધન નથી, આજે પણ એમ કહેવામાં આવે કે ૪૪૦૦ કરોડ રૂપિયાની કેનાલ માટે આજે ૨૭૩૮૯ કરોડ રૂપિયામાં કેનાલો બનવાની છે. તેનો અર્થ એ થયો કે ૫૨૨ ટકા જો કોઇએ વધારો આપ્યો હોય તો એ આ સરકારે આપ્યો છે. એનાથી આગળ વધીને કહેવું છે કે યુનિટ-૨, જે માત્ર ૯૭૯ કરોડ રૂપિયામાં થવાનું હતું તે આજે ૨૯૧૧ કરોડ એટલે કે ૧૯૭ ટકા વધારો આપ્યો. આ ત્રણનો સરવાળો કરીએ તો ખ્યાલ આવશે, માનનીય સભ્યશ્રી બાબુભાઇ પટેલને ખબર નહિ હોય, ૩૩ હજાર કરોડ રૂપિયાનું નુકસાન ભારતીય જનતા પાર્ટીની સરકારની *(xxxxxx) નુકસાન કર્યું છે.

અધ્યક્ષશ્રી : (xxxxxx) એ શબ્દ રેકર્ડમાંથી દૂર કરું છું.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : હમણાં વડાપ્રધાનશ્રીના નામો ગણાવતા હતા. આ સભાગૃહને મારે કહેવું છે કે અમારા વડાપ્રધાને તો આ નર્મદા યોજના માટે સમગ્ર પાર્ટીની સામે થઇને જામીન થયા અને એમ કહ્યું કે ગુજરાતની યોજના પૂર્ણ થવી જ જોઇએ.

હમણાં અહીંયા એક વાત કહેવામાં આવી કે અમારા વડાપ્રધાન થયા અને દરવાજાની મંજૂરી ફકત એક મહિનામાં આપી દીધી. મારે આ તબક્કે કહેવું છે કે તમે જ બધા એક વખત કહેતા હતા કે નર્મદા યોજનાને રાષ્ટ્રીય યોજના તરીકે જાહેર કરો. હવે તો વડાપ્રધાન આપના છે, આ બજેટ આવ્યું

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

એમાં આ ગુજરાતની નર્મદા યોજનાને રાષ્ટ્રીય યોજના જાહેર ન કરીને (xxxxxx) અહીંયા વડાપ્રધાનોની વાતો થઇ પરંતુ અમારા (xxxxxx)

અધ્યક્ષશ્રી : કોઇની સાથે સરખામણી ન કરી શકાય. કાર્યક્ષમ હતા, યશસ્વી હતા એવું કહી શકાય પણ કોઇની તોલે ન આવે એનો અર્થ એમ થાય કે બીજા નીચા હતા. તેથી એ શબ્દો રેકર્ડમાંથી દૂર કરું છું.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, (xxxxxx) એ પણ બિન સંસદીય છે તેથી એ પણ કાઢી નાખવો જોઇએ.

અધ્યક્ષશ્રી : એ શબ્દ પણ રેકર્ડમાંથી દૂર કરવામાં આવે છે.

શ્રી પંકજકુમાર વિ. દેસાઇ : સાહેબ આપ અહીંયા દૂર કરવાનો આદેશ ન કરો તો પ્રેસમાં માહિતી જાય એટલા માટે આદેશ કરવો જરૂરી છે.

અધ્યક્ષશ્રી : (xxxxxx) એ શબ્દ પણ રેકર્ડ ઉપરથી દૂર કરીએ છીએ.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : નર્મદા યોજના માટે જયારે પણ જરૂર હોય ત્યારે ભૂતકાળમાં પણ આપ્યો છે અને ભવિષ્યમાં પણ અમે સહકાર આપવાના જ છીએ એ અમારી ગેરન્ટી છે.

અમારા એક મિત્ર સૌની યોજના અંગે વાત કરતા હતા. ૧૭ હજાર કરોડ રૂપિયાની વાત કરી, સૌરાષ્ટ્રના બધા ધારાસભ્યો જૂએ એની પાછળ કેટલો ખર્ચ થાય છે, ૭૫ ટકા ખર્ચ પણ થતો નથી. અહીંયા એમ કહેવામાં આવે છે કે આ યોજના અમે ઝડપથી પૂરી કરવાના છીએ. ૧૧૫ બંધોના કામો છે ત્યારે સરકારે એને પ્રાયોરિટી આપીને જલદી એ પૂરા થવા જોઇએ. અહીંયા કલ્પસરની વાત થઇ.

મારે આ તકે ઉત્તર ગુજરાતની મહત્વની વાત કહેવી છે. અમારે ત્યાં પાણીના પ્રશ્નો ઠેરને ઠેર છે એ સ્વીકારીને ચાલવું પડશે. સૌથી મહત્વનો પાણીનો પ્રશ્ન છે. અમારા ઉત્તર ગુજરાતમાં ચાર યોજનાઓ છે. નર્મદા યોજના, ધરોઇ યોજના, દાંતીવાડા વગેરે આવેલ છે તેમ છતાં ઘણો ખરો વિસ્તાર ઘણા બધા ગામોને આપણે પાણી આપી શકતા નથી. આ ચાર યોજના તથા સુજલામ સુફલામનું પાણી ન આવતું હોય અને સરકાર કદાચ વહેલાસર નહિ જાગે તો આવતા ૨૦-૨૫ વર્ષમાં પાણીના અભાવે એ લોકોને હિજરત કરવાનો વારો આવે એવી સ્થિતિ ઉભી થવાની છે. સારું કર્યું હોય તો ચોક્કસપણે બિરદાવવાનું મન થાય. આજે રાજીવ ગુપ્તા સાહેબની ટીમને હું એટલા માટે બિરદાવું છું કે હમણાં ચાર દિવસ પહેલાં પાટણ આવ્યા અને તેમણે અનેક બોરની મંજૂરી આપી પણ મારે કહેવું છે કે બોરમાં પીવા લાયક પાણી છે તે ૧૦૦૦ ફૂટે પીવાનું પાણી આવે છે. પાણીમાં ક્ષાર જૂઓ, ફલોરાઇડનું પ્રમાણ જૂઓ તો આપણને એમ થાય કે અમારા વિસ્તારમાં જો સૌથી મોટો કોઇ પ્રશ્ન હોય તો પાણીનો પ્રશ્ન છે. પાણીમાં ફલોરાઇડના કારણે ઢીંચણના અને શરીરના તમામ સાંધા દુઃખે છે. આજે સૌથી વધારે હોસ્પિટલો હોય તો એ ઉત્તર ગુજરાતમાં છે. આ પ્રશ્નનું નિરાકરણ કોઇને કોઇ રીતે આવે એવી મારી ઇચ્છા છે.

મારી સૌને વિનંતી છે કે સરકાર ખેતી માટે ચિંતા કરે. ખેતીની સાથે પીવાના પાણીની ચિંતા નહીં કરીએ તો પ્રોબ્લેમ થવાનો છે. જે યોજના છે તેમાં મારા મતવિસ્તારનો એક દાખલો આપું, અમે ૫૫ કરોડ રૂપિયા આજે લાઇટબિલ ભરીએ છીએ. અને ૫૫ કરોડ રૂપિયા બીજાં ભરવા માટે આજે પણ અમે એટલા બોર માટેની માગણી મૂકી છે. અમે સરકારને વિનંતી કરીએ છીએ. ૧૧૦ કરોડ રૂપિયાનું લાઇટબિલ ભરાય. સુજલામ્ સુફલામ્ યોજનામાં પંપીંગ સ્ટેશન થાય. ભલે સરકાર મંડળી બનાવે. સરકાર જે રીતની વ્યવસ્થા કરે. પણ ૪૦૦-૫૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરે તો તેનાથી ૪૦૦થી ૫૦૦ ગામમાં પીવાના પાણી સાથે ખેતીની પણ યોજના થઇ શકે. તેનું બિલ, અમે એમ નથી કહેતા કે અમને રાહત દરે આપો. અમે જે બિલ ભરીએ છીએ એટલા પૈસા ખેડૂતો ભરવા આજે પણ તૈયાર છે. પાણીના પ્રશ્નની એટલા માટે ચિંતા થાય કે દર વર્ષે પાણી પાંચ મીટર ઉંડા જતાં જાય છે. ૧૪૦૦ ફૂટે પાણી દૂધીયું છે અને એ વિસ્તારમાં જયારે દૂધીયું પાણી આવતું હોય ત્યારે એ ખેતી લાયક ન હોય, એ પીવા લાયક ન હોય એ પરિસ્થિતિમાં મેં માનનીય મુખ્યમંત્રીશ્રીને પણ વિનંતી કરી છે. આ બાબતનો કાગળ લખીને આપ્યો છે કે ઉત્તર ગુજરાતમાં જયાં જયાં પ્રોબ્લેમ છે ત્યાં સરકાર જાગે. કેવું વાતાવરણ છે, અમારા માનનીય મુખ્યમંત્રીશ્રી ઉત્તર ગુજરાતના, અમારા

ઘણા બધા આગેવાનો ઉત્તર ગુજરાતના, આજના વડાપ્રધાન ઉત્તર ગુજરાતના. અમારો પ્રશ્ન એ કે સૌરભભાઇ સાહેબને જયારે પૈસા ફાળવવાના આવે ત્યારે સુજલામ્ સુફલામ્ યોજનામાં આજે ઘટાડો કરવામાં આવ્યો છે. એક બાજુ ઉત્તર ગુજરાતને આટલો મોટો અન્યાય થતો હોય, એક બાજુ ઉત્તર ગુજરાતની જનતા દેશ સુધી લોકોને પહોંચાડતી હોય ત્યાં પાણીની આટલી મોટી સમસ્યા હોય એ ખરેખર ચિંતાનો વિષય છે. તેમાં આજે પૈસા ઘટાડયા. મને સમજાતું નથી કે આટલો વિકટ પ્રશ્ન હોવા છતાં પૈસા ઘટાડવામાં આવ્યા છે.

ઘણી વખત સરકાર ખર્ચો કરે, સરસ્વતી નદીની વાત કરું, ૧૨૦ કરોડ રૂપિયા ખર્ચીને સરસ્વતી નદીમાં પાણી નખાયું. ત્રણે નદીઓનો સંગમ સરસ્વતી નદીમાં થયો. સમગ્ર ગુજરાતના નહીં, સમગ્ર ભારતના અનેક આગેવાનો, સાધુસંતો ત્યાં આવ્યા અને સરસ્વતી નદીમાં હોડકામાં લોકો ફર્યા. આજે મારે સરકારને પૂછવું છે કે આજે એ સરસ્વતી નદીમાં કેટલી વખત પાણી નાખ્યું? ૨૦૦૫થી લઇને આજે ૯ વર્ષ થયા. અમને પણ હતું કે સરસ્વતી નદીમાં પાણી નખાશે, અમારા વિસ્તારના પાણીના તળ ઉંચા આવશે. તેના કારણે અમારા વિસ્તારને જબરજસ્ત ફાયદો થશે, પણ ૯ વર્ષમાં ૯ વખત પણ સરકારે સરસ્વતી નદીમાં પાણી નાખ્યું નથી. જેની કેસેટો સમગ્ર ભારતમાં બતાવીને એક *(xxxxxx) સમગ્ર લોકોને સરસ્વતી નદીમાં આવો, અહીં માતૃગયાનું મોટું સ્થાન છે અને ત્યાં આગળ લોકો આવે, લોકો પૂજા કરે. આજે લોકો આવે છે. કોરી નદી જૂએ છે. બાવળીયા જૂએ છે અને લોકો નિસાસો નાખીને એમ કહે છે કે આ સરસ્વતી નદીની વાસ્તવિક પરિસ્થિતિ શું છે? માટે મારે કહેવું છે કે સરકાર જે રીતે પૈસા ખર્ચે છે, જે રીતે નર્મદામાં ભાવવધારો આપીએ છીએ, લોકો જે ટેકસ ભરે છે, લોકોના હિતના પૈસા. લોકો એટલા માટે ટેકસ ભરે છે કે સરકાર તેનું સારું પ્લાનીંગ કરે. તેનો એકેએક રૂપિયો છેક સુધી વપરાય. ૩૩ હજાર કરોડ રૂપિયા આપણે વધારો આપી દઇએ. નહેરોના કામ ના થાય, લોકોના ખેતીના કામ ન થાય, પીવાના પાણીનો પ્રશ્ન ઉપસ્થિત થાય, મોટી મોટી યોજનાઓ બનાવીને કયાંય આપણે પાણી ન નાખીએ, મને સમજાતું નથી કે સરકાર જયારે પાણી માટે આપણે સમગ્ર ગૃહ એકત્ર થઇને અત્યાર સુધીમાં જેટલી માગણીઓ આવી છે અમે બધાએ ટેકો કર્યો છે પણ જે રીતે બોલવામાં આવે છે એ ઉપરથી અમને એવું થાય છે કે નર્મદાની શું પરિસ્થિતિ છે. નર્મદા યોજના માટે કયારેય અમે એમ નથી કીધું ૧૯૬૧માં બની હોય, જયારે પણ પૂરી થાય.

અમે ઇચ્છીએ જ કે બાહ્ય રાજયોની અંદર આપણા પૈસા કેટલા બધા માગીએ છીએ? આજે રાજયોમાંથી જો આપણા પૈસા લઇ આવ્યા હોત નર્મદા યોજના માટે તો પણ આપણને કેટલો ફાયદો થાત. આજે રાજસ્થાનમાંથી પૈસા લેવાના છે, આપણી જ સરકાર છે. મધ્યપ્રદેશમાં આપણી સરકાર છે. ત્યાંથી આપણે અનેક કરોડો રૂપિયા માગીએ છીએ, આજે કેટલા વર્ષો થયા છતાં આપણા ભાગના પૈસા આપણને મળતા નથી અને છતાં પેપરો દ્વારા જાણવા મળે કે આપણું નર્મદાનું પાણી રોકયું છે ત્યારે આપણને એમ થાય કે શું ગુજરાતનો વટ, આપણું પાણી રોકાય, અમારા વખતમાં તો ગુજરાતને કોઇએ લીટી મારવી હોય તો પણ પચાસ વખત વિચાર કરવો પડે એવી કોંગ્રેસના રાજયમાં ગુજરાતને એટલી પ્રાયોરીટી ભૂતકાળમાં અપાયેલી છે, માટે મારે આપ સૌને કહેવું છે કે નર્મદા માટે આપ સૌને વિનંતી છે કે ઉત્તર ગુજરાતના પાણીના પ્રશ્નોની નીતિનભાઇ સાહેબ હું એટલા માટે વાસ્તવિકતા કહુ છું કે આપ એ બાજુના છો, આપ જાણો છો, અત્યારે કાગળ પર પણ યોજના નહીં થાય તો આવનાર દિવસોમાં સો ટકા હીજરત કરવી પડશે. માટે સરકારને મારે બહુ દિલથી વિનંતી કરવી છે કે કમસે કમ કાગળ ઉપર તો યોજના બનાવે, કે જેના કારણે બે વર્ષે, પાંચ વર્ષે, દસ વર્ષે પણ અમને બધાને એમ થાય કે દસ વર્ષે પણ યોજના કદાચ પૂરી થશે. તો અમને બધાને આનંદ આવશે. માટે આપ સૌને વિનંતી સાથે મારે એટલું કહેવું છે કે નર્મદાના પાણી માટે કોઇપણ રાજકીય વિવાદ વગર સાથ સહકારથી ચાલીએ, આજે અછતની પરિસ્થિતિ નિર્માઇ છે, લોકોની પરિસ્થિતિ કેવી છે, એ તો જે લોકો ગામડામાંથી ચૂંટાઇને આવતા હોય, ગામડામાં તો બૂમ પડતી હોય, લોકો અમારી ઓફીસોમાં આવીને બેસી જતા હોય ત્યારે આપણને દિલમાં એમ થાય કે કેવા સંજોગો છે, સુપ્રીમ કોર્ટે એમ કહ્યું છે, હાઇકોર્ટે એમ કહ્યું છે કે શુદ્ધ પાણી આપી શકાય, પણ નહીં અપાતું હોય છતાં અમારે બોર માટે

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

ભલામણ કરવી પડતી હોય ત્યારે અમને એમ થતું હોય છે કે આવું ફલોરાઇડવાળું પાણી આ છ કરોડની જનતામાં અમારા એ બાજુના ૪૦-૫૦ લાખ લોકો એવું પાણી પીવે એ ખરેખર ચિંતાની વાત છે માટે સરકાર આ બાબતમાં જાગે, નીતિનભાઇ રીપોર્ટ જોઇતો હોય તો પણ હું તમને આપીશ કે કેવી પરિસ્થિતિ છે અને કોઇ મોટી યોજનામાં વરસાદ બહુ પડે તો મોટી નહેરો દ્વારા નદીઓમાં પાણી આવે એવી વિનંતી.

શ્રી વજેસિંહભાઇ પા. પણદા(દાહોદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નર્મદા, જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની માગણીઓ ૬૫, ૬૬ અને ૬૭ લઇને આવ્યા છે તેના પર હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, મારો મત વિસ્તાર દાહોદ મધ્યપ્રદેશ અને રાજસ્થાનની સરહદને અડીને આવેલો છે. દાહોદ વિસ્તારની વાત કરું અને જિલ્લાની વાત કરું, પાટાડુંગરી ડેમ બન્યો, કબૂતરી ડેમ, હડપ ડેમ કડાણા ડેમ, ખારી કટની વાત કરું, માછણનાણાની વાત કરું, અનેક ડેમો કોંગ્રેસની સરકારમાં બન્યા અને આદિવાસીઓને સિંચાઇનો લાભ મળ્યો, છેલ્લે પંદર વર્ષથી હું આ ગૃહમાં જોઉ છું, આદિવાસીઓની વાત થાય, એક પણ ડેમ જો બનાવ્યો હોય આદિવાસી વિસ્તારમાં, દાહોદ જિલ્લાની વાત કરું ૮૩ ટકા વસ્તી ધરાવતો મારો જિલ્લો છે. સિંચાઇની સગવડ નથી થતી. આદિવાસીઓને શહેરોમાં રોજીરોટી માટે ભટકવું પડે છે. માથે પોટલા મૂકીને સુરત, અમદાવાદ, રાજકોટ તમામ શહેરોમાં અમારા આદિવાસીઓને રોજીરોટી માટે જવું પડે છે. પાટાડુંગરી ડેમની વાત કરું છેલ્લા એક વર્ષથી મેઇન ગેટની દરવાજો બંધ થતો નથી અને ખૂલતો નથી. હજારો કયુસેક પાણી નદીમાં વહી જાય છે અને એટલું બધુ નુકસાન થઇ રહ્યું છે આ ગેટને જો છ મહિના અગાઉ રીપેર કરવામાં આવ્યો હોત તો હમણાં ચોમાસામાં વરસાદ પડે તો પાણીનો સંગ્રહ થાત.પણ આટલું નાનું કામ પણ આ સરકાર અને સિંચાઇ વિભાગ કરી શકતું નથી. આદિવાસી વિસ્તારમાં ડેમની વાત કરું તો જંગલની જમીનમાં ડેમ બન્યા હોય, આદિવાસીઓના પુનઃવસનની વાત આવે, રોજીરોટીની વાત આવે, સ્થળાંતરની વાત આવે અને માઇલો સુધી ભટકવું પડે છે. જેના કારણે આદિવાસીઓના બાળકો શિક્ષણથી વંચિત રહે છે અને શિક્ષણ વગર આદિવાસીઓનો ઉદ્ધાર નથી.

મને વાત કરતાં દુઃખ થાય છે કે ગુજરાત રાજ્યમાં સૌ પ્રથમ ભાણા સીમણજ જૂથ યોજના બની. ફતેપુરા અને ઝાલોદના ૭૩ ગામોને પાણી આપવા માટેની વાતો થઇ પણ આ યોજના આજે ૧૦ વર્ષ થઇ ગયા, છતાં પણ આ ૭૩ ગામોને પાણી મળતું નથી. એવી જ રીતે દાહોદ જિલ્લો અને દાહોદ મારો મત વિસ્તાર છે એની વાત કરું તો ગામડાઓને શુદ્ધ પીવાનું પાણી મળી રહે તે માટે ગામડે ગામડે સ્વતંત્ર પાણી પુરવઠા યોજના બનાવવામાં આવી પરંતુ આજે તમામ બંધ હાલતમાં છે. આજે એક પણ યોજના શરૂ થતી નથી. આવી જ રીતે મીની પાણી પુરવઠા યોજનાની વાત કરું તો ૩૫૦ જેટલી યોજનાઓ બની અને એના કામો પૂર્ણ થઇ ગયા એને પણ બે વર્ષ થઇ ગયા છતાં પણ વીજ કનેકશન ન મળવાના કારણે તમામ યોજનાઓ બંધ હાલતમાં પડી છે. કરોડો રૂપિયાનું નુકસાન થાય છે. પાટા ડુંગરીની વાત કરું તો જે વર્ષે ડેમ બન્યો પણ આજ સુધી સબ માઇનોર, માઇનોર શાખાઓનું રિપેરીંગ આજ સુધી કરવામાં આવતું નથી. બધું પાણી વહી જાય છે. આ કેનાલો સત્વરે રિપેર થાય એ માટે માનનીય મંત્રીશ્રી પાસેથી આશા રાખું છું. આ યોજનાઓ પણ પુનઃ શરૂ થાય જેથી કરીને આદિવાસીઓને શુદ્ધ પાણી પૂરતા પ્રમાણમાં મળી રહે.

બીજી વાત કરું તો નર્મદાનું પાણી સિંચાઇ અને પીવા માટે અમને દાહોદને મળે તો જ અમારા આદિવાસીઓનો ઉદ્ધાર છે. જો નર્મદાનું પાણી નહીં મળે તો અમારા લોકો એની એ જ દશામાં રહેવાના છે. મારા અગાઉના સભ્યશ્રીએ પણ કહ્યું કે સિંચાઇનું પાણી આદિવાસીઓને નહીં મળે ત્યાં સુધી ઉદ્ધાર થવાનો નથી. વન બંધુ કલ્યાણની વાતો કરી અને ૧૫-૧૭ હજાર કરોડની વાત કરી પણ મને લાગે છે કે હજુસુધી દાહોદ જિલ્લાનો કોઇ વિકાસ થયો નથી. ગરબાડા તાલુકાની મોહનખોબ યોજના પીવાનું શુદ્ધ પાણી મળે તે માટેની યોજના છે. સાત વર્ષ થઇ ગયા આજે પણ મારા સાથી ધારાસભ્ય શ્રીમતી ચંદ્રિકાબેન બેઠા છે. રોજ એક ટેન્કર પાણી વેચાતું લાવે છે ધારાસભ્ય હોવા છતાં. નીતિનભાઇએ ખાતરી આપી હતી અને યોજના બની ગઇ પણ નળ કનેકશનો હજુસુધી મળ્યા નથી. ગરબાડા તાલુકાની ૧૦ ગામની યોજનાની વાત કરું તો

પાંચવાડા વિગેરે ૧૦ ગામોને પાણીની એટલી બધી મુશ્કેલીનો સામનો કરવો પડે છે કે આજે પણ અમારી બહેનોને બે કિલોમિટર સુધી પાણી ભરવા જવું પડે છે. વારંવાર રજૂઆત કરવા છતાં ૧૦ ગામોની જૂથ પાણી પુરવઠા યોજનામાં પાટા ડુંગરીનું પાણી આપે તો સારું. દાહોદ શહેરની વાત કરું તો કડાણા ડેમમાંથી પાઇપલાઇન દ્વારા પાણી આપવાની વાત કરી પણ અત્યારે પણ એ કામ પૂરું થયું નથી. એક વર્ષ થઇ ગયું પણ ટેન્ડરનું કામ પૂર્ણ થતું નથી. ત્રણ સબ પંપ બનાવવવાના બાકી છે. પાટા ડુંગરી ડેમના ગેટની વાત કરું તો અમારા આદિવાસીઓને એટલી બધી મુશ્કેલી પડે છે કે તમે આવો તો બતાવું. હું ગામડે ગામડે ફર્યો છું અને રૂબરૂ જોયું છે. આપણે અનેક યોજનાઓ બનાવી છે પણ યોજનાઓ શરૂ કરીએ પણ એ ચાલુ ન થાય તો કરોડો રૂપિયાનું નુકસાન થાય છે. એટલા માટે માનનીય મંત્રીશ્રીને કહીશ કે અમારા છૂટાછવાયા આદિવાસી વિસ્તારના, ડુંગરાળ વિસ્તારના લોકોને હેન્ડપંપ વધારેમાં વધારે મંજૂર થાય અને હેન્ડપંપનું પાણી અમે પી શકીએ એટલું તો કરી આપો. છેલ્લી બે વાત કરીશ. આ જે નહેરોની વાત કરી એ નહેરો રિપેર થાય. ખાસ કરીને પાટાડુંગરી ડેમથી તો તમામે તમામ ખેડૂતોને સિંચાઇ ઉપલબ્ધ થઇ શકે. (અંતરાય) સાહેબ, પહેલી વખત બોલું છું.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, વજેસિંહભાઇ, શું છે કાંતિભાઇ? બોલો.

શ્રી કાંતિલાલ શી. અમૃતિયા : વજેસિંહભાઇ ગૃહને ખોટા માર્ગે દોરે છે, ચંદ્રિકાબેન હરરોજ એક ટેન્કર પાણી લાવે છે એ વાત ખોટી છે.

અધ્યક્ષશ્રી : નહિ, નહિ વજેસિંહભાઇ બોલ્યા હોય એમાં કાંઇ થયું નથી. (અંતરાય) ના, ના, ભાઇ તો તો ગયા વખતની તમારી વાત ઉખેળશે. ચાલુ રાખો. ચંદ્રિકાબેન ડાબા કાનમાં રૂ પરોવી દો એટલે કાંઇ સંભળાય જ નહિ. શાંતિ રાખોને.

શ્રી વજેસિંહભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તાર મધ્યપ્રદેશને અડીને બનાસ નદી આવેલી છે. ત્યાં મોટો ડેમ બનાવે અને જૂથ પાણી પુરવઠા યોજના બનાવે તો ખેડૂતોને પાણી મળી રહે. એ યોજના માટે અગાઉ પણ મેં સરકારને કાગળ લખ્યો હતો પણ એ યોજના પણ મંજૂર કરવામાં આવતી નથી. ( સમય સૂચક ઘંટડી)

શ્રી બાબુભાઇ બોખીરીયા ( નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૪-૧૫ ની જળસંપત્તિ વિભાગની માગણીઓ ગૃહ સમક્ષ રજૂ કરતા મને આનંદ થાય છે. ગુજરાત રાજ્યે જળસંપત્તિ ક્ષેત્રે દેશને એક નવી દિશા બતાવી છે અને જળસંચય ક્ષેત્રે રાજ્યે ઘણી સારી કામગીરી કરેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે સભ્યશ્રીઓએ ઘણી બધી ચર્ચા કરી. અહીંયા અગાઉની સરકારોએ જે બજેટની ફાળવણી કરી હતી અને આ સરકારે છેલ્લા ૧૦ વર્ષમાં જે ફાળવણી કરી હતી એની જો આપણે સરખામણી કરીશું તો ખ્યાલ આવશે કે (અંતરાય) એ વખતમાં તમારા માણસોએ ગુજરાતને (અંતરાય)

અધ્યક્ષશ્રી : તમારું બોલો એટલે સંભળાય નહિ.

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૮૫ થી ૧૯૯૫ ના સમયગાળામાં જળસંપત્તિના કામો માટે બજેટની ફાળવણી ૧૮૩૫.૬૭ કરોડ હતી એટલે સરેરાશ દર વર્ષે ૧૮૩.૫૭ કરોડની ફાળવણી થઇ છે. જ્યારે છેલ્લા ૧૦ વર્ષમાં જળસંપત્તિના કામો માટે રૂ.૧૭૫૮૧.૪૬ કરોડની ફાળવણી થયેલ છે. જે દર વર્ષે સરેરાશ ૧૭૫૮.૧૫ કરોડની ફાળવણી થયેલ છે. આમ અગાઉની સરકારની સરખામણીમાં જળસંપત્તિ પ્રભાગની કામગીરી માટે લગભગ ૧૦ ગણો વધારો થયેલો છે. માનનીય સભ્યશ્રી શક્તિરસિંહભાઇએ કીધેલું કે, અહીંયા જે પાણી છે એની અનદેખી કરવામાં આવેલી છે. મિત્રો, આપ જોશો તો આપને ખ્યાલ આવશે કે કોંગ્રેસના ૪૦ વર્ષના શાસનની અંદર માત્ર ૪૦૦૦ ચેકડેમો થયા હતા. જ્યારે ૨૦૦૧થી અત્યાર સુધીમાં દોઢ લાખ કરતા વધારે ચેકડેમો અને ચોવીસ હજાર કરતા વધારે તળાવો અને એને લીધે પાણીનો જે સંગ્રહ થયેલો છે એ આઇ.આઇ.એમ.નો રિપોર્ટ પણ કહે છે કે ૩ મિટરથી ૬ મિટર સુધી પાણીનો વધારો થયો છે. મિત્રો, જો ૪૦ વર્ષ પહેલાથી આ ચેકડેમો કર્યા હોત ને તો ગુજરાતની આ પરિસ્થિતિ પણ ના હોત અને અહીંયાના ખેડૂતોને અને પ્રજાને પાણીથી અધૂરી રહી ના હોત. રાજ્યમાં મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં ૬૯% પાણી છે, ઉત્તર ગુજરાતમાં૧૧%, સૌરાષ્ટ્રમાં ૧૭% અને કચ્છમાં ૩%

પાણીની ઉપલબ્ધિ છે. આમ રાજ્યમાં પાણીની ઉપલબ્ધિમાં જે અસમાનતા છે અને આ ભૌગોલિક અસમાનતાને પહોંચી વળવા માટે તાત્કાલિક માનનીય મુખ્યમંત્રીશ્રી અને અત્યારના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇએ એક ભગીરથ કામ હાથ ઉપર લઇને નર્મદા નદીના પૂરથી વહી જતા વધારાના પાણીમાં એક મિલિયન એકર ફીટ પાણી ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના વિસ્તારોને ફાળવેલું છે અને ઉત્તર ગુજરાતના મિત્રો પાણીની જે ચિંતા કરતા હતા એમાં માનનીયશ્રી ધારશીભાઇ વાત કરતા હતા કે, અમારા તળાવો છે એને તમે ભરી દો. મારે માનનીય સભ્યશ્રીને કહેવાનું છે કે એમના વિસ્તારના ૨૪ તળવો છે એ આજે પણ નર્મદાના પાણીથી ભરાય છે. નર્મદા મુખ્ય નહેર આધારિત ૮ પાઇપ લાઇનના કામો રૂ.૧૬૫૩ કરોડના ખર્ચે પૂર્ણ, ૩ પાઇપ લાઇનના કામો પ્રગતિમાં છે એ આવતા દિવસોમાં એક કિલોમિટર સુધી આપણે પાણી ભરતા હતા તેના બદલે આજે બે કિલોમિટર સુધી તળાવો છે એ ભરાય છે. ૨૦૧૨ની અંદર અમે અને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ જ્યારે આવતા હતા પાટણથી હેલિકોપ્ટરમાં ત્યારે અછતના વર્ષમાં અમે જોયું કે, ઉત્તર ગુજરાતની અંદર જે સુજલામ્ સુફલામ્ યોજના થઇ છે એના લીધે એ વિસ્તાર આખે આખો તમને એ હરિયાળો જોવા મળતો હતો.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા માનનીય શ્રી મહેન્દ્રભાઇએ જે વાત કરી હતી એમાં પણ એને પણ આ રીતે તળાવો એના ભરવામાં આવે છે અને ખારી નદીના જે એના રેતાળ પટમાં ચેક ડેમની જે વાત કરી, ત્યાં એને બેઈઝ નથી મળતો એટલે જે તે વખતે જે ચેક ડેમો થયા હતા એને બેઈઝ ન મળવાથી એ તૂટી ગયા છે અને એટલે અત્યારે રાજ્ય સરકાર એ વિસ્તારમાં ચેક ડેમો કરી નથી શકતી. હજી પણ તમારા ધ્યાનમાં કોઇ જગ્યાએ એવો બેઈઝ મળે કે ત્યાં ચેક ડેમો થઇ શકે અને રહી શકે, તો રાજ્ય સરકારનું મન ખુલ્લું છે અને એ ચેક ડેમો ત્યાં કરી આપશે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય જોઇતાભાઇએ પણ જે ચિંતા કરી હતી સીપુ અને દાંતિવાડા પાઇપ લાઇનની તો એમાં પણ સેકશન-૧ અને ૨ પૂર્ણ થયા છે. એનાથી એના પણ ચોવીસ તળાવો ભરવામાં આવશે. સેકશન-૩ની કામગીરી માત્ર ૧,૭૦૦ મિટર, જંગલની જમીન ન મળવાને લીધે પૂર્ણ નથી થતી. જંગલની જમીન મળી જતાં એ પણ પૂર્ણ થઇ જશે.

સુજલામ્ સુફલામ્ નહેરમાંથી નર્મદાનું ઉપલબ્ધ વધારાનું પાણી આપવામાં આવે છે. એમાં ૩,૨૦૦ કિલો મિટર સુધી નહેરનું કામ પૂર્ણ થયેલ છે. હવે જે રાહ ગામથી ટેકનિકલી રીતે શક્ય નથી એટલે આપણે એને આગળ લઇ જઇ શકતા નથી. જે રીતે ઉત્તર ગુજરાતમાં સુજલામ્ સુફલામ્ યોજના દ્વારા આપણે પાણી ત્યાં આપ્યું, એજ રીતે સૌરાષ્ટ્રની સૌની યોજના અંતર્ગત ૧,૧૨૩ કિલો મિટરની લંબાઇની પાઇપ લાઇન મારફતે ૧૦,૮૬૦/- કરોડના ખર્ચે નાખનારી ચાર લીન્કથી ૧૧૫ જળાશયોને, ૧૦,૨૨,૫૮૯ એકર વિસ્તારને સિંચાઇનો લાભ મળે તેવું દૂરંદેશી અને મહત્વપૂર્ણ પગલું રાજ્ય સરકારે કરેલું છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી રાઘવજીભાઇએ એમ કહ્યું કે, આમાં ૪૫ ટકા ટેન્ડર ઉંચા આવ્યા અને એટલે રાજ્ય સરકારે એ ટેન્ડરો રદ કર્યા અને પછી ફરીથી નવા S.O.R. કરીને આ ટેન્ડરો કરવામાં આવ્યા. મારે માનનીય સભ્યશ્રી અને સન્માનનીય ગૃહને કહેવાનું છે કે, S.O.R.એ સતત ચાલતી પ્રક્રિયા છે. ૪૫ ટકા જે દિવસે અમારે ટેન્ડરો ઉંચા આવ્યા, એ દિવસે રદ કરવામા આવ્યા. અને આ જે આખા S.O.R. થાય છે એમાં જે આખી પ્રક્રિયા છે એ એકદમ લાંબી પ્રક્રિયા છે. આની અંદર જે S.O.R.ની જે પ્રક્રિયા થાય છે એમાં પહેલાં તો ત્યાં કાર્યપાલક લેવલે એક કમિટી હોય છે, એમાં પાણી પુરવઠાના ઈજનેર, સિંચાઇના ઈજનેર, શહેરી વિભાગના ઈજનેર અને જે તે વિભાગના નિષ્ણાતો, એટલે એલ.ડી.એન્જીનીયરીંગ કોલેજ, નિરમા ઈન્સ્ટિટ્યૂટ અને આઇ.આઇ.ટી. ગાંધીનગર આના નિષ્ણાતો પણ આ કમિટીમાં હોય છે અને એ કમિટી ત્યાંથી જે S.O.R.ના ભાવો નક્કી કરે એના પછી આ સ્ક્રિનીંગ જે કમિટી હોય છે, આ કમિટીના હેડ તરીકે સી મોનીટરીંગ પ્લાનીંગ, સ્ટેટ લેવલના પાંચ સી સભ્યો હોય છે. આ જે ત્યાંથી નીચે જે S.O.R. આવે એના પછી સ્ક્રિનીંગ કમિટી એની તપાસ કરે છે. ત્યાં જે કામગીરી પૂરી થાય એના પછી જે S.O.R. આવે છે એ પાણી પુરવઠા બોર્ડની અંદર આવે છે. આ બોર્ડના ચેરમેન તરીકે પાણી પુરવઠાના અગ્ર સચિવ છે એ એના અધ્યક્ષ હોય છે. આ ઉપરાંત નાણા ખાતાના અગ્ર સચિવ, જળસંપત્તિ વિભાગના

સચિવશ્રી, નર્મદા વિભાગના સચિવશ્રી, અને શહેરી વિભાગ, જી.યુ.ડી.સી.ના એમ.ડી. પણ હોય છે અને સેન્ટ્રલ ગ્રાઉન્ડ વોટર બોર્ડના એ પણ આમાં સભ્ય હોય છે. આ રીતે આખી S .O.R .ની જે પ્રક્રિયા છે, એકદમ લાંબી અને કોઇ પણ જગ્યાએ ખોટું ના થાય એને આધાર રાખીને આ S .O.R . બનતા હોય છે.

અહીંયા જે આખી પાઇપ લાઇન આપણે જે અત્યારે નાખીએ છીએ સૌની યોજનામાં, એ પાઇપ લાઇનનો વ્યાસ છે ૩,૦૦૦ મિલિ મિટર, એટલે ત્રણ મિટરનો એનો જે વ્યાસ છે અને આ આખા ગુજરાતમાં પહેલ વહેલું આ કામ છે કે જે આટલા મોટા પાઇપો સાથેનું કામ થતું હોય અને એ જે સ્ટીલના પાઇપો છે એનું જે એપોક્ષી કોટિંગ કરવામાં આવે છે એ એપોક્ષી કોટિંગ અને થ્રી લેયર પોલીથીન કોટિંગ, જે આંતર રાષ્ટ્રીય બજાર ભાવો છે એના ઉપર આધાર રાખતા હોય છે. કારણ કે, આ કોટિંગનું જે મટિરિયલ છે એ અહીંયા ભારતમાં બનતું નથી, આનું કોટિંગ તમારે બહારથી આયાત કરવું પડે એના સિવાય સ્ટીલના ભાવો છે પછી સિમેન્ટના ભાવો છે, આ બધા જે વધ ઘટ થતા હોય છે એના લીધે આ જે S .O.R . છે એ બધાને ધ્યાનમાં રાખીને બન્યા છે. આના સિવાય પાઇપ છે એનો ૩,૦૦૦ એમ.એમ.નો જે ડાયામિટર છે એટલે એક પાઇપ માત્ર એક જ ટ્રકની અંદર સમાવી શકાય છે. એનું વહન કરનાર જે ટ્રક છે એ પણ એની સ્પશ્ચિલ ડિઝાઇન હોય છે અને બહુ જ ઓછા હોય છે. કારણ કે, એનું ટ્રાન્સપોર્ટ કરવા માટે પણ નવા ટ્રકો તમે વસાવો ત્યારે તમે એનું ટ્રાન્સપોર્ટ કરી શકો.આ બધી બાબતોને લીધે એના એસ.ઓ.આર. એ રીતે બન્યા છે.

આ સિવાય બીજું પણ જે રાઘવજીભાઇએ કીધું હતું કે અમારા વિસ્તારની અંદર પાણીની યોજનાઓ નથી થઇ તો મારે માનનીય સભ્યશ્રીને જણાવવું છે કે છેલ્લા પંદર વર્ષમાં ઉમિયા સાગર, વેરારી-૨, સાબરકા, મહાદેવીયા, ખંડોળા અને હડીયાળા બંધારો આ બધા ડેમો આપણા સૌરાષ્ટ્રમાં થયેલા છે. એના સિવાય આજીતાર, કુલઝર, વેરારી-૨ના નહેરના કામો અધૂરા છે જે અમે ટૂંક સમયમાં પૂરા કરીશું. જામનગર જિલ્લાના જે જંગલમાં મરીન પાર્ક છે એને લીધે ત્યાં રેકલેમેશન બંધના કામો છે ત્યાં આપણે રિપેરીંગ કરી નથી શકતા એટલે આ સૌરાષ્ટ્રમાં સૌએ જોયું હશે કે સૌરાષ્ટ્રના પાણીની ચિંતા કરીને નાના અને મધ્યમ કક્ષાના ડેમો તો બને છે સાથેસાથે સૌની યોજના દ્વારા પણ ૧૧૫ ડેમોનું પાણી ભરાશે એની અંદર પણ જામનગરના કુલ ૧૦ ડેમો છે એનાથી પાણી ભરાશે. રાજય સરકારે ઉત્તર ગુજરાતના સુકા ભઠ્ઠ વિસ્તારોમાં સુજલામ સુફલામ યોજના અંતર્ગત કડાણા ડેમથી બનાસકાંઠાના રાહ ગામ સુધીની ૩૩૨ કિલોમીટર લાંબી નહેર બનાવેલ છે. જેના કારણે આશરે ૭૦૦૦૦ હેકટર જમીનમાં સિંચાઇનો લાભ મળેલ. આ ઉપરાંત નર્મદા મુખ્ય નહેર આધારિત ઉદ્ધવહન સિંચાઇ યોજના મારફતે ૨૫૨ પરાઓનું જોડાણ કરેલ છે. આ યોજના ૬૬૯ ગામો અને આઠ શહેરોને પીવાનું પાણી પૂરું પાડે છે. આ રીતે જે નર્મદાનું ત્રણ એમવે પાણી હતું એની અંદર અમે ૧૪૬૦.૯૦ કરોડની નાણાકીય ફાળવણી પણ કરેલી છે. અંબાજીથી ઉમરગામ વચ્ચેના આદિજાતિ વસ્તી ધરાવતી ડુંગરાળ પટ્ટીમાં સિંચાઇ સુવિધા પૂરી પાડવા માટે નર્મદાનું વધારાનું પાણી પાઇપલાઇન દ્વારા પહોંચાડી હયાત જળાશયો, તળાવો અને ચેકડેમ મારફતે સિંચાઇ થાય એવી સંકલિત યોજના અમે હાથ ઉપર લીધેલી છે.

માનનીય વજેસીંગભાઇ જે ચિંતા વ્યકત કરતા હતા આદિવાસી વિસ્તારની એના માટે પણ સરકાર ચિંતિત છે અને ત્યાં પણ ઉદવહન સિંચાઇ યોજના દ્વારા પાણી આપીને ત્યાંના આદિવાસી વિસ્તારના આપણા ભાઇઓ છે એની આર્થિક સ્થિતિ સારી થાય એના માટે સરકાર ચિંતા કરે છે. રાજયમાં વર્ષ ૧૯૬૧ થી ૨૦૦૧ સુધીમાં ૪૦ વર્ષમાં માત્ર ૧૮૩૫૬ ચેકડેમો બન્યા, જયારે ૨૦૦૧ થી ૨૦૧૪ સુધીમાં ૧,૪૬,૭૯૧ ચેકડેમો બન્યા છે. જેને કારણે ૩૯૫૦૦૦ હેકટર વિસ્તારને સિંચાઇની સુવિધા પ્રાપ્ત થયેલ છે. આ ઉપરાંત ૨૪૪૯૭ પરાઓ અને તેની જળ સંગ્રહ ક્ષમતા ૧૨૨૫ કરોડ ઘન મીટરથી વધારીને ૭૩૦૦૦ હેકટરની સિંચાઇ કરવામાં આવે છે. આ જે સિંચાઇના કામો થયા છે એનું અમદાવાદની આઇ.આઇ. એમ. સંસ્થા છે એણે આ જે સિંચાઇના કામો થયા છે એને લીધે ફાયદો થયો છે એનો જે સર્વે કર્યો છે એ સર્વે એમ કહે છે કે આ જે જળસંચયના કામો થયા છે એને લીધે ખરીફ પાક નિશ્ચિત રીતે લઇ શકાય છે. સામાન્ય ચોમાસા પછી રવી પાક લઇ શકાય છે. ભુગર્ભ જળમાં ૩ થી ૬ મીટરનો વધારો થયેલ છે. કૂવાઓ રીચાર્જ થયેલા છે અને સુકાઇ ગયેલી નદીઓ પુનર્જીવીત થયેલી છે. રાજયમાં છેલ્લા ૧૨ વર્ષમાં સિંચાઇ ક્ષમતા જે ૪૯ ટકા જેટલી વધી છે.

અગાઉ વર્ષ ૨૦૦૦-૨૦૦૧માં ૩૭લાખ હેક્ટર હતી એની સામે ૨૦૧૩-૧૪માં ૫૫ લાખ હેક્ટર થઇ છે. આ રીતે આજે સિંચાઇના જે કામો થયા છે એની ખેતીનો પણ વિસ્તાર વધ્યો છે અને ખેડૂતોની આર્થિક પરિસ્થિતિ પણ સારી બની છે. જળસંપત્તિ વિભાગ હસ્તકની વિવિધ બંધોમાંથી વર્ષ દરમિયાન ૧૪૫૩કરોડ ઘનમીટર પાણી ઉપલબ્ધ થાય છે. તે પૈકી ૮૮ ટકા પાણી સિંચાઇ માટે, ૧૦ ટકા પાણી પીવાના હેતુ માટે અને બે ટકા પાણી માત્ર ઉદ્યોગને ફાળવવામાં આવે છે એટલે રાજય સરકાર હંમેશા ખેડૂતોની ચિંતા કરીને એને વધુમાં વધુ પાણી મળે એના સતત પ્રયાસો કરે છે.

રાજય સરકારને ખેડૂતોને સિંચાઇ માટે પાણી આપવાથી રૂ. ૪૦કરોડની આવક થાય છે એની સામે રાજય સરકાર નહેરોના સંચાલન અને એની નિભાવણી પાછળ દર વર્ષે ૬૩૩ કરોડનો ખર્ચ કરે છે. એ ઉપરાંત નહેર સુધારણા માટે આશરે રૂ. ૩૧૯ કરોડ જેવી રકમ ફાળવવામાં આવે છે. આમ રાજય સરકાર ખેડૂતલક્ષી છે. એને ૪૦કરોડની સામે ૧૦૦૦કરોડ જેટલા એના રિપેરીંગ અને એની સુધારણા માટે વાપરે છે. જળસંપત્તિ અને કલ્પસર વિભાગની વર્ષ ૨૦૧૪-૧૫ની માગણી નં. ૬૬ હેઠળ રૂ. ૨૭૯૬.૭૬કરોડની જોગવાઇઓ લઇને આ સન્માનનીય ગૃહ સમક્ષ હું આવ્યો છું. જે પૈકી ૯૭.૯૫કરોડની જોગવાઇ કલ્પસર પ્રભાગ માટે કરી છે. જળસંપત્તિ વિભાગની મૂળ જોગવાઇઓ નીચે મુજબ છે. નર્મદાના પૂરના વધારાના ત્રણ મિલિયન એકર ફીટ પાણીને સોરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને કચ્છ વિસ્તારને આપવા માટે ૧૪૬૦.૯૪ કરોડની જોગવાઇ કરી છે.આના લીધે ૧૦,૨૨,૫૮૯ એકર જમીન છે એને ખેતીનું પાણી મળશે. રાજકોટ જિલ્લાના ૨૪ ડેમો, જામનગરના જિલ્લાના ૨૪ ડેમો, અમરેલી જિલ્લાના ૧૨ ડેમો, દેવભૂમિ દ્વારકા જિલ્લાના ૧૧ ડેમો, ભાવનગર જિલ્લાના ૧૧ ડેમો, જૂનાગઢ જિલ્લાના ૧૩ ડેમો, સુરેન્દ્રનગર જિલ્લાના ૬ ડેમો, મોરબી જિલ્લાના ૬ ડેમો, પોરબંદર જિલ્લાના ૪ ડેમો, બોટાદ જિલ્લાના ૩ ડેમો, ગીર સોમનાથ જિલ્લાના ૧ ડેમો આ રીતે ૧૧૫ ડેમોના પાણી ભરી શકાશે. મહેસાણા, પાટણ, બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં આશરે ૩૦,૦૦૦ હેક્ટર વિસ્તારના નવા ફાળવણીથી સિંચાઇનું પાણી મળશે. વિવિધ જળ સંચય યોજનાઓ અંતર્ગત ચેકડેમો, તળાવો ઉંડા કરવા તથા વોટર બોડીઝના પુનઃસ્થાપનની કામગીરી માટે ૨૬૬.૮૯ કરોડની જોગવાઇ કરી છે. આ જોગવાઇના લીધે ૮૫૦ નાના ચેકડેમ અને ૨૦૦ મોટા ચેકડેમથી ૬,૯૦૦ હેક્ટર જેટલા વિસ્તારમાં સીધી અથવા આડકતરી સિંચાઇ ૮૦૦ તળાવો ઉંડા કરવાથી પાણીની સંગ્રહ શક્તિમાં આશરે ૪૦ કરોડ ઘનફૂટનો વધારો થશે. બંધની સુરક્ષાનાં કામો માટે ૧૧૯.૦૬ કરોડની જોગવાઇ કરેલી છે. આના લીધે હેઠવાસના ગામોની સુરક્ષા નિશ્ચિત કરી શકાશે. હયાત યોજનાઓ, નહેરો, સુધારણા અને આધુનીકરણનાં કામો માટે ૩૧૯.૫૩ કરોડની જોગવાઇ છે.

મોટી સિંચાઇ યોજનાઓ, મહી, ઉકાઇ, કાંકરાપાર, ફતેવાડી, શેત્રુંજો, પાનમ, વાત્રક, ધરોઇ અને સૌરાષ્ટ્રની હયાત મધ્યમ તેમજ નાની સિંચાઇ યોજનામાં આશરે ૧ લાખ હેક્ટર વિસ્તારમાં આવેલ નહેર સુધારણાનાં કામોથી છેવાડાના ખેડૂતોને પાણી મળી શકશે. ક્ષાર પ્રવેશ સુધારણાનાં કામો માટે સૌરાષ્ટ્ર ઘેડ અને કચ્છ વિસ્તાર માટે ૯૬.૯૭ કરોડની જોગવાઇ કરેલ છે. કચ્છ વિસ્તારનાં ૨ બંધારાનાં કામ પૂર્ણ થશે. સૌરાષ્ટ્ર કચ્છ વિસ્તારમાં ક્ષાર પ્રવેશ નિયંત્રણનાં વિવિધ કામોના લીધે ૫૦૦૦ હેક્ટર વિસ્તારને ફાયદો થશે. દરિયાઇ ધોવાણ અટકાવવા માટે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર માટે ૧૧૯.૯૭ કરોડની જોગવાઇ કરેલ છે. આના લીધે દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠાનું ધોવાણ થાય છે. ૧૫ કિ.મી.નું કામ કરીને ધોવાણ અટકાવી શકાશે. સહભાગી સિંચાઇ યોજના નીચે ૪૪.૦૭ કરોડની જોગવાઇ છે. અત્યાર સુધીમાં ૪,૯૬,૦૦૦ હેક્ટર સહભાગી સિંચાઇ યોજના હેઠળ આવરી લીધેલ છે. આ જે આપણે ૪૪ કરોડની જોગવાઇ કરેલ છે. જેનાથી વધુ ૫૦,૦૦૦ હેક્ટર વધારે વિસ્તારને આવરી શકીશું. પૂર સંરક્ષણ કામોમાં રૂપિયા ૮૩.૭૮ કરોડની જોગવાઇ છે. તાપી નદીના કાંઠે પાળાને મજબૂત કરીને સુરત શહેરને પૂરથી રક્ષણ આપવામાં આવશે. ચોમાસા દરમ્યાન ઉકાઇ, કાંકરાપાર, મહી, અન્ય યોજનાના કમાન્ડ વિસ્તારોમાં ભરાતા પાણીનો નિકાલ, ધોળકા નદી આગળ સાબરમતિ નદીને પૂર સંરક્ષણ અને આમ પૂર સંરક્ષણ માટે રાજ્યના અન્ય વિસ્તારોમાં આનાથી કામગીરી થઇ શકશે. સૌરાષ્ટ્રની મધ્યમ વિસ્તારની ૧૦ મધ્યમ સિંચાઇ યોજનાઓ આજી- ૨, મચ્છુ-૩, ઉંડ-૨, ઓજત-૨, વરતુ-૨, ઉતાવળી, ગુંદા, અને ડેમી-૩ અને ભાદર-૨ લીંબડી ભોગાવો-

૨, રાણાખીરસરાનો નવો ડેમ. આનાથી અધૂરી યોજનાઓ છે. રાઘવજીભાઇ જામનગર જિલ્લાનું આવી જશે. રાણાખીરસરાની યોજના આપણે નવી બનાવી શકીશું. આ રીતે ૬૬ માગણીઓ લઇને આવ્યો છું,આનાથી ખ્યાલ આવશે કે ગુજરાતની અંદર પાણીનો સંગ્રહ થાય છે, એનાથી વધુ પાણીનો સંગ્રહ થશે. આપણા ગ્રામ્ય વિસ્તારના ખેડૂતોનું જીવન ધોરણ ઉંચું આવશે. ત્યાં આવક વધશે તે શહેરી વિસ્તારોમાં વપરાશે, એના લીધે શહેરી વિસ્તારોમાં સમૃદ્ધિ આવશે. આપ સૌને વિનંતી છે કે મારી આ માગણીઓ વિના વિરોધે પસાર કરશો. વિપક્ષના ધારાસભ્યોનાં કામ થવાનાં છે.

વર્ષ–૨૦૧૪–૧૫ ની પાણી પુરવઠા વિભાગની માગણી ગૃહ સમક્ષ રજૂ કરતા આનંદ અનુભવું છું. રાજયના પાણી પુરવઠાની કામગીરી સમગ્ર રાષ્ટ્રમાં એક મૉડેલ તરીકે અપનાવવામાં આવી રહેલ છે. માનનીય વડાપ્રધાન અને આપણા પૂર્વ મુખ્યમંત્રી રાજ્યમાં પીવાના પાણીના પ્રશ્નનો કાયમી હલ તેમજ જળાશયના સલામતિ માટે કરવામાં આવેલ દીર્ઘદ્રષ્ટિપૂર્વકના આયોજન થકી રાજ્યને અછતના પ્રભાવમાંથી મુક્ત બનાવવામાં સફળતા મળી છે.માનનીય અધ્યક્ષશ્રી, આ વિભાગ દ્વારા રાજયમાં પાણી પુરવઠા અંગેની કામગીરીનું વિસ્તૃત વિવરણ કરતાં પહેલાં અગાઉ જે બજેટની ફાળવણી થતી હતી અને આજે જે ફાળવણી થાય છે તેને સન્માનનીય ગૃહ સમક્ષ પ્રસ્તુત કરું છું. વર્ષ ૧૯૮૦ થી ૧૯૯૫ના સમયગાળામાં પાણી પુરવઠા ક્ષેત્રે કુલ ૧૦૮૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. દરવર્ષે આશરે ૭૨ કરોડની ફાળવણી કરી છે. વર્ષ ૨૦૦૨ થી ૨૦૧૪ના સમયગાળામાં કુલ ૧૭૮૧૩ કરોડની ફાળવણી કરવામાં આવી છે. દરવર્ષે સરેરાશ જુઓ તો ૧૪૮૫ કરોડની ફાળવણી કરી છે. આપણે અત્યારે એક વર્ષમાં જે ફાળવણી કરીએ છીએ તે પંદર વર્ષની અગાઉની સરકારોની ફાળવણી હતી. તેના કરતાં વધારે અત્યારે એક વર્ષમાં ફાળવણી કરવામાં આવે છે. આમ, અગાઉની સરકારોમાં આ સમયગાળા દરમ્યાન પાણી પુરવઠા માટે વાર્ષિક ફાળવણીમાં ૨૦ ગણો વધારો થયેલો છે. વર્ષ ૨૦૧૪–૧૫માં રાજયના બજેટમાં રૂ.૩૦૦૧ કરોડની જોગવાઇ કરવામાં આવેલી છે. જે ૧૯૮૦ થી ૧૯૯૫ના સમયગાળાના વાર્ષિક ફાળવણી કરતાં ૪૦ ગણી વધારે છે. બીજી સરખામણી કરીએ તો ૧૯૮૦ થી ૧૯૯૫ દરમ્યાન ગુજરાત રાજયમાં ૧૦૨ જૂથ પાણી પુરવઠા યોજનાઓ હેઠળ ૧૪૮૪ જેટલા ગામ–પરા આવરી લેવામાં આવેલ હતા. આમ સરેરાશ ૧૦૦ જેટલા ગામ–પરા જૂથ યોજનામાં આવરી લેવામાં આવતા. મિત્રો એક વર્ષમાં ૧૦૦ ગામો ગણીએ તો ગુજરાતના ૧૭ થી ૧૮ હજાર જેટલા ગામો છે તે જોઇએ તો આ ગતિથી આ સરકારો ચાલી રહી હોય અને દર વર્ષે ૧૦૦ ગામોની પાણીની વ્યવસ્થા કરતા રહ્યા હોય તો આના માટે ૧૮૦ વર્ષ થાય. ૧૮૦ વર્ષે બધા ગામોને પાણી મળે. આ પરિસ્થિતિ હતી. આ તો પૂર્વ મુખ્યમંત્રી અને અત્યારના વડાપ્રધાનશ્રીએ જે આયોજન કરેલ છે તે આયોજનને લીધે ગુજરાતના પીવાના પાણીની તંગી દૂર થઇ છે. વર્ષ ૨૦૦૨ થી ૨૦૦૪ દરમ્યાન ગુજરાત રાજયમાં ૨૪૧ જૂથ પાણી પુરવઠા યોજનાઓ હેઠળ ૧૫૩૪૧ જેટલા ગામ–પરા આવરી લેવામાં આવેલ છે. આમ સરેરાશ વાર્ષિક ૧૨૦૦ જેટલા ગામ–પરા આ જૂથ યોજનામાં આવરી લેવામાં આવેલ છે. અગાઉની સરકારો દર વર્ષે ૧૦૦ જેટલા ગામ–પરાને પાણી આપતી હતી. આમ અગાઉની સરખામણીમાં આ સમયગાળા દરમ્યાન પાણી પુરવઠા જૂથ યોજના દ્વારા વાર્ષિક આવરી લીધેલા ગામોમાં ૧૨ ગણો વધારો થયો છે.

રાજયમાં પીવાના પાણી માટે ભૂગર્ભ જળ ઉપર આધાર ન રાખી સરફેસ સોર્સ આધારિત રાજયવ્યાપી પાણી પુરવઠા ગ્રીડના નિર્માણ હેઠળ કુલ ૨૬૮૪ કિલોમિટરની બલ્ક પાઇપ લાઇન, આ પાઇપ લાઇન એવી છે કે જેની અંદર મારૂતિ કાર લઇને તમે ફરી શકો. એવડી મોટી ૨૬૮૪ કિલોમિટરની પાઇપ લાઇન નાંખવામાં આવેલ છે. ૧ લાખ ૨૦ હજાર ૭૬૯ કિલોમિટર ઉપરાંતની વિતરણ પાઇપ લાઇનો સાથે રાજયના ૧૧૫૭૧ ગામો અને ૧૮૯ શહેરોને જોડીને ૩.૯૫ કરોડની વસ્તીને ૨૯૦ કરોડ લિટર શુદ્ધ પાણી પૂરું પાડવામાં આવે છે. રાજયમાં ઉભી થયેલ પાણી પુરવઠા ગ્રીડ એ વિશ્વની સૌથી મોટી ગ્રીડ પૈકીની એક છે. રાજયની પાણી પુરવઠા ગ્રીડ સિવાયના ગામોમાં વ્યક્તિગત પાણી પુરવઠા યોજના, મીની પાઇપ લાઇન યોજના અને હેન્ડ પંપ દ્વારા પીવાના પાણીની સુવિધા પૂરી પાડવામાં આવે છે. હાલમાં રાજયમાં કુલ ૨ લાખ ૩૦ હજાર ૫૨૩ હેન્ડપંપ છે. જે પૈકી આદિવાસી વિસ્તારમાં ૧ લાખ ૫૮ હજાર ૮૬૬ હેન્ડપંપ છે. ૮૩૧૭ મીની પાઇપ લાઇન યોજનાઓ છે. જે પૈકી આદિજાતિ વિસ્તારમાં ૭૯૦૨ મીની પાઇપ લાઇનનું નિર્માણ

કરવામાં આવેલ છે. રાજય સરકાર દ્વારા સાગરકાંઠે વસતા લોકોને પીવાનું પાણી પૂરું પાડવા માટે સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના હેઠળ ૧૯૮૯ ગામોને પાણી પુરવઠા ગ્રીડ સાથે જોડી પીવાના પાણીની સુવિધા પૂરી પાડવામાં આવી છે. વ્યક્તિગત વરસાદી પાણીનો સંગ્રહ કરવામાં ૨૬૧૦૮ ટાંકાઓ બનાવવામાં આવેલ છે. ૧૧૫ નંગ આર.ઓ. પ્લાન્ટ બેસાડવામાં આવેલ છે. આમ દરિયાકાંઠાના વિસ્તારોમાં કુલ ૭.૮૮ લાખ કુટુંબોને એટલે કે ૭૧ ટકા ઘરોને નળથી જોડવામાં આવેલ છે. ગઇકાલે માનનીય મુખ્યમંત્રીશ્રીએ નાવડા આગળ પમ્પીંગ સ્ટેશન અને ૭૭ કિલોમિટરની પાઇપ લાઇનનું લોકાર્પણ કરેલ છે. તે ૪૧૭ કરોડના ખર્ચે આ આખી યોજના બની હતી. તેના લીધે ભાવનગર અને અમરેલીના ગામડાંઓને નર્મદાનું પાણી મળી શકશે. આ જે પમ્પીંગ સ્ટેશન છે તે કાયમ ૧૨૦ કરોડ લિટર પાણી પમ્પીંગ કરી શકશે. ૧૨૦ કરોડ લિટર પાણી એટલે હિન્દુસ્તાનની આખી વસતિને પર હેડ તમે કાયમ એક લિટર પાણી આપી શકો છો આવી મહત્વકાંક્ષી યોજનાનું કાલે લોકાર્પણ થયેલું છે. આવતા દિવસોમાં રાજય સરકાર દ્વારા દરેક ગામ ફળિયાને વ્યક્તિને પૂરતું પીવાલાયક પાણી ઉપલબ્ધ કરાવવામાં આવશે. રાજય વ્યાપી પાણી પુરવઠા ગ્રીડ દ્વારા અછત ધરાવતા વિસ્તારોને પાણી પૂરું પાડવા માટે રાજય વ્યાપી પાણી પુરવઠા ગ્રીડનો વ્યાપ વધારવામાં આવશે. ગ્રામ્ય કક્ષાએ પાણી વ્યવસ્થાપક સમિતિને વધુ સુદઢ બનાવાશે. આવતા પાંચ વર્ષોમાં રાજયના ગ્રામ્ય વિસ્તારના મોટા ભાગના ઘરોમાં નળ જોડાણ ઉપલબ્ધ કરવાની નેમ છે. સ્થાનિક સ્ત્રોતોનું મજબુતીકરણ, વર્ષ ૨૦૧૪-૧૫માં રાજય બજેટની કુલ જોગવાઇઓ રૂપિયા ૨૫૦૦ કરોડ રાખવામાં આવી છે આ ઉપરાંત ૫૦૧.૨૮ કરોડ રૂપિયા કેન્દ્ર સરકાર તરફથી પાણી પુરવઠા યોજનાઓ માટે ફાળવણી થયેલ છે. આમ કુલ ૩૦૦૧.૨૮ કરોડની રકમ પાણી પુરવઠા યોજનાઓ માટે રાખવામાં આવેલ છે.

રાજય બજેટની વાત કરીએ તો યોજનાવાર જોગવાઇઓ નીચે મુજબ છે. ગ્રામ પાણી પુરવઠા યોજનામાં યોજના માટે રૂપિયા ૫૦૦.૫૦ કરોડ, ગ્રામ્ય પાણી પુરવઠા યોજના આદિજાતિ વિસ્તાર અને અનુસૂચિત જાતિ માટે રૂપિયા ૪૮૫ કરોડ, સરદાર સરોવર કેનાલ આધારિત પાણી પુરવઠા યોજના માટે ૧૪૪૨ કરોડ, મુખ્યમંત્રી મહિલા પાણી સમિતિ પ્રોત્સાહન યોજના નવી બાબત માટે રૂપિયા ૧.૫૦ કરોડ, શહેરી પાણી પુરવઠા યોજના માટે રૂપિયા ૬૨ કરોડ, ડ્રીન્કીંગ વોટર ઇન્ફાસ્ટ્રકચર પ્રોટેકશન ટાસ્ક માટે રૂપિયા ૫ કરોડ અને સંશોધન અને વિકાસ માટે રૂપિયા ૪ કરોડ રાજયના પૂર્વપટ્ટી વિસ્તાર આદિજાતિ પ્રજાને પીવાના શુધ્ધ પાણીની સગવડતા ઉપલબ્ધ કરાવવા માટે સરકારશ્રી દ્વારા વનબંધુ કલ્યાણ યોજનાનું અમલીકરણ શરૂ કરેલ છે. ૩૮૫૦ ગ્રામ ફળિયાનો સમાવેશ કરતી ૮૦ જૂથ પાણી પુરવઠા યોજનાઓ હાલ કાર્યરત છે, ૨૧ જૂથ પાણી પુરવઠા યોજનાઓ હાલ પ્રગતિ હેઠળ છે જેના દ્વારા ૧૭૮૪ ગામ/ફળિયાઓને પીવાના પાણીની સુવિધા પૂરી પડવામાં આવશે. ૨૦૧૪-૧૫માં જરૂરિયાત પ્રમાણે વધુ ૨૦૦૦ હેન્ડપંપ બેસાડવાનું તેમજ ૬૦૦ મીની પાઇપ યોજનાઓનું નિર્માણ કરવાનું આયોજન છે.

રાજયના આદિજાતિ વિસ્તારોમાં પાણી પુરવઠાની સુવિધાઓને વધુ સુદ્રઢ કરવા માટે લાંબાગાળાના આયોજન રૂપે રૂપિયા ૧૧૧૬ કરોડના ખર્ચે નવીન ૧૭ જૂથ યોજનાઓ, જેવી કે સુરત જિલ્લાની કાકરાપાર અને ઉમરપડા, ભરૂચ જિલ્લાની નર્મદા બારા વિભાગ, ઉત્તર બારા ટ્રેક, ગડખોલ, તાપી જિલ્લાની તાપી બલ્ક યોજના, વડોદરા જિલ્લાની વડોદરા ઉત્તર ઝોન, તેમજ વાઘોડીયા, પંચમહાલ જિલ્લાની હરેડા, અરવલ્લી જિલ્લાની વાત્રક અને માઝુમ ડેમ આધારીત એસ.કે-૨ અને એસ.કે-૩, હાથમતી અને મેશ્વો ડેમ આધારીત એસ.કે-૪, બનાસકાંઠા જિલ્લાની બી.કે. ૪, નર્મદા જિલ્લાની જીતનગર સુંદરપુરા તેમજ વલસાડ જિલ્લાની ઉમરગામ પૂર્વ ઝોનનો સમાવેશ થાય છે. આ યોજનાઓ દ્વારા માંડવી, માંગરોળ, ઉમરપાડા, ભરૂચ, વાગરા, આમોદ, જંબુસર, અંકલેશ્વર, વ્યારા, વાલોદ, મહુવા, વડોદરા, વાઘોડીયા, મોરવા હડફ, બાયડ, ધનસુરા, મોડાસા, માલપુર, મેઘરજ, ભીલોડા, વિજયનગર, વાવ, થરાદ, નાંદોદ, અને ઉમરગામ જેવા આદિવાસી તાલુકાઓને પાણીનો લાભ મળશે.

માનનીય અધ્યક્ષશ્રી, આદિજાતિ વસ્તાર માટે જે એક વાત કરવામાં આવી એમાં અત્યારે જે વાસ્મોની અંદર જે ૧૦ ટકા લોકફાળો ભરવાનો હોય છે એ માનનીય મુખ્યમંત્રી હમણા દાહોદ જિલ્લાની મુલાકાતે હતા ત્યારે આદિવાસી વિસ્તારની અંદર આ ૧૦ ટકા ફાળો નથી ભરી શકતા તો એના માટે

આદિજાતિ વિસ્તારની અંદર હવેથી આ ૧૦ ટકા ફાળો છે એ પણ રાજ્ય સરકાર ભરશે. એટલે સો એ સો ટકા રાજ્ય સરકારની ગ્રાન્ટથી આ કામો થશે અને એને લીધે આદિજાતિ વિસ્તારના ૩૦૦૦ જેટલા ગામોના કામોને વેગ મળશે. બીજા મહત્વકાંક્ષી નિર્ણયની વાત કરીએ તો આદિજાતિ વિસ્તારમાં મોટા ભાગના બોર ખાનગી માલિકીની જમીનોમાં જનહીત માટે કરવામાં આવે છે. આ બોર ઉપર ખાનગી જમીનના મુદ્દે વીજ કનેકશન આપવામાં આવતા ન હતા. પરંતુ આપણા માનનીય મુખ્ય મંત્રીશ્રીએ રસ લઇને આ સમસ્યાનો ઉકેલ કરેલ છે અને હવે ખાનગી જમીનમાં બોર હશે ત્યાં પણ હવે વીજ કનેકશન આપવામાં આવશે.

કચ્છ જિલ્લામાં ભૂગર્ભ જળના પુનઃભરણ એટલે કે રિચાર્જીંગને વેગ આપવા રાજ્ય સરકારે જળ સંસાધનોના વિકાસના અમલીકરણ માટે મુખ્ય મંત્રી જલમણી યોજના – બ્લેકેટ રીચાર્જીંગ હાથ પર લેવા નક્કી કરેલ છે. સ્વર્ણિમ ગુજરાત, સૌરાષ્ટ્ર કચ્છ માટેની વોટર ગ્રીડ અંતર્ગત નાવડા–બોટાદ બલ્ક પાઇપ લાઇન તેમજ ઢાંકી–નાવડા, ઢાંકી–રતનપર, ઢાંકી–માળીયા, નાવડા–બુધેલ ફેઝ–ર ની કુલ ૪૬૮ કી.મી.લંબાઇની બલ્ક પાઇપ લાઇનનાં કામો પ્રગતિ હેઠળ છે. જે અંતર્ગત ૪૬૧ કી.મી. બલ્ક પાઇપ લાઇનના કામો પૂર્ણ કરવામાં આવેલ છે. આ યોજના થકી સૌરાષ્ટ્ર અને કચ્છના ૪૯૩૮ ગામો અને ૭૯ શહેરોને પીવાનું શુધ્ધ પાણી મળશે. નર્મદા કેનાલ આધારિત પાણી પુરવઠા યોજનાની છેલ્લા તબક્કાની કામગીરી પૂર્ણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. હવે બુધેલ થી કડિયાલી (બી નેટવર્ક) ૧૧૯ કિલોમીટરની લંબાઇની અંદાજિત કિંમત ૯૦૫.૩ર કરોડ રૂપિયા અને વડોદથી પોરબંદર (ડી નેટવર્ક) ૪૩ર કિલોમીટરની અંદાજીત કિંમત રૂપિયા ૩૦૬૦.૩૯ કરોડના કામો હાથ ઉપર લીધેલ છે. આ યોજના પૂર્ણ થયેથી સૌરાષ્ટ્રને ૧ર૪ કરોડ લીટર જેટલું વધારાનું પાણી ઉપલબ્ધ થઇ શકશે. આ યોજના થકી ભાવનગર, અમરેલી, જુનાગઢ તથા પોરબંદર જિલ્લાઓના લગભગ ર૬૦૦ જેટલા ગામો અને ૪ર જેટલા શહેરોની પાણીની વ્યવસ્થા વધુ સુદૃઢ થશે. તથા નર્મદા પાઇપ લાઇન નેટવર્ક સાથે બાકી રહેલા રાજકોટના ૧૬ર ગામો, પોરબંદરના ૪૦ ગામો અને જુનાગઢના ૧૪૧ ગામોનો પણ સમાવેશ થશે. આ કામો પૂર્ણ થયેથી નર્મદા માસ્ટર પ્લાનના અંતિમ તબક્કાનું અમલીકરણ પૂર્ણ થયેલ ગણાશે અને અનેરી સિદ્ધિ તથા અભૂતપૂર્વ યશ ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રીશ્રીને જશે.

કચ્છ જિલ્લાના લખપત તેમજ અબડાસા તાલુકાઓમાં પીવાના પાણીના પ્રશ્નોનો કાયમી ધોરણે ઉકેલ લાવવા માટે રૂપિયા ૩૪૫ કરોડની રી મોડલીંગ પાણી પુરવઠા યોજના હાથ પર લેવાનું આયોજન કરેલું છે. આ યોજના દ્વારા ર૭૪ ગામોને પીવાના પાણીની સુવિધા મળશે. દેશમાં આ પ્રકારનો પ્રથમ પાયલોટ પ્રોજેકટ છે. આ સિવાય માનનીય સભ્યશ્રી શક્તિસિંહજી ચિંતા કરતા હતા કે ઢોરો માટે પાણી એના માટે પણ અમે ૫૦ લિટર જે મર્યાદા હતી પર હેડ એને બદલે પશુઓનું પાણી ગણીને ૭૦ લિટર કરી દીધેલ છે અને એ ટેન્કરો દ્વારા ત્યાં અબડાસા અને કચ્છના દરેક વિસ્તારની અંદર જે હવાડાઓ છે એ પણ ભરવામાં આવે છે.

માનનીય સભ્યશ્રી જોઇતાભાઇએ જે બનાસકાંઠા જિલ્લાને અછતગ્રસ્ત જાહેર કરવાની વાત કરી તેમજ પાતાળ કૂવાને જે આપણે ઉંડા કરીએ છીએ એમાં જે ૧૦ ટકાની વાત કરેલી છે અમે ર૦૧રમાં આ જે પાતાળ કૂવા છે એમાં ૧૦ ટકા રાજ્ય સરકાર ભરતી આ વખતે એવી પરિસ્થિતિ નિર્માણ થશે તો રાજ્ય સરકાર એ બાબત વિચારશે. બનાસકાંઠા જિલ્લાની ચાલતી બી.કે. ફાર્મ્સ યોજનાનું ૬૦ ટકા પૂર્ણ થયેલ છે, આ યોજના પૂર્ણ થતાં ત્યાં પીવાના પાણીની જે સમસ્યા છે તે દૂર થશે.

માનનીય સભ્યશ્રી મહેન્દ્રભાઇએ પોતાના મત વિસ્તાર માટે પીવાના પાણીની ચિંતા વ્યક્ત કરી હતી એ તલોદ તાલુકાના તમામ ૬૩ ગામો નર્મદા નીરથી જોડાયેલા છે. તે પૈકી ર૬ ગામો પાણી લે છે, જ્યારે ૩૬ ગામો છે એ સ્વૈચ્છિક જે યોજના છે એટલે એ લોકો સ્વૈચ્છિક રીતે પાણી લેતા નથી અને ના પાડે છે.

માનનીય સભ્યશ્રી વજેસિંગભાઇએ દાહોદ બાબતની જે વાત કરી હતી. દાહોદ જિલ્લામાં કુલ ૬૯૧ ગામો છે એમાંથી જૂથ યોજના સાથે જોડાયેલા ગામોની સંખ્યા ૧૪૦ છે, વ્યક્તિગત પાઇપ દ્વારા જોડાયેલા ગામોની સંખ્યા ર૩ર છે અને હેન્ડ પંપ દ્વારા ૩૧૯ ગામોને આપણે પીવાનું પાણી પૂરું પાડીએ છીએ. આ

સિવાય અડાણા ડેમ આધારિત બલ્ક પાઇપલાઇન યોજના દાહોદ શહેર માટેની છે જે ૧૨૭ કરોડ રૂપિયાની કરેલી છે તે પૂરી થતાં દાહોદ શહેરમાં પણ પીવાના પાણીની મુશ્કેલી દૂર થશે.

આ સિવાય પણ પીવાના પાણી માટે કોઇપણ વિસ્તારના કોઇપણ સભ્યશ્રીને તકલીફ પડે તો અમને જાણ કરજો તો આપણે વહેલી તકે પીવાના પાણી માટેના કામો પૂર્ણ કરીશું.

માનનીય બલવંતસિંહભાઇએ જે સરસ્વતી નદી માટે ચિંતા કરી હતી તો આ વખતે ધરોઇ ડેમની અંદર જે ૭૦ ટકા જેટલો જ પાણીનો સંગ્રહ હતો. એટલે ધરોઇ ડેમ આપણે આ વખતે નથી ભરી શક્યા. આના સિવાય નર્મદા મુખ્ય નહેર આધારિત ખોરસંગ સરસ્વતી પાઇપલાઇન જે પાટણથી ૨૬ કિલોમીટર દૂર છે એમાંથી ૩૦ ક્યૂસેક પાણી આપણે વહાવી શકીએ છીએ, એનું રિપેરીંગ કામ ચાલુ છે એ રિપેરીંગ કામ પૂરું થતાં સરસ્વતી નદીમાં પણ પાણી છોડવામાં આવશે.

સૌ સભ્યશ્રીઓને વિનંતી છે કે હું જે માગણી નંબર–૬૬ અને ૬૭ લઇને આવ્યો છું એની ચર્ચામાં જે કોઇ સભ્યશ્રીઓએ ભાગ લીધો છે એનો હું આભાર માનું છું અને આ વખતે પણ રાજ્ય સરકાર પીવાના પાણી માટે પણ જે યોજનાઓ લઇને આવેલ છે એ પૂર્ણ થતાં ગુજરાતની અંદર જે કંઇપણ થોડીઘણી પીવાના પાણીની સમસ્યા છે એ પૂરી થશે તો મારી સૌ સભ્યશ્રીઓને વિનંતી છે કે, કોઇપણ જાતના વિરોધ વગર મારી આ જે માગણી નંબર–૬૬ અને ૬૭ મંજૂર કરો એવી અપેક્ષા સાથે મારી વાત પૂરી કરું છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (નર્મદા પ્રભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા પ્રભાગની માગણીઓ લઇને હું આવ્યો છું. મારે કરેલી કામગીરી અને નિગમ દ્વારા ભવિષ્યમાં કરવામાં આવનાર કામગીરી ને શું શું કામગીરી કરવી એનો ચિતાર મારે આપવો હતો, પરંતુ માનનીય શકિતસિંહજી અને બલવંતસિંહભાઇએ કહ્યું કે યોજનામાં વિલંબ થયો છે અને તે ભારતીય જનતા પાર્ટીની સરકારમાં વિલંબ થયો છે. મારે આ સન્માનનીય સભાગૃહ સમક્ષ વર્ષવાર કોના સમયમાં કેટલો વિલંબ થયો છે તેની માહિતી આપવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, યોજનાનો પ્રારંભ ૧૯૬૦માં થયો. ૧૯૬૦ થી ૧૯૬૯ સુધી આ યોજના આંતરરાજય વિવાદમાં સપડાઇ. આ આંતરરાજય વિવાદ થયો ત્યારે કેન્દ્ર સરકાર પણ કોંગ્રેસની અને બધા રાજયોમાં પણ કોંગ્રેસની સરકાર હતી, આ નવ વર્ષનો તમે હિસાબ આપો. ૧૯૮૦ થી ૮૭ સુધી પર્યાવરણના મુદ્દા માટે સાત વર્ષ સુધી કિલયરન્સ ના મળ્યું, કોણ જવાબદાર? અને ગઇકાલે અમારા પર્યાવરણ મંત્રી પ્રકાશ ઝાવડેકર આવીને કહી ગયા કે ગુજરાતમાં કોઇપણ કામ પર્યાવરણની મંજૂરીથી હવે અટકશે નહીં તાત્કાલિક ધોરણે અમે તેની મંજૂરી આપીશું. આ મહત્વકાંક્ષી યોજના, મહત્વકાંક્ષી ગુજરાતની જીવાદોરી, પહેલાં ૯ વર્ષ અને આ ૭ વર્ષ અને બીજા ૮ વર્ષ. ૨૦૦૬માં કામ પૂર્ણ થયુ ૨૦૧૪ સુધી કોણ જવાબદાર ? કુલ મળીને આ મહત્વાકાંક્ષી પ્રોજેકટમાં તેના માટે મિત્રો બધા જવાબદાર. તેણે પાંચ વર્ષ બગાડયા છે પણ હું કહેતો નથી પણ *(xxxxxx) ૨૪ વર્ષ તેની વાત કરું છું. ૨૦૦૬માં ૧૨૧ મીટરનું કામ પૂર્ણ થયુ તમને કોણે રોકયા હતા ? ૨૦૦૬માં ૧૨૧ મીટરનું કામ શરૂ કરવા માટે પણ આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ એકાવન કલાકના ઉપવાસ કરવા પડયા. બલવંતસિંહભાઇ કહે છે કે અમારા મનમોહનસિંહ જેવા તો કોઇ પી.એમ. જ નહીં. રાજયના મુખ્યમંત્રીશ્રીએ એકાવન કલાકના ઉપવાસ કરવા પડે અને પછી તેમણે ૧૨૧.૯૨ની મંજૂરી આપી.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નરેન્દ્રભાઇ મોદી ગયા અને માત્ર ૧૭મા દિવસે તેની પરવાનગી આપવામાં આવી. મારે એ કહેવું છે કે, ૨૪ વર્ષ પહેલું પાણી આવ્યું હોત તો? તો આજે ટેન્કરીયુ ગુજરાત કહેવાતું હતુ, તમારા સમયમાં ટેન્કરીયુ ગુજરાત કહેવાતું હતુ અમારા સમયમાં ટેન્કર મુકત ગુજરાત કહેવાયું. શકય છે આ ટેન્કર મુકત ગુજરાત કદાચ ૨૪ વર્ષ પહેલા આવ્યુ હોત. ૨૪ વર્ષનું કૃષિ ઉત્પાદન કેટલું વધ્યુ હોત ? પીવાના પાણીની વ્યવસ્થા ૨૪ વર્ષ પહેલાં કરી હોત, આ (xxxxxx) ૧૮ લાખ હેકટર પાણી..

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

પોઇન્ટ ઓફ ઓર્ડર/ S B #>

અસંસદીય શબ્દો દૂર કરવા અંગે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ એવુ કહ્યું કે, (xxxxxx) આ શબ્દો બિનસંસદીય છે અને તે શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવા જોઇએ.

અધ્યક્ષશ્રી : (xxxxxx) શબ્દો આપણે દૂર કરીએ છીએ.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ૧૮ લાખ હેકટર જમીનને પાણી આપવાનો પ્રોજેકટ સંપૂર્ણ પૂરો થયા પછી થયુ છે. અત્યારથી નહીં, પણ એ પ્રોજેકટ પૂરો થાય એ પહેલાં તમે જે આ વિલંબ કરાવ્યો એના કારણે જ મોડું થયું છે. ભારતીય જનતા પાર્ટીની સરકાર, સરદાર સરોવર નિગમ અને જેટલો પણ સમય મળ્યો છે એ સમયનો પૂરેપૂરો ઉપયોગ મુખ્ય કેનાલ, બ્રાન્ચ કેનાલ, માઇનોર, સબ બ્રાન્ચ એ બધા જ કામમાં એક પણ દિવસ નહીં પણ એક પણ કલાકનો વિલંબ કર્યા વગર આ બધા જ કામો ફેઝ– ૧, ૨, ૩ કચ્છ સુધી જો પીવાનું અને સિંચાઇનું પાણી મળતું હોય તો એ માત્રને માત્ર સરદાર સરોવરની કામગીરીને કારણે મળે છે. આ કદાચ વહેલુ થયું હોત તો, માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે વરસાદ નથી પડ્યો, આપણે બધા ચિંતામાં છીએ. આ પાણી માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે આપણને જો ૧૩૮ મીટર દરવાજા સાથેની ઉંચાઇ મળી હોત તો અત્યારે આ ઉંચાઇએ આપણી પાસે જે પાણી છે, એના કરતાં એ ઉંચાઇએ પાણી હોત તો હજુ પણ બે વર્ષ સુધી આપણને પીવાનું પાણીની, ન કરે નારાયણ, વરસાદ ન પડે તો નર્મદાનું પાણી ૧૩૮ મીટરની ઉંચાઇ હોત તો હજુ બે વર્ષ સુધી આપણને પીવાનું પાણી મળી રહે. આ પ્રકારની કામગીરીનું સમયસર આ કામ પૂરૂં થયું હોત તો, જેનાથી સિંચાઇનો લાભ મળી શક્યો હોત, ૨૯ લાખ ટન કૃષિ ઉત્પાદન વધી શક્યું હોત, અંદાજિત ૨૯૦૦ કરોડનું પ્રતિવર્ષ કૃષિ ઉત્પાદન, વીજ ઉત્પાદન ૧૫૩ કરોડ યુનિટ પ્રતિ વર્ષ, આમ કુલ મળીને આખા પ્રોજેકટમાં હજુ વિલંબ અત્યારે થયો એ વિલંબ અને હજુ પણ આ દરવાજા મૂકવાની કામગીરી ૩ વર્ષ લેશે, હું ૨૪ વર્ષ વત્તા બીજા ત્રણ વર્ષ ઉમેરું છું કારણ કે એ ત્રણ વર્ષનો પણ વિલંબ થવાનો છે એ ૨૪ વર્ષના કારણે થવાનો છે. એ ૨૪ વર્ષ જો આ કામ વહેલું થયું હોત તો આ ત્રણ વર્ષ પણ એમાં આવી ગયા હોત અને આજે કામ શરૂ કરીશું. માનનીય મુખ્ય મંત્રીશ્રીની સમજદારી જે દિવસે ૧૨–૬ એ માનનીય નરેન્દ્રભાઇએ, જે આ દરવાજા મૂકવાની મંજૂરી આપી કે તરત જ કોઇ પણ પ્રકારનો વિલંબ કર્યા સિવાય કે ભવિષ્યમાં કોઇ કંઇ અડચણ આવે એ પહેલાં જૂનાગઢથી ત્યાં જઇને કામની શરૂઆત કરી છે. આ રીતે છેલ્લા ૨૪ + ૩ એમ ૨૭ વર્ષમાં જે રીતે કામ રોકાયું એ કારણે હજારો નહીં પણ લાખો કરોડો રૂપિયાનું કૃષિ ઉત્પાદન અટક્યું છે. આ કૃષિ ઉત્પાદન ન અટક્યું હોત તો અત્યારે માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા દસ વર્ષમાં માત્ર નર્મદાના કારણે જ ભૂતકાળમાં કયારેક કૃષિ વિકાસ દર એ ડબલ ડીજીટમાં ગુજરાતનો ન હતો. એ નર્મદાને કારણે મુખ્ય નદીમાંથી અને એકથી વધારે નદીઓમાં પાણી આપ્યું એ નદીઓનું પાણી તળાવોમાં આપ્યું અને ત્યાંથી ખેડૂતોએ ઉદ્ વહન કરીને, ત્યાં કેનાલ બનાવીને એમના ખેતરમાં પાણી આપ્યું. જેને પરિણામે રાજયનો કૃષિ વિકાસ દર એ બે ત્રણ ટકા રહેતો હતો પણ નર્મદાનું પાણી મળ્યા પછી આજે ૧૦–૧૧–૧૨–૧૩ ટકા સુધી પહોંચ્યો છે. કેન્દ્ર સરકારમાં તમે દસ વર્ષ રહ્યાં, રાજય સરકારમાં અમે દસ વર્ષ રહ્યાં, તમારો કૃષિ વિકાસ દર કોઇ દિવસ સવા બે ટકાથી વધાર્યો નથી અને અમારો દસ ટકાથી નીચે ગયો નથી અને અત્યાર સુધીમાં ૯ લાખ ૮૬ હજાર હેકટરની સિંચાઇ વ્યવસ્થા કરી છે, માનનીય શક્તિસિંહજી બોલે છે ત્યારે એ બે લાખ બે લાખ બોલે છે તો મારી એમને વિનંતી છે કે, અત્યાર સુધીમાં નર્મદા આધારિત સિંચાઇ વ્યવસ્થા અમે ૯ લાખ ૮૬ હજાર હેકટરની કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ધ્રાંગધ્રા બ્રાન્ચ કેનાલમાં કૌભાંડની વાત કરવામાં આવી હતી તો એમાં કોઇપણ પ્રકારનું કૌભાંડ થયું નથી, જે ટેન્ડર રદ થયું છે એ નિયમ અનુસાર થયું છે, એમાં કોઇપણ પ્રકારની ગેરરીતિ પણ થઇ નથી. કચ્છ બ્રાન્ચમાંથી ૨૮ હજાર હેકટર વિસ્તાર ઓછો કર્યો છે. એ પણ આપની માહિતી

માટે કહું તો એ સાચું નથી. એ અધૂરી માહિતી છે. (અંતરાય) માનનીય બલવંતસિંહભાઇએ પાડોશી રાજયો પાસેથી લેવાના હિસ્સાની વાત કરી. તો એ બાબતમાં કહેવાનું કે પ્રશ્નોત્તરીમાં મારો જવાબ ચાલતો હતો અને સમય પૂરો થઇ જતાં હું એ વખતે એ માહિતી આપી શકયો ન હતો. એ માહિતી આપું તો છેલ્લા ૧૦ વર્ષમાં આપણને કુલ મળીને ૯૩૭૯.૪૭ કરોડ બાકી રકમમાંથી ૪૨૭૯.૩૨ વિવાદીત અને બિન વિવાદીત એમ કુલ મળીને રકમ મળી છે એમાં મધ્યપ્રદેશ પાસેથી ૮૭૭.૭૪ કરોડ, મહારાષ્ટ્ર પાસેથી ૬૭૩.૩૦ કરોડ અને રાજસ્થાન પાસેથી ૨૫૭.૭૨ કરોડ રૂપિયા મળ્યા છે. આગામી દિવસોમાં નિગમ દ્વારા ૨૦૧૪-૧૫ માં રાજય સરકારે ૯ હજાર કરોડ જેવી માતબર રકમ માનનીય નાણા મંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ બજેટમાં આપી છે. આટલી મોટી રકમ ભૂતકાળમાં કયારેય પણ કોઇપણ બજેટમાં મળી નથી અને હવે એટલા માટે આ વધારાની રકમ આપી છે એટલે હવે કોઇપણ પ્રકારની અડચણ નથી. કેન્દ્ર સરકારમાંથી મોટી અડચણ દૂર થઇ ગઇ છે અને હવે કોઇ અડચણ રહેતી નથી, એટલે હવે કોર્ટમાં પણ કોઇ અડચણ નથી. એટલે અત્યાર સુધીમાં આટલાં વર્ષોમાં આપણને જે કોઇ અડચણો હતી તો પણ એ બાજુમાં રાખીને જે અડચણો નહોતી એમાં ૧૦૦ ટકા સમયનો સદુપયોગ કરીને કામગીરી પૂર્ણ કરી છે અને હવે પછી મુખ્ય બંધ ગરૂડેશ્વર વીયર માટે, વીજ મથકોની મરામત અને નિભાવણી માટે, મુખ્ય નહેર અને સર્વિસ રોડ અને બાકીનાં કામો એમાં શાખા-વિશાખા, માઇનોર, જમીન સંપાદન એ બધાં કામો માટે કુલ મળીને આ ૯ હજાર કરોડ રૂપિયાની ફાળવણી કરી છે. અમારી ચોકકસ માગણી રહી છે, આપણી કામગીરી પણ રહી છે. આપ જે વાતો કરો છો એને અમે અમલમાં મૂકીશું, અમારી ભૂલ કાઢશો તો એ અમે સુધારીશું, એ અમારી જવાબદારી છે, પરંતુ ખોટા આક્ષેપો ના કરો, સાચા હોય તો સુધારવા માટે તૈયાર છીએ.

અધ્યક્ષશ્રીઃ હંમેશાં આક્ષેપો ખોટા જ હોય છે. ખોટા હોય તો જ આક્ષેપો કહેવાય ને? (અંતરાય) તમે કહ્યું ને કે સાચા આક્ષેપ એટલા માટે કહું છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચૂડાસમાઃ માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના બધા સભ્યશ્રીઓને એક વિનંતી કરવાની છે કે રાજય સરકારની જી.જી.આર.સી. કંપની છે એની મારફત ડ્રીપ અને સ્પ્રીંકલ ઈરિગેશન કરવામાં આવે છે એમાં ૫૦ ટકા સબસિડી, ૪૫ ટકા લોન અને ૫ ટકા પોતાના એ રીતે હોય છે. તો એમાં માત્ર ૫-૬ વર્ષના ટૂંકાગાળામાં આ જી.જી.આર.સી. કંપની મારફતે ૧૧ લાખ હેકટર જમીનને આ ડ્રીપ અને સ્પ્રીંકલ ઈરિગેશન મારફત સિંચાઇનું પાણી આપ્યું છે અને એમાં ૪૦ ટકા પાણીની બચત થાય છે. તો આપણે બધા જ માનનીય સભ્યશ્રીઓ નકકી કરીએ કે આપણને ૧૮ લાખ હેકટર જમીનને સિંચાઇ માટે આમાંથી પાણી મળેલ છે, હવે જો આપણે બધા ગુજરાતના ખેડૂતોનો જનમત કેળવીએ અને એમને પ્રશિક્ષિત કરીએ તો આવતા દિવસોમાં ૧૮ લાખ હેકટરને બદલે આપણે આ જ પદ્ધતિ મારફતે આ ટપક અને ફૂવારા પદ્ધતિ મારફતે જો ખેડૂતોને એ રીતે પાણી આપવા પ્રશિક્ષિત કરીએ તો શકય છે કે આટલા જ પાણીમાંથી ૨૪ થી ૨૫ લાખ હેકટર જમીનને પાણી આપી શકીએ તો એવી સૌ સભ્યશ્રીઓને વિનંતી છે. આ પ્રોજેકટ એ કોઇ એક પાર્ટીનો પ્રોજેકટ નથી અને માનનીય નરેન્દ્રભાઇ જયારે મુખ્યમંત્રીશ્રી હતા અને આપસૌ પણ એના સાક્ષી છો કે એ હંમેશાં કહેતા હતા, ગુજરાતના સ્થાપના દિન નિમિત્તે અહીં બધા બેઠા હતા ત્યારે પણ બધાને બોલાવ્યા હતા અને જયારે પણ ઉત્સવ ઉજવાયો ત્યારે પણ તેમણે કહ્યું હતું કે આ કામમાં એક તબકડું નાંખનાર મજૂરથી માંડીને જે તે વખતના ચેરમેનશ્રીઓ, જે તે વખતના મુખ્યમંત્રીશ્રીઓ એ બધા લોકોનો યથાશકિત ફાળો છે. એમાં એનું કોઇ એક વ્યકિતને શ્રેય આપવાની જરૂર નથી એવું એમણે એક નહીં પણ અનેક વખત કહ્યું હતું.એમણે કયારેય એવું કહ્યું નથી કે અમે આ કર્યુ છે, એક પાર્ટીએ કર્યુ છે એવું પણ કયારેય નથી કહ્યું અને આજે પણ હું એ રિપિટ કરીને કહું છું, રિપિટ ફ્રોમ ૫ મી એપ્રિલ, ૧૯૬૦ થી આજસુધી આ કામમાં જેમણે જેમણે પણ સહયોગ આપ્યો છે એ બધાનો આભાર વ્યકત કરું છું. આ કામના ભવિષ્યના કામ માટે પણ તમારા બધાના સહકારની અપેક્ષા સાથે આજે આ મારા વિભાગની માગણીઓ વિના વિરોધે પસાર કરવા માટે વિનંતી કરું છું.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, એક તો બજેટ પ્રકાશન ૩૪ નંબરમાં સ્પષ્ટ રીતે કહ્યું છે કે ૨ લાખ ૯ હેક્ટરને જ પાણી મળે છે. જેની ક્ષમતા આપણી ૧૭ લાખ ૯૬ હજાર હેક્ટર છે. આપનું જ બજેટ પ્રકાશન છે, એટલે વિશેષાધિકાર લાવવો કે આપ સુધારવા માગો છો? એક, અને બીજું કે આ યોજના સર્વની યોજના તરીકે આપણે હંમેશા સ્વીકારી છે, અમને વાંધો નથી. અમે કાપ દરખાસ્તો પાછી ખેંચીએ અને ટેકો પણ આપીએ, પરંતુ જે વલણ હતું ભૂતકાળમાં કે મુખ્ય મંત્રીશ્રી કક્ષાએ નર્મદાના માજી મંત્રી તે આ પાર્ટીના હોય કે તે પાર્ટીના હોય, તેઓની ત્રણ મહિને મિટીંગ બોલાવતા હતા અને અપડેટ કરાતા, એમને મિનિટ્સ મોકલાતી, છેલ્લે ૧૯૯૮ સુધી આ પરંપરા ચાલી, માનનીય કેશુભાઇએ પણ બોલાવી હતી અને માનનીય શંકરસિંહજીએ પણ બોલાવી હતી, આપ આ પરંપરા ચાલુ રાખવા માગો છો કે કેમ? અને ડેમની હાઇટ–દરવાજા એ નર્મદા કન્ટ્રોલ ઓથોરીટી નકકી કરે છે. કેન્દ્ર સરકાર કે કોંગ્રેસની કે બીજાની કોઈની સરકાર નહીં, કેનાલનું કામ છે, તે તો કોઈની પણ મંજૂરી વગર કરવાના છે, આપણે કેનાલના કામમાં જે વિલંબ થયો છે તે હવે બાકી રહેતી ૭૪ હજાર અને ઓડ કિલોમીટરમાંથી આપણે બાકી રહેતી ૩૭ હજાર અને ઓડ કિલોમીટરની કેનાલ કયાં સુધીમાં પૂર્ણ કરવા માગો છો? *(xxxxxx) તો કયારેય સર્વ સંમતિ નહીં થાય અને અમારે વોક આઉટ કરવો પડશે.

અધ્યક્ષશ્રી : (xxxxxx) એ શબ્દો કાઢી નાખવામાં આવે છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : આપ વોકઆઉટ કરવાનું બહાનું શોધી રહ્યા હતા. મારા સાથી મંત્રી છે, માનનીય અધ્યક્ષશ્રી, હું આવકારું છું તમારી સર્વસંમતિની વાતને. ૯ લાખ હેક્ટર જમીનની વાત મને મળેલી માહિતીના આધારે કહી, બીજી મીટીંગ બોલાવવાની વાત છે તે તમારું ખૂબ સારું સૂચન છે, અને એ સૂચનનો અમલ કરવાનો ચોકકસ પ્રયાસ કરીશું. અને એન.સી.એ. ની વાત છે, હું સભ્યશ્રીઓને જણાવું કે એન.સી.એ.ની મીટીંગમાં કેન્દ્ર સરકારના પ્રતિનિધિ હોય છે, હું એક વખતનો ચેરમેન રહ્યો છું.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : નર્મદાના વિસ્થાપિતોને પીવાના પાણીની હાલમાં ખૂબ જ મુશ્કેલી પડી રહી છે તેવા સંજોગોમાં ખાસ કિસ્સા તરીકે કાયમી પાણીનો ઉકેલ આવે એના માટે કોઇ નક્કર આયોજન કરવા માગો છો કે કેમ?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય સભ્યશ્રીએ પીવાના પાણીની વાત કરી છે તો અમે એની ચકાસણી કરાવી લઇશું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : વિસ્થાપિતો માટે કોઇ પણ પ્રકારની કોઇપણ જરૂરિયાત હોય એ પૂરી ન થઇ હોય તેવું બન્યું નથી. વિદ્યાર્થીઓ માટે શાળા અને પૂરતા શિક્ષકોની વ્યવસ્થા કરી છે, આરોગ્યની સગવડ કરી છે, રસ્તાની સગવડ કરી છે, વીજળીની સુવિધા આપી છે. કદાચ બાજુના ગામમાં સગવડ નહિ હોય પરંતુ નર્મદાના વિસ્થાપિતોને પૂરેપૂરી સુવિધા પૂરી પાડી છે.

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

અધ્યક્ષશ્રી : હવે હું સૌ પ્રથમ માગણી ક્રમાંક ૬૫,૬૬ અને ૬૭ ઉપરની કાપ દરખાસ્તો મત માટે મૂકીશ.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, અમે માગણી ક્રમાંક ૬૫, નર્મદા વિકાસ યોજના માટે છે એના ઉપરની તમામ કાપદરખાસ્તો ક્રમાંક ૧ થી ૫, ૯, ૧૧ થી ૧૫ પાછી ખેંચવા માગીએ છીએ તો સભાગૃહ અમને અનુમતિ આપે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું માગણી ક્રમાંક ૬૫ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક ૧ થી ૫, ૯, ૧૧ થી ૧૫ પાછી ખેંચી લઉં છું.

અધ્યક્ષશ્રી : કાપદરખાસ્ત ક્રમાંક ૧ થી ૫, ૯, ૧૧ થી ૧૫ પાછી ખેંચી લેવામાં આવે છે.

માગણી ક્રમાંક ૬૫ મત માટે મૂકવામાં આવી અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવી.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧૬, ૧૮ થી ૨૪, ૨૭ થી ૩૨ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

માગણી ક્રમાંક ૬૬ અને ૬૭ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

સભાગૃહનું કામકાજ સાંજના ૫–૦૭ વાગ્યે પૂરું થતાં માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ મંગળવાર, તા. ૧૫મી જુલાઇ, ૨૦૧૪ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

ગુજરાત વિધાનસભા
મંગળવાર, તા. ૧૫મી જુલાઈ ૨૦૧૪
આષાઢ ૨૪, ૧૯૩૬ શાકે
સભાગૃહ બપોરના ૧૨.૦૦ કલાકે મળ્યું.
અધ્યક્ષશ્રી વજુભાઈ વાળા અધ્યક્ષ સ્થાને

# તારાંકિત પ્રશ્નો

સરદાર સરોવર નર્મદા યોજનાના મુખ્ય બંધનું કામ

* ૯૪૭૫ શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ સરદાર સરોવર નર્મદા યોજનાના મુખ્ય બંધનું કામ કયા તબક્કે છે, | (૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ સરદાર સરોવર નર્મદા યોજનાના મુખ્ય બંધનું કામ ૧૨૧.૯૨ મીટર ઉંચાઈ સુધી પૂર્ણ થયેલ છે. જે માટે જૂન–૨૦૦૬માં મંજૂરી મળતાં ડિસેમ્બર–૨૦૦૬ સુધીમાં જ આ કામગીરી પૂર્ણ કરવામાં આવેલ. |
| (૨) આ કામ પૂર્ણ કરવા માટે કઈ કઈ મંજૂરી મેળવવાની બાકી રહે છે, અને | (૨) આ કામની બાંધકામની કામગીરી પૂર્ણ કરવા માટે હવે કોઈ મંજૂરી મેળવવાની બાકી રહેતી નથી. |
| (૩) ઉક્ત મંજૂરી મેળવવાની શી કાર્યવાહી કરવામાં આવી છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી મહંમદ જાવેદ અ. પીરઝાદાઃ માનનીય અધ્યક્ષશ્રી, આપની મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, નર્મદા બંધના દરવાજાની મંજૂરીમાં વિલંબ એટલા માટે થયો હતો કે, મધ્યપ્રદેશમાં અસરગ્રસ્તોનું પુનઃવસન થયું ન હતું એ એન.સી.એ.ની મિનિટ્સમાં પણ એનો ઉલ્લેખ છે તો આ હકીકત સાચી છે? અને બીજો પ્રશ્ન એ છે કે આ ડેમની ૩૭૦૦૦ કી.મી.ની જે બાકી કેનાલો છે એ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા પ્રશ્નના જવાબમાં પુનઃવસનનું કામ ત્રણેય રાજયોમાં પૂરું થયા પછી જ સુપ્રીમ કોર્ટે નીમેલી એન.સી.એ.ની કમિટી પુનઃવસનની કમિટી છે અને પર્યાવરણની કમિટી છે એ બંને કમિટીના રિપોર્ટ સંપૂર્ણપણે આવ્યા પછી આનો વિચાર કરવામાં આવે છે અને એ કામ પૂર્ણ થયા પછીનો જે કમ્પ્લીશન રિપોર્ટ આવે છે એના પછી જ મંજૂરી આપવામાં આવે છે એટલે કોઇ કામ બાકી નથી બધા કામ પૂર્ણ થયા છે. બીજો પ્રશ્ન કેનાલનો છે, આ ડેમનો પ્રશ્ન છે એટલે એ આમાં નહીં આવે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પૂછ્યું અને માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો છે એમાં ડિફરન્સ છે.

અધ્યક્ષશ્રી : તો ફરીથી એમને જ પૂછવા દઇએ.

શ્રી મહંમદ જાવેદ અ. પીરઝાદાઃ માનનીય અધ્યક્ષશ્રી, એન.સી.એ. ની મિનિટ્સમાં આનો ઉલ્લેખ છે કે અસરગ્રસ્તોનો પુનઃવસવાટ નથી થયો એટલા માટે આ દરવાજાઓની મંજૂરી નથી આપવામાં આવી એ વાત સાચી છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, એન. સી.એ.ની મિટીંગને સરકાર સાથે કોઇ લેવાદેવા નથી.

શ્રી ભરતસિંહજી શં. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, બંધના હાલના ૧૨૧.૯૨ મિટર સુધીની મંજૂરી કોના દ્વારા અને ક્યારે આપવામાં આવી?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, મેં હમણા જ કહ્યું કે નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા નર્મદા કન્ટ્રોલ ઓથોરિટીની રચના કરવામાં આવી છે, જયારે ચુકાદો આવ્યો ત્યારે ૨૦૦૦માં એમાં પર્યાવરણની પેટા સમિતિ અને પુનઃસ્થાપનની એક પેટા કમિટી એ બંને કમિટીઓએ ૮-૩-૨૦૦૬ના રોજ અને આ કમિટીના હેડ હોય છે કેન્દ્ર સરકારના જળસંપતિ વિભાગના સચિવ, સંબંધિત રાજયોના સી.એસ. અને એમ.ડી., ચેરમેન એના સભ્યશ્રી હોય છે. આ ત્રણેય ભેગા થઇને પછી આ બધાનો નિર્ણય કરતા હોય છે.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, સરદાર સરોવર નર્મદા યોજનાના મુખ્ય બંધના બાંધકામ માટે મૂળ અંદાજ શું હતો અને ટોટલ કેટલા ખર્ચમાં બાંધકામ પૂરું થયું?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધીમાં ૧૮૯૨ કરોડનો ખર્ચ થયો છે અને હવે પછી ૩૭૨ કરોડનું કામ બાકી છે.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, સરદાર સરોવર બંધનું કામ થયું છે એ બંધની આગળ જે સીક થઇ ગયું છે એ સીક કાઢવા માટે સરકાર તરફથી કોઇ નક્કર આયોજન કરવામાં આવેલ છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હા, આયોજન કરવામાં આવેલ છે.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા :માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ૧૨૧.૯૨ મીટરની હાઇટ થઇ, એ હાઇટ ઉપર કેટલા હેકટર જમીનમાં સિંચાઇ માટે પાણી ઉપલબ્ધ થઇ શકે તેમ છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : નવ લાખ હેકટરમાં સિંચાઇ માટે પાણી આપવાની ક્ષમતા છે અને હાલ ૨.૫ લાખ હેકટરમાં પાણી આપવામાં આવે છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે, ૧૨૧.૯૨ મીટરની હાઇટ પછી ૧૩૮ મીટરની હાઇટની મંજૂરી કેન્દ્ર સરકારે આપી છે તો ૧૩૮ મીટરની હાઇટે દરવાજા મૂકવાના છે તો સરકાર ક્યારે એ દરવાજા મૂકવા માગે છે? આ દરવાજા મૂકતા પહેલાં ૧૨૧ મીટરની હાઇટ કર્યા પછી પુનઃવસવાટથી માંડીને અન્ય રાજ્યોની જે તકલીફો હતી જેના લીધે આ કામ મોડું થયું છે તો આ ૧૩૮ મીટરની હાઇટ આપણે કરવા જઇ રહ્યા છીએ ત્યારે આ પુનઃવસવાટ કે બીજા રાજ્યોની જે કંઇ તકલીફો આમાં હતી તે અડચણરૂપ થશે કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : ૧૨૧ મીટરથી ૧૩૮ મીટરની ઉંચાઇની મંજૂરી ત્યારે જ મળે છે જ્યારે ડૂબમાં જતા બધાજ ગામોના વિસ્થાપિતો એને મળવાપાત્ર જમીન, એનું વિસ્થાપન કાર્ય આ બધી જ કામગીરી પૂર્ણ થઇ ગયેલ હોય તો જ આ મંજૂરી આપવામાં આવે છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, હમણાં જ માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે ૯ લાખ હેકટર જમીનને આપણે સિંચાઇનું પાણી આપી શકીશું. પણ આજની તારીખે આપણે માત્ર ૨.૫ લાખ હેકટર જમીનને જ પાણી આપીએ છીએ. તો એવા કયા કારણો છે કે જેના લીધે આટલો બધો ખર્ચ કર્યા પછી પણ આપણે ૯ લાખ હેકટર જમીનને પાણી નથી આપી શકતા? તે બાબતે શું કરવા માગો છો?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : કુલ પાણી આપવાની ક્ષમતા ૧૮ લાખ હેકટર જમીન પણ એ પ્રોજેકટ પૂરો થયા પછી. અત્યારે કેનાલોનું કામ કર્યા પછી આટલી ક્ષમતા વધારેલી છે એટલે અમે ગમે ત્યારે પાણી આપી શકીએ તેમ છીએ. અત્યારે જે પાણી આપવામાં આવે છે એ મેં કહ્યું એ પ્રમાણે ૨ લાખ ૫૦ હજાર હેકટર જમીનને આપવામાં આવે છે.

શ્રી શૈલેષ મ. પરમાર : ૧૩૮ મીટરની હાઇટની કેન્દ્ર સરકારે મંજૂરી આપ્યા પછી સરકાર આ કામ કેટલા સમયમાં પૂર્ણ કરવા માગે છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : તારીખ ૧૨–૬એ મંજૂરી મળી છે, મેં ગઇકાલે પણ કહ્યું હતું આજે પણ કહુ છું, મળેલા સમયનો અમે પૂરેપૂરો ઉપયોગ કરવા માગીએ છીએ. જ્યારે પણ મંજૂરી મળી છે ત્યારથી તરત જ એનું કામ ચાલુ કર્યુ છે. ૧૨–૬ એ મંજૂરી મળી, મુખ્યમંત્રીશ્રી જુનાગઢ હતા અને ત્યાંથી સીધા કેવડીયા જઇને એનું કામકાજ તાત્કાલિક શરૂ કરવામાં આવ્યું છે અને આ કામ અમે અંદાજે ૩ વરસમાં પૂરું કરવાના છીએ.

અમદાવાદ જિલ્લામાં ખેડૂતોને જિપ્સમ સહાય

* ૧૦૩૩૮ શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ખેડૂતોને જીપ્સમ સહાય આપવામાં આવી, અને | (૧) ૧૩૬૯૪ |
| (૨) તે પેટે કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૨) રૂ. ૨૬૨.૧૧ લાખ. |

શ્રી બાબુભાઇ જ. પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લામાં છેલ્લાં બે વરસમાં જુદી જુદી કઇ કઇ યોજના હેઠળ જિપ્સમનો લાભ આપવામાં આવ્યો અને કેટલા રૂપિયા ચૂકવવામાં આવ્યા?

ગોવિંદભાઇ પટેલ : અમદાવાદ જિલ્લામાં છેલ્લાં બે વરસમાં તેલીબીયાં વિકાસ યોજના હેઠળ અને પ્રાથમિક આરોગ્ય સુરક્ષા મિશન હેઠળ ૨૦૧૨–૧૩માં ૭૩૬૪ ખેડૂતોને, સહાય પેટે ૧ કરોડ ૩૦ લાખ ૩૧ હજાર રૂપિયા આપવામાં આવ્યા છે અને ૨૦૧૩–૧૪માં આ બન્ને યોજના હેઠળ ૬૩૨૦ ખેડૂતોને બે કરોડ બાસઠ લાખ અગિયાર હજારની રકમ ચૂકવવામાં આવી છે.

શ્રી ભુષણ અ. ભટ્ટ : આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, રાજ્યમાં કઇ કઇ સંસ્થાઓ જિપ્સમ પૂરું પાડે છે અને અમદાવાદ જિલ્લામાં પ્રતિ મે.ટન કેટલા દરે જિપ્સમ પૂરું પાડવામાં આવે છે?

ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જિપ્સમની આમ તો કોઇ કિંમત નથી પરંતુ એનો જે કાર્ટીંગ ચાર્જ લેવામાં આવે છે એમાં અંતરના આધારે એની કિંમત નક્કી થાય છે. અમદાવાદમાં ૭૭૩ રૂપિયાથી શરૂ કરીને ૮૩૦ રૂપિયા પ્રતિ ટન એની કિંમત છે અને આ જિપ્સમ પૂરું પાડવા માટે ગુજરાત સ્ટેટ ફર્ટીલાઇઝર કંપની અને હિન્દાલકો ઇન્ડસ્ટ્રીઝ, ભરૂચ આ બન્ને સંસ્થા પૂરું પાડે છે.

શ્રી રજનીકાન્ત મો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગુ છું કે, આ જીપ્સમ શા માટે વાપરવામાં આવે છે ? અને તે કેવા પ્રકારની જમીનમાં વાપરવામાં આવે છે?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે જગ્યામાં ખારાશ વધારે પડતી હોય આવી જગ્યામાં જ જીપ્સમ વાપરવા માટેની સલાહ આપવામાં આવે છે અને આવી જગ્યામાં જ જીપ્સમનો ઉપયોગ કરવામાં આવે છે.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, આ જીપ્સમની કાળી અને ખારાશવાળી જગ્યામાં તેની વધારે જરૂરિયાત પડે છે. ત્યારે તાલુકા લેવલે ખેડૂતોને આ જીપ્સમ મેળવવા માટેની કોઇ વ્યવસ્થા ઉભી કરી છે કે કેમ?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આની બધીજ વ્યવસ્થા ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન મારફત કરવામાં આવી છે. અને જે તાલુકાની જરૂરિયાત હોય તેમના મારફતે તેમને આપવામાં આવે છે.

તા. ૧૫મી જુલાઇ ૨૦૧૪
તારાંકિત પ્રશ્નો

સાબરકાંઠા જીલ્લામાં આર. કે. વી. વાય. યોજના હેઠળ ઘટક ઉંદર નિયંત્રણની કામગીરી

* ૧૧૭૩૬ શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જીલ્લામાં આર. કે. વી. વાય. યોજના હેઠળ ઘટક ઉંદર નિયંત્રણની સને ૨૦૧૩−૧૪માં કેટલી કામગીરી કરવામાં આવી, | (૧) કોઈ કામગીરી કરવામાં આવેલ નથી. |
| (૨) આ કામગીરીનું ચૂકવણું ક્યારે કરવામાં આવ્યું, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ ચૂકવણું કરતાં પહેલાં ઉપલા અધિકારીઓની મંજૂરી લેવી જરૂરી હતી કે કેમ, | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) જો હા, તો ઉપલા અધિકારીઓની મંજૂરી કઈ તારીખે લેવામાં આવી હતી, અને | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૫) જો મંજૂરી લેવાની થતી હોય છતાં ના લીધી હોય અને બારોબાર ચૂકવણું કરી દીધુ હોય, તો જવાબદારી સામે શાં પગલાં લીધા છે અથવા લેવામાં આવનાર છે ? | (૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, મેં ગુજરાતના ઉંદરો મારવા માટેનો પ્રશ્ન પૂછયો હતો. આની અંદર મને જવાબ આપવામાં આવ્યો છે કે, કોઇ કામગીરી સાબરકાંઠા જિલ્લામાં કરવામાં આવેલ નથી. પાકોના રક્ષણ માટે આ ઉંદરો નિયંત્રણ માટેનો મારો પ્રશ્ન હતો પણ મારો અનુભવ એવો છે અને મેં પેપરમાં વાંચ્યુ છે હમણાં મંત્રીશ્રી વિશે વાંચ્યુ, તેઓ બહુ સારા માણસ છે અને આ વિભાગની કામગીરી પણ સારી કરે છે. અને વિરોધપક્ષના નેતાઓ કોઇ પણ પ્રશ્ન લઇને જાય તો તેમની રજૂઆત સાંભળે છે એટલે આજે આ મારો પ્રશ્ન છે તેમાં હું કંઇ કહેવા માગતો નથી.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે તેમના જવાબમાં ના પાડી છે કે કોઇ કામગીરી કરવામાં આવેલ નથી. પરંતુ મારી જાણ મુજબ સાબરકાંઠા જિલ્લામાં ત્રણ તાલુકામાં ઉંદર મારવાની કામગીરી કરવામાં આવી હતી. તો આ ઉંદર મારવાની કામગીરી કઇ યોજના હેઠળ કરવામાં આવેલી હતી? (અંતરાય) કામગીરી કરવામાં આવેલી છે, નથી તે જવાબ સત્યથી વેગળો છે. પરંતુ મારો બીજો સવાલ છે કે,આ તાલુકામાં ઉંદર નિયંત્રણ જરૂરી છે એવા નક્કી કરવાના ધોરણો શું છે?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આની કામગીરી આર.કે.વી.વાય.યોજના હેઠળ કરવામાં આવે છે અને તેની શરૂઆત ૨૦૧૨−૧૩માં થઇ હતી. આ જે પ્રશ્ન છે તે ૨૦૧૩−૧૪નો છે. એટલે જવાબ અમે ૨૦૧૩−૧૪માં આપેલો છે કે, સાબરકાંઠા જિલ્લામાં ૨૦૧૩−૧૪માં કોઇ જાતની કામગીરી થયેલી નથી. ૨૦૧૨−૧૩માં યોજના જયારે ચાલુ થઇ ત્યારે તે બે તબક્કામાં કરવામાં આવેલી. પહેલો તબક્કો વર્ષાઋતુની અંદર ત્યારે દક્ષિણ ગુજરાતના જે જિલ્લાઓ છે તેની અંદર અને તેના પછી રવીપાકમાં આખા રાજયમાં કરવામાં આવેલી. આખા રાજયમાં જયારે કરવામાં આવ્યું ૨૦૧૨−૧૩ની અંદર ત્યારે સાબરકાંઠા જિલ્લામાં ૪૦ હજાર હેકટર અને તેમાં ૪૧ લાખની જોગવાઇ કરેલી તેની અંદર ૫.૭૮ લાખનો ખર્ચ થયેલો.

ડીસા તાલુકામાં ગામની આંતરિક પેય જળ યોજના અન્વયે યોજનાઓ

* ૧૦૪૨૦ શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિઓદર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ હેઠળ ગામની આંતરિક પેયજળ યોજના અન્વયે બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકામાં તા. ૩૦−૦૪−૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૨૫ યોજનાઓ મંજુર કરવામાં આવી. |

(૨) મંજૂર કરેલ ઉક્ત યોજનાઓની કુલ અંદાજિત કિંમત કેટલી છે ? (૨) રૂા. ૩૮૩.૮૯ લાખ.

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, સ્વજળ ધારા કાર્યક્રમ શું છે ? અને તેના હેતુઓ શું છે ?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સ્વજળ ધારા કાર્યક્રમ ભારત સરકાર પ્રેરિત છે. ગામડાંઓને પીવાનું ચોખ્ખું પાણી મળી રહે તેના માટે થઇને લોકભાગીદારીથી આ કામ પૂર્ણ કરવામાં આવે છે. તેમાં ૪૫ ટકા કેન્દ્ર સરકાર, ૪૫ ટકા રાજય સરકાર અને ૧૦ ટકા ગામડાંની ભાગીદારી હોય છે. ગ્રામ્ય પંચાયતની એક સમિતિ બનાવવામાં આવે છે જે દસથી બાર લોકોની સમિતિ બને છે. અને આ સમિતિની અંદર ૧/૩ મહિલાઓની ભાગીદારી હોય છે. અનુસૂચિત જાતિનો પણ ગામની સંખ્યાના આધારે તેમાં સમાવેશ કરવામાં આવે છે.

શ્રી નાગરજી હ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, ગામની પાણી સમિતિની રચના કઇ રીતે થાય છે અને તેની ફરજો શું છે ?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગામની પાણી સમિતિની રચના ગ્રામ પંચાયત, ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, ગાંધીનગર દ્વારા ૨૪–૧૦–૨૦૧૨ના પરિપત્ર અનુસાર કરવામાં આવે છે. અને સમિતિના કાર્યો ગ્રામ પંચાયત વિસ્તારમાં પાણીનો સ્ત્રોત શોધવો, ગામની જરૂરિયાત પ્રમાણેની પાણીની લાઇન નાંખવી, જરૂરિયાત પ્રમાણે, ખરેખર જરૂરિયાત હોય, તે પ્રમાણે વ્યવસ્થા કરવી, જરૂરિયાત હોય તો પાણીની ટાંકી મૂકવી અને તેના મારફતે પાણીની વ્યવસ્થા કરવી. સમિતિ સાથે, કલેકટર સાથે સંપર્કમાં રહીને તેની ટેકનિકલ વસ્તુઓ તેમની પાસેથી મેળવીને આ સમિતિ કામ કરતી હોય છે.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી આપના દ્વારા જાણવા માગું છું કે, ડીસા તાલુકાની અંદર ૨૫ યોજનાઓ મંજૂર કરવામાં આવી, એ યોજનાઓમાંથી અત્યારે કેટલી કાર્યરત છે અને બીજો પ્રશ્ન છે કે, જે બાકી રહ્યાં છે એ ગામડાંની સંખ્યા કેટલી?

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ડીસા તાલુકાની કુલ ૨૫ યોજનાઓ મંજૂર કરવામાં આવી, એમાંથી એક પૂર્ણ થઇ છે અને ચોવીસ યોજનાઓ પ્રગતિમાં છે. (અંતરાય) ગામની જે સમિતિ બનાવેલી છે એ જેટલી એકટીવ હશે એટલું કામ વહેલું પૂર્ણ થશે, એમાં રાજય સરકારનો કોઇ રોલ હોતો નથી, સમિતિ જેટલી એકટીવ હોય, સમિતિની ડીમાન્ડ પ્રમાણે એને જિલ્લાના કલેકટરશ્રી મારફત બધી જ યોજના પૂરી પાડવામાં આવે છે.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી આપના દ્વારા જાણવા માગું છું કે, જે રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ યોજના છે એમાં નવા નોર્મ્સ અને નવા સુધારા આવ્યા છે અને આ નોર્મ્સ હેઠળ આપણે કયા કયા કાર્યો લઇ શકીએ છીએ અને એમાં જે દસ ટકા રકમ છે એ દસ ટકા રકમ દૂર કરી જરૂરિયાતવાળા હોય તો સો ટકા યોજનાની અંદર આપ કરવા માગો છો કે કેમ?

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આની અંદર પણ રાજય સરકારે છૂટછાટ મૂકેલી છે કે આદિવાસી ક્ષેત્રની અંદર આવી કોઇપણ યોજના હોય તો એમાં સો ટકા રાજય સરકાર અને કેન્દ્ર સરકાર એ કરતી હોય છે.

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ જે સ્વજલ ધારા યોજના છે એમાં ખાસ કરીને જીઇબીની અંદર એડ કરવામાં આવતી નથી એટલે એસ્ટિમેટની કોસ્ટ બાકી રહી જાય, યોજના આખી પૂરી થઇ જાય પણ જીઇબીના વીજ કનેકશન ના મળે તો એસ્ટિમેટની સાથે જીઇબીના કનેકશનની જે કોઇ કોસ્ટ હોય એનો સમાવેશ કરવા માગો છો કે કેમ?

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ બધી જ પ્રકારની યોજના મૂકવાની ત્યાંની ટેકનીકલ સમિતિની સાથે પરામર્શ કરીને ગામડાની જે સમિતિ બની હોય એ પરામર્શ કરે છે, યોજના બનાવે છે, એસ્ટીમેટ બનાવે છે આ બધી જ વસ્તુ એની સાથે સાંકળી લેવાની હોય છે અને હવેથી અમે કહીએ છીએ કે તમે યોજના શરૂ કરો એની સાથે જ વીજ કનેકશન માટેની અરજી પણ કરો.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી આપના દ્વારા જાણવા માગું છું કે,આખા દેશની અંદર ગુજરાત રાજયે સૌથી શ્રેષ્ઠ કામગીરી આ સ્વજલધારા યોજનામાં કરી છે તો એનો એવોર્ડ કયા વર્ષમાં મળેલો છે?

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારને વાસ્મો દ્વારા અને ઈન્ટરનેશનલ એવોર્ડ આ પાણીની સમિતિને રાજય સરકારને મળેલા છે. માનનીય અધ્યક્ષશ્રી, પાણી આપ્યું છે એટલા માટે એવોર્ડ મળ્યા છે પાણી ન આપ્યું હોય તો એવોર્ડ ન મળે.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી આપના દ્વારા જાણવા માગું છું કે, ગઇ કાલે માનનીય મંત્રીશ્રી એક વાત કરતા હતા કે, આદિવાસી વિસ્તારમાં જે ગામતળનો અભાવ હોવાના કારણે પીવાના પાણીના બોર ખાનગી કે માલિકીની જમીનમાં બનાવવામાં આવે છે તેમાં વીજ કનેકશન આપવાની માનનીય મુખ્ય મંત્રીશ્રીએ જાહેરાત કરી, ત્યારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, સમગ્ર ગુજરાત રાજયમાં અને ખાસ કરીને અમારા જિલ્લાઓમાં પણ આવા પ્રશ્નો ઉપસ્થિત થયેલ છે કે ગામડાઓમાં ગામતળમાં પાણી ન હોવાના કારણે ખાનગી માલિકી જમીનમાં પાણી પુરવઠા દ્વારા કે આયોજનમાંથી બોર બનાવ્યા છે એમાં વીજ કનેકશન આપવા માગો છો કે કેમ?

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ એક જટીલ પ્રશ્ન હતો અને જટીલ પ્રશ્નનું પણ સોલ્યુશન લેવામાં આવ્યું છે કે, આ પ્રકારની જે આદિવાસી ક્ષેત્રમાં આ પ્રકારનું જે પાણી મળતું હોય, સ્ત્રોત હોય એની મંજૂરી હોય તો ત્યાં પણ કનેકશન લેવાનું.

જૂનાગઢ જિલ્લાની નગરપાલિકાઓમાં મંજૂર પાણી પુરવઠા યોજના

* ૧૦૪૬૮ શ્રી જેઠાભાઇ દા. સોલંકી(કોડીનાર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સ્વર્ણિમ જ્યંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત જુનાગઢ જિલ્લાની નગરપાલિકાઓમાં તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી પાણી પુરવઠા યોજનાઓ મંજૂર કરેલ છે, અને | (૧) સ્વર્ણિમ જ્યંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત જુનાગઢ જિલ્લાની નગરપાલિકાઓમાં તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છ (૧) બાંટવા (૨) વિસાવદર (૩) વંથલી (૪) માંગરોળ (૫) ચોરવાડ અને (૬) માણાવદર (ભાગ–૨) ની પાણી પુરવઠા યોજનાઓ કુલ રૂા. ૫૩.૨૯ કરોડના ખર્ચે મંજૂર કરેલ છે. |
| (૨) તેમાં કેટલા કામો પૂર્ણ થયેલ છે, અને | (૨) કોઈ યોજના પૂર્ણ થયેલ નથી. |
| (૩) કેટલા કામો પ્રગતિમાં છે ? | (૩) પાંચ યોજનાઓ (૧) બાંટવા (૨) વિસાવદર (૩) વંથલી (૪) માંગરોળ અને (૫) માણાવદર (ભાગ–૨) ના કામો પ્રગતિમાં છે, અને ચોરવાડ યોજનાના કામો ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે. |

શ્રી જેઠાભાઇ દા. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપશ્રીના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, મારો પ્રશ્ન ક્રમાંક એક છે કે બાંટવા પાણી પુરવઠા યોજનાની કામગીરી હાલ પ્રગતિની વિગત શું છે અને આ કામ કયારે પૂર્ણ કરવાનું આયોજન છે, અને મારો પ્રશ્ન નંબર બે છે કે, વિસાવદર પાણી પુરવઠા યોજના માટે કુલ ફાળવેલ ફંડ તથા યોજના પાછળ કેટલો ખર્ચ થયેલ છે અને કયાં સુધીમાં પૂરો થાય છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જેઠાભાઇ સોલંકીએ જે મૂળ પ્રશ્ન પૂછ્યો છે એ પ્રમાણે જૂનાગઢ જિલ્લાની છ નગરપાલિકાઓમાં આંતરિક પીવાના પાણીની વ્યવસ્થા માટે શહેરી વિકાસ વિભાગ તરફથી છ એ છ યોજનાઓ મંજૂર કરવામાં આવી છે. જેમાં એમના પ્રશ્નમાં બાટવા નગરપાલિકાની કામગીરીનો કુલ અંદાજીત ખર્ચ ૨ કરોડ ૯૬ લાખ રૂપિયાની વહીવટી મંજૂરી આપી દીધી છે અને ૨–૮–૨૦૧૩ ના રોજ કોન્ટ્રાકટરને વર્ક ઓર્ડર આપી દેવામાં આવ્યો છે અને યોજનાનું કામ પ્રગતિમાં

છે. ૨૦૧૪ ના સપ્ટેમ્બર સુધીમાં આ કામ પૂરું કરવાનું આયોજન છે.

તેમનો બીજો પ્રશ્ન હતો કે વિસાવદર યોજના માટે હતો. તો આ વિસાવદર શહેર માટે પણ ૭૩૦ લાખના કામની મંજૂરી આપવામાં આવી છે અને જેમ જેમ કામ આગળ વધે તેમ તેમ કામની પ્રગતિ પ્રમાણે ફંડ રિલીઝ કરીએ છીએ અને અત્યારસુધીમાં ૫૮૪ લાખ રૂપિયા નગરપાલિકાને હવાલે મૂકવામાં આવ્યા છે તેમાંથી ૪ કરોડ ૫ લાખ રૂપિયાનો ખર્ચ કર્યો છે એટલે કે વિસાવદરની લગભગ ૮૦ ટકા કામગીરી આંતરિક વ્યવસ્થા પૂર્ણ થઇ છે અને ૨૦૧૫ માં આ કામ પૂરું કરવાનું આયોજન છે.

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ યોજના હેઠળ જૂનાગઢ જિલ્લામાં માંગરોલ નગરપાલિકામાં પાણી પુરવઠા યોજનાની કામગીરીની જે અત્યારની પરિસ્થિતિ છે, એનો વર્ક ઓર્ડર ક્યારે આપ્યો અને કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવશે અને માણાવદર ભાગ–૧ માં પાણી પુરવઠા યોજના પૂર્ણ થઇ છે ત્યારે એમાં કેટલો ખર્ચ થયો છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું તેમ જૂનાગઢ જિલ્લાની બધી નગરપાલિકાનાં કામ ચાલુ કર્યા છે. માંગરોલ એ મોટું શહેર છે અને ૭૦ થી ૭૫ હજારની વસતિ ધરાવતું આ માંગરોલ ગામ છે. આ ગામમાં પીવાના પાણીની આંતરિક વ્યવસ્થા કરવા તા. ૧૯–૨–૨૦૧૪ ના રોજ વર્ક ઓર્ડર આપીને કામગીરી શરૂ કરી હતી, પરંતુ લોકસભાની ચૂંટણીની આચારસંહિતા આવવાના કારણે કામગીરી ચાલુ થઇ શકી ન હતી . એ પછી કામગીરી શરૂ કરાઇ છે અને પાઇપનો ઓર્ડર મૂક્યો છે, ટાંકી અને સંપના સિવિલ વર્કનું કામ શરૂ થઇ ગયું છે અને ૨૦૧૫ સુધીમાં આ કામગીરી પૂરી કરવાનું આયોજન છે.

તેમનો બીજો પ્રશ્ન છે કે માણાવદર ભાગ–૧ ની યોજના પૂરી થઇ ગઇ છે તેમાં કેટલો ખર્ચ થયો છે. તો આ ભાગ–૧ ની યોજના પૂરી થઇ ગઇ છે અને માણાવદર એ મોટું શહેર છે એટલે ત્યાં બીજી યોજના પણ મંજૂર કરી છે અને આ ભાગ–૧ ની કામગીરી ૨૦૧૨ માં પૂર્ણ થયેલ છે અને એ વખતે ૭ કરોડ ૧૨ લાખ રૂપિયાનો ખર્ચ એમાં થયેલ છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : આમાં પ્રશ્ન ૨ ના જવાબમાં જણાવ્યું છે કે કોઇ યોજના પૂર્ણ થયેલ નથી. તો મારે જાણવું છે કે આ પાંચે નગરપાલિકાઓમાં જે કામગીરી થઇ છે એ કેટલા કેટલા ટકા થઇ છે અને ચોરવાડ નગરપાલિકામાં ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે એમ જણાવેલ છે. તો ચોરવાડ નગરપાલિકાની આ ટેન્ડર પ્રક્રિયા કેટલા સમયમાં પૂર્ણ થશે અને કઇ કઇ એજન્સીઓ મારફતે આ કામ કરાવવામાં આવે છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ પાણી પુરવઠા યોજનામાં વિવિધ પ્રકારની કામગીરી હોય છે. એક તો પાણીનો સોર્સ ઉભો કરવો એટલે દા.ત. નર્મદા કેનાલ કે પાઇપલાઇનમાંથી કનેકશન કરીને પાણી લાવવાનું હોય તો એ લાવવાનું, નદી કિનારો નજીક હોય તો ત્યાં આગળ કૂવો બનાવવાનો અને એ ૧૮ થી ૨૦ મિટર ઉંડો કૂવો બનાવવામાં આવે છે, પાઇપલાઇન નાંખવાની, સંપ બનાવવાનો અને પાણીનો ટાંકો બનાવવો અને શહેરમાં પીવાનું પાણી પહોંચાડવા માટે નવી પાઇપલાઇન નાંખવાની. આમ આ બધી જ યોજનાઓ વિવિધ તબકકે છે અને એ સમયસર પૂર્ણ થાય એ માટે સતત ફોલાઅપ ચાલુ છે. ચોરવાડની પાઇપલાઇન નાંખવા માટે ટેન્ડર મંગાવવામાં આવ્યાં છે અને એ કામગીરી નગરપાલિકાને સોંપવામાં આવી છે અને નગરપાલિકા મારફતે ટેન્ડર મંગાવવામાં આવ્યાં છે.

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે જાણાવું છે કે કેશોદ નગરપાલિકા દ્વારા પાણીની આંતરિક વ્યવસ્થા સુધારવા માટે દરખાસ્ત કરવામાં આવેલ છે કે નહીં અને જો કરવામાં આવેલ હોય તો એની આગળની શું કાર્યવાહી કરી છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કેશોદ બહુ મોટું શહેર છે, કેશોદની વસતિ ૮૦ હજાર જેટલી છે. માનનીય સભ્યશ્રી અરવિંદભાઇએ પ્રશ્ન પૂછ્યો તે પ્રમાણે આંતરિક વ્યવસ્થાની પાણીની મુખ્ય કામગીરી છે એમાં વધારાની રકમ ૩૬ કરોડ રૂપિયા જેટલો અંદાજિત ખર્ચ થાય છે અને તે મંજૂર કરવા અંગેની કાર્યવાહી અત્યારે વિચારણા હેઠળ છે.

તા. ૧૫મી જુલાઇ ૨૦૧૪
તારાંકિત પ્રશ્નો

ગાંધીનગર જિલ્લામાં પોલીસ ખાતાના બિનરહેણાંક મકાનો

* ૧૦૩૮૨ શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ માં પોલીસ ખાતાના કેટલા બિનરહેણાંક મકાનોના કામો હાથ ધરવામાં આવેલ છે, અને | (૧) |

| ક્રમ | વર્ષ | મકાનોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૧૨–૧૩ | ૧૧ |
| ૨ | ૨૦૧૩–૧૪ | ૦૮ |
| | કુલઃ | ૧૯ |

| | |
|---|---|
| (૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થવાનો અંદાજ છે? | (૨) કુલ રૂ઼ા. ૪૧૬૯.૦૫ લાખ. |

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે ગાંધીનગર જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪માં પોલીસ ખાતાના બિન રહેણાકના મકાનોના કામો કયા કયા સ્તરે હાથ ધરવામાં આવ્યા છે તથા આ કામો માટે કામવાઇઝ કુલ કેટલો ખર્ચ થવાનો અંદાજ છે?

અધ્યક્ષશ્રી : તમારો પ્રશ્ન હોય તેમાંથી જ પેટા પ્રશ્ન પૂછાય. બીજા મકાનોનો ન પૂછાય, માનનીય મંત્રીશ્રી આપો જવાબ, જવાબ આપશો તો તેના પેટા પ્રશ્નો પણ આવશે.

શ્રી રજનીકાન્ત સો. પટેલ : કુલ મકાનો અને એના ખર્ચની જ વાત હું કરીશ, એમણે કહ્યા પ્રમાણે ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ માં કુલ૧૯ જેટલા બિન રહેણાકના કામો ૪૧.૬૯ કરોડના ખર્ચે એ વર્ષમાં થવાના છે.

શ્રી શંભુજી ચે. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગું છું કે ગાંધીનગર જિલ્લામાં પોલીસ વિભાગ માટેના કુલ કેટલા રહેણાકના મકાનો પ્રગતિમાં છે અને તેના માટે કુલ કેટલી રકમનો ખર્ચ થવાનો છે?

અધ્યક્ષશ્રી : આ પ્રશ્ન બિન રહેણાક માટેનો છે, શંભુજી તમારે બિન રહેણાક માટે પૂછવું છે?

શ્રી બળદેવજી ચં. ઠાકોર : હું એ જાણવા માગું છું કે કલોલ તાલુકા પોલીસ સ્ટેશન હાલ કોની જગ્યામાં બેસે છે અને તેને મંજૂરી આપવામાં આવી છે કે કેમ, ઘણા વર્ષથી કલોલ તાલુકા સબ જેલનું મકાન નથી તો તેનો સમાવેશ કરવા માગે છે કે કેમ?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : કલોલ તાલુકા પોલીસ સ્ટેશનનું મકાન કોના મકાનમાં બેસે છે તે માહિતી મારી પાસે નથી.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : કલોલ તાલુકા પોલીસ સ્ટેશન કોની જગ્યામાં બેસે છે તેની માનનીય મંત્રીશ્રીને ખબર નથી. પરંતુ ...

અધ્યક્ષશ્રી : કયુ પોલીસ સ્ટેશન કયાં બેસે છે તે નહીં પણ કેટલા બાંધકામ છે તે આમાં આવે. બાંધકામ કેટલા બિન રહેણાકના ચાલે છે તેની માહિતી હોય, પોલીસ સ્ટેશન કયાં અને કોના મકાનમાં બેસે છે તે ન હોય, આમાં આવે નહીં.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪માં ૧૯ જેટલા મકાનો બિન રહેણાકના પોલીસ ખાતાના બનાવ્યા તે માટે અભિનંદન, આ જે બિન રહેણાકના મકાનો છે તે શા ઉપયોગમાં લેવાના છે?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : બિન રહેણાકના મકાનોમાં અત્યારે એક તો કરાઇ ખાતે ટ્રેનિંગ સેન્ટર છે જયાં નવી ભરતી કરીએ છીએ તે કોન્સ્ટેબલ, પી.એસ.આઇ. અને અન્ય સંવર્ગના અધિકારીઓને ટ્રેનિંગ આપવમાં આવે છે. આઉટ પોષ્ટ પોલીસ સ્ટેશન આ બિન રહેણાકના મકાનોમાં આવે છે. અને ત્યાં લો એન્ડ ઓર્ડરની કામગીરી થતી હોય છે. સામાન્ય રીતે બિન રહેણાકના મકાનોમાં ટ્રેનિંગ સેન્ટર, સ્ટોર રૂમ,

એમ.પી. થીયેટર, ડ્રાઇવીંગ સેમ્યુલેટર, પી.ટી. ઓપ્ટીકલ સર્વિસ રેમ્પ, પાર્કીંગ સ્પેસ, સલામતી ભવન આ બધાનો સમાવેશ થતો હોય છે.

શ્રી અશોકકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ વર્ષ ૨૦૧૨–૧૩ અને ૧૩–૧૪નો બિન રહેણાકનો પ્રશ્ન છે, પણ માનનીય મંત્રીશ્રી પાસે જો માહિતી હોય તો મારે એ જાણવું છે કે છેલ્લા દસ વર્ષમાં આવા કેટલા મકાનો બનાવ્યા અને એનો ખર્ચ કેટલો થયો.

અધ્યક્ષશ્રી : દસ વર્ષનું નહીં, બે વર્ષનો પૂછવો હોય તો પૂછો, દસ વર્ષથી તો તેઓ પણ આ વિધાનસભામાં નથી, એ પહેલાનું કયાં પૂછો છો.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : મારે સાહેબ બિન રહેણાંકના મકાનોની જ વાત કરવી છે. કલોલ તાલુકામાં વર્ષોથી પોલીસ સ્ટેશનનું મકાન નથી, તો એ મકાન બનાવવા માગો છો કે કેમ, મારો બીજો પ્રશ્ન એ છે કે સબ જેલનું મકાન નથી એના કારણે તમામે તમામ ગુનેગારો હોય એને બે દિવસ માટે સેન્ટ્રલ જેલમાં મોકલવા પડતા હોય છે. તો એ બનાવવા માગો છો કે કેમ?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : પહેલા આ પ્રકારે વાત કરી હોત તો એનો જવાબ મળી ગયો હોત. સમગ્ર રાજયમાં પોલીસ સ્ટેશન અને સબ જેલના મકાનો સતત બનાવતા જ હોઇએ છીએ.

અધ્યક્ષશ્રી : પાંચ વર્ષની ટર્મમાં એ બનાવવા માગો છો કે કેમ?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય સભ્યશ્રીનુ સૂચન છે એ અંગે અમે ઝડપથી વિચારીશું.

### આણંદ જિલ્લામાં પોલીસ ખાતાના બિનરહેણાંક મકાનો

* ૧૦૩૮૩ શ્રીમતી મનીષા રા. વકીલ(વડોદરા શહેર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) આણંદ જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ માં પોલીસ ખાતાના કેટલા બિનરહેણાંક મકાનોના કામો પૂર્ણ કરવામાં આવેલ છે, અને

(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે?

જવાબ

(૧)

| ક્રમ | વર્ષ | મકાનોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૧૨–૧૩ | ૦૦ |
| ૨ | ૨૦૧૩–૧૪ | ૦૧ |
| | કુલ | ૦૧ |

(૨) કુલ રૂા. ૭૨.૫૮ લાખ.

શ્રીમતી મનિષા રા. વકીલ : આણંદ જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪માં પોલીસ ખાતાના બિન રહેણાંકના કામો કયા સ્થળોએ હાથ ધરવામાં આવ્યાં, એ કયારે પૂરા કરવામાં આવશે અને એની પાછળ કેટલો ખર્ચ થશે?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : આણંદ જિલ્લામાં વર્ષ ૨૦૧૨–૧૩ માં ખંભાતમાં રૂરલ પોલીસ સ્ટેશન ૭૨.૫૮ લાખના ખર્ચે બનાવવામાં આવેલ છે. એનું બાંધકામ ૨૧–૧–૨૦૧૩ના રોજ શરૂ કરવામાં આવેલ હતું જયારે ૮–૧૨–૨૦૧૩ના રોજ પૂરું કરવામાં આવેલ છે જયારે એનો હવાલો ૩૦–૧–૨૦૧૪ના રોજ સુપરત કરવામાં આવેલ છે.

શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા : ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમની વિવિધ કામગીરી માટે છેલ્લા પાંચ વર્ષમાં કેટલી અંદાજપત્રીય જોગવાઇ કરવામાં આવી હતી?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : છેલ્લા પાંચ વર્ષની માહિતી જોઇએ તો સન ૨૦૦૯–૧૦ માં ૧૬૩૨૩.૯૮ લાખ. સન ૨૦૧૦–૧૧માં ૧૭૫૫૫.૧૮ લાખ. સન ૨૦૧૧–૧૨માં ૨૮૨૦૨.૮૯ લાખ. સન ૨૦૧૨–૧૩માં ૩૬૪૬૭.૩૬ લાખ. સન ૨૦૧૩–૧૪માં ૨૮૦૫૩.૨૯ લાખની જોગવાઇ કરવામાં આવી હતી.

શ્રી પુનમભાઇ કા. મકવાણા : આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે આણંદ જિલ્લામાં મારા મત વિસ્તારના તારાપુર ગામમાં તારાપુર પોલીસ લાઇનમાં સી.પી.આઇ. ની કચેરીનું આવાસ, તારાપુર પી.એસ.આઇ. ના મકાન માટે કેટલી ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે? કામ સાહેબ કેટલાય વર્ષોથી મંજૂર કરવામાં આવે છે પરંતુ કોઇ કારણોસર એ ગ્રાન્ટ વપરાતી નથી, તો એ ગ્રાન્ટ

વાપરવા માગો છો કે કેમ?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : સ્પેસેફિક તારાપુર પોલીસ સ્ટેશનનો વિષય છે.

અધ્યક્ષશ્રી : જે કામો પૂરા થયા છે એનો જ પ્રશ્ન છે. માનનીય મંત્રીશ્રી, ટેબલ ઉપર માહિતી મૂકજો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : હમણાં એમના માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો અને છેલ્લા પાંચ વર્ષની માહિતી માગી જે આમાં નહોતી છતાં એનો જવાબ આપવામાં આવ્યો જ્યારે અમારા સભ્યશ્રીએ જિલ્લાનો પ્રશ્ન પૂછ્યો છે એની માહિતી તો આપવી જોઇએ ને?

અધ્યક્ષશ્રી : આમાંથી પેટા પ્રશ્ન ઉપસ્થિત થતો હોય એનો જ મંત્રીશ્રીએ જવાબ આપવો જોઇએ. ટેબલ ઉપર માહિતી આપજો.

શ્રી સંજયકુમાર ર. પટેલ : હું જાણવા માગું છું કે આણંદ જિલ્લામાં બિન રહેણાંકના એક મકાનનું કામ પૂર્ણ થયું છે, તો આણંદ જિલ્લામાં બિન રહેણાંકના બીજાં કેટલા મકાનોના કામ ચાલુ છે? તેમાં અંદાજે કેટલો ખર્ચ થનાર છે?

અધ્યક્ષશ્રી : ચાલુ છે તેનો નહીં, જે થઇ ગયા છે તેનો જ સવાલ છે.

શ્રી અમિત અ. ચાવડા : આણંદ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં બિન રહેણાંકના મકાનો માટે કેટલી દરખાસ્તો મળી? કેટલી મંજૂર કરી અને કેટલી ગ્રાન્ટ ફાળવી? કારણ કે અનેક મકાનો છે. જર્જરીત છે. તેના કારણ લોકોને તકલીફ પડે છે.

અધ્યક્ષશ્રી : નવા બનાવવા પડે ને. આ તો બે વર્ષમાં કેટલા મકાનો બન્યા તેની સંખ્યા છે. તો એમ પૂછો કે જર્જરીત મકાનો છે તે તોડીને ફરીથી નવા કરવા માગો છો કે કેમ?

શ્રી અમિત અ. ચાવડા : અનેક દરખાસ્તો જિલ્લા પોલીસ વિભાગ તરફથી મોકલવામાં આવે છે પણ રાજય સરકારમાંથી નવા મકાનો બનાવવાની મંજૂરી મળતી નથી તેના કારણે લોકોને તકલીફ પડે છે એટલા માટે આ પ્રશ્ન પૂછ્યો છે.

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમાં રહેણાંક અને બિન રહેણાંકના મકાનો માટેની આખા રાજયમાંથી જરૂરિયાતો આવતી હોય છે. તેને સોર્ટીંગ કરીને પ્રતિવર્ષ નાણાકીય જોગવાઇ અનુસાર આખા રાજયમાં આપણે મકાનો સતત બનાવતા હોઇએ છીએ. એટલે તેમના જિલ્લામાં પણ જે જરૂરિયાત હશે, ચાલુ વર્ષે અમે જોઇશું.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : આણંદના મકાનમાં કુલ કેટલા રૂમો છે? તેમાં પોલીસ સ્ટેશનની વાત છે..

અધ્યક્ષશ્રી : આમાં નહીં પૂછાય, પોલીસ સ્ટેશનમાં મકાન જ હોય. કેટલા રૂમ છે, કેટલા સંડાસ છે, કેટલા બાથરૂમ છે, કેટલા વાર બાંધકામ છે, કેટલા વાર જમીન છે એ નહીં, હેડક્વાર્ટર માટે જોઇએ એવું મકાન બનાવી દે.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : એ મકાનમાં વકીલો અને અસીલના સગાં માટે બેસવા રૂમની વ્યવસ્થા છે કે કેમ?

અધ્યક્ષશ્રી : વકીલોનું કોઇ પોલીસ સ્ટેશનમાં હોય..

શ્રી રજનીકાન્ત સો. પટેલ : તેમનું સૂચન છે.

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર ગુજરાતમાં દરિયા કિનારા ઉપર મરીન પોલીસ સ્ટેશન બનાવવામાં આવ્યા છે. તો દરિયા કિનારા ઉપર મરીન પોલીસ સ્ટેશનના મકાનો તૈયાર થઇ ગયા છે પણ કર્મચારીઓને રહેવા માટેની વ્યવસ્થા અત્યાર સુધી થઇ નથી..

અધ્યક્ષશ્રી : આ બિન રહેણાંકના મકાનોનું કામ પૂર્ણ થઇ ગયું તેના વિશેનો પ્રશ્ન છે.

શ્રી રમણલાલ ના. પાટકર : એટલા માટે જ મેં પ્રશ્ન પૂછ્યો છે. મરીન સીક્યોરિટી તરીકે પોલીસ સ્ટેશન ઉભા થઇ ગયા છે પણ કમર્ચારીઓને રહેવા માટેની વ્યવસ્થા સરકારે અત્યાર સુધી કરી નથી.

અધ્યક્ષશ્રી : શું કરવા માગો છો?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : પ્રશ્ન આમાંથી ઉપસ્થિત થતો નથી.

સુરત જિલ્લાના એસ. આર. પી. –જૂથ–૧૧ વાવમાં પોલીસ અધિકારી/કર્મચારીની આરોગ્ય ચકાસણી

* ૧૦૪૧૨ શ્રી અજયકુમાર જે. ચોકસી(સુરત ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ પોલીસ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની ચકાસણીની સૂચના આપી હોવાની હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લાના એસ. આર. પી. જુથ–૧૧, વાવમાં કેટલા પોલીસ અધિકારી/કર્મચારીઓની આરોગ્ય ચકાસણી થઈ છે ? | (૨) ૧,૭૧૧. |

શ્રી અજયકુમાર જ. ચોક્સી : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે રાજય સરકારના પોલીસ અધિકારી અને કર્મચારીઓના આરોગ્ય ચકાસણી કાર્યક્રમ માટેનો સરકારનો હેતુ શું છે? આ આરોગ્ય ચકાસણી કાર્યક્રમ અંતર્ગત મહદ્‌અંશે કેવા પ્રકારના રોગોની ચકાસણી કરવામાં આવે છે? પોલીસ અધિકારી/કર્મચારીઓની આરોગ્ય ચકાસણીમાં તેમના પરિવારને લાભ મળે છે કે કેમ? જો હા, તો સેનાપતિશ્રી, એસ.આર.પી. જૂથ–૧૧, સુરત–વાવ હેઠળ તા. ૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પરિવારના કેટલા લોકોની આરોગ્ય ચકાસણી કરાઇ?

અધ્યક્ષશ્રી : પહેલાં પરિવારની આરોગ્ય ચકાસણી કરો છો? તો બાકીનો પ્રશ્ન ઉભો થશે.

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ કહ્યું એ પ્રકારે પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ રાજયમાં સતત કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તેના માટે પ્રયત્નશીલ હોય છે ત્યારે એ વિવિધ સંજોગોમાંથી પસાર થતાં હોય છે એટલે તેમના આરોગ્યની ચિંતા રાજયની સરકારે કરવી જોઇએ એવું દેશના વડાપ્રધાન અને તત્કાલિન માનનીય મુખ્યમંત્રીશ્રીએ વિભાગને સૂચન કરેલ અને એટલા માટે આ તમામ અધિકારીઓ/કર્મચારીઓની આરોગ્ય તપાસણી આપણે કરતા હોઇએ છીએ. આપણે પોલીસ કમર્ચારીઓ/અધિકારીઓના કુટુંબીજનોના સ્વાસ્થ્યની પણ ચિંતા સાથે સાથે કરીએ છીએ. આ આરોગ્ય ચકાસણી કાર્યક્રમ હેઠળ ડાયાબિટીસ, બી.પી., હૃદયરોગ, ટી.બી., કિડની, લીવર, ચામડીના રોગો, આંખ, કાન, નાક, ગળાના રોગોની પણ ચકાસણી કરવામાં આવે છે. આમ ફકત અધિકારીઓના પૂરતું સિમિત ન રાખતા તેમના બાળકો કે તેમના કુટુંબીજનો માટે પણ જયારે આપણે તપાસ કરીએ છીએ ત્યારે પોલીસ કર્મચારીઓ અને અધિકારીઓના વર્ષ ૨૦૧૨–૧૩માં ૮૮૧ અને વર્ષ ૨૦૧૩–૧૪માં ૮૮૩ જેટલા ..

અધ્યક્ષશ્રી : બસ હવે પૂરું થયું.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે એમણે કીધું કે પોલીસ ખાતાના કર્મચારીઓ અને અધિકારીઓના લીવરની પણ તપાસ કરવામાં આવી તો માનનીય મંત્રીશ્રીને મારે પૂછવું છે કે આ પોલીસ કર્મચારીઓ અને અધિકારીઓના લીવરને નુકસાન કરતા આલ્કોહોલનું પ્રમાણ એમનામાં જોવામાં આવ્યું કે કેમ?

અધ્યક્ષશ્રી : એવું ન હોય, એક એક રોગ માટે ના હોય. લીવરના કેટલા દર્દી અને હાર્ટના કેટલા દર્દી, આંખના કેટલા અને ગળાના કેટલા, નાકના કેટલા એવું ન હોય. પોલીસ ડિપાર્ટમેન્ટ એવું છે ને રસ્તો બધો કાઢી લે, એમને દર્દ જ ના થાય લગભગ તો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે રાજય સરકાર પોલીસ વિભાગ માટે જે કામ કરી રહેલ છે એ સારું કરી રહેલ છે પણ મારે એ પૂછવું છે કે જે ૧૭૧૧ લોકોને નાના મોટા જે કોઇની ચકાસણી થઇ એની અંદર કેટલા લોકોને કોઇ પ્રકારનો રોગ થયો હશે તો સરકાર આ તમામ ખર્ચ આપવા માગે છે કે કેમ? અને આ બાબતે સરકારે સ્પેશિયલ કોઇ જોગવાઇ કરેલી છે કે કેમ?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સૌથી પહેલા તો મેં કહ્યું એમ સતત વ્યસ્તતા વચ્ચે આ બધા લોકો એ પોતપોતાના આરોગ્યની તપાસણી કરાવવા માટે કયાંક લેટ પડતા હોય, કામમાં જતા ન હોય એવા પ્રકારની સ્થિતિની સામે રાજય સરકાર સ્પેશિયલ એમને સામેથી બોલાવીને એમના આરોગ્યની તપાસ કરાવે છે જેથી કરીને સમયસર ખબર પડે કે કયાંય નાનો મોટો રોગ એ એમને થયો હોય તો એને દૂર કરવા માટે શું પ્રયત્નો કરવા જોઇએ અને એમાં કેન્સર, ટી.બી., ડાયાબીટીસ, કીડની બ્લડપ્રેસર, હૃદયના રોગ અને અન્ય નાના મોટા જે રોગો થતા હોય છે એ તપાસ કર્યા બાદ સરકારી કર્મચારીઓને જે લાભ મળતો હોય છે એના આરોગ્ય માટેનો..

અધ્યક્ષશ્રી : સરકારી હોસ્પિટલોમાં મફત આપો બીજી હોય તો મેડિકલ રીએમ્બર્સ કરી દો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, તપાસ કરવાથી એમનું પૂર્ણ નથી થઇ જતું. એના આરોગ્યની જો ખરેખર આપણે ચિંતા કરતા હોઇએ તો એને પ્રાઇવેટ હોસ્પિટલોમાં કે જયાં સારો ખર્ચ થતો હોય અને જયાં સારી સગવડ હોય ત્યાં સરકાર મદદ કરે છે કે નહીં?

અધ્યક્ષશ્રી : એમણે એમ કીધું કે સરકારી હોસ્પિટલ હોય તો ત્યાં પૈસા લેતા નથી પ્રાઇવેટ હોસ્પિટલમાં કર્યુ હોય તો એનું જે બિલ આપે એ રીએમ્બર્સ કરી દે છે.

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આજે જયારે સમગ્ર રાજય સરકાર રાજયના બધા લોકોના આરોગ્ય માટે ચિંતીત છે અને મુખ્યમંત્રી અમૃતમ મા જેવી યોજના લાવી અને આખા રાજયના નાગરિકોનું સ્વાસ્થ્ય સુધરે એના માટે જયારે પ્રયત્નશીલ હોય ત્યારે અમારા આ નાના મોટા અધિકારીઓ પણ એ યોજનામાંથી કઇ રીતે લાભ લઇ શકે એનું માર્ગદર્શન અમે એમાં આપીએ છીએ.

શ્રી રણજીતભાઇ મં. ગિલીટવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે આરોગ્યની જે ચકાસણી થાય છે તેના રેકર્ડ હેલ્થ કાર્ડ આ કર્મચારીઓ અને તેના પરિવારના મિત્રોને આપવામાં આવે છે કે કેમ? બીજું જે ચકાસણી થાય છે તેમાં કોઇ ફીના ધોરણો નકકી કરવામાં આવ્યા છે કે કેમ?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ કહ્યું એ પ્રમાણે આરોગ્યની ચકાસણીના કાર્ડ આપવામાં આવે છે અને એમનો બીજો પ્રશ્ન ફીના ધોરણોની વાત થઇ તો આરોગ્યની ચકાસણી વિનામૂલ્યે થાય છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, *(xxxxxx)

અધ્યક્ષશ્રી : તમે પોલીસની ફરજ અને ડયુટીની વાત નહીં કરો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, (xxxxxx)

અધ્યક્ષશ્રી : ભાઇ, કારણ નથી જાણવું, તમે ક્યાં મેડિકલના ડોકટર છો? અત્યાર સુધી બોલ્યા એ રેકર્ડમાંથી કાઢી નાખું છું. આપને પૂછવું હોય તો પૂછો નહીં તો બીજાને કહું છું.

શ્રી પરેશ ધાનાણી : હું માનનીય મંત્રીશ્રીને સ્પષ્ટ પૂછવા માગું છું કે, પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓની નોકરીની જે સમયમર્યાદા છે એમાં ઓવર ટાઇમ કરાવવામાં આવે છે એના બદલે એની નોકરીનો સમય નિયમિત કરવા માગે છે કે કેમ?

અધ્યક્ષશ્રી : એવું કંઇ ન હોય. પોલીસ શા માટે માંદી પડે છે એ કહી દીધું. સવાલ એણે પૂછ્યો અને જવાબ પણ એણે આપ્યો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય મંત્રીશ્રીએ એમના જવાબમાં એમ કહ્યું કે માં અમૃતમ્ યોજના રાજ્ય વ્યાપી છે. લોકો એનો લાભ લે છે. એસ.આર.પી.ના જવાનો પણ એનો લાભ લે છે. હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ માં અમૃતમ્ યોજનાના આવકના ધોરણો છે એ આવકના ધોરણોના ભાગરૂપે એનો લાભ અમુક લોકો લઇ શકતા નથી. એસ.આર.પી.ના જવાનોની વાત કરી છે તો એ આવકના ધોરણોમાં એસ.આર.પી.ના જવાનો આવી જાય છે કે કેમ?

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહની કાર્યવાહીમાંથી દૂર કરવામાં આવ્યા.

શ્રી રજનીકાન્ત સો. પટેલ : સરકારના નિયમો અનુસાર હોય એ નિયમોમાં જેટલા કર્મચારીઓ અને અધિકારીઓ આવતા હોય એને એનો લાભ મળશે.

રાજકોટ ગ્રામ્યમાં પોલીસ ખાતાનાં બિનરહેણાંક મકાનો

* ૧૦૩૯૧ શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ–ગ્રામ્ય) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) રાજકોટ ગ્રામ્યમાં નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ માં પોલીસ ખાતાના કેટલા બિનરહેણાંક મકાનોના કામો પૂર્ણ કરવામાં આવેલ છે, અને

(૧)

| ક્રમ | વર્ષ | મકાનોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૧૨–૧૩ | ૦૧ |
| ૨ | ૨૦૧૩–૧૪ | ૦૬ |
| | કુલઃ | ૦૭ |

(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે?

(૨) કુલ રૂા. ૨૯૫.૮૬ લાખ.

શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાજકોટ ગ્રામ્યમાં નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ માં પોલીસ ખાતાના બિન રહેણાંક મકાનોના કામો કયા કયા સ્થળે પૂર્ણ કરવામાં આવ્યા છે? તેમાં મારા મત વિસ્તારના ત્રણ તાલુકા લોધિકા, કોટડા સાંગાણી અને રાજકોટ ગ્રામ્ય તો એનો સમાવેશ થાય છે કે કેમ? અને આ ત્રણેય જગ્યાએ બિન રહેણાંકના મકાનો છે એનો દરેક માટે કેટલો ખર્ચ થયેલ છે?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : રાજકોટ ગ્રામ્યમાં નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪માં પોલીસ ખાતાના બિન રહેણાંક મકાનોમાં એક એસ.આર.પી. ગ્રુપ ૧૩ છે એનું કામ પૂર્ણ થયેલ છે. ૨૦૧૩–૧૪માં વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશન, વાંકાનેર શહેર પોલીસ સ્ટેશન, કોટડા સાંગાણી ગ્રામ્ય પોલીસ સ્ટેશન, સંથાલી આઉટ પોસ્ટ, વડાલી આઉટ પોસ્ટ, એસ.આર.પી. ગ્રુપ–૮, દાંદલ એનું કામ થયેલ છે.

ભરૂચ જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંકના મકાનો

* ૧૦૩૯૪ શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) ભરૂચ જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ માં પોલીસ ખાતાના કેટલા રહેણાંકના મકાનોની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે, અને

(૧)

| ક્રમ | વર્ષ | મકાનોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૧૨–૧૩ | ૫૧ |
| ૨ | ૨૦૧૩–૧૪ | ૦૦ |
| | કુલઃ | ૫૧ |

(૨) આ કામગીરી માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ?

(૨) કુલ રૂા. ૨૯૩.૬૪ લાખ.

શ્રી અરૂણસિંહ અ. રણા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ભરુચ જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪માં પોલીસ ખાતાના રહેણાંકના મકાનો માટે કયા કયા સ્થળે કામો પૂર્ણ કરવામાં આવેલ છે તથા કુલ કેટલો ખર્ચ થયેલ છે. ભરુચ જિલ્લાને ગુજરાત પોલીસ આવાસ નિગમ દ્વારા તા. ૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ૧૦ વર્ષમાં કેટલા રહેણાંકના મકાનો બનાવવામાં આવ્યા છે?

અધ્યક્ષશ્રી : ૧૦ વર્ષનું નહીં, બે વર્ષનું જ કહો અને નિગમનું તમારી પાસે હોય તો ભલે, નહીં તો વિભાગ અને નિગમ જુદા છે.

શ્રી રજનીકાન્ત સો. પટેલ : ભરુચ જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪માં પીરામણ અંકલેશ્વર ખાતે કક્ષા–બીના ૪૮, કક્ષા સીના ૨ અને કક્ષા ડી નું એક એમ જુદી જુદી કક્ષાના મળી કુલ ૫૧ રહેણાંકના મકાનો ૨.૩ કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે અને એ મકાનો તા. ૧૫–૧૦–૨૦૧૨ના રોજ પોલીસ આવાસને સુપરત કરવામાં આવેલ છે.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : હાલમાં ભરુચ જિલ્લામાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા રહેણાંક અને બિન રહેણાંકના મકાનો પ્રગતિમાં છે અને એમાં કેટલો ખર્ચ થયેલ છે?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : ભરુચ જિલ્લામાં જે પ્રગતિ હેઠળના મકાનો છે એમાં દહેજમાં કુલ ૪૯, ભરુચ પોલીસ હેડક્વાર્ટરમાં ૪૮, ભરુચ પોલીસ હેડક્વાર્ટરમાં વર્ષ ૨૦૧૩–૧૪માં ૧૬ અને હાંસોટમાં ૧૮ કામો પ્રગતિમાં છે.

સાણંદ અને બાવળા તાલુકામાં ખરાબાની જમીનો ઉપર દબાણ

* ૯૮૬૮ શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લાના સાણંદ અને બાવળા તાલુકામાં ખરાબાની જમીનો ઉપર બિલ્ડર્સ તથા કંપનીઓ દ્વારા દબાણ કરવામાં આવેલ છે તે વાત સાચી છે, | (૧)<br>(૧) સાણંદ તાલુકામાં એક દબાણ ધ્યાન ઉપર આવેલ છે. (૨) બાવળા તાલુકામાં કોઈ દબાણ ધ્યાન ઉપર આવેલ નથી. |
| (૨) જો હા, તો આવા દબાણોની ચકાસણી સરકાર દ્વારા કરાવવામાં આવેલ છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) જો હા, તો આવા દબાણો કેટલી નિયત સમયમર્યાદામાં સરકાર દૂર કરવા માંગે છે ? | (૩) નિયમાનુસારની કાર્યવાહી હાથ ધરી છે. |

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, અમદાવાદ જિલ્લાના સાણંદ અને બાવળા તાલુકામાં સરકારી જમીનો ઉપર બિલ્ડરો તથા અન્ય કંપનીઓ દ્વારા કેટલા દબાણ કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે? બીજું, જો હા, હોય તો આવા દબાણની ચકાસણી કરાવવામાં આવેલ છે. મને જે જવાબ આપ્યો છે એ સત્યથી વેગળો છે. સાણંદ તાલુકામાં એકજ દબાણ બતાવેલ છે. એ દબાણ નિયમાનુસારની કાર્યવાહી હાથ ધરી દૂર કરવામાં આવશે. પ્રશ્ન એજ છે કે, ૧૦–૧૨ વર્ષથી દબાણ કરી હાઇ–વે ઉપર મોટો ગેટ બનાવેલ છે. એ બાબતે સાણંદમાં આ મામલો કોર્ટમાં ગયો એટલે, બાકી બીજો કોઇ કેસો નથી બનાવ્યાં. (અંતરાય)

અધ્યક્ષશ્રી : ભાઇ, કરમશીભાઇ આ જવાબની ખબર હતી તો પ્રશ્ન શું કરવાને પૂછ્યો? આ બધું તમે જાણો જ છો, ના જાણતા હોય એ જાણકારી માટે પ્રશ્ન પૂછવામાં આવે છે.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : આ જવાબ ખોટો આપવામાં આવેલ છે. એટલે મેં વાત કરી.

અધ્યક્ષશ્રી : બસ, તમે જ જવાબ દઇ દીધો. હવે બીજો સવાલ પૂછો.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : સાણંદ તાલુકાની કુંવારી ચિનોઇ સરવે નં. ૭૧૪ માં બે વિઘા દબાણ કરેલ છે, જે બતાવેલ છે. ઉપર દર્શાવેલ ગામની ચિનાઇ સરવે નં. ૪૨૩માં ૧૦ વિઘા જમીન, સરખેજ–બાવળા હાઇ–વે ઉપર મટોડા પાટિયે ટ્રકનો કાંટો બનાવેલ, પછી ચાંચરવાળી વાસણામાં સરવે નં.૨૪૭માં (અંતરાય)

અધ્યક્ષશ્રી : તમે સવાલ પૂછોને? શું વાંચો છો?

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : સવાલ પૂછું છું. સાહેબ, જવાબ નથી સવાલ પૂછું છું.

અધ્યક્ષશ્રી : પણ એમાં સવાલ અને જવાબ બેય આવી જાય છે.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : હું આ સવાલ પૂછું છું કે, આટલા ગૌચર અને પડતર સરકારી જમીન ઉપર દબાણ કરેલ છે.

અધ્યક્ષશ્રી : બસ, બસ. વાંચ્યા વગર સવાલ પૂછો.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : બીજું, માનનીય અધ્યક્ષશ્રી, મટોડામાં પાટિયાવાળી વાસણામાં સરવે નં.૨૧૮, ૨૪૭, ૭૧૪ માં બિલ્ડરોએ દબાણો કરેલ છે. બીજું, મટોડા ગામમાં આવેલ, મેં વાત કરી, ચાંચણવાળી (અંતરાય) મોડાસર ગામમાં ૧૨૧૮, ૧૨૦૧ (અંતરાય) લગભગ ૧૦ ગામોમાં સરકારી જમીનોમાં દબાણ કરેલ છે તો આ દબાણ સરકારના ધ્યાન ઉપર આવેલ છે કે નહિ? આ દબાણ કેટલા સમયમાં દૂર કરવા માગો છો?

અધ્યક્ષશ્રી : બસ, હવે તમે બેસો, હવે તમે તમારી જગ્યાએ બેસો નહિતર તમારી જગ્યાએ બીજા દબાણ કરી દેશે. ચાલો, જેટલું સમજ્યાં હોય એનો જવાબ આપો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના ધ્યાન ઉપર મૂકવા માગુ છું કે, માનનીય કરમશીભાઇ અગાઉ તલાટી હતા. એટલે કયાં દબાણ થયું, કયાં દબાણ કરવા દીધું, દબાણ કરવાનું શું થયું, દબાણ કરવા કેવી રીતે મંજૂરી આપી? આ બધું એમની જાણકારીમાં છે એટલે આ માહિતી આપી છે. સાહેબ, (અંતરાય)

અધ્યક્ષશ્રી : ટૂંકમાં દબાણ કરેલા છે એનું લિસ્ટ આપ્યું છે એની અંદર તમે કેટલા વખતમાં દૂર કરવા માગો છો? એ જ સવાલ છેને કરમશીભાઇ? કરશો કે નહિ? કરશો તો  કેટલા વખતમાં દબાણ દૂર કરશો? બેસો, કરમશીભાઇ જવાબ આપે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, સરકારના ધ્યાન ઉપર જે દબાણ છે એ અંગે કાર્યવાહી ચાલી રહી છે. હાઇકોર્ટ મેટર પણ સભ્યશ્રીએ કહ્યું તેમ બની હતી. હાઇકોર્ટે પણ યોગ્ય કરવા સૂચના આપી છે એ પ્રમાણે અમે કરી રહ્યાં છીએ. આ સિવાય અગાઉ આપે જેનું વર્ણન કર્યુ એ આપશ્રીના સમયમાં ભૂતકાળમાં છે મને યાદી મોકલજો, જે નિયમાનુસાર કાર્યવાહી થતી હશે. (અંતરાય) અહીંયા હોય એ ના ચાલે. સાહેબ, અહીંયા હાથ ઉંચો કરે એ કેવી રીતે ચાલે? સરકારમાં મોકલી આપોને, કલેકટરમાં મોકલી આપો, માનનીય મહેસૂલ મંત્રીશ્રીને મોકલી આપો.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, (અંતરાય) ભાઇ, નીતિનભાઇ, બાકીના બેસો તમે. એ યાદી મોકલે કે ના મોકલે? જેણે દબાણ કર્યું હોય એ આપણા રેકોર્ડ ઉપર હોય એ દબાણ દૂર કરવા માગો છો કે નહિ? કરો તો કેટલા વખતમાં દૂર કરશો?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : ભાઇ, સરકારના ધ્યાનમાં આવેલા રેકર્ડ ઉપરના દબાણો આપણે દૂર કરીએ જ છીએ અને કરીશું.

અધ્યક્ષશ્રી : બસ, એક મિનિટ, પુંજાભાઇ.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ પ્રશ્નના જવાબમાં જણાવ્યું છે કે, સાણંદ તાલુકામાં એક દબાણ ધ્યાન ઉપર આવેલ છે. તો માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, સરકારને આ એક દબાણ ધ્યાન ઉપર ક્યારે આવ્યું ? અને બીજા સવાલમાં જણાવ્યું છે કે, નિયમાનુસારની કાર્યવાહી હાથ ધરી છે. તો આજની તારીખ સુધીમાં નિયમાનુસાર કયા કયા પ્રકારની શું કાર્યવાહી કરવામાં આવી?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સાણંદ તાલુકાના ચાંગોદર તાલુકાના ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં એક કંપનીએ વાહનો પાર્ક કરવા માટેનું એક શેડ વગેરે બનાવ્યું છે એનું દબાણ જે ધ્યાનમાં આવ્યું, માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન છે ફક્ત ખરાબાની જમીનો પૈકીનો, મેં કહ્યું એ પ્રમાણે એને નોટિસ આપી હતી, પાર્ટી હાઇ–કોર્ટમાં ગઇ (અંતરાય) સાહેબ, પાર્ટી હાઇ–કોર્ટમા ગઇ, કોર્ટ મેટર હતી, કોર્ટે તાજેતરમાં જ ચુકાદો આપ્યો છે કે, આની કાર્યવાહી કલેકટરશ્રી દ્વારા કરે, કલેકટર એની સુનાવણી કરે. કલેકટરે એમની સુનાવણી કરી દીધી છે, અને હવે સરકારમાં અભિપ્રાય છે, દરખાસ્ત મોકલશે એ પ્રમાણે કાર્યવાહી કરવામાં આવશે.

શ્રી બાબુભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગુ છું કે, આવા દબાણો કઇ કઇ જગ્યાએ થયા અને એની ક્યારે આપણને ખબર પડી અને કલમ–૬૧ મુજબ કાર્યવાહી કરવામાં આવી કે નહીં?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે દબાણો હોય એના અંગેની જે પ્રક્રિયા નક્કી થયેલી છે કે, દબાણ કરનાર અથવા તેના પર કબજો ધરાવનારને નોટિસ આપવી પડે, એની માલિકીની જમીન વગેરે છે કે કેમ, એને સાંભળવો પડે, અને એ પછી કલેકટર ઓર્ડર કરતા હોય છે, એ પ્રમાણે કાર્યવાહી થતી હોય છે.

શ્રી શક્તિસિંહ ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, સરકારી જમીનોમાં દબાણોમાં નાના માણસ માટે

આપણે બુલડોઝર આપણે તાત્કાલિક મોકલી દઇએ છીએ (અંતરાય)

અધ્યક્ષશ્રી : ભાઇ શક્તિસિંહ, કોઇ પ્રસ્તાવના નહીં, હાઉસમાં કોઇ પ્રસ્તાવના નહીં, સીધો સવાલ.

શ્રી શક્તિસિંહ ગોહિલ : સાહેબ, કોઇ પ્રસ્તાવના નથી.

અધ્યક્ષશ્રી : નહીં, તમે એમ કહો છો. (અંતરાય) એક મિનિટ, સાંભળી લો. તમે એમ કહો છો કે, સરકારી જમીનમાં દબાણો, એ કોઇ નહીં. સાણંદ જિલ્લાનો સવાલ છે, એક દબાણ થયું છે એ દબાણ વિશે જે પૂછવું હોય એ પૂછો આપ.

શ્રી શક્તિસિંહ ગોહિલ : આ દબાણ વિશેનો સીધો સવાલ એટલો જ છે કે, આ દબાણ, કોર્ટમાં કોઇ સ્ટે હતો કે કેમ? જો નીકળ્યો તો કઇ તારીખે નીકળ્યો? નીકળી ગયા પછી કલેકટરે કેટલો વિલંબ કર્યો ? એમાં બીજું કશું સાંભળવાનું હોતું નથી. સામાન્ય પ્રક્રિયા એ છે કે, સરકારી જમીનમાં દબાણ હોય ત્યારે આપણે તરત પાડીએ છીએ, તો આમાં ક્યાં સુધીમાં ? વિલંબ સરકારમાં થયા કરે એ પણ બરાબર નથી. તો ક્યારે પગલા લેશો, અને કઇ તારીખે કોર્ટમાંથી કેસ નીકળી ગયો ? આ સાહેબ હાઇ કોર્ટમાંથી જ કેસ નીકળી ગયો એનો અર્થ જ માણસ બરાબર નથી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બધું તાજેતરનું પ્રકરણ છે. નામદાર હાઇ–કોટર્માં જાહેર હિતની અરજી એક એન.જી.ઓ.એ કરેલી સાહેબ. ૨૦૧૩માં દાખલ કરી, નામદાર હાઇકોર્ટે તા. ૧૮–૬–૨૦૧૪ના એટલે કે, લગભગ એક મહિના પહેલા આનો નિકાલ કર્યો છે અને કલેકટરને સૂચના આપી છે. એ અન્વયે કલેકટર એમને સાંભળીને સરકારમાં કાર્યવાહી કરવા દરખાસ્ત કરશે. આ બધું એક–બે મહિનાનું જ પ્રકરણ છે સાહેબ.

અધ્યક્ષશ્રી : હાઇકોર્ટે સૂચના આપી છે કલેકટરને. એક મિનિટ, હાઇકોર્ટે એનો કેસ કાઢી નથી નાખ્યો ને? સુચના આપી છે ને કલેકટરને?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : હા.જી. સાહેબ નામદાર હાઇકોર્ટે એવું જજમેન્ટમાં કહ્યું છે કે, અરજદારને બે અઠવાડિયાની અંદર સાંભળી કાયદા મુજબ નિર્ણય કરવો.

અધ્યક્ષશ્રી : It is an instruction given by the High Court.

નર્મદા જિલ્લામાં પપૈયા પાકના વાવેતર માટે સહાય

* ૧૦૩૭૮ શ્રી શબ્દશરણ ભા. તડવી(નાંદોદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા જિલ્લામાં પપૈયા પાકના નવા વાવેતર માટે સહાયની કોઈ યોજના છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે અન્વયે આ જિલ્લાના કેટલા ખેડૂતોને વર્ષ ૨૦૧૩–૧૪ માં સહાય ચૂકવેલ છે ? | (૨) ૧૭૪ ખેડૂતોને. |

શ્રી શબ્દશરણ ભા. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસે આપના મારફતે પૂછવા માગુ છું કે, નર્મદા જિલ્લામાં પપૈયા પાક ઘટકમાં કઇ કઇ યોજના અંતર્ગત સહાય આપવામાં આવે છે?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા જિલ્લામાં નોન મિશન જિલ્લો હોય રાજ્ય સરકારની યોજનાઓ પૈકી મીશન મોડ કાર્યક્રમ હેઠળ પપૈયા પાકની સહાય આપવામાં આવે છે. યોજના એચ.આર.ટી.–૨, સામાન્ય ખેડૂતો માટેની છે એમાં ૬૦,૦૦૦/– પ્રતિ હેકટરના ૬૫ ટકા લેખે ૩૯,૦૦૦/– રૂપિયા પર હેકટર અને ચાર હેકટરની મર્યાદામાં આપવામાં આવે છે.

એચ.આર.ટી.–૩, અનુસૂચિત જાતિના ખેડૂતો માટે આ યોજના છે અને આ યોજનામાં હેકટર દીઠ ૬૦,૦૦૦/– ખર્ચના ૭૫ ટકા લેખે અથવા ૪૫,૦૦૦/– રૂપિયા પ્રતિ હેકટર બેમાંથી જે ઓછી હોય એ રકમ ચાર હેકટરની મર્યાદામાં આપવામાં આવે છે.

એચ.આર.ટી.–૪, અનુસૂચિત જાતિના ખેડૂતો માટે પણ ઉપરની યોજના જ લાગુ કરવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. નેકસ્ટ.

# અતારાંકિત પ્રશ્નો
## તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

વલસાડ જિલ્લામાં ગુનાહિત પ્રવૃત્તિઓ

* ૧૦૮૭૩ શ્રી જીતુભાઇ હ. ચૌધરી(કપરાડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વલસાડ જિલ્લામાં તાલુકાવાર લૂંટ–ખૂન–ધાડ–બળાત્કાર અને અપહરણના કેટલા બનાવો નોંધાયા,

**એચબી–૨૩૮–૧**

(૧)

| તાલુકાનું નામ | લૂંટ | ખૂન | ધાડ | બળાત્કાર | અપહરણ |
|---|---|---|---|---|---|
| વલસાડ | ૮ | ૭ | ૨ | ૬ | ૨૨ |
| પારડી | ૪ | ૩ | ૦ | ૧ | ૭ |
| વાપી | ૧૬ | ૮ | ૩ | ૬ | ૪૨ |
| ઉંમરગામ | ૭ | ૩ | ૨ | ૬ | ૧૮ |
| ધરમપુર | ૦ | ૩ | ૨ | ૩ | ૨ |
| કપરાડા | ૦ | ૧ | ૦ | ૨ | ૧ |

(૨) તે અન્વયે કેટલા આરોપીઓની ધરપકડ કરી, અને

(૨) ૧૬૯.

(૩) આવા બનાવો અટકાવવા સરકારે શાં પગલાં લીધાં ?

(૩) આવા ગુનાઓ બનતા અટકાવવા માટે ગુનાઓ અંગે ત્વરીત તપાસ કરાવી અસરકારક અટકાયતી પગલાંની કાર્યવાહી કરવામાં આવે છે. તેમજ દિવસ/રાત્રીનું પેટ્રોલીંગ સઘન બનાવી જાણીતા ગુનેગારો તથા શકદારોને અવાર નવાર ચેક કરી વધુમાં વધુ અસરકારક અટકાયતી પગલાંની પણ કામગીરી કરવામાં આવે છે.

તાપી જિલ્લામાં લોક દરબાર

* ૧૦૪૦૫ શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર(બારડોલી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોક દરબાર યોજવા માટે રાજ્ય સરકારે સૂચના આપેલ છે તે હકીકત ખરી છે, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો તાપી જિલ્લામાં તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લોકદરબાર યોજવામાં આવેલ છે ?

(૨) ૭૩૧.

બનાસકાંઠા જિલ્લામાં ગુનાહિત પ્રવૃત્તિઓ

* ૧૦૯૧૧ શ્રી કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા જિલ્લામાં પોલીસ સ્ટેશનવાર હત્યા, ઘરફોડ, લૂંટ, વાહનચોરી, અપહરણ અને ચેઈન સ્નેચીંગના કેટલા બનાવો બન્યા,

(૧) *પત્રક મુજબ

(૨) તે પૈકી કેટલા ગુનાઓ ડીટેક્ટ થયા અને કેટલા ગુનાઓ ડીટેક્ટ કરવાના બાકી છે, અને

(૨) ૫૯૯ ગુનાઓ ડીટેક્ટ થયા અને ૭૧૧ ગુનાઓ ડીટેક્ટ કરવાના બાકી છે.

(૩) તે પૈકી કેટલા આરોપીઓ પકડાયા અને કેટલા આરોપીઓની ધરપકડ કરવાની બાકી છે ?

(૩) ૧૧૬૧ આરોપીઓ પકડાયા અને ૮૦ આરોપીઓની ધરપકડ કરવાની બાકી છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

## રાજકોટ જિલ્લામાં બિયારણના નમૂના

* ૯૬૦૩ શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા. ૩૧-૫-૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં તાલુકાવાર બિયારણના કેટલા નમૂનાઓ ચકાસણી માટે લેવામાં આવ્યા,

(૧)

| તાલુકાનું નામ | વર્ષવાર લેવાયેલ નમૂના | |
|---|---|---|
| | ૨૦૧૨-૧૩ | ૨૦૧૩-૧૪ |
| રાજકોટ | ૩૬ | ૫૮ |
| જસદણ | ૯ | ૪૪ |
| ગોંડલ | ૨૮ | ૫૮ |
| કોટડા સાંગાણી | ૧૫ | ૦ |
| જેતપુર | ૩૦ | ૬૨ |
| જામકંડોરણા | ૦૬ | ૨૬ |
| ધોરાજી | ૨૨ | ૫૧ |
| ઉપલેટા | ૧૬ | ૨૮ |
| વાંકાનેર | ૧૬ | ૨૬ |
| ટંકારા | ૨૦ | ૧૯ |
| પડધરી | ૧૭ | ૩૨ |
| લોધિકા | ૧૧ | ૧૨ |
| મોરબી | ૧૮ | ૨૮ |
| માળીયા | ૦ | ૦ |
| કુલઃ | ૨૪૪ | ૪૪૪ |

(૨) આ નમૂનાઓ પૈકી કેટલા નમૂના પ્રમાણિત થયા અને કેટલા બિનપ્રમાણિત થયા, અને

(૨)

| તાલુકાનું નામ | પ્રમાણિત થયેલ નમુના | | બિનપ્રમાણિત થયેલ નમુના | |
|---|---|---|---|---|
| | ૨૦૧૨-૧૩ | ૨૦૧૩-૧૪ | ૨૦૧૨-૧૩ | ૨૦૧૩-૧૪ |
| રાજકોટ | ૩૪ | ૫૭ | ૨ | ૧ |
| જસદણ | ૯ | ૪૩ | ૦ | ૧ |
| ગોંડલ | ૨૭ | ૫૫ | ૧ | ૩ |
| કોટડા સાંગાણી | ૧૫ | ૦ | ૦ | ૦ |
| જેતપુર | ૨૪ | ૬૧ | ૬ | ૧ |
| જામકંડોરણા | ૫ | ૨૬ | ૧ | ૦ |
| ધોરાજી | ૨૨ | ૪૯ | ૦ | ૨ |
| ઉપલેટા | ૧૬ | ૨૬ | ૦ | ૨ |
| વાંકાનેર | ૧૬ | ૨૬ | ૦ | ૦ |
| ટંકારા | ૨૦ | ૧૯ | ૦ | ૦ |
| પડધરી | ૧૭ | ૩૨ | ૦ | ૦ |
| લોધિકા | ૧૧ | ૧૨ | ૦ | ૦ |
| મોરબી | ૧૭ | ૨૮ | ૧ | ૦ |
| માળીયા | ૦ | ૦ | ૦ | ૦ |
| કુલઃ | ૨૩૩ | ૪૩૪ | ૧૧ | ૧૦ |

(૩) બિનપ્રમાણિત નમૂનાઓ અંગે ગુણવત્તા તથા નિયંત્રણ અંતર્ગત શાં પગલાં લેવાયા ?

(૩)

| નમૂનાની સંખ્યા | લીધેલ પગલાં |
|---|---|
| ૧૦ | કોર્ટકેસ કરેલ છે. |
| ૦૧ | વહીવટી પગલા |

| | |
|---|---|
| ૦૨ | કાર્યવાહી ચાલુ છે. |
| ૦૮ | એફ.આઈ.આર. દાખલ કરેલ છે. |

---------

રાજ્યની એફ.એસ.એલ. દ્વારા તપાસ સંસ્થાઓને સેવાઓ

* ૧૦૩૯૭ શ્રી ભૂષણ ભટ્ટ(જમાલપુર–ખાડિયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યની એફ.એસ.એલ. દ્વારા કઈ કઈ તપાસ સંસ્થાઓને સેવાઓ પૂરી પાડવામાં આવે છે. | (૧) (૧) કેન્દ્રીય તપાસ એજન્સી<br>(૨) અન્ય રાજ્યોની તપાસ એજન્સીઓ<br>(૩) ગુજરાત પોલીસ<br>(૪) ગુજરાત રાજ્યની અન્ય સરકારી–અર્ધ સરકારી સંસ્થાઓ<br>(૫) દેશની વીમા કંપનીઓ<br>(૬) ન્યાયાલય<br>(૭) સોલવન્ટ ઉત્પાદકો (ગુજરાત રાજ્ય) વગેરેને. |
| (૨) તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આવી સંસ્થાઓના કુલ કેટલા કેસો/નમૂનાઓની તપાસણી રાજ્યની એફ.એસ.એલ. દ્વારા કરવામાં આવી ? | (૨) કુલ–૯,૦૮,૨૦૬ કેસના ૧૨,૯૮,૨૦૯ નમૂનાઓની તપાસણી કરેલ છે. |

---------

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં વધુ વરસાદથી ખેડૂતોને નુકસાન સામે વળતર

* ૧૧૫૪૫ શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં સન ૨૦૧૩ના ચોમાસામાં વધુ વરસાદ પડવાને કારણે ખેડૂતોને નુકસાની પેટે ક્યારે અને કેટલું વળતર મંજૂર કરવામાં આવ્યું, | (૧) ખેડૂતોને થયેલ નુકસાની પેટે કોઈ વળતર મંજૂર કરવામાં આવેલ નથી. |
| (૨) આ નુકસાન વળતરની ચૂકવણી સરકાર દ્વારા કરવામાં આવેલ છે કે કેમ, અને | (૨) ના |
| (૩) જો ના, તો કેટલા સમયમાં આ ચૂકવણી સરકાર કરવા માંગે છે ? | (૩) બાબત કાર્યવાહી હેઠળ છે. |

---------

આણંદ જિલ્લામાં કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ સહાય

* ૯૮૯૦ શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય સહકાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ આણંદ જિલ્લામાં કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી, અને | (૧) રૂા. ૨૪.૪૫ લાખ. |
| (૨) તે અન્વયે જિલ્લામાં કઈ બજાર સમિતિઓને સહાય ચૂકવવાની બાકી છે ? | (૨) કોઈ બજાર સમિતિને સહાય ચૂકવવાની બાકી નથી. |

---------

બોરસદ તાલુકામાં પશુ આરોગ્ય મેળા

* ૧૦૩૬૩ શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કૃષિ મહોત્સવ–૨૦૧૩માં આણંદ જિલ્લાના બોરસદ તાલુકામાં કેટલા પશુઆરોગ્ય મેળાનું આયોજન | (૧) ૨૧ |

કરવામાં આવ્યું,

(૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી, અને — (૨) ૩,૬૮૪

(૩) કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું ? — (૩) ૧૪,૮૩૬.

---------

## અમદાવાદ–મહેસાણા જિલ્લામાં ઉદ્યોગ સ્થાપવા જમીન ફાળવવા બાબત

* ૯૬૫૬ ડો. શ્રીમતી તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ અને મહેસાણા જિલ્લામાં ઉદ્યોગ સ્થાપવા માટે કોઈ કંપની/ઉદ્યોગ ગૃહને જમીન ફાળવવામાં આવી છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) હા તો ઉક્ત વર્ષવાર કયા પ્રકારની કેટલી જમીન, ક્યારે અને શા ભાવે ફાળવવામાં આવી ? | (૨) |

| વર્ષ | કયા પ્રકારની જમીન ફાળવી | કેટલી જમીન ફાળવી હે.આરે.ચો.મી. | જમીન ક્યારે ફાળવી | ઔદ્યોગિક પ્રોત્સાહનો ની નીતિ અન્વયે જમીનની ફાળવણીની કિંમત પ્ર.ચો.મી. |
|---|---|---|---|---|
| અમદાવાદ | | | | |
| ૨૦૧૨ | સરકારી | ૨૫૯–૦૦–૮૦ | ૧૧.૯.૧૨ | રૂા. ૬૭૩/– |
| | સરકારી | ૩૦–૩૫–૨૫ | ૧૧.૯.૧૨ | રૂા. ૩૮૫/– |
| | કુલ હે. | હે.૨૮૯–૩૬–૦૫ | | |
| મહેસાણા | શૂન્ય | – | – | – |

---------

## આહવા તાલુકામાં પશુપાલન કિટનું વિતરણ

* ૧૦૩૫૬ શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કૃષિ મહોત્સવ–૨૦૧૩માં ડાંગ જિલ્લાના આહવા તાલુકામાં કેટલા પશુપાલન કીટનું વિતરણ કરવામાં આવ્યુ, અને | (૧) ૧૫૫૫ |
| (૨) તેમાં કેટલા ગામ આવરી લેવામાં આવેલ ? | (૨) ૩૧૧ |

---------

## પંચમહાલ જિલ્લામાં પશુ વંધત્વ સારવાર કેમ્પ

* ૧૦૩૬૦ શ્રીમતી નિમીષાબેન સુથાર (મોરવા હડફ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં કેટલા પશુ વંધત્વ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૬૧ |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી ? | (૨) ૩૩૫૧ |

---------

આષાઢ ૨૪, ૧૯૩૬ શાકે

અતારાંકિત પ્રશ્નો

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ–૨૦૧૩માં સેક્ટર પ્રમાણે એમ.ઓ.યુ.

* ૧૧૦૪૮ શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વાઈબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમીટ ૨૦૧૩માં સેક્ટર પ્રમાણે કેટલા એમ.ઓ.યુ. થયા હતા, અને | (૧) કુલ ૧૭,૭૧૯ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન મંજૂર કરવામાં આવેલ છે. જેની સેક્ટરવાર માહિતી આ સાથે *પત્રકમાં સામેલ છે. |
| (૨) તા. ૩૧/૦૫/૨૦૧૪ સુધીમાં કેટલા પ્રોજેક્ટો ચાલુ થયા છે અને કેટલી કંપનીઓએ પોતાના પ્રોજેક્ટો રદ કરેલ છે ? | (૨) કુલ ૧૦,૧૭૬ એકમો ઉત્પાદનમાં ગયેલ છે/અમલીકરણ હેઠળ છે અને કુલ ૧૪૯૧ પ્રોજેક્ટો ડ્રોપ થયેલ છે. |

પત્રક

| અ.નં. | સેક્ટરનું નામ | એમ.ઓ.યુ./પ્રોજેક્ટની સંખ્યા |
|---|---|---|
| ૧ | એગ્રો એન્ડ ફુડ પ્રોસેસિંગ | ૧૧૩૨ |
| ૨ | એનિમલ હસબન્ડરી એન્ડ ફીશરીશ | ૨૨૯ |
| ૩ | બાયોટેક્નોલોજી | ૫૦ |
| ૪ | કેમિકલ એન્ડ પેટ્રોકેમિકલ | ૩૯ |
| ૫ | સિવીલ એવીએશન | ૧૦ |
| ૬ | એજ્યુકેશન | ૫૪ |
| ૭ | એંજીનીયરીંગ ઓટો | ૧૪૦ |
| ૮ | એન્વાયરમેન્ટ એન્ડ ફોરેસ્ટ | ૧૪૩ |
| ૯ | ફાયનાન્સીયલ સેક્ટર | ૩૪ |
| ૧૦ | જેમ્સ એન્ડ જવેલરી | ૭ |
| ૧૧ | હેલ્થકેર | ૫૪ |
| ૧૨ | ઈન્ડસ્ટ્રીયલ પાર્ક | ૮૪ |
| ૧૩ | ઈન્ફોરમેશન ટેક્નોલોજી | ૪૫ |
| ૧૪ | લોજીસ્ટીક પાર્ક એન્ડ અધર ઈન્ફ્રાસ્ટ્રક્ચર | ૨૯ |
| ૧૫ | મિનરલ બેઈઝ (સિમેન્ટ) | ૪૪ |
| ૧૬ | મિનરલ બેઈઝ (GMDC પ્રોજેક્ટ) | ૩૪ |
| ૧૭ | ઓઈલ એન્ડ ગેસ | ૧૪૪ |
| ૧૮ | અધર | ૯ |
| ૧૯ | પેપર | ૯ |
| ૨૦ | પી.સી.પી.આઈ.આર. અને જીઆઈડીસી લાર્જ પ્રોજેક્ટ | ૨૬૦ |
| ૨૧ | ફાર્માસુટીકલ | ૧૩૩ |
| ૨૨ | પોર્ટ એન્ડ પોર્ટ બેઈઝ | ૬૩ |
| ૨૩ | પાવર | ૧૪ |
| ૨૪ | પાવર–રીન્યુએબલ | ૧૫૩ |
| ૨૫ | રોલ એન્ડ રેલ પ્રોજેક્ટ | ૩૨ |
| ૨૬ | રૂરલ ડેવલોપમેન્ટ | ૨૩૬ |
| ૨૭ | રર્બન હાઉસીંગ | ૨૮૦ |
| ૨૮ | સ્કીલ ડેવલોપમેન્ટ | ૧૩ |
| ૨૯ | સ્પેશીયલ ઈન્વેસ્ટમેન્ટ રીલીજન | ૩૧ |
| ૩૦ | ટેક્ષટાઈલ એન્ડ એપરલ | ૧૨૫ |
| ૩૧ | ટુરીઝમ | ૨૪૭ |
| ૩૨ | અર્બન ડેવલોપમેન્ટ | ૮૭૩ |
| ૩૩ | વોટર રીસોસીસ | ૭૩ |
| | કુલ | ૪૮૩૩ |

| | | |
|---|---|---|
| | એમ.એસ.એમ.ઈ. | ૧૨૮૮૬ |
| | એકંદરે કુલ | ૧૭૭૧૯ |

---------

મહેસાણા અને અમદાવાદ જિલ્લામાં ખેડુત ખાતેદારોને સોઈલ હેલ્થ કાર્ડ

* ૧૧૭૪૭ શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) મહેસાણા અને અમદાવાદ જિલ્લામાં તા. ૩૧/૦૫/૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કુલ કેટલા ખેડૂત ખાતેદારોને સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા ખેડૂત ખાતેદારોને સોઈલ હેલ્થ કાર્ડ આપવાના બાકી છે, અને

(૩) બાકી રહેતા ખેડૂત ખાતેદારોને સોઈલ હેલ્થ કાર્ડ ક્યારે આપવામાં આવશે ?

જવાબ

(૧) સોઈલ હેલ્થ કાર્ડ કાર્યક્રમ વર્ષ : ૨૦૦૩-૦૪ થી શરૂ કરવામાં આવેલ છે. જે અન્વયે વર્ષ : ૨૦૦૩-૦૪ થી ૨૦૧૦-૧૧ સુધીમાં પ્રથમ તબક્કામાં રાજ્યના એગ્રી સેન્સેસ-૨૦૦૧ મુજબ નોંધાયેલ કુલ ૪૨.૩૯ લાખ ખેડૂત ખાતેદાર પૈકી તમામ ખેડુત ખાતેદારોને સોઈલ હેલ્થ કાર્ડ વિતરણ કરવામાં આવેલ છે.

ત્યારબાદ એગ્રી સેન્સેસ-૨૦૦૫ મુજબ નોંધાયેલ તમામ ખેડુત ખાતેદારોને સોઈલ હેલ્થ કાર્ડ વિતરણ બાબતે બીજા તબક્કાની કામગીરી વર્ષ : ૨૦૧૨ થી શરૂ કરેલ છે. જે અન્વયે તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર મહેસાણા જિલ્લામાં કુલ ૧,૧૫,૨૦૦ અને અમદાવાદ જિલ્લામાં કુલ ૧,૦૧,૩૫૭ ખેડૂત ખાતેદારોને સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવેલ છે. જેની તાલુકાવાર માહિતી આ સાથે સામેલ *પત્રક-૧ અને *પત્રક-૨ મુજબ છે.

(૨) રાજ્યમાં એગ્રી સેન્સેસ-૨૦૦૧ મુજબ નોંધાયેલ કુલ ૪૨.૩૯ લાખ ખેડુત ખાતેદાર પૈકી તમામ ખેડુત ખાતેદારોને સોઈલ હેલ્થ કાર્ડ વિતરણ કરવામાં આવેલ છે, આમ એગ્રી સેન્સેસ-૨૦૦૧ મુજબ કોઈ ખેડુત ખાતેદાર સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં બાકી નથી.

એગ્રી સેન્સેસ-૨૦૦૫ મુજબની બીજા તબક્કાની કામગીરીમાં ઉક્ત સ્થિતિએ મહેસાણા જિલ્લામાં કુલ ૧,૧૨,૯૮૬ ખેડૂત ખાતેદારો અને અમદાવાદ જિલ્લામાં કુલ ૧,૦૧,૦૬૫ ખેડૂત ખાતેદારો સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં બાકી છે. જેની તાલુકાવાર માહિતી આ સાથે સામેલ *પત્રક-૧ અને *પત્રક-૨ મુજબ છે.

(૩) પ્રથમ તબક્કામાં એગ્રી સેન્સેસ-૨૦૦૧ મુજબ તમામ ખેડુત ખાતેદારોને સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવેલ છે.

જ્યારે એગ્રી સેન્સેસ-૨૦૦૫ મુજબ બીજા તબક્કાની કામગીરીમાં બાકી રહેતા ખેડૂત ખાતેદારોને તબક્કાવાર જમીનના નમુના એકત્ર કરી, પૃથ્થકરણ કરી, સોઈલ હેલ્થ કાર્ડ વિતરણ કરવાની કામગીરી ચાલુ છે.

પત્રક-૧

| અનુ. નં. | જિલ્લો | તાલુકાનું નામ | એગ્રી સેન્સેસ-૨૦૦૫ મુજબ નોંધાયેલ કુલ ખેડુત ખાતેદારની સંખ્યા | તા. ૩૧/૦૫/૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આપવામાં આવેલ સોઈલ હેલ્થ કાર્ડની સંખ્યા | સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં બાકી ખેડુત ખાતેદારની સંખ્યા |
|---|---|---|---|---|---|

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | મહેસાણા | વિજાપુર | ૩૩૮૧૯ | ૧૭૬૧૬ | ૧૬૨૦૩ |
| ૨ | | કડી | ૩૭૨૩૨ | ૧૮૬૬૫ | ૧૮૫૬૭ |
| ૩ | | બેચરાજી | ૧૪૩૦૬ | ૭૦૬૩ | ૭૨૪૩ |
| ૪ | | મહેસાણા | ૪૦૭૧૦ | ૧૮૪૩૦ | ૨૨૨૮૦ |
| ૫ | | ઉંઝા | ૨૪૯૧૬ | ૧૩૫૨૨ | ૧૧૩૯૪ |
| ૬ | | વડનગર | ૧૭૯૪૪ | ૧૦૨૦૬ | ૭૭૩૮ |
| ૭ | | વિસનગર | ૩૨૮૦૮ | ૧૫૫૫૭ | ૧૭૨૫૧ |
| ૮ | | ખેરાલુ | ૧૫૪૫૧ | ૭૯૦૨ | ૭૫૪૯ |
| ૯ | | સતલાસણા | ૧૧૦૦૦ | ૬૨૩૯ | ૪૭૬૧ |
| કુલ | | | ૨૨૮૧૮૬ | ૧,૧૫,૨૦૦ | ૧,૧૨,૯૮૬ |

પત્રક–૨

| અનુ. નં. | જિલ્લો | તાલુકાનું નામ | એગ્રી સેન્સેસ–૨૦૦૫ મુજબ નોંધાયેલ કુલ ખેડુત ખાતેદારની સંખ્યા | તા. ૩૧/૦૫/૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આપવામાં આવેલ સોઈલ હેલ્થ કાર્ડની સંખ્યા | સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં બાકી ખેડુત ખાતેદારની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | દસક્રોઈ | ૩૩૨૬૦ | ૧૬૪૭૯ | ૧૬૭૮૧ |
| ૨ | | સાણંદ | ૨૯૮૨૮ | ૧૪૭૪૩ | ૧૫૦૮૫ |
| ૩ | | વિરમગામ | ૧૯૯૪૯ | ૧૦૦૯૯ | ૯૮૫૦ |
| ૪ | | માંડલ | ૧૨૦૦૧ | ૬૧૬૭ | ૫૮૩૪ |
| ૫ | | દેત્રોજ | ૧૨૭૧૩ | ૬૨૬૩ | ૬૪૫૦ |
| ૬ | | ધોળકા | ૨૬૦૩૫ | ૧૩૪૦૬ | ૧૨૬૨૯ |
| ૭ | | બાવળા | ૧૮૬૧૯ | ૯૨૮૪ | ૯૩૩૫ |
| ૮ | | ધંધુકા | ૨૬૬૧૧ | ૧૩૪૯૫ | ૧૩૧૧૬ |
| ૯ | | બરવાળા | ૧૦૫૭૩ | ૫૦૦૩ | ૫૫૭૦ |
| ૧૦ | | રાણપુર | ૧૨૮૩૩ | ૬૪૧૮ | ૬૪૧૫ |
| કુલ | | | ૨૦૨૪૨૨ | ૧૦૧૩૫૭ | ૧૦૧૦૬૫ |

---------

ગાંધીનગર જિલ્લામાં ખેડૂતોને કૃષિ કિટસનું વિતરણ

૧૦૩૩૬ શ્રી રાકેશ શાહ(એલિસબ્રીજ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૨ અને વર્ષ ૨૦૧૩ના કૃષિ મહોત્સવ દરમ્યાન કેટલા ખેડૂતોને વિના મૂલ્યે કેટલી કૃષિ કિટસનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) ગાંધીનગર જિલ્લામાં વર્ષ–૨૦૧૨ના કૃષિ મહોત્સવ દરમ્યાન ૨૦૩૪ ખેડૂતોને ૨૦૩૪ કૃષિ કિટસ, ૧૮૧૨ ખેડૂતોને ૧૮૧૨ બાગાયત કિટસ અને ૧૫૪૦ ખેડૂતોને ૧૫૪૦ પશુપાલન કિટસ તથા વર્ષ–૨૦૧૩ના કૃષિ મહોત્સવ દરમ્યાન ૨૦૭૮ ખેડૂતોને ૨૦૭૮ કૃષિ કિટસ અને ૧૫૪૦ ખેડૂતોને ૧૫૪૦ પશુપાલન કિટસનું વિતરણ કરવામાં આવ્યું.

(૨) વર્ષ–૨૦૧૨માં રૂા. ૭૧,૦૫,૪૦૦ તથા વર્ષ–૨૦૧૩માં રૂા. ૫૮,૭૭,૮૫૧

---------

તા. ૧૫મી જુલાઇ ૨૦૧૪
અતારાંકિત પ્રશ્નો

ખેડા જિલ્લામાં ટીસ્યુકલ્ચર લેબોરેટરી સ્થાપવા માટે સહાય

૧૦૩૬૮ શ્રી કેતનભાઇ મ. ઇનામદાર(સાવલી) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ટીસ્યુકલ્ચર લેબોરેટરીની સ્થાપના માટે રાજ્ય સરકાર દ્વારા કોઈ સહાય આપવામાં આવે છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા તો, તે અન્વયે ખેડા જિલ્લામાં તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ કેટલી ટીસ્યુકલ્ચર લેબોરેટરી ઉભી થયેલ છે, અને | (૨) એક |
| (૩) તે માટે કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે ? | (૩) રૂા. ૬૫.૦૦ લાખ |

---------

સુરત જિલ્લામાં દરિયાઈ ધોવાણ સામે સંરક્ષણ યોજના

૧૦૪૪૦ શ્રી પ્રફુલભાઇ છ. પાનશેરીયા (કામરેજ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૩/૨૦૧૪ની સ્થિતિએ સુરત જિલ્લામાં કેટલી દરિયાઈ ધોવાણ સામે સંરક્ષણ માટેની યોજના પ્રગતિ હેઠળ છે, | (૧) એક |
| (૨) આ કામોમાં અંદાજિત કેટલો ખર્ચ થશે, અને | (૨) રૂા. ૨૬.૬૩ કરોડ |
| (૩) આ કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૩) આ કામ માર્ચ–૨૦૧૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

ધ્રોલ તાલુકામાં પશુ આરોગ્ય મેળા

૧૦૩૫૧ શ્રી મેઘજીભાઇ અ. ચાવડા(કાલાવડ) : માનનીય પશુ પાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કૃષિ મહોત્સવ–૨૦૧૩માં જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકામાં કેટલા પશુ આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું, | (૧) ૧૮ |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી, અને | (૨) ૧૩,૬૫૧ |
| (૩) કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું ? | (૩) ૮,૦૮૮ |

---------

પંચમહાલ જિલ્લામાં પોલીસ ખાતાનાં રહેણાંકના મકાનો

૧૦૩૯૨ શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) પંચમહાલ જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ માં પોલીસ ખાતાના કેટલા રહેણાંકના મકાનોની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે, અને

(૧)

| ક્રમ | વર્ષ | મકાનોની સંખ્યા |
|---|---|---|
| ૧. | ૨૦૧૨–૧૩ | ૦૬ |
| ૨. | ૨૦૧૩–૧૪ | ૦૩ |
| | કુલ | ૦૯ |

(૨) આ કામગીરી માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ?

(૨) કુલ રૂા. ૮૯.૦૯ લાખ

---------

નર્મદા યોજના અન્વયે નરસિંહપુરા શાખા નહેરમાંથી નીકળતી નહેરોની પરિસ્થિતિ

૧૦૪૨૫ શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ નર્મદા યોજના અન્વયે નરસિંહપુરા શાખા નહેરમાંથી નીકળતી નહેરોની કામગીરી કયા તબક્કે છે, અને | (૧) તા. ૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ નર્મદા યોજનાની નરસિંહપુરા શાખા નહેરમાંથી નીકળતી વિશાખા અને પ્રશાખાઓનું કામ હાલમાં પ્રગતિમાં હેઠળ છે. તથા પપ્રશાખાઓનું કામ હાથ ધરવાનું બાકી છે. નરસિંહપુરા શાખા નહેરની વિતરણ પધ્ધતિની નહેરોની થયેલ કામગીરી (કિ.મી. લંબાઈમાં) નીચે મુજબ છે. |

| નહેરનો પ્રકાર | કુલ લંબાઈ (કિ.મી.) | પૂર્ણ થયેલ લંબાઈ (કિ.મી.) | બાકી રહેલ લંબાઈ (કિ.મી.) |
|---|---|---|---|
| વિશાખા | ૪૭.૮૯૮ | ૪૫.૮૪૨ | ૨.૦૫૬ |
| પ્રશાખા | ૧૭૨.૧૭૨ | ૯૩.૬૧૫ | ૭૮.૫૫૭ |
| પ્રપ્રશાખા | ૫૮૪.૫૪૭ | ૦.૦૦૦ | ૫૮૪.૫૪૭ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) બાકી રહેતી કામગીરી પૂર્ણ કરવાનું સરકારનું શું આયોજન છે ? | (૨) બાકી રહેતી કામગીરી સત્વરે પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

સરદાર સરોવર નર્મદા યોજનાના મુખ્ય બંધનું કામ

| (૨) જો હા, તો વર્ષ ૨૦૧૩-૧૪માં કેટલા ખેડૂતોને કુલ કેટલી રકમની સહાય આપવામાં આવેલ છે ? | (૨) ૧૨ ખેડૂતોને રૂા. ૨૯,૬૮૨/- |

---------

રાજ્યના પોલીસતંત્રના આધુનિકરણ માટે કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમ

૯૧૫૪ શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેન્દ્ર સરકાર તરફથી રાજ્યના પોલીસતંત્રના આધુનિકરણ માટે કેટલી રકમ વર્ષવાર આપવામાં આવી, | (૧) વર્ષ ૨૦૧૨-૧૩ - રૂા.૧૨.૯૯ કરોડ<br>વર્ષ ૨૦૧૩-૧૪ - રૂા.૭૬.૩૨ કરોડ |
| (૨) આ રકમ પૈકી કેટલી રકમનો સાધન-સામગ્રીઓ માટે વર્ષવાર ખર્ચ કરવામાં આવ્યો છે, અને | (૨) સાધન-સામગ્રી માટે વર્ષ-૨૦૧૨-૧૩માં ફાળવેલ રકમ સામે રૂા.૮.૨૮ કરોડ તથા વર્ષ ૨૦૧૩-૧૪ની રકમ સામે રૂા.૧૬.૧૦ કરોડનો ખર્ચ થયેલ છે. |
| (૩) જો રકમ વપરાયા વિનાની રહી હોય તો આ રકમ ન વાપરવાના કારણો કયા છે ? | (૩) વહીવટી કારણોસર. |

---------

અમદાવાદ-ગાંધીનગર મેટ્રો રેલવે પ્રોજેક્ટ

૯૦૮૪ શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૫-૨૦૧૪ ની સ્થિતિએ અમદાવાદ થી ગાંધીનગર મેટ્રો રેલવે પ્રોજેક્ટની કામગીરી ક્યા તબક્કે છે, અને | (૧) અમદાવાદ-ગાંધીનગર મેટ્રો રેલ પ્રોજેક્ટ ફેઝ-૧ ના ડીટેઇલ્ડ પ્રોજેક્ટ રીપોર્ટને (DPR) કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ અને રાજ્ય સરકારે મંજૂરી આપીને કેન્દ્ર સરકારની મંજૂરી માટે મોકલેલ છે. જે કેન્દ્ર સરકારમાં મંજૂરીની પ્રક્રિયા હેઠળ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ કામગીરી પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) રૂ.૫૮૭.૫૨ કરોડ. |

---------

રાજ્યમાં ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧ ની ખાલી જગ્યાઓ

૧૧૭૨૧ ડૉ. અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૪ ની સ્થિતિએ રાજ્યના ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧ ની કુલ કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે, | (૧) ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧ માં નીચે મુજબની સંવર્ગની કુલ ૬૮૦ જગ્યાઓ મંજૂર થયેલ છે.<br>૧. જુનિયર સ્કેલ-૪૩૫ જગ્યા<br>૨. સિનિયર સ્કેલ-૧૭૪ જગ્યા<br>૩. સિલેક્શન સ્કેલ-૫૭ જગ્યા<br>૪. એપેક્ષ સ્કેલ-૧૪ જગ્યા. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ અને સામાન્ય વર્ગ માટેની કેટલી જગ્યાઓ ભરાયેલ છે, | (૨) ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧ (જુનિયર સ્કેલ) માં અનામતનું ધોરણ લાગુ પડે છે. તેમાં નીચે મુજબ સ્થિતિ છે.<br>અનુસૂચિત જાતિની-૩૨,<br>અનુસૂચિત જનજાતિની-૭૪,<br>સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગની-૪ અને<br>સામાન્ય વર્ગની-૨૩૧ જગ્યાઓ ભરાયેલ છે. |

| | |
|---|---|
| (૩) અનામત કક્ષાએ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિનો કેટલો બેકલોગ/ઘટ ભરવાનો બાકી છે, અને | (૩) નિવૃત્તિના કારણે તા.૦૧-૦૭-૧૩ થી ઉભી થયેલ અનુ. જનજાતિની ૨(બે) જગ્યાની ઘટ ભરવાની બાકી છે. |
| (૪) ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૪) બનતી ત્વરાએ. |

---------

તાપી જિલ્લાની નગરપાલિકાઓમાં મંજૂર પાણી પુરવઠા યોજના

૧૦૪૭૪ શ્રી મોહનભાઇ ધ. ઢોડીયા(મહુવા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત તાપી જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧-૦૩-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી પાણી પુરવઠા યોજનાઓ મંજૂર કરેલ છે, | (૧) તાપી જિલ્લાની બે નગરપાલિકાઓ (૧) સોનગઢ અને (૨) વ્યારા ની પાણી પુરવઠા યોજનાઓ બે વર્ષ અગાઉ મંજૂર કરેલ હોઇ, છેલ્લા બે વર્ષમાં કોઇ યોજના મંજૂર કરેલ નથી. |
| (૨) તેમાં કેટલા કામો પૂર્ણ થયેલ છે, અને | (૨) અને (૩) |
| (૩) કેટલા કામો પ્રગતિમાં છે ? | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

અમદાવાદ જિલ્લાની નગરપાલિકાઓમાં મંજૂર ભુગર્ભ ગટર યોજના

૧૦૪૬૭ શ્રી લાલજીભાઇ ચ. કોળીપટેલ(ધંધુકા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત અમદાવાદ જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧-૦૩-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ભુગર્ભ ગટર યોજનાઓ મંજૂર કરેલ છે, | (૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત અમદાવાદ જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧-૦૩-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ચાર (૧) ધોળકા (૨) વિરમગામ (૩) ધંધુકા અને (૪) બારેજાની ભુગર્ભ ગટર યોજનાઓ રૂ.૧૨૬.૭૧ કરોડના ખર્ચે મંજૂર કરેલ છે. |
| (૨) તે પૈકી કેટલી યોજના પૂર્ણ થયેલ છે, | (૨) કોઇ યોજના પૂર્ણ થઇ નથી. |
| (૩) કેટલી યોજનાની કામગીરી પ્રગતિ હેઠળ છે, અને | (૩) ધોળકા, વિરમગામ અને ધંધુકા એ ત્રણ યોજનાઓની કામગીરી પ્રગતિ હેઠળ છે. બારેજા યોજના ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે. |
| (૪) બાકી રહેતી યોજનાઓ ક્યારે મંજૂર કરવાનું આયોજન છે ? | (૪) અમદાવાદ જિલ્લાની તમામ નગરપાલિકાઓની ભુગર્ભ ગટર યોજના મંજૂર થયેલ હોઇ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

હાંસોટ તાલુકામાં ગામની આંતરિક પેયજળ યોજના અન્વયે યોજનાઓ

૧૦૪૧૮ શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ હેઠળ ગામની આંતરિક પેયજળ યોજના અન્વયે ભરૂચ જિલ્લાનાં હાંસોટ તાલુકામાં તા.૩૦-૦૪-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૭ યોજનાઓ મંજૂર કરવામાં આવી. |
| (૨) મંજૂર કરેલ ઉક્ત યોજનાઓની કુલ અંદાજિત કિંમત કેટલી છે ? | (૨) રૂ.૬૯.૬૬ લાખ. |

---------

રાજ્યમાં યુવાનોને ઉજજવળ કારકિર્દીના માર્ગદર્શન માટે પ્રકાશન

૯૩૫૦ શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય મુખ્યમંત્રીશ્રી (માહિતી-પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં યુવાનોને ઉજ્જવળ કારકિર્દી માટે માર્ગદર્શન મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા કોઇ પ્રકાશન બહાર પાડવામાં આવે છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા તો ક્યું પ્રકાશન બહાર પાડવામાં આવે છે, અને | (૨) (૧) ગુજરાત રોજગાર સમાચાર સાપ્તાહિક<br>(૨) ગુજરાત રોજગાર સમાચાર કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક. |
| (૩) તા.૩૧-૦૩-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ પ્રકાશનની કેટલી નકલો છાપવામાં આવી અને તેનો કૂલ કેટલો ખર્ચ થયો ? | (૩) (૧) ગુજરાત રોજગાર સમાચાર સાપ્તાહિકની છેલ્લા એક વર્ષમાં ૩૫,૫૮,૨૦૦ નકલો છાપવામાં આવેલ છે. જેનો કુલ ખર્ચ રૂ.૨,૦૦,૦૮,૧૮૬/- થયો છે.<br>(૨) ગુજરાત રોજગાર સમાચાર કારકિર્દી માર્ગદર્શન વિશેષાંકની (મે-૨૦૧૩ ના અંકની) તા.૩૧-૩-૨૦૧૪ ની સ્થિતિએ ૨૦,૦૦૦ નકલો છાપવામાં આવી છે. જેનો કુલ રૂ.૧૩,૩૯,૨૨૦/- ખર્ચ થયો હતો. |

---------

સચિવાલયમાં સેકશન અધિકારી સંવર્ગની ખાલી જગ્યાઓ બાબત

૧૦૬૮૧ શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર(મોડાસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સચિવાલયમાં સેકશન અધિકારી સંવર્ગની કુલ કેટલી જગ્યાઓ મંજુર થયેલ છે, | (૧) ૫૩૫. |
| (૨) આ પૈકી કેટલી જગ્યાઓ સીધી ભરતીથી ભરવાની થાય છે, અને | (૨) ૯૫. |
| (૩) સીધી ભરતીથી ભરવાની બાકી રહેતી જગ્યાઓ ભરવા માટે તા.૩૧-૦૩-૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી થઇ ? | (૩) ૩૮ જગ્યાઓ માટે આયોગે તા.૧૦-૦૬-૧૪ના રોજ જાહેરાત આપેલ છે. |

---------

સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં સ્વજલ ધારા અને સેક્ટર રીફોર્મ અંતર્ગત પાણી પુરવઠા યોજના

૯૯૬૪ શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્વજલ ધારા અને સેક્ટર રીફોર્મ કાર્યક્રમ દ્વારા સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં કુલ કેટલી પાણી પુરવઠા યોજનાઓ શરૂ કરવામાં આવી, | (૧) નીચેની વિગતે<br>૩૨૪ યોજનાઓ મંજુર કરવામાં આવી.<br>સાબરકાંઠા – ૯૧<br>બનાસકાંઠા – ૨૩૩ |
| (૨) કેટલા ગામોને પીવાનું પાણી ઉપલબ્ધ કરાવેલ છે, અને | (૨) નીચેની વિગતે<br>૧૧૩ યોજનાઓના કામો પૂર્ણ કરી પાણી ઉપલબ્ધ કરાવેલ છે.<br>સાબરકાંઠા – ૧૫<br>બનાસકાંઠા – ૯૮ |
| (૩) બાકીના ગામોને ક્યાં સુધીમાં પીવાના પાણીની ઉપલબ્ધ થશે ? | (૩) ક્રમશઃ સપ્ટેમ્બર-૨૦૧૫ સુધી. |

---------

પાલીતાણા તાલુકામાં પશુપાલન કિટનું વિતરણ

૧૦૩૪૯ શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા(મહુવા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|

(૧) કૃષિ મહોત્સવ-૨૦૧૩ માં ભાવનગર જિલ્લાના પાલિતાણા તાલુકામાં કેટલા પશુપાલન કિટનું વિતરણ કરવામાં આવ્યુ, અને

(૧) ૪૬૦.

(૨) તેમાં કેટલા ગામ આવરી લેવામાં આવેલ ?

(૨) ૯૨.

---------

સુરેન્દ્રનગર જિલ્લાની નગરપાલિકાઓમાં મંજૂર પાણી પુરવઠા યોજના

૧૦૪૭૨ શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧-૦૩-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી પાણી પુરવઠા યોજનાઓ મંજૂર કરેલ છે,

(૨) તેમાં કેટલા કામો પૂર્ણ થયેલ છે, અને

(૩) કેટલા કામો પ્રગતિમાં છે ?

જવાબ

(૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧-૦૩-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૩(ત્રણ) પાણી પુરવઠા યોજનાઓ (૧) વઢવાણ (ભાગ-૨), (૨) ચોટીલા અને (૩) થાનગઢ કુલ રૂ.૪૪.૬૭ કરોડના ખર્ચે મંજુર કરેલ છે.

(૨) અને (૩)
ત્રણેય યોજનાના કામો પ્રગતિમાં છે.

---------

વલસાડ જિલ્લામાં સરકારી જમીનો ઉપર દબાણ

૧૦૮૭૪ શ્રી જીતુભાઇ હ. ચૌધરી(કપરાડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર સરકારી જમીનો ઉપર કેટલા દબાણો થયા છે, અને

(૨) આ દબાણો દૂર કરવા સરકારે શાં પગલાં લીધા, અને

(૩) કેટલા સમયમાં આ દબાણો દૂર કરી જમીન પરત મેળવવામાં આવશે?

જવાબ

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | દબાણની સંખ્યા |
|---|---|---|
| ૧ | વલસાડ | ૧૨ |
| ૨ | પારડી | ૧૦ |
| ૩ | વાપી | ૦ |
| ૪ | ઉમરગામ | ૭૨ |
| ૫ | ધરમપુર | ૦ |
| ૬ | કપરાડા | ૦ |
| | કુલ દબાણોઃ- | ૯૪ |

(૨) દબાણો દૂર કરવાની જરૂરી પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે.

(૩) નિયમોનુસારની કાર્યવાહી પૂર્ણ થયેથી.

---------

અમદાવાદ જિલ્લામાં ઇન્ટીગ્રેટેડ ઈ-ગવર્નન્સ (e -Jami n ) પ્રોજેક્ટ હેઠળ દસ્તાવેજોની નોંધણી

૧૦૪૮૩ શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) ઇન્ટીગ્રેટેડ ઈ-ગવર્નન્સ (e -Jami n ) પ્રોજેકટ હેઠળ દસ્તાવેજ નોંધણી થતાની સાથે જ કોમ્પ્યુટર થકી મિલકતના હક્કપત્રકમાં નોંધ થાય તેવા જમીનના વેચાણના કેટલા દસ્તાવેજો અમદાવાદ જિલ્લામાં નોંધણી અર્થે રજુ થયા, અને

(૨) આવા કેટલા દસ્તાવેજોની તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાડવામાં આવી?

જવાબ

(૧) ૧૨૭૭૫

(૨) ૧૨૭૭૫

---------

અતારાંકિત પ્રશ્નો

સાબરકાંઠા જિલ્લામાં અતિવૃષ્ટિથી પાકમાં નુકશાન સામે વળતર બાબત

૧૧૭૩૭ શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) સાબરકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૩માં તાલુકાવાર અતિવૃષ્ટિથી કેટલા હેકટરમાં પાકને નુકશાન થયુ હતું,

(૨) તે અન્વયે તા.૩૧-૦૫-૨૦૧૪ સુધીમાં કેટલા ખેડૂતોને કેટલી રકમનું વળતર ચૂકવવામાં આવ્યું,

(૩) કેટલા ખેડૂતોને ચૂકવણું કરવાનું બાકી છે,

(૪) ચૂકવણું બાકી રહેવાના શા કારણો છે, અને

(૫) બાકી ચૂકવણું કેટલા સમયમાં કરવામાં આવશે?

જવાબ

(૧) વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | ૫૦ % કરતા વધારે અસરગ્રસ્ત વિસ્તાર (હે.) |
|---|---|---|
| ૧ | ઈડર | ૬૧૨૬ |
| ૨ | વડાલી | ૧૩૩૬ |
| ૩ | હિંમતનગર | ૩૩૧૧ |
| ૪ | ખેડબ્રહ્મા | ૭૪૧ |
| ૫ | ભિલોડા | ૫૮૭ |
| ૬ | વિજયનગર | ૧૦૭૬ |
| ૭ | ધનસુરા | ૨૧૮૧ |
| ૮ | મોડાસા | ૩૧૧૦ |
| ૯ | માલપુર | ૨૩૫૭ |
| ૧૦ | મેઘરજ | ૨૯૭૯ |
| ૧૧ | તલોદ | ૨૦૦૩ |
| ૧૨ | બાયડ | ૩૯૧૬ |
| ૧૩ | પ્રાંતિજ | ૧૪૦૧ |
| | કુલઃ- | ૩૧૧૨૪ |

(૨) કોઈ વળતર ચુકવવામાં આવેલ નથી.

(૩), (૪) અને (૫) બાબત કાર્યવાહી હેઠળ છે.

---------

અરવલ્લી જિલ્લામાં માઝમ નદી ઉપર મોટા ચેકડેમ બનાવવા બાબત

૧૦૪૪૨ શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિઓદર) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં માઝમ નદીમાં વહી જતા પાણીને રોકી ભૂગર્ભ જળ ઉંચા લાવવા માટે સરકારે મોટા ચેકડેમ બનાવવાની યોજના અમલમાં મૂકી છે, | (૧) હા, જી |
| (૨) જો હા, તો તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા મોટા ચેકડેમ બનાવવામાં આવ્યા, | (૨) સાત |
| (૩) આ મોટા ચેકડેમની સંગ્રહશકિત કેટલી છે, | (૩) પૂર્ણ થયેલ સાત ચેકડેમોની સંગ્રહશકિત ૪૪.૨૫ મીલીયન ઘનફૂટ છે. |
| (૪) તેના થકી કેટલા વિસ્તારને લાભ થયો, અને | (૪) પૂર્ણ થયેલ સાત ચેકડેમોથી ભૂગર્ભ જળ રીચાર્જ થવાથી આશરે ૨૦૩૦ હેકટરને સિંચાઈનો આડકતરો લાભ મળે છે. |
| (૫) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સદરહુ ચેકડેમ પાછળ કેટલો ખર્ચ થયેલ છે? | (૫) તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સદરહુ ચેકડેમ પાછળ રૂ઼ા.૧૧૦.૦૦ લાખનો ખર્ચ થયેલ છે. |

તા. ૧૫મી જુલાઇ ૨૦૧૪
અતારાંકિત પ્રશ્નો

---------

ભેંસાણા તાલુકામાં પશુપાલન કિટનું વિતરણ

૧૦૩૪૭ શ્રી જેઠાભાઇ દા. સોલંકી(કોડીનાર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કૃષિ મહોત્સવ-૨૦૧૩માં જૂનાગઢ જિલ્લાના ભેંસાણા તાલુકામાં કેટલા પશુપાલન કીટનું વિતરણ કરવામાં આવ્યુ, અને | (૧) ૧૮૫ |
| (૨) તેમાં કેટલા ગામ આવરી લેવામાં આવેલ? | (૨) ૩૭ |

---------

વડોદરા જિલ્લામાં લોક દરબાર

૧૦૪૦૭ શ્રીમતી મનીષા રા. વકીલ(વડોદરા શહેર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોક દરબાર યોજવા માટે રાજ્ય સરકારે સૂચના આપેલ છે તે હકીકત ખરી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા , તો વડોદરા જિલ્લામાં તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લોકદરબાર યોજવામાં આવેલ છે? | (૨) ૯૮૦ |

---------

તાપી જિલ્લામાં વારસાઈ હક્ક માટેની અરજીઓ

૧૦૪૯૫ શ્રી અજયકુમાર જે. ચોકસી(સુરત ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તાપી જિલ્લામાં તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર વારસાઈ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

(૧)

| તાલુકાનું નામ | આવેલ અરજીઓ |
|---|---|
| વ્યારા | ૨૧૭૦ |
| વાલોડ | ૯૬૭ |
| સોનગઢ | ૧૨૮૯ |
| ઉચ્છલ | ૪૭૫ |
| નિઝર | ૪૪૩ |
| કુલઃ- | ૫૩૪૪ |

(૨) તે પૈકી કેટલી નોંધો પાડવામાં આવી અને કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૨)

| તાલુકાનું નામ | પાડેલ નોંધો | નામંજૂર નોંધો |
|---|---|---|
| વ્યારા | ૨૧૭૦ | ૧૪ |
| વાલોડ | ૯૬૭ | ૨૦ |
| સોનગઢ | ૧૨૮૯ | ૧૬ |
| ઉચ્છલ | ૪૭૫ | ૦૩ |
| નિઝર | ૪૪૩ | ૦૮ |
| કુલઃ- | ૫૩૪૪ | ૬૧ |

(૩) નામંજૂર કરવાનાં કારણો શા છે? | (૩) નિયમોનુસાર ન હોવાથી.

---------

રાજકોટ જિલ્લાનાં ભિમોર ગામ પાસે ભાદર નદી ઉપર મોટો ચેકડેમની કામગીરી

૧૦૪૩૭ શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ-ગ્રામ્ય) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં ભિમોર ગામ પાસે ભાદર નદી ઉપર મોટો ચેકડેમ બનાવવાની કામગીરી તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ કયા તબક્કે છે, | (૧) અને (૨) આ કામગીરી તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ પ્રગતિમાં હતી. જે તા.૩૦–૦૬–૨૦૧૪ના રોજ પૂર્ણ થયેલ છે. |
| (૨) આ કામ પૂર્ણ કરવાનું આયોજન શું છે, અને | |
| (૩) તેનાથી કેટલા વિસ્તારને સિંચાઈનો લાભ મળશે? | (૩) આ ચેકડેમથી ૧૭૫ હેક્ટર વિસ્તારને સિંચાઈનો લાભ મળશે. |

---------

જંબુસર તાલુકામાં ગામની આંતરિક પેયજળ યોજના અન્વયે યોજનાઓ

૧૦૪૧૭ શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ હેઠળ ગામની આંતરીક પેયજળ યોજના અન્વયે ભરૂચ જિલ્લાનાં જંબુસર તાલુકામાં તા.૩૦–૦૪–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૧૪ યોજનાઓ મંજૂર કરવામાં આવી. |
| (૨) મંજૂર કરેલ ઉક્ત યોજનાઓની કુલ અંદાજિત કિંમત કેટલી છે? | (૨) રૂા. ૧૬૮.૦૮ લાખ. |

---------

સાણંદ અને બાવળા તાલુકામાં ખરાબાની જમીનો વેચાણથી આપવા બાબત

૯૮૬૯ શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લાના સાણંદ અને બાવળા તાલુકામાં ખરાબાની જમીનો કયા હેતુ માટે કોને કોને વેચાણથી આપવામાં આવી? | (૧) તા ૬૬ કે.વી. સબસ્ટેશન માટે ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લિ. (જેટકો)ને આગોતરો કબજો સોંપેલ છે, હુકમો થવાના બાકી છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ ગ્રામ પંચાયતની મંજૂરી મેળવવામાં આવે છે? | (૨) સરકારી જમીન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો મંજૂરી લેવાની ન હોય તો પંચાયતોના અધિકાર છીનવી લેવા પાછળના કારણો શા છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

નર્મદા જિલ્લામાં પોલીસ ખાતાનાં બિનરહેણાંક મકાનો

૧૦૩૮૯ શ્રી શબ્દશરણ ભા. તડવી(નાંદોદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ માં પોલીસ ખાતાના કેટલા બિનરહેણાંક મકાનોના કામો પૂર્ણ કરવામાં આવેલ છે, અને | (૧) (નીચે કોષ્ટક) |
| (૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) કુલ રૂ.૯૩૨.૮૩ લાખ. |

| ક્રમ | વર્ષ | મકાનોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૧૨–૧૩ | ૦૮ |
| ૨ | ૨૦૧૩–૧૪ | ૦૧ |
| | કુલ | ૦૯ |

---------

દાંતા અને અમીરગઢ તાલુકામાં ૭/૧૨અને ૮–અ ની બાકી એન્ટ્રીઓ

૧૦૯૧૨ શ્રી કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

તા. ૧૫મી જુલાઇ ૨૦૧૪
અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમીરગઢ તાલુકામાં ૭/૧૨ અને ૮-અ ના ઉતારાઓની કેટલી એન્ટ્રીઓ પાડવાની તા.૩૧-૫-૨૦૧૪ ની સ્થિતિએ બાકી છે, અને | (૧) તા.૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ કોઈ એન્ટ્રીઓ પાડવાની બાકી નથી. |
| (૨) આવી એન્ટ્રીઓ બાકી રહેવાના કારણો શા છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) બાકી રહેલ એન્ટ્રીઓ ક્યાં સુધીમાં પાડવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

જસદણ તાલુકાની કનેસરા ગામ ખાતેની નાની સિંચાઈ યોજનાની કામગીરી

૯૬૦૪ શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાના કનેસરા ગામે નાની સિંચાઈ યોજના હેઠળ તળાવની કામગીરી કયા તબક્કે છે, | (૧) જમીન સંપાદનના તબક્કે છે. |
| (૨) આ યોજના પાછળ કેટલો ખર્ચ થનાર છે, અને | (૨) સંભવિત રૂ.૩૦૪.૫૨ લાખનો ખર્ચ થનાર છે. |
| (૩) આ કામગીરી કયારથી શરૂ કરવાનું આયોજન છે ? | (૩) ડુબમાં આવતી વન વિભાગની ૯.૫૩ હેકટર જમીન સંપાદનની કામગીરી પૂર્ણ થયે, અને પુરતી નાણાંકીય જોગવાઈ થયે કામ શરૂ કરવાનું આયોજન છે. |

---------

ખેડા જિલ્લામાં રાસાયણિક ખાતરના નમૂના

૧૦૩૪૧ શ્રી ભૂષણ ભટ્ટ(જમાલપુર-ખાડિયા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાસાયણિક ખાતરના કુલ કેટલા નમૂનાઓ લેવામાં આવ્યા, | (૧) ૯૬૪ નમૂનાઓ. |
| (૨) તે પૈકી કેટલા નમૂના પ્રમાણિત અને કેટલા નમૂના બિન પ્રમાણિત થયા, અને | (૨) ૯૩૦ નમૂના પ્રમાણિત થયા.<br>૩૪ નમૂના બિનપ્રમાણિત થયા. |
| (૩) બિન પ્રમાણિત નમૂનાઓમાં ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત શાં પગલાં લેવામાં આવ્યા ? | (૩) ૧૦ કેસોમાં કોર્ટ કેસ કરેલ છે.<br>૨૦ કેસોમાં વહીવટી પગલાં લીધેલ છે.<br>૦૪ કેસોમાં કાર્યવાહી ચાલુ. |

---------

નર્મદા યોજનાની શાખા પ્રશાખાઓનાં કામ

૧૧૫૪૬ શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) નર્મદા યોજનામાં કુલ કેટલા કિ.મી. લંબાઈની શાખાઓ-પ્રશાખાઓનું આયોજન છે અને કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે,

જવાબ

(૧) નર્મદા યોજનામાં શાખાઓ-પ્રશાખાઓનું નીચેની વિગતે કિ.મી. લંબાઈમાં કરવાનું આયોજન છે. જે વહેલામાં વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.

| અ.નં. | નહેરનો પ્રકાર | કુલ લંબાઈ (કિ.મી.) |
|---|---|---|
| ૧ | શાખા | ૨૫૮૫ |
| ૨ | પ્રશાખા | ૧૮૪૧૩ |

પ્રશ્ન

(૨) આ પૈકી તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ કેટલા કિ.મી. લંબાઈની સ્થિતિએ કેટલા કિ.મી. લંબાઈની શાખાઓ- પ્રશાખાઓનું કામ પૂર્ણ કરવામાં આવ્યુ, અને

જવાબ

(૨) તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ શાખાઓ-પ્રશાખાઓનું કામ કિ.મી. લંબાઈમાં નીચે મુજબ પૂર્ણ કરવામાં આવેલ છે.

| નહેરનો પ્રકાર | કુલ અંદાજીત લંબાઈ (કિ.મી.) | તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ પૂર્ણ થયેલ લંબાઈ (કિ.મી.) |
|---|---|---|
| શાખા | ૨૫૮૫.૦૦ | ૨૩૦૪.૩૮ |
| પ્રશાખા | ૧૮૪૧૩.૦૦ | ૮૭૭૭.૨૬ |

(૩) બાકી રહેતી શાખાઓ–પ્રશાખાઓનું કામ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૩) બાકી રહેતી શાખાઓ–પ્રશાખાઓનું કામ વહેલામાં વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

નર્મદા યોજના તબક્કા–૧ હેઠળ જિલ્લાઓને સિંચાઈ માટે પાણી

૯૮૯૧ શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ નર્મદા યોજનાના તબક્કા–૧ હેઠળ ક્યા જિલ્લાઓની જમીનને સિંચાઈ માટે પાણી આપવામાં આવે છે, અને

(૨) બાકી રહેતી જમીનને કેટલા સમયમાં સિંચાઈ માટે પાણી આપવામાં આવશે ?

જવાબ

(૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ નર્મદા યોજનાના તબક્કા–૧ હેઠળ નીચેના જિલ્લાઓની જમીનને સિંચાઈ માટે પાણી આપવામાં આવે છે.

| જિલ્લો | આયોજન મુજબનો પિયત વિસ્તાર (હેક્ટર) | વિકસીત પિયત વિસ્તાર |
|---|---|---|
| નર્મદા | ૧૮૮૭૩ | ૧૮૭૯૧ |
| છોટાઉદેપુર | ૩૯૨૨૬ | ૩૬૪૦૦ |
| વડોદરા | ૨૧૮૮૯૭ | ૧૯૫૦૧૯ |
| ભરૂચ | ૧૬૫૮૮૮ | ૧૨૨૧૯૫ |
| પંચમહાલ | ૩૭૨૫ | ૩૧૪૭ |

(૨) માઈનોર નહેરના મરામતના કામો અને બાકી રહેતી માઈનોર નહેરોના કામો તબક્કાવાર પૂર્ણ કરી સત્વરે તબક્કા–૧ હેઠળની બાકી પિયત વિસ્તારની જમીનને સિંચાઈ માટે પાણી આપવાનું આયોજન છે.

---------

આણંદ જિલ્લામાં લોક દરબાર

૧૦૪૦૯ શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોક દરબાર યોજવા માટે રાજ્ય સરકારે સૂચના આપેલ છે તે હકીકત ખરી છે, અને

(૨) જો હા, તો આણંદ જિલ્લામાં તા.૩૧–૩–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લોકદરબાર યોજવામાં આવેલ છે ?

જવાબ

(૧) હા, જી.

(૨) ૧૧૬૫

---------

વલસાડ જિલ્લાની નગરપાલિકાઓમાં મંજૂર ભૂગર્ભ ગટર યોજના

૧૦૪૬૩ શ્રી ભરતભાઈ કી. પટેલ(વલસાડ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત વલસાડ જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ભૂગર્ભ ગટર યોજનાઓ મંજૂર કરેલ છે, અને

(૨) તે પૈકી કેટલી યોજના પૂર્ણ થયેલ છે, અને

જવાબ

(૧) સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત વલસાડ જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ત્રણ ભૂગર્ભ ગટર યોજનાઓ (૧) વાપી (૨) પારડી અને (૩) ધરમપુરની એમ કુલ રૂ.૨૩૪.૦૨ કરોડના ખર્ચે મંજૂર કરેલ છે.

(૨) કોઈ યોજના પૂર્ણ થયેલ નથી.

(૩) કેટલી યોજનાની કામગીરી પ્રગતિ હેઠળ છે ? (૩) વાપી અને ધરમપુર યોજનાની કામગીરી પ્રગતિ હેઠળ છે અને પારડી યોજનાનું કામ ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે.

---------

લુણાવાડા તાલુકામાં પશુ આરોગ્ય મેળા

૧૦૩૬૨ શ્રીમતી નિમીષાબેન સુથાર (મોરવા હડફ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કૃષિ મહોત્સવ-૨૦૧૩ માં પંચમહાલ જિલ્લાના લુણાવાડા તાલુકામાં કેટલા પશુઆરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું, | (૧) ૨૩ |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી, અને | (૨) ૨,૦૦૮ |
| (૩) કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું ? | (૩) ૧૨,૭૯૨ |

---------

ધોરણ-૧૦ અને ૧૨ માં વિદ્યાર્થીઓને વ્યવસાયલક્ષી માર્ગદર્શન માટે પ્રકાશન

૧૦૭૫૧ શ્રી રાકેશ શાહ(એલિસબ્રીજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (માહિતી-પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ધોરણ-૧૦ અને ૧૨ ની પરીક્ષાઓ બાદ વિદ્યાર્થીઓને વ્યવસાયલક્ષી માર્ગદર્શન મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા કયું પ્રકાશન પ્રસિધ્ધ કરવામાં આવે છે, અને | (૧) ગુજરાત રોજગાર સમાચાર કારકીર્દી માર્ગદર્શન વિશેષાંક પ્રસિધ્ધ કરવામાં આવે છે. |
| (૨) વર્ષ ૨૦૧૪ માં તેની કેટલી નકલો પ્રસિધ્ધ કરવામાં આવી અને તેનો કેટલો ખર્ચ થયો ? | (૨) મે-૨૦૧૪ માં પ્રસિધ્ધ કરેલ ૨૫,૦૦૦ નકલોનો ખર્ચ રૂ.૧૯,૦૮,૭૯૬/- થયેલ છે. |

---------

છોટાઉદેપુર જિલ્લા કલેક્ટર કચેરીમાં, વડોદરા જિલ્લામાંથી ફાળવેલ જગ્યાઓ

૧૦૪૮૦ શ્રી કેતનભાઇ મ. ઇનામદાર(સાવલી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે નવા રચેલ જિલ્લાઓની કલેક્ટર કચેરીઓના જુના જિલ્લામાંથી જગ્યાઓ ફાળવેલ છે કે કેમ,

(૧) હા.

(૨) જો હા, તો છોટા ઉદેપુર જિલ્લામાં કલેક્ટર કચેરી વડોદરા જિલ્લામાંથી કેટલી જગ્યાઓ ફાળવવામાં આવી, અને

(૨)

| ક્રમ | સંવર્ગ | વડોદરા જિલ્લામાંથી ફાળવેલ જગ્યાઓ |
|---|---|---|
| ૧ | ના.મામ. | ૭૦ |
| ૨ | કારકુન | ૬૫ |
| ૩ | કા.ક.ટા. | ૦૭ |
| ૪ | ટાઇપિસ્ટ | ૦૦ |
| ૫ | રેવ. તલાટી | ૮૯ |

(૩) આ જગ્યાઓ સામે કેટલા કર્મચારીઓ ફાળવવામાં આવ્યા ?

(૩)

| ક્રમ | સંવર્ગ | ફાળવેલ કર્મચારીઓ |
|---|---|---|
| ૧ | ના.મામ. | ૫૫ |
| ૨ | કારકુન | ૪૧ |
| ૩ | કા.ક.ટા. | ૦૦ |
| ૪ | ટાઇપિસ્ટ | ૦૦ |
| ૫ | રેવ. તલાટી | ૫૧ |

---------

જામનગર જિલ્લામાં સૌની યોજના હેઠળ ડેમ ભરવાનું આયોજન

૧૦૪૩૬ શ્રી મેઘજીભાઇ અ. ચાવડા(કાલાવડ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૪ ની સ્થિતિએ સૌની યોજના હેઠળ જામનગર જિલ્લાના કેટલા ડેમોમાં પાણી ભરવાનું આયોજન છે, અને | (૧) ૨૪ ડેમોમાં પાણી ભરવાનું આયોજન છે. |
| (૨) તેનાથી કેટલા વિસ્તારને સિંચાઇનો લાભ મળશે ? | (૨) ૧,૨૩,૨૬૫ એકર વિસ્તારમાં સિંચાઇનો લાભ મળશે. |

---------

## ગોધરા તાલુકામાં પશુપાલન કિટનું વિતરણ

૧૦૩૬૧ શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કૃષિ મહોત્સવ-૨૦૧૩ માં પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકામાં કેટલા પશુપાલન કિટનું વિતરણ કરવામાં આવ્યું, અને | (૧) ૬૧૦. |
| (૨) તેમાં કેટલા ગામ આવરી લેવામાં આવેલ ? | (૨) ૧૨૨. |

---------

## નર્મદા યોજના આધારિત મહેસાણા જિલ્લામાંથી પસાર થતી નહેરની શાખા-પેટા શાખા નહેરની લંબાઇ

૧૦૪૨૮ શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન — જવાબ

(૧) નર્મદા યોજના આધારિત મહેસાણા જિલ્લામાંથી પસાર થતી નહેરની શાખા તથા પેટાશાખા નહેરની કુલ લંબાઇ કેટલી છે, અને

(૧) મહેસાણા જિલ્લામાંથી પસાર થતી નર્મદા યોજનાની મુખ્ય નહેર, શાખા, વિશાખા, માઇનોર અને સબમાઇનોર નહેરોની કુલ લંબાઇની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | નહેરનો પ્રકાર | કુલ લંબાઇ (કિ.મી.) |
|---|---|---|
| ૧ | મુખ્ય નહેર | ૫૧.૫૮ |
| ૨ | શાખા | ૯૫.૩૫ |
| ૩ | વિશાખા | ૧૫૮.૫૪ |
| ૪ | માઇનોર | ૫૯૦.૮૮ |
| ૫ | સબમાઇનોર | ૧૫૭૪.૭૨ |
| | કુલ | ૨૪૭૧.૦૭ |

(૨) તે પૈકી તા.૩૧-૩-૨૦૧૪ ની સ્થિતિએ કેટલી લંબાઇના કામો પૂર્ણ થયેલ છે ?

(૨) તા.૩૧-૩-૨૦૧૪ ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાંથી પસાર થતી નર્મદા યોજનાની નહેરોની કામગીરીની પૂર્ણ થયેલ લંબાઇની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | નહેરનો પ્રકાર | પૂર્ણ થયેલ લંબાઇ (કિ.મી.) |
|---|---|---|
| ૧ | મુખ્ય નહેર | ૫૧.૫૮ |
| ૨ | શાખા | ૯૫.૩૫ |
| ૩ | વિશાખા | ૧૫૨.૪૬ |
| ૪ | માઇનોર | ૩૫૩.૮૪ |
| ૫ | સબમાઇનોર | ૧૫૩.૧૦ |
| | કુલ | ૮૦૬.૩૩ |

---------

## નર્મદાનાં વધારાનાં પાણીને સૌરાષ્ટ્રમાં પહોંચાડવા બાબત

૧૦૪૩૫ શ્રી વલ્લભભાઇ વ. વઘાસીયા(સાવરકુંડલા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

તા. ૧૫મી જુલાઇ ૨૦૧૪
અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) નર્મદાના વધારાના ૧ મિલિયન એકર ફીટ પાણીને સૌરાષ્ટ્ર વિસ્તારમા પહોંચાડવાનું આયોજન છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આયોજન તા.૩૧-૦૩-૨૦૧૪ ની સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૨) સૌરાષ્ટ્ર વિસ્તારના ૧૧૫ ડેમો નર્મદાના પાણીથી ભરવાની સૌની યોજના ની કામગીરીના પ્રથમ તબક્કાના કામો પ્રગતિ હેઠળ છે. |

---------

મહિસાગર જિલ્લાની નગરપાલિકાઓમાં મંજૂર ભુગર્ભ ગટર યોજના

૧૦૪૬૫ શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ(કાલોલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત મહીસાગર જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧-૦૩-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ભુગર્ભ ગટર યોજનાઓ મંજૂર કરેલ છે, | (૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત મહીસાગર જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧-૦૩-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં (૧) સંતરામપુર (૨) બાલાસિનોરની ભુગર્ભ ગટર યોજનાઓ રૂ.૨૯૨૮.૭૪ લાખના ખર્ચે મંજુર કરેલ છે. |
| (૨) તે પૈકી કેટલી યોજના પૂર્ણ થયેલ છે, અને | (૨) અને (૩) |
| (૩) કેટલી યોજનાની કામગીરી પ્રગતિ હેઠળ છે ? | બંને યોજનાની કામગીરી પ્રગતિ હેઠળ છે. |

---------

ખેડા જિલ્લામાં પોલીસ ખાતાનાં રહેણાંકના મકાનો

૧૦૩૮૫ શ્રી બાલકૃષ્ણ ના. પટેલ(ડભોઇ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન — જવાબ

(૧) ખેડા જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪ માં પોલીસ ખાતાના કેટલા રહેણાંકના મકાનોની કામગીરી હાથ ધરવામાં આવેલ છે, અને

(૧)

| ક્રમ | વર્ષ | મકાનોની સંખ્યા |
| --- | --- | --- |
| ૧. | ૨૦૧૨-૧૩ | ૨૩૧ |
| ૨. | ૨૦૧૩-૧૪ | ૪૮ |
| | કુલ | ૨૭૯ |

(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થવાનો અંદાજ છે ?

(૨) કુલ રૂ.૨૧૪૮.૭૦ લાખ.

---------

ગાંધીનગર મહાનગરપાલિકાને આંતર માળખાકીય કામો માટે ગ્રાન્ટ

૧૦૪૫૮ શ્રી અશોકકુમાર ર. પટેલ(ગાંધીનગર ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ગાંધીનગર મહાનગરપાલિકાને, સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતર માળખાકીય વિકાસના કામો માટે તા.૩૧-૦૩-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કેટલી ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ છે, | (૧) ગાંધીનગર મહાનગરપાલિકાને, સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતર માળખાકીય વિકાસના કામો માટે તા.૩૧-૦૩-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા રૂ.૬૨.૮૭ કરોડની ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી કેટલા કામો પ્રગતિમાં છે, અને | (૨) કુલ ૩ કામો પ્રગતિમાં છે. |
| (૩) કેટલા પૂર્ણ થયેલ છે ? | (૩) કુલ ૧૨ કામો પૂર્ણ થયેલ છે. |

---------

પાટણ જિલ્લામાં પોલીસ અધિકારી/કર્મચારીઓની આરોગ્ય ચકાસણી

૧૦૪૧૦ શ્રી નાગરજી હ. ઠાકોર(રાધનપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન — જવાબ

| | |
|---|---|
| (૧) રાજ્ય સરકારે પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ પોલીસ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની ચકાસણીની સૂચના આપી હોવાની હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૦૩-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં કેટલા પોલીસ કર્મચારી/અધિકારીઓની આરોગ્ય ચકાસણી થઇ છે ? | (૨) ૧,૮૨૬. |

---------

ભાવનગર જિલ્લામાં ફૂલપાક વાવેતર માટે સહાય

૧૦૩૭૫ શ્રી કેશુભાઇ હી. નાકરાણી(ગારીયાધાર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૩-૧૪ માં ફૂલપાક માટે કેટલા લાભાર્થીઓને સહાય ચૂકવવામાં આવી, અને | (૧) ૨૨ લાભાર્થીઓ. |
| (૨) કુલ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ? | (૨) રૂ.૧,૪૯,૬૧૪/-. |

---------

સાબરકાંઠા જિલ્લાની નગરપાલિકાઓમાં મંજૂર ભૂગર્ભ ગટર યોજના

૧૦૪૬૨ શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા(હિંમતનગર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત સાબરકાંઠા જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧-૦૩-૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ભુગર્ભ ગટર યોજનાઓ મંજૂર કરેલ છે, | (૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત સાબરકાંઠા જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧-૦૩-૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એક વડાલી ભુગર્ભ ગટર યોજના કુલ રૂા. ૧૫.૦૯ કરોડના ખર્ચે મંજૂર કરેલ છે. |
| (૨) તે પૈકી કેટલી યોજના પૂર્ણ થયેલ છે, અને<br>(૩) કેટલી યોજનાની કામગીરી પ્રગતિ હેઠળ છે? | (૨) અને (૩)<br>યોજનાની કામગીરી પ્રગતિ હેઠળ છે. |

---------

રાજ્યમાં નવા શહેરી વિકાસ સત્તામંડળોની રચના

૧૦૪૫૭ શ્રી કિશોરભાઇ શિ. કાનાણી(વરાછા રોડ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં કેટલા નવા શહેરી વિકાસ/વિસ્તાર વિકાસ સત્તામંડળોની રચના કરવામાં આવી? | તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં નીચે મુજબના ૪ (ચાર) શહેરી વિકાસ સત્તામંડળોની રચના કરવામાં આવી.<br>૧. હિંમતનગર<br>૨. આણંદ-કરમસદ-વલ્લભવિદ્યાનગર<br>૩. મોરબી-વાંકાનેર<br>૪. સુરેન્દ્રનગર-વઢવાણ |

---------

લખપત અને અબડાસા તાલુકામાં પાતાળકુવાનું શારકામ

૧૦૪૨૨ ડૉ. નીમાબેન આચાર્ય (ભુજ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લાનાં લખપત અને અબડાસા તાલુકાના જુદા જુદા ગામોમાં વર્ષ ૨૦૧૩-૧૪ દરમ્યાન કેટલા ઊંડા પાતાળકુવા શારવામાં આવેલ, | (૧) લખપત તાલુકામાં ૧, અબડાસા તાલુકામાં ૪ ઊંડા પાતાળકુવા તથા આ તાલુકાઓના ગામોની જૂથ પાણી પુરવઠા યોજના માટે નખત્રાણા તાલુકામાં ૧૯ બોર શારવામાં આવેલ છે. આમ કુલ ૨૪ બોરનું શારકામ કરેલ છે. |

| | |
|---|---|
| (૨) તે પૈકીકેટલા ઊંડા પાતાળકુવા સફળ થયેલ છે, અને | (૨) તમામ ૨૪ |
| (૩) સફળ પૈકી કેટલા ઊંડા પાતાળકુવા કાર્યરત કરી પાણી પુરવઠો શરૂ કરવામાં આવેલ? | (૩) તમામ ૨૪ |

---------

ધ્રોલ તાલુકામાં નર્મદા આધારિત પાઈપલાઈનથી પીવાનું પાણી પહોંચાડવા બાબત

૧૧૦૭૧ શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના કાતડા, ડાંગરા, ખાખરા, ધરમપુર, ઈટાળા, રાજપર અને સુધાધુના ગામોમાં ગામ લોકોને પીવાનું પાણી મેળવવા પારાવાર મુશ્કેલી પડી રહી છે તે હકીકત સરકાર જાણે છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો, આ ગામોમાં નર્મદા આધારિત પાઈપ લાઈન દ્વારા પાણી પહોચાડવા અને ઉક્ત સમસ્યાનો હલ કરવા ૩૧ મે ૨૦૧૪ની સ્થિતિએ સરકારે શી વ્યવસ્થા હાથ ધરી છે, અને | (૨) નીચેની વિગતે<br>• રાજપર ગામે નર્મદાનું પાણી ચાલુ થયેલ છે.<br>• કાતડા, ડાંગરા અને ખાખરા ગામોને નર્મદાનું પાણી પહોંચાડવા નર્મદા આધારિત કામો પ્રગતિમાં છે.<br>• તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ મુશ્કેલીવાળા ઈટાળા ગામમાં તા.૩–૪–૨૦૧૪ થી ટેન્કર દ્વારા પાણી પુરવઠો શરૂ કરેલ છે.<br>• સુધાધુ ગામમાં પાઈપલાઈન રીપેરીંગ કરી આજી–૩/નર્મદા પાઈપલાઈન દ્વારા તા.૧૩/૬/૨૦૧૪ થી પાણી પુરવઠો ચાલુ કરેલ છે.<br>• જયારે ધરમપુર ગામે આજી–૩ જુથ યોજના તળેની હયાત લાઈન બદલવાની કામગીરી આયોજન હેઠળ છે.<br>બાકી રહેતા ગામોને માર્ચ–૨૦૧૫ સુધીમાં નર્મદા પાઈપલાઈનથી પાણી આપવાનું આયોજન છે. |
| (૩) આ કામગીરી કયારે શરૂ કરી, પૂર્ણ કરવામાં આવનાર? | (૩) જુલાઈ–૨૦૧૪ થી તબક્કાવાર માર્ચ–૨૦૧૫ સુધી પૂર્ણ કરવામાં આવનાર છે. |

---------

છોટાઉદેપુર જિલ્લાની નગરપાલિકાઓમાં મંજૂર ભુગર્ભ ગટર યોજના

૧૦૪૬૪ શ્રી દિનેશભાઇ બા. પટેલ(પાદરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સ્વર્ણિમ જંયતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત છોટાઉદેપુર જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ભુગર્ભ ગટર યોજનાઓ મંજૂર કરેલ છે. | (૧) સ્વર્ણિમ જંયતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત છોટાઉદેપુર જિલ્લાની નગરપાલીકાઓમાં તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એક છોટાઉદેપુર ભુગર્ભ ગટર યોજના રૂા. ૨૪૩૫.૫૦ લાખના ખર્ચે મંજૂર કરેલ છે. |
| (૨) તે પૈકી કેટલી યોજના પૂર્ણ થયેલ છે, અને<br>(૩) કેટલી યોજનાની કામગીરી પ્રગતિ હેઠળ છે? | (૨) અને (૩)<br>યોજનાનું કામ પ્રગતિ હેઠળ છે. |

---------

ખાનપુર તાલુકાની ભાદર સિંચાઈ અને મહી કડાણા ડાબાકાંઠા નહેરને ફલડ ડેમજની ગ્રાન્ટ

૯૦૮૧ પ્રો. હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ મહીસાગર જિલ્લાના ખાનપુર તાલુકાની ભાદર સિંચાઈ યોજના અને લુણાવાડા, સંતરામપુર, કડાણાની મહીકડાણા ડાબા કાંઠા નહેર વિભાગને છેલ્લા બે વર્ષમાં ફલડ ડેમેજની આ બંને યોજનાઓને વર્ષ વાર કુલ કેટલી ગ્રાંટ ફાળવવામાં આવી, અને

(૨) ફાળવવામાં આવેલ ગ્રાંટ પૈકી વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

જવાબ

(૧) તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ મહીસાગર જિલ્લાના ખાનપુર તાલુકાની ભાદર સિંચાઈ યોજના અને લુણાવાડા, સંતરામપુર, કડાણાની મહી કડાણા ડાબાકાંઠા નહેરમાં છેલ્લા બે વર્ષમાં ફલડ ડેમેજની ફાળવેલ ગ્રાંટની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | યોજનાનું નામ | વર્ષ ૨૦૧૨-૧૩ (રૂા. લાખમાં) | વર્ષ ૨૦૧૩-૧૪ (રૂા. લાખમાં) |
|---|---|---|---|
| ૧ | ભાદર સિંચાઈ યોજના | ૦.૦૦ | ૩૧.૦૦ |
| ૨ | કડાણા ડાબાકાંઠા મુખ્ય નહેર | ૦.૦૦ | ૩૫.૯૦ |

(૨) ભાદર સિંચાઈ યોજના અને કડાણા ડાબાકાંઠા મુખ્ય નહેરમાં છેલ્લા બે વર્ષમાં ફલડ ડેમેજમાં થયેલ વર્ષવાર ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | યોજનાનું નામ | વર્ષ ૨૦૧૨-૧૩ (રૂા. લાખમાં) | વર્ષ ૨૦૧૩-૧૪ (રૂા. લાખમાં) |
|---|---|---|---|
| ૧ | ભાદર સિંચાઈ યોજના | ૦.૦૦ | ૩૧.૦૦ |
| ૨ | કડાણા ડાબાકાંઠા મુખ્ય નહેર | ૦.૦૦ | ૩૫.૯૦ |

---------

બનાસકાંઠા જિલ્લામાં ટ્રેકટર સહાયની અરજીઓ

૧૧૧૨૭ શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) સને ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪માં બનાસકાંઠા જિલ્લામાં ટ્રેકટર સહાયની કેટલી અરજીઓ વર્ષવાર મળી છે,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી તા.૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ વર્ષવાર સહાય ચૂકવવામાં આવી,

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી અને તેના શા કારણો છે, અને

(૪) બાકીની અરજીઓ ક્યાં સુધીમાં મંજૂર કરી સહાય ચૂકવવા આવનાર છે?

જવાબ

(૧) સને ૨૦૧૨-૧૩માં ૩૯૫૪
સને ૨૦૧૩-૧૪માં ૩૨૦

(૨) સને ૨૦૧૨-૧૩માં ૧૭૨૩
સને ૨૦૧૩-૧૪માં ૨૪૧
સને ૨૦૧૪-૧૫માં ૨૮
(તા.૩૧-૫-૨૦૧૪ સુધીમાં)

(૩) નિયત શરતો અને બોલીઓ મુજબની દરખાસ્તો મળેલ ન હોઈ તેમજ ખરીદવા પ્રાથમિક મંજુરી આપવા છતાં મોટાભાગના અરજદારો દ્વારા ટ્રેકટર ખરીદેલ નથી. તે કારણે ૨૨૧૧ અરજીઓ નામંજુર કરવામાં આવી.

(૪) વહેલામાં વહેલી તકે.

---------

ખેડા જિલ્લાની નગરપાલિકાઓમાં મંજૂર ભુગર્ભ ગટર યોજના

તા. ૧૫મી જુલાઇ ૨૦૧૪
અતારાંકિત પ્રશ્નો

૧૦૪૬૬ શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા(ઠક્કરબાપાનગર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ખેડા જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧–૦૩–૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ભુગર્ભ ગટર યોજનાઓ મંજૂર કરેલ છે, | (૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ખેડા જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧–૦૩–૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં (૧) કઠલાલ (૨) કણજરી (૩) ઠાસરા (૪) ચકલાસી અને (૫) મહેમદાવાદ એમ પાંચ ભુગર્ભ ગટર યોજનાઓ રૂા. ૯૩૮૪.૫૨ લાખના ખર્ચે મંજૂર કરેલ છે. |
| (૨) તે પૈકી કેટલી યોજના પૂર્ણ થયેલ છે, અને | (૨) કોઈ કામો પૂર્ણ થયેલ નથી. |
| (૩) કેટલી યોજનાની કામગીરી પ્રગતિ હેઠળ છે? | (૩) (૧) કઠલાલ (૨) કણજરી (૩) ઠાસરા અને (૪) મહેમદાવાદ એમ ચાર યોજનાઓની કામગીરી પ્રગતિ હેઠળ છે. ચકલાસી યોજના ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે. |

---------

મોરબી જિલ્લા કલેકટર કચેરીમાં, રાજકોટ જિલ્લામાંથી ફાળવેલ જગાઓ

૧૦૪૭૯ શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે નવા રચાયેલ જિલ્લાઓની કલેકટર કચેરીઓના જુના જિલ્લામાંથી જગ્યાઓ ફાળવેલ છે કે કેમ, | (૧) હા, |
| (૨) જો હા, તો મોરબી જિલ્લામાં કલેકટર કચેરીને રાજકોટ જિલ્લામાંથી કેટલી જગ્યાઓ ફાળવવામાં આવી, અને | (૨) |

| ક્રમ | સંવર્ગ | રાજકોટ જિલ્લામાંથી તબદીલ થયેલ જગ્યાઓ |
| --- | --- | --- |
| ૧ | ના.મામ. | ૫૭ |
| ૨ | કારકુન | ૫૪ |
| ૩ | કા.ક.ટા. | ૦૨ |
| ૪ | ટાઈપિસ્ટ | ૦૨ |
| ૫ | રેવ. તલાટી | ૩૪ |

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૩) આ જગ્યાઓ સામે કેટલા કર્મચારીઓ ફાળવવામાં આવ્યા? | (૩) |

| ક્રમ | સંવર્ગ | મોરબી જિલ્લામાં ફાળવેલ કર્મચારીઓ |
| --- | --- | --- |
| ૧ | ના.મામ. | ૩૫ |
| ૨ | કારકુન | ૪૨ |
| ૩ | કા.ક.ટા. | ૦૦ |
| ૪ | ટાઈપિસ્ટ | ૦૦ |
| ૫ | રેવ. તલાટી | ૨૭ |

---------

દાહોદ શહેર નગરપાલિકાના પીવાના પાણી માટેના મંજૂર કામ

૯૬૮૬ શ્રી વજેસિંગભાઇ પા.પણદા(દાહોદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ સ્વર્ણિમ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત દાહોદ શહેર નગરપાલીકાને પીવાના પાણીના કેટલા કામો છેલ્લા બે વર્ષમાં મંજૂર કરવામાં આવ્યા, અને | (૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્વર્ણિમ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત દાહોદ શહેર નગરપાલિકાને પીવાના પાણીની દાહોદ (ભાગ–૨)ની યોજનાનું કામ રૂા. ૫.૩૧ કરોડના ખર્ચે મંજૂર કરવામાં આવેલ છે. |

(૨) ઉક્ત સ્થિતિએ મંજૂર થયેલ કેટલા કામો પૂર્ણ થયા અને કેટલા પ્રગતિમાં છે?

(૨) યોજનાનું કામ પ્રગતિ હેઠળ છે.

---------

છોટાઉદેપુર જિલ્લાની નગરપાલિકાઓમાં મંજૂર પાણી પુરવઠા યોજના

૧૦૪૭૩ શ્રી મધુભાઇ બા. શ્રીવાસ્તવ(વાઘોડિયા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત છોટાઉદેપુર જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી પાણી પુરવઠા યોજનાઓ મંજૂર કરેલ છે, અને

(૨) તેમાં કેટલા કામો પૂર્ણ થયેલ છે, અને

(૩) કેટલા કામો પ્રગતિમાં છે ?

જવાબ

(૧) છોટાઉદેપુર જિલ્લાની એક માત્ર છોટાઉદેપુર નગરપાલિકાની પાણી પુરવઠા યોજના બે વર્ષ અગાઉ મંજૂર કરેલ હોઈ, છેલ્લા બે વર્ષમાં કોઈ યોજના મંજૂર કરેલ નથી.

(૨) અને (૩) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

રાયડી જૂથ પાણી પુરવઠા યોજનાની વિજીલન્સ તપાસ

૧૦૨૪૭ શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ રાયડી જૂથ પાણી પુરવઠા યોજનાની કામગીરી માટે વિજીલન્સ તપાસ કરવામાં આવેલ તે ખરૂ છે,

(૨) જો હા, તો આ તપાસ ક્યારે શરૂ કરવામાં આવેલ અને આ તપાસની કામગીરી પૂર્ણ થયેલ છે કે કેમ, અને

(૩) આ યોજનાના અધુરા કામો પૂર્ણ કરાવવા માટે શું આયોજન કરવામાં આવેલ છે ?

જવાબ

(૧) હા, જી.

(૨) માહે ૨/૨૦૦૫ માં તપાસ શરૂ કરવામાં આવેલ અને તપાસની કામગીરી પૂર્ણ થયેલ છે.

(૩) યોજનાના અધુરા કામો પૂર્ણ કરવા માટે સુધારેલી યોજના તૈયાર કરી ટેન્ડરો માંગવામાં આવેલ છે. જે મંજૂર થયે કામો પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

ગાંધીનગર જિલ્લામાં પોલીસ ખાતાનાં રહેણાંક મકાનો

૧૦૩૮૬ શ્રી શંભુજી એ. ઠાકોર(ગાંધીનગર–દક્ષિણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ગાંધીનગર જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ માં પોલીસ ખાતાના કેટલા રહેણાંક મકાનોના કામો પૂર્ણ કરવામાં આવેલ છે, અને

(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ?

જવાબ

(૧)

| ક્રમ | વર્ષ | મકાનોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૧૨–૧૩ | ૦૦ |
| ૨ | ૨૦૧૩–૧૪ | ૩૬ |
| | કુલ | ૩૬ |

(૨) કુલ રૂ.૨૯૩.૪૬ લાખ.

---------

ભાણવડ તાલુકામાં પશુપાલન કીટનું વિતરણ

૧૦૩૫૦ શ્રી ચીમનભાઇ ધ. શાપરીયા(જામજોધપુર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) કૃષિ મહોત્સવ–૨૦૧૩ માં જામનગર જિલ્લાના ભાણવડ તાલુકામાં કેટલા પશુપાલન કીટનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) તેમાં કેટલા ગામ આવરી લેવામાં આવેલ ?

જવાબ

(૧) ૨૭૫

(૨) ૫૫

તા. ૧૫મી જુલાઇ ૨૦૧૪

અતારાંકિત પ્રશ્નો

---------

રાજકોટ જિલ્લામાં બિનખેતીની અરજીઓ

૧૦૪૮૫ શ્રી પ્રવીણભાઇ માંકડીયા(ધોરાજી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧−૫−૨૦૧૪ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં બિન ખેતીની કેટલી અરજીઓ આવી, | (૧) ૨૧૪૫ અરજીઓ. |
| (૨) કેટલી મંજૂર કરવામાં આવી અને કેટલી નામંજૂર કરવામાં આવી, અને | (૨) મંજૂર અરજીઓ−૧૦૪૫<br>નામંજૂર અરજીઓ−૪૩૪ |
| (૩) નામંજૂર કરવાના કારણો શા છે ? | (૩) પ્લાનમાં યોગ્ય હદ જળવાયેલ ન હોઈ, સીવીલ કોર્ટમાં વિવાદ ચાલતો હોઈ, શરતભંગ થયેલ હોઈ, જમીનનું ટાઇટલ ક્ષતિગ્રસ્ત હોઈ, સંબંધિત ખાતા/વિભાગોનાં સમયમર્યાદામાં ના−વાંધા પ્રમાણપત્રો તેમજ અભિપ્રાય રજૂ ન થવાને કારણે, નિયત સમયમર્યાદામાં પૂર્તતાઓ રજૂ ન થયેલ હોઈ. |

---------

ખેડા જિલ્લાની નગરપાલિકાઓમાં મંજૂર પાણી પુરવઠા યોજના

૧૦૪૭૫ ર્ડા. નિર્મલાબેન સુ. વાધવાણી (નરોડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ખેડા જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧−૩−૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી પાણી પુરવઠા યોજનાઓ મંજૂર કરેલ છે, અને | (૧) સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ખેડા જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧−૩−૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બે યોજનાઓ (૧) કપડવંજ (ભાગ−૨) અને કણજરી રૂ. ૪૦૮.૩૦ લાખના ખર્ચે મંજૂર કરેલ છે. |
| (૨) તેમાં કેટલા કામો પૂર્ણ થયેલ છે, અને<br>(૩) કેટલા કામો પ્રગતિમાં છે ? | (૨) અને (૩) : કણજરીની કામગીરી પ્રગતિમાં છે. જયારે કપડવંજ (ભાગ−૨) ની કામગીરી ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે. |

---------

ભાવનગર જિલ્લામાં તળાવો ઉંડા કરવા બાબત

૧૦૪૩૮ શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(ભાવનગર−પૂર્વ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧−૧−૨૦૧૩ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા તળાવો ઉંડા કરવામાં આવ્યા, | (૧) ૨૭૫ |
| (૨) તે પાછળ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, | (૨) તા.૧−૨−૧૧ થી તા.૩૧−૧−૧૨ રૂ.૯૩૦.૩૧ લાખ.<br>તા.૧−૨−૧૨ થી તા.૩૧−૧−૧૩ રૂ.૮૮૩.૭૬ લાખ. |
| (૩) ઉકત તળાવો ઉંડા કરવાથી જળસંગ્રહ શકિતમાં કેટલો વધારો થયો, અને | (૩) ૨૨૮.૭૩ એમ.સી.એફ.ટી. |
| (૪) કેટલા વધારાના વિસ્તારને સિંચાઇનો લાભ મળ્યો? | (૪) ૫૨૯૫ હેકટર. |

---------

વાલીયા તાલુકામાં ગામની આંતરિક પેયજળ યોજના અન્વયે યોજનાઓ

૧૦૪૧૬ શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ હેઠળ ગામની આંતરીક પેયજળ યોજના અન્વયે ભરૂચ જિલ્લાનાં વાલીયા તાલુકામાં તા.૩૦-૪-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૮ યોજનાઓ મંજૂર કરવામાં આવી. |
| (૨) મંજૂર કરેલ ઉકત યોજનાઓની કુલ અંદાજીત કિંમત કેટલી છે ? | (૨) રૂ.૯૯.૮૨ લાખ. |

---------

અમરેલી, કુંકાવાવ અને વડીયા તાલુકાને મહીપરિએજ યોજનાથી પીવાનું પાણી આપવા બાબત

૯૭૮૯ શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ અમરેલી, કુંકાવાવ, વડીયા તાલુકાના કુલ કેટલા ગામોનું પીવાના પાણી માટે મહી પરિએજ યોજનામાં જોડાણ કરવામાં આવેલ છે.

(૨) તે પૈકી કુલ કેટલા અને ક્યા ક્યા ગામોમાં મહીપરિએજ થી પહોંચાડવામાં આવતું પાણીનો સંગ્રહ કરવા માટે સ્થાનિક કક્ષાએ પૂરતી વ્યવસ્થા નથી.

(૩) તે પૈકી પાણી સંગ્રહની ઘટ ધરાવતા ગામોને જરૂરીયાત મુજબના ભૂગર્ભ સંપ બનાવી આપવા સરકારનું શું આયોજન છે,

**જવાબ**

(૧) તા.૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ

- અમરેલી તાલુકાના ૭૦ ગામો
- કુંકાવાવ-વડીયા તાલુકાના ૪૫ ગામો.

(૨) પરિશિષ્ટ મુજબના અમરેલી તાલુકાના ૧૮ ગામો અને કુંકાવાવ-વડીયા તાલુકાના ૨૨ ગામોમાં.

પરિશિષ્ટ

| અ.નં. | ગામનું નામ | અ.નં. | ગામનું નામ |
|---|---|---|---|
| અમરેલી તાલુકો | | વડીયા-કુંકાવાવ તાલુકો | |
| ૧ | રાજસ્થળી | ૧ | હનુમાન ખીજડીયા |
| ૨ | ખડ ખંભાળીયા | ૨ | વાવડી |
| ૩ | હરીપરા | ૩ | તાલાળી |
| ૪ | ગરીયા | ૪ | દેવગામ |
| ૫ | મોણપુર | ૫ | નવા ઉજળા |
| ૬ | પીપળલગ | ૬ | મોરવાડા |
| ૭ | સાંગાડેરી | ૭ | ખાન ખીજડીયા |
| ૮ | ટીંબા | ૮ | ખડખડ |
| ૯ | વેણીવદર | ૯ | સૂર્ય પ્રતાપગઢ |
| ૧૦ | અમરાપુર વરુડી | ૧૦ | ભુખલી સાંથળી |
| ૧૧ | ભંડારીયા મોટા | ૧૧ | બરવાળા બાવળ |
| ૧૨ | ગાવડકા | ૧૨ | ઢુંઢીયા પીપરીયા |
| ૧૩ | માલવણ | ૧૩ | અરજણસુખ |
| ૧૪ | ઢોલરવા | ૧૪ | બાંટવા દેવળી |
| ૧૫ | કાઠમા | ૧૫ | ખજુરી પીપરીયા |
| ૧૬ | ખીજડીયા રાદડીયા | ૧૬ | ખજુરી |
| ૧૭ | બક્ષીપુર | ૧૭ | જંગર |
| ૧૮ | માંગવાપાળ | ૧૮ | કોલડા |
| | | ૧૯ | અમરાપુર |
| | | ૨૦ | લાખાપાદર |
| | | ૨૧ | લુણીધાર |
| | | ૨૨ | દેવળકી |

(૩), (૪) અને (૫) : ભૂગર્ભ સંપ બનાવવા અંદાજપત્રકો હાલ ચકાસણી હેઠળ છે. જેને સક્ષમતા અનુસાર

(૪) ઉપરોકત પાણી સંગ્રહની ઘટ ધરાવતા ગામોને ભૂગર્ભ સંપ બનાવી આપવાની પડતર માંગણીઓને કયારે સૈધ્ધાંતિક તાંત્રિક અને વહીવટી મંજૂરી આપવામાં આવશે, અને

(૫) ઉપરોકત પડતર માંગણીવાળા કામોને કેટલા સમયમાં પૂર્ણ કરાવવામાં આવશે ?

ત્વરિત મંજૂરીઓ આપી ભાવ પત્રકો મંગાવી, આવેલ ભાવોની ચકાસણી અને મંજૂરીની પ્રક્રિયા થયે ૬ માસમાં કામ પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

આણંદ જિલ્લામાં કુલપાક વાવેતર માટે સહાય

૧૦૩૭૨ શ્રી જીતેન્દ્ર ર. સુખડીયા(સયાજીગંજ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં કુલપાક વાવેતર માટે સહાયની કોઈ યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો વર્ષ ૨૦૧૩–૧૪ માં કેટલા ખેડૂતોને કુલ કેટલી રકમની સહાય આપવામાં આવેલ છે ? | (૨) ૫૧ ખેડૂતોને રૂ.૩,૩૧,૯૭૯/– |

---------

સુરેન્દ્રનગર જિલ્લામાં પોલીસ ખાતાનાં બિનરહેણાંક મકાનો

૧૦૩૮૭ શ્રી શામજીભાઇ ભી. ચૌહાણ(ચોટીલા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ માં પોલીસ ખાતાના કેટલા બિનરહેણાંક મકાનોના કામો પૂર્ણ કરવામાં આવેલ છે, અને

(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ?

જવાબ

(૧)

| ક્રમ | વર્ષ | મકાનોની સંખ્યા |
|---|---|---|
| ૧. | ૨૦૧૨–૧૩ | ૦૧ |
| ૨. | ૨૦૧૩–૧૪ | ૦૧ |
| | કુલ | ૦૨ |

(૨) કુલ રૂ.૧૮૪.૫૮ લાખ.

---------

બોટાદ જિલ્લાની નગરપાલિકાઓમાં મંજૂર પાણી પુરવઠા યોજના

૧૦૪૭૧ ડૉ. ટી. ડી.માણીયા(બોટાદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત બોટાદ જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧–૦૩–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી પાણી પુરવઠા યોજનાઓ મંજૂર કરેલ છે, અને | (૧) સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત બોટાદ જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧–૦૩–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બે (૧) બોટાદ (સુધારેલ) અને (૨) બરવાળાની પાણી પુરવઠા યોજનાઓ રૂ.૪૮.૫૫ કરોડના ખર્ચે મંજૂર કરેલ છે. |
| (૨) તેમાં કેટલા કામો પૂર્ણ થયેલ છે, અને<br>(૩) કેટલા કામો પ્રગતિમાં છે ? | (૨) અને (૩)<br>બોટાદ (સુધારેલ) ભાગ–(૧) પૂર્ણ થયેલ છે. બોટાદ સુધારેલ ભાગ–(૨) અને બરવાળાના કામો ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે. |

---------

પાટણ–ડીંડરોલ ઉદવહન પાઇપ લાઇનની કામગીરી

૧૦૪૪૫ શ્રી રણછોડભાઇ મ. દેસાઇ(પાટણ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧ માર્ચ–૨૦૧૪ ની સ્થિતિએ નર્મદા મુખ્ય નહેર આધારિત પાટણ–ડીંડરોલ ઉદવહન પાઇપ લાઇનની કામગીરી ક્યા તબક્કે છે, | (૧) કામગીરી પ્રગતિ હેઠળ છે. |
| (૨) તા.૩૧–૦૩–૨૦૧૪ સુધીમાં આ યોજના | (૨) રૂ.૮૮.૭૮ કરોડ. |

પાછળ કેટલો ખર્ચ થયેલ છે, અને

| | |
|---|---|
| (૩) આ પાઇપ લાઇન અંતર્ગત ક્યા ક્યા તાલુકાના તળાવો, પાઇપ લાઇન સાથે જોડવામાં આવનાર છે ? | (૩) પાટણ તાલુકાના – ૭<br>સિધ્ધપુર તાલુકાના – ૧૭<br>એમ કુલ ૨૪ તળાવો જોડવામાં આવનાર છે. |

---------

પિયજથી ધરોઇ પાઈપ લાઇન સાથે મહેસાણા જિલ્લાના ગામ તળાવો જોડવા બાબત

૧૦૪૪૬ શ્રી નારાયણભાઇ લ. પટેલ (ઉંઝા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા મુખ્ય નહેર આધારિત પિયજથી ધરોઇ પાઇપ લાઇન ક્યારથી કાર્યરત કરવામાં આવેલ છે, | (૧) માહે ઓક્ટોબર–૨૦૦૪ થી. |
| (૨) આ પાઇપ લાઇન સાથે મહેસાણા જિલ્લાના ક્યા તાલુકાના ગામ તળાવો જોડવામાં આવેલ છે, અને | (૨) વિજાપુર તાલુકાના–૧૧<br>વડનગર તાલુકાના–૦૧ અને<br>ખેરાલુ તાલુકાના – ૦૩<br>આમ કુલ ૧૫ તળાવો જોડવામાં આવેલ છે. |
| (૩) તે પૈકી તા.૩૧–૩–૨૦૧૪ સુધીમાં કેટલા ગામ તળાવોમાં પાણી આપવામાં આવેલ છે ? | (૩) તમામ ૧૫ તળાવોમાં પાણી આપવામાં આવેલ છે. |

---------

ડાંગ જિલ્લામાં હેન્ડ પંપ

૧૦૪૨૧ શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડાંગ જિલ્લામાં વર્ષ ૨૦૧૩–૧૪ દરમ્યાન કેટલા હેન્ડ પંપ મંજૂર કર્યા, | (૧) ૫૦૦ હેન્ડપંપ. |
| (૨) તે પૈકી કેટલા પૂર્ણ થયેલ છે, અને | (૨) તમામ ૫૦૦ હેન્ડપંપો સારેલછે. |
| (૩) બાકી રહેતા હેન્ડપંપ પૂર્ણ કરવાનું શું આયોજન છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

ધાનેરા તાલુકામાં ગામની આંતરીક પેયજળ યોજના અન્વયે યોજનાઓ

૧૦૪૧૯ શ્રી પરબતભાઇ સ. પટેલ (થરાદ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ હેઠળ ગામની આંતરીક પેયજળ યોજના અન્વયે બનાસકાંઠા જિલ્લાનાં ધાનેરા તાલુકામાં તા.૩૦–૦૪–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૧૦ યોજનાઓ મંજુર કરવામાં આવી. |
| (૨) મંજૂર કરેલ ઉક્ત યોજનાઓની કુલ અંદાજિત કિંમત કેટલી છે ? | (૨) રૂ.૧૬૧.૪૦ લાખ. |

---------

લખપત તાલુકાના ઉમરસર ગામમાં મટી ગયેલ ખેડૂતોને પ્રમાણપત્ર આપવા બાબત

૧૦૮૮૩ શ્રી શકિતસિંહજી હ. ગોહિલ (અબડાસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ કચ્છ જિલ્લાના લખપત તાલુકાના ઉમરસર ગામના ખેડૂતોની જમીન જીએમડીસી દ્વારા સંપાદન કરવામાં આવેલ છે અને જે ખેડૂતોની જમીન સંપાદન થયેલ છે તે ખેડૂત મટી ગયેલ છે તેઓને ખેતીની જમીન ખરીદ કરી શકે તે માટે પ્રમાણપત્ર આપવા માંગણી કરી છે તે હકીકત ખરી છે, અને | (૧) હા,જી. |

(૨) જો હા, તો આ માંગણી સંદર્ભે શાં પગલાં લીધા છે ? (૨) વિચારણા હેઠળ છે.

---------

ગીર સોમનાથ જિલ્લા કલેક્ટર કચેરીમાં, જુનાગઢ જિલ્લામાંથી ફાળવેલ જગ્યાઓ

૧૦૪૭૮ શ્રી જસાભાઇ ભા. બારડ(સોમનાથ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે નવા રચાયેલ જિલ્લાઓની કલેક્ટર કચેરીઓમાં જુના જિલ્લામાંથી જગ્યાઓ ફાળવેલ છે કે કેમ,

(૧) હા.

(૨) જો હા, તો ગીર સોમનાથ જિલ્લામાં કલેક્ટર કચેરીને જુનાગઢ જિલ્લામાંથી કેટલી જગ્યાઓ ફાળવવામાં આવી, અને

(૨)

| ક્રમ | સંવર્ગ | જુનાગઢ જિલ્લામાંથી ફાળવેલ જગ્યાઓ |
|---|---|---|
| ૧ | ના.મામ. | ૯૧ |
| ૨ | કારકુન | ૪૯ |
| ૩ | રેવ. તલાટી | ૩૭ |

(૩) આ જગ્યાઓ સામે કેટલા કર્મચારીઓ ફાળવવામાં આવ્યા ?

(૩)

| ક્રમ | સંવર્ગ | ફાળવેલ કર્મચારીઓ |
|---|---|---|
| ૧ | ના.મામ. | ૬૧ |
| ૨ | કારકુન | ૩૬ |
| ૫ | રેવ. તલાટી | ૨૪ |

---------

દાહોદ જિલ્લામાં જમીન મહેસૂલ નિયમોના નિયમ ૧૦૮(૬) હેઠળ બાકી કેસ

૧૦૪૯૨ શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપુરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) દાહોદ જિલ્લામાં તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ જમીન મહેસૂલ નિયમોના નિયમ ૧૦૮(૬) હેઠળના કેટલા કેસો બાકી છે અને તે પૈકી એક વર્ષ પરના કેટલા અને ૬ માસ સુધીના કેટલા છે, અને

(૧) બાકી કેસો – ૩૭
એક વર્ષ પરના – " શુન્ય "
૬ માસ સુધીના– ૩૬.

(૨) ઉક્ત બાકી કેસો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

(૨) અર્ધન્યાયીક પ્રક્રિયા હોવા છતાં સત્વરે.

---------

એસ.આર.પી. જૂથ–૧૩ ઘં ટેશ્વર, રાજકોટ ખાતે પોલીસ કોમ્યુનીટી હોલ

૧૦૪૦૦ શ્રી જયરાજસિંહ ટે. જાડેજા(ગોંડલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) રાજ્યના પોલીસ કર્મચારીઓના પરિવારના સભ્યો સાંસ્કૃતિક પ્રવૃત્તિ કરી શકે તે માટે કોમ્યુનીટી હોલ બનાવવાનું આયોજન છે, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો તા.૩૧–૦૩–૨૦૧૪ ની સ્થિતિએ એસ.આર.પી. જૂથ–૧૩, ઘંટેશ્વર, રાજકોટની કચેરી હસ્તક કેટલા પોલીસ કોમ્યુનીટી હોલ ઉપલબ્ધ છે ?

(૨) એસ.આર.પી. જૂથ–૧૩, ઘંટેશ્વર, રાજકોટની કચેરી હસ્તક ૧(એક) કોમ્યુનીટી હોલ ઉપલબ્ધ છે.

---------

ખેડા જિલ્લામાં મહી સિંચાઇ યોજનાની નહેરોની લંબાઇ

અતારાંકિત પ્રશ્નો

૧૦૪૪૩ શ્રી જયંતિભાઇ સ. રાઠવા(જેતપુરપાવી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૪ ની સ્થિતિએ ખેડા જિલ્લામાં મહી સિંચાઇ યોજનાની કેટલી લંબાઈની નહેરો છે, | (૧) કુલઃ ૧૪૯૭.૧૪ કિ.મી.. |
| (૨) આ પૈકી કેટલી લંબાઈની નહેરો પાકી અને કેટલી કાચી છે અને, | (૨) તે પૈકી ૮૫૯.૭૧ કિ.મી. લંબાઈની પાકી નહેરો છે અને ૬૩૭.૪૩ કિ.મી. લંબાઈની કાચી નહેરો છે. |
| (૩) આ કાચી નહેરો પાકી કરવાનું શું આયોજન છે ? | (૩) તા.૩૦-૦૬-૨૦૧૪ સુધીમાં ૧૦૩.૫૨ કિ.મી. લંબાઈની નહેરો પાકી કરવાનું કામ પૂર્ણ કરેલ છે અને બાકી રહેતી ૫૩૩.૯૧ કિ.મી. લંબાઈની કાચી નહેરો જરૂરીયાત મુજબ તબક્કાવાર પાકી કરવાનુ આયોજન છે. |

---------

જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પોલીસ મહેકમ

૯૨૧૧ શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૪ ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર પોલીસનું સંવર્ગવાર મહેકમ કેટલું મંજૂર થયેલ છે, | (૧) *પત્રકઃ ૧ મુજબ |
| (૨) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે, અને | (૨) *પત્રકઃ ૨ મુજબ |
| (૩) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૩) વહીવટી અનુકુળતા મુજબ ભરવામાં આવશે. |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

દાહોદ જિલ્લામાં બંધ પડેલ જૂથ પાણી પુરવઠા યોજનાઓ

૧૦૩૧૩ શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૪ ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલી જૂથ પાણી પુરવઠા યોજનાઓ બંધ પડેલ છે અને બંધ પડવાના કારણો શા છે, અને | (૧) એક પણ નહીં. |
| (૨) આ યોજનાઓ પુનઃ ચાલુ કરવા સરકારે શું આયોજન કરેલ છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

નવસારી જિલ્લામાં હક્ક પત્રક નોંધોનો નિકાલ બાકી

૧૦૪૯૮ શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ(નવસારી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) નવસારી જિલ્લામાં તા.૩૧-૦૫-૨૦૧૪ ની સ્થિતિએ કેટલી હક્ક પત્રક નોંધોનો નિકાલ બાકી છે, અને | (૧) ૬૨૮ |
| (૨) આ બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે ? | (૨) બનતી ત્વરાએ. |

---------

લખપત તાલુકામાં પશુપાલન કીટનું વિતરણ

૧૦૩૪૨ શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) કૃષિ મહોત્સવ-૨૦૧૩માં કચ્છ જિલ્લાના લખપત તાલુકામાં કેટલા પશુપાલન કીટનું વિતરણ કરવામાં આવ્યું, અને | (૧) ૪૩૦ |
| (૨) તેમાં કેટલા ગામ આવરી લેવામાં આવેલ ? | (૨) ૮૬ |

તા. ૧૫મી જુલાઇ ૨૦૧૪
અતારાંકિત પ્રશ્નો

---------

રાજ્યના પોલીસદળમાં હથિયારધારી અને બિનહથિયારધારી પોલીસ સંવર્ગને એક કરવા દરખાસ્ત

૧૦૩૨૦ શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ રાજ્યના પોલીસદળમાં હથિયારધારી પોલીસો અને બિનહથિયારધારી પોલીસ સંવર્ગને એક કરવા માટેની દરખાસ્ત રાજ્ય સરકારને ક્યારે મળી, અને | (૧) આવી કોઇ દરખાસ્ત મળેલ નથી. |
| (૨) મળેલ દરખાસ્ત પછી રાજ્ય સરકારે શી કાર્યવાહી કરી અને કેટલા સમયમાં આ દરખાસ્ત મંજૂર થશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

કચ્છ જિલ્લામાં નર્મદા નહેરનાં કામો

૧૦૪૨૯ શ્રી પંકજ અ. મહેતા (રાપર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૪ ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં નર્મદા નહેરનાં કુલ કેટલા કામો પ્રગતિમાં છે, અને | (૧) તા.૩૧–૦૩–૨૦૧૪ ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં નર્મદા યોજનાની કચ્છ શાખા નહેર અને તેની બે પેટા શાખા નહેરનાં ૧૮ કામો તથા કચ્છ શાખા નહેરના ત્રણ પમ્પીંગ સ્ટેશનનાં કામો પ્રગતિમાં છે. |
| (૨) આ કામો પાછળ કુલ કેટલો અંદાજિત ખર્ચ થશે ? | (૨) પ્રગતિ હેઠળના કચ્છ શાખા નહેર અને તેની બે પેટા શાખા નહેરનાં ૧૮ કામો માટે રૂ।.૧૮૪૦.૦૬ કરોડ તથા કચ્છ શાખા નહેરના ત્રણ પમ્પીંગ સ્ટેશનના કામો માટેના રૂ।.૫૧૪.૭૩ કરોડ સાથે કુલ રૂ।.૨૩૫૪.૭૯ કરોડનો અંદાજિત ખર્ચ થશે. |

---------

આણંદ જિલ્લામાં પોલીસ સ્ટેશન અને આઉટ પોસ્ટ ચોકી

૧૧૬૯૬ શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ આણંદ જિલ્લામાં કેટલા પોલીસ સ્ટેશન અને આઉટ પોસ્ટ ચોકી કાર્યરત છે, | (૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ આણંદ જિલ્લામાં ૨૦ પોલીસ સ્ટેશન, ૧૭ આઉટ પોસ્ટ અને ૧૮ પોલીસ ચોકી કાર્યરત છે. |
| (૨) તે પૈકી કેટલા આઉટ પોસ્ટ ચોકીના મકાનો જર્જરિત હાલતમાં છે, અને તેના કારણે કેટલી આઉટ પોસ્ટ ચોકીઓ બંધ છે, અને | (૨) આઉટ પોસ્ટના ૨(બે) અને ચોકીના ૩(ત્રણ) મકાનો જર્જરિત હાલતમાં છે. અલબત્ત, વૈકલ્પિક વ્યવસ્થાથી તે તમામ કાર્યરત છે. |
| (૩) ઉક્ત નવા મકાન બનાવવાનું શું આયોજન છે ? ? | (૩) નાણાંકીય ઉપલબ્ધતા મુજબ નવા મકાનો બનાવવાનું આયોજન છે. |

---------

માણાવદર તાલુકામાં પશુપાલન કિટનું વિતરણ

૧૦૩૪૬ શ્રી અરવિંદભાઇ કે. લાડાણી(કેશોદ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કૃષિ મહોત્સવ–૨૦૧૩માં જૂનાગઢ જિલ્લાના માણાવદર તાલુકામાં કેટલા પશુપાલન કિટનું વિતરણ કરવામાં આવ્યું, અને | (૧) ૨૭૫ |
| (૨) તેમાં કેટલા ગામ આવરી લેવામાં આવેલ ? | (૨) ૫૫ |

---------

આહવા તાલુકામાં પશુ આરોગ્ય મેળા

અતારાંકિત પ્રશ્નો

૧૦૩૫૭ શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કૃષિ મહોત્સવ-૨૦૧૩માં ડાંગ જિલ્લાના આહવા તાલુકામાં કેટલા પશુઆરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું, | (૧) ૨૨ |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી, અને | (૨) ૩,૬૮૬ |
| (૩) કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું ? | (૩) ૪૬,૧૩૫ |

---------

સાબરકાંઠા જિલ્લામાં દેશી/વિદેશી દારૂ પકડવા બાબત

૯૦૮૬ શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલો દેશી અને વિદેશી દારૂનો જથ્થો પકડવામાં આવ્યો, અને | (૧) પત્રક-‘‘અ’’ મુજબ |
| (૨) તેની અંદાજિત કિંમત કેટલી છે? | (૨) દેશી દારૂની કિંમત- રૂ઼ા.૨૪૯૪૩૨<br>વિદેશી દારૂની કિંમત- રૂ઼ા. ૧૮૨૪૭૨૨૫ |

પત્રક-અ

| અ.નં. | તાલુકાનું નામ | દેશી દારૂનો જથ્થો (લીટરમાં) | વિદેશી દારૂનો જથ્થો (બોટલમાં) |
|---|---|---|---|
| ૧ | હિંમતનગર | ૪૧૭૩ | ૧૦૬૦૫૯ |
| ૨ | પ્રાંતિજ | ૧૩૪૪ | ૨૫૬૭૨ |
| ૩ | તલોદ | ૭૮૨ | ૨૪૦૨ |
| ૪ | ઈડર | ૨૭૩૪ | ૧૫૨૯ |
| ૫ | વડાલી | ૮૧૩ | ૭૪૩ |
| ૬ | ખેડબ્રહ્મા | ૨૦૧૮ | ૨૯૬૦ |
| ૭ | પોશીના | ૨૨૮ | ૩૬૧ |
| ૮ | વિજયનગર | ૪૧૭ | ૨૭૪ |

---------

ખેડા જિલ્લામાં પોલીસ ખાતાનાં બિન રહેણાંક મકાનો

૧૦૩૮૦ શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (રાવપુરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન — જવાબ

(૧) ખેડા જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪માં પોલીસ ખાતાના કેટલા બિનરહેણાંક મકાનોના કામો પૂર્ણ કરવામાં આવેલ છે, અને

(૧)

| ક્રમ | વર્ષ | મકાનોની કિંમત |
|---|---|---|
| ૧ | ૨૦૧૨-૧૩ | ૦૧ |
| ૨ | ૨૦૧૩-૧૪ | ૦૦ |
| | કુલઃ- | ૦૧ |

(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે?

(૨) કુલ રૂ઼ા. ૪૧.૦૦ લાખ.

---------

નર્મદા જિલ્લામાં પોલીસ ખાતાનાં રહેણાંકના મકાનો

૧૦૩૯૩ શ્રી મોતીલાલ પુ. વસાવા(ડેડીયાપાડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

તા. ૧૫મી જુલાઇ ૨૦૧૪
અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪માં પોલીસ ખાતાના કેટલા રહેણાંકના મકાનોની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે, અને | (૧) |

| ક્રમ | વર્ષ | મકાનોની કિંમત |
|---|---|---|
| ૧ | ૨૦૧૨-૧૩ | ૩૧૪ |
| ૨ | ૨૦૧૩-૧૪ | ૦૦ |
| | કુલઃ- | ૩૧૪ |

(૨) આ કામગીરી માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે?

(૨) કુલ રૂ઼ા. ૧૬૨૩.૨૯ લાખ.

---------

કલ્પસર યોજના અન્વયે ખર્ચ

૧૦૬૧૦ શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (કલ્પસર) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કલ્પસર યોજના અન્વયે રાજ્ય સરકારે કેટલો ખર્ચ કર્યો, | (૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ, વર્ષ ૨૦૧૩-૧૪માં કલ્પસર યોજના અન્વયે રાજ્ય સરકારે રૂ઼ા. ૩૨૪.૩૧ લાખનો ખર્ચ કર્યો છે. |
| (૨) કલ્પસર યોજના અંતર્ગત તેના કામો કેટલા સમયમાં શરૂ કરવાનું આયોજન છે, અને | (૨) યોજના માટેના શકયતાદર્શી અહેવાલ તૈયાર કરવા માટેના તમામ અભ્યાસો પૂર્ણ થયેથી અને અહેવાલને સક્ષમ સ્તરેથી મંજૂરી મળ્યા બાદ કલ્પસર યોજના અંતર્ગત તેના કામો સત્વરે શરૂ કરવાનું આયોજન છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ આ કાર્યવાહી કયા તબક્કે છે? | (૩) કલ્પસર યોજના, શકયતાદર્શી અહેવાલ તૈયાર કરવાના તબક્કે છે. |

---------

રાજ્યમાં જમીન દફતર નિરીક્ષક વર્ગ-૨ની ખાલી જગ્યાઓ

૧૧૭૨૨ ડૉ. અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લા જમીન દફતર નિરિક્ષકની વર્ગ-૨ની કેટેગરી પ્રમાણે કુલ કેટલી જગ્યાઓ છે, | (૧) અને (૨) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લા જમીન દફતર નિરિક્ષકની વર્ગ-૨ની એસ.સી./એસ.ટી/ ઓ.બી.સી. અને જનરલ કેટેગરીની જગ્યાઓની વિગતો નીચે મુજબ છે. |

| કેટેગરી | કુલ | ભરેલી | ખાલી |
|---|---|---|---|
| અનુસૂચિત જાતિ | ૧૦ | ૦૨ | ૦૮ |
| અનુસૂચિત જનજાતિ | ૨૨ | ૧૦ | ૧૨ |
| સામાજિક શૈક્ષણિક પછાત વર્ગ | ૪૦ | ૦૫ | ૩૫ |
| જનરલ | ૭૮ | ૨૬ | ૫૨ |
| કુલઃ- | ૧૫૦ | ૪૩ | ૧૦૭ |

(૨) ઉક્ત સ્થિતિએ એમાંથી એસ.સી./ એસ.ટી/ ઓ.બી.સી. અને જનરલ કેટેગરીની કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી ખાલી છે, અને

(૩) એમાં એસ.સી./એસ.ટી. ના બેકલોગ કે ઘટ કેટલી છે અને આ જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે?

(૩) ભરાયેલ જગ્યાઓ પૈકી અનુસૂચિત જાતિની જગ્યાઓમાં ૧ (એક) જગ્યાની ઘટ છે જે આગામી બઢતી સમિતિની બેઠક વખતે કર્મચારી ઉપલબ્ધ થયે ભરવામાં આવશે.

---------

વાલોડ તાલુકામાં ગણોતિયાઓ પાસેથી વસુલાતનો બાકી કેસ

૧૦૪૭૬ શ્રી મોહનભાઇ ઘ. ઢોડીયા(મહુવા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (મહેસુલ) જણાવવા કૃપા કરશે કે.-

અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ સુરત જિલ્લાના વાલોડ તાલુકામાં કૃષિપંચ દ્વારા જાહેર કરેલ ગણોતિયાઓ પાસે ખરીદ કિંમત વસુલ કરવાના કેટલા કેસ બાકી છે, અને | (૧) ૫૬૮ |
| (૨) બાકી ખરીદ કિંમત ભરવા સરકારે શી કાર્યવાહી કરી? | (૨) સરકારે ખાસ જોગવાઈ કરી ખરીદ કિંમત ભરવાની મુદત તા.૩૧-૦૮-૨૦૧૪ સુધી લંબાવી આપેલ છે. |

---------

અમદાવાદ જિલ્લામાં ધાન્ય પાકોનું ઉત્પાદન વધારવા ખેડૂતોને સહાય

૧૦૩૬૭ શ્રી લાલજીભાઇ ચ. કોળીપટેલ(ધંધુકા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ધાન્ય પાકોનું ઉત્પાદન વધારવા માટે ખેડૂતોને શા પ્રોત્સાહન આપવામાં આવ્યા, અને | (૧) પ્રમાણિત બીજ વિતરણ, ફીલ્ડ નિદર્શનો, જીપ્સમ, નિંદામણનાશક/જંતુનાશક દવા, સૂક્ષ્મતત્વો, ફાર્મ મીકેનાઈઝેશન, સિંચાઈ સવલતો માટે ઓઈલ એન્જીન, પાઈપલાઈન, સ્પ્રીંકલર સેટ અને ખેડૂત તાલીમ વગેરે જેવા ઘટકોમાં સહાય આપી. |
| (૨) તે પાછળ વર્ષવાર કેટલી રકમનો ખર્ચ થયો? | (૨) |

| વર્ષ | ખર્ચ |
|---|---|
| ૨૦૧૨-૧૩ | ૪૨૬.૪૭ લાખ |
| ૨૦૧૩-૧૪ | ૨૨૧.૮૬ લાખ |

---------

નર્મદા યોજના તબક્કા-૧ હેઠળ માઈનોર-સબમાઈનોરનાં કામ

૧૦૪૩૪ શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તબક્કા-૧ હેઠળ નર્મદા યોજનાની કુલ લંબાઈની માઈનોર તથા સબમાઈનોર નહેરો બાંધવાની થાય છે, | (૧) તબક્કા-૧ હેઠળ નર્મદા યોજના અન્વયે ૪૪૩૪ કિ.મી. લંબાઈની માઈનોર નહેરો અને ૧૧૫૬૨ કિ.મી. લંબાઈની સબમાઈનોર નહેરો બાંધવાની થાય છે. |
| (૨) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ કેટલી લંબાઈમાં કામ પૂર્ણ થયા છે, | (૨) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ કામગીરી પૂર્ણ થયેલ (કિ.મી. લંબાઈમાં) વિગત નીચે મુજબ છે. |

| નહેરનો પ્રકાર | કુલ લંબાઈ (કિમી.) | પૂર્ણ થયેલ લંબાઈ (કિ.મી.) |
|---|---|---|
| માઈનોર | ૪૪૩૪ | ૪૨૨૪ |
| સબ માઈનોર | ૧૧૫૬૨ | ૭૯૭૮ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) બાકી રહેતી નહેરોના કામો કયાં સુધીમાં પૂર્ણ થશે, અને | (૩) નર્મદા યોજનાના તબક્કા-૧ હેઠળ બાકી રહેતી માઈનોર નહેરોના કામ અને સબમાઈનોર નહેરના કામો સત્વરે પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૪) તે માટે કેટલો ખર્ચ થવાનો અંદાજ છે? | (૪) બાકી રહેતી માઈનોર નહેરો પાછળ રૂા. ૩૫.૯૦ કરોડ તથા સબમાઈનોર નહેરો પાછળ રૂા. ૩૧૯.૪૦ કરોડ મળી કુલ રૂા. ૩૫૫.૩૦ કરોડ ખર્ચ થવાનો અંદાજ છે. |

---------

નવસારી જિલ્લામાં ફળઝાડના વાવેતર માટે સહાય

૧૦૩૭૧ શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૩-૧૪માં નવસારી જિલ્લામાં ફળઝાડના વાવેતર માટે કેટલા લાભાર્થીઓને સહાય ચૂકવવામાં આવી, અને | (૧) ૨૮૬ |

(૨) કુલ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી? | (૨) રૂા. ૨૩,૮૨,૬૭૬/-

---------

ભાવનગર જિલ્લાની નગરપાલિકાઓમાં મંજૂર પાણી પુરવઠા યોજના

૧૦૪૭૦ શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા(મહુવા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ભાવનગર જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧-૦૩-૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી પાણી પુરવઠા યોજનાઓ મંજૂર કરેલ છે, | (૧) ભાવનગર જિલ્લાની પાંચેય નગરપાલિકાઓની પાણી પુરવઠા યોજનાઓ બે વર્ષ અગાઉ મંજૂર કરેલ હોઈ, છેલ્લા બે વર્ષમાં કોઈ યોજના મંજૂર કરેલ નથી. |
| (૨) તેમાં કેટલા કામો પૂર્ણ થયેલ છે, અને | (૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કેટલા કામો પ્રગતિમાં છે? | |

---------

લખતર તાલુકામાં પશુપાલન કિટનું વિતરણ

૧૦૩૫૨ શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કૃષિ મહોત્સવ-૨૦૧૩માં સુરેન્દ્રનગર જિલ્લાના લખતર તાલુકામાં કેટલા પશુપાલન કીટનું વિતરણ કરવામાં આવ્યુ, અને | (૧) ૨૧૫ |
| (૨) તેમાં કેટલા ગામ આવરી લેવામાં આવેલ ? | (૨) ૪૩. |

---------

સાબરકાંઠા જિલ્લામાં આર.કે.વી.વાય. યોજના અંતર્ગત કામગીરી

૧૧૭૩૮ શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં આર.કે.વી.વાય યોજના હેઠળ સને ૨૦૧૩-૧૪માં સેન્ટ્રલ સેક્ટર સ્કીમ ઓન પોસ્ટ હાર્વેસ્ટ ટેક્નોલોજી અને સ્ટૉરેજ ઘટકમાં કેટલી કામગીરી તાલુકાવાર કરવામાં આવી છે, | (૧) આર.કે.વી.વાય (સબ સ્કીમ-આર.એ.ડી.પી.) યોજના હેઠળ સ્ટૉરેજ ઘટકમાં હિંમતનગર, પ્રાંતિજ, ધનસુરા, બાયડ તથા ખેડબ્રહ્મા તાલુકામાં અરજીઓની ચકાસણી, મંજુરી અને પેમેન્ટની કાર્યવાહી કરવામાં આવી. |
| (૨) તા. ૩૧-૫-૨૦૧૪ સુધીમાં કેટલી રકમનું ચુકવણું કરવામાં આવ્યું અને કેટલી રકમનું ચુકવણું કરવાનું બાકી છે, | (૨) તા. ૩૧-૫-૨૦૧૪ સુધીમાં રૂા. ૧.૫ લાખનું ચુકવણું કરવામાં આવેલ છે. આ સિવાય કોઈ ચુકવણું કરવાનું બાકી રહેતું નથી. |
| (૩) જો ચુકવણું કરવાનું બાકી હોય તો તેના શા કારણો છે, અને | (૩) કોઈ ચુકવણું કરવાનું બાકી રહેતું નથી. |
| (૪) આ બાકી ચુકવણું ક્યાં સુધીમાં કરવામાં આવશે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

પોરબંદર જિલ્લામાં પોલીસ ખાતાનાં બિન રહેણાંકના મકાનો

૧૦૪૧૪ શ્રી જેઠાભાઇ દા. સોલંકી(કોડીનાર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) પોરબંદર જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪માં પોલીસ ખાતાના કેટલા બિન રહેણાંકના મકાનોના કામો હાથ ધરવામાં આવેલ છે, અને

(૧)

| ક્રમ | વર્ષ | મકાનોની સંખ્યા |
|---|---|---|
| ૧. | ૨૦૧૨-૧૩ | ૦૧ |
| ૨. | ૨૦૧૩-૧૪ | ૦૩ |
| | કુલઃ | ૦૪ |

(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થવાનો અંદાજ છે ?

(૨) કુલ રૂા. ૫૧૨.૮૯ લાખ.

અતારાંકિત પ્રશ્નો

---------

રાજકોટ મહાનગરપાલિકાને આંતર માળખાકીય કામો માટે ગ્રાન્ટ

૧૦૪૫૯ શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ-ગ્રામ્ય) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) રાજકોટ મહાનગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતર માળખાકીય વિકાસના કામો માટે તા. ૩૧/૦૩/૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કેટલી ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ છે.

(૨) તે પૈકી કેટલા કામ પ્રગતિમાં છે, અને

(૩) કેટલા પૂર્ણ થયેલ છે ?

જવાબ

(૧) રાજકોટ મહાનગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતર માળખાકીય વિકાસના કામો માટે તા. ૩૧/૦૩/૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કુલ રૂા. ૩૬૦.૯૯ કરોડની ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ છે.

(૨) કુલ ૩૦૫ કામો પ્રગતિમાં છે.

(૩) કુલ ૧૮૨૭ કામો પૂર્ણ થયેલ છે.

---------

સાણંદ અને બાવળા તાલુકામાં ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ અરજીઓ

૧૧૩૬૬ શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) અમદાવાદ જિલ્લાના સાણંદ અને બાવળા તાલુકામાં તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડૂત ખાતેદારોની અકસ્માત વિમા યોજના હેઠળ કેટલી અરજીઓ સરકારને મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર અને કેટલી નામંજૂર કરવામાં આવી, અને

(૩) જો અરજીઓ નામંજૂર કરવામાં આવી હોય તો તેના કારણો શા હતાં, અને

(૪) નામંજૂર થયેલ અરજીઓ બાબતે પુન:વિચારણા કરી ખેડૂત ખાતેદારોને અકસ્માત વિમા યોજનાનો લાભ સરકાર આપવા માંગે છે કે કેમ ?

જવાબ

(૧) અને (૨) :

| તાલુકો | મળેલ અરજી | મંજૂર અરજી | નામંજૂર અરજી |
|---|---|---|---|
| સાણંદ | ૧૬ | ૦૫ | ૨ |
| બાવળા | ૨૩ | ૧૨ | ૨ |

(૩) પત્રક-૧ મુજબ

(૪) નિયમો મુજબ અરજીઓ નામંજૂર થયેલ હોઈ પુન:વિચારણા કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પત્રક-૧

નામંજૂર થયેલ અરજીઓના કારણોની વિગત

| અ. નં. | તાલુકાનું નામ | ઠરાવની જોગવાઈ મુજબ નામંજૂરના કારણો | અરજીની સંખ્યા |
|---|---|---|---|
| ૧. | સાણંદ | ખાતેદાર ખેડૂતનું પ્રથમ હયાત સંતાન (પુત્ર/પુત્રી) ન હોવાથી | ૨ |
| ૨. | બાવળા | ખાતેદાર ખેડૂતનું પ્રથમ હયાત સંતાન (પુત્ર/પુત્રી) ન હોવાથી | ૧ |
| | | ખાતેદાર ખેડૂત ન હોવાથી | ૧ |
| કુલઃ | | | ૪ |

---------

જસદણ-વિછીયા તાલુકામાં નિયમિત પાણી પુરવઠો

૯૬૦૫ શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ રાજકોટ જિલ્લાનાં જસદણ-વિછીયા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પુરતું નિયમિત પાણી આપવામાં આવતું નથી તે હકીકતથી સરકાર વાકેફ છે, અને

જવાબ

(૧) નર્મદા/મહિ પાઈપ લાઈનમાંથી ઉપલબ્ધ થતાં પાણીના જથ્થા અનુસાર નિયમિત રીતે પાણી આપવામાં આવે છે.

(૨) જો હા, તો આ વિસ્તારોમાં નિયમિત પૂરતા પ્રમાણમાં પાણી મળી રહે તે માટે સરકારે શી વ્યવસ્થા કરી છે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

આણંદ જિલ્લામાં મહી સિંચાઇ યોજનાની નહેરોની લંબાઇ

૧૦૪૪૧ શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧/૩/૨૦૧૪ની સ્થિતિએ આણંદ જિલ્લામાં મહી સિંચાઇ યોજનાની કેટલી લંબાઈની નહેરો છે,

(૨) તે પૈકી કેટલી લંબાઈની નહેરો, કેટલી પાકી અને કેટલી કાચી છે, અને

(૩) કાચી નહેરો પાકી કરવાનું શું આયોજન છે ?

જવાબ

(૧) કુલ : ૧૭૦૯.૭૫ કિ.મી.

(૨) તે પૈકી ૫૨૫.૭૫ કિ.મી. લંબાઈની પાકી નહેરો છે અને ૧૧૮૪.૦૦ કિ.મી. લંબાઈની કાચી નહેરો છે.

(૩) તા. ૩૦/૬/૨૦૧૪ સુધીમાં ૧૧૪.૨૩ કી.મી. લંબાઈની નહેરો પાકી કરવાનું કામ પૂર્ણ કરેલ છે અને બાકી રહેતી ૧૦૬૯.૭૭ કી.મી. લંબાઈની કાચી નહેરો જરૂરિયાત મુજબ તબક્કાવાર પાકી કરવાનું આયોજન છે.

---------

દેવભૂમિ દ્વારકા જિલ્લાની નગરપાલિકાઓમાં મંજૂર પાણી પુરવઠા યોજના

૧૦૪૬૯ શ્રી મેઘજીભાઇ અ. ચાવડા(કાલાવડ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લાની નગરપાલિકાઓમાં તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી પાણી પુરવઠા યોજનાઓ મંજૂર કરેલ છે,

(૨) તેમાં કેટલા કામો પૂર્ણ થયેલ છે, અને

(૩) કેટલા કામો પ્રગતિમાં છે ?

જવાબ

(૧) સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લાની નગરપાલિકાઓમાં તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ત્રણ (૧) જામરાવલ, (૨) જામખંભાળીયા, અને (૩) દ્વારકા (ભાગ–૨)ની પાણી પુરવઠા યોજનાઓ રૂ઼ા. ૨૮.૭૨ કરોડના ખર્ચે મંજુર કરેલ છે.

(૨) આ કામો પૂર્ણ થયેલ નથી.

(૩) જામરાવલ અને જામખંભાળીયાનું કામ પ્રગતિમાં છે અને દ્વારકા (ભાગ–૨) યોજના ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે.

---------

નર્મદા યોજના આધારિત અમરાપુરા શાખા નહેર–વિશાખા–પ્રશાખાઓના કામ

૧૦૪૨૭ શ્રી નાગરજી હ. ઠાકોર(રાધનપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) નર્મદા યોજના આધારીત અમરાપુરા શાખા નહેર તેમજ તેની વિશાખાઓ અને પ્રશાખાઓના કામોનો કુલ અંદાજીત ખર્ચ કેટલો છે,

(૨) તે પૈકી તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ કેટલી રકમના કામો પૂર્ણ કરવામાં આવેલ છે, અને

જવાબ

(૧) અમરાપુરા શાખા નહેર તેમજ તેની પ્રશાખા સુધીની વિતરણ વ્યવસ્થાની નહેરોના કામોના અંદાજીત ખર્ચની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | નહેરનો પ્રકાર | અંદાજીત ખર્ચ (રૂ઼ા. કરોડમાં) |
|---|---|---|
| ૧ | શાખા નહેર | ૫૭.૫૧ |
| ૨ | વિશાખાઓ | ૩૫.૩૩ |
| ૩ | પ્રશાખાઓ | ૭૭.૯૨ |
| | કુલઃ | ૧૭૦.૭૬ |

(૨) તા. ૩૧/૩/૨૦૧૪ની સ્થિતિએ અમરાપુરા શાખા નહેર તેમજ તેની પ્રશાખા સુધીની વિતરણ વ્યવસ્થાની નહેરોના પૂર્ણ કરવામાં કામોના ખર્ચની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | નહેરનો પ્રકાર | ખર્ચ (રૂ઼ા. કરોડમાં) |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | શાખા નહેર | ૫૭.૫૧ |
| ૨ | વિશાખાઓ | ૩૫.૩૩ |
| ૩ | પ્રશાખાઓ | ૫૯.૧૪ |
| | કુલઃ | ૧૫૧.૯૮ |

(૩) તાલુકાવાર કેટલા ગામોને સિંચાઇનો લાભ મળશે ?

(૩) અમરાપુરા શાખા નહેર અને તેની વિતરણ પધ્ધતિની નહેરોના કામો પૂર્ણ થયેથી પાટણ અને બનાસકાંઠા જિલ્લાના નીચે મુજબના તાલુકાવાર ગામોને સિંચાઈનો લાભ મળશે.

| જિલ્લાનું નામ | તાલુકાનું નામ | સિંચાઈનો લાભ મળનાર ગામોની સંખ્યા |
|---|---|---|
| પાટણ | હારીજ | ૦૯ |
| | સમી | ૩૮ |
| | રાધનપુર | ૦૧ |
| | સાંતલપુર | ૦૨ |
| બનાસકાંઠા | કાંકરેજ | ૦૩ |
| | કુલઃ | ૫૩ |

---------

મહિસાગર જિલ્લાની નગરપાલિકાઓમાં મંજુર કરેલ ભુગર્ભ ગટર યોજનાના કામ

૯૦૮૨ પ્રો. હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં કઈ નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે,

(૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેર વિકાસ યોજના અંતર્ગત મહીસાગર જિલ્લાની નગરપાલિકાઓમાં તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ ૩ નગરપાલિકાઓ (૧) લૂણાવાડા, (૨) સંતરામપુર અને (૩) બાલાસિનોરની ભુગર્ભ ગટર યોજનાઓ કુલ રૂા. ૪૫.૬૦ કરોડના ખર્ચે મંજૂર કરેલ છે.

(૨) મંજુર થયેલ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી કયા તબક્કે છે, અને

(૨) તમામ યોજનાની કામગીરી પ્રગતિમાં છે.

(૩) નગરપાલિકા દીઠ કેટલો ખર્ચ મંજૂર થયેલ છે ?

(૩)

| અ.નં. | નગરપાલિકાનું નામ | મંજૂર થયેલ ખર્ચ (રૂા. કરોડમાં) |
|---|---|---|
| ૧ | લૂણાવાડા | ૧૬.૩૧ |
| ૨ | સંતરામપુર | ૧૪.૬૬ |
| ૩ | બાલાસિનોર | ૧૪.૬૩ |

---------

અમરેલી જિલ્લામાં પશુ વંધત્વ સારવાર કેમ્પ

૧૦૩૪૩ શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય પશુ પાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં કેટલા પશુ વંધત્વ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું, અને

(૧) ૨૪૦

(૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી ?

(૨) ૫૯,૯૯૩.

---------

ગાંધીનગર જિલ્લામાં પોલીસ ખાતાનાં બિનરહેણાંક મકાનો

૧૦૩૯૦ શ્રી શંભુજી એ. ઠાકોર(ગાંધીનગર–દક્ષિણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

તા. ૧૫મી જુલાઇ ૨૦૧૪
અતારાંકિત પ્રશ્નો

પ્રશ્ન | જવાબ

(૧) ગાંધીનગર જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪માં પોલીસ ખાતાના કેટલા બિનરહેણાંક મકાનોના કામો પૂર્ણ કરવામાં આવેલ છે, અને

(૧)

| ક્રમ | વર્ષ | મકાનોની સંખ્યા |
|---|---|---|
| ૧. | ૨૦૧૨-૧૩ | ૦૦ |
| ૨. | ૨૦૧૩-૧૪ | ૦૨ |
| | કુલઃ | ૦૨ |

(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ?

(૨) કુલ રૂ઼ા. ૨૩૫.૪૮ લાખ

---------

જામનગર જિલ્લામાં પોલીસ ખાતાનાં બિનરહેણાંક મકાનો

૧૦૩૮૧ શ્રી ચીમનભાઇ ધ. શાપરીયા(જામજોધપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) જામનગર જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪માં પોલીસ ખાતાના કેટલા બિનરહેણાંકના મકાનોના કામો હાથ ધરવામાં આવેલ છે, અને

(૧)

| ક્રમ | વર્ષ | મકાનોની સંખ્યા |
|---|---|---|
| ૧. | ૨૦૧૨-૧૩ | ૦૧ |
| ૨. | ૨૦૧૩-૧૪ | ૦૧ |
| | કુલઃ | ૦૨ |

(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થવાનો અંદાજ છે ?

(૨) કુલ રૂ઼ા. ૧૪૧.૦૫ લાખ.

---------

પાટણ જિલ્લામાં વારસાઈ હક્કની અરજીઓ

૧૦૪૯૬ શ્રી રણછોડભાઇ મ. દેસાઇ(પાટણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) પાટણ જિલ્લામાં તા. ૩૧/૫/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર વારસાઈ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

(૧)

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|
| સાંતલપુર | ૧૦૨૫ |
| રાધનપુર | ૧૦૨૦ |
| સિધ્ધપુર | ૧૪૫૫ |
| પાટણ | ૧૮૯૭ |
| હારીજ | ૧૧૨૪ |
| સમી | ૧૧૩૦ |
| ચાણસ્મા | ૧૮૨૨ |
| શંખેશ્વર | ૮૧૨ |
| સરસ્વતી | ૧૨૭૬ |
| કુલ :- | ૧૧૫૬૧ |

(૨) તે પૈકી કેટલી નોંધો પાડવામાં આવી, અને કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૨)

| તાલુકાનું નામ | પાડેલ નોંધો | નામંજુર કરેલ નોંધો |
|---|---|---|
| સાંતલપુર | ૧૦૨૫ | ૧૨ |
| રાધનપુર | ૧૦૨૦ | ૧૫ |
| સિધ્ધપુર | ૧૪૫૫ | ૧૮ |
| પાટણ | ૧૮૯૭ | ૭૬ |
| હારીજ | ૧૧૨૪ | ૧૦ |
| સમી | ૧૧૩૦ | ૨૨ |

| | | |
|---|---|---|
| ચાણસ્મા | ૧૮૨૨ | ૯ |
| શંખેશ્વર | ૮૧૨ | ૧૬ |
| સરસ્વતી | ૧૨૭૬ | ૧૪ |
| કુલ :- | ૧૧૫૬૧ | ૧૯૨ |

(૩) નામંજૂર કરવાના કારણો શા છે ? (૩) નિયમોનુસાર ન હોવાથી.

---------

બનાસકાંઠા જિલ્લામાં તળાવો ઉંડા ઉતારવા બાબત

૧૦૪૪૪ શ્રી પરબતભાઇ સ. પટેલ (થરાદ) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં કેટલા તળાવો ઉંડા ઉતારવામાં આવ્યા, | (૧) ૧૪૯ |
| (૨) તેનાથી જળ સંગ્રહશકિતમાં કેટલો વધારો થયો, અને | (૨) ૧૧૧ મીલીયન ઘનફુટ |
| (૩) આ કામગીરી પાછળ કેટલો ખર્ચ થયો ? | (૩) ૧૦૪૧ લાખ. |

---------

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૧૧ અને ૨૦૧૩માં જામનગર જિલ્લામાં રોકાણ માટે એમ.ઓ.યુ.

૯૨૧૭ શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૧૧ અને ૨૦૧૩માં જામનગર જિલ્લામાં રોકાણ માટે કરવા માટે થયેલ એમ.ઓ.યુ. પૈકી તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ કેટલા પ્રોજેક્ટો ચાલુ થયા, અને | (૧) ૨૦૧૧માં થયેલ ૨૮૫ એમ.ઓ.યુ. પૈકી કુલ ૮૦ અને ૨૦૧૩માં થયેલ ૫૮૯ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન પૈકી કુલ ૨૯૩ પ્રોજેક્ટ ઉત્પાદનમાં ગયેલ છે/અમલીકરણ હેઠળ છે. |
| (૨) કેટલા પ્રોજેક્ટો પ્રગતિમાં છે અને કેટલા પ્રોજેક્ટો પડતા મુકાંયા ? | (૨) ૨૦૧૧માં થયેલ ૨૮૫ એમ.ઓ.યુ. પૈકી કુલ ૭૦ પ્રોજેક્ટ પ્રાથમિક તબક્કા હેઠળ છે અને કુલ ૧૩૫ પ્રોજેક્ટ પડતા મુકાયેલ છે. ૨૦૧૩માં થયેલ ૫૮૯ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન પૈકી કુલ ૧૭૮ પ્રોજેક્ટ પ્રાથમિક તબક્કા હેઠળ છે અને કુલ ૧૧૮ પ્રોજેક્ટ પડતા મુકાયેલ છે. |

---------

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ખેડૂતોને ટ્રેક્ટર સહાય

૧૦૬૩૦ શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન — જવાબ

(૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ખેડૂતોના ટ્રેક્ટર સહાયના છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા કેસો મંજૂર કર્યા અને કેટલા કેસો મંજૂર કરવાના બાકી છે, અને

(૧) વિગતો નીચે મુજબ છે.

| અ. નં. | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | સમયગાળો | | | |
|---|---|---|---|---|---|---|
| | | | ૦૧/૦૬/૨૦૧૨થી ૩૧/૦૫/૨૦૧૩ | | ૦૧/૦૬/૨૦૧૩થી ૩૧/૦૫/૨૦૧૪ | |
| | | | મંજુર કરેલ કેસની સંખ્યા | મંજુર કરવાના બાકી કેસની સંખ્યા | મંજુર કરેલ કેસની સંખ્યા | મંજુર કરવાના બાકી કેસની સંખ્યા |
| ૧ | સાબરકાંઠા | ઈડર | ૧૧૯ | ૩૯૯ | ૯૧ | ૧૪૧ |
| ૨ | | વડાલી | ૧૧૧ | ૨૧૯ | ૯૪ | ૬૯ |
| ૩ | | હિંમતનગર | ૧૩૫ | ૨૬૫ | ૮૩ | ૩૫ |
| ૪ | | ખેડબ્રહ્મા | ૭૨ | ૨૮૧ | ૪૯ | ૧૧૬ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૫ | | વિજયનગર | ૪ | ૩૩ | ૧ | ૧૨ |
| ૬ | | પ્રાંતિજ | ૭૦ | ૧૯૦ | ૧૭ | ૫૨ |
| ૭ | | તલોદ | ૫૦ | ૧૫૨ | ૩૩ | ૩૧ |
| | કુલ: | | ૫૬૧ | ૧૫૩૯ | ૩૬૮ | ૪૫૬ |
| ૧ | અરવલ્લી | મોડાસા | ૪૯ | ૧૪૫ | ૭૯ | ૧ |
| ૨ | | માલપુર | ૩૧ | ૬૭ | ૩૫ | ૧૫ |
| ૩ | | મેઘરજ | ૧૬ | ૧૨૮ | ૧૯ | ૧૧ |
| ૪ | | ધનસુરા | ૯૭ | ૧૬૦ | ૪૧ | ૨૫ |
| ૫ | | બાયડ | ૬૩ | ૨૯૦ | ૯૫ | ૩૬ |
| ૬ | | ભિલોડા | ૩૮ | ૬૪ | ૩૯ | ૧ |
| | કુલ: | | ૨૯૪ | ૮૫૪ | ૩૦૮ | ૮૯ |

(૨) મંજૂર કરેલ કેસો પૈકી કેટલા કેસોમાં સબસીડી ચૂકવાઈ અને કેટલા કેસોમાં સબસિડી ચૂકવવાની બાકી છે ?

(૨) ૧૩૫૭ કેસોમાં સબસીડી ચુકવાઈ અને કુલ ૧૭૪ કેસોમાં સબસીડી ચુકવવાની બાકી છે.

---------

રાજ્ય સરકાર દ્વારા નમૂના નં. ૬, ૭/૧૨ અને ૮-અની નકલો વિનામૂલ્યે આપવા બાબત

૧૧૭૨૩ ડૉ. અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસુલ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન — જવાબ

(૧) રાજ્યના ખેડૂતો પાસેથી રાજ્ય સરકાર દ્વારા નમૂના નં. ૬, ૭/૧૨, ૮-અ ની નકલો મેળવવા માટે ચાર્જ વસુલવામાં આવે છે, તે હકિકત સાચી છે,

(૧) હા જી.

(૨) જો હા, તો ચાર્જ વસુલવાના કારણો શા છે, અને

(૨) ગુજરાત જમીન મહેસૂલ નિયમો, ૧૯૭૨ના નિયમ ૧૪૨ના પેટા નિયમ ૪(અ) હેઠલ મહેસૂલી રેકર્ડની નકલો મેળવવા ચાર્જની રકમ નિયત કરવામાં આવેલ છે, તે મુજબ સદર ચાર્જ વસૂલવામાં આવે છે.

(૩) રાજ્ય સરકાર ખેડૂતોને વિનામૂલ્યે આવા ઉતારાઓની નકલ આપવા માંગે છે કે કેમ ?

(૩) હાલ આ બાબત વિચારણા હેઠળ નથી.

---------

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, *(xxxxxx)

અધ્યક્ષશ્રી : ના કોઇ નહીં, નેક્સ્ટ. નહીં, નહીં, કાંઇ નહીં, અમદાવાદમાં બને, વડોદરામાં બને, ગાંધીનગરમાં બને કોઇ નહીં, સવાલ જ નથી. (અંતરાય) બલવંતસિંહજી, કાંઇ નહીં. આપ જે બોલ્યા છો એ રેકર્ડ ઉપરથી કાઢી નાખવામાં આવે છે. આ સિસ્ટમ જ મારે એડપ્ટ નથી કરવી.

## વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

## જાહેર સાહસો માટેની સમિતિના અહેવાલની રજૂઆત

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ (જાહેર સાહસો માટેની સમિતિના પ્રમુખશ્રી : માનનીય અધ્યક્ષશ્રી, હું ભારતના સી.એ.જી.ના સન ૨૦૦૮-૦૯ના ઓડિટ અહેવાલ તથા ઉપરના તેરમી ગુજરાત વિધાનસભાની જાહેર સાહસો માટેની સમિતિના બીજા અહેવાલને સભાગૃહ સમક્ષ રજૂ કરવાની રજા લઉં છું.

અહેવાલ રજૂ કરવામાં આવ્યો.

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહની કાર્યવાહીમાંથી દૂર કરવામાં આવ્યા.

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)

## બંદરો અને વાહન વ્યવહાર વિભાગ

### માગણી નંબર– ૭૪

શ્રી નીતિનભાઇ ર. પટેલ(બંદરો અને વાહન વ્યવહાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું વાહન વ્યવહાર સેવાને લગતી બંદરો અને વાહન વ્યવહાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૬,૨૦,૭૭,૭૪,૦૦૦/– અને મૂડી ખર્ચ માટેની રૂ.૪,૨૧,૯૫,૩૬,૦૦૦/– ની માગણી ક્રમાંક–૭૪ રજૂ કરું છું.

માગણી ક્રમાંક–૭૪ રજૂ કરવામાં આવી.

શ્રી ગેંદાલભાઇ મો. ડામોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧ રજૂ કરવામાં આવી.

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨ રજૂ કરવામાં આવી.

શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪ રજૂ કરવામાં આવી.

શ્રી અમિતભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૬ રજૂ કરવામાં આવી.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૭ રજૂ કરવામાં આવી.

શ્રી છનાભાઇ કો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૮ રજૂ કરવામાં આવી.

શ્રી ગેંદાલભાઇ મો. ડામોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ૯ રજૂ કરવામાં આવી.

## મહેસૂલ વિભાગ

### માગણી નંબર–૭૮

શ્રી નીતિનભાઇ ર. પટેલ (મહેસૂલ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું જિલ્લા વહીવટ સેવાને લગતી મહેસૂલ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૨,૭૬,૦૨,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંક– ૭૮ રજૂ કરું છું.

માગણી ક્રમાંક – ૭૮ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૧ રજૂ કરવામાં આવી.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૨ રજૂ કરવામાં આવી.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૪ રજૂ કરવામાં આવી.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૬ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૭ રજૂ કરવામાં આવી.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૮ રજૂ કરવામાં આવી.

## માગણી નં. ૭૯

શ્રી નીતિનભાઇ ર. પટેલ (મહેસૂલ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું કુદરતી આફતો અંગે રાહત સેવાને લગતી મહેસૂલ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૮૩૧,૬૩,૪૫,૦૦૦/–ની અને મૂડી ખર્ચ માટેની રૂ. ૧,૭૧,૫૦,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંક–૭૯ રજૂ કરું છું.

માગણી ક્રમાંક– ૭૯ રજૂ કરવામાં આવી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૯ રજૂ કરવામાં આવી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૦ રજૂ કરવામાં આવી.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૧ રજૂ કરવામાં આવી.

શ્રી ધારશીભાઇ લ. ખાનપુરા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૨ રજૂ કરવામાં આવી.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૪ રજૂ કરવામાં આવી.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૫ રજૂ કરવામાં આવી.

શ્રી આનંદભાઈ ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૭ રજૂ કરવામાં આવી.

## શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

## માગણી નં. ૧૦૧

શ્રી નીતિનભાઇ ર. પટેલ (શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું શહેરી આવાસન સેવાને લગતી શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૬,૪૨,૦૮,૮૧,૦૦૦/– ની માગણી ક્રમાંકઃ૧૦૧ રજૂ કરું છું.

માગણી ક્રમાંકઃ ૧૦૧ રજૂ કરવામાં આવી.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૮ રજૂ કરવામાં આવી.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૯ રજૂ કરવામાં આવી.

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૦ રજૂ કરવામાં આવી.

શ્રી મહેશકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૧ રજૂ કરવામાં આવી.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૨ રજૂ કરવામાં આવી.

માગણી નંબરઃ૧૦૨

શ્રી નીતિનભાઇ ર. પટેલ(શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું શહેરી વિકાસ સેવાને લગતી શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૫૨,૨૭,૯૪,૫૦,૦૦૦/- ની અને મૂડી ખર્ચ માટેની ૬૬,૬૬,૬૭,૦૦૦/- ની માગણી ક્રમાંકઃ૧૦૨ રજૂ કરું છું.

માગણી ક્રમાંકઃ ૧૦૨ રજૂ કરવામાં આવી.

શ્રી વજેસિંહભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૪ રજૂ કરવામાં આવી.

શ્રી નટવરસિંહ કુ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૫ રજૂ કરવામાં આવી.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૬ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રવિણભાઇ ઝી. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૭ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૮ રજૂ કરવામાં આવી.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૯ રજૂ કરવામાં આવી.

સન ૨૦૧૪-૨૦૧૫ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી મંગળવાર, તા. ૧૫-૭-૨૦૧૪ (ત્રીજો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપ દરખાસ્તોની એકત્રિત યાદી

| અનુ. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| બંદરો અને વાહન વ્યવહાર વિભાગ<br>માગણી નં ૭૪ | | | | |
| ૧ | ૨૦૪૧-વાહનો.... કર<br>૧૦૨-મોટર....<br>નિરીક્ષણ<br>રૂ.૧,૯૭,૭૮,૧૨,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૦<br>પા.નં.૬ થી ૮ | ૧૦૦ | વાહન ધારકોને સ્માર્ટકાર્ડ તેમજ હાઇસીક્યુરીટીવાળી નંબર પ્લેટ સત્વરે આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગેંદાલભાઈ ડામોર<br>(કામીનીબા રાઠોડ) |

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | -- " -- | ૧૦૦ | આર.ટી.ઓ કચેરીઓમાં ચાલતી ગેરરીતિઓ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ઈશ્વરભાઈ પટેલ |
| ૩ | -- " -- | ૧૦૦ | ચેક પોસ્ટો ઉપરથી પસાર થતા ગેરકાયદેસર વાહનો માટે થતા આર્થિક વ્યવહારો અંગે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા |
| ૪ | -- " -- | ૧૦૦ | ખાનગી બસ ચાલકો દ્વારા વાહનોના ખોટા નંબરો દર્શાવી થતી કરચોરી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર |
| ૫* | ૩૦૫૫- માર્ગ પરિવહન<br>૧૯૦-જાહેરક્ષેત્ર...<br>સહાય<br>૦૨-ગુજરાત-સહાય<br>રૂ.૭,૧૩,૮૯,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૦<br>પા.નં.૧૪ | ૧૦૦ | વારંવાર ભાડામાં ભાવ વધારો તેમજ સહાય આપવા છતાં એસ.ટી. નિગમને ખોટ કરતું અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહમદજાવીદ પીરઝાદા |
| ૬ | -- " -- | ૧૦૦ | એસ.ટી.નિગમના કર્મચારીઓના પડતર પ્રશ્નો ઉકેલવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમિતભાઈ ચૌધરી |
| ૭ | -- " -- | ૧૦૦ | એસ.ટી.બસોમાં મુકવામાં આવેલ ટી.વી. ચાલુ હાલતમાં રાખવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સી.કે.રાઉલજી |
| ૮ | -- " -- | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં વિદ્યાર્થીઓ અને મુસાફરોને એસ.ટી. બસોની પડતી મુશ્કેલી દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી છનાભાઈ ચૌધરી |
| ૯ | -- " -- | ૧૦૦ | ધારાસભ્યોની વારંવાર રજૂઆત છતાં ગાંધીનગરથી અમથાણી (કડાણા જી. મહીસાગર) નો નવો એસ.ટી.રૂટ શરૂ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગેંદાલભાઈ ડામોર |

| | | | | |
|---|---|---|---|---|
| મહેસૂલ વિભાગ<br>માગણી નં ૭૮ | | | | |
| ૧૦ | ૨૦૫૩- જિલ્લા વહીવટ<br>૦૯૩ હ્ર જિલ્લા-વર્ગ<br>૦૧- કલેકટર કચેરીઓ<br>રૂ.૧,૪૯,૬૬,૧૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૧<br>પા.નં.૫૬-૫૭ | ૧૦૦ | સ્ટેમ્પ ડયુટીના લાંબાગાળાના પડતર પ્રશ્નોનો સત્વરે ઉકેલ લાવવામાં તંત્રની ઉદાસીનતાઈ | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |
| ૧૧ | -- " -- | ૧૦૦ | ભૂમાફિયા ધ્વારા જમીનોના થતા ગેરકાયદેસર વેચાણ અટકાવી તેવા ઇસમો | શ્રી ગૌતમભાઇ ચૌહાણ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | સામે સખ્તાઇથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૨ | -- " -- | ૧૦૦ | કલેકટર કચેરીઓ વર્ષ દરમ્યાન સરકારી ઉત્સવો પાછળ વ્યસ્ત રહેવાના કારણે આમજનતાના કામોનો સમયસર નિકાલ કરવામાં તંત્રની નિષ્ફળતાઈ | શ્રી કરમશીભાઇ પટેલ |
| ૧૩ * | -- " -- | ૧૦૦ | દુષ્કાળના સમયમાં પીવાના પાણી તથા પશુઓના ઘાસચારાળરાહત કામો માટેનો યોગ્ય માસ્ટર પ્લાન તૈયાર કરી સમયસર તેનો અમલ કરવામાં તંત્રની નિષ્ફળતાઈ | શ્રી જસુભાઇ બારડ |
| ૧૪ | -- " -- | ૧૦૦ | ખેડૂતોના ૭ળ૧૨ના ઉતારામાં પાણી પત્રકોની નોંધ નિયમિત લેવડાવવામાં તંત્રની નિષ્ફળતાઈ | શ્રીઅશ્વિન કોટવાલ |
| ૧૫ * | -- " -- | ૧૦૦ | સરકારી જમીનો ઉપર થતાં દબાણો સત્વરે દૂર કરવામાં તંત્રની નિષ્ફળતાઈ | શ્રી મણીલાલ વાઘેલા |
| ૧૬ | -- " -- | ૧૦૦ | જનસેવા કેન્દ્રો દ્વારા સિનિયર સીટીઝન્સને કલર ફોટાવાળા કાયમી લેમીનેશનવાળા ઓળખપત્રો આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જોઇતાભાઇ પટેલ |
| ૧૭ | -- " -- | ૧૦૦ | જનસેવા કેન્દ્રના કર્મીળ સિક્યુરીટીળ દલાલો મારફત થતા આર્થિક વ્યવહારોને ડામવા કચેરીમાં સીઈસીઈટીઈવીઈ કેમેરા ગોઠવી તંત્રને પારદર્શક બનાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી શૈલેષ પરમાર |
| ૧૮ | -- " -- | ૧૦૦ | કલેકટર કચેરીની ફરિયાદ સમિતિમાં ધારાસભ્યોના પ્રશ્નોના સાચા જવાબો આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મોહનસિંહ રાઠવા |
| | | માગણી નં. ૭૯ | | |
| ૧૯ | ૨૨૪૫- કુદરતી.... રાહત<br>૦૧-અનાવૃષ્ટિ<br>૧૦૨- પીવાના... પુરવઠો<br>રૂ.૧,૫૦,૦૦,૦૦,૦૦૦<br>અં. પ્ર.નં. ૨૧<br>પા.નં. ૮૫ | ૧૦૦ | અછતગ્રસ્ત વિસ્તારોમાં ટેન્કરો દ્વારા અપાતા પાણીમાં ચાલતી ગેરરીતિળ ચોરીઓ પકડવામાં તંત્રની નિષ્ફળતાઈ | શ્રી પરેશ ધાનાણી |
| ૨૦ | -- " -- | ૧૦૦ | અછતગ્રસ્ત વિસ્તારોમાં પીવાનું પાણી સમયસર અને પૂરતું મળી રહે તેવું આયોજન ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બળવંતસિંહ રાજપૂત |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૧ | ૨૨૪૫–કુદરતી.... રાહત<br>૦૧–અનાવૃષ્ટ્રી<br>૧૦૪– ઘાસચારા... પુરવઠો<br>રૂ,૫,૦૦,૦૬,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૧<br>પા.નં.૮૭ થી ૮૮ | ૧૦૦ | દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં પશુપાલકોને ઓછી કિંમતે ઘાસચારો પૂરો પાડવામાં તંત્રની ઉદાસીનતા | ડૉ. અનિલ જોષિયારા |
| ૨૨ | -- " -- | ૧૦૦ | દુષ્કાળગ્રસ્ત વિસ્તારની પાંજરાપોળોમાં રહેલા પશુઓને વિના મૂલ્યે ઘાસચારો પૂરો પાડવામાં તંત્રની નિષ્ફળતાઈ | શ્રી ઘારશીભાઇ ખાનપુરા<br>(પુનાભાઇ ગામીત) |
| ૨૩<br>* | ૨૨૪૫– કુદરતી.... રાહત<br>૮૦–સામાન્ય<br>૦૦૧– નિર્દેશ અને વહિવટ<br>રૂ. ૨,૯૧,૯૪,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૧<br>પા.નં. ૧૨૫ | ૧૦૦ | જે જિલ્લા/તાલુકાઓમાં અછતની સ્થિતિ હોય તેનો માસ્ટર પ્લાન સમયસર તૈયાર કરાવવામાં તંત્રની નિષ્ફળતાઈ | શ્રી રાઘવજી પટેલ |
| ૨૪ | -- " -- | ૧૦૦ | ચોમાસા દરમ્યાન થતી તારાજી માટે સમયસર આગોતરું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતાઈ | શ્રી બળદેવજી ઠાકોર |
| ૨૫ | -- " -- | ૧૦૦ | અછતના સમયે સરકાર સમક્ષ જરૂરી દરખાસ્ત રજૂ કરવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પૂનમભાઇ પરમાર |
| ૨૬<br>* | -- " -- | ૧૦૦ | રાહત કામમાં રહેલા કર્મીઓ દ્વારા થતી નાણાકીય ગેરરીતિ રોકવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ભોળાભાઇ ગોહેલ |
| ૨૭ | -- " -- | ૧૦૦ | અછતના સમયે રાહત મહેકમમાં પૂરતો સ્ટાફ ભરી કામગીરી સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી આનંદભાઇ ચૌધરી |
| | | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ<br>માગણી નં ૧૦૧ | | |
| ૨૮ | ૨૨૧૬–આવાસન<br>૦૨–શહેરી...ગૃહ નિર્માણ<br>૧૯૧– મહાનગર..સહાય<br>રૂ.૩,૬૭,૪૭,૫૯,૦૦૦<br>અં.પ્ર.નં.૨૬<br>પા.નં.૧૯ | ૧૦૦ | આવાસોની ફાળવણીમાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગ્યાસુદ્દીન શેખ<br>(મીતેશભાઇ ગરાસીયા) |
| ૨૯ | -- " -- | ૧૦૦ | આવાસ ફાળવણીના ડ્રો બાદલ ડ્રોમાં નંબર ન લાગેલ હોય તેવા લાભાર્થીઓને અરજી સાથે ભરેલ રકમની સમયસર પરત ચૂકવણી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નિરંજન પટેલ<br>(ધીરૂભાઇ ભીલ) |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૦ | -- " -- | ૧૦૦ | હાઉસીંગ બોર્ડના કલોલઢસુરતઢ મહેમદાવાદ વડોદરાલ જામનગર વગેરે શહેરોમાં અનેક આવાસો પડતર હોવા છતાં તેની ફાળવણી અટકાવનાર જવાબદારો સામે સખ્તાઈથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા (ચન્દ્રિકાબેન બારીયા) |
| ૩૧ | -- " -- | ૧૦૦ | આવાસોની ફાળવણીના ડ્રોમાં થતી ગેરરીતિઓ નિવારી પારદર્શકતા લાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેશકુમાર પટેલ (રમેશભાઇ ચાવડા, ઇન્દ્રનીલ રાજયગુરૂ અને હીરાભાઇ પટેલ) |
| ૩૨ | ૨૨૧૬-આવાસન<br>૦૨-શહેરી....ગૃહ નિર્માણ<br>૧૯૧- મહાનગર...સહાય<br>રૂ.૩,૬૭,૪૭,૫૯,૦૦૦<br>અં.પ્ર.નં.૨૬<br>પા.નં.૧૯ | ૧૦૦ | ઝૂંપડપટ્ટી હટાવ્યા બાદ ઝૂંપડાવાસીઓને અન્ય સ્થળે સત્વરે આવાસ સુવિધાઓ આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રામસિંહ પરમાર (માનસિંહ ચૌહાણ) |
| માગણી નં ૧૦૨ | | | | |
| ૩૩<br>* | ૨૨૧૭- શહેરી વિકાસ<br>૦૩-નાના ... વિકાસ<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>રૂ.૫૧,૭૫,૫૭,૦૦૦<br>અં.પ્ર.નં.૨૬<br>પા.નં. ૨૭ થી ૩૨ | ૧૦૦ | બિલ્ડરોના લાભ માટે ટીઈપીઈસ્કીમોમાં ફેરફાર થતા અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રહલાદભાઈ પટેલ |
| ૩૪ | -- " -- | ૧૦૦ | નાના અને મધ્યમ નગરોના સંકલિત વિકાસ માટે સ્થાનિક રહીશોના અભિપ્રાય મેળવ્યા બાદ નગર વ્યવસ્થાનું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મંગળભાઈ ગાવિત (વજેસિંગભાઈ પણદા) |
| ૩૫ | -- " -- | ૧૦૦ | નાના અને મધ્યમ નગરોના સંકલિત વિકાસના કામો ઝડપથી પૂર્ણ થાય તે માટે જરૂરી નાણાં સમયસર ફાળવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી નટવરસિંહ ઠાકોર (હર્ષદકુમાર રીબડીયા) |
| ૩૬ | -- " -- | ૧૦૦ | ટીઈપીઈ સ્કીમોની મંજૂરી અને તેના અમલીકરણમાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | ર્ડાઈ તેજશ્રીબેન પટેલ (કાંતિભાઈ ખરાડી) |
| ૩૭ | ૨૨૧૭-શહેરી વિકાસ<br>૮૦-સામાન્ય<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>રૂ.૯,૭૧,૮૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૬<br>પા.નં. ૫૩-૫૪ | ૧૦૦ | નગરપાલિકાને સુપરસીડ કરવામાં પક્ષાંતર કાયદાના અમલમાં રખાતો ભેદભાવ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી જીતુભાઈ ચૌધરી (પ્રવિણભાઈ રાઠોડ) |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૮ | -- " -- | ૧૦૦ | નગરપાલિકાના વિકાસના કામો માટે ફાળવવામાં આવતી રકમનો યોગ્ય ઉપયોગ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમીત ચાવડા (મહેન્દ્રસિંહ બારૈયા) |
| ૩૯ | -- " -- | ૧૦૦ | સરકારની પૂર્વ મંજૂરી વિના ઉના નગરપાલિકામાં રોજમદારોની થયેલ કાયમી નિમણૂકો અંગે તપાસ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુંજાભાઈ વંશ |

* આ કાપ દરખાસ્ત સભાગૃહમાં રજૂ થઇ નથી.

શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી મહેસૂલ મંત્રીશ્રી અને શહેરી વિકાસ મંત્રીશ્રી માગણી ક્રમાંક ૭૪,૭૮,૭૯, ૧૦૧, ૧૦૨ લઇને આવ્યા છે, તેમાં મારા વિચારો રજૂ કરું છું.

પહેલા એવું કહેવાતું કે સરકાર એટલે મા-બાપ. પણ સાહેબ, આજની ૬ કરોડની ગુજરાતની પ્રજા જાણી ગઇ છે કે આ સરકાર એટલે જમીન માફિયાને મદદ કરવાવાળી સરકાર, ખેડૂત વિરોધી સરકાર, ઉદ્યોગપતિઓની તરફેણ કરવાવાળી સરકાર, પુસ્તકીય સરકાર. આજે છેલ્લાં ૧૫ વર્ષથી ભાજપની સરકાર ચાલે છે, ત્યારે આજે મહેસૂલ વિભાગ, પણ વાહન વ્યવહાર બાબતમાં પડવા માગતો નથી. ટોટલ ખાડે ગયું છે. મારા મિત્ર રામસિંહભાઇ તે અંગેની વાત કરશે. પણ મહેસૂલ વિભાગ એ ગુજરાત રાજ્ય માટે અને ગુજરાતની ૬ કરોડની જનતા માટે ખૂબ અગત્યનું ખાતું છે. આજે મહેસૂલ વિભાગ માનનીય મુખ્યમંત્રીશ્રીના હસ્તક હોય તો અહીયા મારી રજૂઆતના અનુસંધાનમાં ચર્ચામાં ભાગ લીધો હોત તો ખરેખર અભિનંદન આપત, પણ દુઃખની વાત છે કે આ સરકાર ખેડૂતોની બાબતની વાત કરે છે. ઇ- ધરા, ઇ-ગ્રામની વાત કરે છે. મૂળ રેકર્ડ, ગામ રેકર્ડ, તાલુકા લેવલ, ઇ-ધરા કોમ્પ્યુટરાઇઝેશનની અંદર ડેટા ફીટ કરવામાં આવ્યા, ત્યારે કોઇ જવાબદાર વ્યક્તિ નહિ, કોઇ તલાટી કે નાયબ મામલતદાર નહિ, એન.જી.ઓ. મારફતે, એજન્સી મારફતે જે ૭/૧૨ માં જે ક્ષેત્રફળ હોય, જમીનની માલિકી હોય એના ડેટા ઉતાવળેથી ફીટ કરવામાં આવ્યા હતા.

સાહેબ, આજે બીજા જિલ્લાની વાત નહીં કરું પણ મારા જિલ્લામાં અને ગોધરા તાલુકામાં ૨૦૦૯ની અંદર ૩ હજાર જેટલા સુધારા કરવામાં આવ્યા છે. તેમાં ક્ષેત્રફળના સુધારા, નામજોગ સુધારા, માલિકી હકકના સુધારા કરવામાં આવ્યા છે. તેનો એક જ દાખલો આપીશ. ઘણી વખત તલાટીઓ અક્ષર ના વાંચી શકે તેના કારણે ૧ એકર અને ૧૧ ગુંઠા હોય તો તેની જગ્યાએ ઘણી વખત ૧ હેકટર અને ૧૧ ગુંઠા ૨૫(પચ્ચીસ) પ્રતિ આરે થઇ જાય છે. ૧ એકર એટલે ૪૮૪૦ ચો.વાર. એટલે ૪૦૪૦ ચો.મીટર. ૧ હેકટર એટલે ૧૦ હજાર ચો.મીટર. આ ૪૦૪૦ ચો.મીટર કયાં અને ૧૦ હજાર ચો.મીટર કયાં? આટલો બધો તફાવત જોવા મળે છે. તે બધું ભૂલ સુધારણાના ભાગરૂપે હું જરૂર કહીશ. આખા ગુજરાત રાજયમાં અને અહીં બેહેલા માનનીય ધારાસભ્યશ્રીઓ પણ જાણતા હશે કે ઇ-ધરામાં જે કંઇ ડેટા ફીટ થયા છે તેમાં મોટાભાગે ભૂલ હોવાના કારણે, અને દરવર્ષે પંચમહાલ જિલ્લાની અંદર લગભગ ૨૫ હજાર જેટલા ભૂલ સુધારણાના હુકમો થયા છે. મારા ગોધરા તાલુકામાં મેં કહ્યું તે પ્રમાણે ૨૦૦૯ની અંદર ૩૦૦૦ જેટલા હુકમો થયા છે અને હવે પછી ગયા શુક્રવાર-શનિવારે અમારી અછતની મિટીંગ હતી અને તેમાં મેં મામલતદારને પૂછયું કે હવે ભૂલ સુધારણાના કેટલા હુકમો કર્યા છે? તો કહ્યું કે આજે ૧૫૦૦ થી ૨૦૦૦ જેટલા ભૂલ સુધારણાના હુકમો કર્યા છે. આ વહીવટની નિશાની છે. છેલ્લે ૨૦૦૪થી કોમ્પ્યુટરાઇઝડ થયું છે. ૨૦૦૪ થી આજે ૨૦૧૪ એટલે કે દસ વર્ષ થયા તેમ છતાંય આજે આ ભૂલો કોમ્પ્યુટરાઇઝડમાં હોય તો રાજય સરકારે તેની અંદર જોવું જોઇએ. આ ભૂલો નહીં સુધરવાના કારણે આજે ઘણાબધા ખેડૂતોની જમીનો અને નામ, તેને વારસાઇ કરવી હોય તો વારસાઇની અંદર તેમના છોકરા-છોકરીઓ હોય તેમાં પણ ઘણી વખત કાગળો રહી જવાના કારણે અને

ભૂલના કારણે ફરીથી એન્ટ્રી કરવી પડે છે. તેનું કારણ આ ઇ–ધરાની અંદર કરાર આધારિત જે લોકો એટલે કે ઓપરેટરો છે તેમને કોઇ જવાબદારી જેવું છે જ નહીં. સાહેબ, સરકારી કર્મચારી હોય તો તેનું પેન્શન બંધ થાય, તેનું ઇન્ક્રીમેન્ટ બંધ થાય, તેને શોકોઝ નોટીસ અપાય, પણ આ કોન્ટ્રાકટ સિસ્ટમના છે. આજે મોટાભાગે ગુજરાત સરકાર કરાર આધારિત જે કર્મચારીઓ રાખવામાં આવે છે તે જવાબદારીવિહીન છે. કારણકે તેમને જવાબદારી જેવું કંઇ છે જ નહીં. મેં પૂછયું ઓપરેટરને કે તારો પગાર કેટલો? તો કહે કે ૩૫૦૦ રૂપિયા પગાર આપે છે. બીજાને ૨૫૦૦ રૂપિયા પગાર આપે છે. ૨૫૦૦ રૂપિયામાં એજન્સી ફીકસ કરે છે. એજન્સી આ પ્રમાણે યુવાનોનું શોષણ કરે છે તે પણ વાજબી નથી. મારી સરકારશ્રીને અને મહેસૂલ મંત્રીને વિનંતી છે કે આ જે ઓપરેટરો છે તે ખરેખર કાયદેસર રીતે ટ્રેનિંગ આપીને, જેમ તલાટીઓ અને સર્કલ ઓફીસરોને ટ્રેનિંગ આપતા હતા તેમ આપીને આમની જવાબદારી ફીકસ થાય તો મોટાભાગની ભૂલો દૂર થાય. આ ભૂલ સુધારણાનો કાર્યક્રમ આખા ગુજરાત રાજયમાં રાખવામાં આવે તો મોટાભાગની ભૂલો થાય છે તે મૂળ રેકર્ડથી સુધરી જાય તેવી મારી આ પ્રસંગે વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારની અંદર પૈસો હોય તો પેસ નહીં તો બહાર બેસ. આજે મહેસૂલ વિભાગની એકલી વાત નથી કરતો પણ બીજા વિભાગોની અંદર પણ નૈવેદ્ય વગર કામ થતું નથી. નૈવેદ્ય કોને કહેવાય? અમારા ગામડામાં ભુવા તે નૈવેદ્ય મૂકે, જુવે અને ચડાવે તેને નૈવેદ્ય કહેવાય. આપે કહ્યું કે ભ્રષ્ટાચારની વાત ના કરશો. તમે બાંધછોડની વાત કરો. લેવડ દેવડમાં સમાધાનની વાત કરો. સાહેબ હું એ કહેવા માગું છું અને આજે મેં પેપરમાં વાંચ્યું છે કે આ વારસાઇની એન્ટ્રીઓ, માનનીય મુખ્યમંત્રીશ્રીએ આદેશ કર્યો કે આપણે ૧૦૦ દિવસની અંદર સરકારનો સારો વહીવટ ગુજરાતની છ કરોડ પ્રજાને બતાવવો છે. હું કહેવા માગું છું કે આજે લગભગ હું ત્રણ જિલ્લાની વાત કરું તો તેમાં પાટણ, સુરેન્દ્રનગર અને ભાવનગર જિલ્લામાં ૨૬૯૦૦ જેટલી વારસાઇની એન્ટ્રીઓ પેન્ડીંગ છે. વિચાર કરો આ સરકારનો વહીવટ છે. તો બીજા જિલ્લાઓની કેટલી હશે? તે સિવાય હું કહીશ કે અગાઉની જે સરકારો હતી તેમાં વેચાણની એન્ટ્રીઓ દર મહિને સબ રજીસ્ટ્રારની ઓફીસમાંથી ૧ થી ૫(પાંચ) તારીખ સુધીમાં જે તે તાલુકા, સીટી સરવેની હોય તો તેમાં, મામલતદાર અને રેવન્યુના લેવલે હોય તો તેમાં આ પ્રમાણેની વેચાણની નોંધો મોકલવામાં આવતી હતી. તેની તારીજ રાખવામાં આવતી હતી. દર મહિને કેટલી નોંધો પડી તેમાંથી કેટલી મંજૂર થઇ અને કેટલી નામંજૂર થઇ. એનો રીવ્યૂ લેવામાં આવતો હતો. દર મહિને આર.ઓ.ની મિટીંગ હોય છે પણ મને ખબર છે કે લગભગ આર.ઓ.ની મિટીંગનો હું તમને દાખલો આપીશ કે આખા જિલ્લામાં જે કાંઇ મહેસૂલ વિભાગની બાબતની વાત હોય કે બીજી કોઇ બાબતની હોય તો એનો હેતુ સમાન હોવો જોઇએ. સાહેબ, કાલોલ, હાલોલ, સંતરામપુર, દાહોદમાં પૈકી એન્ટ્રીનું વેચાણ થાય પણ અમારી ગોધરાની અંદર પૈકી એન્ટ્રીનું વેચાણ ના થાય. હું કલેકટરને મળ્યો કલેકટરે સૂચના આપી, પ્રાન્ત અધિકારીએ સૂચના આપી પણ આજનો નીચેનો અધિકારી વર્ગ માનતો નથી એના કારણે આજે ૨૬ જેટલી અરજીઓ અને વારસાઇના કેસો આ પાડતા નથી અને મંજૂર કરતા નથી એની પાછળનો આશય એ છે કે એમાં મલાઇ લેવાની હોય છે અને એના કારણે નીચલા અધિકારીઓ આજે સરકારનો આદેશ હોવા છતાં જો કામ ન કરતા હોય તો એની સામે કડક હાથે કામ લેવું જોઇએ એવું મારું માનવું છે. બીજી વાત એ કરીશ કે, આજે પાણી પત્રક અને આનાવારી મોટા ભાગે ગયે વખત મેં વિધાનસભામાં પ્રશ્ન કર્યો ત્યારે સાહેબ, ઉપર મુજબ, ઉપર મુજબ, આજે છેલ્લા પાંચ વર્ષથી એક જ પ્રકારનું લખ્યું હોય છે મકાઇ તો ઉપર મુજબ પણ મકાઇની જગ્યાએ એણે નીલગીરી કરી હોય, તમાકું કર્યું હોય, કપાસ કર્યો હોય. આજે પણ આ પાણી પત્રક વ્યવસ્થિત નહીં થવાના કારણે પાક વીમા યોજનાનો લાભ મળતો નથી. કારણ કે, ગામડાની અંદર સેવા સહકારી મંડળીઓ મારફત આ ૭/૧૨ની નકલ મુજબ પાક જે થતો હોય એનું ધિરાણ થતું હોય છે એને જયારે વર્ષ નિષ્ફળ જાય, જેમ ચાલુ સાલે આજે વરસાદ નથી તો વરસાદ નથી તો આ વર્ષે વાવેતર કેવું થવાનું છે? તો અગાઉથી વાસેલ જેને પડતર કહે છે તો બૈઝિકલી ખેડૂતોને એનો પાક વીમામાં એનો લાભ થાય એટલે પાણી પત્રક અને આનાવારી આખા રાજય લેવલે જે બાકી હોય કરવી જોઇએ એવું મારું માનવું છે.

માનનીય અધ્યક્ષશ્રી, પુનઃવસવાટની એક વાત કરીશ. મારે દુઃખ સાથે કહેવું પડે છે કે છેલ્લા ૧૫ વર્ષથી મારા પંચમહાલ જિલ્લાના ૩ ડેમનો પુનઃવસવાટનો પ્રશ્ન છે માનનીય નીતિનભાઇ આપ માનનીય મુખ્યમંત્રી વતી જવાબ આપવાના છો ત્યારે હું કહીશ કે અમારા પંચમહાલ જિલ્લામાં ૩ ડેમ અદલવાડા, હડફ અને કબૂતરી એના ૮૦૦ જેટલા અસરગ્રસ્તો, આ સરકાર હોય કે પેલી સરકાર હોય એમાં અધિકારીઓ કામ કરે છે પણ એમાં સંકલન નહીં હોવાના કારણે મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, છેલ્લા કેટલાય વખતથી હું વિધાનસભામાં આ પ્રશ્ન પૂછું છું. આજે મારું સદભાગ્ય કે મને આ મહેસૂલ વિભાગની ચર્ચામાં ભાગ લેવાનો થયો છે ત્યારે હું એ પ્રશ્નની રજૂઆત કરીશ. પણ આ સરકારને મારે જણાવવું છે કે મારો પ્રશ્ન ૭૧, ૮મી જુલાઇ મંગળવારના રોજ ૭૧મો પ્રશ્ન ૯૯૨૪ ક્રમાંક એમાં મેં પ્રશ્ન સ્પષ્ટ પૂછ્યો છે કે ૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ ૩૦ વરસથી પંચમહાલ જિલ્લાના કડાણા-પાનમ, અદલવાડા, હડફ યોજનાના ખેડૂતોની જમીન સંપાદન થયેલ છે એવા અસરગ્રસ્તોની જમીનમાં જમીનની સામે જમીન મળી નથી તે હકીકત સાચી છે? સાહેબ, એમનો જવાબ છે હાજી. અંશતઃ. આ ૩ જે સિંચાઇ ડેમ છે એના પૂરેપૂરા ૮૦૦ અસરગ્રસ્તોને માટે મારે દુઃખ સાથે કહેવું પડે છે કે આજે એક પણ માણસને સનદ નથી મળી. આજે ૩૩-૩૪ વરસ થયા છે ત્યારે માનનીય મંત્રીશ્રીને હું વિનંતી કરીશ કે આ પ્રશ્ન પક્ષીય રીતે ન લેતા આ પ્રશ્ન બહુ ગંભીર છે આજે ૮૦૦ કુટુંબ એમને પોતાની જમીન નહીં હોવાના કારણે બીજા જે કાંઇ એમને લાભ મળવા જોઇએ, એમને લોન મળવી જોઇએ એ આજ દિન સુધી મળી નથી. આજે ૩૦ વરસ પછી પણ જો જમીન ન મળતી હોય ત્યારે રાજય સરકારને ઉતાવળ કઇ છે એનો એક દાખલો આપીશ. રાજય સરકારને આવામાં રસ નથી, આ મોટા ભાગના લોકો આદિવાસી અને મધ્યમ વર્ગના છે પણ જયાં મલાઇ મળતી હોય એનો હું દાખલો આપીશ.

માનનીય અધ્યક્ષશ્રી, આવો જ પુનઃવસવાટનો પ્રશ્ન મહેસાણા જિલ્લાનું મેવડ ગામ અને સાબરકાંઠાના ગુહાઇ ડેમના અસરગ્રસ્તો આ ગુહાઇ ડેમના અસરગ્રસ્તોને મળવા પાત્ર જમીન મહેસાણાથી ૫ થી ૭ કી.મી.દૂર મેવડ ગામની અંદર જમીન આ બીજા જિલ્લામાં આપી દીધી. અસરગ્રસ્તોની જમીન, મને ખબર છે કે અસરગ્રસ્તોની જમીનની જે સનદો આપવામાં આવે એ જ્યારથી આપવામાં આવે એના પંદર વરસ પછી જૂની શરત કરવામાં આવે છે, સરકારને એવી શું જરૂર પડી કે આ મેવડ ગામની અસરગ્રસ્તોની જમીન બારોબાર ભૂમાફિયાઓને વેચાણ કરી દીધી છે, મારે એ જાણવું છે કે કયા આધારે આ અધિકારીઓએ આ જમીન ભૂમાફિયાઓને આપી દીધી અને અસરગ્રસ્તોને જમીન કેમ ના મળી? આજે કાગળ ઉપર છે એની તપાસ કરાવવામાં આવે. અધિકારીઓ સામે પગલાં લેવાનો પ્રયત્ન પણ કરો. મારો સવાલ એટલો છે કે આજે ૩૪ વરસથી અમારા જિલ્લાના ૮૦૦ કુટુંબોને ન્યાય ના મળ્યો હોય અને રાતોરાત ૨૦૧૩ની સાલમાં જમીનો અપાઇ જાય એના કારણો તો વિચારવા જેવા છે. એટલે હું કહુ છું કે આ સરકાર ભૂમાફિયાઓને મદદ કરવાવાળી સરકાર છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગૌચરની જમીન, ગૌ માતાની રક્ષા કરવાવાળી સરકાર, અત્યારસુધી ૧૧ વરસની અંદર જે કંઇ સરકારી પડતર કે બીજા જે કંઇ વેચાણો થયા છે એમાં પાંચ ટકા જેટલી ગૌચરની જમીન આ સરકારે વેચી મારી છે. ગુજરાતમાં ૧૨.૫૪ કરોડ ચોરસમીટર ગૌચરની જમીન ઉપર માફિયાઓનું દબાણ છે. જે પશુઓની સંખ્યા હોય એના આધારે ગૌચર નક્કી કરવામાં આવે છે એવી આ સરકારની નીતિ છે. આ ગુજરાતમાં લગભગ ૭૦ જેટલું ગૌચર માફિયાઓને ઓછાં ભાવે આપી દેવામાં આવ્યું છે. બીજી વાત સરકાર લેવલ ઉપર બેઠેલા ઉચ્ચ અધિકારીઓ અને ઉચ્ચ પદાધિકારીઓ અંગે એક દાખલો આપીશ કે કચ્છમાં ઇન્ડીયા ગોલ્ડ રિફાઇનરી નામની કંપનીની ૩૯ એકર જેટલી જમીન, તે વખતના મહેસૂલ મંત્રી તેમાં હું પડવા માગતો નથી, એ જમીન ખરેખર સરકારી પડતર હેઠે હતી, ખાલસા થયેલી જમીન હતી એ જમીન એલ્યુમિના રિફાઇનરીને વેચવા માટે જે તે વખતના મહેસૂલ મંત્રીએ ખાસ કિસ્સા તરીકે ઓર્ડર કર્યો અને એ ઓર્ડરને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો અને એના માટે જાહેરમાં ચર્ચા કરવા માટે અમારા તે વખતના વિરોધ પક્ષના નેતા શ્રી શક્તિસિંહજી ગોહિલે જે તે વખતના મહેસૂલ મંત્રીશ્રીને જણાવ્યું પણ તેમ છતાં જાહેર ચર્ચા કરી શક્યા નહિ તેનું અમને દુઃખ છે. તમે વહીવટ સારો કરો તો ખુલ્લેઆમ ચર્ચા કરો. છ કરોડની પ્રજાને ન્યાય આપો. મેં જે વાત કરી ૩ સિંચાઇ ડેમની, મારે દુઃખ સાથે કહેવું પડે કે, આજે ૩૩ વરસ પછી પણ

સનદ આપવામાં આવશેને પંદર વરસ પછી જમીન જૂની શરતમાં ફરી શકશે એટલે ૩ પેઢી ગયા પછી પણ એમને લાભ નથી મળવાનો.

શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી વાહન વ્યવહાર માગણી નંબર–૭૪ જે લઇને આવ્યા છે એના ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

ગુજરાતનું વાહન વ્યવહાર નિગમ વરસોથી ચાલે છે. વાહન વ્યવહાર નિગમ એક શહેરથી બીજા શહેરને, શહેરથી ગામડાને જોડવાનું કામ કરે છે. વાહન વ્યવહાર નિગમ વરસોથી મુસાફરોને આવવા જવા માટે, વિદ્યાર્થીઓને આવવા જવા માટે, ખેડૂતોને પોતાના પાક વેચાણ કરવા લાવવા લઇ જવા માટે, શાકભાજી વેચાણ કરવા માટે તેવા અનેક વ્યવહારો માટે વાહન વ્યવહાર બહુ જ ઉપયોગી છે. મારે કહેવું પડે કે આ સરકાર પોતાની જાતે પોતાના ખૂબ વખાણ કરે છે. મારે એમાં બહુ પડવું નથી, પણ એટલું કહીશ કે ૨૪ લાખ નાગરિકોને બસની સુવિધા આપવા માટે નિગમને ૧૪૦૦ કરોડ રૂપિયા સહાય આપવા માટેની બજેટમાં જોગવાઇ કરી છે. આ બજેટની અંદર ૯૫૦ એસ.ટી.ની નવી બસો ખરીદવા માટે રૂપિયા ૧૯૦ કરોડનું આયોજન કરવામાં આવેલ છે. મારે એવું કહેવું પડે કે છેલ્લાં દસ વરસની અંદર ૨૦૦૧ થી ૨૦૧૧–૧૨ની અંદર જો હું વાત કરું તો રૂટોની અંદર, શિડયુલની અંદર અને દૈનિક પ્રવાસીઓની સંખ્યાની અંદર જે ઘટાડો થયો છે. માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૧માં રૂટોની સંખ્યા હતી ૨૦,૧૦૪, દૈનિક પ્રવાસીઓની સંખ્યા હતી ૩૭.૪૨ લાખ, ૨૦૧૧–૧૨ની અંદર રૂટોની સંખ્યા ૧૪,૮૧૩, દૈનિક પ્રવાસીઓની સંખ્યા હતી ૨૩.૩૯ લાખ. તેનો અર્થ એ થાય છે કે, એસ.ટી.ની અંદર શિડયુલ દિવસે અને દિવસે કપાતા જાય છે અને શિડયુલ ઓછા થવાના કારણે રૂટ પણ ઓછા થતા જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજની તારીખની અંદર સરેરાશ ૩૫૦ કરતાં વધારે શિડયુલ રૂટો છે તે બંધ પડેલા છે. જયારે ૩૫૦ શિડયુલ રૂટો બંધ હોય ત્યારે મોટાભાગના રૂટો બંધ છે સરેરાશ ૨૫૦ જેટલી બસો આજની તારીખમાં બંધ છે. મેં કહ્યું એ પ્રમાણે વાહન–વ્યવહાર ગામ અને શહેરોને જોડવા માટેનું જયારે એક અગત્યનું નિગમ હોય ત્યારે મારે કહેવું પડે કે નિગમ દિવસે અને દિવસે ખાડે જતું જાય છે અને ખોટ પણ કરતું જાય છે. એસ.ટી.ના ભાડા વધે તેના કારણે કેટલાય મિત્રો મને લાગે છે કે, રેલ્વેની અંદર જતા થયા પણ રેલ્વેના પણ ભાડા વધ્યા તેના કારણે મુસાફરોને દિવસે અને દિવસે મુશ્કેલી વધતી જાય છે. એસ.ટી.ની બાબતમાં એટલુ ચોક્કસપણે કહીશ કે મધ્યમ વર્ગથી નીચેના વર્ગ પાસે બધાની પાસે ગાડીઓ નથી, સ્કૂટર નથી તેના કારણે એક શહેરથી બીજા શહેરે જવા માટે, ગ્રામ્યની અંદરથી બાળકોને ભણવા માટે, દીકરીઓને ભણવા માટે શહેરમાં આવવું પડે. ગામની અંદર કોલેજો, હાઇસ્કૂલો, શાળા ના હોવાના કારણે પણ શહેરમાં આવવું પડે. અગાઉના વર્ષોની અંદર વિદ્યાર્થીઓ માટે બે ટાઇમ રૂટ ફરજિયાત આપવામાં આવતા હતા. સવારમાં લેવા માટે જાય અને સાંજના મૂકવા માટે જાય એવા બે રૂટ ફરજિયાત નિગમ મારફતે આપવામાં આવતા હતા એના કારણે વિદ્યાર્થીઓને પૂરેપૂરી સગવડ મળતી હતી. જે મોટા ગામો હતા તેની અંદર નાઇટ પણ કરવામાં આવતી હતી. સવારના વહેલા મુસાફરોને બહાર જવુ હોય તો તેનો ઉપયોગ થતો હતો એ પણ બંધ થઇ ગયો. વિદ્યાર્થીઓને રૂટ બંધ થઇ ગયા એના કારણે ગામની દીકરીઓએ ભણવાનું બંધ કરી દીધુ. કારણ કે શહેરની અંદર જવું હોય પણ એસ.ટી.ના હોવાના કારણે તેને છકડામાં જવુ પડે, રીક્ષામાં જવુ પડે, પ્રાઇવેટ ગાડીઓમાં જવુ પડે એના કારણે તેના મા–બાપ તેની દીકરીની ચિંતા કરે કે મારી દીકરી સલામત જશે અને સાંજે સલામત આવશે? આવી ચિંતા કારણે કેટલીય દીકરીઓએ ગુજરાતની અંદર, ગામડાંની અંદર ભણવાનું બંધ કરી દીધુ. એવા સંજોગોની અંદર મારી આ સરકારને નમ્ર વિનંતી છે કે, નિગમ એ કોઇ નફા માટે નથી પણ નહીં નફો નહીં નુકસાનની દ્રષ્ટિએ નિગમ ચલાવવુ જોઇએ. પબ્લિકની સેવા માટે ચલાવવુ જોઇએ અને પબ્લિકની સેવા માટે તમે ચલાવો તો હું માનું છું ત્યાં સુધી નિગમ કોઇ દિવસ ખોટમાં ના જાય.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રાઇવેટ વાહનોની સંખ્યા દિવસે અને દિવસે વધતી જાય છે આ સરકાર પણ કબૂલ કરે છે. જયારે આ સંખ્યા દિવસે અને દિવસે વધતી હોય ત્યારે તેની અસર એસ.ટી.ઉપર પડે છે. અગાઉના વર્ષોની અંદર મેં જોયુ તે પ્રમાણે બસ સ્ટેન્ડની ચારે તરફ અમુક અંતરની અંદર કોઇપણ પ્રાઇવેટ વાહન ઉભું ના રાખી શકે, પેસેન્જર ના લઇ શકે એવો કાયદો પણ બનાવ્યો હતો. કાયદાનો અમલ થતો નથી

તેના કારણે દિન–પ્રતિદિન પ્રાઇવેટ વાહનોની સંખ્યા વધતી જાય છે અને આના કારણે એસ.ટી.ને ખોટ ભોગવવી પડે છે. ગુજરાત સરકાર દરેક વસ્તુની જયારે પ્રગતિની વાત કરતું હોય ત્યારે, સારા કામની વાત કરતું હોય ત્યારે આ નિગમ બહુ જ અગત્યનું છે એવા સંજોગોની અંદર સારી રીતે તેનું આયોજન કરે,ગામડાંની અંદર પણ એસ.ટી.જાય, બાળકોને ભણવાની અને બીજી રીતની સગવડ મળે એવુ કરવા માટે હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું માનુ છું ત્યાં સુધી એસ.ટી.નિગમ જયારે આપણે પ્રજા માટે ચલાવતાં હોઇએ, સામાન્ય માણસ માટે ચલાવતાં હોઇએ ત્યારે એ નિગમનો ઉપયોગ સરકારે નહીં કરવો જોઇએ. સરકાર બીજા ઘણાં કાર્યક્રમો કરે છે જેવા કે લોકમેળા કરે, કૃષિમેળાઓ કરે અને એ મેળાની અંદર જે દિવસે જે જિલ્લાની અંદર મેળો હોય આખા રાજયની અંદર એસ.ટી.ઓ બંધ કરીને, તેના રૂટ બંધ કરીને બધીજ એસ.ટી.તે મેળાની અંદર જાય અને વિદ્યાર્થીઓની પરીક્ષાઓ હોય કે ભણવાનું હોય તો એ પણ એ દિવસે બંધ થઇ જાય. સરકારને હું માનુ છું ત્યાં સુધી સંખ્યા વધારવી હોય, વધારે પ્રચાર કરવો હોય તો એમાં કોઇ વાંધો નથી, પણ જે વિદ્યાર્થીઓની, સામાન્ય માણસની એસ.ટી.ની બસો છે તેનો ઉપયોગ ના કરો પણ પ્રાઇવેટવાળાનો ઉપયોગ કરીને જે મેળાઓ કરવા હોય એ મેળા કરો તેમાં મને કોઇ વાંધો નથી, પણ માનનીય અધ્યક્ષશ્રી, પબ્લિકને જે મુશ્કેલી પડે છે એ મુશ્કેલી ન પડે એ માટેની મારી નમ્ર વિનંતી છે. માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું એ પ્રમાણે એસ.ટી. બસો જયારે નવી ખરીદવાની વાત આવી છે ત્યારે ગયા વખતે બજેટની અંદર પણ ખરીદવાની વાત આવી છે. બજેટની જોગવાઇ કરી છે પણ પૂરેપૂરાં વાહન ખરીદાયાં નથી. ધીમે ધીમે ખરીદી થાય છે એને કારણે દહાડે દહાડે શીડ્યુલ બંધ થાય અને એને કારણે રૂટ પણ બંધ થતા હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, સાચુ હોય કે ખોટુ હોય મને બહુ ખબર નથી, પણ નવી ગાડીઓ જયારે ખરીદવાની થાય, નવી ચેસીસ જયારે ખરીદવાની થાય એને બોડી બનાવવા માટે આપણી પાસે નરોડા વર્કશોપ મોટામાં મોટું વર્કશોપ છે. એ વર્કશોપની અંદર બોડી બંધાવવામાં આવે છે, પણ મેં વચ્ચે એવું સાંભળ્યું હતું કે, નવી જે ચેસીસ ખરીદે છે એ ચેસીસ એની બોડી બનાવવા માટે બીજા રાજયની અંદર કોન્ટ્રાક્ટ આપવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, હું માનું છું ત્યાં સુધી એવું ન થાય, નરોડા વર્કશોપ મોટામાં મોટું છે, મોટી સંખ્યામાં આપણી પાસે કારીગરો છે, એની મારફતે જ આપણે બોડી બંધાવીએ જેથી કરીને સારી બસ તૈયાર થઇ જાય. બીજા રાજયોની અંદર ઘણી મુશ્કેલીઓ પડે છે, કારણ કે હું પણ એક વખત આ ખાતામાં રહેલો એટલે મને ખબર છે.

માનનીય અધ્યક્ષશ્રી, સમય થયો છે વધારે કંઇ કહેતો નથી પણ મેં કહ્યું એ પ્રમાણે ગરીબ માણસો માટેનું જયારે નિગમ છે તો એ નિગમનો ગરીબ માણસોને પૂરેપૂરો લાભ મળે એવું સુંદર આયોજન કરો એટલી જ મારી માગણી છે.

શ્રી રણજીતભાઇ મં. ગિલીટવાલા(સુરત (પૂર્વ)) : માનનીય અધ્યક્ષશ્રી, વાહન વ્યવહાર વિભાગના સન ૨૦૧૪–૧૫ના મોડીફાઇડ બજેટ એસ્ટીમેટ પ્રમાણે રેવન્યુ ખર્ચ ૯૧૬ કરોડ ૪ લાખ ૩૫ હજાર રૂપિયા અને કેપીટલ ખાતે ૫૫૬ કરોડ ૬૨ લાખ ૩ હજાર રૂપિયા મળીને કુલ ૧૪૭૨ કરોડ ૬૬ લાખ ૪૦ હજાર રૂપિયાની મૂળ માગણીઓની સામે આપણે વોટ ઓન એકાઉન્ટ વખતે મંજૂર થયેલી માગણીઓને બાદ કરતાં આજે રેવન્યુ ખાતે ૬,૨૦,૭૭,૭૪,૦૦૦/–રૂપિયા અને કેપીટલ ખાતે ૪,૨૧,૯૫,૩૬,૦૦૦/– રૂપિયા મળીને ૧૦,૪૨,૭૩,૧૦,૦૦૦/–રૂપિયાની માગણી ક્રમાંક–૭૪ લઇને માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ આવ્યા છે તેને હું અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કમિશનર ઓફ ટ્રાન્સપોર્ટની ઓફિસ અને તેઓના તાબાની કચેરીઓના કર્મચારી વર્ગનું ખર્ચ,સરકારી ખર્ચ સિવાય એસ.ટી.ના કર્મચારીઓને પગાર અને ભથ્થાં અંગેનું ખર્ચ, કામગીરી અંગેનું ખર્ચ, બસ ડેપો કે વર્કશોપ વગેરેના બાંધકામ માટે સંપાદિત કરેલ જમીનની કિંમત પેટે એસ.ટી.ને ચૂકવવાપાત્ર રોકડ અને એસ.ટી.ને જે લોન આપવા માટેની જરૂરી રકમ છે એની માગણી સાથે માનનીય મંત્રીશ્રી આવ્યા છે તેને હું અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વાહન વ્યવહાર વિભાગને માથે મુખ્યત્વે બે સેવાઓ આપવામાં આવી છે. એક તો આર.ટી.ઓ.ની અને બીજી સ્ટેટ ટ્રાન્સપોર્ટની, માનનીય અધ્યક્ષશ્રી, એસ.ટી.ના હુલામણા નામે ઓળખાતી સેવા આજે રાજયભરના નાગરિકોનું પરિવહનનું એક અવિભાજય અંગ બની ગયું છે. એસ.ટી. દ્વારા, સાહેબે કહ્યું તે પ્રમાણે દરરોજ ૨૩ લાખ કરતાં વધુ નાગરિકોને મુસાફરી કરાવવામાં આવે છે. ગુજરાતની વસતિના ૩૭ ટકા people are taking benefit of the services of S.T. માનનીય અધ્યક્ષશ્રી, રાજયના માનનીય નાણા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલે એસ.ટી.માં સફર કરનાર પેસેન્જર ટેકસ છે એને આ વર્ષના બજેટમાં ૨૦૧૪–૧૫ના બજેટની અંદર પેસેન્જર ટેકસની અંદર ખૂબ મોટી રાહત કરી આપી છે. પેસેન્જર ટેકસનો હાલનો દર ૧૭.૫ ટકા છે તેને ઘટાડીને નાણા મંત્રીશ્રીએ ૭.૫ ટકાની દરખાસ્ત કરેલી છે તેના કારણે ૨૦ લાખ પેસેન્જરોને આમાંથી રાહત મળનાર છે. આ ટેકસ રાહતના કારણે ૧૫૦ કરોડ રૂપિયા અને આ ફાયનાન્સિયલ વર્ષની અંદર ૧૦૦ કરોડ રૂપિયા જેટલી આવક ઓછી થનાર છે એને ઉથાવીને પણ માનનીય નાણા મંત્રીશ્રીએ આ રાહત આપવાનું એક અજોડ કામ કર્યું છે તે અભિનંદનીય છે.

માનનીય અધ્યક્ષશ્રી, એસ.ટી. સેવાઓ રાજયના તમામ જિલ્લાઓ, તાલુકાઓ અને ૧૮૧૮૬ ગામોને સાંકળીને એક જબરજસ્ત નેટવર્ક આ સામાજીક જીવનના તાણાવાણા વણવાનું કામ કરતી હોય તો એ એસ.ટી. કરી રહી છે. ૨૮ લાખ કિલોમિટરનું રોજનું સંચાલન કરે છે. ૪૪૪૦૦ જેટલી ટ્રીપ રોજની સફળતાપૂર્વક અને સંતોષકારક રીતે ચલાવવું એ રમત વાત નથી. એસ.ટી.નું વહીવટી મંડળ અને ૩૯૯૭૨ જેટલા એના કર્મચારીઓ જે પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક બજાવે છે એના લીધે આવું મોટું એસ.ટી.નું તંત્ર ચાલી રહ્યું છે. રાજય સરકારે એસ.ટી.ની સેવાને હંમેશાં સામાજીક જવાબદારી અદા કરવાના માધ્યમ તરીકે ગણીને પ્રોત્સાહન આપ્યું છે. આને કયારેય પણ નફાના માધ્યમ તરીકે ગણતરીમાં લીધું નથી અને એટલા માટે જ એસ.ટી. દ્વારા મુસાફરોના કેટલાક ચોકકસ વર્ગને ભરપૂર રાહત આપવામાં આવે છે. ગ્રામીણ વિદ્યાર્થીઓ, અંધજનો, શારીરિક ખોડખાંપણવાળા નાગરિકો, સ્વાતંત્રય સેનાનીઓ અને તેમની વિધવાઓ, પત્રકારો,ટી.વી.ના પ્રતિનિધિઓ, ચક્ષુદાન માટેનાં ચક્ષુ લઇ જતી વ્યકિતઓને સો ટકા રાહત આપવામાં આવે છે. વિદ્યાર્થીઓને તેમના થતા ભાડાના ૮૨.૫ ટકા જેટલી રાહત આપવામાં આવે છે અને કેન્સર, થેલેસેમિયા અને સીકલસેલના રોગ ધરાવતી વ્યકિતઓને ૫૦ ટકા એસ.ટી.ના ભાડામાં રાહત આપવામાં આવે છે અને તેમના સાથે રહેનાર સહાયકને પણ ભાડામાં રાહત આપવામાં આવે છે. એટલે માનવતા માટે કામ કરતી અને ખૂબ મોટા પ્રમાણમાં કવરેજ કરતી આ સંસ્થા અભિનંદનને પાત્ર છે. એસ.ટી. નિગમની લોકાભિમુખ સેવા માટે રોજબરોજ મુસાફરી કરતા મુસાફરોને ૪૦ ટકા સુધી રાહત આપવમાં આવે છે અને તેમને ત્રિમાસિક અને માસિક પાસ અપાય છે. ૫ વર્ષથી નીચેનાં બાળકોને મફત મુસાફરી કરવા દેવાય છે અને પહેલાં ૧૫ કિલો લગેજ લઇ જવા દેવામાં આવતું હતું એના બદલે હવે ૨૫ કિલો લગેજ એસ.ટી.માં મુસાફરની સાથે મફત લઇ જવા દેવામાં આવે છે. એસ.ટી. મારફતે અપાતી આવી રાહતના કારણે એસ.ટી.ને ખોટ થાય છે, નફો તો કરતી જ નથી અને એ ખોટને સરભર કરવા માટે રૂપિયા ૭૧૪ કરોડ રૂપિયાની સહાય માટે પણ આ બજેટમાં જોગવાઇ કરવામાં આવી છે.

આવી એસ.ટી.ની સેવાઓ શહેરી વિસ્તારોમાં જ ફરે છે એવું નથી. રાજયનો શહેરી વિસ્તાર, રાજયનો સાગરકાંઠા વિસ્તાર, પછાત વિસ્તાર, અને આદિજાતિ વિસ્તારને એકબીજાની સાથે જોડવાનું કામ પણ આ એસ.ટી. નિગમ કરે છે અને આ સેવાઓ આદિજાતિ આંતરિયાળ વિસ્તારોમાં ૩૧૦ મીની બસો, બેકવર્ડ વિસ્તારમાં ૪૦ થી ૫૦ સ્પેશ્યલ બસો, સાગરખેડુ વિસ્તારમાં ૩૪૮ જેટલી ખાસ કલરની બસો દોડાવવામાં આવે છે અને અમદાવાદના એરપોર્ટ ઉપર અમદાવાદમાં આવનાર એન.આર.આઇ. મુસાફરો માટે તેમના ગામ કે નજીકના મોટા શહેરોમાં જવા માટે જેવા કે રાજકોટ, સુરત, વડોદરા અને જામનગર માટે વોલ્વો બસ સેવા પણ આપવામાં આવી છે. સમાજના દરેક વર્ગને જોડતી સેવાઓ આપે છે. સ્લીપર કોચ, એ.સી.બસો,વોલ્વો બસો, ઓર્ડીનરી બસો, વડીલો સહેલાઇથી ચઢી ઉતરી શકે એટલા માટે લો ફલોર બસો દોડાવવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારે ૨૦૦૫–૦૬ થી અત્યારસુધીમાં લોન સહાય હેઠળ ૧૯૦૯ કરોડ રૂપિયાની સહાય આપવામાં આવી છે અને ૧૨૨૫૩ જેટલી નવી બસો ૨૦૦૫–૦૬ પછી મૂકવામાં આવી છે. ૧૦૫૦ નવી બસો ખરીદવાની કાર્યવાહી ચાલે છે અને ૨૦૧૪–૧૫ ના વર્ષમાં વધુ ૧૯૦ કરોડ સાથે સાથે ૯૦૦ જેટલી નવી બસો ખરીદવા માટે પ્રોવિઝન કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૫માં એસ.ટી.ની ૮૦ જેટલી બસો ઓવર એઇઝ હતી, પરંતુ બસો નવી લેવાને કારણે ફક્ત ૨ ટકા જ બસો ઓવર એઇઝ રહી છે. ૨૦૦૫–૦૬ માં નિગમની બસોનું બ્રેકડાઉનનું પ્રમાણ ૧૦૦૦૦ કિલોમિટરે ૧.૩ ટકા જેટલું હતું જે આજે ફક્ત ૦.૧ થી પણ નીચે રહ્યું છે. એક સરસ મજાની ડાયરેક્ટ પ્રજાની સાથે ઇન્વોલ્વ થતી સેવા એટલે એસ.ટી.ની સેવા અને એસ.ટી.એટલે સેઇફ ટ્રાન્સપોર્ટ. આટલા મારા શબ્દો સાથે હું મારી વાતને વિરામ આપું છું.

શ્રી જીતેન્દ્ર સુખડીયા(સયાજીગંજ) : માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ માટે માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, મને કહેવા દો કે રાજ્યના માનવંતા પૂર્વ મુખ્ય મંત્રી અને હાલના દેશના વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદીએ પોતાની આગવી સૂઝ થી રાજ્યના વિકાસ માટેના જે કાર્યક્રમો હાથ ધર્યા છે એમાં રાજ્યના આદિવાસી ક્ષેત્રના વિકાસ માટે વનબંધુ યોજના લઇને આવ્યા, રાજ્યના કૃષિના વિકાસ માટે થઇને, કૃષિ વિકાસ અને ગ્રામીણ વિકાસ માટે થઇને કૃષિ મહોત્સવનું આયોજન હાથ ધરવામાં આવ્યું. શાળા પ્રવેશોત્સવના માધ્યમથી શૈક્ષણિક વિકાસ માટે ભરપૂર પ્રયત્નો કરવામાં આવ્યા. ગરીબ કલ્યાણ મેળાઓના માધ્યમથી રાજ્યના વિકાસના ફળ રાજ્યના છેવાડાના ગરીબ માનવીના ઘર સુધી પહોંચાડવાનો ઉત્કૃષ્ટ પ્રયત્ન કરવામાં આવ્યો અને આ સર્વે કાર્યક્રમોની સાથે લોકોને જોડયા, જેથી રાજ્યના વિકાસમાં આપણને ગુણાકારનો ફાયદો થયો. સૌનો સાથ, સૌનો વિકાસ એ સૂત્ર વાસ્તવમાં એમણે સાર્થક કરી બતાવ્યું. અનેક વાયબ્રન્ટ સમ્મીટના માધ્યમથી રાજ્યનું ઝડપી અને વ્યાપક ઔદ્યોગીકરણ થયું, રોજગારીની બાબતમાં આપણું રાજ્ય કેટલાય વર્ષોથી આજે પ્રથમ નંબરે છે. માનનીય નરેન્દ્રભાઇએ રાજ્યના નગરો અને મહાનગરો, રાજ્યની આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિના કેન્દ્ર સમાન બની રહે તથા રાજ્યના મહાનગરો વિશ્વ કક્ષાના બની રહે તે માટે શહેરી વિકાસ માટે વિશેષ પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા.

આપણા માનવંતા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ શ્રી નરેન્દ્રભાઇ મોદીના શહેરી વિકાસ માટેના આયોજનને ખૂબ જ તેજ ગતિથી આગળ ધપાવી રહ્યા છે. ગુજરાત વધતા જતા શહેરીકરણનું ઉદ્ધાત સાક્ષી છે. હાલમાં રાજ્યના ૪૨ ટકા જેટલા લોકો શહેરી વિસ્તારમાં રહે છે. આગામી વર્ષોમાં આ સંખ્યા ૫૦ ટકા ઉપર પહોંચવાની વકી છે. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા વર્ષ ૨૦૦૦–૨૦૦૧ના અંદાજપત્રમાં ૪૫૨.૭૦ કરોડની જોગવાઇ કરવામાં આવી હતી. આ સ્પાન કેટલો લંબાયો છે અને કેટલું મહત્વ આ વિભાગને આપવામાં આવી રહ્યું છે તેનો ખ્યાલ આપણને છેલ્લા ૧૪ વર્ષમાં જે આયોજન થયું છે તે જોઇને આવી જશે. છેલ્લા ૧૪ વર્ષમાં એ સાથે મળીને કુલ રૂ. ૪૨૪૮૧.૨૪ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી હતી અને હવે સદર ૨૦૧૪–૧૫ના વર્ષના આંદાજપત્રમાં માનનીય મંત્રીશ્રીએ ૯૬૦૭.૬૩ કરોડ જેવી માતબર રકમની જોગવાઇ શહેરી વિકાસ અને શહેરી આવાસ માટે કરવામાં આવી છે. આમ સમગ્ર ગુજરાતના સર્વાંગી વિકાસ માટે શહેરી વિકાસની કામગીરીને ઉચ્ચ અગ્રિમતા આપવામાં આવી રહી છે. રાજ્ય સરકારે ૨૦૦૯–૨૦૧૦ના વર્ષથી સ્વર્ણીમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અમલમાં મૂકી છે. ૨૦૦૯–૧૦ થી ૨૦૧૪ના પાંચ વર્ષમાં રૂપિયા ૭૦૦૦ કરોડની ગ્રાન્ટ ચૂકવવામાં આવી છે. વર્ષ ૨૦૧૨–૧૩થી પાંચ વર્ષના સમયગાળા માટે રૂ. ૧૫૦૦૦ કરોડનું આયોજન છે. સદર અંદાજપત્રમાં સન ૨૦૧૪–૧૫ માટે થઇને ૩૫૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. શહેરની આગવી ઓળખ ઉભી થાય અને પ્રજાનો સાંસ્કૃતિક વિકાસ થાય એવા કામો માટે અલાયદી જોગવાઇ કરવામાં આવી છે. હેરીટેઝ અને પ્રવાસન, ગાર્ડન અને એમ્યુઝમેન્ટ પાર્ક, એમ.પી. થીયેટર,પ્લીનિટોરીયમ, આધુનિક ટાઉનહોલ, પ્રાણી સંગ્રાહલય, બોટાનિકલ ગાર્ડન અને બાલવાટિકા જેવા વૈવિધ્ય પૂર્ણ કામો માટે રાજ્ય સરકાર સો ટકા ગ્રાન્ટ મંજૂર કરે છે.

રાજયના નગરોમાં ઇન્ફર્મેશન ટેકનોલોજીનો બહોળો ઉપયોગ થાય એના ભાગરૂપે ઇ–ગવર્નન્સ કાર્યક્રમ અતર્ગત રાજય સરકારે ઇ–નગર યોજના અમલમાં મૂકવાનું નક્કી કરેલ છે. આ યોજના અંતર્ગત રાજયમાં આવેલ તમામ શહેરી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને કોમ્પ્યુટર અને ઇન્ટરનેટ નેટવર્કથી જોડવાનું નક્કી કરવામાં આવેલ છે.

રાજયમાં પાણી પુરવઠા અને ભૂગર્ભ ગટર વ્યવસ્થાપન માળખાગત સુવિધામાં નોંધપાત્ર અને યશસ્વી કામગીરી કરવામાં આવી છે. રાજયની તમામ ૧૫૯ નગરપાલિકા તથા આઠ કોરપોરેશનમાં રૂપિયા ૨૫૦૦ કરોડના ખર્ચે આધારભૂત સ્ત્રોત મારફત પાણી પુરવઠાનું આયોજન કરવામાં આવેલ છે. રાજયમાં પાણી પુરવઠા ક્ષેત્રે પ્રસંશનીય કામગીરી થઇ રહી છે. વર્ષ ૨૦૧૫માં ભારતભરમાં ગુજરાત એક માત્ર એવું રાજય હશે કે તમામ શહેરી વિસ્તારના નાગરિકોને સો ટકા શુદ્ધ પીવા લાયક તથા પર્યાપ્ત પાણી પુરવઠો આપતું રાજય બની રહેશે. આ તમામ શહેરી વિસ્તારોમાં ભૂગર્ભ ગટર યોજનાની સુવિધા વૈજ્ઞાનિક ધોરણે પૂરી પાડવાની કામગીરી શરૂ કરવામાં આવી છે એના માટે કુલ ૪ હજાર કરોડનું આયોજન છે.

રાજયના શહેરોને ઝૂંપડપટ્ટી મુકત બનાવવાના સંકલ્પને કેન્દ્રમાં રાખીને સરકારશ્રી દ્વારા મુખ્યમંત્રી ગૃહ યોજનાની જાહેરાત કરવામાં આવી છે. ૨૦૧૪–૧૫ વર્ષ માટે એફોર્ડેબલ હાઉસીંગ માટે રાજય સરકારે ૮૮,૭૦૦ આવાસો બનાવવાનો કાર્યક્રમ હાથ ધર્યો છે. સરકારે આવકની વિગતો ધ્યાનમાં લઇને પરવડે તેવા આવાસો માટે થઇને ઇડબલ્યુ એસ. એલ.આઇ.જી.–૧, એલ.આઇ.જી.–૨ અને એમ.આઇ.જી–૧ પ્રકારના આવાસો બનાવવાનો કાર્યક્રમ હાથ ધર્યો છે. સૌથી મહત્વની વાત એ કહેવી છે કે મારા વડોદરા મહાનગરમાં સેવાસદન દ્વારા સિટી ડેવલપમેન્ટ પ્લાનમાં શહેરી ગરીબો માટે ૨૧ હજાર આવાસોનું આયોજન કરવામાં આવેલ છે. વડોદરા મહાનગરપાલિકામાં અંદાજે ૩૯૭ ઝૂંપડપટ્ટી વિસ્તાર છે જે પૈકી ૧૬૯ ઝૂંપડપટ્ટીના રહીશોને આવાસોની ફાળવણી કરી દેવામાં આવી છે. એટલે સ્લમ મુકત ગુજરાત બનાવવા માટે વડોદરા આજે અગ્રેસર છે.

રાજયની શહેરી વિકાસ યાત્રામાં વડોદરા મહાનગરપાલિકા અગ્રેસર બની રહ્યું છે. હમણાં ૧૨મી જુલાઇના રોજ માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના વરદહસ્તે અંદાજીત રૂપિયા ૭૬૬ કરોડના વિકાસના કામોનું લોકાર્પણ, શુભારંભ અને ખાતમૂહર્ત કરવામાં આવેલ છે. વડોદરા ઝડપભેર આધુનિક રીતે બદલાઇ રહ્યું છે. વિશાળ સ્વચ્છ રસ્તાઓ,ફલાઇ ઓવર બ્રીજની હારમાળા, ભવ્ય ટાઉન હોલ, શહેરમાં આવેલા તળાવોનું બ્યુટીફિકેશન, વિશ્વામિત્રી નદીનું બ્યુટીફિકશેન વિશ્વકક્ષના થઇ રહ્યા છે. આખા ગુજરાતમાં નથી અને વિશ્વકક્ષાના એવા ઇન્ડોર અને આઉટડોર સ્ટેડિયમો વગેરે વગેરે આ બધા મહત્વના કામો વડોદરામાં ખૂબ ઝડપભેર હાથ ધરવામાં આવી રહેલ છે. એની સકલ બદલાઇ રહી છે અને રાજય સરકાર પૂરેપૂરું ધ્યાન શહેરી વિકાસ ક્ષેત્રે આપી રહેલ છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય મંત્રીશ્રી વાહનવ્યવહાર, મુખ્યમંત્રીશ્રીના શહેરી વિકાસ વિભાગ તથા મહેસૂલ વિભાગના મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

રાજયમાં મોટા શહેરોનું જે કંઇ ડેવલપમેન્ટ થઇ રહ્યું છે એ શહેરોના ડેવલપમેન્ટમાં જવાહરલાલ નહેરુ નેશનલ અર્બન રીન્યુઅલ મિશન હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા ફાળવવામાં આવતી ગ્રાન્ટને આભારી છે. વધુમાં વધુ આ પ્રોજેકટો કેન્દ્ર સરકાર દ્વારા મંજૂર કરવામાં આવે છે અને તેના કારણે શહેરી વિસ્તારોમાં સારી રીતે ડેવલપમેન્ટ થઇ રહ્યું છે. શહેરી વિકાસ વિભાગ તળે રાજયની નગરપાલિકાઓનો વહીવટ ચલાવવામાં આવે છે. તમામ નગરપાલિકાઓનો ઉલ્લેખ નહીં કરું. પણ ઉના નગરપાલિકાને લાગે વળગે છે ત્યાં સુધી જે વાત કરીશ તેને નજર સમક્ષ રાખીને સમગ્ર રાજયની નગરપાલિકાઓ કેવો વહીવટ કરે છે તે એક ઉના નગરપાલિકાના વહીવટના આધારે તેનું મૂલ્યાંકન થઇ શકશે.

માનનીય અધ્યક્ષશ્રી, નગરપાલિકા નિયામકની કચેરી દ્વારા તા. ૩–૮–૨૦૦૪નો એક પરિપત્ર કરવામાં આવ્યો કે રાજય સરકારની મંજૂરી સિવાય, શહેરી વિકાસ વિભાગની મંજૂરી સિવાય, મંજૂર થયેલા સેટઅપ સિવાય નગરપાલિકા કોઇ પણ કર્મચારીઓની ભરતી કરી શકે નહીં. રાજયની નગરપાલિકા

નિયામકની કચેરીએ આ પરિપત્ર કર્યો. હાઇકોર્ટની ફુલ બેન્ચે તા. ૯-૭-૦૪ના રોજ જજમેન્ટ આપ્યું અને તેમાં કહેવામાં આવ્યું છે કે નગરપાલિકા અથવા સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ મંજૂર સેટઅપ સિવાયની જગ્યાઓ ઉપર લીધેલા કર્મચારીઓ અને માન્ય ભરતી પ્રક્રિયા અનુસર્યા સિવાય નોકરીમાં રાખેલ કર્મચારીઓ પરત્વે લેબર કોર્ટ, ઈન્ડસ્ટ્રિયલ ટ્રીબ્યુનલને આવા કર્મચારીઓની સેવાને નિયમિત કરવા માટેની કોઇ સૂચના કે એવોર્ડ કરવાના અધિકાર નથી. આવું હાઇકોર્ટની ફુલ બેન્ચે સ્પષ્ટ જજમેન્ટ આપ્યું છે. નગરપાલિકા નિયામકની કચેરીએ પરિપત્ર કર્યો છે છતાં પણ આ પરિપત્રને ઉના નગરપાલિકા સંપૂર્ણપણે એક બાજુ રાખીને તેનું ઉલ્લંઘન કરીને સરકારની સૂચના હોવા છતાં ઉના નગરપાલિકાએ ૧૯૯૮થી ગેરકાયદેસર ભરતી કરી છે અને આજ સુધી હું એક ધારાસભ્ય તરીકે રજૂઆત કરતો આવ્યો છું. મંત્રીશ્રીને પત્રો લખીએ, મંત્રીશ્રીનો જવાબ આવે કે અગ્રસચિવશ્રી-શહેરી વિકાસ વિભાગને તમારી રજૂઆત મોકલી આપું છું. અગ્રસચિવશ્રી-શહેરી વિકાસ વિભાગને પત્ર લખીએ. એ એમ કહે કે નગરપાલિકા નિયામકને મોકલી આપીએ છીએ. નગરપાલિકા નિયામક એમ કહે કે સ્થાનિક નીચલી કક્ષાએ મોકલી આપ્યું છે. આ વાતને ૧૨-૧૩ વર્ષ થઇ ગયા છે અને છતાં પણ શહેરી વિકાસ વિભાગના પેટનું પાણી પણ હલતું નથી. પ્રજાના પૈસાનો સંપૂર્ણપણે દુરુપયોગ કરવામાં આવે છે કે ગેરકાયદેસર ભરતી રાખીને ઉના નગરપાલિકાના સત્તાધીશોએ આ કાયમી કરવા માટે એક-એક કર્મચારી પાસેથી મોટી રકમનું ઉઘરાણું કર્યું છે અને મોટા પાયે નાણાકીય ગેરરીતિ આચરવામાં આવી છે, ત્યારે આ ભરતી કરી છે ત્યારે મારી તો રાજય સરકારને અને મંત્રીશ્રીને વિનંતી છે કે ૧૨ વર્ષ થઇ ગયા છે અને હજુ કેટલો સમય તમે કાઢવાના છો? મને એ સમજાતું નથી કે વિભાગ શા માટે પગલાં લેતો નથી? શહેરી વિકાસ વિભાગ-અગ્રસચિવની કચેરીમાંથી પગલાં ન લેવાય, નિયામક-નગરપાલિકાની કચેરીમાંથી પગલાં ન લેવાય, પ્રાદેશિક નગરપાલિકા નિયામક કચેરી-રાજકોટમાંથી પગલાં ન લેવાય, એનો અર્થ એવો થાય કે નીચેથી ઉપર સુધી બધું ગોઠવાયેલું છે. જો ગોઠવાયેલું ન હોય તો તાત્કાલિક અસરકારક પગલાં લેવાય. અત્યાર સુધી કોઇ પણ જાતના પગલાં લેવામાં આવ્યા નથી, ત્યારે ૧૯૯૮માં જે કર્મચારીઓની ગેરકાયદેસર ભરતી કરવામાં આવી છે, મંજૂર થયેલ સેટઅપ સિવાયની જે ભરતી કરવામાં આવી છે એ તમામ જે પ્રમુખો જવાબદાર હોય એ તમામ પ્રમુખોની જવાબદારી નક્કી કરી અને તેમની પાસેથી આ જે રકમ જો પ્રજાના પૈસાનું વળતર, કર્મચારીઓને પગાર ચૂકવ્યો છે તે પરત લેવા જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, ઉના નગરપાલિકાએ હાઇમાસ્ટ લાઇટ ફીટ કરી. સમગ્ર રાજયમાં ગાંધીનગરમાં પણ હાઇમાસ્ટ લાઇટ ફીટ કરવામાં આવી છે. હાઇમાસ્ટ લાઇટ ફીટ કરવામાં તેની જે ઉંચાઇ છે, તેના જે મીટરો નક્કી કરેલા છે, તેના જુદા જુદા ભાવો નક્કી કરેલા હોય છે. તેમાં ઉના નગરપાલિકાએ બે નંગ હાઇમાસ્ટ લાઇટ ફીટ કરી. તે બે નંગ હાઇમાસ્ટ લાઇટ ફીટ કરવાની સમગ્ર રાજયમાં, ગાંધીનગરમાં પણ જે ફીટ કરવામાં આવી છે તેના પણ કવોટેશન કાઢ્યા છે એ પણ જે કંપનીને ચૂકવ્યા છે તેની એક નંગની કિંમત ૨,૬૫,૦૦૦થી વધતી નથી. છતાં પણ ઉના નગરપાલિકાએ આ જ કંપની, આ જ કવોલીટીની હાઇમાર્ક લાઇટના કોડીનારના એક તન્ના ઇલેકટ્રીક સ્ટોરને ૫ લાખ ૩૫ હજાર રૂપિયા ચૂકવ્યા, બે નંગના ૧૦ લાખ ૭૦હજાર ચૂકવ્યા, સો ટકા કરતા વધુ નાણાકીય ગેરરીતિ આચરવામાં આવી છે. આની રજૂઆત પણ છેલ્લા પાંચ-સાત વર્ષથી કરતા આવીએ છીએ. છતાં પણ ઓન રેકોર્ડ નાણાકીય ગેરરીતિ થઇ છે મંત્રીશ્રી, જાહેર માહિતી અધિકાર નીચે માહિતી માગવામાં આવી છે, ઓલ ગુજરાતની અંદર તમામ શહેરોમાં જયાં જયાં હાઇ માર્ક લાઇટ ફીટ કરવામાં આવી છે, દીવ નગરપાલિકાએ ૨ લાખ ૫૫ હજારમાં ઉનામાં જે ફીટ થઇ છે એ જ દીવ નગરપાલિકાએ ફીટ કરી, દીવ નગરપાલિકાએ ૨ લાખ ૫૫ હજાર ચૂકવ્યા અને એ જ લાઇટના ઉના નગરપાલિકાએ ૫ લાખ ૩૫ હજાર રૂપિયા ચૂકવ્યા છે. આટલો ઓન રેકોર્ડ નાણાકીય ભ્રષ્ટાચાર અને ગેરરીતિ હોવા છતાં સરકાર કક્ષાએ કોઇ જાતના પગલા લેવામાં ના આવે અને છતાંય સરકાર એમ કહે કે અમારી સરકાર તો પારદર્શક છે, અમારી સરકાર છે એમાં કોઇપણ નાણાકીય ગેરરીતિ આચરવામાં આવતી નથી, ભરતી કૌભાંડોને રોકવા માટે કરીએ છીએ, ભ્રષ્ટાચારને રોકવાની વાત સરકાર કરે છે આ રેકોર્ડ ઉપર હું ભ્રષ્ટાચારની વાત કરું છું અને એનાથી આગળ વધીને હું એમ કહુ છું કે આ જો ભ્રષ્ટાચાર ન કરવામાં આવ્યા

હોય તો હું જાહેર જીવન છોડી દેવા તૈયાર છું. આટલી વાત હોવા છતાં પણ પગલા લેવામાં નથી આવતા. ભારત સરકારની એક આઇ.ડી.એસ.એમ.ટી. યોજના છે અને એ યોજના નીચે ભારત સરકાર દ્વારા એક કરોડ કરતા વધારાનું ભંડોળ આપવામાં આવ્યું. ઉના નગરપાલિકા દ્વારા શોપીંગ સેન્ટર બનાવવામાં આવ્યું. શોપીંગ સેન્ટર બનાવ્યા પછી ૧૧૫ દુકાનો બનાવવામાં આવી અને ૧૧૫ દુકાનો બનાવ્યા પછી ચાર-ચાર વખત જાહેર હરાજી રાખવામાં આવી, માત્ર આઠ દુકાનો વેચાણી બાકીની બધી દુકાનો અત્યારે એમને એમ પડી છે. જાહેર નાણાનો દુરુપયોગ કરવા બદલ જે અધિકારીઓએ આ જાહેર નાણાનો દુરુપયોગ કર્યો છે એની સામે તપાસ કરી પગલા લેવામાં આવે, આ પણ રજૂઆત છ-સાત વર્ષથી કરવામાં આવે છે છતાં પણ વહીવટીતંત્ર દ્વારા કોઇપણ જાતના પગલા લેવામાં આવતા નથી.

ઉનામાં જાહેર બગીચાનું આધુનિકરણ કરવામાં આવ્યું અને જાહેર માર્ગના આધુનિકરણ માટે ૩૨ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો, ૩૨ લાખ રૂપિયામાં આધુનિકરણમાં જે મટીરીયલનો ખર્ચ કરવામાં આવ્યો એમાં સિમેન્ટ તો ઓલ ઓવર જેટલી સિમેન્ટ કંપનીઓ છે એ જે તે વખતે આધુનિકરણ કર્યું ત્યારે સિમેન્ટનો ભાવ ૨૨૫ રૂપિયા હતો ઉના નગરપાલિકાએ રેકોર્ડ ઉપર ૨૬૫ રૂપિયા પર થેલી ચૂકવી અને નાણાકીય ગેરરીતિ મોટા પાયે આચરી છે. આ ચાર પ્રકરણ છેલ્લા દસ-બાર વર્ષથી ચાલ્યા આવે છે. વહેલામાં વહેલી તકે તપાસ કરી અને પગલા લેવામાં આવે એવી વિનંતી કરું છું.

શ્રી હર્ષ ર. સંઘવી(મજુરા) : માનનીય અધ્યક્ષશ્રી, જનહિત અને જનવિકાસમાં માનનીય મંત્રીશ્રીએ જે માગણી ક્રમાંકઃ ૭૮ સદનમાં પ્રસ્તુત કરી છે તેને ટેકો આપવા અને મારી વાત રજૂ કરવા હું અહીં ઉભો થયો છું આઝાદીના વર્ષોવર્ષ વીતી ગયા અને વર્ષોવર્ષની અંદર રાજયની કોંગ્રેસ સરકારે મહેસૂલની અંદર જે રીતિ અને નીતિ અપનાવી જેનાથી મહેસૂલ વિભાગ આખો અંધકાર અને માંદગી તરફ જયારે વળી ગયો હતો ત્યારે આ રાજયમાં હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ જયારે આ સરકાર સંભાળી ત્યારે મહેસૂલની અંદર એવી સિસ્ટમ હતી કે અહીંના જે મારા સાથી સભ્યોએ હમણા મહેસૂલની વાત મૂકી એ સાથી સભ્યો જયારે આ સચિવાલયની અંદર આવતા હતા ત્યારે જૂની સરકારની અંદર માત્રને માત્ર રીઝર્વેશન કલીયર કરાવવાની ફાઇલો લઇને આવતા હતા, એ સરકારમાંથી રીઝર્વેશન કાઢવાની સિસ્ટમ જયારે અમારી સરકારે દૂર કરી. મારા સાથી મિત્રએ એમ કહ્યું કે મહેસૂલની અંદર આ તકલીફ છે, પેલી તકલીફ છે, ભૂતકાળની અંદર માત્ર ૭-૧૨ની નકલ કાઢવા માટે જયારે ગરીબ ખેડૂત પોતાના હકકની ૭-૧૨ની નકલ કાઢવા માટે જયારે કચેરીમાં જતો હતો ત્યારે દિવસો સુધી એને અટકાવવામાં આવતું હતું અને ધક્કા ખાધા પછી એક વચેટિયાને પોતાની મહેનતની અને પરસેવાની કમાણીની રકમ આપીને એ વચેટિયા હસ્તક ૭/૧૨ ની નકલ કઢાવવી પડતી હતી. અમારા મંત્રીશ્રી અને આદરણીય શ્રીમતી આનંદીબેન પટેલ ૭/૧૨ની નકલ કઢાવવા માટે જે સુવિધા લાવ્યા છે તે ઘર બેઠા ઓન લાઇન કઢાવી શકાય અને કચેરીમાં જાઓ તો બે મિનિટમાં જ તમે નકલ કઢાવી ઘેર જઇ શકો. મારા સાથી મિત્રએ ટેકનોલોજીનો વિરોધ કર્યો. આખી દુનિયા જયારે ટેકનોલોજી તરફ વળી છે અને ભૂતકાળમાં કેન્દ્રની સરકાર ચારે બાજુ જ્યારે ભ્રષ્ટાચારમાં ફસાઇ ત્યારે ગુજરાત સરકારે ટેકનોલોજીની બાબતમાં દરેક સરકારી કચેરી, તાલુકા પંચાયત, મામલતદાર કચેરી, કલેકટર કચેરીમાં જે કેમેરા મૂકાવ્યા એ આ લોકોને દુઃખે છે. પ્રજાને નાની મોટી જે તકલીફો પડતી હતી, એની સાથે જે બેજવાબદારીભર્યું વર્તન થતું હતું એ કેમેરાના માધ્યમથી રોકવામાં આવ્યું અને પ્રજાના જે કોઇ નાના મોટા પ્રશ્નો હોય એ કેમેરાના માધ્યમથી કલીયર થાય છે અને વચેટિયાઓને કચેરીમાં આવવા-જવામાં તકલીફ પડવા માંડી એના કારણે અનેક લોકોને પેટમાં દુઃખે છે.

ટેકનોલોજીના માધ્યમથી આ સરકારે જનસેવાને આગળ વધારી. ભૂતકાળમાં કોઇ સરકારે એવો વિચાર કર્યો ન હતો કે ઇ-ટેકનોલોજી અને ઇ-ગવર્નન્સ થકી વહીવટમાં ફાઇલ ટ્રેકીંગ સિસ્ટમ થઇ શકે. અનેક લોકોએ એમ કહ્યું કે કેટલાય વર્ષોથી કેટલીય અરજીઓ પેન્ડીંગ છે. ભૂતકાળમાં જરૂર એવું થતું હતું. પોતાના માધ્યમથી વગદાર લોકો રાજ્ય સરકારના મોટા લોકોને મળીને પોતાની ફાઇલ પાછળના નંબર ઉપર હોય તો આગળ લાવીને સામાન્ય નાગરિકની ફાઇલો વર્ષો સુધી પેન્ડીંગ રહેતી હતી. આ રાજ્ય સરકારે ફાઇલ ટ્રેકીંગ સિસ્ટમ લાવીને તમામ લોકોને સરખો ન્યાય મળે એ માટે ફાઇલ ટ્રેકીંગ સિસ્ટમ અપનાવી. મારા

વિસ્તારની અંદર ગરીબ ખેડૂતો વર્ષો પહેલાં જ્યારે બીન ખેતી કરાવવા જતા હતા તો એટલી બધી જટિલ સિસ્ટમ અને વર્ષો પહેલા અંગ્રેજો જતા રહ્યાં પણ અંગ્રેજોની સિસ્ટમ ૫૦ વર્ષ સુધી જરા પણ બદલાઇ નહીં. ખેડૂત પોતાની જમીન ઉપર બિલ્ડર ન બની શક્યો. આના કારણે મોટા લોકોને જમીન વેચવી પડે એવી પરિસ્થિતિ હતી. આ જટિલ સિસ્ટમમાંથી બહાર લાવીને બીન ખેતી માટે ઓપન હાઉસનો ઉત્તમ અભિગમ અપનાવીને ૪૫ દિવસમાં બિન ખેતીનો પ્રશ્ન હલ કર્યો છે. પહેલા ૧૯ જેટલા નાનામોટા પ્રમાણપત્રોની લાંબી યાદી અને એના કારણે નાના મોટા કરપ્શન થતા હતા. એની જગ્યાએ ૬ જેટલા પ્રમાણપત્ર અને ચકાસણી હવે એન.એ.ની કામગીરી માટે થયા છે. મારા સાથી મિત્રએ ભૂમાફિયાઓની વાત કરી. ભૂતકાળની સરકારમાં એ ભૂમાફિયાઓ માટે વર્ષો પહેલા ઘણી જગ્યા હતી. એવી જગ્યા હતી કે ગરીબ અને અભણ ખેડૂતના નામ ઉપર પાવર ઓફ એટર્ની ખોટા નામે કરાવી અનેક લોકોને દસ્તાવેજો કરી આપતા હતા. ગરીબ ખેડૂતની જમીન કોઇ બીજાને વેચી દેતા હતા. આ પાવર ઓફ એટર્ની માટે રજિસ્ટ્રેશનનો નિયમ કર્યો એના કારણે આજે એ ભૂમાફિયાઓ જ્યાં કોંગ્રેસની સરકાર છે ત્યાં આજકાલ ફરે છે, આજે ગુજરાતમાંથી તેઓ તમામ રીતે આઉટ થઇ ગયા છે.

આ સરકારે જનસેવા કેન્દ્રો ખોલ્યા. તમામ તાલુકામાં જનસેવા કેન્દ્રોના માધ્યમથી ૮૭ લાખથી વધુ પ્રશ્નોનો આપણી સરકારે નિકાલ કર્યો છે. ઘેર બેઠા એસ.એમ.એસ.થી પોતાની અરજીનું સ્ટેટસ જાણી શકે અને એની માહિતી મેળવી શકે છે. ભૂતકાળની સરકારમાં ગરીબ માણસ પાસે પેટ્રોલના પૈસા ન બચે એવી પરિસ્થિતિ કરી દીધી હતી. આ સરકારે દરેક માણસનો પેટ્રોલથી લઇને સમય બચે એના માટે સુવિધાઓનું વિકેન્દ્રીકરણ કરીને તાલુકાથી લઇને છેક કેન્દ્ર સુધીની સુવિધાઓ ઉભી કરી છે. જમીન ફાળવણીના વિષયમાં ભૂતકાળની સરકારો દ્વારા કડક નિયમોના અભાવના કારણે અનેક તત્વોએ એનો ગેરલાભ ઉઠાવ્યો અને સરકાર તેમજ પ્રમાણિકતાના હેતુને નુકસાન પહોંચાડ્યું હતું. વર્તમાન સરકારે ચોક્કસ નીતિ બનાવી એ અમે નથી કહેતા પણ આ દેશની સુપ્રીમ કોર્ટે ગુજરાત સરકારની જમીન ફાળવણી માટેની જે સુવિધાઓ અને સિસ્ટમ છે એને વખાણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સુરતના વિસ્તારની અંદર ઓટલું મોટું સુરત શહેર ત્યાં વર્ષોથી આટલા મોટા ઉદ્યોગો હોય, ૫૦ લાખ જેટલી વસ્તી હોય અને ત્યાં માત્ર એક સિટી મામલતદારની વ્યવસ્થા હતી. અમારા માનન્ય મુખ્યમંત્રીશ્રી અને મહેસૂલ મંત્રીશ્રીએ ત્યાં ચાર મામલતદારની વ્યવસ્થા કરી આપી તેનાથી આખા સુરત શહેરની જનતા પોતાના કામો માટે સુવિધા મળી અને ઝડપી નિકાલ આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, હું એટલી જ માગણી કરીશ કે, આ માગણીને સૌ સાથે મળીને સ્વીકારે.

શ્રી રાકેશ જ. શાહ(એલિસબ્રિજ) : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૪-૧૫ ના અંદાજપત્રમાં અનુદાનો માટેની માગણીઓ લઇને શહેર વિકાસ વિભાગ દ્વારા જે માગણીઓ લઇને આવ્યાં છે તેમાં મારો સૂર પુરાવું છું અને મારી વાત મૂકું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ કે, જે રીતે છેલ્લા ૧૦-૧૨ વર્ષથી ગુજરાતના તે સમયના મુખ્યમંત્રીશ્રી આદરણીય નરેન્દ્રભાઇ અને દીર્ઘદષ્ટિથી જો ભારતના કોઇ એક રાજ્યનો વિકાસ થયો હોય તો આપણે જોઇએ છીએ કે, ગુજરાતમાં છેલ્લા ૧૦-૧૨ વર્ષમાં હિન્દુસ્તાનના સમગ્ર રાજ્યો કરતા સૌથી વધારે વિકાસ એ ગુજરાતનો થયો છે. જે રીતે ગુજરાત પ્રાંતનો વિકાસ થયો અને જે રીતે એના શહેરોનો વિકાસ થયો છે એ અમદાવાદ હોય, સુરત હોય કે રાજકોટ હોય ભૂતકાળમાં વિશ્વ વિખ્યાત ટાઇમ મેગેઝિને પણ લખવું પડ્યું હતું કે આ ગુજરાતના ત્રણ શહેરોજે રીતે ફાસ્ટેસ્ટ ગ્રોઇંગ સિટી દુનિયાના વિકસિત શહેરોમાં સૌથી પહેલા પાંચ શહેરો હોય તો એમાં ગુજરાતના ત્રણ શહેરો હતા અમદાવાદ, વડોદરા અને રાજકોટ એની પણ નોંધ લીધી છે. જ્યારે આ રીતે શહેરોનો વિકાસ થઇ રહ્યો છે અને સમાવિષ્ઠ શહેર વિકાસ એ સ્થાનિક વિકાસનો પાયો છે. શહેરોના વિકાસ સાથે ઊભી થતી જરૂરિયાતો અને ઊભા થતાં પડકારોને પહોંચી વળવા માટે આ રાજ્ય સરકારે આગોતરું આયોજન કર્યુ છે એ ગુજરાતના શહેરી વિકાસની દૂરંદેશીતાનો એ એક પરિચય છે. હું વધતું જતું શહેરીકરણ એ આપણે સાચું સમજીએ છીએ કે ૨૧મી સદીની નરી વાસ્તવિકતા તો છે જ. દુનિયાભરમાં લોકો શહેરો તરફ આકર્ષાઇ રહ્યાં છે અને આમ જ્યારે શહેરો એ આર્થિક વિકાસનું એન્જિન

છે ત્યારે ગુજરાતમાં પણ  વધતી રહેલી શહેરીકરણની સમસ્યાનું સચોટ નિરાકરણ અને શહેરોમાં નિરાકરણ માટે એનું જે આયોજન કર્યું છે. શહેરોમાં વિશાળ રસ્તાઓ હોઇ શકે છે, ઓક્સીજન પાર્ક સમા ઉદ્યાનો, પીવાનું શુદ્ધ પાણી અને ભૂગર્ભ ગટર વ્યવસ્થા, ફ્લાય ઓવર્સ અને જાહેર પરિવહન વગેરે જેવી અનેક સુવિધાઓ શહેરોએ પૂરી પાડી છે. આ બધી સુવિધા નાગરિકોને ઉપલબ્ધ કરવા માટે ગુજરાતની સરકારોએ છેલ્લા પાંચ વર્ષના બજેટમાં ૩૦૯૩૩ કરોડ રૂપિયાની માતબર રકમનું આયોજન કર્યુ છે એને આપણે પ્રત્યક્ષ નિહાળ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે ગુજરાતના શહેરોનો વિકાસ થઇ રહ્યો છે એનાથી નગરનો ચહેરો બદલાઇ ગયો છે, નગરની ઓળખ બદલાઇ ગઇ છે અને આપણે સૌ જાણીએ છીએ કે આવનારા દિવસોમાં આ જ પેટર્નથી ભારતના પણ બધા જ મહાનગરોની ઓળખ બદલાવાની છે. ૨૦૦૦ મારા અગાઉ સાથી મિત્ર જીતુભાઇએ પણ વાત કરી હતી કે ૨૦૦૦ પૂરા અને ૨૦૦૧માં બજેટનું કદ ૧૫૩ કરોડનું હતું એ ૨૦૧૪–૧૫ માં ૯૬૨૪ કરોડની માતબર રકમ ફાળવી છે. આ જ બજેટ બતાવે છે કે સરકારની કેટલી કટિબદ્ધતા છે કે શહેરીજનોની સુખાકારીમાં વધારો કરી શકીએ. શહેરીજનોની વધુ સારી સુવિધા પૂરી પાડવા એક લાખ કરતા પણ વધારે અનધિકૃત દબાણો દૂર કરી ૫૦૦ કરોડની કિમંતની સરકારી જમીન ખુલ્લી કરી છે. આ જમીન ખુલ્લી કરવાનો આશય આગામી દિવસોમાં શહેરીજનોને વ્યાપક સુવિધા આપવી પડે એના માટે જે જમીનો જોઇએ– ક્યાંક એ વોટર ડિસ્ટ્રીબ્યુશન સેન્ટર બનાવે, એ ડ્રેનેજ પંમ્પિંગ સેન્ટર બનાવે, ફાયર ફાઇટિંગ સિસ્ટમ અથવા ફાયર બ્રિગેડની જગ્યા જોઇએ. આ બધી જ જરૂરિયાતો માટે એક કરોડ કરતાં પણ વધારે દબાણો દૂર કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું જ્યારે શહેરની વાત કરું છું તો સૌ પ્રથમ એ મહાનગરોની સફાઇની પણ ચર્ચાથી હું શરૂઆત કરું છું અને સ્વાભાવિક રીતે આપણે જાણીએ છીએ કે, સ્વચ્છતા હોય ત્યાં જ પ્રભુતા હોય છે. આપણે સૌ જાણીએ છીએ કે, ૨૦૧૯માં પૂજ્ય ગાંધીજીની દોઢસોમી જન્મ જયંતિ છે. સૌ પ્રથમ આ જ્યારે રાજ્યના નગરોની સફાઇની વાત કરીએ છીએ, આમ તો મોટા ભાગનો કચરો તો સાફ થઇ ગયો છે, આપણે જાણીએ છીએ પણ શહેરોમાં જેટલું મહત્વ માળખાકીય સુવિધાઓનું હોય છે તેટલું જ મહત્વ સ્વચ્છતાનું પણ હોય છે. શહેર સ્વચ્છ બને, નિર્મળ બને, પ્રજાનું આરોગ્ય નિરામય બને તેવી ભાવનાથી આ રાજ્ય સરકારે નિર્મળ ગુજરાત યોજના અમલમાં મૂકી છે. રાજ્યના નગરો અને ગામો સ્વચ્છ અને સ્વસ્થ બને તે ઉમદા હેતુથી આ સરકાર ચરિતાર્થ કરવા માગે છે. આ જ ભાવનાને સરકાર સાકાર કરવા માટે મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશનના અમલ દ્વારા ઝીરો વેસ્ટ સિટી બનાવવાનો આ સરકારે નિર્ધાર કર્યો છે. રાજ્યના બધા જ શહેરોમાં સો ટકા ડોર ટુ ડોર ગારબેજ કલેકશન કરવામાં આવે છે. બધા જ શહેરોના ભૂગર્ભ ગટરની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવે છ. ઘનિષ્ઠ સફાઇ ઝુંબેશ માટે મોટી રકમની ફાળવણી કરવામાં આવે છે. શૌચાલાય વિહોણા ઘરને શૌચાલયની સુવિધા આપવા, માર્ચ ૨૦૧૫ સુધીમાં ત્રણ લાખ વ્યક્તિગત શૌચાલયો બનાવવામાં આવશે. મહાત્મા ગાંધીજીએ સમાજના છેક છેવાડાના માનવીનું કલ્યાણ થાય તે માટે અથાગ પરિશ્રમ કર્યો હતો અને આ ઉમદા બાબતને ધ્યાનમાં રાખીને સફાઇની કામગીરી સાથે સંકળાયેલા કર્મચારીઓના ફ્રી હેલ્થ ચેકઅપ માટેનું આયોજન પણ આ સરકાર કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયની મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓ હોય, સો કરોડના ખર્ચે પંચોતેર હજાર જેટલા સફાઇ સાધનો પૂરા પાડવામાં ગુજરાત સરકારે એક મોટી પહેલ કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, જયારે સફાઇની વાત નીકળે છે ત્યારે ગુજરાત એ દેશનું એવું પહેલું રાજ્ય છે કે, જે કચરામાંથી પણ કંચન અને કચરામાંથી પણ ઉર્જા એ પેદા કરે છે. અમદાવાદ શહેરનો કચરો એ જાપાનની કંપની ઉપાડે છે. ઘન કચરાના નિકાલ માટે આ સરકારે જી.યુ.ડી.સી.ની એક નોડલ એજન્સી બનાવીને નગરપાલિકા અને મહાનગરપાલિકામાં અમલ કરીને એક સી.ડી.એમ. સેલની પણ રચના કરી છે. મને કહેતા આનંદ થાય છે કે, ગુજરાત જ એક એવું રાજય છે કે, જેણે ક્લાયમેટ ચેઇન્જ અને ગ્લોબલ વોર્મીંગ જેવો એક અલગ વિભાગ ઉભો કરી આ ગુજરાત એ સમગ્ર હિન્દુસ્તાનમાં પહેલું રાજ્ય છે કે, જેના દ્વારા આગામી દિવસોમાં આવા ઘન કચરના નિકાલ માટેના સી.ડી.એમ. પ્રોજેકટસ્ બનાવવા માટે, એ કોઇન અને પી.ડી.ડી. તૈયાર કરી અને

જરૂરી કાર્બન ક્રેડિટ, કાર્બન ક્રેડિટ એટલે એ આગામી દિવસોનું એક ચલણ છે, એ મેળવવાની જો પહેલ કોઇએ કરી હોય દેશમાં તો એ ગુજરાત રાજ્યએ કરી છે. ( સમયસૂચક ઘંટડી)

માનનીય અધ્યક્ષશ્રી, હું આજના આપણા રાજ્યમાં જે રીતે વાત થઇ કે, બેતાળીસ ટકા લોકો શહેરી વિસ્તારમાં રહે છે. ત્યારે શહેરીજનોને શ્રેષ્ઠતમ્ સેવા પૂરી પાડવા અને તેનું જીવન ધોરણ ઉંચું લાવવા માટેના શુભ આશયથી રાજ્ય સરકારે ૨૦૦૯—૧૦ થી જે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અમલમાં મૂકી છે. એના વિવિધ કામો માટે સાત હજાર કરોડની માતબર ગ્રાન્ટ પણ ફાળવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાતમાં જે રીતે ઝીરો—દસ કર્યું હતું એમ ઝીરો સ્લમ રિહેબીલીટેશન દ્વારા ગુજરાતમાંથી સેવા વસ્તી પણ નાબૂદ થાય પણ એની પણ એક ભવ્ય યોજના લઇને ગુજરાતની સરકાર આવી છે. માત્ર પોકળ વચનો નહીં, એ માન અને સન્માનથી એ સ્લમ વસ્તી અને ઝુંપડ પટ્ટીના મિત્રો એ પોતાની જગ્યાએ જ જીવે, આવનારી પેઢી પણ સારી રીતે જીવન જીવી શકે એ પ્રકારની સુંદર યોજના લાવ્યા છે. પુન:સ્થાપન પણ એજ સ્થળે થાય છે. બે રૂમ અને રસોડું અને સંડાસનું એમને મકાન મળે છે. લાભાર્થીઓ આ મકાનના માલિક ટૂંક સમયમાં થઇ શકે છે અને એમની જીવનશૈલી સ્વચ્છ અને સ્વાસ્થ્ય પ્રદ બની રહેશે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારની જે મહત્વની શહેરી વિકાસની યોજના કે જે રીતે મહાનગરની સોસાયટીમાં એંસી : વીસની સ્કીમ દ્વારા સોસાયટીઓમાં પાણીની લાઇનો, સ્ટ્રીટ લાઇટ, સી.સી. રસ્તા અને ફૂટપાથની સગવડો આપી છે અને એનો આ મહાનગરના ખૂબ મધ્યમ વર્ગના લોકોએ લાભ લીધો છે. એનો જો કોઇને યશ જતો હોય તો એ ગુજરાતની સન્માનનીય મુખ્યમંત્રીની સરકારને જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદમાં આગામી દિવસોમાં મેટ્રો અને બૂલેટ ટ્રેનમાં પણ ફેઇઝ—વનમાં અઢીસો કરોડથી વધુ રકમની એ જોગવાઇ કરી છે. બી.આર.ટી.એસ., સાબરમતી રિવર ફ્રન્ટ, કાંકરિયાનું બ્યુટિફિકેશન, ભદ્રનો કિલ્લો આ બધું અમદાવાદની એક ઓળખ બની ગઇ છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, હું છેલ્લા દસ બાર વર્ષથી સરકારના કામો જેવા કે, શહેરી ગરીબોને પરિવહન, ઉર્જા સંવર્ધન, નાણાકીય વ્યવસ્થા અને શહેરી વહીવટના સંચાલનમાં જે વ્યવસ્થા માટે જે બજેટની જોગવાઇઓ લઇને આવ્યા છે તેમાં મારું સમર્થન આપું છું.

શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય અધ્યક્ષશ્રી, બંદરો અને વાહન વ્યવહાર, મહેસૂલ વિભાગ અને શહેરી વિભાગની જે માનનીય મંત્રીશ્રી માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારો સૂર પુરાવવા માટે ઉભો થયો છું. આમ તો જવાબ મહેસૂલ મંત્રીને આપવાના હોય છે અને મહેસૂલ મંત્રી પણ નિતિનભાઇ પટેલ હોત તો વાતને સારી રીતે સમજી શકયો હોત અને સૂર પણ પૂરાવી શકયો હોત. વારસાઇની એન્ટ્રીઓ જે મામલતદાર કચેરીઓમાં જે પાડવામાં આવે છે એમાં ખૂબ વિલંબ થાય છે. વારસાઇની એન્ટ્રી સીધી એન્ટ્રી હોય છે. બાપાની જમીન એના દીકરાને મળતી હોય અને એના દીકરાની જમીન એના દીકરાને મળતી હોય છે પણ કોઇક કારણોસર કયાંક એક કાગળ આઘોપાછો કરી એવી એન્ટ્રીઓ ૨—૨ વર્ષ અને ૩—૩ વર્ષની મંજૂર થતી નથી તો વારસાઇની એન્ટ્રીઓ (અંતરાય) પછી સાંભળજોને હું કહું છું તમને ઝડપથી મંજૂર થાય એ આ તબકકે આપ મંત્રીશ્રીને વિનંતી કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, સરકારી ભૂલના કારણે સરકારી રેકર્ડની અંદર કયાંક ભૂલ હોય એના કારણે ખેડૂતોને વારંવાર સુધારા હુકમ માટે ૨—૨ વર્ષ, ૩—૩ વર્ષ અને છ—છ મહિના માટે રખડવું પડતું હોય છે. ભૂલ હોય કોમ્પ્યુટરની, ભૂલ હોય એક સામાન્ય ભૂલ પણ એના હુકમો કરાવવામાં ખેડૂતોને વારંવાર મામલતદાર કચેરીએ ધકકા ખાવા પડતા હોય છે અને એ સુધારા હુકમ હું મંત્રીશ્રીને એવી વિનંતી કરવા માગું છું કે એમાં ૩૦ દિવસની જગ્યાએ જે હુકમની અંદર કે કોઇપણ કારણસર ભૂલ હોય તો એ તાત્કાલીક સુધારી અને ખેડૂતનું રેકર્ડ કલીયર કરવું એવું આ તબકકે આપને વિનંતી કરું છું.

જયારથી ભારતીય જનતા પાર્ટીનું શાસન આ રાજયમાં આવ્યું છે. ખેડૂતોના નામે મત લેવાય છે, ખેડૂતોના નામે વાતો કરાય છે, ખેડૂતોના ભલા માટેની વાતો કરાય છે. મારા સન્માનનીય સભ્યશ્રી વાતો કરતા હતા ખેડૂત બાબતની. કોંગ્રેસે આ કર્યું, કોંગ્રેસે આ કર્યું. ભારતીય જનતા પાર્ટીમાં પણ અમુક નિયમો સારા કરવામાં આવે છે. ધારો કે ટુકડા ધારો રદ કર્યો એનાથી ઘણા બધા ખેડૂતોને પરેશાની પૂરી થઇ ગઇ. એ

કામ ઘણું સારું કર્યું છે પણ જયારથી ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું છે ત્યારથી આઠ કિલોમીટરનો કાયદો રદ કરી કઇ રીતે આ ગુજરાતના તમામે તમામ ખેડૂતોની જમીન છેક દરિયા કિનારા સુધી ઉદ્યોગપતિઓ અને બિલ્ડરો ખેડૂતો પાસેથી ખરીદી અને પાછલા બારણે એવો સારો નિયમ એમણે દૂર કરી અને આ રાજયના તમામે તમામ ખેડૂતોની જમીન હું કહું એ બિલ્ડરો અને ઉદ્યોગપતિઓ માટે દ્વારા ખુલ્લા મુકયા. ત્યાંથી ના અટકયું. ખેતી ખેતી વચ્ચે નવી શરતની જમીન ખેતી ખેતી વચ્ચે જૂની કરવી અને એ જમીનના દસ્તાવેજો થઇ શકે એટલા માટે ખેતી ખેતી વચ્ચે જમીન પ્રિમિયમને પાત્ર ગણી નવી શરતની જમીન હતી જે જમીન ખેડૂત પાસે રહેતી હતી એ એના દીકરા પાસે રહે, એનો દીકરો ન હોય તો એના દીકરાને મળે. બીજો કોઇ આ જમીન લઇ શકે નહીં. એના કારણે ખેતી ખેતી વચ્ચે જમીનો જૂની કરવામાં આવી અને ખેડૂતને વેચવાનો એક નવો મોકો મળ્યો. એના કારણે સમગ્ર રાજયની જમીનો ઉદ્યોગપતિઓ પાસે, પૈસાદારો પાસે અને બિલ્ડરો પાસે જવાનું ચાલુ થઇ ગયું.

મારે આપને આ તબકકે વાત કરવી છે. મારા સભ્યશ્રી ભુમાફીયાની વાત કરતા હતા ત્યારે મારા મત વિસ્તારની અંદર સાયલોદ નામની કંપની આવી છે. ચાર તલાવડીઓ રેકર્ડ ઉપર પંદર વીઘાના તળાવો થાય એ તળાવો અંદરનું દબાણ કર્યું છે. વારંવાર સરકારમાં રજૂઆતો કરવા છતાં એ તળાવોનો ઉપયોગ ખરેખર ખેડૂતોને પાણી લેવા માટે કરતા હોય છે, ઢોરને પાણી પીવડાવવા માટે કરતા હોય છે પણ એ તળાવનો ઉપયોગ એના ગ્રાઉન્ડની અંદર ચારે બાજુ દરવાજા મૂકી દીધા છે, વરંડો વાળી દીધો છે અને એની અંદર એનો જે ઘન કચરો બહાર નીકળે છે એ ઘન કચરાના ઢગલે ઢગલા તળાવોની અંદર કરવામાં આવ્યા છે. કોઇપણ માણસ સરકારી જમીન ઉપર દબાણ કરવામાં આવે તો ગુજરાતમાં ઘણા બધા એવા કિસ્સા બન્યા છે કે એના ઉપર પાસા પણ લગાવવામાં આવ્યા છે, એના ઉપર ફોજદારી રાહે કાર્યવાહી કરવામાં આવી છે પણ આ વારંવાર રજૂઆત કરવા છતાં પાસા તો દૂર વાત રહી, ફોજદારી કાર્યવાહી તો દૂરની વાત છે પરંતુ એ તળાવને પણ આજે સરકાર ખુલ્લા કરાવી શકતી નથી. જ્યારે ભૂમાફિયાઓની વાત કરવામાં આવે છે. ત્યારે મારા મત વિસ્તારની અંદર રાઘે બિલ્ડર દ્વારા ૩ લાખ ચો.મીટર જમીનની અંદર જે જમીનો ખેડૂતોના નામે છે, ત્યાં આગળ કબજો રાઘે બિલ્ડરનો છે. જમીન નવી શરતની હોવા છતા તમામે તમામ ૩ લાખ ચો.મીટર જગ્યાની અંદર ૫૦ મકાનો બનાવવામાં આવ્યા છે. ત્યાં કલબો બનાવવામાં આવી છે. તમામ પ્લોટો પણ પાડી દેવામાં આવ્યા છે. આ પ્લોટોનું વેચાણ કરી હજારો લાખો લોકો પાસેથી પૈસાની પણ લેવડ–દેવડ કરવામાં આવી છે. એ જમીન આજની તારીખે એન.એ. થયેલ નથી. ૬૭ ગામની અંદર થોળ તળાવની પાળ ઉપર આ જમીન આવેલ છે. હાલ એન.એ. થઇ શકવાની નથી. આ અંગે વારંવાર સરકારનું ધ્યાન દોરવા છતા મકાનો પણ બનતા અટકાવવામાં આવ્યા નથી. આજે જમીન ૭/૧૨ માં ખેડૂતોના નામે હોય, પ્લોટ પડી ગયા હોય કેટલાક લોકો પાસેથી પૈસા ઉઘરાવી આ પાટલી દ્વારા ભ્રષ્ટાચાર આદરવામાં આવ્યો છે. દુઃખ સાથે બીજું કહેવું પડે કે ત્યાં કલબ હાઉસ બન્યા છે. અને આ કલબ હાઉસમાં આઇ.એ.એસ. અને આઇ.પી.એસ. અધિકારીઓ ઘણી વાર મુલાકાત લેવા માટે જતા હોય છે. ગણોત ધારાની કલમ આવી. ખેડૂતો ભેગા થઇ રેકર્ડ ઉપર ખોટા ખેડૂતો બની પોતે જમીન ખરીદી અને જમીનનો વ્યાપાર કર્યો હોય ત્યારે કાયદો લાવ્યા છીએ, પણ આના માટે પ્રિમિયમ લઇ જમીનને રેગ્યુરલાઇઝ કરવા માટેનો આ રીતનો કાયદો ન હોઇ શકે. કોઇ સાચો ખેડૂત જમીન ખરીદે ત્યારે પ્રિમિયમ લો તો વાંધો નથી. કોઇપણ ખોટો ખેડૂત રેકર્ડની સાથે ચેડાં કર્યા હોય અને ખોટા ખેડૂત બની જઇ હજારો વીઘા જમીન ખરીદી અને બીજાને આપી હોય ત્યારે બીજાનો શું વાંક? એની પાસેથી પ્રિમિયમ લેવાનું હોય અને પ્રિમિયમ લો તો વાંધો નહીં. રેકર્ડ સાથે ખોટો ખેડૂત બન્યો હોય અને ખોટો ખેડૂત બની અને આવો વ્યાપાર કર્યો હોય ત્યારે એની સામે ફોજદારી રાહે ગુનો દાખલ કરી કાર્યવાહી કરવી જોઇએ.

આપના દ્વારા હું મંત્રીશ્રીનું એ ધ્યાન દોરવા માગું છું કે અમદાવાદ અને ગાંધીનગરની આજુબાજુમાં જે જમીનો આવેલી છે. ભૂમાફિયાની વાત મારા સાથી મિત્રો કરતા હતા. અમદાવાદ અને ગાંધીનગર આજુબાજુમાં આઇ.પી.એસ. અધિકારી દ્વારા ખેડૂતોને બોલાવી, ધમકાવી દસ્તાવેજો કરાવી અને એનો કબજો લેવાના ઘણા બધા બનાવો બનેલ છે. જ્યારે આઇ.પી.એસ. અધિકારી કોઇપણ ખેડૂત કબજો ન આપે તો

ક્રાઇમ લાવી દઇશું. આનો દસ્તાવેજ કરી દેશો અને કબજો છોડી દેશો. જો આમ નહિ કરો તો કાયદાકીય પગલાં લેવામાં આવશે. મારી ધમકાવી અને ખેડૂતો પાસેથી આવા લખાણ લઇ કબજો છોડાવવાનું કામ કરવામાં આવતું હોય છે. મારા કલોલ મત વિસ્તારમાં ઔડા દ્વારા જે પ્લોટો ફાળવવામાં આવ્યા છે. જે મંડળો દ્વારા ગરીબ માણસોના જે પ્લોટ ફાળવવામાં આવ્યા છે, એ પ્લોટ કાગળ ઉપર ફાળવવામાં આવ્યા છે. જે મંડળી બની છે. ફકત કાગળ ઉપર બનાવવામાં આવી છે. એના નામે મોટા મોટા બિલ્ડરો ત્યાં આગળ પ્લોટોની અંદર મોટી મોટી સોસાયટીઓ બનાવીને વ્યાપાર કરવામાં આવે છે. ખાલી ચોપડા ઉપર ગરીબ માણસોની સોસાયટી બનેલી છે. એકપણ સોસાયટીનો કબજો..

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય ગ્યાસુદીનભાઇ.

શ્રી ગ્યાસુદીન હ. શેખ(દરિયાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી શહેરી વિકાસ વિભાગની જે માગણી લઇને આવ્યા છે એના ઉપર મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

મારે બહુ દુઃખ સાથે કહેવું પડે છે કે આજથી ૫ વર્ષ પહેલાં જ્યારે મુખ્યમંત્રીશ્રીએ સ્વર્ણિમ જયંતિ ઉજવણી વખતે ગૃહની અંદર ખાતરી આપી હતી કે બે વર્ષની અંદર અમદાવાદ શહેરમાંથી જે પણ ડ્રેનેજના પ્રશ્નો છે, પાણીના પ્રશ્નો છે, તે તમામ ગુજરાતની સાથે સાથે અમદાવાદ શહેરના પણ હલ કરી દેવામાં આવશે. માનનીય અધ્યક્ષશ્રી, હું એ કહેવા માગું છું કે પાંચ વર્ષ થયા હોવા છતાં અમદાવાદની અંદર ૩૦ ટકા વિસ્તાર એવો છે કે જે આજે પાણીના નેટવર્કથી વંચિત છે. આજે પણ ૨૨ હજારથી વધુ ખાળકૂવા અમદાવાદ શહેરની અંદર મોજૂદ છે. જયારે ઓકટ્રોય નાબૂદ કરવામાં આવી ત્યારે તેના વળતર પેટે જે રકમ ચૂકવવાની વાત કરવામાં આવી હતી તેમાં આજે લગભગ ૨૯૦૦ કરોડ રૂપિયા અમદાવાદ શહેરને ઓકટ્રોય પેટેની ગ્રાન્ટ ચૂકવવામાં આવી નથી. જેના પરિણામે પ્રોજેકટના કામો અને ઝોનલના કામો તમામ અટકી પડયા છે. વિકાસની ઘણીબધી વાતો થઇ. ૧૦૦ ટકા ઘણીબધી જગ્યાએ વિકાસ થયો છે. હું આપને કહેવા માગું છું કે તે અસમતોલ છે. મારે કહેવું છે કે આઝાદીના ૬૫ વર્ષ પછી પણ આ વિકાસની બાબતમાં, પાણી અને ડ્રેનેજની બાબતમાં ધર્મ આડે આવતો હોય તેવું વિશ્વમાં કોઇ રાજય હોય તો તે ગુજરાત રાજય છે. જયારે શહેરની અંદર, કોટ વિસ્તારની અંદર પ્રદૂષણની જબરજસ્ત સમસ્યા છે. ત્યાં આપ જુઓ તો પ્રદૂષિત પાણી આવે છે, ગટરો ઉભરાવાની સમસ્યા ઉભી થાય છે. આમાં પરિસ્થિતિ એવી થાય છે અને અમને એવું નથી લાગતું કે અમે ધારાસભ્યો છીએ. અમને એવું લાગે છે કે અમે તો મ્યુનિસિપલ કાઉન્સિલરો છીએ. અમારી પાસે સવાર પડતાં જ પાણી અને ડ્રેનેજ સિવાયના બીજા કોઇ કામો આવતા નથી. હું કહેવા માગુ છું કે જે અમદાવાદના અધિકારીઓ છે, કમિશ્નરશ્રી છે, ઉચ્ચ કક્ષાના ભારતીય જનતા પાર્ટીના અધિકારીઓ છે, તેમણે પોલ્યુશન સેલ બનાવ્યું. હું તેમને આવકારું છું અને તેમને બિરદાવું છું. પરંતુ તે સેલ બનાવ્યા પછી આપણે આજે નીચલી કક્ષાએ જોવા જઇએ તો મ્યુનિસિપલ કાઉન્સિલરની કક્ષાએ જે કામો થાય છે, પાણી અને ડ્રેનેજના કામો થાય છે તે રોકવાના ધર્મના નામે પ્રયાસો થાય છે. આજે આપણે મ્યુનિસિપલ પ્રોપર્ટી ટેક્સ લઇએ છીએ. જે સુવિધા આપીએ છીએ તેમાં આપણે ઉપકાર નથી કરતા. તે તેમનો અધિકાર છે. પાણી અને ડ્રેનેજની અંદર બે-બે, ત્રણ-ત્રણ મહિનામાં મારા જ વિસ્તારમાં પોલીસ પ્રોટેકશન લઇને પાણીની લાઇનના જોડાણ કરવા માટે ગયા તો તેમાં જોડાણ કરવા દેવામાં આવ્યું નથી. તે બહુ જ ગંભીર બાબત છે. ભાઇશ્રીએ ભદ્ર પ્લાઝાની વાત કરી. ભદ્ર પ્લાઝાના પ્રોજેકટના નામે ત્રણ હજાર ફેરીયાઓને રોજગારીથી વંચિત કરવાનો કારસો રચાયો છે. આજની પરિસ્થિતિ એવી છે કે ત્યાંથી ૫૦ કરોડનું ટર્નઓવર થાય છે. તે ગરીબોનો મૉલ છે. ત્રણ દરવાજા વિસ્તારમાં આપ જુઓ તો ખાલી અમદાવાદના જ નહીં પરંતુ આજુબાજુના નાના વિસ્તારમાંથી ગરીબ લોકો ત્યાં ખરીદી કરવા માટે આવતા હોય છે. વિકાસ થવો જોઇએ. આપણે કોઇ ગરીબોને રોજીરોટી ન આપી શકતા હોઇએ તો આપણે તેમની રોજીરોટી છીનવીને તેનો વિકાસ કરવો જોઇએ નહીં અને તે વિકાસને હું કદી સ્વીકારતો નથી. પ્રોપર્ટી ટેક્સની વાત કરું તો તેમાં જંતરી લાગુ કરી દીધી છે. ત્યાં આગળ ગરીબ લોકોની તો દુર્દશા છે જ. પહેલી વખત લોકો આક્રોશની સાથે રોડ પર આવ્યા છે.

અધ્યક્ષશ્રી : આ મ્યુનિસિપાલિટીને લગતું ન હોય. આ અંગત વાત છે.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, આપની વાત સાથે સંમત છું. આ પ્રશ્ન જટિલ પ્રશ્ન છે. લોકોની સમસ્યા છે અને તેના લીધે લોકો રોડ ઉપર ઉતરી આવ્યા છે. કાલે અમારા નેતાશ્રીને માર મારવામાં આવ્યો છે. ૨૨૮ કરોડનો બે વર્ષની અંદર પ્રોપર્ટી ટેક્સ પેટે બોજો મૂકવામાં આવ્યો છે. આની અંદર હું માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે મુખ્યમંત્રીશ્રી આમાં હસ્તક્ષેપ કરે. જે પ્રોપર્ટી ટેક્સ છે તેને પાછો ખેંચવાની અહીંથી જાહેરાત કરવામાં આવે તેવી માગણી કરું છું. અહીં મેટ્રો રેલના નામે ઘણીબધી વાતો કરવામાં આવી. મેટ્રો રેલની સ્થિતિ આજે ત્યાંને ત્યાં જ છે. છેલ્લે ૧૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કેન્દ્ર સરકાર તરફથી કરવામાં આવી છે. બી.આર.ટી.એસ.ના નામે અમદાવાદમાં જે સ્થિતિ થઇ છે, આપણે તો બતાવવું હતું કે અહીં ચકાચક છે, અહીં વિકાસ છે. પરંતુ લાલ બસ સમગ્ર ભારતની અંદર વખણાતી હતી તેનું બી.આર.ટી.એસ.ના લીધે પીંડુ વળી ગયું છે. ગરીબો ત્યાં આગળ હેરાન પરેશાન છે. બી.આર.ટી.એસ.ના નામે લોકો એટલા બધા ત્રાહિમામ પોકારી ગયા છે અને ટ્રાફીકનું નિયમન ખોરવાઇ ગયું છે. લોકો તો હેરાન છે. પરંતુ રથયાત્રાના દિવસે ભગવાન જગન્નાથજી પણ તેમાંથી બાકાત નથી રહ્યા. ભાઇ બલભદ્ર અને બહેન સુભદ્રાજી રથયાત્રા નીકળી ત્યારે આ ગેરવહીવટના લીધે તેઓ પણ વિખૂટા પડી ગયા હતા. ટ્રાફીકની જે સમસ્યા છે, પોલ્યુશનની જે સમસ્યા છે. સમગ્ર ગુજરાતમાં તમે જાઓ તો તમને દેખાઇ આવશે કે એક તરફ ફલાય ઓવર છે, મોટા બાગ છે, મોટા બગીચા છે જયારે બીજી બાજુ જુઓ તો ચોખ્ખું પીવાનું પાણી પણ નથી. આપના માધ્યમથી મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે પ્રભારી મંત્રીશ્રી જયારે ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્યોને બોલાવીને મિટીંગ લેતા હોય તો તેમાં કોંગ્રેસના ધારાસભ્યોને પણ બોલાવે અને તેમના જે પ્રશ્નો છે તેને વાચા આપે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂર્ણ થાય છે. વિરામનો સમય થયો છે.

(વિરામ બપોરના ૨.૩૦ થી ૩.૧૫)

માનનીય અધ્યક્ષશ્રી વજુભાઇ વાળા અધ્યક્ષ સ્થાને

શ્રી મોતીલાલ પૂ. વસાવા(ડેડીયાપાડા) : માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ વિભાગના અમારા મંત્રીશ્રી માગણી નં.૭૮, જિલ્લા વહીવટ ૨૭૬.૦૨ કરોડની લઇને આવ્યા છે એને મારું સમર્થન આપું છું અને સાથે જે મિત્રો કાપ દરખાસ્ત લઇને આવ્યા છે એનો હું વિરોધ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કાપ દરખાસ્ત આવે જે વિષયની અને માનનીય સભ્યશ્રીઓ બોલે બીજા વિષય ઉપર અને માનો કે મહેસૂલ વિભાગની કાપ દરખાસ્ત છે તો એના ઉપર બોલે કોઇ શહેર ઉપર બોલે અને જે વિષયની જેની તમને યોગ્ય જરૂર હોય એના પર કાપ દરખાસ્ત મૂકો અને એના પર તમે બે વાત કરો, સૂચન કરો તો અમારા આદરણીય મંત્રીશ્રી સ્વીકારે. પણ તમે એની વાત જ ન કરો તો કોણ સ્વીકારે? માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લા વહીવટમાં કેટલાક મિત્રોએ કહ્યું કે, વારસાઇ એન્ટ્રીઓ થતી નથી. વારસાઇ એન્ટ્રીઓ અમારે ત્યાં અમે કરીએ જ છીએ અને મામલતદારશ્રીનો પ્રોગ્રામ હોય છે દરેક ગ્રામ પંચાયતની અંદર અને તાલુકામાં પણ હોય છે. આપણને આપણા વિસ્તારની જે કાંઇ સમસ્યા લાગે કે આ ગામની અંદર આટલા ખેડૂતો છેને વારસાઇ એન્ટ્રી કરવાની છે અને ગ્રામ પંચાયતની અંદર મામલતદારશ્રી જવાના છે તો સાહેબ, અમે જઇએ છીએ અને સરળતાથી એ ગામની અંદર જેટલા પણ લોકોની વારસાઇ કરવાની હોય, સિવાય કે વિવાદ હોય, વિવાદવાળી વારસાઇ એન્ટ્રી ના થાય. વારસાઇ એન્ટ્રીઓ થાય છે અને વહીવટી તંત્ર ખૂબ સારી રીતે આખા કાર્યક્રમનો ઉપયોગ કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, એની સાથે સાથે નોંધની ચકાસણીનો કાર્યક્રમ પણ મામલતદારશ્રીની ઓફિસમાં હોય છે અને એનો પણ કાર્યક્રમ બને છે અને જે તે ગ્રામ પંચાયતને તલાટી, સરપંચોને સૂચના આપવામાં આવે છે અને ત્યારે પણ જો આપણે એક જાગૃત આગેવાન નાગરિક તરીકે મામલતદાર કચેરીએ પહોંચી જઇએ તો ત્યાં પણ આ સુધારણાનો કાર્યક્રમ ખૂબ સારી રીતે થાય છે. એટલે જે વિરોધ પક્ષના લોકો કહે છે કે વારસાઇ એન્ટ્રીમાં ખૂબ મોડું થાય છે, સુધારણાનો કાર્યક્રમ થતો નથી એ વાત એકદમ વાજબી નથી.

એની સાથે સાથે ઘણાં એવા પ્રશ્નો છે કે, જે એ.ટી.વી.ટી.માં એક પ્રાન્તની અંદર બે તાલુકા અને એ.ટી.વી.ટી.ની અંદર ઘણાં બધા આપણા તાલુકાના મહેસૂલ વિભાગના પશ્નો આપણે હલ કરી શકીએ છીએ અને જો ત્યાં આપણને ન્યાય ન મળે તો દર મહિને જિલ્લાની અંદર સંકલન સમિતિ મળે છે ત્યાં પણ આપણે એ અધૂરા પ્રશ્નો હોય અથવા એનો જવાબ આપણને ન મળ્યો હોય તો તેનો ઉકેલ પણ જિલ્લા સંકલન સમિતિમાં આપણે મેળવી શકીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, કેટલાક લોકોને વાંધો હતો કે નવી શરતની જમીન જૂની શરતમાં થવાથી જમીનો ઉદ્યોગપતિઓએ લઇ લીધી, જમીનો વેચી દીધી. પણ મારે કહેવું છે કે, માનનીય અધ્યક્ષશ્રી, મહત્તમ ફાયદો અમારા આદિવાસીઓને થયો છે જંગલ વિસ્તારમાં. નવી શરતની જમીનમાં તમને બેન્ક ધીરાણ ન કરી શકે, તમે કોર્ટમાં કોઇના જામીન ન રહી શકો, નવી શરતની જમીન તમે વારસાઇ ન કરી શકો એની અંદર કોઇ પણ જાતનો લાભ તમે લઇ નહોતા શકતા. અમારો વિસ્તાર ડાંગથી ઉંમરગામ સુધી નવી શરતની જમીનની અંદર માલિકી ઝાડ ખૂબ હતા, વાંસ હતા, બીજા ઝાડો હતા એ અમારા ડાંગના ધારાસભ્યશ્રી અને ધરમપુરના ધારાસભ્યશ્રી તથા માનનીય જોષીયારા સાહેબ જાણે છે. ખૂબ વરસોથી બાપદાદાઓના વખતથી એ જંગલના ઝાડ સાચવ્યા હતા પણ એને વેચવું હોય, એમાંથી એને આર્થિક કમાણી કરવી હોય તો નવી શરતને લીધે એની પરવાનગી મળતી નહોતી, એ ઝાડને કોઇકવાર વાવાઝોડામાં કોઇકવાર આગ લાગવાથી નુકસાન થઇ જતું હતું અને એમને આર્થિક રીતે તકલીફ પડતી હતી. એ જૂની શરતમાં આવવાથી એ બધાજ અધિકારો અમારા આદિવાસીઓને પ્રાપ્ત થયાં અને એ લોકો સારું એવું વેચાણ કરી આર્થિક રીતે પગભર થયા છે. આવી ઘણી બધી બાબતો છે કે જેને આપણે જોઇ શકીએ છીએ.

બીજું મહત્વનું આદિવાસી વિસ્તારનો ભાગ એવો હતો કે આખા પટ્ટામાંથી કોઇને મુખ્ય જિલ્લા મથકે જવું હોય તો બધા જ જિલ્લા મથક શહેરમાં હોય. આજે નિઝરથી અમારા કોઇ આદિવાસી ભાઇને જિલ્લા મથકે જવું હોય, કોર્ટ કચેરી કે કલેકટર કચેરીએ જવું હોય તો એને એક દિવસ આગળ નીકળવું પડે. સુરત ઉતરે, ઓફિસે જાય, અધિકારી મળે કે ના મળે, બીજા દિવસે રોકાવું પડે. ખર્ચો એટલો બધો થાય. ઘરે ક્યારે પાછા આવશો એવું પૂછે તો જવાબ ના આપી શકે. ત્યાં જઇને ફૂટપાથ ઉપર ઉંઘી રહે. સવારે કલેકટર કચેરીએ જાય પછી એને જે કંઇ રજૂઆત કરવાની હોય તે રજૂઆત કરે. એને ન્યાય યોગ્ય મળે કે ના મળે એને પાછું આવવું હોય પણ આ સાત જિલ્લાઓ કરવામાં આવ્યા એ સાતેસાત જિલ્લાઓ એ છોટાઉદેપુર હોય, તાપી હોય, નવસારી હોય, નર્મદા હોય ત્યારે અમારો આદિવાસી ઘરેથી નીકળે અને ઘરે એમ કહે કે મારું બપોરે જમવાનું બનાવજો મારું કામ પતાવીને જિલ્લા મથકે જઇને આવું છું. એ રીતે જિલ્લામાં જઇને આવે છે. જિલ્લાની અંદર એના જે કંઇ બધા કામ હોય તે કામ પતાવીને પોતે ઘેર પાછો આવી જતો હોય છે. એ રીતે જે તાલુકાઓ અને જિલ્લાઓનું જે વિભાજન કરવામાં આવ્યું છે એનાથી અમારા લોકોને ખૂબ ખૂબ એની સુવિધા મળે છે.

એની સાથે સાથે નવા તાલુકાઓ જે બન્યા છે. આ નવા તાલુકાઓની અંદર ૧૦૦ જેટલી જગ્યાઓ ભરવા માટે આ બજેટમાં ૮૩.૪૩ લાખની જોગવાઇ કરી છે. એનાથી તાલુકાની અંદર જે વહીવટ છે એ વહીવટની અંદર ખૂબ સાનુકૂળતા આવવાની છે. એ મામલતદારશ્રીઓ, એ અધિકારીશ્રીઓ તાલુકા મથકમાં ગામડાઓમાં જઇ શકે,ગામડાઓનો પ્રવાસ કરી શકે તો એના માટે પણ વાહન ખરીદી માટે માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જે દરખાસ્ત લઇને આવ્યા છે અને ૨.૯૪ કરોડની માગણી કરી છે એ પણ ખૂબ અનુકૂળ છે એના માટે પણ ખૂબ સારી વ્યવસ્થા થશે. એની સાથે સાથે જે ઇ–ધારા, જનસેવા કેન્દ્ર અને જે કંઇ નવા સાધનો જરૂર પડવાના છે, કમ્પ્યુટરની જરૂર પડવાની છે, એની અંદર બીજા જે કંઇ સાધન–સામગ્રીની જરૂર પડવાની છે કારણ કે હવે આ બધા જે કામો છે એ બધા કમ્પ્યુટર પર થાય છે. તેના માટે ૨૫૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે તેને હું આવકારું છું. તેથી હું માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેને અનુમોદન આપું છું.

શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ(વેજલપુર) : માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ, શહેરી ગ્રામ ગૃહનિર્માણ મંત્રીશ્રી જે માગણી નંબર–૧૦૧ લઇને આવ્યા છે તેમાં હું મારું સમર્થન આપીને મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સુરાજ્યની કલ્પના સાથે સ્વરાજ તો આવ્યું પણ આજની તારીખે શહેરની અંદર કૂદકે ને ભૂસકે શહેરીકરણ વધી રહ્યું છે અને તેવા સંજોગોની અંદર ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને રહેવા માટે આવાસોની જે જરૂરિયાત છે એ જરૂરિયાતને આપણે પરિપૂર્ણ નથી કરી શક્યા. પણ આપણા માનનીય વડાપ્રધાન અને આપણા લોકલાડીલા મુખ્યમંત્રી આનંદીબેન એમની સરકારની અંદર જે માગણી લઇને આવ્યા છે એમાં જે શહેરી ગૃહનિર્માણ છે એમાં બે પ્રકારની યોજનાઓનું છેલ્લાં ૨૦૧૪-૧૫ના વરસની અંદર જેનું આયોજન થયું છે એ બાબતે થોડો પ્રકાશ પાડવા માગું છું. ગત વરસની તુલનાએ આ વરસે સરકારે શહેરી ગૃહનિર્માણની અંદર વધુ પ્રગતિ થઇ શકે અને વધુ મકાનો બની શકે એના માટે બજેટની અંદર વિશેષ જોગવાઇ કરી છે તેને હું આવકારું છું. ૨૦૧૪-૧૫ના વર્ષ માટે ૮૮,૭૦૦ આવાસોનું આયોજન થયુ છે. જે પૈકી ૨૦૫૯ પ્લાનીંગના સ્ટેજે છે, ૯૮૭૪ ટેન્ડરની પ્રક્રિયાએ છે જેમાં ૬૯૦૫ની પ્રક્રિયા પૂર્ણ થયેલી છે. ૫૧૧૭૬ આવાસો પ્રગતિમાં છે, ૯૬૦ પૂર્ણ થયા છે. કુલ ૨૩,૦૭૭ આવાસોની ફાળવણી પણ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એફોર્ડેબલ હાઉસીંગની અંદર જે યોજના છે તેમાં ચાર પ્રકારની યોજનાઓ સરકારે અમલમાં મૂકી છે. ઇ.ડબલ્યુ.એસ.ના જે મકાનો છે તે ૨૫ થી ૩૦ ચો.મીટર અને તે એક હોલ અને કિચન તે પ્રકારના મકાનો સંપૂર્ણ સુવિધા સાથે અને તે એક લાખની આવકની મર્યાદા ધરાવતા નાગરિકો માટે આપવામાં આવશે. એલ.આઇ.જી.-૧, તે ૩૧.૪૦ ચો.મીટર, એક બેડરૂમ, હોલ, કિચન તેની મર્યાદા એક લાખથી અઢી લાખની આવકવાળા જે લોકો છે તેને પ્રાપ્ત થશે. એલ.આઇ.જી-૨, ૪૧.૫૦ એટલે કે એક બીએચકે અને સ્ટડી રૂમ તે પણ એક લાખથી અઢી લાખની આવકની મર્યાદા ધરાવતા લોકો માટે બનાવવામાં આવનાર છે. એમ.આઇ.જી.પ્રકારના જે મકાનો બનવાના છે તે ૫૧.૬૦ ચો.મીટર એટલે કે ટુ બીએચકે પ્રકારના જે બનવાના છે અને તેની અંદર અઢીથી પાંચ લાખની આવકની મર્યાદા ધરાવતા લોકોનો સમાવેશ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ એફોર્ડેબલ મકાન એ શહેરી સ્વરાજયની સંસ્થા, ઔડા, હાઉસીંગ બોર્ડ એના દ્વારા મકાનો બનાવવામાં આવનાર છે. એ જ પ્રકારે એ મકાનોને જે બનાવવામાં આવનાર છે તેની ગુણવત્તા અને તેની જે ટેન્ડર પ્રક્રિયા છે તે પારદર્શક પ્રક્રિયા થવાની છે. અને આ ટેન્ડરની પ્રક્રિયા દ્વારા જે ખાનગી રોકાણકારો છે તેમને પણ પ્રોત્સાહન આપવામાં આવનાર છે. જે મકાન જે જગ્યાએ બનાવાના છે તે ખાનગી રોકાણકાર જયારે તેનું આયોજન કરે ત્યારે તેને જે આવક થવાની છે તેની અંદર તેને એમ.આઇ.જી અને આ જે ઇ.ડબલ્યુ.એસ.પ્રકારના જે મકાનો બનાવવાના છે તેમાં ૬૦ ટકા મકાનો તેણે એ પ્રકારના બનાવવાના છે અને બાકીના ૪૦ ટકા મકાનો જે છે તે ફ્રી હોલ્ડના બનાવી શકશે.

માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસની અંદર આ પ્રકારે જયારે આ મધ્યમ વર્ગના લોકો માટે સરકારે વ્યવસ્થા વિચારેલી છે ત્યારે આગામી પાંચ વર્ષની અંદર મોટા પાયે લોકોને મકાનો પ્રાપ્ત થશે. એ જ પ્રકારે શહેરી જે રિહેબિલિટેશન થવાનુ છે ઝૂંપડપટ્ટીના નાગરિકો માટે એ લોકો માટે પણ સરકારે વ્યવસ્થા કરી છે કે સુંદર પ્રકારના મકાનો તેમને પ્રાપ્ત થાય, પર્યાવરણની જાળવણી થાય એ જે રીતે તેમને સુંદર કવોલીટીના મકાનો પ્રાપ્ત થાય. અને એ જે જગ્યાએ રહે છે તે જ જગ્યાએ તેને મકાનો પ્રાપ્ત થાય એવી સુવિધા પણ ખાનગી રોકાણકારો દ્વારા કરવામાં આવશે. સરકારે દરેક પ્રકારના લોકો માટે આ પ્રકારનું આયોજન કર્યુ છે તેને હું બિરદાવુ છું.

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરુ(રાજકોટ (પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, આપની કાયમી ઇચ્છા હોય છે કે વગર વાંચ્યે બોલવું એટલે તેનો હું પ્રયત્ન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે બજેટની વાત થઇ રહી છે અને જે રીતે લોકો વચ્ચે વાત લઇ જવામાં આવી રહી છે એમાં મને લાગે છે કે આવતા વર્ષમાં કોઇ મકાનનો નકશો પાસ કરાવે ત્યારે તેના ઘરે ગેસની લાઇન પહોંચી જાશે, પાણી પહોંચી જાશે, વોલ ટુ વોલ કાર્પેટનો રોલ પહોંચી જાશે. કોઇ ફિશીંગ માટેની બોટ લે તો એને જેટી મળી જાશે. કોઇ ગરીબ માણસને ઘર ના હોય એમ કહે તો તેને ઘર મળી જાય, કોઇ યુવાનને નોકરી ના મળતી હોય તો તેને નોકરી અને કાં તેને ઘરે બેઠા પૈસા મળી જશે, આવુ કંઇક થઇ જશે.આવું

કાંઇક થઇ જશે એવી એક અપેક્ષા એક આમ નાગરિક જન તરીકે મને બધુ વાતાવરણ જોઇને લાગી રહ્યું છે અને જો આ મારી અપેક્ષા અસ્થાને હોય તો સરકારમાં બેઠેલા ખૂબ જવાબદાર માણસોએ એ બોલવાનું બંધ કરવું જોઇએ કે ૬૦ વર્ષમાં શું થયું. ૬૦ વર્ષમાં સાયકલ લઇને નીકળનાર વ્યક્તિ શાહુકાર ગણાતી એ આ સરકારમાં બેઠેલા જવાબદાર માણસોએ ભૂલી ન જવું જોઇએ. આજે ભારત દેશ એ સ્થિતિએ છે કે મર્સીડીસ લઇને કોઇક નીકળે તો એની નોંધ પણ કોઇ ના લે એ જ સાયકલોના દિવસો અને એ જ આજની સ્થિતિ એ મને લાગે છે કે જાદુમંતર ના હોય કોઇકની મહેનતનું પરિણામ હોય. (અંતરાય) માનનીય નીતિનભાઇ, આ સરકાર ભૂલી જાય છે કે આપણે જેટલા વર્ષો ગણાવીએ છીએ અને કઇ પાર્ટીએ શું કર્યું એ બોલવાને બદલે તમે જેટલા વર્ષથી સરકારમાં છો તો એમાં બધુ પરિવર્તન શક્ય હતું, શા માટે નથી કરી બતાવ્યું ? જે પ્રશ્ન એ કરે ત્યારે એ પ્રશ્ન એમણે પણ વિચારવો જોઇએ. ( અંતરાય) સાંભળો તો ખરા. ભારે મુશ્કેલી પડે છે. આજે અમારું શું થયું એની ઉપાધિ ના કરો પણ અમારું શું કામ થયું એની ઉપાધિ કરો ટકી રહેવું હોય તો.

માનનીય અધ્યક્ષશ્રી, આજે બધા સભ્યશ્રીઓ બજેટના આંકડાઓની વાત કરે છે. ગવર્નન્સની વાત થાય છે પણ સારા ગવર્નન્સ માટે આપણે શું કરી રહયા છીએ? મારો એક સ્વ અનુભવ હું કહેવા માગું છું. હું એક મર્યાદાના કારણે નામ લેવા નથી માગતો પરંતુ જે તે ખાતાના જે તે વખતના મિનિસ્ટરે અહીંની શહેરી વિકાસની મિટીંગમાં કહ્યું કે ટીપી સ્કીમો બધા શહેરોની પૂરી થઇ જશે, છ મહિનામાં થઇ જશે, હું બોલવા જતો હતો તો મને રોકયો કે બોલશો નહીં, થઇ જશે. મેં કહયું કે, છ આઠ મહિના નહીં બોલું. પછી થઇ જશે તો કહે કે થઇ જશે. કલેકટરને સૂચના આપવામાં આવી કે તમે સંકલન કરીને આ ટીપી સ્કીમ પૂરી કરો. કમનસીબે એક મંત્રી જે આજે નથી પણ ઉચ્ચ હોદ્દા ઉપર બેઠા છે એમની સૂચનાની પણ અવગણના કરવામાં આવે અને એ પછી એક પણ ટીપી સ્કીમ પૂરી ના થાય તો આ કયા પ્રકારનું ગવર્નન્સ છે અને કયા પ્રકારની પકડ તંત્ર ઉપર છે એ મને સમજાતું નથી.

જયારે લોકોની ક્ષમતા વધે ત્યારે સ્વાભાવિક આવક વધે. સરકારની પણ સ્વાભાવિક છે કે આવક વધે. ટેક્સ આપવાની ક્ષમતા લોકોની વધી છે એટલે આપણી આવક વધારે થાય છે પણ એનો પ્રોપર યુઝ થાય છે કે નહીં એની ખૂબ અગત્યતા હોય છે. આજે બહુ સારી વાતો થાય છે તો મારે એટલું જ પૂછવાનું છે કે તમે તલાટીઓની વાત કરો છો, તમે બીજાની વાત કરો છો પણ બધે સરખુ ચાલે છે એ તમારા અને મારા મનને પૂછો. હું તો ત્યાં લગી કહીશ કે, સૌથી પહેલી શરૂઆત તો પહેલાં આ ગૃહમાંથી થવી જોઇએ પણ આપણે કરી શકતા નથી એ હકીકત છે. ઘણા બધા અંશે કદાચ આપણે આ ના સ્વીકારીએ તો આપણે અહીંથી સ્વીકૃતિની ચાલુ કરવી જોઇએ અને પછી આપણે બીજા પાસે અપેક્ષા રાખી શકીએ. આજે અહીંયા મારે એટલી જ રજૂઆત આખરમાં કરવાની છે કે, શરૂઆત અહીંયાંથી કરીએ આપણે ઓફિસરો જે સારું કામ નથી કરતા એને છાવરવાનું આપણે બંધ કરશું એટલે આપોઆપ સામાન્ય માણસને એના લાભ મળતા થઇ જશે. આજે કલેકટર હોય, કમિશનર હોય, મન ફાવે તેમ વર્તે છે અને હું એવી ફરિયાદ નહીં કરૂં કે, અમે વિપક્ષે બેઠા છીએ પણ મેં એવું પણ જોયું છે કે, સત્તા પક્ષે બેઠેલા ધારાસભ્યશ્રીઓની પણ અવગણના એ લોકો કરતાં જરા પણ અચકાતા નથી. એવું શું કામ થાય છે? કેમકે સરકાર પાસે એક જ આયોજન છે કે એ જે મોકલે એ ગરીબ મેળો હોય, ફલાણું હોય, ઢીંકણું હોય એનું જે લોકોમાં જવાનું અને એનો પ્રચાર કરવાના માધ્યમોને જો બરોબર સમતુલાથી જો કલેકટર ને કમિશનર કરી દે તો પછી એને જે કરવું હોય એને ત્યાંનો રાજા બનાવી દેવામાં આવે છે.

આજે બિન ખેતીની કોઇ ભાઇએ વાત કરી. સાહેબ, બિન ખેતીની દશા એવી જ છે કે, જઇને જુઓ, આજે જે કોઇ પ્રક્રિયા કરીએ દવાખાનાંની હાલત શહેરમાં સારી નથી. રાજકોટ શહેરની વાત કરું તો ૨૦ થી ૨૫ ટકા વિસ્તાર એવો છે કે રોડ અને પાણી પણ મળ્યાં નથી.આજે કોર્પોરેશનમાં કમિશ્નર અને બધા કરી રહયા છે એમાં જયાં પાકાં મકાન હોય, છતવાળાં મકાન હોય ત્યાં ઝૂંપડપટ્ટી કાઢીને મકાન આપવાની વાત કરે,આ નળિયાં હોય ત્યાં મકાન આપવાની વાત ના કરે તો આ બધું તંત્ર જો આપણે સારું ગર્વનન્સ આપવું હોય અને આપણે સારું કરવા માગતા હોય તો આ બધું સુધારવાની પ્રાથમિક જરૂરિયાત છે. આજે આપણે અહીં રાજકોટમાં એ પણ કરી શકતા નથી. આગળ જવાને બદલે પાછળ જઇ રહ્યા હોય એવું લાગે છે. આપણે

સામાન્ય વહીવટમાં પણ વિરોધપક્ષ અને સત્તાપક્ષના ધારાસભ્યો અને કોરપોરેટરો આવું ગણીએ છીએ ત્યારે પણ મને લાગે છે કે પહેલાં આપણે માનસિકતા સુધારીએ કે લોકોના મતોથી ચૂંટાયેલા છીએ, પંજા કે કમળના નિશાન ઉપર બેઠા નથી, લોકોના મતો લઇને આપણે ચૂંટાઇને અહીં આવ્યા છીએ અને ચૂંટાયા પછી આપણે લોક પ્રતિનિધિ તરીકે એકબીજા સાથે વ્યવહાર રાખીએ એ વ્યવહાર આપણે નથી કરી શકતા એ મને લાગે છે કે ગર્વનન્સ સુધારવાની વાત કરવા માગતા હોય તો આવા બધા ખૂબ નાના સુધારા આપણે કરવા પડે. આપણે હકીકતથી ખૂબ જોજનો દૂર રહીએ અને એકબીજા ઉપર આક્ષેપો કરીએ એ મને લાગે છે કે લોકશાહીમાં આપણે પીછેહઠ કરી રહ્યા છીએ. આપણે ખુલ્લા મને ચર્ચા પણ ના કરી શકીએ તો આપણે કયાંક લોકશાહીમાં પીછેહઠ તો નથી કરી રહ્યા ને એ અહીં બેઠેલા લોકોએ વધારે ગંભીરતાથી વિચારવાની જરૂર છે. આપણે એકબીજાની ઠેકડી ઉતારીએ એ બધું પિકચર તો આપણા ત્યાંથી એટલે કે આ વિધાનસભામાંથી બહાર દેખાડતા નથી એટલે બરાબર છે, પરંતુ પિકચર આવે ત્યારે લોકો બાજુમાં બેઠાં બેઠાં તાળીઓ પાડતા હોય અને રાજકારણીઓને ગાળ દેતા હોય છે. તો આપણે અહીંયાં એ સરખું કરીશું તો ત્યાં શરમજનક સ્થિતિમાં નહીં મૂકાઇએ. ત્યારે મારી આ સરકારને વિનંતી છે કે જયારે ગર્વનન્સની વાત કરીએ છીએ તો એમાં પહેલાં લોકપ્રતિનિધિ અને લોકપ્રતિનિધિનો અવાજ સાચો અને વાજબી અવાજ હોય એ સાચા અને વાજબી અવાજને અંજામ સુધી પહોંચાડવામાં આવે એવી આ સરકાર પાસે અપેક્ષા રાખું છું.

શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ(ગ્રામ્ય)) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી એમના વિભાગની સન ૨૦૧૪-૧૫ ના વર્ષની માગણીઓ લઇને આવ્યા છે એના સમર્થનમાં હું મારી વાત કરી રહી છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયમાં જયારથી આ ભારતીય જનતા પક્ષની સરકાર આવી છે ત્યારથી ભારતીય જનતા પક્ષની સરકાર મારફતે રાજયના તમામ પ્રજાજનોને દરેક વિભાગ દ્વારા દરેક પ્રકારની સુખસુવિધા મળે એ માટે સતતને સતત રાજય સરકાર પ્રયત્નશીલ છે અને તેથી જ તો આજે પંચાયતથી માંડીને પાર્લામેન્ટ સુધી ભારતીય જનતા પક્ષની સરકાર છે.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ વાતની સલાહ આપવી કે વાત કરવી એ વ્યક્તિ પાસે સારું લાગતું હોય, પરંતુ જયારે વ્યક્તિ એ બાબત ઉપર કામ કરીને બતાવે ત્યારે એ સાચા અર્થમાં લોક પ્રતિનિધિ છે એમ કહેવાય છે. રાજયની વાહન વ્યવહારની કચેરી પહેલાંના સમયમાં જૂના અને ભાડાના મકાનમાં બેસતી હતી એ આપણે સૌ સારી રીતે જાણીએ છીએ અને તેથી જ જાહેર જનતાને ઘણી અગવડો પડતી હતી તેમજ ત્યાં આવતા લોકોને ઘણીબધી અસુવિધાઓ પડતી હતી એ હાલત આપણે સૌએ જોઇ છે. વાહન વ્યવહાર હસ્તકની કચેરીઓની સુધારણા માટે છેલ્લા બે વર્ષમાં ૫૧ કરોડ રૂપિયાની રકમ ફાળવવામાં આવી છે જે અંતર્ગત રાજયમાં ૬ નવી આર.ટી.ઓ. કચેરીઓનું નિર્માણ ચાલે છે અને બીજી ૧૮ આર.ટી.ઓ.કચેરીઓનું આધુનિકીરણ અને નવીનીકરણ માટેની કામગીરી પણ હાથ ધરેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, કચેરીઓના આધુનિકરણ અંતર્ગત વર્ષ ૨૦૧૩-૧૪માં ૧૬.૫૦ કરોડનું આયોજન કરવામાં આવેલ છે. અને વર્ષ ૨૦૧૪-૧૫ માટે ૧૧ કરોડનું આયોજન કરી અને ફાળવવામાં આવેલ છે. બીજું જે ૭ નવા જિલ્લાઓ કરવામાં આવ્યા છે એમાં પણ કચેરીઓ માટે જમીન સંપાદનની પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે. વધુમાં અમદાવાદ, રાજકોટ, ભાવનગર, સુરત, વડોદરા, નડિયાદ, પાલનપુર, જામનગર, ગાંધીનગર, નવસારી, આણંદ અને વસ્ત્રાલ એટલે કે અમદાવાદ પૂર્વની કચેરીઓમાં નાગરિકોને વધુ ઝડપી અને સારી સુવિધા અને સેવા મળી રહે તે પ્રકારની કોમ્પ્યુટરાઇઝ આધારિત સિસ્ટમ ગોઠવવામાં આવેલી છે. ગુજરાતના વિકાસની સાથે સાથે લોકોની અપેક્ષાઓ પણ વધી છે તેમજ જરૂરિયાતો પણ વધી છે. છેલ્લા દસકામાં લોકો દ્વારા વાહનોના વપરાશની સંખ્યામાં પણ ખાસ્સો વધારો થયેલ છે. જેમ કે વર્ષ ૨૦૦૦ની સાલમાં વાહનોની સંખ્યા ૫૨ લાખ હતી તે વધીને અત્યારે ૧૭૦.૯૩ લાખની થયેલ છે.

રાજયમાં ૪ શહેરો ખાતે આંતરરાષ્ટ્રીય કક્ષાના નમૂનેદાર બસસ્ટેન્ડ બનાવવા અંગેના નિર્ણય અનુસાર અમદાવાદ ખાતે ૨, સુરત ખાતે ૧, વડોદરા ખાતે ૨, મહેસાણા ખાતે ૧ તથા મહેસાણા જિલ્લાના વડનગર ખાતે ૧ નવું બસ સ્ટેન્ડ બનાવવાનું, વિકસાવવાનું આયોજન કરેલ છે. જે પૈકી વડોદરા ખાતે બે

બસ ટર્મીનલ તા. ૧૪–૨–૨૦૧૪ થી કાર્યરત કરવામાં આવેલ છે. અને અન્ય નવા પાંચ ટર્મીનલની કામગીરી પ્રગતિ હેઠળ છે. એસ.ટી.ના હુલામણા નામે લોકમાનસમાં વસેલ જી.એસ.આર.ટી.સી. રાજય ભરમાં દૈનિક ૨૩ લાખ પેસેન્જરોને પરિવહનની સેવા પૂરી પાડે છે. એસ.ટી. નિગમ પોતાની સેવાઓ એક નફાના સાધન તરીકે નહીં પરંતુ સામાજિક જવાબદારીના ભાગ રૂપે અદા કરે છે. વિદ્યાર્થીઓ, વિકલાંગો, અંધજનો તેમજ સ્વાતંત્ર્ય સેનાનીઓ તેમજ પત્રકારો વગેરેને રાહત દરે પરિવહન સેવા પૂરી પાડી રાજયના સામાજિક, આર્થિક તેમજ શૈક્ષણિક વિકાસમાં મહત્વનું યોગદાન આપે છે. એસ.ટી.માં જે બાળકો આવતા હતા તે બાળકોની ટીકીટ લેવાની વય મર્યાદા ૩ વર્ષ સુધીની ફ્રી હતી તે વય મર્યાદા પાંચ વર્ષની કરવામાં આવી છે. તેમજ આદિજાતિ વિસ્તારોમાં ૩૦૩ નવી મીની બસોનું સંચાલન મૂકવામાં આવ્યું છે. અગાઉ મુસાફર જનતાને એડવાન્સ ટીકીટ મેળવવા માટે જે તે બસ સ્ટેશન પર જવું પડતું હતું. જયારે હાલમાં નિગમ દ્વારા મુસાફર જનતાને ગમે ત્યાંથી ગમે ત્યાં પ્રવાસે જવા માટે એસ.ટી. ના કોઇ પણ બસ સ્ટેશનથી ઈન્ટરનેટ પર ઘર બેઠા એડવાન્સ ટીકીટ મળી રહે તે માટે ઓન લાઇન ઇ–ટીકીટીંગ તથા મોબાઇલ દ્વારા બૂકીંગ વ્યવસ્થા ઉભી કરવામાં આવેલ છે. માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેને મારું સમર્થન આપું છું.

અધ્યક્ષશ્રી : માનનીય નાનુભાઇ, જયારે સભ્યશ્રી બોલતા હોય ત્યારે વચ્ચેથી નહીં નીકળવાનું.

શ્રી જનકભાઇ મ. કાછડીયા(કરંજ) : માનનીય અધ્યક્ષશ્રી, ભારત દેશની નારી શકિતનું ગૌરવ એવા આનંદી બહેનપટેલ મુખ્યમંત્રી બન્યા પછીના આ પહેલા સત્રમાં હું બોલવા ઉભો થયો છું ત્યારે બહેન શ્રી આનંદી બહેન અને નાણા મંત્રી સૌરભ ભાઇને ખૂબ ખૂબ અભિનંદન પઠવું છું. મહેસુલ મંત્રી દ્વારા આગામી બજેટમાં સન ૨૦૧૪–૧૫ ના વર્ષના અનુદાનો માટેની માગણી, કુદરતી આફતો અંગે રાહત, માગણી ક્રમાંક–૭૯ માટે મારું અનુમોદન આપવા તેમજ મારી વાત આ પરમ પવિત્ર ગૃહ સમક્ષ મૂકવા આપશ્રીની રજા લઉં છું અને વિરોધપક્ષના મિત્રોને કાપદરખાસ્તો પાછી ખેંચી સહકાર આપવાની વિનંતી કરું છું.

હમણાં વિરોધપક્ષના મારા સાથી મિત્ર •(xxxxxx) (અંતરાય) દેર સે આયે...દુરસ્ત આયે...

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપ કોઇની ટીકાત્મક વાત ન કરો.

શ્રી જનકભાઇ મ. કાછડીયા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત દેશના નકશામાં ભૌગોલિક દ્રષ્ટિએ પશ્ચિમ કાંઠે આગવું સ્થાન ધરાવે છે. ૧૬૦૦ કિલોમીટર લાંબો દરિયા કિનારો છે. રાજયમાં અવારનવાર કુદરતી આપત્તિઓ જેવી કે, ભારે વરસાદ, પૂર, વાવાઝોડું, ભૂકંપ અને અનાવૃષ્ટિ આવે છે, અને તેના કારણે રાજયને સહન કરવું પડે છે. પરંતુ ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વમાં ચાલતી ગુજરાત સરકારે આપત્તિ વ્યવસ્થાપનના ક્ષેત્રે તેમજ આપત્તિગ્રસ્તોના બચાવ અને તેમને તત્કાલ રાહત પૂરી પાડવામાં દાખલારૂપ કામગીરી કરી છે.

આદરણીય અધ્યક્ષશ્રી, ભારત દેશ આઝાદ થયાં પહેલાં અને પછી ગુજરાતની જનતાએ અનેક કુદરતી આફતો જેવી કે દુષ્કાળ, ભૂકંપ અને પૂરનો સામનો કર્યો છે. ભૂતકાળમાં ગુજરાતનો ખેડૂત પ્રારબ્ધવાદી હતો અને વરસાદ ઉપર આધાર રાખીને ખેતી કરતો હતો. હવે ગુજરાતનો ખેડૂત ફકત પ્રારબ્ધ ઉપર આધાર રાખ્યા વગર આધુનિક ખેતી કરતો થયો છે. ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વવાળી સરકારના પૂર્વ મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાનના નેતૃત્વવાળી સરકારની આગવી સૂઝ અને ખેતીવાડીનું આધુનિકરણ કરીને ટપક સિંચાઇ પદ્ધતિનો ઉપયોગ કરીને પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરીને જળ વ્યવસ્થાપન અને દેશમાં પ્રથમ વોટર ગ્રીડનું આયોજન કરીને દુષ્કાળ માટે આગોતરા પગલાં ભર્યાં છે. કુદરતી આફતો તો ગમે ત્યારે આવી શકે માટે તેનો સામનો કરવા માટે ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વ હેઠળ ચાલતી ગુજરાત સરકારે હંમેશા ખૂબજ આગોતરું આયોજન કર્યું છે. કુદરતી આફતો જેવી કે ભૂકંપ, પૂર કે વાવાઝોડાની તારાજી વખતે જનજીવન અસ્તવ્યસ્ત થઇ જતું હોય છે અને ભયંકર તારાજી સર્જાતી હોય છે. આ સંદર્ભમાં અસરગ્રસ્ત વિસ્તારોમાં પુનર્વસન અને પુનઃનિર્માણની કામગીરી સમય

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

મર્યાદામાં હાથ ધરાય અને સરકારના વિવિધ વિભાગો તેમજ અમલીકરણ એજન્સીઓ વચ્ચે એકસૂત્રતા રહે તે આશયથી કાયમી ધોરણે સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના ઠરાવથી સોસાયટી રજિસ્ટ્રેશન એક્ટ, ૧૮૬૦ અને બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ, ૧૯૫૦ અન્વયે ગુજરાત રાજ્ય આપત્તિ સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્રાધિકરણ એટલે કે ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (એએસડીએમએ)ની રચના કરવામાં આવેલી. ત્યારબાદ રાજ્ય સરકારે '' ગુજરાત આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ, ૨૦૦૩'' પસાર કરતા સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૧–૮–૨૦૦૩ના ઠરાવથી '' ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તા મંડળ'' ની તા. ૧–૯–૨૦૦૩થી ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ અન્વયે રચના કરવામાં આવી છે. આ સત્તા મંડળના જે ઉદ્દેશો છે એમાં આપત્તિ વ્યવસ્થાની સંગઠિત અને સંકલિત યોજનાને ઉત્તેજન આપવું, આપત્તિ પછીના પુનઃનિર્માણ, પુનઃવસન, મૂલ્યાંકન અને આકારણી માટે કેન્દ્રીય આયોજન કરીને રાહતનો અમલ કરાવવો. રાહત માટેની તાકીદની નીતિ ઘડવામાં રાજ્ય સરકારને મદદરૂપ થવું, અને બચાવ કામગીરીઓ માટે સાધનો અને કર્મચારીઓની તાલીમ પણ આમાં સામેલ છે.

વર્ષ, ૨૦૦૧માં જયારે દેશ પ્રજાસત્તાક દિનની રંગેચંગે ઉજવણી કરી રહ્યો હતો, બરાબર તેજ સમયે ગુજરાતે એક મહા વિનાશક ભૂકંપનો અનુભવ કર્યો. આ મહા વિનાશક ભૂકંપના પગલે દેશભરના સંચાર માધ્યમો અને અન્ય લોકોએ ગુજરાત અને તેના કચ્છ પ્રદેશને લખી વાળ્યો હતો. મહા વિનાશક ભૂકંપનો સામનો કરી શકે તેવી ગુજરાત પાસે કોઇ ક્ષમતા કે સજ્જતા નથી તેવું દશે દિશામાંથી ગાઇ વગાડીને કહેવાયું, પરંતુ ભૂકંપમાંથી પાછા બેઠા થવાની ગુજરાતની ક્ષમતા અને સામે આંગળીઓ ઉઠવા માંડી પરંતુ તત્કાલિન મુખ્ય મંત્રીશ્રી અને હાલના વડાપ્રધાન નરકેસરી નરેન્દ્રભાઇ મોદીના વિચક્ષણ, કુશળ અને કુશાગ્ર નેતૃત્વે આ બધાને સરાસર ખોટા પુરવાર કર્યા. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતે વર્ષ ૨૦૦૧ના ભૂકંપ પછી ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તા મંડળની રચના કરી. ગુજરાત આ મહાભયાનક આફતમાંથી પુનઃ બેઠું થયું. અહીં વિરોધપક્ષના ખૂબ સિનિયર નેતા આદરણીય શક્તિસિંહ ગોહિલ સાહેબ બોલ્યા હતા કે ' ભૂખ્યા જનોનો જઠરાગ્નિ જાગશે ત્યારે સ્મશાનમાં ભસ્મકણી ન લાધશે.' પરંતુ તેઓ ખૂબ જલ્દી ભૂલી ગયા કે આ જઠરાગ્નિ તો તા. ૧૬–૫–૨૦૧૪ના રોજ જાગી ગયો છે અને હિંદુસ્તાનની જનતાએ •(xxxxxx) અને નર કેસરી નરેન્દ્રભાઇ મોદીને આ દેશના વડાપ્રધાન બનાવ્યા છે. ગુજરાતની જનતા ભૂતકાળમાં જે દુષ્કાળો થયા હતા તેમાં જે રફાળેશ્વર..

## પોઇન્ટ ઓફ ઓર્ડર
## શબ્દો રેકર્ડમાંથી દૂર કરવા અંગે

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. લોકશાહીમાં ચૂંટાયેલા સભ્યો, પાર્ટીની હાર–જીત, થતી હોય છે. ભાજપના બે જ સભ્યો દિલ્હીમાં ચૂંટાયા હતા. આવો અહંકાર અમે નથી કર્યો. આ પ્રવચન (અંતરાય)

અધ્યક્ષશ્રી : એ સવાલ નથી બોલવાનો. તમારો પોઇન્ટ ઓફ ઓર્ડર કહો. (અંતરાય) પ્લીઝ..અહીં વાત કરવી, ડાયરેકટ વાત કરવી..

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : ડાયરેકટ વાત એટલી જ છે કે કોઇ હાર્યા એ લોકસભામાં (xxxxxx)
(આ તબક્કે માનનીય સભ્યશ્રી પિયુષભાઇ દેસાઇ ઉભા થઇને બોલવા જતાં)

અધ્યક્ષશ્રી : એક મિનિટ. બેસો તમે. તમને બોલવાનું કહ્યું છે? મેં બોલવાની છૂટ આપી છે પછી તમારે ઉભા નહીં થવાનું. ડિસીપ્લીન મેન્ટેઇન કરો, પ્લીઝ.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : આપણી સંસદીય પ્રણાલિકાઓની સાથે અસંસદીય શબ્દોના પ્રયોગો અપાયા છે. આપ જોશો, સંસદમાં રહેલો કોઇ હારે કે જીતે એમને આપણે આ ગૃહમાં એવું ન કહી શકીએ કે (xxxxxx) આ શબ્દો છે એ રેકર્ડમાંથી દૂર થવા જોઇએ.

અધ્યક્ષશ્રી : આ હાઉસના તમામ સભ્યોને કહું કે અહીં જે કંઇ બોલો તે પાર્લામેન્ટરી શબ્દો કોને કહેવાય, બિન પાર્લામેન્ટરી શબ્દો કોને કહેવાય. અમે અમારી જાતે તમામ બિન પાર્લામેન્ટરી શબ્દો છે રેકર્ડમાંથી રોજ જોઇને કાઢી નાખીએ છીએ. આ શબ્દો તમે બોલ્યા હશો, તે રેકર્ડ જોઇને આ શબ્દો કાઢી નાખીશું.. જનકભાઇ, અડધી જ મિનિટમાં પૂરું કરો.

શ્રી જનકભાઇ મ. કાછડીયા : માનનીય અધ્યક્ષશ્રી, મેં કોઇ રાજકીય પાર્ટીનું નામ નથી લીધું. (xxxxxx) વાત કરી છે.

અધ્યક્ષશ્રી : નહીં નહીં, તમે એ રીતે કવિતા ગાવ ને એ કવિતામાં બધું ઉમેરી દેવાય, એમાં કંઇ ઓરીજીનલ હોય નહીં.

શ્રી જનકભાઇ મ. કાછડીયા : મેં •(xxxxxx) જ વાત કરી છે. ભૂતકાળની સરકારોમાં જે રાહત કેમ્પો થતાં, જે ઢોરવાડાઓ થતાં તેમાં આપ પણ સાક્ષી છો. ૧૯૮૭-૮૮નો દુષ્કાળ. ત્યારે (xxxxxx) સમગ્ર ગુજરાતની જનતા ક્યારે પણ ભૂલી શકશે નહીં.

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે.

શ્રી રમેશભાઇ મ. ચાવડા (કડી) : માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રીની માગણીઓ ઉપર હું મારા વિચારો રજૂ કરવા માગું છું.

આપણાં રાજયની ૬ કરોડ ૧૪ લાખની વસતિમાંથી ૨ કરોડ ૩૫ લાખની વસતિ શહેરમાં રહે છે. ૪૩ ટકા પ્રમાણે. રાજયમાં શહેરની અંદર વસવાટ કરતી વસતિમાં ૪૫ લાખ જેટલી ગરીબ વસતિ છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના શહેરી વિસ્તારમાં જુદા જુદા ફ્લેગશીપ પ્રોગ્રામ, એસ.જે., એસ.આર.વાય. દ્વારા ગરીબ સમૃદ્ધિ શહેરી વિકાસ જેવી યોજના તથા ઝૂંપડપટ્ટી પુનઃવસન યોજનાની જાહેરાત કરવામાં આવેલ છે. ૨૦૦૫ના વર્ષમાં રાજયમાં ૪૩ લાખ શહેરી ગરીબો જે આજે વધીને ૪૫ લાખની સંખ્યા થઇ છે. આશરે બે લાખનો આ સંખ્યામાં વધારો થયો છે. આ આપણાં ગુજરાતનો વિકાસ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું શહેરી આવાસો માટે કહેવા માગું છું કે ગુજરાતમાં હાઉસીંગ બોર્ડ, સ્લમ કલીયરન્સ બોર્ડ બંધ હાલતમાં હતા. તે ઇલેકશનના સમયમાં ચાલુ કરવા જેવો દેખાવ કર્યો અને મધ્યમ વર્ગના ગરીબો પાસેથી મોટી રકમ ફોર્મ ફી લઇને ડિપોઝીટ તરીકે લીધી અને સરવાળે કોમ્પ્યુટરમાં ગોટાળા થવાને કારણે આજે બધું પૂરું થઇ ગયેલ છે. જવાહર નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મીશન હેઠળ અમલીકરણ બાબતની બે યોજના બી.એસ.યુ.પી. અને આઇ. એસ.એચ.ડી.પી. આમાં હાઉસિંગ એન્ડ સ્લમ ડેવલપમેન્ટનું છે. ૧૦૩૮ કરોડ રૂપિયાની ગ્રાન્ટ સામે ૧૪૨૮ કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે અને એમાં સુવિધા માત્ર ૮૨૮૨૦ લોકોને રહેઠાણના મકાનો મળેલા છે. આમ આપણે બીજી રીતે જોઇએ તો આ મકાનો જે છે એ એક મકાન દીઠ ૧૭,૨૪,૦૦૦ રૂપિયાનો ખર્ચ પડે છે. આ ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને જે મકાન સરકારશ્રી તરફથી ફાળવવાના થાય છે એ ૧૭,૨૪,૦૦૦નો ખર્ચ થયો છે. આ જે હું આકડા કહું છું એ સરકારશ્રીની વેબસાઇટ ઉપરથી બોલુ છું. અત્યારે આપણે શૌચાલયોની યોજના ચાલે છે એ ૨૩,૬૬૬ શૌચાલયોના લક્ષ્યાંક સામે ફકત ૭૪૭૦ ટોઇલેટ બાંધ્યા આ ૩૦ ટકાથી પણ ઓછી નિર્મળ ગુજરાતની સિદ્ધિ શહેરી વિભાગે કરી છે. તેમાં વાહ વાહ કરે છે, જેની પાછળ ખર્ચ ૪૪૭ કરોડ થયેલ છે. એક શૌચાલય ૫૯ હજાર રૂપિયામાં પડેલ છે અને ૨૦૦૮ પછીના આંકડા વેબસાઇટ ઉપર મૂકેલા નથી. હું કડી નગરપાલિકાની વાત કરું, કડી નગરપાલિકામાં જે શૌચાલયો બનાવેલા છે એના ગટર સાથે જોડાણ પણ થયેલા નથી. એ જે બનાવેલા છે શૌચાલય એ આજે બંધ પડેલા છે અને બહેનો આજે પણ ખુલ્લામાં જાય છે એવી પરિસ્થિતિ કડી નગરપાલિકાની છે.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

અધ્યક્ષશ્રી :નગરપાલિકાનું અહીં ન બોલવાનું હોય, પ્રિન્સીપલી હોય તો ઠીક છે.

શ્રી રમેશભાઇ મ. ચાવડા : શહેરી વિકાસનું છે. શહેરની વાત કરું છું. કડીમાં જયારે રાજા લોકોનો અને ગાયકવાડનું શાસન હતું ત્યારથી કડીમાં કસાઇ લોકોનો વ્યવસાય ચાલતો અને કસાઇનું કતલખાનું હતું. કલેકટર તરફથી કે નગરપાલિકા તરફથી આ લોકોને દુકાન માટેનું લાઇસન્સ આપવામાં આવતું નથી અને વારંવાર આમના દુકાનને સીલ કરવામાં આવે છે.

ડો. અનિલ જોષીયારા(ભિલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. મહેસૂલ વિભાગ એટલે આ જમીનો સાથે જોડાયેલો વિભાગ. આ કાયદાઓ જે છેક અંગ્રેજો વખતે એન્ડરસન મેન્યુઅલ પ્રમાણે જે બનાવવામાં આવેલા એ તે વખતના નમૂના નંબર–૧ થી ૧૮ સુધીના આજે પણ એના એ જ છે એમાં આપણે કોઇ વધારે સુધારો નથી કરી શકયા, એ વખતે જે ચોકસાઇ હતી અને જે જમીનોની માપણી કરવામાં આવેલી તે પરફેકટ જે તે વખતના જે અધિકારીઓ હશે એ અધિકારીઓએ ઝાડી, જંગલ બધું હશે અને ટાંચા સાધનો હશે તેમ છતાં પણ સાંકળોથી પરફેકટ માપણી કરી કે જેથી એ રેકોર્ડ આજે પણ નમૂના નંબર–૬માં ઉપલબ્ધ છે પરંતુ પરિસ્થિતિ બદલાતી ગઇ અને પહેલા જે ટોડરમલ વખતે જે માપણી થઇ શંકુ માપણી અને તે વખતે સાંકળોથી માપણી થતી પણ પદ્ધતિ વર્ષો વર્ષ બદલાતી ગઇ આપણે પ્રિન્ટેબલ માપણી અને દુરબીનથી માપણી અને હવે ડીઝીટલ માપણી આવી છે. જે પહેલા માપણી થતી હતી સાંકળોથી અને અત્યારે જે ડીઝીટલ માપણી થાય છે, અત્યારે માપણી મીટરથી થાય છે અને તે વખતે સાંકળ માપણી થતી અત્યારે એમાં જે મીટરનું કન્વર્ઝન કરવામાં આવે છે. એમાં ઘણો ફેર થાય છે. પાંચ ટકા સુધીનું કન્વર્ઝન સરકારે સ્વીકાર્યુ છે પરંતુ ઘણી જગ્યાએ આ પાંચ ટકા કરતા કન્વર્ઝન વધારે આવે છે અને જમીનની માપણી વધે છે અને બીજી બાબત એ છે કે અત્યારે જે માણસો ડીઝીટલ સર્વે કરે છે એમાં જે સરકારનો કોઇ અધિકારી એમાં હોતો નથી. સરકારે એમાં કોઇ સર્વેયરો મૂકયા નથી અને એન.જી.ઓ. દ્વારા સર્વે કરવામાં આવે છે એનાથી કોઇ વ્યવસ્થિત માપણી થતી નથી. એનું માર્કીંગ મૂકવામાં આવતા નથી. પહેલાના સમયમાં જે માર્કીંગ મૂકાતા હતા એ આજે પણ હયાત છે.આજે કોઇ લેન્ડમાર્ક મૂકતું નથી. એના લીધે ભવિષ્યમાં એટલા બધા ઝઘડા થવાના અને સૌથી મોટી મુશ્કેલી છે એ રેવન્યુ ડિપાર્ટમેન્ટને થવાની છે. કારણ કે જમીનની માપણી માટે અને જમીનના હક્ક માટે દરેક ખેડૂત ખૂબ જ ચિંતિત હોય છે. પહેલાના વખતમાં જ્યારે ગામડામાં તલાટી, મામલતદાર કે ડેપ્યુટી કલેક્ટર જતા ત્યારે એનું રેકર્ડ છે એ રેકર્ડ નવા સાથે ફરી પાછી ખરાઇ કરતાં અને મૂળ જમીનનો પ્લોટ છે, મૂળ જમીનનો બ્લોક ચેક કરતાં. નવી સાથે ચેક કરતાં એનાથી દુરસ્તી થતી. આજે એ પદ્ધતિ બંધ કરી દેવામાં આવી છે. મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે અત્યારે નવી માપણી કરવા જઇ રહ્યા છે ત્યારે જૂનું ક્ષેત્રફળ છે એની સાથે સરખાવે. અત્યારે સરખાવતા નથી એટલે ખબર પડતી નથી કે આ ક્ષેત્રફળ કોનું કેટલું છે. આ નહીં કરો ત્યાં સુધી ચોક્કસ માહિતી આપણી પાસે આવશે નહીં. ખાસ તો માપણી કરવાનો અર્થ એ છે કે જૂનું રેકર્ડ અદ્યતન કરવું. અદ્યતન ત્યારે જ થશે કે આ બધું કરશો.

બીજી મુશ્કેલી એ છે કે પહેલાની જમીન હતી એ વડિલોપાર્જિત હતી. એ વખતે સરવે નંબર એક હોય. હવે ભાઇઓમાં ભાગ પડ્યા ત્યારે પૈકી નંબર આપવામાં આવે છે. આ પૈકી નંબર ઉપર ઉર્જા વિભાગ કનેકશન આપતું નથી. મારી આપને વિનંતી છે કે ખરેખર કબજો જે તે ખેડૂતનો હોય અને ભઇઆ હોય તો એના કબજા પ્રમાણે માપણી કરીને નવો સરવે નંબર આપો તો ઘણા પ્રશ્નો હલ થશે. નવા જિલ્લા અને તાલુકા થયા એ બહુ સારું થયું. એમાંથી ઘણા ફાયદાઓ થશે પણ મારા ભિલોડા તાલુકામાં એવા બે–ત્રણ ગામો છે જે શિડ્યુલ વિસ્તારમાં આવે છે. શિડ્યુલ વિસ્તારના ગામોને નોન શિડ્યુલ વિસ્તારમાં મૂકવા માટે કાયદાકીય પ્રોવિજન એવું છે કે રાષ્ટ્રપતિ સિવાય કોઇ કરી શકતું નથી. આમ છતાં અમારા વિસ્તારમાં અમુક ગામોને નોન શિડ્યુલ વિસ્તારમાં મૂક્યા છે. ખરેખર કાયદામાં એવી જોગવાઇ ન હોઇ, આ બાબતે વિચારણા કરવી જોઇએ.

બીજી વાત એ છે કે અમારા સાબરકાંઠા અરવલ્લી જિલ્લામાં મેશ્વો અને હાથીમતિ નદીમાં લોકો વિસ્તાપિત થયા છે એમને જે તે વખતે જમીન આપી દીધી છે પણ એમનું રેકર્ડ અદ્યતન થયું નથી એના કારણે એમને સનદ મળતી નથી તો રેકર્ડ ચેક કરવામાં આવે. બીજું, અમારા અધિકારી કે કર્મચારી શહેરોમાં

રહે છે અને એ લોકોની જમીન મળી છે એમાં ૭૩ એએ લાગે છે. એટલા માટે ન લગાડવી જોઇએ કે એ વડિલોપાર્જિત જમીનમાં લાગે. શહેરોમાં એ બદલી થઇ જવાનું થાય તો એ ૭૩ એએ લગાવવાના કારણે વેચી શકતા નથી. આવી જમીનમાં સરકાર વિચારણા કરે એવી વિનંતી છે. શહેરોમાં જે નાના ગણોતિયા ખેડૂતો છે એમનાથી કાયદાકીય અજ્ઞાનતાના કારણે શરતભંગ થયા છે એવી જમીનો શ્રીસરકાર થઇ જાય છે. આજે પણ કબજો એમની પાસે છે તો એ જમીન ખેડૂતોને પરત આપવી જોઇએ અને એમની આવકનું સાધન પણ એ જ છે ત્યારે આ બાબતે ગંભીરતાથી વિચાર કરવો જોઇએ એટલી મારી વાત છે.

ડો. નિર્મલાબેન સુ. વાધવાણી(નરોડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, શહેરી વિકાસ માટે જે માગણી નં. ૧૦૨ લઇને આવ્યા છે એને હું મારો ટેકો આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના શહેરો છે હરિયાળા, ગુજરાતના શહેરો છે સુંદર, ગુજરાતના શહેરો છે નિર્મળ, ગુજરાતના શહેરો છે પ્રજાલક્ષી. આવા વિકાસથી ધબકતા શહેરો ગુજરાતની આન, બાન અને શાન છે. રાજ્યના શહેરોમાં વિશાળ, મલાઇ અને માખણ જેવા રસ્તા, પીવાનું શુદ્ધ પાણી, ભૂગર્ભ ગટર વ્યવસ્થા, જાહેર પરિવહન, ઓક્સિજન પાર્ક, ફ્લાયઓવર, રેલવે ઓવરબ્રીજ અને રેલવે અન્ડરબ્રીજ વગેરે માળખાકીય સુવિધાના જે કામો થયા છે તેની નોંધ રાજ્યની પ્રજાએ લીધી છે અને સરકારને એક નહીં, બે નહીં પરંતુ સળંગ ત્રણ ત્રણ વાર શાસન કરવાની તક આપી છે. ગુજરાતના વિરોધીઓને હળહળતો જવાબ આપ્યો છે. વિકાસની આ હેટ્રીક સરકારને પ્રજા પ્રત્યે વધુ જવાબદાર બનાવે છે. ઇંગ્લિશમાં સિકવન્ટ કહેવાય છે. મરાઠીમાં ચકની કહેવાય છે, ગુજરાતીમાં ત્રાંસી આંખ, સિંધીમાં ભેંગી અને લોકલમાં કહીં પે નિગાંહે કહીં પે નિશાના. તેવી આંખની તકલીફના કારણે બધું સરખું દેખાતું નથી અને જે ૫૦ વર્ષમાં નથી થયું અને ૫૦ દિવસમાં થયું છે. એ નર્મદા યોજનાના ગેટની વાત હોય, મેટ્રો ટ્રેઇનની વાત હોય, સ્ટેચ્યુ ઓફ યુનિટીની વાત હોય, બુલેટ ટ્રેઇનની વાત હોય કે ખેડૂતના પાક વીમાની વાત હોય – યે તો અભી ટ્રેલર હૈ, પીકચર અભી બાકી હૈ મેંરે દોસ્ત!

ગુજરાત ભારતમાં સૌથી વધારે વિકાસ પામેલા રાજ્ય પૈકીનું એક છે. ૨૦૧૧ની વસ્તી ગણતરીના પ્રોવિઝનલ આંકડા મુજબ ગુજરાતમાં ૪૨.૫૮% વસ્તી શહેરી વિસ્તારોમાં રહે છે. વધતું જતું શહેરીકરણ ૨૧મી સદીની એક નરી વાસ્તવિકતા છે. ગુજરાતભરમાં લોકો શહેરો તરફ આકર્ષાય રહ્યાં છે. આમ જ્યારે શહેરો આર્થિક વિકાસનું એન્જિન છે ત્યારે ગુજરાત પણ શહેરીકરણથી ઉદભવી રહેલી સમસ્યાઓના સચોટ નિરાકરણ માટે શહેરોમાં અનેક સુવિધાઓ નાગરિકોને ઉપલબ્ધ કરાવવા કટિબદ્ધ છે. રાજ્ય સરકારે શહેરી નાગરિકોની સુવિધા ગુણવત્તાયુક્ત બનાવવા માટે વિવિધ યોજનાઓ અમલમાં મૂકેલ છે. સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના એનો બીજો તબક્કો વર્ષ ૨૦૧૨–૧૩ માટે પાંચ વર્ષના ગાળા માટે ૧૫૦૦૦ કરોડનું આયોજન કરેલ છે. ૨૦૧૫ સુધીમાં બધી નગરપાલિકાઓમાં પાણી પુરવઠાની યોજના અને ૨૦૧૮ સુધીમાં ભૂગર્ભ ગટર યોજનાની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે એ એક ઐતિહાસિક સિદ્ધિ રહેશે.

માનનીય અધ્યક્ષશ્રી, ટી.પી. સ્કીમમાં જાહેર જનતાને રસ્તાઓ, બાગ–બગીચાઓ, શાળા અને રમતગમતના મેદાન તથા આર્થિક અને સામાજિક રીતે પછાત વર્ગના લોકો માટે આવાસો પ્રાપ્ત થાય તેવું આયોજન કરવામાં આવ્યું છે અને રાજ્યમાં જાહેર સલામતિ માટે ફાયર એક્ટ તૈયાર કરવામાં આવ્યો છે અને જાહેર જનતાને ઘરે બેઠા ટ્રાન્સપેરન્સી સાથે માહિતી મળી શકે તે માટે તા.૨૬–૨–૨૦૧૪ નાં રોજ બે પોર્ટલ કાર્યાન્વિત કરવામાં આવેલ છે. રાજ્યમાં આશરે ૨૦ નાના તથા મોટા શહેરોના વિકાસની યોજના તૈયાર કરવાની છે. અમદાવાદ શહેરમાંથી પસાર થતી સાબરમતી નદી જે સૂકી હતી ત્યાં લોકો ડ્રાઇવિંગ શિખવા અને ક્રિકેટ રમવા જતા હતાં. અત્યારે એના વિશાળ કાંઠા પર પર્યાવરણને અનુકૂળ તથા સામાજિક અને શહેરી ઉત્થાનને ધ્યાને રાખીને વિકસાવવામાં આવેલ ઇન્ટર નેશનલ લેવલનો સાબરમતિ રિવર ફ્રન્ટ પ્રોજેકટને

Prime Minister's National Award for best concept અને ડિઝાઇનથી બિરદાવવામાં આવેલ છે. આદરણીય તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની દૂરંદર્શીતાના લીધે ૬૬૨ હેકટરમાં ગ્લોબલ હબ તરીકે ગીફ્ટનો પ્રોજેકટ તૈયાર કરવામાં આવેલ છે તેમાં ૧૦ લાખ યુવાધનને રોજગારીની સ્વર્ણિમ તક ઉપલબ્ધ કરાવવામાં આવશે. જાહેર પરિવહનની સુવિધા પૂરી પાડવા માટે અમદાવાદ, રાજકોટ અને સુરત જેવા શહેરોમાં બી.આર.ટી.એસ. પ્રોજેકટની નોંધ આખા વિશ્વમાં લેવાઇ છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદનું કાંકરિયા જે પહેલા ગુજરાતના suicidal પોઇન્ટ તરીકે ઓળખાતું હતું, લોકો suicide કરવા માટે જતા હતા.

શ્રી અરવિંદભાઇ કે. લાડાણી(કેશોદ) : માનનીય અધ્યક્ષશ્રી, વાહન વ્યવહાર મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ માગણી ક્રમાંક : ૭૪ નંબરથી વાહન વ્યવહાર વિભાગ, મહેસૂલ અને મૂડીની જે માગણીઓ લઇને આવ્યાં છે એના ઉપર મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા ગુજરાત રાજ્યની અંદર આ ગુજરાતની જનતાને હાઇટેક યુગની અંદર અનેક જગ્યાએ મુસાફરી કરવાની થતી હોય તેને ઝડપી, આરામદાયક અને સલામતિવાળી સુવિધાબદ્ધ મુસાફરી કરી શકે તે માટે આ સરકારે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ એક સરાહનીય કામગીરી કરી, આ ગુજરાત રાજ્યનું વાહન વ્યવહારખાતું ફરજ બજાવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિભાગ દ્વારા ગુજરાતને ૧૬ ઝોનમાં વહેંચીને ગુજરાત રાજ્યની અંદર ૧૨૫ જેટલા ડેપો સુવિધાબદ્ધ બનાવી. ૭,૯૧૪ વાહનોની સુવિધા પૂરી પાડી, ૩૯,૯૭૨ જેટલા કર્મયોગીઓ આમાં સેવા આપી રહ્યા છે. આ માળખાકીય આયોજન દ્વારા ૧૪,૪૮૪ જેટલા રૂટો ચલાવી અને ૪૪,૪૦૦ જેટલી ટ્રિપો આયોજનબદ્ધ રીતે ચલાવવામાં આવે છે. આ ગુજરાત સરકારના નિગમ દ્વારા દરરોજ ૨૮ લાખ જેટલા કિલો મિટરથી ૨૩ લાખ મુસાફરોને ઝડપી, આરામદાયક અને સુવિધાઓથી લોકોને પોતાની ધારી જગ્યાએ સલામત પહોંચાડવામાં આવે છે અને લોકો તેનાથી ખુશ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ નિગમ દ્વારા ગુજરાતના કુલ ૧૮,૬૧૮ ગામડાઓમાંથી ૧૮,૧૮૬ ગામડાઓને આ સેવાઓથી જોડવામાં આવ્યા છે અને લોકો તેનો લાભ લઇ સંતોષ અનુભવે છે. ગુજરાતમાં વિકાસની સાથે સાથે લોકોની અપેક્ષાઓ તેમજ જરૂરિયાતો પણ વધેલી છે. જેની સાથે છેલ્લા દસકામાં ગુજરાતના લોકો દ્વારા વપરાતા ખાનગી વાહનોની સંખ્યામાં પણ નોંધપાત્ર વધારો થયેલ છે. ૨૦૦૦ની સાલમાં ગુજરાતમાં વાહનોની સંખ્યા ૫૨ લાખ હતી, જે આજે ૨૦૧૩-૧૪માં ૧,૭૦,૯૩,૦૦૦ થયેલ છે. આ રાજ્યના ખાતે છેલ્લા ત્રણ વર્ષમાં એટલે કે, વર્ષ ૨૦૧૧-૧૨માં ૧૪.૨૪ લાખ, વર્ષ ૨૦૧૨-૧૩માં ૧૩.૬૨ લાખ અને વર્ષ ૨૦૧૩-૧૪માં ૧૩.૨૮ લાખ નવા વાહનો નોંધાયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ જાહેર જનતાએ પોતે ખરીદેલા નવા વાહનોની નોંધણી કરાવવા માટે આર.ટી.ઓ. કચેરીમાં જવું પડતું હતું પરંતુ હવે વાહનોની ચકાસણીનો રિપોર્ટ ડિલરો દ્વારા ઓન લાઇન આર.ટી.ઓ. કચેરીમાં મોકલી આપવાથી વાહનોની નોંધણી કરવામાં આવે છે જેથી લોકોનો સમય બચે છે અને પારદર્શકતા પૂર્વક વહીવટ થાય છે. (સમયસૂચક ઘંટડી ) અગાઉ વાહનોની રજીસ્ટ્રેશન બૂક આપવામાં આવતી હતી જ્યારે આજે સ્માર્ટ કાર્ડ આપવામાં આવે છે જેનાથી ભૂલો થતી નથી અને રેકર્ડની સાચવણી પણ સરળ બની છે.

માનનીય અધ્યક્ષશ્રી, જુના રેકર્ડોનું પણ ડિઝીટાઇઝેશન કરવાની કામગીરી પણ વિભાગ દ્વારા થઇ રહી છે. આ સરકારે પ્રવાસી જનતાને સમયસર અને વધુ આરામદાયક મુસાફરીની સુવિધા મળી રહે તે હેતુથી "વધુ બસ, સારી બસ"ના સંકલ્પ હેઠળ છેલ્લા નવ વર્ષોમાં નવી બસોની ખરીદી માટે રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૦૫-૦૬થી અત્યાર સુધી લોન સહાય હેઠળ ફાળવણી ૧૯૦૯ કરોડ રૂપિયાની, ૧૨,૨૫૩ નવી બસો ખરીદવામાં આવેલ છે. આ નવી બસો સંચાલનમાં મૂકતાં એસ.ટી. નિગમ ફ્લીટમાં અગાઉ વર્ષ ૨૦૦૫-૦૬માં ૮૦ ટકાની ઓવર એઇજ બસથી સંચાલન કરાતું હતું અને હવે ફક્ત બે ટકા જ ઓવર એઇજ

બસ વાપરવમાં આવે છે. વર્ષ ૨૦૧૪-૧૫ના બજેટમાં આ વિભાગને સારામાં સારી, સુવિધાબદ્ધ બનાવી શકાય તે માટે ૫,૬૩૮ કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું છે. વાહન વ્યવહાર મંત્રીશ્રી જે માગણીઓ લઇ આવ્યા છે એને હું મારું અનુમોદન આપું છું અને માગણીઓને હું સ્વીકારું છું.

શ્રી કિશોર શિ. કાનાણી(વરાછા રોડ) : માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ મંત્રીશ્રી માગણી નંબર ૧૦૨ લઇને જે આવ્યા છે એને મારું સમર્થન છે અને સમર્થન માટેના અમુક જે કાંઇ મારી પાસે બે-ચાર કારણો છે એ આપ સમક્ષ રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના સર્વાંગી વિકાસનું એક જો અંગ હોય તો એ શહેરો છે અને એમાં પણ શહેરની અંદર વસતા ગરીબ લોકો, એમનો જો વિકાસ થાય તો શહેરનો વિકાસ થાય તે વાતને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે ગંભીરતાપૂર્વક અનેકવિધ ગરીબલક્ષી યોજનાઓ કરી છે. અને આ યોજનાઓ પાર પડે (અંતરાય) તેમના માટે સરકાર ઇમાનદારીપૂર્વક પ્રયત્નો કરી રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, વર્ષો સુધી ઝુંપડપટ્ટીમાં રહેનારા ગરીબ લોકોના મતોથી સરકારો બનાવી અને આ ગરીબ મતદારો વર્ષો સુધી કોંગ્રેસની સાથે રહયા પરંતુ તેમની વેદના, તેમની પીડા આ કોંગ્રેસ સમજી ન શકી. આ ઝુંપડપટ્ટીની અંદર રસ્તા, પાણી, ખદબદતી ગંદકી હોય એની કયારેય ચિંતા ન કરી. ભારતીય જનતા પાર્ટીએ ગરીબ લોકોની વેદના, એમની પીડાની ચિંતા કરી અને તમામ લોકોને સુવિધાવાળું પોતાનું ઘર મળે એટલા માટે મુખ્યમંત્રીશ્રી ગૃહ યોજના અમલમાં મૂકી. આ યોજનાની વિગતો આગળના સભ્યશ્રીઓએ આપી છે એટલે હું આંકડામાં પડવા માગતો નથી પણ આપણે સૌ જાણીએ છીએ કે આ રાજયના અકલ્પનીય વિકાસને કારણે દેશભરમાંથી શહેરોની અંદર લોકો વસવાટ કરવા આવી રહયા છે અને શહેરની વસ્તી એના કારણે ઝડપથી વધી રહી છે અને આ સમસ્યાના પડકારો પણ એની સાથે ઉભા થયા છે. પીવાના પાણીની વાત હોય, રોડ, લાઇટ, આરોગ્ય, ટ્રાફિક જેવી સમસ્યાનો વધારો થતો જાય છે. સરકારનું આવા પડકારોને ઝીલવા માટેનું આગવું આયોજન એટલે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના. આ યોજના નીચે હું ફકત મારા સુરત શહેરની વાત કરવા માગું છું. સુરત શહેરના તાપી નદીના કિનારા ઉપર, તાપીના તટમાં હજારોની સંખ્યામાં ઝુંપડપટ્ટી, હજારો કુટુંબો આ ઝુંપડપટ્ટીમાં રહેતા હતા. પાણી ઉકાઇમાંથી જયારે છોડવામાં આવે ત્યારે બધાનો જીવ અદ્ધર થઇ જાય. સરકારી તંત્ર, મહાનગરપાલિકાનું તંત્ર દોડતું થાય, વાહનોની લાઇન લાગે, ઝુંપડપટ્ટીમાંથી લોકોને સામાન સાથે ફેરવે, સ્કૂલની અંદર એનો વસવાટ કરવામાં આવે, ખાવાની વ્યવસ્થા કરવામાં આવે. કાયમીપણે આનો પ્રશ્ન હલ થાય એટલા માટે ૨૭૦૦૦ મકાનો આવાસ યોજનામાં બનાવી આ તમામને આ એવા ઘરની યોજના લાવ્યા, આ એવા આવાસો બનાવવામાં આવ્યા, જેની અંદર ગટર, રોડ, પાણી, ફાયર સ્ટેશન, હોસ્પિટલ, સ્કૂલો, મંદિર અને મસ્જીદ પણ બનાવી આખી ટાઉનશીપ ઉભી કરવામાં આવી. આવી અનેક યોજનાઓ સરકાર કરવા માગે છે અને એનું આયોજન ઇમાનદારીપૂર્વક આમાં કેવી રીતે આપણે પાર પડીએ એનું સરકાર આયોજન કરી અને એમાં આગળ વધી રહી છે. આપણે ૨૧મી સદીની વાતો કરીએ છીએ પણ ૬૦-૬૫ વર્ષ પછી પણ ગરીબના ઘરમાં શૌચાલય ન હોય એ આપણા સૌને માટે શરમ જેવી બાબત છે. પચાસ વર્ષ સુધી આ ન થઇ શકયું પરંતુ અગાઉની સરકારને શરમ ન આવી પણ ભારતીય જનતા પાર્ટીની સરકારને શરમ આવી અને ભા.જ.પ.ની સરકારે નિર્મલ શહેર કાર્યક્રમ હેઠળ ગરીબ કુટુંબોને શૌચાલય મળે એના માટેની ૮૦૦૦ રૂપિયાની શહેર શૌચાલય માટેની સવલત આપી. આ યોજના હેઠળ ૯૯૬૦૭ વ્યકિતગત શૌચાલયો રૂ. ૬૭,૭૨.૮૧ લાખના ખર્ચે બનાવવામાં આવ્યા.

શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ મંત્રીશ્રી માગણી ક્રમાંક- ૧૦૧ અને ૧૦૨ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું. રાજય સરકાર દ્વારા શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની શહેરી આવાસન માટે રૂ.૯૦૩૩,૫૪,૮૪,૦૦૦ની જોગવાઇ કરવામાં આવી છે. શહેરી વિકાસ માટે રૂ. ૭૫૫૪,૨૦,૧૮,૦૦૦ની જોગવાઇ કરવામાં આવી છે. શહેરી આવાસન માટે મોટી રકમની જોગવાઇ કરવામાં આવી છે. મોટી રકમની જોગવાઇ કરવામાં આવેલ હોવા છતા આવાસન બોર્ડની કામગીરી તદન ખાડે ગઇ છે. શહેરના લોકોને આવાસ ફાળવવવામાં તથા ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને મકાનોની ફાળવણી કરવામાં એટલા મોટા પાયે ભ્રષ્ટાચાર થાય છે. હાઉસિંગ બોર્ડના

મકાનો ફાળવવામાં થયેલ ભ્રષ્ટાચારથી સરકાર અજાણ નથી. રાજ્યની કુલ વસ્તીના લગભગ ૪૨.૫૮ ટકા લોકો શહેરી વિસ્તારમાં રહે છે. શહેરી જનોને સુવિધા, સ્વાસ્થ્ય વગેરે બાબતો સરકારની પ્રાથમિક જવાબદારી છે. આ માટે રાજય સરકાર વિવિધ યોજનાની મોટી મોટી જાહેરાતો કરે છે. પરંતુ લોકોને પાયાની જરૂરિયાતો છે તેવા આવાસો પૂરા પાડવામાં સરકાર બિલકુલ દુર્લક્ષ સેવે છે. શહેરી વિકાસનાં નામે મોટી મોટી યોજનાઓની ફકત જાહેરાતો કરવામાં આવે છે. સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ મહાનગરપાલિકાના ૫.૨૮ કરોડની અંદાજિત કિમતના ૫૧૩૩ કામોને મંજૂર કરવામાં આવ્યાં છે. આ કામો પૈકી કેટલાંક કામો પૂર્ણ થયાં અને કેટલાંક કામો શરૂ કરવાનાં બાકી છે, તેની માહિતી ગૃહને તથા આમ જનતાને આપવામાં આવતી નથી. શહેરી ગરીબોને ઝૂંપડપટી મુક્ત બનાવવા તથા ઓછી આવક ધરાવતા વર્ગના લાભાર્થીઓને વ્યાજબી કિમતે આવાસો પૂરા પાડવામાં ગેરરીતિના કિસ્સાઓ બહાર આવ્યા છે. લાગતા વળગતાને આનો લાભ મળે તેવો મોટો ભ્રષ્ટાચાર કરી રહી છે તેમજ સરકાર આવા ભ્રષ્ટાચારને એક યા બીજી રીતે દબાવી દેવાનો પ્રયત્ન કરી રહી છે.

જૂના આવાસોની યોજનાનો પુનઃ વિકાસ કરવા તથા વધુ કાર્પેટ એરિયા ધરાવતા આવાસોની માલિકીની સંમતિ સાથે નવા મકાનો ફાળવવામાં યોજના અમલીકરણ કરવા વિચારવામાં આવી છે, પરંતુ હાલમાં જે આવાસનાં કામો બાકી છે, ત્યારે પ્રાથમિકતા આપીને પૂર્ણ કર્યા બાદ નવાં કામો કરવામાં આવે. શહેરી વિકાસ અંતર્ગત નગર યોજનાની દરખાસ્ત નગર આયોજન મૂલ્યાંકન ખાતાના ખર્ચે નગરપાલિકામાં, મહાનગરપાલિકાને સહાય અનુદાન વગેરે માટે મોટી જોગવાઇ કરવામાં આવતી હોય છે, છતા નગરપાલિકાઓ પોતાની અણઆવડત, ગેરવહીવટના કારણે વિકાસનાં કામો માટે ફાળવેલાં નાણાનો દૂરઉપયોગ થાય છે. મારા પાલનપુર શહેરમાં ૩૪ વર્ષ પહેલાં ભુગર્ભ ગટર યોજના બનાવવામાં આવી હતી. જે લાઇન ૨૦૦૮ માં ૧૫ મી ઓગષ્ટના રોજ માનનીય મુખ્યમંત્રીશ્રીએ સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી વખતે આવ્યા હતા. આ યોજના ચાલુ કરાવેલ. તે ગટરના ગંદા પાણીના નિકાલ માટે સદરપુર ગામ પાસે સુએજ પ્લાન્ટ બનાવવામાં આવેલ. એક વર્ષ બાદ આ ગટરના પાણીના નિકાલનાં કામ બંધ થઇ ગયેલ છે. પાલનપુરની શોભા સમાન માનસર તળાવમાં આ ગટરના ગંદા પાણી ઠલવાય છે. આ તળાવના બ્યુટિફિકેશન માટે સરકાર લાખો રૂપિયાનો ખર્ચ કરી રહી છે, ત્યાં ગટરનું ગંદુ પાણી આવવાથી આ ખર્ચો એળે ગયેલ છે. ભુગર્ભ ગટર લાઇનનું પહેલા સ્ટેજનું કામ ૮૫ કરોડના ખર્ચે ૧ જૂન, ૨૦૧૪ થી શરૂ થવાનું છે. મારી જાણ મુજબ ભુગર્ભ ગટર પાણીને ટ્રીટમેન્ટ આપી શુદ્ધિકરણ કરવાનું આજદિન સુધી નક્કી થયેલ નથી. આ ગટરના ગંદા પાણીને કઇ બાજુએ લઇ જવું તેવું કોઇ આયોજન કરવામાં આવેલ નથી. સરકારશ્રીના કરોડો રૂપિયાના ખર્ચે થનાર ભુગર્ભ ગટર યોજનાનું નક્કર આયોજન કરી સરકારશ્રી તેનો કઇ રીતે અમલ કરશે. નગરજનોને આ સુવિધાનો લાભ મળશે કે કેમ તે વિચારવા જેવી બાબત છે.

અધ્યક્ષશ્રીનું અવલોકન

સભ્યશ્રીઓના ડિસિપ્લિન અંગે

અધ્યક્ષશ્રી : મારે ડિસિપ્લિનની દ્રષ્ટીએ બે–ત્રણ સૂચના આપવાની છે. એક તો અત્યાર સુધી બધા લખેલું વાંચતા હતા. આ હાઉસમાં લખેલું વાંચવાનું ન હોય. રેફરન્સમાં તમારે કોઇ આંકડા હોય, પેરેગ્રાફ હોય તો એટલું કરી શકો. બાકી મોંઢેથી જ બોલવાનું હોય, નહિતર જીંદગીભર બોલી જ નહિ શકો. કાયમ લખેલું વાંચવાની વાત કરશો, એટલે લખેલું વાંચવાનું નહીં. બીજું આ હાઉસની અંદર અહીંથી અહીં જાય છે ને અહીંથી અહીં જાય છે ને બેસીને વાતો કરે છે. મહેરબાની કરીને આવતીકાલે કોઇપણ સભ્ય પછી તેમાં અહીં એકડેથી માંડીને છેક ત્યાં સુધી કોઇએ પોતાની સીટ બદલાવીને બીજે જવાનું નથી. સીટ ઉપર બેસો ત્યારે વાતચીત કરવાની નથી. તમારે કંઇ વાત કરવી હોય તો ટેબલની અંદર કવર અને કાગળ મૂક્યા છે. કાગળ લખીને પટાવાળાને આપીને જે તે પૂછાવવું હોય તે પૂછાવી લેજો. મિનિસ્ટર બેઠા હોય અને સભ્યો નવરા થાય એટલે બેસી જાય. બેઠા પછી સભ્ય જે બોલતા હોય એ તો સાંભળવાનું જ નહીં. સીધેસીધી વાતચીત કરવાની. આ કોઇ રીતે યોગ્ય નથી. એટલું બરાબર બધા આ બે સૂચના ઉપર ખ્યાલ રાખજો. માનનીય મંત્રીશ્રી

શ્રી બળદેવજી ચં. ઠાકોર : પ્રશ્નોત્તરીમાં કાપલીઓ આપે છે તે પણ કહો. પ્રશ્નોત્તરીની વાત છે.

અધ્યક્ષશ્રી : તે મારા કાર્યક્ષેત્રમાં નથી. તે કાપલી આપે કે આખેઆખો કાગળ આપે કે બુક આપે. જે આપવું હોય તે આપે. માનનીય મંત્રીશ્રી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ(શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજે હું ત્રણ વિભાગોને લગતી માગણીઓ માનનીય સભાગૃહ સમક્ષ લાવ્યો છું. તેમાં માગણી ક્રમાંકઃ૭૪ મેં જે પહેલાં વાહન વ્યવહાર વિભાગની રજૂ કરી હતી તેમાં માનનીય સભ્યશ્રીઓએ પોતાના સૂચનો કર્યા છે અથવા જે કોઇ રજૂઆતો કરી છે તેમાં માનનીય ચાર ધારાસભ્યશ્રીઓએ વાહન વ્યવહાર વિભાગ ઉપર પોતાના સૂચનો અને અન્ય બાબતો રજૂ કરી છે.

માનનીય રામસિંહભાઇએ શરૂઆત કરી કે વાહન વ્યવહાર એટલે કે એસ.ટી.ની કામગીરી તે પ્રજા માટે ખૂબ ઉપયોગી છે. કારણકે તેઓશ્રી અગાઉ વાહન વ્યવહાર વિભાગના મંત્રી રહી ચૂકયા છે અને આ કામગીરી અંગે તેઓ સેવા આપી ચૂકયા છે. આપણે બધા જ જાણીએ છીએ કે રાજયની અંદર છ કરોડની વસ્તી એટલે સવા કરોડ જેટલા પરિવારો ગુજરાતમાં વસે છે. આ સવા કરોડ પરિવારના નાગરિકો પોતાના સામાજિક, ધાર્મિક, આર્થિક, વ્યવસાયિક કારણોસર અવાર નવાર એક ગામથી બીજા ગામમાં સતત મુસાફરી કરતા હોય, વેપારી ભાઇઓ વેપાર ધંધા માટે બસની સેવાનો લાભ લેતા હોય અને ખાસ કરીને રાજયના લાખો વિદ્યાર્થીઓ જે પોતે પોતાના શહેર કે ગામમાં શૈક્ષણિક સુવિધા પ્રાપ્ત ન હોય તે સુવિધા પ્રાપ્ત કરવા માટે એસ.ટી. સેવાનો મુસાફરી માટે ઉપયોગ કરતા હોય છે. આમ આપણા રાજયની એસ.ટી. બસ સર્વિસ ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ તે વર્ષોથી તેની સ્થાપનાકાળથી ગુજરાતના ખાસ કરીને મધ્યમ અને ગરીબ વર્ગના લોકો અને બીજા મુસાફરોની સેવા કરતી આવી છે. સમય પ્રમાણે તેમાં પરિવર્તન આવે અને નવી જરૂરિયાતો પ્રમાણે એની પૂર્તતા કરવામાં આવે. એસ.ટી. બસ એટલે એક વાહન છે. તેની પણ પોતાની આવરદા હોય, સમયની રીતે પણ આવરદા હોય અને તેના કિલોમિટર પ્રમાણે પણ તેની આવરદા હોય. જેમ જેમ વાહન જૂના થતા જાય અને ઘસારો અને વપરાશ વધતો જાય તેમ તેને રીપ્લેસ પણ કરવા પડે. તેમાં રીપેરીંગ પણ કરવું પડે. તેના ટાયરો વગેરે ઘસાતા હોય તો તેને પણ બદલવા પડે. આમ એસ.ટી. નિગમની કાર્યવાહી તે બારે મહિના ચોવીસે કલાક સતત ચાલતી કામગીરી છે ત્યારે આ કામગીરીને વધુ સક્ષમ બનાવવી, વધુ ઝડપી અને સલામત બનાવવી, વધુ વ્યાપક બનાવવી તે અમારી રાજય સરકારનું અને અમારા વાહન વ્યવહાર વિભાગનું એક લક્ષ્ય છે. આમ તો માનનીય સભ્યશ્રી અરવિંદભાઇએ તેમના પ્રવચનમાં વિગતો આપી છે કે કેટલા લોકો રાજયની અંદર એસ.ટી.ની સેવાનો જુદી જુદી રીતે લાભ મેળવે છે. એસ.ટી. એટલે આપણને રોડ ઉપર ફરતી બસ દેખાય, પણ તેનું નેટવર્ક જોઇએ, તો આ ગૃહને જણાવવાની મારી ફરજ પણ છે કે, જેના વિશે આપ કરોડો રૂપિયાનું બજેટ મંજૂર કરો છો એ એસ.ટી.ની કામગીરી માટે ૧૬ વિભાગો આપણા રાજયની અંદર અત્યારે અસ્તિત્વમાં છે. ૧૨૫ ડેપો દ્વારા એસ.ટી.બસોનું તાલુકા લેવલે સંચાલન થાય છે અને માનનીય અધ્યક્ષશ્રી, રોજગારીની દષ્ટિએ આપણું નિગમ રાજય સરકારની જુદી જુદી જે કર્મચારીઓની સેવાઓ લેતી સંસ્થાઓ છે એમાં એક મોટી સંસ્થા છે અને રાજય સરકારના એસ.ટી.નિગમમાં અત્યારે લગભગ ૪૦ હજાર જેટલા કર્મચારીઓ ફરજ બજાવે છે. અત્યારે ૭૯૧૪ એસ.ટી.બસો દ્વારા આપણે ૬૯૧૮ શિડયુલ ચલાવીએ છીએ, ૧૪૪૮૪ રૂટો ઉપર દરરોજ નિયમિત એસ.ટી. દ્વારા આપણે મુસાફરોને લાભ આપીએ છીએ અને ૮૦૦૦ જેટલી બસો દરરોજ ૪૪૪૦૦ ટ્રીપ ગુજરાતમાં જુદા જુદા સ્થળોએ ફરે છે અને અંદાજે દૈનિક એક બસ ૪૫૦ કી.મી. ફરે છે અને એમને એટલો ટાર્ગેટ આપેલો હોય છે કામગીરીનો એ પ્રમાણે ગણીએ તો રાજયની એસ.ટી.બસો દરરોજ ૨૮ લાખ કી.મી.ની મુસાફરી કરે છે અને ૨૩ લાખ મુસાફરો દરરોજ આ સેવાનો લાભ લે છે. આપણે ચર્ચા કરતા હોઇશું એ દરમ્યાન રાજયની એસ.ટી.બસ સર્વિસમાં હજારો મુસાફરો નાનામાં નાના ગામડાંથી માંડી મોટામાં મોટા શહેર સુધી અને તાલુકાથી માંડી જિલ્લા સુધી, ગાંધીનગરથી માંડીને આદિવાસી ગામ સુધી એનો લાભ અત્યારે લેતા હશે.

ગુજરાત રાજયના આપણા ૧૮૬૧૮ જે રેવન્યુ ગામો છે, પંચાયતો છે એમાંથી ૧૮૧૮૬ ગામોને એસ.ટી.ની સેવાનો આપણે દરરોજ નિયમિત લાભ આપીએ છીએ, ફકત ૪૩૨ ગામ છૂટા–છવાયા, અંતરિયાળ પહાડી વિસ્તારના કે જ્યાં બસ સર્વિસ ના પહોંચી શકે એવા જ વિસ્તારો આપણે બાકાત રાખ્યા છે. આદિવાસી વિસ્તાર, ડુંગરાળ વિસ્તાર, પહાડી વિસ્તાર અને જયાં ટ્રાફિક ઓછો મળે ત્યાં આગળ આપણે મીની બસો પણ છેલ્લા પાંચેક વર્ષથી ખરીદીને સર્વિસમાં મૂકવાનું ચાલુ કર્યું છે. જેથી ૫૬ સીટની અથવા ૭૦ સીટની મોટી બસની કેપેસીટી પ્રમાણે પેસેન્જર ન મળે તો નાની બસો પણ આપણે ખરીદીને આદિવાસી વિસ્તારની સેવામાં ખાસ ચાલુ કરી છે. એસ.ટી.માં અનેક પ્રવૃતિઓ આપણે કરીએ છીએ, ઘણી વખત આપણને દેખાય નહીં પણ રાજય સરકારની સેવાઓ આ સમાજ માટે, શિક્ષણ માટે, આરોગ્ય માટે અને પ્રજાના સામાન્ય વર્ગ માટે જે ઉપયોગી છે એમાં આ વર્ષે આપણે આપણા સૌ સભ્યશ્રીઓ જાણે છે કે, આપણી રાજય સરકારે અને માનનીય મુખ્ય મંત્રી આનંદીબેને જેને સ્વીકૃતિ અને મંજૂરી આપી છે અને માનનીય નાણા મંત્રીશ્રીએ જેની જોગવાઇ કરી આપી છે એ એસ.ટી.ના પેસેન્જરની ટીકીટનો ટેકસ જે ૧૭.૫૦ ટકા હતો એ ૧૦ ટકા આપણે ઘટાડીને દરરોજ લાખો મુસાફરોને એનો લાભ આપ્યો છે. એની વિગત અત્યારે હું નથી આપતો અને એની વિગતવાર વાત અત્યારે નહીં કરું કારણ કે, એના માટેનું બિલ આ સત્રમાં આપણે અલગથી લાવવાના જ છીએ એ વખતે આપણે વિગતવાર વાત કરીશું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે જે ખાસ કહેવું છે એ સભ્યશ્રીઓને જાણીને આનંદ થશે કે, આપણી એસ.ટી.બસોમાં દરરોજ જે વિદ્યાર્થીઓ અપ–ડાઉન કરે છે એના પાસ કઢાવે છે અને લગભગ ૬ લાખ કરતા વધુ વિદ્યાર્થીઓને આપણે કન્સેશન રેટથી પાસ કાઢી આપીએ છીએ અને કેટલી ઓછી રકમમાં આપણે પાસ કાઢી આપીએ છીએ એ મારે માનનીય સભ્યશ્રીઓના ધ્યાન ઉપર મૂકવું છે. આપણે વિદ્યાર્થીઓને જે જનરલ પાસ કાઢી આપીએ છીએ એમાં જે કન્સેશન આપીએ છીએ એની વાત કરું તો વિદ્યાર્થીઓ પાસે માત્ર ૧૭.૫૦ ટકા જ ચાર્જ લઇએ છીએ અને ૮૨.૫૦ ટકા ચાર્જ આપણે વિદ્યાર્થીઓને કન્સેશન આપીએ છીએ. બીજું સભ્યશ્રીઓની જાણકારી માટે કહું કે, આ રકમ કોઇ એસ.ટી. નિગમના માથે અથવા બીજા મુસાફરોની જવાબદારી પર આપણે નાંખતા નથી. દર વરસે એસ.ટી. તરફથી વિદ્યાર્થીઓને જે સબસીડી આપવામાં આવે એ રાજય સરકાર તરફથી એસ.ટી.ને ભરપાઇ કરી આપવામાં આવે છે અને એસ.ટી. ઉપર એનો કોઇ બોજો આવતો નથી. બીજું આપણે સૌ જાણીએ છીએ કે આપણા અત્યારના વડાપ્રધાન અને તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ જ્યારે કન્યા કેળવણી, શાળા પ્રવેશોત્સવ, ગામડામાં દીકરીઓને વધુ અભ્યાસ માટે પ્રોત્સાહન શરૂ કર્યા ત્યારે તત્કાલિન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇએ યોજના બનાવી કે દીકરીઓને જે ગામમાં સ્કૂલ ના ચાલતી હોય, જે ગામમાં કોલેજ ના ચાલતી હોય..

## અધ્યક્ષશ્રીની સૂચના
## ગેલેરીમાંથી ફોટો પાડવા અંગે

અધ્યક્ષશ્રી : એક મિનિટ, ગૃહની અંદર ગેલેરીમાંથી કોઇએ ફોટો પાડવાનો નથી, મેં જોયું છે કે હમણાં કોઇએ ફોટો લીધો છે જેણે ફોટો લીધો હોય એ દૂર કરો અને મહેરબાની કરીને ગેલેરીમાં જ્યારે આવો ત્યારે તમારા ફોન બહાર મૂકીને આવવા. ગેલેરીમાં કોઇએ ફોન લઇને આવવાનું નથી. ફોન લઇને આવો અને તમે ફોટા પાડો એ કોઇપણ રીતે યોગ્ય નથી. વહેલામાં વહેલી તકે આ ફોટો જેમણે પાડ્યો છે એ પોતે દૂર કરે નહિતર મારે પગલાં લેવાની ફરજ પડશે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ :આપણા જે ગામડાઓમાં દીકરીઓ રહે છે તેમના ગામમાં કોલેજ ના હોય અને તાલુકા મથકે કોલેજ હોય તો એ દીકરીને કોલેજ ભણવા જવું હોય દસમું, બારમું ધોરણ ભણવા જવું હોય તો પાસ કઢાવવા માટે આપણે પહેલાં ફી લેતા હતા, ચાર્જ લેતા હતા, માનનીય નરેન્દ્રભાઇ જ્યારથી મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે આ રકમની પણ માફી આપી અને દીકરીઓ જે એક ગામથી બીજા ગામ ઉચ્ચ અભ્યાસ માટે જતી હોય એમને ૧૦૦ ટકા માફીથી આપણે વિનામૂલ્યે પાસ કાઢી આપીએ છીએ. જે

અંધજન હોય એમને પણ આપણે એક સહાયક સાથે એમની જોડે એક સપોર્ટર રહે દોરવણી આપવા એને અને અંધજનને બન્નેને આપણે ૧૦૦ ટકા માફીથી મુસાફરી આખા રાજ્યની અંદર કરાવીએ છીએ. કોઇને કેન્સર થયું હોય, કેન્સરના દર્દી હોય અને સારવાર માટે અવરજવર કરતા હોય તો એમને એક સહાયક સાથે ૫૦ ટકા માફીથી સહાયના પાસ આપીએ છીએ. ગુજરાત રાજ્ય ચક્ષુદાનમાં દેશમાં પહેલાં નંબરે છે. આખા ગુજરાતમાંથી કોઇપણ વ્યક્તિ ગુજરી ગઇ હોય અને એમનું ચક્ષુદાન કરે તો ચક્ષુને તાત્કાલિક સમયમર્યાદાની અંદર ચક્ષુબેન્ક સુધી પહોંચાડવાની હોય છે એ પહોંચાડવા માટે જે પણ વ્યક્તિ જાય એમને આપણે ૧૦૦ ટકા માફીથી તે ગમે તેટલો પ્રવાસ કરે તો પણ એમની પાસેથી ટીકીટનો કોઇ ચાર્જ લેતા નથી. જે શારીરિક ખોડખાંપણવાળી વ્યક્તિઓ છે એમને પણ આપણે ૧૦૦ ટકા માફીના પાસ આપીએ છીએ. ગુજરાતમાં પત્રકારો, રેડિયો અને ટી.વી.ના કલાકાર જેને માહિતી ખાતાએ એક્રિડિએશન કરેલા હોય, જેને માન્યતા આપેલી હોય એવા તમામ લોકોને પત્રકારોને પણ ગુજરાતની અંદર ગમે તેટલી મુસાફરી બસ દ્વારા કરવી હોય તો આપણે એને માફી આપેલી છે. સ્વાતંત્ર્ય સેનાની પોતે અથવા તેમની પત્ની સાથે અથવા સ્વાતંત્ર્ય સેનાની ગુજરી ગયા હોય તો એમની વિધવાને આપણે એક સહાયક સાથે કારણકે તેઓ ઉંમરલાયક હોય છે તેથી એમને ૧૦૦ ટકા માફીથી આપણે પાસ આપીએ છીએ. થેલેસેમિયા અને સિકલસેલ, એનેમીયા જે દક્ષિણ ગુજરાતમાં વ્યાપક પ્રમાણમાં થતો રોગ છે એના દર્દીઓને પણ આપણે ૫૦ ટકા માફીથી એક સહાયક સાથે પાસ આપીએ છીએ.

અહીંયા રામસિંહભાઇએ નવી બસો લાવવા બાબતની વાત કરી અમારી ભારતીય જનતા પક્ષની સરકાર જ્યારથી આવી છે ત્યારથી અહીંયા જેમ પ્રવચનમાં કહેવામાં આવ્યું કે બસની જે આયુમર્યાદા હોય, હું કોઇ રાજકીય ટીકા ટિપ્પણ નથી કરતો કે ભૂતકાળની સરકારોમાં એવો સમય હતો કે એસ.ટી. એની ફરી શકવાની આયુમર્યાદા અને એનું જે રનીંગ હોય એ વટાવી ચૂકી હોય છતાં એક જમાનાની અંદર ૮૦ ટકા બસો ઓવરએજ હતી. આજે મને જણાવતા આનંદ થાય છે કે અમારી ભારતીય જનતા પક્ષની સરકારે એટલી બધી નવી બસો એસ.ટી. નિગમને આપી કે અત્યારે ફક્ત બે ટકા બસો જ, ઓન્લી ટુ પર્સન્ટ બસ આજે રાજ્યની અંદર ઓવરએજ ચાલી રહી છે. અમે ૨૦૦૫-૦૬ થી શરૂઆત કરી તો ૨૦૦૦ કરોડ રૂપિયાની એસ.ટી.ને સહાય આપી. તો બે હજાર કરોડ રૂપિયામાં એસ.ટી.ને સહાય આપી. ૧૨,૨૫૩ બસો આ સરકારે પાછલા નવ વર્ષની અંદર એસ.ટી.નિગમને નવી લઇ આપી છે. આ વર્ષની વાત કરુ તો અત્યારે જે ૧૦૧૫ ચેસીસનું કામ આપણે ચાલુ કર્યુ છે. રામસિંહભાઇએ વાત કરી કે આપણા વર્કશોપનો પણ આપણે ઉપયોગ કરવો જોઇએ. તો આપણા વર્કશોપની અંદર પણ આપણે બોડી એસ.ટી.ની ચેસીસ ઉપર બનાવીએ છીએ. પણ આપણે એટલા મોટા પ્રમાણમાં અત્યારે નવી બસો બનાવી રહ્યાં છીએ, નવી બસો ખરીદી રહ્યા છીએ કે જે આપણું વર્કશોપ છે તે બસોની પૂરેપૂરી બોડી બનાવી શકતું નથી એટલા માટે આપણે બહારથી કોન્ટ્રાકટ ઉપર ઓન લાઇન ટેન્ડરીંગ કરી અને તેની ચેસીસ ઉપર બસો બનાવવાનું કામ ચાલુ કર્યુ છે. અમે ૨૦૧૫ સુધીમાં બીજી ૧૦૧૫ નવી બસો એસ.ટી.નિગમને આપવાના છીએ. આ રીતે આપણે જોઇએ તો આપણે એસ.ટી.ની પૂર્તતા બધી રીતે કરી છે. આપણું એસ.ટી.નિગમ પણ દેશની અંદર જેમ અન્ય વિભાગો ગુજરાત સરકારના અનેક એવોર્ડ લાવે છે. એમ એસ.ટી.ચાલતી હોય પણ તેની એવરેજ ઓછી આવે તો મોંઘુ પડે. મને જણાવતા આનંદ થાય છે કે, ગુજરાત રાજય એસ.ટી.નિગમ સમગ્ર દેશમાં ગ્રામ્ય સંચાલનમાં ડિઝલના વપરાશમાં ૫.૪૫ પ્રતિ લિટર જે બસ ચાલે છે તેને ભારત સરકારે પણ એવોર્ડ આપ્યો છે કે ઓછા ડિઝલે વધુ એવરેજ આપણી એસ.ટી.બસો મેળવે છે. આ રીતે એસ.ટી.નિગમને વધુ સક્ષમ બનાવવું, પગભર બનાવવું એ કામ અમે ઉપાડયુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજુ જે આયોજન અમે સરકારમાંથી કર્યુ છે તો એસ.ટી.ના જૂના ડેપો તમે જુઓ તો છાપરાં કટાઇ ગયેલા, ઉડી ગયેલા, તૂટી ગયેલા, પંખા લટકી ગયેલા, પાણી હોય નહીં, બાકડા હોય નહીં એ ભૂતકાળના જે એસ.ટી.સ્ટેશનો જયાં દરરોજ લાખો મુસાફરો મુસાફરી કરે તેને પણ નવા અદ્યતન, સુવિધાજનક બનાવવાનું અમે ચાલુ કર્યુ છે. ટૂંકમા કહું તો ૯૦ કરોડ રૂપિયાના ખર્ચે ૨૫ બસ સ્ટેશનોની કામગીરી અમે પૂર્ણ કરી છે. આ વર્ષે ૧૯ બસ સ્ટેશનો ૨૫ કરોડ રૂપિયાના ખર્ચે અમે હાથ ઉપર લેવાના

છીએ. એસ.ટી.નિગમ તરફથી જે નવા સ્ટેશન બનાવવા ટેન્ડરીંગની પ્રક્રિયા ચાલી રહી છે આખા રાજયની અંદર જુદા જુદા તાલુકા જિલ્લામાં ૨૭ કરોડ રૂપિયાના ખર્ચે ૨૨ બસ સ્ટેશનો એટલે અમદાવાદના ગીતામંદિરથી માંડી આખા રાજયના તમામ તાલુકા સુધી બધાજ બસ સ્ટેશનો, ડેપો નવા બને, વર્કશોપમાં મશીનરી નવી આવે એ પ્રમાણેની કાર્યવાહી રાજય સરકારે બજેટમાંથી જોગવાઇ કરી અને અમે કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, તમામ સભ્યશ્રીઓને મારું નિમંત્રણ છે કે, વડોદરા ખાતે પી.પી.પી.ધોરણે આપણે જે નવુ બસ સ્ટેશન બનાવ્યુ છે તે સાહેબ બધા જુઓ. તમને એક ગુજરાતી તરીકે, આ ગૃહના એક ધારાસભ્ય તરીકે તમને આનંદ થશે કે હું જે ગૃહનો ધારાસભ્ય છું તે ગુજરાત સરકારે આવુ સુંદર બસ સ્ટેશન વડોદરાની અંદર બનાવ્યું. આવુ જ બસ સ્ટેશન અત્યારે આપણે અમદાવાદમાં, રાજકોટમાં અને અન્ય જગ્યાએ બનાવવાની કામગીરી ચાલુ છે. એટલે એસ.ટી.ની સેવાઓ વધુ સારી બને, સલામત બને, સુદ્રઢ બને એ આપણે કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ વડોદરા વચ્ચે, અમદાવાદ રાજકોટ વચ્ચે આપણે અદ્યતન મોંઘી વોલ્વો સર્વિસ પણ ચાલુ કરી છે. અને વોલ્વો સર્વિસનો લાભ પણ આપણને પેસેન્જરોને જે ઉંચી કિંમતે ટીકીટ ખરીદી શકે તેમને આપણે લાભ આપી રહ્યાં છીએ. નાનામાં નાના આદિવાસી ગામડાંથી માંડી અદ્યતન સુવિધા આપણે કરીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે આર.ટી.ઓ.વિભાગની પણ વાહન-વ્યવહાર વિભાગમાં કામગીરી છે. ગુજરાતનો વિકાસ, પ્રગતિ, સમૃધ્ધિ તેની અનેક જાતની પારાશીશી છે. એક પારાશીશીમાં રાજયમાં કેટલા લોકો વાહનો ધરાવે છે, મોબાઇલ કેટલા ધરાવે છે, ફ્રીઝ કેટલા ધરાવે છે આ બધા સાહેબ જે ભૌતિક સાધનો છે તે રાજયની સમૃધ્ધિ માપવાની એક તેની પારાશીશી છે. માનનીય સભ્યશ્રીઓના ધ્યાન ઉપર હું મૂકું કે, ૨૦૦૧માં રાજયમાં કુલ વાહન જે હતા ૫૫,૭૬,૦૪૦ હતા. એમાં ટુ વ્હીલર મોટર સાઇકલ, સ્કુટર ૩૯,૬૪,૮૭૯ હતા, મોટરકાર ૪,૩૮,૦૫૮ હતી, ખાનગી બસ ૩૮,૩૧૮ હતી, હવે ૨૦૧૪ એટલે એ આ ૧૪ વર્ષમાં ભારતીય જનતા પક્ષની સરકાર, માનનીય નરેન્દ્રભાઇનું નેતૃત્વ અને હવે માનનીય આનંદીબહેનના નેતૃત્વમાં રાજયએ જે પ્રગતિ કરી છે એની પારાશીશી બતાવું. તો જે વાહનો પહેલાં ૫૫ લાખ હતાં એ અત્યારે ૧,૭૦,૯૩, ૪૯૫ વાહનો ગુજરાતમાં નોંધાયેલા છે એ પૈકી ટુ વ્હીલર-મોટર સાયકલ અને સ્કુટર ૧,૨૫,૦૩,૭૧૧ ટુ વ્હીલર આ રાજયની અંદર નોંધાયેલા છે એટલે એક કુટુંબ દીઠ લગભગ એક સાધન ગુજરાતમાં નોંધાયેલું છે. ફોર વ્હીલર- મોટરકાર કે જે ભૂતકાળમાં ૪ લાખ હતી એ અત્યારે ૧૭ લાખ ૭૨ હજાર થઇ છે. આ રીતે રાજયની અંદર જે રીતે વાહનો વધી રહ્યાં છે. ખાનગી વાહનો વધે એટલે સ્વભાવિક છે કે, માણસ સુખી થાય તો એસ.ટી. બસોમાં ઓછા બેસે. પોતાના વાહનોમાં જાય, ખાનગી ગાડીઓમાં જાય, ભાડે કાર કરીને અને ટ્રાન્સપોર્ટની ગાડી લઇને જાય, તો આ બધુ માળખુ સલામત બને એ માટેનું આયોજન કર્યું છે. કોઇ એમ કહે કે, તમે વાહનો વધાર્યા તો ટેક્સ કેટલો વધ્યો? એ પણ માનનીય સભ્યશ્રીઓના ધ્યાન ઉપર મૂકું કે, ૨૦૦૪-૦૫માં વાહન વ્યવહાર વિભાગની જે આવક હતી એ ૧૨૨૪ કરોડ ૭૯ લાખ રૂપિયા હતી. ૨૦૧૩-૧૪ની અંદર ૨૯૬૮ કરોડ ૬૪ લાખ રૂપિયા એટલે લગભગ ત્રણ ગણી આવક, ગત સાત વર્ષની અંદર આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં જે સુખ, શાંતિ, સમૃધ્ધિ, પ્રગતિ, વિકાસ એ બધુ વધ્યું એના કારણે તમામ પ્રકારના પેરામીટરમાં વધારો થયો છે એટલે વાહન વ્યવહાર વિભાગ એસ.ટી. અને આર.ટી.ઓ. બધી રીતે આપણી આવક વધે, લોકોને સગવડ વધે, સલામતી વધે એ રીતની અમે કામગીરી કરી રહ્યા છીએ. તો સભ્યશ્રીઓ એને સહકાર આપે એવી મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિભાગવાઇઝ છે. (અંતરાય) હવે જુઓ મારે કહેવું નથી, મેં ખાનગીમાં જાણી લીધું છે કે આ ગૃહમાંથી કેટલા માનનીય સભ્યશ્રીઓ એસ.ટી.માં બેસે છે, મારા સહિત કોઇ બેસતું નથી. પહેલાં બધા પાસ લેતા હતા, ૧૯૯૦માં આપણે ધારાસભ્ય થયા તો અહીંયા વિધાનસભા સચિવાલયમાં પાસ લેવા જતા હતા. હવે કૂપન જ આપીએ છીએ. બહુ જ ઓછા માનનીય ધારાસભ્યશ્રીઓ એસ.ટી.નો ઉપયોગ કરે છે ત્યારે મારી તો બધાને વિનંતી છે કે, આપ ઉપયોગ કરો અને કોઇ સૂચન હોય, કોઇ ખામી લાગે તો એ મારા ધ્યાન ઉપર મૂકજો, જેથી આપણે બધા સાથે મળીને સેવાને વધુ વિસ્તારી શકીશું.

માનનીય અધ્યક્ષશ્રી, હવે બીજો વિભાગ છે એ મહેસૂલ વિભાગ છે. મહેસૂલ વિભાગ ઉપર કુલ માનનીય સાત સભ્યશ્રીઓએ એમના વિચારો રજૂ કર્યા છે. જવાબ પછી આપીશું. શ્રી સી. કે. રાઉલજીની વાતને સારી રીતે કહેવા માગું છું એમને સંતોષ થાય એવી રીતે, કોઇ ટીકાટીપ્પણ આજે નહીં કરું કારણ કે મને આનંદ છે કે, વિધાનસભા જયારે ચાલુ હોય (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, આપને પણ આનંદ થશે કે જયારે ગૃહ ચાલુ થયું શરૂઆતના દિવસોમાં તો વિપક્ષના માનનીય સભ્યશ્રીઓ, સાથી પક્ષના સભ્યશ્રીઓ એમ કહેતા હતા કે અછત ઉપર ચર્ચા આપો. દુષ્કાળ ઉપર ચર્ચા આપો, આપ સમય આપો. સાહેબ, આજે મને જાણીને આનંદ થયો અને નવાઇ એ લાગી, આશ્ચર્ય પણ થયું કે કોંગ્રેસ પક્ષના સહિત જે માનનીય ધારાસભ્યશ્રીઓ આજે બોલ્યા છે એમાં દુષ્કાળ વિશે એક પણ ધારાસભ્યશ્રી નથી બોલ્યા કે નથી ઘાસ વિશે બોલ્યા, નથી પાણી વિશે બોલ્યા, નથી અછત વિશે બોલ્યા કે નથી આનાવારી વિશે બોલ્યા એટલે મારું એમ માનવું છે કે, તમને સંતોષ છે કે વિધાનસભા મળી એના પહેલા બે દિવસ કંઇક કરવું પડે એટલે કર્યું, બાકી સરકારની મહેસૂલ વિભાગની કામગીરીથી તમને બધાને સંતોષ છે એ બદલ બધાનો આભાર માનું છું. કોઇ પ્રશ્ન હોય તો પણ અમારા ધ્યાન ઉપર ચોકકસ મૂકજો.

માનનીય અધ્યક્ષશ્રી, આ વખતના મહેસૂલ વિભાગના બજેટમાં કુલ જોગવાઇ ૨૩૦૪ કરોડ રૂપિયા મૂકી છે એમાં આયોજન સદરે ૮૦૦ કરોડ ૯૮ લાખ રૂપિયા અને આયોજન બહાર ૧૭૬૭ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. અહીંયાં માનનીય સભ્યશ્રી જોષીયારાએ કહ્યું અને બીજા સભ્યશ્રીઓએ પણ ખૂબ સારી રીતે વાત કરી કે મહેસૂલ વિભાગ એ આપણી સરકારે બનાવેલ વિભાગ નથી. આપણા બનાવેલા મોટા કોઇ કાયદા નથી. આપણો દેશ ગુલામ હતો, પરતંત્ર હતો,અંગ્રેજો આપણી ઉપર રાજ કરતા હતા ત્યારથી બનાવેલા કાયદાઓ એ ભૂતકાળની બધી જ સરકારો વખતે એ કાયદા બદલાયા નહીં. અમારી સરકાર નહીં, અમારી સરકારે તો કેટલાક સુધારાઓ કર્યા છે, પરંતુ ભૂતકાળની તમામ સરકારોએ ટોડરમલના વખતથી બાબુભાઇના કહેવા પ્રમાણે એના એ જ બધા કાયદાઓ ચાલ્યા આવતા હતા કલેકટરો એ જ બધું હોલ એન્ડ સોલ ગણાતા, ખેડૂત કે ખાતેદાર કે ગણોતિયો કે જમીન વિહોણા, નાના અને સીમાંત ખેડૂતો એ બધા જ અંગ્રેજોએ કરેલ વ્યાખ્યા પ્રમાણે ચાલતું હતું. માપણી પણ એ જ પ્રમાણે ચાલતી હતી, પરંતુ જે પ્રમાણે સમય અને સંજોગો બદલાયા તેમ ભૂતકાળની સરકારો કમનસીબે ના બદલાઇ અને તમારા અત્યારના મુખ્યમંત્રીશ્રી અને તે વખતના મહેસૂલ મંત્રીશ્રી એવા આનંદીબેને અનેક સુધારાઓ રેવન્યુમાં જોઇએ તો પાછલા ૫ વર્ષમાં પજાલક્ષી, ખેડૂતલક્ષી, ગરીબલક્ષી, આદિવાસીલક્ષી, ગણોતિયાલક્ષી એવા અનેક સુધારાઓ આપણે સૌએ સભાગૃહ મારફતે મંજૂર કર્યા છે. જૂના કાયદા હોય એ બદલવા તો પડે. ટેકનોલોજીનો ઉપયોગ પણ આપણે કરવો પડે. આપણે આજે આધુનિક સમયમાં છીએ. બધા મોબાઇલ વાપરીએ, ઇ–મેલ કરીએ, વોટસઅપ કરીએ, ટવીટ કરીએ અને ટી.વી.જોઇએ એ બધું કરીએ તો સરકારમાં શામાટે ટેકનોલોજીનો ઉપયોગ ના થાય અને એવા વિચારથી જ એ વખતના આપણા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ અને તે વખતના મહેસૂલ મંત્રીશ્રી શ્રીમતી આનંદીબેન પટેલે અને માનનીય અધ્યક્ષશ્રી, મારાથી એમ કહેવાય તો થોડુંક માફ કરજો, પરંતુ આપના વખતમાં આપશ્રી પણ જયારે મહેસૂલ મંત્રીશ્રી હતા ત્યારે આપે પણ આ ટેકનોલોજીની દ્રષ્ટિએ આ કાયદા સુધારા પ્રજાલક્ષી દ્રષ્ટિથી કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં જે ચર્ચા થઇ કે ભૂતકાળમાં એકબીજાની જમીન પચાવી પાડવામાં આવતી હતી અને એના માટે આવું જે કરતા એના માટે અહીંયાં ભૂમાફીયા શબ્દપ્રયોગ પણ થયો એનું કારણ એ હતું કે ગમે તે વ્યક્તિ જઇને કોઇના નામે સહી કરી દેતા. કોઇના બદલે કોઇને ખેડૂત બતાવીને દસ્તાવેજ કરી દેતા હતા. આવું ભૂતકાળમાં થતું હતું અને ઓછું ભણેલ ગણેલ ગામડાના લોકોને અને ખેડૂતોની લાખો રૂપિયાની જમીન આવા ભૂમાફીયાઓ ગેરકાયદેસર રીતે સાંઠગાંઠ કરીને પચાવી પાડતા હતા. ખેડૂતને ખબર પણ ના પડે કે તેની જમીનનો આ રીતે કોઇએ કોઇના નામે દસ્તાવેજ કરી લીધો અને કબજો લઇ લેતા હતા. પછી જયારે આની ખબર પડે ત્યારે પછી કોર્ટ મેટર થાય અને મારામારી થાય અને સાચો ખેડૂત હોય એ રૂપિયા આપીને આ જમીનનો કબજો માફીયા પાસેથી પાછો મેળવે. તો આવી બધી બાબતોથી છૂટકારો મેળવવા અમારી સરકાર આવ્યા પછી જે વન બાય વન જે કાયદામાં અમે સુધારા કર્યા એમાં પહેલાં તો એ

સુધારો કર્યો કે કોઇપણ વ્યક્તિ જયારે દસ્તાવેજ કરવા જાય તો રજીસ્ટ્રારની ઓફિસમાં એનો ફોટો પડે, એની સામે કેમેરા હોય એમાં એનો ફોટો પડે અને એ દસ્તાવેજ ઉપર એ ફોટો લાગે અને રીતે દસ્તાવેજ થાય. સાક્ષીનો પણ ફોટો પડે અને એમાં સહી કરનાર તમામ લોકોના ફોટા પણ દસ્તાવેજ ઉપર લગાડાય જેથી સાચો માલિક કોણ એ પણ ખબર પડે. તો આવી બધી વ્યવસ્થા અમે ટેકનોલોજીના માધ્યમથી કરી છે એના કારણે સારા એવા પ્રમાણમાં જે ફર્ઝી લોકો બનાવટી લોકો સાચા ખેડૂતના નામે નકલી દસ્તાવેજ કરીને ખેડૂતોની કિંમતી જમીન પચાવી પાડતા હતા એવા લોકોને ડામવા ઉપર અમે સફળતા મેળવી છે.

એવી જ રીતે અહીંયાં ૭–૧૨ નો ઉતારો અને ઇ–ધારાની વાત થઇ. તો ચોકકસ લાખો ખેડૂતોનાં કરોડો ટ્રાન્ઝેકશન અને એક વખત અહીંયાં માનનીય પંચાયત મંત્રીશ્રી જયંતીભાઇ કવાડીયાએ જવાબ આપ્યો હતો કે ઇ–ધારામાં અત્યારસુધીમાં કેટલા કરોડના વારસાઇના ઉતારા લીધા, ૭–૧૨ ના ઉતારા લીધા? તો ટેકનોલોજીમાં, મશીનમાં શકય છે ભૂલ થાય, એરર થાય, ટેકનીકલ ખામી થાય, પણ તેને સુધારવાની પણ આપણી પાસે સત્તા છે, આપણી પાસે તક છે. જેમ જેમ સરકારના ઘ્યાન ઉપર સભ્યશ્રીઓ તરફથી, ખેડૂતો તરફથી, અમારા કિસાન સંઘ તરફથી કે અમારા અન્ય લોકો તરફથી રજૂઆતો આવવા માંડી, શરૂઆત કર્યા પછી જયાં જયાં જરૂર લાગી ત્યાં કાયદાકીય સુધારા કર્યા, ટેકનોલોજીમાં સુધારા કર્યા અને તેનો લાભ વધુમાં વધુ પ્રજાજનોને મળે તે માટે અમે આ કર્યું. અને તેના કારણે આજે જનસેવા કેન્દ્રો, અહીં માનનીય સભ્યશ્રીએ કહ્યું કે કોઇને કયાંય ગયા વગર મળી શકે છે, માનનીય મોતીસિંહજીએ કહ્યું કે પહેલા આદિવાસીઓને ઉતારા લેવા જવું હોય તો બે દિવસ બગાડવા પડતા હતા. ખેતરમાં ન જાય, મજૂરીએ ન જાય, રોજી મુકી દે, ભેંસો ચરાવવા ન જાય, કલેકટર કચેરીમાં કે મામલતદારમાં બે દિવસ કાઢવા પડતા હતા. આજે મઘ્યમ વર્ગના ખેડૂતો, કે આદિવાસી ખેડૂત હોય કે બક્ષી પંચના ખેડૂત હોય કે દલિત હોય તમામને પંચાયત ઓફિસમાં જાય, તાલુકા પંચાયતમાં જાય, જનસેવા કેન્દ્રમાં જાય અને ઇચ્છે ત્યારે પાંચ રૂપિયા ટોકન ફી ભરી અને ઉતારો મેળવી લે. કોઇ વકીલ ન જોઇએ, કોઇ વચેટીયો ન જોઇએ, કોઇ ખર્ચ ન કરવો પડે, અને સહેલામાં સહેલી રીતે ખેડૂતોને આપણે સરળતાથી આ લાભ આપી શકયા છીએ. તબકકાવાર જે સુધારા કર્યા છે તે આપ સૌ જાણો છો. કાયદાકીય જે સુધારા કર્યા એમાં મહિલાઓ માટે નોંધણી ફી માં લાભ આપ્યો છે. અત્યારે મહિલા મુખ્ય મંત્રી છે, પણ તેઓ જયારે મહેસૂલ મંત્રી તરીકે આવ્યા ત્યારે માનનીય નરેન્દ્રભાઇ અને કેબિનેટમાં ચર્ચા થઇ કે બહેનોના નામે દસ્તાવેજો રેકોર્ડ કરવા હોય તો બહેનોને પ્રોત્સાહન મળે તેવું કરવું જોઇએ. અને મને જણાવતા આનંદ થાય છે કે ૨૦૦૪ માં જયારે અમે શરૂઆત કરી કે બહેનોના નામે કોઇ મિલ્કતની ખરીદી થાય તો તેની નોંધણી ફી સરકારે માફ કરી, અને ૧૧–૬–૨૦૦૪ થી આ માફી આપી, માનનીય અઘ્યક્ષશ્રી, આપ પણ તે વખતે ત્યાં કામગીરીમાં હતા. ૨૦૦૪ થી ૨૦૧૪ સુધીમાં ૧૫,૪૯,૭૭૩ મહિલાઓએ આ યોજનાનો લાભ લીધો, અને ફકત વાતો નહીં, પણ આ સરકારે કેટલી રકમ જતી કરી તે જોઇએ તો ૧૪,૪૯,૩૬૭ દસ્તાવેજો માટે જે સરકારને આવક થવાની હતી તે ૬૬૪ કરોડ રૂપિયા બહેનોના નામે મિલકત ખરીદે તો સરકારે તેની માફી આપી છે. અને મહિલાલક્ષી, સ્ત્રી સશકિતકરણનું કામ અમારી સરકાર અત્યારે કરી રહી છે. ઓન લાઇન ઇ જમીન સિસ્ટમ, ખેડૂત ખાતેદારના ફોટા, અંગુઠાની છાપ, ફોર્જરી કે છેતરપીંડી ન થઇ શકે તેના માટેનું કામ હાથ ઉપર લીધું છે. અને ૩૪ ટકા કામગીરી પૂર્ણ થઇ છે. માનનીય સભ્યશ્રી જોષીયારાજીએ કહ્યું કે જમીનની માપણી ખેડૂતોની થાય ત્યારે ભૂલ ન થાય તે જરૂરી છે. એમની વાત સાચી છે. જે જમીન હોય તે અદ્યતન રેકોર્ડમાં આવવી જોઇએ. મારે આ બાબતમાં કહેવું છે, અત્યાર સુધી કોઇએ કહ્યું નથી, ભૂતકાળમાં અંગ્રેજોએ માપણી કરી હતી તે પછી ગુજરાતમાં જ નહીં પણ ભારતની કોઇ પણ સરકારે ફરી સર્વે જમીન માપણીનું કર્યું નહોતું. અમારી ભારતીય જનતા પક્ષની સરકારે, અમારા મહેસૂલ મંત્રીશ્રીએ આ કામગીરી હાથ ઉપર લીધી છે અને સેટેલાઇટ ઇમેજથી લઇ અને ખેડૂતને હાજર રાખી અને અત્યારે આ કામગીરી અમે કરી છે. ત્યારે મહેસૂલ વિભાગમાં...

અઘ્યક્ષશ્રી : તમારી ૧૫ મિનીટ બાકી છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અઘ્યક્ષશ્રી, હજુ શહેરી વિકાસ બાકી છે ને આખું.

અધ્યક્ષશ્રી : કાંઇ વાંધો નહીં, તમારે જે બોલવું હોય તે બોલો, ૧૫ મિનીટ છે તમારી પાસે. હજુ આવતા વર્ષે પણ બજેટ આવવાનું છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ વિભાગની કામગીરી પ્રજા, ખેડૂત લક્ષી છે, માનનીય રાઉલજીએ એમનો સ્થાનિક પ્રશ્ન રજૂ કર્યો એમાં પંચમહાલ જિલ્લામાં હડપ, કબુતરી અને એદલવાડા આ મધ્યમ સિંચાઇમાં ખૂબ લાંબા વર્ષોથી, દાયકાઓથી જે જમીન ૪૭૯ અસરગ્રસ્તોને આપવાની હતી. એ અમારી સરકારે પ્રયત્નો કરી ભારત સરકારમાંથી ૨૬-૮-૧૧ ના રોજ જંગલની કુલ ૧૦૫૮ હેકટર જમીન આ ખેડૂતોને આપવા માટે છૂટી કરવા માટેનો ઓર્ડર ભારત સરકારમાંથી કરાવ્યો છે અને એના આધારે જુદા જુદા જિલ્લામાંથી જમીન મેળવવા માટે રાજકોટ કલેકટર દ્વારા ૪૯૮ હેકટર જમીન વન વિભાગને તબદીલ કરી છે. ભાવનગર કલેકટર દ્વારા ૨૦૧ હેકટર જમીન તબદીલ કરીને કબજો આપવાની પ્રક્રિયા ચાલી રહી છે. એ સિવાય ભાવનગર કલેકટર દ્વારા બીજી ૪૧૫ હેકટર જમીન વન વિભાગને તબદીલ કરવાની પ્રક્રિયા ચાલે છે. આપણે સૌ જાણીએ છીએ કે સુપ્રીમ કોર્ટના આદેશો અને ભારત સરકારની નીતિ પ્રમાણે કોઇપણ જમીન વન વિભાગની હોય અને ડૂબમાં જતી હોય તો સામે સરકારોએ બીજી જમીન વન ઉછેરવા માટે વન વિભાગને આપવી પડે છે. ભલે આ પ્રક્રિયા ભૂતકાળની સરકારોએ ન કરી પરંતુ અમારી ભારતીય જનતા પાર્ટીની માનનીય નરેન્દ્રભાઇ અને માનનીય આનંદીબહેન પટેલની સરકારે આ કામગીરી કરી છે. આપને સંતોષ થાય માટે કહું કે અત્યાર સુધીમાં ૪૯૮ હેકટર જમીનની આ દસ ગામોના અસરગ્રસ્તોને સનદો આપી દેવામાં આવી છે. જયારે બાકીનાને આપવાની પ્રક્રિયા ચાલુ છે.

માનનીય બલવંતસિંહજી અહીંયા ઇન્ડગોલ્ડ રિફાઇનરીની વાત કરી. સરકારે કચ્છમાં ભૂકંપ આવ્યા બાદ ઉદ્યોગો આવે, રોજગારી વધે અને પડતર જમીનનો ઉપયોગ થાય એ માટે કચ્છની અંદર એક ખાનગી કંપનીએ (અંતરાય) હું સહેજ પાણી પીવા માટે ગયો અને તમે ઉભા થઇ ગયા. અહીંયા માનનીય બલવંતસિંહભાઇ નથી, શકિતસિંહભાઇ નથી. ખાનગી કંપનીએ ખાનગી ખેડૂતો પાસેથી જમીન ખરીદી હતી, સરકારે એક ઇંચ પણ જમીન આપી નહોતી. ખાનગી કંપનીએ એન.એ. કરાવેલી જમીન અન્ય ખાનગી ખેડૂત પાસેથી જમીન લઇને એણે વ્યકિતગત ઉદ્યોગ સ્થાપવા માટે સરકારની મંજૂરી માગેલી એ રાજય સરકારે આપી. કચ્છમાં અત્યારે એન.જી.ઓ. એકટીવિસ્ટો એટલા બધા ચાલે છે કે પાંચ સારા કામો કરવા હોય તો સરકારે અને સંસ્થાઓએ પાંચ ખોટા લોકોને પણ વિરોધ સહન કરવો પડે છે. કોઇ આવા કાર્યકર સુપ્રીમ કોર્ટમાં ગયા અને સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કહ્યું કે ખાનગી કંપની ટુ ખાનગી કંપનીનો વ્યવહાર છે એના કારણે જે રકમ એક કંપનીએ બીજી કંપનીની ૩.૧૫ કરોડ આપવાની છે એલ્યુમિનિયા કંપનીને એ સરકારને ભરપાઇ કરવા જોઇએ એટલો જ મુદ્દો છે. બાકી એક ઇંચ જમીન સરકારે આપી નથી. એટલે કોઇ પણ જાતનો ભ્રષ્ટાચાર કે કોઇ ગેરરીતિ બાબતનો આક્ષેપ સાચો નથી અને એ આક્ષેપ અમે સ્વીકારી શકતા નથી. એટલે આ બધી બાબતો તો સતત ચાલતી આવતી છે પરંતુ ગુજરાતની પ્રજાએ અનેક પરીક્ષાઓમાંથી અમને પાસ કર્યા છે. અમારા સભ્યશ્રીએ હમણાં કહેતા હતા એમ ૧૯૯૫, ૧૯૯૮, ૨૦૦૨, ૨૦૦૫, ૨૦૦૭, ૨૦૧૨માં ગુજરાતની જનતાએ ભારતીય જનતા પાર્ટીમાં અને અમારા મુખ્યમંત્રીશ્રીમાં વિશ્વાસ મૂકયો છે અને પ્રજાએ અમને સત્તા સોંપી છે ત્યારે ચોક્કસ કહીશ કે અમે પ્રમાણિકતાથી નિષ્ઠાથી ગુજરાતની પ્રજાને સંપૂર્ણપણે ઉપયોગી થઇશું.

શહેરી વિકાસ વિભાગની વાત કરવા માગું છું. બજેટ કેવું હોવું જોઇએ એ જોવું હોય તો શહેરી વિકાસ વિભાગના આંકડાઓ જૂઓ. પહેલા શહેરી વિકાસ વિભાગને ૧૦૦-૨૦૦ કરોડ ફાળવતા હતાં. આ વખતે ૬૫૫૫ કરોડ રૂપિયા અમારી સરકારે ફાળવીને શહેરી વિકાસ વિભાગને જવાબદારી સોંપી છે. માનનીય અધ્યક્ષશ્રી, અમારા તમામ માનનીય સભ્યશ્રીઓએ ખૂબ વિગતવાર વર્ણન કર્યું છે કે નાનામાં નાની ડ વર્ગની ૧૫ હજારની વસતિ ધરાવતી બાંટવા નગરપાલિકા હોય કે અમદાવાદ શહેરની મહાનગરપાલિકા હોય, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર, જામનગર કે ગાંધીનગર હોય. ૪૪ ટકા વસતિ જયારે શહેરોમાં રહેતી હોય ત્યારે તમામને સુખ, સુવિધા, સગવડ, સ્વચ્છતા, ભવ્યતા, આરોગ્ય, શિક્ષણ, રોજગારી આ

બધું આપવાનું કામ અમારી સરકારે શહેરી વિકાસ વિભાગ દ્વારા હાથ ઉપર લીધું છે. શહેરોની સ્વચ્છતા માટે ભૂગર્ભ ગટર યોજનાઓ, તમામ નગરપાલિકાઓ, હું નામ નહીં દઉં. પ્રશ્નોત્તરીમાં બધું આવે છે. ગુજરાતની તમામ ૧૪૯ નગરપાલિકાઓને ભૂગર્ભ ગટર અને તમામ નગરપાલિકાઓમાં પીવાના પાણીની આંતરિક વ્યવસ્થા પછી એ નર્મદા દ્વારા હોય, સ્થાનિક ડેમનું પાણી હોય કે સ્થાનિક સોર્સનું હોય. ૧૦૦ ટકા પીવાનું પાણી, ૧૦૦ ટકા ભૂગર્ભ ગટર, સ્વચ્છતા માટે આપવાનું અમારી સરકારે ૮૦ ટકા આયોજન મંજૂર કરીને પૂરું કર્યું છે. હવે ૨૦થી ૨૫ ટકા કામગીરી જયારે બાકી છે ત્યારે શહેરી વિકાસ વિભાગમાં આ વખતે જે ૩૫૫૦ કરોડ રૂપિયા સ્વર્ણિમજયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના નીચે જોગવાઇ કરી છે. તેમાં અત્યારે ૮૫ નગરપાલિકા, ૬ મહાનગરપાલિકાઓમાં કામ પૂરું થયું છે અને ૬૮ નગરપાલિકા, બે મહાનગરોમાં આ કામ ચાલુ છે. દરેક નગરપાલિકાને પોતાની ઓફિસ, નગર સેવા સદન બને તે માટે અમે ગ્રાન્ટ ફાળવી છે. બાગ, બગીચા, આંગણવાડી, શાળાના રૂમ જે બનાવતા હોય એ બધું બનાવવા અમે ગ્રાન્ટ ફાળવી છે. અમદાવાદમાં રીંગ રોડ બની ચૂક્યો છે. વડોદરા, રાજકોટ, જામનગર અને ભાવનગર એ મહાનગરપાલિકાઓ માટે આ વર્ષે રીંગ રોડ બનાવવા માટે ૧૦૦ કરોડ રૂપિયાની અમે મદદ કરીશું અને તે માટે અમે જોગવાઇ પણ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા સભ્યશ્રીઓએ કહ્યું તે પ્રમાણે મહાત્મા ગાંધીજીની ઓળખ એ સાદગી અને સ્વચ્છતા માટે હતી. ત્યારે મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અમે આ વર્ષે ચાલુ કર્યું છે. તેમાં બધા જ શહેરોમાં ડોર ટુ ડોર, ઘરે ઘરેથી કચરો ઉઘરાવીને ભેગો કરીને દૂરની જગ્યા ઉપર લઇ જવો અને વૈજ્ઞાનિક રીતે તેનો નાશ કરવો એ કામ માટે અમે રકમ ફાળવી છે. એવી જ રીતે શૌચાલય. અહીં ચર્ચા થઇ છે. ભૂતકાળમાં જે થયું હોય તે પણ ગુજરાતમાં ૨૦૧૫ સુધીમાં ૩ લાખ વ્યક્તિગત શૌચાલયો બનાવવા માટે અમે ગયા વર્ષ સુધી ૬,૦૦૦ રૂપિયા સબસિડી આપતા હતા. એક એક શહેરમાં એક નાગરિકને જેના ઘરે શૌચાલય ન હોય અને હવે બનાવવું હોય તો ૮,૦૦૦ રૂપિયા શહેરી વિકાસમાંથી સરકાર તરફથી અમે સબસિડી આપીશું.

માનનીય અધ્યક્ષશ્રી, એવી રીતે અમે આ વર્ષે જે મહાનગરપાલિકાઓ છે તેને ઓક્ટ્રોયની ગ્રાન્ટ વિકલ્પ તરીકે માનનીય નાણામંત્રીશ્રી સૌરભભાઇ અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ ૧૦ ટકા વધારો તમામ નગરપાલિકાઓનો મંજૂર કર્યો અને ભૂતકાળમાં જે મહાનગરપાલિકાઓને જે રકમ નહોતી અપાતી તે મહાનગરપાલિકાઓને ૧૫ ટકાથી માંડીને વધારાની રકમ આપવાનું આ વર્ષે અમે નક્કી કર્યું છે. દા.ત. કહું કે અમદાવાદ મહાનગરપાલિકાને દર વર્ષે સરકાર જે ૯૦૦ કરોડ રૂપિયા જેટલી સહાય આપે છે. તેમાં ૧૫ ટકા આ વર્ષે વધારો થશે. એટલે મહાનગરપાલિકાના કર્મચારીઓને તેમના પગારો માટે, સુવિધાઓ માટે પણ શહેરોને આપણે મદદરૂપ થઇ શકીશું.

નિર્મળ શહેર યોજના હેઠળ આ વખતે બધા જ શહેરોને ૨૯૦ કરોડ રૂપિયામાં અમે જે સાધન-સહાય વગેરે આપવાના છીએ. ગરીબોના ઘરની તો ભૂતકાળમાં વાત થઇ છે, સમયમર્યાદા છે એટલે નહીં કહું પણ અમારી ભારતીય જનતા પક્ષની સરકારે માનનીય નરેન્દ્રભાઇ મુખ્યમંત્રી હતા, અત્યારે માનનીય આનંદીબેન મુખ્યમંત્રી છે. અમે શહેરોની અંદર અને ગામડામાં હું ગામડાની વાત નહીં કરું એ અમારા પંચાયત મંત્રીશ્રી કરશે પણ ગામડાની અંદર અને શહેરોમાં ગરીબો માટેના આવાસ બનાવવાનું કામ અમારી સરકારે જે ઉપાડયું છે એમાં જે મોટા કામો અમે હાથ ઉપર લીધા છે, દરેક શહેરની અંદર ગરીબો માટે મધ્યમ વર્ગ માટે અને નીચલી આવક ધરાવતા જૂથ અને ઉપલી આવક જૂથ ધરાવતા તમામ માટે ખૂબ ઓછા રાહત દરથી મકાનો આપવાનું કામ અમે મોટા પ્રમાણમાં હાથ ઉપર લીધું છે. એફોર્ડેબલ હાઉસીંગ યોજના નીચે એક લાખ નવા મકાન આ વર્ષે અમે બનાવીશું. ગયા વર્ષોમાં અમે લાખો મકાનો જે બનાવ્યા ત્યાં લોકો રહેવા પણ આવી ગયા છે અને ઓન લાઇન કોમ્પ્યુટર ડ્રોથી લાભાર્થીઓને પારદર્શકતાથી મકાન પસંદગી મળે એવો ડ્રો હમણા જ મુખ્યમંત્રીશ્રીએ વડોદરામાં પણ કર્યો, રાજકોટમાં પણ કરીશું અને દરેકને પોતાની આવક પ્રમાણેનું જે મકાન મળવાપાત્ર છે એ મકાન પણ અમે આપવાના છીએ અને આ રીતે શહેરોનો વિકાસ થાય, વાહન વ્યવહારનો વિકાસ થાય અને મહેસૂલી કાયદા સારી રીતે અમલમાં આવે, પારદર્શકતા આવે અને લોકોને સગવડ સુવિધા પ્રાપ્ત થાય એ માટે અમારી સરકાર કટીબદ્ધ છે, હું બળદેવજીભાઇનો આભાર માનુ છું, મારા પાડોશી ધારાસભ્ય છે, એમણે એમ કહ્યું કે નીતિનભાઇની માગણીને મારું સમર્થન છે તો જેમ નર્મદામાં આપે સૌએ કહ્યું એમ પોઝીટીવ રહી અને તમે બધા આ કાપ દરખાસ્ત પાછી ખેંચો એવી મારી સૌને વિનંતી.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે વાત કરી એમાં ત્રણ યોજનાના ભાગરૂપે ૨૬-૮-૨૦૧૧ના રોજનો પત્ર વખતે યુ.પી.એ.ની સરકાર હતી, એન.ડી.એ.ની સરકાર નહોતી, આ ટેકનિકલ મંજૂરી...

શ્રી નીતિનભાઇ ર. પટેલ : મંજૂર અમે કરાવી.

શ્રી સી. કે. રાઉલજી : કેન્દ્ર સરકારમાં તમે નહોતા ગયા અમે ગયા હતા. જે હોય એ મેં કહ્યું એમ આ પક્ષાપક્ષીથી દૂર રહીને આ ૩૪ વર્ષનો પ્રશ્ન છે, તો હું ફરીથી વિનંતી કરવા માગુ છું આપને કે આ સંકલનના અભાવે મહેસૂલ, સિંચાઇ, ફોરેસ્ટ અને નાણા વિભાગ, આજે આ પ્રશ્ન વન અને પર્યાવરણ વિભાગની અંદર ૮૪ કરોડ રૂપિયા આ સરકાર જમા કરાવશે દિલ્હી ખાતે, આજે ૫૦ કરોડ રૂપિયા માનનીય નાણામંત્રશ્રીએ ફાળવ્યા છે, આ ત્રણ યોજનાના અસરગ્રસ્તો માટે. એમને હું ફરીથી અભિનંદન આપુ છું અને બાકી ૩૪ કરોડ અને ૫૪૫ હેકટર જમીન હજુ આ અસરગ્રસ્તોને લેન્ડબેન્કમાંથી ફાળવવાની બાકી છે. તો માનનીય મંત્રીશ્રીને હું ફરીથી એ વિનંતી કરવા માગુ છું કે જે ભાવનગર, રાજકોટ કે જામનગરના કલેકટર અને આ ચાર અગ્રસચિવ સાથે મળી પૂરતી જમીન ફાળવી અને તાત્કાલિક સનદો કેટલા વખતમાં આપવા માગો છો?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પ્રક્રિયા બને એટલી ઝડપથી ચલાવીશું.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રીને કહેવા માગુ છું કે સરકારી રેકર્ડ સાથે ચેડાં કરી ખોટા ખેડૂત બની અને હજારો વીઘાની લેવડદેવડ કરી અને આ જે છેતરપીંડી કરી છે એવા માણસ સામે ફોજદારી રાહે કાર્યવાહી કરવા માગો છો કે કેમ? અને એન.એ. કર્યા સિવાય જે પ્લોટો, મકાનો, કલબ હાઉસ કરવામાં આવ્યા છે, તમે એને દૂર કરવા માગો છો કે કેમ?

સભાગૃહનો સમય લંબાવવા અંગે.

શ્રી પંકજ દેસાઇ (મુખ્યદંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માગણીઓ ઉપરનું મતદાન પૂરું થાય ત્યાં સુધી સમય લંબાવવામાં આવે.

અધ્યક્ષશ્રી : સૌ સંમત છે? (થોડી વાર બાદ) માગણીઓ ઉપરનું મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી તરફથી કોઇ બાબત જાણકારીમાં લાવવામાં આવશે તો નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે વાહન વ્યવહાર મંત્રીને એટલી વાત કરવી છે કે એમણે એમના ખાતાના પોતે ભરપેટ વખાણ કર્યા છે. ઠીક છે, •(xxxxxx) મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે, મારે વાહન વ્યવહાર મંત્રીશ્રીને એ પૂછવું છે કે છેલ્લા ૧૦ વર્ષથી તારાપુર એસ.ટી. ડેપો બંધ કરવામાં આવ્યો છે. આ એસ.ટી. ડેપો તારાપુરથી બગોદરા ૧૫૦ કિલોમિટરના અંતરે એક જ હતો. સુરત અને બોમ્બે માટે શોર્ટકટ રસ્તો તારાપુરથી પસાર થાય છે. આ જ રૂટ ઉપર સીક્સ લેનની કામગીરી પ્રગતિમાં છે ત્યારે તારાપુર ડેપો ચાલુ કરવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : એસ.ટી. નિગમ વહીવટી અનુકૂળતા, સુગમતા, કરકસર આ બધું ધ્યાનમાં રાખીને પોતાની કક્ષાએ યોગ્ય રીસફલીંગ અને વહીવટી બાબતોનું માળખું ગોઠવે છે. એમની અનુકૂળતા પ્રમાણે ગોઠવ્યું હશે. જોવડાવી લઇશું અને યોગ્ય હશે તો વિચારીશું.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે બનાસકાંઠા જિલ્લામાં થાવર અને ગુંદરી ચેકપોસ્ટ ઉપર ગેરકાયદેસર રીતે વાહનો પસાર થાય છે અને એમાં સરકારને મોટું આર્થિક નુકસાન થાય છે, એ સરકાર બંધ કરવા માગે છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : રાજ્ય સરકાર થકી આવકના કોઇપણ છીંડા હોય, એ પછી આર.ટી.ઓ.ના હોય, મહેસૂલના હોય કે નાણા વિભાગ હોય, બધા પૂરવા માગે છે. છીંડા જ નહીં પણ અમે બિલકુલ થીગડાં પૂરી દીધા છે. આવું કંઇ હશે, અમારા ધ્યાનમાં છે. આપે કહ્યું, એની તકેદારીની વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવીશું.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : અમદાવાદની જે ઓકટ્રોય પેટેની ૨૯૦૦ કરોડની રકમ બાકી છે એ સરકાર ક્યાં સુધીમાં ચૂકવવા માગે છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : આવી કોઇ રકમ બાકી નથી.

કાપ દરખાસ્ત ક્રમાંક : ૧ થી ૪, ૬ થી ૧૨, ૧૪, ૧૬ થી ૨૨, ૨૪, ૨૫, ૨૭ થી ૩૨ અને ૩૪ થી ૩૯ એકી સાથે મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા

માગણી ક્રમાંક : ૭૪, ૭૮, ૭૯, ૧૦૧ અને ૧૦૨ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

સભાગૃહનું કામકાજ સાંજના ૫–૧૮ વાગ્યે પૂરું થતાં અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ બુધવાર, તા. ૧૬–૭–૨૦૧૪ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

ગુજરાત વિધાનસભા
બુધવાર, તા. ૧૬મી જુલાઇ, ૨૦૧૪
આષાઢ ૨૫, ૧૯૩૬ શાકે
સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું
અધ્યક્ષ શ્રી વજુભાઇ વાળા અધ્યક્ષસ્થાને

# તારાંકિત પ્રશ્નો

## અમદાવાદ આર.ટી.ઓ. કચેરીનું મંજૂર થયેલ મહેકમ

* ૧૦૮૩૧ શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ આર.ટી.ઓ. કચેરીનું સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે,

**જવાબ**

(૧) તા. ૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ આર.ટી.ઓ. કચેરીનું સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ નીચે પ્રમાણે છે.

| અ.નં. | સંવર્ગનું નામ | મંજુર થયેલ મહેકમ |
|---|---|---|
| ૧ | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૧ |
| ૨ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૩ |
| ૩ | મોટર વાહન પ્રોસીક્યુટર | ૦૧ |
| ૪ | હિસાબી અધિકારી | ૦૧ |
| ૫ | મામલતદાર | ૦૧ |
| ૬ | વહીવટી અધિકારી | ૦૧ |
| ૭ | મોટર વાહન નિરીક્ષક | ૧૫ |
| ૮ | સહાયક મોટર વાહન નિરીક્ષક | ૧૮ |
| ૯ | જનસંપર્ક અધિકારી | ૦૩ |
| ૧૦ | હેડ ક્લાર્ક | ૧૧ |
| ૧૧ | સીનીયર ક્લાર્ક–સબ એકા. | ૨૩ |
| ૧૨ | જુનિયર ક્લાર્ક | ૧૧૦ |
| ૧૩ | ક્લાર્ક કમ ટાઇપીસ્ટ | ૦૬ |
| ૧૪ | ટાઇપીસ્ટ | ૦૨ |
| ૧૫ | હિસાબનીશ | ૦૨ |
| ૧૬ | સ્ટેનો ગ્રેડ–૨ | ૦૧ |
| ૧૭ | સબ ઓડીટર | ૦૬ |
| ૧૮ | સંશોધન મદદનીશ | ૦૧ |
| ૧૯ | આંકડા મદદનીશ | ૦૩ |
| ૨૦ | સર્કલ ઓફીસર | ૦૩ |
| ૨૧ | ડ્રાઈવર | ૦૩ |
| ૨૨ | નાયક | ૦૪ |
| ૨૩ | પટાવાળા | ૨૦ |
| ૨૪ | વોચમેન | ૦૧ |
| | કુલઃ | ૨૪૦ |

**એચબી–૨૪૪–૧**

(૨) ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર ખાલી જગ્યાઓની વિગતો નીચે પ્રમાણે છે.

| અ.નં. | સંવર્ગનું નામ | ખાલી જગ્યા |
|---|---|---|
| ૧ | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | –– |

| | | |
|---|---|---|
| ૨ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૩ |
| ૩ | મોટર વાહન પ્રોસીક્યુટર | ૦૧ |
| ૪ | હિસાબી અધિકારી | ૦૧ |
| ૫ | મામલતદાર | -- |
| ૬ | વહીવટી અધિકારી | ૦૧ |
| ૭ | મોટર વાહન નિરીક્ષક | ૦૮ |
| ૮ | સહાયક મોટર વાહન નિરીક્ષક | ૦૮ |
| ૯ | જનસંપર્ક અધિકારી | -- |
| ૧૦ | હેડ ક્લાર્ક | -- |
| ૧૧ | સીનીયર ક્લાર્ક-સબ એકા. | -- |
| ૧૨ | જુનિયર ક્લાર્ક | ૫૨ |
| ૧૩ | ક્લાર્ક કમ ટાઈપીસ્ટ | ૦૧ |
| ૧૪ | ટાઈપીસ્ટ | ૦૨ |
| ૧૫ | હિસાબનીશ | -- |
| ૧૬ | સ્ટેનો ગ્રેડ-૨ | -- |
| ૧૭ | સબ ઓડીટર | ૦૧ |
| ૧૮ | સંશોધન મદદનીશ | -- |
| ૧૯ | આંકડા મદદનીશ | ૦૨ |
| ૨૦ | સર્કલ ઓફીસર | ૦૨ |
| ૨૧ | ડ્રાઈવર | ૦૩ |
| ૨૨ | નાયક | - |
| ૨૩ | પટાવાળા | ૦૩ |
| ૨૪ | વોચમેન | ૦૧ |
| | કુલઃ | ૮૯ |

(૩) કેટલી ભરાયેલ છે ?

(૩) ભરાયેલ જગ્યાઓની વિગતો નીચે પ્રમાણે છે.

| અ.નં. | સંવર્ગનું નામ | ભરાયેલ જગ્યા |
|---|---|---|
| ૧ | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૧ |
| ૨ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | -- |
| ૩ | મોટર વાહન પ્રોસીક્યુટર | -- |
| ૪ | હિસાબી અધિકારી | -- |
| ૫ | મામલતદાર | ૦૧ |
| ૬ | વહીવટી અધિકારી | -- |
| ૭ | મોટર વાહન નિરીક્ષક | ૦૭ |
| ૮ | સહાયક મોટર વાહન નિરીક્ષક | ૧૦ |
| ૯ | જનસંપર્ક અધિકારી | ૦૩ |
| ૧૦ | હેડ ક્લાર્ક | ૧૧ |
| ૧૧ | સીનીયર ક્લાર્ક-સબ એકા. | ૨૩ |
| ૧૨ | જુનિયર ક્લાર્ક | ૫૮ |
| ૧૩ | ક્લાર્ક કમ ટાઈપીસ્ટ | ૦૫ |
| ૧૪ | ટાઈપીસ્ટ | -- |

| | | |
|---|---|---|
| ૧૫ | હિસાબનીશ | ૦૨ |
| ૧૬ | સબ ઓડિટર | ૦૫ |
| ૧૭ | સ્ટેનો ગ્રેડ–૨ | ૦૧ |
| ૧૮ | સંશોધન મદદનીશ | ૦૧ |
| ૧૯ | આંકડા મદદનીશ | ૦૧ |
| ૨૦ | સર્કલ ઓફીસર | ૦૧ |
| ૨૧ | ડ્રાઈવર | –– |
| ૨૨ | નાયક | ૦૪ |
| ૨૩ | પટાવાળા | ૧૭ |
| ૨૪ | વોચમેન | –– |
| | કુલઃ | ૧૫૧ |

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમ મારફતે માનનીય મંત્રીશ્રીને એ પૂછવા માગું છું કે, અમદાવાદ આર.ટી.ઓ. કચેરી ખાતે ખાલી જગ્યા ઉપર કામગીરી માટેની કોઇ વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવેલ છે કે કેમ? બીજુ મહત્વના સંવર્ગોની ખાલી જગ્યાઓ ભરવા માટે સરકારે શું વિચારણા કરી છે અને આ જગ્યાઓ ખાલી રહેવાના કારણે સરકારની લાયસન્સ, રજીસ્ટ્રેશન જેવી કામગીરી ઉપર તેમજ આવકની કામગીરી ઉપર શું અસર પડી છે?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી :માનનીય અધ્યક્ષશ્રી, મોટાભાગની જગ્યાઓ અહીંયા ભરેલી છે અને ખાસ કરીને જુનિયર કલાર્ક કક્ષાની જે જગ્યાઓ છે એ થોડી વધારે ખાલી છે. એક એ.આર.ટી.ઓ.ની જે જગ્યા છે ત્યાં અમે ઇન્સ્પેક્ટરને ચાર્જ આપીને વૈકલ્પિક વ્યવસ્થા કરેલી છે. બીજુ હિસાબી અધિકારીને પણ ચાર્જ આપવામાં આવેલ છે. બાકી મોટાભાગની જગ્યાઓ ભરેલી છે. બીજો પ્રશ્ન એમણે પૂછ્યો કે જગ્યાઓ ભરવા માટેની શું વ્યવસ્થા કે કાર્યવાહી કરી છે તો એમાં ૨૩ જેટલી એ.આર.ટી.ઓ. ની વર્ગ–૨ ની બઢતી માટેની ફાઇલ મૂવમેન્ટમાં છે અને એ કાર્યવાહી બહુ ઝડપથી પૂર્ણ થશે. ઇન્સ્પેક્ટરની નવી ભરતી માટે ૧૦૦ જેટલી જગ્યાઓ ભરવા માટે તારીખ ૨૨–૪–૧૩ થી ૧૦ વરસનું કેલેન્ડર બનાવેલ છે એ પણ ભરતીની પ્રક્રિયા ચાલુ જ છે. ખાસ કરીને આસી. ઇન્સ્પેક્ટર માટેની ૧૨૦ જગ્યાઓ જે નવી ભરવાની છે એ પણ કાર્યવાહી ચાલુ છે છેલ્લો એક પ્રશ્ન એમનો બાકી રહી ગયો છે આનાથી આવકમાં કોઇ ઘટાડો થયો છે કે કેમ તો આવકમાં કોઇ ઘટાડો થયો નથી વાહનોના રજીસ્ટ્રેશન ૩ લાખ ૪૯ હજાર થયા છે અને લાયસન્સ પણ પૂરા થઇ ગયા છે.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ૧૯૮૯થી આ જગ્યાઓ ભરવામાં આવતી નથી એટલે કે છેલ્લાં ૨૪ વરસથી ભરવામાં આવી નથી લગભગ ૮૯ જેટલી જગ્યાઓ ખાલી છે. અત્યારે આર.ટી.ઓ. કચેરીમાં લાંબી લાંબી લાઇનો લાગે છે અને લોકોને ખૂબજ તકલીફ પડે છે. એકબાજુ યુવાનોની બેકારીની આપણે વાત કરીએ છીએ. જેમ બને તેમ જલ્દી આ જગ્યાઓ ભરવા માગો છો કે કેમ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી :માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીના માયાળુ ધ્યાન પર એ બાબત હું મૂકું કે લાઇનો લાગતી હતી એ દિવસો ગયા એ પહેલાંની વાત છે. ત્યાં આગળ કોઇપણ ગ્રાહકને લાયસન્સ માટે આવવું પડે, રજીસ્ટ્રેશન માટે આવવું પડે એના માટે અમે એપોઇન્ટમેન્ટ નક્કી કરીએ છીએ ફોનથી, એસ.એમ.એસ. થી જાણ કરીએ છીએ અને બેસવા માટે એરપોર્ટ ઉપર જે રીતે બેસવાની વ્યવસ્થા હોય એવી વ્યવસ્થા કરેલી છે.

શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આર.ટી.ઓ. દ્વારા હાઇ સિક્યોરિટી નંબર પ્લેટો લગાવવામાં આવે છે એની કામગીરી કયા મહેકમ દ્વારા કરવામાં આવે છે અને ક્યારથી આ કામગીરી શરૂ કરવામાં આવી અને આજસુધી કેટલી લગાવવામાં આવી?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી :માનનીય અધ્યક્ષશ્રી, હાઇ સિક્યોરિટી નંબર પ્લેટ આઉટ સોર્સથી લગાડવામાં આવે છે અને લગભગ ત્રણેક જેટલી જે આવ્યા ના હોય તેટલી જ બાકી છે બાકીની બધી પ્લેટો લગાવી દેવામાં આવી છે.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : અમદાવાદ આર.ટી.ઓ. માં કુલ મહેકમ ૨૪૦નું મંજૂર થયેલું છે એમાં ભરેલી જગ્યા ૧૫૧ બાકીની જે જગ્યાઓ ખાલી રહી છે એની અંદર જુનિયર કલાર્કની ૫૨ (બાવન) જગ્યાઓ ખાલી છે બહેને વાત કરી એ પ્રમાણે શિક્ષિત બેરોજગારોની એકબાજુ વણઝાર લાંબી થતી જાય છે આટલા વખતથી આ જગ્યાઓ ભરાતી નથી રાજ્યની આવકનું મોટામાં મોટું ખાતું હોય તો એ આર.ટી.ઓ. છે તો આ જગ્યાઓ જે ખાલી પડેલી છે એ કેટલા સમયની અંદર ભરવા માગો છો?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી :માનનીય અધ્યક્ષશ્રી, સ્પેસિફિક પ્રશ્ન એમણે જુનિયર કલાર્કનો પૂછ્યો છે તો જુનિયર કલાર્કની જગ્યાઓ બાવન જેટલી ખાલી છે. ૨૪૦ જગ્યાઓમાંથી ૧૫૧ જગ્યાઓ ભરેલી છે. ૫૨ જેટલી જગ્યાઓ જુનિયર કલાર્કની જે જગ્યાઓ ભરવા માટે અત્યારે ગૌણ સેવા પસંદગી મંડળની અંદર સીધી ભરતીથી ભરવા માટેની પ્રક્રિયા ચાલુ છે. આના કારણે કોઇપણ કામગીરીની અંદર સહેજપણ પ્રકારની રૂકાવટ આવી નથી.

શ્રી ભુષણ અ. ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગુ છું કે, અમદાવાદ આર.ટી.ઓ.માં હાલની સ્થિતિમાં મહેકમના છેલ્લા બે વર્ષમાં સ્માર્ટકાર્ડ રજિસ્ટ્રેશન સર્ટીફિકેટ આપવાની કામગીરી શું સ્થિતિમાં છે ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, સ્માર્ટકાર્ડ રજિસ્ટ્રેશન કાર્ડ જે આપવાના છે તે ગત વર્ષે જે આપ્યા હતા તેની સંખ્યા ૨,૫૮,૯૫૧ હતી. આ વર્ષે અત્યાર સુધીનો જે સમયગાળો છે તેમાં કહીએ તો ૧,૬૩,૦૩૫ જેટલા સ્માર્ટકાર્ડ આટલા સમયની અંદર જ આપણે પૂર્ણ કર્યા છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, જે આ ૫૨ જુનિયર કલાર્કની જગ્યા છે તે છેલ્લા કેટલા સમયથી એટલે કે છ મહિના, બાર મહિના, બે વર્ષ કયારથી ખાલી છે ? ડ્રાયવર, પટાવાળા અને વોચમેનની જે જગ્યાઓ છે તે છ મહિના, એક વર્ષ કે બે વર્ષમાં એટલે તે કેટલા સમયથી ખાલી છે ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, બધી જગ્યાઓ એકી સાથે ખાલી નથી થતી હોતી અલગ અલગ સમયના અંતરે ખાલી થઇ છે. કેટલીક કદાચ છ મહિના પહેલાંની હશે તો કેટલીક કદાચ હમણાં રિટાયર્ડ થયેલા હશે તેની પણ હશે.

અધ્યક્ષશ્રી : વધુમાં વધુ કેટલા સમયથી ખાલી હશે ? વર્ષથી દોઢ વર્ષથી ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, એકાદ વર્ષ કે એટલો સમય કેટલીક જગ્યાઓ માટે થયેલો છે બાકી મોટાભાગની જગ્યાઓ હમણાં જ ખાલી થયેલી છે.

શ્રી રજનીકાન્ત મો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગુ છું કે, આર.ટી.ઓ.કચેરીઓમાં એજન્ટની જે અગાઉ પ્રથા હતી તે બાબતે હાલમાં શું સ્થિતિ છે ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ હતી તે પ્રથાઓ નાબૂદ થઇ છે. અત્યારે બધી વ્યવસ્થા પોતે ગ્રાહક વન વિન્ડો સીસ્ટમ રાખી છે. ગ્રાહક પોતે ત્યાં આગળ આવીને ઉભો રહે એટલે તેની બધી સમસ્યાનો ઉકેલ એક જ જગ્યાએથી કરવામાં આવે છે. દા.ત. તેનું લાયસન્સ લેવાનું હોય તો પણ એક વખત ટ્રેક ઉપર આવી અને ટેસ્ટ આપી દીધો તો સામે ચાલીને પત્ર લખીને તેને બાય કુરિયર અમે લાયસન્સ તેને જાતે પહોંચતુ કરીએ છીએ આમાં વચ્ચે ટિયાને કોઇને રાખ્યો નથી.

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રી, આપને સૂચના કે આ તમે ત્રણ કોઠાઓમાં જુદો જુદો જવાબ આપ્યો છે તે જવાબ એક જ કોઠામાં થઇ શકે. બહુ લાંબા જવાબો થશે તો અમે કાઢી નાંખીશુ. આ તમારો જવાબ છે તે દોઢ

પાનાનો છે એટલે તમે ધ્યાન રાખજો. તમારા બધા વાહન–વ્યવહારના જવાબ છે તેમાં કુલ જગ્યા કેટલી, ભરેલી કેટલી અને ખાલી કેટલી તે બધુ એક જ લાઇનની અંદર આપી દેવાય, તેના બદલે તમે ત્રણ કોઠામાં જવાબ આપ્યો.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, એક જ કોઠામાં ભરવા માટે હું વિભાગને સૂચના આપીશ.

અધ્યક્ષશ્રી : બરાબર.

રાજકોટ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ તપાસેલ બાળકોની સંખ્યા

* ૧૦૮૨૨ શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ–ગ્રામ્ય) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં તાલુકાવાર શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત કેટલા બાળકોની તપાસ કરવામાં આવી, | (૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત કુલ ૧૧,૭૧,૧૭૧ બાળકોની તપાસ કરવામાં આવી. તાલુકાવાર વિગતો સામેલ પત્રક–અ મુજબની છે. |
| (૨) તેમાં તેઓને કઈ કઈ બિમારીઓ જોવા મળી, | (૨) તેમાં બાળકોને પાંડુરોગ, આંત્રકૃમિ, દાંતની તકલીફ, આંખની તકલીફ, કાન–નાક–ગળાની તકલીફ, પેટની તકલીફ, ચામડીના રોગ, જાતીય રોગો, શ્વસનતંત્રના રોગો, ચેતાતંત્રના રોગો, અસ્થિતંત્રના રોગો, વિકલાંગતા તેમજ હૃદય, કીડની, કેન્સર જેવી બિમારીઓ જોવા મળી. |
| (૩) તે પૈકી કેટલા બાળકોને હૃદયરોગની સારવાર માટે રીફર કરવામાં આવ્યા, અને | (૩) તે પૈકી બે વર્ષમાં કુલ ૫૦૦ બાળકોને હૃદયરોગની બિમારી સબબ યુ.એન.મહેતા ઈન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડીયોલોજી અમદાવાદ ખાતે વધુ સારવાર અર્થે રીફર કરવામાં આવ્યા. |
| (૪) કેટલા બાળકોને ચશ્મા આપવામાં આવ્યા ? | (૪) બે વર્ષમાં કુલ ૧૧૫૮૧ બાળકોને ચશ્મા આપવામાં આવ્યા. |

પત્રક–અ

| | | તપાસેલ બાળકો | | |
|---|---|---|---|---|
| ક્રમ | તાલુકાનું નામ | ૧–૪–૨૦૧૨થી ૩૧–૩–૨૦૧૩ | ૧–૪–૨૦૧૩થી ૩૧–૩–૨૦૧૪ | કુલ |
| ૧ | લોધિકા | ૧૨૩૪૨ | ૧૩૫૧૩ | ૨૫૮૫૫ |
| ૨ | પડધરી | ૨૦૪૭૪ | ૨૨૧૮૭ | ૪૨૬૬૧ |
| ૩ | રાજકોટ | ૫૩૩૩૭ | ૫૬૫૫૧ | ૧૦૯૮૮૮ |
| ૪ | માળિયા મિયાણાં | ૧૬૨૮૩ | ૧૫૯૪૯ | ૩૨૨૩૨ |
| ૫ | મોરબી | ૮૧૭૨૫ | ૮૮૦૧૫ | ૧૬૯૭૪૦ |
| ૬ | ટંકારા | ૨૩૮૧૧ | ૨૦૭૮૩ | ૪૪૫૯૪ |
| ૭ | વાંકાનેર | ૬૨૫૯૬ | ૫૮૫૫૯ | ૧૨૧૧૫૫ |
| ૮ | ધોરાજી | ૩૬૫૪૦ | ૩૭૮૧૫ | ૭૪૩૫૫ |
| ૯ | ઉપલેટા | ૪૩૬૫૭ | ૪૦૮૨૪ | ૮૪૪૮૧ |
| ૧૦ | ગોંડલ | ૫૯૯૪૯ | ૬૦૦૬૪ | ૧૨૦૦૧૩ |
| ૧૧ | કોટડા સાંગાણી | ૨૧૫૮૦ | ૨૧૮૫૨ | ૪૩૪૩૨ |
| ૧૨ | જસદણ | ૭૬૪૯૨ | ૮૪૮૩૬ | ૧૬૧૩૨૮ |
| ૧૩ | જામકંડોરણા | ૨૦૮૮૯ | ૧૯૦૧૦ | ૩૯૮૯૯ |
| ૧૪ | જેતપુર | ૫૨૪૪૪ | ૪૯૦૯૪ | ૧૦૧૫૩૮ |
| | કુલ | ૫૮૨૧૧૯ | ૫૮૯૦૫૨ | ૧૧૭૧૧૭૧ |

શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, આ શાળા આરોગ્યની તપાસણીનો કાર્યક્રમ છે તે કયારથી ચાલુ થયો? તેમજ તે ટીમમાં કોણ કોણ હોય છે? અને રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૧૩–૧૪માં કુલ કેટલી શાળાઓમાં આ તપાસણીનો કાર્યક્રમ કરવામાં આવ્યો?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ ૧૯૯૮થી ચાલુ થયો. શાળા કક્ષાએ આરોગ્ય વર્કર, આંગણવાડી વર્કર, આશા વર્કર, જે તે શાળાના વર્ગ શિક્ષક,ઇન્ટર્ન ડોકટર, આયુષ ડોકટર અને વોલેન્ટીયરને આપણે આની અંદર રાખીએ છીએ. માનનીય ભાનુબહેને ત્રીજો પ્રશ્ન જે પૂછયો તેમાં કેટલી શાળાઓમાં? તો ૧૮૫૪ જેટલી પ્રાથમિક શાળાઓ, ૪૪૦ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ, આંગણવાડીઓની અંદર પણ ૧૯૩૬ તેમ કુલ મળીને ૪૨૩૬ જેટલી જગ્યાએ શાળા તપાસણી કાર્યક્રમ થયો છે.

શ્રી મેઘજીભાઇ અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, કલપ ફૂટ બિમારી એ શું છે ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, કલપ ફૂટ બિમારી એ એક જન્મતાની સાથે જ બાળકનો પગ એડીથી વળેલો હોય છે અને એ વિચિત્ર પ્રકારની જીનેટીક સમસ્યા છે અને પગ પાછળથી વળી જતો હોય છે, અને આ યોજનામાં પહેલાં શાળા આરોગ્ય તપાસણીમાં હતું નહીં પણ ગત વર્ષથી આ બિમારીને પણ આવરી લીધી છે.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, શાળા આરોગ્ય કાર્યક્રમ નીચે કઇ વય જૂથના બાળકોને સારવાર આપવામાં આવે છે, છેલ્લા એક વર્ષની અંદર કોઇ નવી બાબતો સમાવવામાં આવી છે કે કેમ, અને જો આ નવી બાબતો સમાવવામાં આવી હોય તો રાજકોટની અંદર આવા કેટલા બાળકોને સારવાર આપવામાં આવી છે?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, છ વર્ષથી કરીને અઢાર વર્ષની વયજૂથના બાળકોને શાળા આરોગ્ય તપાસણી અંતર્ગત સમાવવામાં આવ્યા છે. બીજા પ્રશ્નની માનનીય સભ્યશ્રીએ જે વાત કરી તો પહેલાં હૃદય રોગ, કીડની અને કેન્સર જેવી બિમારીવાળા વિદ્યાર્થીઓને એની અંદર ટ્રીટમેન્ટ આપવામાં આવતી હતી પરંતુ હવે નવી જે બાબતોનો સમાવેશ કરવામાં આવી છે એમાં Coclear implant, બહેરાશ જે જન્મજાત બાળકની અંદર હોય તો એને પણ ટ્રીટમેન્ટ આપવામાં આવે છે, Liver Transplant કરવાનું હોય તો એનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે અને કલપફૂટની સારવારનો આમાં સમાવેશ કરવામાં આવ્યો છે. રાજકોટ જિલ્લાની અંદર નવી જે બિમારીઓની વાત કરી એમાં ૪૭૯ વિદ્યાર્થીઓને આ જે ત્રણ બિમારીઓ જે મેં કહી એની અંદર અને એ સિવાયના લીવર, કેન્સર એની અંદર ઘણી મોટી સંખ્યાની અંદર સારવાર આપી છે.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, જયારે શાળા આરોગ્ય તપાસણી થાય ત્યારે જે બાળકને જે કોઇ રોગ માલૂમ પડે એનું સર્ટિફિકેટ ત્યાં તાત્કાલિક આપવામાં આવતું નથી અને જિલ્લા આરોગ્ય અધિકારી જયારે સર્ટિફિકેટ આપે છે ત્યાર બાદ જ એને બીજી હોસ્પિટલમાં રીફર કરવામાં આવે છે તો સ્થળ ઉપર જ આવું સર્ટિફિકેટ આપવા માગો છો કે કેમ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, એમાં બે પ્રકારના કાર્ડ આપવામાં આવે છે એક સંદર્ભ કાર્ડ અને બીજુ શાળા હેલ્થ કાર્ડ . સંદર્ભ કાર્ડ કોઇપણ વિદ્યાર્થીને ત્યાં ટ્રીટમેન્ટ આપ્યા કરતાં કોઇ સ્પેશીયાલિસ્ટ ડોકટર પાસે એને જયારે સારવાર લેવા જવું પડે તો સંદર્ભ કાર્ડ ત્યાંથી તાત્કાલિક આપે છે અને હેલ્થ કાર્ડ છે એ દરેક વિદ્યાર્થી પાસે એ હેલ્થકાર્ડ રહે એ માટે એ તૈયાર કરીને પાછળથી આપવામાં આવે છે.

## ડાંગ આહવા આર.ટી.ઓ. કચેરીનું મંજૂર થયેલ મહેકમ

* ૧૦૭૭૫ શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ ડાંગ–આહવા આર.ટી.ઓ. કચેરીનું સંવર્ગવાર મંજુર મહેકમ કેટલું છે,

(૨) ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) કેટલી ભરાયેલ છે ?

**જવાબ**

(૧) તા. ૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ ડાંગ–આહવા આર.ટી.ઓ. કચેરીનું સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ નીચે પ્રમાણે છે.

| અ.નં. | સંવર્ગનું નામ | મંજુર થયેલ મહેકમ |
|---|---|---|
| ૧ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૧ |
| ૨ | સહાયક મોટર વાહન નિરીક્ષક | ૦૨ |
| ૩ | હેટ ક્લાર્ક | ૦૧ |
| ૪ | સીનીયર ક્લાર્ક–સબ એકા. | ૦૧ |
| ૫ | જુનિયર ક્લાર્ક | ૦૪ |
| | કુલઃ | ૦૯ |

(૨) ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર ખાલી જગ્યાઓ નીચે મુજબ છે.

| અ.નં. | સંવર્ગનું નામ | મંજુર થયેલ મહેકમ |
|---|---|---|
| ૧ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૧ |
| ૨ | સહાયક મોટર વાહન નિરીક્ષક | ૦૨ |
| ૩ | હેડ ક્લાર્ક | –– |
| ૪ | સીનીયર ક્લાર્ક–સબ એકા. | ૦૧ |
| ૫ | જુનિયર ક્લાર્ક | ૦૩ |
| | કુલઃ | ૦૭ |

(૩) ભરાયેલ જગ્યાઓની વિગતો નીચે પ્રમાણે છે.

| અ.નં. | સંવર્ગનું નામ | મંજુર થયેલ મહેકમ |
|---|---|---|
| ૧ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | –– |
| ૨ | સહાયક મોટર વાહન નિરીક્ષક | –– |
| ૩ | હેડ ક્લાર્ક | ૦૧ |
| ૪ | સીનીયર ક્લાર્ક–સબ એકા. | –– |
| ૫ | જુનિયર ક્લાર્ક | ૦૧ |
| | કુલઃ | ૦૨ |

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, ડાંગ જિલ્લાની આર.ટી.ઓ. કચેરી કયારથી કાર્યરત થઇ અને આ કચેરી કાર્યરત થઇ તે પહેલાં શું વ્યવસ્થા હતી?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, ડાંગ જિલ્લો નવો જિલ્લો બન્યો એટલે પહેલાં જૂના જિલ્લાની અંદર વલસાડ જિલ્લાની અંદર એ ચાલતી હતી. તા. ૨૫–૧–૨૦૧૩થી આ નવી કચેરી ચાલુ થઇ એ પહેલાં જૂના જિલ્લામાં હતી.

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, ડાંગ જિલ્લામાં નવી કચેરી કાર્યરત થવાના કારણે નવું મહેકમ મંજૂર થતાં અગાઉ કરતાં નવા વાહનોની નોંધણી તેમજ આવકમાં કોઇ વધારો થયો છે કે કેમ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૩-૦૪ના આંકડા મારી પાસે છે એમાં વાહનોની નોંધણી જે હતી, એમાં ૨૭૯ હતી અને ૨૦૧૨-૧૩ની અંદર ૨૭૯માંથી ૨૩૩૬ જેટલી નવા વાહનોની નોંધણી થઇ છે. ડાંગ જિલ્લામાં ઘણી બધી સંખ્યામાં વધારો થયો છે.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપવા માગું છું કે, ..

અધ્યક્ષશ્રીઃ અભિનંદન નહીં, પ્રશ્ન પૂછો.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે, ડાંગ જિલ્લામાં નવું મહેકમ મંજૂર કરવાથી જે હાઇ સીક્યુરીટી નંબર પ્લેટ લગાવવાની છે એની કામગીરીની સ્થિતિ શું છે?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હાઇ સીક્યુરીટી નંબર પ્લેટ છે એ ૩૪૨૭ જેટલી નંબર પ્લેટો તૈયાર કરવામાં આવી છે તે પૈકી ૩૧૦૨ જેટલી નંબર પ્લેટો આપી...

અધ્યક્ષશ્રી : પ્રશ્ન જ અલગ છે મહેકમના પ્રશ્નમાં આ ના આવે.

શ્રી શૈલેષ મ. પરમાર : તેમણે જવાબમાં કહ્યું છે કે ૩૦૦ થી કંઇક વધારે વાહનોનો આ ડાંગ જિલ્લામાં સમાવેશ થયો છે. તો એમાં કેટલા ટુ વ્હીલર, ફોર વ્હીલર અને હેવી ડયુટી વાહનોનો એમાં સમાવેશ થાય છે?

અધ્યક્ષશ્રી : એમાં વાહનોનું ડિસ્ટ્રીબ્યુશન ના હોય. આ તો ફકત સંવર્ગને લગતો સવાલ છે.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની જગ્યા ૧ છે અને સહાયક મોટર વાહન નિરીક્ષકની જગ્યા ૨ છે, પરંતુ આમાંથી એકપણ જગ્યા ભરાયેલી નથી. એટલે આ ડાંગ-આહવાની આર.ટી.ઓ.ની કચેરી એ આર.ટી.ઓ. ઇન્સપેકટર અને સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી વિના ચાલતી હોય એવું લાગે છે. હેડ કલાર્કની જગ્યા પણ ભરાયેલ નથી. તો આ જગ્યાઓ કયારે ભરવામાં આવશે?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : ઇન્સપેકટરમાં તો જૂના જિલ્લામાંથી અત્યારે ચાર્જમાં છે એ અત્યારે ત્યાં કાર્યરત છે અને એક સહાયક મોટર વાહન નિરીક્ષક છે અને નવી ભરતી થઇ છે એમાં તાલીમ માટે એક આસીસ્ટન્ટ અને એક ઇન્સપેકટર ત્યાં મૂકેલા છે. એટલે ચાર લોકોનો ત્યાં સ્ટાફ છે. એટલે માનનીય સભ્યશ્રીની ચિંતા છે તો ચારનો સ્ટાફ આજે પણ ત્યાં કાર્યરત છે.

શ્રી પૂર્ણેશકુમાર ઈ. મોદી : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગું છું કે ડાંગ જિલ્લામાં ૨૦૧૩ અને ૨૦૧૪ માં કેટલાં ડ્રાઇવિંગ લાયસન્સ અને કેટલાં સ્માર્ટ કાર્ડ બન્યા અને કેટલાં વાહનોનું રજીસ્ટ્રેશન થયેલ છે?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, ડ્રાઇવિંગ લાયસન્સ...

અધ્યક્ષશ્રી : આમાં લાયસન્સનો સવાલ નથી, આ સંવર્ગનો જ સવાલ છે. એમાં લાયસન્સ અને આવક પૂછો એ ના ચાલે.સંવર્ગને લગતી કોઇ બાબત હોય તો પૂછો.

શ્રી મંગળભાઇ ગં. ગાવિત : માનનીય અધ્યક્ષશ્રી, આ ડાંગ જિલ્લાની આર.ટી.ઓ. કચેરી વર્ષોથી કાર્યરત છે. હાલના જવાબમાં સહાયક વાહન વ્યવહાર અધિકારી અને મદદનીશ વાહન વ્યવહાર અધિકારી એ બે જગ્યામાંથી એકપણ જગ્યા ભરાયેલી નથી. તો આ તો પહેલી જ વખત સાંભળ્યું છે કે કોઇપણ જે શાખા છે એ અધિકારી વિના ચાલે છે. આવું તો પહેલી જ વખત આ જાણવામાં આવ્યું છે. મારો બીજો પ્રશ્ન એ છે કે ડાંગ જિલ્લામાં વઘાઇ ખાતે આર.ટી.ઓ. કચેરી ચાલુ કરી એને બે વર્ષ થયાં. જૂનાં વાહનોનું વલસાડ ખાતે રજીસ્ટ્રેશન કરતા હતા અને એની એન.ઓ.સી. લેવા માટે વલસાડ જવું પડે છે. તો મારી વિનંતી છે કે ડાંગ જિલ્લામાં આ આર.ટી.ઓ. કચેરી શરૂ કરવામાં આવી છે તો ત્યાં ને ત્યાં જ એન.ઓ.સી. માટેની અને ત્યાં જ આ લાભાર્થીઓ માટેની વ્યવસ્થા થાય એવું કરવા માગે છે?

અધ્યક્ષશ્રી :પહેલા પ્રશ્નનો એન.ઓ.સી. બાબતનો જ જવાબ આપો. જે રિલેવન્ટ ના હોય એનો જવાબ ના આપો.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : એમનું સૂચન છે એ પોઝિટીવ રીતે વિચારીશું.

તા. ૧૬મી જુલાઇ, ૨૦૧૪
તારાંકિત પ્રશ્નો

જામનગરની જી. જી. હોસ્પીટલમાં કેન્સર વિભાગનું નવીનીકરણ અંગે

* ૧૧૯૪૩ શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગરની જી. જી. હોસ્પિટલમાં કેન્સર વિભાગના નવીનીકરણ અને અધતન સાધનો સાથેની ભારત સરકારશ્રીની ગ્રાન્ટની સહાયથી આ કામગીરી ચાલુ હોવા છતાં તા. ૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ પણ પૂર્ણ થઈ નથી તે હકીકત સાચી છે, | (૧) ના, જી. પ્રશ્નવાળુ કામ ભારત સરકારશ્રીની ગ્રાન્ટનું નથી. |
| (૨) જો હા, તો આ મહત્વની કામગીરી પૂર્ણ ન થવાના શાં કારણો છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે આ જી.જી.હોસ્પિટલના કેન્સર વિભાગના નવીનીકરણનું કામ કઇ યોજનાથી ચાલે છે, આ યોજનાનું કુલ ખર્ચ કેટલું છે અને છેલ્લા ર વર્ષમાં આ યોજનામાં કેટલા પૈસા ફાળવ્યા અને આ કામ કયા તબકકે છે અને કયારે પૂરૂં કરવામાં આવશે?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો જે પ્રશ્ન છે એમાં એમણે બાંધકામ માટેના ખર્ચની વાત કરી છે. એ કઇ યોજનામાંથી કરવામાં આવે છે એમ પૂછયું છે. તો આ રાજય સરકારની ગ્રાન્ટમાંથી આ યોજના ચાલે છે અને કેન્દ્ર સરકારમાંથી એના માટે એકપણ રૂપિયો આમાં મળતો નથી.

અધ્યક્ષશ્રી : કેન્દ્ર સરકારમાંથી આ યોજના કરવા માગો છો કે કેમ ?એવું કાંઇ નકકી કર્યુ છે?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : રાજય સરકારે બાંધકામ માટે ૩૬ કરોડ રૂપિયા જેટલાં પૂરાં નાણાં ફાળવ્યાં છે અને ૧૨ કરોડ રૂપિયાની સાધન સહાય માટે આમાં જોગવાઇ કરવામાં આવી છે. માર્ચ મહિનામાં આ કામ પૂરૂં થવાનું છે અને એ બિલ્ડીંગનું કામ પ મહિનામાં પૂરૂં થઇ જવાનું છે.

ડો. નીમાબેન બી. આચાર્ય : આ રેડીયોથેરાપીનું બિલ્ડીંગ કરવાનું છે એમાં જયારે એ ચાલુ થશે ત્યારે એમાં કઇ કઇ સુવિધાઓ પ્રાપ્ત થશે અને એનો કુલ ખર્ચ કેટલો આવે એવી શકયતા છે અને એમાં શું શું સુવિધાઓ પ્રાપ્ત થશે?

અધ્યક્ષશ્રી : પ્રોજેકટ આખાનો ટોટલ ખર્ચ કહો ને.

શ્રી શંકરભાઇ ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, મેં હમણાં જેમ વાત કરી એ પ્રમાણે સાધન અને જે બાંધકામ બન્ને વિષયમાં મેં કહ્યું. કેન્સર માટેની શેક લેવાની વ્યવસ્થા હોય, ઇન્ડોર પેશન્ટ માટે એકસરે અને બીજી આધુનિક સાધનોની સેવાઓ હોય, અલગ અલગ કેન્સર અને તેનું સંશોધન અને તેની સારવાર, આ બન્નેની મોટાભાગની સુવિધાઓ આ હોસ્પિટલમાં મળી રહે તે માટે, આ સૌરાષ્ટ્રની મોટામાં મોટી કેન્સર હોસ્પિટલ છે ત્યાં આ સુવિધાઓ આપણે ઉભી કરીએ છીએ.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, પહેલા પ્રશ્નના જવાબમાં જણાવ્યું છે કે ભારત સરકારની ગ્રાન્ટમાંથી આ કામ ચાલતુ નથી. રાજય સરકારે ગ્રાન્ટ ફાળવી છે. કેન્સર વિભાગમાં હાલ જે સુવિધાઓ છે તે સુવિધાઓમાં વધારો કરવા માટે અને તેને અધતન કરવા માટે ભારત સરકારની સહાય મેળવવા માગે છે કે કેમ?

અધ્યક્ષશ્રી : એમણે જવાબ આપ્યો જ છે કે આ પ્રોજેકટ ભારત સરકારની સહાયવાળો પ્રોજેકટ નથી. માનનીય મંત્રીશ્રી આપ ભારત સરકાર પાસે માગણી મૂકવા માગો છો?

શ્રી શંકરભાઇ ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પુંજાભાઇની અપેક્ષા છે, એક બી.સી.સી. નામનો પ્રોગ્રામ છે કેન્સરની સારવાર માટેનો એમાં ભારત સરકાર ૪૫ કરોડ રૂપિયા સુધીની સહાય આપે છે,

પહેલા ૬ કરોડની વાત હતી. હવે ૪૫ કરોડ રૂપિયા આપવાની સરકારે યોજના દાખલ કરી છે. અને અમે જામનગરમાંથી ત્યાં આની દરખાસ્ત કરવા માટે કહ્યું છે અને મને વિશ્વાસ છે કે ગુજરાતની આ માગણી પૂર્ણ થશે.

પંચમહાલ જિલ્લામાં પંચાયત હસ્તકના રસ્તાઓમાં નાળા રીપેર કરવા મંજૂર કરેલ રકમ

* ૧૦૮૩૭ શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ(કાલોલ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) પંચમહાલ જિલ્લામાં સન ૨૦૧૩ના ચોમાસામાં ભારે વરસાદના કારણે નુકસાન પામેલ પંચાયત હસ્તકના રસ્તાઓમાં નાળાઓ રીપેર કરવા–નવા બનાવવા સરકારે કેટલી રકમના કેટલા કામો વર્ષ ૨૦૧૩–૨૦૧૪માં મંજૂર કર્યા, અને | (૧) વર્ષ ૨૦૧૩–૧૪માં નાળા રીપેર કરવા/નવા બનાવવા રૂ઼ા. ૧૩૪૨.૮૮ લાખના ૩૭ કામો મંજુર કરવામાં આવ્યા. |
| (૨) તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ તે કામ કયા તબક્કે છે ? | (૨) ૨ નાળાના કામો પૂર્ણ, ૧૮ નાળાના કામો ટેન્ડર પ્રક્રિયા હેઠળ અને ૧૭ નાળાનાં કામો નકશા અંદાજોની પ્રક્રિયા હેઠળ. |

શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, વર્ષ ૨૦૧૩માં પંચમહાલ જિલ્લામાં ભારે વરસાદને કારણે નુકસાન પામેલા રસ્તાઓ અને નાળાઓ નવા બનાવવા માટે ૩૭ કામો મંજૂર થયેલ છે, તો હાલમાં ૩૦–૦૬–૨૦૧૪ની સ્થિતિએ આ કામોની શું પરિસ્થિતિ છે અને આ કામો કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે?

અધ્યક્ષશ્રી : બન્નેનો જવાબ છાપેલો જ છે.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ૩૦–૬–૧૪ની સ્થિતિ અંગે એમણે પ્રશ્ન પૂછ્યો છે, ભારે વરસાદના કારણે જૂન ૨૦૧૩માં પંચમહાલ જિલ્લામાં જે સ્ટ્રકચરને નુકસાન થયેલું એમાંથી ૩૭ કામો માટે ૧૩૪૨.૨૮ લાખ મંજૂર કરવામાં આવ્યા છે અને હાલની સ્થિતિએ ૯ નાળાના કામો પૂર્ણ થયેલ છે. ૧૩ કામો પ્રગતિમાં છે અને ૧૫ કામો ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે. અને ટેન્ડરની સમય મર્યાદામાં પૂર્ણ કરવાનું આયોજન છે.

શ્રી નિમિષાબેન મ. સુથાર : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, મોરવા હડફ તાલુકામાં ૨૦૧૩માં ભારે વરસાદના કારણે નુકસાન પમેલા સ્ટ્રકચર છે તે પૈકી કેટલા સ્ટ્રકચર મંજૂર કર્યા છે અને હાલની સ્થિતિ શું છે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મોરવા હડફ તાલુકામાં વર્ષ ૨૦૧૩માં ભારે વરસાદના કારણે નુકસાન પામેલ ૧ સ્ટ્રકચર છે વેન્ટેડ ડીપ ઓન કરસનપુર એપ્રોચ રોડ, આ કામ ૪ર લાખના ખર્ચે મંજૂર કરવામાં આવેલ છે અને તેની તાત્રિક મંજૂરી ૨૦–૨–૨૦૧૪ના રોજ આપવમાં આવેલી છે. અને ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરી કામ શરૂ કરવા માટે ૧૭–૬–૨૦૧૪ના રોજ ઇજારદારને વર્ક ઓર્ડર પણ આપી દીધેલ છે.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, ભારે વરસાદને કારણે નાળા તૂટી જાય છે અને રસ્તાઓ જલદી ખરાબ થઇ જાય છે તો સરકાર ચોકકસ નીતિ બનાવવા માગે છે કે જે ઠેકેદારો હોય, તેમને તાત્કાલિક ચોમાસા પછી, દંડાત્મક કાર્યવાહી કરી અને ફરીથી એ કામ શરૂ કરવા માગે છે કે કેમ?

અધ્યક્ષશ્રી : આમાં ઠેકેદારો કયાં આવ્યા? તૂટેલા હોય તે તાત્કાલિક શરૂ કરવા માગો છો કે કેમ? એનો જવાબ આપો.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ રસ્તાઓના રિપેરીંગની કામગીરી એ સતત ચાલતી પ્રક્રિયા છે અને જયારે જયારે જરૂર પડે ત્યારે વિભાગ દ્વારા સતત રિપેરીંગની કાર્યવાહી કરવામાં આવે છે. બીજુ એમનું સૂચન છે.

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : માનનીય અધ્યક્ષશ્રી હું એ જાણવા માગું છું કે ભારે વરસાદને કારણે પંચમહાલ જિલ્લામાં ટોટલ કેટલા રસ્તાઓને નુકસાન થયેલ છે અને એ રસ્તાઓ પૈકી કેટલાને મંજૂર કરવામાં આવ્યા છે અને કેટલા મંજૂર કરવાના બાકી છે. આ રસ્તાઓનાં કયારે ટેન્ડરીંગ કરવામાં આવ્યા ?

અધ્યક્ષશ્રી : વિગતવાર માહિતી ન હોય. અહીંયા જણાવેલ જ છે કે બે નાળાના કામો પૂર્ણ થયેલ છે, ૧૮ નાળાના કામો ટેન્ડર પ્રક્રિયા હેઠળ અને ૧૭ નાળાના કામો નકશા અંદાજોની પ્રક્રિયા હેઠળ છે. માનનીય જેઠાભાઇ, તમે જે પ્રશ્ન પૂછયો એનો જવાબ અંદર આપેલો જ છે.

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : પંચમહાલ જિલ્લાના ચોમાસા દરમિયાન કેટલા રસ્તાઓ તૂટી ગયા અને એમાંથી કેટલા મંજૂર કરવામાં આવ્યા?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : આ રસ્તાનો પ્રશ્ન નથી ફકત નાળાનો પ્રશ્ન છે. નાળા રિપેરીંગ અને નવા નાળા માટેનો પ્રશ્ન છે. કુલ આખા જિલ્લાના ૩૭ નાળા અને સ્ટ્રકચરોના કામો મંજૂર કર્યા છે.

શ્રી હીરાભાઇ હ. પટેલ : ભારે વરસાદના કારણે રસ્તા અને નાળા તૂટી જાય છે. પહેલા આના માટે ફલડ પ્રોટેકશન વોલ બનાવવામાં આવતી હતી તો એ અત્યારે બનાવવામાં આવે છે કે કેમ, જો આવતી હોય તો કેટલી બનાવવામાં આવી છે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : ભારે વરસાદના કારણે નુકસાન થાય ત્યારે અધિકારીશ્રીઓ એનો સર્વે કરે છે અને ત્યાં જઇને નાળું હોય , બોકસ કલવટ હોય સ્લેબ બીમ હોય એ અંગે એમનો અભિપ્રાય આવે છે એ પ્રમાણે વિભાગ નિર્ણય લે છે. જો સંરક્ષણ દિવાલનો અભિપ્રાય આવે તો એ પણ બનાવવામાં આવે છે.

શ્રી સી. કે. રાઉલજી : ૩૭ કામો મંજૂર થયા છે એમાં ગોધરા તાલુકા અને કાલોલ તાલુકામાં ૧૮ ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે. ૧૭ નકશા અંદાજોની પ્રક્રિયા હેઠળ છે. તો ગોધરા અને કાલોલ તાલુકામાં ૧૮ ટેન્ડર પ્રક્રિયા અને ૧૭ નકશા અંદાજો પ્રક્રિયામાં છે એ કેટ કેટલા કામો છે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : નાળા અને સ્ટ્રકચરોને નુકસાન થયું હોય અને એનો નીચેથી અભિપ્રાય આવ્યો હોય એમાં અલગ અલગ તાલુકાવાર અભિપ્રાય આવ્યો છે. એમાં ગોધરા અને કાલોલની વાત કરીએ તો આ બંને તાલુકામાં સામાન્ય રિપેરીંગ કરવાનું હતું એ કરી દેવામાં આવેલ છે. ત્યાં કોઇ સ્ટ્રકચર તૂટી ગયા હોય તેવી ફરિયાદ આવી નથી એટલે કામો હાથ ઉપર લીધા નથી.

### પાટણ જિલ્લામાં દિકરી યોજના હેઠળના લાભાર્થીઓ

* ૧૦૮૧૧ શ્રી નાગરજી હ. ઠાકોર(રાધનપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ જિલ્લામાં દિકરી યોજના હેઠળ તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓએ લાભ લીધેલ છે, અને | (૧) ૭ |
| (૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) રૂ. ૩૬,૦૦૦/- |

શ્રી નાગરજી હ. ઠાકોર : દીકરી યોજના દ્વારા દીકરીઓને સન્માન આપવાના હેતુ સાર્થક થયો છે. બીજો પ્રશ્ન એ છે કે દીકરી અંગે સામાજિક માનવતા બદલવા સરકાર કંઇ કરવા માગે છે કે કેમ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : દીકરી યોજનાનો મૂળ હેતુ દીકરીઓનો જન્મદર વધે એના માટેનો છે. આ યોજનાને કારણે દીકરી જે પરિવારની અંદર જન્મ લેતી હોય છે એ પરિવારને પ્રોત્સાહિત કરવા માટેની યોજના છે. બીજુ સભ્યશ્રીએ પ્રશ્ન પૂછયો છે એ બહુ અગત્યનો છે. સામાજિક માન્યતાઓ કેવી બનેલી છે દીકરી સાપનો ભારો, દીકરી પારકી થાપણ, આવી માન્યતાઓ, કેટલીક જગ્યાએ રાંદલ માતાના ગરબા હોય એમાં દીકરાનો જન્મ થાય એના માટેની માન્યતાઓ છે એને બદલવા માટે કરીને માનનીય મુખ્યમંત્રીશ્રી આનંદીબહેન પટેલે વાતમાં મૂકયું છે કે દીકરી સાપનો ભારો નહિ પણ દીકરી ઘરના આંગણાનો તુલસીનો કયારો, દીકરી કુળનું ગૌરવ આવી માન્યતાના કારણે એન્વાર્યમેન્ટ પણ બનતું હોય છે. દીકરી પણ અગત્યની છે. એને જન્મ લેવાનો અધિકાર છે અને એ આગળ આવશે તો દેશ આગળ આવશે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : છેલ્લા બે વર્ષમાં માત્ર ૭ લાભાર્થીઓએ આ યોજનાનો લાભ લીધો છે. ભૂતકાળની અંદર ગુજરાતનો દીકરા દીકરીઓનો રેશીયો છે એમાં બહુ મોટો ફરક હતો. સો દીકરાઓ સામે ૮૫ થી ૯૦ જેટલી જ દીકરીઓ હતી. તેથી લોકો આ યોજનાનો વધારેમાં વધારે લાભ લે એટલા માટે એનો પ્રચાર કરવામાં આવે કારણ કે અહીંયા આખા જિલ્લામાં માત્ર સાત જણાએ જ લાભ લીધો છે. ભૂતકાળની અંદર અત્યારના માનનીય મુખ્યમંત્રીશ્રી આનંદીબહેને એક વખત પ્રવચન આપીને દીકરીઓની સંખ્યા વધે એના માટે બહુ સારી વાત કરેલી અને સરકાર કંઇક એવું કરે, સરકાર એવો ભરોસો અપાવે કે જેમ નાગરજીભાઇએ પૂછ્યું કે સરકાર એવી પ્રવૃત્તિ કરે કે લોકો એમ કહે કે મારે તો દીકરી જન્મે. એવી વિચારણા કરવા માગો છો કે કેમ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : રાજય સરકાર તરીકે અલગ અલગ આયામો જે વિચાર્યા છે તેમાં એક એકટ છે P.C.N.– P.N.P.T.L. એકટ. તેનું સખ્તાઇથી અમલીકરણ કરવાનું પણ રાજય સરકારે શરૂ કર્યું છે બીજો આનો સૌથી સારો ઉકેલ લોકજાગૃતિનો છે. આ યોજનાની જાહેરાત તો કરીએ પરંતુ બલવંતસિંહભાઇ માં બહુચરના ભક્ત છે અને નાગરજીભાઇ માં ખોડિયારના ભક્ત છે. નાગરજીભાઇને ત્યાં દીકરાનો જન્મ થાય તો દર વર્ષે એક લાખ જેટલા, પહેલો દીકરો જન્મે તો ખોડિયાર માતાને ત્યાં આવીને ઘાણી કરતા હોય છે. આવી પરંપરા છે અને નાગરજીભાઇ એ સંસ્થાના ટ્રસ્ટી છે. તો મારી વિનંતી હતી કે ત્યાં એવું પણ કરી શકાય કે દીકરી જન્મે તો પણ ઘાણી માટેની પરંપરા ત્યાં ચાલુ થાય તો પણ હું માનું છું કે ખૂબ સારું કામ આના કારણે થઇ શકે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું પૂછવા માગું છું કે ૨૦૦૨થી ૨૦૧૪ ‘ બેટી બચાવો ’ અભિયાન અંતર્ગત માનનીય મુખ્યમંત્રીશ્રીને પણ મેં સાંભળ્યા છે. રાજયમાં ઘણો બધો પ્રયાસ કર્યો કે સ્ત્રી–પુરુષનો રેશિયો સમાન બને. ૨૦૦૧ અને ૨૦૧૧ વચ્ચે રાજય સરકારના આટલા સઘન પ્રયાસો, સુંદર વકતવ્યો છતાં રેશિયો ઘટ્યો. ૨૦૦૧માં પ્રતિ હજાર પુરુષે ૯૨૧ બહેનો હતી. ૨૦૧૧માં ત્રણ બહેનો ઘટી અને ૯૧૮ થઇ. તો આટલી સુંદર યોજનાઓ ચલાવવા છતાં પ્રતિ હજાર પુરુષે ત્રણ બહેનોની સંખ્યા ઘટવાનું મુખ્ય કારણ શું છે અને તેની સમાનતા વધારવા માટે સરકાર શું આયોજન કરવા માગે છે?

અધ્યક્ષશ્રી : એમાં મંત્રી શું જવાબ આપે. પ્રજામાં જાગૃતિ ઓછી હવે. સરકાર તો પ્રયત્ન કરે જ છે. પ્રચાર–પ્રસાર કરવાનો. સહાયતા કરે છે. યોજનાઓ આપે છે.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : આમાં પાટણ જિલ્લાનો પ્રશ્ન છે તેમાં જવાબ આપી શકું કે આમાં દીકરીનો જે જન્મદર ઘટેલો હતો તે વધીને ૯૩૫ જેટલી સંખ્યા થઇ છે. એટલે દીકરીઓના જન્મની સંખ્યા ઓછી હતી તે વધી છે.

સુરત જિલ્લાના ગોથાણ ગામ નજીક રેલ્વે ઓવરબ્રીજ બનાવવા બાબત

* ૧૦૮૪૨ શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર(બારડોલી) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લાના જહાંગીરપુરા–વરીયાવ–નવી પારડી રોડ ઉપર ગોથાણ ગામ નજીક રેલ્વે ઓવર બ્રીજ બાંધવાનું કામ મંજૂર થયેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે કામ તા. ૩૧–૦૩–૨૦૧૪ ની સ્થિતિએ કયા તબક્કે છે, | (૨) એપ્રોચ કામના ટેન્ડર મંજૂરીની પ્રક્રિયા હેઠળ છે, રેલ્વે વિભાગની હદમાં બ્રીજનું કામ રેલ્વે ઓથોરીટી મારફત કરવાનું થાય છે જેના ટેન્ડર પણ રેલ્વે દ્વારા માંગવામાં આવેલ છે. |
| (૩) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે, અને | (૩) એપ્રોચનું ટેન્ડર મંજુર થયેથી ૧૮ માસમાં પુર્ણ કરવાનું આયોજન છે. |
| (૪) તે પાછળ કેટલો ખર્ચ થવાનો અંદાજ છે ? | (૪) રૂા. ૧૩૫૬૩.૦૦ લાખનો ખર્ચ થવા સંભવ છે. |

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સુરત જિલ્લામાં જહાંગીરપુરા–વરીયાવ–નવી પારડી રોડ ઉપર ગોથાણ ગામ પાસે રેલ્વે ઓવર બ્રીજના એપ્રોચની શું પરિસ્થિતિ છે અને એ રેલ્વે બ્રીજનું કામ હાલમાં કયા તબક્કે છે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : ગોથાણ ગામ પાસેના પુલનું એપ્રોચનું કામ રૂ. ૬૫૨૪.૧૨ લાખનું તા. ૧૪–૭–૨૦૧૪ના રોજ મંજૂર કરવામાં આવેલ છે. કામના ઇજારદારને ડિપોઝીટ ભરવા માટે જણાવેલ છે. તેની ડિપોઝીટ ભરાયા પછી વર્ક ઓર્ડર આપવા માટેની કાર્યવાહી હાથ ધરાશે. રેલ્વે પુલનું કામ રેલ્વે વિભાગ દ્વારા કરવામાં આવનાર છે. તેમના દ્વારા ટેન્ડરો માગવામાં આવ્યા છે. જે તા. ૪–૭–૨૦૧૪ના રોજ ખોલવામાં આવેલ છે. જે રેલ્વે વિભાગ હેઠળ મંજૂરીની પ્રક્રિયામાં છે.

શ્રી આનંદભાઈ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો ગોથાણનો પ્રશ્ન છે એવી જ પરિસ્થિતિ કીમ અને સાયણ ફાટક પાસે છે. બે–બે, ત્રણ–ત્રણ કલાક ટ્રાફિક જામ હોય અને વારંવાર ટ્રેઇનો આવતી હોય તો આખો દિવસ બગડતો હોય તો તેમાં પણ આપ ઓવરબ્રીજ કરવા માગો છો કે કેમ અને કયારે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : આ પ્રશ્ન છે તે સુરત જિલ્લાના જહાંગીરપુરા–વરીયાવ–નવી પારડી રોડ ઉપરનો છે. તેમનો પ્રશ્ન અલગ જગ્યાનો છે. બીજો એલ.એ.કયુ. કરે તો તેનો અમે જવાબ આપીશું.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે એપ્રોચના કામમાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા શી શી કામગીરી કરવાની થાય છે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન વિભાગ દ્વારા જે કામગીરી કરવાની છે એમાં પ્રવેશ માર્ગના બાંધકામની કામગીરી જેમ પ્રવેશ માર્ગની કુલ લંબાઇ ૨૨૦૪ મીટર થાય છે, જેમાં હયાત દ્વી માર્ગીય રસ્તો ૧૧૨૦ મીટર લાંબો છે જેને ચાર માર્ગીય બનાવવામાં આવનાર છે જયારે ૧૦૮૪ મીટર લંબાઇમાં નવો ચાર માર્ગીય રસ્તો બનાવવાનો છે, જેમાં ૨૯૨ મીટર લંબાઇના સોલીડ રેમ્પ અને ૭૯૨ મીટર લંબાઇનો ફલાય ઓવર પ્રકારનો પ્રવેશ માર્ગ બનાવવાનો છે. આવો બ્રીજ બન્યા બાદ સ્થાનિક અવરજવરની જરૂરિયાત જોતા ૬૧૦ મીટરની લંબાઇના સર્વીસ રોડનું બાંધકામનું પણ કામ હાથ ધરાનાર છે.

શ્રી રાજેન્દ્રભાઇ પ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે આ પુલના કામમાં રેલવે વિભાગ દ્વારા શું કામગીરી થાય છે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ જે કામ છે એ બે પ્રકારે એક માર્ગ અને મકાન વિભાગ અને બીજુ રેલવે વિભાગ, જે બ્રિજ બનાવવાનો છે એ રેલવે વિભાગ બનાવવાનો છે. આ કામમાં રેલવેની હદમાં રેલવે પુલની કામગીરી રેલવે વિભાગ દ્વારા કરવાની થાય છે. જેમાં રેલવે દ્વારા રેલવેની હદમાં ૧૯૬ મીટર લાંબો અંદાજીત રુ. ૫૧૮૦.૭૫ લાખની રકમનો પુલ બાંધવાનો થાય છે. આ માટે મેં અગાઉ કીધું એમ રેલવે દ્વારા તાઃ૪–૭–૨૦૧૪ના રોજ ટેન્ડર ખોલવામાં આવેલ છે અને ટેન્ડર રેલવેમાં મંજૂરીની પ્રક્રિયા હેઠળ છે.

બનાસકાંઠા જિલ્લામાં સીવીલ હોસ્પીટલમાં મંજુર મહેકમ

* ૯૬૩૧ શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં આવેલ સીવીલ હોસ્પિટલમાં તા. ૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ સંવર્ગવાર કેટલું મહેકમ મંજૂર થયેલ છે,<br>(૨) મંજૂર થયેલ મહેકમ સામે કેટલી ઘટ છે, અને | (૧) અને (૨)<br>જનરલ હોસ્પિટલ પાલનપુર અને ડીસા ખાતે સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ અને ઘટની વિગતો આ સાથેના *પત્રક–૧ મુજબ છે. |
| (૩) આ ઘટ પુરવા સરકાર તરફથી કોઈ કાર્યવાહી થયેલ હોય તો તેની વિગતો શું છે. | (૩) કરેલ કાર્યવાહીની વિગતનું *પત્રક–૨ સામેલ છે. |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબની અંદર જણાવવામાં આવ્યું છે એ પ્રમાણે પાલનપુર સિવિલમાં રેડીયોલોજીસ્ટ તથા મનોરોગ ચિકિત્સકની જગ્યા કયારથી ખાલી છે, કયારે ભરવામાં આવશે, અને આ જગ્યાઓ ન ભરાય ત્યાં સુધી વૈકલ્પિક વ્યવસ્થા શું છે, બીજુ ડીસાની અંદર જિલ્લાને હળહળતો અન્યાય થયો છે. ડીસાની અંદર વર્ગ–૧ની કુલ ૧૯ જગ્યા મંજૂર થયેલી છે એમાંથી ફકત એક જ જગ્યા ભરાયેલી છે અને ડીસા સિવિલ હોસ્પિટલની અંદર તો એમ કહીએ કે એની અંદર કોઇપણ પ્રકારની સેવા ઉપલબ્ધ નથી, કર્મચારીઓ તબીબી અને તજજ્ઞોના અભાવે સદંતર ડીસા સિવિલ હોસ્પિટલ ખાલી પડી છે તો આ પ્રશ્ન સરકારશ્રી કયારે અને કેટલા સમયમાં હલ કરવા માગે છે?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, પહેલો જે પ્રશ્ન માનનીય સભ્યશ્રીએ પૂછયો પાલનપુરની અંદર તો રેડિયોલોજીસ્ટની જગ્યા હમણા છેલ્લા એમણે રાજીનામું આપ્યું અને લગભગ ગણતરીના મહિનાઓ જ થયા છે એના કારણે ખાલી છે. બીજો પ્રશ્નમાં કહ્યું પણ ડીસા સિવિલ હોસ્પિટલની અંદર પણ જગ્યાઓ ખાલી છે એ રેગ્યુલર મહેકમ હતું એના કારણે એમાં રેગ્યુલર મહેકમમાં ન હોવાને કારણે તાત્કાલિક ડોકટરો અવેલેબલ ન થયા, તો અમે સી.એમ. સેતુ અંતરગત ઓર્થોપેડિક સર્જન, ઇ એન્ડ ટી સર્જન, Ophthalmologist, Paediatrician, Anaesthetist, physician, psychiatrist આ બધી જગ્યાઓ અત્યારે સી.એમ. સેતુ અંતર્ગત ભરી છે. બીજુ મારે પણ માનનીય સભ્યશ્રીના ધ્યાન પર મૂકું કે પહેલા આ હોસ્પિટલ નાની હતી, હવે એને અપગ્રેડ કરી છે એટલે સીધી ૧૫૦ બેડની હોસ્પિટલ બનાવી છે એટલે એક સાથે મહેકમ વધ્યું છે એના કારણે આ સંખ્યાનો જે મહેકમમાં વધારો લાગે છે અને ભરતી ઓછી છે. બીજુ એમણે સીધો આક્ષેપ કર્યો કે જાણે બંધ હોય એવી વાત એમણે કરી કે તો એમાં હું માનનીય સભ્યશ્રીના ધ્યાન પર એ વાત મૂકીશ કે ડીસા હોસ્પિટલની અંદર દર વર્ષે ૧,૨૮,૨૦૭ દર્દીઓ લાભ લઇ ગયા છે અને હું એ પણ વાત કરું કે રાજસ્થાન જેવા રાજયની અંદર છેલ્લા કેટલાક વર્ષોમાં સ્થિતિ આરોગ્યની કથળેલી હતી તો ત્યાંથી દર વર્ષે એક હજાર જેટલા આઉટ સ્ટેટના દર્દીઓ અહીંયા આવીને સારવાર લેતા અને છતાં પણ હું માનનીય સભ્યશ્રીના ધ્યાન પર વાત મૂકું કે ડીસાની હોસ્પિટલની અંદર પરમેનન્ટ વ્યવસ્થા કરવા માટે જેવી અવેલીબીટી ડોકટરોની પૂરી થાય એટલે તાત્કાલિક ડોકટરોની બાકી જગ્યાઓની પણ નિમણૂક કરાવી દઇશું.

શ્રી ભરતસિંહજી શં. ડાભી : હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ડીસાની હોસ્પિટલનું વિસ્તરણ ક્યારે થયું અને તેના મહેકમમાં છેલ્લે શું વધારો થયો?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : પહેલા ૧૨ બેડની હોસ્પિટલ હતી એમાંથી વધારીને ૧૮ બેડ એટલે કે ૬ બેડ વધાર્યા. ૨૦૦૨માં બીજા ૨૫ બેડનો વધારો કર્યો અને ૨૦૧૦માં ૮૭ નવા બેડ કરીને આજે કુલ ૧૩૦ બેડની સુવિધા ત્યાં ઉપલબ્ધ કરવામાં આવી છે.

શ્રી શૈલેષ મ. પરમાર : હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે પાલનપુર અને ખાસ કરીને ડીસામાં વર્ગ–૧ની કુલ ૧૯ જગ્યાઓ છે અને એ ૧૯ જગ્યાઓમાંથી ફકત સી.ડી.એમ.ઓ.ની એક જ જગ્યા ભરાયેલ છે. ફિઝિશિયનની બે, જનરલ સર્જનની જગ્યા ખાલી છે, સ્ત્રી રોગ, માનસિક રોગ, ચામડી, બાળરોગ વિગેરેના ડોકટરો કહેવાય એવા ડોકટરોની કુલ ૧૮ જગ્યાઓ ખાલી છે અને લેબોરેટરી આસિસ્ટન્ટ અને એક્સ–રે ટેકનીશિયનની જગ્યા મળીને કુલ ૧૮૩ જગ્યાઓમાંથી ૧૦૬ જગ્યાઓ ખાલી છે. જે ભરાયેલ છે એ વર્ગ–૪ની જગ્યાઓ ભરાયેલ છે. મારે જાણવું છે કે હોસ્પિટલમાં બહારના રાજયના દર્દીઓ આવતા હતા, પથારીની વ્યવસ્થા છે, એક લાખ ઉપરાંતના દર્દીઓને તપાસ્યા તો જ્યાં ડોકટર નથી, સર્જનથી માંડીને કોઇ ડોકટર નથી તો આ કેટલા વર્ષથી જગ્યાઓ ખાલી છે? છ માસ, એક વર્ષ એમ કેટલા સમયથી આ જગ્યા ખાલી છે? સરકાર સમયમર્યાદામાં સત્વરે બે–ત્રણ કે છ મહિનામાં આ જગ્યાઓ ભરવા માગે છે કે કેમ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : મારા પહેલા પ્રશ્નના જવાબમાં મેં કહ્યું કે સી.એમ. સેતુ અંતર્ગત જગ્યાઓ

ભરાયેલ છે. બીજી વાત કરી કે સ્કીન સ્પેશિયાલિસ્ટ નથી. ડીસામાં માત્ર સ્કીન સ્પેશિયાલિસ્ટ નહીં પણ ડર્મેટોલોજીસ્ટ હોય છે જે ખાસ કરીને વાળ, ચામડી, નખ એની સારવાર માટેના ડોકટરની સુવિધા સી.એમ.સેતુ યોજના હેઠળ પૂરી પાડીએ છીએ. જી.પી.એસ.સી. દ્વારા ભરતી પ્રક્રિયા ચાલુ કરી છે અને દર અઠવાડિયે અહીંયા ઇન્ટર્વ્યુ માટે બોલાવતા હોઇએ છીએ અને જે ડોકટરો આવે એમાં સૌથી વધુ હાઇ પ્રાયોરિટી તાલુકા ગણાય છે એમાં એનો સમાવેશ કરીને એ ડોકટરો ભરવામાં આવશે.

શ્રી શૈલેષ મ. પરમાર : મારો સ્પેસિફિક સવાલ હતો. એમણે જે રીતે વાત કરી કે ચામડીના રોગોના ડોકટર આવે છે. મેં માનનીય મંત્રીશ્રીને પૂછ્યું હતું કે જ્યાં ફિઝિશિયન જોઇએ, પહેલી જરૂર ફિઝિશિયનની પડે છે. ફિઝિશિયન નક્કી કરતા હોય છે કે કયો રોગ થયો છે અને ત્યારબાદ દર્દી ટ્રાન્સફર થતો હોય છે. જનરલ સર્જન અને સ્ત્રી રોગના ડોકટર નથી. મુખ્ય ચાર ડોકટર કહેવાય એ ડોકટર જ નથી.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : ફિઝિશિયન ત્યાં અવેલેબલ છે. હું કહું છું કે સી.એમ.સેતુમાં ફિઝિશિયન ત્યાં છે.

શ્રી ધારશીભાઇ લ. ખાનપુરા : માનનીય અધ્યક્ષશ્રી, જે મહેકમ ખૂટતું હોય એ કયા સ્ટેજ ઉપરથી ભરાશે એ આપણે સમજીએ પણ દર્દી સમજતો નથી. એને તો રેગ્યુલર સારવાર મળે છે કે નહીં તે જ જોવાનું હોય છે. તો રેગ્યુલર સારવાર મળે એવું કરવા માગો છો કે કેમ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય સભ્યશ્રી ધારશીભાઇની જે રજૂઆત છે એ બરાબર છે કે દર્દીને ટપ ટપથી મતલબ નથી હોતો, એને તો મમ મમથી મતલબ હોય છે, એટલે કે સારવાર મળે છે કે નહીં એ મતલબ હોય છે. ત્યાં ડોકટર હાજર છે અને સારવાર અપાય છે.

### જૂનાગઢ જિલ્લામાં રિસર્ફેસીંગના મંજૂર થયેલ કામો

* ૧૦૮૪૦શ્રી જસાભાઇ ભા. બારડ(સોમનાથ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં સન ૨૦૧૩ ના ચોમાસા દરમ્યાન નુકશાન પામેલ પંચાયત હસ્તક રસ્તાના રીસર્ફેસીંગના કેટલા રસ્તાનાં, કેટલી લંબાઈના તથા કેટલી રકમના રીસર્ફેસીંગના કામો વર્ષ ૨૦૧૩–૧૪માં સરકાર ધ્વારા મંજૂર કરવામાં આવ્યા, અને | (૧) ૩૨ રસ્તાના ૧૩૮.૮૦ કી.મી. લંબાઈના રૂા. ૩૬૫૫.૦૦ લાખનાં કામો મંજૂર કરવામાં આવ્યા. |
| (૨) તા. ૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ તે રસ્તાઓના કામો કયા તબક્કે છે ? | (૨) ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે. |

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે જૂનાગઢ જિલ્લામાં ભારે વરસાદના કારણે ૨૦૧૩માં ૩૨ કામો મંજૂર થયેલા તેની હાલની સ્થિતિ શું છે અને ક્યારે પૂરા કરવા માગો છો? શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૩ માં ભારે વરસાદના કારણે જૂનાગઢ જિલ્લામાં રસ્તાની સપાટીને નુકસાન થવા પામેલ તે પૈકી ૧૩૮.૮૦ કિલોમિટર રસ્તાઓના રિસર્ફેસિંગના ૩૨ કામો તા.૨૯–૧–૨૦૧૪ નાં રોજ ૩૬૫૫ લાખના ખર્ચે મંજૂર કરવામાં આવેલ છે. આ તમામ ૩૨ કામોના ઓન લાઇન ટેન્ડર માગવામાં આવેલ છે તે મુજબ ૧૩ કામના ટેન્ડર ખોલવાની તા.૨૧–૭–૨૦૧૪ છે અને ૮ કામ ટેન્ડર ખોલવાની તા.૨૩–૭–૨૦૧૪ છે. જ્યારે બાકીના ૧૧ કામોના ટેકનીકલ બીડ તા.૨૪–૬–૨૦૧૪ ના રોજ ખોલવામાં આવેલ છે અને તેના ઇવોલ્યુશન રિપોર્ટ વર્તુળ કચેરીએ મોકલી આપવામાં આવેલ છે અને આમાં જ્યારે પણ ટેન્ડરીંગ થાય એની સમય મર્યાદા નક્કી કરવામાં આવશે અને એને પૂર્ણ કરવાનું આયોજન છે.

શ્રી જેઠાભાઇ દા. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, કોડીનાર તાલુકાના વર્ષ ૨૦૧૩–૧૪ ના એફ.ડી.આર.ના અને એસ.આર.ના કેટલા કામો મંજૂર થયા છે અને હાલ એની સ્થિતિ કયાં પહોંચી છે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, કોડીનાર તાલુકાના વર્ષ ૨૦૧૩–૧૪ માં વરસાદના કારણે નુકસાન પામેલ રસ્તા પૈકી બે રસ્તાઓ મંજૂર કર્યા છે તેમાં ૧૯ કિલોમિટરના કોડિનાર

વડનગર – કંટારા રોડને રૂ.૫૫૦ લાખ અને ૩.૭૦ કિલોમિટરના ગોહિલ ખાણ એપ્રોચ રોડને રૂ.૨૦૦ લાખ મળીને રૂ.૬૫૨.૭૨ લાખની તાંત્રિક મંજૂરી તા.૩.૩.૨૦૧૪ નાં રોજ આપવામાં આવેલ છે. જે હાલ ટેન્ડર મંજૂરીની પ્રક્રિયા હેઠળ છે.

શ્રી હર્ષદભાઇ રિબડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી જાણવા માગુ છું કે, આ ૩૨ રસ્તા જે જૂનાગઢ જિલ્લાના મંજૂર થયા એમાં અમારા વિસાવદર–ભેંસાણના કેટલા રસ્તાનો સમાવેશ કરવામાં આવ્યો છે? અને કયા કયા ગામમાં છે? બીજો પ્રશ્ન, અમારા વિસ્તારનું મોટામાં મોટુ ચોકીગામ ત્યાં એક પૂલની બાબતમાં અવાર–નવાર ચૂંટણીનો બહિષ્કાર કરવામાં આવે છે. ગઇ લોકસભાની ચૂંટણીનો બહિષ્કાર કરવામાં આવ્યો (અંતરાય) ત્યારે એ તાત્કાલિક પૂલ કરવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : સવાલ પૂછોને? માનનીય મંત્રીશ્રી, આ કામ તાત્કાલિક કરવા માગો છો કે નહિ?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એમણે વિસાવદરની વાત કરી, મંજૂર થયેલા છે એ રસ્તામાં કોશીયાનેશ–લીમદ્યારોડ, બીજો છે વિસાવદર–માણંદીયા ફાટક રોડ, રાવણી એપ્રોચ રોડ, રાવણી–સુખપુર–છાલડા–વિછાવડ–મોટા કોટડા રોડ આ રોડ એમના વિસાવદરના મંજૂર કરેલા છે અને એમની જે રજૂઆત છે એની તપાસ કરાવી લઇશું.

શ્રી અરવિંદભાઇ કે. લાડાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવા માગુ છું કે, કેશોદ અને માંગરોળ તાલુકામાં વર્ષ ૨૦૧૩–૧૪ માં એફ.ડી.આર.ના કેટલા કામો મંજૂર કરવામાં આવ્યાં અને હાલની સ્થિતિ શું છે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, કેશોદમાં ૨૦૧૩–૧૪ માં જે મંજૂર કરવામાં આવ્યાં એમાં ૧.૨૦ કિલોમિટરના મોવાણા હાંડલા ચાદીગઢ રોડ જે રૂ.૩૦ લાખ, ૨.૨૦ કિલોમિટરના કેવદ્રા એકલેરા રોડ રૂ. ૬૦ લાખ અને ૬.૯૦ કિલોમિટરના કેશોદ બડોદર રોડના રૂ.૧૬૦ લાખ મળી ત્રણ રસ્તા માટેના રૂ.૨૫૦.૬૩ લાખની તાંત્રિક મંજૂરી તા.૧–૩–૨૦૧૪ ના રોજ આપવામાં આવેલ છે અને હાલ ટેન્ડરની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવા માગુ છું કે, રિસર્ફેસિંગના ૩૨ કામો જૂનાગઢ જિલ્લામાં મંજૂર કર્યા છે તો રિસર્ફેસિંગ કરવા માટેના ધોરણો શાં છે? અને એકવાર ડામર સપાટીથી પેવર કામ કરીએ ત્યાર પછી એ જ રસ્તાને કેટલા વર્ષ પછી આપણે પાછું ફરી વખત ડામર સપાટી કરવામાં આવે છે?

અધ્યક્ષશ્રી : રસ્તામાં તૂટી જાય, ના હોય તો પાંચ વર્ષ ચાલે.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ જે રસ્તાની વાત કરી કોડીનાર એફ.ડી.આર. અને એસ.આર. હેઠળના છે એમાં અત્યારના આપણા આદરણીય મુખ્યમંત્રીશ્રી તે વખતે માર્ગ અને મકાન મંત્રીશ્રી હતા અને સૌરાષ્ટ્રમાં ઘણા રસ્તાઓ તૂટી ગયા હતા. એમણે એ સૌરાષ્ટ્રની મુલાકાત દરમ્યાન આવા તૂટેલા રસ્તા એસ.આર.માં લેવાની સૂચના આપી હતી અને એના આધારે આ ૩૨ રસ્તાઓ મંજૂર થયા છે. આ એસ.આર.માં જ્યાં વધારે વરસાદ પડ્યો છે અને જેની સપાટીને નુકસાન થયું છે એવા આ ૩૨ રસ્તાઓ જૂનાગઢ જિલ્લાના મંજૂર કર્યા છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન છે કે રિસર્ફેસિંગ કરવા માટેના ધોરણો શાં છે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, રીસરફેસીંગ કરવાના ધોરણોમાં આપણા સરકાર દ્વારા સાત વર્ષ ઉપરના રસ્તાઓ જે મોટેભાગે જેની સપાટી ખરાબ થઇ ગઇ હોય અને રસ્તા ઉપર વધારે નુકસાન થયું હોય એવા રસ્તા લેવાના, પછી રસ્તાની સપાટી સારી હોય એવા રસ્તાને સાત વર્ષ પૂરા થઇ ગયા હોય તો એવા રસ્તા લેવાના રહેતા નથી.

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપની મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું હમણા મંત્રીશ્રીએ કહ્યું કે સાત વર્ષથી ઉપરના જે રસ્તાઓ તુટી જતા હોય છે એનું રીસરફેસીંગ કરવામાં આવે છે તો આવા જે નોન પ્લાન રસ્તાઓ છે કે સાત વર્ષ કરતા વધુ સમય (અંતરાય)

અધ્યક્ષશ્રી : આ જુનાગઢ જિલ્લાની વાત છે.

શ્રી હીરાભાઇ હ. પટેલ : હા, હું એની જ કહું છું સાહેબ તો એ જિલ્લાની અંદર આવા જે નોન પ્લાન રસ્તા છે અને જે સાત વર્ષ કરતા વધારે સમય થયો હોય એનું રીસરફેસીંગ કરવા માગે છે કે નહીં?

અધ્યક્ષશ્રી : પ્લાન અને નોન પ્લાન બેનું હોય. નોન પ્લાનમાં સાત વર્ષ થયા હોય, રીસરફેસ ન થયા હોય અને તુટી ગયા હોય એ રીપેર કરાવવા માગો છો કે કેમ?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારમાં નોન પ્લાનના રસ્તાઓ લેવાની શરૂઆત થઇ હતી. આ રસ્તો એફ.ડી.આર.નો છે. એફ.ડી.આર.માં ચોમાસામાં જયાં નુકસાન થયું ત્યાંના છે પણ એમના ધ્યાને એવા કોઇ રસ્તા હોય એમના વિસ્તારના જુનાગઢમાં તો જે જે રસ્તાઓની રજૂઆત આવી એ આ એફ.ડી.આર.માં પણ મંજૂરી આપી છે અને એના સિવાય અન્ય યોજનાઓમાં પણ મંજૂરી આપી છે જેમાં લગભગ ૫૯ રસ્તાઓ અન્ય યોજનાઓમાં ૨૦૧૩-૧૪માં ૭૧૮૮ લાખ રૂપિયાની બીજા ૫૯ રસ્તાઓ કરવાના છે.

પાલનપુર આર.ટી.ઓ. કચેરીનું મંજૂર થયેલ મહેકમ

* ૧૧૮૨૨ શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ પાલનપુર આર.ટી.ઓ કચેરીનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

જવાબ

(૧) તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ પાલનપુર આર.ટી. ઓ કચેરીનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ નીચે પ્રમાણે છે.

| અ. નં. | સંવર્ગનું નામ | મંજૂર થયેલ મહેકમ |
|---|---|---|
| ૧ | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૧ |
| ૨ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૩ |
| ૩ | મોટર વાહન નિરીક્ષક | ૦૬ |
| ૪ | સહાયક મોટર વાહન નિરીક્ષક | ૦૮ |
| ૫ | જનસંપર્ક અધિકારી | ૦૧ |
| ૬ | હેડકલાર્ક | ૦૩ |
| ૭ | સીનીયર કલાર્ક-સબ એકા. | ૦૭ |
| ૮ | જુનીયર કલાર્ક | ૦૯ |
| ૯ | ટાઇપીસ્ટ | ૦૧ |
| ૧૦ | આંકડા મદદનીશ | ૦૧ |
| ૧૧ | સબ ઓડીટર | ૦૨ |
| ૧૨ | સર્કલ ઓફીસર | ૦૧ |
| ૧૩ | ડ્રાઇવર | ૦૧ |
| ૧૪ | નાયક | ૦૩ |
| ૧૫ | પટાવાળા | ૦૬ |
| ૧૬ | વોચમેન | ૦૧ |
| | કુલઃ | ૫૪ |

(૨) ઉકત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) ઉકત સ્થિતિએ સંવર્ગવાર ખાલી જગ્યાઓની વિગતો નીચે પ્રમાણે છે.

| અ. નં. | સંવર્ગનું નામ | ખાલી જગ્યા |
|---|---|---|
| ૧ | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૧ |
| ૨ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૩ |

| | | |
|---|---|---|
| ૩ | મોટર વાહન નિરીક્ષક | – |
| ૪ | સહાયક મોટર વાહન નિરીક્ષક | – |
| ૫ | જનસંપર્ક અધિકારી | – |
| ૬ | હેડકલાર્ક | – |
| ૭ | સીનીયર કલાર્ક–સબ એકા. | – |
| ૮ | જુનીયર કલાર્ક | – |
| ૯ | ટાઈપીસ્ટ | ૦૧ |
| ૧૦ | આંકડા મદદનીશ | ૦૧ |
| ૧૧ | સબ ઓડીટર | – |
| ૧૨ | સર્કલ ઓફીસર | – |
| ૧૩ | ડ્રાઈવર | ૦૧ |
| ૧૪ | નાયક | – |
| ૧૫ | પટાવાળા | – |
| ૧૬ | વોચમેન | – |
| | કુલઃ | ૦૭ |

(૩) કેટલી જગ્યાઓ ભરાયેલ છે ?

(૩) ભરાયેલ જગ્યાઓની વિગતો નીચે પ્રમાણે છે.

| અ. નં. | સંવર્ગનું નામ | ભરાયેલ જગ્યા |
|---|---|---|
| ૧ | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | – |
| ૨ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | – |
| ૩ | મોટર વાહન નિરીક્ષક | ૦૬ |
| ૪ | સહાયક મોટર વાહન નિરીક્ષક | ૦૮ |
| ૫ | જનસંપર્ક અધિકારી | ૦૧ |
| ૬ | હેડકલાર્ક | ૦૩ |
| ૭ | સીનીયર કલાર્ક–સબ એકા. | ૦૭ |
| ૮ | જુનીયર કલાર્ક | ૦૯ |
| ૯ | ટાઈપીસ્ટ | – |
| ૧૦ | આંકડા મદદનીશ | – |
| ૧૧ | સબ ઓડીટર | ૦૨ |
| ૧૨ | સર્કલ ઓફીસર | ૦૧ |
| ૧૩ | ડ્રાઈવર | – |
| ૧૪ | નાયક | ૦૩ |
| ૧૫ | પટાવાળા | ૦૬ |
| ૧૬ | વોચમેન | ૦૧ |
| | કુલઃ | ૪૭ |

શ્રી રજનીકાન્ત મો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે પાલનપુર આર.ટી.ઓ. કચેરીમાં આર.ટી.ઓ અને એ.આર.ટી.ઓ.ની જગ્યાઓ ખાલી છે તો એમાં વૈકલ્પિક વ્યવસ્થા શું કરવામાં આવી છે?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, મોટાભાગની જગ્યાઓ ભરેલી છે અને માત્ર ગણતરીની જે જગ્યાઓ ખાલી છે એની પણ નવી કલાર્કની ભરતી જે કરવાની છે.

અધ્યક્ષશ્રી : સાત જગ્યા જ ખાલી છે અને વૈકલ્પિક વ્યવસ્થા શું છે?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : કલાર્કની અને એવી જ જગ્યાઓ ખાલી છે અને વૈકલ્પિક ચાર્જ આપી દીધો છે એકબીજાને. ભરતી પણ કરી રહ્યાં છીએ.

શ્રી નારાયણભાઇ લ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું માનનીય મંત્રીશ્રીને પૂછવા

માગું છું કે પાલનપુર આર.ટી.ઓ. કચેરી ખાતે ઉપલબ્ધ મહેકમમાં થતી કામગીરીમાં ટેસ્ટ લેવા માટેની કાર્યવાહી થાય છે એમાં શું પ્રોસીઝર હોય છે? અને ૨૦૧૩–૧૪માં કેટલા ટેસ્ટ લેવામાં આવ્યા?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, ટ્રેક જે બનાવ્યા છે એમાં સ્વયંભુ પોતે જ જેણે ડ્રાઇવીંગ લાયસન્સ લેવાનું છે એ પોતે જ નકકી કરી શકે કે હું પાસ થયો કે નહીં?, મને લાયસન્સ મળશે કે નહીં. એનો આઠડો અંગ્રેજીમાં હોય છે એ પ્રમાણેનો એક આખો ટ્રેક બનાવ્યો છે એ ટ્રેક ઉપરથી એ વ્હીકલ લઇને નીકળતો હોય વચ્ચે સેન્સર રાખ્યા છે એ સેન્સરને ટચ કરી જાય તો ખબર પડે કે આને હવે આટલા માર્ક મળે છે એટલે પોતે જાતે જ નકકી કરી શકે કે હું લાયસન્સ લેવા માટે યોગ્ય છું કે કેમ? અને બીજો પ્રશ્ન એમણે કહ્યું કે કેટલા લાયસન્સ મળ્યા તો ૨૪૦૦૦ કરતા પણ વધારે લોકોને લાયસન્સ આપવામાં આવ્યા છે.

અધ્યક્ષશ્રી : આમાં મહેકમની વાત છે. લાયસન્સની વાત કેવી રીતે થાય? તમારી પાસે લાયસન્સ છે? આમનો ટેસ્ટ ફરીથી લેજો.

ઇન્દીરા બ્રીજને પહોળો કરવા બાબત

* ૧૦૮૩૩ શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર–દક્ષિણ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં આવેલ ઇન્દીરાબ્રીજને પહોળો કરવાની કામગીરી તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | (૧) પ્રગતિમાં. |
| (૨) આ કામગીરી પૂર્ણ થતાં તેના પાછળ અંદાજે કેટલો ખર્ચ થશે ? | (૨) રૂ.૫૧૭૫.૦૦ લાખ. |

શ્રી શંભુજી ચે. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે પુલને પહોળો કરવાની કામગીરીમાં કઇ કઇ કામગીરીનો સમાવેશ કરવામાં આવેલ છે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ જે બ્રીજનું કામ કર્યું છે સામાન્ય રીતે પુલને પહોળો કરવાને બદલે બાજુમાં નવો પુલ બનાવવામાં આવે છે પરંતુ આ પુલને પહોળો કરવા હયાત પુલની બંને બાજુ જરૂરિયાત મુજબની પહોળાઇ વધારીને હયાત પુલને પહોળો બનાવેલ છે. જે એક ઇજનેરી કૌશલ્યવાળી કામગીરી છે. જેમાં મુખ્યત્વે બંને બાજુ મળીને કુલ ૧૮ પિયર અને ચાર embankment તથા ૪૦.૧૪ મીટરના આઠગાળા અને ૩૯.૪૬ મીટરના બે ગાળા મળીને કુલ ૪૦૦ મીટરની લંબાઇમાં ૧૮.૧૦ મીટર પહોળાઇના ચાર લેન પુલમાંથી ૨૮.૫૦ મીટરના છ લેન પહોળા પુલનું કામ કરવામાં આવેલ છે.

ડો. નિર્મલાબેન સુ. વાધવાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ પુલની હયાત પહોળાઇ કેટલી હતી અને કેટલી પહોળાઇ વધારવામાં આવેલ છે.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : આ જે પુલ છે તે પુલની હયાત પહોળાઇ ૧૮.૧૦ મિટર એટલે ૪ લેનની હતી, જે વધારીને ૨૮.૫૦ મિટર એટલે ૬ લેનની કરવામાં આવેલ છે.

શ્રી અશોકકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી,હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે અમદાવાદ અને ગાંધીનગરને જોડતો આ પુલ કયારે શરૂ કરવામાં આવ્યો અને કયારે પૂર્ણ થશે અને ખર્ચ શું છે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : આ પુલનું કામ તા. ૧૩–૯–૨૦૧૨ ના રોજ શરૂ કરવામાં આવેલ. તા. ૩૦–૬–૨૦૧૪ ના રોજ કામ પૂર્ણ કરવામાં આવેલ છે. આ કામ પાછળ રૂપિયા ૩,૭૦૦ લાખનો ખર્ચ થયેલ છે.

રાજ્યમાં ઘરેલું હિંસાના કાયદાના અમલીકરણ માટે મંજૂર થયેલ પ્રોટેકશન અધિકારીની જગ્યા

* ૧૦૫૨૨ ડો.શ્રીમતી તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં | (૧) રાજ્યમાં ઘરેલું હિંસાના કાયદાના અમલીકરણ માટે |

ઘરેલું હિંસાના કાયદાના અમલીકરણ માટે ક્યા ક્યા જિલ્લામાં પ્રોટેકશન અધિકારીની જગ્યા મંજૂર કરવામાં આવેલ છે,

રાજ્યના નીચે જણાવેલ ૨૬ જિલ્લામાં પ્રોટેકશન અધિકારીની જગ્યા મંજૂર કરવામાં આવેલ છે.

| ક્રમ | જિલ્લાનું નામ | ક્રમ | જિલ્લાનું નામ |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૪ | આણંદ |
| ૨ | ગાંધીનગર | ૧૫ | સાબરકાંઠા |
| ૩ | વડોદરા | ૧૬ | મહેસાણા |
| ૪ | ભરૂચ | ૧૭ | બનાસકાંઠા |
| ૫ | નર્મદા | ૧૮ | કચ્છ |
| ૬ | સુરત | ૧૯ | સુરેન્દ્રનગર |
| ૭ | નવસારી | ૨૦ | રાજકોટ |
| ૮ | વલસાડ | ૨૧ | જૂનાગઢ |
| ૯ | ડાંગ–આહવા | ૨૨ | પોરબંદર |
| ૧૦ | તાપી | ૨૩ | અમરેલી |
| ૧૧ | પંચમહાલ | ૨૪ | ભાવનગર |
| ૧૨ | દાહોદ | ૨૫ | જામનગર |
| ૧૩ | ખેડા | ૨૬ | પાટણ |

(૨) તે અન્વયે ક્યા જિલ્લામાં પ્રોટેકશન અધિકારી છે અને ક્યા જિલ્લામાં સદરહુ જગ્યા કેટલા સમયથી ખાલી છે, અને

(૨) તે અન્વયે ૧૮ જિલ્લામાં પ્રોટેકશન અધિકારી છે.

| ક્રમ | જિલ્લાનું નામ | ક્રમ | જિલ્લાનું નામ |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૦ | બનાસકાંઠા |
| ૨ | ગાંધીનગર | ૧૧ | સુરેન્દ્રનગર |
| ૩ | ભરૂચ | ૧૨ | રાજકોટ |
| ૪ | સુરત | ૧૩ | જૂનાગઢ |
| ૫ | વલસાડ | ૧૪ | પોરબંદર |
| ૬ | તાપી | ૧૫ | અમરેલી |
| ૭ | પંચમહાલ | ૧૬ | ભાવનગર |
| ૮ | આણંદ | ૧૭ | જામનગર |
| ૯ | સાબરકાંઠા | ૧૮ | પાટણ |

અને ૮ જિલ્લામાં સદરહુ જગ્યા નીચે જણાવેલ સમયથી ખાલી છે.

| ક્રમ | જિલ્લાનું નામ | તારીખ |
|---|---|---|
| ૧ | વડોદરા | તા.૧૧–૨–૧૪ થી |
| ૨ | નર્મદા | તા.૬–૧૦–૧૨ થી |
| ૩ | નવસારી | તા.૫–૨–૧૪ થી |
| ૪ | ડાંગ–આહવા | તા.૧૦–૧૦–૧૨ થી |
| ૫ | દાહોદ | તા.૧–૧૦–૧૦ થી |
| ૬ | ખેડા | તા.૮–૨–૧૪ થી |
| ૭ | મહેસાણા | તા.૧–૬–૧૩ થી |
| ૮ | કચ્છ | તા.૧૫–૫–૧૪ થી |

(૩) આ જગ્યાઓ ખાલી રહેવાના કારણો શા છે અને ખાલી જગ્યા કયાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) આ જગ્યાઓ પર ૧૧ માસના કરાર આધારિત ધોરણસરની નિમણૂંક કરવામાંઆવેલ હતી. પરંતુ ઉમેદવારો હાજર ન થવાથી રાજીનામું આપવાથી ખાલી રહેવા પામેલ છે. નિયમિત ભરતી માટે ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા જાહેરાત આપવામાં આવેલ છે. જે મળ્યેથી જગ્યાઓ ભરવામાં આવશે.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ૨૬ જિલ્લામાંથી ૧૮ જિલ્લામાં પ્રોટેકશન અધિકારીઓ છે. ૮ જિલ્લામાં જગ્યાઓ ખાલી છે. આ જગ્યાઓ ક્યારે

ભરવા માગો છો અને ત્યાં સુધી વૈકલ્પિક વ્યવસ્થા શું કરવામાં આવી છે? નવા જાહેર થયેલ ૭ જિલ્લામાં પ્રોટેકશન અધિકારીની જગ્યા કયાં સુધીમાં મંજૂર કરવા માગો છો?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રોટેકશન અધિકારીની જગ્યા ખાલી છે. જે સમાજ સુરક્ષા અધિકારી દ્વારા આ કામ થઇ રહ્યું છે. જગ્યા ભરવા માટેની કાર્યવાહી ચાલુ જ છે. પ્રોટેકશન ઓફિસરની જગ્યા નિયમિત નિમણૂક થઇ જાય તેના માટે રાજય સરકારે ૧૧–૭–૨૦૧૨ ના રોજ ગુજરાત સેવા આયોગને નિયમિત રીતે પ્રોટેકશન ઓફિસર વર્ગ–૨ ની જગ્યાઓ માટેના માગણા પત્રક મોકલી આપ્યા હતા. તા. ૧૨–૭–૨૦૧૨ ના રોજ નામદાર હાઇકોર્ટમાં સુઓમોટો પિટિશન દાખલ થઇ હતી, એના કારણે કામ મોડું થયેલ હતું આજે દહેજ પ્રતિબંધક અધિકારીના હુકમો સંકલિત નવા નિયમો ભરતી પ્રમાણે ફરીથી માગણા પત્રક મોકલી આપવામાં આવ્યા છે અને યોગ્ય નામોની ભલામણ થશે ત્યારે જગ્યા ભરવામાં આવશે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સરકારે જવાબો આપ્યો છે કે જે જગ્યા ખાલી છે ૧૧ માસના હંગામી ધોરણે ભરવામાં આવે છે. ઉમેદવારો આ જગ્યા માટે હાજર થતા નથી. નિમણૂક આપી, પણ નિમણૂક નહિ સ્વીકારી હોય અને આનાથી રાજયમાં ઘરેલું હિંસાના બનાવો દિન–પ્રતિદિન વધતા જાય છે. દીકરીઓના જન્મનો દર ઘટતો જાય છે. મારી આપના માધ્યમ મારફતે વિનંતી છે કે ઘરેલું હિંસાનો કાયદો એનો કડકમાં કડક અમલ કરવા માટે કાયમી ધોરણે અધિકારીની નિમણૂક કરવા માગો છો કે કેમ?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, મારા જવાબમાં કહ્યું આ કાર્યવાહી રાજય સરકાર દ્વારા થઇ જ રહી છે. એમાં ૫–૭ વાર સુઓમોટો પિટિશન દાખલ થઇ હતી. એમાં નામદાર કોર્ટે સજેશન કર્યુ હતું એ પ્રમાણેની કાર્યવાહી ચાલુ છે. બીજુ મારે ગૃહને કહેવું છે કે આ રાજય સરકાર માનનીય મુખ્યમંત્રીશ્રીએ મહિલાઓના રક્ષણ માટે મહિલાઓના સશક્તિકરણ માટે જે કાર્યવાહી કરી છે તે આજદિન સુધી કોઇએ કરી નથી. મહિલા અને બાળકલ્યાણ વિભાગ અલગ કરવામાં આ જ માનનીય મુખ્યમંત્રીશ્રીના પ્રયાસથી કરવામાં આવ્યો હતો. આ સુઓમોટો થાય અને કોઇ ઘરેલુ હિંસાની કાર્યવાહી થાય એનાથી ઉપર ઉઠીને મહિલા સુરક્ષા સમિતિની રચના પણ દરેક જિલ્લામાં કરી લીધી છે.

શ્રી શક્તિસિંહ ગો.ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી બે બાબત જાણવા માગું છું કે ૨૦૧૦ માં દાહોદમાં જગ્યા ખાલી થઇ અને જુલાઇ ૨૦૧૨ સુધી આપે માગણા પત્રક જી.પી.એસ.સી. ને નહિ મોકલાવ્યું એના માટે વિલંબ થયો છે અને એનાં કારણો શાં છે? ૨૦૧૦ થી જગ્યા ખાલી છે અને ૨૦૧૨ જુલાઇ સુધી માગણા પત્રક ગુજરાત પબ્લિક સર્વિસ કમિશનને મોકલતા નથી. આપનો જવાબ છે. તો વિલંબ માટે જવાબદાર કોણ?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : જયારે વિભાગ નવો શરૂ થયો. એના નિયમો, કાર્યવાહી...

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂર્ણ થાય છે. નેકસ્ટ.

# અતારાંકિત પ્રશ્નો

## તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

જાફરાબાદ તાલુકાના શીયાળબેટ ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવા બાબત

* ૧૦૨૩૯ શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ જાફરાબાદ તાલુકાના દરિયાઇ ટાપુ શીયાળબેટ ગામે સરકાર દ્વારા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મંજુર થયેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ તે ક્યારે મંજુર થયેલ છે અને મંજુર થવા છતાં કાર્યરત ન થવાના શું કારણો છે, અને | (૨) સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંક–બીયુડી–૨૦૧૦–નબા–૧૯–બ તા. ૨૯–૧૦–૨૦૧૦ થી પ્રા. આ, કેન્દ્ર શિયાળબેટ મંજુર |

થયેલ છે.

શિયાળબેટનું દરિયામાં આવેલ ભૌગોલિક સ્થાન અને ત્યાં પહોંચવા માટે દરિયામાં કરવી પડતી પાંચ કિ.મી. ની મુસાફરી હાલમાં ત્યાં કાર્યરત સબ સેન્ટર દ્વારા અપાતી સુવિધા વિગેરે પરિબળોને ઘ્યાને લેતા પ્રા. આ. કેન્દ્ર કાર્યરત થઈ શકેલ નથી.

(૩) શિયાળબેટ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કાર્યરત કરવા માટે શું આયોજન છે ?

(૩) સને ૨૦૧૧ની ગ્રામ્ય વસ્તીના ધોરણો મુજબ જાફરાબાદ તાલુકામાં ત્રણ પ્રા. આ. કેન્દ્રોની જરૂરિયાત સામે ત્રણ પ્રા. આ. કેન્દ્રો કાર્યરત છે. આથી શિયાળબેટ આરોગ્ય કેન્દ્ર કાર્યરત કરવા માટેનું કોઈ આયોજન નથી.

---------

નસવાડી તાલુકામાં પંચાયત હસ્તકના રસ્તાઓમાં નાળાઓ રીપેર કરવા મંજૂર થયેલ રકમ

* ૧૦૮૩૬ શ્રી સતીષભાઇ મો. પટેલ(કરજણ) : માનનીય માર્ગ–મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લાના નસવાડી તાલુકામાં સન ૨૦૧૩ માં ચોમાસામાં ભારે વરસાદના કારણે નુકશાન પામેલ પંચાયત હસ્તકના રસ્તાઓમાં નાળાઓ રીપેર કરવા–નવા બનાવવા સરકારે કેટલી રકમના કેટલા કામો વર્ષ ૨૦૧૩–૧૪ માં મંજૂર કર્યા, અને | (૧) ૪ રસ્તાઓના ૧ માઈનોર પુલ, ૨૧ નવા નાળા, ૪૦ પ્રોટેકશન વોલ, ૨ ટો–વોલ પીચીંગ તથા ૨ નાળા રીપેરીંગ કરવાના કામોના રૂ.૩૦૧૫.૦૦ લાખ મંજૂર કર્યા. |
| (૨) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ તે કામ કયાં તબક્કે છે ? | (૨) ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે. |

---------

મહીસાગર જિલ્લામાં મહીસાગર નદી પર પુલ બાંધવા બાબત

* ૧૧૯૯૨ શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૫–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહીસાગર જિલ્લાના સંતરામપુરથી સરસવા (ઉ) રાજ્ય ધોરી માર્ગ ઉપરનો કડાણા–ઘોડીયારને જોડતો મહીસાગર નદી ઉપરનો પુલ નવેસરથી બનાવવાની કોઈ વિચારણા હાથ ધરવામાં આવી છે કે કેમ, | (૧), (૨) અને (૩) : હા, જી. નકશા અંદાજ તબક્કે. |
| (૨) જો વિચારણા હાથ ધરવામાં આવી હોય તો ક્યા તબક્કે કાર્યવાહી ચાલુ છે, અને | |
| (૩) કોઈ વિચારણા ચાલુ ના હોય તો સરકાર આ બાબતમાં વિચારણા કરવા માંગે છે કે કેમ ? | |

---------

અમદાવાદ શહેરમાં સરકારી હોસ્પીટલોમાં રોગી કલ્યાણ સમિતિના નામે લેવાતી ફી

* ૧૧૩૦૨ શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં આવેલ સરકારી હોસ્પીટલોમાં રોગી કલ્યાણ સમિતિના નામે જુદી જુદી ફી લેવાય છે તે હકીકત સાચી છે, | (૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં આવેલ માનસીક આરોગ્યની હોસ્પીટલ સિવાયની અન્ય સરકારી હોસ્પીટલોમાં રોગી કલ્યાણ સમિતિ દ્વારા નિયત કરાયેલ સુવિધાઓ પૂરી પાડવા નક્કી થયા મુજબની ફી લેવામાં આવે છે. આ ચાર્જમાંથી બી.પી.એલ. કાર્ડ ધારક દર્દીઓ, સ્કુલ હેલ્થ પ્રોગ્રામ અંતર્ગત દર્દીઓ, સ્વાતંત્ર સેનાનીઓ, રાષ્ટ્રીય કાર્યક્રમ અંતર્ગત દર્દીઓ અને જેલના કેદીઓ, મેડીકો લીગલ કેસ વગેરેને મુકિત આપવામાં આવે છે. |
| (૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં | (૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર |

વર્ષવાર કેટલી ફી ઉઘરાવવામાં આવી,અને

ઉઘરાવવામાં આવેલ ફી ની વિગતો નીચે મુજબ છે. (રૂ.લાખમાં)

| ક્રમ | સરકારી હોસ્પીટલનું નામ | તા.૧/૬/૧૨ થી તા.૩૧/૫/૧૩ | તા.૧/૬/૧૩ થી તા.૩૧/૫/૧૪ |
|---|---|---|---|
| ૧ | સીવીલ હોસ્પીટલ, અમદાવાદ | ૯૭.૫૫ | ૧૭૧.૩૫ |
| ૨ | એમ.એન્ડ જે ઈન્સ્ટીટયુટ ઓફ ઓપ્થોલ્મોલોજી, અમદાવાદ | ૧૦.૦૦ | ૯.૪૦ |
| ૩ | સરકારી સ્પાઈન ઈન્સ્ટીટયુટ અમદાવાદ | ૨૯.૪૯ | ૫૦.૬૩ |
| ૪ | સરકારી ડેન્ટલ કોલેજ એન્ડ હોસ્પીટલ, અમદાવાદ | ૧૦.૦૦ | ૧૩.૯૫ |
| ૫ | રૂક્ષ્મણીબેન સરકારી હોસ્પીટલ, ખોખરા, અમદાવાદ | ૦.૧૪ | ૫.૬૦ |
| ૬ | માનસીક આરોગ્યની હોસ્પીટલ, અમદાવાદ | પ્રશ્ન ઉપસ્થતિ થતો નથી. | |
| | કુલઃ | ૧૪૭.૧૮ | ૨૫૦.૯૩ |

(૩) ઉઘરાવવામાં આવેલ ફી કોઈ ચોક્કસ હેતુ માટે વાપરવાની હોય છે, અને

(૩) તબીબી સારવાર અને આરોગ્ય વિષયક સેવાઓને સુદઢ્ઢ કરવાના હેતુસર ઉઘરાવવામાં આવેલ ફી વાપરવાની હોય છે.

| ક્રમ | સરકારી હોસ્પીટલનું નામ | તા.૧/૬/૧૨ થી તા.૩૧/૫/૧૩ | તા.૧/૬/૧૩ થી તા.૩૧/૫/૧૪ |
|---|---|---|---|
| ૧ | સીવીલ હોસ્પીટલ, અમદાવાદ | ૯૭.૫૫ | ૧૭૧.૩૫ |
| ૨ | એમ.એન્ડ જે ઈન્સ્ટીટયુટ ઓફ ઓપ્થોલ્મોલોજી, અમદાવાદ | ૧૦.૦૦ | ૯.૪૦ |
| ૩ | સરકારી સ્પાઈન ઈન્સ્ટીટયુટ અમદાવાદ | ૨૯.૪૯ | ૫૦.૬૩ |
| ૪ | સરકારી ડેન્ટલ કોલેજ એન્ડ હોસ્પીટલ, અમદાવાદ | ૧૦.૦૦ | ૧૩.૯૫ |
| ૫ | રૂક્ષ્મણીબેન સરકારી હોસ્પીટલ, ખોખરા, અમદાવાદ | ૦૦.૦૦ | ૦.૪૯ |
| ૬ | માનસીક આરોગ્યની હોસ્પીટલ, અમદાવાદ | પ્રશ્ન ઉપસ્થતિ થતો નથી. | |
| | કુલઃ | ૧૪૭.૧૮ | ૨૪૫.૮૨ |

(૪) જો હા, તો ક્યા હેતુ માટે કેટલી રકમ વર્ષવાર વપરાઈ ?

(૪) જેનો વર્ષવાર થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

---------

તાપી જિલ્લામાં સરકારી દવાખાનાઓમાં દર્દીઓ પાસેથી પ્રવેશ ફી પેટે મળેલ રકમ

* ૯૫૫૨ શ્રી પુનાભાઇ ઢે. ગામીત(વ્યારા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ તાપી જિલ્લામાં સરકારી દવાખાના જનરલ હોસ્પીટલોમાં રોગી કલ્યાણ સમિતિ દ્વારા દર્દીઓ પાસેથી કેટલી પ્રવેશ ફી છેલ્લા બે વર્ષમાં વસૂલવામાં આવી, અને

(૨) ઉકત સ્થિતિએ વસૂલ થયેલ વર્ષવાર રકમ સામે રોગી કલ્યાણ સમિતિ દ્વારા ગરીબ દર્દીઓ માટે મફત દવા સર્જીકલ સાધનો અને ખોરાક પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

જવાબ

(૧) તાપી જિલ્લામાં સરકારી દવાખાના જનરલ હોસ્પીટલોમાં રોગી કલ્યાણ સમિતિ દ્વારા દર્દીઓ પાસેથી પ્રવેશ ફી વસુલવામાં આવતી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

અતારાંકિત પ્રશ્નો

ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં ડેન્ગ્યુ, ચિકનગુનિયા, ઝેરી મેલેરીયા અને સન-સ્ટ્રોકના નોંધાયેલ કેસો

* ૧૦૫૬૫ શ્રી અમિત ચૌધરી (માણસા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર ડેન્ગ્યુ, ચિકુનગુનિયા, ઝેરી મેલેરીયા અને સન-સ્ટ્રોકના કેટલા કેસો નોંધાયા,

જવાબ

(૧) તા.૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં ડેન્ગ્યુના-૧૨૭, ચિકુનગુનિયાના-૨૬, ઝેરી મેલેરીયાના--૧૬ અને સન સ્ટ્રોકના-૦ કેસો નોંધાયેલ છે. તાલુકાવાર ડેન્ગ્યુ, ચિકુનગુનિયા, ઝેરી મેલેરીયા અને સન-સ્ટ્રોકના કેસોની પરિસ્થિતિ નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | ડેન્ગ્યુના કેસો | ચિકુનગુનિયાના કેસો | ઝેરી મેલેરીયાના કેસો | સન સ્ટ્રોકના કેસો |
|---|---|---|---|---|
| ગાંધીનગર | ૬૫ | ૧૫ | ૭ | ૦ |
| દહેગામ | ૧૬ | ૦૬ | ૪ | ૦ |
| કલોલ | ૩૪ | ૦૩ | ૩ | ૦ |
| માણસા | ૧૨ | ૦૨ | ૨ | ૦ |
| જિલ્લાનું કુલઃ | ૧૨૭ | ૨૬ | ૧૬ | ૦ |

તા.૩૧-૫-૨૦૧૪ ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં ડેન્ગ્યુના-૨૪, ચિકુનગુનિયા-૧૭, ઝેરી મેલેરીયાના-૨૮ અને સન સ્ટ્રોકના-૦ કેસો નોંધાયેલ છે. તાલુકાવાર ડેન્ગ્યુ, ચિકુનગુનિયા, ઝેરી મેલેરીયા અને સન સ્ટ્રોકના કેસોની પરિસ્થિતિ નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | ડેન્ગ્યુના કેસો | ચિકુનગુનિયાના કેસો | ઝેરી મેલેરીયાના કેસો | સન સ્ટ્રોકના કેસો |
|---|---|---|---|---|
| કડી | ૧૨ | ૫ | ૦ | ૦ |
| વિજાપુર | ૫ | ૩ | ૧ | ૦ |
| વિસનગર | ૧ | ૫ | ૦ | ૦ |
| મહેસાણા | ૨ | ૦ | ૨૦ | ૦ |
| વડનગર | ૨ | ૧ | ૨ | ૦ |
| ખેરાલુ | ૧ | ૦ | ૧ | ૦ |
| સતલાસણા | ૦ | ૦ | ૦ | ૦ |
| ઉંઝા | ૧ | ૨ | ૧ | ૦ |
| બેચરાજી | ૦ | ૧ | ૩ | ૦ |
| જિલ્લાનું કુલઃ | ૨૪ | ૧૭ | ૨૮ | ૦ |

(૨) આ દર્દીઓ પૈકી કેટલાં દર્દીઓનાં મૃત્યુ થયાં, અને

(૨) આ દર્દીઓ પૈકી એકપણનું મૃત્યું નોંધાયેલું નથી.

(૩) આ રોગોને કાબુમાં લેવા સરકારે શાં પ્રયાસો કર્યા ?

(૩) ગાંધીનગર જિલ્લામાં આ રોગોને કાબુમાં લેવા માટે નીચે મુજબના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા.

- આ રોગને કાબુમાં લેવા માટે વર્ષ ૨૦૧૩ દરમ્યાન ફાળવવામાં આવેલ લોહીના નમૂનાના લક્ષ્યાંક ૧૭૧૭૨૨ ની સામે૨૧૪૬૫૩ લોહીના નમૂના લેવામાં આવ્યા.
- વર્ષ ૨૦૧૩ માં જિલ્લાના સંવેદનશીલ વિસ્તારો જુદા કરી હાજીપુર, રાંચરડા,ભોયણ તથા ઉવારસદના પરા વિસ્તારની ૧૮૦૪૩ વસ્તીમાં જંતુનાશક દવાનો છંટકાવ હાથ ધરવામાં આવ્યો.
- વર્ષ ૨૦૧૪ માં રાંચરડા, હાજીપુર તથા વાયણાની ૮૫૦૭ વસ્તીમાં જંતુનાશક દવાનો છંટકાવ હાથ

ધરવામાં આવ્યો.

- દર મંગળવારે આશા કાર્યકર મારફત સમગ્ર જિલ્લામાં એન્ટીલાર્વલ કામગીરી હાથ ધરવામાં આવે છે.
- કાયમી ભરાઈ રહેતાં હોય તેવા પાણીના ૪૫૦ જળાશયોમાં પોરાભક્ષક માછલીઓ મૂકવામાં આવી.
- જૂન માસને મેલેરીયા વિરોધી માસ તથા જુલાઈ માસને ડેન્ગ્યુ વિરોધી માસ તરીકે ઉજવવામાં આવે છે.
- શહેરી તથા ગ્રામ્ય વિસ્તારની વીટકોસ બસમાં મેલેરીયાના સ્લોગન મૂકવામાં આવેલ.
- વાહકજન્ય રોગોની ૨૦,૦૦૦ પત્રિકા તૈયાર કરી તમામ ગામોમાં વિતરણ કરવામાં આવેલ.
- સ્થાનિક વર્તમાનપત્રોમાં વર્ષ દરમ્યાન કુલ ૪ વખત જન જાગૃતિ અર્થે વાહકજન્ય રોગો અટકાયત અંગેની જાહેરાત આપવામાં આવી.
- લોકલ કેબલ નેટવર્ક મારફતે જન જાગૃતિ અર્થે વાહકજન્ય રોગ અટકાયત અંગેના વોલ પેઈન્ટીંગ વર્ષમાં ૨ વખત કરાવવામાં આવ્યા.
- જિલ્લામાં ૭ જાહેર સ્થળોએ મેલેરીયાના હોર્ડીંગ્સ તૈયાર કરી અઢી માસ માટે મૂકવામાં આવ્યા.
- જુન માસને મેલેરીયા વિરોધી માસ તરીકે ઉજવવામાં આવ્યો જે અંતર્ગત
- દરેક તાલુકા દીઠ ૧ વર્કશોપ કરવામાં આવેલ.
- શાળાઓમાં વકતૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા તથા પોરાશોધક સ્પર્ધા યોજવામાં આવી.
- ૪ તાલુકા દીઠ તથા ૪ અર્બન હેલ્થ સેન્ટર ખાતે નાટકો કરવામાં આવેલ.
- ૨૫ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે ગુરુ શિબિર કરવામાં આવેલ.
- ૪ તાલુકાનાં મેલેરીયા માટે સંવેદનશીલ ચાર ગામોમાં તથા ચાર શહેરી વિસ્તારોમાં ભવાઈ કરવામાં આવેલ.

મહેસાણા જિલ્લામાં આ રોગોને કાબુમાં લેવા માટે નીચે મુજબના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા.

- આ રોગોને કાબુમાં લેવા માટે જિલ્લા દ્વારા ફિવર સર્વેલન્સ, પોરાનાશક કામગીરી, ફોગીંગ કામગીરી તથા જંતુનાશક દવા છંટકાવ કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

સન સ્ટ્રોકના સંદર્ભમાં જિલ્લા દ્વારા ઓ.આર.એસ. પેકેટની વહેંચણી, તાત્કાલિક સારવાર માટેની વ્યવસ્થા અને સન સ્ટ્રોકથી બચવા માટે જનજાગૃતિ જેવી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવેલ છે.

---------

અમદાવાદ–નડીયાદ રોડને ફોરલેન બનાવવા બાબત

* ૧૦૩૨૯ શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ ખેડા જિલ્લામાં પસાર થતાં અમદાવાદ–નડીયાદ સમાંતર રોડ ઉપર વાહન વ્યવહારનું ખૂબ જ ભારણ વધેલ છે અને અવારનવાર ઘણા | (૧), (૨) અને (૩) : હાલમાં કોઈ આયોજન ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

અકસ્માતો થયા છે, તો સરકાર આ રસ્તાને ફોરલેન બનાવવા માંગે છે કે કેમ,

(૨) ઉકત સ્થિતિએ આ અંગેની સરકારે કોઈ જોગવાઈ કરેલ હોય તો કેટલી રકમની ફાળવણી થયેલ છે, અને

(૩) આ રસ્તાનું કામ ક્યારે શરૂ કરવામાં આવશે ?

---------

ખેડા જિલ્લામાં ચિરંજીવી યોજનાના લાભાર્થીઓ

* ૧૦૭૯૧ શ્રી દુષ્યંતભાઈ ર. પટેલ(ભરૂચ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં ચિરંજીવી યોજના હેઠળ કેટલા લાભાર્થીઓએ તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં લાભ લીધેલ છે, અને | (૧) વર્ષ ૨૦૧૨–૧૩ ૦ લાભાર્થીઓ<br>વર્ષ ૨૦૧૩–૧૪ ૧.૦૫૨ લાભાર્થીઓ<br>કુલ ૧.૦૫૨ લાભાર્થીઓ |
| (૨) તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) વર્ષ ૨૦૧૨–૧૩ રૂ.૦૦<br>વર્ષ ૨૦૧૩–૧૪ રૂ.૨૯,૯૨,૬૦૦<br>કુલ ખર્ચ રૂ.૨૯,૯૨,૬૦૦ |

---------

કચ્છ જિલ્લામાં સબલા યોજનાના લાભાર્થીઓ

* ૧૦૭૮૧ શ્રી રમેશભાઈ વ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં સબલા યોજના હેઠળ કઈ સેવાઓ આપવામાં આવે છે, અને | (૧) પુરક પોષણ, વિવિધ તાલીમ જેવી કે સખી સહેલી, જીવન કૌશલ્ય, આરોગ્ય પોષણ અને શિક્ષણ, વ્યવસાયિક તાલીમ, કિશોરી દિવસ, જાહેર સ્થળની મુલાકાત |
| (૨) વર્ષ ૨૦૧૩–૧૪માં સબલા યોજના હેઠળ કેટલા લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે, અને | (૨) ૫૩૦૭૪ |
| (૩) તે અંતર્ગત વર્ષ ૨૦૧૩–૧૪માં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) રૂા. ૧૦,૭૫,૪૧,૬૩૦/– |

---------

નડિયાદ આર.ટી.ઓ. કચેરીનું મંજૂર થયેલ મહેકમ

* ૧૧૦૩૭ શ્રી જગદીશભાઈ ઈ. પંચાલ(નિકોલ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧/૩/૨૦૧૪ની સ્થિતિએ નડિયાદ આર.ટી.ઓ. કચેરીનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

જવાબ

(૧) તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ નડિયાદ આર.ટી.ઓ. કચેરીમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ નીચે પ્રમાણે છે.

| અ. નં. | સંવર્ગનું નામ | મંજુર થયેલ મહેકમ |
|---|---|---|
| ૦૧ | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૧ |
| ૦૨ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૧ |
| ૦૩ | મોટર વાહન પ્રોસીક્યુટર | ૦૧ |
| ૦૪ | વહીવટી અધિકારી | ૦૧ |
| ૦૫ | મોટર વાહન નિરીક્ષક | ૦૫ |
| ૦૬ | સહાયક મોટર વાહન નિરીક્ષક | ૦૮ |
| ૦૭ | જનસંપર્ક અધિકારી | ૦૧ |

| | | |
|---|---|---|
| ૦૮ | હેડક્લાર્ક | ૦૨ |
| ૦૯ | સીનીયર ક્લાર્ક/સબ એકા. | ૦૭ |
| ૧૦ | જુનીયર ક્લાર્ક | ૨૧ |
| ૧૧ | ટાઇપીસ્ટ | ૦૧ |
| ૧૨ | હિસાબનીશ | ૦૧ |
| ૧૩ | સ્ટેનો ગ્રેડ-૩ | ૦૧ |
| ૧૪ | સબ ઓડીટર | ૦૧ |
| ૧૫ | આંકડા મદદનીશ | ૦૧ |
| ૧૬ | સર્કલ ઓફીસર | ૦૧ |
| ૧૭ | ડ્રાઈવર | ૦૧ |
| ૧૮ | પટાવાળા | ૦૩ |
| | કુલઃ | ૫૮ |

(૨) ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર ખાલી જગ્યાઓ નીચે મુજબ છે.

| અ. નં. | સંવર્ગનું નામ | ખાલી જગ્યા |
|---|---|---|
| ૦૧ | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૧ |
| ૦૨ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૧ |
| ૦૩ | મોટર વાહન પ્રોસીક્યુટર | ૦૧ |
| ૦૪ | વહીવટી અધિકારી | ૦૧ |
| ૦૫ | મોટર વાહન નિરીક્ષક | ૦૧ |
| ૦૬ | સહાયક મોટર વાહન નિરીક્ષક | ૦૪ |
| ૦૭ | જનસંપર્ક અધિકારી | -- |
| ૦૮ | હેડક્લાર્ક | ૦૧ |
| ૦૯ | સીનીયર ક્લાર્ક/સબ એકા. | -- |
| ૧૦ | જુનીયર ક્લાર્ક | ૦૭ |
| ૧૧ | ટાઇપીસ્ટ | ૦૧ |
| ૧૨ | હિસાબનીશ | ૦૧ |
| ૧૩ | સ્ટેનો ગ્રેડ-૩ | -- |
| ૧૪ | સબ ઓડીટર | -- |
| ૧૫ | આંકડા મદદનીશ | ૦૧ |
| ૧૬ | સર્કલ ઓફીસર | -- |
| ૧૭ | ડ્રાઈવર | ૦૧ |
| ૧૮ | પટાવાળા | ૦૨ |
| | કુલઃ | ૨૩ |

(૩) કેટલી ભરાયેલ છે?

(૩) ભરાયેલ જગ્યાઓની વિગતો નીચે મુજબ છે.

| અ. નં. | સંવર્ગનું નામ | ભરાયેલ જગ્યા |
|---|---|---|
| ૦૧ | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | -- |
| ૦૨ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | -- |
| ૦૩ | મોટર વાહન પ્રોસીક્યુટર | -- |
| ૦૪ | વહીવટી અધિકારી | -- |
| ૦૫ | મોટર વાહન નિરીક્ષક | ૦૪ |

| | | |
|---|---|---|
| ૦૬ | સહાયક મોટર વાહન નિરીક્ષક | ૦૪ |
| ૦૭ | જનસંપર્ક અધિકારી | ૦૧ |
| ૦૮ | હેડક્લાર્ક | ૦૧ |
| ૦૯ | સીનીયર ક્લાર્ક/સબ એકા. | ૦૭ |
| ૧૦ | જુનીયર ક્લાર્ક | ૧૪ |
| ૧૧ | ટાઈપીસ્ટ | -- |
| ૧૨ | હિસાબનીશ | -- |
| ૧૩ | સ્ટેનો ગ્રેડ-૩ | ૦૧ |
| ૧૪ | સબ ઓડીટર | ૦૧ |
| ૧૫ | આંકડા મદદનીશ | -- |
| ૧૬ | સર્કલ ઓફીસર | ૦૧ |
| ૧૭ | ડ્રાઈવર | -- |
| ૧૮ | પટાવાળા | ૦૧ |
| | કુલઃ | ૩૫ |

---------

મહેસાણા જિલ્લામાં કિશોરી શક્તિ યોજનાનો ખર્ચ

* ૧૦૭૮૨ શ્રી નારાયણભાઇ લ. પટેલ (ઉંઝા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં વર્ષ ૨૦૧૩-૧૪માં કિશોરી શક્તિ યોજના હેઠળ કેટલી કિશોરીઓને પૂરક પોષણ આપવામાં આવ્યું, અને | (૧) ૩૫૯૩૨ |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયેલ છે ? | (૨) રૂ।. ૭,૧૬,૮૪,૩૪૦/- |

---------

ઉના તાલુકામાં સીમર સામૂહિક આરોગ્ય કેન્દ્રનું બિલ્ડીંગ બનાવવા બાબત

* ૧૧૩૨૪ શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકામાં સીમર સામુહિક આરોગ્ય કેન્દ્રના બિલ્ડીંગ બનાવવા માટે કેટલી રકમ કયા વર્ષમાં મંજૂર કરવામાં આવી, અને | (૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકામાં સીમર સામુહિક આરોગ્ય કેન્દ્રના બિલ્ડીંગ બનાવવા માટે રૂ।. ૨૬૦.૦૦ લાખની રકમ વર્ષ ૨૦૧૧-૧૨માં મંજુર કરવામાં આવી છે. |
| (૨) કયા સ્થળે આ બીલ્ડીંગનું કામ ક્યારે શરૂ કરવામાં આવશે અને કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૨) સ્થળ બાબતે નિર્ણય થયેલ ન હોઈ, યોગ્ય જમીન મળ્યે બિલ્ડીંગનું કામ હાથ પર લઈ સમય મર્યાદામાં પૂર્ણ કરવામાં આવશે. |

---------

ખેલ મહાકુંભ અંતર્ગત બીચ સ્પોર્ટસનું આયોજન

* ૧૦૮૪૯ શ્રી જનકભાઇ કાછડીયા(કરંજ) : માનનીય રમતગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ખેલ મહાકુંભ અંતર્ગત બીચ સ્પોર્ટસનું આયોજન વર્ષ ૨૦૧૩માં થયેલ હતું કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ બીચ સ્પોર્ટસ સન ૨૦૧૩માં કયા જિલ્લામાં યોજવામાં આવી હતી ? | (૨) વર્ષ-૨૦૧૩માં બીચ સ્પોર્ટસની જિલ્લા કક્ષાની સ્પર્ધાનું આયોજન સાત જિલ્લામાં કરવામાં આવેલ હતું. જેમાં<br>૧. વલસાડમાં તીથલ બીચ<br>૨. સુરતમાં દાંડી બીચ<br>૩. ભાવનગરમાં મહુવા બીચ<br>૪. ગીર સોમનાથમાં સુત્રાપાડા બીચ<br>૫. પોરબંદરમાં કુછડી બીચ |

૬. દેવભૂમિ દ્વારકામાં ચંદ્રા ભાગા બીચ
૭. કચ્છમાં, માંડવી બીચ

જ્યારે સેમીફાઈનલ અને ફાઈનલ સ્પર્ધાનું આયોજન સાબરમતી રીવરફ્ન્ટ અમદાવાદ ખાતે કરવામાં આવેલ.

---------

### ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા સંસ્કૃત ભાષાના વિકાસ માટે યોજાયેલ કાર્યક્રમ

૧૦૮૪૭ શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(ભાવનગર-પૂર્વ) : માનનીય રમતગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દેવભાષા સંસ્કૃતનો રાજ્યમાં વિકાસ અને ઉત્કર્ષ થાય તે માટે ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા સન-૨૦૧૩ના વર્ષમાં કયો કાર્યક્રમ યોજવામાં આવ્યો, | (૧) અષાઢ માસના પ્રથમ દિવસે "અષાઢસ્ય પ્રથમ દિવસ" નામનો સંસ્કૃતોત્સવ કાર્યક્રમ યોજવામાં આવ્યો. |
| (૨) આ કાર્યક્રમ અંતર્ગત કયા પ્રકારની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી અને તે અંગે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) આ કાર્યક્રમ અંતર્ગત વેદ પંડીતોનું સન્માન તથા સંસ્કૃત સાહિત્ય ગૌરવ પુરસ્કાર અને યુવા ગૌરવ પુરસ્કારની અર્પણવિધિ રાખવામાં આવી હતી. તદ્ઉપરાંત સંસ્કૃત ભાષામાં સાંસ્કૃતિક કાર્યક્રમમાં નાટ્યમંચન અને રાસ-ગરબાનું આયોજન કરાયું હતું, આ સંદર્ભે એકંદર રૂા. ૧૬.૫૮ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. |
| (૩) આવો છેલ્લો કાર્યક્રમ ક્યારે યોજવામાં આવ્યો હતો? | (૩) આવો છેલ્લો કાર્યક્રમ તા. ૨૮/૦૬/૨૦૧૪ના રોજ યોજવામાં આવ્યો હતો. |

---------

### ભાવનગર જિલ્લામાં ફાળવેલ ૧૦૮ એમ્બ્યુલન્સ

૧૦૮૦૪ ડૉ. ટી. ડી. માણીયા(બોટાદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે ભાવનગર જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ કેટલી ૧૦૮ એમ્બ્યુલન્સ ફાળવેલ છે, અને | (૧) ૨૬ |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ ૧૦૮ સેવાઓના કેટલા દર્દીઓને લાભ આપવામાં આવેલ છે ? | (૨) ૭૬,૨૫૯ |

---------

### સાબરકાંઠા જિલ્લામાં સરકારી દવાખાનાઓમાં મંજૂર થયેલ મહેકમ

૯૫૭૮ શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૫/૨૦૧૪ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર સરકારી દવાખાનાઓમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને | (૧) સાબરકાંઠા જીલ્લાની સરકારી હોસ્પિટલોના મહેકમની વિગત સામેલ *પત્રક-અ મુજબ, સામૂહિક આરોગ્ય કેન્દ્રોના મહેકમની વિગત સામેલ *પત્રક-બ મુજબ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મહેકમની વિગત સામેલ *પત્રક-ક મુજબની છે. |
| (૨) આ જગ્યાઓ ખાલી રહેવાના કારણો શા છે અને કેટલા સમયમાં તે ભરવામાં આવશે ? | (૨) સામુહિક આરોગ્ય કેન્દ્રોની વર્ગ-૧ અને તબીબી અધિકારી વર્ગ-૨ની જગ્યાઓ વોક ઈન ઈન્ટરવ્યુ દ્વારા ભરવાનું આયોજન કરવામાં આવે છે. પરંતુ પસંદગી પામેલા ઉમેદવારોને પસંદગી મુજબનું સ્થળ ન મળતા હાજર ન થતાં હોય ઘણા કિસ્સાઓમાં જગ્યા ખાલી રહેવા પામે છે. સરકારી હોસ્પિટલો અને સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં તજજ્ઞ વર્ગ-૧ની ખાલી જગ્યાઓ ભરવા માટે કમિશ્નરશ્રી (આરોગ્ય)ની કચેરી ખાતે દર સોમવારે વોક ઈન ઈન્ટરવ્યુ રાખવામાં આવે છે અને તેમાં પસંદગી પામેલ તજજ્ઞોને |

એડહોક નિમણૂંક આપવામાં આવે છે. સી.એમ. સેતુ યોજના અંતર્ગત નિષ્ણાંત તબીબોની ખાલી જગ્યાઓ સામે ખાનગી હોસ્પિટલ/ક્લીનીક ધરાવતાં સ્પેશ્યાલીસ્ટની સેવાઓ સરકારી હોસ્પિટલો, સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં અમુક શરતોને આધિન લેવામાં આવે છે. તેમજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતેની મેડીકલ ઓફિસર, વર્ગ-૨ની ખાલી જગ્યાઓ ભરવા દર મંગળવારે વોક ઈન ઈન્ટરવ્યું નું આયોજન કરવામાં આવે છે જેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ ખાલી જગ્યાઓ ઉપર નિમણુંક આપવામાં આવે છે. રાજ્યની મેડીકલ કોલેજો તરફથી બોન્ડેડ ઉમેદવારોની યાદી મળ્યેથી તેમને પણ ખાલી જગ્યા ઉપર નિમણૂંક આપવામાં આવે છે. ઉપરાંત વધારાના હવાલાથી પણ કામગીરી લેવામાં આવે છે.

જયારે વર્ગ-૩ની ખાલી જગ્યાઓ પંચાયત સંવર્ગની છે જે સીધી ભરતી/બઢતીના ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ તેમ પંચાયત વિભાગ દ્વારા ભરવામાં આવે છે. તેમજ વર્ગ-૩ની વહીવટી તથા પેરામેડીકલ સંવર્ગની ખાલી જગ્યાઓ પર જરૂર જણાય ત્યાં વધારાના હવાલાથી પણ કામગીરી લેવામાં આવે છે. વર્ગ-૩ની પેરામેડીકલ સંવર્ગની તથા ડ્રાયવર વર્ગ-૩ અને વર્ગ-૪ની ખાલી જગ્યાઓ પર આઉટસોર્સથી પણ કામગીરી લેવામાં આવે છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

## વલસાડ જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સની કાર્યરત સેવાઓ

૧૦૫૦૫ શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર ૧૦૮ એમ્બ્યુલન્સની કેટલી સેવાઓ કાર્યરત છે, અને | (૧) |

| તાલુકા | સંખ્યા |
|---|---|
| ધરમપુર | ૪ |
| કપરાડા | ૫ |
| પારડી | ૨ |
| ઉમરગામ | ૨ |
| વલસાડ | ૪ |
| કુલ :- | ૧૭ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓેએ તેનો લાભ લીધો ? | (૨) છેલ્લા બે વર્ષમાં કુલ લાભાર્થીઓ-૪૭,૮૮૭ એ વલસાડ જિલ્લામાં લાભ લીધો છે. |

---------

## અમદાવાદ શહેર અને જિલ્લામાં સ્ત્રીભૃણ હત્યા કરતા ડૉક્ટરો સામે લીધેલ પગલાં

૧૦૬૪૯ શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં સ્ત્રીભૃણ હત્યા કરતા કેટલા ડૉક્ટરોની ધરપકડ કરવામાં આવી, | (૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં સ્ત્રીભૃણ હત્યા કરતાં કોઈ ડૉક્ટર પકડાયેલ ન હોય ધરપકડ કરવાનો પ્રશ્ન ઉદ્ભવતો નથી. |
| (૨) અમદાવાદ શહેર અને જિલ્લામાં કેટલા બાળભૃણ મળી આવ્યા, | (૨) ૧ |
| (૩) સરકારે આવા ડૉક્ટરો સામે શાં પગલાં લીધા, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

| | |
|---|---|
| (૪) બાળભૃણ હત્યા રોકવા સરકારે શું આયોજન કરેલ છે ? | (૪) (૧) ગેરકાયદેસર રીતે ઉપયોગમાં લેવાતાં અલ્ટ્રાસાઉન્ડ મશીનના સ્થળે ડીકોયની વ્યવસ્થા ગોઠવી તેઓને શોધી પીસી એન્ડ પીએનડીટી એક્ટ નીચે સખત પગલાં લેવા તેમજ સ્ટીંગ ઓપરેશન દ્ધારા સર્ચ એન્ડ સીઝરની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.<br>(૨) રજીસ્ટર્ડ સંસ્થાઓને પીસી એન્ડ પીએનડીટી કાયદાની સમજ અને તેના ભંગ બદલ થતી સજાની સમજ આપતા સેન્સેટાઇઝેશન વર્કશોપ યોજવામાં આવે છે.<br>(૩) સમાજમાં દીકરીની જરૂરિયાત સમજાવી તેના આગમનને વધાવતાં પ્રચાર-પ્રસારના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. |

---------

## ગાંધીનગર અને સાબરકાંઠા જિલ્લામાંથી ઓવરલોડ ખનીજ વહન કરવાની ટ્રીપો

૯૪૮૭ શ્રીમતી કામીનીબા ભુ. રાઠોડ (દહેગામ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ ખનીજ વહન કરવાના ઈ-રોયલ્ટી પાસે પાવતી આધારે ગાંધીનગર જિલ્લામાં અને સાબરકાંઠા જિલ્લામાં કુલ કેટલા મોટર ટ્રક વાહનમાં ઓવરલોડ ખનીજ માલ ભરવાની અને ઓવરલોડ ખનીજ વહન કરવાની કુલ કેટલી ટ્રીપો પકડવામાં આવી છે, | (૧) તા. ૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ ગાંધીનગર જીલ્લામાં કુલ -૨૧૧ ટ્રીપો તેમજ સાબરકાંઠા જીલ્લામાં કુલ- ૧૪૦ ટ્રીપો પકડવામાં આવેલ છે. |
| (૨) મોટર ટ્રક વાહનમાં ઓવરલોડ ખનીજ માલ ભરનાર તથા ઓવરલોડ ખનીજ વહન કરનાર સામે શાં પગલાં ભરવામાં આવ્યા, અને | (૨) ગાંધીનગર તેમજ સાબરકાંઠા જીલ્લામાં મોટર વાહન નિરીક્ષકશ્રી તથા સહાયક મોટર વાહન નિરીક્ષક મારફતે ચેકીંગ ગોઠવી નિયમોનુસાર વાહનોને ડિટેઈન કરી ચેકીંગ મેમા ઈસ્યુ કરી દંડ વસુલવામાં આવેલ છે. સાબરકાંઠા જીલ્લામાં કુલ- ૧૦૭ વાહનોના રજીસ્ટ્રેશન મોકુફ રાખેલ છે. |
| (૩) કેટલા ઓવરલોડ ગુન્હામાં દંડ વસુલ કરવામાં આવ્યો ? | (૩) ગાંધીનગર જીલ્લામાં ૨૧૧ વાહનો તથા સાબરકાંઠા જીલ્લામાં ૧૪૦ વાહનો પર દંડ વસુલ કરવામાં આવેલ છે. |

---------

## છોટાઉદેપુર જિલ્લામાં ચિરંજીવી યોજનાના લાભાર્થીઓ

૧૦૮૧૬ શ્રી જયંતિભાઇ સ. રાઠવા(જેતપુરપાવી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છોટાઉદેપુર જિલ્લામાં ચિરંજીવી યોજના હેઠળ કેટલા લાભાર્થીઓએ તા. ૩૧-૦૩-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં લાભ લીધેલ છે, અને | (૧) વર્ષ-૨૦૧૨-૧૩ ૧,૮૦૧ લાભાર્થીઓ વર્ષ-૨૦૧૩-૧૪ ૨,૦૫૩ લાભાર્થીઓ કુલઃ ૩,૮૫૪ લાભાર્થીઓ. |
| (૨) તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) વર્ષ-૨૦૧૨-૧૩ રૂા. ૫૦,૪૨,૮૦૦ વર્ષ-૨૦૧૩-૧૪ રૂા. ૬૪,૯૮,૪૦૦ કુલ ખર્ચઃ રૂા. ૧,૧૫,૪૧,૨૦૦. |

---------

## આણંદ આર.ટી.ઓ. કચેરીનું મંજૂર થયેલ મહેકમ

અતારાંકિત પ્રશ્નો

૧૦૭૭૬ શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ આણંદ આર.ટી.ઓ. કચેરીનું સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે,

જવાબ

(૧) તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ આણંદ આર.ટી. ઓ. કચેરીનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ નીચે પ્રમાણે છે.

| અ. નં. | સંવર્ગનું નામ | મંજુર થયેલ મહેકમ |
|---|---|---|
| ૦૧ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૧ |
| ૦૨ | મોટર વાહન નિરીક્ષક | ૦૪ |
| ૦૩ | સહાયક મોટર વાહન નિરીક્ષક | ૦૬ |
| ૦૪ | જનસંપર્ક અધિકારી | ૦૧ |
| ૦૫ | હેડકલાર્ક | ૦૨ |
| ૦૬ | સીનીયર કલાર્ક-સબ એકા. | ૦૪ |
| ૦૭ | જુનીયર કલાર્ક | ૧૮ |
| ૦૮ | સબ ઓડીટર | ૦૧ |
| ૦૯ | આંકડા મદદનીશ | ૦૧ |
| ૧૦ | સર્કલ ઓફિસર | ૦૧ |
| ૧૧ | ડ્રાઈવર | ૦૧ |
| ૧૨ | પટાવાળા | ૦૩ |
| | કુલઃ | ૪૩ |

(૨) ઉકત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) ઉકત સ્થિતિએ સંવર્ગવાર ખાલી જગ્યાઓની વિગતો નીચે પ્રમાણે છે.

| અ. નં. | સંવર્ગનું નામ | ખાલી જગ્યા |
|---|---|---|
| ૦૧ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | -- |
| ૦૨ | મોટર વાહન નિરીક્ષક | ૦૧ |
| ૦૩ | સહાયક મોટર વાહન નિરીક્ષક | ૦૩ |
| ૦૪ | જનસંપર્ક અધિકારી | -- |
| ૦૫ | હેડકલાર્ક | -- |
| ૦૬ | સીનીયર કલાર્ક-સબ એકા. | -- |
| ૦૭ | જુનીયર કલાર્ક | ૦૩ |
| ૦૮ | સબ ઓડીટર | ૦૧ |
| ૦૯ | આંકડા મદદનીશ | ૦૧ |
| ૧૦ | સર્કલ ઓફિસર | ૦૧ |
| ૧૧ | ડ્રાઈવર | ૦૧ |
| ૧૨ | પટાવાળા | ૦૩ |
| | કુલઃ | ૧૪ |

(૩) કેટલી ભરાયેલ છે ?

(૩) ભરાયેલ જગ્યાઓની વિગતો નીચે પ્રમાણે છે.

| અ. નં. | સંવર્ગનું નામ | ભરાયેલ જગ્યા |
|---|---|---|
| ૦૧ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૧ |

| | | |
|---|---|---|
| ૦૩ | સહાયક મોટર વાહન નિરીક્ષક | ૦૩ |
| ૦૪ | જનસંપર્ક અધિકારી | ૦૧ |
| ૦૫ | હેડકલાર્ક | ૦૨ |
| ૦૬ | સીનીયર કલાર્ક–સબ એકા. | ૦૪ |
| ૦૭ | જુનીયર કલાર્ક | ૧૫ |
| ૦૮ | સબ ઓડીટર | –– |
| ૦૯ | આંકડા મદદનીશ | –– |
| ૧૦ | સર્કલ ઓફીસર | –– |
| ૧૧ | ડ્રાઈવર | –– |
| ૧૨ | પટાવાળા | –– |
| | કુલ | ૨૯ |

---------

વડોદરા અને છોટાઉદેપુર જીલ્લામાં દૂધ સંજીવની યોજના પાછળ થયેલ ખર્ચ

૧૧૭૦૩ શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વડોદરા અને છોટાઉદેપુર જીલ્લામાં તા. ૩૧–૦૫–૨૦૧૪ના સ્થિતિએ દૂધ સંજીવની યોજના હેઠળ કયા તાલુકામાં કેટલો ખર્ચ છેલ્લા બે વર્ષમાં કરવામાં આવ્યો, અને

જવાબ

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ વડોદરા જીલ્લામાં દૂધ સંજીવની યોજના અમલમાં નથી. છોટાઉદેપુર જીલ્લાની માહિતી નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | વર્ષ | ખર્ચ |
|---|---|---|
| ક્વાંટ | ૨૦૧૨–૧૩ | રૂ।. ૩૪,૫૮,૪૪૦/- |
| | ૨૦૧૩–૧૪ | રૂ।. ૨૧,૦૩,૯૯૨/- |
| | ૩૧–૦૫–૧૪ | રૂ।. ૫,૧૩,૩૬૦/- |

(૨) તાલુકાવાર કેટલા બાળકોને તેનો લાભ આપવામાં આવે છે ?

(૨) છોટાઉદેપુર જીલ્લાની માહિતિ નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | વર્ષ | લાભાર્થીની સંખ્યા |
|---|---|---|
| ક્વાંટ | ૨૦૧૨–૧૩ | ૭૬૮૦ |
| | ૨૦૧૩–૧૪ | ૭૪૪૦ |
| | ૩૧–૦૫–૧૪ | ૭૪૪૦ |

---------

જૂનાગઢ જિલ્લામાં સબલા યોજનાના લાભાર્થીઓ

૧૦૭૮૦ શ્રી અરવિંદભાઇ કે. લાડાણી(કેશોદ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) જૂનાગઢ જિલ્લામાં વર્ષ ૨૦૧૩–૧૪માં સબલા યોજના હેઠળ કેટલા લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે, અને

(૨) વર્ષ ૨૦૧૩–૧૪ માં સબલા યોજના હેઠળ પુરક પોષણ માટે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

જવાબ

(૧) ૫૯૪૪૩.

(૨) રૂ।. ૭,૯૩,૫૬,૪૦૫/-

---------

અમદાવાદ જિલ્લામાં ચિરંજીવી યોજનાના લાભાર્થીઓ

અતારાંકિત પ્રશ્નો

૧૦૮૧૯ શ્રી લાલજીભાઇ ચ. કોળીપટેલ(ધંધુકા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં ચિરંજીવી યોજના હેઠળ કેટલા લાભાર્થીઓએ તા. ૩૧–૦૩–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં લાભ લીધેલ છે, અને | (૧) વર્ષ–૨૦૧૨–૧૩ ૧,૯૫૧ લાભાર્થીઓ વર્ષ–૨૦૧૩–૧૪ ૨,૩૫૪ લાભાર્થીઓ કુલઃ ૪,૩૦૫ લાભાર્થીઓ. |
| (૨) તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) વર્ષ–૨૦૧૨–૧૩ રૂા. ૫૩,૭૩,૨૦૦ વર્ષ–૨૦૧૨–૧૩ રૂા. ૮૭,૩૦,૫૨૦ કુલ ખર્ચ: રૂા. ૧,૪૧,૦૩,૭૨૦. |

---------

અમદાવાદ જિલ્લામાં દિકરી યોજના હેઠળના લાભાર્થીઓ

૧૦૮૧૦ શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં દિકરી યોજના હેઠળ તા. ૩૧–૦૩–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓએ લાભ લીધેલ છે, અને | (૧) ૧૨૮. |
| (૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) રૂા. ૬,૫૯,૦૦૦/- |

---------

શહેરા તાલુકાના ડેમલી બામરોલી આણીયાદ રોડ પર પુલ બનાવવા બાબત

૧૦૮૩૪ શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના ડેમલી બામરોલી આણીયાદ રોડ પર સરકાર મોટો પુલ બનાવવા માંગે છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો પુલનું કામ કેટલી રકમનું ક્યારે મંજૂર કરવામાં આવ્યું, અને | (૨) રૂા. ૬૦૦.૦૦ લાખ, જુલાઈ–૨૦૧૩માં |
| (૩) તે કામ તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ કયા તબક્કે છે ? | (૩) ટેન્ડર પ્રક્રિયા હેઠળ. |

---------

અમરેલી જિલ્લામાં કિશોરીશક્તિ યોજનાના લાભાર્થી

૧૦૭૮૩ શ્રી વલ્લભભાઇ વ. વઘાસીયા(સાવરકુંડલા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં કિશોરી શકિત યોજના ક્યારથી અમલમાં છે, | (૧) અમરેલી જિલ્લામાં કિશોરી શક્તિ યોજના તા. ૬–૧– ૨૦૦૬થી અમલમાં છે. |
| (૨) કિશોરી શકિત યોજના હેઠળ કઈ કઈ સેવાઓ આપવામાં આવે છે, અને | (૨) કિશોરી શક્તિ યોજના હેઠળ નીચે મુજબની સેવાઓમાં આપવામાં આવે છે.<br>(૧) કિશોરીઓને ટી.એચ.આર. તરીકે પુરક પોષણ આપવામાં આવે છે.<br>(૨) દર મમતા દિવસે કિશોરીઓને આઈ.એફ.એ. ટેબલેટ આપવામાં આવે છે.<br>(૩) ત્રીમાસિક મમતા તરૂણી દિવસે આરોગ્ય તપાસ કરવામાં આવે છે. જેમાં હિમોગ્લોબીન વજન ઉંચાઈ અને બોડી માસ ઈન્ડેકસ માપવામાં આવે છે.<br>(૪) વોકેશનલ તાલીમમાં કોમ્પ્યુટર, સિવણ, મહેંદી, પાર્લર, રસોઈની તાલીમો આપવામાં આવે છે. |

(૫) આરોગ્ય, પોષણ, શિક્ષણ આપવામાં આવે છે.

(૩) અમરેલી જિલ્લામાં તાલુકાવાર વર્ષ ૨૦૧૩–૧૪માં કિશોરી શકિત યોજના હેઠળ કેટલા લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે ?

(૩) અમરેલી જિલ્લામાં વર્ષ ૧૩–૧૪માં કિશોરી શકિત યોજના હેઠળ નીચે મુજબ ઘટકદીઠ લાભ આપવામાં આવે છે.

| ઘટક | લાભાર્થી |
|---|---|
| (૧) ધારી | ૩૮૫૬ |
| (૨) જાફરાબાદ | ૩૦૯૬ |
| (૩) લીલીયા | ૨૧૯૧ |
| (૪) રાજુલા | ૩૦૧૨ |
| (૫) બાબરા | ૪૪૧૭ |
| (૬) કુંકાવાવ | ૨૦૯૧ |
| (૭) અમરેલી–૧ | ૩૦૮૫ |
| (૮) અમરેલી–૨ | ૩૭૭૬ |
| (૯) લાઠી | ૨૪૪૧ |
| (૧૦) ખાંભા | ૨૭૭૦ |
| (૧૧) બગસરા | ૨૭૧૨ |
| (૧૨) સાવરકુંડલા–૧ | ૨૧૬૮ |
| (૧૩) સાવરકુંડલા–૨ | ૧૯૭૫ |
| કુલઃ | ૩૭૫૯૦ |

---------

રાજકોટ જિલ્લામાં રિસર્ફેસીંગના મંજૂર થયેલ કામો

૧૦૮૩૯ શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાજકોટ જિલ્લામાં ૨૦૧૩–૧૪ ના નાણાકીય વર્ષમાં, રાજ્ય સરકારે પંચાયત હસ્તકના સન ૨૦૧૩ના ચોમાસામાં ભારે વરસાદથી નુકશાન પામેલ કેટલા રસ્તાઓના, કેટલી લંબાઈનાં તથા કેટલી રકમના રીસર્ફેસીંગના કામો મંજૂર કર્યા, અને

(૨) તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ તે રસ્તાઓના કામો કયા તબક્કે છે ?

જવાબ

(૧) ૩૩ રસ્તાઓનાં, ૧૨૫.૮૫ કી.મી. લંબાઈના રૂા. ૩૦૫૫.૦૦ લાખનાં મંજુર કરવામાં આવ્યા.

(૨) ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે.

---------

અમરેલી જિલ્લામાં પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં મંજૂર થયેલ મહેકમ

૯૭૯૧ શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૫–૨૦૧૪ ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામુહિક આરોગ્ય કેન્દ્ર અને સિવિલ હોસ્પિટલોમાં સંવર્ગવાર કુલ કેટલું મહેકમ મંજુર થયેલ છે,

(૨) તે પૈકી સંવર્ગવાર કુલ કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૩) ઉપરોક્ત સંવર્ગવાર ખાલી જગ્યાઓ કાયમી ધોરણે ભરવા માટે સરકારનું શું આયોજન છે ?

જવાબ

(૧) અને (૨)

અમરેલી જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની વિગત દર્શાવતું *પત્રક–અ સામેલ છે. સામુહિક આરોગ્ય કેન્દ્રની વિગત દર્શાવતું *પત્રક–બ અને સિવિલ હોસ્પિટલની વિગત દર્શાવતું *પત્રક–ક સામેલ છે.

(૩) સા.આ. કેન્દ્રોમાં તજજ્ઞ વર્ગ–૧ ની ખાલી જગ્યાઓ તેમજ પ્રા.આ. કેન્દ્રો ખાતેની મેડીકલ ઓફિસર, વર્ગ–૨ ની ખાલી જગ્યાઓ ભરવા દર સોમવારે અને દર મંગળવારે વોક ઇન ઇન્ટરવ્યુંનું આયોજન કરવામાં આવે છે જેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ ખાલી જગ્યાઓ ઉપર નિમણુંક આપવામાં આવે છે. રાજ્યની મેડીકલ કોલેજો તરફથી બોન્ડેડ ઉમેદવારોની યાદી મળ્યેથી

તેમને પણ ખાલી જગ્યા ઉપર નિમણુંક આપવામાં આવે છે. ઉપરાંત વધારાના હવાલાથી પણ કામગીરી લેવામાં આવે છે.

જ્યારે વર્ગ–૩ ની ખાલી જગ્યાઓ પંચાયત સંવર્ગની છે જે સીધી ભરતી/બઢતીના ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ તેમ પંચાયત વિભાગ દ્ધારા ભરવામાં આવે છે. તેમજ વર્ગ–૩ ની વહીવટી તથા પેરામેડીકલ સંવર્ગની ખાલી જગ્યાઓ પર જરૂર જણાય ત્યાં વધારાના હવાલાથી પણ કામગીરી લેવામાં આવે છે. વર્ગ–૩ ની પેરામેડીકલ સંવર્ગની તથા ડ્રાયવર વર્ગ–૩ અને વર્ગ–૪ ની ખાલી જગ્યાઓ પર આઉટસોર્સથી પણ કામગીરી લેવામાં આવે છે.

(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

તાપી જિલ્લામાં વાલ્મીકી નદી પર પુલ બનાવવા બાબત

૧૦૮૩૫ શ્રી રાજેન્દ્રભાઇ પટેલ(ચોર્યાસી) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૦૩–૨૦૧૪ ની સ્થિતિએ તાપી જિલ્લામાં બુહારી–દાદરીયા અને કેલકૂઇ–વેડછી રસ્તા પર વાલ્મીકી નદી પર પુલનું બાંધકામ ક્યા તબક્કે છે, અને

(૨) તે કામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

જવાબ

(૧) પાયા તથા પિયર તબક્કે.

(૨) માહે સપ્ટેમ્બર–૨૦૧૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

ખેડા જિલ્લામાં હાઇ સીક્યુરીટી નંબર પ્લેટ બાબત

૧૦૬૧૪ શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૩–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં કેટલા વાહનોને હાઇ સીક્યુરીટી નંબર પ્લેટ ફાળવવામાં આવી,

(૨) સદર નંબર પ્લેટ માટે કેટલી રકમ લેવાની જોગવાઇ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ આર.ટી.ઓ. ખેડા જિલ્લામાં સદર નંબર પ્લેટો માટે કેટલી રકમ ખર્ચ કરી અને કેટલી રકમની આવક થઇ ?

જવાબ

(૧) ૨૮૦૫૪ પ્લેટો ફાળવવામાં આવી.

(૨)

| વાહનનો પ્રકાર | વસુલ લેવાની થતી રકમ (રૂપિયા) |
|---|---|
| ટુ વ્હીલર | ૧૨૦ |
| થ્રી વ્હીલર | ૧૫૦ |
| ફોર વ્હીલર | ૩૫૦ |
| હેવી મોટર વ્હીકલ | ૩૭૦ |

(૩) હાઇ સીક્યુરીટી નંબર પ્લેટ બનાવવા માટે સરકારશ્રી દ્ધારા કોઇપણ પ્રકારનો ખર્ચ કરવામાં આવતો નથી. આવી પ્લેટો લગાવવા માટે મેસર્સ એફટીએ એચએસઆરપી સોલ્યુશન પ્રા.લી. સાથે કરાર કરવામાં આવેલ છે.

સદર નંબર પ્લેટોની રોયલ્ટી અને એડીશનલ રોયલ્ટી પેટે સરકારશ્રીને ખેડા જિલ્લામાં રૂ.૯,૩૫,૯૦૬/– ની આવક થઇ.

---------

તાપી જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાના લાભાર્થીઓ

તા. ૧૬મી જુલાઇ, ૨૦૧૪

અતારાંકિત પ્રશ્નો

૧૦૮૦૩ શ્રી મોહનભાઇ ધ. ઢોડીયા(મહુવા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાપી જિલ્લામાં તા.૩૧–૩–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાનો કેટલા લાભાર્થીઓએ લાભ લીધો, અને | (૧) ૩૩,૫૮૩. |
| (૨) તે પૈકી કેટલાની જીંદગી બચાવવામાં આવી ? | (૨) ૩,૭૭૬. |

---------

સાબરકાંઠા જિલ્લામાં બાળસખા યોજનાના લાભાર્થીઓ

૧૦૮૨૫ શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા(હિંમતનગર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા, વિજયનગર, ભિલોડા અને મેઘરજ તાલુકામાં તા.૩૧–૦૩–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બાળસખા યોજના હેઠળ તાલુકાવાર કેટલા લાભાર્થીઓને લાભ આપ્યો,

(૨) તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

જવાબ

(૧) અને (૨)

| તાલુકાનું નામ | તા.૩૧–૩–૨૦૧૪ ની સ્થિતિએ | |
|---|---|---|
| | લાભાર્થીઓ | ખર્ચ |
| ખેડબ્રહ્મા | ૦ | ૦ |
| વિજયનગર | ૦ | ૦ |
| ભિલોડા | ૫,૩૭૮ | રૂ.૫૭,૫૫,૫૨૦ |
| મેઘરજ | ૯૮ | રૂ.૧,૭૧,૬૦૦ |

(૩) ઉક્ત યોજનાના અસરકારક અમલ માટે તાલુકાવાર કેટલા બાળ રોગ નિષ્ણાંતો તા.૩૧–૩–૨૦૧૪ ની સ્થિતિએ કામગીરી બજાવે છે ?

(૩)

| | |
|---|---|
| ખેડબ્રહ્મા | ૦ |
| વિજયનગર | ૦ |
| ભિલોડા | ૧ |
| મેઘરજ | ૧ |
| કુલઃ | ૨ |

---------

વડોદરા જિલ્લામાં માતા યશોદા ગૌરવનિધિ વીમા યોજનાના લાભાર્થીઓ

૧૦૭૭૭ શ્રી બાલકૃષ્ણ ના. પટેલ(ડભોઇ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં માતા યશોદા ગૌરવનિધિ વીમા યોજના હેઠળ વર્ષ ૨૦૧૩–૧૪ માં કેટલા લાભાર્થીને લાભ મળેલ છે, અને | (૧) ૭૫. |
| (૨) તે પૈકી વર્ષ ૨૦૧૩–૧૪ માં કેટલી રકમનું ચૂકવણું કરવામાં આવેલ છે ? | (૨) રૂ.૪,૦૩,૪૦૫/–. |

---------

વડોદરા જિલ્લામાં કાર્યરત આંગણવાડી કેન્દ્રો

૧૦૭૭૮ શ્રી દિનેશભાઇ બા. પટેલ(પાદરા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં કેટલા આંગણવાડી કેન્દ્રો વર્ષ ૨૦૧૩–૧૪ માં મંજૂર થયેલ છે, અને | (૧) ૬ (છ). |
| (૨) તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ તે પૈકી કેટલા આંગણવાડી કેન્દ્રો કાર્યરત છે ? | (૨) ૬ (છ). |

---------

સાબરકાંઠા જિલ્લામાં ફાળવેલ ૧૦૮ એમ્બ્યુલન્સ

૧૧૦૨૪ શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ(વેજલપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજ્ય સરકારે સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧-૩-૨૦૧૪ ની સ્થિતિએ કેટલી ૧૦૮ એમ્બ્યુલન્સ ફાળવેલ છે, અને | (૧) ૨૧. |
| (૨) તા.૩૧-૩-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૧૦૮ ની સેવાઓનો કેટલા દર્દીઓને લાભ આપવામાં આવેલ છે ? | (૨) ૫૫,૦૧૫. |

---------

### રાજ્યમાં કાર્યરત સરકારી અને સ્વનિર્ભર મેડીકલ કોલેજો

૧૦૮૦૦ ડૉ. નીમાબેન આર્ચાય (ભુજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજ્યમાં તા.૩૧-૦૩-૨૦૧૪ ની સ્થિતિએ કેટલી સરકારી તેમજ સ્વ-નિર્ભર મેડીકલ કોલેજો કાર્યરત છે, અને | (૧) રાજ્યમાં તા.૩૧-૦૩-૨૦૧૪ ની સ્થિતિએ ૬ સરકારી તેમજ ૧૩ સ્વ-નિર્ભર મેડીકલ કોલેજો મળી કુલ ૧૯ મેડીકલ કોલેજો કાર્યરત છે. |
| (૨) તા.૩૧-૦૫-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલી નવી મેડીકલ કોલેજોની મંજુરી આપવામાં આવી, અને કેટલી સીટોમાં વધારો થયો ? | (૨) તા.૩૧-૦૫-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ત્રણ નવી મેડીકલ કોલેજોની મંજુરી આપવામાં આવી, અને ૫૫૦ સીટોનો વધારો થયો. |

---------

### દાહોદ જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને આપવામાં આવતી વસ્તુઓ

૧૦૩૧૫ શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૫-૨૦૧૪ ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને રમકડાં તેમજ બીજી કઇ કઇ વસ્તુઓ આપવામાં આવે છે, અને | (૧) રમકડાં, એક્ટીવીટી બુક ભાગ-૧ અને ભાગ-૨, ૧૬ પ્રકારની ગમ્મત/બાળવાર્તા લક્ષી પુસ્તકો, ચિત્રપોથી, વેક્ષ ક્રેયોન (મીણીયા કલર) જેવી વસ્તુઓ આપવામાં આવે છે. |
| (૨) તેનો આંગણવાડી દીઠ કુલ કેટલો ખર્ચ કરવામાં આવે છે ? | (૨) પ્રીસ્કૂલ કીટ માટે આંગણવાડી દીઠ વાર્ષિક રૂ.૩૦૦૦/- તથા મીની આંગણવાડી દીઠ વાર્ષિક રૂ.૧૫૦૦/- આપવામાં આવે છે. |

---------

### રાજપીપળા સરકારી હોસ્પિટલના મકાનના વિસ્તરણ

૧૦૮૦૧ શ્રી મોતીલાલ પુ. વસાવા(ડેડીયાપાડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ રાજ્ય સરકારે રાજપીપળા સરકારી હોસ્પિટલના મકાનના વિસ્તરણ માટે યોજના કરેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ હોસ્પિટલના વિસ્તરણ માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બાંધકામ માટે શું આયોજન કરવામાં આવ્યું? | (૨) રાજપીપળા ખાતે જનરલ હોસ્પિટલના નવા મકાનના બાંધકામ માટે ૨૦ એકર જમીન સંપાદન કરવામાં આવેલ છે. આ જમીન પૈકી કુલ ૬૩૪૮.૪૨ ચો.મી. માં હોસ્પિટલના ભવિષ્યના વિકાસના આયોજનને ઘ્યાનમાં લઇને આધુનિક તબીબી સવલતો ધરાવતું નવા મકાનનું બાંધકામ કરવા માટે માસ્ટર પ્લાનીંગ તૈયાર કરેલ છે. સદર હોસ્પિટલની બાંધકામનો વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. સદર કામગીરી ૧૮ માસમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

### પાલનપુર એપ્રોચ રોડનું પેવર કામનું આયોજન

તા. ૧૬મી જુલાઇ, ૨૦૧૪

અતારાંકિત પ્રશ્નો

૧૧૯૫૧ શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ પાલનપુર રેલ્વે ઓવરબ્રીજને જોડતો એપ્રોચ રોડ તૂટેલો અને બિસ્માર હાલતમાં છે તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, | (૧) ના જી. એપ્રોચ રોડ સારો છે. |
| (૨) જો હા, તો આ એપ્રોચ રોડને પેવર સપાટીવાળો કરવા માટે શું આયોજન કરેલ છે, અને | (૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તે કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે? | |

---------

બાયડ અને માલપુર તાલુકામાં પંચાયત અને સ્ટેટ હસ્તકના રસ્તાઓનું પેવર કામ

૧૧૫૪૨ શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બાયડ અને માલપુર તાલુકામાં પંચાયત અને સ્ટેટ હસ્તકના પ્લાન અને નોન–પ્લાનના કુલ કેટલા અને કયા રસ્તાઓનું પેવર કામ થયેલ છે, | (૧) પરિશિષ્ટ ૧ મુજબનાં ૭૩ રસ્તા. |
| (૨) તે પૈકી રડોદરાથી ઉભરાણ તરફના સ્ટેટ હસ્તકના રસ્તાનું કામ કયારે કરવામાં આવ્યું, અને તે માટે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) તા.૦૩–૦૬–૨૦૧૩નાં રોજ પૂર્ણ, રૂા. ૯૪૮.૬૨ લાખ. |
| (૩) આ રસ્તાની કામગીરી સંતોષકારક નથી, તે હકીકત સરકાર જાણે છે કે કેમ? | (૩) રસ્તાની કામગીરી સંતોષકારક હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

(* પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

કચ્છ જિલ્લામાં વાંકુ–પિંગલેશ્વર રસ્તો રીકારપેટ કરવાનું આયોજન

૧૦૮૮૪ શ્રી શકિતસિંહજી હ. ગોહિલ (અબડાસા) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ કચ્છ જિલ્લાના અબડાસા તાલુકામાં આવેલ સુપ્રસિધ્ધ પિંગલેશ્વર મંદિર જવા માટેનો વાંકુ–પિંગલેશ્વર રસ્તો પંદર વર્ષ પહેલા બનેલ છે તેને રીકારપેટ કરવાનું સરકારનું આયોજન શું છે? | આ ગ્રામ્ય માર્ગ ડામર સપાટી વાળો વાહન વ્યવહાર લાયક રસ્તો છે. રસ્તાની તાંત્રીક જરૂરીયાત, આંતરીક અગ્રતાક્રમ અનુસાર આયોજન વિચારવામાં આવશે. |

---------

દાહોદ જિલ્લામાં ચિરંજીવી યોજનાના લાભાર્થીઓ

૧૦૮૧૭ શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપુરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ | |
|---|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં ચિરંજીવી યોજના હેઠળ કેટલા લાભાર્થીઓએ તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં લાભ લીધેલ છે, અને | (૧) | |
| | વર્ષ–૨૦૧૨–૧૩ | ૭,૮૮૬ લાભાર્થીઓ |
| | વર્ષ–૨૦૧૩–૧૪ | ૭,૫૮૧ લાભાર્થીઓ |
| | કુલઃ– | ૧૫,૪૬૭ લાભાર્થીઓ. |
| (૨) તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) | |
| | વર્ષ–૨૦૧૨–૧૩ | રૂા. ૩,૪૯,૧૯,૨૦૬ |
| | વર્ષ–૨૦૧૨–૧૩ | રૂા. ૩,૭૩,૦૬,૦૮૮ |
| | કુલ ખર્ચઃ– | રૂા. ૭,૨૨,૨૫,૨૯૪. |

---------

રાજ્યમાં સ્વનિર્ભર મેડીકલ કોલેજોમાં પી.જી. ની ઉપલબ્ધ બેઠકો અંગે

૧૦૭૯૮ શ્રી જીતેન્દ્ર ર. સુખડીયા(સયાજીગંજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં કેટલી સ્વનિર્ભર સરકારી મેડીકલ કોલેજોમાં પી.જી. કોર્ષ | (૧) તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યની ૫ સ્વનિર્ભર મેડીકલ કોલેજો અને ૬ સરકારી મેડીકલ કોલેજો |

| | |
|---|---|
| ચાલે છે, | ખાતે પી.જી. કોર્ષ ચાલે છે. |
| (૨) કયા-કયા વિષયોમાં પી.જી. કોર્ષ ચાલે છે, અને | (૨) મેડીસીન, પેડીયાટ્રીક્સ, સ્કીન, સાઈકીયાટ્રી, સર્જરી, ઓર્થોપેડક્સ, ઓપ્થેલ્મોલોજી, ઈ.એન.ટી. ગાયનેક, એનેસ્થેસીયા, રેડીયોલોજી, પેથોલોજી, માઈક્રોબાયોલોજી, બાયોકેમેસ્ટ્રી, રેડીયોથેરાપી, આઈ.એચ.બી.ટી. એનોટોમી, ફીજીયોલોજી, ફાર્માકોલોજી, પી.એસ.એમ. ફોરેન્સીક મેડીસીન, ઈમરજન્સી મેડીસીન, પલ્મોનરી મેડીસીન/ટી.બી. મળી કુલ ૨૩ વિષયોમાં પી.જી. કોર્ષ ચાલે છે. |
| (૩) તેની કુલ કેટલી બેઠકો ઉપલબ્ધ છે? | (૩) તેની કુલ પી.જી. મેડીકલ ડીગ્રીની ૧૧૭૧ અને પી.જી. મેડીકલ ડીપ્લોમાની ૨૫૯ મળી કુલ- ૧૪૩૦ બેઠકો ઉપલબ્ધ છે. |

---------

વ્યાજબી ભાવે દવાઓ મળી રહે તે માટે સરકારે કરેલ કાર્યવાહી

૧૦૮૧૨ શ્રી નરોત્તમભાઇ પટેલ(ઉધના) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| લોકોને વ્યાજબી ભાવે દવાઓ મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવી? | રાજ્ય સરકારની બધી હોસ્પિટલોમાં એસેન્શીયલ ડ્રગ લીસ્ટ (ઈ.ડી.એલ.) મુજબની દવાઓ દર્દીઓને વિનામૂલ્યે ઉપલબ્ધ કરવામાં આવે છે. વધુમાં, હાલમાં પ્રથમ તબક્કે રાજ્યની દશ મોટી હોસ્પિટલોમાં રોગી કલ્યાણ સમિતિઓ મારફતે કુલ દસ મેડીકલ સ્ટોર બનાવવાનું આયોજન છે. જ્યાંથી દર્દીઓને ઉક્ત દવાઓ સિવાયની દવાઓ વ્યાજબી ભાવે ઉપલબ્ધ કરવામાં આવશે. |

---------

તાપી જિલ્લામાં નિઝર ખાતે તાલુકા સેવાસદનનું મંજુર થયેલ કામ

૧૦૮૪૬ શ્રી પ્રફુલભાઇ છ. પાનશેરીયા (કામરેજ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાપી જિલ્લાના નિઝર ખાતે તાલુકા સેવાસદનનું કામ મંજૂર થયેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે કેટલી અંદાજીત રકમનું, અને | (૨) રૂ।. ૮૩૬.૬૫ લાખ. |
| (૩) તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ તે કામ ક્યા તબક્કે છે? | (૩) પ્રગતિ હેઠળ. |

---------

રાજ્યમાં કાર્યરત સરકારી અને સ્વ-નિર્ભર ફીઝીયોથેરાપી કોલેજો

૧૦૭૯૯ શ્રી રાકેશ શાહ(એલિસબ્રીજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ કેટલી સરકારી તેમજ સ્વ-નિર્ભર ફીઝીયોથેરાપી કોલેજો કાર્યરત છે, અને | (૧) રાજ્યમાં તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ ૫ સરકારી તેમજ ૨૩ સ્વ-નિર્ભર ફીઝીયોથેરાપી કોલેજો કાર્યરત છે. |
| (૨) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલી નવી ફીઝીયોથેરાપી કોલેજોની મંજુરી આપવામાં આવી, અને કેટલી સીટોમાં વધારો થયો? | (૨) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ત્રણ નવી ફીઝીયોથેરાપી કોલેજોની મંજુરી આપવામાં આવી, અને સીટોમાં-૨૧૫ વધારો થયો. |

---------

જામનગર જિલ્લામાં સબલા યોજનાના લાભાર્થીઓ

૧૦૭૭૯ શ્રી મેઘજીભાઇ અ. ચાવડા(કાલાવડ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં સબલા યોજના હેઠળ વર્ષ | (૧) ૩૫૦૬૮. |

૨૦૧૩–૧૪ માં પૂરક પોષણ આહારના કેટલા લાભાર્થીઓ છે, અને

(૨) આ યોજના હેઠળ પૂરક પોષણ માટે જામનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૩–૧૪માં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

(૨) રૂ. ૪,૬૮,૧૫,૭૮૦/–

---------

સાણંદ અને બાવળા તાલુકાના સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં ડોક્ટરોની મંજુર થયેલ જગ્યા

૧૧૫૫૪ શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના સાણંદ અને બાવળા તાલુકાના સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં સેટઅપ મુજબ ડોક્ટરોની કેટલી જગ્યા મંજુર થયેલ છે, | (૧) |

| ક્રમ | તાલુકાનું નામ | સામુહિક આરોગ્ય કેન્દ્રનું નામ | વર્ગ–૧ | વર્ગ–૨ |
|---|---|---|---|---|
| ૧ | સાણંદ | સાણંદ | ૧ | ૩ |
| ૨ | બાવળા | બાવળા | ૧ | ૩ |
| | | બગોદરા | ૧ | ૩ |
| | કુલઃ– | | ૩ | ૯ |

(૨) તે પૈકી કેટલી જગ્યા ભરેલી અને કેટલી ખાલી છે,

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | સામુહિક આરોગ્ય કેન્દ્રનું નામ | વર્ગ–૧ | | વર્ગ–૨ | |
|---|---|---|---|---|---|---|
| | | | ભરેલી | ખાલી | ભરેલી | ખાલી |
| ૧ | સાણંદ | સાણંદ | ૧ | ૦ | ૩ | ૦ |
| ૨ | બાવળા | બાવળા | ૦ | ૧ | ૩ | ૦ |
| | | બગોદરા | ૦ | ૧ | ૩ | ૦ |
| | કુલઃ– | | ૧ | ૨ | ૯ | ૦ |

(૩) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવાનું સરકારનું આયોજન છે, અને

(૩) (૧) ડૉક્ટરોની ખાલી જગ્યાઓ ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા પસંદગી પામેલ ઉમેદવારો ઉપલબ્ધ થતાં નિયમિત ધોરણે નિમણુંક આપીને ભરવામાં આવે છે.

(૨) યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોને કરારના ધોરણે ખાલી જગ્યાઓ ઉપર નિમણુંક આપીને આ જગ્યાઓ ભરવામાં આવે છે.

(૩) સી.એમ. સેતુ યોજના હેઠળ દવાખાનામાં ખાનગી ડૉક્ટરોની પણ સેવા ઉપલબ્ધ કરવામાં આવે છે.

(૪) ડૉક્ટરોની ખાલી જગ્યાઓનો ચાર્જ અન્ય તબીબી અધિકારીને સોંપીને પણ તબીબી સેવાઓ ઉપલબ્ધ કરવામાં આવે છે.

(૪) આ કેન્દ્રોમાં તમામ પ્રકારની સુવિધાઓ ચાલુ કરવા માંગો છો કે કેમ અને ક્યારે શરૂ કરવા માંગો છો ?

(૪) ૧. સામુહિક આરોગ્ય કેન્દ્ર–બાવળા ખાતે હાલમાં ડીલીવરીની સુવિધા, કુટુંબનિયોજનની સુવિધાઓ, દર્દીને ઇન્ડોર કરવા અંગેની સુવિધા, એક્સ–રેની સુવિધા, લેબોરેટરીની સુવિધાઓ, એમ્બ્યુલન્સની સુવિધા, દવાની સુવિધાઓ, ઓપરેશનની સુવિધા, પી.એમ.ની સુવિધા ઉપલબ્ધ છે. કાઉન્સીલીંગની સુવિધાઓ રસીકરણની સુવિધા, એ.આર.વી.ની

સુવિધા વગેરે સુવિધાઓ આપવામાં આવે છે. એન.આર.એચ.એમ. યોજના હેઠળ અગીયાર માસ માટે ફીક્સ પગારથી કરાર આધારિત નિમણુંકથી જનરલ સર્જન, ગાયનેકોલોજીસ્ટ, પીડીયાટ્રીશીયન અને એનેસ્થેટીસ્ટની સેવાઓ લેવામાં આવી રહેલ છે.

૨. સામુહિક આરોગ્ય કેન્દ્ર- બગોદરા હાલ જુના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં કાર્યરત છે. તેમ છતાં લેબોરેટરીની સુવિધાઓ, એમ્બ્યુલન્સની સુવિધા, દવાની સુવિધાઓ આપવામાં આવે છે. તેમજ સામુહિક આરોગ્ય કેન્દ્રનું નવા મકાનની બાંધકામની કાર્યવાહી ચાલુમાં છે.

૩. સામુહિક આરોગ્ય કેન્દ્ર- સાણંદ ખાતે હાલમાં ડીલીવરીની સુવિધા, કુટુંબનિયોજનની સુવિધાઓ, દર્દીને ઇન્ડોર કરવા અંગેની સુવિધા, એકસ-રેની સુવિધા, લેબોરેટરીની સુવિધાઓ, એમ્બ્યુલન્સની સુવિધા, દવાની સુવિધાઓ, ઓપરેશનની સુવિધા, પી.એમ.ની સુવિધા ઉપલબ્ધ છે. કાઉન્સીલીંગની સુવિધાઓ રસીકરણની સુવિધા, એ.આર.વી.ની સુવિધા વગેરે સુવિધાઓ આપવામાં આવે છે. તેમજ સાણંદ ખાતે ગાયનેકોલોજીસ્ટની જગ્યા ભરાયેલ હોય સર્જરીની પણ સુવિધા ઉપલબ્ધ છે. એન.આર.એચ.એમ. યોજના હેઠળ અગીયાર માસ માટે ફીક્સ પગારથી કરાર આધારિત નિમણુંકથી જનરલ સર્જન તથા એનેસ્થેટીસ્ટ ડૉક્ટરની સેવાઓ લેવામાં આવી રહેલ છે.

---------

## સુરેન્દ્રનગર આર.ટી.ઓ.ની આવક

૧૦૮૨૮ શ્રી પુનમભાઇ કા. મકવાણા(દસાડા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર આર.ટી.ઓ. કચેરીની તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી આવક થઇ, | (૧) રૂા.૩૬.૯૩ કરોડની આવક થઇ. |
| (૨) તેમાં અગાઉના વર્ષના પ્રમાણમાં વધારો થયો હોય તો કેટલો વધારો થયો, | (૨) તેમાં અગાઉના વર્ષના પ્રમાણમાં રૂા.૨.૯૯ કરોડનો વધારો થયો. |
| (૩) ઘટાડો થયો હોય તો કેટલો ઘટાડો થયો, અને | (૩) ઘટાડો થયેલ નથી. |
| (૪) ઘટાડો થવાના કારણો શાં છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## વડોદરા જિલ્લામાં ૬ માસથી ૩ વર્ષના બાળકો માટે પુરક પોષણના સુધારેલ દર

૧૦૭૮૪ શ્રી કેતનભાઇ મ. ઇનામદાર(સાવલી) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં ૬ માસથી ૩ વર્ષના બાળકો માટે પુરક પોષણના સુધારેલ દર શું છે, અને

(૧)

| ક્રમ | લાભાર્થી | સુધારેલ દર |
|---|---|---|
| ૧ | ૬ માસથી ૩ વર્ષ | રૂા.૬/- |
| ૨ | અતિશય ઓછા વજનવાળા બાળકો ૬ માસથી ૩ વર્ષના | રૂા.૯/- |

(૨) વર્ષ ૨૦૧૩-૧૪માં સુધારેલ પુરક પોષણના દર મુજબ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨) રૂા. ૧૬,૧૪,૩૭,૯૪૨/-

---------

તા. ૧૬મી જુલાઇ, ૨૦૧૪

અતારાંકિત પ્રશ્નો

જુનાગઢ જિલ્લામાં પેટા આરોગ્ય કેન્દ્રનું મકાન બાંધવા બાબત

૧૦૮૦૫ શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ(લાઠી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) જુનાગઢ જિલ્લામાં પેટા આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવાના છે તે હકીકત સાચી છે, | (૧) હા જી. |
| (૨) જો હા, તો તે માટે ૨૦૧૩-૧૪ના વર્ષમાં કેટલી રકમ મંજૂર કરવામાં આવી છે, | (૨) જુનાગઢ જિલ્લામાં પેટા આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે ૨૦૧૩-૧૪ના વર્ષમાં કુલ રૂ।.૫૦.૦૦ લાખ રકમ મંજૂર કરવામાં આવી છે. |
| (૩) તે કામગીરી તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ કયા તબક્કે છે, અને | (૩) તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ ટેન્ડર લેવલે છે. |
| (૪) તે કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૪) તે કામગીરી છ માસમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

રાજકોટ જિલ્લાના મિતાણા-નેકનામ રસ્તાને દ્રીમાર્ગીય બનાવવા બાબત

૧૦૮૪૫ શ્રી જયરાજસિંહ ટે. જાડેજા(ગોંડલ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજકોટ જિલ્લાના મિતાણા-નેકનામ રસ્તાને દ્રીમાર્ગીય કરવાની કામગીરી તા.૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ કયા તબક્કે છે, અને | (૧) પ્રગતિમાં. |
| (૨) આ કામ પાછળ કેટલો ખર્ચ થવાનો અંદાજ છે ? | (૨) રૂ।.૧૮૦૦.૦૦ લાખ. |

---------

નર્મદા જિલ્લામાં રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજનાના લાભાર્થીઓ

૧૦૮૨૩ શ્રી શબ્દશરણ ભા. તડવી(નાંદોદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના હેઠળ નર્મદા જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓએ ભાગ લીધો, અને | (૧) કુલઃ- ૫૫,૪૩૭ લાભાર્થીઓએ ભાગ લીધો. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે લાભાર્થીઓને કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી છે ? | (૨) રૂ।. ૨,૦૭,૩૩,૪૩૮/-ની રકમ ચૂકવવામાં આવી. |

---------

સુરેન્દ્રનગર જિલ્લામાં વિધવા સહાય યોજના હેઠળ વિધવાઓને તાલીમ આપવા બાબત

૧૦૭૮૮ શ્રી શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલી નિરાધાર વિધવાઓને વિધવા સહાય યોજના હેઠળ તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલીમ આપવામાં આવેલ છે, અને | (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં નિરાધાર વિધવાઓને વિધવા સહાય યોજના હેઠળ તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલીમ આપવામાં આવેલ નથી. પરંતુ નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪માં ૫૦ વિધવા બહેનોને તાલીમ આપેલ છે. |
| (૨) તે માટે સરકારે કેટલો ખર્ચ કરેલ છે ? | (૨) રૂ।.૭૫,૦૦૦/- |

---------

બનાસકાંઠા જિલ્લામાં પંચાયત હસ્તકના પૂલના કામો

૧૧૦૪૪ શ્રી પરબતભાઇ સ. પટેલ (થરાદ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ પંચાયત હસ્તકના નાના-મોટા પુલના કેટલા કામો કયા તબક્કે છે ? | કુલ-૪ કામો પૈકી ૧ પ્રગતિમાં, ૧ ટેન્ડર પ્રક્રિયા હેઠળ અને ૨ અંદાજપત્ર તબક્કે. |

અતારાંકિત પ્રશ્નો

---------

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ પાસે રોડ ટેકસની બાકી રકમની વસુલાત

૯૮૮૮ શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ પાસેથી રોડ ટેક્સ પેટે કેટલી રકમ વસુલવાની થાય છે, અને

(૨) તે અન્વયે વર્ષવાર કેટલી રકમ નિગમ તરફથી ચૂકવવામાં આવી ?

જવાબ

(૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ પાસેથી રોડ ટેક્ષ પેટે રૂ।.૭.૪૩ કરોડની રકમ વસુલવાની થાય છે.

(૨) તે અન્વયે નિગમ તરફથી વર્ષવાર કોઇ રકમ ચૂકવવામાં આવી નથી.

---------

આણંદ જિલ્લામાં ચિરંજીવી યોજનાના લાભાર્થીઓ

૧૦૮૨૪ શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ચિરંજીવી યોજના અંતર્ગત આણંદ જિલ્લામાં તાલુકાવાર તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા લોકોને લાભ મળેલ છે,

(૨) તે અન્વયે સરકારી દવાખાનામાં અને ખાનગી દવાખાનામાં કેટલી પ્રસુતિઓ થયેલ છે,

(૩) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા ખાનગી ડૉક્ટરોને કેટલી રકમ ચુકવવામાં આવી, અને

(૪) તાલુકાવાર કેટલા ડૉક્ટરોને ચૂકવણું કરવાનું બાકી છે ?

જવાબ

(૧)

| તાલુકાનું નામ | લાભાર્થીઓ | |
|---|---|---|
| | વર્ષ –૨૦૧૨–૧૩ | વર્ષ –૨૦૧૩–૧૪ |
| આણંદ | ૭૫૧ | ૬૧૧ |
| આંકલાવ | ૪૦૦ | ૧૭ |
| બોરસદ | ૩,૬૬૩ | ૨૬૮ |
| ખંભાત | ૩૪૫ | ૨૬૮ |
| તારાપુર | ૦ | ૦ |
| પેટલાદ | ૧૦૮ | ૦ |
| સોજીત્રા | ૦ | ૦ |
| ઉમરેઠ | ૦ | ૩૭ |

(૨)

| | સરકારી | ખાનગી | સરકારી | ખાનગી |
|---|---|---|---|---|
| આણંદ | ૦ | ૭૫૧ | ૦ | ૬૧૧ |
| આંકલાવ | ૦ | ૪૦૦ | ૦ | ૧૭ |
| બોરસદ | ૦ | ૩,૬૬૩ | ૦ | ૨૬૮ |
| ખંભાત | ૦ | ૩૪૫ | ૦ | ૨૬૮ |
| તારાપુર | ૦ | ૦ | ૦ | ૦ |
| પેટલાદ | ૦ | ૧૦૮ | ૦ | ૦ |
| સોજીત્રા | ૦ | ૦ | ૦ | ૦ |
| ઉમરેઠ | ૦ | ૦ | ૦ | ૩૭ |
| કુલઃ– | ૦ | ૫,૨૬૭ | ૦ | ૧,૨૦૧ |

(૩)

| તાલુકો | ડૉક્ટરની સંખ્યા વર્ષ | | ચૂકવેલ રકમ (રૂપિયામાં) વર્ષ | |
|---|---|---|---|---|
| | ૨૦૧૨–૧૩ | ૨૦૧૩–૧૪ | ૨૦૧૨–૧૩ | ૨૦૧૩–૧૪ |
| આણંદ | ૪ | ૬ | ૧૮,૨૨,૮૦૦ | ૨૦,૭૭,૨૦૦ |
| આંકલાવ | ૧ | ૧ | ૪,૪૮,૦૦૦ | ૫,૯૯,૨૦૦ |
| બોરસદ | ૬ | ૩ | ૬૩,૬૧,૦૪૦ | ૧,૨૩,૨૦૦ |
| ખંભાત | ૩ | ૨ | ૪,૮૭,૨૬૫ | ૫,૯૫,૭૯૦ |
| તારાપુર | ૧ | ૦ | ૩૩,૬૦૦ | ૦ |
| પેટલાદ | ૦ | ૨ | ૦ | ૩,૦૨,૪૦૦ |
| સોજીત્રા | ૦ | ૦ | ૦ | ૦ |
| ઉમરેઠ | ૦ | ૧ | ૦ | ૩,૫૮,૩૦૦ |
| કુલઃ– | ૧૫ | ૧૫ | ૯૧,૫૨,૭૦૫ | ૪૦,૫૬,૦૯૦ |

(૪) ફક્ત આણંદ તાલુકામાં કુલ–૩(ત્રણ) ડૉક્ટરોને રૂ।.૧,૫૯,૬૦૦/-નું ચૂકવણું બાકી છે.

---------

પાટણ જિલ્લામાં મુખ્યમંત્રી અમૃત્તમ યોજનાના લાભાર્થીઓ

૧૦૮૨૧ શ્રી રણછોડભાઇ મ. દેસાઇ(પાટણ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

તા. ૧૬મી જુલાઇ, ૨૦૧૪

અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ જિલ્લામાં મુખ્યમંત્રી અમૃત્તમ યોજના હેઠળ તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓએ લાભ લીધો છે, | (૧) તા.૪–૯–૨૦૧૨ થી તા.૩૧–૩–૨૦૧૪ ૩૬૮ |
| (૨) ઉકત સ્થિતિએ કેટલા દાવા નોંધાયેલ છે, અને | (૨) ૭૦૧ |
| (૩) તે હેઠળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) રૂ.૧,૪૯,૦૯,૨૩૫ |

---------

દાહોદ શહેર સરકારી જનરલ હોસ્પિટલમાં દવાઓનો સ્ટોક

૧૧૧૦૨ શ્રી વજેસિંગભાઇ પા.પણદા(દાહોદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ દાહોદ શહેરમાં આવેલ સરકારી જનરલ હોસ્પિટલમાં કયા રોગો અને ઝેરી જાનવર કરડવા માટેની કેટલી દવાઓ/રસી છે, અને

(૨) ઉકત સ્થિતિએ દવાઓનો પૂરતો સ્ટોક રાખવામાં આવેલ છે કે કેમ ?

જવાબ

(૧) દાહોદ શહેરમાં આવેલ સરકારી જનરલ હોસ્પિટલમાં સામેલ પત્રકમાં જણાવેલ રોગો અને ઝેરી જાનવર કરડવાના ઈલાજ માટે પુરતા જથ્થાની દવાઓ/રસી પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે.

પત્રક

| ક્રમ | રોગોની માહીતી |
|---|---|
| ૧ | પાચનક્રીયાને લગતા રોગો |
| ૨ | સ્વસન ક્રીયાને લગતા રોગો (શરદી, ખાંસી, એન્ફ્યુએંજા વિ.) |
| ૩ | સામાન્ય તાવ |
| ૪ | મેલેરીયા અને ઝેરી મેલેરીયા |
| ૫ | કમળો |
| ૬ | મરડો |
| ૭ | અછબડા |
| ૮ | મગજનો તાવ |
| ૯ | હાઈપર ટેંશન |
| ૧૦ | ડાયાબીટીસ |
| ૧૧ | હૃદયરોગને લગતી બિમારી |
| ૧૨ | માનસિક રોગ |
| ૧૩ | કેન્સર |
| ૧૪ | આંખના રોગો (લુકોમા, મોતિયો) |
| ૧૫ | લોહીને લગતા રોગો (એનેમીયા, થેલેશેમીયા) |
| ૧૬ | ચામડીના રોગો (ખસ, ખરજવું, દાદર) |
| ૧૭ | નાક, કાન, ગળાના રોગો |
| ૧૮ | દાંત અને પેઢાને લગતા રોગો |
| ૧૯ | ગુપ્ત રોગો |
| ૨૦ | મુત્રાશયને લગતા રોગો (પથરી, પેશાબ બળતરા) |
| ૨૧ | લીવરને લગતા રોગો |
| ૨૨ | હાડકા અને સ્નાયુને લગતા રોગો (અર્થારાઈટીસ, અસ્થિભંગ, મચક, ડીસલોકેશન, સ્નાયુ ખેંચાવા વિ.) |

ઉકત તમામ રોગોની દવાઓ હોસ્પીટલ ખાતે પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે.

(૨) ઝેરી જાનવર (સાપ, વીંછી, મધમાખી, પશુઓ) કરડવા માટેની દવાઓ એન્ટી સ્નેક વેકસીન અને એન્ટી રેબીસ વેકસીનનો જથ્થો હોસ્પીટલ ખાતે પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે.

---------

છોટા ઉદેપુર તાલુકામાં રસ્તાઓનું રીસરફેસીંગ

અતારાંકિત પ્રશ્નો

૯૫૭૫ શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ છોટા ઉદેપુર તાલુકામાં ગત વર્ષથી વધુ સમયના રીસરફેસીંગ કરવાના બાકી હોય તેવા કેટલા કી.મી.ના કેટલા રસ્તાઓ છે, | (૧) ૨૩૭.૩૭ કિ.મી. ના ૪૬ રસ્તાઓ. |
| (૨) આ રસ્તાઓ રીસરફેસીંગ કરવા માટે સરકારને છેલ્લા એક વર્ષમાં ક્યારે દરખાસ્ત મળી છે,<br>(૩) મળેલ દરખાસ્ત પૈકી કેટલા રસ્તાને જોબનંબર આપવામાં આવ્યા અને કેટલા રસ્તાના જોબનંબર આપવાના બાકી છે,<br>(૪) આ રસ્તાઓની રીસરફેસીંગની કામગીરી કયા સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે, અને<br>(૫) આ કામગીરી પાછળ કેટલા રૂપિયાનો ખર્ચ થનાર છે? | (૨), (૩), (૪) અને (૫) : તાજેતરમાં તા.૨૯–૪–૨૦૧૪ ના રોજ ૭ રસ્તાની દરખાસ્ત મળેલ છે. જે વિચારણા હેઠળ છે, અને તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

રાજકોટ અને મોરબી જિલ્લામાં ડેન્ગ્યુ, ચિકનગુનિયા અને ઝેરી મેલેરીયાના નોંધાયેલા કેસો

૧૦૨૬૬ શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ અને મોરબી જિલ્લામાં તાલુકાવાર ડેન્ગ્યુ, ચિકુનગુનિયા અને ઝેરી મેલેરીયાનાં કેટલા કેસો નોંધાયા,

જવાબ

(૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ડેન્ગ્યુના–૩૮૩, ચિકુનગુનિયાના–૧૮ અને ઝેરી મેલેરીયાના–૪૫૧ કેસો નોંધાયેલ છે. તાલુકાવાર ડેન્ગ્યુ, ચિકુનગુનિયા અને ઝેરી મેલેરીયાની પરિસ્થિતી નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | ડેન્ગ્યુ કેસો | ચિકુનગુનિયા કેસો | ઝેરી મેલેરીયા કેસો |
|---|---|---|---|
| ઉપલેટા | ૨૧ | ૨ | ૧૬ |
| ધોરાજી | ૭ | ૦ | ૫૭ |
| જેતપુર | ૧૭ | ૦ | ૪૪ |
| જામકંડોરણા | ૧ | ૦ | ૨૬ |
| ગોંડલ | ૨૩ | ૩ | ૮૨ |
| કોટડા (એસ) | ૭૧ | ૦ | ૧૫ |
| જસદણ | ૪૭ | ૭ | ૧૩ |
| રાજકોટ | ૧૨૨ | ૪ | ૬૮ |
| લોધીકા | ૭૦ | ૨ | ૧૦૧ |
| પડધરી | ૪ | ૦ | ૨૯ |
| જિલ્લાનું કુલઃ | ૩૮૩ | ૧૮ | ૪૫૧ |

તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ મોરબી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ડેન્ગ્યુના–૬૦, ચિકુનગુનિયાના–૫ અને ઝેરી મેલેરીયાના–૬૫૭ કેસો નોંધાયેલ છે. તાલુકાવાર ડેન્ગ્યુ, ચિકુનગુનિયા અને ઝેરી મેલેરીયાની પરિસ્થિતી નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | ડેન્ગ્યુ કેસો | ચિકુનગુનિયા કેસો | ઝેરી મેલેરીયા કેસો |
|---|---|---|---|
| મોરબી | ૧૪ | ૨ | ૪૨૬ |
| ટંકારા | ૧૧ | ૦ | ૧૫ |
| માળીયા–એમ | ૩ | ૧ | ૨૦૪ |
| વાંકાનેર | ૩૨ | ૨ | ૧૨ |
| જિલ્લાનું કુલઃ | ૬૦ | ૫ | ૬૫૭ |

(૨) ચિકુનગુનિયા, ડેન્ગ્યુ અને ઝેરી મેલેરીયાના

(૨) રાજકોટ જિલ્લામાં તા.૩૧–૫–૧૪ ની સ્થિતિએ છેલ્લા

કેટલા કેસોમાં દર્દીઓના મૃત્યુ થયા, અને

બે વર્ષમાં ચિકુનગુનિયાથી એકપણ મૃત્યુ નોંધાયેલું નથી, જ્યારે ડેન્ગ્યુથી એક અને ઝેરી મેલેરીયાથી એક મૃત્યુ નોંધાયેલ છે.

મોરબી જિલ્લામાં તા.૩૧-૫-૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ચિકુનગુનિયાથી એકપણ મૃત્યુ નોંધાયેલું નથી, જ્યારે ડેન્ગ્યુથી એક અને ઝેરી મેલેરીયાથી એક મૃત્યુ નોંધાયેલું છે.

(૩) આ રોગોને કાબુમાં લેવા સરકારે શાં પ્રયાસો કર્યા ?

(૩) જિલ્લા, તાલુકા અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સાથે સંકલનમાં રહીને અસરગ્રસ્ત વિસ્તારોમાં સઘન એન્ટી લાર્વલ મેઝર્સ, ફોગીંગ, જંતુનાશક દવા છંટકાવની કામગીરી તેમજ જરૂર જણાયે અસરગ્રસ્ત વિસ્તારોમાં મેડીકલ ઓફીસરશ્રીઓ દ્વારા ઓ.પી.ડી. ની કામગીરી કરાવવામાં આવેલ હતી.

---------

## બનાસકાંઠા જિલ્લામાં ચિરંજીવી યોજનાના લાભાર્થીઓ

૧૦૮૧૮ શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિઓદર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં ચિરંજીવી યોજના હેઠળ કેટલા લાભાર્થીઓએ તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં લાભ લીધેલ છે, અને

(૨) તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૨-૧૩ ૩,૬૮૯ લાભાર્થીઓ
વર્ષ ૨૦૧૩-૧૪ ૪,૫૮૭ લાભાર્થીઓ
કુલઃ ૮,૨૭૬ લાભાર્થીઓ

(૨) વર્ષ ૨૦૧૨-૧૩ રૂ.૧.૦૧.૪૫,૦૦૦
વર્ષ ૨૦૧૩-૧૪ રૂ.૧,૬૧,૪૫,૦૦૦
કુલ ખર્ચઃ રૂ.૨,૬૨,૯૦,૦૦૦

---------

## જૂનાગઢ જિલ્લામાં વિધવા સહાય યોજના અન્વયે મળેલ અરજીઓ

૧૦૭૮૭ શ્રી જેઠાભાઇ દા. સોલંકી(કોડીનાર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ વિધવા સહાય યોજના અન્વયે જૂનાગઢ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી અરજીઓ મળી, અને

(૨) તે પૈકી કેટલી અરજીઓ વર્ષવાર મંજૂર કરી અને કેટલી સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧)

| અ.નં. | સમયગાળો | અરજીઓ |
|---|---|---|
| ૧ | વર્ષ ૨૦૧૨-૧૩ | ૫૫૫ |
| ૨ | વર્ષ ૨૦૧૩-૧૪ | ૯૧૯ |
| | કુલઃ | ૧૪૭૪ |

(૨) તે પૈકી ૬૨૯ અરજીઓ વર્ષવાર મંજૂર કરી અને રૂ.૪,૨૬,૦૭,૨૦૦ સહાય ચૂકવવામાં આવી.

| અ.નં. | સમયગાળો | મંજૂર કરેલ અરજીઓ | ચૂકવેલ સહાયની રકમ (રૂપિયામાં) |
|---|---|---|---|
| ૧ | વર્ષ ૨૦૧૨-૧૩ | ૨૯૫ | ૨,૦૫,૩૨,૦૦૦ |
| ૨ | વર્ષ ૨૦૧૩-૧૪ | ૩૩૪ | ૨,૨૦,૭૫,૨૦૦ |
| | કુલઃ | ૬૨૯ | ૪,૨૬,૦૭,૨૦૦ |

---------

## આણંદ જિલ્લાના વાસદ-ઉમરેઠ રસ્તાને પહોળો કરવા બાબત \

૧૧૦૪૦ શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત(બાપુનગર) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લાના વાસદ-ઉમરેઠ રસ્તાને પહોળો અને મજબૂતીકરણની કામગીરી કયારે મંજૂર કરવામાં આવી,

(૨) આ કામ માટે કેટલો ખર્ચ અંદાજવામાં આવેલ છે,

(૩) આ કામ તા.૩૧-૩-૨૦૧૪ ની સ્થિતિએ કયા તબક્કે છે, અને

**જવાબ**

(૧) તા.૪-૫-૨૦૧૩ ના રોજ વહીવટી મંજૂરી આપેલ છે.

(૨) વાસદ ઉમરેઠ અને કપડવંજ લાડવેલ રસ્તાઓના સમગ્ર કામ માટે રૂ.૧૦૨.૩૦ કરોડ.

(૩) કામ પ્રગતિમાં.

(૪) તે ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે ?

(૪) કરારનામા ની જોગવાઈ અનુસાર તા.૧૬-૧-૨૦૧૬ સુધીમાં.

---------

રાજ્યમાં સરકારી ફીઝીયોથેરાપી કોલેજોમાં ઉપલબ્ધ બેઠકો

૧૦૭૯૬ શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી(ભાવનગર પશ્ચિમ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં કેટલી સરકારી ફીઝીયોથેરાપી કોલેજોમાં અનુસ્નાતક અભ્યાસક્રમ ચાલે છે, | (૧) તા.૩૧-૩-૨૦૧૪ ની સ્થિતિએ ૨ (બે) સરકારી ફીઝીયોથેરાપી કોલેજોમાં અનુસ્નાતક અભ્યાસક્રમ ચાલે છે. |
| (૨) ક્યા ક્યા વિષયોમાં અનુસ્નાતક કોર્ષ ચાલે છે, અને | (૨) સરકારી ફીઝીયોથેરાપી કોલેજોમાં નીચે મુજબના વિષયોમાં અનુસ્નાતક કોર્ષ ચાલુ છે.<br>૧. રીહેબીલીટેશન<br>૨. ન્યુરોમસ્કયુલર ડીસઓર્ડર<br>૩. મસ્કયુલોસ્કેલેટલ કન્ડીશન્સ<br>૪. કાર્ડીયો પલ્મોનરીકન્ડીશન્સ<br>૫. સ્પોર્ટસ |
| (૩) તેની કુલ કેટલી બેઠકો ઉપલબ્ધ છે ? | (૩) તેની કુલ-૨૪ બેઠકો ઉપલબ્ધ છે. |

---------

સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ તપાસેલ બાળકોની સંખ્યા

૯૯૫૨ શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ કુલ કેટલા બાળકો ક્યા ક્યા રોગગ્રસ્ત જણાયેલ છે, | (૧) સામેલ પત્રક-અ મુજબ. |
| (૨) આ બાળકોને કઈ કઈ તબીબી સારવાર આપવામાં આવી, અને | (૨) આ બાળકોમાં પાંડુરોગ, આંત્રકૃમિ, દાંતની તકલીફ, આંખની તકલીફ, કાન, નાક, ગળાની તકલીફ, પેટની તકલીફ, ચામડીના રોગ, શ્વસનતંત્રના રોગ, ચેતા તંત્રના રોગ, અસ્થિતંત્રના રોગ, વિકલાંગતા, તેમજ અન્ય બિમારીઓ જણાઈ આવી. જેઓને બાળરોગ નિષ્ણાત, આંખરોગ નિષ્ણાત, દાંતરોગ નિષ્ણાત, ચામડીના નિષ્ણાત, કાન, નાક, ગળાના નિષ્ણાંત, નિષ્ણાત તેમજ અન્ય નિષ્ણાત ડૉકટરો દ્વારા તબીબી સારવાર આપવામાં આવી. |
| (૩) સુપર સ્પેશ્યાલીટી સારવાર કુલ કેટલા બાળકોને આપવામાં આવી ? | (૩) છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં ૭૫૧ બાળકો અને બનાસકાંઠા જિલ્લાના ૧૮૩ બાળકોને હૃદય, કિડની, કેન્સર જેવી ગંભીર બિમારીઓમાં અનુક્રમે યુ.એન.મહેતા ઈન્સ્ટીટયુટ ઓફ કાર્ડીયોલોજી, કિડની ઈન્સ્ટીટયુટ અને રીસર્ચ સેન્ટર, તેમજ એમ.પી.શાહ કેન્સર હોસ્પીટલ, અમદાવાદ ખાતે સુપરસ્પેશ્યાલીટી સારવાર આપવામાં આવી. |

પત્રક - અ

| વર્ષ | જિલ્લાનું નામ | પાડુરોગ | આત્રકૃમી | દાંતની તકલીફ | આંખની તકલીફ | કાન, નાક, | પેટની તકલીફ | ચામડીના રોગ | શરીરની સ્થુળતા |
|---|---|---|---|---|---|---|---|---|---|

| | | | | | | ગળાની તકલીફ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦૧૨–૨૦૧૩ | સાબરકાંઠા | ૨૫૧૪૩ | ૨૨૪૮૨ | ૩૭૨૪ | ૩૨૩૭ | ૨૪૫૧ | ૨૪૨૯ | ૨૭૦૨ | ૧૯૨ |
| | બનાસકાંઠા | ૨૩૦૩૪ | ૧૯૩૪૪ | ૪૫૫૧ | ૬૯૧૯ | ૫૪૬૫ | ૩૪૬૭ | ૬૧૧૪ | ૬૮ |
| | કુલ | ૪૮૧૭૭ | ૪૧૮૨૬ | ૮૨૭૫ | ૧૦૧૫૬ | ૭૯૧૬ | ૫૮૯૬ | ૮૮૧૬ | ૨૬૦ |
| ૨૦૧૩–૨૦૧૪ (તા.૩૧–૫–૧૪ સુધી) | સાબરકાંઠા | ૨૭૬૫૭ | ૧૭૨૦૭ | ૪૯૧૪ | ૩૫૩૬ | ૩૧૦૯ | ૧૫૪૨ | ૪૧૧૯ | ૧૩૬ |
| | બનાસકાંઠા | ૩૪૩૭૮ | ૩૩૨૧ | ૫૦૦૧ | ૫૪૦૩ | ૩૯૨૩ | ૫૮૨ | ૧૦૩૮૧ | ૬૫ |
| | કુલ | ૬૨૦૩૫ | ૨૦૫૨૮ | ૯૯૧૫ | ૮૯૩૯ | ૭૦૩૨ | ૨૧૨૪ | ૧૪૫૦૦ | ૨૦૧ |
| બે વર્ષનું કુલઃ | | ૧૧૦૨૧૨ | ૬૨૩૫૪ | ૧૮૧૯૦ | ૧૯૦૯૫ | ૧૪૯૪૮ | ૮૦૨૦ | ૨૩૩૧૬ | ૪૬૧ |

| વર્ષ | જિલ્લાનું નામ | તમાકુનું સેવન | માનસીક તણાવ | જાતીય રોગો | સ્વસન તંત્રના રોગો | ચેતા તંત્રના રોગો | અસ્થિ તંત્રના રોગો | વિકલાંગતા | અન્ય | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦૧૨–૨૦૧૩ | સાબરકાંઠા | ૬૯ | ૪૫ | ૭૪ | ૧૪૭૦ | ૫૯ | ૮૧ | ૪૨૬ | ૯૩૩૦ | ૭૩૯૧૪ |
| | બનાસકાંઠા | ૨૧ | ૧૯ | ૪ | ૨૩૮૮ | ૯૩ | ૧૦૩ | ૫૩૦ | ૧૨૨૦૪ | ૮૪૩૨૪ |
| | કુલ | ૯૦ | ૬૪ | ૭૮ | ૩૮૫૮ | ૧૫૨ | ૧૮૪ | ૯૫૬ | ૨૧૫૩૪ | ૧૫૮૨૩૮ |
| ૨૦૧૩–૨૦૧૪ (તા.૩૧–૫–૧૪ સુધી) | સાબરકાંઠા | ૧૧૩ | ૯ | ૩ | ૪૭૫ | ૪૮ | ૬૨ | ૨૪૮ | ૮૨૨૪ | ૭૧૪૦૨ |
| | બનાસકાંઠા | ૧ | ૨ | ૧૨ | ૩૪૬૭ | ૪૮૫ | ૩૭૫ | ૧૫૬ | ૧૩૭૭૧ | ૮૧૩૨૩ |
| | કુલ | ૧૧૪ | ૧૧ | ૧૫ | ૩૯૪૨ | ૫૩૩ | ૪૩૭ | ૪૦૪ | ૨૧૯૯૫ | ૧૫૨૭૨૫ |
| બે વર્ષનું કુલઃ | | ૨૦૪ | ૭૫ | ૯૩ | ૭૮૦૦ | ૬૮૫ | ૬૨૧ | ૧૩૬૦ | ૪૩૫૨૯ | ૩૧૦૯૬૩ |

### ભિલોડા તાલુકાનાં ઈન્દાસી નદી પર પુલનું કામ મંજૂર કરવા બાબત

૧૧૭૨૪ ડાૅ. અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકામાં ઈન્દાસી નદી પર પુલનું કામ કયારે મંજૂર કરવામાં આવ્યું, | (૧) તા.૮–૭–૨૦૧૩. |
| (૨) આ પુલ પાછળ કેટલા રૂપિયાનો ખર્ચ થનાર છે, | (૨) રૂ.૬૫૦.૦૦ લાખ. |
| (૩) ઉકત સ્થિતિએ આ પુલનું કામ કયાં સુધીમાં આવ્યું છે, અને | (૩) અંદાજો બનાવવાની પ્રક્રિયા હેઠળ છે. |
| (૪) આ પુલ કયાં સુધીમાં પૂર્ણ કરી ઉપયોગમાં મૂકવાનું આયોજન છે ? | (૪) ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયેથી વહેલી તકે. |

---------

### આંતર રાષ્ટ્રીય કક્ષાએ સિધ્ધિઓ મેળવેલ ખેલાડીઓને આર્થિક સહાય

૧૦૮૪૮ શ્રી હર્ષ ર. સંઘવી(મજુરા) : માનનીય રમતગમત મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય કક્ષાએ સિધ્ધીઓ મેળવેલ ખેલાડીઓને રાજ્ય સરકાર તરફથી આર્થિક સહાય આપવા અંગેની કોઈ યોજના અમલમાં છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજના હેઠળ વર્ષ ૨૦૧૩–૧૪માં કેટલા ખેલાડીઓને પુરસ્કૃત કરાયા છે, અને | (૨) રાષ્ટ્રીય કક્ષાએ–૧૨૭૭ અને આંતર રાષ્ટ્રીય કક્ષાએ–૧૯ ખેલાડીઓને પુરસ્કૃત કરાયા. |

(૩) તેઓને કેટલી સહાય ચૂકવાયેલ છે?

(૩) રાષ્ટ્રીય કક્ષાના ખેલાડીઓને રૂ।. ૫૬,૧૩,૦૦૦/-અને આંતર રાષ્ટ્રીય ખેલાડીઓને રૂ।. ૧૮,૯૧,૪૬૮/-ની સહાય ચૂકવાયેલ છે.

---------

અમદાવાદ આર.ટી.ઓ. કચેરીનું મંજૂર થયેલ મહેકમ

૧૦૮૨૯ શ્રી ભૂષણ ભટ્ટ(જમાલપુર-ખાડિયા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ આર.ટી.ઓ. કચેરીનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૧) તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ આર.ટી.ઓ. કચેરીનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ નીચે પ્રમાણે છે.

| અ. નં. | સંવર્ગનું નામ | મંજુર થયેલ મહેકમ |
|---|---|---|
| ૧ | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૧ |
| ૨ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૩ |
| ૩ | મોટર વાહન પ્રોસીકયુટર | ૦૧ |
| ૪ | હિસાબી અધિકારી | ૦૧ |
| ૫ | મામલતદાર | ૦૧ |
| ૬ | વહીવટી અધિકારી | ૦૧ |
| ૭ | મોટર વાહન નિરીક્ષક | ૧૫ |
| ૮ | સહાયક મોટર વાહન નિરીક્ષક | ૧૮ |
| ૯ | જનસંપર્ક અધિકારી | ૦૩ |
| ૧૦ | હેડકલાર્ક | ૧૧ |
| ૧૧ | સીનીયર કલાર્ક/સબ એકા. | ૨૩ |
| ૧૨ | જુનીયર કલાર્ક | ૧૧૦ |
| ૧૩ | કલાર્ક કમ ટાઇપીસ્ટ | ૦૬ |
| ૧૪ | ટાઈપીસ્ટ | ૦૨ |
| ૧૫ | હિસાબનીશ | ૦૨ |
| ૧૬ | સ્ટેનો ગ્રેડ-૨ | ૦૧ |
| ૧૭ | સબ ઓડીટર | ૦૬ |
| ૧૮ | સંશોધન મદદનીશ | ૦૧ |
| ૧૯ | આંકડા મદદનીશ | ૦૩ |
| ૨૦ | સર્કલ ઓફીસર | ૦૩ |
| ૨૧ | ડ્રાઈવર | ૦૩ |
| ૨૨ | નાયક | ૦૪ |
| ૨૩ | પટાવાળા | ૨૦ |
| ૨૪ | વોચમેન | ૦૧ |
| | કુલઃ- | ૨૪૦ |

(૨) ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર ખાલી જગ્યાઓ નીચે પ્રમાણે છે.

| અ. નં. | સંવર્ગનું નામ | ખાલી જગ્યા |
|---|---|---|
| ૧ | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | - |
| ૨ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૩ |
| ૩ | મોટર વાહન પ્રોસીકયુટર | ૦૧ |

| | | |
|---|---|---|
| ૪ | હિસાબી અધિકારી | ૦૧ |
| ૫ | મામલતદાર | – |
| ૬ | વહીવટી અધિકારી | ૦૧ |
| ૭ | મોટર વાહન નિરીક્ષક | ૦૮ |
| ૮ | સહાયક મોટર વાહન નિરીક્ષક | ૦૮ |
| ૯ | જનસંપર્ક અધિકારી | – |
| ૧૦ | હેડકલાર્ક | – |
| ૧૧ | સીનીયર કલાર્ક/સબ એકા. | – |
| ૧૨ | જુનીયર કલાર્ક | ૫૨ |
| ૧૩ | કલાર્ક કમ ટાઇપીસ્ટ | ૦૧ |
| ૧૪ | ટાઇપીસ્ટ | ૦૨ |
| ૧૫ | હિસાબનીશ | – |
| ૧૬ | સ્ટેનો ગ્રેડ–૨ | – |
| ૧૭ | સબ ઓડીટર | ૦૧ |
| ૧૮ | સંશોધન મદદનીશ | – |
| ૧૯ | આંકડા મદદનીશ | ૦૨ |
| ૨૦ | સર્કલ ઓફીસર | ૦૨ |
| ૨૧ | ડ્રાઈવર | ૦૩ |
| ૨૨ | નાયક | – |
| ૨૩ | પટાવાળા | ૦૩ |
| ૨૪ | વોચમેન | ૦૧ |
| | કુલઃ– | ૮૯ |

(૩) કેટલી ભરાયેલ છે?

(૩) ભરાયેલ જગ્યાઓની વિગતો નીચે પ્રમાણે છે.

| અ. નં. | સંવર્ગનું નામ | ભરાયેલ જગ્યા |
|---|---|---|
| ૧ | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૧ |
| ૨ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | – |
| ૩ | મોટર વાહન પ્રોસીકયુટર | – |
| ૪ | હિસાબી અધિકારી | – |
| ૫ | મામલતદાર | ૦૧ |
| ૬ | વહીવટી અધિકારી | – |
| ૭ | મોટર વાહન નિરીક્ષક | ૦૭ |
| ૮ | સહાયક મોટર વાહન નિરીક્ષક | ૧૦ |
| ૯ | જનસંપર્ક અધિકારી | ૦૩ |
| ૧૦ | હેડકલાર્ક | ૧૧ |
| ૧૧ | સીનીયર કલાર્ક/સબ એકા. | ૨૩ |
| ૧૨ | જુનીયર કલાર્ક | ૫૮ |
| ૧૩ | કલાર્ક કમ ટાઇપીસ્ટ | ૦૫ |
| ૧૪ | ટાઇપીસ્ટ | – |
| ૧૫ | હિસાબનીશ | ૦૨ |
| ૧૬ | સબ ઓડીટર | ૦૫ |
| ૧૭ | સ્ટેનો ગ્રેડ–૨ | ૦૧ |
| ૧૮ | સંશોધન મદદનીશ | ૦૧ |
| ૧૯ | આંકડા મદદનીશ | ૦૧ |
| ૨૦ | સર્કલ ઓફીસર | ૦૧ |

| | | |
|---|---|---|
| ૨૧ | ડ્રાઈવર | – |
| ૨૨ | નાયક | ૦૪ |
| ૨૩ | પટાવાળા | ૧૭ |
| ૨૪ | વોચમેન | – |
| | કુલઃ– | ૧૫૧ |

---------

આણંદ જિલ્લામાં પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં મંજૂર થયેલ મહેકમ

૧૧૯૮૩ શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ આણંદ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,

(૨) તે અન્વયે કેટલી જગ્યાઓ ઉપર આઉટ સોર્સીંગથી કઈ એજન્સી મારફતે લેવામાં આવે છે,

(૩) છેલ્લા બે વર્ષમાં આઉટ સોર્સીંગ માટે કેટલી રકમ ચૂકવવામાં આવી?

જવાબ

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ આણંદ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે તેની વિગતો *પત્રક–અ અને *પત્રક–બ માં દર્શાવ્યા મુજબની છે.

(૨) અને (૩)
પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં છેલ્લા બે વર્ષમાં લેવામાં આવેલ આઉટ સોર્સીંગ અને તે માટે ચૂકવવામાં આવેલ રકમ અંગેની વિગતો સામેલ *પત્રક–ક અને *પત્રક–ડ માં દર્શાવ્યા મુજબની છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

પાટણ જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકો

૧૧૦૫૧ શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ પાટણ જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે, અને

(૨) કુપોષણથી પીડાતા બાળકોના સ્વાસ્થ્ય અને સુખાકારી માટે તા.૩૧–૦૫–૨૦૧૪ની ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

જવાબ

(૧)

| ક્રમ | જિલ્લાનું નામ | ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | કુલ |
|---|---|---|---|---|
| ૧ | પાટણ | ૨૨૦૨૨ | ૨૧૬૪ | ૨૪૧૮૬ |

(૨)

| ક્રમ | વર્ષ | ખર્ચ કુલ |
|---|---|---|
| ૧ | ૨૦૧૨–૧૩ | રૂા. ૭,૪૫,૫૫,૧૦૦/– |
| ૨ | ૨૦૧૩–૧૪ | રૂા. ૫,૧૦,૨૪,૦૮૦/– |
| ૩ | ૨૦૧૪–૧૫ (મે ૨૦૧૪ અંતિત) | રૂા. ૯૮,૮૭,૩૦૦/– |

---------

જામનગર જિલ્લામાં વિધવા સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ

૧૦૭૮૯ શ્રી ચીમનભાઇ ધ. શાપરીયા(જામજોધપુર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં વિધવા સહાય યોજના અંતર્ગત કેટલી અરજીઓ મળી છે,

જવાબ

(૧) ૧૯૯૬

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી છે,

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરી અને કેટલી અરજીઓ પડતર છે, અને

(૪) અરજીઓ નામંજૂર થવાના કારણો શું?

(૨) અને (૩)

| મંજુર | નામંજુર | પડતર |
|---|---|---|
| ૧૩૧૫ | ૪૯૪ | ૧૮૭ |

(૪) અરજીઓ નામંજુર થવાના કારણો નીચે મુજબ છે.

- પુખ્ત ઉંમરનો પુત્ર હોવાના કારણે
- આવક વધારે હોવાના કારણે
- અરજદાર મળી આવતા ન હોવાને કારણે
- જરૂરી પુરાવા ન હોવાથી

---------

ભાવનગર જિલ્લામાં રીસર્ફેસીંગના મંજૂર થયેલ કામો

૧૦૮૩૮ શ્રી કેશુભાઇ હી. નાકરાણી(ગારીયાધાર) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં સન ૨૦૧૩ના ચોમાસા દરમ્યાન નુકશાન પામેલ પંચાયત હસ્તક રસ્તાના રીસર્ફેસીંગના કેટલા રસ્તાના, કેટલી લંબાઇના તથા કેટલી રકમના રીસર્ફેસીંગના કામો વર્ષ ૨૦૧૩-૧૪માં સરકાર દ્વારા મંજૂર કરવામાં આવ્યા, અને | (૧) ૨૪ રસ્તાનાં ૧૧૩.૧૨ કી.મી. લંબાઈનાં રૂા.૩૧૦૧.૦૦ લાખનાં કામો મંજુર કરવામાં આવ્યા. |
| (૨) તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ તે રસ્તાઓના કામો કયા તબક્કે છે? | (૨) ટેન્ડર પ્રક્રિયા હેઠળ. |

---------

એન.આર.એચ.એમ. યોજના હેઠળ ડૉકટરોની ભરતી બાબત

૧૧૯૩૬ શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) એન.આર.એચ.એમ. યોજના હેઠળ તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ડૉકટરોની ભરતી કરવામાં આવી, | (૧) ૮૦૩ |
| (૨) ભરતી થયેલ ડૉકટરો પૈકી એસ.સી. એસ.ટી., બક્ષીપંચ અને જનરલ કેટેગરી વાઈઝ કેટલા ડૉકટરો ભરવામાં આવ્યા, | (૨) કેટેગરીવાઈઝ ભરતી કરવામાં આવી નથી. |
| (૩) આ ડૉકટરોની ભરતી પ્રક્રિયામાં અનામતનું પ્રમાણ જાળવ્યું ન હોય તો તેના શાં કારણો છે, અને | (૩) ૧૧ માસ માટે કરાર આધારિત ભરતી હોઈ અનામતનું ધોરણ જાળવવામાં આવ્યું નથી. |
| (૪) જવાબદારો સામે શાં પગલાં લીધા છે અથવા લેવા માંગો છો? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

ડાંગ જિલ્લામાં આહવા ખાતે જનરલ નર્સીંગ સ્કુલના તાલીમાર્થીઓ માટે સ્કુલ અને કોલેજની મંજુરી

૧૦૮૦૨ શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ ડાંગ જિલ્લાના આહવા ખાતે જનરલ નર્સીંગ સ્કુલના તાલીમાર્થીઓ માટે સ્કુલ અને હોસ્ટેલ મંજુર કરેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તેના બાંધકામ માટે કેટલું અનુદાન ફાળવેલ છે? | (૨) |

| વર્ષ | ફાળવેલ અનુદાન (રૂપિયા લાખમાં) |
|---|---|
| ૨૦૧૨-૧૩ | ૯૦.૦૦ |

| | |
|---|---|
| ૨૦૧૩-૧૪ | ૨૦૦.૦૦ |
| કુલઃ- | ૨૯૦.૦૦ |

---------

મહેસાણા જિલ્લામાં દિકરી યોજના હેઠળના લાભાર્થીઓ

૧૦૮૧૫ શ્રી ભરતસિંહજી ચં. ડાભી(ખેરાલુ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં દિકરી યોજના હેઠળ તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓએ લાભ લીધેલ છે, અને | (૧) ૨૦૧૨-૧૩ ૧<br>૨૦૧૩-૧૪ ૧<br>કુલઃ- ૨ |
| (૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) ૨૦૧૨-૧૩ રૂા. ૫,૦૦૦/-<br>૨૦૧૩-૧૪ રૂા. ૫,૦૦૦/-<br>કુલઃ- રૂા. ૧૦,૦૦૦/- |

---------

મુખ્યમંત્રી અમૃતમ યોજનાની જાણકારી માટે ટોલ ફ્રી નંબર

૧૦૮૨૦ શ્રીમતી મનીષા રા. વકીલ(વડોદરા શહેર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મુખ્યમંત્રી અમૃતમ યોજનાની જાણકારી માટે કોઈ ટોલ ફ્રી નંબર છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ ટોલ ફ્રી નંબરનો તા.૩૧-૦૩-૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓ લાભ લીધેલ છે? | (૨) ૧,૨૫,૫૬૮ લાભાર્થીઓએ. |

---------

જામનગરની જી.જી. હોસ્પિટલમાં નવી મશીનરી મૂકવા અંગે

૯૪૮૮ શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૪ ની સ્થિતિએ જામનગર જિલ્લાની જી.જી. હોસ્પિટલમાં એક્સ-રે મશીનો બહુ જ જૂના છે તે હકીકતથી સરકાર વાકેફ છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ બહુ જ જૂના એક્સ-રે મશીનોની જગ્યાએ સરકાર નવા મશીનો મૂકવા માંગે છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) જો હા, તો ક્યારથી ? | (૩) નિયત વહીવટી પ્રક્રિયા પૂર્ણ થતાં ખરીદવાનું આયોજન છે. |

---------

અમદાવાદ જિલ્લામાં અન્નપ્રાશન દિવસની ઉજવણી

૧૦૭૮૫ શ્રી હસમુખભાઇ સો. પટેલ(અમરાઇવાડી) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૧૩-૧૪ માં કેટલા આંગણવાડી કેન્દ્ર ખાતે અન્નપ્રાશન દિવસની ઉજવણી કરવામાં આવેલ, અને | (૧) ૧૬૪૧. |
| (૨) તે અન્વયે વર્ષ ૨૦૧૩-૧૪ ના વર્ષમાં કેટલા લાભાર્થીએ લાભ મેળવેલ છે ? | (૨) ૫૧૧૫૦. |

---------

પંચમહાલ જિલ્લાના શહેર અને ગોધરા તાલુકામાં ટી.બી. ના નોંધાયેલ દર્દીઓ

૧૦૮૦૭ શ્રી પ્રવીણભાઇ માંકડીયા(ધોરાજી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લાના શહેરા અને ગોધરા | (૧) પંચમહાલ જિલ્લાના શહેરા અને ગોધરા તાલુકામાં |

તાલુકામાં તા.૩૧–૦૩–૨૦૧૪ સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ટી.બી. ના દર્દીઓ નોંધાયા, અને

તા.૩૧–૦૩–૨૦૧૪ સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબના ટી.બી. ના દર્દીઓ નોંધાયા હતા.

| વર્ષ | શહેરા તાલુકા | ગોધરા તાલુકા |
|---|---|---|
| ૨૦૧૨–૧૩ | ૩૬૬ | ૭૩૭ |
| ૨૦૧૩–૧૪ | ૩૯૦ | ૭૭૧ |

(૨) આ દર્દીઓને ટી.બી. ની વ્યવસ્થિત સારવાર મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા શી કાર્યવાહી કરવામાં આવેલ છે?

(૨) આ દર્દીઓને ટી.બી. ની વ્યવસ્થિત સારવાર મળી રહે તે માટે શહેરા અને ગોધરા તાલુકામાં કાર્યરત જનરલ હોસ્પિટલ, સામુહિક આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સબ સેન્ટર ઉપરાંત ડોટસ પ્રોવાઇડર દ્વારા દર્દીના રહેઠાણથી નજીક દર્દીને અનુકુળ હોય તે સ્થળેથી સીધા નિરીક્ષણ હેઠળ સારવાર વિના મુલ્યે પુરી પાડવામાં આવે છે.

---------

ગાંધીનગર શહેર ખાતે રોડ નં.૭ તથા ગ–રોડ પર ફૂટપાથ બનાવવા બાબત

૧૦૮૩૨ શ્રી અશોકકુમાર ર. પટેલ(ગાંધીનગર ઉત્તર) : માનનીય પાટનગર યોજના મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ગાંધીનગર શહેર ખાતે રોડ નં.૭ તથા ગ–રોડ પર ફૂટપાથ બનાવવાની કામગીરી તા.૩૧–૦૩–૨૦૧૪ ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૨) આ કામગીરી પાછળ કેટલો ખર્ચ થવાનો અંદાજ છે?

જવાબ

(૧) ટેન્ડર મંજુર થયેલ.

(૨) રૂ.૫૦૦.૦૦ લાખ.

---------

બનાસકાંઠા અને સાબરકાંઠાની ચેકપોસ્ટ પર ટેક્ષ અને દંડની વસૂલાત

૧૧૩૩૮ શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૧૫–૬–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લાની હદમાં આવેલ ચેકપોસ્ટ પર પસાર થતા વાહનો પાસેથી કેટલી રકમનો ટેક્ષ વસૂલ કરવામાં આવ્યો તથા કેટલી રકમોનો દંડ વસૂલ કરવામાં આવ્યો,

(૨) આ ચેકપોસ્ટ ઉપર વાહનચાલકો પાસેથી નિયત કરેલ રકમ કરતા વધુ દંડ તથા બિનહિસાબી નાણાંની વસુલાત અંગેની ફરિયાદો સરકારને મળેલ છે કે કેમ, અને

(૩) કઇ ચેકપોસ્ટ ઉપરથી કેટલું બિનહિસાબી નાણું પકડાયું અને કેટલા ગુનેગારો સામે પગલા ભરવામાં આવ્યા ?

જવાબ

(૧) તા.૧૫–૬–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા તથા સાબરકાંઠા જિલ્લાની હદમાં આવેલ ચેકપોસ્ટ પર પસાર થતા વાહનો પાસેથી ટેક્ષ અને દંડની રકમ નીચે મુજબ વસુલ કરવામાં આવી.

| અનુ. નં. | ચેકપોસ્ટનું નામ | વસુલ કરેલ રકમ (રૂપિયા કરોડમાં) | |
|---|---|---|---|
| | | ટેક્ષ | દંડ |
| ૧ | બનાસકાંઠા જિલ્લા | | |
| ૧.૧ | અમીરગઢ ચેકપોસ્ટ | ૧૪.૨૮ | ૧૮.૧૪ |
| ૧.૨ | થરાદ ચેકપોસ્ટ | ૪.૩૭ | ૧૩.૪૬ |
| ૧.૩ | અંબાજી ચેકપોસ્ટ | ૬.૩૬ | ૦.૬૬ |
| ૧.૪ | ગુંદરી થાવર ચેકપોસ્ટ | ૧૩.૮૯ | ૧૫.૧૦ |
| | કુલ | ૩૮.૯૦ | ૪૭.૩૬ |
| ૨ | સાબરકાંઠા જિલ્લા | | |
| ૨.૧ | શામળાજી ચેકપોસ્ટ | ૪૪.૦૨ | ૬૬.૧૫ |

(૨) હા.

(૩) અમીરગઢ ચેકપોસ્ટ ઉપરથી બિનહિસાબી નાણું રૂપિયા ૬.૭૪ લાખ પકડાયેલ છે. અને ૨(બે) આરોપીઓ સામે કાર્યવાહી હાથ ધરેલ છે.બાકીની ફરિયાદો તપાસ હેઠળ

છે.

---------

મહેસાણા જિલ્લામાં વિધવા સહાય યોજના હેઠળ વિધવાઓને તાલીમ આપવા બાબત

૧૦૭૯૦ શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૩–૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં કેટલી નિરાધાર વિધવાઓને વિધવા સહાય યોજના હેઠળ તાલીમ આપવામાં આવેલ છે, અને | (૧) ૫૪૧. |
| (૨) તે માટે સરકારે કેટલો ખર્ચ કરેલ છે ? | (૨) ૩.૨૦,૯૧,૫૦૦/–. |

---------

રાજ્યમાં સરકારી મેડીકલ કોલેજોમાં પી.જી.ની ઉપલબ્ધ બેઠકો

૧૦૭૯૭ શ્રી રણજીતભાઇ મં. ગીલીટવાલા(સુરત–પૂર્વ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૩–૨૦૧૪ ની સ્થિતિએ રાજ્યમાં કેટલી સરકારી મેડીકલ કોલેજોમાં પી.જી. કોર્ષ ચાલે છે, | (૧) તા.૩૧–૩–૨૦૧૪ ની સ્થિતિએ રાજ્યમાં ૬ સરકારી મેડીકલ કોલેજોમાં પી.જી. કોર્ષ ચાલે છે. |
| (૨) ક્યા–ક્યા વિષયોમાં પી.જી. કોર્ષ ચાલે છે, અને | (૨) મેડીસીન, પેડીયાટ્રીક્સ, સ્કીન, સાઇકીયાટ્રી, સર્જરી, ઓર્થોપેડક્સ, ઓપ્થેલ્મોલોજી, ઇ.એન.ટી., ગાયનેક, એનેસ્થેસીયા, રેડીયોલોજી, પેથોલોજી, માઇક્રોબાયોલોજી, બાયોકેમેસ્ટ્રી, રેડીયોથેરાપી, આઇ.એચ.બી.ટી., એનોટોમી, ફીજીયોલોજી, ફાર્માકોલોજી, પી.એસ.એમ., ફોરેન્સીક મેડીસીન, ઇમરજન્સી મેડીસીન, પલ્મોનરી મેડીસીન/ટી.બી. મળી કુલ ૨૩ વિષયોમાં પી.જી. કોર્ષ ચાલે છે. |
| (૩) તેની કુલ કેટલી બેઠકો ઉપલબ્ધ છે ? | (૩) તા.૩૧–૩–૨૦૧૪ ની સ્થિતિએ રાજ્યની સરકારી મેડીકલ કોલેજો ખાતે પી.જી. ડીગ્રીની ૭૪૨, ડીપ્લોમાની ૧૮૧ અને સૂપર સ્પેશ્યાલીટીની ૫૬ બેઠકો સાથે કુલ ૯૭૯ બેઠકો ઉપલબ્ધ છે. |

---------

બનાસકાંઠા જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકો

૧૦૯૦૮ શ્રી કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૫–૨૦૧૪ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા બાળકો કુપોષણથી પીડાય છે અને કેટલા બાળકોનું ઉંમરના પ્રમાણમાં વજન ઓછું છે,

જવાબ

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | દાંતા | ૭૮૬૮ | ૩૭૦ |
| ૨ | વાવ | ૩૦૦૫ | ૯૩ |
| ૩ | થરાદ | ૪૩૮૦ | ૨૫૯ |
| ૪ | દિયોદર | ૬૧૩ | ૭૬ |
| ૫ | શિહોરી | ૩૯૭૯ | ૩૦૪ |
| ૬ | ધાનેરા | ૩૧૫૧ | ૧૬૪ |
| ૭ | ડીસા | ૧૦૯૧૧ | ૨૫૨ |
| ૮ | પાલનપુર | ૪૦૮૫ | ૪૪૯ |
| ૯ | વડગામ | ૨૦૦૨ | ૧૪૫ |
| ૧૦ | અમીરગઢ | ૪૯૦૩ | ૧૭૮ |

| | | | |
|---|---|---|---|
| ૧૧ | ભાભર | ૧૨૭૫ | ૮૮ |
| ૧૨ | દાંતીવાડા | ૧૭૦૨ | ૧૩૩ |
| | કુલ | ૪૭૮૭૪ | ૨૫૧૧ |

(૨) બાળકોમાં કુપોષણ નિવારવા અને સપ્રમાણ વજન થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા કેવા પગલા લેવામાં આવે છે, અને

(૩) બાળકોને કુપોષણથી મુક્તિ મળે તે માટે ક્યા પ્રકારનું આયોજન કરવામાં આવેલ છે ?

(૨) અને (૩)

– ૬ માસથી ૩ વર્ષના બાળકોને ટેક હોમ રેશન તરીકે બાલભોગ આપવામાં આવે છે.

– અતિ ઓછા વજનવાળા બાળકોને બાલભોગના ૧૦ પેકેટ ટેક હોમ રેશન તરીકે આપવામાં આવે છે.

– આંગણવાડી કેન્દ્ર ખાતે ૩ થી ૬ વર્ષના બાળકોને માતૃ મંડળ દ્વારા સવારનો ગરમ નાસ્તો, અને બપોરનું ગરમ ભોજન, તેમજ ન્યુટ્રીકેન્ડી (પોષણ યુક્ત ચોકલેટ) અને અઠવાડિયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે.

– દાંતા અને અમીરગઢ તાલુકામાં આંગણવાડી કેન્દ્રમાં આવતા ૩ થી ૬ વર્ષના બાળકોને દૂધ સંજીવની યોજના હેઠળ અઠવાડીયામાં બે દિવસ પ્રતિ લાભાર્થી દીઠ ૧૦૦ મી.લી. દૂધ આપવામાં આવે છે.

– ૩ થી ૬ વર્ષના ઓછા વજનવાળા બાળકોને THR તરીકે ત્રીજુ ભોજનમાં લાડુ બનાવી આપવામાં આવે છે.

– આ ઉપરાંત અતિ ઓછા વજનવાળા બાળકોને THR તરીકે બાલભોગના વધુ ૪ પેકેટ આપવામાં આવે છે.

– મીશન બલમ સુખમ અન્વયે બાળ શક્તિમ કેન્દ્ર, બાળ સેવા કેન્દ્ર તેમજ બાળ સંજીવની કેન્દ્ર દ્વારા બાળકોને પોષણ અને આરોગ્યની સેવાઓ પુરી પાડવામાં આવે છે.

---------

## આણંદ જિલ્લામાં આંગણવાડીઓને પોતાનું મકાન

૧૧૯૮૧ શ્રી પૂનમભાઇ મા. પરમાર(સોજીત્રા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલી આંગણવાડીને પોતાના મકાન નથી, અને

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | પોતાના મકાન નથી તેવા આંગણવાડી કેન્દ્ર |
|---|---|---|
| ૧ | ખંભાત | ૮૪ |
| ૨ | પેટલાદ | ૯૯ |
| ૩ | બોરસદ | ૧૯૨ |
| ૪ | સોજીત્રા | ૪૪ |
| ૫ | આંકલાવ | ૪૫ |
| ૬ | આણંદ | ૨૬૭ |
| ૭ | ઉમરેઠ | ૧૦૬ |
| ૮ | તારાપુર | ૨૫ |
| | કુલ | ૮૬૨ |

(૨) તે પૈકી કેટલી આંગણવાડીઓને પોતાના મકાન સરકાર કેટલા સમયમાં બનાવવા માગે છે ?

(૨) તે પૈકી ૭૪૧ નંદઘર બાંધકામનાં જુદા–જુદા તબક્કામાં છે.

---------

## સુરેન્દ્રનગર આર.ટી.ઓ. કચેરીનું મંજૂર થયેલ મહેકમ

અતારાંકિત પ્રશ્નો

૧૦૮૩૦ શ્રી કિરીટસિંહ જી. રાણા (લીંબડી) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૦૩–૨૦૧૪ ની સ્થિતિએ સુરેન્દ્રનગર આર.ટી.ઓ. કચેરીનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

જવાબ

(૧) તા.૩૧–૦૩–૨૦૧૪ ની સ્થિતિએ સુરેન્દ્રનગર આર.ટી.ઓ. કચેરીનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ નીચે પ્રમાણે છે.

| અ. નં. | સંવર્ગનું નામ | મંજૂર થયેલ મહેકમ |
|---|---|---|
| ૦૧ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૧ |
| ૦૨ | મોટર વાહન નિરીક્ષક | ૦૪ |
| ૦૩ | સહાયક મોટર વાહન નિરીક્ષક | ૦૫ |
| ૦૪ | હેડક્લાર્ક | ૦૨ |
| ૦૫ | સીનીયર ક્લાર્ક/સબ એકા. | ૦૪ |
| ૦૬ | જુનીયર કલાર્ક | ૦૮ |
| ૦૭ | સર્કલ ઓફીસર | ૦૧ |
| ૦૮ | નાયક | ૦૧ |
| ૦૯ | પટાવાળા | ૦૪ |
| ૧૦ | વોચમેન | ૦૧ |
| | કુલ | ૩૧ |

(૨) ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર ખાલી જગ્યાઓની વિગતો નીચે પ્રમાણે છે.

| અ. નં. | સંવર્ગનું નામ | ખાલી જગ્યા |
|---|---|---|
| ૦૧ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૧ |
| ૦૨ | મોટર વાહન નિરીક્ષક | ૦૨ |
| ૦૩ | સહાયક મોટર વાહન નિરીક્ષક | ૦૨ |
| ૦૪ | હેડક્લાર્ક | ૦૧ |
| ૦૫ | સીનીયર ક્લાર્ક/સબ એકા. | – |
| ૦૬ | જુનીયર કલાર્ક | ૦૨ |
| ૦૭ | સર્કલ ઓફીસર | – |
| ૦૮ | નાયક | – |
| ૦૯ | પટાવાળા | – |
| ૧૦ | વોચમેન | – |
| | કુલ | ૦૮ |

(૩) કેટલી ભરાયેલ છે ?

(૩) ભરાયેલ જગ્યાઓની વિગતો નીચે પ્રમાણે છે.

| અ. નં. | સંવર્ગનું નામ | ભરાયેલ જગ્યા |
|---|---|---|
| ૦૧ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | – |
| ૦૨ | મોટર વાહન નિરીક્ષક | ૦૨ |
| ૦૩ | સહાયક મોટર વાહન નિરીક્ષક | ૦૩ |
| ૦૪ | હેડક્લાર્ક | ૦૧ |
| ૦૫ | સીનીયર ક્લાર્ક/સબ એકા. | ૦૪ |
| ૦૬ | જુનીયર કલાર્ક | ૦૬ |
| ૦૭ | સર્કલ ઓફીસર | ૦૧ |

| | | |
|---|---|---|
| ૦૮ | નાયક | ૦૧ |
| ૦૯ | પટાવાળા | ૦૪ |
| ૧૦ | વોચમેન | ૦૧ |
| | કુલઃ | ૨૩ |

---------

વલસાડ જિલ્લાના કપરાડા સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં ખાલી જગ્યાઓ

૧૧૭૦૧ શ્રી જીતુભાઇ હ. ચૌધરી(કપરાડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૫-૨૦૧૪ ની સ્થિતિએ વલસાડ જિલ્લાના કપરાડા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

જવાબ

(૧) તા.૩૧-૫-૨૦૧૪ ની સ્થિતિએ વલસાડ જિલ્લાના કપરાડા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં સંવર્ગવાર ખાલી જગ્યાઓની વિગત *પત્રક-અ માં દર્શાવ્યા મુજબની છે.

(૨) સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં તજજ્ઞ વર્ગ-૧ ની ખાલી જગ્યાઓ ભરવા કમિશ્નરશ્રી (આરોગ્ય) ની કચેરી ખાતે દર સોમવારે વોક ઇન ઇન્ટરવ્યુ રાખવામાં આવે છે અને તેમાં પસંદગી પામેલ તજજ્ઞોને એડહોક નિમણૂંક આપવામાં આવે છે. સી.એમ. સેતુ યોજના અંતર્ગત નિષ્ણાંત તબીબોની ખાલી જગ્યાઓ સામે ખાનગી હોસ્પિટલ/ક્લીનીક ધરાવતાં સ્પેશ્યાલીસ્ટની સેવાઓ સરકારી હોસ્પિટલો, સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં અમુક શરતોને આધિન લેવામાં આવે છે. તેમજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતેની મેડીકલ ઓફિસર, વર્ગ-૨ ની ખાલી જગ્યાઓ ભરવા દર મંગળવારે વોક ઇન ઇન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે જેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ ખાલી જગ્યાઓ ઉપર નિમણુંક આપવામાં આવે છે. રાજ્યની મેડીકલ કોલેજો તરફથી બોન્ડેડ ઉમેદવારોની યાદી મળ્યેથી તેમને પણ ખાલી જગ્યા ઉપર નિમણૂંક આપવામાં આવે છે. ઉપરાંત વધારાના હવાલાથી પણ કામગીરી લેવામાં આવે છે.

જ્યારે વર્ગ-૩ ની ખાલી જગ્યાઓ પંચાયત સંવર્ગની છે જે સીધી ભરતી/બઢતીના ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ તેમ પંચાયત વિભાગ દ્વારા ભરવામાં આવે છે. તેમજ વર્ગ-૩ ની વહીવટી તથા પેરામેડીકલ સંવર્ગની ખાલી જગ્યાઓ પર જરૂર જણાય ત્યાં વધારાના હવાલાથી પણ કામગીરી લેવામાં આવે છે. વર્ગ-૩ ની પેરામેડીકલ સંવર્ગની તથા ડ્રાયવર વર્ગ-૩ અને વર્ગ-૪ ની ખાલી જગ્યાઓ પર આઉટસોર્સથી પણ કામગીરી લેવામાં આવે છે.

પત્રક-અ

વલસાડ જિલ્લાના કપરાડા સામુહિક આરોગ્ય કેન્દ્રમાં સંવર્ગવાર ખાલી જગ્યાઓની વિગત દર્શાવતુ પત્રક

| અ.નં. | સંવર્ગ | ખાલી |
|---|---|---|
| ૧ | અધિક્ષક વર્ગ-૧ | ૧ |
| ૨ | તજજ્ઞ વર્ગ-૧ | ૪ |
| | કુલ | ૫ |
| ૩ | તબીબી અધિકારી વર્ગ-૨ | ૨ |
| ૪ | ડેન્ટલ સર્જન વર્ગ-૨ | ૧ |
| | કુલ | ૩ |
| ૫ | સીની. આસી. વર્ગ-૩ | ૧ |
| ૬ | સી. ક્લાર્ક વર્ગ-૩ | ૧ |
| ૭ | એક્ષરે ટેકનીશીયન વર્ગ-૩ | ૧ |
| ૮ | લેબટેકનીશીયન વર્ગ-૩ | ૦ |
| ૯ | જુ. ફાર્માસીસ્ટ વર્ગ-૩ | ૦ |

| | | |
|---|---|---|
| ૧૦ | સ્ટાફ નર્સ વર્ગ-૩ | ૩ |
| ૧૧ | ડ્રાયવર | ૦ |
| ૧૨ | ઓપ્થ. આસી. | ૧ |
| | કુલ | ૭ |
| ૧૩ | પટાવાળા | ૦ |
| ૧૪ | વોર્ડબોય | ૦ |
| ૧૫ | વોર્ડઆયા | ૦ |
| ૧૬ | ડ્રેસર | ૦ |
| ૧૭ | સ્વીપર | ૦ |
| ૧૮ | પાર્ટટાઇમ વોચમેન | ૦ |
| ૧૯ | પાર્ટટાઇમ સ્વીપર | ૦ |
| | કુલ | ૦ |
| | કુલ સરવાળો | ૧૫ |

---------

નવસારી જિલ્લાના ચીખલી-વાંસદા-વઘી રોડને ચાર માર્ગીય બનાવવા બાબત

૧૦૮૪૪ શ્રી પિયુષ દિ. દેસાઇ(નવસારી) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી જિલ્લાના ચીખલી-વાંસદા-વઘી રોડના કિ.મી. ના ૧૧/૦ થી ૨૩/૦ સુધીના અનુભાગને ચાર માર્ગીય કરવાની કામગીરી તા.૩૧-૫-૨૦૧૪ ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | (૧) પ્રગતિમાં. |
| (૨) તે કામ પાછળ કેટલો ખર્ચ થવાનો અંદાજ છે ? | (૨) રૂ.૩૬૦૦.૦૦ લાખ. |

---------

રાજકોટ જિલ્લામાં પોલારપર-બરવાળા કુંદણી-દહીંસરા રસ્તાની મળેલ દરખાસ્ત

૯૯૦૭ શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૫-૧૪ ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં જસદણ તાલુકામાં આવેલ રસ્તો પોલારપર-બરવાળા-કુંદણી-દહીસરા રસ્તાની દરખાસ્ત જિલ્લા કક્ષાએથી સરકારમાં ક્યારે આવી, અને | (૧) દરખાસ્ત મળેલ નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ દરખાસ્ત ક્યા તબક્કે છે, અને આ રસ્તો ખૂબ જ ખરાબ હાલતમાં છે તેને મેટલ સપાટી ડામર સપાટી અને નાળા પુલીયા કરવા સરકારે શી કાર્યવાહી કરી ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

ગોધરા જિલ્લામાં દિકરી યોજનાના લાભાર્થીઓ

૧૦૮૦૯ શ્રીમતી નિમીષાબેન સુથાર (મોરવા હડફ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગોધરા જિલ્લામાં દિકરી યોજના હેઠળ તા.૩૧-૦૩-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓએ લાભ લીધેલ છે, અને | (૧) ૫. |
| (૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) રૂ.૨૫,૦૦૦/-. |

---------

અમદાવાદ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ તપાસેલ બાળકોની સંખ્યા

૧૦૮૦૮ ડૉ. નિર્મલાબેન સુ. વાધવાણી (નરોડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧-૦૩-૨૦૧૪ ની સ્થિતિએ તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં શાળા આરોગ્ય | (૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧-૩-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તપાસણી કાર્યક્રમ અંતર્ગત કેટલા બાળકોની તપાસ કરવામાં આવી, | અંતર્ગત કુલ–૮,૯૧,૦૫૨ બાળકોની તપાસ કરવામાં આવી. તાલુકાવાર વિગત સામેલ *પત્રક–અ મુજબની છે. |
| (૨) તે પૈકી કેટલા બાળકોને રેફરલ સારવાર અને કેટલાને તજજ્ઞ સારવાર આપવામાં આવી, અને | (૨) તે પૈકી ૬૭૨૭ બાળકોને રેફરલ સારવાર અને ૩૬૫ બાળકોને તજજ્ઞ સારવાર આપવામાં આવી. તાલુકાવાર વિગત સામેલ *પત્રક–બ મુજબની છે. |
| (૩) કેટલા બાળકોને હ્રદય રોગની સારવાર આપવામાં આવી ? | (૩) ૧–૪–૨૦૧૨ થી ૩૧–૩–૨૦૧૩ સુધી ૧૪૦ બાળકો અને ૧–૪–૨૦૧૩ થી ૩૧–૩–૨૦૧૪ સુધી ૧૧૬ બાળકો મળી છેલ્લા બે વર્ષમાં કુલ ૨૫૬ બાળકોને હ્રદયરોગની સારવાર આપવામાં આવી. |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

## તાપી જિલ્લાના શેરૂલ્લા–બોરડા રોડ પહોળો કરવા બાબત

૧૦૮૪૩ શ્રી મુકેશભાઇ ઝી. પટેલ(ઓલપાડ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાપી જિલ્લાના શેરૂલ્લા–બોરડા રોડ કિ.મી. ૦/૦ થી ૨૯/૫ રસ્તાને પહોળો કરવામાં આવી રહ્યો છે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે કામ તા.૩૧–૦૩–૨૦૧૪ ની સ્થિતિએ ક્યા તબક્કે છે, | (૨) પ્રગતિમાં. |
| (૩) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આયોજન છે, અને | (૩) તા.૩૧–૦૧–૨૦૧૫ સુધીમાં. |
| (૩) તે પાછળ કેટલો ખર્ચ થવાનો અંદાજ છે ? | (૩) રૂ.૩૦૦૦.૦૦ લાખ. |

---------

## ગાંધીનગર શહેર સેક્ટર–૨૨ ખાતે ''ચ'' ટાઇપના સરકારી આવાસોમાં સમારકામની અરજીઓ

૧૧૭૪૨ શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય પાટનગર યોજના મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૪ ની સ્થિતિએ ગાંધીનગર શહેરના સેક્ટર–૨૨ ખાતે આવેલ ''ચ'' ટાઇપના સરકારી આવાસોમાં છેલ્લા બે વર્ષમાં જુના વાયરીંગ અને પંખાઓ તથા બારી બારણાંના દરવાજાઓ બદલવા માટે કેટલી અરજીઓ મળી, | (૧) જુના વાયરીંગ–૨૫ અરજીઓ, પંખા–૧૩ અરજીઓ, બારી બારણાં, દરવાજા–૧૫ અરજીઓ. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો અને કેટલી અરજીઓ પડતર રહેલ છે, અને | (૨)<br>નિકાલ: જુના વાયરીંગ – ૧૧ અરજીઓ; પંખા – ૧૩ અરજીઓ; બારી બારણાં, દરવાજા – ૬ અરજીઓ<br>પડતર: જુના વાયરીંગ – ૧૪ અરજીઓ; બારી બારણાં, – ૯ અરજીઓ |
| (૩) ઉક્ત સ્થિતિએ અરજીઓ પડતર રહેવાના કારણો શા છે અને આ કામગીરી ક્યાં સુધીમાં પૂરી કરવામાં આવશે ? | (૩)<br>• વસાહતીઓની રજુઆતોનો અગ્રતા ક્રમ તથા જરૂરીયાત મુજબ કામગીરી કરવામાં આવે છે.<br>• પડતર રજુઆતોનો ઓગષ્ટ–૨૦૧૪ સુધીમાં નિકાલ કરવાનું આયોજન છે. |

---------

અતારાંકિત પ્રશ્નો

ભાવનગર જિલ્લામાં દીકરી યોજનાના લાભાર્થીઓ

૧૦૮૧૪ શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા(મહુવા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં દીકરી યોજના હેઠળ તા.૩૧–૦૩–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓએ લાભ લીધેલ છે, અને | (૧) ૫. |
| (૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) રૂ.૨૬,૦૦૦/–. |

---------

રાજુલા તાલુકામાં હિડોરણા ગામે વિશ્રામગૃહ બનાવવા બાબત

૧૦૨૪૮ શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજુલા તાલુકાના હિડોરણા ગામે વિશ્રામગૃહ બનાવવા માટે જરૂરી જમીન ફાળવવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧–૦૫–૧૪ ની સ્થિતિએ વિશ્રામગૃહ બાંધકામ માટેની કામગીરી ક્યા તબક્કે છે ? | (૨) રાજુલામાં પંચાયત હસ્તકનું વિશ્રામગૃહ આવેલ હોઇ નાણાકીય ઉપલબ્ધતા અનુસાર આયોજન વિચારણા હેઠળ છે. |

---------

જામનગર અને જોડિયા તાલુકામાં રસ્તાના પેવર કામની પડતર દરખાસ્તો

૧૧૯૪૪ શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ જામનગર અને જોડિયા તાલુકામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ક્યા રસ્તાઓ પ્લાન/નોન પ્લાનના ગ્રામ્ય માર્ગોને પેવર સપાટીના બનાવવાની દરખાસ્તો પડતર છે, | (૧) *પરિશિષ્ટ–૧ મુજબ. |
| (૨) ઉપરોક્ત દરખાસ્ત પૈકી કેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી છે, | (૨) ૨ દરખાસ્તો મંજુર કરવામાં આવેલ છે. |
| (૩) કેટલી મંજૂર કરવાની બાકી છે અને તેના શા કારણો છે, અને<br>(૪) બાકીની માગણીઓ/દરખાસ્તો ક્યાં સુધીમાં મંજૂર કરવામાં આવનાર છે ? | (૩) અને (૪)<br>પ્લાન રસ્તાઓને પ્રાધાન્ય આપવામાં આવતું હોઇ, બાકીની દરખાસ્તો અન્વયે, તાંત્રીક જરૂરીયાત, આંતરીક અગ્રતાક્રમ અને નાણાકીય ઉપલબ્ધતા અનુસાર આયોજન વિચારવામાં આવશે. |

(* પરિશિષ્ટ–૧ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

કડાણા–સંતરામપુર તાલુકામાં આદિજાતિ વિસ્તારના પરાઓને ડામરના રસ્તાથી જોડાણ કરવા બાબત

૧૧૦૨૯ શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ(કાલોલ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લાના કડાણા તથા સંતરામપુર તાલુકામાં તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આદિજાતિ વિસ્તારના ૨૫૦ થી ઓછા વસ્તી ધરાવતા પરાઓને ડામર સપાટીવાળા રસ્તાનું જોડાણ આપવા કેટલા પરાના, કેટલી રકમના કામો મંજૂર કરવામાં આવ્યા, અને | (૧) વર્ષ ૨૦૧૨–૧૩માં કોઇ કામ મંજૂર થયેલ નથી. જ્યારે વર્ષ ૨૦૧૩–૧૪માં મંજૂર થયેલ કામની વિગત નીચે મુજબ છે. |

| અ. નં. | તાલુકો | પરાની સંખ્યા | ડામર સપાટીને જોડતા રસ્તાની સંખ્યા | અંદાજીત રકમ રૂા.લાખ માં |
|---|---|---|---|---|
| ૧ | કડાણા | ૫૭ | ૫૭ | ૬૫૮૮.૯૧ |
| ૨ | સંતરામપુર | ૦૭ | ૦૭ | ૬૫૧.૫૦ |
| | કુલઃ– | ૬૪ | ૬૪ | ૭૨૪૦.૪૧ |

(૨) તે કામો ઉક્ત સ્થિતિએ તે કયા તબક્કે છે ?

(૨)

| અ. નં. | તાલુકો | પુર્ણ | પ્રગતિમાં | ટેન્ડર પ્રક્રિયામાં |
|---|---|---|---|---|
| ૧ | કડાણા | ૦૧ | ૦૭ | ૪૯ |
| ૨ | સંતરામપુર | ૦૦ | ૦૧ | ૦૬ |
| | કુલઃ- | ૦૧ | ૦૮ | ૫૫ |

---------

નવસારી આર.ટી.ઓ. કચેરીનું મંજૂર થયેલ મહેકમ

૧૧૦૩૫ શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર(બારડોલી) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ નવસારી આર.ટી.ઓ કચેરીનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) ઉકત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) કેટલી ભરાયેલ છે ?

જવાબ

(૧) તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ નવસારી આર.ટી. ઓ કચેરીનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ નીચે પ્રમાણે છે.

| અ. નં. | સંવર્ગનું નામ | મંજૂર થયેલ મહેકમ |
|---|---|---|
| ૦૧ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૧ |
| ૦૨ | મોટર વાહન નિરીક્ષક | ૦૩ |
| ૦૩ | સહાયક મોટર વાહન નિરીક્ષક | ૦૫ |
| ૦૪ | જનસંપર્ક અધિકારી | ૦૧ |
| ૦૫ | હેડ કલાર્ક | ૦૧ |
| ૦૬ | સીનીયર કલાર્ક-સબ એકા. | ૦૩ |
| ૦૭ | જુનીયર કલાર્ક | ૦૬ |
| ૦૮ | પટાવાળા | ૦૧ |
| | કુલ | ૨૧ |

(૨) ઉકત સ્થિતિએ સંવર્ગવાર ખાલી જગ્યાઓની વિગતો નીચે પ્રમાણે છે.

| અ. નં. | સંવર્ગનું નામ | ખાલી જગ્યા |
|---|---|---|
| ૦૧ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | - |
| ૦૨ | મોટર વાહન નિરીક્ષક | ૦૨ |
| ૦૩ | સહાયક મોટર વાહન નિરીક્ષક | ૦૩ |
| ૦૪ | જનસંપર્ક અધિકારી | - |
| ૦૫ | હેડ કલાર્ક | - |
| ૦૬ | સીનીયર કલાર્ક-સબ એકા. | - |
| ૦૭ | જુનીયર કલાર્ક | ૦૨ |
| ૦૮ | પટાવાળા | - |
| | કુલ | ૦૭ |

(૩) ભરાયેલ જગ્યાઓની વિગતો નીચે પ્રમાણે છે.

| અ. નં. | સંવર્ગનું નામ | ભરાયેલ જગ્યા |
|---|---|---|
| ૦૧ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૧ |

| | | |
|---|---|---|
| ૦૨ | મોટર વાહન નિરીક્ષક | ૦૧ |
| ૦૩ | સહાયક મોટર વાહન નિરીક્ષક | ૦૨ |
| ૦૪ | જનસંપર્ક અધિકારી | ૦૧ |
| ૦૫ | હેડ કલાર્ક | ૦૧ |
| ૦૬ | સીનીયર કલાર્ક–સબ એકા. | ૦૩ |
| ૦૭ | જુનીયર કલાર્ક | ૦૪ |
| ૦૮ | પટાવાળા | ૦૧ |
| | કુલ | ૧૪ |

---------

ગાંધીનગર જિલ્લામાં દિકરી યોજના હેઠળના લાભાર્થીઓ

૧૧૦૨૬ શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર–દક્ષિણ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં દિકરી યોજના હેઠળ તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓએ લાભ લીધેલ છે, અને | (૧) ૧ |
| (૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) રૂા.૬,૦૦૦/- |

---------

બોડેલી તાલુકા ખાતે સેવા સદનનું મંજૂર થયેલ મહેકમ

૧૧૦૪૨ શ્રી સતીષભાઇ મો. પટેલ(કરજણ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છોટા ઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકા ખાતે નવા તાલુકા સેવા સદનનું કામ મંજૂર થયેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે કેટલી અંદાજીત રકમનું, અને | (૨) રૂા.૧૦૦૦.૦૦ લાખ. |
| (૩) તે કામ તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ કયા તબક્કે છે ? | (૩) પ્રગતિ હેઠળ. |

---------

અમદાવાદ શહેર–જિલ્લા તથા સુરેન્દ્રનગર અને ગાંધીનગર જિલ્લામાં બળાત્કાર પીડીતાઓનું પુનઃવસન

૧૦૫૩૦ ડો.શ્રીમતી તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ–શહેર અને જિલ્લા તેમજ સુરેન્દ્રનગર અને ગાંધીનગર જિલ્લામાં જિલ્લાવાર બળાત્કાર પીડીતાના પુનઃવસનની યોજનામાં કેટલી પીડીતાઓને સહાય આપી ?

જવાબ

| વર્ષ | જિલ્લા | કુલ પીડીતાઓને સહાય આપી |
|---|---|---|
| તા.૧–૬–૧૨થી તા.૩૧–૫–૧૩ પહેલુ વર્ષ | અમદાવાદ–શહેર જિલ્લા | ૧૭ |
| | સુરેન્દ્રનગર | – |
| | ગાંધીનગર | – |
| તા.૧–૬–૧૩થી તા.૩૧–૫–૧૪ બીજુ વર્ષ | અમદાવાદ–શહેર જિલ્લા | ૧૪ |
| | સુરેન્દ્રનગર | ૧૮ |
| | ગાંધીનગર | ૧૫ |

---------

મહીસાગર જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં મંજૂર થયેલ મેડીકલ ઓફિસરની જગ્યાઓ

તા. ૧૬મી જુલાઇ, ૨૦૧૪
અતારાંકિત પ્રશ્નો

૧૧૯૯૫ શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) મહીસાગર જિલ્લાના સંતરામપુર, કડાણા અને ખાનપુર તાલુકામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ તાલુકાવાર મેડીકલ ઓફિસરની મંજૂર થયેલ જગ્યા અને ભરાયેલી જગ્યા કેટલી છે,

(૨) ખાલી જગ્યાઓ રહેવાના શા કારણો છે, અને

(૩) મેડીકલ ઓફિસરની ખાલી જગ્યા ભરવાનું શું આયોજન સરકાર દ્વારા કરવામાં આવેલ છે ?

જવાબ

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | મેડીકલ ઓફિસરની મંજૂર જગ્યા | મેડીકલ ઓફિસરની ભરાયેલ જગ્યા |
|---|---|---|---|
| ૧ | સંતરામપુર | ૨૩ | ૮ |
| ૨ | કડાણા | ૧૦ | ૩ |
| ૩ | ખાનપુર | ૩ | ૨ |
| | કુલ | ૩૬ | ૧૩ |

(૨) વયનિવૃત્તિ, સ્વૈચ્છિક નિવૃત્તિ, રાજીનામા બદલીઓ જેવા કારણોસર જગ્યા ખાલી પડેલ છે.

(૩) (૧) ડૉક્ટરોની ખાલી જગ્યાઓ ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા પસંદગી પામેલ ઉમેદવારો ઉપલબ્ધ થતાં નિયમિત ધોરણે નિમણુંક આપીને ભરવામાં આવે છે.

(૨) યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોને કરારના ધોરણે ખાલી જગ્યાઓ ઉપર નિમણુંક આપીને આ જગ્યાઓ ભરવામાં આવે છે.

(૩) રાજ્યની સરકારી મેડીકલ કોલેજોમાંથી પાસ થયેલ ઉમેદવારોને બોન્ડની શરતો અનુસાર બોન્ડેડ તબીબી અધિકારી તરીકે નિમણુંકો આપીને પણ જગ્યાઓ ભરવામાં આવે છે.

(૪) તબીબી અધિકારીની ખાલી જગ્યાઓનો ચાર્જ અન્ય તબીબી અધિકારીને સોંપીને પણ તબીબી સેવાઓ ઉપલબ્ધ કરવામાં આવે છે.

---------

અમદાવાદ જિલ્લાની આર.ટી.ઓ. કચેરીમાં હાઇસીક્યુરીટીવાળી નંબર પ્લેટ આપવા બાબત

૧૧૩૦૪ શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં આવેલ આર.ટી.ઓ. કચેરીમાં હાઇ સીક્યુરીટીવાળી નંબર પ્લેટ આપવા માટે કોને કોન્ટ્રાક્ટ આપવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર હાઇ સીક્યુરીટીવાળી કેટલી નંબર પ્લેટો બનાવવામાં આવી અને એક નંબર પ્લેટ બનાવવા કેટલી રકમ ચૂકવવામાં આવે છે,

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી નંબર પ્લેટો બનાવીને

જવાબ

(૧) હાઇ સીક્યુરીટી નંબર પ્લેટ (HSRP)લગાડવા માટે મેસર્સ એફટીએ એચએસઆરપી સોલ્યુશન પ્રા.લી. ગાંધીનગરને સમગ્ર રાજ્ય માટે કોન્ટ્રાક્ટ આપવામાં આવેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં સુભાષબ્રીજ આર.ટી.ઓ. તથા વસ્ત્રાલ આર.ટી.ઓ. મળીને કુલ–૨,૦૬,૩૯૬ હાઇ સીક્યુરીટીવાળી પ્લેટો બનાવવામાં આવી છે.

એક નંબર પ્લેટ (જોડ) બનાવવા વાહન માલિકો દ્વારા નીચે પ્રમાણેની રકમ ચૂકવવામાં આવે છે.

| વાહનનો પ્રકાર | વસુલ લેવાની થતી રકમ (રૂપિયા) |
|---|---|
| ટુ વ્હીલર | ૧૨૦ |
| થ્રી વ્હીલર | ૧૫૦ |
| ફોર વ્હીલર | ૩૫૦ |
| હેવી મોટર વ્હીકલ | ૩૭૦ |

(૩) ઉક્ત સ્થિતિએ નિયત સમય મર્યાદામાં કુલ

વાહનચાલકોને પૂરી પાડવાની બાકી છે,

૬૦૩૫ નંબર પ્લેટો બનાવીને વાહન ચાલકોને પૂરી પાડવાની બાકી છે.

વધુમાં ઉક્ત સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં કુલ ૨,૦૬,૩૯૬ હાઇ સીક્યુરીટીવાળી નંબર પ્લેટો બનાવવામાં આવી છે અને વાહન ચાલકોને એસએમએસ દ્વારા આ નંબર પ્લેટો ફીટ કરાવવા જાણ પણ કરવામાં આવેલ છે પરંતુ વાહન માલિક પ્લેટો ફીટ કરાવવા ન આવતા અમદાવાદ જિલ્લામાં કુલ ૪૯,૪૦૫ નંબર પ્લેટો વાહનમાં લગાવવાની બાકી છે.

(૪) નંબર પ્લેટ સમયસર ન મળતી હોવા અંગે સરકાર વાકેફ છે, અને

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૫) જો હા, તો આ સમસ્યા નિવારવાનું શું આયોજન છે ?

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## ગાંધીનગર અને મહેસાણામાં આંગણવાડીઓની સંખ્યા

૧૦૫૬૬ શ્રી અમિત ચૌધરી (માણસા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં કુલ કેટલી આંગણવાડીઓ તાલુકાવાર આવેલી છે,

જવાબ

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | આંગણવાડી કેન્દ્રની સંખ્યા |
|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૩૨૭ |
| ૨ | દહેગામ | ૨૫૬ |
| ૩ | માણસા | ૧૭૩ |
| ૪ | કલોલ | ૩૦૫ |
| | કુલ | ૧૦૬૧ |

મહેસાણા

| ક્રમ | તાલુકાનું નામ | આંગણવાડી કેન્દ્રની સંખ્યા |
|---|---|---|
| ૧ | કડી | ૨૮૫ |
| ૨ | ખેરાલુ | ૧૨૮ |
| ૩ | સતલાસણા | ૯૮ |
| ૪ | વડનગર | ૧૬૪ |
| ૫ | વિસનગર | ૨૪૬ |
| ૬ | વિજાપુર | ૨૮૭ |
| ૭ | મહેસાણા | ૪૧૬ |
| ૮ | બેચરાજી | ૧૧૭ |
| ૯ | ઉંઝા | ૧૭૦ |
| | કુલ | ૧૯૧૧ |

(૨) તે પૈકી કેટલી આંગણવાડીઓ ભાડાના મકાનમાં ચાલે છે, અને

(૨) તે પૈકી ગાંધીનગર જિલ્લામાં કુલ ૧૯૫ અને મહેસાણા જિલ્લામાં કુલ ૩૨૬ આંગણવાડી ભાડાના મકાનમાં ચાલે છે.

(૩) આ આંગણવાડીઓને સ્વતંત્ર મકાનો ક્યારે બનાવી આપવાનું આયોજન છે ?

(૩) બનતી ત્વરાએ.

---------

તા. ૧૬મી જુલાઇ, ૨૦૧૪
અતારાંકિત પ્રશ્નો

## મહેમદાવાદ તાલુકાના ઐતિહાસિક ભમ્મરીયા કૂવાની જાળવણી

૯૭૫૧ શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ ખેડા જિલ્લાના મહેમદાવાદ તાલુકાના ઐતિહાસિક ભમ્મરીયા કૂવાની જાળવણી માટે સરકારે શું આયોજન કરેલ છે, | (૧) ભમ્મરીયા કૂવો રાજ્ય રક્ષિત સ્મારક નથી, પરંતુ કેન્દ્ર સરકારના ભારતીય પુરાતત્વીય સર્વેક્ષણ, વડોદરા વર્તુળ હસ્તકનું રક્ષિત સ્મારક છે. |
| (૨) તેની જાળવણી માટે સરકારે કઇ કઇ સુવિધા ઉપલબ્ધ કરવાનું આયોજન કરેલ છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ અંગે કેટલા ખર્ચની જોગવાઇ કરેલ છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## સાબરકાંઠા જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ બાળકોની તપાસ

૧૧૮૨૬ શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ(નિકોલ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં કુલ કેટલા વિદ્યાર્થીઓની તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આરોગ્ય તપાસણી કરવામાં આવી, | (૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં૧૪,૧૪,૧૦૪ વિદ્યાર્થીઓની આરોગ્ય ચકાસણી કરવામાં આવી. |
| (૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓની કયા પ્રકારની બીમારીઓ જણાઇ આવી, | (૨) તે પૈકી ૧,૪૫,૩૧૬ વિદ્યાર્થીઓને પાંડુરોગ, આંત્રકૃમી, દાંતની તકલીફ, આંખની તકલીફ, કાન–નાક ગળાની તકલીફ, પેટની તકલીફ, ચામડીના રોગ, શરીરની સ્થૂળતા, તમાકુનું સેવન, માનસિક તણાવ, જાતીય રોગો, શ્વસનતંત્રના રોગ, ચેતાતંત્રના રોગ, અસ્થીતંત્રના રોગ, વિકલાંગતા તેમજ અન્ય બીમારીઓ જણાઇ. |
| (૩) તેમની સારવાર માટે સરકાર દ્વારા શી વ્યવસ્થા કરવામાં આવી, અને | (૩) બીમારીવાળા બાળકોની તાત્કાલિક સારવાર માટે સરકાર દ્વારા સ્થળ પર સારવાર, જિલ્લા હોસ્પીટલ/સામુહિક આરોગ્ય કેન્દ્રમાં વિવિધ રોગોના નિષ્ણાત તબીબો દ્વારા સંદર્ભ સેવા અને હૃદયની બીમારીવાળા બાળકોને યુ.એન.મહેતા ઇન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડીઓલોજી રીસર્ચ સેન્ટર, કીડનીની બીમારીવાળા બાળકોને ઇન્સ્ટીટ્યુટ ઓફ કીડની ડીસીસ અને રીસર્ચ સેન્ટર, તેમજ કેન્સરની બીમારીવાળા બાળકોને એમ.પી.શાહ કેન્સર હોસ્પીટલ, અમદાવાદ ખાતે સારવાર આપવામાં આવી. |
| (૪) કેટલા બાળકોને કીડની ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યા ? | (૪) સાબરકાંઠા જિલ્લાનાં કોઇપણ બાળકને છેલ્લા બે વર્ષમાં કીડની ટ્રાન્સપ્લાન્ટની જરૂર પડી નથી. |

---------

## દોલતાબાદ–ધાનશીવાસ દહેગામ રોડ પેવર કરવા બાબત

૧૦૨૮૨ શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકામાં આવેલ દોલતાબાદ ધાનશીવાસ રોડ ગાંધીનગર જિલ્લાના દહેગામને જોડતો ટૂકા કિ.મી.નો રસ્તો હોવા છતાં બિસ્માર હાલતમાં છે તે હકીકત સરકાર જાણે છે ખરી, | (૧) સદર રસ્તો જરૂરી મરામત કરી વાહન વ્યવહાર લાયક રાખવામાં આવેલ છે. |
| (૨) આ રસ્તો છેલ્લે કયારે પેવર કરવામાં આવેલ, અને | (૨) જાન્યુઆરી ૨૦૦૦ |
| (૩) હવે આ રસ્તો કયારે પેવર કરવામાં આવશે? | (૩) આ રસ્તો નોન પ્લાન હોઈ તાંત્રીક જરૂરીયાત, આંતરીક અગ્રતાક્રમ અને નાણાકીય ઉપલબ્ધતા અનુસાર |

આયોજન વિચારવામાં આવશે.

---------

વલસાડ જિલ્લામાં વિકલાંગ ક્રિકેટ ખેલાડીઓને પ્રોત્સાહન ઈનામ આપવા બાબાત

૧૦૫૦૬ શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય રમતગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સને ૨૦૧૩–૧૪ના વર્ષમાં તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ વિકલાંગ ક્રિકેટ ખેલાડીઓ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ વલ્ડકપમાં ભાગ લઈને વલ્ડકપ જીતેલ છે તેમાં કેટલા ક્રિકેટરો વલસાડ જિલ્લાના છે, | (૧) વિકલાંગ ક્રિકેટ ખેલાડીઓને આંતરરાષ્ટ્રીય ક્રિકેટ વલ્ડકપમાં ભાગ લેવા મોકલવા અંગે કોઈ યોજના અમલમાં નથી. સરકાર દ્વારા ખેલાડીઓને મોકલવામાં આવેલ નથી. |
| (૨) આ ખેલાડીઓને પ્રોત્સાહન ઈનામ આપવામાં આવ્યું છે કે કેમ, અને | (૨) લાગુ પડતું નથી. |
| (૩) જો ન આપવામાં આવ્યું હોય તો સરકાર પ્રોત્સાહન ઈનામ આપવા માંગે છે કે કેમ? | (૩) લાગુ પડતું નથી. |

---------

નેશનલ રૂરલ હેલ્થ મિશન હેઠળ ફાળવેલ ગ્રાન્ટ બાબત

૧૦૬૫૦ શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ કેન્દ્ર સરકાર દ્વારા નેશનલ રૂરલ હેલ્થ મિશન હેઠળ કેટલી ગ્રાન્ટ છેલ્લા બે વર્ષમાં ફાળવવામાં આવી, અને

(૨) વર્ષવાર રાજ્ય સરકારે શું હિસ્સો આપ્યો છે?

જવાબ

(૧) અને (૨)

| ક્રમ | નાણાકીય વર્ષ | કેન્દ્ર સરકાર દ્વારા ફાળવાયેલ ગ્રાન્ટ (રકમ રૂપિયા લાખમાં) | રાજ્ય સરકારનો હિસ્સો (રકમ રૂપિયા લાખમાં) |
| --- | --- | --- | --- |
| ૧ | ૨૦૧૨–૧૩ | ૬૫૨૫૦.૦૪ | ૩૧૬૬૮.૨૫ |
| ૨ | ૨૦૧૩–૧૪ | ૪૪૫૧૭.૫૮ | ૨૩૯૩૮.૫૮ |
| ૩ | ૨૦૧૪–૧૫ તા.૩૧–૫–૧૪ સુધી | ૧૫૨૫૫.૦૦ | ૩૭૨૪.૦૦ |
| | કુલઃ– | ૧૨૫૦૨૨.૬૦ | ૬૩,૩૩૦.૮૩ |

---------

છોટા ઉદેપુર જિલ્લામાં આશાવર્કર બહેનોની સંખ્યા

૧૧૭૦૪ શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) છોટા ઉદેપુર જિલ્લામાં તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ તાલુકાવાર આશાવર્કર બહેનોની સંખ્યા કેટલી છે, અને | (૧) આ સાથે સામેલ પત્રક–અ મુજબ કુલ સંખ્યા ૧૧૪૪ |
| (૨) આ વર્કર બહેનોની ફરજો કઈ કઈ છે અને તેઓને કેટલુ વેતન ચૂકવવામાં આવે છે? | (૨) – ફરજો અંગેની વિગત પત્રક–બ મુજબની છે<br>– વેતન ચૂકવવામાં આવતું નથી<br>કામગીરીના પ્રમાણમાં પ્રોત્સાહક રકમ ચૂકવવામાં આવે છે. |

પત્રક–અ

| ક્રમ | તાલુકો | આશા વર્કર બહેનોની સંખ્યા |
| --- | --- | --- |
| ૧ | બોડેલી | ૧૫૯ |
| ૨ | છોટા ઉદેપુર | ૨૦૪ |
| ૩ | પાવી જેતપુર | ૨૬૬ |
| ૪ | કવાંટ | ૧૮૦ |
| ૫ | નસવાડી | ૧૫૬ |
| ૬ | સંખેડા | ૧૭૯ |
| | આશાવર્કર બહેનોની કુલ સંખ્યા | ૧૧૪૪ |

પત્રક–બ

તા. ૧૬મી જુલાઇ, ૨૦૧૪
અતારાંકિત પ્રશ્નો

આશાઓની ફરજ

- સ્વસ્ત જીવનશૈલી, સ્વચ્છતા, ઉપલબ્ધ સ્વાસ્થ્ય સેવાઓ અને તેના સમયસર ઉપયોગ માટે લોક જાગૃતિ કરવી.
- માતા અને બાળકો માટે સલામત પ્રસૂતિની અગત્ય, પ્રસૂતિની તૈયારી, રસીકરણ, ખોરાક, ધાવણ, ગર્ભ નિરોધ, સંક્રમિત રોગો અને બાળકની સંભાળ વિશે સલાહ આપે છે.
- ગ્રામ સંજીવની સમિતિ સાથે કાર્ય અને નિયમિત બેઠક કરવી.
- રાષ્ટ્રીય ક્ષય રોગ નિવારણ કાર્યક્રમ હેઠળ (DOTS)ની સારવાર પૂરી પાડવાની.
- મમતા દિવસે હાજર રહેવા અને સેવાઓ મેળવવા માટે પ્રયાસ કરવાનો.
- અઠવાડીયામાં ચાર થી પાંચ દિવસ પોતાના કાર્ય વિસ્તારમાં કુટુંબોની મુલાકાત લેવી.

---------

હિંમતનગર આર.ટી.ઓ. કચેરીનું મંજૂર થયેલ મહેકમ

૧૧૮૨૧ શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ હિંમતનગર આર.ટી.ઓ. કચેરીનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

જવાબ

(૧) તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ હિંમતનગર આર.ટી.ઓ. કચેરીનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ નીચે પ્રમાણે છે.

| અ. નં. | સંવર્ગનું નામ | મંજુર થયેલ મહેકમ |
|---|---|---|
| ૧ | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૧ |
| ૨ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૨ |
| ૩ | મોટર વાહન નિરીક્ષક | ૦૭ |
| ૪ | સહાયક મોટર વાહન નિરીક્ષક | ૦૯ |
| ૫ | જનસંપર્ક અધિકારી | ૦૧ |
| ૬ | હેડકલાર્ક | ૦૨ |
| ૭ | સીનીયર કલાર્ક/સબ એકા. | ૦૬ |
| ૮ | જુનીયર કલાર્ક | ૧૩ |
| ૯ | ટાઈપીસ્ટ | ૦૧ |
| ૧૦ | કલાર્ક કમ ટાઈપીસ્ટ | ૦૨ |
| ૧૧ | હિસાબનીશ | ૦૧ |
| ૧૨ | આંકડા મદદનીશ | ૦૧ |
| ૧૩ | સર્કલ ઓફીસર | ૦૧ |
| ૧૪ | ડ્રાઈવર | ૦૧ |
| ૧૫ | નાયક | ૦૧ |
| ૧૬ | પટાવાળા | ૦૪ |
| ૧૭ | વોચમેન | ૦૧ |
| | કુલઃ- | ૫૪ |

(૨) ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર ખાલી જગ્યાઓની વિગતો નીચે પ્રમાણે છે.

| અ. નં. | સંવર્ગનું નામ | ખાલી જગ્યા |
|---|---|---|
| ૧ | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૧ |
| ૨ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૧ |
| ૩ | મોટર વાહન નિરીક્ષક | ૦૨ |
| ૪ | સહાયક મોટર વાહન નિરીક્ષક | ૦૬ |
| ૫ | જનસંપર્ક અધિકારી | - |

| | | |
|---|---|---|
| ૬ | હેડકલાર્ક | – |
| ૭ | સીનીયર કલાર્ક/સબ એકા | – |
| ૮ | જુનીયર કલાર્ક | ૦૨ |
| ૯ | ટાઈપીસ્ટ | ૦૧ |
| ૧૦ | કલાર્ક કમ ટાઈપીસ્ટ | ૦૨ |
| ૧૧ | હિસાબનીશ | – |
| ૧૨ | આંકડા મદદનીશ | ૦૧ |
| ૧૩ | સર્કલ ઓફીસર | – |
| ૧૪ | ડ્રાઈવર | ૦૧ |
| ૧૫ | નાયક | – |
| ૧૬ | પટાવાળા | – |
| ૧૭ | વોચમેન | – |
| | કુલઃ– | ૧૭ |

(૩) કેટલી જગ્યાઓ ભરાયેલ છે?

(૩) ભરાયેલ જગ્યાઓની વિગતો નીચે પ્રમાણે છે.

| અ. નં. | સંવર્ગનું નામ | ભરાયેલ જગ્યા |
|---|---|---|
| ૧ | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | – |
| ૨ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૧ |
| ૩ | મોટર વાહન નિરીક્ષક | ૦૫ |
| ૪ | સહાયક મોટર વાહન નિરીક્ષક | ૦૩ |
| ૫ | જનસંપર્ક અધિકારી | ૦૧ |
| ૬ | હેડકલાર્ક | ૦૨ |
| ૭ | સીનીયર કલાર્ક/સબ એકા. | ૦૬ |
| ૮ | જુનીયર કલાર્ક | ૧૧ |
| ૯ | ટાઈપીસ્ટ | – |
| ૧૦ | કલાર્ક કમ ટાઈપીસ્ટ | – |
| ૧૧ | હિસાબનીશ | ૦૧ |
| ૧૨ | આંકડા મદદનીશ | – |
| ૧૩ | સર્કલ ઓફીસર | ૦૧ |
| ૧૪ | ડ્રાઈવર | – |
| ૧૫ | નાયક | ૦૧ |
| ૧૬ | પટાવાળા | ૦૪ |
| ૧૭ | વોચમેન | ૦૧ |
| | કુલઃ– | ૩૭ |

---------

દાહોદ આર.ટી.ઓ. કચેરીનું મંજૂર થયેલ મહેકમ

૧૧૦૩૬ શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ દાહોદ આર.ટી.ઓ. કચેરીનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

જવાબ

(૧) તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ દાહોદ આર.ટી.ઓ. કચેરીનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ નીચે પ્રમાણે છે.

| અ. નં. | સંવર્ગનું નામ | મંજૂર થયેલ મહેકમ |
|---|---|---|
| ૧ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર | ૦૨ |

| | | |
|---|---|---|
| | અધિકારી | |
| ૨ | મોટર વાહન નિરીક્ષક | ૦૩ |
| ૩ | સહાયક મોટર વાહન નિરીક્ષક | ૦૪ |
| ૪ | હેડ કલાર્ક | ૦૧ |
| ૫ | સીનીયર કલાર્ક/સબ એકા. | ૦૨ |
| ૬ | જુનીયર કલાર્ક | ૦૫ |
| ૭ | સબ ઓડીટર | ૦૧ |
| ૮ | ડ્રાઈવર | ૦૧ |
| ૯ | પટાવાળા | ૦૨ |
| | કુલઃ– | ૨૧ |

(૨) ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર ખાલી જગ્યાઓની વિગતો નીચે પ્રમાણે છે.

| અ. નં. | સંવર્ગનું નામ | ખાલી જગ્યા |
|---|---|---|
| ૧ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૧ |
| ૨ | મોટર વાહન નિરીક્ષક | ૦૧ |
| ૩ | સહાયક મોટર વાહન નિરીક્ષક | ૦૧ |
| ૪ | હેડ કલાર્ક | – |
| ૫ | સીનીયર કલાર્ક/સબ એકા. | – |
| ૬ | જુનીયર કલાર્ક | ૦૧ |
| ૭ | સબ ઓડીટર | – |
| ૮ | ડ્રાઈવર | ૦૧ |
| ૯ | પટાવાળા | ૦૧ |
| | કુલઃ– | ૦૬ |

(૩) કેટલી ભરાયેલ છે?

(૩) ભરાયેલ જગ્યાઓની વિગત નીચે પ્રમાણે છે.

| અ. નં. | સંવર્ગનું નામ | ભરાયેલ જગ્યા |
|---|---|---|
| ૧ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૧ |
| ૨ | મોટર વાહન નિરીક્ષક | ૦૨ |
| ૩ | સહાયક મોટર વાહન નિરીક્ષક | ૦૩ |
| ૪ | હેડ કલાર્ક | ૦૧ |
| ૫ | સીનીયર કલાર્ક/સબ એકા. | ૦૨ |
| ૬ | જુનીયર કલાર્ક | ૦૪ |
| ૭ | સબ ઓડીટર | ૦૧ |
| ૮ | ડ્રાઈવર | – |
| ૯ | પટાવાળા | ૦૧ |
| | કુલઃ– | ૧૫ |

---------

સરદાર પટેલ પેવેલીયન ખાતે રમતગમતની વિવિધ પ્રવૃત્તિઓ માટે નવીન સંકુલ બનાવવા બાબત

૯૭૯૩ શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય રમત ગમત મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) અમરેલી શહેરમાં સરદાર પટેલ પેવેલીયન ખાતે રમતગમતની વિવિધ પ્રવૃત્તિઓ માટે નવીન સંકુલ બનાવવાનું કામ કયારે અને કેટલી રકમના ખર્ચે તેમજ કોના

જવાબ

(૧) તા.૨૫–૦૬–૨૦૦૯ થી રૂા. ૮૯.૬૭ લાખના ખર્ચે માર્ગ અને મકાન વિભાગ અમરેલી દ્વારા બનાવવાનું આયોજન કરવામાં આવેલ હતું.

મારફત બનાવવાનું આયોજન કરવામાં આવેલ હતું,

(૨) ઉપરોક્ત કામ તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ કયા તબક્કે છે અને કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે,

(૨) માર્ગ અને મકાન વિભાગ દ્વારા કામ પૂર્ણ કરવામાં આવેલ છે.

(૩) આ રમતગમત સંકુલ કયારે કાર્યન્વીત કરવામાં આવશે, અને

(૩) તા.૧૧-૧૧-૧૩ થી કાર્યાન્વીત કરાયેલ છે.

(૪) આ રમતગમત સંકુલમાં કયા કયા પ્રકારની કુલ કેટલી રમતો રમવા માટે ખેલાડીઓને લાભ મળશે?

(૪) ખેલાડીઓના લાભ માટે નીચે મુજબની કુલ ૭ રમતોની સુવિધાનું આયોજન કરેલ છે.

૧ ૨૦૦ મી. એથ્લેટીકસ ટ્રેક
૨ સ્વિમિંગ પુલ (૨૫x૧૫ મી.)
૩ કબડી મેદાન-૪
૪ ખો-ખો મેદાન-૪
૫ હેન્ડબોલ મેદાન-૧
૬ બાસ્કેટબોલ મેદાન-૧
૭ વોલીબોલ મેદાન-૧

---------

ખેડા જિલ્લામાં રમતગમત સંકુલની સુવિધાઓ માટે ફાળવેલ ગ્રાન્ટ

૧૦૬૧૫ શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય રમતગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ ખેડા જિલ્લામાં કયા તાલુકામાં રમતગમત સંકુલ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન મળે તેવા સંકુલની સુવિધાઓ છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રાન્ટ ફાળવી, અને

(૩) સંકુલની સુવિધાથી વંચિત તાલુકાઓમાં સુવિધા કેટલા સમયમાં આપવાનું આયોજન છે?

જવાબ

(૧) ખેડા જિલ્લાના નડિયાદ તાલુકામાં નડિયાદ ખાતે જિલ્લા રમત સંકુલનું નિર્માણ કરવામાં આવેલ છે,

(૨) જિલ્લા રમત સંકુલનું કામ રૂા. ૩૧૩.૧૭ લાખના ખર્ચે તા.૨૪-૧૧-૦૯ના રોજ પૂર્ણ થયેલ છે.

(૩) પ્રથમ તબક્કે સરકારે ચાલુ વર્ષમાં રૂા. ૧૦/- કરોડની જોગવાઈ બહુહેતુક તાલુકા સાંસ્કૃતિક સંકુલ માટે કરેલી છે.

---------

સાબરકાંઠા જિલ્લામાં ધનસુરા-મેઘરજ રસ્તાને પહોળો કરવા બાબત

૧૧૮૨૦ શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા(હિંમતનગર) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં ધનસુરા-મેઘરજ રસ્તાને પહોળો અને મજબૂતિકરણની કામગીરી કયારે મંજૂર કરવામાં આવી,

(૨) આ કામ માટે કેટલો ખર્ચ અંદાજવામાં આવેલ છે,

(૩) આ કામ તા. ૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ કયા તબક્કે છે, અને

(૪) તે કયારે પૂર્ણ કરવાનું આયોજન છે?

જવાબ

(૧) નવરચિત અરવલ્લી જિલ્લામાં ધનસુરા-મેઘરજ રસ્તાનાં અનુભાગો કિ.મી.૩૮/૫૦૧ થી કિ.મી. ૬૪/૫૮૩ (ધનસુરા-માલપુર) અને કિ.મી. ૬૭/૭૧૧ થી કિ.મી. ૮૪/૯૮૬ (માલપુર થી મેઘરજ) મળી કુલ ૪૩.૩૫ કિ.મી. લંબાઈમાં રસ્તાની પહોળો અને મજબૂતીકરણની કામગીરીની તા.૦૪-૦૫-૨૦૧૩ના રોજ વહિવટી મંજૂરી આપેલ છે.

(૨) રૂપિયા ૬૨.૫૫ કરોડ

(૩) કામ પ્રગતિમાં

(૪) કરારનામાની જોગવાઈ અનુસાર તા.૧૯-૧૧-૨૦૧૫ સુધીમાં

---------

વડોદરા જિલ્લાના નસવાડી ખાતે તાલુકા સેવાસદન પાછળ થયેલ ખર્ચ

તા. ૧૬મી જુલાઇ, ૨૦૧૪

અતારાંકિત પ્રશ્નો

૧૧૦૪૧ શ્રી દિનેશભાઇ બા. પટેલ(પાદરા) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લાના નસવાડી ખાતે તાલુકા સેવાસદનનું કામ તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ કયા તબક્કે છે, અને | (૧) પ્રગતિ હેઠળ |
| (૨) તા.૩૧–૦૫–૨૦૧૪ સુધીમાં તે પાછળ કેટલો ખર્ચ થયેલ છે? | (૨) રૂા. ૫૪૫.૦૦ લાખ |

---------

દાહોદ જિલ્લામાં રમતગમત ક્ષેત્રે ખેલાડીઓને પ્રોત્સાહન અંગે થયેલ ખર્ચ

૧૦૩૧૬ શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય રમતગમત મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૫/૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં રમતગમત ક્ષેત્રે ખેલાડીઓને પ્રોત્સાહન માટે કેટલો ખર્ચ થયો, અને | (૧) તા.૧/૬/૧૨ થી તા.૩૧/૫/૧૩ સુધીમાં રૂા. ૧૯,૭૯,૩૩૫ અને તા.૧/૬/૧૩ થી તા.૩૧/૫/૧૪ સુધીમાં રૂા. ૭૮,૫૯,૧૩૧/–નો ખર્ચ થયેલ છે. |
| (૨) તે અન્વયે જિલ્લામાંથી રાજ્ય કક્ષા અને રાષ્ટ્રીય કક્ષાએ કેટલા રમતવીરો પસંદ કરવામાં આવ્યા ? | (૨) રાજ્ય કક્ષાએ ૨૦૧૨–૧૩માં ૨૪૮૫ અને ૨૦૧૩–૧૪માં ૨૫૩૪ રમતવીરો પસંદ કરવામાં આવ્યા, રાષ્ટ્રીય કક્ષાએ કોઈ ખેલાડી પસંદ પામેલ નથી. |

---------

પાલનપુર ખાતે રમતગમત સંકુલ બનાવવા બાબત

૧૧૯૫૨ શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય રમતગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લાના વડામથક પાલનપુર ખાતે જિલ્લા કક્ષાનું આધુનિક રમતગમત સંકુલ ઉભું કરી રમતવીરોને પ્રોત્સાહન આપવા સરકાર માગે છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧/૫/૨૦૧૪ની સ્થિતિએ જિલ્લામાં આધુનિક રમતગમત સંકુલ ઉભું કરવા સરકાર દ્વારા શું આયોજન કરવામાં આવેલ છે, અને | (૨) પાલનપુર ખાતે જિલ્લા ખેલ સંકુલ ઉભુ કરાયેલ છે. ૨૦૦ મી. એથ્લેટીક્સ ટ્રેક, વોલીબોલ, બાસ્કેટબોલ, કબડી અને ખો–ખો જેવી રમતગમતની માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવેલ છે. |
| (૩) તે કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિતિ થતો નથી. |

---------

દાહોદ અને પંચમહાલ જીલ્લામાં પોષક આહાર કાર્યક્રમ અંતર્ગત અનિયમિત અનાજ પુરૂ પાડવા બાબત

૧૧૨૮૪ શ્રી શકિતસિંહજી હ. ગોહિલ (અબડાસા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૫/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેન્દ્ર સરકાર પુરસ્કૃત કિશોરીઓ માટેના પોષક આહાર કાર્યક્રમ અંતર્ગત દાહોદ અને પંચમહાલ જીલ્લામાં અનિયમિત અને અપર્યાપ્ત અનાજ પુરૂ પાડવામાં આવ્યું હતું તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ અંગે જવાબદાર સામે શાં પગલાં લેવામાં આવ્યા ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

અમદાવાદ જિલ્લાના વસાણા નાનોદરા ગામથી ગોવિંદા સુધીનો ડબલ પટ્ટીનો રસ્તો બનાવવા બાબત

અતારાંકિત પ્રશ્નો

૧૧૫૫૫ શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૫/૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના સાણંદ અને બાવળા તાલુકાના વસાણા નાનોદરા ગામથી ગોવિંદા સુધી બે તાલુકાને જોડતો, રસ્તો સીંગલ પટ્ટીનો અને ખરાબ હાલતમાં છે, તો તેને ડબલ પટ્ટીનો કરવાના કામનો બજેટમાં સમાવેશ કરવાનું આયોજન છે, કે કેમ | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમ મંજૂર થશે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ કામ ક્યારે મંજૂર કરી શરૂ કરવાનું સરકારનું આયોજન છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

બનાસકાંઠા જિલ્લામાં નિરાધાર વિધવા મહિલાઓને ચૂકવાયેલ સહાય

૧૧૮૨૪ શ્રી પરબતભાઇ સ. પટેલ (થરાદ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧/૩/૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં નિરાધાર વિધવા મહિલાઓને તાલુકાવાર કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૧) તા. ૩૧/૩/૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં નિરાધાર વિધવા મહિલાઓને તાલુકાવાર રૂ।. ૧૨૯૧.૪૬ લાખ સહાય ચૂકવવામાં આવી. |

| અનુ. | તાલુકાનું નામ | ચૂકવેલ રકમ (લાખમાં) |
|---|---|---|
| ૧ | પાલનપુર | ૩૨૯.૦૭ |
| ૨ | વડગામ | ૧૫૬.૭૬ |
| ૩ | ધાનેરા | ૬૦.૪૧ |
| ૪ | દાંતીવાડા | ૪૪.૪૯ |
| ૫ | વાવ | ૭૦.૬૮ |
| ૬ | થરાદ | ૬૭.૪૭ |
| ૭ | દીયોદર | ૨૯.૪૫ |
| ૮ | ભાભર | ૩૯.૭૧ |
| ૯ | દાંતા | ૫૭.૯૧ |
| ૧૦ | અમીરગઢ | ૪૬.૨૪ |
| ૧૧ | ડીસા | ૨૧૮.૫૮ |
| ૧૨ | કાંકરેજ | ૧૭૦.૬૯ |
| | કુલ | ૧૨૯૧.૪૬ |

---------

આણંદ જિલ્લામાં રાજ્ય હસ્તકના માર્ગોના નવીનકરણ માટે મંજૂર થયેલ દરખાસ્તો

૯૯૨૬ શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧−૫−૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં રાજ્ય હસ્તકના માર્ગો પૈકી કેટલા માર્ગોનું નવીનીકરણ તથા પહોળાઈ વધારવાની દરખાસ્તો મંજૂર થઈ, | (૧) ૪૭ માર્ગો |
| (૨) તાલુકાવાર કેટલી દરખાસ્તો મંજૂર થઈ અને કેટલી રકમ મંજૂર થઈ, અને<br>(૩) બાકી રહેલ દરખાસ્તો ક્યારે મંજૂર થશે ? | (૨) અને (૩) : |

| અનુ. | તાલુકો | મંજુર થયેલ દરખાસ્તો | રકમ રૂ।. (લાખમાં) |
|---|---|---|---|
| ૧ | આણંદ | ૬ | ૩૩૦.૦૦ |

| | | | |
|---|---|---|---|
| ૨ | ઉમરેઠ | ૮ | ૩૫૦૫.૦૦ |
| ૩ | આંકલાવ | ૧ | ૫૦.૦૦ |
| ૪ | બોરસદ | ૬ | ૯૨૦.૦૦ |
| ૫ | ખંભાત | ૯ | ૪૯૭૫.૦૦ |
| ૬ | તારાપુર | ૪ | ૨૪૯.૦૦ |
| ૭ | સોજીત્રા | ૩ | ૬૯૪.૨૯ |
| ૮ | પેટલાદ | ૧૦ | ૪૫૧૫.૭૧ |

રસ્તાની જરૂરિયાત મુજબ સુધારણાની કામગીરી હાથ ધરવામાં આવતી હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

આણંદ જિલ્લામાં રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના હેઠળ આપેલ સ્માર્ટકાર્ડ

૧૧૦૨૮ શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વિમા યોજના અન્વયે કેટલાને સ્માર્ટકાર્ડ આપવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ગરીબી રેખા નીચે જીવતાં કેટલાં પરિવારો બાકી છે, અને

(૩) બાકી રહેલાઓને સ્માર્ટકાર્ડ ક્યાં સુધીમાં આપવામાં આવશે ?

જવાબ

(૧) અને (૨) :

| તાલુકાનું નામ | ઈસ્યુ કરેલ સ્માર્ટકાર્ડ | બાકી રહેલ સ્માર્ટકાર્ડ |
|---|---|---|
| આણંદ | ૮,૯૨૦ | ૨૬,૦૭૦ |
| આંકલાવ | ૮,૦૧૬ | ૧૧,૦૨૫ |
| બોરસદ | ૧૬,૮૭૨ | ૨૩,૯૧૨ |
| ખંભાત | ૧૦,૨૯૯ | ૧૨,૭૬૭ |
| પેટલાદ | ૯,૭૬૫ | ૧૮,૨૮૪ |
| સોજીત્રા | ૩,૫૯૭ | ૯,૩૫૦ |
| તારાપુર | ૪,૩૮૩ | ૪,૯૭૯ |
| ઉમરેઠ | ૬,૦૦૭ | ૧૨,૫૦૮ |
| કુલ :– | ૬૭,૮૫૯ | ૧,૧૮,૮૯૫ |

(૩) ગરીબી રેખા નીચે જીવતાં કુટુંબોને નોંધણી કરાવીને સ્માર્ટકાર્ડ મેળવવાના રહે છે. ચાલુ વર્ષે નોંધણીની કામગીરી દરમ્યાન બી.પી.એલ. કુટુંબો નોંધણી કરાવશે ત્યારે તેઓને સ્માર્ટકાર્ડ આપવામાં આવશે.

---------

દાહોદ જિલ્લામાં પંચાયતના રસ્તાઓ મંજૂર કરવા બાબત

૧૧૧૦૩ શ્રી વજેસિંગભાઇ પા.પણદા(દાહોદ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં પંચાયતના કુલ કેટલા પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના રસ્તાઓ મંજુર કરવામાં આવ્યા, અને

(૨) કેટલા રસ્તાના કામો પૂર્ણ થયા, અને કેટલા બાકી છે અને બાકી રહેલ રસ્તાના કામો ક્યારે પૂર્ણ થશે ?

જવાબ

(૧)

| મંજુર રસ્તાની સંખ્યા | | |
|---|---|---|
| ૧/૬/૨૦૧૨ થી ૩૧/૫/૨૦૧૩ | ૧/૬/૨૦૧૩ થી ૩૧/૫/૨૦૧૪ | કુલ |
| ૧૭૪ | ૯૭ | ૨૭૧ |

(૨) ૧૭૦ કામો પૂર્ણ, ૧૦૧ કામો બાકી, જે પૈકી ૯૯ કામો પ્રગતિમાં હોઈ નિયત સમયમર્યાદામાં, ૨ કામો જમીનના પ્રશ્ન હલ થયેથી.

---------

છોટા ઉદેપુર જિલ્લામાં રોગીકલ્યાણ સમિતિની આવક

આષાઢ ૨૫, ૧૯૩૬ શાકે

અતારાંકિત પ્રશ્નો

૯૫૭૬ શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ છોટા ઉદેપુર જિલ્લામાં તાલુકાવાર રોગી કલ્યાણ સમિતિ ક્યારથી અસ્તિત્વમાં છે. | (૧) રોગી કલ્યાણ સમિતિઓ અસ્તિત્વમાં આવ્યા અંગેની તાલુકાવાર વિગત સામેલ *પત્રક–અ મુજબ છે. |
| (૨) છેલ્લાં બે વર્ષમાં આ સમિતિમાં વર્ષવાર કેટલી નાણાંકીય આવક થઈ, | (૨) છેલ્લા બે વર્ષમાં વર્ષવાર થયેલ નાણાંકીય આવકની વિગત સામેલ *પત્રક–બ મુજબની છે. |
| (૩) આવકનો ઉપયોગ કેવા કામો માટે થયો, અને | (૩) હોસ્પિટલમાં આવતા ગરીબ દર્દીઓ માટે ઈમરજન્સી દવાઓ, ઈમરજન્સી ટ્રાન્સપોર્ટેશન અને તેમના હિતમાં તેઓની સુવિધાઓ માટે તથા આરોગ્ય કેન્દ્રનાં સાધનોના રીપેરીંગ અને નિભાવણી, આરોગ્ય કેન્દ્ર માટેનો પરચુરણ ખર્ચ તેમજ આરોગ્યની ગુણવત્તાસભર સુવિધાઓ પુરી પાડવા માટે ખર્ચ કરવામાં આવે છે. |
| (૪) ઉક્ત સ્થિતિએ કેટલી રકમ સિલક છે ? | (૪) રોગી કલ્યાણ સમિતિઓમાં કુલ ૩૩,૯૮,૫૧૩ (તેત્રીસ લાખ અઠ્ઠાણું હજાર પાંચસો તેર પુરા) ની સિલક છે. |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

રાજકોટ અને મોરબી જિલ્લામાં આંગણવાડીના મકાનો બનાવવા બાબત

૧૦૨૬૭ શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ રાજકોટ અને મોરબી જિલ્લાની તાલુકાવાર કેટલી આંગણવાડીઓ ભાડાના મકાનમાં ચાલેછે, અને

જવાબ

(૧)

| ક્રમ | ઘટકનું નામ | ભાડાના મકાનમાં બેસતી આંગણવાડીઓ |
|---|---|---|
| જીલ્લો : રાજકોટ | | |
| ૧ | લોધિકા | ૫ |
| ૨ | જસદણ | ૬૧ |
| ૩ | રાજકોટ (રૂ) | ૧૮ |
| ૪ | જામકંડોરણા | ૧૧ |
| ૫ | પડધરી | ૦૪ |
| ૬ | ઉપલેટા | ૫૫ |
| ૭ | ગોંડલ | ૩૩ |
| ૮ | જેતપુર | ૨૦ |
| ૯ | ધોરાજી | ૬૨ |
| ૧૦ | કોટડા | ૧૨ |
| જીલ્લો : મોરબી | | |
| ૧૧ | વાંકાનેર | ૮૭ |
| ૧૨ | મોરબી | ૪૦ |
| ૧૩ | માળિયા | ૦ |
| ૧૪ | ટંકારા | ૮ |
| | કુલ | ૪૧૬ |

(૨) આ આંગણવાડીઓને સ્વતંત્ર મકાનો ક્યારે બનાવી આપવાનું આયોજન છે ?

(૨) બનતી ત્વરાએ.

---------

બનાસકાંઠા જિલ્લામાં દીકરી યોજનાના લાભાર્થીઓ

૧૧૮૨૭ શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિઓદર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં દીકરી યોજના હેઠળ તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા | (૧) શૂન્ય |

લાભાર્થીઓએ લાભ લીધો છે, અને

| | |
|---|---|
| (૨) કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં ખાસ અંગભૂત યોજના હેઠળ ડામર રસ્તાની સુવિધા આપવા બાબત

૯૯૫૩ શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખાસ અંગભૂત યોજના હેઠળ ડામર રસ્તાની સુવિધા આપવા અન્વયે સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા કિ.મી. ના રસ્તાઓના કામ પૂર્ણ કરવામાં આવ્યા છે, | (૧) ૨૩૬.૧૦ કી.મી. |
| (૨) કુલ કેટલા કામો પ્રગતિમાં છે, અને | (૨) તમામ કામો પૂર્ણ થયેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આવા રસ્તાઓ બનાવવા પાછળ છેલ્લા બે વર્ષમાં કૂલ કેટલા રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો? | (૩) રૂ. ૪૬૮૭.૫૪ લાખ. |

---------

ભિલોડા તાલુકામાં હાથમતી નદી પર પુલ બનાવવા બાબત

૧૧૭૨૫ ડૉ. અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકામાં મુખ્ય મથક પર હાથમતી નદી પર એકમાત્ર ડેમેજ પુલ હોવાના કારણે ઘણા એક્સીડેન્ટ વખતે વાહન વ્યવહારને ખૂબ જ મુશ્કેલી પડે છે તે સરકારના ધ્યાન પર છે, અને | (૧) અને (૨) પુલ સારી હાલતમાં હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) જો હા, તો રાજ્ય સરકાર વૈકલ્પિક કોઈ બીજા પુલની વ્યવસ્થા કરવા માંગે છે કે કેમ? | |

---------

ખેડા જિલ્લામાં કપડવંજ લાડવેલ રસ્તાને પહોળો કરવા બાબત

૧૧૦૩૯ શ્રી ભૂષણ ભટ્ટ(જમાલપુર-ખાડિયા) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લાના કપડવંજ-લાડવેલ રસ્તાને પહોળો અને મજબૂતીકરણની કામગીરી ક્યારે મંજૂર કરવામાં આવી, | (૧) તા. ૦૪-૦૫-૨૦૧૩ના રોજ વહિવટી મંજૂરી આપેલ છે. |
| (૨) આ કામ માટે કેટલો ખર્ચ અંદાજવામાં આવેલ છે, | (૨) કપડવંજ લાડવેલ અને વાસદ ઉમરેઠ રસ્તાઓના સમગ્ર કામ માટે રૂ. ૧૦૨.૩૦ કરોડ. |
| (૩) આ કામ તા. ૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ કયા તબક્કે છે, અને | (૩) કામ પ્રગતીમાં |
| (૪) તે ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે? | (૪) કરારનામાની જોગવાઈ અનુસાર તા. ૧૬-૦૧-૨૦૧૬ સુધીમાં. |

---------

આણંદ જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોમાં ભરતી

૧૧૯૮૪ શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ આણંદ જિલ્લામાં ઘટકવાર છેલ્લા બે વર્ષમાં આંગણવાડી કેન્દ્રોમાં કેટલી ભરતી કઈ જગ્યા માટે કરવામાં આવી, | (૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ આણંદ જિલ્લામાં ઘટકવાર છેલ્લા બે વર્ષમાં આંગણવાડી કેન્દ્રોમાં આંગણવાડી વર્કર/તેડાગરની જગ્યાઓ માટે નીચેની વિગતોએ ભરતી કરવામાં આવેલી છે. |

| ક્રમ | ઘટકનું નામ | છેલ્લા બે વર્ષમાં કરવામાં આવેલી ભરતીની સંખ્યા | |
|---|---|---|---|
| | | આંગણવાડી કાર્યકર | તેડાગર |
| ૧ | ખંભાત–૧ | ૨ | ૨ |
| ૨ | પેટલાદ–૧ | ૦ | ૦ |
| ૩ | બોરસદ–૧ | ૦ | ૧ |
| ૪ | પેટલાદ–૨ | ૦ | ૨ |
| ૫ | બોરસદ–૨ | ૧ | ૦ |
| ૬ | આંકલાવ | ૧ | ૨ |
| ૭ | આણંદ–૧ | ૦ | ૦ |
| ૮ | આણંદ–૨ | ૦ | ૦ |
| ૯ | ઉમરેઠ | ૧ | ૦ |
| ૧૦ | ખંભાત–૨ | ૦ | ૦ |
| ૧૧ | તારાપુર | ૧ | ૧ |
| ૧૨ | આણંદ–૩ | ૧ | ૦ |
| ૧૩ | આણંદ–૪ | ૦ | ૧ |
| | કુલઃ | ૭ | ૯ |

(૨) સદર ભરતી પ્રક્રિયા માટે કઈ પધ્ધતિથી પસંદગી કરવામાં આવી, અને

(૨) સદર ભરતી પ્રક્રિયા સરકારના તા. ૧૬–૯–૨૦૧૧ના ઠરાવ મુજબ પ્રાંત અધિકારીના અધ્યક્ષસ્થાને રચાયેલી કમિટિ દ્વારા પસંદગી કરવામાં આવે છે.

(૩) ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે?

(૩) બનતી ત્વરાએ

---------

પાટણ જિલ્લામાં નેશનલ રૂરલ હેલ્થ મિશન હેઠળ ફાળવાયેલ ગ્રાન્ટ

૧૧૦૫૨ શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં નેશનલ રૂરલ હેલ્થ મિશન અંતર્ગત તાલુકાવાર કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૧) સામેલ *પત્રક–૧ મુજબ કુલ રૂપિયા ૧૪,૪૪,૧૭,૯૪૦/-ની ગ્રાન્ટ ફાળવવામાં આવી.

પત્રક–૧

તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જીલ્લામાં નેશનલ રૂરલ હેલ્થ મિશન અંતર્ગત તાલુકાવાર ફાળવવામાં આવેલ ગ્રાંટની વિગત

| અ. નં. | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૨–૧૩ | વર્ષ ૨૦૧૩–૧૪ (૩૧–૫–૧૪ની સ્થિતિએ) |
|---|---|---|---|
| ૧ | પાટણ | ૧૯૭૦૮૪૩૩ | ૨૦૯૮૦૯૨૪ |
| ૨ | સિધ્ધપુર | ૯૨૫૮૮૧૪ | ૯૪૫૩૧૫૭ |
| ૩ | ચાણસ્મા | ૧૯૪૧૫૨૪૧ | ૭૯૯૨૫૭૮ |
| ૪ | હારીજ | ૦ | ૩૬૧૩૫૭૭ |
| ૫ | સમી | ૮૯૪૧૭૯૩ | ૧૨૪૦૦૮૪૩ |
| ૬ | રાધનપુર | ૭૨૪૧૮૫૦ | ૭૬૪૯૯૯૪ |
| ૭ | સાંતલપુર | ૭૮૨૭૯૭૧ | ૯૯૩૨૭૬૫ |
| | પાટણ જીલ્લાના તાલુકાને ફાળવેલ કુલ ગ્રાંટ | ૭૨૩૯૪૧૦૨ | ૭૨૦૨૩૮૩૮ |
| | કુલઃ | ૧૪,૪૪,૧૭,૯૪૦ | |

(૨) આ પૈકી તાલુકાવાર કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામુહિક આરોગ્ય કેન્દ્રો અને પેટા ગ્રાન્ટની કામગીરી સોંપવામાં આવી?

(૨) સામેલ *પત્રક–૨ મુજબ.

પત્રક–૨

ગ્રાન્ટ અન્વયે કામગીરી સોંપવામાં આવી એવા પાટણ

જીલ્લાના તાલુકાવાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામુહિક આરોગ્ય કેન્દ્રોની સંખ્યા
(તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ)

| ક્રમ | તાલુકાનું નામ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની સંખ્યા | સામુહિક આરોગ્ય કેન્દ્રની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | પાટણ | ૧૦ | ૦૪ |
| ૨ | સિધ્ધપુર | ૦૫ | ૦૩ |
| ૩ | ચાણસ્મા | ૦૭ | ૦૩ |
| ૪ | હારીજ | ૦૨ | ૦૧ |
| ૫ | સમી | ૦૫ | ૦૨ |
| ૬ | રાધનપુર | ૦૩ | ૦૧ |
| ૭ | સાંતલપુર | ૦૪ | ૦૨ |
| | | | |
| | કુલ | ૩૬ | ૧૬ |

---------

પોરબંદર જિલ્લાના રાણાવાવ-ભાણવડ રસ્તા માટે અંદાજેલ ખર્ચ

૧૧૦૩૮ શ્રી ચીમનભાઇ ઘ. શાપરીયા(જામજોધપુર) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પોરબંદર જિલ્લાના રાણાવાવ-ભાણવડ રસ્તાનું કામ તા. ૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ કયા તબક્કે છે, અને | (૧) પ્રગતિમાં. |
| (૨) તે રસ્તા પાછળ કુલ કેટલો ખર્ચ અંદાજવામાં આવેલ છે? | (૨) રૂા. ૧૯૦૦ લાખ. |

---------

જામનગર જિલ્લામાં સરકારી ક્વાર્ટર્સના મરામત પાછળ થયેલ ખર્ચ

૯૪૮૯ શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ જામનગર જિલ્લામાં કઈ કક્ષાના કેટલા ક્વાર્ટસ છે તથા તે પૈકી કેટલા ક્વાટર્સ ખાલી પડેલ છે, અને

(૨) આ સરકારી ક્વાટર્સની મરામત પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

જવાબ

(૧)

| કક્ષા | કુલ ક્વાર્ટર્સ | ખાલી ક્વાર્ટર્સ |
|---|---|---|
| એ | ૨૩૬ | ૮૫ |
| બી | ૪૪૪ | ૯૬ |
| બી-૧ | ૧૨ | ૩ |
| સી | ૨૫૮ | ૮૨ |
| ડી | ૧૪૮ | ૬૮ |
| ડી-૧ | ૨૦ | ૨ |
| ઈ | ૩૩ | ૦૧ |

(૨) રૂ. ૩૨૬.૦૩ લાખ.

---------

ગાંધીનગર જિલ્લામાં ચિરંજીવી યોજનાના લાભાર્થીઓ

૧૧૦૨૭ શ્રી અશોકકુમાર ર. પટેલ(ગાંધીનગર ઉત્તર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) ગાંધીનગર જિલ્લામાં ચિરંજીવી યોજના હેઠળ કેટલા લાભાર્થીઓએ તા. ૩૧-૩-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં લાભ લીધેલ છે, અને

(૨) તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

જવાબ

(૧) વર્ષ-૨૦૧૨-૧૩ ૧,૧૯૨ લાભાર્થીઓ
વર્ષ-૨૦૧૩-૧૪ ૭૪૫ લાભાર્થીઓ
કુલ ૧,૯૩૭ લાભાર્થીઓ

(૧) વર્ષ-૨૦૧૨-૧૩ રૂ. ૩૨,૮૮,૯૨૫
વર્ષ-૨૦૧૩-૧૪ રૂ. ૨૪,૬૮,૫૫૦

કુલ ખર્ચઃ
રૂ. ૫૭,૫૭,૪૭૫

---------

## ગાંધીનગર જિલ્લામાં વાહન નોંધણીની આવક

૧૧૩૩૯ શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૫–૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર RTO કચેરીમાં ગાંધીનગર જિલ્લામાં કેટલા વાહનોની નોંધણી થઈ તથા તેમાંથી કેટલી આવક પ્રાપ્ત થઈ, | (૧) ૮૯૫૨૪ વાહનોની નોંધણી થઈ તથા તેમાંથી રૂ. ૧૬૪.૩૪ કરોડની આવક પ્રાપ્ત થઈ. |
| (૨) કેટલા વાહન ચાલકોને ડ્રાઈવીંગ લાયસન્સ માટેના સ્માર્ટકાર્ડ ઈસ્યુ કરવામાં આવ્યા, અને | (૨) ૭૦૮૮૧ વાહન ચાલકોને ડ્રાઈવીંગ લાયસન્સ માટેના સ્માર્ટકાર્ડ ઈસ્યુ કરવામાં આવ્યા. |
| (૩) તાલુકા મથકોએ વાહન નોંધણી માટેના કેમ્પ દર માસે કેટલી વાર યોજવામાં આવે છે? | (૩) તાલુકા મથકોએ વાહન નોંધણી માટેના કેમ્પ દર માસે એક વાર યોજવામાં આવે છે. |

---------

## બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ ચેકપોસ્ટ ખાતે વસુલ કરેલ દંડની રકમ

૧૦૯૦૯ શ્રી કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૫–૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં આવેલ અમીરગઢ ચેકપોસ્ટ ખાતે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કયા પ્રકારનો કેટલી રકમનો દંડ વસુલ કરવામાં આવ્યો,

**જવાબ**

(૧)

| તા. ૩૧–૫–૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વસુલ કરેલ દંડ | ગુન્હાનો પ્રકાર | દંડની રકમ (રૂા. લાખમાં) |
|---|---|---|
| | ઓવરલોડ | ૫૧૮.૭૨ |
| | ઓવર ડાઈમેશન | ૬૩૨.૬૧ |
| | અન્ય | ૩૦૭.૫૮ |

**પ્રશ્ન**

(૨) ઉક્ત ચેકપોસ્ટ પર ફરજ બજાવતા અધિકારીઓ અને કર્મચારીઓ કેટલા સમયથી સદરહુ ચેકપોસ્ટ ખાતે ફરજ બજાવે છે, અને

**જવાબ**

(૨)
મોટર વાહન નિરીક્ષક તા. ૫–૩–૨૦૧૪થી
બે સહાયક મોટર વાહન નિરીક્ષક તા. ૨–૪–૨૦૧૪ થી
બે કેશીયર તા. ૪–૩–૨૦૧૪થી
ફરજો બજાવે છે.

**પ્રશ્ન**

(૩) સદરહુ ચેકપોસ્ટ પરથી ગેરરિતી થતી અટકાવવા સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૩)
૧. ઓવરલોડ વાહનો સામેની પેનલ્ટીના દરો વધારેલ છે.
૨. વાહનની નોંધણી મોકુફ રાખવા સુધીના કડક પગલાં લેવામાં આવી રહેલ છે.
૩. ચેકપોસ્ટ તેમજ તેના આજુબાજુના વિસ્તારોમાં મોબાઈલ ચેકીંગ ગોઠવવામાં આવે છે.
૪. ચેકપોસ્ટ પર ઉપરી અધિકારીઓ દ્વારા આવારનવાર ચકાસણી કરાવવામાં આવે છે.

---------

## ભુજ મેડીકલ કોલેજમાં ફી નું ધોરણ

તા. ૧૬મી જુલાઈ, ૨૦૧૪

અતારાંકિત પ્રશ્નો

* ૧૧૯૮૨ શ્રી પૂનમભાઇ મા. પરમાર(સોજીત્રા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ સરકારની સહાયથી ભૂજ ખાતે કાર્યરત કરવામાં આવેલ મેડીકલ કોલેજ અદાણી ગૃપને સંચાલન માટે સોંપી દેવામાં આવેલ છે તે કઈ શરતોને આધીન સોંપવામાં આવેલ છે, | (૧) તા. ૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ ભુજ ખાતે કાર્યરત કરવામાં આવેલ મેડીકલ કોલેજ અદાણી ગૃપ દ્વારા સ્વ નિર્ભર ધોરણે નવેસરથી શરૂ કરવામાં આવેલ હોય મેડીકલ કોલેજનું સંચાલન સોંપી દેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) અદાણી ગૃપને આ કોલેજ સોપંવામાં આવી તે અગાઉ આ કોલેજમાં ફી કેટલી હતી, અને ઉક્ત સ્થિતિએ ફી કેટલી છે અને | (૨) અદાણી ગૃપે બનાવેલ મેડીકલ કોલેજ વર્ષ ૨૦૦૯ થી કાર્યરત છે. શૈક્ષણિક વર્ષ ૨૦૦૯-૧૦ થી ૨૦૧૧-૧૨ સુધી ફી રૂા. ૩,૦૦,૦૦૦/- પ્રતિ વર્ષ હતી, અને શૈક્ષણિક વર્ષ ૨૦૧૨-૧૩ થી ૨૦૧૪-૧૫ સુધી રૂા. ૩,૨૫,૦૦૦/- પ્રતિ વર્ષ છે. |
| (૩) આ મેડીકલ કોલેજમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની સંખ્યા કેટલી છે અને તેઓ પાસેથી કેટલી ફી લેવામાં આવે છે ? | (૩) આ મેડીકલ કોલેજમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની કુલ સંખ્યા ૪૩ છે અને તેઓ પાસેથી રૂા. ૩,૨૫,૦૦૦/- પ્રતિ વર્ષ ફી લેવામાં આવે છે. |

---------

કપરાડા તાલુકાના પાનસરથી અરણાઈ રસ્તા પર દોલધા નદી પર માયનોર બ્રિજ બનાવવા બાબત

૧૧૭૦૨ શ્રી જીતુભાઇ હ. ચૌધરી(કપરાડા) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના પાનસરથી અરણાઈ જતા રસ્તા પર દોલધા નદી પર માયનોર બ્રિજ બનાવવાની કામગીરી તા. ૩૧-૦૫-૨૦૧૪ ની સ્થિતિએ કયા તબક્કે છે, અને<br>(૨) તે કેટલા સમયમાં પુર્ણ કરવામાં આવશે ? | (૧) અને (૨)<br>માઈનોર બ્રિજ બનાવવાનું કોઈ આયોજન ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

રાજકોટની શ્રી પંડિત દીનદયાલ ઉપાધ્યાય સરકારી હોસ્પીટલ ખાતે ન્યુરો સર્જનની ખાલી જગ્યા ભરવા બાબત

૯૯૦૮ શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૧૪ની સ્થિતિએ રાજકોટ ખાતે આવેલ શ્રી પંડિત દીનદયાળ ઉપાધ્યાય સરકારી હોસ્પિટલ ખાતે ન્યુરોસર્જનની જગ્યા કેટલા સમયથી ખાલી છે, અને<br>(૨) આ ખાલી જગ્યા સત્વરે ભરવા સરકારે શી કાર્યવાહી કરી અને કેટલા સમયમાં આ જગ્યા ભરવામાં આવશે ? | (૧) અને (૨)<br>તા. ૩૧-૫-૧૪ની સ્થિતિએ રાજકોટ ખાતે આવેલ શ્રી પંડિત દીનદયાળ ઉપાધ્યાય સરકારી હોસ્પિટલ ખાતે ન્યુરોસર્જનની જગ્યા મંજુર થયેલ ન હોઈ, જગ્યા ભરવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

બનાસકાંઠા જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાના લાભાર્થીઓ

૧૧૦૨૩ ડૉ. નિર્મલાબેન સુ. વાધવાણી (નરોડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાનો કેટલા લાભાર્થીઓએ લાભ લીધો, અને | (૧) ૪૭,૧૬૫. |
| (૨) તે પૈકી કેટલાની જીંદગી બચાવવામાં આવી ? | (૨) ૩,૯૩૮ |

---------

મહેસાણા જિલ્લામાં સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ લીધેલ મુલાકાત

૧૧૭૪૩ શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં કયા તાલુકાના સામુહિક આરોગ્ય | (૧) *પત્રક-૧ મુજબ |

| | |
|---|---|
| કેન્દ્રોની મુલાકાત જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા ક્યારે લેવામાં આવી, | |
| (૨) એમાં મુખ્યત્વે કયા પ્રકારના પ્રશ્નો ઉદભવેલ હતા, અને | (૨) અને (૩) *પત્રક–૨ મુજબ |
| (૩) એમાં કયા પ્રશ્નોનું કયા પ્રકારે નિવારણ કરવામાં આવ્યું છે ? | |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં ફૂડ ઈન્સ્પેક્ટરોનું મંજૂર મહેકમ

૧૦૫૬૭ શ્રી અમિત ચૌધરી (માણસા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં ફૂડ અને ઈન્સ્પેક્ટરોનું અને તેઓની કચેરીઓનું તાલુકાવાર મંજૂર મહેકમ શું છે, | (૧) અને (૨) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ ગાંધીનગર અને મહેસાણા જિલ્લા માટે જીલ્લાવાર મહેકમ મંજુર થયેલ છે. (માહિતિ *પત્રક–અ અને *પત્રક–બ મુજબ) |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ સંવર્ગવાર ક્યારથી ખાલી છે અને કેટલા કર્મચારીઓ મહેકમ પર છે, અને | |
| (૩) બાકી રહેતી ખાલી જગ્યાઓ સંવર્ગવાર કેટલા સમયમાં ભરવામાં આવશે ? | (૩) ભરતી નિયમો મુજબ, જરૂરી લાયકાત ધરાવતા ઉમેદવારો બઢતી/ભરતી માટે ઉપલબ્ધ થયેથી જગ્યાઓ ભરવાનું આયોજન છે. |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

તલોદ તાલુકાના હરસોલ થી તલોદના રોડનું પેવર કરવા બાબત

૧૦૨૮૩ શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના હરસોલ થી પદુસણને જોડતો રસ્તો ખૂબજ બિસ્માર હાલતમાં છે તે હકીકત સરકાર જાણે છે કે કેમ, | (૧) આ રસ્તો જરૂરી મરામત કરી વાહન વ્યવહાર લાયક રાખેલ છે. |
| (૨) આ રસ્તો તૂટી જવા પાછળ મુખ્ય કારણ શું છે, અને | (૨) મેશ્વો નદીનો પુલ તુટી જવાથી ડાયવર્ઝન આપવાને કારણે તમામ વાહનો આ રસ્તા પર પસાર થતા હોઈ વાહનનાં ભારણનાં કારણે રસ્તો તુટી જવા પામેલ જેને જરૂરી મરામત કરી વાહન વ્યવહાર લાયક રાખવામાં આવેલ છે. |
| (૩) આ રસ્તો કયારે પેવર કરવાનું શરૂ કરવામાં આવશે? | (૩) આ રસ્તો નોન પ્લાન છે, તાંત્રીક જરૂરીયાત, આંતરીક અગ્રતાક્રમ અનુસાર આયોજન વિચારવામાં આવશે. |

---------

અમદાવાદ શહેર જીલ્લામાં વોર્ડ અને તાલુકાવાર કાર્યરત આંગણવાડી કેન્દ્રો

૧૦૬૧૬ શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય માહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લામાં કેટલા આંગણવાડી કેન્દ્રો કાર્યરત છે, | (૧) અમદાવાદ શહેર (કોર્પોરેશન)માં કુલ ૨૦૪૬ અને અમદાવાદ જિલ્લા (ગ્રામ્ય)માં કુલ ૧૬૪૧ આંગણવાડી કેન્દ્રો કાર્યરત છે. |
| (૨) તેમાં તેટલી કાર્યકર બહેનો અને તેડાગર બહેનો ફરજ બજાવે છે, | (૨) અમદાવાદ શહેર (કોર્પોરેશન)માં કુલ ૧૯૯૨ આંગણવાડી કાર્યકર બહેનો તથા ૧૯૧૨ તેડાગર બહેનો |

ફરજ બજાવે છે જ્યારે અમદાવાદ જિલ્લા (ગ્રામ્ય) માં ૧૬૧૧ આંગણવાડી કાર્યકર બહેનો તથા ૧૫૭૨ તેડાગર બહેનો ફરજ બજાવે છે.

(૩) ઉપરોક્ત ફરજ બજાવતી બહેનોને પ્રતિદિન અને માસિક કેટલુ વેતન ચૂકવવામાં આવે છે, અને

(૩) આંગણવાડી કાર્યકર બહેનોને રૂ।. ૪૨૫૦/– અને તેડીગર બહેનોને રૂ।. ૨૧૦૦/– માસિક માનદ વેતન ચૂકવવામાં આવે છે.

(૪) બાળકદીઠ કેટલો અને કયા પ્રકારનો પોષક આહાર આપવામાં આવે છે ?

(૪) બાળક દીઠ નીચે મુજબ પોષણ આહાર આપવામાં આવે છે.

૬ માસથી ૩ વર્ષના બાળકો

– ૬ માસથી ૩ વર્ષના બાળકોને ટેક હોમ રેશન તરીકે બાલ ભોગના ૭ પેકેટ આપવામાં આવે છે અને તેમાંથી નિર્દશક ભોજન તરીકે સબ/સુખડી બનાવીને આંગણવાડી કેન્દ્ર પર આપવામાં આવે છે.
– અતિ ઓછા વજનવાળા બાળકોને બાલભોગના ૧૦ પેકેટ ટેક હોમ રેશન તરીકે આપવામાં આવે છે.
– ૩ થી ૬ વર્ષના બાળકો
– આંગણવાડી કેન્દ્ર ખાતે ૩ થી ૬ વર્ષના બાળકોને દરરોજ એક ન્યુટ્રીકેન્ડી (પોષણ યુક્ત ચોકલેટ) આપવામાં આવે છે. માતૃ મંડળ દ્વારા સવારનો ગરમ નાસ્તો, બાળક દીઠ ૫૦ ગ્રામ અને બપોરનું ગરમ ભોજન, ૮૦ ગ્રામ તેમજ આઠવાડિયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે. ૩ થી ૬ વર્ષના ઓછા વજનવાળા બાળકોને (THR) તરીકે ત્રીજું ભોજનમાં પ્રોટીન સભર લાડુ ૫૦ ગ્રામ આપવામાં આવે છે.
– આ ઉપરાંત અતિ ઓછા વજનવાળા બાળકોને (THR) તરીકે બાલ ભોગના ૪ પેકેટ વધુ આપવામાં આવે છે.

---------

## સાબરકાંઠા જિલ્લામાં દિકરી યોજનાના લાભાર્થીઓ

૧૧૮૨૮ શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા(હિંમતનગર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં દિકરી યોજના હેઠળ તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓએ લાભ લીધેલ છે, અને | (૧) ૭ |
| (૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) રૂ।. ૩૬,૦૦૦/- |

---------

## દાહોદ જિલ્લામાં આંગણવાડીના મકાનો બાંધવા બાબત

૧૦૩૧૭ શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલી આંગણવાડીઓના મકાન છેલ્લા બે વર્ષમાં બાંધવામાં આવ્યા, અને

જવાબ

(૧) તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાના નામ | વર્ષ ૨૦૧૨–૧૩માં બાંધેલ આંગણવાડી કેન્દ્રો | વર્ષ ૨૦૧૩–૧૪માં બાંધેલ આંગણવાડી કેન્દ્રો |
|---|---|---|---|
| ૧ | દાહોદ | ૧૨ | ૦૭ |

| | | | |
|---|---|---|---|
| ૩ | ઝાલોદ | ૨૨ | ૦૩ |
| ૪ | લીમખેડા | ૦૮ | ૦ |
| ૫ | દેવ.બારીયા | ૦૮ | ૦૨ |
| ૬ | ધાનપુર | ૦ | ૦ |
| ૭ | ફતેપુરા | ૧૧ | ૦ |
| | કુલ :- | ૬૯ | ૧૨ |

(૨) કેટલા મકાનો બાંધવાના બાકી છે અને તે કેટલા સમયમાં બાંધવામાં આવશે ?

(૨) બાકી રહેતા કુલ ૩૭૫ આંગણવાડી કેન્દ્રોના મકાન બાંધકામની કાર્યવાહી હાલ પ્રગતિમાં છે.

---------

અમદાવાદ જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ

૧૧૫૫૬ શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના સાણંદ અને બાવળા તાલુકામાં તાલુકાવાર વસ્તીના ધોરણે કેટલી આંગણવાડીઓની જરૂરીયાત છે,

(૨) તે પૈકી તાલુકાવાર કેટલી નવી આંગણવાડીઓ કાર્યરત છે, અને કેટલી આંગણવાડીઓની ઘટ છે, અને

(૩) ઘટતી આંગણવાડી અને તેના મકાનો બનાવવા માટે સરકારનું શું આયોજન છે ?

જવાબ

(૧) ભારત સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ ગ્રામ્ય વિસ્તારોમાં ૪૦૦ થી ૮૦૦ની વસ્તીદીઠ એક આંગણવાડી અને ૧૫૦ થી ૪૦૦ની વસ્તીએ એક મીની આંગણવાડી કેન્દ્ર મંજૂર કરવાનું થાય છે. શહેરી વિસ્તારમાં અર્બન સ્લમ વિસ્તારને ધ્યાને લેવામાં આવે છે. જે અનુસાર આંગણવાડીની ડીમાંડ કરવામાં આવે છે. આદિજાતિ, કોતર ખાણ પ્રદેશ, રણ વિસ્તાર, પર્વતીય વિસ્તાર તેમજ અન્ય મુશ્કેલ વિસ્તારોને પણ ધ્યાને લેવામાં આવે છે. ગ્રામ્ય અને અર્બન સ્લમ શહેરી વિસ્તારોની સ્થાનિક અને ભૌગોલિક પરિસ્થિતિ અલગ-અલગ હોય છે. જેથી વસ્તીનાં ધોરણે કેટલી આંગણવાડીઓની જરૂરીયાત છે, તે કહી શકાય નહીં.

(૨) અમદાવાદ જિલ્લાના સાણંદ અને બાવળા તાલુકાની કાર્યરત આંગણવાડીઓની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકા | હાલ કાર્યરત કેન્દ્રો |
|---|---|---|
| ૧ | સાણંદ | ૨૦૪ |
| ૨ | બાવળા | ૧૭૩ |
| | કુલઃ | ૩૭૭ |

આંગણવાડીની ઘટ માત્ર વસ્તી ધોરણે નક્કી ન કરી શકાય.

(૩) (૧) સાણંદ ઘટક માટે-૧ નવી આંગણવાડી મંજૂર કરવા માટે અત્રેથી તા. ૧૨/૦૨/૨૦૧૪ અને બાવળા ઘટક માટે-૧ નવી આંગણવાડી મંજૂર કરવા માટે અત્રેથી તા. ૧૬/૦૬/૨૦૧૪થી ભારત સરકારને મંજૂરી માટે દરખાસ્ત કરેલ છે.

(૨) જ્યારે પણ નવી આંગણવાડીઓ શરૂ થશે ત્યારે બનતી ત્વરાએ

---------

રાજકોટ અને મોરબી જિલ્લામાં ફુડ ઈન્સ્પેક્ટરોનું મંજૂર મહેકમ

૧૦૨૬૮ શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ રાજકોટ અને મોરબી જિલ્લામાં ફૂડ ઈન્સ્પેક્ટરો અને તેઓની કચેરીઓનું સંવર્ગવાર મંજૂર મહેકમ શું છે,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે,

(૩) આ જગ્યાઓ ખાલી રહેવાના કારણો શા છે,

જવાબ

(૧), (૨) અને (૩) : તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ રાજકોટ અને મોરબી બન્ને જિલ્લાના વિભાજન પહેલા સંયુક્ત મહેકમ આ સાથેના પત્રક મુજબ છે.

અને

(૪) આ જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

(૪) ભરતી નિયમો મુજબ, જરૂરી લાયકાત ધરાવતા ઉમેદવારો બઢતી/ભરતી માટે ઉપલબ્ધ થયેથી ખાલી જગ્યાઓ ભરવાનું આયોજન છે.

પત્રક

| ક્રમ | સંવર્ગ | મંજુર થયેલ જગ્યા | ભરેલી | ખાલી | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | મદદનીશ કમિશ્નર | ૧ | ૦ | ૧ | તા. ૧/૬/૨૦૧૨થી બઢતી મળવાથી ખાલી |
| ૨ | પ્રવર ઔષધ નિરીક્ષક | ૩ | ૧ | ૨ | તા. ૨૧/૧૦/૨૦૦૮થી બઢતી મળવાથી ખાલી |
| ૩ | ઔષધ નિરીક્ષક | ૫ | ૫ | ૦ | -- |
| ૪ | ડેઝીગ્નેટેડ ઓફીસર | ૧ | ૦ | ૧ | તા. ૨૫/૫/૨૦૧૨થી નવી જગ્યા મંજૂર થયા તારીખથી ખાલી |
| ૫ | સિનિયર ફુડ સેફ્ટી ઓફિસર | ૧ | ૧ | ૦ | -- |
| ૬ | ફુડ સેફ્ટી ઓફિસર | ૯ | ૬ | ૩ | (૧) તા. ૬/૪/૨૦૧૧ થી નવી ૨ જગ્યા મંજૂર થયા તારીખથી ખાલી<br>(૨) તા. ૧/૫/૨૦૧૨થી નવી ૧ જગ્યા મંજૂર થયા તારીખથી ખાલી |
| ૭ | અધિક્ષક | ૧ | ૧ | ૦ | -- |
| ૮ | મુખ્ય કારકુન | ૧ | ૧ | ૦ | -- |
| ૯ | પ્રવર કારકુન | ૪ | ૪ | ૦ | -- |
| ૧૦ | જુનિયર કારકુન | ૫ | ૫ | ૦ | -- |
| ૧૧ | ડ્રાયવર | ૧ | ૧ | ૦ | -- |
| ૧૨ | વોચર | ૧ | ૧ | ૦ | -- |
| ૧૩ | આંકડા મદદનીશ | ૧ | ૧ | ૦ | -- |
| ૧૪ | કાયદા અધિકારી | ૧ | ૧ | ૦ | -- |
| ૧૫ | ડેટા કોમ્પ્યુટર ઓપરેટર | ૧ | ૧ | ૦ | કરારની શરતો મુજબના ઉમેદવાર ઉપલબ્ધ હોય તે મુજબ જગ્યા ભરાય છે. |
| ૧૬ | પટાવાળા | ૬ | ૬ | ૦ | -- |
| | કુલઃ - | ૪૨ | ૩૫ | ૭ | |

---------

સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં વિકાસ પથ યોજના હેઠળ કરેલ રસ્તાના કામો

૯૯૫૪ શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં વિકાસ પથ યોજના અન્વયે કુલ કેટલા રસ્તાના કામો કરવામાં આવ્યા અને કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૧) ૧૦ રસ્તાના કામો કરવામાં આવ્યા, જેમાં રૂા. ૨૭૩૨.૯૪ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

(૨) બાકી રહેતા રસ્તાઓને આ યોજના અંતર્ગત પૂરા કરવા સરકારનું શું આયોજન છે ?

(૨) હવે કોઈ રસ્તો બાકી રહેતો ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

નડિયાદ આર.ટી.ઓ. કચેરીનું મંજૂર થયેલ મહેકમ

અતારાંકિત પ્રશ્નો

૧૧૮૨૩ શ્રી ભૂષણ ભટ્ટ(જમાલપુર–ખાડિયા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧/૩/૨૦૧૪ની સ્થિતિએ નડિયાદ આર.ટી.ઓ. કચેરીનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

જવાબ

(૧) તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ નડિયાદ આર.ટી.ઓ. કચેરીનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ નીચે પ્રમાણે છે.

| અ. નં. | સંવર્ગનું નામ | મંજુર થયેલ મહેકમ |
|---|---|---|
| ૦૧ | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૧ |
| ૦૨ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૧ |
| ૦૩ | મોટર વાહન પ્રોસીક્યુટર | ૦૧ |
| ૦૪ | વહીવટી અધિકારી | ૦૧ |
| ૦૫ | મોટર વાહન નિરીક્ષક | ૦૫ |
| ૦૬ | સહાયક મોટર વાહન નિરીક્ષક | ૦૮ |
| ૦૭ | જનસંપર્ક અધિકારી | ૦૧ |
| ૦૮ | હેડક્લાર્ક | ૦૨ |
| ૦૯ | સીનીયર ક્લાર્ક/સબ એકા. | ૦૭ |
| ૧૦ | જુનીયર ક્લાર્ક | ૨૧ |
| ૧૧ | ટાઈપીસ્ટ | ૦૧ |
| ૧૨ | હિસાબનીશ | ૦૧ |
| ૧૩ | સ્ટેનો ગ્રેડ–૩ | ૦૧ |
| ૧૪ | સબ ઓડીટર | ૦૧ |
| ૧૫ | આંકડા મદદનીશ | ૦૧ |
| ૧૬ | સર્કલ ઓફીસર | ૦૧ |
| ૧૭ | ડ્રાઈવર | ૦૧ |
| ૧૮ | પટાવાળા | ૦૩ |
| | કુલઃ | ૫૮ |

(૨) ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર ખાલી જગ્યાઓ નીચે પ્રમાણે છે.

| અ. નં. | સંવર્ગનું નામ | ખાલી જગ્યા |
|---|---|---|
| ૦૧ | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૧ |
| ૦૨ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૧ |
| ૦૩ | મોટર વાહન પ્રોસીક્યુટર | ૦૧ |
| ૦૪ | વહીવટી અધિકારી | ૦૧ |
| ૦૫ | મોટર વાહન નિરીક્ષક | ૦૧ |
| ૦૬ | સહાયક મોટર વાહન નિરીક્ષક | ૦૪ |
| ૦૭ | જનસંપર્ક અધિકારી | –– |
| ૦૮ | હેડક્લાર્ક | ૦૧ |
| ૦૯ | સીનીયર ક્લાર્ક/સબ એકા. | –– |
| ૧૦ | જુનીયર ક્લાર્ક | ૦૭ |
| ૧૧ | ટાઈપીસ્ટ | ૦૧ |
| ૧૨ | હિસાબનીશ | ૦૧ |
| ૧૩ | સ્ટેનો ગ્રેડ–૩ | –– |
| ૧૪ | સબ ઓડીટર | –– |
| ૧૫ | આંકડા મદદનીશ | ૦૧ |
| ૧૬ | સર્કલ ઓફીસર | –– |
| ૧૭ | ડ્રાઈવર | ૦૧ |
| ૧૮ | પટાવાળા | ૦૨ |
| | કુલઃ | ૨૩ |

(૩) કેટલી જગ્યાઓ ભરાયેલ છે?

(૩) ભરાયેલ જગ્યાઓની વિગતો નીચે મુજબ છે.

| અ. નં. | સંવર્ગનું નામ | ભરાયેલ જગ્યા |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૦૧ | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | -- |
| ૦૨ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | -- |
| ૦૩ | મોટર વાહન પ્રોસીક્યુટર | -- |
| ૦૪ | વહીવટી અધિકારી | -- |
| ૦૫ | મોટર વાહન નિરીક્ષક | ૦૪ |
| ૦૬ | સહાયક મોટર વાહન નિરીક્ષક | ૦૪ |
| ૦૭ | જનસંપર્ક અધિકારી | ૦૧ |
| ૦૮ | હેડક્લાર્ક | ૦૧ |
| ૦૯ | સીનીયર ક્લાર્ક/સબ એકા. | ૦૭ |
| ૧૦ | જુનીયર ક્લાર્ક | ૧૪ |
| ૧૧ | ટાઈપીસ્ટ | -- |
| ૧૨ | હિસાબનીશ | -- |
| ૧૩ | સ્ટેનો ગ્રેડ-૩ | ૦૧ |
| ૧૪ | સબ ઓડીટર | ૦૧ |
| ૧૫ | આંકડા મદદનીશ | -- |
| ૧૬ | સર્કલ ઓફીસર | ૦૧ |
| ૧૭ | ડ્રાઈવર | -- |
| ૧૮ | પટાવાળા | ૦૧ |
| | કુલઃ | ૩૫ |

---------

### આણંદ અને ખેડા જિલ્લામાં આરોગ્ય વિભાગ હસ્તકના વાહનો

૧૧૯૮૬ શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૫/૨૦૧૪ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં આરોગ્ય વિભાગ હસ્તક કેટલા વાહનો છે, | (૧) આણંદ જિલ્લામાં ૭૫ અને ખેડા જિલ્લામાં ૫૦ |
| (૨) તે પૈકી કેટલા આરોગ્ય વિભાગની માલીકીના અને કોન્ટ્રાક્ટથી ભાડે લીધેલા છે, | (૨) માલિકીના ૯૫ અને કોન્ટ્રાક્ટથી ભાડે લીધેલા ૩૦ |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ભાડે વાહનો કઈ એજન્સી મારફતે લેવામાં આવ્યા, અને | (૩) આણંદ જિલ્લામાં સ્વામી ટ્રાવેલ્સ, વસો તાલુકો નડિયાદ તથા મેસર્સ મહેશભાઈ વાઘેલા, આણંદ એમ બે એજન્સી મારફતે તથા ખેડા જિલ્લામાં સામેલ પત્રક મુજબ |
| (૪) સદર એજન્સી કોન્ટ્રાક્ટની શરતોનું પાલન કરતા ન હોવાની બાબત ધ્યામાં આવેલ છે કે કેમ અને તે અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી ? | (૪) ખેડા જિલ્લામાં આવી કોઈ બાબત ધ્યાને આવી નથી. આણંદ જિલ્લામાં ધ્યાને આવતાં વાહનો પરત કરેલ છે અને કરારની શરતો મુજબ ટેક્ષી તરીકે પાસ થયેલ વાહનો પુરા પાડવા જણાવેલ છે. |

પત્રક

| વર્ષ-૨૦૧૩-૧૪ | | | |
|---|---|---|---|
| અ.નં. | તાલુકો | પ્રા. આ. કેન્દ્ર | ઈજારદારનું નામ |
| ૧ | કઠલાલ | ટીએચઓ કચેરી | દશરથભાઈ જી ચૌહાણ |
| ૨ | કપડવંજ | ટીએચઓ કચેરી | અજીતકુમાર જે. સોલંકી |
| ૩ | કપડવંજ | તોરણા | વીરિન એ. પટેલ |
| ૪ | કપડવંજ | મોટી ઝેર | વિષ્ણુભાઈ આર. પટેલ |
| ૫ | કપડવંજ | આંત્રોલી | અજીતકુમાર જે. સોલંકી |
| ૬ | બાલાશિનોર | ઓથવાડ | દિનેશકુમાર પી. ચૌહાણ |
| ૭ | બાલાશિનોર | જનોડ | ધૃપત જી. સોલંકી |
| ૮ | બાલાશિનોર | પાંડવા | પ્રફુલચંદ્ર કે. પંચાલ |

| | | | |
|---|---|---|---|
| ૯ | વિરપુર | સાલૈયા | અનુમીયાં એસ. પીરઝાદા |
| ૧૦ | વિરપુર | ડેભારી | સુરેશભાઈ એન. પટેલ |
| ૧૧ | મહેમદાવાદ | ટીએચઓ કચેરી | રમણભાઈ વી. ચૌહાણ |
| ૧૨ | મહેમદાવાદ | સિહુંજ | વિક્રમભાઈ કે. ચૌહાણ |
| ૧૩ | મેહમદાવાદ | સિહુંજ | કુમુદબેન જે. ચૌહાણ |
| ૧૪ | મેહમદાવાદ | કનીજ | કુમુદબેન જે. ચૌહાણ |
| ૧૫ | ખેડા | ટીએચઓ કચેરી | અંબાલાલ એ. વાળંદ |
| ૧૬ | માતર | ખાંધલી | હિરલબેન પી. પંડ્યા |
| ૧૭ | મહુધા | ટીએચઓ કચેરી | કેસર ટ્રાવેલ્સ |
| ૧૮ | નડીયાદ | ટીએચઓ કચેરી | શકુંન્તલાબેન એમ. પટેલ |
| ૧૯ | નડીયાદ | મહોળેલ | હરી એજન્સી |
| ૨૦ | નડીઆદ | ચકલાસી | દેવ ટ્રાન્સપોર્ટ |
| ૨૧ | નડીઆદ | યોગીનગર | જીનેશ વી. અશોકેન |
| ૨૨ | નડીઆદ | પીજ | વિહીત ટ્રાન્સપોર્ટ |
| ૨૩ | નડીઆદ | સલુણ | નૂરમોહંમદ આઈ. વ્હોરા |
| ૨૪ | નડીઆદ | આખડોલ | રાગેશ વી. આખોકેન |
| ૨૫ | ઠાસરા | ટીએચઓ કચેરી | કાંતિભાઈ એસ. પરમાર |
| ૨૬ | ઠાસરા | નેસ | જયેશ પટેલ |
| ૨૭ | ઠાસરા | પીપલવાડા | સતીશ યાદવ |
| ૨૮ | ઠાસરા | જશુના મુવાડા | નટુભાઈ વી. રાઠોડ |

| વર્ષ–૨૦૧૪–૧૫ | | | |
|---|---|---|---|
| અ.નં. | તાલુકો | પ્રા. આ. કેન્દ્ર | ઈજારદારનું નામ |
| ૧ | કઠલાલ | ટીએચઓ કચેરી | દશરથભાઈ જી ચૌહાણ |
| ૨ | કઠલાલ | અનારા | આર. જી. ડાભી |
| ૩ | કપડવંજ | ટીએચઓ કચેરી | અજીતકુમાર જે. સોલંકી |
| ૪ | બાલાશિનોર | ટીએચઓ કચેરી | પ્રફુલચંદ્ર કે. પંચાલ |
| ૫ | બાલાશિનોર | ઓથવાડ | દિનેશકુમાર પી. ચૌહાણ |
| ૬ | બાલાશિનોર | જનોડ | ધૃપત જી. સોલંકી |
| ૭ | બાલાશિનોર | પાંડવા | પ્રફુલચંદ્ર કે. પંચાલ |
| ૮ | મહેમદાવાદ | ટીએચઓ કચેરી | દિનેશભાઈ સી. પટેલ |
| ૯ | ખેડા | ટીએચઓ કચેરી | અંબાલાલ એ. વાળંદ |
| ૧૦ | માતર | ખાંધલી | હિરલબેન પી. પંડ્યા |
| ૧૧ | મહુધા | ટીએચઓ કચેરી | કેસર ટ્રાવેલ્સ |
| ૧૨ | નડીયાદ | ટીએચઓ કચેરી | શકુંન્તલાબેન એમ. પટેલ |
| ૧૩ | નડીયાદ | મહોળેલ | હરી એજન્સી |
| ૧૪ | નડીઆદ | ચકલાસી | દેવ ટ્રાન્સપોર્ટ |
| ૧૫ | નડીઆદ | યોગીનગર | જીનેશ વી. અશોકેન |
| ૧૬ | નડીઆદ | પીજ | વિહીત ટ્રાન્સપોર્ટ |
| ૧૭ | નડીઆદ | સલુણ | નૂરમોહંમદ આઈ. વ્હોરા |
| ૧૮ | નડીઆદ | આખડોલ | રાગેશ વી. આખોકેન |
| ૧૯ | ઠાસરા | ટીએચઓ કચેરી | કાંતિભાઈ એસ. પરમાર |
| ૨૦ | નડીઆદ | આર. સી. એચ. | પ્રતિક વણકર |

---------

રાજકોટ પંડિત દિનદયાળ ઉપાધ્યાય સરકારી હોસ્પિટલ મેડીકલ અને પેરામેડીકલનું મંજુર મહેકમ

તા. ૧૬મી જુલાઇ, ૨૦૧૪

અતારાંકિત પ્રશ્નો

૯૯૦૯ શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ રાજકોટ ખાતે આવેલ શ્રી પંડિત દીનદયાળ ઉપાધ્યાય સરકારી હોસ્પિટલ ખાતે પેરામેડીકલ અને મેડીકલ સ્ટાફની સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) આ ખાલી જગ્યાઓ સત્વરે નહી ભરવાના કારણો શા છે, અને કેટલા સમયમાં આ ખાલી જગ્યાઓ ભરવામાં આવશે ?

જવાબ

(૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ રાજકોટ ખાતે આવેલ શ્રી પંડિત દીનદયાળ ઉપાધ્યાય સરકારી હોસ્પિટલ ખાતે પેરામેડીકલ અને મેડીકલ સ્ટાફની સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ અને ખાલી જગ્યાઓની વિગતો નીચે મુજબ છે.

| સંવર્ગનું નામ | મંજુર | ભરેલી | ખાલી |
|---|---|---|---|
| વર્ગ–૧ મેડીકલ | ૦૨ | ૦૧ | ૦૧ |
| વર્ગ–૨ મેડીકલ | ૫૨ | ૪૨ | ૧૦ |
| વર્ગ–૨ પેરા મેડીકલ | ૦૧ | ૦૦ | ૦૧ |
| વર્ગ–૩ પેરા મેડીકલ | ૫૯ | ૫૬ | ૦૩ |
| કુલ | ૧૧૪ | ૯૯ | ૧૫ |
| સંવર્ગ | ૧ વર્ષ સુધી | ૧ થી ૨ વર્ષ સુધી | ૨ વર્ષથી વધારે |
| વર્ગ–૧ મેડીકલ | ૦ | ૧ | ૦ |
| વર્ગ–૨ મેડીકલ | ૪ | ૨ | ૪ |
| વર્ગ–૨ પેરા મેડીકલ | ૦ | ૦ | ૧ |
| વર્ગ–૩ પેરા મેડીકલ | ૧ | ૧ | ૧ |
| કુલઃ | ૫ | ૪ | ૬ |

(૨) વહીવટી કારણોસર નહી ભરાયેલ આ ખાલી જગ્યાઓ યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયે ભરવામાં આવશે.

---------

મહેસાણા જિલ્લામાં આંગણવાડીઓને નવા મકાનો મંજૂર કરવા બાબત

૧૧૭૪૪ શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ કેટલી આંગણવાડીઓને પોતાના મકાનો છે, | (૧) ૧૬૫૪ |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી આંગણવાડીઓ માટે નવા મકાનો મંજૂર કરવામાં આવ્યા, અને | (૨) ૩૭૯ |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલા મકાનો પૂર્ણ કરવામાં આવ્યા ? | (૩) ૨૧૧ |

---------

પોઇન્ટ ઓફ ઓર્ડર

પ્રશ્નોત્તરીની બુકમાં પત્રકો છાપવા અંગે

શ્રી શકિતસિંહજી ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો ૨૦૦૮, ૨૦૧૨ના. માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીઓ બેસીને પોઇન્ટ ઓફ ઓર્ડરમાં પણ નહીં સાંભળવાનું અને આપે એલાઉ કર્યા પછી વચ્ચે બેસીને કોમેન્ટ કરવાની હોય..

અધ્યક્ષશ્રી : પ્લીઝ. બોલવાની બધાને તક મળશે. તમે બોલો. ભાઇ આત્મારામ.

શ્રી શકિતસિંહજી ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, નિર્ણય ક્રમાંકઃ ૩૫ અને ૩૬. અમારા માટે પ્રશ્નોત્તરીનો કાળ અને તે તમામ સભ્યો માટે મહત્વનો છે. ખૂબ ઉદારતાપૂર્વક વિધાનસભા સચિવાલયની બાબત પણ અહીંયાં ઉઠાવવા દઇને ભૂતકાળના માનનીય અધ્યક્ષશ્રીએ નિર્ણય આપ્યા કે ચાર પાના સુધીના પત્રકો હોય તો બુકલેટમાં જ છાપવા જેથી બધાને મળી શકે. અમારું દર્દ એ છે કે આજે આર.ટી.ઓ.ના સંદર્ભમાં, આર.ટી.ઓ.ના સંદર્ભના પ્રશ્નના જવાબના પત્રકો નથી બન્યા. આમાં જ છપાયા છે અને જોઇતાભાઇનો પ્રશ્ન ચાર પાનાની અંદરનો છે.

અધ્યક્ષશ્રી : હું સમજી ગયો તમારો સવાલ. તમે જે કહો છો તે જોઇ જુઓ. મેં પહેલાંજ સૂચના આપી કે કેટલી જગ્યાઓ છે, કેટલી ભરેલી છે અને કેટલી ખાલી છે? તે એક જ કોષ્ટકમાં આપવાનું. તમારા સભ્યનો પ્રશ્ન છે તેની અંદર તેમણે પૂછયું છે તે જનરલ હોસ્પિટલ પાલનપુર અને જનરલ હોસ્પિટલ ડીસા. તેના ત્રણ પાના છે. ઉપરાંત આ ચોથુ પાનું છે. આમાં જે આપણા પાનામાં છાપીએ તે આ રીતે છે. પત્રક છે તે આડા પાનામાં છે. એટલે તે છપાય જ નહીં. એટલે આડુ પાનુ અને ઉભુ પાનુ છે. આ પાનાની જે લેન્થ અને સાઇઝ હોય અને આપણી પ્રશ્નોત્તરીમાં આ સાઇઝ છે. એટલે એ રીતે પત્રક આપવાની વાત છે. પત્રક વર્ષોથી આવે છે. ચાર પાના સુધી હતું તેના કરતાં વધારે માહિતી થાય છે એટલે પત્રક આપેલ છે. એટલે આપનો કોઇ સવાલ રહેતો નથી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, પત્રક સચિવને આપવામાં આવે છે તેના કરતાં ખાનામાં મૂકવામાં આવે તો સારુ.

અધ્યક્ષશ્રી : તે નિયમ પ્રમાણે જોઇ લઇશું. એક મિનિટ આપ બેસી જાઓ. નેકસ્ટ.

અરજીની રજૂઆત

ડો. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) :માનનીય અધ્યક્ષશ્રી, હું આપનો આભાર માનું છું કે ૨૧-૨૧ વર્ષ થયા છતાં ગુજરાત પંચાયત અધિનિયમ વર્ષ ૧૯૯૩ના ૨૩ જેટલા નિયમો ઘડાયા નથી. તો લોકહિતાર્થે આપણે ગંભીરતાની નોંધ લઇ..

અધ્યક્ષશ્રી : આપ સીધુ મૂકો. તમને જે સાઇટેશન આપેલ છે તે જ વાંચો.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું એક અરજદારની સહીવાળી ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ નીચે ઘડવાના થતા નિયમોને લગતી બાબત પર અરજી સાદર કરું છું.

અધ્યક્ષશ્રી : અરજી સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવે છે. હું આ અરજી, અરજી સમિતિને સોંપું છું. નેકસ્ટ.

## વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતના ચોથા અહેવાલની રજૂઆત.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે (ભાવનગર (પૂર્વ)) : માનનીય અધ્યક્ષશ્રી, હું બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનો ચોથો અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરું છું.

અહેવાલ રજૂ કરવામાં આવ્યો.

બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે (ભાવનગર (પૂર્વ)) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના ચોથા અહેવાલ સાથે સંમત થાય.

અધ્યક્ષશ્રી : માનનીય નીતિનભાઇ, બીજા કોઈ સભ્યએ વચ્ચે વાત નથી કરવાની. મેં ગઇકાલે કહ્યું છે. જેને વાત કરવી હોય તે તેના સાથી સભ્યને લઇને બહાર વાત કરજો. હાઉસની અંદર ડીસીપ્લીન બરાબર મેન્ટેન કરો. ફરીથી કહું છું. વાત કોઇએ પણ કરવાની નથી અને પોતાના સ્થાન ઉપરથી કોઇએ ક્યાંય જવાનું નથી. બીજાની જગ્યાએ જઇને મળવાનું નહીં. સિવાય કે બન્ને પાર્ટીના દંડકશ્રીઓ છે તે સૂચના આપવા માટે સભ્યશ્રી પાસે જઇ શકશે. પરંતુ દંડક પાસે કોઇએ આવવાની જરૂર નથી. બાજુની જગ્યા ખાલી છે એટલે ચાલો દંડક પાસે જઇને બેસીએ તેવું કરવાનું નથી.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)

માગણી ક્રમાંક ૧૨

ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

શ્રી સૌરભભાઇ પટેલ ( ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું કર વસુલાત ખર્ચ ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ સેવાને લગતી ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧૯,૨૦,૭૨૦૦૦/–ની માગણી ક્રમાંક ૧૨ રજૂ કરું છું.

માગણી ક્રમાંક ૧૨ રજૂ કરવામાં આવી.

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરુ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧ રજૂ કરવામાં આવી.

શ્રી ગેંદાલભાઇ મો. ડામોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૨ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૩ રજૂ કરવામાં આવી.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૪ રજૂ કરવામાં આવી.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૫ રજૂ કરવામાં આવી.

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૬ રજૂ કરવામાં આવી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૭ રજૂ કરવામાં આવી.

માગણી ક્રમાંક ૧૩

વીજળી શક્તિ પરિયોજના પ્રભાગ

શ્રી સૌરભભાઇ પટેલ ( ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું વીજળી શક્તિ પરિયોજનાઓ સેવાને લગતી ઉર્જા અને પેટ્રો કેમિકલ્સ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૨૭,૭૫,૨૩,૩૩,૦૦૦/– અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૯,૭૨,૯૧,૩૩,૦૦૦/–ની માગણી ક્રમાંક ૧૩ રજૂ કરું છું.

માગણી ક્રમાંક ૧૩ રજૂ કરવામાં આવી.

માગણી ક્રમાંક ૧૩ પરની કાપ દરખાસ્તો

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૮ રજૂ કરવામાં આવી

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૯રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૯ રજૂ કરવામાં આવી

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧૦ રજૂ કરવામાં આવી

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧૨ રજૂ કરવામાં આવી

શ્રી જશુભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧૩ રજૂ કરવામાં આવી

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧૪ રજૂ કરવામાં આવી

શ્રી છનાભાઇ કો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧૫ રજૂ કરવામાં આવી

શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧૬ રજૂ કરવામાં આવી

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧૭ રજૂ કરવામાં આવી

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧૯ રજૂ કરવામાં આવી

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૨૦ રજૂ કરવામાં આવી

માગણી ક્રમાંક ૧૪

ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ પ્રભાગ

શ્રી સૌરભભાઇ પટેલ( ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી) :માનનીય અધ્યક્ષશ્રી, હું ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગને લગતું અન્ય ખર્ચ સેવાને લગતી ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ માટેની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧૧,૮૮,૬૭,૦૦૦/– અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૫,૮૮,૦૫,૩૩,૦૦૦/–ની માગણી ક્રમાંક ૧૪ રજૂ કરું છું.

માગણી ક્રમાંક ૧૪ રજૂ કરવામાં આવી

શ્રી ભોળાભાઇ ભી. ગોહેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૨૧ રજૂ કરવામાં આવી

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૨૨ રજૂ કરવામાં આવી

માગણી ક્રમાંક ૪૯

ઉદ્યોગ અને ખાણ વિભાગ

શ્રી સૌરભભાઇ પટેલ ( ઉદ્યોગ અને ખાણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉદ્યોગો સેવાને લગતી ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૯,૭૩,૪૪,૨૯,૦૦૦/–ની અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૪,૩૩,૯૦,૧૨,૦૦૦/–ની માગણી ક્રમાંક ૪૯ રજૂ કરું છું.

માગણી ક્રમાંક ૪૯ રજૂ કરવામાં આવી

શ્રી વજેસિંગભાઇ પણદાઃ માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૨૪ રજૂ કરવામાં આવી

શ્રી પુનાભાઇ ગામીતઃ માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૨૫ રજૂ કરવામાં આવી

શ્રી મંગળભસાઇ ગાવિતઃ માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૨૬ રજૂ કરવામાં આવી

શ્રી જીતુભાઇ ચૌધરીઃ માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૨૭ રજૂ કરવામાં આવી

માગણી નંબર-૫૦

ખાણ અને ખનિજ પ્રભાગ

શ્રી સૌરભભાઇ પટેલ ( ખાણ અને ખનિજ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું ખાણ અને ખનિજ સેવાને લગતી ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧,૧૧,૫૦,૧૭,૦૦૦ની અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૪,૬૫,૦૦,૦૦૦ની માગણી નંબર-૫૦ રજૂ કરું છું.

માગણી નંબર-૫૦ રજૂ કરવામાં આવી.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૮ રજૂ કરવામાં આવી.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૯ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રવિણભાઇ ઝી. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૦ રજૂ કરવામાં આવી.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૧ રજૂ કરવામાં આવી.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૨ રજૂ કરવામાં આવી.

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૩ રજૂ કરવામાં આવી.

માગણી નંબર-૫૧

પ્રવાસન પ્રભાગ

શ્રી સૌરભભાઇ પટેલ ( પ્રવાસન મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રવાસન સેવાને લગતી ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૨૪,૬૬,૩૦,૦૦૦ની અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૫,૧૮,૫૦,૦૦,૦૦૦ની માગણી નંબર-૫૧ રજૂ કરું છું.

માગણી નંબર-૫૧ રજૂ કરવામાં આવી.

શ્રી મહેશકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૫ રજૂ કરવામાં આવી.

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૬ રજૂ કરવામાં આવી.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૭ રજૂ કરવામાં આવી.

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૯ રજૂ કરવામાં આવી.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૦ રજૂ કરવામાં આવી.

સન ૨૦૧૪-૨૦૧૫ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી બુધવાર, તા. ૧૬-૭-૨૦૧૪ (ચોથો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપ દરખાસ્તોની એકત્રિત યાદી

| અનુ. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ<br>માગણી નં ૧૨ | | | | |
| ૧ | ૨૦૪૫-ચીજવસ્તુઓ...શુલ્ક ૧૦૩-વસુલાત .....શુલ્ક ૦૧- વીજળી..... નિરીક્ષક રૂ. ૨૫,૮૨,૨૯,૦૦૦ અં.પ્ર.નં.૫ પા.નં. ૬-૭ | ૧૦૦ | વીજ કનેક્શનના એસ્ટીમેન્ટમાં વીજ મીટરની કિંમતનો સમાવેશ થયો હોવા છતાં પણ દર માસે વીજ કંપનીઓ મીટર ભાડું ઉઘરાવે છે તે બંધ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઇન્દ્રનીલ રાજયગુરૂ (નટવરસિંહ ઠાકોર) |
| ૨ | -- " -- | ૧૦૦ | વીજ એકટમાં સુધારો કરી યુનિટ દીઠ ઇલેકટ્રીક ડયુટીમાં ઘરવપરાશના વીજ ગ્રાહકોને રાહત મળે તે માટે જરૂરી કાર્યવાહી કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગેંદાલભાઇ ડામોર (મણીભાઇ વાઘેલા) |
| ૩ | -- " -- | ૧૦૦ | વીજ કંપનીઓના વાર્ષિક હિસાબો કેગ દ્વારા ઓડીટ કરાવી ગેરરીતિ રોકવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (મહંમદજાવીદ પીરજાદા) |
| ૪ | -- " -- | ૧૦૦ | વીજ કંપનીઓ દ્વારા લગાવેલ ખામીયુકત વીજ મીટરો માટે ગ્રાહકો પાસેથી દંડની રકમ વસૂલાતી રોકવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બળદેવજી ઠાકોર ( ગૌતમભાઇ ચૌહાણ) |
| ૫ | -- " -- | ૧૦૦ | મોટી રકમના વીજ બિલો બાકી હોય તેવા વીજ કનેકશન કાપવામાં અને તેવા વીજ બિલ વસૂલવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રામસિંહ પરમાર |
| ૬ | -- " -- | ૧૦૦ | નાના સામાન્ય ઘરવપરાશના વીજ ગ્રાહકોના વીજ બિલો રાહતદરે વસૂલવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી માનસિંહ ચૌહાણ |
| ૭ | -- " -- | ૧૦૦ | રહેણાંક વીજબિલોમાં વીજ દરમાં થતા ભાવ વધારાને કારણે વિદ્યુત શુલ્ક વધતું અટકાવી રાહત આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પરેશ ધાનાણી (કામીનીબા રાઠોડ) |

| માગણી નં. ૧૩ | | | | |
|---|---|---|---|---|
| ૮ | ૨૮૦૧–વીજળી શક્તિ<br>૮૦– સામાન્ય<br>૧૦૧– વિદ્યુત..... સહાય<br>રૂ. ૧૫,૨૦,૬૫,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૫<br>પા.નં. ૯–૧૦ | ૧૦૦ | રાજયમાં વધુ વીજળી ઉત્પાદન કરી નિયમિત અને પૂરતી વીજળી પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પૂનમભાઇ પરમાર |
| ૯ | –– " –– | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં હેલ્પરોની ઘટના કારણે વીજ ફોલ્ટની સમસ્યાઓ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મોહનસિંહ રાઠવા |
| ૧૦ | –– " –– | ૧૦૦ | વીજ કંપનીઓ દ્વારા ટી. એન્ડ ટીની ઘટ અલગ દર્શાવી કરાતી ગેરરીતિઓની તપાસ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જોઇતાભાઇ પટેલ |
| *૧૧ | –– " –– | ૧૦૦ | સરકારી વીજ કંપનીઓ દ્વારા વીજ ઉત્પાદન વધારવાના બદલે ખાનગી વીજ કંપનીઓ પાસેથી ઉંચા ભાવે વીજળી ખરીદાતી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નિરંજન પટેલ |
| ૧૨ | –– " –– | ૧૦૦ | કૃષિ વિષયક વીજ જોડાણો માટે એસ્ટીમેટની રકમ ભરવા છતાં સત્વરે વીજ જોડાણો આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમિત ચાવડા |
| ૧૩ | –– " –– | ૧૦૦ | ગ્રાહકોના ઘરવપરાશના વીજ બિલમાં વીજ શુલ્કની રકમમાં રાહત આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જશુભાઇ બારડ |
| ૧૪ | –– " –– | ૧૦૦ | વીજ કંપનીઓ દ્વારા વીજ ઉત્પાદન વધારવાના સઘન પ્રયાસો કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શૈલેષ પરમાર |
| ૧૫ | –– " –– | ૧૦૦ | ગ્રામીણ અને શહેરી વિસ્તારોને સતત વીજ પુરવઠો પૂરો પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી છનાભાઇ ચૌધરી |
| ૧૬ | –– " –– | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં જર્જરીત વીજ વાયરો બદલવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ઇશ્વરભાઇ પટેલ |
| ૧૭ | –– " –– | ૧૦૦ | વીજ કંપનીઓની ખરીદીમાં આવતા હલકી ગુણવત્તાવાળા કોલસાનું વળતર કોલ ઇન્ડીયા પાસેથી મેળવ્યા અંગેની સ્પષ્ટતાઓ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાઘવજી પટેલ |
| *૧૮ | –– " –– | ૧૦૦ | વીજ કંપનીઓની ખરીદીમાં આવતા હલકી ગુણવત્તાવાળા કોલસાનું વળતર કોલ ઇન્ડીયા પાસેથી મેળવવા છતાં તે વળતર ગ્રાહકોને ચુકવવાને બદલે પોતાના નફા તરીકે લઇ લેવાની ગંભીર બાબતો ઉપર | શ્રી ધમેન્દ્રસિંહ જાડેજા |

| | | | | |
|---|---|---|---|---|
| | | | જવાબદાર કંપની સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૯ | -- " -- | ૧૦૦ | વીજ કંપનીઓ દ્વારા દર ત્રણ મહિને એફ. પી.પી.ઓમાં કરાતા ભાવ વધારાના કારણો અને પુરાવાઓ જાહેર કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બલવંતસિંહ રાજપૂત |
| ૨૦ | -- " -- | ૧૦૦ | વીજ કંપનીઓએ કરેલા તમામ પાવર પરચેઝ એગ્રીમેન્ટ અને ફયુઅલ સપ્લાય એગ્રીમેન્ટ જે તે કંપનીઓ પાસે વેબ સાઇટ ઉપર મૂકાવવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. તેજશ્રીબેન પટેલ |

| | | | | |
|---|---|---|---|---|
| માગણી નં. ૧૪ | | | | |
| ૨૧ | ૪૮૫૬ – પેટ્રોકેમિકલ્સ...જોગવાઇ ૧૯૦–જાહેર..... રોકાણ રૂ. ૮,૩૧,૯૫,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૫ પા.નં. ૨૬ | ૧૦૦ | જી.એસ.પી.સી. દ્વારા કરાતો વારંવાર ગેસનો ભાવ વધારો રોકવામાં અને ખોટી રીતે લેવાતી સીક્યુરિટી ડિપોઝીટો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભોળાભાઇ ગોહેલ (હર્ષદકુમાર રીબડીયા) |
| ૨૨ | -- " -- | ૧૦૦ | ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશનના કેજી બેઝીન પ્રોજેક્ટમાં મોટાભાગના બંધ હાલતના ટ્રેડીંગ પ્રોજેકટ અંગે વાસ્તવિક ચિત્ર રજૂ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અશ્વિન કોટવાલ (આનંદભાઇ ચૌધરી, ધારશીભાઇ ખાનપુરા અને કાન્તીભાઇ ખરાડી) |
| *૨૩ | -- " -- | ૧૦૦ | ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન દ્વારા પુંજ લેઇડ કંપનીને કામ વગર કરેલ કરોડો રૂપિયાની ચૂકવણી અંગેની ગેરરીતિની તપાસ કરાવી જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગ્યાસુદ્દીન શેખ (મિતેશભાઇ ગરાસીયા) |
| ઉદ્યોગ અને ખાણ વિભાગ<br>માગણી નં ૪૯ | | | | |
| ૨૪ | ૨૮૫૧– ગ્રામ .... ઉદ્યોગો ૦૦૧– નિર્દેશ અને વહિવટ રૂ. ૧૩,૯૯,૦૮,૦૦૦ અં.પ્ર.નં. ૧૩ પા.નં. ૨૮ થી ૩૦ | ૧૦૦ | ગ્રામોદ્યોગનો વિકાસ ઝડપી થાય અને ગ્રામીણ ચીજવસ્તુઓનું વેચાણ વધે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વજેસિંગભાઇ પણદા |
| ૨૫ | -- " -- | ૧૦૦ | નબળા પડેલા કુટિર ઉદ્યોગોને જરૂરી નાણાકીય પ્રોત્સાહન પુરૂં પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનાભાઇ ગામીત |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૬ | -- " -- | ૧૦૦ | રાજ્યના બંધ પડેલા લઘુ/મધ્યમ ઉદ્યોગોની માહિતી વેબ સાઇટ ઉપર મૂકવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મંગળભાઇ ગાવિત |
| ૨૭ | -- " -- | ૧૦૦ | ઇન્ડેક્ષ-બી દ્વારા પાંચ વાઇબ્રન્ટ સમિટની તમામ માહિતી વેબ સાઇટ ઉપર મૂકવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જીતુભાઇ ચૌધરી |
| માગણી નં ૫૦ | | | | |
| ૨૮ | ૨૮૫૩-બિન લોહ....ઉદ્યોગ ૦૨-ખાણોનું...વિકાસ ૦૦૧-નિર્દેશ અને વહીવટ રૂ. ૬૫,૭૪,૪૬,૦૦૦ અં.પ્ર.નં. ૫ પા.નં. ૬૮ - ૬૯ | ૧૦૦ | પોરબંદર-જુનાગઢ જિલ્લામાં સને ૨૦૦૬થી ૨૦૦૯ સુધીમાં ખાણ ખનિજ ચોરીના કેસોમાં અંદાજે રૂ. ૬૫૮ કરોડની બાકી વસૂલાતો વસૂલ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધીરૂભાઇ ભીલ |
| ૨૯ | -- " -- | ૧૦૦ | અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકામાં સરકારી અને ગોચર જમીનોમાંથી થતી માટીની ચોરીઓ અંગે ધારાસભ્યોની વારંવાર રજૂઆતો પછી પણ કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કરમશીભાઇ પટેલ |
| ૩૦ | -- " -- | ૧૦૦ | ખાણોમાંથી ખોદકામ કરી માલ ભરી જતા વાહનોને રોયલ્ટી પાસ આપવામાં ચાલતી ગેરરીતિઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રવિણભાઇ રાઠોડ |
| ૩૧ | -- " -- | ૧૦૦ | ગીર સોમનાથ જિલ્લામાં પથ્થરોની ગેરકાયદેસર ચાલતી ખાણો અંગે લેખિત ધારાસભ્યોની ફરિયાદો કરવા છતાં પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુજાભાઇ વંશ |
| ૩૨ | ૨૮૫૩-બિન લોહ....ઉદ્યોગ ૦૨-ખાણોનું...વિકાસ ૦૦૧-નિર્દેશ અને વહીવટ રૂ. ૬૫,૭૪,૪૬,૦૦૦ અં.પ્ર.નં. ૫ પા.નં. ૬૮ - ૬૯ | ૧૦૦ | ઉત્તર ગુજરાત - કચ્છ અને સૌરાષ્ટ્રમાં લાઇમ સ્ટોન માઇનીંગના સતત ખોદકામને કારણે મેદાનમાં આવતા દરિયાના પાણીને રોકવામાં તંત્રની નિષ્ફળતા | ડો. અનિલ જોષિયારા |
| ૩૩ | -- " -- | ૧૦૦ | રાજ્યમાં રેતીના ગેરકાયદેસર ખનનથી નદીઓની થતી ખરાબી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા |
| માગણી નં ૫૧ | | | | |
| *૩૪ | ૩૪૫૨-પ્રવાસન | ૧૦૦ | દરેક પ્રવાસન ધામ ખાતે પ્રવાસીઓને તે | શ્રી |

| | | | | |
|---|---|---|---|---|
| | ૦૧–પ્રવાસી.....સવલતો<br>૧૦૧–પ્રવાસન કેન્દ્રો<br>રૂ. ૧૪૫૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૫<br>પા.નં. ૮૩ | | સ્થળની પૂરતી માહિતી મળી રહે તે માટે ગાઇડની સુવિધાઓ પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | રાજેન્દ્રસિંહ પરમાર |
| ૩૫ | -- " -- | ૧૦૦ | પ્રવાસન કેન્દ્રોમાં ગંદકી અને સ્ટાફની અછતને કારણે પ્રવાસીઓને પડતી હાડમારીઓ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેશકુમાર પટેલ |
| ૩૬ | ૩૪૫૨–પ્રવાસન<br>૮૦–સામાન્ય<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>૦૧–પ્રવાસન.... કચેરી<br>રૂ. ૨૪,૪૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૫<br>પા.નં. ૮૬ | ૧૦૦ | પ્રવાસન નિગમની કામગીરી સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હીરાભાઇ પટેલ |
| ૩૭ | -- " -- | ૧૦૦ | પ્રવાસન નિગમની સ્થાવર મિલકતો અને ગેસ્ટ હાઉસની જાળવણી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેન્દ્રસિંહ બારૈયા |
| *૩૮ | -- " -- | ૧૦૦ | પ્રવાસન નિગમના ગેસ્ટ હાઉસોમાં અસામાજિક તત્વોનો ત્રાસ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રમેશભાઇ ચાવડા |
| ૩૯ | -- " -- | ૧૦૦ | પ્રવાસન નિગમના ગેસ્ટ હાઉસોના ઉંચા ભાડાના દરના કારણે પ્રવાસીઓને આકર્ષવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી ચન્દ્રીકાબેન બારીયા |
| ૪૦ | -- " -- | ૧૦૦ | પ્રવાસન સ્થળોએ પ્રવાસીઓને રહેવા–જમવાની વાજબી ભાવે અદ્યતન સુવિધાઓ પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સી. કે.રાઉલજી |

* આ કાપ દરખાસ્ત સભાગૃહમાં રજૂ થઇ નથી.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા(કપડવંજ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની માગણી નંબર–૧૪ અંગે ચર્ચામાં ભાગ લેવા માટે ઉભો થયો છું. લગભગ ૬૦૦ કરોડ રૂપિયાની માગણીઓ સાથે માનનીય મંત્રીશ્રી એટલે કે ગુજરાત સરકાર આપણી વચ્ચે આ ગૃહમાં આવી છે. એક મહિના પહેલાં ઇન્ટરીમ બજેટ ગુજરાત સરકારનું હતું, નીતિનભાઇના માધ્યમથી, એમાં ફેરફાર કરીને, ફેરફાર કરેલ અંદાજપત્ર ૨૦૧૪–૧૫ માટેનું આવેલ છે એમાં જે માગણી નંબર–૧૪ માં પેટા સદર મુન્દ્રા ખાતેના ટર્મિનલ માટે જી.એસ.પી.સી.એ એલ.એન.જી. લીમીટેડને શેરમૂડી એટલે કે એમની ભાગીદારીમાં, એની આગળ વિશેષ નોંધમાં રાજ્ય સરકારે મુન્દ્રા ખાતે ટર્મિનલ પ્રોજેક્ટ માટે જી.એસ.પી.સી.એ એલ.એન.જી. લીમીટેડને ઇક્વીટી શેરમૂડી તરીકે લગભગ ૧૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવાની દરખાસ્ત કરી છે. આ વરસથી ૨૦૧૪–૧૫ દરમ્યાન, તદ્ અનુસાર ૨૦૧૪–૧૫ના ફેરફાર કરેલા અંદાજપત્રમાં આટલા રૂપિયાની જોગવાઇ કરી છે. આપના માધ્યમથી હું જાણવા માગું છું કે એક મહિનામાં એવું શું થયું કે જેથી કરીને સરકારે આ ૧૦૦ કરોડ રૂપિયાની અલગ રીતે વ્યવસ્થા કરી? જી.એસ.પી.સી. જેવું બહુ અતિ મહત્વનું પબ્લિક અન્ડરટેઇકીંગ

કરોડો રૂપિયાનો નફો, દુનિયાભરમાં એનો વેપાર અને એવી ભાગીદારી? જી.એસ.પી.સી. ધારે તો ૧૦૦ નહિ ૧૦૦૦ કરોડ રૂપિયા રોકી શકે. સરકારને પહેલો પ્રશ્ન મારો એવો છે કે, સરકારે ૧૦૦ કરોડ રૂપિયાની મૂડી રોકવાની શા માટે જરૂર પડી? અને એ જ મંત્રી એમણે થોડા વખત પહેલાં લગભગ સપ્ટેમ્બર, ૨૦૧૧માં એમનું નિવેદન છે જી.એસ.પી.સી. ને GSPC to decide J.V with Adani for LNG Terminal માનનીય મંત્રીશ્રીએ જે નિવેદન કર્યું છે on 6th September 2011. The State Government does not approve or reject the proposal leaves decision on GSPC. State Government has left the decision regarding the project and partnerniship to GSPC and now GSPC has to take decision about the business plan. શેના માટે સરકારે આમાં એન્ટ્રી મારવી પડી? જો તમે જ બે વર્ષ પહેલાં જ એવુ કહેતા હો કે જીએસપીસી તેનો નિર્ણય લઇ શકે કે કોના સાથે ભાગીદારી કરવી, કોના સાથે ભાગીદારી ના કરવી. તો શેના માટે સરકાર પોતાનુ બોલેલું પાછું ફરીથી રીથીંકીંગ કરીને આ પ્રમાણે કરવુ પડે.

માનનીય અધ્યક્ષશ્રી, આમાં બહુ મોટા •(xxxxxx) આવે છે. જી.એસ.પી.સી.એમનો અહેવાલ ૩૪મો પાના નંબરઃ૬૭ તેના અહેવાલમાં જે વિદેશી ચલણમાં ખર્ચ કર્યા છે, જે ખર્ચમાં ડોલરમાં જે હેડ એમણે આમાં આપેલા છે તે હેડમાં સેમિનાર કોન્ફરન્સ ખર્ચ ૨૦૧૧-૧૨માં ૦.૦૩, ૨૦૧૨-૧૩માં ૦૦, પરામર્શ અને ટેકનિકલ ફી ૨૦૧૨-૧૩માં ૨.૫૬, ૨૦૧૨-૧૩માં ૮.૭૬, લવાજમ એકસવાયઝેડ ૦૭૧, ૦૩૫. આમાં આઇટમ નંબર-૫ પરચૂરણ ખર્ચ આપણે ગુજરાતીઓ વેપારમાં કોઇપણ જગ્યાએ પરચૂરણ હોય તો બે-પાંચ રૂપિયાની પરચૂરણ હોય, લાખ બે લાખની પરચૂરણ હોય. પણ પરચૂરણ ખર્ચ ૨૦૧૧-૧૨માં ૨૧૪ .૯૭ કરોડ અને ૧૨-૧૩માં ૮૦ કરોડ એટલે લગભગ ૩૦૦ કરોડ રૂપિયાનું તમે પરચૂરણ ખર્ચ કરેલુ છે. આમાં મને (xxxxxx) આવે છે. બધા વાઉચર જોઇએ કે આ ૩૦૦ કરોડ રૂપિયા તમે શેમાં ખર્ચ્યા ? આ કોઇની વ્યકિતગત પેઢી નથી કે મન ફાવે તેટલા વાપરવાના અને આ ઇલેકશનનું વર્ષ હતું. મને વહેમ છે કે (xxxxxx) ત્યારે આપણને લાગે કે આ પૈસા આવે છે કયાંથી ? તો આવા અનેક (xxxxxx) આ પ્રમાણે કર્યુ છે.

પોઇન્ટ ઓફ ઓર્ડર

આક્ષેપો કરવા અંગે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિપક્ષના નેતાશ્રી તેમને યોગ્ય લાગે તે રજૂઆત હાઉસમાં કરી શકે. પણ (xxxxxx) વિશે સીધુ સાંકળી લઇ અને તેમણે જે (xxxxxx) ઉપર આક્ષેપ કર્યો છે તે શબ્દો રદ કરવા વિનંતી છે.

અધ્યક્ષશ્રી : (xxxxxx) નું નામ દૂર કરવામાં આવે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, મને અને દરેકને આવો પ્રશ્ન થાય કે, બેસૂમાર ખર્ચ પછી તે થ્રીડી હોય કે બીજુ હોય કે ત્રીજુ હોય એટલે આ માટે હું સંયુકત માનનીય ધારાસભ્યશ્રીઓની કમિટીની માગણી કરું છું કે જે આવા પરચૂરણ શબ્દવાળા મુદ્દા એનો અભ્યાસ કરે અને એ કમિટીની માગણી હું આપની સમક્ષ મૂકું છું. એટલુ જ નહીં સંયુકત સાહસો દ્વારા કરવામાં આવેલા શેર એ પણ ૫૩૩ કરોડ અને ૩૨૬ કરોડ આ કયા સંયુકત સાહસો ? જી.એસ.પી.સી.ને એવી કેટલી પેઢી છે જેમાં લગભગ ૨૦ ઉપર તેની પેટા કંપનીઓ છે. જેમાં પીપાવાવ, સાબરમતી ગેસ આવે અને દુનિયાભરના હેડ છે તેની વિગતમાં નથી જતો. સાહેબ, તેમનો ખર્ચો પણ જી.એસ.પી.સી.માં પડે. એનો ખર્ચો, એમના કર્મચારીઓનો એનો નફો-નુકસાન, એમને મજા કરવાની, એમને પ્રદેશમાં હરવા-ફરવાનું હોય એ બધો ખર્ચો, સંયુકત સાહસોનો ખર્ચો

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

પણ ગુજરાતની પબ્લિક ભોગવે. જે પબ્લિક અન્ડરટેકીંગ કરોડો રૂપિયાનો નફો કરે છે તે ૫૩૩ અને ૩૨૬ લગભગ ૯૦૦ કરોડ જેટલો શેર જે એમાં એમણે ખર્ચમાં બતાવ્યુ છે એ વિવાદનો મુદ્દો છે અને તેનો પણ અભ્યાસ અને આ માનનીય ધારાસભ્યશ્રીઓની સંયુકત કમિટી બને તેના નીચે આ આવવો જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, એટલુ જ નહીં આ મુદ્દા છે આખા જી.એસ.પી.સી.ના તેમાં પરચૂરણ શબ્દ છે ૨૦૧૧-૧૨ અને ૨૦૧૨-૧૩માં લગભગ ૩૦૦ કરોડનો ઉલ્લેખ છે તે તેમનું જ પ્રકાશન ૯-અને ૧૦, એકત્રીસમો વાર્ષિક અહેવાલ એમાં પાના નંબરઃ૫૦માં તેમણે કહ્યું છે કે, વિદેશી ચલણમાં ખર્ચ, પરચૂરણ ખર્ચ ૨૦૦૮-૦૯માં ૦૦. તે વખતે સાહેબ એક પૈસો પણ ખર્ચ નહોતું અને ૨૦૦૯-૧૦માં ૨ કરોડ અને ૦૧. જો થોડાં સમય પહેલાં આ ૨ કરોડ પરચૂરણ ખર્ચ હોય તો થોડાં સમય પછી ૩૦૦ કરોડ પરચૂરણ ખર્ચ કેમ થાય ? આ બહુ મોટો પ્રશ્ન પબ્લિકના મનમાં, મારા મનમાં, આપના મનમાં દરેકને આ થાય એ બહુ સ્વભાવિક છે. અને એટલા માટે આપને ખાસ આગ્રહ છે કે આવા પરચૂરણ શબ્દ માટે સરકાર ઉપર તાકીદ થાય કે આવા શબ્દપ્રયોગો ના કરે, તેના વાઉચરો મૂકે અને જે તે વખતે કમિટી તેનું જુએ. એટલુ જ નહીં કેટલાક મુદ્દા આમાં જી.એસ.પી.સી.ની બાબતમાં. થોડાક વખત પહેલાં કેજી બેઝીન માટે મેં એ વખતના માનનીય મુખ્ય મંત્રીશ્રીનું મિલીયન નહીં, બિલીયન નહીં, ટ્રીલીયન કયુબિક મીટર ગેસ નીકળ્યો, હવે ગેસ એક્ષ્પોર્ટ કરીશું, ગેસ ઇમ્પોર્ટ નહીં કરવો પડે, અને દુનિયાભરનો જે (xxxxxx) શબ્દ હું નથી માનતો કે અનપાર્લામેન્ટરી હોય, એક જાતની સ્ટેટની વાહવાહ માટે ખોટી રીતે અને જેમાં ખોટા માણસને જીઓગ્લોબલ રિસોર્સીસને ભાગીદાર બનાવીને, દસ ટકામાં, જેની પાસે કોઇ ટેકનીકલ જાણકારી નહીં, જેની પાસે એક પૈસાની મૂડી રોકવાનો ફદિયો નહીં, કયા માણસે સરકારને ઇન્ટ્રોડ્યુસ કર્યો આ માણસને? જેને તમે દસ ટકા મૂડી રોકીને એક કરોડને બોતેર હજાર કરોડ રૂપિયા એના ભાગમાં જે આવવાના, એણે એવું કહ્યું કે આ દસ ટકાની મારી મૂડી તમે રોકો અને નફો મળશે, નફામાંથી તમારે આ પૈસા મારા કાપવાના. માનનીય અધ્યક્ષશ્રી, વગર મૂડીનો ધંધો આવું ક્યાંય હોય તો અમને પણ કહેજો, કોઇક વખતે, જરા વિચારીએ.

માનનીય અધ્યક્ષશ્રી, એનાથી આગળ આ કંપનીએ ૫૦-૫૦ ટકામાં મૉરેશિયસ એનું હેડકવાર્ટર બદલ્યું. આમાં પણ વાયા મૉરેશિયસ તરફ •(xxxxxx) જે લોકોએ એક પણ ઠેકાણે જેને ક્યાંય કોઇ અનુભવ નહીં, ટેકનીકલ અનુભવ નહીં, નવા પૈસાની મૂડી નહીં, એના ઉપર સરકારને આટલો બધો પ્રેમ ઉભરાઇ જાય, જેના પરિણામે ૩૪મા અહેવાલમાં એમણે આઇટેમ નંબર - ૫ (ક) નીચે જે કહ્યું છે કે, જીઓગ્લોબલ રિસોર્સીસ વચ્ચેના વિવાદ અંગેની નાણાકીય નિવેદનોની નોંધ ક્રમાંક- ૩૨ (એચ) ના સંદર્ભમાં જણાવવાનું કે, બંને પક્ષો આ વિવાદનો ઉકેલ લાવવાની પ્રક્રિયામાંથી પસાર થઇ રહ્યાં છે. આ જીજીઆર પાસેથી બાકી નીકળતી ૧૩૫૦ કરોડ રૂપિયા માંડવાળ કરવાના? કયાં ગયા ૧૩૫૦ કરોડ રૂપિયા? શેના આપણે તેને આપવાના અથવા એણે આપણને કેમ નહીં આપ્યા? ૧૩૫૦ કરોડ રૂપિયા એ કોઇ નાની રકમ તો છે નહીં, એટલે હું માનું છું ત્યાં સુધી બહુ મોટું કૌભાંડ, જેને કરપ્શન કહેવાય એ જીઓગ્લોબલ સાથે, કેજીબેસીન સાથે, અને જેમાં અંદરના એના પ્રોબ્લેમ હોય એના આધારે માનનીય અધ્યક્ષશ્રી, લગભગ રિલાયન્સની એન્ટ્રી, રિલાયન્સે દબાણ કર્યું છે આપણા ત્યાં કેજીબેઝીનમાં અનધિકૃત રીતે જે શબ્દો આ ભારતના કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ રિપોર્ટમાં પણ ચારમાં જે કામગીરીનું પરફોરમન્સનો રિપોર્ટ એમાં દુનિયાભરના આજ દિન સુધી જો ગેસ નીકળવાની શકયતા છે. વર્ષોથી શકયતા, તો ગેસ કેટલો નીકળશે, કયારે નીકળશે, રિલાયન્સનું એન્ક્રોચમેન્ટ કેમ છે, કેમ નહીં, શેના માટે આટલા બધા રૂપિયાનું આંધણ કરવાનું ? એ મને સમજણ નથી પડતી, અને એટલું જ નહીં, જે રીતે અત્યારે હાલ ગુજરાતની સરકાર આ રીતે આંખ આડા કાન કરીને ભાગીદાર થવા જઇ રહી છે આમાં જીએસપીસીમાં, તો હું માનું છું ત્યાં સુધી આ રિપોર્ટનો અભ્યાસ અને જે અભ્યાસમાં એકેએક પાના ઉપર સાહેબ, આ નંબર ચારના એકેએક પાના ઉપર આ ઓડિટવાળાએ કહ્યું છે કે તમે સાવધાન રહો, ૨૦૧૧માં કહ્યું કે, નાણાકીય અશિસ્ત છે. નાણાકીય અનિયમિતતા છે એટલે પેજ- ૮૨ ઉપર આમાં જીઓગ્લોબલ માટે ૧૩૫૦ કરોડ રૂપિયાનું જે આમાં બતાવ્યું

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

છે એનો અભ્યાસ કરવો જોઇએ. એકેએક પાનાનો અભ્યાસ કરશો તો તમને ખબર પડશે કે, આ કઇ રીતે આટલા બધા ખર્ચાનો આ ગુજરાતની પ્રજા ઉપર આ જીઓગ્લોબલના માધ્યમને મારવામાં આવે છે અને જીઓગ્લોબલની પરમીશનની પણ જે તે વખતે કેન્દ્ર સરકારમાં એનડીએની સરકાર હતી ફેબ્રુઆરી, ૨૦૦૩માં ત્યારે એને મંજૂરી મળેલી. એટલે આખું આપણને એવું લાગે કે આ લગભગ જે કંપનીઓ છે એ બધી જ કંપનીઓના પેટામાં એનો ખર્ચો આમાં પડે છે. એના જે પેઝ– ૯૪, ૧૦૯ અમેરિકન મીલીયન ડોલરના અંદાજિત સંશોધન ખર્ચ સામે ખરેખર ૧૪૦૪ મીલીયન અમેરિકન ડોલર હતું જે અંદાજિત ખર્ચ કરતાં ૧૨ ગણુ વધારે હતું. એકેએકમાં ઓડિટ, આપણને એમ થાય કે આ કેવી રીતે આ રિલાયન્સની મેં વાત કરી એમાં છળપૂર્વક ઉભી કરેલી પ્રશ્નની ચર્ચા જયારે છેડવામાં આવી ત્યારે બ્લોકની કંપની પાસે ફકત સંશોધનના ભાડા પટ્ટા હેઠળ હતો.

આવા અનેક મુદ્દા, માનનીય અધ્યક્ષશ્રી, આ કંપનીના બોર્ડ ઓફ ડાયરેકટર્સને પણ કોઇ બતાવતું નથી કે, કંપની કયાં જઇ રહી છે, એમને કોઇ ભાગીદાર બનાવતા નથી. કે.જી.બેઝીન એવા અનેક મુદ્દાછે અને છેલ્લે જે ચિંતા કરવા જેવું છે કે આવી કંપનીઓ જે ગોલ્ડ કંપની કહેવાય એમાં કોઇપણ રીતે જેના જવાબ આપ્યા છે એ પૂરેપૂરા આપના તંત્રએ આપ્યા નથી અને એની સ્પેશ્યલ ઇન્કવાયરી થાય તો હું માનું છું કે ગુજરાતની પબ્લિકને કાંઇક જાણવા મળે અને ઉચ્ચ મેનેજમેન્ટ એટલે કે મેનેજીંગ ડાયરેકટર નિયામક મંડળ અને ભાગીદારો એ વચ્ચે થયેલ વિવાદ, જુદા જુદા ઘટકોની તપાસ , ઉત્પાદન અને નુકસાન સંબંધી બાબતો માટે શોધી કાઢવામાં આવેલ અનિયમિતતા બાબત આ વિશે સમયાંતરે જાણ કરવામાં કોઇ તંત્ર વ્યવસ્થા અમલમાં નહોતી. આ પબ્લિક અન્ડર ટેકીંગને કાંઇ પડી જ નથી. આ પબ્લિકના પૈસા છે, કોઇ માલિક નથી, અધિકારીઓ પણ માલિક નથી, મંત્રીશ્રી કે મુખ્યમંત્રીશ્રી પણ માલિક નથી, પબ્લિક જ એની માલિક છે જેનો કોઇ જવાબ આપવા તૈયાર નથી અને છેલ્લે પાના ૧,૨ અને ૩ માં કંપનીએ નીચેની બાબતો ધ્યાનમાં રાખવી. બ્લોક માટે માગણી પહેલાં નાણાકીય અને તકનીકી બન્ને રીતે એની યોગ્ય આકારણી જે જીઓગ્લોબલમાં નથી કરી. તપાસ અને વિકાસ સંબંધી પ્રવૃત્તિઓના સંચાલનમાં કાર્યક્રમ સુધારણા માટે અધિનિયમો, નિયમો, વિનિયમો, હાઇડ્રો કાર્બન, મહાનિયામકશ્રીની કચેરી, ભારત સરકારની સૂચનાઓ , ઉત્પાદન હિસ્સેદારી કરાર, સંયુકત સંચાલનની કરારની જોગવાઇઓ, એનું પાલન સુનિશ્ચિત કરવામાં પણ તંત્ર વ્યવસ્થાનું આયોજન બરાબર નથી. આ માટેની ગુજરાત સરકારની જે નાણાકીય શિસ્ત છે એનો એક નાનકડો દાખલો મારા ધ્યાનમાં આવ્યો એ ગુજરાતની પબ્લિક હિસાબ કિતાબમાં બહુ ચોકકસ છે અને ચોકકસ હોય તો આ પરચૂરણના હેડે ૩૦૦ કરોડ રૂપિયા બતાવ્યા છે એના માટેની એક સંયુકત ધારાસભ્યોની તપાસ કમિટીની રચના કરવાની માગણી કરું છું. મારા આટલા શબ્દો સાથે હું વિરમું છું.

શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય અધ્યક્ષશ્રી, બે દિવસ પહેલાં હું માગણી ક્રમાંક ૬૫ ઉપર બોલતો હતો ત્યારે માનનીય સભ્યશ્રી શક્તિસિંહજીએ મને સ્ટેચ્યુ ઓફ યુનિટી ઉપર બોલતાં રોકયો હતો અને પૂછયું હતું કે આ બાબત આ માગણી ક્રમાંકમાં આવે છે કે કેમ?તો એ વખતે મારી પાસે બજેટનું પુસ્તક નહોતું , પરંતુ મેં તપાસ કરી તો અંદાજપત્ર પ્રકાશન ૧૮ ના ભાગ–૧ ના પાના નંબર ૧૪૭ ઉપર આ સ્ટેચ્યુ ઓફ યુનિટી માટે ૧૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરેલ છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એ માગણી ઉપર જ મર્યાદિત રાખો ને.

શ્રી રજનીકાન્ત મો. પટેલ : આજે હવે જયારે હું માગણી ક્રમાંક ૪૯ ઉપર મારા વિચારો રજૂ કરવા અને માગણીને સમર્થન કરવા માટે ઉભો થયો છું ત્યારે (અંતરાય)

અધ્યક્ષશ્રીઃ જે દિવસની જે વિભાગની માગણી હોય એ આખા વિભાગ ઉપર બોલી શકે, માગણી પૂરતું રાખો તો બહુ જ મર્યાદિત થઇ જાય. (અંતરાય) એનો અર્થ એ થયો કે માગણી પછી જેણે કાપ દરખાસ્ત રજૂ કરી હોય એ જ ના બોલી શકે. આ હાઉસની વર્ષોથી જે પદ્ધતિ છે એ આખા વિષય ઉપર બોલી શકાય છે. (અંતરાય) એ જોઇ લેજો.

શ્રી રજનીકાન્ત મો. પટેલઃ માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ ઉદ્યોગ વિભાગની જે માગણી રજૂ કરી છે એને સમર્થન આપવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એ ભારતનું ગ્રોથ એન્જિન કહેવાય છે અને ભારત સમગ્ર વિશ્વનું ગ્રોથ એન્જિન બનવા તરફ જઇ રહ્યું છે ત્યારે મને કહેતાં આનંદ થાય છે કે બ્રાઝીલ ખાતે જે બ્રીકસ સમિટ થઇ રહી છે એમાં ભારતને પ્રેસિડેન્ડ તરીકે નિમણૂક કરવામાં આવેલ છે. આ દેશની અંદર જે ઘરગથ્થું ઉત્પાદનનો વૃદ્ધિ દર છે એ ફકત ૪.૫ ટકા છે અને ૨૦૧૩-૧૪ માં ૪.૭ ટકા થશે એવો અંદાજ મૂકવામાં આવ્યો છે. એની સામે માનનીય સભ્યશ્રીઓને જણાવવા માગું છું કે ગુજરાતમાં ૨૦૦૫ થી ૨૦૧૩ ના વર્ષમાં ૧૨.૭ ટકા આ વૃદ્ધિ દર રહ્યો છે. આ દેશમાં માથાદીઠ આવક છે એ ૨૦૧૨-૧૩ માં ૬૭૮૩૯ રૂપિયા હતી અને એની સામે ગુજરાતમાં માથાદીઠ આવક ૯૬૯૭૬ રૂપિયા છે. રાજયમાં જે એકંદર ઘરગથ્થું ઉત્પાદન થાય છે તેમાં પ્રાથમિક ક્ષેત્રે જોઇએ તો ૧૨.૮ ટકા, વિત્તિય ક્ષેત્રે ૩૭.૫ ટકા અને ત્રિતીય ક્ષેત્રે ૪૯ ટકા છે. ગુજરાત સરકાર સમતુલીત વિકાસમાં માને છે, ફકત કૃષિ વિકાસ નહીં, ફકત ઔદ્યોગિક વિકાસ નહીં, ફકત સર્વિસ સેકટરનો વિકાસ નહીં પણ તમામ સેકટરોમાં વિકાસ થાય તેના માટે રાજય સરકાર પ્રયત્નો કરી રહી છે.

ભારત સરકારે રાષ્ટ્રીય ઉત્પાદન નીતિ-૨૦૦૧ બનાવેલી છે અને એમાં નક્કી કર્યું છે કે હાલમાં દેશમાં જે ૧૮ ટકા ઉત્પાદન ક્ષેત્રનો ફાળો જી.ડી. પી.માં છે તે વધારીને ૨૫ ટકા સુધી કરવો. ગુજરાતમાં જી.ડી.પી.માં છેલ્લા ૨ વર્ષથી ઉદ્યોગોનું યોગદાન ૨૭.૬ ટકા છે. આપણે જયારે ૨૦૨૫ માં દેશમાં ૨૫ ટકાની વાત કરીએ છીએ. ત્યારે ગુજરાત સરકારના અથાગ પ્રયત્નોના કારણે અને સહયોગના કારણે ૨૭.૬ ટકા યોગદાન રહેલું છે. આપણે ૨૦૧૭માં ૩૨ ટકાનો લક્ષ્યાંક રાખેલો છે. ગુજરાત સરકારે અને ખાસ કરીને તત્કાલિન મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના વિઝનરી આઉટલૂકના કારણે નવી ઉદ્યોગ નીતિ અમલમાં આવી, ગુજરાત ટેકસટાઇલ નીતિ અને મેન્યુફેકચરીંગ પોલિસી છે તે અમલમાં આવેલી છે. આ નીતિઓનો ઉદેશ વધુ રોજગારી ઉત્પન્ન થાય, મૂલ્યલક્ષી સાંકળનો વિકાસ થાય, સંબંધિત ક્ષેત્રમાં જ્ઞાનનો પાયો મજબૂત થાય અને વિકસે તેમજ જે ઔદ્યોગિક વિકાસ છે તે ટકી રહે તેના માટેનો છે. ગુજરાત આખા દેશમાં અગ્રેસર છે. પાંચ ટકા વસતિ, ૬ ટકા ક્ષેત્રફળ હોવા છતાં કારખાનાઓની સંખ્યા ૧૦ ટકા, કુલ ઉત્પાદન ૧૨ ટકા, મૂડી રોકાણ ૧૭ ટકા, ઘણાં મિત્રો કહે છે કે મૂડી રોકાણ અટકી ગયું છે. પણ આખા દેશના મૂડી રોકાણના ૧૭ ટકા મૂડી રોકાણ ગુજરાતમાં થયું છે. કુલ નિકાસમાં ગુજરાતનું યોગદાન ૨૨ ટકા છે. ઓગષ્ટ ૧૯૯૧ થી માર્ચ ૨૦૧૪ સુધીમાં....

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઇન્ફરમેશન છે, માનનીય સભ્યશ્રી વિદ્વાન છે, આઇ.એ.એસ. તરીકે નોકરી કરેલી છે, ત્યારે અપેક્ષા રાખું છું કે તેઓ જે આંકડાઓ બોલે છે તેનો સંદર્ભ કહે, જેથી વી કેન વેરીફાઇ, જે સંદર્ભમાં કહેતા હોય તે, હું બોલું છું ત્યારે કોનું પુસ્તક, કયા પાના ઉપર, કયો આધાર એ કહું છું. અને આવી પરંપરા રહી છે. ત્યારે માનનીય સભ્યશ્રી જે આંકડાઓ આપે છે તેનો એટલીસ્ટ સોર્સ કહે કે આ જગ્યાએથી હું આંકડાઓ આપું છું.

શ્રી રજનીકાન્ત મો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક આર્થિક સમીક્ષા ૨૦૧૩-૧૪ દરેક સભ્યશ્રીઓને આપવામાં આવી છે તેમાં ઉદ્યોગ અંગેનું જે ચેપ્ટર છે તે જોવા મારી વિનંતી છે. માનનીય અધ્યક્ષશ્રી, ઓગષ્ટ-૧૯૯૧ થી માર્ચ ૨૦૧૪ સુધીમાં ૧૨.૪૭ લાખ કરોડના સંભવિત રોકાણોની સામે ૧૧૩૩૭ જેટલા આવેદનપત્રો આપવામાં આવેલા છે. માનનીય અધ્યક્ષશ્રી, જે કોઇ આવેદન પત્રો આપવામાં આવેલા છે તેમાંથી ગુજરાતની અંદર ૫૭.૬૦ ટકા ઓપરેશનલાઇઝ થયા છે, કાર્યાન્વીત થયેલા છે. મૂડી રોકાણમાં સમગ્ર દેશમાં ગુજરાત પ્રથમ છે. અને ગુજરાતમાં ૨૭૭૫૪ જેટલા નોંધાયેલ કારખાનાઓ ૧૪.૬૮ લાખ લોકોને રોજગારી ઉપલબ્ધ કરાવી રહ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, હું દરેક વિરોધપક્ષના સભ્યોને સાંભળું છું, તે લોકો કહે છે કે વિકાસ નથી થયો, વિકાસ તો થયો છે પણ આપને દેખાતો નથી. ફેકટ્રીડી સંખ્યાની અંદર ૪.૪૧ ટકા ચાલુ ઉત્પાદન મૂલ્યની અંદર ૨૩.૭૫ ટકા, સ્થાયી મૂડીમાં ૧૪.૯૯ ટકા, અને રોજગારીની અંદર ૮૮૪૪૯ નવી રોજગારી ઉભી થયેલી છે. સમગ્ર દેશની અંદર ફાર્માસ્યુટીકલ ઇન્ડસ્ટ્રીમાં સમગ્ર દેશની અંદર ગુજરાતનો હિસ્સો ૩૫ ટકા, કેમિકલની અંદર ૫૧ ટકા, પેટ્રોકેમિકલમાં ૬૨ ટકા, ડાયમન્ડ પોલિસીમાં ૮૦ ટકા અને મીઠા ઉદ્યોગની અંદર ૮૦ ટકા છે. આ જે વિકાસ થયો છે તેના માટે ગુજરાત સરકારે સક્રીય પ્રયત્નો કર્યા છે. માનનીય તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાનશ્રીએ

૨૦૧૩માં પ્રથમ વાયબ્રન્ટ ગુજરાતની શરૂઆત કરી. દર બે વર્ષે એના માટે વાયબ્રન્ટ સમિટ યોજવામાં આવે છે. સન ૨૦૧૫માં સાતમી વાયબ્રન્ટ સમિટ થનાર છે આ સમિટમાં ૧૦૭ જેટલા પરિસંવાદો અને સેમિનારોનું આયોજન કરવામાં આવેલ છે. જયારે એક લાખ ચોરસ મીટરની અંદર પ્રદર્શન અને સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. મેં આજે જ પેપરમાં વાચ્યું કે કેનેડા, જાપાન,ઓસ્ટ્રેલીયા, નેધરલેન્ડ, સીંગાપુર, યુ.કે. વગેરે દેશોએ પાર્ટનર કન્ટ્રી તરીકે આવવા સંમતિ આપી છે અને લગભગ તેઓના વડાપ્રધાનો પોતે પણ આવશે.

મહાત્મા ગાંધીજી પરદેશથી ભારત પાછા આવ્યા એને જાન્યુઆરી, ૨૦૧૫માં સો વર્ષ પૂરા થાય છે એ નિમિત્તે ભારત સરકારે પ્રવાસી ભારતીય દિનનું આયોજન મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે કર્યું છે.

આ જે વિકાસ થયો છે એના માટે આયોજનબદ્ધ કાર્યવાહી કરવામાં આવેલી છે. સુક્ષ્મ હોય, લઘુ હોય કે મધ્યમ હોય કે મોટા ઉદ્યોગો હોય એને સબસિડી, કોમન ફેસેલિટી સેન્ટર, ઔદ્યોગિક પાર્ક માટેના માળખા માટેની સહાય, સેન્ટર ઓફ એકસલન્સ માટે સહાય, કોમન e n v i r o n m e n t માટે સહાય આ તમામ ઉપલબ્ધ કરવામાં આવેલ છે. ૨૬૯ જેટલા જી.આઇ.ડી.સી. ના એસ્ટેટો બનાવેલા છે. મને કહેતા આનંદ થાય છે કે ૨૮ જી.આઇ.ડી.સી. એસ્ટેટ આદિવાસી વિસ્તારમાં છે અને બે જેટલા વિકાસશીલ તાલુકામાં છે. સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રીજીયનનો કાયદો આપણે પસાર કરેલો છે. સમગ્ર દેશની અંદર એક માત્ર રાજય છે કે જેણે એસ.આર. નો એકટ બનાવેલ છે. ૧૨ જેટલા એસ.આર. નું આયોજન છે.

એ જ રીતે એસઇઝેડ માટે દહેજ, મુંદ્રા પીપવાવ, કંડલા વગેરે જગ્યાએ દેશના સૌથી મોટા એસઇઝેડ આપણે ત્યાં ઉપલબ્ધ છે. અમેરિકા સીંગાપુર, કેનેડા,જાપાન, અને ચીનની અંદર ઇન્ટરનેશન દિનની સ્થાપના કરવામાં આવનાર છે. ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ કોરીડોર કંપનીને ૨૬૬ કરોડ રૂપિયાની ગ્રાન્ટ આપવા માટેની જોગવાઇ કરવામાં આવી છે. વડોદરા ખાતે કન્વેન્શન સેન્ટર કરવામાં આવનાર છે એના માટે ૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. વ્યાજ સહાયની યોજના હોય, કોર ઇન્ડસ્ટ્રી માટેની સહાય હોય, કોમન ફેસેલિટીની વાત હોય, કોમન એફલુએન્ટ ટ્રીટમેન્ટની વાત હોય, સેન્ટર ઓફ એકસલેન્શની વાત હોય આ તમામ માટે રાજય સરકારે પૂરતી જોગવાઇ કરી છે એના માટે હું મારું સમર્થન આપું છું.

શ્રી અજયકુમાર જ. ચોક્સી(સુરત (ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઉર્જા મંત્રીશ્રી માગણી નંબર ૧૨, કર વસુલાત ખર્ચ માટે ૧૯ કરોડ ૨૦ લાખ ૭૨ હજાર લઇને આવ્યા છે એના સમર્થનમાં હું મારી વાત રજૂ કરવા માટે ઉભો થયો છું.

કર વસુલાત ખર્ચ માટે સામાન્ય રીતે મુખ્ય વિદ્યુત નિરીક્ષકની કચેરી, અને વિદ્યુત શૂલ્ક સમાહર્તાની કચેરી દ્વારા આની કામગીરી કરવામાં આવે છે. આ કામગીરી લોકાભિમુખ રીતે ઝડપથી અને કાર્યક્ષમ રીતે થાય એ માટે ચાલુ વર્ષના બજેટમાં રીનોવેશન અને એના સંપૂર્ણ કોમ્પ્યુટરઇઝેશન માટે ૨.૪ કરોડ અને ૩.૧૫ કરોડની જોગવાઇ કરવામાં આવેલી છે. આ કચેરી દ્વારા જુદા જુદા પ્રકારની તપાસની કામગીરી પણ કરવામાં આવે છે. જેમ કે વીજ અકસ્માતની સંબંધિત કોઇપણ ફરિયાદો આવે એનો ઝડપથી નિકાલ થાય અને ભવિષ્યમાં વીજ અકસ્માત વારંવાર ન થાય એ માટેની ખૂબ કાર્યક્ષમ રીતે કામગીરી આ વિભાગ દ્વારા કરવામાં આવે છે.

તેવી જ રીતે જનતા દ્વારા જુદા જુદા પ્રકારની ફરિયાદો પછી એ વીજના દબાણ માટેની હોય, ભવિષ્યમાં વીજના અકસ્માત થવાની શકયતા હોય એવી તમામ પ્રકારની જનતાની ફરિયાદોની તપાસ આ મુખ્ય વિદ્યુત નિરીક્ષકની કચેરી દ્વારા કરવામાં આવે છે. તેવી જ રીતે જુદા જુદા પ્રકારના વીજ નિયંત્રણ સબંધિત જે કંઇ હુકમો કરવામાં આવે છે એની અમલવારી આ ગ્રાહકોના સ્થાપનોની તપાસ સ્કવોર્ડ દ્વારા કરવામાં આવે છે. તેવી રીતે નવા સિનેમાની શરૂઆતની તપાસ અથવા તો પિરિયોડીકલ એની તપાસ આ વિભાગ દ્વારા કરવામાં આવે છે. ગુણવત્તા નિયંત્રણની દ્રષ્ટિએ પણ એના માપદંડો બરાબર જળવાઇ રહે પછી એ રેડીએટર હોય, વાયર હોય, સ્વીચો હોય જેવી અનેક બાબતો જે છે સલામતી માટે જરૂરી છે. તેના કવોલિટી કંટ્રોલ માટે જરૂરી છે. તેવી તમામ કામગીરી આ કચેરી દ્વારા કરવામાં આવે છે. જુદી જુદી કામગીરીને

લગતી તપાસણી અંગેની ફીની વસૂલાત પણ આ વિભાગ દ્વારા કરવામાં આવે છે. ઉર્જા ઓડિટ કરવામાં આવે છે તેમજ એપેલેટ ઓથોરિટી સમક્ષ જે કોઇ અપીલો આવે છે તેનો ઝડપથી અને સમયસર નિકાલ થાય તેની પણ કામગીરી આ વિભાગ દ્વારા કરવામાં આવે છે. આમ તો આ વિભાગમાં જે જુદી જુદી તપાસણી કરવામાં આવે છે તેની વસૂલાત પણ ખૂબ સારી રીતે કરવામાં આવે છે. જેમ કે ગયા વર્ષે ૧૦.૬૩ કરોડ રૂપિયાની વસૂલાત આ વિભાગ દ્વારા કરવામાં આવેલી. વીજકરની વસૂલાતની દ્દષ્ટિએ જોઇએ તો ૨૦૧૧–૧૨માં ૩,૬૨૯ કરોડ, ૨૦૧૨–૧૩ના વર્ષમાં ૪,૩૮૧ કરોડ, ૨૦૧૩–૧૪માં ૪,૬૬૪ કરોડ જેવી માતબર રકમની આ વિભાગ દ્વારા વસૂલાત કરવામાં આવી છે. આ રીતે આ વિભાગ દ્વારા તપાસની સાથે સાથે જુદા જુદા ઔદ્યોગિક એકમોને રાહતો આપવામાં આવે છે. એ રાહતોની કામગીરી પણ આ વિભાગમાં કરવામાં આવે છે. જુદા જુદા ઔદ્યોગિક એકમો જેવા કે ઇલેકટ્રો મેટોલોજીકલ, ઇલેકટ્રોલીટીકલ, ઇલેકટ્રો કેમિકલ્સના હેતુ માટે વપરાતી વીજ વપરાશના એકમો, ધોબીના ધંધા માટે વપરાતી ઇસ્ત્રી, પોલ્ટ્રી ફાર્મ, કોલ્ડ સ્ટોરેજ, બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એકટ હેઠળ રચાયેલી જુદી જુદી સંસ્થાઓ, વિકલાંગના કલ્યાણ માટે કામ કરતી સંસ્થાઓ એવી અનેક વિવિધ સંસ્થાઓ દ્વારા વીજ રાહતની જે જોગવાઇ કરવામાં આવેલી છે એ સીધા સાદા પેપર પર પણ જો અરજી કરવામાં આવે તો આ વિભાગ દ્વારા તેઓને વીજ રાહત મળે એ અંગેની કાર્યવાહી કરવામાં આવે છે અને વીજ રાહત અંગેનું પ્રમાણપત્ર પણ ઇસ્યુ કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, તેવી જ રીતે વિદ્યુત શુલ્કની કરની જે માફી માટેની જુદી જુદી જોગવાઇઓ છે તેની પણ કામગીરી આ વિભાગ દ્વારા કરવામાં આવે છે. દા.ત. ..

અધ્યક્ષશ્રી : પ્લીઝ, વાતો કરતા હોય તે બંધ કરો. ત્યાં બોલે છે તે સાંભળો.

શ્રી અજયકુમાર જ. ચોક્સી : નવા ઔદ્યોગિક એકમોની શરૂઆત થાય તો આવા ઔદ્યોગિક એકમોને..

અધ્યક્ષશ્રી : પ્લીઝ, ફરીથી કહું છું, અસરપરસ વાતો કરતા હોય તે બંધ કરો. તમે ચલાવો.

શ્રી અજયકુમાર જ. ચોક્સી : વિદ્યુત શુલ્કમાં માફી મેળવતા હોય એવા જે એલીજીબલ છે, જેવા કે નવા ઔદ્યોગિક એકમો શરૂ કરવામાં આવે તો તેને પહેલાં પાંચ વર્ષ સુધી માફી મળતી હોય છે. તેવી જ રીતે નફા વગર જે દવાખાના ચલાવતા હોય, હોસ્પિટલો ચલાવતા હોય તો તે લોકોને પણ વિદ્યુત શુલ્કમાં માફી આપવામાં આવે છે. રાજય સરકાર તેમજ કેન્દ્ર સરકાર દ્વારા જુદી જુદી યોજનાઓ જે જાહેર કરવામાં આવે છે એ યોજનાઓમાં પણ વિદ્યુત શુલ્ક માફી આપવામાં આવે છે. તે રીતે નગરોમાં કોમન એફલુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ જે ઓપરેટ કરવામાં આવે છે તેમાં પણ પહેલાં પાંચ વર્ષ માટે આ માફી આપવામાં આવે છે. સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ, સ્મશાનગૃહો, સ્પેશિયલ ઇકોનોમિક ઝોન આવા લોકોને પણ વિદ્યુત શુલ્કમાં માફી આપવામાં આવે છે. જે આ વિભાગ દ્વારા કામગીરી કરવામાં આવે છે. ૧૦૦ ટકા નિકાસલક્ષી એકમો હોય તેઓને પણ માફી મળે છે. હોટલ યુનિટ્સ અને આઇ.ટી. એકમોને પણ પાંચ વર્ષ માટે માફી આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિભાગ દ્વારા અગાઉ જુદા જુદા પ્રકારની કામગીરી જુદી જુદી કચેરીઓ દ્વારા કરવામાં આવતી હતી. છેલ્લા કેટલાય વખતથી આ તમામ કામગીરી એક છત્ર હેઠળ થાય એના માટેના ખૂબ અગત્યના નિર્ણયો લેવામાં આવ્યા છે. એ માટે આ કચેરી હસ્તક હવે ચાર પ્રાદેશિક કચેરીઓ, નવ વિભાગીય કચેરીઓ અને ૧૯ પેટા વિભાગીય કચેરીઓ ઉભી કરવામાં આવેલી છે કે જેને કારણે લોકોનો સમય બચે. લોકોની ફરિયાદો હોય, લોકોના જે કામ હોય તેનો ઝડપથી ઉકેલ આવે. આમ, માનનીય મંત્રીશ્રી અહીં જે માગણીઓ લઇને આવ્યા છે તેને હું સમર્થન આપું છું.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીજે માગણીઓ લઇને આવ્યા છે અને હમણા અમારા એક વિદ્વાન મિત્ર કહેતા હતા કે આ દેશનું ગુજરાત એ ગ્રોથ એન્જીન છે. એ શબ્દ ઉપરથી મને એમ લાગ્યું કે મારે ખરેખર ગુજરાતની વાસ્તવિક પરિસ્થિતિ આ ગૃહને બતાવવી જોઇએ. આ ઉર્જામાં દેશમાં ગુજરાત કયાં? તો નાના પાવર પ્રોજેકટમાં આપણો ૧૯મો નંબર છે. નાના હાઇડ્રો પ્રોજેકટ છે એમાં આપણો ૧૯મો નંબર છે. બાયો પાવરમાં સાતમા ક્રમે છે. વેસ્ટ પાવરમાં આઠમા ક્રમે

છીએ. ખાસ કરીને ગુજરાતની વીજસ્થાપનમાં વધારો થવો જોઇએ એની ટકાવારીમાં છેલ્લા ૨૦૧૩ની વાત કરું તો આપણા તો સાડા ઓગણીસ થયા પ્રાયવેટથી માંડીને બધે, રાજસ્થાન, મધ્યપ્રદેશ ત્યાં આગળ ૨૪ ટકા, ૨૬ ટકા છે, આ વાસ્તવિક પરિસ્થિતિ ગુજરાતની છે. આપણે એમ કહેતા હોઇએ કે અમે સમગ્ર લોકોને અહીં લાવીએ છીએ, પવનચકકીથી માંડીને બીજે જયાં ઉત્પાદન થતું હોય ત્યાં આગળ આપણે તેર ટકામાં છીએ. આંધ્રમાં ૨૫ ટકા છે. અરૂણાચલ પ્રદેશમાં ૩૧ ટકા છે. બિહાર જેવામાં ૪૨ ટકા છે. ઝારખંડ જેવામાં ૧૫૦ ટકા છે. અહીંયા આગળ જે પ્રમાણેનું નિર્માણ થવું જોઇએ એવું આ રાજયની અંદર પરિસ્થિતિનું નિર્માણ નથી થયું. એનું સૌથી મોટું કારણ હોય તો ગુજરાતની અંદર વાસ્તવિકતા એ છે કે આપણો પાવર સમગ્ર ભારતની અંદર ઘટે, ગુજરાત એક એવું રાજય છે કે કદાચ એનો પાવર ઘટતો હોય, આવું રાજય ગુજરાત એ પહેલું રાજય છે.

જી.ઇ.બી.ની અંદર ૨૦૦૮ની અંદર જે નિર્માણ હતું અને ૨૦૧૪માં જી.ઇ.બી, આપણું પોતાનું જે પાવર સ્ટેશન છે એની અંદર ૨૦૦૮માં ૨૯૨૪૧ હતું. એ આજે ૨૦૧૪માં ઘટીને ૧૫૮૫૦ થયું, એટલે ગુજરાત એક એવું રાજય છે જેમાં ૪૬ ટકા ઘટાડો થયો છે. આપણને એમ થાય કે એમાં ઘટાડો થાય, રાજયના પોતાના પાવર પ્લાન્ટો છે, ખરેખર પોતાના પાવર પ્લાન્ટો ચલાવવા જોઇએ, હું પ્રાઇવેટના આંકડા આપીશ, પણ જે પોતાના પાવરપ્લાન્ટોમાં એમ કહેવાય ૨૦૦૮ની અંદર જે ઉત્પાદન થતું હતું એ ૧૦૩૦૮ હતું, અને આજે ૨૦૧૪માં માત્ર ૫૩૨૧ એટલે ૪૮ ટકા આની અંદર પણ આ ગુજરાતના ગ્રોથ એન્જીનમાં કેટલો ઘટાડો આપણે દેખી રહ્યા છે એમાં વાસ્તવિકતા આ છે. આપણા જે ખાનગી પાવર પ્લાન્ટો થયા આપણને નવાઇ લાગે કે ગુજરાત એક રાજય જો આપણે પોતાના ના ચલાવી શકીએ અને બીજા લોકોને કેટલીય સગવડો આપતા હોઇએ છીએ, તો ખાનગીની અંદર જે પાવર ૨૦૦૮નો હતો એ વખત ૧૧,૧૧૭ હતો અને ૨૦૧૪માં કેટલા ટકા વધારો થયો? ૪૭,૭૮૨. એટલે ૩૨૧ ટકા આ ખાનગી માલિકોના પાવરમાં વધારો થયો છે, આપણને નવાઇ લાગે કે આપણો એક બાજુ ઘટતો જાય અને બીજી બાજુ આપણે ૨૧ રૂપિયે ૨૦૧૩ની અંદર ગુજરાત સરકારે ૨૧ રૂપિયેથી માંડીને જુદા જુદા ભાવથી વીજળી ખરીદી છે. આપણને નવાઇ લાગે કે આપણો પોતાનો ઘટતો જાય અને પ્રાયવેટ વધતો જાય અને ૨૧ રૂપિયાથી વીજળી ખરીદીએ, આ બતાવે છે કે ગુજરાત સરકાર ખેડૂતોને વીજળી આપવાની વાત થાય, બીજા કોઇને આપવાની વાત થાય તો ત્યાં આગળ પૈસા બતાવવામાં આવે અને અહીં આગળ કરોડોના કેટલા આકડા છે એ હું આપની સમક્ષ આપવાનો છું. ખાનગી ઉદ્યોગો પાસેથી આ ગુજરાત સરકારે ૩૨૨ ટકા જે વીજળીનું પ્રમાણ છે એ પ્રમાણે આજે લીધું છે. આપણને એમ થાય કે ગુજરાત સરકારે કદાચ વધાર્યા હોત, તો આપણે લેવાનો વારો ના આવત, આપણા પાવર પ્લાન્ટ ૧૧ છે. કોઇપણ પાવર પ્લાન્ટ ૭૦-૭૫ ટકા ચાલવો જરૂરી છે. આજે ગુજરાતના પાવર પ્લાન્ટ છે, ઉકાઇ થર્મલ પાવર સ્ટેશન છે, ૫૫ ટકા નથી ચાલતું, વણાકબોરી પાવર સ્ટેશન છે ૩૭ ટકા નથી ચાલતો. કોઇ ૪૪ નથી ચાલતો. સીક્કામાં પાવર સ્ટેશન છે ૬૪ ટકા નથી ચાલતો. હું ગેસ આધાર માટેની વાત એટલા માટે નહીં કરું કે એ સો ટકા બંધ છે.ઉકાઇ હાઇડ્રો પાવર સ્ટેશન પણ ૭૫ ટકા આજે ચાલતું નથી.

આપણા પ્રાઈવેટ કંપનીઓના પાવર પ્લાન્ટ કેટલા ચાલે છે એ જોઇએ તો અદાણી પાવર પ્લાન્ટ ૮૬ ટકા ચાલે, એસ્સાર પાવર પ્લાન્ટ ૪૦ ટકા ચાલે, ટોરન્ટ પાવર પ્લાન્ટ ૮૦ ટકા ચાલે અને લાઇનલોસ જે આવવો જોઇએ એ ૫ ટકા, ૧૦ ટકા એ પ્રમાણે છે અને આપણી ટકાવારી ઉંચી છે. એના કારણે આ પરિસ્થિતિ ઉભી થઇ છે. મારે ઉર્જા મંત્રીશ્રીને વિનંતી કરવી છે કે એક બાજુ આપણે ઉંચા ભાવે વીજળી ખરીદીએ છીએ. મને સમજાતું નથી કે ૨૦૧૧માં જે સોલાર પાવરની વીજળી છે એના પી.પી.એ. પણ થયા ન હતા અને આપણે ૧૫ રૂપિયે અને ૧૬ રૂપિયે વીજળી ખરીદી. એક હજાર મેગાવોટ જેટલી વીજળી આટલા ઉંચા ભાવે ખરીદીએ, આ કયા લોકો છે? જ્યાં વીજળી ૪-૫ રૂપિયે મળતી હોય અને આપણે ૧૫ રૂપિયે ખરીદતા હોઇએ એ હજુ સુધી મારા મગજમાં સમજાતું નથી. આમાં સૌથી મોટું શું ચાલી રહ્યું છે એનો ખ્યાલ આવતો નથી. એક કંપની એવી છે, ચાઇના લાઇટ નામની કંપની છે એનો ૨૦૧૧ થી ૨૦૧૪ સુધીમાં સૌથી ઉંચામાં ઉંચો વીજળીનો દર હતો અને એ દરે ખરીદાઇ છે અને મોટા પાયે વીજળી ખરીદવામાં આવે છે.

મારે ખાસ કરીને કહેવું છે કે આટલું બધું થાય અને સરકાર જ્યારે ખેડૂતોની સબસિડીની મોટી મોટી વાતો કરે, સમગ્ર ભારતમાં એમ કહેવામાં આવે કે અમારે ત્યાં કોઇ દિવસ વીજળીના ભાવો વધતા નથી. પેપર ઉપર બતાવે છે કે સરકારે ૬ થી ૧૨ વખત વીજળીના ભાવો વધાર્યા છે અને સબસિડી ઘટાડવાની આવે તો ૬૦૦ કરોડ રૂપિયા આજે ખેડૂતોના ઘટાડ્યા છે. વીજળી આપવાની વાત કરીએ તો એનો લક્ષ્યાંક હોય, પાતાળકૂવા હોય કે અમારા ખેતમજૂરનો કૂવો હોય એનો એક લાખનો લક્ષ્યાંક નક્કી કરે અને મોટી મોટી જાહેરાતો થાય. બજેટમાં મોટી મોટી જાહેરાતો થાય પણ વાસ્તવિક આપવાની વાત થાય તો ૫૦ ટકા પણ આપે નહીં એવું બને છે. આ સરકાર ગરીબોની વાતો કરે છે, ઝૂંપડાઓમાં વીજળીકરણની વાતો કરે છે પણ ૨૦૧૧–૧૨માં જે ૮૦ હજાર કનેકશનો આપવાની વાત હતી એમાં સૌરભભાઇ જે બજેટ લાવ્યા એમાં ૪૯ હજાર કરી દીધા. ગરીબ નાનો માણસ છે. ૬૦ કરોડનો ખર્ચ હોય એના ૩૦ કરોડ રૂપિયા ઘટાડીને ૩૦ હજાર લોકોને ફેર પડે અને બીજી બાજુ કરોડો રૂપિયા વીજળીમાં વધારે આપી દઇએ એ વાસ્તવિકતા છે.

ખાસ કરીને મારે કહેવું છે કે વીજળી બાબતમાં ગુજરાતને ગ્રોથ એન્જિન બનાવવું હોય તો આપણે આપણા પાવર પ્લાન્ટો છે એને અદ્યતન બનાવવા જોઇએ. અત્યારે ઓછી કાર્યક્ષમતાથી ચાલે છે એમાં સુધારો લાવીને પૂરી કાર્યક્ષમતાથી ચાલુ કરવા જોઇએ. આવું કરીશું તો ઉંચા ભાવે વીજળી ખરીદવી નહીં પડે. ઘણી વખત આપણે વેચવા નીકળીએ છીએ. ઘણી વખત માનનીય મંત્રીશ્રી ઉત્સાહમાં આવી જાય અને કહે કે અમે પાકિસ્તાનને વેચવાના છીએ, એવી મોટી જાહેરાતો કરવામાં આવે પણ રિયાલિટી આ છે. હમણાં જ મારા વિદ્વાન મિત્ર ઉદ્યોગો વિશે વાત કરતા હતા. ભારતમાં કુલ ઔદ્યોગિક ઘરગથ્થું ઉત્પાદન ૨૨ લાખ કરોડ રૂપિયાનું છે. આમાં મહારાષ્ટ્રનો ફાળો ૧૭ ટકા અને આપણા ગુજરાતનો ફાળો ૮ ટકા છે. આના ઉપરથી નક્કી થાય છે કે ગુજરાતાં ઉદ્યોગોના ઉત્પાદનની સ્થિતિ શું છે. સૌરભભાઇ, ફરીથી હું તમને કહું કે ભારતનું કુલ ઉદ્યોગોનું ઘરગથ્થ ઉત્પાદન છે એનો આંકડો છે એમાં ૨૨ ટકા, (અંતરાય)

શ્રી ગણપતસિંહ વે. વસાવા (સંસદીય બાબતોના મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય સભ્યશ્રી જે આંકડાઓ આપી રહ્યા છે, અત્યારે માનનીય સભ્યશ્રી આર.એમ.પટેલ બોલતા હતા એનો રેફરન્સ આપી બોલી રહ્યા છે. એ જે આંકડા બોલે છે એનો રેફરન્સ આપે. (અંતરાય) હું પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર બોલું છું.

અધ્યક્ષશ્રી : એમણે મુદ્દો ઉઠાવીને કહ્યું છે. વચ્ચે બોલવાની જરૂર નથી.

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) માનનીય શક્તિસિંહને કહો અમારા બધા સભ્યોને ડિસ્ટર્બ કરે છે. સાહેબ,

અધ્યક્ષશ્રી : એક મિનિટ બેસો તમે, ભાઇ શરૂઆતમાં જે રીતે બોલતાં હોયને આ આંકડા છે. સામાન્ય રીતે પોતાની પાસે કાંઇ ના હોય. ડાઉટ આવે ત્યારે કહો. નહિતર તો હાઉસમાં આ જ છે. એ તો જેણે આ સરકારના પ્રકાશનો છે (અંતરાય) એ બોલ્યાં પ્રકાશનો.

શ્રી ગણપતભાઇ વે. વસાવા : ફરીથી બોલે છે.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, બેસો ચલો. (અંતરાય) એણેય પોઇન્ટ ઓફ ઓર્ડર જ ઉઠાવ્યોને? હા, પણ બધાને અધિકાર છે, તમે ઉઠાવજો પોઇન્ટ ઓફ ઓર્ડર.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, ફરીથી હું બોલું છું. અહીંયા જેટલા આંકડા બોલું છું ને એ મેં સ્ટાર્ટ કરતા પહેલા કીધું હતું કે, કેન્દ્ર સરકારના વીજ આંકડા (અંતરાય) સાંભળો, સાહેબ, એક મિનિટ, કેન્દ્ર સરકારની વીજ આંકડાકીય માહિતીના અહેવાલ ઉપરથી બોલું છું.

શ્રી ગણપતભાઇ વે. વસાવા : કયા વર્ષના?

અધ્યક્ષશ્રી : ભાઇ, તમારે વચ્ચે કોઇ પ્રશ્ન પૂછવાની જરૂર નથી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : ૨૦૦૮ થી (અંતરાય)

અધ્યક્ષશ્રી : નહિ, નહિ, અરે ભાઇ, એ બોલે છે કે હું આ આંકડામાંથી બોલું છું. તમને કાંઇ હોય તો પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવજો કે આ બૂકમાં નથી. કઇ બૂકમાંથી બોલો છો? સામે નંબર કેટલામાંથી બોલો છો? એ પેટાપ્રશ્ન કોઇએ કરવાની જરૂર નથી. શાંતિથી બોલવા દ્યો. નહિતર તમે બધા આપો છો ને તે દિવસે

એક એક પાનાના બોલવા પડશે. બોલવા દ્યો. હાઉસને નુકસાનકારક, (અંતરાય) સાંભળી લ્યો. હાઉસને નુકસાનકારક હોય. (અંતરાય) એક મિનિટ, કોઇ આર્ગ્યુમેન્ટ નહિ, બધા સાંભળી લ્યો. હાઉસને નુકસાનકારક હોય, બિનસંસદીય શબ્દ હોય એટલે. બાકી એ બોલે કે હું આમાંથી બોલું છું તો આપણે માની લેવાનું, એ બોલે છે એમાંથી તમે ચેલેંજ કરો કે આમાં આ આંકડા નથી. બાકી સભ્ય કહે કે હું આ પ્રકાશન નંબર ૨૬ માંથી બોલું છું તો આપણે માની લેવાનું કે ૨૬માંથી જ બોલે છે. (અંતરાય) એ જ હું કહું છું, નહિતર હાઉસ જ ના ચાલે. (અંતરાય) એક મિનિટ, ભાઇ શાંતિ રાખો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે, હું હંમેશા કોપી આપીને બોલતો હોઉં છું, મારી આજે મંત્રીશ્રીને ચેલેંજ છે કે, હું જે આંકડા બોલું છું એ આંકડા વિષે બોલે અને મને જવાબ આપે. જવાબ બીજા આપવા છે. હું આજે માનનીય મંત્રીશ્રીને કહું છું કે, હું જે આંકડા બોલું છું કદાચ મને લાગશે કે ખેલદીલી બતાવીને મારા આંકડા વિષે બોલે તો મને ગૌરવ થાય.

અધ્યક્ષશ્રી : બસ. હવે તમારા ઉપરથી સબ્જેક્ટ ઉપર આવી જાવ.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : હા, સબ્જેક્ટ ઉપર આવી જાઉં. હું ઉદ્યોગમાં પણ promise of industry website ઉપરથી બોલું છું. એટલે કાલે ઉઠીને પરિસ્થિતિનું નિર્માણ છે. આ બધા માનનીય મંત્રીશ્રીઓ કરે છે એ પ્રમાણેના હું ફિગર આપતો હતો તો વાસ્તવિકતામાં ભારતમાં આપણું સ્ટેન્ડ માત્ર મહારાષ્ટ્ર કરતા ય ૫૦% થી ઉદ્યોગમાં એ વાસ્તવિક સ્થિતિ છે. મારે કહેવું છે કે, આપણે મોટા મોટા ઉદ્યોગપતિઓને ૩૩–૩૩ હજાર કરોડ રૂપિયાની અનેક પ્રકારના આપણે મોટા મોટા સાધનો આપીએ છીએ પણ ૨૦૦૨ની ગુજરાતની વાસ્તવિક પરિસ્થિતિ શું છે? તેમની વેબસાઇટ છે એમાં જે આંકડા બતાવ્યાં છે તે આંકડામાં આજે પણ ૧૧૪૫૮ નાના નાના ઉદ્યોગો આજે બંધ થઇ ગયા છે. આ ગુજરાતની વાસ્તવિકતા છે. ચાર કે પાંચ ઉદ્યોગપતિઓને કરોડો રૂપિયા આપી શકાય પણ જે નાના નાના ઉદ્યોગો એ ચાહે અમદાવાદ હોય, બરોડા હોય કે સુરત હોય અનેક ક્ષેત્રે આજે પણ આ સ્થિતિમાં બંધ થઇ ગયા છે. એટલે ૨૦૧૧માં જેનો આંકડો છે ૩૧% નાના નાના ઉદ્યોગો આજે બંધ થઇ ગયા છે. કદાચ ચિંતા કરવી હોય તો આ ગુજરાતની ૬ કરોડની જનતાની તો બાહ્ય પાંચ લોકો ગુજરાતનું ભલું નહિ કરી શકે. નાના નાના ઉદ્યોગો બંધ થઇ ગયા જેથી નાના લોકોની સ્થિતિ છે એની ચિંતા કરવી જોઇએ એવી મારી ખાસ વિનંતી છે.

અધ્યક્ષશ્રી : એક મિનિટ છે આપની પાસે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મારી બે મિનિટ તો પેલામાં ગઇને .

અધ્યક્ષશ્રી : ના, ના, એ કાંઇ ના ચાલે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : સાહેબ, પછી બધા જ આવું કરશે. સાહેબ, મારી વિનંતી એ છે કે પોઇન્ટ ઓફ ઓર્ડર જો મારામાં ગણાતો હોય તો પોઇન્ટ ઓફ ઓર્ડરમાં એમની મિનિટો પણ ગણજો.

અધ્યક્ષશ્રી : આમાં કોઇ આર્ગ્યુમેન્ટ નથી. શકિતસિંહે ઊભા થઇને કીધું ત્યારે એમની મિનિટ કપાઇ ગઇ હતી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, બેરોજગારીની વાત કરતા હતા. મારે પૂછવું મંત્રીશ્રીને કે આજે કમ સે કમ ગુજરાતની અંદર ત્રણ વર્ષમાં ૧૫૦૦ લોકોએ આત્મહત્યા કરી છે. આ ગુજરાતની વાસ્તવિક પરિસ્થિતિ એવી છે કે ગુજરાતમાં રોજગારી પ્રાપ્ત નથી થતી એના કારણે આજે દિનપ્રતિદિન લોકો આત્મહત્યા કરી રહયા છે એવી સ્થિતિ છે અને ખાસ કરીને પ્રવાસન નિગમની માગણી છે ત્યારે મારે એટલું જ કહેવું છે કે મારા સિદ્ધપુર મત વિસ્તારની અંદર બિંદુ સરોવર બનાવ્યું. સિદ્ધપુરમાં સિદ્ધેશ્વર મંદિરમાં બનાવ્યું. કરોડો રૂપિયા ખર્ચ્યા પણ આજે વાસ્તવિકતા એવી છે કે ત્યાં આગળ તાળા છે. જેટલી પ્રોપર્ટીમાં બનાવ્યું છે એ બંધ છે. મારે ખાસ કરીને કહેવું છે કે વહેલામાં વહેલી તકે ચાલુ કરે અને બહુચરાજી જે સરકારનું કરોડો રૂપિયાનું ત્યાં ચાલે છે ત્યાં આગળ આજે પણ ત્યાં એવી જે સ્થિતિ છે ત્યાં ઘણુંબધું કરવાનું છે. જલદી કરે.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાતની તમામ પ્રકારની ઉર્જા આખો દેશ જયારે અનુભૂતિ કરતો હોય ત્યારે એવા ઉર્જાવાન રાજયના ઉર્જાવાન મુખ્યમંત્રી અને જેઓ વિભાગ સંભાળે છે એવા ઉર્જાવાન મંત્રીશ્રી માગણીઓ લઇને આવ્યા છે એને સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય સભ્યશ્રી કહેતા હતા કે મોડલ સ્ટેટ ઓફ ઇન્ડીયા, આ મોડલ સ્ટેટ ઓફ ઇન્ડીયા નહીં પણ સાથેસાથે બેસ્ટ ગવર્ન્ડ સ્ટેટ ઓફ ઇન્ડીયા અને ગ્રોથ એન્જીન ઓફ ઇન્ડીયા પણ સાથેસાથે આનાથી આ ગુજરાત રાજયને નવાજયા છે. વિકાસ યાત્રાની અંદર ઉર્જાનો મહત્વનો ફાળો રહયો છે. છેલ્લા બાર વર્ષની અંદર રાજય સરકારની દીર્ઘદ્રષ્ટિ, આગોતરા આયોજન અને અગત્યના લીધેલાં પગલાંના કારણે આજે વીજ ઉત્પાદનમાં રાજય સરકાર સ્વનિર્ભર છે. દેશની અંદર એમ કહી શકાય કે ગુજરાત એક એવું રાજય છે જે વીજ કાપથી મુકત છે અને સાથેસાથે આ રાજયને એનર્જી હબ તરીકે પણ ઓળખવામાં આવેલું છે. ગુજરાત રાજય આજે એક સરપ્લસ સ્ટેટ છે વીજળીની દ્રષ્ટિએ અને લગભગ હું માનું છું ત્યાં સુધી એક કરોડ પાંત્રીસ લાખથી પણ વધારે ગ્રાહકોને વીજ પુરવઠો આપણે પૂરો પાડીએ છીએ.

૨૦૦૨ પહેલાંની સ્થિતિની જો વાત કરું તો સમગ્ર ગુજરાતમાં વીજ સેવા જે પૂરી પાડતું હતું એ ગુજરાત વિદ્યુત બોર્ડ હતું. ગુજરાત રાજય વીજળીની તંગી અનુભવતું રાજય હતું. ગામડાંઓમાં, શહેરોમાં, વીજ કાપ લાદવો પડતો હતો. ઉદ્યોગની અંદર પરિસ્થિતિ એવી હતી કે અઠવાડિયે એક દિવસ ફરજીયાત વીજ કાપ હતો અને કદાચ વીજ કટોકટી આવે તો એનું કાંઇક જ નકકી નહીં કે કયારે વીજ મળે અને કયારે ન મળે. ૧૯૬૦ થી ૨૦૦૨ સુધી આ ૪૨ વર્ષમાં આ રાજયની અંદર વીજ ઉત્પાદનની ક્ષમતા ૮૭૫૬ મેગાવોટ હતી. ૨૦૦૨ પછી તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના આ દેશના વડાપ્રધાને જયારે રાજયની ધૂરા સંભાળી ત્યારથી લઇને ગુજરાત વિદ્યુત બોર્ડને સાત કંપનીમાં વિભાજન કરી. આ વિભાજન કરવાનું મુળ કારણ વહીવટનું વિકેન્દ્રીકરણ, વહીવટનું સરળીકરણ, વહીવટની અંદર પારદર્શકતા લાવીને ગ્રાહકોને વધુ સારી સેવા કેવી રીતે મળે કન્ટીન્યુઅસ રીલાયેબલ અને કવોલીટી પાવર કેવી રીતે મળે આ ઉદ્દેશ હતો અને ખોટ કરતું જે ગુજરાત વિદ્યુત બોર્ડ હતું એનું નફો કરતી કંપનીઓમાં પરિવર્તન થયું છે. ગુજરાત રાજય વીજ ઉત્પાદન ક્ષેત્રે એક સ્વનિર્ભર રાજય છે એટલું જ નહીં પણ વીજ કાપ કે લોડ શેડીંગ આ રાજયમાં અત્યારે જરા પણ નથી. હાલમાં આદ્યોગિક એકમની અંદર પણ આપ જોશો તો વીજ કાપ અત્યારે નથી અને વીજ કાપથી મુકત આ એક માત્ર રાજય છે. આ નોંધવા જેવી બાબત છે કે ગુજરાતનો માથાદીઠ વપરાશ એ દેશના સરેરાશ વપરાશ કરતા બમણો છે. ૧૫૧૯ કિલો વોટ અવરની દ્રષ્ટિએ દેશનો ૮૭૯ કિલો વોટ અવર અત્યારે છે.એમ કહી શકાય કે માથાદીઠ વપરાશ રાજયનો બમણો છે. ૨૪.૭ અન ઇન્ટરપ્ટેડ ક્વોલિટી રિયેલેબલ પાવર આપણે રાજયને આપીએ છીએ. સૌથી નોંધવાની બાબત માનનીય સભ્યશ્રી કહેતા હતા ૧૮ રાજયની ટીમો આ મોડેલ સમજવા માટે આ રાજયની મુલાકાત લીધેલ છે અને ડીટેઇલ સ્ટડી કરી છે.

જ્યોતિગ્રામ યોજના. મારે કહેવું જોઇએ કે જ્યોતિગ્રામ યોજનાને એક દેશની ફ્લેગશીપ સ્કીમ તરીકે પ્રમાણિત કરવામાં આવી છે. ૨૦૦૪ થી અત્યાર સુધી એક પણ રૂપિયાનો ખેડૂતોના વીજ બિલમાં ભાવ વધારો કરવામાં આવ્યો નથી. ખેડૂતોની વાતો કરતા હતા ત્યારે મારે ખાસ કહેવું છે કે છેલ્લાં ૫ વર્ષની અંદર કોલસાના ભાવની અંદર ૬૨ ટકા જેટલો વધારો થયો. ઇમ્પોર્ટેડ કોલસામાં ૧૫૩ ટકા જેટલો વધારો થયો. નજીકથી કોલસો આપવાની જગ્યાએ દૂરથી આ રાજયને કોલસો આપવામાં આવ્યો છે. રેલ ભાડામાં ૩૫ થી ૪૦ ટકાનો વધારો કરવામાં આવેલ છે અને આ તમામ ખર્ચ થવાના કારણે વીજ ઉત્પાદન ખર્ચમાં ૨૭૦૦ કરોડનો બોજો પડતો હતો. આમ જોવા જઇએ તો બોજ એ ગ્રાહકોના ઉપર લેવામાં આવે, તેમ નહિ કરીને આ રાજ્ય સરકારે ખેડૂતો વતી આ બોજો ભોગવ્યો છે. રાજ્ય સરકારે વધારાની સબસિડી પેટે ખેડૂતોને મદદ કરી છે, ત્યારે છેલ્લાં ૩ વર્ષની અંદર ૮,૦૦૦ કરોડ રૂપિયા સબસિડી પેટે આ સરકારે ખેડૂતો વતી ભોગવી છે. વિપક્ષના માનનીય સભ્યશ્રીઓને કહેવું છે ૧૯૮૩ માં ખેડૂતો પાસે વીજ બિલમાં તમારી સરકારમાં ૫ ટકા લેખે ઇલેક્ટિસિટી ડ્યૂટી આકારાતી હતી. આજે સંપૂર્ણપણે નાબૂદ કરવામાં આવી છે. ૨૦૦૧–૦૨ સુધીમાં આ રાજયની અંદર કૃષિ જોડાણો ૭,૩૩,૦૦૦ હતા. આજે જ્યારે ૨૦૧૪ સુધીમાં ૧૨ લાખથી પણ ઉપર ગ્રાહકો

છે અને ગૌરવ થાય છે કે આ પૈકી ૩,૧૫,૦૦૦ વીજ જોડાણો છેલ્લાં ૫ વર્ષમાં આપ્યાં છે અને આજનું જે બજેટ લઇને આવ્યા છે, એની અંદર ૧ લાખ વીજ જોડાણો આ વર્ષમાં આપવાનું આયોજન છે. ૧૯૮૬-૮૭ માં જ્યારે માનનીય સભ્યશ્રીને કહેવું છે વીજળી યુનિટની પડતર કિમત ૮૭ પૈ. હતી અને ખેડૂતો પાસે ૫૮ પૈ. લેવામાં આવતા હતા. આજે આ રાજયની અંદર વીજળી યુનિટની પડતર કિમત ૪.૪૧ રૂપિયા છે. જે ખેડૂતો પાસે શું લઇએ છીએ? માત્ર ૪૯ પૈ. છેલ્લાં ૧૨ વર્ષની અંદર હોર્સ પાવર આધારિત વીજ જોડાણ ધરાવતા ખેડૂતોને વીજ બિલમાં કોઇપણ પ્રકારનો વધારો કરવામાં આવ્યો નથી. આપણે કિસાનોના હિતની વાતો કરીએ છીએ.

આ રાજય સરકારે આ વર્ષના બજેટમાં આપણા ખેડૂતોને ખુશી થાય તેવી ખુશી યોજના જાહેર કરી છે. ગરીબ ખેડૂતોને પોતાનું ટ્રાન્સ્ફોર્મર મળે, ઉદ્યોગોને જેમાં ભારે દબાણથી વીજ પુરવઠો જોઇએ તેવી લાઇનો ઉભી કરીને ખેડૂતો પોતે ટ્રાન્સ્ફોર્મર લઇ શકે તેવું આયોજન કરેલ છે. આનાથી ખેડૂતોના મોટા ભાગના તમામ પ્રશ્નો આનાથી હલ થવાના છે. સબસ્ટેશનોની વાત કરું તો ૧૯૬૦ થી ૨૦૦૨ સુધીમાં ૪૨ વર્ષ દરમ્યાન આ રાજયમાં ૭૦૯ સબસ્ટેશનો કાર્યાન્વિત હતાં અને સરેરાશ વર્ષની અંદર ૧૫ થી ૨૦ જેટલાં સબસ્ટેશનો તે વખતે બેસાડવામાં આવતાં હતાં. માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૨ થી ૨૦૧૪ સુધીના ૧૨ વર્ષના સમયગાળામાં ૭૬૧ સબ સ્ટેશનોનો વધારો કરી તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ આ રાજયની અંદર ૧૪૭૦ સબ સ્ટેશનો કાર્યાન્વિત છે. માત્ર ૧૨ વર્ષમાં બમણાથી વધારે સબ સ્ટેશનો બેસાડયા છે અને આ વર્ષના બજેટમાં ૧૦૦ થી વધારે સબ સ્ટેશનો કરવાનું આયોજન છે. સબ સ્ટેશનની સંખ્યામાં ગુજરાત દેશમાં બીજા ક્રમે છે. આદિવાસી વિસ્તારની વાત કરી લઉં તો ૧૯૬૦ થી ૨૦૦૨ સુધીના ૪૨ વર્ષમાં માત્ર ૭૬ સબ સ્ટેશનો કાર્યરત હતા. ૨૦૦૨ થી ૨૦૧૪ આ ૧૨ વર્ષમાં ૧૦૧ સબ સ્ટેશનોને સંખ્યાનો વધારો કર્યો. ૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ ૧૭૭ સબ સ્ટેશનો આ વિસ્તારમાં કાર્યાન્વિત છે. એમ કહેવાય કે ૧૨ વર્ષમાં આમાં પણ બમણાથી વધારે સબ સ્ટેશનો કાર્યરત કર્યા છે. સાગરકાંઠાની વાત કરું તો ૧૯૬૦ થી ૨૦૦૨ સુધીના ૪૨ વર્ષમાં ૧૨૧ સબ સ્ટેશનો કાર્યાન્વિત હતા અને ૨૦૦૨ થી ૨૦૧૪ સુધીમાં ૧૨૩ નવા સબ સ્ટેશનોનો વધારો કર્યો છે. આજની સ્થિતિએ આ વિસ્તારમાં ૨૪૪ સબ સ્ટેશનો કાર્યાન્વિત છે. એમ કહી શકાય કે આ ૧૨ વર્ષની અંદર ત્રણસોથી સાડા ત્રણસો ટકા સબ સ્ટેશનો વધારવામાં આવ્યા છે.

બિનપરંપરાગત વીજળીની વાત કરીએ છીએ ત્યારે ગુજરાત એ પહેલું સ્ટેટ છે. ગુજરાત ઇઝ ધી ફર્સ્ટ સ્ટેટ ઇન ધી કન્ટ્રી ટુ ડીકલાચર ઓન સોલાર પોલિસી. આપણે ૨૦૦૯માં સરકારે સૌર ઉર્જા નીતિ જાહેર કરી હતી. ૨૦૦૨ થી ૨૦૧૪ સુધીમાં આપણે સોલર એનર્જી ૮૬૧ મેગાવોટ ઉત્પન્ન કરી રહ્યા છીએ. સૌરઉર્જા ઉત્પાદનમાં ગુજરાત આજે દેશમાં પ્રથમ ક્રમાંકે છે. કડી તાલુકાના ચંદ્રાણા ખાતે કેનાલ ઉપર રૂફ ટોપ સોલાર પેનલ બેસાડી છે. દેશમાં આ પહેલી છે અને વિશ્વમાં આપણી આ એક અનોખી સિદ્ધિ છે. પવન ઉર્જાની નીતિ કોઇ હતી નહીં. ૨૦૦૭ની અંદર રાજય સરકારે વીન્ડ પોલિસી નકકી કરી અને ૨૦૦૨ થી ૨૦૧૪ સુધીમાં આપણે ૩૩૫૨ મેગાવોટ વીજળી પેદા કરીએ છીએ. આ બિનપરંપરાગત ઉર્જા એટલે કે સોલાર અને વીન્ડમાં એમ કહી શકાય કે ૪૧૨૬ મેગાવોટ આપણે પેદા કરી રહ્યા છીએ તે દેશમાં સર્વશ્રેષ્ઠ છે. તેની સામે રાક્ષસી સમસ્યા ગ્લોબલ વાર્મિંગની સામે આ રાજય કાર્બન ક્રેડીટ મેળવવામાં આખા દેશમાં અગ્રેસર છે. રીન્યુએબલ એનર્જી..

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય કેશાજીભાઇ. ૧૨ મિનિટ આપી છે.

શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિયોદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ સાહેબ જે માગણીઓ લઇને આવ્યા છે તે માગણીઓને હું મારું સમર્થન આપું છું અને પ્રવાસન અંગે મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં પ્રવાસનના વિકાસ માટે જેમણે આપણને સૌનો સાથ અને સૌનો વિકાસનો મંત્ર આપ્યો તેવા આપણા લોકલાડીલા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ગુજરાતમાં મુખ્યમંત્રી તરીકેના તેમના ૧૩ વર્ષના કાર્યકાળમાં પ્રવાસન પ્રવૃત્તિને ઉદ્યોગનો દરજ્જો આપ્યો. જેના પરિણામે

સરકારશ્રીની આ પ્રવૃત્તિથી દેશ વિદેશના પ્રવાસીઓ ગુજરાતમાં પ્રવાસ કરવા આકર્ષાયા. પ્રવાસીઓએ ગુજરાતનો વિકાસ જોયો અને મુખ્યમંત્રી તરીકે નરેન્દ્રભાઇ મોદી સાહેબની કામગીરીની નોંધ લીધી. નરેન્દ્રભાઇની કામગીરીની સુવાસ દેશ અને વિદેશમાં ચારેબાજુ ફેલાઇ. તેના ફળ સ્વરૂપે ગુજરાતના પનોતા પુત્ર શ્રી નરેન્દ્રભાઇ મોદીને દેશના વડાપ્રધાન બનતાં દુનિયાની કોઇ તાકાત રોકી ન શકી. નરેન્દ્રભાઇએ પ્રવાસન ક્ષેત્રે ખેડેલી આ વિકાસયાત્રા આગામી સમયમાં અવિરત ચાલુ રાખવા રાજયના પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના નેતૃત્વવાળી આ સરકાર પણ કટિબદ્ધ છે.

માનનીય અધ્યક્ષશ્રી, દર વર્ષે તા. ૭ થી ૯ જાન્યુઆરી દરમ્યાન ભારત સરકાર દ્વારા પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી કરવામાં આવે છે. આગામી પ્રવાસી ભારતીય દિવસની ઉજવણીનો ભવ્ય કાર્યક્રમ આધુનિક ગુજરાતની ઓળખ સમાન મહાત્મા મંદિરમાં ઉજવવાનું કેન્દ્ર સરકાર દ્વારા નક્કી કરવામાં આવ્યું છે જે ગુજરાત માટે ગૌરવ અને આનંદપ્રદ ઘટના છે. માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીની સરકારે પ્રવાસન પ્રવૃતિને ગુજરાતમાં વેગ મળે તેના માટે અથાગ પ્રયત્નો કર્યા છે. પ્રવાસન પ્રવૃતિને ઉદ્યોગોનો દરજ્જો આપવાનું કામ આ સરકારે કર્યું છે. પ્રવાસન પ્રવૃતિને વેગ મળે તે માટે રાજય સરકારે પ્રવાસન વર્ષ તરીકે ઉજવણીની શરૂઆત કરી. આ બજેટમાં પણ • (xxxxxx)જેવો ઘાટ થયો છે.

અધ્યક્ષશ્રીઃ આ કહેવત રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે.

શ્રી કેશાજી ચૌહાણઃ રાજયના પ્રવાસન મંત્રી જ નાણા મંત્રી હોઇ આ બજેટમાં એમણે ૬૫૦ કરોડની જોગવાઇ કરી છે આ જોગવાઇ માટે માનનીય મંત્રીશ્રીને હું અભિનંદન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એક એવો પ્રદેશ છે કે જ્યાં ડુંગરો છે, પર્વતો છે, દરિયો પણ છે, અંબાજીથી સાપુતારા સુધી પર્વતોની હારમાળા છે અને ૧૬૦૦ કી.મી. લાંબો દરિયા કિનારો પણ છે. એક બાજુ વિશાળ રેતીનું રણ છે અને બીજી બાજું હજારો એકરમાં ફેલાયેલું પાણીનું નળ સરોવર પણ છે. આ રીતે ગુજરાતનો ભૌગોલિક વિસ્તાર એવો છે કે, જેને કારણે સ્વભાવિક રીતે જ પ્રવાસન પ્રવૃતિને વેગ મળે છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં પ્રાન્તે પ્રાન્તે વિવિધતા છે. આપણે વાત વાતમાં ૧૦ ગાઉએ બોલી બદલે એ કહેવત કહીએ છીએ. ગુજરાતમાં કેટલીય જ્ઞાતિઓ, જાતિઓ અને વિવિધ ધર્મના લોકો રહે છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એટલે વિવિધતાનો પ્રદેશ, અહીં વિવિધ તહેવારોની વિવિધ સંસ્કૃતિ છે, દેરક સંસ્કૃતિના અલગ અલગ રિવાજ છે અને એટલે જ વિવિધતામાં એકતા એ ગુજરાતની સંસ્કૃતિ રહી છે. તમામ તહેવારોને આપણે સૌ સાથે મળીને ઉજવીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, આંતર રાષ્ટ્રીય પતંગ ઉત્સવ હોય, નવરાત્રી મહોત્સવ હોય, રણોત્સવ હોય, તરણેતરનો મેળો હોય કે પછી સાપુતારાનો માન્સુન ફેસ્ટીવલ હોય કે પછી ભાદરવી પુનમનો અંબાજીનો મેળો હોય પ્રવાસન વિભાગે આ પ્રકારની ઉજવણીને નવો ઓપ આપીને આ બધા ઉત્સવોને ખૂબ જ જાણીતા કર્યા છે. પ્રવાસન વિભાગ તમામ પ્રવાસન સ્થળોનો વિકાસ કરવા માટે કટિબદ્ઘ રહ્યું છે. આજે ગુજરાતમાં આવેલા તમામ તિર્થસ્થાનો રાજયના, દેશના અને વિદેશના પ્રવાસીઓથી છલકાય છે. રાજયનો પ્રવાસન વિભાગ અંબાજી, ચોટીલા, પાવાગઢ, પાલિતાણા વગેરે સ્થળો ઉપર પ્રવાસીઓને સુવિધા આપવામાં અજોડ રહી અને વિશ્વ ખ્યાતિ મેળવી છે. આરાસુરી અંબાજી માતા મંદિર એક પુરાણ પ્રસિદ્ઘ શક્તિપીઠ તરીકે ઓળખાય છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઉદ્યોગ અને ખાણ ખનીજ, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના મંત્રીશ્રી પોતાના વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો વ્યકત કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ્ય વિસ્તારમાં ભૂતકાળની ખાદીની પ્રવૃતિઓ દ્વારા બેરોજગાર લોકોને રોજગારી મળતી હતી. મારે કહેવું જોઇએ કે, જ્યારથી ગુજરાતમાં ભાજપની સરકાર આવી છે ત્યારથી આજ સુધી ખાદી પ્રવૃતિને જે પ્રોત્સાહન આપવું જોઇએ એ પ્રોત્સાહન આપવામાં આવતું નથી.અને તેના કારણે જ ગ્રામ્ય કક્ષાએ ખાદીની પ્રવૃત્તિ સાથે, વણાટકામ સાથે જે બેરોજગાર લોકો સંકળાયેલા હતા અને એમને

• માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવ્યા.

રોજગારી મળતી હતી એ વ્યવસાય ખાદી પ્રવૃત્તિ આજે ગ્રામ્ય વિસ્તારની અંદર મૃતપ્રાય અવસ્થામાં આવી ગયેલ છે ત્યારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રીનું અને સરકારનું ધ્યાન દોરવા માગું છું કે મહાત્મા ગાંધીનો જે મુળભૂત હાર્દ અને જે ઉદ્દેશ હતો કે ગ્રામ્ય વિસ્તારના લોકોને ઘરઆંગણે રોજગારી મળી રહે અને ખાદીનું વણાટ કરી શકે એટલા માટે ખાદી કેન્દ્રો ઉભાં કરવામાં આવ્યા હતા એટલે ખાદી પ્રવૃત્તિને વધુમાં વધુ સરકાર દ્વારા પ્રોત્સાહન આપવામાં આવે તે માટે હું આપના મારફતે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું.

ગુજરાત રાજ્યમાં ખનિજ વિપુલ પ્રમાણમાં મળે છે. ખનિજ એ રાજ્યની સંપત્તિ છે. આ ખનિજનું રાજ્યની અંદર બેફામ રીતે, બેરોકટોક રીતે ગેરકાયદેસર ખનન કરવામાં આવે છે એનું વહન કરવામાં આવે છે અને તેના કારણે રાજ્ય સરકારની આવકમાં મોટી અસર પડે છે અને એની ખોટ જાય છે. હું જે જિલ્લામાંથી આવું છું એ ગીર–સોમનાથ જિલ્લો અને જુનાગઢ જિલ્લાની અંદર ખનિજ સંપત્તિ વિપુલ પ્રમાણમાં આવી છે અને આ વિપુલ પ્રમાણમાં આવેલી ખનિજ સંપત્તિને ખાણ માફિયાઓ દ્વારા બેફામ, બેરોકટોક અને •(xxxxxx)ગેરકાયદેસર રીતે ખનન કરીને લાખ્ખો રૂપિયાની ચોરી કરવામાં આવે છે

અધ્યક્ષશ્રી : એક મિનિટ, (xxxxxx)એ શબ્દ રેકર્ડમાંથી કાઢી નાંખું છું.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, (xxxxxx)નહિ પણ સ્થાનિક કક્ષાએ વહીવટી તંત્ર સાથે સંકળાયેલા લોકો અને ખાણ માફિયાઓની સાંઠગાંઠથી આ રાજ્યની અંદર અને મારા જિલ્લાની અંદર બેફામ રીતે ખનિજ ચોરી થાય છે. કોડીનાર તાલુકામાં અંબુજા કંપની આવી છે. આ કંપનીને નવી શરતની જમીનો ખરીદી અને નવી શરતની જમીનો ખરીદ કર્યા પછી જુની શરતમાં ફેરવ્યા સિવાય, લીઝ મંજૂર કરાવ્યા સિવાય લાખ્ખો ટન ખનિજ આ જમીનોમાંથી કાઢી લેવામાં આવ્યું છે. હાઇકોર્ટ સુધી મેટર ગયેલ છે. સ્થાનિક સરપંચો, તાલુકા પંચાયતના સભ્યશ્રીઓ,જિલ્લા પંચાયતના સભ્યશ્રીઓ અને લાગતાવળગતા આગેવાનો દ્વારા ઓનપેપર રજૂઆત કરવામાં આવેલી હોવા છતાં સરકાર દ્વારા કોઇ ગંભીર પ્રકારના પગલાં લેવામાં આવતા નથી. મેં પૂર્વ ધારાસભ્ય તરીકે તેમજ અગાઉ ધારાસભ્ય તરીકે વારંવાર સરકારમાં ઉના તાલુકામાં ગેરકાયદેસર રીતે ચાલતા ખનન અંગે લેખિતમાં રજૂઆતો કરી છે, મારા વિસ્તારના સરપંચો, લાગતા વળગતા આગેવાનો દ્વારા તેમજ જે તે ગામના આગેવાનો દ્વારા પણ રજૂઆતો કરવામાં આવેલી હોવા છતાં પણ સરકાર તરફથી જે પગલાં લેવામાં આવવા જોઇએ એ પગલાં લેવામાં આવ્યા નથી. ઉના શહેર, રાતડ, એલનપુર, મોટાદેસર, વડોવિચાળા, ભિચાળ, બોડીદડ, નાથેડ, કડાપાદર, વાવરડા, વ્યાપુર, વસીમપુર, સનવાવ, ખાપર, લાંઘર આ તમામ ગામોએ જ્યાં જ્યાં ગેરકાયદેસર ખનન કરવામાં આવે છે ત્યાં લેખિતમાં કયા ગામે, કયા સરવે નંબરની જમીનમાં કઇ દિશાની અંદર ખાણખોદકામ કરવામાં આવે છે એવી ઓન પેપર રાજ્ય સરકારને રજૂઆત કરવા છતાં પગલાં લેવામાં આવતા નથી. એનો અર્થ એ થાય છે કે (xxxxxx)અને માનનીય અધ્યક્ષશ્રી, જો (xxxxxx)ના હોય તો આટલી રેકર્ડ ઉપર રજૂઆતો કર્યા પછી પણ પગલાં લેવામાં ન આવે તો મને એ વાત સમજાતી નથી.

અધ્યક્ષશ્રી : એનું વકતવ્ય જ એવું નથી કે જેમાં પોઇન્ટ ઓફ ઓર્ડર ઉભો થાય. છતાં તમારા સંતોષ ખાતર કહુ બોલો તમે.

શ્રી કાંતિલાલ શી. અમૃતિયા : (xxxxxx)શબ્દ બોલ્યા છે.

અધ્યક્ષશ્રી : નહિ નહિ ન થાય (xxxxxx) શબ્દ, (xxxxxx) અને બીજી બધી બાબત હોય તો તે કાઢી નાંખું છું.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, આટલી આટલી રજૂઆતો કરવા છતાં સર્વે નંબર આપવામાં આવે, દિશા આપવામાં આવે, ગેરકાયદેસર વીજ કનેકશન મેળવીને અથવા ડાયરેકટ પાવર લઇને આપવામાં આવે તો પણ આ પ્રકારે રજૂઆત કરવા છતાં પણ પગલાં લેવામાં ના આવે તો શું સમજવાનું ?

માનનીય અધ્યક્ષશ્રી, ઉર્જા વિભાગને લાગે વળગે છે ત્યાં સુધી અગાઉ પણ આ ગૃહમાં ચિંતા કરવામાં આવી છે. અહીંયા વીજ કાપ આપવામાં આવ્યો નથી એવી વાત આવી છે. વીજળી સરપ્લસ છે એવી

• માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવ્યા.

વાત શાસક પક્ષના સભ્ય દ્વારા કરવામાં આવી છે. જો વીજળી સરપ્લસ હોય તો ખેડૂતોને શા માટે આપવામાં આવી નથી ? ભૂતકાળમાં ખેડૂતો પ્રત્યે જો એટલી બધી ચિંતા કરતા હોય તો ભૂતપૂર્વ મુખ્યમંત્રી અમરસિંહભાઇ ચૌધરીએ ખેડૂતોની મીટર પ્રથા કાયમી માટે નાબૂદ કરી છે. આપ જો ચિંતા કરતા હો તો ખેડૂતોની મીટર પ્રથા કાયમી માટે બંધ કરો એવી હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બિન ખેતી કરાવ્યા સિવાય વાડી વિસ્તારમાં રહેનારા ખેડૂતોને કનેકશન આપવામાં આવતું નથી. હું મંત્રીશ્રીને ગંભીરતાપૂર્વક વિનંતી કરું છું કે, વાડી વિસ્તારમાં જે લોકો રહે છે એક મકાન બનાવ્યું હોય કે બે મકાન બનાવ્યા હોય તો એને બિનખેતી કરાવવું બહુ મુશ્કેલ હોય છે. અને એ બિન ખેતી ના થઇ શકે એટલે બિન ખેતીનો જે પરિપત્ર છે તે રદ કરીને જે ખેડૂતો વાડી વિસ્તારમાં રહે છે એવા તમામ ખેડૂતો વીજ કનેકશન માગે તો ઘર લાઇટ માટે તેને વીજ કનેકશન આપવું જોઇએ.

શ્રી પુનમભાઇ કા. મકવાણા(દસાડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ ઉર્જા અને પેટ્રોકેમિકલ્સના વિભાગનું જે અન્ય ખર્ચ લઇને ચૌદ નંબરની માગણી લઇને આવ્યા છે તેના મારા પૂર્ણ સમર્થન સાથે મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઉર્જા ક્ષેત્રે ચાલુ વર્ષે ૫૦૬૭ કરોડનું આયોજન છે. ભાજપની સકારમાં છેલ્લા ૧૨ વર્ષથી ખેડૂતો માટે હરિયાળી ક્રાંતિનું સર્જન થયુ છે. અમારા સાથી ધારાસભ્ય દુષ્યંતભાઇએ ખૂબ વિશેષ વાત કરી છે. ખેડૂતોના વીજ જોડાણની વાત, બીજી અન્ય બાબતો ઘણી કહી છે. પણ ખેડૂતોને જે પૂરતા દબાણે વીજળી નહોતી મળતી તેની ઘણી ફરિયાદો હતી. અને રાજયની સરકારે ફિડરોનું વિભાજન કરી નવા ફિડરો બનાવી મહદ્અંશે આ પ્રશ્ન હલ કરવાનો પ્રયાસ કર્યો છે. આ સરકારે ગરીબોની ખૂબ ચિંતા કરી છે. હમણાં માનનીય સભ્યશ્રી બલવંતસિંહભાઇ કહેતા હતા ગરીબો માટેની વાત મારે કહેવું છે કે ગરીબોની જો ચિંતા કરી હોત તો આવા માઠા દિવસો કોંગ્રેસના ના આવ્યા હોત. ગરીબોના ઘરમાં અજવાળા પાથરવાનું કામ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઝૂંપડામાં રહેતા ગરીબ લોકો માટે ઝૂંપડપટ્ટી યોજના હેઠળ ૪૨ વર્ષની અંદર ખાલી ૮૫ હજાર વીજ જોડાણો ગરીબોને આપવામાં આવ્યા હતા. ૪૨ વર્ષની સામે છેલ્લા ૧૨ વર્ષની અંદર જ ૬,૪૬,૯૮૭ જોડાણો, સાત ગણો વધારો આ ગરીબોને ઝૂંપડપટ્ટીના લોકોને આપવા રાજય સરકારે મહેનત કરી છે. જયોતિ ગ્રામ યોજના બાબતમાં વિશેષ કહેવાનુ રહેતું જ નથી પણ આ જે યોજના છે તે સમગ્ર દેશે વખાણી છે અને યુપીએની સરકાર જયારે કેન્દ્રમાં હતી ત્યારે તેમણે પણ વખાણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્રની જ સરકારે, યુપીએની સરકારે જ ગુજરાત સરકારને ઇન્ડિયા પાવર એવોર્ડ ૨૦૦૮ અને ઇનોવેશન ફોર ઇન્ડિયા એવોર્ડ ૨૦૧૦

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન ચાલુ રહેશે વિરામનો સમય થયો છે સભાગૃહ ફરી ૩–૧૫ કલાકે મળશે.

( વિરામ બપોરના ૨–૩૦ થી ૩–૧૫ )
માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

શ્રી પુનમભાઇ કા. મકવાણા (ક્રમશઃ) : માનનીય અધ્યક્ષશ્રી, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની જે હું વાત કરતો હતો. મારા પહેલાં માનનીય દુષ્યંતભાઇએ વાત કરી એમાં છ સબસ્ટેશન નવા બનાવવાનું જે આયોજન છે એમાં મને કહેતાં આનંદ થાય છે કે, ૧૩૦ કરોડ રૂપિયાનું આયોજન આદિવાસી વિસ્તારોમાં છે અને ૨૪૦ કરોડ રૂપિયાનું આયોજન સાગર કિનારા માટેનું છે. રાજયના ૬૨ હજાર ગરીબ પરિવારોને નિઃશુલ્ક વીજળી માટેના જોડાણો પૂરા પાડવા માટેનું ૪૦ કરોડ રૂપિયાનું આયોજન છે. વણાકબોરી વિદ્યુત મથક કોલસા આધારિત જે છે એના માટે ૮૦૦ મેગાવોટ ક્ષમતાનો સુપર ક્રીટીકલ પ્લાન્ટ ભારત સરકારની મંજૂરીની અપેક્ષાએ સ્થાપવાનું રાજય સરકારનું આયોજન છે. માનનીય અધ્યક્ષશ્રી, ગૃહમાં મને કહેતાં આનંદ થાય છે કે, દેશમાં પ્રથમ કાર્યરત એવા સંપૂર્ણ અલ્ટ્રા પાવર પ્રોજેકટ, કચ્છ જિલ્લાના મુંદ્રા ગામે કાર્યરત થઇ ચૂક્યો છે અને રાજયને ૧૯૦૦ મેગાવોટ વીજળી ઉપલબ્ધ થવાની છે. પેટ્રોકેમિકલ્સ વિભાગે પણ ખૂબ સુંદર પરિણામો

પ્રાપ્ત કર્યા છે. ગુજરાત સરકારનું સાહસ જીએસપીસી, કેજીબેઝીન આંધ્રના દરિયાની અંદર ખૂબ પડકારરૂપ જે કામ હતું એમાં સાહસિકતાનો પરિચય કરાવ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, પૂર્વ મુખ્ય મંત્રીશ્રી દેશના વડાપ્રધાન આદરણિય નરેન્દ્રભાઇ કે જે આફતને અવસરમાં પલટાવવાની એમની જે તાકાત હતી જે કામ અશક્ય હતું જેને કહેવાય કે ૩૬ ઇંચની છાતીવાળો જ આ કામ કરી શકે. એવું જે પડકારરૂપ કામ હતું, એ દરિયાના તળથી ૧૫ હજાર ફૂટ નીચેથી ઉત્પાદન મેળવી ગેસને સમુદ્ર કિનારે લઇ આવવાની કામગીરી સફળ રીતે પૂર્ણ થઇ છે અને રાજયને માટે આ એક ગૌરવનો વિષય છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગૃહને જણાવતાં આનંદ થાય છે કે, ગેસનું વ્યાપારિક ઉત્પાદન ટૂંક સમયની અંદર જ શરૂ થશે. ઘર વપરાશના ગ્રાહકો બે લાખ તેર હજાર જે જોડાણો આપવાનું કામ હતું એનું આયોજન થયું છે. નવા ૨૫ સીએનજી સ્ટેશન પણ બનાવવાનું આયોજન રાજય સરકારે કર્યું છે. ગુજરાત ગેસ કંપની અને જીએસપીસી ગેસનું મર્જર કરવાનો પણ સરકારે એક નિર્ણય કર્યો છે અને જેથી કરીને ગેસ વિતરણની અંદર સમગ્ર દેશની અંદર સૌથી મોટી કંપની આ મર્જર થવાની અસ્તિત્વમાં આવશે. રાજયના વધુ વિસ્તારો ગેસના જોડાણોથી જોડાય એ માટે જીએસપીસીએ ગેસ આગામી સમયમાં આપશે.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની માગણી ક્રમાંક– ૧૨, ૧૩ અને ૧૪ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યકત કરૂં છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયની અંદર રાજય સરકાર હસ્તકના જે વીજમથકો છે એ વીજમથકોની ૨૦૦૧–૦૨ના પ્રમાણમાં ૨૦૧૧ અને ૨૦૧૨માં વીજ ક્ષમતામાં લગભગ ૫૦૦ મેગાવોટનો વધારો થયો અને આ વધારા સામે લગભગ ૫૦૦૦ હજાર મિલિયન યુનિટ જેટલું એમાં પાછો ઘટાડો થવા માંડ્યો છે એક બાજુ મેગાવોટની ક્ષમતા જયારે પ્લાન્ટોમાં વધતી હોય ત્યારે એની સામે વીજળીનું ઉત્પાદન જે વધવું જોઇએ. ત્યારે વીજ ઉત્પાદન વધવું જોઇએ એ વીજ ઉત્પાદન ૨૦૧૧–૧૨ માં જે ૨૮૬૦૦ મિલિયન યુનિટ હતું એ રાજયમાં ૨૦૧૩–૧૪ માં ૧૫૮૫૦ મિલિયન યુનિટ જેવું થઇ ગયું છે. રાજયના વીજ મથકોની હાલત પણ આવી જ છે. ૨૦૧૨–૧૩ ના પ્રમાણમાં ૨૦૧૩–૧૪ માં ૧૦૩૭ મિલિયન યુનિટનો ઘટાડો નોંધાયો છે. આમ રાજયના પોતાના હસ્તકનાં વીજ મથકોમાં ૨૦૧૨–૧૩ ના પ્રમાણમાં ૨૦૧૩–૧૪ માં ૮૮૧૮ મિલિયન યુનિટનો ઘટાડો થયો છે. આ ઘટાડાની સામે સરકાર જે રીતે ખાનગી વીજ મથકો પાસેથી વીજ ખરીદી રહી છે ત્યારે જે ખાનગી કંપનીઓ પાસે ૨૦૦૧–૦૨ માં ૧૫૦૫ મેગાવોટની ક્ષમતા હતી એ વધીને ૨૦૧૨–૧૩ માં ૭૬૦૭ થઇ અને ૨૦૦૧ અને ૨૦૦૨ ના પ્રમાણ પ્રમાણે ૨૦૦ મિલિયન યુનિટ પહેલાં કરતાં હતા અને આજે ૨૦૧૩–૧૪ માં ૪૭૭૮૨ મિલિયન યુનિટ આ ખાનગી કંપનીઓ પેદા કરે છે. ૨૦૧૧–૨૦૧૨ ના પ્રમાણમાં આ ખાનગી વીજ મથકો છે એની વીજ ક્ષમતામાં ૨૦૪૪ મેગાવોટનો જયારે વધારો થયો છે ત્યારે એની સામે ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ માં કુલ ૧૨૩૮૪ મિલિયન યુનિટનો વધારો થયો છે જયારે સરકારના યુનિટોના ૫૦૦ મેગાવોટના વધારા સામે ૧૨૭૮૮ મિલિયન યુનિટનો ઘટાડો થયો છે.

સરકાર એક તરફ ખાનગી કંપનીઓ પાસેથી વીજળી ખરીદે છે અને પોતાનાં પાવર સ્ટેશનોની ક્ષમતા હોવા છતાં પણ રાજય સરકારના એકમો દ્વારા ઉત્પાદન થવું જોઇએ એ થતું નથી. મારા એક મિત્રશ્રીએ વીજળીના ભાવવધારાની વાત કરી. તો આ કોલસાનો ભાવ વધારો થયો એના લીધે ૨૭૦૦ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. રેલવેના ભાવ વધારાને લીધે આ નુકસાન થયું છે. હમણાં જ કોલસામાં બજેટના લીધે હજુ ભાવવધારો થવા જઇ રહ્યો છે. ભારતીય જનતા પક્ષની સરકાર કેન્દ્રમાં આવ્યા પછી એક મહિનામાં જ જે યુ.પી.એ.ની સરકારમાં ૨.૫ ટકાનો વધારો થયો હતો જેના લીધે આ રાજયના યુનિટો ઉપર જે અસર પડી હતી. હમણાં હમણાં એક મહિના પહેલાં જ ૬ ટકા જેટલો નૂરમાં વધારો થયો છે એટલે આવનાર દિવસો માટે પણ રાજય સરકાર ચોકકસ એ ભાવ વધારા માટે ચિંતિત હશે જ, પરંતુ ભાવવધારાને આગળ કરીને આ મિલિયન યુનિટમાં ઘટાડો થઇ રહ્યો છે એ ઘટાડો કોઇપણ સંજોગોમાં વધારવો જોઇએ. કેન્દ્ર શાસિત વીજ મથકોમાં પણ ૨૦૧૧–૧૨ ની સામે ૨૦૧૨–૧૩ માં ૪૨૦ મેગાવોટનો વધારો થયો અને એ વધારા સામે ગત બે વર્ષમાં એની ક્ષમતા હતી એમ કરીને ૩૧૦૦ યુનિટનો વધારો થયો છે. આમ છેલ્લા બે વર્ષમાં રાજય

હસ્તકના વીજ મથકોમાં ૨૧૬૧૬ મિલિયન યુનિટના ઘટાડા સામે આ રાજયમાં આવેલ ખાનગી વીજ ક્ષેત્રની મારફતે ૨૦૭૮૦ મિલિયન યુનિટનો વધારો થયો છે.

સરકાર હસ્તકના યુનિટોમાં ઘટાડો અને ખાનગી ક્ષેત્રના યુનિટોમાં વધારો એના લીધે છેલ્લા પાંચ વર્ષનો રેશિયો હું જયારે અંદાજપત્રની ચર્ચા ઉપર બોલતો હતો કે આ રાજય સરકારે ૭૦ હજાર કરોડ કરતાં વધારે વીજળી ખાનગી કંપનીઓ પાસેથી ખરીદી છે જેના ભાગરૂપે આ રાજયનું દેવું દિનપ્રતિદિન વધી રહ્યું છે. જે હું વાત કરી રહ્યો છું કે મારા મિત્ર કહેતા હતા કે રાજયમાં જે ખેત વપરાશ, ઘર વપરાશ અને ઉદ્યોગમાં ઇલેકટ્રીકનો દર છે એ એન્યુઅલ રિપોર્ટ પ્રમાણે ૨૦૧૧-૧૨ નો પાવર ઇલેકટ્રીસીટી વિભાગનો રજૂ થયો છે એમાં ગુજરાતમાં ખેતી ઉપર પર યુનિટ રૂ. ૧.૭૬,ઘર વપરાશ માટે રૂ. ૩.૬૩ અને ઉદ્યોગ માટે રૂ. ૫.૩૨ છે જયારે બિહાર એક એવું રાજય છે કે જે આપણા કરતાં પછાત છે જયાં આવાં યુનિટ પણ નથી, પરંતુ બિહાર રાજયની વાત કરું તો એ ખેતી ઉપર રૂ.૦.૮૭ પર યુનિટ લેવામાં આવે છે. ઘર વપરાશ ઉપર ૨ રૂપિયા અને ૩૦ પૈસા લેવામાં આવે છે. આમ ગુજરાતના પ્રમાણમાં બિહારમાં ખેતી ઉપર ૩૫ પૈસા વધારે લેવામાં આવે છે. અને ઘર વપરાશ ઉપર ૧.૪૩ પૈસા બિહારમાં ખેતી ઉપર વધારાના લેવામાં આવે છે. રાજય સરકાર એક બાજુ ખેતીની સબસિડીની વાત કરે, ગ્રાહકોને રાહત આપવાની વાત કરે, પણ છેલ્લા ચાર વર્ષમાં રાજય સરકારે વીજ પરના વેરા પેટે જે આવક વસૂલી છે તે જોઇએ તો ગુજરાતની પ્રજા પાસેથી ફકત વીજળી પરના વેરા પેટે રૂ. ૧૫૮૨૩ કરોડ રૂપિયાની આવક વસૂલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું ઉદ્યોગોની માગણી નંબર ૪૯ પર પણ વાત કરવા માગું છું. આ રાજયમાં ૨૦૦૬ થી ૨૦૧૩ સુધીમાં છેલ્લા સાત વર્ષમાં નાના ઉદ્યોગો ૧ લાખ ૪૪ હજાર જેટલા, લઘુ ઉદ્યોગો ૧૩,૮૦૦ કરતા વધારે અને મધ્યમ કક્ષાના ઉદ્યોગો ૬૪૭ કરતા વધારે આમ કુલ એકમો ૧ લાખ ૫૮ હજાર જેટલા રાજયના ઉદ્યોગ વિભાગ દ્વારા નોંધણી કરવામાં આવેલા છે. અને ૨૦૦૬ થી ૩૧-૩-૧૨ સુધીમાં આ તમામ લઘુ ઉદ્યોગો, નાના ઉદ્યોગો અને મધ્યમ ઉદ્યોગોનો જે સર્વે કરાવવામાં આવ્યો તે પ્રમાણે સર્વેનો જે રિપોર્ટ આવ્યો છે તે રિપોર્ટમાં આ વર્ષની અંદર એટલે કે ગયા વર્ષે ૫.૨૪ ટકા ઉદ્યોગો બંધ થયા છે. આ રિપોર્ટ રાજય સરકારે સર્વે કરાવ્યો તેના આધારે રજૂ કરવામાં આવ્યો છે. એકબાજુ રાજય સરકાર મોટા મોટા ઉદ્યોગોને રાહતો આપતી હોય ત્યારે ખાસ કરીને લઘુ ઉદ્યોગો, નાના ઉદ્યોગોની વાત છે તેમાં વધારે પડતું ધ્યાન આપવું જોઇએ. સો હેકટર કે તેના કરતા વધારે ક્ષેત્રફળ ધરાવતી ઔદ્યોગિક વસાહતો છે તેને પ્રોજેકટ દીઠ ૬૦ ટકા લેખે ૨૦ કરોડ રૂપિયાની સહાય આપવામાં આવે છે. એવી જ રીતે સો હેકટર કરતા ઓછું ક્ષેત્રફળ ધરાવતી ઔદ્યોગિક વસાહતોને પ્રોજેકટ દીઠ ૬૦ ટકા લેખે ૧૦ કરોડની સહાય આપવામાં આવે છે. આમ છેલ્લા બે વર્ષમાં ૨૮,૯૯૫ લાખની સહાય આપવામાં આવી છે.

ખાસ કરીને ખાણ ખનિજની વાત કરું તો છેલ્લા ૩ વર્ષમાં ૧,૨૮,૫૭,૦૦૦ જેટલા બેકલીટરનો જથ્થો પકડાયો છે. ૬૭૦૫૭ કરોડ રૂપિયાની ખનિજ ચોરી પકડાઇ, આ રાજયની અંદર છેલ્લા ઘણા વર્ષોથી સૌરાષ્ટ્ર, પોરબંદર, જુનાગઢ, અમરેલી સહિતના જિલ્લામાં જે લાઇમ સ્ટોનના માફીયાઓ છે, કોંગ્રેસના શાસનમા દારૂના માફીયાઓ હતા, જુગારના માફીયા હતા, ગુંડાઓના માફીયા હતા પણ આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યારથી શિક્ષણના માફીયાઓ થઇ ગયા, એ જમીનના માફીયાઓ વધી ગયા,એ વ્હાઇટ કોલર માફીયાઓ વધી ગયા.અને આજે કહેવું પડે છે કે રાજકીય પાર્ટીઓ સાથે જોડાયેલા લોકો પણ આજે આ ખનિજ માફીયાઓ સાથે જોડાયેલા છે, ખાસ કરીને આ રાજયમાં સૌરાષ્ટ્રના વિભાગોની અંદર ખનિજના પ્રમાણમાં જે પરિસ્થિતિ પેદા થઇ છે તેમાં ભાજપ સાથે સંકળાયેલી ગેંગોને ૩ વર્ષની અંદર આખો દરિયો મળે, આ ખનિજ ચોરને આખો દરિયો ફોલી ખાવા માટે આપવામાં આવ્યો છે અને ખનિજ ચોરો ૧૦ હજાર કરોડ કરતા પણ વધારે ખનિજ ચોરી આ રાજયની દેખરેખ હેઠળ કરી રહયા છે અને રાજય સરકાર તેના પર પગલાં લેતી નથી. ચોરોની વાત કરીએ, ખનિજ ચોરની બાબતમાં આ ગૃહમાં બેઠા હોય કે ગૃહની બહાર બેઠા હોય એ કોર્ટો દ્વારા પણ વિધાનસભાની અંદર તથા પ્રજા દ્વારા એની સામે આંગળી ચીંધવામાં આવી છે અને તેના પુરાવાઓ કોર્ટોમાં પણ રજૂ થયેલા છે. અને વિધાનસભા ગૃહમાં પણ રજૂ થયા છે ત્યારે આ ખનિજ

ચોરો સામે એકશન લેવાવા જોઇએ, કોઇ પણ મોટી વ્યકિત હોય તેની સામે એકશન લેવા જોઇએ તેવી મારી માગણી છે.

શ્રી શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ (નિકોલ) : માનનીય અધ્યક્ષશ્રી, જયારે જન હિત અને જન વિકાસની માનનીય મંત્રીશ્રી અનુદાન નંબર ૪૯ની માગણી લઇને આવ્યા છે ત્યારે હું તેમાં મારો સૂર પૂરાવવા માટે ઉભો થયો છું. ગુજરાત એ આખા દેશમાં એવું રાજય છે કે જે ઔદ્યોગિક દ્રષ્ટિએ ખૂબ જ હરણફાળ ભરી રહ્યું છે ત્યારે ગુજરાત સરકારે તેના માટે ઘણી બધી વિવિધ યોજનાઓ જાહેર કરી છે. જેમ કે સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો માટે એકમોને સબસિડી આપવી, કોમન ફેસીલીટી સેન્ટરનો વિકાસ કરવો, ઇન્ડસ્ટ્રીઝ પાર્ક બનાવવા, આવી વિવિધ યોજનાઓ દ્વારા સરકાર લઘુ ઉદ્યોગોને ખૂબ જ પ્રોત્સાહન આપી રહી છે. મને જણાવતા આનંદ થાય છે કે ગુજરાતનો જે રીતે જી.ડી. પી. વધી રહ્યો છે તે રીતે ગુજરાતે વિવિધ ક્ષેત્રમાં સમગ્ર દેશમાં એક હરણફાળ ભરી છે ત્યારે મારે માનનીય જીતુભાઇને કહેવું છે કે એન્જિનિયરીંગ ક્ષેત્રે, ઓટોમોબાઇલ ક્ષેત્રે, કેમિકલ ક્ષેત્રે, પેટ્રો કેમિકલ ક્ષેત્રે, ફાર્માસ્યુટીકલ અને બાયોલોજી ક્ષેત્રે, જેમ્સ એન્ડ જવેલરી ક્ષેત્રે, ટેકસટાઇલ ક્ષેત્રે અને સોલ્ટ પ્રોસેસીંગ ક્ષેત્રે ગુજરાતનો જી.ડી.પી. સમગ્ર ભારતનો જે જી.ડી.પી. કહેવાય એ ૫ થી ૬ ટકા રહ્યો છે જયારે ગુજરાત રાજયનો જી.ડી.પી. ૨૦૦૫ થી ૨૦૧૩ સુધીનો સરેરાશ જો જોવા જઇએ તો ૧૦.૧ જેટલો રહ્યો છે. દેશનો જી.ડી.પી. પાંચ થી છ ટકા રહ્યો છે ત્યારે ગુજરાત રાજયનો જી.ડી.પી. ૨૦૦૫ થી ૨૦૧૩નો ૧૦.૧ ટકા જેટલો સરેરાશ વધારે રહ્યો છે.

હમણાં જ માનનીય આર.એમ. પટેલ સાહેબ કહેતા હતા એ પ્રમાણે સન ૨૦૧૨-૧૩માં ગુજરાતની માથાદીઠ આવક ૯૬૭૭૬ રૂપિયા થઇ છે જે ૧૧.૨ ટકાનો વધારો સૂચવે છે.

ગરીબાઇની વાતો કરનાર માનનીય શકિતસિંહભાઇ હાઉસમાં હાજર નથી. એમને કહીશ કે ૬૦ વર્ષ સુધી કોંગ્રેસ સરકારે રાજ કર્યું ત્યારે આ દેશના ગરીબો તમને યાદ ન આવ્યા અને હવે તમને ગરીબો યાદ આવે છે. કયાં ગયા દિવસો તમારા ગરીબોને યાદ કરતાં કરતાં.?

રાજય સરકારે માઇક્રો, લઘુ અને મધ્યમ ઉદ્યોગો માટે નવી ઔદ્યોગિક નીતિ, ૨૦૦૯માં જાહેર કરી છે. જેમાં રાજય સરકાર લઘુ અને મધ્યમ સાહસ ક્ષેત્રને વધુ સ્પર્ધાત્મક અને વાયબ્રન્ટ બનાવવા માટે આ રાજય સરકારે અસરકારક પગલાં લીધા છે ત્યારે અદ્યતન ટેકનોલોજી અપનાવે તે માટે પ્રયત્નશીલ છે.

લઘુ ઉદ્યોગો માટે વ્યાજ સહાય યોજનાની વાત કરીએ તો વ્યાજના દરમાં પાંચ ટકા જેટલી રાહત આપવામાં આવે છે. જેમાં વાર્ષિક મહત્તમ ૨૫ લાખ અને પાંચ વર્ષમાં ૧૨૫ લાખની લોન આપવામાં આવે છે. આમ સન ૨૦૦૯ની ઔદ્યોગિક નીતિ પ્રમાણે લઘુ ઉદ્યોગકાર ૩૫ વર્ષથી ઓછી ઉંમરનો હોય તો એક ટકો વધુ સહાય આપવામાં આવે છે. તેમજ ઉદ્યોગ માઇક્રોની વ્યાખ્યામાં આવે તો બે ટકા વધુ સહાય આપવામાં આવે છે.

જે રીતે દેશ અને વિદેશમાં ઉદ્યોગો વિકસી રહ્યા છે અને ગુજરાત આખા દેશમાં નહિ પણ જયારે વિદેશમાં નિકાસ કરે છે ત્યારે આઇ.એસ.ઓ. માર્કો લેવા માટે, આઇ.એસ.ઓ.૯૦૦૦ સર્ટિફિકેશન લેવા માટે સરકાર તરફથી ૫૦ ટકા જેવી રાહત આપવામાં આવે છે એમાં મહત્તમ છ લાખની મર્યાદામાં સહાય આપવામાં આવે છે. મારે સભ્યશ્રીઓને કહેવું છે કે ૨૦૧૩-૧૪ના વર્ષમાં ૩૯૨ એકમોને ૯૫૮.૬૪ લાખની સહાય આપવામાં આવી છે. માનનીય સભ્યશ્રીને કહેવું છે કે પેટન્ટ મેળવવા માટે જયારે દેશ અને વિદેશમાં ધંધો કરવો હોય અને ગુજરાતી ધંધો કરતો હોય ત્યારે અને ગુજરાતીની ઉદ્યોગકાર તરીકે કુશળતા રહી છે ત્યારે એને પેટન્ટ મેળવવા માટે ૫૦ ટકા જેવી માતબર રકમ ૧૦ લાખની મર્યાદામાં ચૂકવવામાં આવે છે અને જયારે આંતરરાષ્ટ્રીય પેટન્ટ મેળવવાની હોય ત્યારે એને ૨૫ લાખની મર્યાદામાં સહાય આપવામાં આવે છે. હમણાં જ માનનીય સભ્યશ્રી ક્રિટીકલ ઇન્ફાસ્ટ્રકચરની વાત કરતા હતા. આ અંગે હું કહીશ કે જેટલા પણ ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટો સમગ્ર ગુજરાતમાં બનાવ્યા છે એમાં રોડ, રસ્તા, વીજળી, સુખ સગવડો વધારવા માટે સરકાર તરફથી ૬૦ ટકા જેવી માતબર રકમ આપવામાં આવે છે.

જેમ સો હેકટર કે તેથી વધુ ક્ષેત્રફળમાં ઇન્ડસ્ટ્રીયલ જી.આઇ.ડી.સી. ઓ બની છે એને ૨૦ કરોડની સહાય આપવામાં આવે છે. એ જ રીતે સો હેકટરથી ઓછું ક્ષેત્રફળ ધરાવતા પ્રોજેકટો માટે દસ

કરોડ રૂપિયાની સહાય આપવામાં આવે છે. રાજયમાં આવેલ ઔદ્યોગિક વિસ્તારોમાં ક્રિટીકલ ઈન્ફ્રાસ્ટ્રકચર પૂરું પાડવા માટે ૨૪૪ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

ગુજરાત માઇક્રો, સ્મોલ અને મિડિયમ એન્ટરપ્રાઇઝનાં વિકાસ માટે સલાહકાર બોર્ડની રચના અત્યારના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઈએ સન ૨૦૦૮ના રોજ કરી હતી ત્યારે મને ખૂબ જ આનંદ થાય છે કે સરકાર તરફથી ૨૦૧૩–૧૪માં જે ઉદ્યોગકારે સારામાં સારો વિકાસ કર્યો હોય એને ૧૨ લાખ જેવી માતબર રકમના એવોર્ડ એનાયત કરવામાં આવેલ હતા.

મને કહેતા આનંદ થાય છે કે સમગ્ર વિશ્વમાં એક મહાત્મા મંદિરે આખા વિશ્વની નજર ખેંચી છે એમાં વિશ્વ સ્તરના પ્રદર્શન હોલ તરીકે ડેવલપ થયેલ છે ત્યારે કન્વેન્શનલ તથા પ્રદર્શન હોલ ડેવલપમેન્ટ માટે વર્ષ ૨૦૧૪–૧૫માં રૂપિયા ૨૭૫૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે.

એવી જ રીતે મીઠા ઉદ્યોગ અને ટેકસટાઇલ અંગે માનનીય પુંજાભાઇને કહેવું છે કે સન ૨૦૦૯માં તથા સન ૨૦૧૨માં સારામાં સારી નીતિ ઘડી છે. વર્ષો પહેલા જે સમાજ સાંચા ચલાવતું હતું એમાં અદ્યતન ટેકનોલોજી આવી છે. વોટર જેટ લુમ્સો ગુજરાતમાં આવી છે, એકઝેટ લુમ્સો આવી છે. આ વર્ષે પણ દોઢસો કરોડનું બજેટ સરકાર તરફથી ફાળવેલ છે. આ બધા ઉદ્યોગોને પાવર અને વેટમાં ઘણી બધી રાહતો આપવામાં આવી છે. અમદાવાદ ટેકસટાઇલનું માન્ચેસ્ટર કહેવામાં આવતું હતું. ૭૦ કરતાં પણ વધારે મિલો કાર્યરત હતી પરંતુ તમારી સરકારમાં આ બધી મિલો બંધ થઇ ગઇ છે અને લાખો કામદારો બેકાર થયા છે.

વાયબ્રન્ટની વાત કરું વાઈબ્રન્ટ સમિટ વિશ્વકક્ષાએ ગુજરાતને આગવી ઓળખ અપાવી ત્યારે વાયબ્રન્ટ સમિટને કેમ ભૂલી શકાય. ગુજરાત એટલે વિકાસ, ગુજરાત એટલે વિશ્વાસ અને ગુજરાત એટલે વિકટરી, ગુજરાત એટલે વાયબ્રન્ટ આ સમગ્ર વિશ્વમાં વાયબ્રન્ટ સમિટીની નોંધ લેવાય છે, સમગ્ર દેશમાં વાયબ્રન્ટની અસર થઇ છે ત્યારે કોંગ્રેસને જાકારો આપ્યો છે અને ભારતીય જનતા પાર્ટીને આવકાર આપ્યો છે. ગુજરાત રાજય એક વાયબ્રન્ટ રાજય તરીકે પોતાની આગવી ઓળખ ઉભી કરી છે ત્યારે મારે સભ્યશ્રીઓને કહેવું છે કે આ વાઇબ્રન્ટની અસર સમગ્ર ભારત દેશની જનતામાં થઇ છે. આની નોંધ તો તમારે ચોકકસપણે લેવી જોઇએ.

લઘુ ઉદ્યોગોની વાત કરી ત્યારે ૨૦૦૬થી પૂર્વે અત્યાર સુધીમાં ૩,૧૨,૭૫૨ નોંધાયેલા એસ.એસ.આઇ. એકમો હતા અને જેમાં ૧૪,૮૯,૨૧૬ લોકોને રોજગારી મળતી હતી. તા. ૧–૧૦–૨૦૦૬થી તા. ૩૧–૩–૨૦૧૪ સુધી ૨.૬૨ લાખ નવા એમ.એસ.એમ.આઇ. યુનિટો નોંધાયેલા છે જેની સામે ૫.૫૭ લાખ જેટલા અને ૩૬.૫૬ લાખ જેટલા લોકોને રોજગારી મળી છે. મારે સભ્યશ્રીઓને જણાવવું છે કે તમે જે કંઇ આંકડા આપો તે આંકડા સાચા આપો. ડી.એમ.આઇ.સી.ના વિસ્તારના વિકાસ માટે ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રકચર કોરીડોર કંપનીમાં ૨૬૬ કરોડના મૂડી રોકાણની જોગવાઇ કરવામાં આવી છે. માનનીય સભ્યશ્રીઓને કદાચ ખબર નહીં હોય, ગત ૨૦૧૩–૧૪નું વેટ કલેકશન થયું છે એ ૪૦ લાખ..

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય અશ્વિનભાઈ.

શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના વિકાસમાં ખાણ ખનિજ એ મહત્વનો ઉદ્યોગ છે. રાજયમાં છેલ્લા ઘણા વર્ષોથી આ ઉદ્યોગોનો વિકાસ થવાને બદલે તેમાં ઘટાડો થયો છે. કેન્દ્ર સરકારના આઇ.બી.એમ. દ્વારા પ્રકાશિત થતા હયાત લીઝોના આંકડા જોતાં ગુજરાતમાં વર્ષ–૨૦૦૭–૦૮માં ૧૨૨૮ માઈનીંગ લીઝો હતી. પરંતુ ૨૦૧૧–૧૨માં ઘટીને તે ૧૧૬૨ માઈનીંગ લીઝો થઇ. આપના દ્વારા એ પણ કહેવા માગું છું કે ઉદ્યોગોના વિકાસ માટે ખનિજના ખાણ પટ્ટાઓ નિયમાનુસાર સમયમર્યાદામાં મળવા જોઈતા હતા. પરંતુ રાજય સરકાર દ્વારા કાયદા અને નિયમોના અભ્યાસ વગર બહાર પાડવામાં આવેલ નીતિ વિષયક ઠરાવ/જાહેરનામા નામદાર હાઇકોર્ટ દ્વારા રદ કરવા/સુધારવા આદેશ કર્યાને ચાર વર્ષ જેવો સમય થયો હોવા છતાં આ સરકાર હાઇકોર્ટના આદેશનું પાલન કરતી નથી અને રોયલ્ટી આવકને ભયંકર નુકસાન ગુજરાતને થયેલ છે.

રાજયસભામાં તા. ૧૦-૨-૨૦૧૪ના રોજ એક પ્રશ્ન પૂછવામાં આવેલ હતો. પ્રશ્ન નં. ૨૭૬ના જવાબમાં એવો સ્પષ્ટ જવાબ આપેલ છે કે કોલ ખનિજ સિવાયના ખનિજોની હરાજી કરવાની જોગવાઇ એમ.એમ.ડી.આર. એકટ-૧૯૫૭માં નથી. જેથી કોલ સિવાયના ખનિજોની માઇનીંગ લીઝ ફકત એમ.એમ.ડી.આર. એકટ-૧૯૫૭ની જોગવાઇ મુજબ આપવાની થાય છે. આ બાબતે કેન્દ્ર સરકાર દ્વારા વારંવાર કામગીરી કરવાની સૂચના રાજય સરકારને આપવામાં આવેલ હોવા છતાં ફકત કેન્દ્ર સરકારને બદનામ કરવા માટે, જોગવાઇ હોવા છતાં માઇનીંગ અરજીઓ મંજૂર કરેલ નથી. સામાન્ય માણસ જયારે ખાણપટ્ટા મેળવવા માટે અરજી કરતો હોય છે ત્યારે છેલ્લા ૧૫ વર્ષથી આ અરજીઓ પડતર છે. મંજૂરીઓ આપવામાં આવેલ નથી. બ્લોક/પારદર્શક જેવા નામે કાયદા-નિયમોની વિરુદ્ધ પડતર રાખવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકાર દ્વારા સી.ઇ.સી.ની મિટિંગોમાં વારંવાર રાજય સરકારશ્રીને માઇનીંગ લીઝ મેળવવા સંબંધિત અરજીઓનો નિયમાનુસાર એમ.સી.આર.-૧૯૬૦ના નિયમ-૬૩ હેઠળ આ અરજીઓનો નિકાલ કરવા માટે પણ રાજય સરકારને વારંવાર કહેવામાં આવ્યું છે. બધા ભાઇઓ કહેતા હતા કે આ સરકાર એમ.ઓ.યુ. કરે છે. હું પૂછવા માગું છું કે આ એમ.ઓ.યુ.નો દેખાડો કરીને મોટી મોટી કંપનીઓને લીઝ આપવામાં આવી. મોટી મોટી કંપનીઓ સાથે કરાર કરવામાં આવ્યા. હું પૂછવા માગું છું કે આ એમ.ઓ.યુ. દ્વારા ઉદ્યોગપતિઓ સાથે જે કરાર કરવામાં આવ્યા તેમને એકેય જણને લીઝ આપી ખરી? બીજી પણ એક વાત કહેવા માગું છું કે બોકસાઇટ ખનિજની નિકાસ/વેચાણની મંજૂરી રાજય સરકારે નિયમ વિરુદ્ધ પોતાના હસ્તક રાખી છે. આવી મંજૂરી સમયસર નહીં આપીને રાજય સરકારે દેશને મળતા હૂંડિયામણને પણ મોટું નુકસાન પહોંચાડેલ છે. વર્ષ ૨૦૦૮-૦૯ની બોકસાઇટ નિકાસની મોટા ભાગની અરજીઓની મંજૂરી છેલ્લી વિધાનસભા તથા લોકસભા જાહેરાતના સમયે આપવામાં આવેલ છે. અને રેકર્ડ ઉપર ઉપલબ્ધ છે. ચૂંટણી ફંડના નાણા મેળવી મંજૂરી આપવામાં આવેલ છે. જાત મહેનતથી ખાણ કરતા મજૂરોને ૫૦ ટકા રોયલ્ટી દરે પરવાના આપવાની જોગવાઇ છે. ૧૯૬૬થી નિયમમાં જોગવાઇ છે પરંતુ રાજય સરકારે છેલ્લા ૧૫ વર્ષથી પરવાના પદ્ધતિ જાણે નિયમોમાંથી નાબૂદ કરી હોય તેમ કોઇ પણ નવા પરવાના મજૂરોને આપવામાં આવેલ નથી. જૂના પરવાના પણ રીન્યુ કરવામાં આવેલ નથી. કાયદેસરની લીઝ પરમીટ પરવાના મળવાની નિયમમાં જોગવાઇ હોવા છતાં આવી પરવાનગી ન મળવાથી ખનિજ ચોરીમાં બેફામ વધારો થયો છે. ખનિજ ભાવ વધ્યા છે છતાં રાજયની મહેસૂલની આવકને નુકસાન પહોંચેલ છે તેના માટે જવાબદાર આ સરકાર છે. માઇનીંગ એકટ ૧૯૫૨ મુજબ ગુજરાતમાં સુરેન્દ્રનગર જિલ્લામાં તેમજ મોરબી જિલ્લામાં મળતો કાર્ગો સેલ એ કોલ છે અને એ કોલ ખનિજ માઇનીંગ લીઝ કેન્દ્ર સરકારશ્રીના કોલ મંત્રાલય દ્વારા મંજૂર કરવાની કાર્યવાહીની જોગવાઇ છે.

શ્રી વલ્લભભાઇ વ. વઘાસીયા(સાવરકુંડલા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી વીજળી શકિત પરિયોજના માટેની પૂરક માગણીઓ લઇને આવ્યા છે તેને સમર્થન આપવા માટે અને મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. સરકારે જયોતિ ગ્રામ યોજના બનાવીને ગુજરાતના અઢાર હજાર કરતા વધારે ગામોમાં જે વીજળીકરણ કરીને ગુજરાતના ગામડાને ઝળહળતા કર્યા છે. ત્રણ વર્ષના ટૂંકા ગાળામાં અગાઉ પચાસ વર્ષમાં જે થાંભલા અને વાયરો હતા એના કરતા વધારે ઊભા થાંભલા કરીને હજારો કિલોમિટર વાયર નાખીને આ ઐતિહાસિક સિદ્ધિ આ સરકારે હાંસલ કરી છે. મારા મિત્રો અગાઉ વાત કરતા હતા દીવા અને ફાનસની મારે એમને કહેવું છે કે આ દીવા મારા સાવરકુંડલામાં બનતા અત્યારે બનાવવાના જ બંધ થઇ ગયા છે. ફાનસ માર્કેટની અંદર મળતા નથી. યાદ કરો જૂના દિવસો અને પછી વાત કરો મિત્રો, અગાઉના પચાસ વર્ષમાં જો આ આયોજન કર્યું હોત તો અત્યારે ખેડૂતોના નામે હમદર્દી ભરી વાતો કરનારા મારા મિત્રો, તો ખેડૂતોને આજે ચોવીસ કલાક વીજળી મળતી હોત. માત્ર વાતોથી વીજળી નથી મળતી. પચાસ વર્ષ સુધી શાસન કર્યુ છે. શાસનમાં ખેડૂતોને ધ્યાનમાં રાખ્યા હોત તો આજે પરિસ્થિતિ જૂદી હોત.

વર્ષ ૨૦૧૨-૧૩ની અંદર કૃષિ ક્ષેત્ર અને વીજ જોડાણ ૯૭૪૫૯ કૃષિ વીજ જોડાણોને વર્ષ ૨૦૧૩-૧૪માં ૯૪૭૨૩ કૃષિ વીજ જોડાણો આપવામાં આવેલ છે અને વર્ષ ૧૪-૧૫ માં એક લાખ કરતા વધારે જોડાણો આપવા માટે એક હજાર અને બાસઠ કરોડ રૂપિયાનું આયોજન કરેલ છે. કૃષિક્ષેત્રે પૂરતા દબાણથી

વીજળી મળે, ગુણવત્તાવાળી વીજળી મળે એટલા માટે ઉર્જા શકિત યોજના અન્વયે રુ. ૧૫૦ કરોડના ખર્ચે આ આયોજન કરેલ છે. હમણા મારા મિત્ર પુંજાભાઇ વંશ વાત કરતા હતા અમરસિંહભાઇએ મીટરો દૂર કર્યા મારે નામ નહોતું લેવું હાજરી ન હોય એમનું નામ ન લેવાય પણ એમણે યાદી આપી, સાહેબ મને યાદ છે કે આ રાજયની અંદર લોકશાહી પછી કયારેય ન થયું હોય એવું ખેડૂતોએ આ મીટરો માટે આંદોલન કર્યુ હતું. લાખોની સંખ્યામાં ખેડૂતો અહીંયા ભેગા થયા હતા અને ગોળીબાર કરીને કેટલા ખેડૂતોના ભોગ લીધા હતા, ગોળીબાર કરવામાં આવ્યો હતો, કેટલાય ખેડૂતોના ભોગ લીધા હતા, સેંકડો ખેડૂતોને ઈજા થઇ હતી એ આંદોલનની અંદર હું હાજર હતો એટલે સરકારની હમદર્દી લેવાનું મિત્રો બંધ કરો. સરકારશ્રીની જાગૃતિથી ખેડૂતોને આર્થિક રીતે ફાયદો થાય એટલા માટે આ યોજના લાગુ કરેલ છે.અગાઉ ખેડૂતોને લો વોલ્ટેજના કારણે એક સિઝનમાં મોટર બળી જાય, સ્ટાર્ટર બળી જાય તો ૨૫ થી ૫૦ હજાર સુધીનું વાર્ષિક નુકસાન થતું હતું. આ લો વોલ્ટેજના પ્રશ્નો આ વીજ જોડાણથી દૂર થયા છે અને પૂરતા વોલ્ટેજથી ખેડૂતોને વીજળી મળી રહે એ માટેનો સરકારનો પૂરતો પ્રયાસ રહ્યો છે. ગામડાંમાં અને શહેરોમાં આજે રિવાઇન્ડીંગવાળાની દુકાનો બંધ થઇ ગઇ. આ યોજના અંતર્ગત નાની ક્ષમતાના ટ્રાન્સફોર્મરો ઊભા કરીને ખેડૂતોને નજીકમાં નજીક વીજ ટ્રાન્સફોર્મર મળે અને પૂરતા પ્રમાણમાં વીજળી મળે, પુરા વોલ્ટેજથી મળે એટલે વધારે ક્ષમતાવાળી મોટી લાઇનો ભારે દબાણની ઉભી કરીને સરકારે ખેડૂતોને સારી ક્વોલીટીવાળી વીજળી આપવાનો પ્રયત્ન કર્યો છે. ગ્રામ્ય વિસ્તારમાં પણ ખેતી વિષયક વીજ જોડાણોમાં પૂરતા દબાણથી પુરવઠો મળી રહે તે માટે ભારે દબાણની વીજ લાઇનો ઉભી કરીને નાની ક્ષમતાના ટ્રાન્સફોર્મરો ૧૦ કે.વી.એ., ૧૬ કે.વી.એ. અને ૨૫ કે.વી.એ.ના ગ્રાહકોના વીજ સ્થાપનની નજીક ઊભા કરીને મૂકવામાં આવ્યાં છે.

મારા વિસ્તારની વાત કરું તો અગાઉ ૧૦-૧૨ વર્ષ પહેલાં સાવરકુંડલામાં એક જ ૬૬ કે.વી. સબ સ્ટેશન હતું. આખા તાલુકાનો વીજ પુરવઠો એમાંથી પુરો પાડવામાં આવતો હતો. આજે નવા ૬ ૬૬ કે.વી. સબ સ્ટેશનો ઊભા કરીને પૂરતા દબાણથી વીજળી મળે છે. ફોલ્ટ દૂર કરવા માટે વીજળીની ટીમો શહેરોમાં જે રાત-દિવસ સગવડ આપવામાં આવે છે એ રીતે રાત્રે પણ આ ફોલ્ટ દૂર કરીને ગ્રામ્ય વિસ્તારમાં વીજળી પૂરી પાડવામાં આવે છે. રાજ્યમાં નોર્મલ યોજના અંતર્ગત વીજ જોડાણો લેવા માટે ૧૯૯૧-૯૨થી ઘણી અરજીઓ પેન્ડીંગ હતી. આવા કનેકશનો પૂરા પાડવા માટે સરકારશ્રી દ્વારા ગ્રાહક પાસેથી કોઇ ચાર્જ લેવામાં આવતો નથી. ટ્રાન્સફોર્મર, એલ.ટી. લાઇન વગેરેની રકમ વસુલવામાં આવતી નથી અને ખેડૂતોને બિલકૂલ ઓછા ખર્ચે કનેકશન મળે એ માટે આ યોજનામાં થનાર ખર્ચ માટે રકમ ગુજરાત ઉર્જા વિકાસ નિગમને શેરમૂડી તરીકે આપવામાં આવે છે. આ માગણીઓને મારું સમર્થન આપું છું.

શ્રી હર્ષદભાઇ રીબડિયા(વિસાવદર) : માનનીય અધ્યક્ષશ્રી, ઉર્જા વિભાગના મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીઓ ઉદ્યોગોની હરણફાળ અને વાયબ્રન્ટની વાતો કરે છે પણ ઉદ્યોગોના વાયબ્રન્ટ પાછળ અમારા ખેડૂતોની હાલત ચીકનગુનિયા જેવી કરી નાખી છે. ખેતીની અંદર વાત કરીએ તો ઉદ્યોગોમાં જે વીજ જોડાણો આપવામાં આવે છે એ ૧૦૦ હોર્સ પાવરનું વીજ જોડાણ હોય તો ઉદ્યોગ ૧૦-૧૦ હોર્સ પાવરની ૧૦ ઇલેક્ટ્રિક મોટરો ચલાવી શકે છે, જ્યારે ખેડૂત ૩૦ હોર્સ પાવરનું વીજ કનેકશન ધરાવતો હોય તો ૧૫-૧૫ની બે મોટરો ચલાવી શકતો નથી. એક જ મોટર ચલાવી શકે છે. આ પ્રશ્ન પાછળ કેટલાય આંદોલનો થયા પણ હજુ પ્રશ્ન હલ થતો નથી. અમારા ખેડૂતનો દીકરાએ ક્યાંય પાવર ચોરી કરવી નથી. તમે અમારો આ પ્રશ્ન હલ કરી દો તો ખેડૂતનો દીકરો ક્યારેય પાવર ચોરી કરશે નહીં. ખેત વીજ જોડાણમાં પાવર ચોરીની વાત કરીએ તો એમાં થોડો સુધારો કરવો પડે એમ છે. ખેતીની અંદર જ્યારે પાવર ચોરી પકડાઇ જાય છે ત્યારે એમ્પિયર આધારિત ચોરી પકડાય છે. એમ્પિયર પંપ આધારિત છે. મોટરમાં મિસ્ટેક હોય તો બરાબર છે. પંપમાં મિસ્ટેક હોય અને એમ્પિયર એવા નક્કી કર્યાં છે કે એક હોર્સ પાવર દીઠ દોઢ એમ્પિયર એટલે કે ૧૦ હોર્સ પાવર હોય તો ૧૫ એમ્પિયર લેવા જોઇએ. જો ૧૭ એમ્પિયર લેતા હોય તો બે એમ્પિયર વધારે થાય. એનું કારણ પંપમાં વાંધો છે, મોટરમાં કોઇ તકલીફ નથી.એમાં વીસ-વીસ હજાર રૂપિયાનો ખોટી રીતે ખેડૂતોને દંડ માંગવામાં આવે છે, એમાં પણ સુધારો કરવો જોઇએ. દુષ્કાળના

હિસાબે પાણી બહુ ઊંડા જતા હોય ત્યારે ખેડૂતોએ પમ્પમાં ફેરફાર કરવાના થતાં હોય, પમ્પમાં ફેરફાર કરવાથી એમપિઅરમાં વધઘટ તો એમપિઅરના આધારે પાવર ચોરી પકડવાની? તમે મોટર ઉપર પકડોને. આવી રીતે ખોટી રીતે પાવર ચોરીમાં ખેડૂતોને ફસાવવામાં આવે છે. પાવર ચોરીની વાત આવી છે એમાં આંદોલનો થયા છે. આજે સૌરાષ્ટ્રમાં એટલી બધી હદે ખેડૂતોને અને આમ પ્રજાને ફીટ કરી દેવામાં આવે છે. એક ખાલી આપણા ઘરેથીવીજ સર્વિસ નીકળી હોયને એ કોઇ ખિસકોલી દ્વારા જો વાયર ખોતરી ગઇ હોય અને જો જીઇબીનો કોઇક અધિકારી આવી ગયોને એટલે સમજી લેવાનું કે ૨૦,૦૦૦ના દંડની અડી ગઇ. આ જ્ઞાન છે? જીઇબીના એન્જિનિયરોને ટારગેટ આપે કે તમારે પાવર ચોરી કરતા હોય કે ના કરતા હોય તમારે ફરજિયાત પાંચ કનેકસનો પડકી આવવાના, આની, સામે પણ મારો વાંધો છે અને એમાં પણ થોડોક ફેરફાર કરવો જોઇએ.

બીજુ, અમારે ત્યાં ખેતી વિસ્તાર છે કોઇ બીજુ કાંઇ નથી એ વિસ્તારની અંદર ક્યારેક કોઇ ટ્રાન્સફોરમર બળ્યું, એ નવા ઓર્ડરની પ્રોસીજર કરેને એમાં ૧૦ દિવસ વહ્યાં જાય છેને ખેડૂતનો પાક સૂકાઇ જાય છે ત્યારે મારી એ પણ માગણી છે કે ટ્રાન્સફોર્મરનું તમે એવું કાંઇ સેન્ટર ઊભું કરો કે ટ્રાન્સફોર્મરો રાખી શકો અને કોઇ ખેડૂતનું ટ્રાન્સફોર્મર બળ્યુંને તો બે થી પાંચ કલાકમાં કે એક દિવસની અંદર ટ્રાન્સફોર્મર ત્યાં ચઢી જાય. એવી પણ માગણી છે કે કાંઇક તમારે ટ્રાન્સફોર્મર માટે એવી કોઇ જગ્યા ઊભી કરવી પડે કે સેલ ઊભો કરવો પડે, વીજળી આપવા માટે. મારો વિસ્તાર જંગલી વિસ્તાર છે. ગીર અને ગીરનારની વચ્ચેનો વિસ્તાર ત્યાં સિંહોનો ત્રાસ, દીપડાનો ત્રાસ આની વચ્ચે બિચારો ખેડૂત રાતમાં પાણીવાળવા જાય ત્યારે એરું, સિંહ, દીપડા, વીંછીં આની વચ્ચે રાતમાં પાણી વાળવા જાય છે. અમે અવારનવાર આંદોલનો કર્યા છે કે ભાઇ, અમને તમે દિવસે લાઇટ આપો. રાતની લાઇટ અમારે કાંઇ કામની નથી પણ હજી સુધી ગુજરાત વિદ્યુત બોર્ડ કાંઇ સમજતું નથી.

મારે કહેવાનું ઘણું છે પણ આ શિફ્ટિંગવાળી વાત છે ખેડૂતનો દીકરો છુંને, કોઇ ૫૦ વિઘાનું ખેતર હોયને આજે મારે આ બોરમાં દુષ્કાળના હિસાબે પાણી થઇ રહ્યું મારાં આથમણે શેઢે બીજો એક બોર છે ત્યાં મારે પાવર લઇ જાવો છે તો હું મારું પિયત પાઇ શકું, પણ આ લોકો એવું કહે કે તમે એકને એક સરવે નંબરમાં બીજુ શિફ્ટિંગ પણ નથી આપતા તો ખેડૂતના દીકરાને જાવું ક્યાં? માટે મિત્રો હું આજે માનનીય મંત્રીશ્રીને કહું છું કે તમે આની થોડી ચિંતા કરો, નહિતર આ ખેડૂત વિફરશે ને, તો દૂધ બંધ કરી દેશે તો તમારી ચાય પે ચર્ચા ય બંધ થઇ જાશે. (સમય સૂચક ઘંટડી)

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ માગણી નંબર ૪૯ લઇને આવ્યાં છે એમાં હું મારું સમર્થન રજૂ કરવાની અનુમતિ લઉં છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતનો વિકાસ આજે દેશ માટે દિશાસૂચક બની રહ્યો છે. સીમાસ્તંભ બની રહ્યો છે ત્યારે એનો યશ ટીમ ગુજરાતને જાય છે. ગુજરાત એટલે મેં નહિ હમનો સાક્ષાત્કાર થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગોના સૃદઢ આયોજનથી સમગ્ર દેશ અને દુનિયામાંથી મળેલા મૂડીરોકાણ અને તેનાથી ઊભી થયેલી રોજગારીની તકો, ઔદ્યોગિક માળખાકીય સુવિધા અને રાજ્યના આમઆદમીના જીવન ધોરણમાં જોવા મળતા પરિવર્તનમાં મોટું યોગદાન છે. રાજ્યમાં વિવિધ નાના, મધ્યમ અને મોટા ઉદ્યોગોને સ્થાપવા સાથે કુટિર ઉદ્યોગ અને ગ્રામોદ્યોગની વિવિધ યોજનાઓ દ્વારા અંતરિયાળ વિસ્તારમાં તથા સ્વરોજગારી ઇચ્છતા યુવકો માટે વ્યાપક તકો ઊભી થઇ છે. 'સૌનો સાથ સૌનો વિકાસ'ની અનોખી ભાવના સાથે ઉદ્યોગ વિભાગ દ્વારા યશસ્વી કાગીરીની ઝલક આગળ વધી રહી છે. ઔદ્યોગિક વિકાસ થકી દુનિયામાં અને દેશમાં ગુજરાત અગ્રીમ હરોળમાં છે. ઔદ્યોગિક વિકાસની સાથે સાથે રાજ્યના નાગરિકોનું સામાજિક ધોરણનું સ્તર પણ ઉંચું આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વડાપ્રધાન મોદીજીની રાહબરી અને માર્ગદર્શનથી રાજ્યના સર્વાંગી વિકાસની પ્રક્રિયામાં મહતમ રોજગારીની તકો ઉદ્યોગો દ્વારા ઊભી થઇને સામાન્ય નાગરિકો બહેતર જીવન જીવી રહ્યાં છે. ઔદ્યોગિક વિકાસ અને કુટિર ઉદ્યોગની પ્રવૃત્તિ દ્વારા રાજ્યના સર્વે નાગરિકો દ્વારા નવી દિશા અને જોશ સાથે વધુ પ્રગતિશીલ ગુજરાત થઇ રહ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, આજે આખા ગુજરાતમાં ટેક્ષ્ટાઇલ

ઉદ્યોગ, જરી ઉદ્યોગ, કુટિર ઉદ્યોગ, મત્સ્ય ઉદ્યોગ, હીરા ઉદ્યોગ જેવા અનેક લઘુ ઉદ્યોગો દ્વારા ગુજરાતની પ્રગિત થઇ રહી છે. ગુજરાતમાં કુલ ઔદ્યોગિક ઉત્પાદનમાં ૧૫ ટકા યોગદાન અને ૯ ટકાથી વધુ રાષ્ટ્રિય એન્જીનીયરીંગમાં ઉત્પાદન થઇ રહયું છે. મેટ્રો રેલ કોચ બનાવતી આંતરરાષ્ટ્રીય કંપની જેવી કે ફોર્ડ, પિઝોટ વગેરે નામાંકિત કંપની દ્વારા રોકાણ કરી રહયા છે. ભારતનું રાસાયણિક ઉદ્યોગનું હબ રાષ્ટ્રીય ઉત્પાદનનું યોગદાન પેટ્રોકેમિકલ્સમાં ૬૨ ટકા અને કેમિકલ્સમાં ૫૧ ટકા અને સમગ્ર રાજયમાં ૩૫ ટકા છે. મોટા અને મધ્યમ કક્ષાના એકમો દ્વારા લગભગ સોળ ટકા રોજગારી ઉભી કરવામાં આવી છે.

ભારતમાં પ્રોસેસ થતા હીરામાં કુલ ૮૦ટકા યોગદાન થઇ રહયું છે. દુનિયામાં દર દસ હીરામાંથી આઠ હીરા ગુજરાતમાં પ્રોસેસ થાય છે. મારે આનંદ સાથે કહેવું છે કે ગુજરાતમાં પ્રોસેસ થતા હીરામાંથી ૯૦ ટકા હીરા ઉદ્યોગ મારા સુરત શહેરમાં થાય છે. હીરા ઉદ્યોગ દ્વારા જે રોજગારીની તકો ઉભી થઇ છે એમાં પુરુષોની સાથેસાથે હવે મહિલાઓ પણ કામ કરતી થઇ હોવાના કારણે એમની આર્થિક સ્થિતિ પણ ઉંચી આવી છે. એ માટે રતન તાતા ઉદ્યોગકારોના ભીષ્મ પિતામહ ગણાય છે એવા રતન તાતાએ વાઇબ્રન્ટ સમિટના એક કાર્યક્રમમાં કહયું હતું જે ઉદ્યોગકારો ગુજરાતમાં મૂડીરોકાણ ન કરે એ મૂર્ખ હશે એટલે જ આજે વિદેશી કંપની દ્વારા રોકાણ કરવામાં ગુજરાત અગ્રેસર થઇ રહયું છે. વાઇબ્રન્ટ સમિટની સફળતા એનું એક ઉદાહરણ છે. એ માટે ગુજરાતનો વિકાસ વધી રહયો છે. એ વિકાસ આપણા વિરોધીઓને નહીં દેખાય કેમકે એમણે આંખે પટ્ટી બાંધી છે. જે જોઇને પણ માનવા તૈયાર નથી હોતા. ઉદ્યોગકારો ગુજરાતમાં રોકાણ શા માટે કરવા તત્પર છે કેમકે ગુજરાતમાં સલામતિ અને સુરક્ષા પ્રાપ્ત થાય છે. ચોવીસ કલાક સતત ઉંચી ગુણવત્તાવાળો પાવર મળે છે. ઇન્ફ્રાસ્ટ્રકચર પણ શ્રેષ્ઠ રીતે ડેવલપ છે. હડતાલ, તાળાબંધી વગેરેમાંથી માનવ કલાકનો પૂરેપૂરો ઉપયોગ થાય છે એના લીધે એમની ઉત્પાદન ક્ષમતા પણ વધે છે. ગુજરાતમાં ટેક્ષ્ટાઇલના ૮૬૦ થી વધુ એકમો સાથે વિકાસનું ક્ષેત્ર બન્યું છે. રાજયની ઔદ્યોગિક નીતિ સાથે કાપડ, પોષાક ક્ષેત્રના વિકાસ માટે ઉદ્યોગોને વ્યાજ સહાય, ટેક્ષ્ટાઇલ સહાય, એપેરલ પાર્ક સ્થાપવા સહાય તથા કારીગરોને કૌશલ્ય વર્ધન તાલીમ સાથે યોજના પણ ઉદ્યોગો દ્વારા આપવામાં આવે છે.

શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યા છે તેમાં ૫૧ નંબરની માગણી પ્રવાસન ઉપર મારા વિચારો રજૂ કરું છું અને માગણીને મારું અનુમોદન પણ આપું છું. ભારત દેશમાં જે રાજયો આવેલા છે તે દરેક રાજયોની અલગ અલગ સંસ્કૃતિ હોય છે. કોઇપણ રાજયની સંસ્કૃતિનો વિકાસ તેના ઐતિહાસિક, સાંસ્કૃતિક અને પ્રાકૃતિક સંપત્તિઓ પર આધારિત હોય છે. દેશમાં પ્રવાસન દેશની સંસ્કૃતિનું એક અભિન્ન અંગ છે. સમગ્ર વિશ્વમાં વિવિધ સ્થળોમાં પ્રવાસીઓ જયારે ભ્રમણ કરી રહયા છે ત્યારે રાજયના પ્રવાસન વિભાગે ગુજરાતની અંદર પણ ગુજરાતના આંગણે પણ કેટલું બધું વૈવિધ્યસભર આપણું પ્રાકૃતિક સૌંદર્ય છે તે જણાવવા માટે અનેક પ્રયત્નો કર્યા છે. આપણું ગુજરાત રાજય રમણીય અને ઐતિહાસિક ધરોહરથી ભરપુર છે ત્યારે પ્રચાર અને પ્રસારની શ્રુંખલાને પ્રયત્ન કરીને આગળ વધારી છે. આજે અભિગમ બદલાયો છે. આજનો સમય બ્રાન્ડીંગ અને માર્કેટીંગનો સમય છે ત્યારે ચાહે તે સરકારની યોજના હોય કે કોઇ કંપનીની પ્રોડકટ હોય, પરંતુ જો એને જાહેરાતનો અભિગમ અપનાવવામાં આવે તો જલદીથી બજારમાં એ વાત વહેતી થતી હોય છે અને એટલે જ આ રાજય સરકારે આ સદીના મહાનાયક શ્રી અમિતાભ બચ્ચનને બ્રાન્ડ એમ્બેસેડર બનાવી નિયુકત કર્યા છે. શ્રી અમિતાભ બચ્ચનની ક્ષમતા અને પ્રભાવનો ભરપુર ઉપયોગ કરીને પ્રવાસન વિભાગે તેમના કાર્યની અંદર વેગ આપ્યો છે જે ખુશીની વાત છે. કુછ દિન તો ગુજારીયે ગુજરાતમેં.એ વાત કહેવાની નથી અનુભવવાની છે. પૂજ્ય મહાત્મા ગાંધીજીના પોરબંદરનું જન્મસ્થાન હોય, આપણા સોમનાથનું યાત્રાધામ હોય કે જૂનાગઢનું ગીર કે કચ્છનું રણ હોય, પરંતુ તમામ બાબતોને વિકસાવીને, આકર્ષીને ખુદ ગુજરાતીઓને ખબર નથી એ પ્રકારે આ બધી બાબતોને જાહેરાતના સ્વરૂપે લાવીને પ્રવાસીઓની સંખ્યામાં અભૂતપૂર્વ વધારો કર્યો છે. આ રાજય સરકારે અનેક ઉત્સવો ઉજવીને દેશ વિદેશના પ્રવાસીઓને આમંત્રિત કર્યા છે. આવા ઉત્સવો ઉજવાતા હતા ત્યારે ટીકાકારો ટીકા કરતા હતા કે આવા ઉત્સવો ઉજવીને આ પૈસાના ધુમાડા બંધ કરો. પરંતુ આપણા વિઝનરી દીર્ધદ્રષ્ટા એવા દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇએ આપણા વંશ પરંપરાગત આપણા તહેવારોને

ઇનોવેટિવ બનાવીને નવરાત્રિ, પતંગોત્સવને ઇન્ટરનેશનલ સ્થાન આપીને દેશ વિદેશના અનેક લોકોને આમંત્રિત કર્યા. આ ઉત્સવોની અંદર ૨૫ લાખ જેટલા પ્રવાસીઓનો વધારો થયો છે.

ડિસેમ્બર–જાન્યુઆરી આવે એટલે કચ્છના રણોત્સવનો કાર્યક્રમ શરૂ થાય એમાં અનેક પ્રવાસીઓ ઉમટી પડે છે. મારે કહેવું છે કે કચ્છના રણના કણકણને માધ્યમ બનાવીને આ રાજ્ય સરકારે કચ્છ નહિ દેખા તો કુછ નહિ દેખા એવું રૂપાળું સ્લોગન આપીને જે અખાટ રણ હતું, તેને અપ્રતિમ સ્થાન આપવાનો આ પ્રવાસન વિભાગે પ્રયત્ન કર્યો છે. સાપુતારા હીલ સ્ટેશનની કોઇ જાણકારી નહોતી. હું એક શિક્ષક તરીકે વર્ગની અંદર  સર્પાકારે સ્થાન રહેતું સાપુતારા અંગે વર્ષો સુધી ભણાવ્યું છે. પરંતુ આ સાપુતારાને રાજ્ય સરકારે સાપુતારા આંખો કા તારા આવું સરસ મજાનું સ્લોગન આપીને ખાલી માત્ર જંગલોથી છવાયેલો આદિવાસી આખા વિસ્તારનો વિકાસ કર્યો છે.  મારે સન્માનનીય ગૃહને કહેવું છે કે આપણી પાટણની રાણકી વાવને વર્લ્ડ હેરિટેજની અંદર સ્થાન મળ્યું છે તે આપણા સૌ માટે ગૌરવની વાત છે. સાથે સાથે પાટણના પટોળાને આ બાબતનું પણ રજિસ્ટ્રેશન મળ્યું છે. વિશ્વની સંસ્કૃતિમાં આપણી ગુજરાતની સંસ્કૃતિનો ઉંમેરો થયો છે, જે આનંદની વાત છે. મારા સુરેન્દ્રનગર જિલ્લામાં તરણેતરનો મેળો થાય છે. આ વિશ્વ વિખ્યાત મેળાની અંદર રાજ્ય સરકારના પ્રવાસન વિભાગે ખૂબ મહેનત કરી છે. નાના નાના રોજીરોટી મેળવતા હોય તે રમતવીરો હોય કે પશુપાલકો આ બધાને મેળાની અંદર લાવીને ગ્રામ્ય સંસ્કૃતિને આગળ લાવવાના પ્રયત્નો કર્યા છે. પછી ભવનાથનો મેળો, વૌઠાનો મેળો, ભાદરવી પૂનમનો મેળો હોય આ બધા મેળાને સાંસ્કૃતિક રીતે પ્રવાસનની સાથે જોડીને વેગવંતો બનાવવાનો પ્રયત્ન થયો છે.  આ બધી થઇ આપણા વારસાની વાત આપણી સંસ્કૃતિની વાત, પરંતુ કહેવું છે કે આ બધા પ્રવાસીઓ આવે છે, એમને સુખ, સગવડની એટલી જ ચિંતા કરવી પડશે. એમને આપવામાં આવતી સેવા એટલી જ ગુણવત્તાવાળી આપવી પડશે. માનનીય મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યા છે તેમાં હું સમર્થન આપું છું.

શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે ઉદ્યોગ, ખાણ ખનીજ અને પ્રવાસન વિભાગની માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

અહીયા ખેડૂતો વિષે ખૂબ કહેવામાં આવ્યું.  આ સરકાર ખેડૂતોની ચિંતા કરે છે એવી વાત કહેવામાં આવે છે. પરંતુ વાત એનાથી ઉલટી છે. આ સરકાર ઉદ્યોગોને વધારે મહત્વ આપે છે. ૨૦૦૨ માં ખેડૂતોને ૧૫,૬૯૫ મિલિયન યુનિટ વીજળી આપતા હતા અને આજે ૨૦૧૪ માં ખેડૂતોને ૧૫,૧૨૪ મિલિયન યુનિટ એટલે ૫૭૧ મિલિયન યુનિટ જેટલી ઓછી વીજળી મળે છે. સરકારે ૧૦ વર્ષમાં ૬ લાખ કનેકશનો ખેડૂતોને નવા આપ્યા. છતા વીજ પુરવઠો ઘટતો જાય છે. અહીયા વાત  કરીશ કે ખેડૂતોને ખેતી વિષયક વીજ કનેકશન ૬ લાખ કરતા વધારે પેન્ડિંગ પડેલ છે અને અત્યારે દુષ્કાળ જેવી પરિસ્થિતિ છે. સરકારે આની ચિંતા કરવી જોઇએ. કનેકશન આપ્યા હોત તો આ ખેડૂતમાં ઘણી બધી કુશાગ્ર બુદ્ધિ છે. વરસાદ અનિયમિત છે.  જો સમયસર વરસાદ પડે તો એડવાન્સ કનેકશન મળ્યા હોત તો બોર, કૂવાથી એ ખેતી શરૂ કરી શક્યા હોત. સરકારની દીર્ઘદ્રષ્ટી નથી.

આજે એક જ સરવે નંબરમાં અથવા એક જ બ્લોકમાં એક જ વીજ જોડાણ સિંચાઇ માટે આપવના નિયમો સરકારે દૂર કરવા જોઇએ. એક જ કુટુંબના બે ભાઇઓ હોય એક બોર કે એક કૂવો હોય અને એની વહેંચણી થાય ત્યારે કઇ રીતે નવો બોર કે નવો કૂવો કરી શકે અને જો તે કરે તો તેનો ખર્ચ પણ વધારે આવે છે.તેવા સમયે એક બ્લોકમાં ખેડૂતોને સિંચાઇ માટે કનેકશન આપવાના છે અને તેમાં જે નિયમ છે તે દૂર કરવો જોઇએ. મોટાભાગે ખેતરમાં ગામની વસ્તી સ્થાયી થઇ હોય, લોકો પોતાના ખેતરમાં વસવાટ કરતા હોય. એન.એ. કરવામાં ન આવી હોય તેવી જમીન હોય છે. એટલે ખેડૂત ખેતરમાં ત્યાં રહેણાંકનું મકાન બનાવતો હોય છે. પોતાના ખેતરમાં ર, ઢોર, ભૂંડ, નીલગાયના ભેલાણથી પાકને બચાવવા માટે ત્યાં પોતાનું નિવાસ સ્થાન કરતો હોય છે તેવા સરકારે તેમને જ્યોતિગ્રામ યોજનામાંથી સીમમાં વસતા ખેડૂતોને રહેઠાણ માટે કનેકશન આપવા જોઇએ. આ સરકારે એવો પરિપત્ર કર્યો છે કે વીસનું ગૃપ હોય તો જ તેને કનેકશન આપવા જોઇએ. એટલે આ પરિપત્ર ગામમાંથી સીમમાં રહેતા હોય તેવા ખેડૂતો માટે દૂર કરવો જોઇએ. આ

સરકાર ખેડૂતોને છ થી આઠ કલાક વીજળી આપે છે.ખરેખર વધારે સમયે વીજળી આપવી જોઇએ. કારણકે તેમની પાસે બોર–કૂવા બધુ હોય છે કે જેથી ચોવીસ કલાક પાણી મળી રહે. કનેકશન ન હોય તો ખેડૂત શું કરે? તે બિચારો–બાપડો થઇ જાય છે. હવે આ ગુજરાતમાં જે ડાર્કઝોન હતો તે દૂર થયો છે અને ડાર્કઝોન મુક્ત ગુજરાત બન્યું છે. એટલે લાંબા સમયથી જે માગણીઓ હતી તેની પૂર્તતા સરકારે કરવી જોઇએ.

મારો વિસ્તાર પહેલાં ખેડા જિલ્લામાં હતો તે અત્યારે મહિસાગર જિલ્લામાં આવે છે. તેમાં વીરપુર તાલુકો જી.ઇ.બી. સાથે સાબરકાંઠાના સાઠંબા સાથે જોડાયેલ છે. ૬૨ જેટલા વીરપુર તાલુકાના ગામ છે. આ ગામોને દૂર સુધી જવું પડે છે એટલે ત્યાં અમે સબડીવીઝનની માગણી વર્ષોથી કરી છે. આ ડીવીઝન માટે કાર્યભાર થઇ રહ્યો છે. તો આ સબડીવીઝન વહેલી તકે મળે તેવી મારી માગણી છે. અહીં પ્રવાસન અંગેની વાત કરી છે. તો તત્કાલિન મુખ્યમંત્રી  શ્રી નરેન્દ્રભાઇ મોદીએ તે વખતે ફાગવેલ ગામથી ગૌરવયાત્રા શરૂ કરેલી. ફાગવેલ એક યાત્રાધામ છે. ગૌરક્ષકના એવા મહાન વીર ભાથીજીનું યાત્રાધામ છે. આખા ગુજરાતમાં બધે પ્રવાસન ધામો પછી તેમાં સ્વરૂપસાગર હોય કે કેદારેશ્વર હોય અથવા કલેશ્વરી જાહેર કર્યા છે. આ ફાગવેલનો ઉપયોગ કર્યો પણ યાત્રાધામ તરીકે વિકાસ કરતા નથી. હજારો યાત્રિકો ત્યાં આવે છે. ડાકોર પણ એવું છે કે ત્યાં હજારો યાત્રિકો આવે છે. રણછોડરાયનું ધાર્મિક બિંદુ છે. એવા સમયે ગયે વખતે મંત્રીશ્રી નીતિનભાઇ પટેલે ખાતરી આપેલી કે ડાકોરમાં માળખાકીય સુવિધાઓ જેવી કે રસ્તા વગેરે છે તે કરીશું. આજે રસ્તાઓ પહોળા કરવા જોઇએ અથવા બાયપાસ કરવો જોઇએ તે આ સરકારે ધ્યાન પર લીધેલ નથી. મારા વિસ્તારમાં રૈયાલી ખાતે ડાયનાસોર પાર્ક આવેલ છે. વિશ્વમાં એક જ જગ્યાએ મળેલ છે તેવા આ વિસ્તારને ડેવલપ કરવા માટે સરકારે બજેટમાં કોઇ જોગવાઇ કરી નથી.

શ્રી અશોકકુમાર ર. પટેલ(ગાંધીનગર (ઉત્તર)) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પ્રવાસન વિભાગની ૫૧ નંબરની માગણી રૂપિયા ૬૫૦ કરોડની લઇને આવ્યા છે તેને મારું સમર્થન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વભરમાંથી ગુજરાતમાં પધારી રહેલા પ્રવાસીઓને ગુજરાતના પાટનગરના ધારાસભ્ય તરીકે મારે કહેવું છે કે ચાલો ફરીએ માર્ગમાં જયાં જયાં મળે પ્રવાસી, તેને હ્દયમાં ઉતારીએ. આપણા ગુજરાતને જોવા જેવું, જાણવા જેવું અને માનવા જેવું જો કોઇએ બનાવ્યું હોય તો તેના પથમાં વિકાસ, વિકાસ અને વિકાસ રહેલો છે. તેના મૂળમાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને આજના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી, આજના મુખ્યમંત્રી આનંદીબેનનો ખૂબ સિંહફાળો રહેલો છે. ગુજરાતની સફળતા ખૂબ સુંદર રીતે આગળ વધી રહી છે ત્યારે પ્રવાસન નિગમમાં ગુજરાતનું નામ મોખરે રહ્યું છે. રાજય સરકારના પ્રયત્નોને આધારે પ્રવાસન નિગમની સુંદર કામગીરીના કારણે ગુજરાતમાં પ્રવાસીઓની સંખ્યામાં ખૂબ વધારો થયેલો છે. ૨૦૧૨–૧૩માં પ્રવાસીઓની સંખ્યા ૨૫૪.૬ લાખ જેટલી હતી તે વધીને ૨૦૧૩–૧૪માં ૨૮૭.૮૮ લાખ જેટલી થઇ છે. જેમાં વિવિધ ભાગમાં જોઇએ તો પ્રવાસીઓની સંખ્યા અન્ય પ્રાન્તોમાંથી આવેલી ૬૦.૬૧ લાખ જેટલી થવા જાય છે. એન.આર.આઇ.માં ૩.૩૮ લાખ જેટલી પ્રવાસીઓની સંખ્યા થવા જાય છે, વિદેશી પ્રવાસીઓની સંખ્યા જોઇએ તો ૨.૨૮  લાખ જેટલા વિદેશી પ્રવાસીઓએ આપણા ગુજરાતની મુલાકાત લીધી છે.

મને જણાવતા આનંદ થાય છે કે, પ્રવાસન વિકાસ લોકોના આર્થિક વિકાસ સાથે સંકળાયેલો છે એનો સંબંધ પણ રહેલો છે. પ્રવાસન સ્થળોમાં થયેલા વિકાસને કારણે આસપાસમાં રહેતા લોકોને આજીવિકા પણ આને લીધે મળતી થઇ છે. એના લીધે હસ્તકળા કારીગરોને બજાર પણ મળ્યું છે. પ્રવાસીઓની સંખ્યા વધતા તાલિમબદ્ધ ગાઇડોની સુંદર વ્યવસ્થા ગુજરાત સરકારે કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતી એટલે ભક્તિ, આસ્થા, શ્રદ્ધાનો ત્રિવેણી સંગમ અને એટલે જ અંદાજ પત્રમાં ચાણોદ–કરનાળી, ઉત્કંઠેશ્વર, ગલતેશ્વર જેવા ધાર્મિક સ્થળોના વિકાસ માટે આ સરકારે ૪૬ કરોડ રૂપિયાની જોગવાઇ પણ કરી છે. આ ઉપરાંત પવિત્ર યાત્રાધામની માળખાકીય સુવિધા માટે રૂપિયા ૧૦૦ કરોડનું આયોજન પણ કરવામાં આવ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે વિપક્ષના મિત્રોને કહેવું છે કે, બજેટની બૂકની અંદર પાના નં.૨૪ ઉપર જે જોગવાઇઓ કરવામાં આવી છે એનો ઉંડો અભ્યાસ કરજો અને જ્યાં ખામી હોય એનું સૂચન પણ કરજો અમારા મંત્રીશ્રીઓ ખૂબ દિલાવર છે તમારા સૂચનને પણ સ્વીકારશે. મારે એક વાત બીજી પણ કહેવી છે કે,

આપણા બ્રાન્ડ એમ્બેસેડર અમિતાભ બચ્ચના શબ્દોમાં કહું તો " સચ ઔર જુઠ કો પહેચાનના સીખો, દુનિયા ઝૂકતી હૈ ઝૂકાના શીખો, બન સકતે હો તુમ ભી મુકદર કા સિકંદર બસ અપને દમ પે વક્ત કો પહેચાનના શીખો" માનનીય અધ્યક્ષશ્રી, પ્રવાસન વિભાગની માગણીઓ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે ત્યારે મારે મારા સાથી પક્ષના મિત્રોને પણ વિનંતી કરું છું કે સહકાર આપો અને આ માગણીઓને હું મારું સમર્થન આપું છું.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી એમની માગણીઓ લઇને આવ્યા છે એના ઉપર મારા વિચારો આપના મારફત એમને પહોંચાડવા માગુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં કુલ વીજળી ઉત્પદનના ૧૦ ટકા વીજળી અંદાજીત ખેતીવાડીમાં વપરાતી હશે. માનનીય ઉર્જા મંત્રીશ્રીને મારે ધ્યાન દોરવું છે કે, રાજયની અંદર ઉદ્યોગપતિઓ અને બીજા જે આપની પાસે વિભાગો છે એમાં સમય ફાળવો છો તો એમાંથી થોડો સમય ખેડૂતો માટે કાઢી અને ખેડૂતોની શું વ્યથા છે એમાં આપ સમય આપો એટલી આપના મારફત વિનંતી છે. અહીંયા અમરસિંહ ચૌધરીની વાત કરવામાં આવી, અમરસિંહ ચૌધરીની સરકારે ખેડૂતોને મીટર કાઢી અને હોર્સ પાવર ઉપર વીજળી આપી એના પછી શંકરસિંહજી વાઘેલાની સરકાર વખતે વીજળીવેગે એમણે કામ કરીને ૧૦૦ રૂપિયા હોર્સ પાવરે ઘટાડ્યા એમણે એના પછી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી જ્યારે આંદોલન કર્યું ત્યારે એમ ભારતીય જનતા પાર્ટીની સરકારે વચન આપ્યું હતું કે અમે સત્તા ઉપર આવીશું તો ખેડૂતોને મફત વીજળી આપીશું. રસ્તાઓ રોક્યા હતા, ઝાડો કાપ્યા હતા, ભયંકર આંદોલનો કર્યા હતા ત્યારે મારે યાદ અપાવવું છે કે, એના પછી આપ સત્તા ઉપર બિરાજ્યા, જેમ ચક્રવર્તી વ્યાજ રાત અને દિવસ વધે એમ ખેડૂતો ઉપર તમે અપાર વીજળીનો ભાવ વધારો કરતા રહ્યાં. અત્યારે જો મંત્રીશ્રી આપ સસ્તી વીજળી આપવા માંગતા  હો તો હરિયાણા, પંજાબ, આંધ્રપ્રદેશમાં જે ધોરણે વીજળી મળે છે એ ધોરણે ખેડૂતોને આપ વીજળી આપો તો ખેડૂતોને ન્યાય આપ્યો ગણાશે.

મારે ટૂંકમાં મારી વાત કરવી છે. જે વિસ્તારમાંથી હું આવું છું ત્યાં ફક્ત જમીનમાંથી બોરમાંથી પાણી ખેંચી અને લોકો પોતાનું જીવનનિર્વાહ નિભાવે છે.  બનાસકાંઠા જિલ્લાની અંદર બીજા કોઇ ઉદ્યોગો નથી. હમણાં મેં મારા પોતાના ખેતરમાં ૯૨૫ ફૂટ ઉંડો બોર કરાવ્યો.  આજથી પાંચ દસ વરસ પહેલાં ૧૦ હોર્સ પાવરની મોટર ચાલતી હતી અને ૩ ના પાઇપે પાણી આવતું હતું.  અત્યારે ૪૦ હોર્સ પાવરની મોટર ચાલે છે અને પાણી ૩ ઇંચની પાઇપથી જ આવે છે.  તમે જો સરખો ન્યાય આપવા માગતા હો તો પાણીનો જે આવરો છે ૩ ઇંચની ત્રિજ્યાની પાઇપ હોય એક જગ્યાએ ૧૦ હોર્સ પાવરની મોટરથી પાણી નીકળતું હોય અને બીજી જગ્યાએ ૩૦ કે ૪૦ હોર્સ પાવરની મોટરથી પાણી નીકળતું હોય એ ધ્યાનમાં રાખીને આપ આપો. બનાસકાંઠા જિલ્લાની અંદર નાના અને સિમાંત ખેડૂતોને વીજ કનેકશન લેવું હોય તો એ લઇ શકતા નથી. એક વીજ કનેકશન નાના કે સિમાંત ખેડૂતને લેવું હોય તો એની પાસે ૩ લાખ રૂપિયા હોય તો એને વીજ કનેકશન મળે છે.   અગાઉના વખતમાં ૫૦૦ રૂપિયા ભરતા વીજ કનેકશન મળતું. બીજા કોઇ એસ્ટીમેટ એને ભરવાના આવતા નહોતા.  અત્યારે બે બે લાખ રૂપિયા જોઇએ અને કુવારા અને બીજુ બધું લાવીને ગોઠવવું પડે તો જ કનેકશન મળે છે.  બનાસકાંઠા જિલ્લાની અંદર એક લાખ કનેકશનો પડતર છે.  સૌરભભાઇ સાહેબ આપ એટલી ખાતરી આપો કે બીજા કામમાં જેટલી ખબર રાખો છો આપ સરવે કરાવો નાના અને સિમાંત ખેડૂતોએ ભેંસ લીધી હોય તો દૂધ મંડળીનું દેવું જુદું, સેવા સહકારી મંડળીની લોન લીધી હોય તો દેવું જુદું. વાર્ષિક ધિરાણ કરતી લીડ બેન્કમાંથી ધિરાણ લીધું હોય તો એનું દેવું જુદું,  ખેડૂતો દેવાના ડુંગરમાં ડૂબી ગયા છે.  જો આપ ખરેખર ખેડૂતોનું હિત ચાહતા હો તો હું તમામ ખેડૂતોની વાત નહિ કરતાં નાના અને સિમાંત ખેડૂતોને જે વીજળી આપો છો એનો ભાવ તમે ઓછો લો અને રાહત દરે વીજળીના કનેકશન તમે આપો તો જ તમે ગરીબોના બેલી છો એમ કહેવાશે એટલું કહીને મારી વાત પૂરી કરું છું.

શ્રી પ્રફૂલ્લભાઇ છ. પાનશેરીયા(કામરેજ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તે પૈકી માગણી નંબર–૫૦ ઉપર મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું અને તે માગણીને મારું અનુમોદન આપું છું.

ખનિજ સંશોધન માટે રાજ્ય સરકારે પૂરા ગુજરાતની અંદર અથાગ પ્રયત્ન કરી અને બોકસાઇટ વિગેરે જેવા ખનિજો પ્રાપ્ત કરવા માટેનો એક સોલીડ પ્રયત્ન કર્યો છે. સ્ટેટ જીઓલોજીકલ પ્રોગ્રામીંગ બોર્ડ દ્વારા વિવિધ વિસ્તારોમાં ખડકો અને ખનિજનું પૃથ્થકરણ કરી અને અનેક જગ્યાએ શારકામ અને સંશોધન કરવા માટેનો એક સરસ પ્રયત્ન કરવામાં આવ્યો છે. શારકામ દ્વારા લિગ્નાઇટ, બોકસાઇટ, લાઇમ સ્ટોન વિગેરે પ્રાપ્ત થયા છે તે જ રીતે બાહ્ય સ્ત્રોત દ્વારા જામનગર જિલ્લામાં ૯૧૩૯ મીટર ખનિજ સંશોધન માટે અને ભરૂચ, સુરત જિલ્લામાં ૪૪૦૧ મીટર સંશોધનની કામગીરી કરેલ છે અને એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. વર્ષ ૨૦૧૪–૧૫માં જામનગર જિલ્લામાં લાઇમ સ્ટોન ખનિજ માટે ૧૬૦૦૦ મીટર જેટલી અંદાજિત કામગીરી કરી અને ખનિજ ક્ષેત્રે સંશોધન માટેની એક આગવી ઓળખ ભારત દેશની અંદર આપી છે. રાજ્ય સરકાર દ્વારા કચ્છમાં અત્યાર સુધીમાં ૨૬૮૦૦ કિલોમીટરનો એરિયા સરવે હેઠળ લઇ ૨૬,૮૦૦ કિલોમીટરના સર્વે હેઠળ લઇ અનેક નમૂનાઓ લઇ, પૃથ્થકરણ કરી અને ખનિજ પ્રાપ્ત કરવા માટેનો એક પ્રયત્ન કરવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ક્રૂડ ઓઇલની રોયલ્ટીમાં પણ ઓ.એન.જી.સી.દ્વારા ખોટી ગણતરી કરી આ રાજય સરકારને કેન્દ્ર સરકારે, જે તે સમયની કોંગ્રેસ સરકારે આ ગુજરાતને દસ હજાર કરોડની ખોટ આપી હતી. ખોટી ગણતરીના કારણે ૨૭૦૦ કરોડના બદલે ૭૦૦ કરોડ આપતા હતા તે જ રીતે ૧૦ હજાર કરોડનું નુકસાન કરી ગુજરાતને અન્યાય કરવા માટે માનનીય નામદાર કોર્ટે જયારે ન્યાય આપ્યો ત્યારે એ પ્રાપ્ત થયુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકારના ખાણ મંત્રાલય વિભાગ જીઓલોજીકલ સર્વે ઓફ ઇન્ડિયા સાથે રહી કચ્છના જીયો કેમિકલ મેપીંગની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે એ અન્વયે કચ્છ જીલ્લામાં અત્યાર સુધીમાં તેમજ હાલના તબક્કે જામનગર, ખેડા, ભરૂચ, વલસાડ, સુરત, નવસારી, ભાવનગર વગેરે દરિયા કિનારે જીયો કેમિકલ મેપીંગની કામગીરી શરૂ કરી જેમાં ૨૪૮૧ ચો.કિલોમીટર સર્વે કરી અને ૨૭૨૧ નમૂના એકત્રિત કરી અને પૃથ્થકરણ કરવામાં આવ્યુ છે. જયારે દેશની અંદર માનનીય નરેન્દ્રભાઇ મોદી દેશને નવી દિશા આપી રહ્યા છે ત્યારે દેશ જાગી રહ્યો છે, *ચલ પડા હૈ દેશ નરેન્દ્રભાઇ મોદી કે સાથ, કોંગ્રેસ સો રહી હૈ.* જેનું મોડેલ યુધ્ધ તરીકે આખા ભારતની અંદર પ્રેઝન્ટેશન કર્યુ એ મોડેલ જ સાંસદની અંદર સૂતુ હતું. ખાણ અને ખનિજ વિભાગની અંદર ગુજરાતે જે કામગીરી કરી છે એ યુ.પી.એ. સરકારે પણ વખાણી છે, એમની પ્રસંશા કરી છે. જયારે •(xxxxxx) કોંગ્રેસની સરકારે કર્યુ હતુ ત્યારે..

અધ્યક્ષશ્રી : હું (xxxxxx) શબ્દ દૂર કરું છું.

શ્રી પ્રફૂલ્લભાઇ છ. પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ ભારતે આઝાદી પછી સૌથી શ્રેષ્ઠ કામગીરી હોય કોંગ્રેસની તો એ (xxxxx) છે. ખાણ અને ખનિજ દ્વારા રાજય સરકારમાં વર્ષ ૨૦૧૪–૧૫ની અંદર ૧૧૬૫ માઇનીંગ લીઝ અને ૬૯૭૭ કવોરી લીઝ મળીને કુલ ૮૧૪૨ લીઝો દ્વારા આ રાજય સરકારને ૮૦૩ કરોડ રૂપિયાની મહેસૂલી આવક થઇ છે. ખનિજ ક્ષેત્રે ધ્રાંગધ્રા અને અંબાજીમાં કારીગરો સારી રીતે ટેકનિકલ રીતે કામગીરી કરી શકે, તેમને ઉચ્ચ પત્થરના ઘડકામ માટેનું જ્ઞાન મળી રહે તે માટેનું એક તાલીમ કેન્દ્ર પણ શરૂ કરવામાં આવ્યુ છે. અને ૫૫૨ કારીગરોને શ્રેષ્ઠ તાલીમ આપી અને કુશળ કારીગરોનું નિર્માણ થયુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સમગ્ર ખાણ અને ખનિજ વિભાગ દ્વારા લીઝને ઇ–ટેન્ડરીંગ, ઇ–પેમેન્ટ અને રોયલ્ટી પાસ વગેરે કોમ્પ્યુટર દ્વારા, નેટ દ્વારા જે તે વિસ્તારની અંદર મળી શકે, આ આધુનિક

• માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવ્યા.

ટેકનોલોજીનો ઉપયોગ કરી રાજય સરકારે ભારતની અંદર પ્રથમ ઉદાહરણ પૂરું પાડયું છે. આ મૉડેલને યુ.પી.એ.સરકાર દ્વારા પણ સમગ્ર ભારતની અંદર નિર્માણ કરવા માટેની બાંયેધરી આપી ઉત્તમ કામ કર્યુ હતુ.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જયારે આ માગણી લઇને આવ્યા છે ત્યારે હું મારા વિચારો રજૂ કરી એમને પૂર્ણ અનુમોદન આપું છું. અસ્તુ.

શ્રી સૌરભભાઇ પટેલ ( ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજે હું આ ગૃહની અંદર જે માગણીઓ લઇને આવ્યો છું એમાં ઘણા બધા સભ્યશ્રીઓએ એમના વિચારો રજૂ કર્યા છે. આ જે વિચારો રજૂ કર્યા છે એના ઉપર માહિતી હું આપવા માગું છું એટલે ખાસ કરીને વિરોધપક્ષના મિત્રોને શાંતિથી સાંભળવા માટે વિનંતી કરૂં છું.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા દસકામાં ગુજરાતે દેશને દિશા બતાવી છે અને આના કારણે ગ્રોથ એન્જિન તરીકેની ઓળખ થઇ છે. તમે જુઓ, એનર્જી હબ ઓફ ધી નેશન, પેટ્રો કેપીટલ ઓફ ધી નેશન, આ બધા નામોથી આખા દેશમાં ગુજરાત ઓળખાય છે. આના ઓળખાણના કારણો છે. ૨૦૦૨ની અંદર આ જયારે જીઇબી હતું એ વખતે ત્યારે આપ સૌ મિત્રો સાક્ષી છો કે, ૨૫૦૦ કરોડનું નુકસાન હતું અને એ વખતે ટ્રાન્સફોર્મર ખરીદવાના પૈસા નહીં, તમે ખાલી કોઇ કર્મચારીને પૂછી જોઓ કે પગાર કેટલા દિવસે મળતો? વીજળી ઉત્પાદન કરવા માટે, કોલસો લાવવા માટે રૂપિયા નહીં અને એવી પરિસ્થિતિમાં આજે આપણે એનર્જી હબ તરીકે ઓળખાણ કરી છે. ૨૫૦૦ કરોડ રૂપિયાના નુકસાનમાંથી આપણે પાંચસો- પાંચસો કરોડ રૂપિયાના નફામાં છેલ્લા ઘણા વર્ષોથી આવ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, જનરેશન કેપેસીટીની વાત કરૂં. એ પછી આપનો જે પ્રશ્ન છે ખાનગી વીજળી ખરીદવાનો એની બહુ વિગતવાર વાત કરવા માગું છું એટલે શાંતિથી સાંભળજો. જનરેશન કેપેસીટી ૨૦૦૨માં ૮૬૫૬ હતી, એ આજે વધીને ૨૩૮૮૩ થઇ છે, ૧૭૩ ટકાનો વધારો થયો છે. આ ઓપન ચેલેન્જ છે મિત્રો, એક પણ રાજય બતાવો કે આટલો ગ્રોથ થયો હોય. ઓપન ચેલેન્જ છે તમને. બીજુ, ટ્રાન્સમીશન સબસ્ટેશન ૭૩૦ અને ૧૪૭૦ એટલે કે સો ટકાનો વધારો. દશ બાર વર્ષની અંદર. ખેડૂતોના કનેકશન ૬ લાખના ૧૧ લાખ થયા, ૮૩ ટકાનો વધારો. ડીસ્ટ્રીબ્યુશન લોસીસ જે ટી એન્ડ ડી લોસીસ, ૩૦-૩૫-૪૦ ટકા હતો, ચોપડે ગણાતો જ ન હતો એનો સાડાબાર ટકા થયો. મિત્રો, આ છેલ્લા બાર વર્ષમાં કરેલી મહેનતના પરિણામ છે.

વીજળી ઉત્પાદનની વાત કરીએ તો, અહીંયા મારા મિત્રો કહે છે કે, આખા દેશમાં પર પરસેન્ટેજ જુઓ. વીજનું ઉત્પાદન કયાં વધારે છે? મહારાષ્ટ્રના હમણાં વખાણ કરતા હતા ડેવલપ્ડ સ્ટેટ તરીકે, એક મેગાવોટ દસ હજાર લોકોનું છે, ત્યારે આપણા દસ હજાર લોકોએ ૧.૩૫ ટકા જનરેશન કરીએ છીએ એટલે આ ૩૫ ટકા એમનાથી વધારે છે અને જયારે બેઠાને ત્યારે એન્વાયરમેન્ટ કલીયરન્સથી માંડીને જગ્યાઓ નકકી કરવાની, કોલસો નકકી કરવાનો, આ બધુ જ કરતાં- કરતાં વર્ષો લાગે છે અને આ પ્લાનિંગ કર્યું છે સીસ્ટેમેટીકલી, તો આના કારણે છેલ્લા સાત વર્ષમાં ૯૩૮૧ મેગાવોટનું ઉત્પાદન થયું છે. મિત્રો, ૨૦૧૪-૧૫ માં ૧૦૦૦ મેગાવોટ ઉત્પાદન થવાનું છે અને ૨૦૧૫-૧૬માં ૩૦૦૦.. . (અંતરાય)

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, જીઇબી, સરકારી ઉત્પાદન કેટલું અને ખાનગી ઉત્પાદન કેટલું? તમે ટી એન્ડ ડીના લોસ મને તમે તમારા આપોને? •(xxxxxx) ફાર્માસ્યુટિકલ્સમાં આપણે નંબર-વન છીએ તો એનો ફાર્માસ્યુટીકલનો જવાબ આપોને.

અધ્યક્ષશ્રી : એમને જવાબ આપવા દો.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, એ જવાબ આ રીતે આપે તો અમને સમજાય કે આ સરકારી છે ને આ ખાનગી લોકો છે.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ધીસ ઇઝ નોટ ફેર, આપની જવાબદારી છે એમને રોકવાની, આટલા બધા સભ્યશ્રીઓ બોલતા હતા ત્યારે આપ રોકતા હતા? આપને નથી..(અંતરાય)

---

• માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવ્યા.

અધ્યક્ષશ્રી : બધાના જવાબ આપશે.

શ્રી સૌરભભાઇ પટેલ : મેં એમને સ્પષ્ટપણે કહ્યું કે જવાબ આપીશ. શાંતિથી સાંભળો. (xxxxxx) (આ તબકકે કોંગ્રેસ પક્ષના મોટા ભાગના સભ્યશ્રીઓ એકીસાથે ઊભા થઇ ગયા.)

અધ્યક્ષશ્રી : એક મિનિટ. તમે બધા બેસો, બેસો. પ્લીઝ, તમે બધા બેસો. ભાઇ, તમને જવાબ, સૌરભભાઇ, મેં તમને નથી કહ્યું કે તમે આનો જ જવાબ આપો. એ ભલે, કોઇ રોકતા નથી. (અંતરાય) એ વિરોધ પક્ષના નેતાશ્રી છે અને એ ઊભા થઇને બોલે એ આપણે સાંભળવું પડે, તમે તમારે ચાલુ રાખો. બધા બેસો. (અંતરાય) બેસો બધા.

શ્રી સૌરભ પટેલ : નહીં, નહીં, •(xxxxxx) (અંતરાય) સમજ્યા અને હું એને દાખલા સાથે આપવા માગું છું (સતત અંતરાય)

અધ્યક્ષશ્રી : તમે તમારું ચાલુ રાખો ને.

શ્રી સૌરભ પટેલ : વણકબોરી સ્ટેશન...

અધ્યક્ષશ્રી : તમે એવી રીતે જવાબ આપો નહીં,તમે તમારું ચાલુ રાખો. તમે તમારે જે જવાબ આપવો હોય તે આપો. (અંતરાય) બધા બેસો. (સતત અંતરાય) બેસો, પ્લીઝ, બધા બેસો (અંતરાય) એ હજુ વાર છે ટાણું આવે ત્યારે ઊભા થજો ને.

પ્રશ્ન પૂછે ત્યારે ઊભા થજો. એમને બોલવા દો. (અંતરાય) આ કોઇપણ રીતે ના ચાલે, તેમને બોલવા દો. નહીં... (અંતરાય)

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વણકબોરીમાં ૨૦૧૦ માં અમે એન્વાયરમેન્ટ કલીઅરન્સનું સર્ટિફીકેટ માગ્યું હતું. અમે અનેક વખત રજૂઆત કરી છતાં પણ એ એન્વાયરમેન્ટ કલીઅરન્સ સર્ટિફીકેટ ના મળ્યું અને ૨૦૧૪ માં મંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રી ત્યાં ગયા (અંતરાય) સાંભળો, મને સાંભળો... (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્લીઝ, બધા બેસો. સૌરભભાઇ, આપ બેસો ને. તમે બેસો, શાંતિ રાખો. તમે બેસો.(અંતરાય) (સતત સૂત્રોચ્ચાર ચાલુ)

અધ્યક્ષશ્રી : શાંતિ રાખો, ભાઇ, તમને જવાબ આપે જ છે હવે. (અંતરાય) એટલે એમ કહો છો કે જવાબ આપવાનું બંધ કરે? તમને જવાબ તો આપે જ છે. (અંતરાય) સૌરભભાઇ, થોડીકવાર બેસો ને.

(સતત સૂત્રોચ્ચાર ચાલુ)

સૌરભભાઇ, શાંતિ રાખો ને. (અંતરાય) ભાઇ, પ્લીઝ, આપ બધા બેસો. તેમનો જવાબ સાંભળો અને પ્રશ્નોત્તરી વખતે એક બે પ્રશ્ન પૂછવા હશે તો પૂછવાનો ચાન્સ આપીશ, બાકી મંત્રીશ્રીને સાંભળો. (અંતરાય) તમારે ના સાંભળવું હોય તો પરાણે કહી શકતો નથી. મારી વિનંતી છે કે બધા બેસો અને મંત્રીશ્રીનો જવાબ સાંભળો. (અંતરાય)

અધ્યક્ષશ્રી : નહીં, નહીં, કાંઇ મારે બોલવું જ નહીં? (અંતરાય)

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : મારે કહેવું છે કે વિરોધપક્ષના નેતાશ્રીને (અંતરાય)

અધ્યક્ષશ્રી : એ મેં કહ્યું હતું કે બોલો, મેં મંજૂરી આપી હતી (અંતરાય) નહીં, નહીં, કાંઇ નહીં. (સતત અંતરાય) મારે કાંઇ બોલવાનું જ ન હોય.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, •(xxxxxx) એવા શબ્દો.....

અધ્યક્ષશ્રી : મેં એમને મંજૂરી આપી હતી, મેં વિપક્ષના નેતાને મંજૂરી આપી હતી. કાંઇ સવાલ નથી. આપ બધા બેસો. સાંભળો, હવે આપ બધા બેસો, (અંતરાય) તો પછી તમારું ચાલુ રાખો, જેમ કરવું હોય તેમ કરો.

(આ તબક્કે વિરોધપક્ષના સભ્યશ્રીઓ તરફથી સતત સૂત્રોચ્ચાર ચાલુ રહ્યા)

અધ્યક્ષશ્રી : હવે બહુ થયું, તમારે દેખાવ કરવાનો હતો એ થઇ ગયું, હવે જો આવી જ રીત હશે તો

• માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવ્યા.

• માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવ્યા.

એનો અર્થ એ થાય કે તમારે હાઉસ ચાલવા નથી દેવું. (અંતરાય) બલવંતસિંહ, કોઇ સવાલ જ ન હોય, વિપક્ષના નેતાએ કહ્યું, મેં એમને બોલવા દીધા. (અંતરાય) મારું કામ હાઉસને વ્યવસ્થિત રીતે ચલાવવાનું છે. તમને મેં ઘણી વાર સાંભળ્યા, પૂરી દસ મિનિટ (xxxxxx) દંડકને અને વિપક્ષના નેતાને મારે સાંભળવાના હોય, એક એક બધા બોલે તો એનો કોઇ અંત ન આવે. બલવંતસિંહ બસ, હવે બેસો. (અંતરાય) હું હંમેશા કહું છું કે રેકર્ડ ઉપર જો બિન સંસદીય શબ્દો હશે તો તે કાઢી નાખવામાં આવશે. આ મારી પરમેનન્ટ સૂચના છે. દરેક પ્રવચન અમે વાંચીએ છીએ અને જે તે વખતે વાંધો ન લીધો હોય છતાં પણ બિનસંસદીય શબ્દો હોય તો તે કાઢી નાખવામાં આવે છે. આ હાઉસમાં બે ને સાંભળવાના હોય છે, એક વિપક્ષના નેતા અને એક દંડક, બાકી બોલવાની ઇચ્છા તો બધાને થાય. (અંતરાય) આપે જે નિર્ણય કરવો હોય તે કરો. (અંતરાય) હવે બધા શાંતિથી બેસો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : મારે ખાસ આપનુ ધ્યાન દોરવું છે કે માનનીય મંત્રીશ્રી બોલતા હતા, વિરોધપક્ષના નેતાશ્રીએ આંગળી ઉંચી કરી અને આપે એમને પરમિશન આપી એટલે તેઓશ્રી વાત કરતા હતા ત્યારે રેકર્ડ ઉપર માનનીય મંત્રીશ્રી શું બોલ્યા છે એ આપ જૂઓ, (xxxxxx) આ યોગ્ય વાતાવરણ છે? આ રીતની વાત કરવાની છે?

અધ્યક્ષશ્રી : બીજો અવાજ આવતો હતો એટલે ખ્યાલ નથી, તેમ છતાં પણ જો રેકર્ડ ઉપર હશે તો એ કાર્યવાહીમાંથી દૂર કરીશ.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : એમણે એ શબ્દો વાપર્યા. અમે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવી જ ન શકીએ? અમારી વખતે મિનિટે મિનિટે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવતા હતા. એમણે કહ્યું કે •(xxxxxx) એમની પાસે પુરાવા હોય તો એ રજૂ કરે.

અધ્યક્ષશ્રી : પુરાવાનો સવાલ નથી કોણ શું બોલ્યું. રેકર્ડ ઉપરથી જોઇ લઇશ, બિન સંસદીય શબ્દો હશે, અપમાનજક શબ્દો હશે એ હું રેકર્ડ ઉપરથી કાઢી નાખીશ. (અંતરાય) તમે બધા બેસો. પ્લીઝ બેસો બધા, કાર્યવાહી ચાલવા દો. જો ભાઇ મારુ કામ હાઉસ ચાલે એના માટે છે. તમને બે ત્રણ અને ચાર વાર વિનંતી કરી અને અંતે વિનંતીનો પણ અંત આવતો હોય છે. (અંતરાય) માનનીય શક્તિસિંહ, મારે કોઇનું સાંભળવાનું જ નથી. બેનું જ સાંભળીશ, તમે જે વાત કરી લીધી, તમારી વાત સાંભળી લીધી, એને મેં ન્યાય આપ્યો. હું ચેક કરી લઇશ. તમે બધા શાંતિથી બેસો. કાર્યવાહી ચાલવા દો.(અંતરાય) બિન સંસદીય શબ્દ હશે એ કાઢી નાખીશું, અમે આ હાઉસની અંદર રોજેરોજનું રેકર્ડ ચેક કરીએ છીએ તેમ છતાં જે તે વખતે કોઇ બિન સંસદીય શબ્દ બોલ્યા હોય અને ધ્યાનમાં ન આવ્યું હોય એ પણ કાઢી નાખીએ છીએ. રેકર્ડ ઉપર બિન સંસદીય રહે એવું અમે કરતાં જ નથી. આપે જે નિર્ણય લેવો હોય તે લો, એ એમનુ પ્રવચન ચાલુ રાખશે. તમે બધા બેસો, શાંતિથી ઊભા રહેવું હોય તો ઊભા રહો નહિતર મને ખબર છે બધાના હેડ ફોન બંધ કરાવીને કાર્યવાહી ચાલુ રાખી શકાય પણ આ યોગ્ય નથી. તમે ઊભા હોય અને હાઉસ ચલાવવું. (અંતરાય) મેં વાત કરી એની સામે દલીલ ન હોય.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : દરેક ધારાસભ્ય પબ્લિકે મોકલેલા છે. ફરતા ફરતા નથી આવ્યા. અને વિરોધપક્ષનું પદ પરંપરા છે એ તમારી મહેરબાનીથી નથી થયા. મેં અહીં એ વાતનો ખુલાસો માગેલો, માગણીના અનુસંધાનમાં વિરોધપક્ષે ઊભા કરેલા મુદ્દાનો જવાબ આપવાનો હોય, મેં કહ્યું બે ભાગ કરો, ખાનગી પ્રોડકશન અને રાજ્યનું પ્રોડકશન. એ આંકડા આપો તો સારું એમાં આટલા બધા ગુસ્સામાં ટ્રેઝરી બેન્ચીસે જવાનું કારણ હું નથી જોતો. તમે બોલેલા શબ્દો વિથડ્રો નહિ કરો તો આ હાઉસ આજે તો નહિ પણ કાલે પણ નહિ ચાલે એ હું સાહેબ આપને કહું છું.

અધ્યક્ષશ્રી : માનનીય શંકરસિંહભાઇ, આપ આવ્યા એ પહેલા એમને કીધું. બેયનો જવાબ હું આપીશ એમ એમણે કહ્યું.

---

• માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવ્યા.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : એ સાંભળવા ટેવાયેલા નથી, એ વિથડ્રો નહિ કરે તો આ હાઉસને અમારો સહકાર નહિ મળે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી આપનુ પ્રવચન ચાલુ રાખો.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે વિરોધપક્ષના નેતાશ્રીનું એક વસ્તુ તરફ ખાસ ધ્યાન દોરવું છે કે આપ આવ્યા. આખા દિવસમાં મેં બધા સભ્યોને બહુ શાંતિથી સાંભળ્યા હતા. એક પણ વ્યક્તિના બોલવામાં કયારેય વચ્ચે મેં ઈન્ટરવીન નથી કર્યું અને હું મારા પ્રવચનમાં પહેલું બોલ્યો કે હું બધાના પ્રશ્નોના જવાબ આપવા તૈયાર છું. તમે મને શાંતિથી સાંભળજો અને પછી જેવું મેં પ્રવચન ચાલુ કર્યું અને હું આપને બધી વિગત આપવાનો હતો ત્યારે વિરોધપક્ષના નેતાશ્રીએ ઊભા થઇને ઈન્ટરવીન કર્યું અને એટલે હું વચ્ચે બોલ્યો કે આ ઠીક નથી. તમે અમને રક્ષણ આપો. એટલે મારે હજુ આપને કહેવું છે કે આપના જે કોઇ પ્રશ્ન.. (અંતરાય)

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : આવી ભાષા હતી જ નહીં..(અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, એમને બોલવા દો.

શ્રી સૌરભ પટેલ : આપના જે કોઇ પ્રશ્નો હોય, હું જવાબ આપવા તૈયાર હતો. અત્યારે પણ કહું છું કે આ ૨૦ મિનિટ બગડી. તમે એકસ્ટેન્ડ કરો. મારી પાસે જેટલી માહિતી હશે હું બધું આપને આપીશ. તમે શાંતિથી સાંભળવાની તૈયારી રાખજો. અહીં ખેડૂતોની વીજળી વિશેની વાત કરી. પ્રાઈવેટ સેકટરમાંથી વીજળી લેવાની વાત કરી. પેટ્રોલિયમ ક્ષેત્રમાં ખૂબ ગંભીર આક્ષેપો વિરોધપક્ષના નેતાશ્રીએ કર્યા છે. મારી વિનંતી છે, આ આક્ષેપો કર્યા છે, આજે આ વિધાનસભાગૃહને ખબર પડવી જોઇએ કે તેમાં કેટલું તથ્ય છે? પરંતુ..(અંતરાય)

અધ્યક્ષશ્રી : ભાઇ, સૌરભભાઇ, એ કહેતો'તો કહેતી'તીનો કોઇ પ્રશ્ન નથી. આપના જે કંઇ પ્રશ્નો હશે પાછળથી બે–ત્રણ જણને પૂછવા દઇએ છીએ તેમાં તમારે જે પૂછવું હોય તે પૂછજો. અહીં તેમને પ્રવચન.. જે તમે બોલ્યા તેનો જવાબ અપાય એટલો એ જવાબ આપશે. (અંતરાય)

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : I am not ready. એ ના પાડે કે આપની દખલગીરી મારે નથી જોઇતી. તો ફરીથી હું ઉભો થઇને આપની પાસે નહોતો કહેવાનો કે મારે કંઇક કહેવું છે. He should say I am not ready એના બદલે તમે •(xxxxxx) એવા...

અધ્યક્ષશ્રી : એવા કોઇ શબ્દ તમે બોલ્યા હતા ભાઇ, (અંતરાય) જયંતિભાઇ, તમે બેસો. તમે (xxxxxx) શબ્દ બોલ્યા હતા? (અંતરાય)

શ્રી સૌરભ પટેલ : સાંભળો, જૂઓ. મારે કયારેય પણ કોઇ પણ વ્યક્તિનું આ ફ્લોર ઉપર મેં આપમાન નથી કર્યું અને આજની તારીખમાં પણ મેં ઈન્ટરવીન કર્યું , જયારે મેં કોઇને આખા દિવસમાં ઈન્ટરવીન નથી કર્યું અને પોઇન્ટ ઓફ ઓર્ડર જેવો વિષય જ નહોતો. એટલે ઈન્ટરવીન કરવા જેવું હતું જ નહીં. મેં હાઉસમાં પહેલાં કહ્યું હતું કે હું બધી માહિતી આપવા તૈયાર છું અને વિનંતી કરી હતી શરૂઆતમાં અને અત્યારે પણ કહું છું..(અંતરાય)

અધ્યક્ષશ્રી : એ તો હું દંડકને અને વિપક્ષના નેતાને બન્નેને ગમે ત્યારે ઉભું થવું હોય ત્યારે હું છૂટ આપું છું. એ આ તરફ હોય કે આ તરફ હોય. કારણ કે એ મહત્વની વાત હોય તો જ તમે ઊભા થતા હો. આપણે હાઉસમાં કદાચ સમય ન હોય તો સમય પણ વધારી અને વાત તો સાંભળીએ જ છીએ બધાની. હવે શાંતિ રાખવી છે ને, સાંભળે ને બધાને.. (અંતરાય) એમાં કોઇ સવાલ નથી. મહેરબાની કરીને આપ શાંતિથી બેસજો, શાંતિ રાખજો. એવી આપને વિનંતી કરું છું.

શ્રી સૌરભ પટેલ : હું શું બોલ્યો છું એ આપ જોઇ લેજો અને યોગ્ય લાગે તો રેકર્ડમાં રાખજો. યોગ્ય ન લાગે તો રેકર્ડમાંથી કાઢી નાખજો.

અધ્યક્ષશ્રી : ઓ.કે.

---

• માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવ્યા.

શ્રી સૌરભ પટેલ : બરાબર ને, માનનીય અધ્યક્ષશ્રી.

અધ્યક્ષશ્રી : બરાબર. (અંતરાય) હવે ઊભા થવાની વાત નહીં. પ્લીઝ. પછી..નહીં, નહીં. આ ૨૨ મિનિટ થઇ. કોઇ સવાલ નથી. બેસો તમે.

શ્રી પંકજ દેસાઇ (દંડકશ્રી) : મંત્રીશ્રીએ કહી દીધું કે શબ્દો હોય તો કાઢી નાખજો.

અધ્યક્ષશ્રી : એમને કહેવાની જરૂર નથી. અમે કાઢી જ નાખીએ છીએ.

શ્રી પંકજ દેસાઇ : તો પણ કહી દીધું પછી શું પ્રશ્ન રહ્યો?

અધ્યક્ષશ્રી : તમે બેસો, પંકજભાઇ. તમારું પ્રવચન ચાલુ કરો પ્લીઝ. શાંતિથી બધા સાંભળજો. (સતત અંતરાય) તો હું રેકર્ડ ઉપર જોઇ લઇશ. કંઇ એવું હશે તો આવતી કાલે હું જેને જે કંઇ કહેવાનું હશે એ કહીશ. (અંતરાય) હું રેકર્ડ ઉપર જોઇ લઇશ અને મને એવું લાગે કે આ કોઇ વ્યક્તિના અપમાનજનક શબ્દ છે તો હું જે વ્યક્તિને જે કહેવાનું હશે એ હું કહીશ. તમે અવાજ કરો અને એ શું બોલ્યા એ કયાંથી સાંભળીએ? એ ઊભા થયા એ પહેલાં તો તમે બધા ઊભા થઇ ગયા. સાંભળ્યા હોય તો હું કહું જ. હવે પ્લીઝ બધા બેસો અને સાંભળો એવી આપને વિનંતી છે. તમે બધા બેસો, નીતિનભાઇ તમે ત્રણેય નહોતા, તમે કોઇ વચ્ચે ના બોલતા. નીતિનભાઇ હતા જ નહીં એમને પૂછવાની જરૂર નથી. તમે બેસો જયંતિભાઇ, મારે કોઇની જરૂર નથી. સૌરભભાઇ, આપ ચાલુ કરો.

(સતત સૂત્રોચ્ચાર)

અધ્યક્ષશ્રી : હવે પછી મારે પગલાં લેવા પડશે. મેં તમને ત્રણ થી ચાર વાર સમજાવ્યા, અને છતાંય તમારે આ હાઉસ (અંતરાય ) એ રીતે મારે કાંઇ નથી કરવાનું. હાઉસ બંધ રાખીને કોઇ કાર્યવાહી નથી કરવાની, મેં આપને કીધું એમના શબ્દો હું કાલે જોઇ લઇશ, જોયા પછી જે કંઇ જેને કહેવાનું હશે એમને હું કહીશ. હાઉસમાં જ કહીશ. શું કીધું એ પહેલા નકકી તો કરવું જોઇએને, સૌરભભાઇ તમારું ચાલુ રાખો. (અંતરાય ) પ્લીઝ હવે હાઉસ ચાલવા દો સરખી રીતે. આવી રીતે વિધાનસભાનું કામ જ ના થાય, તમે બોલતી વખતે બધા બોલી લો અને પછી છેલ્લે જવાબ આપે ત્યારે બધા ઊભા થાવ, એમને બોલવા દેવા હતાને, (અંતરાય )તમે ચાલુ કરો.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણે જે વાત કરતા હતા, (અંતરાય ) સભ્યશ્રીઓને જે માહિતી જોઇતી હતી કે કેટલા લોકો અને કઇ જાતનું આપણે ઉત્પાદન કરીએ છીએ, (અંતરાય ) મારે ઉત્પાદનની વિગતની માહિતી આપવી છે. (અંતરાય ) એટલે આપ ઉત્પાદનની માહિતીની વિગત લેશો (અંતરાય )

અધ્યક્ષશ્રી : બોલો બોલો તમે. તમે તમારું બોલો.

શ્રી સૌરભભાઇ પટેલ : સાહેબ આમાં કયાં ..

અધ્યક્ષશ્રી :કંઇ વાંધો નહીં તમે બોલો, તમારું અહીંયા રેકર્ડ ઉપર આવી જશે તમે જે બોલો એ, આંખો વીંચીને બોલો એવું હોય તો, જોવું જ નહીં કંઇ આજુ બાજુનું. (અંતરાય ) (સૂત્રોચ્ચાર)

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય )

અધ્યક્ષશ્રી : આ બધા મિત્રોને છેલ્લી સૂચના આપુ છું મહેરબાની કરીને હાઉસ ચાલવા દો. આપ હાઉસ ચાલવા દો મહેરબાની કરીને. (અંતરાય ) નહીંતર જેટલા લોકો પોતાના સ્થાને ઊભા છે એ તમામ લોકો સામે મારે પગલા લેવા પડશે. આ મારી આખરી સૂચના છે. (અંતરાય ) (સતત સૂત્રોચ્ચાર) તમારે જે નિર્ણય લેવો હોય એ બલવંતસિંહ લો. આ રીતે તો હાઉસ ચલાવાય જ નહીં. કોઇ રીતે નહીં સહન ભાઇ. (અંતરાય ) મારે કંઇ નથી સાંભળવું. (સતત સૂત્રોચ્ચાર)

અધ્યક્ષશ્રી : માનનીય બલવંત સિંહ શું કરવું છે, આમને આમ ઊભા રાખવા છે?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મારી વિનંતી છે કે આખા હાઉસમાં એક પણ સભ્યને પૂછો, જે રીતનું વર્તન થયું છે હું સીન્સીયરલી કહું છું આપ રેકર્ડ જોશો તો આપને પણ સારું નહીં લાગે.

અધ્યક્ષશ્રી : હું એ જ કહુ છું હું રેકર્ડ ઉપર શબ્દ જોઇ લઇશ.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આવું મેં પહેલી વખત જોયું, આટલા બધા બોલે છે મેં કોઇ દિવસ આવું વર્તન જોયું નથી.

અધ્યક્ષશ્રી : હું રેકર્ડ ઉપર શબ્દ જોઇ લઇશ, બાકી તમે એવી માગણી કરો કે અત્યારે જ રેકર્ડ ઉપર શબ્દ જોઇ લો અને અત્યારે જ નિરાકરણ કરો એ ના થઇ શકે. હું એ બાબત માનવા તૈયાર નથી. મેં તમને કીધું હું રેકર્ડ બરાબર ચકાસી જઇશ, અને જે કંઇ કહેવાનું હશે એ આવતીકાલે હાઉસમાં જેણે ખોટું કર્યુ હશે એને હું કહીશ. આ મેં સ્પષ્ટ વાત કરી છે. (અંતરાય ) જુઓ મારું કામ છે હાઉસ ચલાવવાનું, તમને બધાને વિનંતી કરુ છું, છેલ્લી ચેતવણી આપુ છું કે તમે શાંતિથી બોલવા દો, (અંતરાય ) (સૂત્રોચ્ચાર )

મંત્રીશ્રીનો પ્રસ્તાવ

સભ્યશ્રીઓને સભાગૃહની કાર્યવાહીમાંથી દૂર કરવા બાબત

શ્રી નીતિનભાઇ ર. પટેલ (આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આપની વારંવારની ચેતવણી અને વિનંતી છતાં માનનીય માનસિંહભાઇ આપની સામે, આપે કહ્યું કે આમ કરીશ, તો એમણે કહ્યું કે જે થાય એ કરી લો. એવી રીતે વર્તન કરે છે માટે માનસિંહભાઇને તથા સભાગૃહમાં કાગળો ફાડી ઉડાડવા બદલ સભ્યશ્રી અશ્વિનભાઇ કોટવાલને આવતીકાલ સહિત વિધાનસભામાં ન આવવા માટે મારી દરખાસ્ત છે તથા અન્ય સભ્યો એક મિનિટમાં શાંતિથી બેસી ન જાય તો ઊભા થયેલા તમામ સભ્યોને આજના દિવસ માટે વિધાનસભામાંથી બહાર કાઢવા મારી દરખાસ્ત છે.

શ્રી ગણપતસિંહ વે. વસાવા (સંસદીય બાબતોના મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આપ સાહેબશ્રીએ વારંવાર વિનંતી કરવા છતાં પણ વિપક્ષના મિત્રો ગૃહ ચલાવવામાં આપને મદદરૂપ બનતા નથી. જેથી કરીને માનનીય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ વિધાનસભાના નિયમો અનુસાર જે દરખાસ્ત લઇને આવ્યા છે એને હું મારો ટેકો આપું છું.

અધ્યક્ષશ્રી : માનનીય નીતિનભાઇએ જે પ્રસ્તાવ મૂક્યો છે અને માનનીય ગણપતભાઇએ જે પ્રસ્તાવને ટેકો આપ્યો છે એને હું મત માટે મૂકીશ.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : પ્રસ્તાવનો સ્વીકાર કરવામાં આવે છે.

(આ તબક્કે વિરોધ પક્ષના સભ્યશ્રીઓ દ્વારા ઊભા ઊભા સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા) (અંતરાય)

અધ્યક્ષશ્રી : શંકરસિંહ બેઠેલા હતા, એ રીતે એમના સિવાયનાને લાગું પડે છે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : હાઉસના માલિક આપ છો. રુલીંગ પાર્ટી નહીં. આપનો હુકમ અમારા માથા ઉપર. અમને આપ કાઢી શકો. પ્રસ્તાવ થાય, દરખાસ્ત મૂકાય, સપોર્ટ મળે એ ફોર્માલિટી લોકશાહીની પરંપરામાં બરાબર નથી. ટ્રેઝરી બેન્ચની માનસિકતા એવી હોવી જોઇએ કે, I f you are hurt so,I amsorry એવું જો મારાથી દુઃખ થયું હોય. શબ્દો પૂરતાં નથી. શબ્દોની સાથે એકશન હોય. એકશન એમાં ન આવે. હું એકશન અહીં કરું તો એ રેકર્ડમાં નહીં આવે. હું આમ આમ કરું તો રેકર્ડમાં નહીં આવે. એકશનથી પણ અમે હર્ટ થયા હોઇએ તો રુલીંગ પાર્ટીની જવાબદારી છે. સિનિયર કેબિનેટ મિનિસ્ટર છે.

અધ્યક્ષશ્રી : એકશન તો મેં જોઇ છે. મારે શબ્દો જ જોવાના છે અને એ રીતે મેં કહ્યું કે આવતીકાલે હું જોઇ લઇશ અને જે કહેવાનું હશે એ કહીશ એટલી મેં ખાતરી આપી છે. છતાં પ્રસ્તાવ મંજૂર થયો છે એટલે બાકીના ભાઇઓને વિનંતી છે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : અમે વોક–આઉટ કરીએ છીએ. આવતીકાલથી અસહકારની ચળવળ રસ્તા ઉપર એમની સામે ચાલુ રહેશે અને આ ગૃહમાં પણ ચાલુ રહેશે.

અધ્યક્ષશ્રી : જે કાયદેસર થતું હશે એ કરશે.

(આ તબક્કે વિપક્ષના નેતા સહિત કોંગ્રેસ પક્ષના તમામ સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર સાથે સભાત્યાગ કરી ગયા)

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૩ના કાયદા પ્રમાણે આપણે વીજળીનું ઉત્પાદન ખાનગી કરે કે પછી સેન્ટ્રલ કરે કે સ્ટેટ કરે, બધાને સત્તા છે. ખાનગી કરતા હોય ત્યારે બીડ પ્રોસેસથી આપણે વીજળી ખરીદતા હોઇએ છીએ. બીડ પ્રોસેસ કર્યા પછી કોની વીજળી ખરીદી જરૂરિયાત પ્રમાણે એ મેરિટ પ્રમાણે નક્કી થાય છે. આખા દેશમાં સફળતાપૂર્વક ખૂબ સારી રીતે બીડીંગ પ્રોસેસ કરી અને એ પ્રોસેસના કારણે આખા દેશમાં સૌથી સસ્તી વીજળી ગુજરાત રાજ્યે ખરીદી છે. અહીંયા જે સભ્યશ્રીઓએ વાત કરી, મારે એમાં કહેવાનું છે કે અદાણીનો વિષય મૂક્યો એટલે ખાસ કહું છું અદાણી આપણને એકલાને નથી વેચતા, આખા દેશને બધાને વેચે છે. અદાણીએ ગુજરાતને હજાર હજાર મેગાવોટના ૨ પાવર પ્લાન્ટ આપ્યા છે. એક ૨.૩૫ અને બીજુ ૨.૮૯ યુનિટ. આજની તારીખમાં આપણને વીજળી મળે છે. આજે અદાણી મહારાષ્ટ્રમાં ૩.૨૮ રૂપિયે આપી છે. આ જ અદાણીએ રાજસ્થાનને ૩.૨૪ માં આપ્યા છે. આ જ અદાણીએ હરિયાણાને ૨.૯૪ આપ્યા છે. મારે એમને પૂછવું છે કે આપણો કોલસો બહારથી આવે છે અને આટલી સસ્તી વીજળી છે. એમને તો પીટિડ ઉપરથી મળતો હતો. તો એમણે કેમ ન લીધો? સૌથી અગત્યનું રેગ્યુલેટરે મેરિટ ઓર્ડર નક્કી કર્યો છે. મેરિટ ઓર્ડર એટલે જેની સસ્તી વીજળી હોય એ પહેલી લેવી

( ઉપાધ્યક્ષશ્રી મંગુભાઇ પટેલ અધ્યક્ષસ્થાને )

પડે. જેની મોંઘી વીજળી હોય એ આપણે પાછળથી લેવી પડે. એટલે આજે મેરિટ ઓર્ડરોમાં ૭૬ યુનિટો આજે મેરિટ ઓર્ડરમાં છે. એટલે દા.ત. ગાંધીનગરના ૪ યુનિટ હોય તો ૧,૨,૩,૪ આવે. વણાકબોરીના ૭ યુનિટ હોય તો સાતેય યુનિટનો ખર્ચો જુદો જુદો મૂકવામાં આવે. આ ૭૬ માં કોલસો મોંઘો હોવાના કારણે, ફ્રેટ મોંઘો હોવાના કારણે ગાંધીનગર ટીપીએસનો ૫૨ નો નંબર લાગે છે. ૪.૪૭ પૈ. વીજળી પડે છે. ગાંધીનગર ૩ અને ૪ એ ૩.૬૪ પૈ. પડે છે. એનો ૫૦મો નંબર લાગે છે. વણાકબોરી ટીપીએસનો ૪૪ મો નંબર લાગે છે. વણાકબોરી ટીપીએસ ૭ નો ૪૩ મો નંબર લાગે છે અને અદાણી પાવરનો ૧૩ લાગે છે. જે અલ્ટ્રા મેગા પાવરનો ૧૫ લાગે છે એ ૨.૩૫ પૈ. ૨.૪૦ પૈ. ૨.૮૦ પૈ. એ પ્રમાણેની આવે છે. એ બંધ કરી જ ન શકાય. આપણે બંધ કરવી હોય તો ૭૬ મો બંધ કરવો પડે. ૭૫ મો બંધ કરવો પડે અને એમ કરવું પડે અને એટલે જે મોંઘી વીજળીનું ઉત્પાદન થાય છે તે પછી ખરીદવામાં આવે છે અને સસ્તી વીજળી હોય છે તે પહેલા ખરીદવામાં આવે છે અને આજની તારીખમાં જે ૫૨૦૦ મેગાવોટ લીધી છે, તેમાં અલ્ટ્રા મેગા જે મુન્દ્રાની અંદર ૪૦૦૦ મેગાવોટ જે યુનિટ છે તે પણ સસ્તી વીજળી મળે છે. ૨૦૦૦ આપણને મળે છે અને ૨૦૦૦ રાજ્યની બહાર જાય છે અને એ બધી કર્યા પછી આપણું ૨૩૦૦૦ મેગાવોટનું ઉત્પાદન છે. એ દા.ત. ૧૩૦૦૦ મેગાવોટની જરૂરિયાત હોય તો ૧૩૦૦૦ મેગાવોટ પછી જેટલા કારખાના આવે એ કારખાનાની વીજળી આપણે બંધ કરવી પડે. આ સીધો સાદો હિસાબ છે. એની અંદર આપણી પણ આવે. ખાનગી આવે. કેન્દ્રની આવે. ગેસ લેસ આવે. કોઇપણ આવે એટલે પછી જરૂરિયાત પ્રમાણે નંબર લાગે.

વિરોધ પક્ષના નેતાશ્રીએ બે-ત્રણ વિષયની વાત કરી. એમણે ખૂબ હોંશિયારી પૂર્વક જી.એસ.પી.સી.ની માહિતી આપી. અને એમણે શું કહ્યું કે પરચૂરણ ખર્ચ માં ૩૦૦ કરોડ રૂપિયા ઇલેકશનમાં વાપર્યા. આ વિધાનસભાના સભ્યોને ગેરમાર્ગે દોરવાની વાત છે. એમણે એન્યુઅલ રિપોર્ટમાંથી માહિતી કાઢી. અને એન્યુઅલ રિપોર્ટ ૨૦૧૨-૧૩ માં ૩૮ નંબરમાં એક્સ્પેન્ડીચર ઇન ફોરેન કરન્સી લખેલ છે. એક્સ્પેન્ડીચર ઇન ફોરેન કરન્સીના હેડ આપ્યા છે. અને એ હેડની અંદર પહેલો seminar, consultancy, subscription, payment to oil and gas venture અને પાંચમું Miscellaneous Expenditure લખેલ છે. આ Miscellaneous Expenditure એટલે લખેલ છે કે આપણે આનું સંપૂર્ણ પણે ૨૦૧૧-૧૨ માં૨૧૪ કરોડ અને ૨૦૧૨-૧૩ માં ૮૦ કરોડ એ આપણે External Commercial Borrowings જે કર્યા હતા. એ External Commercial Borrowings કર્યા હતા એના લોનનું રિ-પમેન્ટ છે. એટલે કોઇ વાઉચરો નથી ફાડયા. સંપુર્ણપણે લોનનું રિ-પેમેન્ટ કરેલ છે. રિઝર્વ બેન્ક થ્રૂ કરેલ છે. બેન્ક થ્રૂ કર્યુ છે, પરંતુ કેમ અહીયા બતાવવામાં આવ્યું? એટલે બતાવવામાં આવ્યું કે આજની તારીખમાં આમાં કોઇ હેડ નથી કે External Commercial Borrowings હેડ આપેલ નથી એટલે Miscellaneous Expenditure head મૂકયું. મારે વિરોધ પક્ષના નેતાને પૂછવું છે કે

•(xxxxxx) બેલેન્સ શીટમાં શું લખ્યું છે. External Commercial Borrowings (xxxxxx) પરંતુ

ઉપાધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી (xxxxxx) એ શબ્દ રેકર્ડ ઉપરથી કાઢી નાખું છું.

શ્રી સૌરભ પટેલ : વિરોધ પક્ષના નેતાશ્રી (xxxxxx) અને એમણે કીધું કે વાઉચરો બન્યા.

સભાપતિશ્રી : એમને જે જવાબ આપવો હોય તે તમે આપો પણ જે શબ્દો બોલ્યા છે એ રેકર્ડ પરથી હું દુર કરું છું.

શ્રી સૌરભ પટેલ : આક્ષેપો કર્યા કે ઇલેકશનમાં રૂપિયા લઇ ગયા. અરે મારા સાહેબ, એમના વખતે આ કોંગ્રેસના મિત્રો રાજયપાલશ્રીને આવેદનપત્ર આપવા ગયા હતા એ કેમ ભુલી જાવ છો? અને એ મુદ્દાઓ એમના જનરેશનમાં એમના (xxxxxx) વિશે ગયા હતા રાજયપાલશ્રી પાસે અને આજે આ લોકોએ (xxxxxx) બરાબર કે નહીં? (અંતરાય)

સભાપતિશ્રી : એમને સાંભળો ભાઇ, જવાબ સાંભળો.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું હકીકત કહું છું. આજની તારીખમાં એમણે કીધું કે રીલાયન્સે જી.એસ.પી.સી.ના બ્લોક ઉપર એમણે કીધું એન્ક્રોચમેન્ટ કર્યું છે. ઓફીશીયલ પરમિશન લઇને પાણીના ઉપરના રાઇટસ કેન્દ્ર સરકારના છે. બ્લોક આપે છે ત્યારે એની નીચેના રાઇટ આપે છે, ઉપરના રાઇટ નહીં એટલે રીલાયન્સનો બ્લોક ત્યાં હોય, ત્યાંથી કોસ્ટ ઉપર લઇ જવાનો હોય તો કોસ્ટ ઉપર એમણે જે પ્લેટફોર્મ બનાવવાનું હોય એ કેન્દ્ર સરકારે પ્લેટફોર્મ બનાવવાની મંજૂરી આપી અને માત્ર ને માત્ર ગેસ લઇ જવાની મંજૂરી આપી, કયાંય નીચે ખાડા ખોદીને exploration નથી આપી. It is not considered as encroachment. માત્રને માત્ર એમણે (xxxxxx) આજે હાઉસમાં આપી છે. સભ્યશ્રીએ જી.ઓ. ગ્લોબલની વાત કરી. મારે એમને પૂછવું છે કે આ જે જી.ઓ. ગ્લોબલ પાર્ટનર બન્યા, ખર્ચ આપણે કર્યો, ખર્ચમાં એ ભાગીદાર ન બન્યા એટલે આપણે એમને કાઢી મુકયા. એક પણ રૂપિયાનું ઓઇલ કે ગેસ અમને આપ્યું નથી. આપણે એમને કાઢી મુકયા અને એમનો બચાવ કરે છે? એમણે અભિનંદન આપવા જોઇએ કે આ તમે જી.ઓ. ગ્લોબલને કાઢી મૂકયા તો કાઢી મૂકયા.

સભાગૃહનો સમય લંબાવવા અંગે.

શ્રી આત્મારામ મ. પરમાર (દંડકશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીનો જવાબ પૂરો થાય ત્યાં સુધી ગૃહનો સમય લંબાવવામાં આવે.

સભાપતિશ્રી : સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

શ્રી સૌરભ પટેલ : એટલે માનનીય અધ્યક્ષશ્રી, એમણે બધી વાતચીતો કરી અને મારે અહીંયા જે વસ્તુની વાત કરતો હતો કે ગુજરાતને કેટલી નુકસાની કરી છે. ગઇ વખતના વિરોધ પક્ષના નેતા આપણે જયારે જી.એસ.પી.સી. આઇ.પી.ઓ. લઇને આવતા હતા ત્યારે એમણે સિકયોરીટીઝ એન્ડ એકશન બોર્ડને કાગળ લખ્યો. સેબીને કાગળ લખ્યો કે એમને મંજૂરી ન આપો. એમણે પ્રણવ મુખરજીને કાગળ લખ્યો કે એમને મંજૂરી ન આપો અને એ ગુજરાતના વિરોધમાં વાત નથી કરી તો શું છે? મારી પાસે નકશો છે, આ કાગળો છે એના આ પરમિશન ન આપવાના અને પછી પ્રણવ મુખરજીએ બેંકોને કીધું એટલે આપણે આઇ.પી.ઓ. કેન્સલ કર્યું કે ઇન્સ્યોરન્સ કંપનીઓ જોડાઇ નહીં, બેંકો ન જોડાઇ અને એટલે ધીમેધીમે જયારે બધા લસકી ગયા ત્યારે અમને સમજણ પડી ગઇ કે આ ઉપરથી ડંડો આવ્યો છે. આ રાજયના વિરોધની વાત નથી તો શું છે? માનનીય અધ્યક્ષશ્રી, આ કાગળ સેબીનો કાગળ છે કે જે પ્રમાણે જી.એસ.પી.સી. શુડ નોટ બી ગીવન પરમિશન ફોર આઇ.પી.ઓ. આ કાગળનું સબ્જેકટનું હેડીંગ છે. આ કોણે કર્યું?

વણાકબોરીની હું વાત કરતો હતો. એમ કહે છે કે આપણું પોતાનું જનરેશન ચાલુ કરો. ત્રણ વર્ષથી જનરેશન માટેની અમે એન્વાયરમેન્ટ કલીયરન્સ આપવા માગીએ છીએ, ટેન્ડરો બહાર પાડી દીધા છે. પરમિશન નથી આપતા. આ નરેન્દ્રભાઇ દિલ્હી ગયા અને ૩૦ દિવસમાં વણાકબોરીની મંજૂરી મળી તો તમે

---

• માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવ્યા.

ચાર વર્ષથી શું કરતા હતા? એટલે આવા બધા વિષયો હતા અને એટલે એ લોકોને સાંભળવાની ઇચ્છા નહોતી. એલ એન્ડ જી. ટર્મીનલની વાત કરી. મને એમ સમજાવો કે મારી ટર્મીનલ હોય તો પૈસા તો મારે રોકવા પડેને? બહુ દેશી વાત છે. બરાબર કે નહીં? હું ફેક્ટરી નાખું તો કોને રોકવા પડે? તો રાજય સરકાર એલ. એન્ડ જી. ટર્મીનલ નાખે તો રોકવા તો રાજય સરકારને જ પડેને? આમાં આવ્યું કયાં બીજુ કોઇ? એટલે પુછતા હતા કે તમારો મહિનામાં નિર્ણય કેવી રીતે બદલાઇ ગયો? અમારો નિર્ણય કંઇ બદલાયો નથી. અમે આજની તારીખે પણ કીધું છે કે ખાનગી કંપની લાવવી હોય તો જી.એસ.પી.સી. નકકી કરે. આજે આપણો પંચોતેર ટકાની આસપાસ શેર છે અને આ ૭૫ ટકામાં બીજા કોઇને લાવવા હોય તો જી.એસ.પી.સી. નકકી કરે. આપણે સત્તા આપી દીધી છે પરંતુ બાકીના જે અત્યારે તો ૭૫ ટકા છે કે બાકીના જેટલા ટકા રહે એના મૂડીના ભાગરૂપે તો આપણે રૂપિયા લાવવા પડે કે નહીં? આવા દેશી વિષયો. સિમ્પલ.પાંચમાં ધોરણાના છોકરાને સમજણ પડે. પડે કે ન પડે? આ લોકોની ઇચ્છા શકિત હાઉસમાં બેસવાની નથી તેવું દેખાય છે.

ઉદ્યોગોની વાત કરી. નાના ઉદ્યોગો બજેટમાં દેખાયા નહિ. એક વ્યકિત કોટેજ ઇન્ડસ્ટ્રિઝની વાત નથી કરી. એક વ્યક્તિએ આ ૫૦,૦૦૦ કારીગરોને એક લાખ રૂપિયાની લોન આપવાની વાત નથી કરી. અને કોઇએ વાત નથી કરી કે અમે સ્ટેટ ગવર્નમેન્ટની ગેરંટી આપીએ છીએ. આ પહેલી વાર આખા દેશમાં થઇ રહ્યું છે કે બેન્કો ના આપે તો સ્ટેટ ગવર્નમેન્ટ ઉભું રહેશે અને કહેશે કે લોન આપો. ખાદીની વાત. એક હજાર અંબા ચરખા માટે અમે આ વખતે પ્રોત્સાહન રૂપે મૂક્યા અને ૬૫ ટકા સબસિડી આ લોકોને આપી છે. વધારે આપવા તૈયાર છીએ. આ રોજગારીની તક ઉભી થશે. એ જ પ્રમાણે બાજપાઇ બેન્કેબલ યોજનાની અંદર આપણે સબસિડીનું ધોરણ વધાર્યુ, લોનનું ધોરણ વધાર્યુ અને આના કારણે ઘણા લોકોને ફાયદો થયો છે. ૧૦૦ ગરવી ગુર્જરી આપણે આ ૩ વર્ષમાં નવી ઉભી કરવા જઇએ છીએ. કેટલા લોકોને ફાયદો થવાનો છે. એક પ્રોફેશનલની મેનેજમેન્ટ કરીને આઇધર ફ્રેન્ચાઈઝિંગ રેન્ટ ઉપર આપણે આગળ વધવા જઇએ છીએ. તો આનો લાભ આપણા કારીગરોને ચોક્કસપણે મળવાનો છે. ટુરિઝમની અંદર ઘણા ક્ષેત્રો છે. સ્પીરિચ્યલ ટુરિઝમ, ઇકો ટુરિઝમ, સાપુતારા જુદા જુદા ડેવલપમેન્ટ કરી અમે લોકો આ વર્ષે ૬૫૦ કરોડ રૂપિયા વાપરવાના છીએ. રાજ્ય સરકારની નીતિના કારણે દેશમાં ૮ ટકાનો ગ્રોથ થયો. ગુજરાતનો ગ્રોથ ૧૩ ટકાનો થયો છે અને આ વર્ષે પણ ૨૦૧૩-૧૪ માં ગુજરાતનો ગ્રોથ ૧૪ ટકા થયો છે, એટલે હાઇએસ્ટ ટુરિઝમ ગ્રોથ આખા દેશમાં હોય તો ગુજરાતનો થયો છે અને આ વખતે સ્પેશ્યલ આપણે વે સાઇટ એમ્યુનિટિસ એટલે રસ્તા ઉપરનું બહુ ડાયનેમિક રીતથી આપણે વધારે સારા નાના નાના એમ્યુનિટિસ પ્રોવાઇડ થાય તે પ્રમાણેની કોશિશ કરી રહ્યા છીએ અને એના માટે પણ આ વખતે જોગવાઇ કરી છે. જીયોલોજી અને માઇનિંગની અંદર એક્સ્પ્લોરેશનમાં આપણે સારી કામગીરી કરી છે અને આના કારણે જે ટેકનોલોજીનો ઉપયોગ કર્યો છે એમાં ઇ-પેમેન્ટ, ઇ-પાસ, ઇ-રિટર્ન, ડિલિવરી ચલણ આ બધામાં ઇ પેમેન્ટમાં ૮૬ ટકા લોકો ઇ પેમેન્ટ કરે છે. ઇ-પાસમાં ૭૫ ટકા કરે છે. ઇ-રિટર્નમાં ૮૦ ટકા કરે છે અને આ ૭૫ ટકા કરે છે અને એના કારણે આપણે કામગીરી કરી છે. તો માનનીય અધ્યક્ષશ્રી, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, ઉદ્યોગ ખાણ ખનીજ, ટુરિઝમ વિભાગે આ વર્ષે અને આવતા વર્ષે એમના બજેટમાં ખૂબ વધારો કર્યો છે. અને ગુજરાતના વિકાસની અંદર ખૂબ મોટું યોગદાન આ ચાર વિભાગનું છે અને અન ફોરચ્યુનેટ છે કે બોલિંગ કરીને સાંભળવા માટે તૈયાર નથી. અને કમનસીબ એ છે કે વિષયની માહિતી લેવા માટે પણ તૈયારી નથી. તો માનનીય સભ્યશ્રીઓ મારે આજે બાકીના સભ્યોને બને એટલી માહિતી આપી છે અને સર્વાનુમતે આ માંગણી મંજૂર થાય તેવી વિનંતી કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૨, ૧૪, ૧૫,૧૬, ૧૭, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૫, ૩૬, ૩૭, ૩૯ અને ૪૦ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

માગણી ક્રમાંકઃ ૧૨,૧૩,૧૪, ૪૯, ૫૦ અને ૫૧ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

સભાગૃહનું કામકાજ સાંજના ૫–૧૫ વાગ્યે પૂરું થતા સભાગૃહ ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર ગુરુવાર, તા.૧૭મી જુલાઇ, ૨૦૧૪ ના રોજ બપોરના ૧૨–૦૦ કલાકે ફરી મળવા મુલતવી રહ્યું.

| પુસ્તક.૧૫ ) | વિષય | પાના નંબર |
|---|---|---|
| અજયકુમાર જ. ચોક્સી | આક્ષેપો કરવા અંગે. | ૫૦૨ |
| | તાપી જિલ્લામાં વારસાઈ હક્ક માટેની અરજીઓ | ૩૨૬ |
| | રાજયમાં નિર્મળ ગામ પુરસ્કાર | ૧૫૬ |
| | સુરત જિલ્લાના એસ. આર. પી. –જૂથ–૧૧ વાવમાં પોલીસ અધિકારી/કર્મચારીની | ૨૮૪ |
| | સુરત જિલ્લામાં આદિજાતિ વિદ્યાર્થીનીઓ માટે કાર્યરત સરકારી છાત્રાલયો | ૩૦ |
| | સોનગઢ તાલુકામાં ક્ષેત્રીય વનીકરણ હેઠળ વાવેતર | ૬૦ |
| | આક્ષેપો કરવા અંગે. | ૫૧૦ |
| અનિલ જોષિયારા | ભિલોડા અને મેઘરજ તાલુકામાં વન વિભાગ દ્વારા ચેકડેમો | ૨૧ |
| | ભિલોડા તાલુકાનાં ઈન્દાસી નદી પર પુલનું કામ મંજૂર કરવા બાબત | ૪૪૮ |
| | ભિલોડા તાલુકામાં હાથમતી નદી પર પુલ બનાવવા બાબત | ૪૭૬ |
| | રાજ્ય સરકાર દ્વારા નમૂના નં. ૬, ૭/૧૨ અને ૮–અની નકલો વિનામૂલ્યે આપવા | ૩૫૪ |
| | રાજ્યને વિજ ઉત્પાદન માટે ઈસ્ટર્ન બ્લોકમાંથી કોલસો મેળવવાનો નિર્ણય | ૨૨૯ |
| | રાજ્યમાં ખેતી વિષયક વીજ જોડાણ મેળવવા એક જ સર્વે નંબરમાં બીજું કનેકશન | ૧૮૩ |
| | રાજ્યમાં ગુજરાત વહીવટી સેવા વર્ગ–૧ ની ખાલી જગ્યાઓ | ૩૨૧ |
| | રાજ્યમાં જમીન દફ્તર નિરીક્ષક વર્ગ–૨ની ખાલી જગ્યાઓ | ૩૪૬ |
| | રાજ્યમાં વીજ ઉત્પાદન દ્વારા સરકારી વિજમથકોની ઉત્પાદન ક્ષમતા | ૨૧૧ |
| | સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના દ્વારા રોપાનું | ૫૬ |
| | અસંસદીય શબ્દ દૂર કરવા અંગે | ૧૦૬ |
| | શબ્દો રેકર્ડમાંથી દૂર કરવા અંગે | ૩૮૪ |
| અમિત ચૌધરી | ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં ઈકોટુરીઝમના વિકાસ માટેની યોજના | ૫૦ |
| | ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં ડેન્ગ્યુ, ચિકનગુનિયા, ઝેરી મેલેરીયા અને | ૪૨૩ |
| | ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં ફૂડ ઈન્સ્પેકટરોનું મંજૂર મહેકમ | ૪૮૧ |
| | ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં રેતી તેમજ ગૌણ ખનિજના પરવાના | ૧૭૦ |
| | ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં રોપાનું વાવેતર | ૬૭ |
| | ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં વિજ પુરવઠામાં વાયર બદલવાની ફરિયાદો | ૨૦૫ |
| | ગાંધીનગર અને મહેસાણામાં આંગણવાડીઓની સંખ્યા | ૪૬૫ |
| | ગાંધીનગર, મહેસાણા અને અમદાવાદ જિલ્લામાં ગાંડા બાવળમાંથી કોલસો | ૭૮ |
| | રાજ્યમાં પેટ્રોલ–ડીઝલ ઉપર વેટ/સેસ | ૨૨૭ |
| | સરદાર સરોવર નર્મદા યોજનાના મુખ્ય બંધનું કામ | ૨૯૭ |
| અમીત ચાવડા | આણંદ અને ખેડા જિલ્લામાં આરોગ્ય વિભાગ હસ્તકના વાહનો | ૪૮૬ |
| | આણંદ અને ખેડા જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં મુખ્ય શિક્ષકો, શિક્ષકો અને | ૩૩ |
| | આણંદ અને ખેડા જિલ્લામાં વગર મંજૂરીએ ચાલતી સો મીલો | ૬૧ |
| | આણંદ અને ખેડાની કચેરીઓની મહેસૂલી તપાસ કમિશનર દ્વારા તપાસણી | ૩૧૭ |
| | આણંદ જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોમાં ભરતી | ૪૭૬ |
| | આણંદ જિલ્લામાં પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં મંજૂર થયેલ મહેકમ | ૪૫૧ |
| | આણંદ જિલ્લામાં પોલીસ સ્ટેશન અને આઉટ પોસ્ટ ચોકી | ૩૪૪ |
| | આણંદ જિલ્લામાં મહાત્મા ગાંધી રોજગારનાં કામો | ૨૨૩ |
| | આણંદ જિલ્લામાં રેતી અને માટી માટેની લીઝ પરમીટ | ૧૫૭ |
| | આણંદ જિલ્લામાં સ્વસહાય જૂથો | ૧૯૯ |

| પુસ્તક.૧૫ ) | વિષય | પાના નંબર |
|---|---|---|
| | શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવા અંગે | |
| અરૂણસિંહ અ. રણા | આણંદ આર.ટી.ઓ. કચેરીનું મંજૂર થયેલ મહેકમ | ૪૩૧ |
| | જંબુસર તાલુકામાં ગામની આંતરિક પેયજળ યોજના અન્વયે યોજનાઓ | ૩૨૭ |
| | ઝઘડીયા અને વાલીયા તાલુકામાં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ આદિજાતિની | ૪૦ |
| | ભરૂચ જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંકના મકાનો | ૨૮૬ |
| | ભરૂચ જિલ્લામાં વાણિજિયક વેરાની આવક | ૧૩૭ |
| અરવિંદકુમાર ગાં. પટેલ | અમદાવાદ આર.ટી.ઓ. કચેરીનું મંજૂર થયેલ મહેકમ | ૪૦૦ |
| | અમદાવાદ આર.ટી.ઓ. કચેરીનું મંજૂર થયેલ મહેકમ | ૪૦૨ |
| | અમદાવાદ જિલ્લામાં મનરેગા યોજના હેઠળ કુટુંબોને રોજગારી | ૧૪૫ |
| | કઠલાલ તાલુકામાં સામાજીક વનીકરણ યોજના અંતર્ગત રોપાનું વાવેતર | ૩૨ |
| | ગાંધીનગર જિલ્લામાં પોલીસ ખાતાના બિનરહેણાંક મકાનો | ૨૮૧ |
| | વિભાગની માગણી ઉપર બોલવા અંગે | ૨૪૯ |
| અરવિંદભાઇ કે. લાડાણી | જૂનાગઢ જિલ્લામાં ડીપ્લોમાં ઇજનેરી અભ્યાસક્રમની કોલેજો | ૨૮ |
| | જુનાગઢ જિલ્લામાં મિશન મંગલમ યોજનામાં સ્વસહાય જુથોનું બેંક ધિરાણ | ૧૯૪ |
| | જુનાગઢ જિલ્લામાં વારસાઈ હક્ક માટેની અરજીઓ | ૩૧૮ |
| | જૂનાગઢ જિલ્લામાં સબલા યોજનાના લાભાર્થીઓ | ૪૩૨ |
| | પોરબંદર જિલ્લામાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળ વીજ પુરવઠામાં વાયર | ૧૪૮ |
| | માણાવદર તાલુકામાં પશુપાલન કિટનું વિતરણ | ૩૪૪ |
| | શબ્દો રેકર્ડમાંથી દૂર કરવા અંગે | ૩૮૭ |
| અરવિંદસિંહ દા. રાઠોડ | કડાણા–સંતરામપુર તાલુકામાં આદિજાતિ વિસ્તારના પરાઓને ડામરના રસ્તાથી | ૪૬૧ |
| | પંચમહાલ જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ આદિજાતિ કન્યાઓને લાભ | ૪૪ |
| | પંચમહાલ જિલ્લામાં પંચાયત હસ્તકના રસ્તાઓમાં નાળા રીપેર કરવા મંજૂર કરેલ | ૪૦૯ |
| | પંચમહાલ જિલ્લામાં પોલીસ ખાતાના બિનરહેણાંક મકાનો | ૨૯૭ |
| | પંચમહાલ જિલ્લામાં મનરેગા યોજના હેઠળ હાથ ધરેલ કામો | ૧૬૬ |
| | મહિસાગર જિલ્લાની નગરપાલિકાઓમાં મંજૂર ભુગર્ભ ગટર યોજના | ૩૩૨ |
| અશ્વિન કોટવાલ | અસંસદીય શબ્દ દૂર કરવા અંગે | ૧૦૭ |
| | આક્ષેપો કરવા અંગે. | ૫૧૫ |
| | એન.આર.એચ.એમ. યોજના હેઠળ ડૉકટરોની ભરતી બાબત | ૪૫૨ |
| | તાપી જિલ્લામાં ગ્રાન્ટેડ માધ્યમિક શાળાના સ્ટાફની નિયમિત નિમણૂંક | ૬૬ |
| | સાબરકાંઠા જિલ્લામાં અતિવૃષ્ટિથી પાકમાં નુકશાન સામે વળતર બાબત | ૩૨૫ |
| | સાબરકાંઠા જિલ્લામાં આર.કે.વી.વાય. યોજના અંતર્ગત કામગીરી | ૩૪૮ |
| | સાબરકાંઠા જિલ્લામાં ગૃપ ગ્રામ પંચાયતો | ૧૪૩ |
| | સાબરકાંઠા જિલ્લામાં બારકોડેડ રેશનકાર્ડ સુધારા કરવાની અરજીઓ | ૪૯ |
| | સાબરકાંઠા જિલ્લામાં બી.પી.એલ. લાભાર્થી થવા માટેની અરજીઓ | ૧૯૦ |
| | સાબરકાંઠા જિલ્લામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રિય ગ્રામિણ રોજગાર યોજનામાં ફાળવેલ | ૨૧૮ |
| | સાબરકાંઠા જીલ્લામાં આર. કે. વી. વાય. યોજના હેઠળ ઘટક ઉંદર નિયંત્રણની | ૨૭૭ |
| અશોકકુમાર ર. પટેલ | આક્ષેપો કરવા અંગે. | ૫૨૧ |
| | ગાંધીનગર જિલ્લામાં કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ | ૩૮ |
| | ગાંધીનગર જિલ્લામાં ચિરંજીવી યોજનાના લાભાર્થીઓ | ૪૭૮ |

| પુસ્તક.૧૫ ) | વિષય | પાના નંબર |
|---|---|---|
| | ગાંધીનગર જિલ્લામાં પંચવટી યોજના | ૧૨૨ |
| | ગાંધીનગર જિલ્લામાં મિશન મંગલમ યોજનામાં સ્વસહાય જૂથની રચના | ૧૮૫ |
| | ગાંધીનગર મહાનગરપાલિકાને આંતર માળખાકીય કામો માટે ગ્રાન્ટ | ૩૩૨ |
| | ગાંધીનગર શહેર ખાતે રોડ નં.૭ તથા ગ–રોડ પર ફૂટપાથ બનાવવા બાબત | ૪૫૪ |
| | માણસા અને કલોલ તાલુકામાં પશુપાલન કિટનું વિતરણ | ૨૯૯ |
| આનંદીબેન મ. પટેલ | પૂર્વ સભ્યશ્રી ભાનુભાઇ ગીગાભાઇ વાઘેલાના અવસાન અંગે. | ૨૩૦ |
| ઇન્દ્રનિલભાઇ સં. રાજયગુરૂ | ૧૩ માં નાણાપંચ અન્વયે કેન્દ્ર સરકારે જિલ્લા પંચાયતોને ફાળવેલ ગ્રાન્ટની રકમ | ૧૩૬ |
